સમ્યક્ત્વ પ્રકરણ

બીજું નામ દર્શનશુદ્ધિ પ્રકરણ

(મૂળ સહિત ટીકાનું ભાષાંતર)

સંપાદક

પૂ. મુનિરાજશ્રી પુણ્યકીર્તિવિજય ગણિવર્ય

।। टीण्टोइमण्डनश्रीमुहरीपार्श्वनाथाय नमः ।।

।। नमो नमः श्रीगुरुरामचन्द्रसूरये ।।

વાદિરૂપી હાથીઓ માટે સિંહ સમાન પૂ.આ.શ્રી ચંદ્રપ્રભસૂરિજી વડે રચાયેલ,
પૂ.આ.શ્રી ચક્રેશ્વરસૂરિજી વડે આરંભાયેલ અને તેમના પ્રશિષ્ય
પૂ.આ.શ્રી તિલકાચાર્ય વડે સમાપ્ત કરાયેલ વૃત્તિથી યુક્ત

સમ્યક્ત્વ પ્રકરણ

(બીજું નામ દર્શનશુદ્ધિ પ્રકરણ)

મૂળ અને ટીકાનું ભાષાંતર

* દિવ્ય કૃપા *

આજીવન સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન પદાર્થને સમજાવી, ભવ્ય જીવોની આરાધનાને
સમ્યક્ બનાવતા, શુદ્ધ માર્ગદાયક પૂજ્યપાદ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા
વાત્સલ્યનિધિ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **મહોદયસૂરીશ્વરજી** મહારાજા
સમતાનિધિ પૂજ્ય મુનિરાજશ્રી **દર્શનભૂષણવિજયજી** મહારાજ

● આજ્ઞા અને આશીર્વાદ ●

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **હેમભૂષણસૂરીશ્વરજી** મહારાજા

✦ સંપાદક ✦

પૂજ્યપાદશ્રીજીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી **દર્શનભૂષણવિજયજી** મહારાજના
શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી **દિવ્યકીર્તિવિજયજી** ગણિવર્યના શિષ્યરત્ન
પૂ. મુનિરાજશ્રી **પુણ્યકીર્તિવિજયજી** ગણિવર્ય

ગ્રંથ નામ	:	સમ્યક્ત્વ પ્રકરણ
કર્તા	:	પૂ. આચાર્ય શ્રી ચંદ્રપ્રભસૂરીશ્વરજી મહારાજ
ટીકાકાર	:	પૂ. આચાર્ય શ્રી તિલકસૂરીશ્વરજી મહારાજ
સંપાદક	:	પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યકીર્તિવિજયજી ગણિવર્ય
પ્રકાશક	:	સન્માર્ગ પ્રકાશન
આવૃત્તિ	:	પ્રથમ
નકલ	:	૧૨૦૦
મૂલ્ય	:	૯૦/-

: ખાસ સૂચના :

આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલું હોવાથી ગૃહસ્થોએ ઉપયોગ કરવો હોય તો સંપૂર્ણ કિંમત જ્ઞાનખાતે ચૂકવી પછી જ આની માલિકી કરવી અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતામાં ભરીને ઉપયોગ કરવો.

સંપર્કસ્થાન - પ્રાપ્તિસ્થાન

સન્માર્ગ પ્રકાશન કાર્યાલય

જૈન આરાધના ભવન, પાછીયાની પોળ,

રીલીફ રોડ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૧

ફોન : ૨૫૩૫૨૦૭૨ ❖ ફેક્સ : ૨૫૩૯૨૭૮૯ ❖ E-mail : sanmargprakashan@gmail.com

ग्रंथ प्रकाशन लाभ

सुविशाल गच्छाधिपति परम पूज्य आचार्य देवेश श्रीमद् विजय **हेमभूषण-सूरीश्वरजी** महाराजा की आज्ञा से प्रातः स्मरणीय सन्मार्गदर्शक परम पूज्य आचार्यदेवेश श्रीमद् विजय **रामचन्द्रसूरीश्वरजी** महाराजा के परम विनेय समतानिधि पू. मुनिराज श्री **दर्शनभूषणविजयजी** महाराज़ के शिष्य प्रवचन प्रभावक पू. मुनिराज श्री **दिव्यकीर्तिविजयजी** गणिवर्य के विनेय तपस्वीरत्न पू. मुनिराज श्री **पुण्यकीर्तिविजयजी** गणिवर्य का वि.सं. २०६४ का चातुर्मास हमारे **श्री जैन श्वेताम्बर मूर्तिपूजक श्रीसंघ 'उदयपुर'** में हुआ । उस भव्य चातुर्मास में श्री उपधान तप और श्री सिद्धगिरिजी के 'छ'री पालक संघ का अनुष्ठान हुआ । उसकी स्मृति में हमारे श्रीसंघ के ज्ञाननिधि से यह **'सम्यक्त्व प्रकरण'** ग्रंथ का भाषांतर छपवाया है । श्रावक उसका उपयोग करे तो नकरा ज्ञाननिधि में डालकर करें और स्वयं की मालिकी में रखना है तो पूरा मूल्य ज्ञानखाते में देकर ग्रहण करें ।

श्री जैन श्वे. मू. श्रीसंघ उदयपुर
मालदास स्ट्रीट
उदयपुर (राज.)

પ્રકાશકીય

'સમ્યક્ત્વ પ્રકરણ' એ ગ્રંથ જીવનમાં સમ્યગ્દર્શનને પામવા માટે અને પામેલા સમ્યગ્દર્શનને સ્થિર કરવા માટે અદ્‌ભુત ગ્રંથ છે. પૂ.આ. શ્રી **ચંદ્રપ્રભસૂરિજી** મહારાજે બનાવેલા મૂળ ગ્રંથ પર પૂ.આ.શ્રી **ચક્રેશ્વરસૂરિજી** મહારાજ તથા પૂ.આ. શ્રી **તિલકાસૂરિજી** મહારાજે ટીકાના માધ્યમ દ્વારા તેમજ કથાઓ દ્વારા બાળજીવો પણ સમ્યક્ત્વ વિષયક પદાર્થને સમજી શકે એ માટે સુંદર પ્રયત્ન કર્યો છે. એ ગ્રંથનું ભાષાંતર થાય તો સંસ્કૃતના અભ્યાસ સિવાયના આરાધકો પણ આ ગ્રંથનો સઘન અભ્યાસ કરી શકે એ માટે **પરમ પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યકીર્તિવિજયજી મહારાજે** પૂ. ગુરુ ભગવંતોના આશીર્વાદથી જુદાં જુદાં સાધ્વીજી ભગવંતો પાસે ભાષાંતર કરાવી તેની વાક્ય રચનાઓને સમજવામાં સરળ બને એ રીતે ગોઠવી અને સુધારીને આ ભાષાંતર તૈયાર કરેલ છે. જે ગ્રંથનું પ્રકાશન કરતાં અમે હર્ષ અનુભવીએ છીએ.

પૂ.સા. શ્રી **પુણ્યપ્રભાશ્રીજી** મ.ના શિષ્યા પૂ.સા.શ્રી **સુયશપ્રભાશ્રીજી** મ. તથા પૂ.સા.શ્રી **મુક્તિપૂર્ણાશ્રીજી** મ.ના શિષ્યા પૂ.સા. શ્રી **દિવ્યરત્નાશ્રીજી** મ. એ ભાષાંતર માટે પ્રથમ પ્રયાસ કરેલ છે તથા પૂ.સા. શ્રી **ત્રિલોચનાશ્રીજી** મ.ના શિષ્યા પૂ.સા.શ્રી **હિતપૂર્ણાશ્રીજી મ.** એ પ્રૂફ ચેક કરવામાં સહાય કરેલ છે. તેઓની શ્રુતભક્તિની અનુમોદના કરીએ છીએ.

કથાના માધ્યમ દ્વારા તત્ત્વનું જ્ઞાન આપવાનો જે ગ્રંથકારે પ્રયાસ કરેલ છે એ પ્રયાસ ભવ્યજનો સુધી પહોંચે અને તેઓ સમ્યગ્દર્શનને પામી પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શનને નિર્મલ બનાવી પરમપદના ભોક્તા બને એ જ શુભાભિલાષા.

વિ.સં. ૨૦૬૫
કાર્તક વદ-૧૧

- *સન્માર્ગ પ્રકાશન*

પ્રસ્તાવના

સમ્યક્ત્વ પ્રકરણ ગ્રંથનો પરિચય

સમ્યગ્દર્શનના વિષયને સ્પષ્ટ કરતા અનેક ગ્રંથોમાં પૂ.આ.શ્રી **ચન્દ્રપ્રભસૂરિજી** મહારાજે રચેલ **'સમ્યક્ત્વ પ્રકરણ'** - કે જે **'દર્શનશુદ્ધિ'** ના નામે પ્રસિદ્ધ થયેલ છે તે - એક આગવી વિશેષતા ધરાવે છે. સામાન્ય રીતે અન્ય ગ્રન્થોમાં દેવ-ગુરુ-ધર્મ એમ તત્ત્વત્રયીની શ્રદ્ધાને સમ્યગ્દર્શન તરીકે વર્ણવેલ છે, જ્યારે પ્રસ્તુત ગ્રન્થમાં દેવ-ધર્મ-માર્ગ-સાધુ અને જીવાદિ નવતત્ત્વરૂપ તત્ત્વપંચકની શ્રદ્ધાને સમ્યગ્દર્શન તરીકે વર્ણવેલ છે.

પોતાના શ્રુતવૈભવથી શ્રુતકેવલીનું સ્મરણ કરાવનાર મહોપાધ્યાય વાચકવર **શ્રી યશોવિજયજી** ગણિવરે દ્વાત્રિંશદ્વાત્રિંશિકાની ત્રીજી માર્ગદ્વાત્રિંશિકાના ૧૨ મા શ્લોકની વૃત્તિમાં યોગ્ય શ્રાવકો સમક્ષ શાસ્ત્રોના સૂક્ષ્મ અર્થો-પદાર્થોનું નિરૂપણ કરવું વિહિત હોવા છતાં કેટલાકો દ્વારા **'શ્રાવકો સમક્ષ સૂક્ષ્માર્થનું કથન ન કરવું જોઈએ - એવું જે કહેવાય છે તે ખોટું છે'** એ વાતને પુષ્ટ કરવા માટે પ્રસ્તુત ગ્રન્થની 'केइ भणंति भण्णई' થી શરૂ થતી ૮૯મી ગાથાને લક્ષ્યમાં રાખીને એવો ઉલ્લેખ કરીને પ્રસ્તુત ગ્રન્થના મહત્ત્વને પ્રકાશિત કર્યું છે.

વિદ્વજ્જનોમાં આ ગ્રંથ અનેક નામની પ્રસિદ્ધિને પામ્યો છે. જેવાં કે ૧-[1]સમ્યક્ત્વ પ્રકરણ, ૨-[2]સમ્યક્ત્વ-સ્વરૂપ પ્રકરણ, ૩-[3]દર્શનશુદ્ધિ પ્રકરણ, ૪-[4]ઉપદેશરત્નકોશ:, ૫-[5]સંદેહવિષૌષધિ: અને ૬-[6]પંચરત્ન પ્રકરણમ્, ૭-[7]મિથ્યાત્વ મહાર્ણવતારણતરી, ૮-[8]આગમસમુદ્રબિન્દુ:, ૯-[9]કુગ્રાહગ્રહમન્ત્ર:, ૧૦-[10]સમ્યક્ત્વરત્નમહોદધિ:. આમ છતાં ગ્રંથકારને પોતાને **'સમ્યક્ત્વ પ્રકરણ'** અને **'દર્શનશુદ્ધિ પ્રકરણ'** - આ બે નામો વધુ ઈષ્ટ હોવાથી આ ગ્રંથને આ બે નામે વિશેષ પ્રસિદ્ધિ મળી છે.[11]

પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી ગાથાઓનો ઉદ્ધાર કરીને આ ગ્રંથરત્નની રચના કરવામાં આવી છે. જેની ઉલ્લેખ ગ્રંથકારે પોતે જ ગ્રંથનો ઉપસંહાર કરતાં ૨૬૭ મી ગાથામાં કરે છે. આ ગ્રંથમાં સમ્યગ્દર્શનના સ્વરૂપને વિશદ છણાવટપૂર્વક સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

ગ્રંથકારશ્રીએ પ્રારંભમાં મંગલાચરણ કરીને સંક્ષેપથી સમ્યગ્દર્શનના સ્વરૂપને રજુ કરવાની પ્રતિજ્ઞા કરીને સંપેક્ષ કથનનો હેતુ દર્શાવ્યો છે.

સમ્યક્ત્વના સ્વરૂપને જણાવતાં એક વાત એ કરી છે કે દેવ, ધર્મ, માર્ગ, સાધુ અને જીવાદિનવતત્ત્વરૂપ પાંચ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધાને ધારણ કરવી તેને સમ્યક્ત્વ કહેવાય છે. આ પાંચ તત્ત્વોની વિપરીત શ્રદ્ધા કરવી તેને મિથ્યાત્વ કહેવાય. સામાન્ય રીતે અન્યત્ર દેવ, ગુરુ અને ધર્મ એમ ત્રણ તત્ત્વોની વાત આવે છે. જ્યારે અહીં માર્ગ અને જીવાદિતત્ત્વ આ બેયને પણ તત્ત્વ તરીકે જુદાં જણાવ્યાં છે અને એ પાંચેય તત્ત્વો ઉપર શ્રદ્ધા કરવી તેને સમ્યક્ત્વ કહ્યું છે, એ અહીં વિશેષતા છે. અન્યત્ર તો ત્રણ તત્ત્વમાં કહેલ ત્રીજા ધર્મતત્ત્વમાં અંતિમ બે તત્ત્વોનો સમાવેશ થઈ જાય છે. અહીં આ પાંચેય તત્ત્વોનું નિરૂપણ વિસ્તારથી આવ્યું છે. (ગાથા-૧ થી ૫)

1-'सम्यक्त्व प्रकरण' प्रसिद्धोऽयमर्थः मार्गद्वात्रिंशिका, श्लोक-१२ वृत्ति, 2. हेमचन्द्रसूरि ज्ञानमंदिर पाटणनुं लीस्ट, 3-लघुवृत्तिमां, 3-9 जुओ प्रस्तुतग्रंथनी गाथा-२७९, 10-तिलकाचार्यरचितटीकानी वि.सं. १५०४मां लखायेल हस्त प्रतमां तथा हेमचन्द्रसूरिज्ञानमंदिर पाटणनुं लीस्ट ! 11-जुओ प्रस्तुत ग्रंथनी गाथा २ तथा २७१ - जुओ गाथा-२७७ तथा आ ज प्रस्तावनानां पेज १५ थी २०.

પહેલા દેવ-તત્ત્વનું નિરૂપણ કરતાં, શ્રી તીર્થંકરના આઠ મહાપ્રાતિહાર્ય તથા ચોત્રીશ અતિશયોથી શોભતા અને અઢાર દોષથી વર્જિત એવા શ્રી અરિહંત પરમાત્મા હોય છે. તેમના અરિહંત, અરુહંત અને અરહંત એ ત્રણેય નામની યથાર્થ વ્યાખ્યા કરીને તેઓનું નમસ્કાર, વંદન, સ્તવ, પૂજન અને ધ્યાન કરવાનો ઉપદેશ આપ્યો છે. આવા દેવને સુવર્ણ તુલ્ય અને અન્ય દેવોને પિત્તલ જેવા જણાવી સુવર્ણ-પિત્તલને સમાન માનવાથી બચવાનો ઉપદેશ આપ્યો છે. (ગાથા-૫ થી ૧૫)

શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ માટે જિનમંદિરનું નિર્માણ અને તેની વિધિ દર્શાવીને તેના અધિકારી શ્રાવકના સાત ગુણો દર્શાવ્યા છે. (ગાથા-૧૬ થી ૨૧)

ત્યાર બાદ જિનબિંબની પ્રતિષ્ઠાવિધિ, અષ્ટપ્રકારી પૂજા, વિધિનું મહત્ત્વ, વંદન-વિધિ, પાંચ અભિગમ, દશત્રિક, આશાતનાનું વર્જન, આદિ જણાવીને દેવદ્રવ્યના રક્ષણ અને ભક્ષણ કરનારને તથા લાભ-હાનિનું વર્ણન કર્યું છે. દેવદ્રવ્યની રક્ષા માટે સાધુની તથા શ્રાવકની જવાબદારી ઉપર ભાર મૂકતાં જે કોઈ સાધુ કે શ્રાવક શક્તિ હોવા છતાં દેવદ્રવ્યનો વિનાશ થાય ત્યારે ઉપેક્ષા કરે, તેનો અનંત સંસાર વધે છે અને જે કોઈ રક્ષા કરે તેનો સંસાર અલ્પ થાય છે, યાવત્ તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે એમ જણાવ્યું છે. (ગાથા-૨૨ થી ૬૧)

બીજા ધર્મતત્ત્વનું વર્ણન કરતાં સામાન્ય રીતે ધર્મની વ્યાખ્યા કરી શ્રાવકનાં વ્રતોનો નામોલ્લેખ કરી દશ પ્રકારના યતિધર્મનાં નામ દર્શાવ્યાં છે.

આવા ધર્મને પામનારા આત્માઓ સદાય અલ્પ હોય છે. કારણ કે, તેને માટે વિશિષ્ટ કોટિની યોગ્યતા-અધિકાર અનિવાર્ય છે.

જે આત્મા એકવીશ ગુણોથી યુક્ત હોય તે જ આ દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ધર્મનો અધિકારી છે, માટે એકવીશ ગુણો પણ નામપૂર્વક જણાવ્યા છે. (ગાથા-૬૧ થી ૬૮)

ત્રીજા માર્ગતત્ત્વનું નિરૂપણ કતાં માર્ગ-પ્રાપ્તિની દુર્લભતા વર્ણવીને શાસ્ત્ર નિરપેક્ષ બનેલા સાધુજનની ઉન્માર્ગપ્રવૃત્તિ અને ઉન્માર્ગોપદેશ તરફ અંગુલી-નિર્દેશ કર્યો છે. તેમાંથી કેટલીક વિગત નીચે મુજબ છે.

૧-સાધુને પણ જિનમંદિર કરવાનો અધિકાર છે, ૨-સાધુને દોષિત પણ વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી આદિ આપવાં, ૩-સુવિહિત મુનિઓ પાસે વ્રતાદિ લેનારને રોકવા, ૪-જિનમંદિર તથા જિનબિંબ બનાવવાનો અને જિનપૂજા કરવાનો સાધુનો અધિકાર છે, ૫-જિનમંદિરમાં નિવાસ કરવો. ઈત્યાદિ ઉન્માર્ગ-પ્રવૃત્તિ કેટલી અહિતકર અને અયોગ્ય છે, તે વાતને યુક્તિ અને ઉક્તિ દ્વારા સમજાવીને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની વાત કરતાં જણાવ્યું છે કે દ્રવ્યસ્તવનો અધિકારી શ્રાવક જ છે, પણ સાધુ નહિ. સાધુ તો ભાવસ્તવનો જ અધિકારી છે. સર્વ સાવદ્યોગની પ્રતિજ્ઞા કરીને કોઈપણ બહાનાથી દ્રવ્યસ્તવ કરનારો સાધુ ખરેખર મૂઢ છે. ભાવસ્તવમાં જ દ્રવ્યસ્તવનો સમાવેશ થઈ જાય છે, તે છતાં જેને દ્રવ્યસ્તવ કરવાનું મન થાય છે, તેવા સાધુને પરમાર્થથી મુક્તિમાર્ગનું જ્ઞાન જ નથી, એમ કહી શકાય. (ગાથા-૬૯ થી ૮૬)

આ વિષયનું નિરૂપણ કરતાં પ્રસ્તુતગ્રંથની પ્રસ્તુતવૃત્તિમાં જિનપૂજારૂપ દ્રવ્યસ્તવને સાવદ્યરૂપે ઉલ્લેખ્યો છે. જેનું પ્રવચનપરીક્ષાના ત્રીજા વિશ્રામમાં વિગતવાર ખંડન કરીને જિનપૂજા એ સાવદ્ય નથી પણ નિરવદ્ય છે. તેમજ જિનપૂજા નિરવદ્ય હોવા છતાં પણ સાધુ માટે શા માટે અકરણીય છે અને સાધુ માટે અકરણીય હોવા છતાં પણ અનનુમોદ્ય તો નથી જ વગેરે સ્પષ્ટતા કરવામાં આવી છે.*

❖ આ માટે જુઓ સંસ્કૃત પ્રસ્તાવના પેજ ૨૬

શાસ્ત્રોમાં આવતાં અપવાદિક વિધાનોને આગળ કરીને દ્રવ્યસ્તવની પુષ્ટિ કરવા ઈચ્છતા સાધુઓને પણ સારી રીતે સમજાવીને દ્રવ્યસ્તવ તથા ભાવસ્તવના વિષયનો ઉપસંહાર કરતાં જણાવ્યું છે કે, "જે આત્મા તપ અને સંયમમાં ઉદ્યમશીલ હોય તે આત્મા જ ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુતના વિષયમાં જે સમયે જે કાર્ય ઉચિત હોય તે સમયે તે કાર્ય કરવાનો અધિકારી છે, પણ બીજો નહિ." એમ જણાવીને જે કોઈ શિથિલ હોય તે પોતાની શિથિલતાને ધર્મના ઓઠા નીચે છુપાવવા ઈચ્છતો હોય તો તેને આ પ્રમાણે સન્માર્ગ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. (ગાથા-૮૫ થી ૮૮)

કેટલાક ભવાભિનંદી આત્માઓ "શ્રાવકો સમક્ષ સૂક્ષ્મ પદાર્થોનું કથન ન થાય" તેમ જે જણાવે છે, તે વાત કેટલી નિર્બળ અને અનુચિત છે, તેને શ્રી ભગવતી સૂત્રનો પાઠ આપીને સ્પષ્ટ કર્યું છે. (ગાથા-૮૯ થી ૯૨)

સન્માર્ગને સમજવા આવેલ ભદ્રિક પારણામી આત્માઓને શિથિલાચારમાં આસક્ત થઈને ઉન્માર્ગ સમજાવનારા સાધુઓને દુર્ગતિમાં પડતા બચાવવા સાચી હિતશિક્ષા આપી છે. (ગાથા-૯૩ થી ૯૬)

ગાથા-૯૭માં કહ્યું છે કે, ધર્મોપદેશક, ધર્મની દેશના અને ધર્મશ્રોતા બે બે પ્રકારના હોય છે. દ્વિવિધ ધર્મોપદેશ - ૧ પ્રારંભમાં મધુર અને પરિણામે દારૂણ (ભયંકર), તથા ૨ - પ્રારંભમાં કડવો અને પરિણામે હિતકારી હોય છે. દ્વિવિધ ધર્મદેશક - ધર્મ દેશના કરનારા પણ બે પ્રકારના છે : ૧ પ્રારંભમાં મધુર અને પરિણામે દારૂણ ઉપદેશ આપે છે અને ૨ - પ્રારંભમાં કડવો તથા પરિણામે હિતકારી ઉપદેશ આપે છે. શ્રોતા પણ આ પ્રમાણે બે પ્રકારના છે : ૧- પ્રારંભમા મધુર અને પરિણામે ભયંકર ઉપદેશ સાંભળે છે, ૨ - કેટલાક પ્રારંભમાં કડવો અને પરિણામે હિતકારી ઉપદેશ સાંભળે છે. પહેલા પ્રકારના ઉપદેશ-ઉપદેશક અને શ્રોતાઓ ઘણા હોય છે, જ્યારે બીજા પ્રકારના ઉપદેશ-ઉપદેશક અને શ્રોતાઓ હંમેશા વિરલ હોય છે. જે આ વિષમ પરિસ્થિતિનો ચિતાર આજે પણ વિશ્વમાં સ્પષ્ટ દેખાય છે. (ગાથા-૯૭)

આ પછી સદુપદેશક ગુરુઓની ઉપકારકતા વર્ણવીને વિશેષજ્ઞ ધર્માત્મા કદી પણ ગાડરિયા પ્રવાહની જેમ ગતાનુગતિક ધર્મ કરતો નથી તથા તેવા આત્માની સ્થિતિ અને વિચારધારાને રજુ કરીને મોક્ષમાર્ગરૂપ ધર્મના વિષયમાં આગમનું પ્રમાણ જ માન્ય રાખી શકાય એમ જણાવ્યું છે. (ગાથા-૯૮ થી ૧૦૫)

ગૃહસ્થલિંગ, ચરકાદિ કુલિંગ અને પાસત્થા આદિ દ્રવ્યલિંગને સંસારનો માર્ગ તથા સુસાધુ, સુશ્રાવક અને સંવિજ્ઞ-પાક્ષિકને મોક્ષમાર્ગ કહ્યો છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે તથા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને ઉન્માર્ગ જણાવીને સમ્યગ્દર્શનાદિની વ્યાખ્યા કરી છે તથા સાધુ અને શ્રાવકના ધર્મનું નિરૂપણ કર્યું છે. (ગાથા-૧૦૬ થી ૧૧૦)

ત્યાર બાદ આંતરશત્રુઓની વિષમતા જણાવીને તેનાથી બચવા માટે શ્રાવકે કેવી કેવી ભાવનાઓ કરવી જોઈએ તે જણાવીને માર્ગતત્ત્વનું નિરૂપણ પૂરું કર્યું છે. (ગાથા-૧૧૧ થી ૧૧૪)

ચોથા સાધુતત્ત્વને સમજાવતાં અઢાર દોષો વર્ણવી સાધુ તે દોષોના ત્યાગી હોય તેમ જણાવ્યું છે. સાધુના જીવનનિર્વાહ માટે આવશ્યક આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ આદિ કેવાં હોવાં જોઈએ તે જણાવવા બેંતાળીશ દોષોનું વર્ણન કર્યું છે. તે ભિક્ષાને ગ્રહણ કરવા માટેના ઉત્સર્ગ તથા અપવાદ માર્ગને જણાવીને

ક્યારે અને કઈ રીતે કયા આત્માએ ઉત્સર્ગનો કે અપવાદનો આશ્રય કરવો ઈત્યાદિ વાતોને સારી રીતે ચર્ચવામાં આવી છે.

સાધુ કોણ તથા અસાધુ કોણ ? વંદનીક કોણ અને અવંદનીક કોણ ? વગેરે વાતો ઉપર પણ પૂરો પ્રકાશ પાડ્યો છે. (ગાથા-૧૧૫ થી ૧૪૦)

ત્યાર બાદ આચાર્યની યોગ્યતાને જણાવનારા આચાર્યના છત્રીશ ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. અહીં એક વસ્તુ જાણવી જરૂરી છે કે કેવા ગુણોથી યુક્ત ગુરુ શાસ્ત્રોના રહસ્યોને સમજાવવાનો અધિકારી છે ? આચાર્યપદ કોને આપી શકાય ? અપાત્રમાં આચાર્યપદ પ્રદાન કરનાર તથા પરીક્ષા કર્યા વિના જ અપાત્રને ધર્મ આપનારા ગુરુ કઈ કોટીમાં ગણાય ? ઈત્યાદિ વાતો જણાવીને સુગરુના ઉપકારોનું વર્ણન કર્યું છે.

ત્યાર પછી પાંચ પ્રકારના ચારિત્રી, તેમનાં ભક્તિ-બહુમાન કેવી રીતે કરવાં ?, "વર્તમાનમાં પણ ચારિત્ર ધર્મનું અસ્તિત્વ છે', જે કોઈ તેનો નિષેધ કરે તેને શ્રમણસંઘ બહાર કરવાની ભગવાનની આજ્ઞા છે, અમુક ગુણો ન હોય એટલા માત્રથી ગુરુપણું નથી એમ માનવું અનુચિત છે, વર્તમાનકાળમાં પણ ઉત્તમ ચારિત્રી સાધુઓ વિદ્યમાન છે." ઈત્યાદિ જણાવીને પાંચ પ્રકારના પાસત્થાદિ અવંદનીક સાધુનું વર્ણન કર્યું છે, તથા પરંપરાનું સ્વરૂપ બતાવીને પરંપરાને નામે આંધળી દોટ ન મૂકતાં તેનો વિવેક કરવાનો ઉપદેશ આપ્યો છે.

આજ્ઞાભ્રષ્ટ સાધુઓ સાથે કોણે ક્યા સંયોગોમાં કેવો વ્યવહાર કરવો, તે દર્શાવીને ઉત્સર્ગ અને અપવાદનું સુંદર વિવેચન કર્યું છે, અંતે ઉપસંહારમાં હિતશિક્ષા આપતાં જણાવ્યું કે, **'વર્તમાનમાં અનુચિત પ્રવૃત્તિ કરનારા જીવોને જોઈને તેમની કર્મ પરતંત્રતાને વિચારવી અને શુભ આચરણ કરનારા જીવોને જોઈને તેના પ્રત્યે બહુમાન ભાવ ધારણ કરવો'** એટલું કહીને સાધુતત્ત્વ નામનું ચતુર્થ તત્ત્વ સમાપ્ત કર્યું છે.

પાંચમા નવતત્ત્વરૂપ તત્ત્વનું નિરૂપણ કરતાં જીવાદિનવતત્ત્વો ઉપર સુંદર પ્રકાશ પાડ્યો છે. જીવતત્ત્વના વર્ણનમાં જીવના નવ, ચૌદ અને બત્રીશ પ્રકારો, જીવોની આકૃતિ, ઈન્દ્રિયોની શક્તિ, દશ પ્રાણ, છ પર્યાપ્તિ, જીવોનો આહાર, જીવોની સંખ્યા, છ લેશ્યા, ચારિત્ર, યોનિ, યોગ, ઉપયોગ, ચૌદ ગુણસ્થાનક, માર્ગણા આદિ વિષયોને સ્પષ્ટ કર્યા છે. બાકીના આઠ તત્ત્વોને સંક્ષેપમાં વર્ણવીને સમ્યક્ત્વ, મિથ્યાત્વ, મિથ્યાત્વની હાજરીમાં જીવની અવસ્થા, સમ્યગ્દર્શનનો મહિમા, સમ્યગ્દર્શનને પામવાની યોગ્યતા અને સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ જણાવીને કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ ચરણ અને કરણથી વિકળ હોય તો મુક્તિ પામી શકતો નથી. (ગાથા-થી ૨૬૨)

આ પછી ચરણસિત્તરી અને કરણસિત્તરી દર્શાવીને, જ્ઞાનગુણ, તપગુણ અને સંયમ ગુણનું મહત્ત્વ દર્શાવીને તેની મોક્ષ કારણતા દર્શાવીને છે. (ગા.-૨૬૩ થી ૨૬૫)

છેલ્લે ગ્રંથકારશ્રીએ પોતાનો નામોલ્લેખ કરીને ગ્રંથરચનાનો હેતુ દર્શાવીને આ ગ્રંથમાં મેં લગભગ પૂર્વાચાર્યોએ રચેલી ગાથાઓની સંગ્રહ કર્યો છે, તેમ જણાવીને ગ્રંથનાં સાત નામો જણાવ્યાં છે અને ગ્રંથનો મહિમા ગાયો છે.

પ્રાન્તે ભવ્યાત્માઓને આ સમ્યક્ત્વ પ્રકરણ ગ્રંથને ભણવાનો, સાંભળવાનો, જાણવાનો અને તદનુસાર ધર્માનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપીને તેમને શાશ્વત સુખના ભોક્તા બનવાનો આશીર્વાદ આપ્યો છે અને વૃત્તિકાર પૂ.આ. શ્રી **તિલકસૂરિ** મહારાજે અંતિમગાથાના "लहंतु सिवसुह सासयं ज्झति" પદની વ્યાખ્યા કરતાં

"लभन्तां शिवसुखं शाश्वतं झटिति, तदर्थत्वात्सर्वानुष्ठानानामिति ।" **ઝટ શાશ્વત શિવસુખને પામો કારણ કે સઘલાય અનુષ્ઠાનો મોક્ષને માટે છે.**

સમ્યક્ત્વ પ્રકરણ ગ્રંથના રચયિતા ગ્રંથકારશ્રીનો પરિચય :

આ સમ્યક્ત્વ પ્રકરણ ગ્રંથની રચના, પૂ. આચાર્ય શ્રી **ચન્દ્રપ્રભસૂરિજી** મહારાજે કરી છે. જેઓ વડગચ્છના પૂ. આ. શ્રી **સર્વદેવસૂરિજી** મહારાજના આઠ આચાર્યોમાં મુખ્ય પૂ. આચાર્ય શ્રી **જયસિંહસૂરિજી** મહારાજના શિષ્ય હતા. તેઓશ્રી સમર્થ વિદ્વાન્ અને વાદી હતા તથા વાદીભસિંહનું વિરુદ્ધ ધરાવતા હતા, વડગચ્છમાં સૌથી મોટા હતા એમ પણ કહેવાય છે કે, તેઓ સં. ૧૧૪૯માં પોતાના ગચ્છથી જુદા પડ્યા અને સં. ૧૧૫૯થી નવા પુનમીયા ગચ્છની સ્થાપના કરી હતી. આ અંગે જૈનપરંપરાનો ઈતિહાસ ભાગ-૨ પ્રકરણ-૪ પૃષ્ઠ-૪૨૪ માં એમ નોંધ્યું છે કે, "એક શ્રાવકે સં. ૧૧૪૯માં પ્રતિષ્ઠા કરાવી ત્યારે તેણે વાદીભ આચાર્ય શ્રી **ચન્દ્રપ્રભ** વગેરે મોટા આચાર્ય વિદ્યમાન હોવા છતાં આચાર્ય શ્રી **મુનિચન્દ્રસૂરિ**ને પ્રતિષ્ઠા માટે લઈ જવાની માંગણી કરી. આચાર્ય શ્રી **ચન્દ્રપ્રભસૂરિ**ને આમાં પોતાનું અપમાન લાગ્યું. તેથી તેમણે સાધુઓ પ્રતિષ્ઠા ન કરાવે અને પુનમે પક્ખિ પાલે વગેરે નવી પ્રરૂપણાવાળો 'પૂનમિયા' મત ચાલાવ્યો. આ મુનિચન્દ્રસૂરિએ '•આવસ્સયસિત્તરિ' બનાવીને સંઘને સન્માર્ગની પ્રરૂપણા કરી બચાવ્યો.'

ગ્રન્થકાર પૂ. આ. શ્રી **ચન્દ્રપ્રભસૂરિજી** મહારાજનો પરિચય આપતાં લઘુવૃત્તિકાર પૂ. આ. શ્રી **દેવભદ્રસૂરિજી** મહારાજ જણાવે છે કે -

[1]ઉચ્ચકોટિનો, દૃઢ વિસ્તારવાળો, પૃથ્વીતલમાં પ્રખ્યાત અને સાધુઓના સમુદાયનાં સ્થાનભૂત વિશાલ વૃક્ષ જેવો શ્રી કોટિકગણ છે.

[2]કોટિક ગણરૂપ વૃક્ષમાં લાંબી, ગાઢ છાયાવાળી, સજ્જન પુરુષોના સમૂહથી સ્તવના કરાયેલી, સદાકાળ ફલોથી શોભતી અને વિશ્વમાં વિખ્યાત એવી વજ્ર નામની શાખા છે.

[3]તે વજ્રશાખામાં અમૃત સમાન વાણીથી સર્વ પૃથ્વીતલને સંતુષ્ટ કરનારું શુભ આચારથી સમ્યક્ રીતે શોભતું એવું ચાંદ્ર નામનું કુલ વિજયને પામે છે."

[4]તે ચાંદ્રકુળમાં આર્હત્ શાસનરૂપ વનમાં અદ્વિતીય સ્થાનભૂત અને વ્યાખ્યાનના ગુંજારવથી શ્રોતાજનોના અંતઃકરણ રૂપ ઝાડીમાં રહેલા પાપો રૂપી પશુઓને ચારે બાજુથી ત્રાસ પમાડતાં, વિશેષ ઉન્માદવાળા પ્રતિવાદીઓ રૂપ હાથીઓની હારમાળાને ક્ષોભ પમાડવામાં નિપુણ તથા જય કરવામાં સિંહ જેવા યથાર્થ ખ્યાતિને ધારણ કરનારા પૂ. આ. શ્રી **જયસિંહસૂરિજી** નામના આચાર્ય થયા.

• આ ગ્રંથ કે જેનું બીજું નામ છે સમ્યક્ત્વ પ્રકરણ જેને આ જ ગ્રંથના પરિશિષ્ટ-૨માં પ્રકાશિત કર્યો છે. આ ગ્રંથની સટીક હસ્તપ્રત પણ મળી છે. પણ કદ વધવાના ભયથી સંપૂર્ણરૂપે ભવિષ્યમાં પ્રકાશિત કરવાની ગણત્રી છે.

૧ आस्ते तुङ्गो धनाभोगः, सुप्रतिष्टो भवस्तले । आस्थानं द्विजसार्थानां, श्री कोटिकगणद्रुमः ।।२।।

૨ तत्रायता धनच्छायाः, सुमनः स्तोमसंस्तुता । वैरशाखाऽस्ति विख्याता, सदैव फलशालिनी ।.३।।

૩ गोभिः सुधावयस्याभिस्तर्पिताशेषभतलम् । तस्या सुवृत्तसंशोभि, चान्द्रं विजयते कुलम् ।।४।।

૪ अर्हन्छासनकाननैकवसतिर्व्याख्यानगुञ्जारवैः, श्रोतृस्वान्तनिकुञ्जकल्मषमृगानुत्त्रासयन् सर्वतः ।
प्रोन्मादितप्रतिवादिवारणघटाविक्षोभदक्षोऽभव-तत्र श्री जयसिंह इत्यवितथख्यातिं दधानः प्रभु ।।५।।

[૫]"તેઓના શિષ્યરત્ન પૂ. આ. શ્રી **ચન્દ્રપ્રભસૂરિજી** મહારાજ થયા, જેઓ અદ્‌ભુત ગુણોના નિધિ હતા, ચારિત્રથી શોભતા આત્માઓમાં અગ્રણી હતા, સઘળા શાસ્ત્રોમાં અને માર્ગમાં કુશલ બુદ્ધિવાળા હતા, આ કલિકાલમાં લાંબા સમયથી નાશ પામેલા પુરાતન વિધિમાર્ગનો ઉદ્ધાર કરનારા હતા અને પૃથ્વીતલમાં જેઓની ખ્યાતિ વિસ્તારને પામેલી હતી. તે પૂ. આ. શ્રી **ચંદ્રપ્રભસૂરિજી** મહારાજે આ સમ્યક્‌ત્વ પ્રકરણ ગ્રંથની રચના કરી હતી.

આ જોતાં આપણને ગ્રંથકાર પૂ. આ. શ્રી **ચન્દ્રપ્રભસૂરિજી** મહારાજની પરંપરાનો પરિચય મળે છે.

પ.પૂ. મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજે ત્રીજી 'માર્ગદ્વાત્રિંશિકા'ની બારમી ગાથાની વૃત્તિમાં 'સમ્યક્ત્વપ્રકરણપ્રસિદ્ધોયમર્થઃ ।' એ રીતે જે આ ગ્રંથનો નિર્દેશ કર્યો છે, [❖]તે જોતાં પણ આ ગ્રંથનું માહાત્મ્ય સમજી શકાય છે.

આ મૂળ ગ્રંથનું સંપાદન મુખ્યતયા પૂ. આ. શ્રી **દેવભદ્રસૂરિ**કૃતવૃત્તિયુક્ત મુદ્રિતપ્રત તથા પૂ. આ. શ્રી **હેમચન્દ્રસૂરિ જ્ઞાનમંદિર (પાટણ)**ની એક હસ્તલિખિત પ્રતના આધારે કરેલ હતું, જેની સંજ્ઞા **હે** રાખી રાખી હતી અને મુદ્રિતની સંજ્ઞા **મુ.** રાખી હતી. આ ગ્રંથ છપાયા બાદ **લા. દ. વિદ્યામંદિર**ની બે પ્રતો પણ જોવામાં આવી. ગાથા-૧૪૪/૨ પાટણની ઉપયોગમાં લેવાયેલી હસ્તપ્રતમાં છે, પણ મુદ્રિતમાં નથી. જ્યારે ગાથા-૧૪૫ મુદ્રિતમાં છે, પણ ઉપયોગમાં લેવાયેલી હસ્તપ્રતમાં નથી.

લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિરની ૨૮૬૯૪ની નંબરની પ્રતમાં ૧૪૪/૨ ગાથા નથી. પણ તે ગાથાની વૃત્તિ છે. તેમ જ ત્યાંની ૧૦૦૫૧ નંબરની પ્રતમાં ૧૪૪/૨ તથા ૧૪૫ એમ બન્નેય ગાથાઓ છે.

ગાથા-૧૫૩માં ૬ લાઈન છે, તેમાં "सो गुरु... भणिज्जइ" ત્યાંથી સુધીની બે લાઈન ફક્ત **હે.** પ્રતમાં નથી, બાકી મુદ્રિતમાં છે, તેમ જ લા. દ. વિદ્યામંદિરની બન્નેય પ્રતોમાં પણ છ એ છ પદો છે. મૂળ ગ્રંથનું ભાવાનુવાદ સાથે પ્રકાશન અમારા હસ્તક સૌ પ્રથમવાર વિ.સં. ૨૦૩૯માં કરવામાં આવ્યું હતું.

ગ્રંથ ઉપરની વૃત્તિઓ–

આ ગ્રંથ ઉપર કુલ ત્રણ વૃત્તિઓની રચના થયેલી જોવા મળી છે.

૧-પૂ. પં. **શ્રીવિમલવિજય**ગણીના શિષ્ય પૂ. આ. **શ્રી દેવભદ્રસૂરિજી** મહારાજે આ ગ્રંથ ઉપર વૃત્તિ રચી છે. જેને જામનગરવાળા સુશ્રાવક **હીરાલાલ હંસરાજે** પ્રકાશિત કરી છે અને તે પછી હમણાં થોડા સમય પૂર્વે પૂ. પં. **શ્રી ચન્દ્રગુપ્તવિજયજી** ગણિવરે (વર્તમાનમાં આચાર્ય) સંપાદિત કરેલી મોક્ષૈકલક્ષી પ્રકાશન દ્વારા પ્રકાશિત કરાઈ છે, આ વૃત્તિમાં પદાર્થોનું વિષદ વર્ણન કરવામાં આવ્યું છે, દૃષ્ટાંતો પ્રાયઃ નથી, જ્યારે ત્રીજી વૃત્તિમાં વિશદ પદાર્થ નિરૂપણની સાથો સાથ દૃષ્ટાંતો પણ ઘણાં આપ્યાં છે.

૨-પૂ. પંન્યાસ **શ્રીવિમલવિજયગણી**એ આ ગ્રંથ ઉપર લઘુવૃત્તિની રચના કરી છે. જે હજુ અપ્રગટ છે.

૩-પૂ. આ. **શ્રી ચક્રેશ્વરસૂરિજી** મહારાજે આરંભેલી અને તેમના પ્રશિષ્ય પૂ. આ. **શ્રી તિલકસૂરિજી** મહારાજે પૂર્ણ કરેલી વૃત્તિ કે જેમાં પદાર્થોના વિશદ નિરૂપણ ઉપરાંત પ્રસંગાનુરૂપ સુવિસ્તૃત દૃષ્ટાંત

---

૫ तच्छिष्यः समजायताऽद्भूतनिधिश्चारित्रिणामग्रणीः, शास्त्रस्यास्य विद्यायकः कुशलधीर्निशेषशास्त्राध्वनि ।
लुप्तस्येह विराड्विरन्तनविधेरुद्धारकर्ता कलौ, श्रीचन्द्रप्रभसूरिरित्यभिधया ख्यातः क्षितौ सद्गुरुः ।।६।।
- आ. श्री. देवभद्रसूरिकृता दर्शनशुद्धि (सम्यक्त्व) प्रकरणवृत्तिप्रशस्तिः ।

❖ જુઓ : **સન્માર્ગ દર્શન** ભા-૨, ઢાલ-૪, ગાથા-૧૦નું વિવેચન ।

આપવામાં આવ્યા છે. જેનું સંપાદન મુનિરાજ (વર્તમાનમાં ગણિવર) **શ્રી પુણ્યકીર્તિવિજયજી**એ મુનિરાજ (વર્તમાનમાં પંન્યાસ) **શ્રી તપોરત્નવિજયજી**નો સાથ સહકાર મેળવીને ખૂબ જ ખંતથી પાર પાડ્યું છે અને એનું સૌ પ્રથમ વાર પ્રકાશન **સન્માર્ગ પ્રકાશન** દ્વારા પૂ. આ.શ્રી **વિજય રામચન્દ્રસૂરિ સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથમાળાના બીજા ગ્રંથ** તરીકે થયું હતું.

આ સિવાય બીજી વૃત્તિઓ હોવાની પણ સંભાવના છે.

આ ગ્રંથના ત્રણેય વૃત્તિકારો પૂ.આ. **શ્રી ચન્દ્રપ્રભસૂરિજી** મહારાજની પરંપરામાં જ થયેલા છે.•

મૂળગ્રંથમાં તથા પૂ.આ.**શ્રી દેવપ્રભસૂરિજી** મહારાજે રચેલ વૃત્તિવાળી મુદ્રિત પ્રતોમાં કુલ ૨૭૧ ગાથા પ્રમાણ મૂળ ગ્રંથ ઉપલબ્ધ થાય છે. પરંતુ અત્રે પ્રકાશિત કરાતી બૃહદ્‌વૃત્તિની અપને ઉપલબ્ધ થયેલ હસ્તપ્રતોમાં તથા પૂ.આ. **શ્રી દેવપ્રભસૂરિજી** મહારાજે રચેલ વૃત્તિની હસ્તપ્રતમાં તથા પૂ.આ. **શ્રી વિમલવિજયજીગણિ** મહારાજે રચેલ લઘુવૃત્તિની હસ્તપ્રતોમાં કુલ ૨૬૬ ગાથા પ્રમાણ જ મૂળ ગ્રંથ ઉપલબ્ધ થયો છે. મૂળ ગાથાવાળી પ્રતિઓમાં તથા પૂ.આ.**શ્રી દેવભદ્રસૂરિજી** મહારાજે રચેલ વૃત્તિવાળી મુદ્રિત પ્રતોમાં આવતી ૨૭૧ ગાથા પૈકી નીચેનાં પાંચ ગાથાઓ-

"૧૩૪ 'पिट्ठीवंसो (सट्ठीवंसा) दोधारणा...' साधुतत्त्व-२१ । २२७ 'सामाइयं पढमं...' तत्त्वतत्त्व - २१ । २२८ 'तत्तो य अहक्खायं...' तत्त्वतत्त्व- २२ । २२९ 'पुढवीदगअगणिमारुय...' तत्त्वतत्त्व-२३ । २३० 'विगलिंदिएसु दो दो...' तत्त्वतत्त्व - २४" આ પાંચ ગાથાઓ અત્રે પ્રકાશિત થતી બૃહદ્‌વૃત્તિની એક પણ હસ્તપ્રતમાં નથી, તેથી સ્થાન શૂન્યતાને ટાળવા માટે તથા મુદ્રિત મૂળ ગ્રંથ અને સટીક ગ્રંથના ગાથાક્રમની એકરૂપતાને જાળવી રાખવા માટે આ પ્રતિમાં પૂ.આ. **શ્રી દેવભદ્રસૂરિજી** મહારાજની મુદ્રિત વૃત્તિમાંથી ઉપર દર્શાવિલ પાંચ ગાથાઓ તે જ વૃત્તિ સાથે રજૂ કરી છે અને વાચકને પણ ખ્યાલ આવે કે 'વૃત્તિયુક્ત આ પાંચ ગાથાઓ પૂ.આ. **શ્રી દેવભદ્રસૂરિજી** મહારાજની મુદ્રિત વૃત્તિવાળી પ્રતમાંથી ઉદ્ધૃત કરીને મૂકી છે પણ તે પ્રસ્તુત ગ્રંથમાં નથી.' પ્રસ્તુત ગ્રંથના પત્ર ૫૪૬ તથા પત્ર ૬૨૭ ઉપર ટીપ્પણી પણ કરી છે.

પૂર્વે મૂળ ગ્રંથના પ્રકાશન સમયે તૈયાર કરેલ મૂળ શ્લોકોનો અકારાદિ ક્રમ આ સાથે ગ્રંથના અંતે મૂકવામાં આવ્યો છે.

શ્રી સમ્યક્ત્વ પ્રકરણ ગ્રન્થની ગાથાઓની અન્ય ગ્રન્થોની ગાથાઓ સાથે સમાનતા અને તુલના

આ ગ્રંથની ૨૬૭મી ગાથામાં જણાવ્યું છે કે - इयं पायं पुव्वायरिय-रइय गाहाण संगहो एसो विहिओ ।

આ ગ્રંથની રચના મોટે ભાગે પૂર્વાચાર્યોએ રચેલ ગાથાઓનો સંગ્રહ કરીને કરવામાં આવી છે, આથી આ ગ્રંથમાં આવતી જે જે ગાથાઓ જે જે ગ્રંથમાં મળી શકી તેની અહીં નોંધ આપી છે. આગળના બ્લેક આંકડા સમ્યક્ત્વ પ્રકરણ (દર્શનશુદ્ધિ)ના છે અને તેની સામે એ ગાથા જે ગ્રંથમાં મળે છે, તે ગ્રંથનો નામોલ્લેખ અને નંબર સૂચવ્યો છે. અહીં સૂચવેલ ટૂંકાં નામોનાં પૂરાં નામોની સંજ્ઞા સૂચિ અંતે આપી છે. આ સંકલના મૂળ ગ્રંથના સંપાદન સમયે સંપાદન સમયે કરીને તેમાં રજૂ કરી હતી. સટીક ગ્રંથના વાચકોને તુલના માટે ઉપયોગી થાય તે માટે આ સાથે અત્રે પણ રજૂ કરવામાં આવી છે.

• જુઓ : જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૨ પત્ર-૪૯૫ થી ૫૦૧ તથા જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ ભાગ-૪ પત્ર-૨૦૯-૨૧૦-૨૮૬ (અહીં કરાયેલાં કેટલાંક વિધાનો પરીક્ષણીય છે.)

देवतत्त्व

८. सं.प्र.दे.स्व. अ. २१
९. प्रव.सा. ४५१
सं.प्र.दे.स्व.अ. १३
लोकप्रकाश ३०/१००२
सप्तति प्रकरण १९१
अभि. चि. १/७२
१०. प्रव. सा. ४५२
११. आव.नि. ९२०
सं.प्र.दे.स्व.अ. १४
लोक प्रकाश ३०/१००३
सप्तति प्रकरण १९२
अभि. चि. १/७३
चै.वं.म.भा. २८३
वि.आ.भा. ३४६३
१३. आव.नि. ९२१
चै.वं.म.भा. २७९
वि.आ.भा. ३५६४
१७. पञ्चाशक ७/९
पञ्चवस्तु १११२
१८. पञ्चाशक ७/२
१९. उप. पद- ६८०
२०. पञ्चाशक ७/३
२१. पञ्चाशक ७/४
२२. पञ्चाशक ७/४३
२६. पञ्चाशक १९०
२७. सं.प्र.सु.गु.अ. ३४०/१९३
२८. सं.प्र.सु.गु.भा. १८०
प्रव. सा. ६७
३५. चै. वं. म. भा- १८१
प्रव. सा. ६७
३६. प्रव. सा. ६८
४०. चै. वं. म. भा. २३६
प्रव. सा. ७२
पञ्चाशक ३/१७
४१. चै. वं. म. भा. २३७
प्रव. सा. ७३
पञ्चाशक ३/१८
४२. चै. व. म. भा. २३८
प्रव. सा. ७४
पञ्चाशक ३/१९
४३. चै. वं. म. भा. २३९
प्रव. सा. ७५
पञ्चाशक ३/२०
४४. चै. वं. म. भा. २४०
पञ्चाशक ३/२१
४६. प्रव. सा. ८९
४९. चै. वं. म. भा. ६३
सं. प्र. दे. स्व. अ. ८७
५३. सं. प्र. दे. स्व. अ. ८६
५४. सं. प्र. दे. स्व. अ. १०४
५५. सं. प्र. दे. स्व. अ. ११०
५६. सं. प्र. दे. स्व. अ. १०७
५७. सं. प्र. दे. स्व. अ. १०६
५८. सं. प्र. दे. स्व. अ. १००
५९. सं. प्र. दे. स्व. अ. ९८
६०. सं. प्र. दे. स्व. अ. ६५

धर्मतत्त्व

६३. आव. भा. २४७
पिं. नि- १०९९
आचा. नि- ३३१
सं. प्र. श्रा. व्र. अ.१
६४. नवतत्त्व २९
६५. उप. पद ९११
६६. धर्म र. ५
सं. प्र. श्रा. अ. ६
६७. धर्म र. ६
सं. प्र. श्रा. अ. ७
६८. धर्म र. ७
सं. प्र. श्रा. अ. ८

मार्गतत्त्व -

७९. बृ. क. भा.-६/६४१९,६४२०
८२. सं. प्र. दे. स्व. अ. १११
८४. पञ्चवस्तु- ९९
धर्म सं. ९९१
८९. सं. प्र. कु. गु. अ. २६
९०. सं. प्र. कु. गु. अ. २७
९३. सं. प्र. कु. गु. अ. २८
९४. सं. प्र. कु. गु. अ. २९
९६. बृ. क. भा. ५/५३९६
निशीथ- ५४३७
१०२. सं. प्र. कु. गु. अ. ७८
१०३. उप. प. ९१०
१०४. सं. प्र. कु. गु. अ. ७८
१०७. धर्म सं. ७४९
१०८. योगशतक- ३

साधुतत्त्व

११७. द. वै.- २५६
११९. पिंडनि. ६६९
वि.वि.- १३/२
पञ्चाशक १३-३
पञ्चवस्तु ७३९
प्रव. सा. ५६३

१२०. बृ. क. भा. ४/४२७५
निशीथ- ३२५०
पञ्चवस्तु ७४१
विं.वि. १३/३
पिं. नि. ९२, ९३
पञ्चाशक १३/५
प्रव. सा. ५६४
१२१. बृ. क. भा. ४/४२६९
४/४२७६
पञ्चवस्तु ७४२
निशीथ- ३२५१
पिं. नि.- ९३
वि.वि. १३/४
१२२. विं वि. १३-५
पञ्चवस्तु ७५४
पञ्चाशक १३/१८
प्रव. सा. ५६६
१२३. विं. वि. १३/६
पञ्चवस्तु १३/१९
पञ्चाशक ६१३
प्रव. सा. ५६७
१२४. उत्तरा० ५२०
विं. वि. १३/७
प्रव. सा. ५६८
पिंड नि. ५२०
पञ्चवस्तु ७६२
पञ्चाशक १३/२६
१२५. पञ्चाशक १३/३०
१२८. बृ. क. भा. २/१६०८
निशीथ १६५०
१३०. निशीथ- ५२४५,
५३६८
बृ. क. भा. ४/३३२७
१३८. द. वै. ३५९
१३९. सं. प्र. सु. गु. अ. १५८
१४३. प्रव. सा. ५४०
सं. प्र. सु. गु. अ. ९८
१४४/१.सं. प्र. सु. गु. अ. १००
१४५. प्रव. सा. ५४१
१४७. सं. प्र. सु. गु. अ. ९२
१४८. बृ. क. भा. १/२४१
सं. प्र. सु. गु. अ. ९४
१४९. बृ. क. भा. १/२४२
सं. प्र. सु. गु. अ. ९५
१५०. बृ. क. भा. १/२४३
सं. प्र. सु. गु. अ. ९६
१५१. बृ. क. भा. १/२४४
सं. प्र. सु. गु. अ. ९७
१५२. पञ्चवस्तु १३१९
१५६. धर्मबिन्दु
१६४. प्रव. सा. ७३०
१६८. सं. प्र. सु. गु. अ. ३४१
१६९. सं. प्र. सु. गु. अ. ३४२
१७१. उप. प. ८०९
सं. प्र. सु. गु. अ. ३४३
१७२. सं. प्र. सु. गु. अ. ३४४
१७३. सं. प्र. सु. गु. अ. ३४७
१७५. सं. प्र. सु. गु. अ. ३४६
१७६. पञ्चाशक ११/३५
१८५. निशीथ- २६८७,
४/४२६९
१८९. सू. नि. १०२
सं. प्र. सु. गु. अ. ५५
१९१. आव. नि. ११०९
१९८. उप. प. ८३८
१९९. उप. प. ८३९
२००. उप. प. ८४०
२०१. उप. प. ८४१
२०३. बृ. क. भा- १/३२१
तत्वतत्त्वः-
२०७. प्रव. सा. ९७४
२०८. पं. सं. ११६
२०९. सू. नि. १८
२११. जीव. स. २६
२१६. जीव. स. २५
प्रव. सा. १३१७
२१७. जीव. स. ८२
प्रव. सा. १३१९
२१९. उप. प. १०२३
२२०. आव. नि. १४२
२२१. बृ. क. भा. ३/२७४२
निशीथ- ३१३०,
२७४२
२२२. प्रव. सा. १०९६
२२३. प्रव. सा. १०६७
२२४. प्रव. सा. १०९४
उप. प. १७
२२५. उत्तरा- ३४/३
जीव. स. ७०
२२७. आव. नि. ११४९
आव. नि. ११५
वि. आ. भा. १२६१
पञ्चाशक ११/३
२२८. पञ्चाशक ११/४

२२९. आव. नि.	१४	२४५.आचा. नि.	२२०	२५७. धर्म सं.	८१०
२३०. प्रव. सा.	९६९	२४६.आचा. नि.	२२१	२५८. धर्म सं.	८११
२३५. वि.आ.भा.	४०९	२४७.आचा. नि.	२२२	२५९. धर्म सं.	८१२
जीव. स.	६	२४८.आव. नि.	११५१	२६०. धर्म सं.	८१३
पञ्च. सं.	२१	२४९. नवतत्त्व-	१३	२६१. धर्म सं.	८१३
प्रव. सा.	१३०३	वि. आ. भा.	२०३६	प्रव. सा.	५५१
२३६. उत्तरा.	१३८१	प्रव. सा.	३५, ९४२	सं. प्र. सु. गु. अ.	२३०
प्रव. सा.	१३०१	२५३. प्रव. सा.	९३६	२६४.सं. प्र. सु. गु. अ.	२३१
२४३.सं. प्र. स. अ.	४४	२५५. धर्म सं.	८०८	ओ. नि.	३
२४४.सं. प्र. स. अ.	४५	२५६. धर्म सं.	८०९	प्रव. सा.	५६२

तुलना माटे उपयोगमां लेवायेल उपर रजु करेल ग्रन्थोनां संक्षिप्त नामोनी संज्ञासूचि :

आ. नि. आचारांग निर्युक्ति
आव. नि. आवश्यक निर्युक्ति
आव. भा. आवश्यक भाष्य
उत्तरा. उत्तराध्ययन सूत्र
उप. पद उपदेश पद
ओ. नि. ओघ निर्युक्ति
चै. वं. म. भा. चैत्यवंदन महाभाष्य
द. वै. दशवैकालिक
धर्म सं. धर्म संग्रहणी
धर्म र. धर्मरत्न प्रकरण
प्रव. सा. प्रवचन सारोद्धार
पिं. नि. पिंडनिर्युक्ति
निशीथ. निशीथ भाष्य
बृ. क. भा. बृहत्कल्प भाष्य
वि.आ.भा. विशेष आवश्यक भाष्य
विं. वि. विंशति विंशिका
सं. प्र. कु. गु. अ. संबोध प्रकरण कुगुरुस्वरूप अधिकार
सं. प्र. दे. स्व. अ. संबोध प्रकरण देवस्वरूप अधिकार
सं. प्र. श्रा. अ. संबोध प्रकरण श्रावक अधिकार
सं. प्र. श्रा. व्र. अ. संबोध प्रकरण श्रावक व्रत अधिकार
सं. प्र. स. अ. संबोध प्रकरण सम्यक्त्व अधिकार
सू. नि. सूत्रकृतांग निर्युक्ति.

अंते आत्मलक्षी बनीने शांतचित्ते आ ग्रंथरत्ननुं अध्ययन मनन करवामां आवे अने एमां दर्शावेल सर्वज्ञकथित मार्गे शक्ति मुजब चालवामां आवे के जेथी जरूर मिथ्यात्वनी मंदता, सम्यक्त्व, सर्वविरति अने अप्रमत्तदशा वगेरे गुणस्थानकोनी प्राप्ति सुलभ बने परिणामे सर्वकर्मनो क्षय करी आपणो सौनो आत्मा सिद्धिपदनो भोक्ता बने एवी शुभाभिलाषा साथे विरमुं छुं.

वि. सं. २०५० मागसर सुद ५
ता. १८-१२-९३, शनिवार
आ.श्री.वि.**रामचन्द्रसूरि आराधना भवन**
गोपीपुरा, सुरत.

वर्धमान तपोनिधि, पूज्यपाद
मुनिराज **श्री गुणयशविजयजी** गणिवरनी
विनेय मुनि कीर्तियशविजय गणी
(वर्तमानमां बंने सूरिवर)

સમ્યક્ત્વ પ્રકરણ

અનુક્રમણિકા

ક્રમ	વિષય	શ્લોક નં.	પાના નં.
૧	ટીકાકારનું મંગલાચરણ	-	૧
૨	ગ્રંથકારનું મંગલાચરણાદિ	૧-૨	૨
૩	ગ્રંથને સંક્ષેપમાં કહેવાનું કારણ	૩	૩
૪	સમ્યક્ત્વનો પરિણામ દુર્લભ છે.	૪	૪
	દુર્લભતા ઉપર **ઉદાયન રાજર્ષિ કથા**	૪	૪
	વીતભયનગરનું વર્ણન - ઉદાયન રાજા - પ્રભાવતી રાણી - અભીચિપુત્ર - ભાણેજ કેશી.		
	ચંપાનગરી - કુમારનંદી સોની - નાગિલ મિત્ર - હાસાપ્રહાસા		
	આગમન - પંચશૈલીદ્વીપ ગમન - ભારંડપક્ષીનું સ્વરૂપ -		
	અગ્નિ પ્રવેશ - નાગિલની શિખામણ - વિદ્યુન્માલી દેવ -		
	સમ્યક્ત્વ પ્રાપ્તિ - ગોશીર્ષ ચંદનની પ્રતિમા - પ્રભાવતીને		
	પ્રતિમાની પ્રાપ્તિ - ઉદાયન સાથે ભક્તિ - અનિષ્ટદર્શન -		
	સંયમની અનુજ્ઞા - ભૌતિક ઋષિઓથી ઉદ્વેગ - પ્રભાવતી દેવ		
	પ્રતિબોધ - સમ્યક્ત્વ પ્રાપ્તિ - ગંધાર શ્રાવક - દેવદત્તા દાસીને		
	ગુટિકા પ્રાપ્તિ - ચંડપ્રદ્યોત પર અનુરાગ - મૂર્તિ અપહરણ - યુદ્ધ -		
	પર્યુષણ ક્ષમાપના - પૌષધ - ઉત્તમ ભાવના - ભાણેજને રાજ્ય -		
	દીક્ષા - વ્યાધિ - દહીમાં વિષ - કેવળજ્ઞાન - મોક્ષ -		
૫	સમ્યક્ત્વનું સ્વરૂપ	૫	૨૪
૧.	**દેવતત્ત્વ :**		
૬	દેવતત્ત્વનું સ્વરૂપ	૬-૧૫	૨૪-૨૭
૭	જિનભવન કરાવવાની વિધિ	૧૬-૧૭	૨૭-૨૮
૮	અધિકારી - આજ્ઞાભંગથી દોષ - આજ્ઞાભંગ	૧૮-૨૦	૨૮-૨૯
	ઉપર **જિતશત્રુ રાજાની કથા**		
	રાજાની ક્રીડા માટે પશ્ચિમના ઉદ્યાનમાં જવા માટે આજ્ઞા - રાજાનું		
	પૂર્વમાં ગમન-ઉન્માદી યુવાનો રાણીનું રૂપ જોવા સવારે		
	વહેલા પૂર્વમાં ગમન - તડકાના હિસાબે નગરજનોને પૂર્વમાં આજ્ઞા		
	રાજાનું પશ્ચિમમાં ગમન - પૂર્વના નગરજનોએ રાણીનું રૂપ		
	જોવું - પશ્ચિમના યુવાનોને રૂપનું અદર્શન - રાજાની		
	પૃચ્છા - દંડ		

૯	અધિકારી	૨૧-૨૨	૩૨-૩૩
૧૦	નિશ્રાકૃત - અનિશ્રાકૃત ચૈત્ય - **અષ્ટાપદ વક્તવ્યતા** ઋષભદેવ ચરિત્ર - ચ્યવન - જન્મ-દીક્ષા-કેવલજ્ઞાન- ભરચ ચરિત્ર - અષ્ટાપદ ઉત્પત્તિ.	૨૩	૩૩
૧૧	પરમાત્મ પૂજા વિધાન **નળદમયંતી ચરિત્ર** - કોશલદેશ - કોશલાનગરી - નિષધ રાજા - સુંદરી રાણી - નળપુત્ર - વિદર્ભદેશ - કુંડિનપુર નગર ભીમરથ રાજા - પુષ્પદંતી રાણી - દમયંતી પુત્રી - સ્વયંવર નિષધ દીક્ષા - કદંબ સાથે યુદ્ધ - જુગારમાં રાજ્ય હારવું - વનવાસ - કુંડિનપુર પ્રયાણ - પાણીની માંગણી - દમયંતીને ત્યાગ કરવાના વિચારો - છેડા પર આદેશ લખી ત્યાગ - સવારમાં દમયંતીને સ્વપ્ન - દમયંતીનો વિલાપ - સાર્થનું ચોરોથી રક્ષણ - રાક્ષસથી ઉપસર્ગ - વિભંગ જ્ઞાનથી પ્રિયના સંગમનું કથન - અભિગ્રહો - ગુફામાં શાંતિનાથ પ્રતિમા નિર્માણ - સાર્થવાહ મિલન - વરસાદથી રક્ષણ - તાપસ બોધ - સિંહ કેસરી મુનિ (કુબેરનો પુત્ર) - કપરનો સંબંધ - ગુફામાં સાત વર્ષ - રાક્ષસીનો ઉપસર્ગ - રેતીમાંથી પાણી - તાપસપુર તરફ પ્રયાણ - ધનદેવ સાર્થપતિ - સાધર્મિક મિલન - ઋતુપર્ણ રાજા - પિંગલ ચોરની દીક્ષા - ભીમને સમાચાર કે નળને વનવાસ થયો - હરિમિત્ર બ્રાહ્મણને દમયંતીનું મિલન - કપાળના તિલકનું દર્શન - રાજસભામાં પિંગલ દેવનું આગમન - ઋતુપર્ણ રાજા ધર્મ સ્વીકાર - પિતાને ઘરે પહોંચવું . **નળચરિત્ર** - સર્પ વડે હાથમાં ડંખ - કૂબડાપણું - રત્નકરંડીયો અને બિલનું ફળ અર્પણ - સુસુમારપુર ગમન - ચૈત્યદર્શન - દધિપર્ણ રાજા - હાથીને વશ કરવો - સૂર્યપાક રસોઈ - દધિપર્ણ પાસે રાજ્યમાં શિકાર દારૂ બંધ કરાવ્યા. ભીમ રાજા પાસે દૂત - સૂર્ય પાક રસોઈની વાત - નળ છે કે નહિ તે જાણવા કુશળ બ્રાહ્મણને મોકલવો - નાટક - કુશળના ભીમને સમાચાર - સ્વયંવર - દધિપર્ણ રાજા સહિત કૂબડાનું કુંડિનપુરમાં પહોંચવું - રાત્રે દમયંતીને સ્વપ્ન - આંગળીના સ્પર્શથી રોમાંચ - નળનું પ્રગટ થવું - ભીમરથે રાજ્ય અર્પણ - જિનસેન ગુરુ આગમન - પૂર્વભવ પૃચ્છા - ચારિત્ર - ત્રીજે ભવે મોક્ષ	૨૪	૪૨
૧૨	પ્રતિમાના પ્રકાર - પૂજા વિધિ - ચૈત્યવંદન - આશાતના -	૨૫-૫૩	૮૦-૮૮

૧૩	દેવદ્રવ્ય - **સંકાસ શ્રાવકનું દૃષ્ટાંત** ગંધિલાવતી નગરી - અક્ષતાદિ વડે દેવદ્રવ્ય ઉત્પત્તિ - ભક્ષણ-મરીને દુર્ગતિ - સંસારભ્રમણ - ગુરુનો યોગ - પૂર્વભવ - દેવદ્રવ્યમાં વ્યય - દેવલોક	૫૪-૬૦	૮૮-૯૦
૨.	**ધર્મતત્ત્વ :**		
૧૪	**જીવદયાદિ - સમ્યક્ત્વ મૂલ બાર વ્રત :-**	૧ થી ૩	૯૪
	(૧) મેતાર્ય કથા -	(૬૧-૬૩)	૯૫
	ચંદ્રાવસંતક રાજા - રાણી સુદર્શના - પ્રિયદર્શના-સાગરચંદ્ર મુનિચંદ્ર - બાલચંદ્ર - ગુણચંદ્ર પુત્ર - રાત્રે કાયોત્સર્ગ - મૃત્યુ - દેવલોક - સાગરચંદ્ર રાજા - અપરમાતાથી વૈરાગ્ય - દીક્ષા - સાધુ પ્રત્યનીક - રાજપુત્ર પુરોહિતપુત્ર - શિક્ષા - દીક્ષા - દેવલોક -પુરોહિત પુત્ર મેતીની કુક્ષિમાં - મેતાર્ય - દેવ પ્રતિબોધ - રાજપુત્રી સાથે લગ્નની માંગણી - બકરો અર્પણ - અભયકુમારની માગણી - દીક્ષા - ભિક્ષા - સોનીથી ઉપસર્ગ - કેવલી - સોનીની દીક્ષા.		
	(૨) કલિકાચાર્ય અને દત્ત કથા :-		૧૦૧
	તુરમણીનગરી - જિતશત્રુ રાજા - દત્ત બ્રાહ્મણ - પ્રપંચથી દત્ત રાજા - તેમના મામા કાલિકાચાર્ય - યજ્ઞફળ પૃચ્છા - સત્યકથન - ગુસ્સો - આચાર્યનું વચન સત્ય થયું - મરીને નરક		
	(૩) રોહિણેય કથા :-		૧૦૪
	શ્રેણિક - અભય - લોહખુર - રોહિણેય - વીરવાણી શ્રવણ નિષેધ - વીર આગમન - કાંટો વાગતાં વાણીનું શ્રવણ - નગરજનોની ચોરી માટે ફરિયાદ - અભયકુમારની પ્રતિજ્ઞા - ગુપ્તવેષ - ચોરની ખાત્રી - માલ વિના ચોરનું પકડવું - ખાત્રી કરવા દેવલોક જેવી રચના - પરમાત્માની વાણીના પ્રભાવે બચવું - દીક્ષા મૃત્યુ - દેવલોક.		
	(૪) સુદર્શન શ્રેષ્ઠ :-		૧૦૯
	દધિવાહન રાજા - અભયારાણી - ઋષભદાસ શ્રેષ્ઠી - અર્હદ્દાસી શેઠાણી - સુભગ નોકર - મુનિદર્શન - નમસ્કાર મંત્રની પ્રાપ્તિ - અંત સમયે નમસ્કારની પ્રાપ્તિ - શેઠાણીની કુક્ષિમાં ઉત્પત્તિ - સુદર્શન નામ - મનોરમા પત્ની - કપિલ રાજપુરોહિત - કપિલા પત્ની - કપિલાનું છળ - ઔત્પાત્તિક બુદ્ધિથી શીલનું રક્ષણ - કપિલાની અભયાને વાત - ઈર્ષ્યા -		

અભયાનો સુદર્શન માટે પ્રયત્ન - ધાવમાતા પંડિતાનો ઉપયોગ -
વસંત પંચમી આગમન વસંતક્રીડા - સુદર્શનની પ્રાર્થના -
અભયાનું કપટ - ભોગ માટે વિનંતી - ઉપસર્ગ -
બદનામ કરવા પ્રયત્ન - રાજાની પૃચ્છામાં મૌન -
મનોરમાનો કાયોત્સર્ગ - શૂલી સિંહાસન બની - સંયમ -
પંડિતા તથા રાણીથી ઉપસર્ગ - કેવળજ્ઞાન મોક્ષ.

(૫) કપિલ કથા :- ૧૧૫

કૌશાંબીનગરી - જિતશત્રુ રાજા - કપિલ પુરોહિત પુત્ર -
પિતાના મિત્ર ઈન્દ્રદત્ત પાસે અધ્યયન - દાસી ઉપર અનુરાગ -
ધનશ્રેષ્ઠી પાસે જેવું - ઈચ્છા મુજબ માંગવા કહ્યું -
વિચારણામાં જાતિ સ્મરણ - કેવલજ્ઞાન - ચોર પ્રતિબોધ.

(૬) ચંડકૌશિક કથા :- ૧૧૯

કૌશિક સંનિવેશ - ગોભદ્ર બ્રાહ્મણ - શિવભદ્રા પત્ની -
અર્થ માટે કાશી પ્રયાણ - વિદ્યા સિદ્ધ મિલન - દિવ્ય વિમાન
આકર્ષણ - ચંદ્રલેખાનો ગોભદ્રને વૃત્તાંત જણાવવો - ગંગામાં
વિદ્યાસિદ્ધ અદશ્ય - ગોભદ્રનું જાલંધર જવું - સ્વરૂપ જાણવું -
ઉપદેશ - પુનરાગમન - ધર્મઘોષ ગુરુ પાસે દીક્ષા -
દેડકી મરવી - ક્રોધ - જ્યોતિષ્કમાં દેવ - કૌશિક કુલપતિ -
વનની મૂર્ચ્છાથી - દૃષ્ટિવિષ સર્પ - પરમાત્માનું આગમન -
પ્રતિબોધ - આઠમો સહસ્રાર દેવલોક.

(૭) શિવકુમાર કથા :- ૧૨૬

મહાવિદેહ - પુષ્કલાવતી વિજય - વીતશોકાનગરી -
પદ્મરથ રાજા - વનમાલા રાણી - પુત્ર શિવકુમાર -
સાગરદત્ત મુનિ - અનુરાગ - પૂર્વભવ ભવદત્ત ભવદેવ ભાઈ -
ભવદત્તની દીક્ષા - ભવદેવનો નાગિલા સાથે વિવાહ -
દાક્ષિણ્યતાથી દીક્ષા - નાગિલાની યાદ - નાગિલા પાસે
આગમન - બ્રાહ્મણી પુત્ર વમન - વૈરાગ્ય - ભવદત્તના
જીવનું સ્વરૂપ - શિવકુમારને જાતિ સ્મરણ - દીક્ષાની માગણી -
નિષેધ - ભાવયતિ - મરીને વિદ્યુન્માલીદેવ ત્યાંથી
ચ્યવી - જંબૂસ્વામી

(૮) સમૃદ્ધદત્ત અને શ્રીપતિ :- ૧૩૫

દક્ષિણમથુરા - અશોકદત્ત સમુદ્ધિદત્ત મિત્રતા - પ્રતિજ્ઞા - શ્રીપતિ
પુત્ર - આ બાજુ પુત્રી - સ્નાન કરતાં વસ્તુઓ ચાલી જવી -

દેશાંતરગમન - મુનિદર્શન - દીક્ષા - ભિક્ષા માટે સમૃદ્ધિ દત્ત શ્રેષ્ઠી - ઉપકરણ જોવા - સ્વરૂપ જાણવું - ભોગ માટે પ્રાર્થના - દેશના - અવધિજ્ઞાન - પૂર્વભવ જાણવો.

(૯) સાગરચંદ્ર કથા :- ૧૩૯

સૌરાષ્ટ્ર દેશ - દ્વારવતી નગરી - કૃષ્ણ રાજા - મોટાભાઈ બળદેવ - પુત્રનિષધ - પુત્ર સાગર ચંદ્ર - નભસેનનો નારદજીનો અસત્કાર - સાગરચંદ્રનો સત્કાર - આપત્તિ - સાગરચંદ્રનો કમલામેલા સાથે વિવાહ - નેમિનાથ આગમન - સામાયિક વ્રત કાયોત્સર્ગ - ઉપસર્ગ - મરીને દેવલોક

(૧૦) અમરચંદ્ર કથા :- ૧૪૨

મહાવિદેહ ક્ષેત્ર - પુષ્કલાવતી વિજય - રત્નાકર નગરી - સુરસુંદર રાજા - વિલાસવતી રાણી - અમરચંદ્ર પુત્ર - વિદ્યાધરથી કન્યાનું અપહરણ - શરણ માગણી - રક્ષણ - શ્રીષેણ રાજા - જયશ્રી રાજપુત્રી - સ્વયંવર - અમરચંદ્રને વરવું - પરીક્ષા - ચારણમુનિ આગમન - રાજા સંયમમાર્ગે - અમરચંદ્ર રાજા - રાણીમાં આસક્ત - જારપુરુષ દર્શન - મંત્રીને શિક્ષાનો આદેશ - સરખું રૂપ - સાચું કોણ ? વૈરાગ્ય - મુનિદર્શન - પૂર્વભવમાં દેશાવગાતિક વ્રત - જાતિ સ્મરણ - દીક્ષા કેવળજ્ઞાન

(૧૧) કામદેવ કથા :- ૧૪૮

ચેપાનગરી - જિતશત્રુ રાજા - કામદેવ ગૃહપતિ - પરમાત્મા વીરનું આગમન - બાર વ્રત ગ્રહણ - પૌષધ - ઉપસર્ગ - વીરની પ્રશંસા - દેવલોક

(૧૨) મૂળદેવ કથા :- ૧૫૧

પાટલી પુત્ર નગર - શંખધવલ રાજા - જયલક્ષ્મી રાણી - મૂળદેવ પુત્ર - જુગાર વ્યસન - ઉજ્જયિનીનગરી - જિતશત્રુ રાજા - દેવદત્તા વેશ્યા - અચલ સાર્થવાહ - મૂલદેવ વામન થઈ ઉજ્જયિનીમાં - દેવદત્તા પરિચય - કળાની કુશળતાનો પરિચય - અક્કાની શિખામણ - પરીક્ષા - અચલથી પરાભવ - મૂળદેવનું પ્રયાણ - બ્રાહ્મણનો મેળાપ - રાજ્યની પ્રાપ્તિ - દેવદત્તાની પ્રાપ્તિ - અચલનું મિલન - ચોરને ગ્રહણ કરી રાજ્યનું પાલન - અતિથિ સંવિભાગથી રાજ્યની પ્રાપ્તિ - વ્રતનું મહત્ત્વ.

૧૫	યતિ ધર્મ	૪ (૬૪)	૧૬૪
	દાન - **ચંદનબાળા** -		૧૬૪
	શીલ - **નર્મદાસુંદરી કથા**		૧૬૯
	તપ - **નંદિષેણ કથા**		૧૮૦
	ભાવ - **ઇલાપુત્ર કથા**		૧૮૩
૧૬	ધર્મને આપનાર અને ગ્રહણ કરનારા અલ્પ	૫-૬ (૬૫-૬૬)	૧૮૭
૧૭	ધર્મરત્નને યોગ્ય - ૨૧ ગુણ	૭-૮ (૬૭-૬૮)	૧૮૮
૩.	**માર્ગતત્ત્વ**		
૧૮	સન્માર્ગની પ્રરૂપણા	૧-૩ (૬૯-૭૧)	૧૮૯
૧૯	**આર્યરક્ષિતસૂરિ કથા**	૪-૬ (૭૨-૭૪)	૧૯૦
૨૦	**વજ્રસ્વામી કથા**		૧૯૪
૨૧	આશાતનાના કારણે જિનભવનમાં સાધુને રહેવું કલ્પે નહિ	૭-૮ (૭૫-૭૬)	૨૧૯
૨૨	દ્રવ્યસ્તવ - ભાવસ્તવનું વર્ણન	૯-૧૨ (૭૭-૮૦)	૨૨૦
૨૩	ઉત્સૂત્ર પ્રરૂપણાના માઠાં ફળ	૧૩-૧૬ (૮૧-૮૪)	૨૨૧
૨૪	ક્રિયાની શિથિલતામાં પણ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરવી જોઈએ	૧૭-૨૭ (૮૫-૯૫)	૨૨૨
૨૫	**નંદિષેણ કથા**		૨૨૫
૨૬	સન્માર્ગ-ઉન્માર્ગના ગુણ-દોષ	૨૮-૩૦ (૯૬-૯૮)	૨૨૮
૨૭	**આર્દ્રકુમાર કથા**		૨૨૮
૨૮	શુદ્ધ પ્રરૂપકની પ્રશંસા	૩૧ (૯૯)	૨૩૬
૨૯	ગાડરીયા પ્રવાહને છોડીને ભવ્ય જીવો આગમમાર્ગને અનુસરે	૩૨-૩૪ (૧૦૦-૧૦૨)	૨૩૭
૩૦	'મહાજન ચાલે તે માર્ગ'નું ખંડન	૩૫-૩૭ (૧૦૩-૧૦૫)	૨૩૮
૩૧	'વિધિમાર્ગની પક્કડથી તીર્થનો ઉચ્છેદ રૂપ કુવિચાર અને ખંડન	૩૮ (૧૦૬)	૨૩૯
૩૨	સંસારમાર્ગ-મોક્ષમાર્ગની સંખ્યા	૩૯-૪૨ (૧૦૭-૧૧૦)	૨૪૦
૩૩	રત્નત્રયીનું સ્વરૂપ	૪૩-૪૪ (૧૧૧-૧૧૨)	૨૪૧
૩૪	શ્રાવક સંબંધી દેશચારિત્રનું સ્વરૂપ		૨૪૦
૩૫	ઉન્માર્ગ ગામીને ભયદર્શન		૨૪૦
૩૬	શ્રાવકની ભવ્ય ભાવના	૪૫ (૧૧૩)	૨૪૨
૩૭	મધ્યમ મંગલ-મુગ્ધજનના પ્રવાહનું ખંડન	૪૬ (૧૧૪)	૨૪૨

૪	**સાધુતત્ત્વ**	**૧૧૫-૨૦૬**	
૩૮	સાધુના આચારનું વર્ણન	૧-૨ (૧૧૫-૧૧૬)	૨૪૩-૨૪૪
૩૯	૪૨ દોષોનું વર્ણન	૩-૭ (૧૧૭-૧૨૧)	૨૪૫
૪૦	ઉત્પાદના દોષ ૧૬ ક્રોધપિંડ કથા	૮-૯ (૧૨૨-૧૨૩)	૨૪૬
	માનપિંડ કથા		૨૪૮
	માયાપિંડ કથા		૨૫૦
	લોભપિંડ કથા		૨૫૪
૪૧	એષણા દોષ-૧૦	૧૦ (૧૨૪)	૨૫૫
૪૨	દોષની વિશુદ્ધિ અંગે	૧-૧૮ (૧૨૫-૧૩૨)	૨૫૫-૨૫૮
૪૩	શય્યા શુદ્ધિ - વસ્ત્ર શુદ્ધિ	૧૯-૨૧ (૧૩૩-૧૩૫)	૨૫૯-૨૬૧
૪૪	પાત્રશુદ્ધિ - ૧૮૦૦૦ શીલાંગ	૨૨-૨૮ (૧૩૬-૧૪૨)	૨૬૨-૨૬૩
૪૫	૭ પ્રકારની છત્રીશી આર્યખપુટાચાર્ય કથા	૨૯-૩૭ (૧૪૩-૧૫૧)	૨૬૪-૨૭૧
૪૬	ગુરુના ગુણોનું અન્વેષણ	૩૮-૪૫ (૧૫૨-૧૫૯)	૨૭૨-૨૮૦
૪૭	ગુરુના લક્ષણ - ભેદ	૪૬-૬૨ (૧૬૦-૧૭૬)	૨૮૧-૨૮૮
	ચંડરૂદ્રાચાર્ય કથા		
૪૮	ઉપદેશ	૬૩-૭૪ (૧૭૭-૧૮૮)	૨૮૯-૨૯૦
૪૯	અવંદનીક સાધુ-વંદનમાં દોષ	૭૫-૯૨ (૧૮૯-૨૦૬)	૨૯૧-૨૯૭
૫	**તત્ત્વતત્ત્વ**	**૨૦૭-૨૭૧**	૨૯૮-૩૬૦
૫૦	નવ તત્ત્વોના નામ	૧-૩ (૨૦૭-૨૦૯)	૨૯૮
૫૧	જીવ તત્ત્વનું વર્ણન ભિન્ન ભિન્ન પ્રકારે	૪-૬ (૨૧૦-૨૧૨)	૨૯૯
૫૨	જીવના સંસ્થાન	૭-૮ (૨૧૩-૨૧૪)	૩૦૦
૫૩	જીવમાં રહેલી ઈન્દ્રિયોના વિષય	૯-૧૦ (૨૧૫-૨૧૬)	૩૦૧
૫૪	જીવના પ્રાણ તથા હિંસાનું સ્વરૂપ	૧૧ (૨૧૭)	૩૦૨
૫૫	પર્યાપ્તિ	૧૨-૧૫ (૨૧૮-૨૨૧)	૩૦૩
૫૬	જીવના શરીરનું પ્રમાણ		
૫૭	આયુષ્ય	૧૬-૧૭ (૨૨૨-૨૨૩)	૩૦૪
૫૮	કાય સ્થિતિ	૧૮ (૨૨૪)	૩૦૪
૫૯	લેશ્યા તથા લેશ્યાના બે દૃષ્ટાંત	૧૯-૨૦ (૨૨૫-૨૨૬)	૩૦૪-૩૦૫
૬૦	સંયમના પ્રકાર	૨૧-૨૨ (૨૨૭-૨૨૮)	૩૦૫
૬૧	યોનિ	૨૩-૨૪ (૨૨૯-૨૩૦)	૩૦૬-૩૦૭
૬૨	યોગ-ઉપયોગ	૨૫-૨૬ (૨૩૧-૨૩૨)	૩૦૭-૩૦૮
૬૩	ગુણસ્થાનો	૨૭-૨૮ (૨૩૩-૨૩૪)	૩૦૮-૩૦૯
૬૪	માર્ગણામાં વિચારણા	૨૯ (૨૩૫)	૩૧૦-૩૧૨
૬૫	અજીવતત્ત્વના નામ તથા સ્વભાવ	૩૦-૩૩ (૨૩૬-૨૩૯)	૩૧૩-૩૧૪

૬૬	બીજા તત્ત્વો	૩૪-૩૫	(૨૪૦-૨૪૧)	૩૧૫
૬૭	સમ્યક્ત્વની વ્યાખ્યા		૩૬ (૨૪૨)	૩૧૫
૬૮	મિથ્યાત્વનું સ્વરૂપ તથા ભેદ	૩૭-૩૯	(૨૪૩-૨૪૫)	૩૧૬-૩૧૭
૬૯	**અન્ધનું દૃષ્ટાન્ત**			
૭૦	**તામલી તાપસનું દૃષ્ટાન્ત**		૪૦ (૨૪૬)	૩૧૮
૭૧	સમ્યગ્દર્શનનું મહાત્મ્ય	૪૧-૪૨	(૨૪૭-૨૪૮)	૩૨૧
૭૨	સમ્યક્ત્વના ભેદો		૪૩ (૨૪૯)	૩૨૧
૭૩	**સંપ્રતિરાજાનું દૃષ્ટાન્ત**			
૭૪	સમ્યક્ત્વની યોગ્યતા કેવા જીવમાં ?	૪૪-૪૫	(૨૫૦-૨૫૧)	૩૪૦
૭૫	સમ્યક્ત્વના અતિચાર - **શંકા-ભવદત્ત અને ચોરની કથા**		(૨૫૧)	૩૪૪
૭૬	**આકાંક્ષા - રાજા અને અમાત્યની કથા**			૩૪૫-૩૪૬
૭૭	**વિચિકિત્સા-દુર્ગન્ધાની કથા**			૩૪૭-૩૪૮
૭૮	**પરપાખંડીની પ્રશંસા પરિહાર-સુલસાકથા**			૩૪૯-૩૫૦
૭૯	**પરપાખંડી સંસ્તવ (પરિચય) જિનદાસ કથા**			૩૫૧-૩૫૨
૮૦	સમ્યક્ત્વને ધારણ કરનારની સ્તુતિ		૪૬ (૨૫૨)	૩૫૩
૮૧	સમ્યક્ત્વના લિંગો	૪૭-૪૮	(૨૫૩-૨૫૪)	૩૫૪
૮૨	ઉપશમનું સ્વરૂપ		૪૯ (૨૫૫)	૩૫૫
૮૩	સંવેગનું સ્વરૂપ		૫૦ (૨૫૬)	૩૫૫
૮૪	નિર્વેદનું સ્વરૂપ		૫૧ (૨૫૭)	૩૫૫
૮૫	અનુકંપાનું સ્વરૂપ		૫૨ (૨૫૮)	૩૫૫
૮૬	આસ્તિક્યનું સ્વરૂપ		૫૩ (૨૫૯)	૩૫૬
૮૭	સમ્યક્ત્વનું ફળ		૫૪ (૨૬૦)	૩૫૬
૮૮	વિરતિ વિના સમ્યક્ત્વનું નિષ્ફળપણું		૫૫ (૨૬૧)	૩૫૬
૮૯	જ્ઞાન અને ક્રિયાનું સાપેક્ષપણું જ મોક્ષમાર્ગ રથ તથા **આંધળા અને પાંગળાનું દૃષ્ટાન્ત**		૫૬ (૨૬૨)	૩૫૭
૯૦	ચરણ-કરણ સિત્તરીનું સ્વરૂપ	૫૭-૫૮	(૨૬૩-૨૬૪)	૩૫૮
૯૧	જ્ઞાન-તપ-સંયમના ત્રિવેણી સંગમે મોક્ષ		૫૯ (૨૬૫)	૩૫૯
૯૨	ઉપસંહાર તથા ગ્રંથકારનું નામાદિ	૬૦-૬૧	(૨૬૬-૨૬૭)	૩૬૦
૯૩	આ ગ્રંથ કોને ઉપકારક બને		૬૨ (૨૬૮)	૩૬૦
૯૪	આ પ્રકરણના અન્ય નામો		૬૩ (૨૬૯)	૩૬૦
૯૫	ભવ્ય જીવોને પઠન માટે હિતશિક્ષા	૬૪-૬૫	(૨૭૦-૨૭૧)	૩૬૧
૯૬	પ્રશસ્તિ			૩૬૧

સમ્યક્ત્વ પ્રકરણ

બીજું નામ : દર્શનશુદ્ધિ પ્રકરણ

ૐ નમો વીતરાગાય

જેમના મુખકમળરૂપી વાવડીમાંથી સ્પષ્ટ વચનરૂપી રેંટના ફરવા વડે કરીને નીકળતું એવું, સૂરિ ભગવંતોની શ્રેણીની પરંપરામાં રહેલા સ્નેહાળ એવા ગુરુ ભગવંતોના ગુણરૂપી ઉછળતા પાણીના કણના સમૂહથી યુક્ત એવું તત્ત્વરૂપી જલ આજ સુધી પણ આ શાસનરૂપ ઉદ્યાનને સિંચન કરતું અત્યંત રીતે સફળ (ફળ સહિતનું) કરે છે, તેવા ત્રણ જગતના અધિપતિ શ્રી વર્ધમાન જિનને નમ્ર એવો હું ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. ॥૧॥

સંક્ષેપ અને વિસ્તારને મૂકીને (અર્થાત્ અત્યંત સંક્ષેપમાં પણ નહીં અને અતિ વિસ્તારવાળી પણ નહીં એવી) શ્રુતના સારભૂત, અર્થથી મહાન એવા સમ્યક્ત્વ ગ્રંથની સારી રીતે બોધ કરી શકાય એવી વૃત્તિને હું કરીશ. ॥૨॥

પરંતુ ગ્રંથોને વિષે નિપુણ, શુભ બુદ્ધિવાળા સાવધાન થઈને સાંભળો, ગુણવાન એવા શ્રોતાને સંભળાવવાથી અંતઃકરણમાં તત્ત્વનો પ્રકાશ થાય છે અને તે અભ્યાસના અનુરાગથી મારી મતિ આ વૃત્તિને રચવા માટે પ્રવૃત્ત થઈ છે. જો ભવ્યોને કંઈક ઉપકાર થાય તો પરંપરાએ તે પુણ્યની સિદ્ધિ થાય. ॥૩॥

અથવા તો બુદ્ધિ વડે અધિક લોકોને આશ્રયીને આ વૃત્તિને ઉપકાર કરનારી હું નથી માનતો અને સમાનબુદ્ધિવાળા, સ્પર્દ્ધાના બંધને (ભાવનાને) ધારણ કરનારા પંડિતજનોને ઉદ્દેશીને પણ આ બબડાટ કેવો અને જેઓ મારાથી પણ અલ્પમતિવાળા છે, તેઓ વડે (આમાં) શું જણાશે ? (આવું વિચારીને) હાલમાં ગુણી એવા મારું મન તે વૃત્તિને રચવા માટે સંદેહવાળું થાય છે. ॥૪॥

પરંતુ શ્રી ચન્દ્રપ્રભસૂરિ વડે ગૂંથાયેલી વાણીના અર્થને વિચારવામાં તત્પર એવું ચિત્ત, તેના અર્થને કહેવાથી વચન પવિત્ર થશે અને એને લખવા વડે કાયા સારભૂત વ્યાપારવાળી થશે અને તેથી સત્કર્મમાં લીન છે આત્મા જેનો એવા મને પરમાર્થથી આ ફળ સિદ્ધ જ છે.

અને એમાં સ્વભાવથી જ મહાવિદેહની અપેક્ષાએ ભરતક્ષેત્ર તે શુભભાવોનું ભાજન નથી, સકલ બુદ્ધિ, બળ, આયુષ્યને ટૂંકું કરવા વડે ગર્વિષ્ઠ એવી આ અવસર્પિણી છે, મિથ્યાત્વના ઉદયને કરનારો એવો આ દુઃષમા નામનો આરો છે. સારી રીતે રુંધી નાખ્યો છે અવધિજ્ઞાન અને જાતિસ્મરણનો (જીવને) સંગમ એવો આ ભસ્મક ગ્રહનો ઉદય પણ પ્રવર્તે છે અને અસંયતની પૂજાથી વ્યાપેલું આ દશમું આશ્ચર્ય પણ થયું છે. પરંતુ સ્વીકાર કર્યો છે મહાવ્રતોનો જેણે એવા પણ આ યુગના પુરુષો સંયમમાં રત નથી દેખાતા, પરંપરાએ શ્રાવકો પણ સમ્યક્ત્વાદિ ગુણો વડે આત્માને ભાવિત કરનારા નથી અને ધર્મ હમણાં જ વિચ્છેદને નથી પામવાનો. કારણ કે, સમવસરણમાં બેઠેલા એવા ભગવાન શ્રી મહાવીરસ્વામી વડે આ (ધર્મ) દુઃપ્રસભ આચાર્યના અંતવાળો સારી રીતે કહેવાયેલો છે.

વળી અત્યંત તીક્ષ્ણ બુદ્ધિ વડે જ પ્રાપ્ત થનારા બોધના (જ્ઞાનના) સંબંધવાળી એવી સિદ્ધાંતના શાસ્ત્રોની રચના પણ ઘણી મોટી છે. હાલના કાળના લોકો સ્થૂલબુદ્ધિના ધનવાળા છે. તે કારણથી જે રીતે આ લોકો

થોડા વડે જ (થોડા બોધ વડે) મિથ્યાત્વને છોડીને સમ્યક્ત્વને ગ્રહણ કરે, દેશવિરતિને સ્વીકારે, સર્વવિરતિને સ્વીકારે, તે પ્રમાણે કરવા માટે પ્રયત્ન કરવો યોગ્ય છે, એ પ્રમાણે વિચારીને કરુણારસથી વ્યાપ્ત અંતઃકરણપણા વડે કરીને કોઈક ગાથા સિદ્ધાંતમાંથી ઉદ્ધરીને જે રીતે છે, તે જ રીતે અને કોઈક વળી તેના (સિદ્ધાંતના) અર્થોને (કહેનારી એવી ગાથાઓને) દેવતત્ત્વ આદિના ક્રમ વડે સંકલન કરીને (રચીને), ભવિકજનના બુદ્ધિરૂપી લોચનોને ઢાંકી દેનાર એવા, કલિકાલના બળ વડે ઉછળતા એવા મહામોહના આવરણને દૂર કરવામાં કુશળ એવા શ્રેષ્ઠ અંજન સમાન, ચલાયમાન થતા એવા ચારિત્રધર્મરાજાના ભવનને ટેકો આપનાર સ્થંભની ઉપમાવાળા, મિથ્યાત્વરૂપી અંધકારના સમૂહને નાશ કરવામાં પ્રચંડ એવા સૂર્યમંડલનું આચરણ કરતા, મહાદુર્લભ એવા મનુષ્યજન્મની થયેલી પ્રાપ્તિને સફલ કરવામાં હેતુભૂત, ભવરૂપી સમુદ્રને પાર કરવામાં સેતુ સમાન, રાગાદિ શત્રુથી ભય પામેલા જંતુઓને શરણભૂત એવા આ સમ્યક્ત્વ પ્રકરણને અત્યંત અલ્પ કરવાની ઈચ્છાવાળા, ચારિત્રરૂપી મહારાજાની સાક્ષાત્ રાજધાનીનું આચરણ કરતા, સુવિશુદ્ધ સિદ્ધાંતના રહસ્યોની વિચારણા માટે અદ્‌ભુત સ્ફુર્તિવાળા, સકલ શ્વેતાંબર દર્શનને પ્રકાશિત કરવામાં પ્રદીપની ઉપમાવાળા, પ્રકર્ષે કરીને ઉન્મત્ત એવા પ્રતિવાદી (વિપક્ષ દર્શની) રૂપ હાથીઓના સમૂહને નાશ કરવામાં સિંહનું આચરણ કરતા, સૂર્ય જેવી અતુલ પ્રતિભાના ઉત્કર્ષ વડે કરીને પરાભૂત (હરાવી નાખ્યા છે) બૃહસ્પતિને (દેવોના પંડિતને) જેમણે એવા પૂજ્યશ્રી ચન્દ્રપ્રભસૂરી વિઘ્નોના સમૂહને દૂર કરવા માટે અને શિષ્ટ પુરુષોના શાસ્ત્રને અનુસરવા માટે મંગલ, વિષય, પ્રયોજનને કહેનારી પહેલી બે ગાથાને કહે છે.

पत्तभवन्नवतीरं, दुहदवनीरं सिवंबतरूकीरं ।
कंचणगोरसरीरं, नमिऊण जिणेसरं वीरं ।।१।।

वुच्छं तुच्छमईण, अणुग्गहत्थं समत्थभव्वाणं ।
सम्मत्तस्स सरुवं, संखेवेणं निसामेह ।।२।।

ગાથાર્થ :- પ્રાપ્ત કરાયું છે ભવરૂપી સમુદ્રનું તીર (કિનારો) જેમના વડે એવા, દુઃખ (સંતાપ) રૂપ દાવાનળને શાંત કરવા માટે જલ સમાન એવા, નિર્વાણરૂપી આંબાના વૃક્ષને વિષે પોપટ સમાન, સુવર્ણ જેવા ગૌર શરીરવાળા એવા શ્રી વીર જિનેશ્વરને નમન કરીને અલ્પબુદ્ધિવાળા એવા સમસ્ત ભવ્ય પ્રાણીઓના અથવા સમર્થ એવા ભવ્યપ્રાણીઓના અનુગ્રહને માટે સમ્યક્ત્વનું સ્વરૂપ સંક્ષેપ વડે કહેવાય છે (તે) સાંભળો.

ટીકાર્થ :- અહીં અન્વય સરળ છે. પદાર્થ તાત્પર્ય સહિત કહેવાય છે. તેમાં **'पत्तभवन्नवतीरंति'** - પ્રાપ્ત કરાયું છે સંસારરૂપી સમુદ્રનું - દુઃખે કરીને તરી શકાય એવો સંસાર હોવાથી સમુદ્ર કહ્યો છે (તેનું) - તીર અર્થાત્ તટ જેઓ વડે એવા, અહીં ઉપચારથી કિનારા નજીકના પ્રદેશને પણ કિનારો કહેવાય. જેમ કે ગંગાની નજીકના પ્રદેશને ગંગા કહેવાય છે. તેથી (આ ઉપચારથી) આના વડે ભગવાનની છદ્મસ્થ અવસ્થા પણ કહેવાઈ ગઈ. કારણ કે છદ્મસ્થ અવસ્થામાં પણ રહેલા સ્વામીને સિદ્ધિ અત્યંત નજીક હોવાથી ભવસમુદ્રના તટ ઉપર રહેલા છે, એમ કહેવું યુક્ત છે. **'दुहदवनीरंति'** દુઃખરૂપી દાવાનળ - વન-અગ્નિ પણ સંતાપને કરનારો હોવાથી આ ઉપમા છે. એને શાંત કરનારા હોવાથી નીર સમાન, જે રીતે દાવાનળ વડે ઉપદ્રવ કરાયેલા વૃક્ષો મેઘના પાણી વડે પાછા લીલા થઈ જાય છે, તે રીતે દૌર્ગત્ય આદિ દુઃખો વડે અત્યંત સંતાપ પામેલા જીવો પણ સ્વામીની દેશના વડે શાંત થાય છે, એવો અહીં ભાવ છે. આના વડે પ્રભુની કેવલી

અવસ્થા સૂચવાઈ છે. કારણ કે એ (કેવલી) અવસ્થામાં જ સ્વામી ધર્મોપદેશ કરતા હોય છે. **'सिवंबतरुकीरंति'** - શિવ એટલે નિર્વાણ (મોક્ષ) તે રૂપી આંબાનું વૃક્ષ, તેને વિષે રહેલા પોપટરૂપી પ્રભુ છે. આના વડે પોપટને જેમ આમ્રવૃક્ષને વિષે તેમ ભગવાનને નિર્વાણપદને વિષે પરમનિર્વૃત્તિ (પરમશાંતિ) છે. એ પ્રમાણે વ્યક્ત કરતા આના વડે ભગવાનની સિદ્ધ અવસ્થા કહેવાઈ.

कंचणगोरसरीरंति સ્વર્ણ જેવા ગૌરવર્ણવાળું પ્રભુનું શરીર છે, આના વડે સ્વામીની રૂપના અતિશયરૂપ સંપત્તિ કહેવાઈ છે. **'नमिऊण'** નમીને, **'जिणेसरंति'** જીતે છે રાગાદિ શત્રુઓને જેઓ, એવા જિન અર્થાત્ સામાન્ય કેવલી ભગવંતો, તેઓને વિષે હવે કહેવાશે એવા અષ્ટમહાપ્રાતિહાર્ય, ચોત્રીશ અતિશયાદિ ઐશ્વર્યના યોગથી ઈશ્વર માટે જિનેશ્વર.

वीरमिति - પરીષહ અને ઉપસર્ગને સહન કરતા એવા પ્રભુને જોઈને આનંદિત થયેલા સુરેશ્વર (ઈન્દ્ર) વડે રખાયું છે 'વીર' એવું નામ જેઓનું, એવા ચોવીશમા અધિપતિ - તેમને નમસ્કાર કરીને.

वुच्छं तुच्छमईणंति - તુચ્છ અર્થાત્ અલ્પ, મહાન શાસ્ત્રના બોધાદિ માટે અસમર્થ બુદ્ધિ છે જેઓની તેઓને અનુગ્રહ અર્થાત્ ઉપકાર કરવા માટે **समत्थ-भव्वाणंति** - ભવ્યો અર્થાત્ સિદ્ધિરૂપ મહેલ ઉપર ચઢવા માટે યોગ્ય એવા પ્રાણીઓ એ સિવાયના અર્થાત્ અભવ્ય જીવો ઉપકાર માટે અયોગ્ય હોવાથી સમસ્ત એવા ભવ્યો તેઓના. 'સમસ્ત'ના ગ્રહણથી ભવ્યજંતુઓને વિષે અનુગ્રહ અવિશેષ છે અર્થાત્ સાધારણ છે, એમ જણાવ્યું છે અથવા સમર્થ ભવ્યના અનુગ્રહ માટે. કારણ કે તેઓ જ ધર્મોપદેશરૂપ અનુગ્રહના અધિકારી છે. જે કારણથી કહ્યું છે કે -

होइ समत्थो धम्मं कुणमाणो, जो न बीहइ परेसिं ।

माइपिउसामिगुरुमाइयाण, धम्माऽणभिन्नाणं ।।१।। (श्रावकधर्मविधि गाथा-५)

ધર્મને કરતો એવો જે ધર્મને નહિ જાણતા એવા માતા-પિતા, સ્વામી કે વડીલ આદિ બીજાઓથી ડરતો નથી એ સમર્થ હોય છે.

सम्मत्तस्स सरूवंति - સમ્યક્ત્વ અર્થાત્ દેવતત્ત્વાદિને વિષે શ્રદ્ધારૂપ જે સમ્યક્ત્વ તેના સ્વરૂપને અર્થાત્ **'याथात्म्यं'** જેવું છે તેવું તે સંક્ષેપ વડે સાંભળો. આ પ્રમાણે બે ગાથાનો અર્થ થયો. ॥૧, ૨॥

હવે 'સંક્ષેપ વડે' એ પ્રમાણે જે કહ્યું, તેનું કારણ કહે છે.

सुयसायरो अपारो, आउं थोअं जिआ य दुम्मेहा ।
तं किं पि सिक्खियव्वं, जं कज्जकरं च थोवं च ।।३।।

ગાથાર્થ :- શ્રુતરૂપી સાગર પાર વગરનો છે, આયુષ્ય થોડું છે અને જીવો અલ્પબુદ્ધિવાળા છે. તે કારણથી કંઈ પણ એવું શીખવા યોગ્ય છે કે, જે કાર્યને કરનારું પણ હોય અને થોડું પણ હોય.

ટીકાર્થ :- શ્રુતસાગર - સિદ્ધાંત એ મહાસાગર છે. - જેમ સાગર મોટો છે, તેમ શ્રુત પણ ખૂબ વિશાળ છે માટે શ્રુતને સાગરની ઉપમા આપી છે. (વિશાળતારૂપ ધર્મ શ્રુત અને સાગર બંનેમાં સમાનપણે રહેલો હોવાથી) અપાર - જેનો અંત ન દેખાય એવો છે. આયુષ્ય તે અલ્પ છે. જીવો દુર્મેધસ્ અર્થાત્ સ્વલ્પબુદ્ધિવાળા છે. અલ્પ આયુ હોવા છતાં મહામતિવાળા જીવો અપાર એવા પણ સિદ્ધાંતને ભણી લે એવું પણ નથી. તે

કારણથી કાંઈ પણ એવું શીખવા યોગ્ય છે, અભ્યાસ કરવા યોગ્ય છે કે જે કાર્યને કરનારું અર્થાત્ આલોક-પરલોકના હિતને સાધનારું હોય અને થોડું પણ હોય. ગાથામાં બે **'च'** નો ઉપયોગ સમાનતાને દર્શાવવા માટે કરાયો છે. બંને વિશેષણોની (કાર્યકારી અને અલ્પ) સમાનતાને તેઓ બતાવે છે. ॥૩॥

અહીં અલ્પ અને કાર્યને કરનારું એવું આ સમ્યક્ત્વ પ્રકરણ છે. તે કારણથી તે જ અભ્યાસ કરવા યોગ્ય છે અને તે સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાના પ્રકારને કહે છે.

मिच्छत्तमहामोहंधयारमूढाण इत्थ जीवाणं ।
पुण्णेहिं कह वि जायइ, दुलहो सम्मत्तपरिणामो ।।४।।

ગાથાર્થ :- મિથ્યાત્વરૂપી મહામોહ તે રૂપ અંધકાર તેના વડે મૂઢ અર્થાત્ વિવેકહીન થઈ ગયેલા જીવોને આ સંસારમાં પુણ્ય વડે કરીને કેમે કરીને દુર્લભ એવો સમ્યક્ત્વનો પરિણામ થાય છે.

ટીકાર્થ :- મિથ્યાત્વરૂપ જે મહાન મોહ - દુઃખે કરીને ઉચ્છેદી શકાય એવો હોવાથી મોટો એવો મોહ અને એ મિથ્યાત્વમોહનીયરૂપ અંધકાર સદ્દર્શનને ઢાંકી દેનાર હોવાથી એને અંધકાર કહ્યો, એના વડે મૂઢ અર્થાત્ નિર્વિવેકી (હેય-ઉપાદેય, સ્વ-પરનો વિવેક પણ નથી રહ્યો એવા) જીવોને અહીં સંસારમાં ઘણા પુણ્ય વડે અર્થાત્ ઘણા એવા પુણ્યના હેતુભૂત શુભ અધ્યવસાયવિશેષ વડે કેમે કરીને ગ્રંથિભેદ આદિ મહાકષ્ટ વડે દુર્લભ એવો સમ્યક્ત્વનો પરિણામ થાય છે. જેમ ઉદાયન રાજાને થયો -

આ ઉદાયન રાજા કોણ હતો ? જેને આ પ્રમાણે અતિદુર્લભ એવો સમ્યક્ત્વનો પરિણામ થયો તેની કથા કહેવાય છે (૧) અહીં જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. જે હંમેશાં લાંબા સમયે આવેલા મિત્રની જેમ લહેરી રૂપી ભુજાઓ વડે સમુદ્ર વડે આલિંગન કરાયેલો છે (૨) તેમાં દક્ષિણ દિશારૂપી વધૂના કપાળને વિષે રહેલા અર્ધ ચંદ્રના આકારવાળા તિલકની આકૃતિવાળું, સમસ્ત સંપત્તિઓનું પાત્ર એવું ભરતક્ષેત્ર છે. (૩) સુવર્ણમય અને મોટા ગામ, ઉદ્યાન વગેરે રૂપી મોતીવાળા પૃથ્વીના કુંડલ સમાન સિન્ધુસૌવીર નામનો ત્યાં દેશ છે. (૪) ત્યાં ભય જેમાંથી ચાલ્યો ગયો છે એવું, કલ્યાણોની ખાણ અને લક્ષ્મીના પિતાનું ઘર જ ન હોય એવું (અર્થાત્ સમૃદ્ધ એવું) **વીતભય** નામનું નગર છે. (૫) જેના ઘરો ઉંચા હોવાથી તેની સાથે પોતાનો રથ અથડાય તો ભાંગી જશે એ ભયથી પહેલાં દક્ષિણ અને ઉત્તર અયન જેને શીખેલું છે એવો સૂર્ય ખરેખર હજી તે દક્ષિણ અને ઉત્તર અયનને (ગતિને) ત્યાગ કરતો નથી. (૬) જેમાં સુંદર પર્વો વડે ઉત્પન્ન થયેલા આનંદવાળા અને સર્વદા આરંભના અનુરાગી એવા નગરના લોકો ઈન્દ્રપુરીની શોભાને કરતા હતા. (૭) જ્યાં ચૈત્યોમાંથી ઉછળતો ધૂપનો સમૂહ જાણે મંદારના (કલ્પવૃક્ષના પુષ્પો) મકરંદ (રસ)ને પીવા માટે સ્વર્ગમાં જતી મધુકરની શ્રેણી ન હોય, એવો શોભતો હતો. (૮) જ્યાં ત્રણે સંધ્યા સમયે ચૈત્યોને વિષે વાજિંત્રના અવાજથી રંજિત થયેલા જાણે મેઘની ગર્જનાથી જ ન હોય એમ મોરો કેકારવ કરતા હતા. (૯) જ્યાં અતિશય શોભતા કાંગરાવાળો કિલ્લો, ધારણ કરાયેલા વિશાળ એવા ફલકોની હજારો શ્રેણીવાળા અર્જુન વૃક્ષની જેમ અત્યંત શોભતો હતો. (૧૦) જેની ચપળ એવી લક્ષ્મીને ચારે બાજુથી બાંધવા માટે જ ન હોય એમ બ્રહ્મા વડે પરિખા (ખાઈ)ના બહાનાથી લોખંડની સાંકળ કરાઈ હતી. (૧૧) સ્વર્ણની (સ્ત્રી પક્ષે સુવર્ણના અલંકાર અને ઉદ્યાન પક્ષે નાગકેસર) શોભા અને પરવાળા (સ્ત્રી પક્ષે લાલાશ અને ઉદ્યાન પક્ષે પરવાળાના વૃક્ષ)ની સંપત્તિવાળી એવી યુવાન સ્ત્રીઓ અને બગીચાઓમાં આકાર વડે ભેદ જણાતો હતો (અર્થાત્ ત્યાં બગીચાઓ અને સ્ત્રીઓ સુંદર

હતા) (૧૨) તેમાં આબદ્ધ મુગટવાળા દશ રાજાઓ વડે નમાયેલા ચરણવાળા એવા **ઉદાયન** નામના રાજા હતા. (૧૩) જે સિંધુ, સૌવીરાદિ સોળ દેશો, વીતભયાદિ ત્રણસોને ત્રેસઠ નગરોનું શાસન કરતા હતા. (૧૪)

વિશ્વની વસ્તુઓને ચંદ્રના કિરણોની જેમ ઉજ્જ્વળ કરતા જેમના યશે જગતને પહેલાની જેમ એક વર્ણવાળું કર્યું. (૧૫) જેના ચંદ્ર જેવા નિર્મળ ગુણોને જોઈને વૈશેષિક જે ગુણોનું નિર્ગુણત્વ કહેતો હતો, તેને કોઈ માનતું ન હતું. (૧૬) જેના મહેલના આંગણાની ભૂમિને વિષે સ્વસ્તિકોને જોઈને એકાંત હોવા છતાં જાળની શંકા કરનાર મૃગની જેમ શત્રુ પ્રવેશ જ નહોતો કરતો. (એકાંતમાં પણ પ્રવેશ ન કરે તેમ) (૧૭) દંડની તાંડવતા વડે અદ્‌ભુત એવા આના બાણનું તો શું કહીએ કે જેનું એક પણ બાણ લક્ષને વીંધવાનું કરે છે. (૧૮) સર્વ અદ્‌ભુત કલાનું પાત્ર, રૂપ વડે દેવી જેવી, ચેટકરાજાની પુત્રી **પ્રભાવતી** એની દેવી (રાણી) થઈ. (૧૯) વિનય, સુશીલતા આદિ ગુણો વડે અત્યંત નિર્મળ એવી જે રાજહંસીની જેમ હંમેશાં પતિરૂપી માનસરોવરમાં (અથવા પતિના ચિત્તમાં) રમતી હતી. (૨૦) સર્વ અદ્‌ભુત શોભાવાળી એવી જેણીની ગુણોરૂપી મોતીની માળામાં નિર્મલ એવું શીલરત્ન નાયકની શોભાને આશ્રય કરતું હતું. (૨૧) જેની ભક્તિ અરિહંતને વિષે, સંવિભક્તિ સુસાધુઓને વિષે, રાગ તત્ત્વની વિચારણામાં અને અનુરાગ પરમપદને વિષે હતો. (૨૨) તે **પ્રભાવતીની** કુક્ષિથી થયેલો, પિતાની જાણે બીજી મૂર્તિ જ હોય એવો, યુવરાજ પદને ધારણ કરતો અભીચિ નામનો પુત્ર હતો. (૨૩) તેને (રાજાને) પ્રિય, બીજા પુત્ર જેવો, વિનીત, બળ વડે મહાનિધિ, બહેનનો પુત્ર નામ વડે કેશી હતો. (૨૪)

આ બાજુ અંગ દેશમાં ચંપા નામની પ્રસિદ્ધ મહાપુરી છે, જેમાં વસતો ખુશ થયેલો લોક સ્વર્ગની પણ અવજ્ઞા કરે છે. (સ્વર્ગ કરતાં અધિક સુખી છે) (૨૫) તે પુરીમાં રૂપ વડે કામદેવ જેવો અને સંપત્તિ વડે કુબેર જેવો વિલાસી એવો **કુમારનંદી** નામનો શ્રેષ્ઠ સુવર્ણકાર હતો. (૨૬) સુરૂપ સ્ત્રીને જોઈ જોઈને પાંચસો સુવર્ણના દાનથી પરણતો લંપટ એવો એ પાંચસો સ્ત્રીઓનો પતિ થયો. (૨૭) તેને પરમ શ્રાવક, શ્રદ્ધાળુ, ધર્મરૂપ કર્મના ઉત્કૃષ્ટ મર્મને જાણનારો મૂર્ત્તિમાન જાણે યથાર્થ જ્ઞાન હોય એવો **નાગિલ** નામનો મિત્ર હતો. (૨૮)

એક વખત પોતાના ઘરના ઉદ્યાનમાં રાતા અશોક વૃક્ષની નીચે હાથણીઓની વચ્ચે રહેલા હાથીની જેમ પત્નીઓના સમૂહની વચ્ચે રહેલા ક્રીડા કરતા, પહોળી થયેલી આંખવાળા એવા તેણે વાયુથી ઊડેલી સુવર્ણદ્વીપની રજ જેવો, મેઘથી રહિત વીજળીના પુંજ જેવો પશ્ચિમ દિશામાંથી આવતો ઉદ્‌ભટ એવો જ્યોતિનો પુંજ આકાશમાં જોયો. (૨૯-૩૦-૩૧) આ શું છે ! એ પ્રમાણે વિસ્મિત એવા તેણે અડધી ક્ષણમાં તો તેની (તે પુંજની) વચ્ચે જ્યોતિ સહિતની, કેળના કંદ જેવી (કોમળ) બે અપ્સરાઓને જોઈ. (૩૨) ત્યારબાદ પરમ આનંદને વહન કરતા એવા એણે વિચાર્યું કે - શું આ કામદેવની રતિ અને પ્રીતિ એમ બે પત્નીઓ છે ? (૩૩) અથવા શંકરની પ્રેમિકાઓ ગંગા અને ગૌરી છે, જે કારણથી આખા જગતમાં પણ આવું રૂપ અતુલ્ય છે. (૩૪) ખરેખર આને બનાવવામાં બ્રહ્મા વડે પીંછીના અગ્રભાગમાંથી જે અમૃતના બિંદુઓ ત્યાગ કરાયા, તે જ ગગનમાં તારા બની ગયા હશે. (૩૫) જો કેમે કરીને રતિક્રીડાના સુખનું એક સ્થાન એવી આ બંને પ્રાપ્ત કરાય તો સુખના અર્થીઓને સ્વર્ગ અને અપવર્ગ વડે શું ? (૩૬) તેઓના દર્શનરૂપ સુધારસ વડે સિંચન થવાથી તે જ ક્ષણે પ્રગટ થયેલા ઘણા રોમ અને હર્ષના અંકુરાના સમૂહવાળા એવા, કોશ (જોડ્યા છે) જેવા કરાયેલા કરરૂપી કમળવાળા એવા તેણે અત્યંત સ્નેહપૂર્વક કહ્યું, "અગણ્ય પુણ્યના સમૂહ વડે પ્રાપ્ત કરવા યોગ્ય એવી તમે બંને કોણ છો ?" (૩૭-૩૮)

ત્યારબાદ તે બંનેએ કહ્યું, "પંચશૈલદ્વીપમાં રહેનારી, **હાસા-પ્રહાસા** નામની વ્યંતરના અધિપતિની અમે બંને પ્રિયા છીએ." (૩૯) પરંતુ હાલમાં અમારો પ્રિય (પતિ) ચ્યવી ગયો. (મરણ પામ્યો) તેના વિરહથી આતુર, અમારે અનુરૂપ પ્રિયને જોવા માટે અમે અહીં આવ્યા છીએ. (૪૦) **કુમારનંદી**એ કહ્યું, "જો એમ છે તો હે સુંદરીઓ ! જો તમને ગમે તો પત્નીઓને વિષે અત્યંત પ્રેમાળ એવા મને પતિરૂપે સ્વીકારો." (૪૧) આ મહેલ, આ લક્ષ્મી, કામદેવની દાસીઓ જેવી આ બધી પ્રિયાઓ, આ ક્રીડા ઉદ્યાન, સરોવર, વાપી, પર્વતો બધું વશમાં છે. (૪૨) ઘણું કહેવા વડે શું ! હે દેવીઓ, હું પતિરૂપે સ્વીકારાયે છતે એવું કોઈ સુખ નથી, જે તમારે દુઃખે કરીને પ્રાપ્ત થાય. (૪૩) હવે તે બંનેએ પણ કહ્યું કે, "જો તને અમારા બંને વડે પ્રયોજન છે (અમારી તને જરૂર છે) તો જલદીથી તું **પંચશૈલ** દ્વીપમાં આવ." (૪૪) એ પ્રમાણે કહીને તે બંને આકાશમાર્ગ વડે પોતાને સ્થાને ગઈ અને **કુમારનંદી** તેના વિયોગદશારૂપ પુરીમાં ગયો. (૪૫)

ત્યારે, તરત જ એને આહાર ખારો થયો, પવન અગ્નિ જેવો, કમલિની તીક્ષ્ણ બાણ જેવી, કમળની પથારી અંગારા જેવી થઈ ગઈ. (૪૬) તાપ વડે કરીને શરીરમાં રહેલા પાણીમાંથી ક્ષણે ક્ષણે અંજલી જેટલું પાણી બળી રહ્યું હતું જેનું એવા તેણે વિચાર્યું કે તેઓના સંગમરૂપ ઔષધ વિના મારો આ તાપ શાંત નહીં થાય. (૪૭)

હવે તેણે રાજાની પાસે જઈને પોતાના વૃત્તાંતને જણાવીને પુરની અંદર આ પ્રમાણેની પટહ વડે ઉદ્‌ઘોષણાને કરાવી. (૪૮) **"કુશળ બુદ્ધિવાળો એવો જે મને પંચશૈલ દ્વીપ ઉપર લઈ જાય એને હું એક કરોડ જાત્યસુવર્ણ આપું."** (૪૯) એ સાંભળીને સમસ્ત દ્વીપના માર્ગોને જાણનારા કોઈ **નાવિકે** ત્યાં જઈને તેને કહ્યું કે, "હું તને ઈચ્છિત દ્વીપ ઉપર લઈ જઈશ." (૫૦) સ્વર્ણકારે પણ તે જ ક્ષણે એને સુવર્ણની એક કોટિ આપી. **કામી પુરુષોને કામિનીને માટે અદેય શું હોય છે ?** (એઓને ન આપવા યોગ્ય કંઈ નથી હોતું) (૫૧) હવે નાવિક છે બીજો જેની સાથે એવો તે અનુકૂળ પવન, મન અને શુકન વડે પ્રેરાયેલો મહાવહાણમાં ચઢ્યો. (૫૨) પોતાના મનના કલ્લોલોને સમુદ્રના કલ્લોલની સાથે તુલના કરતા એવા તેણે અત્યંત ઊંડા એવા સમુદ્રના મધ્યભાગને પ્રાપ્ત કર્યો. (૫૩) નાવિકે હવે એને કહ્યું, "મેઘ જેવા ઉન્નત કાળા કાજળના સમૂહ જેવું આગળ તું શું જુએ છે ?" (૫૪) તેણે કહ્યું, 'હે ભદ્ર ! વડવાનળમાંથી નીકળેલા ધૂમાડાના સમૂહ જેવો, પાપોને રહેવાના સ્થાન જેવો, પિંડરૂપે થયેલો અંધકાર હું આગળ જોઉં છું." (૫૫) નાવિકે ફરી કહ્યું, જો એમ છે તો મારા વચનને જેમ રાજા મંત્રીના વાક્યને તેમ સાવધાન એવો તું હમણાં સાંભળ. (૫૬)

અહીં આગળ આ પ્રદેશમાં પાંખ છેદાઈ જવાના ભયથી અહીં આવીને રહેલો અંજનગિરિ ન હોય એવો મહાકાય પર્વત છે. (૫૭) એ પર્વતના નીચેના ભાગમાં કાળુ એવું, જાણે ઉજ્જ્વળ એવા પાણીના ભયથી ગુફામાંથી બહાર નીકળી ગયેલા અંધકારનો સમૂહ જ હોય એવું આ વડનું વૃક્ષ છે. (૫૮) આ (વૃક્ષ)ની નીચે પહોંચેલું, ભમતા એવા કલ્લોલ વડે દોલાયમાન થયેલું આ વહાણ સ્ત્રીઓને કહેવાયેલા મંત્રની જેમ તરત જ ફુટી જશે. (૫૯) તેણે કહ્યું, "તું આ કેવી રીતે જાણે છે ?" **નાવિકે** કહ્યું, 'પરંપરાથી,' અને એ જ કારણે વહાણો પંચશૈલ દ્વીપ ઉપર જતા નથી. (૬૦) તેણે ફરી કહ્યું, **"તો આ જાણતા એવા તારા વડે હે મૂઢ ! આ શું કરાયું ? હે અધમ ! મને કૂવામાં નાખી તારા વડે દોરડું કાપી નંખાયું ! (૬૧) હે ધૂર્ત ! વિશ્વાસ આપીને, મારું સુવર્ણ ગ્રહણ કરીને હું સમુદ્રમાં નંખાયો !** સારું, તારા વડે સારું કરાયું. બીજો કોણ આવું કરે ! (૬૨) તેણે કહ્યું, હે શ્રેષ્ઠી ! (ના, ના) એ પ્રમાણે ન બોલ. હું તારો અહિત કરનારો નથી. કરવા યોગ્ય

કહું છું તે સાંભળ. (૬૩) મારા વડે તારું ઈષ્ટ સધાયે છતે તું રડ નહીં. આ વહાણ હમણાં ફૂટે છતે અનાકુલ (ગભરાયા વગર) એવો તું વાનરની જેમ ઉંચો કૂદીને આ વૃક્ષની શાખાને જલદીથી વળગી જજે. (૬૪) તેની ઉપર **બે જીવવાળા, બે મુખવાળા, એક ઉદરવાળા, ત્રણ પગવાળા, જુદા જુદા ફળને નહિ ઈચ્છનારા ભારંડ પક્ષીઓ તમે જોશો.** (૬૫) પંચશૈલથી આવીને આ વૃક્ષ ઉપર તેઓ વસે છે. તેથી તેમના પગને લાગેલો એવો તું સવારે જલદીથી ત્યાં (પંચશૈલ) જજે. (૬૬) તું જરાય ડરીશ નહીં. જે કારણથી મહાકાય એવા તેઓ ગાય જેમ પોતાના ઉપર લાગેલા ગોકીટને ન જાણે તેમ પગને વળગેલા મનુષ્યને તેઓ જાણતા પણ નથી, (૬૭) તો આ પ્રમાણે ઉપાયને જણાવવા વડે મારા વડે તું પંચશૈલ લઈ જવાયો છે, હે મહાભાગ ! મારા વચનને અન્યથા (વિપરીત) ન માનતો. (૬૮) વાયુ વડે જેમ ધ્વજ કંપે, તેમ વૃદ્ધ ભાવથી કંપતા અંગવાળો (બોલ્યો) કે, ખરેખર ! વહાણની અંદર વસતો એવો હું તો મૃત્યુનો જ છું (મારું તો મોત છે જ) (૬૯) એ પ્રમાણે વિચારીને તારા સુવર્ણ વડે કુટુંબના પ્રયોજનને કરીને મરવાની ઈચ્છાવાળો એવો જ હું અહીં આવ્યો છું. તેથી હવે મરી પણ જઈશ. (૭૦) તે જ ક્ષણે પ્રાપ્ત થયેલા એ દેશ વડે ભાંગી જતા એ વહાણમાંથી ઉછળીને તે શાખાને આલંબીને સુવર્ણકાર વડની ઉપર ચઢી ગયો. (૭૧)

ત્યારબાદ આકાશરૂપી સમુદ્રના પોત (વહાણ) જેવા એવા ભારંડ પક્ષી વડે તરત જ સુખપૂર્વક તે **પંચશૈલ** પહોંચી ગયો. (૭૨) ત્યારબાદ ત્યાં ભમતા એવા તેણે અનેક રત્નના મહેલો વડે સુંદર અને દેખાડ્યું છે આશ્ચર્ય જેણે એવું શ્રેષ્ઠ તે વ્યંતરપુર જોયું. (૭૩) જેના ઘરો પવન વડે હાલતા ધ્વજની નાની નાની ઘંટિકા (ઘંટડી)ના મનોહર અવાજ વડે જાણે તારાઓના સમૂહને 'દૂર જાઓ' - એ પ્રમાણે કહેતા હતા. (૭૪) સ્વચ્છ સ્ફટિકના મહેલની ઉપર ફરતી એવી યુવાન સ્ત્રીઓ નૂપુરના (ઝાંઝર) અવાજ વડે પવનના ભ્રમને હરતી હતી. (અર્થાત્ એમનામાં અને પવનમાં વિશેષતા કરનાર ઝાંઝરનો અવાજ જ હતો, બાકી બંનેમાં કંઈ ભેદ ન હતો.) (૭૫) હવે તે પુરમાં હાસા-પ્રહાસાના ઘરને પૂછતો એવો તે કેમે કરીને ઝરૂખામાં રહેલી તે બે વડે જોવાયો. (૭૬) ત્યારબાદ તેને ઘરે લાવીને આગતા-સ્વાગતાપૂર્વક તેણીઓએ કહ્યું કે, "અમે બંને, આ મહેલ, આ રત્નો બધું તારું છે. (૭૭) તું અમારા માટે આ પ્રમાણે કષ્ટ વડે અહીં આવેલો છે. પરંતુ મનુષ્ય દેહવાળાની પત્ની દેવીઓ કેવી રીતે થાય ? (૭૮) તે કારણે ફરીથી ત્યાં જઈને અમારા માટે અગ્નિ પ્રવેશાદિ કંઈક કષ્ટને કર કે જેથી તું અમારો પતિ થાય.' (૭૯) તેણે કહ્યું, "અહીંથી હું આ સમુદ્રને ઓળંગવા સમર્થ નથી. જે કારણથી નહીં ખેડાયેલા માર્ગની જેમ અહીં વાહન વડે પણ આ (સમુદ્ર) દુઃખે કરીને સંચાર કરી શકાય એવો છે." (૮૦) ત્યારબાદ તે બંને વડે હાથરૂપી કમળ વડે પકડીને હંસની જેમ લઈને અડધી ક્ષણમાં ત્યાં ગૃહ-ઉદ્યાનમાં તેને મૂક્યો. (૮૧) ત્યારબાદ ત્યાં રહેલા તેને જોઈને વિસ્મિત થયેલા બધા લોકોએ કુશલ એવા તેને પૂછ્યું, "હે ભદ્ર ! તું અહીં કેવી રીતે આવ્યો ?" (૮૨) તે હાસા-પ્રહાસાનું જ ધ્યાન કરતો, એકાગ્ર ચિત્તવાળો અને બધે તે બંનેને જ જોતો એ તે પણ ત્યારે બોલ્યો. (૮૩) "અમે પંચશૈલમાં ગયા, અમારા વડે જોવા યોગ્ય જોવાયું, ત્યાં અમારા ચિત્તને ચોરનારી હાસા-પ્રહાસા દેવીઓ છે. (૮૪) હવે મહાદાનને આપીને, તે બંને પ્રિયાઓને મનમાં ધારીને, ચિતાને રચીને અગ્નિને સાધવાનું (પ્રવેશ કરવા) તેણે શરૂ કર્યું. (૮૫)

ત્યારે તેનો મિત્ર **નાગિલ** ત્યાં આવ્યો અને તેને કહ્યું, "હે મિત્ર ! મુગ્ધ સ્ત્રીની જેમ આ તારા વડે શું શરૂ કરાયું છે ?" (૮૬) અન્ય દેવોની દાસીઓ, કુદેવીઓ એવી તે બંનેને માટે, વરાટ માટે (કોડી માટે) કોટિની જેમ આ મનુષ્ય જન્મને કેમ વેડફે છે ? (૮૭) જે રીતે સ્નાન નહીં કરેલો, ભૂખ-તરસથી પીડાતો, અસંખ્ય

જૂની લીખો વડે નહીં દેખાતા વાળવાળો, (૮૮) માથામાંથી લાખો જૂઓને નખો વડે ખેંચી ખેંચીને કાઢતો, જુગારીની જેમ ઘસાઈ ગયેલા નખવાળો, (૮૯) લીખના સમૂહને ખેંચવામાં અસમર્થ એવો કોઈ દરિદ્ર માણસ ભાગ્યવશાત્ ઈચ્છિતને આપનારા એવા કલ્પવૃક્ષને પ્રાપ્ત કરીને આ રીતે પ્રાર્થના કરે, 'હે કલ્પવૃક્ષ ! મારા ઉપર પ્રસન્ન થા, (૯૦) લીખોને જૂપણું પ્રાપ્ત કરાવ જેથી કાંસકાની જેમ હાથ વડે જ દુષ્ટ કર્માણુઓ જેવી આ જૂઓને કાઢીને હું સુખી થાઉં !" (૯૧) હે મૂઢ ! તે રીતે તું પણ કલ્પવૃક્ષ જેવા પુરુષના જન્મને પ્રાપ્ત કરીને તેની (દરિદ્રની) પ્રાર્થના જેવા કામથી ઉત્પન્ન થતા સુખને ઈચ્છે છે ! (૯૨) આ જન્મમાં જો તું જૈન સંબંધી દીક્ષાને સ્વીકારે, ત્યારબાદ ધ્યાનરૂપી જલ વડે ધોવાયેલા આત્માવાળો એવો ક્ષણમાં જ નિર્મલ થાય (૯૩) અને સુખનો એક ભંડાર એવી તે સિદ્ધિરૂપી સ્ત્રીને પ્રાપ્ત કરે, જેણી વડે આલિંગન કરાયેલાને ન તો જરા હોય અને ન તો મૃત્યુ હોય. (૯૪) વિષયોથી સુખ છે એવું ખરેખર મૂર્ખ વિના કોણ માને ? શું લીમડાના વૃક્ષમાંથી આંબાનું ફળ થાય ? (૯૫) કેશના પાશમાં કુટિલતાને ધારણ કરતી એવી પણ સ્ત્રીઓને વિષે લોકો રાગી થાય છે, તે ખરેખર વ્યામોહનું જ કામ છે. (૯૬) જેમ હાલતા એવા ધ્વજપટને જોવાથી વાયુનું પ્રગટપણું જણાય છે, તે જ રીતે આંખોના અસ્થિરપણા વડે સ્ત્રીઓની ચપળતા જણાય છે. (૯૭) સ્ત્રીઓના નાના હૃદયમાં ઘણા દોષોને આવાસ કરવા માટે જ ખરેખર ઉપર સ્તનના બહાને બે ઓરડા કરાયા છે. (૯૮) જિનધર્મરૂપી ગરુડથી ગભરાઈ ગયેલા પાપરૂપી સર્પોને સ્ત્રીના નાભિમંડલરૂપી બિલ સિવાય આખાય જગતમાં બીજું કોઈ સ્થાન નથી. (અર્થાત્ બધા પાપો તેમાં જ રહેલા છે) (૯૯) અથવા તો દોષનું જ એક રૂપ એવા સ્ત્રીના સ્વરૂપને કહેનાર પણ દોષવાળો થાય છે. જેમ કાજળને ગ્રહણ કરતો કાળા હાથવાળો થાય (૧૦૦) અને વળી હે મિત્ર ! જિનધર્મના લવથી પણ (એને કંઈક આચરવાથી પણ) સ્વર્ગની જે સ્ત્રીઓ પ્રાપ્ત કરાય છે, તેઓની દાસી જેવી પણ તારી હાસા-પ્રહાસા નથી. (૧૦૧) હાલતી એવી જ્વાળાઓરૂપી મસ્તકવાળો આ અગ્નિ પણ બળતા અને ફુટતા એવા લાકડાના અવાજ વડે ખરેખર 'ન પડ ન પડ' એ પ્રમાણે તને કહે છે. (૧૦૨) તે કારણથી હે મિત્ર ! પતંગિયાની જેમ અગ્નિમાં પડીને અજ્ઞાન મૃત્યુથી અટક અટક, ફોગટ જ યમરાજનો અતિથિ ન થા." (૧૦૩) આ રીતે તેના હિતને ઈચ્છતા નાગિલ વડે બોધ કરાતા એવા પણ તેણે નિદાનની ભાવનાને ગ્રહણ કરીને અગ્નિમાં સ્વશરીરની આહુતિને કરી. (૧૦૪) શૃંખલા વડે બંધાયેલો, સ્મરણ કર્યું છે વિંધ્ય પર્વતનું જેણે (હાથીને વિંધ્ય પર્વત અતિપ્રિય હોય છે) એવો હાથી જેમ બંધન છૂટે છતે જેમ ન અટકે તેમ મૂઢ બુદ્ધિવાળો એવો તે ઘણી એવી શિક્ષાઓ (હિતવચનો) વડે પણ ન અટક્યો. (૧૦૫) ત્યારે તે ચિતાના અગ્નિમાં તે સુવર્ણકાર પડે છતે ધૂમાડાએ આકાશને અને શોકે સ્વજનોને શ્યામ કર્યા. (૧૦૬) આના વડે પાંચસો પત્નીઓ ફોગટ જ રાગી કરાઈ, ભોગવાઈ અને ત્યાગ કરાઈ, તે કારણથી કુબુદ્ધિ એવો આ અનુસરવા યોગ્ય નથી, એ પ્રમાણે અપમાન કરીને પ્રાણોએ પણ તેને છોડી દીધો, (૧૦૭)

તે હવે મરીને હાસા-પ્રહાસાનો પતિ થયો. જે કારણે અજ્ઞાન વડે કરાયેલા કષ્ટથી પણ પ્રાણીઓને વ્યંતરપણું થાય છે. (૧૦૮) નાગિલને પણ મિત્રની આ અજ્ઞાન ચેષ્ટાને જોઈને વેદનાથી દુઃખી થયેલા પુરુષની જેમ પરમ એવો નિર્વેદ (સંસારથી કંટાળો) થયો. (૧૦૯) તેણે વિચાર્યું કે, કામસુખના એક લેશ માત્રને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા મોક્ષના સુખથી પરાઙ્મુખ એવા જડ જીવો સમુદ્ર તરે છે, અગ્નિમાં પ્રવેશ કરે છે. (૧૧૦) જે કારણથી નેમનાથ ભગવાનના બંધુ રથનેમિ પણ રાજીમતીને જોઈને વ્રતથી ચલાયમાન થયા હતા. તો આ કામના દાસને તો હું શું કહું ? (૧૧૧) અથવા તો જે **હું આનો શોક કરું છું, પોતાનો**

શોક નથી કરતો, તેથી આ વચન સત્ય છે. "બધા દૂર બળતાને જુએ છે, પણ પોતાના પગની નીચે જોતા નથી." (૧૧૨) બાલ્યકાળથી ગુરુના ઉપદેશ વડે જિનધર્મને જાણતો એવો પણ જે કારણથી મેં દીક્ષા ગ્રહણ ન કરી, તેથી મારો પોતાનો આત્મા જ શોક કરવા યોગ્ય છે. (૧૧૩)

એ પ્રમાણે ઘણી ચિંતાને કરીને નાશ પામી ગયેલા મોહવાળા, શુદ્ધાત્મા એવા તેણે સિદ્ધિસુખ સાથે યોગ કરાવનારા શ્રેષ્ઠ ઉપાયભૂત એવા વ્રતને ગ્રહણ કર્યું. (૧૧૪) અતિનિર્મલ વ્રતને પાળતા એવા નાગિલ ઋષિએ બીજાનું તો શું કહેવું, પણ કેવલીઓના પણ મસ્તકને કંપાવ્યું. (૧૧૫) તપરૂપી તીક્ષ્ણ ટાંકણાઓ વડે કર્મરૂપી શિલાઓને પાતળી કરતા એવા તેઓ પોતાના ગુરુની સાથે લાંબા કાળ સુધી વિચર્યા. (૧૧૬) આરાધના કરીને અંતે સમાધિપૂર્વક કાળ કરીને હવે તે બારમા દેવલોકમાં ઈન્દ્રના સામાનિક દેવ થયા. (૧૧૭)

હવે એક વખત શ્રી નંદિશ્વર નામના આઠમા દ્વીપ તરફ અર્હત્ ચૈત્યોને વિષે યાત્રાને માટે બધા દેવોએ પ્રસ્થાન કર્યું. (૧૧૮) હવે યાત્રા માટે નીકળેલા સુરોને જાણીને હાસા-પ્રહાસા વડે તે વિદ્યુન્માલી નામનો સુવર્ણકાર દેવ કહેવાયો. (૧૧૯) 'હે નાથ ! દેવો નંદીશ્વર જવા માટે જતે છતે અમારો અધિકાર આગળ ગાવાનો છે અને તારો નગારું વગાડવાનો છે. (૧૨૦) આ સાંભળીને નવા જ ઉત્પન્ન થયેલા, અહંકારી, ક્રોધ વડે દુર્ધર, મહાસુભટની જેમ હાથ વડે ભૂમિને ગાઢ રીતે હણીને વાદળા વગરના પણ આકાશમાં લાલ એવા નયનમાંથી નીકળતા કિરણો વડે જાણે વીજળીના તાંડવને કરતા, ઉદ્ધત એવા તેણે બોલવાનું શરૂ કર્યું. (૧૨૧-૧૨૨) "હે કાંતાઓ ! આ સૂરો વડે મારી ગેરહાજરીમાં સ્વયં કલ્પી લીધેલા સ્વામિપણાના અભિમાન વડે ઉદ્ધતાઈથી નચાયું છે. વળી શું સૂર્ય નહીં ઊગતે છતે પ્રદીપો પ્રકાશતા નથી ? (૧૨૩) મુક્તાવલીરૂપી નટી માટે રંગમંચ સમાન આ મારા કંઠપ્રદેશમાં (અર્થાત્ જ્યાં મોતીના આભૂષણોએ રહેવાનું હોય એવા મારા આ કંઠમાં) જેઓ પટહને (નગારાને) વળગાડવાની ઈચ્છા કરે છે, તેઓ નક્કી મરવાની જ ઈચ્છા કરનારા છે. (૧૨૪) પરંતુ હે પત્નીઓ ! સાંભળો ત્રણે જગતને જીતી લેવાના બળવાળા એવા મારો પ્રતિમલ્લ (પ્રતિસ્પર્ધી) ત્રણ ભુવનમાં પણ કોઈ નથી. (૧૨૫) અથવા તો વજ્ર જેમ પર્વતોના સમૂહને તેમ હાથીઓના કુંભોને ભેદી નાખનારા એવા સિંહની સાથે મૃગલાઓની વળી સ્પર્ધા કેવી ? (૧૨૬) હવે તે બંને વડે સમજાવીને નગારું સ્વયં ગ્રહણ કરીને ત્યાં દેવોના સમૂહમાં કેમે કરીને તે લઈ જવાયો. (૧૨૭) ત્યારબાદ ઈન્દ્રની વાણી વડે પહેલા કરાયેલા દુષ્ટ કર્મની જેમ નગારું નહીં ઈચ્છતા એવા પણ તેના ગળામાં બળજબરીથી વળગી ગયું. (૧૨૮) મહાવિષ જેવું, કાળજ્વરની જેમ અત્યંત અસહ્ય એવા તે નગારાને ગળામાંથી ઉતારવા માટે અસમર્થ એવો તે લજ્જાથી ચાલવા લાગ્યો. (૧૨૯) ત્યાર પછી હાસા-પ્રહાસા વડે કહેવાયું, 'હે પ્રિય ! અહીં આ જ સ્થિતિ છે માટે લજ્જા વડે સર્યું. તારા વડે આ પટહ અવશ્ય વગાડવા યોગ્ય છે.' (૧૩૦) હવે બીજા નગારાને જ વહન કરતો હોય એમ મોટા ખેદને હૃદયમાં વહન કરતો, નગારાને વગાડતો એવો તે દેવોની આગળ ગયો. (૧૩૧) વિચારવા લાગ્યો અહો ! કલ્પવાસી દેવોની કેવી ઋદ્ધિ છે ! નિષ્પુણ્ય (પુણ્ય વગરના) એવા મારા જેવાઓના આ દાસપણાને ધિક્કાર છે ! (૧૩૨) મારા જીવે જો પહેલા સુકૃતો કર્યા હોત તો આ રીતે પરાધીન એવો દેવોનો દાસ ન થાત. (૧૩૩)

તે યાત્રામાં **નાગિલદેવ** પણ આવ્યો હતો. તેણે ત્યારે સ્નેહથી મિત્રને જોવા માટે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો (૧૩૪) અને આગળ દીનમુખવાળા નગારાને વગાડતા તેને જોયો. હવે તેની સાથે બોલવા માટે કૃપા વડે

કરીને જલદીથી તેની નજીક આવ્યો. (૧૩૫) ચક્ષુના રોગીની જેમ સૂર્યના કિરણોને પણ ઓળંગી જાય એવી તેના અંગની પ્રભાના સમૂહને જોવા માટે અસમર્થ એવો તે પાછળ ખસી ગયો. (૧૩૬) હવે તે અચ્યુતના દેવે પોતાની કાંતિને શાંત કરીને તેને કહ્યું, 'હે વિદ્યુન્માલી ! જો, શું મને ઓળખે છે ?' (૧૩૭)

તેણે પણ આ પ્રમાણે કહ્યું, "કયા રાજ્ય વડે કરીને હું અંતર કરાયો છું કે જેથી તમારા જેવા ઈન્દ્ર આદિ દેવોને પણ હું જાણતો નથી. (૧૩૮) ફરી નાગિલ દેવે તેને કહ્યું, તું નિશ્ચાટૂક (અર્થાત્ સાદી ભાષા) બોલ. આગળના ભવમાં તું અને હું કેવા હતા, શું જાણે છે ? (૧૩૯) અત્યંત ખેદવાળા એવા હાસા-પ્રહાસાના પતિએ કહ્યું, તમે સ્વામી છો, એ સિવાય બીજું કંઈ હું જાણતો નથી. (૧૪૦) નાગિલ દેવે એને આગળના જન્મનું રૂપ દેખાડ્યું. તે જોઈને તરત જ આ મારો મિત્ર છે - એ પ્રમાણે તેણે જાણ્યું. (૧૪૧) હવે તે અચ્યુતના દેવ વડે કહેવાયું કે, ત્યારે તારા વડે મારું વચન ન કરાયું. હે મિત્ર ! તે કારણે તું દેવોનો ચાકર થયો છે. (૧૪૨) તે કારણે હાથીને વશીકરણ કરવા માટે કરાતી ખાઈમાં બંધાયેલા હાથીની જેમ અત્યારે તું કષ્ટને સહન કરે છે અને અર્હત્ દીક્ષાને ગ્રહણ કરીને હું આ પ્રકારનો દેવ થયો. (૧૪૩) ત્યારબાદ પશ્ચાત્તાપને કરતો સુવર્ણકાર દેવ બોલ્યો, "જે થયું તે થઈ ગયું હે મિત્ર ! હવે હું શું કરું, એ આદેશ કર." (૧૪૪)

હવે નાગિલદેવ બોલ્યો, **'દેવોને વિરતિ તો ન થાય. પરંતુ અર્હંત સંબંધી ધર્મનું સર્વસ્વ એવા સમ્યક્ત્વને તું સ્વીકાર.'** (૧૪૫) હે મિત્ર ! આના વડે (સમ્યક્ત્વ વડે) સિદ્ધિગામીઓને લાઈન દોરી (માર્ગ) પ્રાપ્ત કરાય છે. જળ વિના ઔષધિની જેમ આના વિના દીક્ષા પણ નિષ્ફળ છે. (૧૪૬) વળી હે મિત્ર ! જીવંતસ્વામી વીર પરમાત્માની પ્રતિમાને કર. જેથી આ કરવાથી તારી ધર્મબુદ્ધિ હંમેશા સ્થિર થાય (૧૪૭) અને (જેથી) જન્માંતરમાં પણ તને બોધિરત્ન સુલભ થાય અને દુર્ગતિ આદિ દુઃખો ક્યારેય ન થાય. (૧૪૮) **જે નાની પણ અર્હત્ પ્રતિમાની પ્રતિષ્ઠાને કરે છે, તે શીઘ્ર જ નિર્વાણ નગરમાં પોતાની જ પ્રતિષ્ઠા કરાવે છે.** (૧૪૯) જે ભવ્યો વડે કરાવાયેલી એવી **અર્હત્ પ્રતિમા નિત્ય પૂજાય છે, તેનું પુણ્ય વ્યાજ વડે જેમ ધન વધે તેમ જલદીથી વધે છે.** (૧૫૦) સુવર્ણકાર દેવે પણ અર્હત્ ધર્મથી ઉત્પન્ન થયેલી નાગિલ દેવની ઋદ્ધિને જોઈને ત્યારે તેનું વચન સ્વીકાર્યું. (૧૫૧) આ પ્રમાણે જિનેન્દ્ર સંબંધી ધર્મમાં તેને સ્થાપન કરીને, પહેલા કલ્પના ઈન્દ્ર પાસેથી તેને છોડાવીને કરી છે યાત્રા જેણે એવો નાગિલ દેવ અચ્યુત દેવલોકમાં ગયો. (૧૫૨)

કુમારનંદી દેવ પણ અરિહંતને વિષે ઉત્કૃષ્ટ ભક્તિવાળો, મહામતિ એવો તે મહાહિમવંત પર્વત ઉપર ગયો. (૧૫૩) ત્યાં જગતને આનંદદાયી ગોશીર્ષ ચંદનને છેદીને શ્રી વીર જિનરાજની અપ્રતિમ પ્રતિમાને કરી. (૧૫૪) ત્યારબાદ તરત તે પ્રતિમાને ભક્તિપૂર્વક વિભૂષિત કરીને, પૂજીને પ્રતિષ્ઠા કરીને નમીને અત્યંત નમેલા મસ્તકવાળા એવા તેણે નવા નવા સ્તવન વડે સ્તુતિ કરી. (૧૫૫) ગોશીર્ષ ચંદન વડે જ સ્વયં સંપુટને (પેટી) બનાવીને તે અર્હત્ પ્રતિમાને મહાનિધિની જેમ તેમાં (સંપુટમાં) મૂકી. (૧૫૬) હવે તેને ગ્રહણ કરીને આકાશ માર્ગ વડે આવતા એવા વિદ્યુન્માલીએ સમુદ્રની અંદર જાણે ગરબો શીખતું હોય એમ આવર્ત્તની અંદર ભમતું અથવા ઘોડાની જેમ ગોળ ગોળ ભમતું એવું એક મોટું વહાણ જોયું. (૧૫૭-૧૫૮) તેની અંદર ચિંતાતુર ઈષ્ટદેવતાનું સ્મરણ કરતા, મૃત્યુ વડે જાણે હણવા માટે ઈચ્છાયેલા એવા લોકોને જોયા. (૧૫૯) ઉત્પાતથી ભમતા એવા એઓને છ મહિના થયા છે, એ પ્રમાણે અવધિથી જાણીને તેણે (દેવે)

વહાણમાં રહેલા વણિકોને કહ્યું, (૧૬૦) "અરે ! કહો તમે ક્યાં જાઓ છો ?" દીનતાને અનુભવતા એવા, જોડી દીધા છે પોતાના હાથ જેઓએ એવા તેઓએ પણ તે સુરને કહ્યું. (૧૬૧) "અંધકૂવા જેવા આ આવર્ત્તમાંથી હે પ્રભુ ! અમને બહાર કાઢો. કુળદેવીની જેમ અત્યારે અમારા ભાગ્યથી જ તમે જોવાયા છો." (૧૬૨) "હે પ્રભુ ! મહેરબાની કરીને જલદીથી અમને સંનિધિ (ભંડાર)ની જેમ સિંધુસૌવીર દેશના મુકુટ સમાન વીતભય પુરની નજીક કરો." (૧૬૩) ત્યારબાદ 'ડરો નહિ, ડરો નહિ' એ પ્રમાણે વ્યંતરે પણ તેઓને કહ્યું, 'આ હું ક્ષણમાં જ તમને ઈચ્છિત નગરમાં લઈ જાઉં છું.' (૧૬૪)

હવે તેઓને ઉત્પાત કરનાર દેવને ત્રાસ પમાડીને એ સુરે વહાણના માલિકને રક્ષા-ઔષધિની જેમ સંપુટને અર્પણ કર્યું. (૧૬૫) અને કહ્યું કે તમારે આ ઉદાયન રાજાને આપવું અને કહેવું કે 'આમાં દેવાધિદેવની પ્રતિમા છે.' (૧૬૬) આ પ્રમાણે કહીને દેવ અદૃશ્ય થયે છતે દેવના જ પ્રભાવથી અડધી ક્ષણમાં તે વહાણ ઊડીને જ ન હોય એમ વીતભય નગરમાં પહોંચી ગયું. (૧૬૭) ત્યારે જ તે વહાણમાંથી ઊતરીને પોતપતિ (વહાણનો નાયક) દ્વારપાળ દ્વારા રાજાને પોતાને જણાવીને રાજાની સભામાં પહોંચ્યા. (૧૬૮) આગળ ભેટણાને મૂકીને રાજાને પ્રણામ કરીને તેને ઉત્પાદ આદિ સર્વ વૃત્તાંત કહીને વિનંતિ કરી. (૧૬૯) જે આ પ્રમાણે, "હે રાજન્ ! તે દેવ વડે અર્પણ કરાયેલા સંપુટને જોવા માટે અદ્‌ભુત શોભાના મૂળ એવા વેલાકૂલે (સમુદ્ર કિનારે) આપ પધારો.' (૧૭૦) ત્યારબાદ રાજા ભૌતિક ભક્ત હોવાથી ભૌતિકોને (ભૂતવાદીઓ) બોલાવીને તરત જ હર્ષપૂર્વક પોતાના દેવાધિદેવને જોવા માટે ચાલ્યો. (૧૭૧) ત્યાર પછી રાજા આવે છતે નાવિક પોતાના સર્વસ્વની જેમ તે સંપુટને સમુદ્રના કિનારા ઉપર લઈ આવ્યા. (૧૭૨) હવે રાજા વડે પહેલા આદેશ અપાયેલા ભૌતિકોએ પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરીને તીક્ષ્ણ કુહાડાઓ વડે તે સંપુટને ઘા કર્યો. (૧૭૩) તેઓના કુહાડાઓ ભાંગી ગયા, પણ દેવનું દર્શન ન થયું અથવા તો **શું પુણ્ય વગરનાઓને દૃષ્ટિના પથમાં ચિંતામણિ રત્ન આવે ?** (અર્થાત્ ન જ આવે) (૧૭૪) હવે રાજાની આજ્ઞા વડે બીજા પણ પાખંડીઓ પોતપોતાના દેવનું સ્મરણ કરી કરીને તે સંપુટને તોડવા માટે આગળ આવ્યા. (૧૭૫) પરંતુ અતિ બૂઠા થયેલા એવા તેઓના કુહાડાઓ વડે તેઓના મનોરથ જ ભાંગી ગયા, પણ સંપુટ ન ભાંગ્યું. (૧૭૬) તે આશ્ચર્યને સાંભળીને **પ્રભાવતી**એ પણ કૌતુકથી રાજાને વિનંતી કરવા માટે તે પ્રમાણે શીખવાડીને દાસીને આદેશ કર્યો. (૧૭૭)

હવે રાજાની પાસે જઈને હાથ જોડ્યા છ એવી તે દાસીએ પ્રણામ કરીને કહ્યું, 'હે દેવ ! દેવી આપને આ પ્રમાણે વિનંતિ કરે છે (૧૭૮) કે 'દેવની આજ્ઞા વડે હું પણ અહીં કૌતુકને જોવા માટે આવું, જો કદાચ એ અમારા પણ દેવાધિદેવ હોય.' (૧૭૯) ત્યારબાદ રાજાએ પણ સ્નેહથી તે દેવીને બોલાવવા માટે આદેશ કર્યો. કદાચ દેવીના અંત:કરણરૂપી સમુદ્રને વિશે ચંદ્રમા સમાન એવા અરિહંત દેવ પણ હોય. (૧૮૦) હવે દાસી દ્વારા રાજાનો આદેશ કહેવાયે છતે દેવી પ્રભાવતીએ ત્યારે જ દેહને પાવન કરનારા સ્નાનને કર્યું. (૧૮૧) તરત જ સફેદ વસ્ત્રોને પહેરીને, મોતીના અલંકારો ધારણ કરેલી સાક્ષાત્ જાણે ચાંદની જ ન હોય એવી થઈને, પૂજાના ઉપકરણ વડે વ્યગ્ર (રોકાયેલા) હાથ છે જેના એવી દાસીઓથી પરિવરેલી, અત્યંત હર્ષને ધારણ કરતી એવી દેવી રાજાની પાસે આવી. (૧૮૨-૧૮૩) ત્યાર પછી રાજાની આજ્ઞા વડે દેવી પ્રભાવતીએ સ્વયં ચંદન વડે તે ચંદનના સંપુટની પૂજા કરી. (૧૮૪) પુણ્યફળની ઉત્પત્તિના કારણભૂત એવા પુષ્પો વડે પૂજા કરી. પોતાના કર્મના મૂળિયાને જ ન હોય એમ ધૂપને ઉપર ઊછાળ્યો. (૧૮૫) તેમાંથી

પ્રતિમાને બહાર કાઢવા માટે આકૃષ્ટિ મંત્રની જેમ પંચનમસ્કાર મંત્રને સ્મરણ કરીને, નમીને દેવી આ પ્રમાણે બોલી, (૧૮૬) **"જો ત્રણે કાળને જાણનારા, વીતરાગ અરિહંત દેવાધિદેવ આ સંપુટમાં રહેલા છે, તો મને સ્વદર્શનને આપે."** (૧૮૭) દેવી વડે આ પ્રમાણે કહેવાયે છતે ત્યારે "પરમ શ્રાવિકા એવી આણીથી મારું અર્હંતને આવરણ કરવું યોગ્ય નથી" - એ પ્રમાણે જાણે વિચારીને જ ન હોય એમ જોનારા લોકના દર્શનાવરણ કર્મની સાથે, સવારે જેમ કમળ તેમ, સ્વયં જ સંપુટ ખૂલી ગયો. (૧૮૮-૧૮૯) એની અંદર તે વિદ્યુન્માલી દેવ વડે બનાવાયેલી ગોશીર્ષ ચંદનની દિવ્ય અલંકારને ધારણ કરતી, નહીં કરમાયેલા પુષ્પોવાળી એવી શ્રીવીર નામના જિનેશ્વરની જીવંતસ્વામી એવી અદ્‌ભુત પ્રતિમા પ્રગટ થઈ. (૧૯૦-૧૯૧) ત્યારે પ્રતિમાને જોવાથી વર્ષાકાળમાં મેઘની જેમ જિનપ્રવચનની ચારે બાજુ ઉન્નતિ (ઉત્કર્ષ) થઈ. (૧૯૨)

હવે તે પ્રતિમાને પૂજીને પ્રણામ કરીને આનંદના અશ્રુ વડે ભરાયેલી આંખોવાળી એવી દેવીએ ભક્તિ વડે આ પ્રમાણે સ્તવનાને કરી, (૧૯૩) "હે વિશ્વેશ ! નિર્મલજ્ઞાન અને દર્શનવાળા ! રાગદ્વેષથી મુક્ત થયેલા ! મુક્તિરૂપી સ્ત્રી વડે કટાક્ષ કરાયેલા એવા હે શ્રીવીર ! જય પામો. (૧૯૪) હે દેવ ! તમારા સિવાય બીજો જે કોઈ દેવાધિદેવ તરીકે ગવાય છે, તે ધૂળેટીના પર્વમાં કરાયેલા (નામના) રાજા જેવો મને લાગે છે. (૧૯૫) ત્રણ લોકના સ્વામીપણાના ચિહ્ન જેવી આ છત્રત્રયી હે વિભુ ! શું તમારા સિવાય અન્ય પણ દેવને ક્યારેય હોય છે ? (૧૯૬) દેવો વડે સંચાર કરાતા સુવર્ણ કમળોને વિષે પગને મૂકતા એવા હે દેવ ! શું બીજા કોઈ દેવ આવા સુવર્ણ કમળોની ઉપર ચાલે છે ? (૧૯૭) ઈર્યાદૃષ્ટિવાળા એવા હે વીર જિનેન્દ્ર ! તમારી આ સમવસરણની લક્ષ્મી અરિહંત સિવાય અન્ય દેવોની સંભળાઈ પણ નથી ? (૧૯૮) તારાઓની કોટિ (અર્થાત્ કરોડો તારા) જેમ સુમેરુનું પડખુ ન મૂકે, તેમ દેવોની કોટિ (અર્થાત્ કરોડો દેવતા) જાણે આજીવિકા (પગારાદિ) વડે ધારણ કરાયેલા ન હોય એમ તમારું પડખું રાતે પણ મૂકતા નથી. (૧૯૯) હે દેવ ! બીજું શું બોલું ? આજે તમારા દર્શનથી મને કોઈ એવો આનંદ થયો છે કે જે હે સ્વામિ ! તમારી જ વાણીનો વિષય છે.' (૨૦૦) એ પ્રમાણે હે પ્રભુ ! ત્યાં રહેલા આપને જેઓ સ્તુતિ કરે છે, ક્ષીણ થયેલા પાપવાળા તેઓ જલદીથી ભવના અંતને કરે છે, (૨૦૧)

એ પ્રમાણે દેવીએ કરેલી સ્તુતિને સાંભળીને અને તે પ્રતિમા જોઈને ત્યાં હર્ષવિભોર બનેલો કોણ અરિહંત ધર્મને ન સ્વીકારે ? (૨૦૨) કેવલ ગાઢ મિથ્યાત્વરૂપી પિશાચનાં પરવશપણા વડે દુર્લભબોધિ એવા ઉદાયન રાજાએ તે ધર્મને ગ્રહણ ન કર્યો. (૨૦૩) પાખંડીઓ પણ પ્રશંસા કરતા હતા, મહાસતી રાણી ધન્ય છે. આણીનું જ ખરેખર ભાગ્ય નિશ્ચે જાગે છે. (૨૦૪) જે આ પ્રમાણે સત્યરૂપી સમુદ્રમાં ચંદ્રની કાંતિ સમાન આ મહાસતીને અપુણ્યવાળા પ્રાણીને દુઃખે કરીને પ્રાપ્ત થઈ શકે તેવું દેવદર્શન થયું (૨૦૫) તથા નિશ્ચે વીર જિનનું જ આ દેવાધિદેવપણું છે, જેથી તેના પ્રતિનિધિનું પણ આવા પ્રકારનું અતિશય કાંતિપણું છે. (૨૦૬) દેવીના સ્નેહથી દેવાધિદેવની આગળ હવે રાજાએ પણ ત્યારે સુંદર સંગીતના ઉત્સવને કર્યો (૨૦૭) અને નગરના આરક્ષકને આદેશ કર્યો, હે ! હમણાં નગરને ઊંચી ધજાઓના સમૂહવાળું દુકાનોની શોભાથી સુંદર કરાવો. (૨૦૮) હવે દેવાધિદેવની તે પ્રતિમાને રથમાં બેસાડીને નગરમાં જલદીથી પ્રવેશ કરાવવા માટે રાજાએ આરંભ કર્યો. (૨૦૯) પ્રતિમાને જોવાના કૌતુકથી જતા એવા તે રથને જોઈને ઊભા રહેલા સર્વે નગરજનો વડે નગરને જાણે ઉભા રહેલા જેવું કર્યું (૨૧૦) અને ત્યારે તે નગર ચપળ ધજાઓ વડે જાણે નૃત્ય કરતું હોય, વળી સ્ત્રીઓના મનોહર ધવલ મંગલો વડે જાણે ગાતું હોય તેમ શોભતું હતું. (૨૧૧) ચારે

બાજુથી પ્રસરતા નંદી વાજિંત્રના અવાજ વડે દિશારૂપી સ્ત્રીઓને પણ નૃત્ય માટે જાણે ઉતાવળ કરાવતો, ઉલ્લાસ સહિતના રાસના ગાન અને સ્ત્રી સંબંધી કોલાહલના પ્રતિનાદ વડે જાણે સ્વર્ગને પણ રાસ અપાવતો, મનુષ્યોના હર્ષના ઉત્કર્ષ વડે પગના પ્રહારથી પૃથ્વીને પણ નૃત્ય કરાવતો, ઉત્સવ જોવા માટે સૂતેલાને પણ જાણે જાગૃત કરતો અત્યંત મનુષ્યોના સમૂહમાં જલદી જવા માટે અસમર્થ, મંદ મંદ ગતિએ ફરતો એવો તે રથ નગરના દ્વારમાં ગયો. (૨૧૨-૨૧૩-૨૧૪-૨૧૫) ત્યાં નગરની સ્ત્રીઓ વડે આગળ મૂકાયેલી અક્ષતના થાળોની માળા પુણ્યરૂપી વૃક્ષના આરોપણના હેતુથી મૂકાયેલ સ્થાનકોની જેમ શોભતી હતી. (૨૧૬) મહાત્યાગીને ધનના સમૂહને આપવાની જેમ જોતા એવા નગરજનોને અતુચ્છ પુણ્યરાશિને આપતો તે રથ નગરમાં પ્રવેશ્યો. (૨૧૭)

દરેક ઘરમાં ઊંચા લટકાવેલા, આકાશમાં એકબીજાને મળતા એવા ધ્વજો વડે ત્યારે તે સમસ્ત નગર જાણે બાંધેલા ચંદરવાવાળું હોય તેમ શોભતું હતું. (૨૧૮) હવે જૈનરથને જોવામાં ઉત્કંઠા સહિત કેટલીક સ્ત્રીઓ ઉભરાતા દૂધને પણ મૂકીને ભાગ્યભૂત થવા માટે ત્યારે ત્યાં આવી. (૨૧૯) કેટલીક ઘરને શૂન્ય મૂકીને વળી રથના દર્શનના પુણ્ય વડે પોતાને પાપરહિત કરવા માટે ત્યાં આવી. (૨૨૦) બીજી કેટલીક પીરસેલા સ્થાલને મૂકીને રથના દર્શનરૂપ આનંદરસને પીવા માટે તરસ્યાની જેમ ત્યાં આવી. (૨૨૧) વિસ્તાર પામતા આનંદના શરીરવાળી (ઉછળતા આનંદવાળી) પુષ્ટ અને ઉન્નત સ્તનવાળી જલદીથી જવા માટે અસમર્થ એવી કેટલીક સ્ત્રીઓ પોતાને નિંદતી હતી. (૨૨૨) વિકસ્વર નેત્રો વડે રથના તે મહિમાને જોતા આનંદ રસથી (મોટા પેટવાળા થયેલા) અર્થાત્ પૂર્ણ થયેલા કોઈ પણ ભૂખ અને તરસને જાણતા ન હતા. (૨૨૩) એ પ્રમાણે જનો વડે જોવાતો, પગલે પગલે પૂજાતો જિનરથ રાજાના બાંધેલા તોરણવાળા મહેલમાં આવ્યો. (૨૨૪)

હવે રાજા વડે તે પ્રતિમા રથથી ઉતારીને અંતઃપુરની નજીકમાં મનોહર ચૈત્યને કરાવીને સ્થાપન કરાઈ. (૨૨૫) હંમેશાં સ્નાનપૂર્વક નવા વસ્ત્રને ધારણ કરીને ત્યાર પછી પ્રભાવતી તે પ્રતિમાને ત્રણે સંધ્યાકાળે પૂજતી હતી. (૨૨૬) દુષ્ટ એવા આઠ કર્મરૂપી પ્રેત જ્વરને નાશ કરવામાં યંત્ર જેવા અષ્ટમંગલોને અખંડ ચોખા વડે પ્રતિમાની આગળ આલેખતી હતી. (૨૨૭) ત્યારપછી શુભ બગીચાને આનંદરૂપી આંસુના જલની ઊર્મિઓ વડે જાણે સિંચતી ન હોય તેમ સંપૂર્ણ વિધિ વડે ચૈત્યવંદનને કરતી હતી. (૨૨૮) અંતરંગ રંગ વડે રંગાયેલી દેવી સ્વયં હવે પ્રભુની આગળ દિવ્યભાવ-રસથી અદ્‌ભુત નૃત્ય કરતી હતી. (૨૨૯) ઉદાયન રાજા પણ પ્રિયાના પ્રેમની ઈચ્છા વડે પ્રગટ એવા ગ્રામરાગના સ્વરવાળી વીણાને હંમેશાં વગાડતો હતો. (૨૩૦) આવા પ્રકારની સામગ્રી હોવા છતાં પણ રાજાને બોધ થતો ન હતો અથવા તો શેરડીના વાડામાં ઉત્પન્ન થયેલા નળને (તે નામનું ઘાસ) શું મધુરતા થાય ? (૨૩૧) હવે એક વખત મહાદેવીએ શ્રેષ્ઠ એવા જિનને પૂજીને મનોહર રસથી યુક્ત સંગીતની શરૂઆત કરી (૨૩૨) ત્યાં સ્વયં તે ઉદાયન રાજા ત્યારે જાણે વાદ્યનો બનાવનાર જ ન હોય, તેમ વિવિધ પાટો વડે પટહને વગાડતો હતો. (૨૩૩) પ્રભાવતી દેવીએ હોંશિયારીથી જાણે મનોહર સર્વે રસોને બતાવતી ન હોય તેમ શાસ્ત્રના ક્રમથી મનોરમ નૃત્યને કર્યું. (૨૩૪)

ત્યારપછી નાટક પ્રકર્ષથી આરૂઢ થયે છતે રાજાએ જેમ યુદ્ધમાં ધડ હોય તેમ દેવીનું નૃત્ય કરતું શરીર મસ્તક વગરનું જોયું. (૨૩૫) હા !! આ શું ? એ પ્રમાણે ક્ષોભથી જલદી રાજાને પ્રમાદથી ત્યારે હાથમાંથી આનક વાજિંત્ર પડ્યું. (૨૩૬) ત્યાર પછી દેવીએ કોપથી પ્રસ્તાવમાં કહ્યું, હે પ્રિય ! શા માટે મસ્તકનાં છેદની જેમ આ પ્રમાણે મારા નૃત્યનો વિચ્છેદ કર્યો. (૨૩૭) ગ્રીષ્મના આતપથી અને અનિષ્ટના જોવાથી

જેમ મુખ કરમાય તેમ કરમાઈ ગયેલી છે મુખની કાંતિ જેની એવા રાજાએ કહ્યું. હે દેવી ! આ મારો પ્રમાદ થયો. (૨૩૮) રાણીએ પણ દિવસે દેખાતા ચંદ્ર સમાન મુખવાળા રાજાને જોઈને કહ્યું. હે દેવ ! ખોટું બોલવાના સ્થાનરૂપ આ ચૈત્ય નથી. (૨૩૯) હે રાજન્ ! તેથી સદ્‌ભાવને કહો. અન્ય કહેવા વડે મને ઠગો નહીં. સદ્‌ભાવને છૂપાવવો તે પ્રેમના અભાવનું ચિહ્ન છે. (૨૪૦) ત્યાર પછી દેવીના અતિ આગ્રહથી સ્ખલના પામતી વાણી વડે કોઈપણ રીતે તે મહાદુષ્ટ એવા અનિષ્ટને રાજાએ સ્પષ્ટ રીતે કહ્યું. (૨૪૧)

હે દેવી ! આ દુષ્ટ નિમિત્ત આયુષ્યની અલ્પતાને સૂચવે છે. તેથી ઠંડીથી પીડાતાની જેમ હમણાં મારુ હૃદય કંપે છે. (૨૪૨) હવે અક્ષોભાયમાન છે અંતઃકરણ જેનું, એવી પ્રભાવતીએ રાજાને કહ્યું. હે નાથ ! અહીં આ માટે તત્ત્વને જાણનારાઓ વડે શોક કરવા યોગ્ય નથી. (૨૪૩) ગ્રીષ્મઋતુના તાપથી થાકી ગયેલા મોરના કંઠની જેમ ચપળ એવા આ ભવમાં જે કાંઈ જીવાય છે, તે કૌતુકરૂપ લાગે છે (૨૪૪) અને વળી વિદ્વાનો વડે અહીં શોક પણ કરવા યોગ્ય નથી. જે કારણથી તે શોક પણ જતા એવા જીવને સ્ખલના કરવા માટે અથવા ગયેલા જીવને પાછા લાવવા માટે સમર્થ નથી. (૨૪૫) હે સ્વામિન્ ! વળી આ જન્મથી માંડીને હું પરમ શ્રાવિકા છું. મારા હૃદયમાં અરિહંત દેવ અને સુસાધુઓ તે ગુરુ છે. (૨૪૬) તેથી ધર્મકાર્ય કરવાથી કૃતકૃત્ય થયેલી એવી મને હમણાં કાંઈપણ ભય નથી. મૃત્યુથી પણ ભય નથી (૨૪૭) અને વળી આ દુષ્ટ નિમિત્ત મારા પરમાનંદનું કારણ છે. આના વડે (દુષ્ટ નિમિત્ત વડે) જણાવાયેલી હું ધર્મમાં વિશેષથી યત્ન કરીશ. (૨૪૮) એ પ્રમાણે કહીને નિર્વિકાર જ એવી દેવીએ પોતાના આવાસને પ્રાપ્ત કર્યો અને રાજા વળી પ્રિયાના વિઘ્નની આશંકા વડે વિલખા મનવાળો ગયો. (૨૪૯)

હવે એક દિવસ કરેલા સ્નાનવાળી દેવીએ દેવની પૂજાને માટે પવિત્ર વસ્ત્રોને લાવવા માટે દાસીને આદેશ કર્યો. (૨૫૦) તે દાસી પણ તે વસ્ત્રોને જલદીથી લાવી, પરંતુ થનારા અનિષ્ટના વશથી દેવીએ વસ્ત્રોને લાલ જોયા. તેથી ક્રોધ વડે તેને કહ્યું. (૨૫૧) હે મૂઢ્ ! શું હું હમણાં વાસગૃહ તરફ પ્રયાણ કરાયેલી છું, જેથી તું લાલ વસ્ત્રોને મારી પાસે લાવી. (૨૫૨)

એ પ્રમાણે કોપિત થયેલી દેવી વડે દાસી દર્પણ વડે તાડન કરાઈ. ચક્રથી હણાયેલાની જેમ તેણી તત્કાલ જ મરણ પામી (૨૫૩) અને તે ક્ષણે શ્વેત વસ્ત્રોને જોઈને દેવીએ વાણીથી ન કહી શકાય તેવા ઘણા વિષાદને ધારણ કર્યો (૨૫૪) અને વિચાર્યું. હા ! ખેદની વાત છે કે, અપરાધ રહિત જ દાસી મારા વડે હણાઈ. તેથી લાંબા કાળથી પાળેલુ પણ પહેલું વ્રત આજે ભાંગ્યું. (૨૫૫) **શાસ્ત્રમાં પંચેન્દ્રિય જીવનો વધ નારકપણા માટે નિર્દેશ કરાયેલો છે અને સ્ત્રીની હત્યા લોકમાં પણ મહાપાપનો હેતુ કહેવાય છે.** (૨૫૬) વસ્ત્રની નિર્મળતાનું કારણ જેમ જલ છે, સુવર્ણની નિર્મળતાનું કારણ જેમ અગ્નિ છે, તેમ હમણાં મને નિર્મળ કરવામાં કારણ વ્રત જ છે. (૨૫૭)

એ પ્રમાણે વિચારીને દેવીએ રાજાને તે અરિષ્ટના દર્શન અને દાસીના પ્રાણના નાશથી ઉત્પન્ન થયેલા પ્રથમ વ્રતના ભંગને કહ્યું (૨૫૮) અને વળી વ્રતના ભંગથી ઉત્પન્ન થયેલા વૈરાગ્યરૂપી જલથી પ્લાવિત થયેલા લોચનવાળી મહાદેવીએ ફરી પણ રાજાને આ પ્રમાણે કહ્યું. (૨૫૯) હે પ્રભુ ! એક અરિષ્ટને તમારા વડે જોવાયું અને બીજું મારા વડે. તેથી આ બન્ને અરિષ્ટથી મારા આયુષ્યને અલ્પ જાણું છું. (૨૬૦) તેથી જો હું તમારી પ્રિયા છું, તો હે સ્વામિન્ ! મને અનુજ્ઞા આપો. જેથી સંયમને સ્વીકારીને હું પાપરહિત થાઉં. (૨૬૧) રાજાએ પણ તે સાંભળીને દેવીના અતિ અલ્પ આયુષ્યને વિચારીને કહ્યું. હે દેવી ! તું તને જે રૂચે

તે પ્રમાણે કર. (૨૬૨) પરંતુ હે પ્રિયા ! જો હું પણ તારો વલ્લભ છું. તો દેવપણાને પામેલી તારા વડે મને મોક્ષમાર્ગમાં બોધ કરવા યોગ્ય છે. (૨૬૩) પ્રભાવતીએ પણ પ્રીતિથી ઉજ્જ્વલ એવા તેના વચનને સ્વીકાર્યું. સ્નેહનું ખરેખર રહસ્ય તે થાય કે, જ્યાં આજ્ઞા ઓળંગાય નહીં.(૨૬૪) હવે દેવાધિદેવની પ્રતિમાની પૂજા માટે રાજાને અને કુબડી **દેવદત્તા** દાસીને વિશેષથી કહીને શુદ્ધભાવવાળી પ્રભાવતી દેવી મહાપ્રભાવના પૂર્વક પ્રવ્રજ્યાને સ્વીકારીને તથા અનશનને ગ્રહણ કરીને પ્રતિક્ષણ ચિત્તની સમાધિરૂપ અમૃતરસનું પાન કરતી કાળ કરીને સૌધર્મદેવલોકમાં સૌધર્મેન્દ્રનો સામાનિક દેવ થઈ, (૨૬૫-૨૬૬-૨૬૭) ત્યાર પછી પ્રભાવતી દેવ અવધિજ્ઞાન વડે રાજાને પ્રતિબોધ માટે નિર્વિઘ્ન ઉપાયનો નિશ્ચય કરીને થીજી ગયેલા અમૃત જેવા મધુર ફલોનું ભેટણું છે હાથમાં જેને, એવો તે ભૌતિકરૂપ વડે રાજાના સભામંડપમાં આવ્યો. (૨૬૮-૨૬૯) ભૌતિક ઋષિમાં ભક્તિમાન તેને જોઈને હર્ષિત, તેના આગમનથી પોતાને ધન્ય માનતા રાજાએ પણ તેને પ્રિયવચનો વડે અભિનંદન આપ્યા. (૨૭૦)

હવે તેના વડે લવાયેલા ફળોને ગ્રહણ કરીને દિવ્ય ગંધ અને રસથી યુક્ત તે ફળોને જોતો પણ રાજા હર્ષિત થયો (૨૭૧) અને ત્યારે જ અત્યંત અદ્‌ભુત શ્રદ્ધા-સંબંધની લાલસાવાળા રાજાએ સુખરૂપી વૃક્ષના જાણે ફળો જ ન હોય, તેમ તે ફળોને આદરસહિત ખાધા (૨૭૨) હવે તેણે કહ્યું, હે ભગવન્ ! ક્યાંથી આવા પ્રકારનાં ફળોને મેળવ્યા. શું કોઈ પણ દેવે આપેલા છે. જે કારણથી આ રસ વૃક્ષોનો નથી. (૨૭૩) તેણે કહ્યું, 'હે રાજન્ ! અમારા આશ્રમમાં આવા ઘણાં ફળો છે. ખરેખર તપસ્વીઓને તપનું તેજ સ્વર્ગને પણ તિરસ્કૃત કરે છે. (૨૭૪) તેના ફળના આસ્વાદમાં લંપટ એવા રાજાએ ફરી કહ્યું. આવા પ્રકારના ફલોના બગીચાવાળા તે આશ્રમ અમોને બતાવ. (૨૭૫) હવે તે ભૌતિક પોતાની શક્તિ વડે રાજાની સભાને થંભાવીને મંત્રી જેમ વિચારણા માટે રાજાને લઈ જાય તેમ એકાકી રાજાને લઈ ગયો. (૨૭૬) રાજાને કેટલીક ભૂમિ લઈ જઈને ત્યાં તેણે તેવા પ્રકારના મનોહર ઉદ્યાનવાળા ભૌતિકના તે આશ્રમને વિકુર્વીને બતાવ્યો. (૨૭૭) હવે રાજા દૃષ્ટિને સુખ આપનાર તે આશ્રમને જોઈને હર્ષ પામ્યો અને વિચાર્યું. હું ગુરુઓના આશ્રમમાં આવેલો છું. (૨૭૮) તેથી હંમેશાં ભોજનાદિ વડે સત્કાર કરાયેલા આ ગુરુઓ મારી ફળની આશાને લાંબોકાળ સિંચાયેલા વૃક્ષની જેમ પૂરશે. (૨૭૯) એ પ્રમાણે વિચારતો શ્રેષ્ઠ રાજા જેટલામાં માર્ગમાં થાકી ગયેલાની જેમ માર્ગના વૃક્ષની છાયાને પ્રાપ્ત કરી (૨૮૦) તેટલામાં સર્વે ભૌતિકો ચોરની જેમ લાકડીઓને ઉપાડી ઉપાડીને રાજાને કુટવા-મારવા માટે દોડ્યા. (૨૮૧) યમના દૂત પાસેથી જેમ નાસે તેમ તેઓ પાસેથી હાથમાં ગ્રહણ કરેલા જીવનવાળો જ્વરથી પીડિતની જેમ કંપતો એવો રાજા કષ્ટ વડે નાસ્યો. (૨૮૨)

નાસતા એવા તે રાજાએ આગળ બેઠેલા અરિહંતના સાધુઓને જોયા. તેઓએ પણ તેને કહ્યું, હમણાં ભય ન પામ, ભય ન પામ. (૨૮૩) ત્યારપછી રાજાએ શરણ કરવા યોગ્ય તેઓના શરણને સ્વીકાર્યું અને તેઓ વડે આશ્વાસન કરાયેલા ત્યાં સ્વાસ્થ્યને પામીને તેણે વિચાર્યું. (૨૮૪) આશંકારહિત એવા ધૂર્તો વડે જેમ અજ્ઞાની ઠગાય તેમ આ વેષવાળા દાંભિક ભૌતિકો વડે આટલા દિવસો હું કેવી રીતે ઠગાયો છું. (૨૮૫) હવે ભૌતિકોને વિષે વિરાગી એવા તે રાજાને મુનિઓએ સમ્યક્ત્વ મૂલ સહિત સમસ્ત આર્હત્ ધર્મને વિસ્તારથી કહ્યો. (૨૮૬) ત્યારે જ રાજાના હૃદયમાં સિદ્ધિસુખને આપનાર તે ધર્મ વસ્ત્રમાં પડેલા ચોલ માંજિષ્ઠના રંગના પાશની જેમ બેઠો. (૨૮૭) હવે તે **પ્રભાવતી દેવ** પ્રત્યક્ષ થઈને રાજાને અર્હદ્ ધર્મમાં સ્થિર કરીને ત્યાં (દેવભવમાં) ઉત્પન્ન થયેલી લક્ષ્મીને બતાવી અને હે રાજન્ ! મહાન કષ્ટમાં મને તું યાદ કરજે, એ

પ્રમાણે કહીને સમસ્ત દેવમાયાને સંહરીને અદૃશ્ય થયો. (૨૮૮-૨૮૯) અતિવિસ્મિત થયેલો રાજા પણ તે જ ક્ષણે પહેલાની જેમ સભામંડપમાં સિંહાસન પર રહેલા પોતાને જુવે છે. (૨૯૦) ત્યારથી ઉદાયન રાજા પરમ શ્રાવક થયો અને પોતાની ભૂમિને અરિહંત ધર્મના એક છત્રવાળી કરી (૨૯૧)

અને આ બાજુ **गंधार देश**માં ઉત્પન્ન થયેલો નામ વડે **गंधार श्रावक** વૈતાઢ્ય પર્વતના શાશ્વત ચૈત્યોને નમવા માટે નીકળ્યો (૨૯૨) અને વૈતાઢ્ય પર્વતના મૂળમાં જઈને આ પ્રમાણે અભિગ્રહને કર્યો. આ ચૈત્યોને વંદન કર્યા વગર હું આ જન્મમાં ભોજન કરીશ નહીં. (૨૯૩) ત્યારપછી તેના નિશ્ચયને જાણીને શાસનદેવતા તુષ્ટ થઈ તેને ત્યાં લઈ જઈને ચૈત્યોની આગળ મૂકીને વંદન કરાવ્યું. (૨૯૪) હવે શાસનદેવીએ તેને ઈચ્છિતને આપનાર એકસોને આઠ ગુલિકાને આપીને વૈતાઢ્ય પર્વતના મૂલમાં મૂક્યો. (૨૯૫) બુદ્ધિશાળી એવા તેણે હવે દેવાધિદેવની મૂર્તિને પૂજવા માટે વીતભય નગરમાં હું અહીંથી હમણાં જાઉં, એ પ્રમાણે કહીને એક ગુલિકાને ખાધી (૨૯૬) અને તે ગુલિકાનાં પ્રભાવથી તે **गंधार** તે ક્ષણે જ ત્યાં આવ્યો અને **देवदत्ता** વડે બતાવાયેલી તે પ્રતિમાને વંદન કર્યું (૨૯૭) અને ત્યાં તેને ત્યારે ભાગ્યથી શરીરનું અપટુપણું થયું. કુબ્જા વડે પણ આ શ્રાવક છે, એ પ્રમાણે તે સેવા કરાયો. (૨૯૮) હવે **गांधार** પણ ત્યારે પોતાના આયુષ્યની અલ્પતાને જાણીને તે ગુલિકાઓ કુબ્જાને આપીને વ્રતને ગ્રહણ કર્યું. (૨૯૯) હવે કુબ્જાએ પણ સુંદરરૂપની સંપત્તિને માટે એક ગુલિકાને ખાધી અને ક્ષણવારમાં જ તેણી જાણે વૈક્રિયરૂપ ન કર્યું હોય, તેમ દિવ્ય શરીરવાળી થઈ. (૩૦૦)

ત્યાર પછી સુવર્ણવર્ણવાળી સુવર્ણની જાણે પુતળી ન હોય, તેમ તેણે સમસ્ત રાજકુલમાં **सुवर्णगुलिका** એ પ્રમાણેના નામને પ્રાપ્ત કર્યું. (૩૦૧) હવે તેણીએ વિચાર્યું, જો રૂપને અનુરૂપ પતિ ન હોય તો આ રૂપ ફોગટ છે. કામદેવની જેમ રતિ તેમ અહીં કોણ મને અનુરૂપ છે ? (૩૦૨) ખરેખર આ ઉદાયન રાજા મને પિતા પ્રાય છે અને અન્ય રાજાઓ આ રાજાના કરને આપનાર નોકર સમાન છે. (૩૦૩) તેથી માલવદેશનો અધિપતિ **चंडप्रद्योत राजा** મહાઋદ્ધિવાળો છે, તે રંભાને જેમ કુબેર તેમ મારો પતિ થાઓ. (૩૦૪) એ પ્રમાણે વિચારતી સંતતિને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવવા માટે તેને ઈચ્છતી એવી અને ઈન્દ્રના અંતઃપુર સમાન તેણીએ બીજી ગુલિકાને ખાધી. (૩૦૫) ત્યારપછી ગુલિકાની અધિષ્ઠાયિકા તે દેવીએ ત્યારે જ તેનું રૂપ ચંડપ્રદ્યોત રાજા આગળ વર્ણવ્યું. (૩૦૬) સ્ત્રીમાં લંપટ એવો તે રાજા પણ તે ક્ષણથી જ તેણીમાં લીન મનવાળો થયો. તેણીને લાવવા માટે તેની પાસે પોતાના દૂતને મોકલ્યો. (૩૦૭) તેણીએ પણ તે દૂતને કહ્યું, તેને મારા વડે જો કાર્ય હતું તો તે સ્વયં કેમ ન આવ્યો. પ્રેમી વિષે આ કેવી કઠોરતા, (૩૦૮) તે દૂતે પણ તેણીએ કહેલી તે વાત રાજાને જઈને કહી. તેની વાણી વડે રાગી એવો રાજા પણ અમૃતથી સિંચાયેલાની જેવો થયો. (૩૦૯) હવે જંગમ પર્વત જેવા **अनिलगिरि हाथी** પર ચડીને રાત્રિમાં પણ રાજા ત્યાં ગયો. કામી પુરુષોને ખરેખર શું દુષ્કર હોય ? (૩૧૦) તેણી પણ મૂર્તિમાન જાણે કામદેવ જ ન હોય, તેવા પ્રદ્યોતને જોઈને જલદી તેનાથી જાણે રોમાંચિત અંગવાળી થઈ. (૩૧૧) પ્રદ્યોતે પણ ખરેખર પૃથ્વી પર અવતરેલી જાણે દેવી ન હોય, તેમ તેણીને જોઈને કહ્યું, હે દેવી જલદી આવ અને મારી નગરીને અલંકૃત કર. (૩૧૨) તેણીએ કહ્યું- હું ક્યારે પણ જીવિત સ્વામીની જેમ જીવંત સ્વામીની પૂજાને મૂકીને આવીશ નહીં. (૩૧૩) તેથી હે રાજન્ ! તું ત્યાં જઈને આના પ્રતિબિંબને લાવ. જેથી તે પ્રતિબિંબને અહીં સ્થાપીને આ મૂર્તિને ગ્રહણ કરીને હું આવું. (૩૧૪) ત્યાર પછી તે પ્રતિમાના રૂપને હૃદયમાં જાણે કોતરીને ક્ષણવાર તેણી સાથે રમીને

રાત્રિના અંતે રાજા વેગથી નીકળ્યો. (૩૧૫) પ્રદ્યોત રાજા જલદી **ઉજ્જયિની** નગરીમાં ગયો અને લેપ વડે ક્ષણવારમાં તે પ્રતિમા જેવા રૂપવાળી પ્રતિમાને કરાવી. (૩૧૬) હવે તે પ્રતિમાને ગ્રહણ કરીને ત્યાં પહેલાની જેમ રાત્રિમાં રાજા આવ્યો તે પ્રતિમાને પણ જલદીથી તેણીને અર્પણ કરી. (૩૧૭) તેણી પણ તે પ્રતિમાને ત્યાં ચૈત્યમાં પૂજીને અને સ્થાપીને વળી પૂર્વની પ્રતિમાને ગ્રહણ કરીને રાજા પાસે આવી. (૩૧૮) રાજાએ પણ તે દાસીને અને તે પ્રતિમાને અનિલ વેગ હાથી પર આરોપણ કરીને મનની સમાન વેગથી **અવંતિ** તરફ પ્રયાણ કર્યું. (૩૧૯)

જાગૃત થયા છે નયનરૂપી કમલ જેના એવા **ઉદાયન** રાજાને સવારે હસ્તિમંડલના અધિપતિએ પહેલા જ આ વિજ્ઞપ્તિ કરી. (૩૨૦) હે સ્વામિન્ ! અરિહંત સંબંધી દીક્ષાને પ્રાપ્ત થયેલા જેમ ભાવથી મદ વગરના થાય છે તેમ સમસ્ત હાથીઓ પણ આજે મદ વગરના થયા છે. (૩૨૧) તેણે કહેલી વાત વડે હસીને રાજા પણ યોગી પુરુષ જેમ નિર્મલ તત્ત્વને વિચારે તેમ જેટલામાં નિર્મદપણાના કારણને વિચારે છે, (૩૨૨) તેટલામાં કોઈએ જણાવ્યું કે, હે પ્રભુ ! આજે રાત્રિમાં પ્રદ્યોત રાજા અનિલગિરિ હાથી પર બેસાડીને તારી કુબ્જા દાસીને લઈ ગયો. (૩૨૩) ત્યાર પછી રાજાએ કહ્યું, નિશ્ચે પ્રદ્યોત રાજાના હાથીની ગંધથી સિંહના નાદની જેમ હાથીઓના મદરૂપી નદી સૂકાઈ ગઈ છે. (૩૨૪) પરંતુ હે ! જુઓ ચૈત્યમાં અમારી તે પ્રતિમા છે ? તે શુદ્ધ છે. એ પ્રમાણે તેના વડે કહેવાતે છતે રાજા શાંત થયો. (૩૨૫) હવે પૂજાના સમયે રાજાએ હિમના પાતથી ગળી ગયેલા કમલિનીની જેમ કરમાઈ ગયેલી માળાવાળી તે કમલિનીરૂપ પ્રતિમાને જોઈ. (૩૨૬) ત્યારપછી રાજાએ વિચાર્યું, શું કાંઈ પણ અનિષ્ટ થશે ? જેથી ક્યારે પણ આ પ્રતિમાના પુષ્પો પહેલા મ્લાનિને પામ્યા નથી. (૩૨૭) હવે નિર્માલ્યને દૂર કરીને રાજાએ તે પ્રતિમાને સમ્યગ્ પ્રકારે જોઈને આ પ્રતિમા તે નથી, એ પ્રમાણે નિશ્ચય કરીને વિચાર્યું. (૩૨૮) નિશ્ચે ચોર પ્રદ્યોતે જ આજે દાસી કુબ્જાની સાથે દેવાધિદેવની પ્રતિમાને પણ હરણ કરી. (૩૨૯) મારી દિવ્ય પ્રતિમાને હરણ કરીને તે અધમ ક્યાં જશે ? સૂર્યથી નાસી ગયેલી શિયાલણીને શું સ્થાન ? (૩૩૦)

હવે ઉદાયન રાજા વડે દૂતના મુખથી તે કહેવાયો કે - હે રાજન્ ! નષ્ટ ચેષ્ટાવાળા તને દાસીનું હરણ કરવું યોગ્ય નથી. (૩૩૧) રાજકન્યા પણ પ્રાર્થના કરાયેલી મેળવાય છે, તો વળી દાસી તો શું ? તેથી અર્થ વગરનું જ મસ્તકનું મુંડન તારા વડે કરાયું છે. (૩૩૨) અહીં જગતમાં તે જ જીવતો ગણાય છે, જે હંમેશા પ્રગટ મુખવાળા સજ્જનો વડે ગોષ્ઠીમાં સદાચાર વડે વખણાય છે. (૩૩૩) **જો શક્તિ હોય તો બીજાના જોતા છતાં પણ બળાત્કારે ઈષ્ટ વસ્તુ ગ્રહણ કરાય અથવા જો શક્તિ ન હોય તો ભક્તિ વડે મહેરબાની પ્રાપ્ત કરીને ગ્રહણ કરાય.** (૩૩૪) વળી આ ચોરી વડે હે રાજન્ ! તારા વડે મૃત્યુને સળી કરાઈ છે. ઊઠાડાયેલો સિંહ **જાગેલો** છે અને સર્પના મુખમાં હાથ નખાયો છે (૩૩૫) અથવા કહીને સર્યું. જાણવા છતાં પણ કોઈ મોહ પામે છે. તેથી હે રાજન્ ! તારી એક સ્ખલના અમારા વડે માફ કરાઈ છે. (૩૩૬) દાસી દૂર રહો, હે રાજન્ ! હમણાં મારા વડે તે તને જ અપાઈ, પરંતુ જો તુ જીવવા માટે ઈચ્છે છે, તો પ્રતિમા અમને આપ. (૩૩૭) હવે ભ્રુવા રૂપી ધનુષ્યને અત્યંત રીતે તાંડવિત કરતો અવજ્ઞા વડે જ કાંઈક હસતા એવા ચંડપ્રદ્યોતે દૂતને કહ્યું. (૩૩૮) કેમ, આ પ્રમાણે કહેવાય છે. હે દૂત ! તારો સ્વામી આ જાણતો નથી કે પિતા વડે પણ અપાયેલું જે રાજ્ય શૂન્ય મસ્તકવાળાનું અર્થાત્ વિચાર્યા વગર કામ કરનારનું નાશ પામે છે. (૩૩૯) દૂતે તેની પ્રતિ કહ્યું. આ પ્રમાણે ઘરનાં મનુષ્ય વ્યગ્ર હોતે છતે જો કાંઈક ગ્રહણ કરીને કૂતરો જાય છે, તેથી તેનું

શું પૌરુષપણું ? (૩૪૦) બળવાન ચોરો વડે પણ ગ્રહણ કરાયેલું મહાબળવાળાઓ પાછુ ખેંચે છે. રાવણ વડે હરણ કરાયેલી સીતાને રામે શું પાછી ન લીધી ? (૩૪૧) એ પ્રમાણે સાંભળીને ક્રોધિત થયેલા તેણે પોતાના મનુષ્યોને કહ્યું, આ દૂતને કાજલ વડે લેપીને ગળામાં પકડીને ખરાબ પુરુષની જેમ બહાર કાઢો. (૩૪૨) તેઓ વડે આ પ્રમાણે સન્માનિત કરાયેલો તે દૂત પોતાના સ્વામીની પાસે ગયો. ઉદાયન પણ તેવા પ્રકારના દૂતને જોઈને રુષ્ટ થયો. (૩૪૩) યુદ્ધની ખણજ રૂપ થઈ છે ભુજાદંડ જેની એવા તેણે ત્યાર પછી અવંતિ રાજાને બોલાવવા માટે જલદીથી યુદ્ધની ભેરી વગડાવી. (૩૪૪)

હાથી, ઘોડા, રથ અને સૈનિકો રૂપ ચતુરંગી સેનાવડે યુક્ત, મૂકેલી મર્યાદાવાળો શૂરવીરતારૂપી સમુદ્રવાળો ઉદાયન રાજા ચાલ્યો. (૩૪૫) તે રાજાની સાથે પ્રત્યક્ષ જાણે દિક્પાલ ન હોય તેવા ધારણ કરેલા મુગટવાળા બીજા દશ રાજાઓ ચાલ્યા, (૩૪૬) ત્યારે પ્રાપ્ત થયેલા યૌવનવાળો, પોતાની ગરમી વડે અગ્નિની પણ અવહેલના કરતો ગ્રીષ્મકાલ પ્રગટ થયો. (૩૪૭) જાણે રાજા રૂપી ઉનાળાનાં મહાયોધારૂપી સૂર્ય બાણો રૂપી કિરણો વડે સમસ્ત મનુષ્યોને શત્રુની જેમ હણતો હતો. (૩૪૮) ત્યારે તાપથી જાણે અત્યંત તૃષ્ણાથી વિલ્વલ થયેલો સૂર્ય હજારો કિરણો વડે જલસ્થાનોને પીતો સૂકવતો હતો. (૩૪૯) પરસેવાથી પલળી ગયેલા સર્વ અંગવાળો ધાતુમય જન ત્યારે ગ્રીષ્મ ઋતુના ધમણથી જાણે ધમેલો ન હોય તેમ પ્રવાહી રૂપ જેવો થયો. (૩૫૦) ઉનાળાની ગરમીથી તપી ગયેલી રેતીવાળી, ભ્રાષ્ટીભૂત (અગ્નિના ભઠ્ઠારૂપ) થયેલી પૃથ્વી પણ માર્ગમાં રહેલા પ્રાણીઓને ચણાની જેમ પકવે છે, (૩૫૧) ત્યાં મરૂદેશની અટવીમાં ગયેલું તે ઉદાયનરાજાનું સૈન્ય-મૃગતૃષ્ણા (ઝાંઝવાના જળ) વડે આકર્ષીને વિલખું કરાયું. (૩૫૨) અને સ્ખલના પામતા, પડતા, આળોટતા એવા સૈનિકો તૃષાની પીડા વડે મૂઢ ચેતનાવાળા જાણે મરવાની ઈચ્છાવાળા થયા (૩૫૩) ત્યારે ઉદાયને તરસ વડે પીડિત સૈન્યને જોઈને જલદીથી કરેલા સંકેતવાળા **પ્રભાવતીદેવ**ને યાદ કર્યો. (૩૫૪) સ્મરણ કરવા માત્રથી જ તે દેવ સાધેલા વેતાલની જેમ પ્રાપ્ત થયો અને સ્મરણના કારણને પૂછ્યું, રાજાએ પણ તૃષાની વ્યથાને કહી. (૩૫૫) હવે તે દેવે ક્ષણવારમાં જ સૈન્યની આદિમાં, મધ્યમાં અને અંતે ત્રણ કુંડને કરીને દિવ્ય પાણી વડે પૂર્યા. (૩૫૬) ત્યારપછી તે પાણી વડે સ્નાનપાનાદિને કરતું તે સઘળું સૈન્ય અમૃત વડે જેમ જીવિત થાય, તેમ ક્ષણવારમાં જાણે જીવિત થયું. (૩૫૭) તે કુંડો **ત્રિપુષ્કર** એ પ્રમાણે ખ્યાતિને પામ્યા, તે જ પ્રકારે હજુ પણ પાણીના નિધાનની જેમ તે છે, (૩૫૮) એ પ્રમાણે તે પ્રભાવતીદેવ સૈન્યને શ્રેષ્ઠ આશ્વાસન આપીને રાજાને પૂછીને પોતાના કલ્પમાં (દેવલોકમાં) ગયો. (૩૫૯)

હવે પ્રસરતા અભિમાન વડે દુર્ધર એવા ઉદાયન રાજાએ માર્ગના રાજ્યોને સાધતા માલવદેશને પ્રાપ્ત કર્યો. (૩૬૦) ચતુરંગી સેનાથી પરિવરેલો માલવદેશનો રાજા પણ આવતા એવા તેને સાંભળીને જલદીથી શત્રુની સન્મુખ થયો. (૩૬૧) હવે, પોતપોતાના સ્વામીના વિજયની ઈચ્છાવાળા તે બંનેના પણ સૈન્યો ક્રોધના ઉત્કર્ષવાળા યુદ્ધમેદાનમાં સામસામા થયા (મળ્યા). (૩૬૨) ત્યાં ધનુષ્યની દોરીના અવાજ વડે પુષ્ટ રણના વાજિંત્રનો અવાજ જાણે શબ્દ અદ્વૈત મતને સ્થાપતો હતો. (૩૬૩) બાણો વડે કરાયેલા યુદ્ધમાં પ્રવૃત્ત થયેલા ભટો વડે પોતાના સ્વામીના યુદ્ધમાં જયરૂપી લક્ષ્મીના વિવાહ માટે બાણોનો મંડપ કર્યો. (૩૬૪) બીજા કેટલાક વૈરીરૂપી હાથીના કુંભસ્થળને ભેદીને જયરૂપી લક્ષ્મીના આભરણ કરવા માટે જાણે મુક્તાફલના ઢગલાઓને ખેંચતા હતા (૩૬૫) અને કેટલાક દોલાયમાન જયલક્ષ્મીને વશ કરવા માટે શત્રુને ઉખેડવા હાકોટાઓ વડે જાણે મંત્રજાપને કરતા હતા. (૩૬૬) એ પ્રમાણે યુદ્ધ વધતે છતે અનેક મનુષ્યના ક્ષયને

વિચારીને ઉદાયન રાજાએ કૃપાથી દૂત દ્વારા શત્રુને કહ્યું. (૩૬૭) હે રાજન્ ! આપણા બન્નેના જ વૈરમાં અહીં મનુષ્યોનો ક્ષય તે ધોબીના આયુષ્યનો ક્ષય થયે છતે ગધેડાના મૃત્યુ જેવું લાગે છે. (૩૬૮) તે કારણથી એકાકી અથવા પગપાળા અથવા પ્રમાણોપેત સુભટો સહિત અથવા વાહન આરૂઢ તુલ્ય સ્થિતિવાળા આપણા બંનેનું જ યુદ્ધ થાઓ. (૩૬૯) રથ પર આરૂઢ થયેલા આપણા બંનેનું સવારે યુદ્ધ થાઓ, એ પ્રમાણે ઉદાયન રાજાના દૂતની આગળ અવંતિ રાજાએ જણાવ્યું. (૩૭૦) હવે ધનુષ્યવાળો ઉદાયન બખ્તર પહેરીને રથમાં આરૂઢ થઈને ગ્રીષ્મ ઋતુના સૂર્યની જેમ દુઃખે કરીને જોઈ શકાય તેવા પ્રતાપ વડે પ્રાતઃકાલે આવ્યો. (૩૭૧) રથી એવા મારા વડે રથી એવો ઉદાયન નિશ્ચે અજય્ય થશે. આથી પ્રદ્યોત રાજા અનિલગિરિ હાથી પર આરૂઢ થઈને આવ્યો. (૩૭૨) હાથી પર આરૂઢ થયેલા તેને જોઈને ઉદાયન આ પ્રમાણે બોલ્યો. **'અરે ભ્રષ્ટ પ્રતિજ્ઞાપણું જ તારી હારનું કારણ છે.** (૩૭૩) એ પ્રમાણે કહીને ધનુષ્યને ગ્રહણ કરીને દોરીના ટંકાર વડે તે ક્ષણે જ જેમ સિંહનાદ વડે તેમ પ્રદ્યોતના હાથીને ક્ષોભ પમાડતા બલવાન્ એવા તેણે વેગથી પોતાના રથને મંડલિકા ભ્રમમાં નાખીને જયરૂપી લક્ષ્મીની લાલસાવાળા તેણે એકાએક યુદ્ધ કરવાનો આરંભ કર્યો. (૩૭૪-૩૭૫) ધનુષ્યવાળા તેણે રથની પાછળ દોડતા ચંડપ્રદ્યોત રાજાના હાથીના પગના તલને તીક્ષ્ણ એવા બાણો વડે વીંધ્યા. (૩૭૬) ભાથાની જેમ બાણથી પૂર્ણ ભરેલા ચરણો વડે જવા માટે અસમર્થ એવો તે હાથી હવે વજથી હણાયેલા પર્વતની જેમ પૃથ્વી પર પડ્યો. (૩૭૭) હવે ઉદાયને પ્રતિમા અને દાસીના ચોર એવા લાંબા કાળે પ્રાપ્ત થયેલા પ્રદ્યોતને કેશમાં ધારણ કરીને તે ક્ષણે જ બાંધ્યો. (૩૭૮)

ત્યાર પછી બીજો જાણે વિધિ જ ન હોય તેમ તેના ભાલમાં દૈવાક્ષરની ઉપર **દાસીપતિ** એ પ્રમાણે અંકાક્ષરોને લખ્યા. (૩૭૯) હવે અંકિત દાસની જેમ તે રાજાને ધરણમાં કરીને વીતભયનો અધિપતિ રાજા ઉજ્જયિની નગરીમાં ગયો. (૩૮૦) ભયભીત થયેલી તે **દાસી** જલદીથી પલાયન થઈ. મહાદોષ કરનારાઓને ખરેખર બીજું કોઈ પ્રતિવિધાન નથી. (૩૮૧) ઉદાયન પણ ત્યાં રહેલી તે પોતાની પ્રતિમાને જોઈને તત્કાલ જ પ્રાપ્ત થયેલા આનંદવાળા તેણે પૂજીને વંદન કર્યું. (૩૮૨) હવે તે પ્રતિમાને લઈ જવા માટે રાજા ગ્રહણ કરતે છતે ત્યારે તે પ્રતિમા વજની શિલાની જેમ વાળના અગ્રભાગ માત્ર પણ ચલાયમાન ન થઈ. (૩૮૩)

હવે ફરી તે પ્રતિમાને પૂજીને કરેલી અંજલિવાળા રાજાએ કહ્યું, મારું ચિત્ત દ્વિધા પામે છે. હે સ્વામિન્ ! કેમ ચલાયમાન થતા નથી. (૩૮૪) હે પ્રભુ ! તારા માટે જ સર્વે આ ઉપક્રમ કર્યો તો હે દેવ ! કિંકર એવા મારે વિષે તું કેમ અપ્રસાદ કરે છે ? (૩૮૫) ત્યારપછી શાસનદેવીએ પ્રતિમાના મુખમાં અવતરીને કહ્યું. **હે રાજન્ ! તારા વિના અન્યની આવા પ્રકારની ભક્તિ નથી.** (૩૮૬) **પરંતુ તારું નગર તારા પછી ધૂળની વૃષ્ટિથી સ્થલરૂપ થશે. તેથી મારા ગ્રહણના આગ્રહને ન કર. (૩૮૭)** દેવતાના તે આદેશથી તે પ્રતિમાને વિશેષથી તીર્થની જેમ પૂજીને સ્તુતિ કરીને નમીને રાજા પાછો ફર્યો. (૩૮૮) ત્યાર પછી કેટલુંક પ્રયાણ થયે છતે વર્ષાકાલરૂપી રાજાએ માર્ગની વચમાં તેને રોક્યો. (૩૮૯) તે વર્ષાઋતુના ગર્જના કરતા શ્યામમૂર્તિવાળા મેઘરૂપ, આગળ કર્યું છે ઈન્દ્ર ધનુષ્યને જેને એવા તલવારરૂપ કરી છે વિદ્યુતને જેને એવા સેનાનીઓ ઉપરાઉપરી પડતી એવી પાણીની ધારારૂપ બાણો વડે કરીને ક્ષત્રિય ધર્મને નહીં જાણનારાની જેમ નાસતા એવા પણ મનુષ્યોને હણતા હતાં. (૩૯૦-૩૯૧) તેના ભયથી કોઈ પણ કિંમતી વસ્ત્રોને પહેરતા ન હતા. શ્રીમંતો પણ નગરમાં જીર્ણ વસ્ત્રવાળા જ ફરતા હતા. (૩૯૨) ત્યારે માર્ગો જલના પ્રાપ્ત થયેલા પ્રસરો વડે

કરીને વહન ન કરી શકાય તેવા કરાયેલા હતા. ક્યારે પણ પગથી એક પગલુ પણ જવાને માટે કોઈ પણ સમર્થ ન હતું. (૩૯૩) વિસ્તૃત સુવર્ણ લક્ષ્મીથી ઉન્મત્ત થયેલી ત્યારે નદીઓ પણ લોકો પાસેથી સર્વસ્વને ગ્રહણ કરીને સરોવરમાં નાખતી હતી. (૩૯૪) સ્થાને સ્થાને લોકો પાસેથી વાહકો પણ વહાણના ભાડાના બહાનાથી તારકો વડે માર્ગની રક્ષાના ધનની જેમ ધન ગ્રહણ કરાવે છે. (૩૯૫)

કાદવ જલદી પ્રધાન એવા પણ મનુષ્યને પગ ખેંચીને દુઃખે કરીને દમી શકાય તેવા તેના બંધનની જેમ ભૂમિમાં પાડતો હતો. (૩૯૬) હવે વર્ષાકાળે કરેલા તે અયુક્તપણાને જોઈને સૈન્યને ત્યાં જ સ્થાપીને નવા નગરની જેમ રાજા ત્યાં રહ્યો. (૩૯૭) તે રાજાની આજુબાજુ તે દશ રાજાઓ પણ ધાડ પડવાના ભયથી ચારે બાજુ ધૂળના કિલ્લા કરીને વસ્યા. (૩૯૮) નીતિને જાણનાર રાજા રાજનીતિ વડે જ ત્યાં કારાગૃહમાં પણ પ્રદ્યોત રાજાને ભોજન-વસ્ત્રાદિક અપાવતો હતો. (૩૯૯)

હવે પર્યુષણા પર્વ આવતે છતે પરમ શ્રાવક ઉદાયન રાજાએ ઉપવાસ કર્યો. (૪૦૦) ત્યાર પછી રસોઈયાએ અવંતિના રાજાને પૂછ્યું, 'તારું શું ભોજન કરું ?' તેણે પણ કહ્યું, હે રસોઈયા ! આજે ભોજનના પ્રશ્નનું કારણ શું છે ? (૪૦૧) રસોઈયાએ કહ્યું, હે રાજન્ ! આજે પર્યુષણા પર્વ છે. તેથી અંતઃપુર પરિવાર સહિત અમારા સ્વામીને ઉપવાસ છે. (૪૦૨) હંમેશાં રાજાને યોગ્ય તૈયાર કરેલા ભોજન વડે તું જમાડેલો છે. વળી આજે તારા માટે જ ભોજન કરવા યોગ્ય છે. તેથી હે રાજન્ ! તને પૂછાય છે. (૪૦૩) તે સાંભળીને ભયભીત થયેલ પ્રદ્યોતે વિચાર્યું, નિશ્ચે આજે મને વિષવાળો આહાર આપીને આ શઠ મારશે. (૪૦૪) ત્યારપછી પ્રદ્યોતે રસોઈયાને કહ્યું, ખરેખર મારો આ પ્રમાદ થયો, પર્યુષણા પણ ન જાણ્યા. (૪૦૫) મારા પણ માતા-પિતા પરમ શ્રાવક હતા. તેથી હું પણ આજે શુભ દિવસે ઉપવાસ કરીશ. (૪૦૬) રસોઈયાએ પણ પ્રદ્યોતે કહેલું રાજાને જણાવ્યું. રાજાએ પણ કહ્યું, આ જેવા પ્રકારનો શ્રાવક છે, તે હું જાણું છું. (૪૦૭) પરંતુ આ ધારણ કરાયે છતે નહીં છોડેલા મત્સરવાળો હું પર્યુષણા પર્વના પ્રતિક્રમણને કેવી રીતે કરીશ. (૪૦૮) અહીં નહીં છોડેલા કષાયવાળા, મત્સરવાળા મનુષ્યોને જન્માંતરમાં પણ પ્રાયઃ કરીને વૈર સ્વયં જ પ્રગટ થાય છે. (૪૦૯) વિવેકીઓ વડે હંમેશાં કષાયોનો નિગ્રહ કરવા યોગ્ય છે. અન્યથા વૃદ્ધિ પામેલા તે કષાયો નિશ્ચે નવા સંસારના હેતુ થાય. (૪૧૦) **આ પર્વમાં પણ જેઓનો કષાયરૂપી અગ્નિ શાંત થતો નથી, તે પ્રાણીઓ નિશ્ચે વળી અભવ્ય અથવા દૂરભવ્ય જાણવા.** (૪૧૧) જો શાંત કરેલા કષાયવાળો પણ તે કષાયો વડે ફરી ભવમાં પડાય છે. તેથી હે મનુષ્યો ! લેશમાત્ર કષાયનો વિશ્વાસ ન કરો. (૪૧૨) ક્ષીણ થયેલા રોગાગ્નિની જેમ પાતળા થયેલા કષાયો પણ ખરેખર ઉપેક્ષાને યોગ્ય નથી. જે કારણથી કષાયો અવકાશ જોઈને વધે છે. (૪૧૩) દેશોન પૂર્વકોડ વર્ષ વડે મેળવેલું જે ચારિત્ર તે મનુષ્યો વડે જુગાર વડે લક્ષ્મી હરાય છે, તેમ કષાયથી અંતર્મુહૂર્તમાં હરાય છે. (૪૧૪) ત્યારપછી ઉદાયન રાજાએ પ્રદ્યોતને બોલાવીને મિચ્છા મિ દુક્કડં પૂર્વક પોતાના અપરાધને ખમાવીને મૂક્યો. (૪૧૫) અવંતિના સ્વામીએ પણ આ પ્રમાણે કહ્યું. મારા વડે જ અનુચિત કરાયું. તું જ ખમાવવા યોગ્ય છે, તેથી હે રાજન્ ! મને ક્ષમા આપો. (૪૧૬) હવે મહેરબાનીથી કરેલા ઉજ્જ્વલ મનવાળા ઉદાયન રાજાએ તેના કપાળના ચિહ્નને ઢાંકવા માટે સુવર્ણના પટ્ટને બંધાવ્યો. (૪૧૭) પ્રસાદ ચિત્તવાળા રાજાઓને ત્યારથી પટ્ટબંધ થયો. પહેલા વળી તેઓને ઐશ્વર્યનો સૂચક મુગટ હતો. (૪૧૮)

હવે ઉદાયને પ્રદ્યોત રાજાને અવંતિ દેશમાં પૂર્વના પોતાના કીર્તિસ્તંભ જેમ સામંત કરીને સ્થાપ્યો. (૪૧૯) હવે વર્ષાકાલ પૂર્ણ થયે છતે ગયેલો છે ભય જેણે એવો વીતભય નગરનો અધિપતિ સ્વયં વીતભય નામના પોતાના નગરમાં ગયો. (૪૨૦) વણિક્ આદિ ઘણાં લોકો વળી ત્યાં જ રહ્યા અને વ્યાપારને માટે બીજા પણ લોકો ત્યાં આવીને વસ્યા. (૪૨૧) જ્યાં ઉદાયન રાજા દશ રાજાઓ વડે યુક્ત રહ્યો હતો, તે શિબિરના સ્થાને ત્યારપછી **દશપુર**• નગર થયું. (૪૨૨)

હવે દૈત્ય વગર થયેલા સમૃદ્ધ ઈન્દ્રની જેમ ઉદાયન પોતાના વિસ્તૃત રાજ્યને લાંબો કાળ ભોગવતો હતો. (૪૨૩) એક વખત ઉદાયન રાજાએ શુદ્ધ પક્ષી પર્વમાં પૌષધશાળામાં રહીને પૌષધ વ્રતને ગ્રહણ કર્યું. (૪૨૪) રાત્રિમાં ધર્મજાગરિકા વડે જાગતા તે રાજાને પારિણામિક સુખને આપનાર આવા પ્રકારનો પરિણામ થયો. (૪૨૫)

તેઓ ધન્ય છે, જેઓ વડે બાળપણમાં જ સંયમ સ્વીકારાયું અને તેઓ કોઈના પણ કર્મબંધના કારણ ન થયા. (૪૨૬) હમણાં તે રાષ્ટ્રદેશ, ગામ, નગરાદિ ધન્ય છે, જેને વિષે શ્રી વીર સ્વામી સ્વયં વિચરે છે. (૪૨૭) વળી જેઓના મસ્તક પર શ્રીવીર પ્રભુના કમળરૂપી હાથ પડ્યા છે. તેવા ભવસમુદ્રના કિનારાને પ્રાપ્ત થયેલા તેઓનું તો વળી શું કહીએ ? (૪૨૮) હું પણ ધન્ય થાઉં, જો અહીં સદ્ધર્મરૂપી બગીચાને વિકસિત કરવા મેઘ સમાન ભગવાન વીર પધારે, (૪૨૯) એ પ્રમાણે રાત્રિને ઓળંગીને સવારે પારેલા પૌષધવાળા દેવપૂજાને કરીને જેટલામાં સભાને પ્રાપ્ત કરી, (૪૩૦) તેટલામાં ઉદ્યાનપાલકે આવીને જણાવ્યું કે, હે દેવ ! પૂર્વ દિશાના ઉદ્યાનમાં આજે શ્રીવીરસ્વામી સમવસર્યા છે. (૪૩૧) ત્યારે તે સાંભળીને જલદીથી પ્રમોદને ભજનારા ઉદાયન રાજાએ વિચાર્યું કે, મારા થનારા ભાવને જાણીને નિશ્ચે ભગવાન આવ્યા. (૪૩૨) પ્રિય વાતને જણાવનાર તેને ઈનામમાં સર્વે પણ અંગ પર લાગેલા વસ્ત્ર અને આભરણો આપ્યા. (૪૩૩) રાજાએ પોતાના નગરને ઊંચી ધજાઓવાળું કરાવ્યું અને પ્રભુના આગમનના ઉત્સવમાં કેદીઓને છોડાવ્યા. (૪૩૪) ત્યારપછી અંતઃપુર પરિવાર સહિત ઉદાયન રાજા આનંદ સહિત શ્રીમહાવીર પ્રભુને વંદન કરવા માટે ગયો. (૪૩૫) પ્રભુને જોઈને પ્રફુલ્લિત થયેલા નેત્રવાળા, અંજલિ જોડેલા હાથવાળા, જય જય અવાજને કરતા સ્વામીની પાસે ગયા. (૪૩૬) ત્રણ પ્રદક્ષિણા કરીને ભૂમિ પર સ્થાપેલા મસ્તકવાળો નમીને એકાગ્રમનથી પ્રભુની સ્તુતિ કરે છે. (૪૩૭) સ્વામીના ઐશ્વર્ય વડે વિસ્મિત થયેલો વિકસિત નેત્રથી જોતો રાજા હવે ઉચિત ભૂમિપ્રદેશમાં બેઠો. (૪૩૮) કલ્યાણકારી ભક્તિવાળા આનંદના અશ્રુથી પ્લાવિત નેત્રવાળા, સાવધાન એવા તેણે દૂધ, ગોળ અને દ્રાક્ષથી અતિ મનોહર સ્વામીની વાણીને સાંભળી (૪૩૯) અને સાંભળવાથી રાજાને તેવા પ્રકારનો કોઈ સંવેગ ઉત્પન્ન થયો કે, જેના વડે તે ક્ષણે જ વ્રતને ગ્રહણ કરવાનો મનોરથ થયો (૪૪૦) અને દેશનાને અંતે પ્રભુને નમીને, મહેલમાં જઈને વિચાર્યું. આ રાજ્ય કોને આપીને હું પોતે વ્રતને સ્વીકારું ! (૪૪૧)

ખરેખર, રાજ્ય આ જન્મમાં અનેક અનર્થના મૂલવાળુ અને જન્માંતરમાં દુર્ગતિ માટે છે. તેથી પુત્રને રાજ્ય આપીશ નહીં. (૪૪૨) મહાસતી પ્રભાવતીની કુક્ષિથી ઉત્પન્ન થયેલો મારો આ પુત્ર આ રાજ્ય વડે ભવભ્રમણનો ખેપીઓ ન થાઓ (૪૪૩) અને વળી મારા ગયા પછી મારું આ નગર ઉપસર્ગ સહિત થશે એમ દેવતા વડે કહેવાયેલું છે અને તે અન્યથા થતું નથી. (૪૪૪) તેથી ખરેખર અભીચિકુમારને ભોગ માટે આપેલા પોતાના દેશાદિને સુખે પાલન કરતો યુવરાજપણા વડે રહો. (૪૪૫)

• હાલ તે દશપુર એ મંદસોર તરીકે મધ્યપ્રદેશમાં પ્રચલિત છે.

એ પ્રમાણે પોતાના ચિત્ત વડે વિચારીને પુત્ર રાજ્ય માટે સમર્થ હોવા છતાં ઉદાયન રાજાએ ભાણેજ કેશીને રાજ્ય આપ્યું. (૪૪૬) સ્થિતિ પ્રમાણે સામંત, પ્રધાનાદિને સ્થાપીને ત્યારે દારિદ્રનો ઘાત કરનાર મહાદાનને આપીને, વિસ્તૃત એવા સામ્રાજ્યને છોડીને શુદ્ધ બુદ્ધિવાળા ઉદાયન રાજાએ શ્રીવીર પ્રભુના હસ્તકમલ વડે સ્વયં પ્રવ્રજ્યાને ગ્રહણ કરી. (૪૪૭-૪૪૮) શ્રી જિનેન્દ્રની આજ્ઞા વડે સુધર્માસ્વામીની પાસે અંતિમ રાજર્ષિએ બે પ્રકારની શિક્ષાને જલદીથી ગ્રહણ કરી. (૪૪૯) વિશિષ્ટ બુદ્ધિના વૈભવવાળા એવા તે અગિયાર અંગ ભણ્યા અને સૂત્રાર્થ બંનેના જ્ઞાનથી ક્રમ વડે ગીતાર્થ થયા. (૪૫૦) હવે પ્રભુની અનુજ્ઞા વડે એકાકી વિહારને સ્વીકારીને મહા પરાક્રમી તે એકલા પણ (સહાયની અપેક્ષા વિનાના) પૃથ્વીને અલંકૃત કરતા વિહરતા હતા. (૪૫૧) મહાતપસ્વી એવા તે અનેક દુષ્કર તપોને તપતા હતા. દુઃસહ પણ પરિષહરૂપી સેનાને રાજર્ષિ સહન કરતા હતા. (૪૫૨) હવે આ બાજુ ભાણેજને રાજ્ય આપીને ઉદાયન રાજા દીક્ષા ગ્રહણ કરતે છતે પુત્ર **અભીચિ**એ ચિત્તમાં આ પ્રમાણે વિચાર્યું. (૪૫૩) રાજ્યના અધિકારી, રાજ્યમાં સમર્થ, ન્યાયી અને પોતાના પુત્ર એવા પણ મને અયોગ્યની જેમ પિતાએ રાજ્ય ન આપ્યું. (૪૫૪) વળી આ ભાણેજ એવા પણ કેશીને રાજ્ય આપ્યું. તેથી પિતા શું લોકના આચારને પણ જાણતા નથી. (૪૫૫) વિવેકી એવા પણ પિતા વડે જો આવા પ્રકારનું કરાયું તો ઉદાયનનો પુત્ર એવો હું આનો સેવક કેવી રીતે થાઉં ? (૪૫૬) પોતાની પત્નીની જેમ બીજા વડે ભોગવાતી આ રાજ્યલક્ષ્મીને જોવા માટે હું શું શક્તિમાન છું ? (૪૫૭) એ પ્રમાણે વિચારીને અભિમાનરૂપી મહાન ધનવાળો **અભીચિ** માસીના પુત્ર **કુણિક** રાજાની પાસે ગયો. (૪૫૮)

એક વખત **ઉદાયન રાજર્ષિ**ને વ્યાધિ થયો. તેના વડે કૃશ થતા તે હિમઋતુના સૂર્યની જેમ ક્ષીણ તેજવાળા થયા. (૪૫૯) જેમ શાકિની વડે તેમ અંદર વધતા તે રોગ વડે પીડિત, તપથી કૃશ બનેલા પણ રાજર્ષિ ક્રમથી અત્યંત કૃશ બન્યા. (૪૬૦) દેહને વિષે ઉત્પન્ન થયેલા રોગને જાણવા છતાં પણ શરીરને વિષે ગયેલી સ્પૃહાવાળા વૈદ્યને બતાવતા ન હતા અને તે રાજર્ષિ ઔષધને પણ કરતા ન હતા. (૪૬૧) એક દિવસ સ્વયં કોઈપણ વૈદ્યે તે રોગ સહિતના મુનિને જોઈને કહ્યું. હે ભગવન્ ! શલ્ય સહિતની જેમ તમારો દેહ રોગ સહિત છે. (૪૬૨) મુનિએ કહ્યું, હે મહાભાગ ! અહો, શરીરમાં બીજું શું હોય ? કર્મ સહિતના પ્રાણીઓને ખરેખર શરીર રોગમય જ હોય. (૪૬૩) વૈદ્યે પણ કહ્યું, આ પ્રમાણે છે. પરંતુ વર્તતો આ રોગ ઉપેક્ષા ન કરાય. ખરેખર ઉપેક્ષા કરાયેલો આ વૈરીની જેમ દુઃસાધ્ય અને દેહને હરણ કરનાર છે. (૪૬૪) દેહ જ મુનિઓને પહેલું ધર્મસાધન છે, અને તમે ધર્મના અર્થી છો, તેથી દેહને નિરોગી કરનાર ઔષધને કરો. (૪૬૫) એ પ્રમાણે અત્યંત સ્વજનની જેમ થઈને તેની વ્યાધિ અને વ્યાધિની ચિકિત્સાને જાણીને મુનિ કહેવાયા. (૪૬૬) અનેક ઊકાળા અને પથ્યભોજનાદિ વડે આ રોગ સર્વથા ઉચ્છેદ કરાય છે. પરંતુ મુમુક્ષુ એવા તમને આ કરવું તે યોગ્ય નથી. (૪૬૭) તેથી મુનિને વ્યાધિની વૃદ્ધિને અટકાવવા માટે નિર્વાહ યોગ્ય, નિરવદ્ય એવું આ દહીં કેવલ ખાવા યોગ્ય છે. (૪૬૮) દહીંના પથ્યને ખાનાર રાજર્ષિએ હવે ગોકુલોમાં વિહાર કર્યો. જેથી ત્યાં દહીં સુપ્રાપ્ય છે, જેમ ખાણમાં ઉત્પન્ન થતી વસ્તુ ખાણમાં સુપ્રાપ્ય છે તેમ. (૪૬૯) એક વખત ઉદાયન રાજર્ષિ વિહાર કરતા વીતભય નગરમાં ગયા. ખરેખર મુનીન્દ્રો સૂર્યની જેમ મહિને-મહિને સંક્રમણ (વિહાર) કરે છે. (૪૭૦) ત્યાં ઉદાયન રાજાએ કરેલો **કેશી** નામનો રાજા છે. કાષ્ટની અંદર રહેલા કીડાઓ વડે જેમ કાષ્ટને તેમ પ્રધાનો વડે રાજ્ય ગ્રસ્ત કરાયું. (૪૭૧) પ્રધાનોના તે વૃત્તાંતને જાણવા છતાં પણ પોતાના મામાને વિષે અતિ ભક્તિવાળા કેશી મામાએ કરેલા પ્રધાનોને મામાની જેમ જ જોતાં કાંઈ પણ બોલતા નથી. (૪૭૨)

ઉદાયન રાજર્ષિને આવેલા જાણીને હવે શંકાવાળા થયેલા તે પ્રધાનોએ વિચાર્યું. નિશ્ચે આ રાજર્ષિ અમારા વડે ગ્રસ્ત કરાયેલા રાજ્યને આંચકી લેશે. (૪૭૩) અમારા વૃત્તાંતને જાણીને આ કેશીને શિક્ષા કરશે. તેથી આચારને અનુરૂપ અમોને તે સન્માન કરશે. (૪૭૪) એ પ્રમાણે આત્મભીરૂ, પાપી એવા તેઓ રાજાને (વ્યુદ્ગ્રાહ કરવા માટે) ઊલટું સમજાવવા માટે કહ્યું. તમારા મામા તપ રોગ વડે કંટાળેલા સ્પષ્ટ દેખાય છે. (૪૭૫) તેથી આ પોતાના રાજ્યને ગ્રહણ કરવા માટે કંડરીકની જેમ નિશ્ચે આવ્યા છે. તેથી આના વિશ્વાસમાં રમતા નહિ (રમણીય નથી). (૪૭૬) કેશીએ પણ કહ્યું, શું કહો છો ? મામા રાજ્યને ભલે ગ્રહણ કરો, **રામના આદેશને કરનાર ભરતની** જેમ મારે મામાનો આદેશ કરવા યોગ્ય છે. (૪૭૭) તેઓએ કહ્યું, રાજ્ય તારા પુણ્ય વડે પ્રાપ્ત કરાયું છે, અન્ય કોઈ વડે નહીં. જો એ પ્રમાણે ન હોય તો પોતાનાં પુત્રને મૂકીને ભાણેજને કોણ રાજ્ય આપે ? (૪૭૮) અને હે દેવ ! આ રાજનીતિ છે, જેથી પિતા પાસેથી પણ રાજ્ય બળાત્કારે ગ્રહણ કરાય તો આપેલા રાજ્યને કેવી રીતે મૂકાય ? (૪૭૯) એ પ્રમાણે તે ધૂર્તો વડે ભ્રમિત કરાયેલો તે રાજા મામાને વિષે વૈરી જેવો થયો. શું કરું ? એ પ્રમાણે પ્રધાનોને પૂછ્યું. તેઓએ પણ કહ્યું, વિષને અપાય. (૪૮૦) એક ગોવાળ દ્વારા મૂઢ એવા કેશીએ ત્યારપછી તે મુનિને વિષમિશ્રિત દહીં અપાવ્યું. સંસારમાં શું અસંભવ હોય ! (૪૮૧) ત્યારબાદ તે મુનિને દાનને માટે બીજા પણ ભિક્ષાના ઘરોમાં તે દુષ્ટ અમાત્યોએ વિષ સહિત દહીં કરાવ્યું. (૪૮૨)

હવે ગ્રહણ કરેલા દહીંમાંથી વિષને હરણ કરીને દેવતાએ મુનિને કહ્યું, તારા વડે અહીં દહીં ગ્રહણ કરવા યોગ્ય નથી. જે કારણથી વિષસહિત દહીં તું પ્રાપ્ત કરીશ. (૪૮૩) ત્યારપછી ત્યાગ કરેલા દહીંવાળા સાધુને ફરી વ્યાધિ વૃદ્ધિ પામ્યો. ખરેખર ! નહીં શાંત કરેલા અગ્નિની જેમ ઔષધ રહિત વ્યાધિ વધે છે. (૪૮૪) ત્યારપછી તે રોગની શાંતિને માટે સાધુએ ફરી પણ દહીં ગ્રહણ કર્યું. ત્યારે પણ તે દેવીએ ત્રણ વાર વિષને દૂર કર્યું. (૪૮૫) એક વખત તે દેવી ત્યાં પ્રમાદ વડે ન આવી અને ત્યારબાદ રાજર્ષિએ વિષસહિત દહીં વાપર્યું. (૪૮૬) પરંતુ ચરમશરીરી હોવાથી અને તપના પ્રભાવથી પણ વિષ મૃત્યુ આપનાર ન થયું. પરંતુ માત્ર તાપને કરનાર થયું. (૪૮૭) ત્યારપછી બુદ્ધિમાન્ રાજર્ષિ વિષના તાપ વડે પોતાના અંતને જાણીને અનશન કર્યું અથવા કોણ પોતાના અર્થમાં મૂંઝાય ? (૪૮૮) અને તે એક માસ અનશનને પાળીને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરીને **અંતિમ રાજર્ષિ ઉદાયન** સિદ્ધ થયા. (૪૮૯) હવે મુનિના નિર્વાણ પછી તે દેવી આવી અને અપરાધ કરનાર રાજાદિને વિષે કાળરાત્રિની જેમ કોપાયમાન થઈ. (૪૯૦) ક્રોધ વડે અંધ થયેલા તે દેવીએ ત્યારે સમસ્ત તે નગરને ધૂળની વૃષ્ટિ વડે સ્થલરૂપ કર્યું અને ધૂળની વૃષ્ટિથી તે દેવી વિરામ ન પામી. (૪૯૧) તે મુનિના અતિ ભક્તિવાળા શય્યાતર કુંભારને કેવલ અભય આપીને વીતભય નગરથી હરણ કર્યો (૪૯૨) અને સિનપલ્લીમાં તેને લઈ જઈને દેવતાએ તેને રાજા કર્યો અને કુંભકારકૃત એ પ્રમાણે નામ વડે તે નગરને કર્યું. (૪૯૩) આ બાજુ અભીચિકુમાર પણ કોણિક વડે ગૌરવ સહિત સત્કાર કરાતો વિદેશમાં પણ સ્વદેશની જેમ સુખેથી રહ્યો (૪૯૪) અને ત્યાં શ્રાવક થઈને અરિહંત ધર્મના તત્ત્વને જાણનાર, વિશુદ્ધ બુદ્ધિવાળો ગૃહસ્થ ધર્મને વિધિ પ્રમાણે પાળતો હતો. (૪૯૫) ધર્મની ક્રિયા કરવા વડે આત્માને નિર્મળ કરવા છતાં પણ રાજ્યને નહીં આપવાથી તેણે પિતાને વિષે કષાય (દ્વેષ)ને ન મૂક્યો. (૪૯૬) હવે અંતે કામદેવાદિ શ્રાવકોની જેમ લીલા વડે સંલેખનાને કરીને પક્ષનાં ઉપવાસવાળા સમ્યક્ રીતે તે રહ્યા. (૪૯૭) પરંતુ પિતાને વિષે કરેલા તે મત્સરની આલોચના ન કરી અને મરીને તે કર્મ વડે અસુરોમાં તે ઉત્પન્ન થયા.

(૪૯૮) ત્યારપછી પલ્યોપમના અંતે ત્યાંથી ચ્યવેલો **અભીચિનો** જીવ વિદેહક્ષેત્રને પામીને નષ્ટ થયેલા દેહવાળા સિદ્ધિને પામશે. (૪૯૯)

જે પ્રમાણે ઉદાયન રાજા વડે ઘણા લાંબા કાળે કષ્ટથી આ સમ્યક્ત્વ પ્રાપ્ત કરાયું, એ પ્રમાણે બીજા પ્રાણીઓને પણ આ ભવમાં પ્રાયઃ કરીને તે સમ્યક્ત્વની દુર્લભતા છે. (૫૦૦)

આ પ્રમાણે "સમ્યક્ત્વની દુર્લભતામાં ઉદાયન રાજાની કથા" પૂર્ણ થઈ

હવે સમ્યક્ત્વના સ્વરૂપને કહે છે -

देवो धम्मो मग्गो साहू तत्ताणि चेव समत्तं ।
तव्विवरीयं मिच्छत्तदंसणं देसियं समए ।।५।।

ગાથાર્થ :- દેવ, ધર્મ, માર્ગ, સાધુ અને તત્ત્વો એ જ સમ્યક્ત્વ અને તેનાથી વિપરીત તે મિથ્યાત્વદર્શન આ પ્રમાણે સિદ્ધાંતમાં કહેલું છે.

ટીકાર્થ :- દેવ, ધર્મ, માર્ગ, સાધુ અને તત્ત્વો તે જ સમ્યક્ભાવ એટલે કે શુદ્ધાત્મ પરિણામરૂપ સમ્યક્ત્વ છે. અહીં ઉપચારથી દેવાદિ તત્ત્વો જ સમ્યક્ત્વનાં હેતુ હોવાથી સમ્યક્ત્વ એ પ્રમાણે ઓળખાય છે. જે પ્રમાણે ઘીને આયુષ્ય કહેવાય છે, તેમ તેનાથી વિપરીત એટલે કે, દેવાદિ તત્ત્વોની શ્રદ્ધાથી વિપરીત મિથ્યાત્વદર્શન શાસ્ત્રમાં કહેલું છે.

૧ - "દેવતત્ત્વ"

હમણાં જે ક્રમે કહેલું છે. તે પ્રમાણે નિર્દેશ કરે છે.

પહેલા દેવતત્ત્વનું વર્ણન કરે છે.

चउतीसअइसयजुओ, अट्ठमहापाडिहेरकयसोहो ।
अट्ठदसदोसरहिओ, सो देवो नत्थि संदेहो ।।६।।

ગાથાર્થ :- ચોત્રીશ અતિશયથી યુક્ત આઠ મહાપ્રાતિહાર્યથી શોભિત અઢાર દોષથી રહિત તે દેવ છે. તેમાં સંદેહ નથી સૂત્ર દ્વારા જ આ ગાથાનો અર્થ કહેવાશે. આથી વિસ્તાર કરાતો નથી. ત્યાં અતિશયોના વિભાગને સ્તવ દ્વાર વડે કહે છે.

चउरो जम्मप्पभिई, इक्कारसकम्मसंखए जाए ।
नवदस य देवजणिए, चउतीसं अइसए वंदे ।।७।।

ગાથાર્થ :- જન્મથી ચાર, કર્મના ક્ષયથી અગિયાર અને દેવથી ઉત્પન્ન થયેલા ઓગણીસ આ પ્રમાણે ચોત્રીસ અતિશયને હું વંદન કરું છું.

ટીકાર્થ :- સુગમ છે, પરંતુ કર્મનાં ક્ષયથી એટલે ઘાતિકર્મનાં ક્ષયથી ઉત્પન્ન થયેલા જાણવા, તે અતિશયો આ છે.

રોગરહિત, મલ અને પરસેવા રહિત સુગંધી શરીર[૧], અરિહંતોનું હોય છે. શ્વાસોચ્છ્વાસ કમળની સુગંધ જેવો[૨], રુધિર અને માંસ શ્વેત[૩], આહાર અને નિહાર ચર્મચક્ષુથી જોઈ ન શકાય તેવા[૪] આ ચાર અતિશયો જન્મથી માંડીને હોય છે. યોજન પ્રમાણ ભૂમિમાં અસંખ્ય દેવતાદિ સમાય છે[૧]. વાણી યોજન પ્રમાણ સંભળાય તેવી[૨], સાંભળનારને પોતપોતાની ભાષામાં સમજાય તેવી[૩], પ્રભુના પાછળના ભાગમાં સૂર્યના મંડલને પણ જીતે તેવું ભામંડલ[૪], સવાસો યોજન સુધીમાં મારિ[૫], દુષ્કાળ[૬], કલહ[૭], વૈર[૮], અતિવૃષ્ટિ[૯], અનાવૃષ્ટિ, રોગ ન થાય. આ અગિયાર ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા અતિશયો છે.

૧ - દુંદુભિ, ૨ - ચામર, ૩ - ત્રણ છત્ર, ૪ - રત્નમય ધ્વજ, ૫ - પાદપીઠ સહિત સિંહાસન, ૬ - આકાશમાં આગળ ચાલતું ધર્મચક્ર, ૭ - સુવર્ણના કમળ પર ચરણને સ્થાપન કરે, ૮ - કાંટા પણ અવળા મુખવાળા થાય, ૯ - ત્રણ ગઢ, ૧૦ - અશોકવૃક્ષ, ૧૧ - ચતુર્મુખ, ૧૨ - વૃક્ષો નમન કરે, ૧૩ - દાઢી, મૂછ, નખો વૃદ્ધિ ન પામે, ૧૪ - પક્ષીઓ પણ પ્રદક્ષિણા આપે, ૧૫ - ઈન્દ્રિયોના વિષયને અનુકૂળ છ ઋતુઓ સમકાળે ફળે, ૧૬ - સુગંધી પાણીની વૃષ્ટિ થાય, ૧૭ - રાત્રિમાં પણ ક્રોડ દેવો પાસે રહે, ૧૮ - પવન અનુકૂળ વાય, ૧૯ - પુષ્પવૃષ્ટિ થાય. આ દેવોએ કરેલા ઓગણીસ અતિશયો છે. આ પ્રમાણે બધા મળીને ચોત્રીસ અતિશયો છે.

"હવે પ્રાતિહાર્યોનું વર્ણન કરે છે" -

कंकिल्लि कुसुमवुट्ठी, दिव्वज्झुणि चामरासणाइं च ।
भावलय भेरिछत्तं, जयंति जिणपाडिहेराइं ।।८।।

ગાથાર્થ :- [૧]અશોકવૃક્ષ, [૨]કુસુમવૃષ્ટિ, [૩]દિવ્યધ્વનિ, [૪]ચામર, [૫]આસન, [૬]ભામંડલ, [૭]દુંદુભિ, [૮]છત્ર - જિનેશ્વરનાં આ પ્રાતિહાર્યો જય પામે છે.

ટીકાર્થ :- અર્થ સ્પષ્ટ છે. પરંતુ દિવ્યધ્વનિ એટલે મનુષ્ય, દેવ, તિર્યંચો પોતપોતાની ભાષામાં સમજી શકે એવો, યોજન સુધી સંભળાય એવો સ્વામીની દેશનાનો ધ્વનિ, દ્વારપાળ (પ્રતિહાર)નું જે કર્મ તે પ્રાતિહાર્ય. જેમ દ્વારપાળ હંમેશાં રાજાની પાસે હોય, તેમ સમવસરણના અભાવમાં પણ પ્રાતિહાર્યો હંમેશાં પ્રભુની પાસે જ હોય છે. આથી અતિશયોની અંદર કહેલા હોવા છતાં પણ અહીં જુદા કહ્યા છે. અહીં પ્રાકૃત હોવાથી દરેક જગ્યાએ વિભક્તિનો લોપ કરેલો છે. "હમણાં દોઢ ગાથા વડે અઢાર દોષોને કહીને તેનાથી રહિત સ્વામીને બે ગાથા વડે નમસ્કાર કરે છે."

अन्नाणकोहमयमाणलोहमायारई य अरई य ।
निद्दासोयअलियवयणचोरियामत्सरभयाइं ।।९।।
पाणिवहपेमकीडापसंगहासा य जस्स इइ दोसा ।
अट्ठारस वि पणट्ठा, नमामि देवाहिदेवं तं ।।१०।।

ગાથાર્થ :- અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, ખોટું વચન, ચોરી, મત્સર, ભય, પ્રાણીવધ, પ્રેમ, અબ્રહ્મનું સેવન, હાસ્ય જેના આ અઢાર દોષ નાશ થઈ ગયેલા છે. તે દેવાધિદેવને હું નમસ્કાર કરું છું.

ટીકાર્થ :- (૧) અજ્ઞાન=વિપરીત બોધ, (૨) ક્રોધ-કોપ, (૩) મદ-જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય, બલ, રૂપ, તપ, શ્રુત - આ આઠ પ્રકારનો છે. (૪) માન-દુરાગ્રહ, (૫) લોભ=ગૃદ્ધિ. અહીં પ્રાણાતિપાતાદિ ચાર પ્રકાર મુખ્યતા વડે જ કહેવાયેલા છે, પરંતુ પરિગ્રહ કહેવાયેલો નથી. તેથી આ પરિગ્રહ ગૃદ્ધિનાં સ્વભાવવાળો હોવાથી અહીં જ જાણી લેવો. (૬) માયા=શઠપણું, (૭) રતિ=ઈષ્ટ એવા શબ્દાદિ વિષયની પ્રાપ્તિમાં મનનો આનંદ, (૮) અરતિ=અનિષ્ટ એવા શબ્દાદિ વિષયની પ્રાપ્તિમાં મનનો ખેદ, (૯) નિદ્રા, (૧૦) શોક, (૧૧) ખોટું વચન, (૧૨) ચોરી, (૧૩) મત્સર=બીજાના ગુણોને સહન ન કરવા. એટલે કે બીજાનાં ગુણો પ્રત્યે દ્વેષ કરવો, (૧૪) ભય=આલોક ભય, પરલોક ભય, આદાનભય, અકસ્માત્ભય, આજીવિકાભય, મરણભય, અપયશભય - આ સાત પ્રકારનો છે, (૧૫) પ્રાણીવધ=પ્રાણીઓનો મન-વચન અને કાયા વડે નાશ કરવો, (૧૬) પ્રેમ=સ્નેહ અથવા રાગ, (૧૭) ક્રીડા પ્રસંગ=અબ્રહ્મનું સેવન, (૧૮) હાસ્ય=વિસ્મયાદિમાં મુખને વિકસ્વર કરવું, 'च' સમુચ્ચય અર્થમાં છે, બાકીનો ગાથાર્થ સ્પષ્ટ છે.

"આવા સ્વરૂપવાળા દેવ, તેનાથી વિપરીત તે અદેવ; એ પ્રમાણે નિશ્ચિત મતિથી પ્રાણીઓને દેવાધિદેવનાં નામોને કહે છે."

तस्स पुणो नामाइं, तिन्नि जहत्थाइं समयभणियाइं ।
अरिहंतो अरहंतो, अरुहंतो भावणीयाइं ।।११।।

ગાથાર્થ :- **દેવાધિદેવનાં ત્રણ નામો શાસ્ત્રમાં કહેલા છે. અરિહંત, અરહંત અને અરુહંત તે ભાવવા યોગ્ય છે.**

"નામોનું યથાર્થપણું બતાવતા કહે છે -"

अट्ठविहं पि य कम्मं, अरिभूयं होइ सव्वजीवाणं ।
तं कम्ममरिहंता, अरिहंता तेण वुच्चंति ।।१२।।

ગાથાર્થ :- **આઠ પ્રકારનાં કર્મો જ સર્વ જીવોને શત્રુભૂત છે. તે કર્મરૂપી શત્રુને હણનારા હોવાથી અરિહંત કહેવાય છે.**

अरहंति वंदणनमंसणाइं अरहंति पूयसक्कारं ।
सिद्धिगमणं च अरहा, अरहंता तेण वुच्चंति ।।१३।।

ગાથાર્થ :- **વંદન-નમસ્કારાદિને યોગ્ય છે. પૂજા-સત્કારને યોગ્ય છે અને સિદ્ધિગમનને પણ યોગ્ય છે. આથી પરમાત્માને અરહંત કહેવાય છે.**

ટીકાર્થ :- વંદન-નમસ્કારને યોગ્ય છે, ત્યાં વંદન=સ્તવન, નમસ્કાર=પ્રણામ તથા પૂજા-સત્કારને યોગ્ય છે, ત્યાં પૂજા એટલે વસ્ત્ર, માલાદિ વડે કરાતી પૂજા અને સત્કાર=અભ્યુત્થાનાદિ, સિદ્ધિગમનને યોગ્ય - એ પ્રમાણે અહીં પ્રતિ ઉપસર્ગ અધ્યાહારથી લીધો છે. એટલે કે સિદ્ધિગમનની પ્રતિ યોગ્ય છે, તેથી તેઓ અર્હંત કહેવાય છે. અહીં વારંવાર ક્રિયાપદ લખ્યું છે, તે પરમાત્માના અતિશયને જણાવવા માટે છે.

अच्चंतं दड्ढंमि, बीयंमि न अंकुरो जहा होइ ।
दड्ढंमि कम्मबीए, न रुहइ भवअंकुरो वि तहा ।।१४।।

ગાથાર્થ :- અત્યંત બળી ગયેલા બીજથી જેમ અંકુરો ફુટતો નથી, તેમ બળી ગયેલા કર્મરૂપી બીજથી ભવરૂપી અંકુરો પણ ઉગતો નથી.

ટીકાર્થ :- સ્પષ્ટ છે. કેવલ બળી ગયેલા કર્મબીજથી ફરીથી ભવમાં આરોહણ થતું નથી અર્થાત્ ભવમાં ભટકવાનું રહેતું નથી. આથી તે પરમાત્માને અરુહંત કહેવાય છે.

"હમણાં આ ભગવાન જ સર્વ પ્રકારે આરાધવા યોગ્ય છે, તેનો ઉપદેશ આપતા કહે છે."

तं नमह तं पसंसह, तं झायह तस्स सरणमल्लियह ।
मा किणह कणयमुल्लेण, पित्तलं इत्तियं भणिमो ।।१५।।

ગાથાર્થ :- તે પરમાત્મને જ નમસ્કાર કરો. તેમની જ પ્રશંસા કરો, તેમનું જ ધ્યાન કરો, તેમનાં જ શરણનો આશ્રય કરો. સુવર્ણના મૂલ્ય વડે કરીને પિત્તળ સમાન અન્યને ન ખરીદો, એ પ્રમાણે અમે કહીએ છીએ.

ટીકાર્થ :- તે અરિહંતને અર્હંતને અથવા અરુહંતને મસ્તક વડે તમે નમસ્કાર કરો. વચન વડે તેની સ્તુતિ કરો. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીતપણા વડે મનથી તેનું ધ્યાન કરો. 'तस्स' એ પ્રમાણે ષષ્ઠી વિભક્તિ દ્વિતીયા વિભક્તિના સ્થાને કરેલી છે અને તેથી રાગાદિ વડે ભય પામેલા તમે રક્ષણ કરનાર એવા શરણભૂત તેમનો આશ્રય કરો. વારંવાર तत् શબ્દનો પ્રયોગ છે એટલે કે આવા પરમાત્માને વિષે જ દેવબુદ્ધિ કરવા યોગ્ય છે એ પ્રમાણે આદર જણાવવા માટે છે. શા માટે આ પ્રમાણે કહેલું છે ? તો કહે છે કે, સુવર્ણના મૂલ્ય વડે તમે પિત્તળને ખરીદો નહીં, એમ અમે કહીએ છીએ. અહીં કહેવાનો ભાવ એમ છે કે, વસ્તુના નામ, વર્ણાદિ સમાન હોવા છતાં પણ બન્નેની વચ્ચે અંતર મહાન છે. તેથી ભ્રમથી સુવર્ણના મૂલ્ય સમાન નમન, પ્રશંસા અને ધ્યાનાદિ વડે પિત્તળ તુલ્ય સરાગી દેવોને આરાધો નહીં. એ પ્રમાણે ઉપદેશ છે તથા કહેલું છે કે -

આકડાનું વૃક્ષ અને સુગંધી વૃક્ષ, પરાક્રમી અને કાયર, રત્નો અને પથ્થર,
વળી એરંડ વૃક્ષ અને કલ્પવૃક્ષ બન્નેમાં મોટું અંતર છે. ।।૧।।

પંથ સમાન કુપંથો છે, સુવર્ણ સમાન પિત્તળ છે, તેમ ધર્મ સમાન અધર્મ છે,
તેથી મતિનો વિભ્રમ કરવા યોગ્ય નથી. ।।૨।। આ પ્રમાણે ગાથાર્થ છે.

તેને નમસ્કાર કરો, એ પ્રમાણે જે કહેવાયું અને તે નમનાદિક પરમપદમાં રહેલા ભગવાનની પ્રતિમાને વિષે જ છે. આલંબન સહિત તે પ્રતિમા મંદિરમાં સ્થાપવા યોગ્ય છે. આ પ્રમાણે તેને બનાવવાના ઉપદેશને કહે છે.

मेरुव्व समुत्तुंगं, हिमगिरिधवलं लसंतधवलधयं ।
भवणं कारेयव्वं, विहिणा सिरिवीयरायस्स ।।१६।।

ગાથાર્થ :- મેરુની જેમ ઊંચુ, હિમગિરિની જેમ શ્વેત ચમકતી ધજાવાળું એવું શ્રી વીતરાગ પરમાત્માનું ભવન વિધિ વડે કરાવવું જોઈએ.

ટીકાર્થ : સરળ છે. "વિધિ વડે કરાવવું જોઈએ, એ પ્રમાણે કહેલું છે. આથી હવે વિધિને કહે છે."

जिणभवणकारणविही, सुद्धा भूमीदलं च कट्ठाई ।
भियगाणइसंधाणं, सासयवुड्ढी य जयणा य ।।१७।।

ગાથાર્થ :- જિનભવન કરાવવાની વિધિ આ પ્રમાણે છે. શુદ્ધ ભૂમિ, કાષ્ઠ, ઈંટ, પથ્થરાદિ શુદ્ધ નોકરાદિને અધિકતર દાન, શુભઅધ્યવસાયની વૃદ્ધિ અને જયણા પાળવી - આ છે.

ટીકાર્થ :- જિનભવન કરાવવાની વિધિ-શુદ્ધા એટલે કે શલ્યરહિત અને બીજાને અપ્રીતિ ન થાય તેવી, ભૂમિદલ=કાષ્ઠ, ઈંટ, પથ્થરાદિ શુદ્ધ એટલે કે સ્વાભાવિક નિષ્પન્ન તેને કરનારા પાસેથી ઉચિત મૂલ્ય આપવા વડે ગ્રહણ કરાય. તથા સુથારાદિ નોકરોને ઠગવા નહીં અને જે પ્રમાણે કહેલું હોય તેના કરતા અધિકતર વેતન આપવું તથા શુભઅધ્યવસાયની અથવા પોતાના અધ્યવસાયની વૃદ્ધિ કરવી. જેમ કે

અહીં પ્રભુને વંદન માટે આવેલા કૃતપુણ્ય, પૂજ્ય, ગુણરત્નોના ભંડાર, મહાસત્ત્વશાળી એવા સાધુઓને હું જોઈશ. ॥૧॥

તથા - કલંક વિનાના પરમાત્માના બિંબને જોઈને અન્ય પણ ભવ્ય જીવો પ્રતિબોધ પામશે, આનાથી શ્રેષ્ઠ બીજો કયો ધર્મ હોઈ શકે ? ॥૨॥

જે અહીં નિરંતર ઉપયોગમાં આવે છે તે જ મારું ધન છે (ધનનો સાચો સદુપયોગ છે) એ પ્રમાણેની વિચારણાવાળી શુભ અધ્યવસાયની વૃદ્ધિ મોક્ષના ફળવાળી છે. ॥૩॥

તથા જયણા પાણીને ગાળવું આદિ રૂપ છે. च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. આ પ્રમાણે ગાથાર્થ છે.

"હવે તે કોના વડે કરાવવા યોગ્ય છે, તેને કહે છે"

अहिगारिणा इमं खलु, कारेयव्वं विवज्जए दोसो ।
आणाभंगाउ च्चिय, धम्मो आणाइ पडिबद्धो ।।१८।।

ગાથાર્થ :- અધિકારી વડે જિનભવન કરાવવા યોગ્ય છે. અનધિકારી કરાવતે છતે દોષ છે. આજ્ઞાભંગથી નિશ્ચે દોષ છે. ધર્મ આજ્ઞાને બંધાયેલો છે.

ટીકાર્થ :- અહીં खलु એવકાર અર્થમાં છે. તેથી અધિકારી વડે જ આ જિનભવન કરાવવા યોગ્ય છે. અધિકારીનું સ્વરૂપ આગળ કહીશું. અનધિકારી કરાવતે છતે દોષ છે. કયા કારણથી દોષ છે ? આજ્ઞાભંગથી જ આજ્ઞા=જિનાગમ તેનો ભંગ, એટલે કે આજ્ઞાથી વિપરીત કરવું તે આજ્ઞાભંગથી. હવે આજ્ઞા-ભંગમાં દોષનું કારણપણું કેવી રીતે છે ? તો કહે છે કે, ધર્મ આજ્ઞાથી બંધાયેલો સ્વાધીન છે.

આ જ વાત વિશેષથી કહે છે.

तित्थगराणामूलं, नियमा धम्मस्स तीइ वाघाए ।
किं धम्मो किमहम्मो, मूढा नेयं वियारंति ।।१९।।

ગાથાર્થ :- ધર્મનું મૂળ તીર્થંકરોની આજ્ઞા છે, તે આજ્ઞાના વિનાશમાં ધર્મનો નાશ છે. શું ધર્મ અને શું અધર્મ તે મૂઢજનો વિચારતા નથી.

ટીકાર્થ-સ્પષ્ટ છે. "બુદ્ધિવાળાઓ વડે જે જાણવા યોગ્ય છે, તેને કહે છે."

आराहणाइ तीए, पुन्नं पावं विराहणाए उ ।
एयं धम्मरहस्सं, विन्नेयं बुद्धिमंतेहिं ।।२०।।

ગાથાર્થ :- તેની આરાધનાથી પુણ્ય અને વળી વિરાધનાથી પાપ. આ ધર્મના રહસ્યને બુદ્ધિમાન પુરુષો વડે જાણવા યોગ્ય છે.

ટીકાર્થ :- આ પણ સ્પષ્ટ જ છે.

અને આ અર્થમાં દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે -

ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર છે જ્યાં હંમેશાં સુપ્રતિષ્ઠ સર્વે માણસો પ્રતિમાની જેમ આનંદ પામે છે. ॥૧॥ ત્યાં જિતશત્રુ નામનો રાજા છે, જેના યશ વડે ચારે બાજુથી ઉખેડાયેલું શ્યામપણું શત્રુના પક્ષને આશ્રય કરતું હતું. ॥૨॥ ત્રણ જગતને પ્રાર્થના કરવા યોગ્ય સુખોનું જાણે નિધાન ન હોય તેમ તેને રત્નાવલી વગેરે અનુપમ લક્ષ્મીવાળી (અનુપમ કાંતિવાળી) સ્ત્રીઓ હતી. ॥૩॥ એક દિવસ રાજા પોતાની પર્ષદામાં રાજકાર્યોની આજ્ઞાના સારનો નિર્ણય કરતો બેઠેલો હતો. ॥૪॥ તેટલામાં પૂર્વ અને પશ્ચિમનાં ઉદ્યાનપાલકો વડે આવીને એકીસાથે આંબાની મંજરી અર્પણ કરીને મનોહર સ્વરે વિજ્ઞપ્તિ કરાઈ. ॥૫॥ હે સ્વામિન્ ! હમણાં ઉદ્યાનની ભૂમિ ચારે બાજુથી ઋતુરાજ વસંતરાજે વાસિત કરી છે, તે તમોને ભેટવાની ઈચ્છાવાળો છે. તે સાંભળીને પ્રમોદના સમૂહથી હર્ષિત થયેલા વસંત-ઋતુની લક્ષ્મીને જોવાની ઈચ્છાવાળા મહારાજાએ તલારક્ષકને બોલાવીને આદેશ કર્યો. ॥૬-૭॥ ઢંઢેરો પીટાવીને તું નગરજનોને આજ્ઞા કર. હે જનો ! સાવધાન થઈને તમે સાંભળો. ॥૮॥ સવારે પૂર્વદિશાના ઉદ્યાનમાં અંતઃપુર સહિત રાજા વસંતઋતુની ક્રીડાને માટે જશે. પશ્ચિમના ઉદ્યાનમાં નગરજનો વડે જવા યોગ્ય છે. ॥૯॥

હવે આરક્ષકે જે પ્રમાણે રાજાએ કહેલું, તે પ્રમાણે ઉદ્ઘોષણા કરાવી. ખરેખર સજ્જનોને જે પ્રમાણે ગોત્રની સ્થિતિ તે પ્રમાણે રાજાની આજ્ઞા અનુલંઘનીય છે. ॥૧૦॥ તે સાંભળીને યૌવનનાં ઉન્માદરૂપી મદિરાના મદથી વિહ્વળ થયેલા, અતિશય દુર્દાન્ત, કામથી વિહ્વળ થયેલા કેટલાક ઉચ્છૃંખલ થયેલા, દુર્જનો, ભવિષ્યનો વિચાર નહીં કરનારા મૂર્ખ, પાપી, કુલને કલંકિત કરનારા, સમાન વયવાળા, શ્રેષ્ઠીપુત્રો પરસ્પર બોલતા હતા. ॥૧૧-૧૨॥ જો રાજાની સૂર્યને નહીં જોનારી એવી સ્ત્રીઓ આપણે જોઈ નથી, તો આપણા ધનને ધિક્કાર થાઓ, જીવિતને ધિક્કાર થાઓ, રૂપને ધિક્કાર થાઓ અને યૌવનને પણ ધિક્કાર થાઓ. ॥૧૩॥ ચતુર અને આપણને જોઈને અનુરાગને વશ થયેલી તે સુભગાઓ (રાણીઓ) છે કે જે કામના બાણરૂપી કટાક્ષો વડે હણે નહિ. ॥૧૪॥ તેથી હે ! તમે ત્યાં ચાલો દૃષ્ટિ સફલ થાઓ, મનુષ્ય જન્મ કૃતાર્થ થાઓ અને પોતાના મનોરથો પૂરાય. ॥૧૫॥ એ પ્રમાણે વિચારીને ત્યારપછી દુરાત્મા એવા તે સર્વે ત્યારે જ પોતાના જાણે વધના વેષને ધારણ કરતા ન હોય તેમ વિકસ્વર શૃંગારને ધારણ કરીને ॥૧૬॥ પ્રભાત નહીં થયે છતે પણ જલદીથી રાજા જે વનમાં જવાને ઈચ્છતા હતા, તે વનમાં જલદી જઈને મોટા વૃક્ષો પર ચડીને ન જણાય, તેની જેમ તેઓ રહ્યા. ॥૧૭॥ સમગ્ર સામગ્રીવાળા બીજા નગરજનો વળી ઘણા આનંદને ધારણ કરતા પશ્ચિમના ઉદ્યાનમાં ગયા. ॥૧૮॥ સવારે અંગરક્ષકો પૂર્વના ઉદ્યાનને અંદરથી તપાસીને બંને બાજુથી રક્ષાને માટે પ્રવેશ્યા. **રાજાઓની ખરેખર આ જ રૂઢિ છે.** ॥૧૯॥

હવે સૂર્યોદય વેળામાં રાજા, કુમાર અને કુમારિકા સહિત પોતાના અંતઃપુર પરિવાર સહિત ચાલ્યો. ॥૨૦॥ હવે આગળ ઉષ્ણ કિરણવાળા સૂર્યને સન્મુખ આવતો જોઈને યશના સિંધુ સમાન અને જગતના બંધુ સમાન રાજાએ પોતાના માણસોને કહ્યું. ॥૨૧॥ અહો ! આ સારું નથી કરાયું. મૃત્યુને ઉત્પન્ન કરનાર એવો આ સૂર્ય અહીં સન્મુખ આવતે છતે જે ચક્ષુનો વિષય નહિ બને. ॥૨૨॥ તે અધિકારીઓએ ત્યારે કહ્યું, કુબુદ્ધિવાળા અમોને આવા પ્રકારે ન સૂઝયું. તેથી હે દેવ ! હમણાં પણ પશ્ચિમના ઉદ્યાનમાં જવાય. ॥૨૩॥ જાણે ઉગ્ર તેજવાળા આ સૂર્યની સાથે યુદ્ધ ન કરતો હોય તેમ દેવ પૂર્વાહ્નમાં અને અપરાહ્નમાં પણ સૂર્યને પાછળ કરે છે. ॥૨૪॥ ત્યારપછી તે કાળે જ રાજા પશ્ચિમ ઉદ્યાન તરફ ચાલ્યો અને નગરજનોને લીલારૂપી લાકડીઓ છે હાથમાં જેને એવા નોકરો વડે પૂર્વ ઉદ્યાન તરફ ચલાવ્યા. ॥૨૫॥ અને ત્યારપછી રાજાને અનુસરનારી (રાજાની પાછળ ચાલનારી) પત્નીઓ અગ્રપણાને પામી અને તેથી પહેલા જ તેણીઓએ તે ઉદ્યાનને પ્રાપ્ત કર્યું. ॥૨૬॥ અને ત્યાં જલદીથી પડદા સહિતના સુખાસનથી નાટકોમાં પડદાની અંદરથી રંગભૂમિમાં પાત્ર (વ્યક્તિ) ઉતરે તેમ તેણીઓ ઉતરી. ॥૨૭॥ આગળ ગયેલા કેટલાક મનુષ્યો વડે તે રાજાની રાણીઓ જોવાઈ, ત્યારે તેઓને જોવાથી લોકોત્તર હર્ષને પ્રાપ્ત કરવા વડે તેઓએ નમસ્કાર કર્યો. ॥૨૮॥ તે કાલે આવેલા અંગરક્ષકાદિ રાજાના અધિકારીઓ વડે અરે, તમે કેમ રાજાની રાણીઓને જુઓ છો ? એ પ્રમાણે તે પુરુષોને પકડ્યા. ॥૨૯॥ પૂર્વના ઉદ્યાનમાં વળી નગરજનોને ત્યારે આવતા જોઈને રાજા અહીં આવશે નહીં, એ પ્રમાણે જાણીને ખેદવાળા થયેલા, રાજપત્નીઓને જોવાની ઈચ્છાવાળા, પૂર્વે પ્રવેશેલા તે દુષ્ટ પુરુષો વિલખા થયેલા અને નિષ્ફળ થયેલા આરંભવાળા વૃક્ષ પરથી નીચે પૃથ્વી પર ઉતર્યા. ॥૩૦-૩૧॥ જાણ્યો છે રાજવૃત્તાંત (રાજાનું પશ્ચિમ ઉદ્યાનનું ગમન) જેને એવા, પશ્ચિમ ઉદ્યાનમાં જવાને માટે ઉઠેલા એવા અંગરક્ષકો વડે તેઓ જોવાયા અને હે દુરાત્માઓ ! તમે અહીં રાજાની આજ્ઞાનો ભંગ કરનારા છો, એ પ્રમાણે ધારણ કરીને (પકડીને) રાજાના અધિકારીઓ વડે લઈ જવાયા. જે કારણથી તીવ્ર પાપ જલદીથી ફળ આપે છે. ॥૩૨-૩૩॥ ઈન્દ્ર સમાન લક્ષ્મીવાળા બીજા બધા પણ નગરજનો ઈચ્છા પ્રમાણે શંકારહિત, નહીં નિવારણ કરાયેલા રમતા હતા. ॥૩૪॥ રાજા પણ ઈચ્છા પ્રમાણે વસંતઋતુની લક્ષ્મીને ભોગવીને સાંજે પશ્ચિમના ઉદ્યાનથી પોતાના ઘરે આવ્યો. ॥૩૫॥

હવે અંગરક્ષકો વડે બીજે દિવસે તે બન્ને ઉદ્યાનના તે બંને અપરાધીઓને રાજાની પાસે લવાયા. ॥૩૬॥ હવે રાજાએ પૂછ્યું, 'હે ! આ કોણ છે ? અને કયા અપરાધ વડે ધારણ કરાયા છે ? અંગરક્ષકોએ તે વૃત્તાંતને રાજાને કહ્યો. ॥૩૭॥ તે સાંભળીને પણ એમની ઉપર (આ અપરાધીઓ ઉપર) પ્રકર્ષ બુદ્ધિવાળો રાજા કોપાયમાન ન થયો. ખરેખર જગત્પતિ અંતરંગ છ શત્રુવર્ગનો વિજેતા છે. ॥૩૮॥ ત્યારપછી વિશેષને જાણનાર ન્યાય, અન્યાયના ભેદને જાણનાર રાજાએ અપરાધના અનુમાનથી નિગ્રહ-અનુગ્રહ કરવા માટે સ્વયં પહેલા પશ્ચિમ ઉદ્યાનમાં જનારને પૂછ્યું. અરે ! અંતઃપુરને તમારા વડે શા માટે જોવાયું ? ॥૩૯-૪૦॥ તેઓએ કહ્યું, તમારી આજ્ઞા વડે અમે પહેલા જ પશ્ચિમ ઉદ્યાનમાં ગયા હતા. પછી અંતઃપુરની સ્ત્રીઓ ત્યાં આવી. ॥૪૧॥ ત્યારપછી હે દેવ ! જલદીથી સુખાસનથી ઉતરેલી દેવીઓ અમારા વડે આનંદથી જોવાઈ અને પોતાની માતાની જેમ નમસ્કાર કરાઈ. ॥૪૨॥ અને વળી ચક્ષુના વિષયને પામેલા રૂપને નહીં જોવું તે અશક્ય છે. પરંતુ હે પ્રભુ ! પંડિત પુરુષ તેને વિષે જે રાગદ્વેષ છે, તેને છોડે છે. ॥૪૩॥ હે દેવ ! અંતઃપુરનો જોવાનો ઉદ્યમ અમારા વડે કરાયો નથી; પરંતુ દેવ ! દેવીઓનું દર્શન આ પ્રમાણે જ થયું. ॥૪૪॥ તેથી અહીં

હે રાજન્ ! દોષ સહિત અથવા નિર્દોષ એવા અમોને વિચારીને દંડ કરો, જેથી રાજા ધર્મતુલારૂપ છે. ॥૪૫॥ હવે પવિત્ર બુદ્ધિવાળા તે રાજાએ તેમના ચારિત્રને વિચારીને નિર્દોષ એવા સમસ્ત તે લોકોને સત્કાર કરીને મૂકાવ્યા. ॥૪૬॥ હવે રાજાએ બીજા અપરાધીઓને કહ્યું - હે અધમો ! પૂર્વના ઉદ્યાનમાં તમે પહેલા જ કેમ ગયા ? ॥૪૭॥ રાત્રિમાં જ વૃક્ષ ઉપર ચડીને પક્ષીની જેમ છૂપાઈ ગયા. હે પાપીઓ ! કેમ અમારી આજ્ઞાને લોપી શું પટહને સાંભળ્યો ન હતો ? ॥૪૮॥ વાચાળ એવા તેઓએ કહ્યું, હે સ્વામિન્ ! અમૃતના કૂપ સમાન તમારા અંતઃપુરના રૂપને જોવાની ઈચ્છાવાળા અમે કૌતુકથી ગયા હતા. ॥૪૯॥ નિધાનની જેમ જે કારણથી કોઈને પણ ક્યારેય બતાવાતી નથી, તો શું આ મનુષ્ય સંબંધી સ્ત્રી છે અથવા શું દેવી છે ? કયા સ્વરૂપવાળી આ છે ? ॥૫૦॥ રાજાની સાથે ઈચ્છા પ્રમાણે રમતી એવી નિશ્ચે વૃક્ષની મધ્યમાં રહેલા વિકસ્વર લોચનોવાળા અમારા વડે જોવાશે. ॥૫૧॥ પરંતુ અમારા અભાગ્ય વડે દેવ અહીં આવ્યા નહીં. દેવીઓ પણ જોવાઈ નહીં, અમારો ઉદ્યમ ફોગટ થયો. ॥૫૨॥ રાજસ્ત્રીને જોનારા પણ આ લોકો સ્વામી વડે નિર્દોષ કરાયા તો નહીં જોયેલી રાજસ્ત્રીઓવાળા, અમોને દોષની આશંકા જ ક્યાંથી ? ॥૫૩॥ અભિમાન વડે અમોએ આજ્ઞાનો ભંગ કર્યો નથી, પરંતુ બાળપણની ચપળતાથી આ પ્રમાણે કર્યું. તેથી દેવ વડે અમારા પર પણ અપ્રસાદ કરવા યોગ્ય નથી. ॥૫૪॥ રાજાએ કહ્યું, હે મૂર્ખો ! તમે આ પણ શું જાણતા નથી કે, રાજાની આજ્ઞા એ જ જીવન છે અને આજ્ઞાનો ભંગ કરનારા રાજઘાતક છે. ॥૫૫॥ આજ્ઞા જ સારભૂત છે. રાજાની આજ્ઞાનો ભંગ તેં મહાન અપરાધ છે. તેથી તે સર્વે અપરાધીઓને આગળના ઘટિકાગૃહમાં નિગ્રહ કરો. ॥૫૬॥ તે રાજાએ તેઓને કોઈપણ રીતે ઘણા દ્રવ્ય વડે પણ મૂક્યા નહીં. જે કારણથી રાજાઓ પોતાના પુત્રના પણ આજ્ઞાભંગને સહન કરતા નથી. ॥૫૭॥ કોણ શું બોલે છે, એ પ્રમાણે જાણવા માટે વિશુદ્ધ બુદ્ધિના વૈભવવાળા રાજાએ ત્યારે પોતાના છૂપા પુરુષોને તેઓની પાસે મૂક્યા. ॥૫૮॥ ત્યાં કેટલાક લોકો ગ્રહણ કરાયેલા તેઓને જોઈને આ પ્રમાણે બોલતા હતા. હા ! આવા પ્રકારની રાજનીતિને ધિક્કાર થાઓ. હા, રાજાની અવિવેકતાને ધિક્કાર થાઓ. ॥૫૯॥ હાથીના બચ્ચા સમાન, રૂપથી તિરસ્કૃત કર્યો છે કામદેવને જેમને એવા, જાતિમાન સુવર્ણના વર્ણવાળા, નેત્રરૂપી કમલને ચંદ્ર સમાન, લાવણ્યરૂપી અમૃતની નદી સમાન, કદલીના ગર્ભની જેમ કોમલ એવા આ કુમારોને હા, હા યમની જેમ ક્રૂર, દયા વગરના રાજાએ ગ્રહણ કર્યા. ॥૬૦-૬૧॥ આ નિગ્રાહી વાક્યને ઉત્પન્ન કરવામાં શું રાજાની જિલ્વા વંધ્યા ન થઈ ? તેમ આ લોકોની માતા કેમ વન્ધ્યા ન થઈ ? ॥૬૨॥ બીજા કેટલાક વળી તેવા પ્રકારના રહેલા તે અપરાધીઓને જોઈને આ પ્રમાણે બોલતા હતા. અહો ! આઓનું કેવું અજ્ઞાનપણું, જેથી રાજાની આજ્ઞા ભંગાઈ. ॥૬૩॥ મહાન ઋદ્ધિવાળા કુલમાં ઉત્પન્ન થયેલા પ્રાપ્ત કરેલા નવયૌવનવાળા, નહીં પ્રાપ્ત કરેલા સુખના આસ્વાદવાળા મનોરથથી ભરેલા ગયા. ॥૬૪॥ ભોગકાલ ઉપસ્થિત હોતે છતે અને ભોગને યોગ્ય વૈભવ હોતે છતે પોતાના દુઃકર્મ વડે હા ! ખેદની વાત છે કે, તેઓ ભોગ-વૈભવથી દૂર કરાયા. ॥૬૫॥ રાજાનું પણ અજ્ઞાનપણું છે, જે કારણથી મહાદંડ વડે આ લોકોને દંડ કરાયો. જેથી મનુષ્યને કેટલા કષ્ટ વડે પ્રમાણપણું થાય. ॥૬૬॥ આ લોકો વડે આજ્ઞાનો ભંગ કરાયે છતે રાજાના દેહનું અંગ, ઉપાંગ અથવા રાજ્યાંગ, કાંઈપણ શું ભંગાયું ? ॥૬૭॥ તેથી અરે દુર્ભાગ્ય ! બોલ, અહીં આને માટે શું કહેવાય ? રંગનો અને પાશનો તે બંનેનો તેવા પ્રકારનો દોષ નથી. ॥૬૮॥ આ લોકોને દ્રવ્યદંડાદિ વડે વળી જો દંડ કર્યો હોત તો રાજાને ધન પ્રાપ્ત થાત અને આઓને જીવન પ્રાપ્ત થાત.

॥૬૯॥ પવિત્ર ચિત્તવાળા બીજાઓ આ પ્રમાણે બોલ્યા. રાજા વડે આ યુક્ત જ કરાયું, જેથી આ લોકો આ પ્રમાણે દંડ કરાયા. ॥૭૦॥ અન્યથા અન્ય લોકોને પણ અન્યાય કરતા શંકા પણ ન થાત અને સ્વચ્છંદપણું થાય. ॥૭૧॥ જો આ લોકોથી થતી આજ્ઞાનો લોપ રાજાએ સહન કર્યો હોત તો કામદેવથી પણ કોમળ તે આજ્ઞા નિશ્ચે થાત. ॥૭૨॥ વળી આ લોકોને કરેલા આવા પ્રકારના દંડથી આજથી માંડીને ભયભીત થયેલા કોઈપણ લોકો કોપ સહિતની સર્પિણીની જેમ આજ્ઞાને ઉલ્લંઘશે નહીં. ॥૭૩॥

તે સર્વે છૂપા પુરુષો વડે રાજાની આગળ લવાયા અને તેઓએ કહેલું સર્વે જેવું હતું તેવું સમસ્ત નિવેદન કરાયું. ॥૭૪॥ ત્યારપછી યુક્તિને જાણનાર રાજાએ અપરાધીની વ્યથાથી પીડિત એવા પહેલા લોકોને તે અપરાધીઓની સાથે જ મેળવી આપ્યા. ॥૭૫॥ વળી હરણ કરાયેલા સર્વસ્વવાળા બીજાઓને દેશનો ત્યાગ કરાવ્યો. જે કારણથી ન્યાયને જાણનાર બીજાને અધિક દંડ કરતા નથી. ॥૭૬॥ વળી ન્યાયને ગ્રહણ કરનાર ત્રીજા લોકોને ઉચિતને જાણનાર રાજાએ વસ્ત્ર દાનાદિ વડે સત્કાર કરીને વિસર્જન કર્યા. ॥૭૭॥ અને અહીં આ ઉપનય છે. ખરેખર જે રાજા તે તીર્થંકર છે, રાગરહિત તે સ્વામી મોક્ષમાં આનંદ પામે છે. ॥૭૮॥ ભક્ત અને અભક્ત પ્રાણીઓને તે અનુગ્રહ અને નિગ્રહ કરતા નથી, પરંતુ તે પ્રાણીઓ કર્મના દોષથી સ્વયં જ અનુગ્રહ અને નિગ્રહને મેળવે છે. ॥૭૯॥ જેમ શીતઋતુમાં અગ્નિની આરાધના કરનાર મનુષ્યોને ઠંડીની પીડા દૂર જાય છે અને અગ્નિની વિરાધના કરનાર ઠંડી વડે પીડાય છે. ॥૮૦॥ જેમ ચિંતામણિથી અથવા તો તેની સેવા કરનાર મનુષ્યો ઈચ્છિતને મેળવે છે. વળી તેની અવજ્ઞા કરનાર અન્ય મનુષ્યો ઈચ્છિતને મેળવતા નથી. ॥૮૧॥ અને ત્યારપછી દુર્દાંત શ્રેષ્ઠીપુત્રોની ઉપમાવાળા જે જિનાજ્ઞાનો લોપ કરનાર છે. તેઓ અનંત સંસારનાં ભ્રમણ સ્વરૂપ મહાદંડને મેળવે છે. ॥૮૨॥ જેઓ પોતાના વૈરી એવા અજ્ઞાનપણાથી આજ્ઞાભંગનો પક્ષપાત કરે છે. તેઓ પણ આજ્ઞાભંગના વલ્લભપણા વડે આજ્ઞાભંગ કરનારની જ ગતિને પામે છે. ॥૮૩॥ વળી જેઓ જિનાજ્ઞાનો ભંગ કરનારને વિષે માધ્યસ્થપણું ધારણ કરે છે, તેઓ ધર્મના સર્વસ્વની હાનિ વડે ભવજંગલમાં ભમે છે. ॥૮૪॥ વળી જેઓ જિનાજ્ઞાના ભંગથી કુષ્ઠરોગ વડે દૂષિત થયેલાની જેમ સુવેષના આડંબરવાળાઓને દૂરથી ત્યજે છે, હા, તેઓ બિચારા સંસારના અનંતપણારૂપ દંડને પ્રાપ્ત કરશે. હા, તેઓ દુર્ગતિરૂપ પિશાચી વડે ગળાશે (ગ્રહણ કરાશે). ॥૮૫-૮૬॥

જિનાજ્ઞાનો લોપ કરનારા પાપી પોતાના પાતથી પડશે, તેઓની ક્રિયાથી પરાઙ્મુખ થયેલા તેઓનો જેઓ આ પ્રમાણે શોક કરે છે અને સ્વયં જિનાજ્ઞા વડે હંમેશાં પૃથ્વી પર વિચરે છે, તે સુસાધુઓ આ લોકમાં પણ જગત્પૂજ્ય થાય છે અને વળી પરલોકમાં તેઓને કાર્મણ વડે પણ દુઃખે કરી પ્રાપ્ત કરી શકાય તેવી સ્વયંવરા સ્વર્ગ અને મોક્ષથી ઉત્પન્ન થયેલી લક્ષ્મી સામે આવે છે. ॥૮૭-૮૮-૮૯॥

તેથી જિનાજ્ઞાની વિરાધનાનું ફળ સંસાર અને આરાધનાનું ફળ મોક્ષને જાણીને સંસારથી ભય પામેલા વડે અને મોક્ષને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓ વડે સતત જિનાજ્ઞા આરાધવા યોગ્ય છે. ॥૯૦॥

હમણાં પ્રસ્તુત જિનમંદિરના અધિકારીને બતાવતા કહે છે.

अहिगारी उ गिहत्थो, सुहसयणो वित्तसंजुओ कुलजो ।
अक्खुद्दो धिइबलिओ, मइमं तह धम्मरागी य ।।२१।।

ગાથાર્થ :- સુખી સ્વજનવાળો ધનથી યુક્ત, ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલો, કૃપણતા અથવા ક્રૂરતા રહિત, ધૃતિ અને બલવાળો, મતિમાન અને ધર્મરાગી એવો ગૃહસ્થ અધિકારી છે. ॥૨૧॥

ટીકાર્થ :- સુગમ છે, પરંતુ અક્ષુદ્ર એટલે કૃપણતા રહિત અથવા ક્રૂરતા રહિત ધૃતિ અને બલવાળો, ધૃતિ અને બલથી હીન હોય તે ખરેખર પશ્ચાત્તાપ વડે ધર્મને ત્યજે.

અધિકારી વડે જિનગૃહ નિર્માણ કરાયે છતે શું કરવા યોગ્ય છે, તે કહે છે.

निप्फाइऊण एवं, जिणभवणं सुंदरं तहिं बिंबं ।
विहिकारियमह, विहिणा पइट्ठविज्जा लहुं चेव ।।२२।।

ગાથાર્થ :- એ પ્રમાણે જિનભવનને કરાવીને ત્યાં વિધિથી કરાવેલા સુંદર જિનબિંબને વિધિ વડે જલદીથી પ્રતિષ્ઠા કરાવવી જોઈએ.

ટીકાર્થ :- સુગમ છે, પરંતુ આ જિનબિંબ કરાવવાની વિધિ –

પહેલા સૂત્રધારને વસ્ત્રાદિ વડે સન્માન કરીને લોભ વગરના તેને શુદ્ધ ચિત્ત વડે વૈભવને ઉચિત મૂલ્ય આપવું જોઈએ. ॥૧॥ પ્રતિષ્ઠા વિધિ સંક્ષેપથી આ પ્રમાણે.

ચૈત્યની અંદર શુભલગ્નમાં અધિવાસન કરીને ઉચિત પૂજા વડે પંચમંગલપૂર્વક જિનેશ્વરના બિંબને સ્થાપન કરવું જોઈએ. ॥૨૨॥

"હવે જિનભવનની જ નિર્માણવિધિના વિશેષ કરાયેલા ભેદોને કહે છે."

अहिगारिणा विहीए, कारवियं जं न साहुनिस्साए ।
तमनिस्सकडं अट्ठावइव्व सेसं तु निस्सकडं ।।२३।।

ગાથાર્થ :- અધિકારી વડે વિધિથી કરાવાયેલું, સાધુ નિશ્રાથી નહીં તે અષ્ટપદાદિની જેમ અનિશ્રાકૃત કહેવાય. બીજા વળી નિશ્રાકૃત કહેવાય.

ટીકાર્થ :- અધિકારી વડે વિધિથી કરાવાયેલું જે કરાવેલું હોય પણ સાધુની નિશ્રા વડે નહીં અથવા યતિના આશ્રય વડે જેમ કે મારા ગુરુઓ રહેશે અથવા વ્યાખ્યાનાદિ કરશે આવું જ્યાં નથી તે અનિશ્રાકૃત જિનભવન, અષ્ટાપદની જેમ ભરત ચક્રવર્તી વડે કરાવાયેલા અષ્ટાપદ ગિરિના શિખર પર રહેલા જિનભવનની જેમ. બીજા વળી જે ઉપર કહેલું છે, તેનાથી વિપરીત રીતે કરાયેલ તે નિશ્રાકૃત કહેવાય.

"શ્રી ભરત ચક્રવર્તી વડે કરાવાયેલા અનિશ્રાકૃત અષ્ટાપદ ચૈત્યનું કથાનક આ પ્રમાણે" -

જંબૂદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણ ભરતાર્ધ ક્ષેત્રમાં કલ્પવૃક્ષથી શોભિત ગંગાસિંધુ નદીના મધ્યખંડમાં અહીં અવસર્પિણી કાળમાં સુષમ દુઃષમા આરામાં મરુદેવાના પ્રિય નાભિ સાતમા કુલકર થયા. ॥૧-૨॥ અષાઢ માસના કૃષ્ણપક્ષમાં સુનિર્મલ એવા ચોથના દિવસે યુગાદિદેવનો જીવ સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને ત્રણ જ્ઞાનથી પવિત્ર એવો આત્મા શ્રી મરુદેવા દેવીના સરોવર જેવા ઉદરમાં હંસની જેમ અવતર્યા. ॥૩-૪॥ ત્યારે ત્રણે લોકમાં સંસારવર્તી પ્રાણીઓને ન કહી શકાય તેવો કોઈ ઉદ્યોત અને ક્ષણમાત્ર અદ્‌ભુત સુખ થયું. ॥૫॥

ત્યારે કાંઈક નિદ્રામાં રહેલી દેવી વડે વર્ણરાશીમાં સ્વરોની જેમ સ્વપ્નમાં ઉત્તમ એવા વૃષભ, હાથી, સિંહ, અભિષેક કરાતી લક્ષ્મીદેવી, પુષ્પની માળા, ચંદ્ર, સૂર્ય, પૂર્ણકળશ, શ્વેતધ્વજ, પદ્મસરોવર, સમુદ્ર, વૈમાનિક દેવોનું વિમાન, રત્નનો ઢગલો અને અગ્નિ - આ પ્રમાણે ચૌદ સ્વપ્નો મુખરૂપી કમળમાં પ્રવેશ કરતા જોવાયા. ॥૬-૭-૮॥ નિદ્રા દૂર થયે છતે તેણીએ તે સ્વપ્નોને નાભિ રાજાને કહ્યા અને પ્રમોદને ભજનાર રાજાએ પણ તેણીને અતિ ઉત્તમ પુત્રની પ્રાપ્તિનું નિવેદન કર્યું. ॥૯॥

ત્યારે જ એકસાથે આવીને ચલાયમાન થયેલા આસનવાળા ઈન્દ્રોએ• સ્વપ્ન પાઠકની જેમ દેવીના સ્વપ્નના અર્થને કહ્યો. ॥૧૦॥ હે દેવી, આ ચૌદ મહાસ્વપ્નો ચૌદ રાજલોક પ્રમાણ લોકમાં તારા પુત્રના સ્વામીપણાને કહે છે. ॥૧૧॥ હે માતા ! જગતના સ્વામી એવા આ જ તારા પુત્ર માતૃકા બીજસમાન ચૌદ પૂર્વોને ઉપદેશશે. ॥૧૨॥ અને આના શિષ્યો ચૌદ પૂર્વધર થશે તથા આ ચૌદ ચતુર્દશકોને કહેશે. ॥૧૩॥ એ પ્રમાણે સ્વપ્નના અર્થને જણાવીને સર્વે પણ ઈન્દ્રો વિસર્જન કરાયેલા સેવકોની જેમ પોતપોતાના સ્થાને ગયા. ॥૧૪॥ તે ઈન્દ્રો વડે કહેવાયેલા સ્વપ્નના અર્થને સાંભળીને દેવી હર્ષને પામી, નાભિ રાજા પણ પ્રીતિને પામ્યા અથવા કહેવાયેલું ઈષ્ટ કોના હર્ષને માટે ન થાય ! ॥૧૫॥ ક્રમથી દિવસો પૂર્ણ થયે છતે ચૈત્ર માસની કૃષ્ણાષ્ટમી તિથિએ રાત્રિમાં દેવીએ યુગલધર્મી એવા પુત્રને જન્મ આપ્યો. ॥૧૬॥

અચેતન પણ દિશાઓ ત્યારે હર્ષિત થયેલાની જેમ પ્રસન્ન થઈ તો વળી ચેતનાવાળા લોકોનું તો શું કહું ? ॥૧૭॥ ત્યારે સુખ સ્પર્શવાળા વાયુ પણ ક્યાંય પણ નહીં જોયેલા આવા પ્રકારના પ્રભુને જાણે જોતા મંદ મંદ વાતા હતા. ॥૧૮॥ ત્રણ જગતમાં ઉદ્યોત થયો. આકાશમાં દુંદુભિ વાગી, નારકો પણ હર્ષિત થયા અને ભૂમિએ પણ ઉચ્છ્વાસને પ્રાપ્ત કર્યો. ॥૧૯॥ અધોલોકમાં વસનારી, કંપાયમાન થયેલા આસનવાળી આઠ દિક્કુમારીઓ અરિહંતના જન્મને અવધિજ્ઞાનથી જાણીને સૂતિકા ઘરમાં આવી. ॥૨૦॥ ભોગંકરા ભોગવતી, સુભોગા, ભોગ-માલિની, સુવત્સા, વત્સમિત્રા પુષ્પમાલા અને અનિંદિતા આ આઠ કુમારીઓએ પ્રભુને અને તેની માતાને નમસ્કાર કરીને ઈશાન ખૂણામાં સૂતિકાગૃહને કર્યું અને ઘરથી યોજન પ્રમાણ ભૂમિને સંવર્તક વાયુ વડે શુદ્ધ કરી. ॥૨૧-૨૨॥ મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા અને બલાહકા આ આઠ કુમારીઓ ઊર્ધ્વલોકથી આવીને માતા સહિત અરિહંતને નમીને ત્યાં હર્ષથી સુગંધી પાણી અને પુષ્પના સમૂહની વર્ષાને કરી. ॥૨૩-૨૪॥ હવે નંદા, ઉત્તરાનંદા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતિ અને અપરાજિતા - આ આઠ કુમારીઓ પૂર્વરુચક પર્વતથી આવીને પહેલા જિનને અને જિનની માતાને નમીને દર્પણ છે હાથમાં જેઓને એવી તે પૂર્વ દિશામાં રહી. ॥૨૫-૨૬॥ સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા - આ આઠ કુમારીકાઓ દક્ષિણ રુચકથી આવીને માતા સહિત દેવને પ્રણામ કરીને કલશ છે હાથમાં જેઓને એવી તે દક્ષિણ દિશા વડે રહી. ॥૨૭-૨૮॥ ઈલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્મવતી, એકનાસા, નવમિકા, ભદ્રા, શીતા એ પ્રમાણેનાં નામવાળી આઠ કુમારીકા પશ્ચિમ રુચક પર્વતથી આવીને પંખા છે હાથમાં જેઓને એવી તે સ્વામીને અને મરુદેવીને નમીને પશ્ચિમ દિશા વડે રહી. ॥૨૯-૩૦॥ અલમ્બુસા, મિત્રકેશી, પુંડરિકા, વારુણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રી આ આઠ કુમારીકાઓ ઉત્તર રુચક પર્વતથી ત્યાં આવીને જિનને અને જિનની માતાને નમસ્કાર કરીને ગ્રહણ કરેલા ચામરવાળી અને અત્યંત હર્ષિત થયેલી ઉત્તર દિશા વડે બેઠી. ॥૩૧-૩૨॥

• સ્વપ્ન લક્ષણ પાઠક નથી. તેથી નાભિ કુલકર સ્વયં સ્વપ્નના અર્થને કહે છે. - કલ્પસૂત્ર

ચિત્રા, ચિત્રકનકા શતેરા તથા સૌત્રામણી આ ચાર વિદિશાના રુચક પર્વતથી આવીને દીપક છે હાથમાં જેઓને એવી તે વિદિશાઓમાં રહી. ॥૩૩॥ રુચક દ્વીપથી પણ રૂપા, રૂપાસિકા, સુરૂપા અને રૂપકાવતી આ ચાર દિક્કુમારીકા આવી. તેણીઓએ પ્રભુના નાલને કાપીને સઘળું સૂતિકર્મ કર્યું. દેવદૂષ્ય અને અલંકારાદિ વડે પ્રભુને અને માતાને વિભૂષિત કરીને હવે તે બંનેને રક્ષાપોટલીને બાંધીને જિનની પાસે પર્વત જેવા આયુષ્યવાળા થાઓ, એ પ્રમાણે કહીને પથ્થરના ગોળાને અફળાવતી અરિહંતની ભક્તિના વિધાનથી ઉત્પન્ન થયેલી પ્રીતિવાળી, મનોહર વાણીવાળી પ્રભુના ગુણોને ગાતી છપ્પન દિક્કુમારીકાઓ રહી. ॥૩૬-૩૭॥

અને ત્યારે ચલાયમાન થયેલા આસનવાળા અરિહંતના જન્મને અવધિજ્ઞાનથી જાણીને સર્વે પણ ઈન્દ્રો પરિવાર સહિત ત્યાં આવ્યા. ॥૩૮॥ ભગવંતને ગ્રહણ કરીને તેઓએ મેરુ પર્વતના શિખર પર અત્યંત ઉત્સવ વડે પ્રભુનો જન્માભિષેક કર્યો. ॥૩૯॥ માતાની પાસે પ્રભુને મૂકીને હવે નંદિશ્વર દ્વીપમાં જઈને તેઓએ ત્યાં અષ્ટાહ્નિકા મહોત્સવને કરીને સર્વે પોતપોતાના સ્થાનમાં ગયા. ॥૪૦॥ પુત્રના સાથળમાં ઋષભના ચિહ્નને અને સ્વપ્નમાં પણ પહેલા ઋષભને જોયો હતો, તેથી માતા-પિતાએ તેનું નામ ઋષભ કર્યું. ॥૪૧॥ તથા યુગ્મથી ઉત્પન્ન થયેલી પુત્રીનું નામ સુમંગલા કર્યું. હવે બાલ એવા સ્વામી પોતાના અંગૂઠામાં શક્ર વડે સ્થાપન કરાયેલી સુધાને પીતા હતા. ॥૪૨॥

એક વખત સ્વામીએ બાળપણામાં ઈન્દ્રના હાથમાંથી શેરડીને ગ્રહણ કરી, ત્યાર પછી ઈન્દ્ર વડે પ્રભુનો ઈક્ષ્વાકુવંશ સ્થાપન કર્યો. ॥૪૩॥ અંગૂઠામાં સ્થાપન કરાયેલ અમૃતપાનની અવસ્થા પસાર થયે છતે અન્ય જિનેશ્વરો મનુષ્ય સંબંધી આહારને ભોગવે છે. આ પ્રભુ વળી દેવ સંબંધી આહાર વડે વૃદ્ધિ પામ્યા. ॥૪૪॥ એક વખત બાલમિથુન કોઈક તાલવૃક્ષના નીચે રહેલું હતું, તે મિથુનનો પુરુષ કાકતાલીય ન્યાયથી તાલવૃક્ષનું ફળ પડવાથી મૃત્યુ પામ્યો. ॥૪૫॥ આલંબન રહિતની તે મિથુનની બાલા હવે બીજાઓ વડે નાભિરાજાને અર્પણ કરાઈ. તે નાભિ રાજાએ પણ આ બાલા પણ ઋષભની જ થાઓ, એ પ્રમાણે તેણીને ગ્રહણ કરી. ॥૪૬॥ હવે ત્રણ જગતના સ્વામીના વિવાહ માટેના સમયને જાણીને પરિવાર સહિત સૌધર્મેન્દ્ર દેવલોકમાંથી આવીને આ અવસર્પિણીમાં પ્રથમ સંપૂર્ણ વિધિપૂર્વક સુમંગલા અને સુનંદાને સ્વામી સાથે પરણાવી. ॥૪૭-૪૮॥ ત્યારથી માંડીને લોકમાં સર્વત્ર તે પાણિગ્રહણના મહોત્સવની સ્થિતિ પ્રવર્તી અથવા **કોણ સત્ક્રિયાને ન કરે.** ॥૪૯॥ જે કારણથી સાતાવેદનીય કર્મ પણ ભોગવ્યા વિના ક્ષય થતું નથી, તે કારણથી તે બંને પત્નીની સાથે અનાસક્ત એવા પણ જગત્પતિ વિલાસ કરતા હતા. ॥૫૦॥

એક વખત સમય પ્રાપ્ત થયે છતે સુમંગલા મહાદેવીએ ચૌદ મહાસ્વપ્નથી સૂચિત ગર્ભને ધારણ કર્યો. ॥૫૧॥ વર્ષાઋતુમાં વીજળી સહિતના મેઘની જેમ સમય થયે છતે બ્રાહ્મી સહિત ભરત પુત્રને જન્મ આપ્યો. ॥૫૨॥ સુનંદાએ સુંદરી અને બાહુબલિને જન્મ આપ્યો અને વળી પહેલીએ જ ઓગણ પચાસ પુત્રયુગ્મને ક્રમથી જન્મ આપ્યો. ॥૫૩॥ હવે પ્રભુએ પહેલાં પુત્રોને કલાના સમૂહનો આદેશ કર્યો. બ્રાહ્મીને માતૃકાદિ લિપીનો અને સુંદરીને અંકમાલિકા (આંકની શ્રેણી) શીખવાડી. ॥૫૪॥ અને એ પ્રમાણે કાલ પસાર થયે છતે કાલના દોષ વડે યુગલીયાઓમાં કાંઈક કાંઈક અપન્યાયમાં પ્રવૃત્તિ થઈ. ॥૫૫॥ હાકારાદિ નીતિને આશંકા રહિત કોઈપણ માનતું નથી. તેથી શ્રેષ્ઠ યુગલિકોએ આવીને સ્વામીને વિજ્ઞપ્તિ કરી. ॥૫૬॥ ત્રણ જ્ઞાનવાળા જાતિસ્મરણવાળા ભગવાને તેઓને આ પ્રમાણે કહ્યું. લોકોના અન્યાયને નિવારણ કરનાર રાજા થાય

છે. ॥૫૭॥ તે રાજા કેવી રીતે થાય ? એ પ્રમાણે કહેવાતે છતે નાભિનંદને (ભગવાને) કહ્યું. સર્વે વડે અભિષેક કરીને રાજા થાય છે. ॥૫૮॥ ત્યારપછી તેમને જ રાજા કરવા માટે તેઓ પાણી લેવા ગયા અને ત્યારે જ ઈન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. ॥૫૯॥

હવે અવધિજ્ઞાનથી સ્વામીના રાજ્યકાલને જાણીને શક્ર આવ્યા અને પ્રથમ જિનેશ્વરનો રાજ્યાભિષેક સ્વયં કર્યો. ॥૬૦॥ ઈન્દ્રે દેવદૂષ્યને પહેરાવીને દિવ્ય આભૂષણ વડે વિભૂષિત કરીને પ્રભુને ઉચ્ચ સિંહાસન પર બેસાડ્યા. ॥૬૧॥ તે યુગલિકો પણ કમળના પાંદડાઓ વડે પાણીને લાવીને મોટાના ક્રમ પ્રમાણે શ્રેણીભૂત થઈને વિસ્મિત થયેલા તેઓએ પ્રભુને જોયા. ॥૬૨॥ ત્યારપછી દેવદૂષ્યાદિ વસ્તુના વિનાશની આશંકા કરીને (જાણીને) તે યુગલિકોએ પાણી વડે પ્રભુના ચરણોમાં અભિષેક કર્યો. ॥૬૩॥ હવે તેઓના વિનીતપણાના આચરણથી રંજિત થયેલા ઈન્દ્રે સ્વામીને માટે વિનિતા નામની નગરીને કરવા માટે કુબેરને આદેશ કરીને દેવલોકમાં ગયા. ॥૬૪॥ તેણે અયોધ્યા એ પ્રમાણે બીજા નામવાળી વિનિતા નગરીને બનાવી, જે નગરીનો નવ યોજન વિસ્તાર હતો અને બાર યોજન પહોળી હતી. ॥૬૫॥ ઉલ્લસિત એવા કાંતિના આડંબરવાળા સ્વર્ણ અને રત્નમય મહેલો વડે જે નગરી આ મનુષ્યલોકમાં દેવનગરીને જાણે હસતી ન હોય તેમ રહી. ॥૬૬॥ તે નગરીના નિર્માણને કરીને ઈન્દ્રના આદેશ વડે કુબેરે તેને નાશ ન પામે તેવા વસ્ત્ર, રત્નના સમૂહ અને ધન-ધાન્ય વડે પૂરી. ॥૬૭॥ જન્મથી માંડીને વીશ લાખ પૂર્વ ગયે છતે શાસ્ત્રમાં જેમ ઓંકાર તેમ ત્યાં પ્રભુ પ્રથમ રાજા થયા. ॥૬૮॥

ત્યારબાદ ભરતક્ષેત્રની ભૂમિમાં ત્રેસઠ લાખ પૂર્વ પ્રથમ રાજનીતિ અને લોકનીતિને પ્રભુએ પ્રવર્તાવી. ॥૬૯॥ વસતા એવા દેશ-ગામ અને નગરાદિ વડે અદ્‌ભુત ઐશ્વર્યથી ત્યારે ભરતક્ષેત્ર વિદેહની લક્ષ્મીને વહન કરતું હતું. ॥૭૦॥ એક વખત પૃથ્વીપીઠ પર પોતાના આગમન વડે વૃક્ષોને પણ વિકસ્વર કરતો પુષ્પકાલ અવતર્યો. ॥૭૧॥ ત્યારે ખરેખર વિરુધ વૃક્ષે પણ પુષ્પના શૃંગારને કર્યો. શિલીમુખ વૃક્ષોએ પણ વિકસ્વર પુષ્પના રસના આસવને પીધું. ॥૭૨॥ ત્યારે સાત્ત્વિક ભાવ વડે જાણે નવી પરણેલી ન હોય તેમ મલયગિરિના પવનના સંગથી વેલડીઓ કંપાયમાન થઈ. ॥૭૩॥ કોયલો પણ સ્ત્રીઓની જેમ પંચમ સ્વરને ગાતી હતી. આંબાઓ પણ ફૂલના આરંભ વડે આંબારૂપ થયા. ॥૭૪॥ પરિવારના આગ્રહથી તે ઉદ્યાનમાં ગયેલા સ્વામીએ કામથી પરાધીન થયેલા અને વિલાસ કરતા માણસોને જોયા. ॥૭૫॥ તે લોકોને જોઈને વિષયોમાં વિષાદવાળા પ્રભુએ વિચાર્યું કે અહો ! પ્રાણીઓ વડે અહીં કાંઈપણ આત્મહિત કરાતું નથી. ॥૭૬॥ એ પ્રમાણે વિચારતા સ્વામીને લોકાંતિક દેવોએ આવીને કહ્યું, હે સ્વામિન્ ! જગતના જીવોને હિતકારી એવા ધર્મતીર્થને પ્રવર્તાવો. ॥૭૭॥ ત્યાર પછી સ્વામીએ અવધિજ્ઞાન વડે વ્રતના કાલને જાણીને રાજ્ય મોટા પુત્ર ભરતને આપ્યું. ॥૭૮॥ તક્ષશિલા નગરી બલવાન એવા બાહુબલિને આપી અને અંગવંગાદિ દેશો બીજા પુત્રોને આપ્યા. ॥૭૯॥

હવે ઉદ્‌ઘોષણાપૂર્વક સ્વામીએ વાર્ષિક દાન આપ્યું. દાનને આપતા પ્રભુના દ્રવ્યને ઈન્દ્રની આજ્ઞા વડે યક્ષો પૂરતા હતા. ॥૮૦॥ હવે વર્ષને અંતે ચલાયમાન થયેલા આસનવાળા પરિવાર સહિત ઈન્દ્ર વડે આવીને રાજ્યાભિષેકની જેમ દીક્ષાભિષેક કરાયો. ॥૮૧॥ હવે ચૈત્રની બહલ (વદ) અષ્ટમીના અપરાહ્ણમાં જગત્પતિ કચ્છ-મહાકચ્છ વિગેરે સાડા ચાર હજાર રાજાઓની સાથે પ્રવ્રજિત થયા. ॥૮૨॥ ઈન્દ્રની

પ્રાર્થનાથી સ્વામીએ કેશની એક મુઠીનો લોચ ન કર્યો. મુખરૂપી કમળની પાસે રહેલી ભમરાની શ્રેણીની જેમ ખભારૂપી કૂટ ઉપર રહેલી તે કેશની લટ શોભતી હતી. ॥૮૩॥ ત્યારે જ મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સમસ્ત મનોદ્રવ્યને જાણનારું મનઃપર્યવજ્ઞાન સ્વામીને થયું. ॥૮૪॥ તેવું કોઈપણ ન હતું કે ત્યારે પ્રભુના દીક્ષાના ઉત્સવમાં ખુશ ન થયું હોય. કેવલ અંતરંગ શત્રુઓ ક્ષોભને પામ્યા. ॥૮૫॥ હવે સ્વામીને નમીને સર્વે પણ દેવતાઓ પોતપોતાના સ્થાને ગયા અને બાહુબલિ આદિ પણ પોતપોતાના સ્થાને ગયા. ॥૮૬॥ મૌન વડે સ્વામીએ કચ્છાદિ સાધુ સહિત વિહાર કર્યો. ભિક્ષા માટે આવેલા પણ (પ્રભુ) લોકો વડે રત્નાદિ વડે નિમંત્રણ કરાતા હતા. ॥૮૭॥ ભિક્ષાને આપવાને નહીં જાણતા લોકો પાસેથી ભિક્ષાને નહીં પ્રાપ્ત કરતા ભગવાન ક્ષુધા-પિપાસાદિ પરીષહોને સહન કરતા હતા. ॥૮૮॥ ત્યારે વળી કચ્છાદિ રાજઋષિઓ ક્ષુધાદિ વડે ખેદ પામેલા પૂર્વે નહીં વિચારેલા એવા તેઓએ કૃત્યને વિચાર્યું. ॥૮૯॥ અમારા વડે ભગવાનની ચર્યા આચરવા માટે શક્ય નથી. કોણ ખરેખર હાથીની સાથે શેરડીને ભક્ષણ કરવા સમર્થ થાય ? ॥૯૦॥ જ્યાં સુધી ભગવાન બોલતા નથી ત્યાં સુધી વનવાસ કરાય અને જ્યારે ત્યજાયેલા મૌનવાળા પ્રભુ થશે, ત્યારે ફરી પણ આશ્રય કરાશે. ॥૯૧॥ એ પ્રમાણે નિશ્ચય કરીને તે સર્વે વનવાસી થઈને કંદ, મૂલ અને ફલને ખાઈને કાલને પસાર કરવા માટે શરૂઆત કરી. ॥૯૨॥ પ્રભુએ દીક્ષા ગ્રહણ કર્યે છતે દૂરથી નમિ-વિનમિ આવ્યા. પ્રભુ નિસંગ છે, એ પ્રમાણે નહીં જાણતા તેઓ રાજ્યનો ભાગ લેવા માટે પ્રભુને ભજતા હતા. ॥૯૩॥ એક વખત સ્વામીને નમવા માટે આવેલા ધરણેન્દ્રે તે બંનેને જોઈને તેમની ભક્તિથી હર્ષિત થયેલા ધરણેન્દ્રે તેઓને વૈતાઢ્યના ઐશ્વર્યને આપનારી વિદ્યા આપી. ॥૯૪॥ પાઠસિદ્ધ વિદ્યાવાળા તે બંને નમસ્કાર કરીને વૈતાઢ્ય પર્વતના શિખર પર નગરી કરીને બંનેએ ઘરમાં પ્રભુની મૂર્તિને સ્થાપી. ॥૯૫॥ વર્ષને અંતે ગજપુરમાં શ્રેયાંસે જાતિસ્મરણથી પારણાની વિધિને જાણીને ઈક્ષુરસ વડે સ્વામીને પારણું કરાવ્યું. ॥૯૬॥

એક વખત વિહાર કરતા ભગવાન તક્ષશિલા નગરીમાં ગયા અને રાત્રિમાં બહાર પ્રતિમા વડે સ્તંભની જેમ સ્થિર રહ્યા. ॥૯૭॥ અને પ્રભુને આવેલા જાણીને જેટલામાં સવારે બાહુબલિ વંદન કરવા માટે આવ્યા તેટલામાં પ્રભુએ, અન્ય જગ્યાએ વિહાર કર્યો. ॥૯૮॥ હવે ખેદ પામેલા બાહુબલિએ વિચાર્યું, પુણ્ય વગરનાઓમાં અગ્રેસર એવા મને ધિક્કાર થાઓ. જે કારણથી અહીં આવેલું પણ કલ્પવૃક્ષ મારા વિષયભૂત ન થયું. ॥૯૯॥ ત્યારપછી અરિહંતના ચરણથી સ્પર્શાયેલી ભૂમિ પણ નમસ્કાર કરવા યોગ્ય છે. એ પ્રમાણે તેણે સુવર્ણ અને રત્નમય નિર્મલ ધર્મચક્રને કરીને ત્યાં ભગવંતની પાદુકા સ્થાપીને ત્યારે સ્વયં ત્રણ જગતને આનંદ ઉત્પન્ન કરનાર મહોત્સવ કર્યો. ॥૧૦૦-૧૦૧॥ હવે અનાર્યદેશોમાં વિહાર કરીને સ્વામી અયોધ્યામાં આવ્યા. પુરિમતાલ ઉદ્યાનમાં ન્યગ્રોધવૃક્ષના નીચે ક્ષીણ થયેલા કર્મવાળા અને કરેલા અઠ્ઠમના તપવાળા સ્વામી વ્રતથી હજાર વર્ષ પસાર થયે છતે ફાગણ વદ અગિયારસના દિવસે ઉજ્વલ કેવલજ્ઞાનને પામ્યા. ॥૧૦૨-૧૦૩॥ ત્યારે પૃથ્વી વિષે વાયુ પણ રજ વગરનો થયો અને નારકના જીવો પણ એક ક્ષણમાત્ર સુખને પામ્યા. ॥૧૦૪॥ જલદીથી આસનના કંપ વડે સર્વે દેવતાઓએ આવીને સમવસરણ કર્યું, ત્યાં જગત્પ્રભુ બેઠા. ॥૧૦૫॥ અને આ બાજુ ભરત રાજા જિનેશ્વરના કેવલજ્ઞાન વડે અને ઉત્પન્ન થયેલા ચક્ર વડે એક કાલે વધામણી પામ્યા. ॥૧૦૬॥

એક બાજુ પિતાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને બીજી બાજુ ચક્રરત્ન ઉત્પન્ન થયું તો પહેલા કોની પૂજા કરું ? એ પ્રમાણે રાજાએ (ભરત રાજાએ) ક્ષણવાર વિચાર્યું. ॥૧૦૭॥ સિદ્ધિના સુખને આપનાર પિતા ક્યાં ?

અને આલોક સંબંધી સુખ આપનાર ચક્રરત્ન ક્યાં ? એ પ્રમાણે વિચારીને પ્રભુની પૂજાના હેતુથી ભરત રાજાએ પોતાના અધિકારીઓને આદેશ કર્યો. ॥૧૦૮॥ વળી સ્વયં જ ભરત રાજા મરુદેવા દાદીને તીર્થંકરની લક્ષ્મીને પામેલા સ્વામીની વધામણી આપવા માટે ગયા. ॥૧૦૯॥ અને મરુદેવી માતા દેવના પ્રવ્રજ્યાના દિવસથી રાત અને દિવસ પુત્રના દુઃખને મનમાં ધારણ કરતી સુખે ખાતી નથી અને સુખે નિદ્રા પણ કરતી નથી અને થાક્યા વગર રુદનને કરતી હંમેશાં નીકળતા અશ્રુના પાણીથી ઉત્પન્ન થયેલા આંખના પટલવાળી થઈ. ॥૧૧૦-૧૧૧॥ તેવા પ્રકારની દાદીને જોઈને ભરતે કહ્યું, હે માતા ! તું કેમ ખેદ પામે છે ? તેવા પ્રકારનું ઐશ્વર્ય અન્ય કોઈને નથી. હે માતા ! જે ઐશ્વર્ય તારા પુત્રને છે. ॥૧૧૨॥ તેથી હે દેવી ! આવો પુત્રની અદ્‌ભુત સંપત્તિને જુઓ તે જોવા માત્રથી શાંતિ થાય છે. ॥૧૧૩॥ એ પ્રમાણે કહીને શ્રેષ્ઠ હાથીની અંબાડી પર દાદીને બેસાડીને ભક્તિ વડે તેની ઉપર પોતે જ છત્રને ધારણ કરીને રાજા ચાલ્યો. ॥૧૧૪॥ સમવસરણની નજીક આવેલા ભરતે માતાને કહ્યું, હે માતા ! પુત્રના ઐશ્વર્યને જો અને ગીતાદિના અવાજને સાંભળ. ॥૧૧૫॥ ત્યારે સાંભળતી એવી મરુદેવીના આનંદરૂપી અશ્રુના પ્રવાહ વડે નદીના પૂર વડે જેમ કાદવ દૂર થાય તેમ દૃષ્ટિના પટલ દૂર થયા. ॥૧૧૬॥ હવે પુત્રની અત્યંત અદ્‌ભુત લક્ષ્મીને જોઈને અમૃતના કુંડમાં ડૂબેલાની જેમ ક્ષણવાર સુખવાળી થઈ. ॥૧૧૭॥ ત્યાર પછી દેવીએ વિચાર્યું કે, પુત્રના દુઃખ વડે હું ખેદ પામતી રહી. વળી આવા પ્રકારની લક્ષ્મીવાળો પુત્ર મને કાંઈ જણાવતો પણ નથી. ॥૧૧૮॥ આ પ્રમાણે વિચારતા મરુદેવી માતા ક્ષણવારમાં મોહ નાશ પામ્યે છતે ભાવથી સંયમને પ્રાપ્ત કરીને કેવલજ્ઞાનને પામ્યા. ॥૧૧૯॥ અને અંતકૃત કેવલીપણા વડે હાથીની અંબાડી પર રહેલા જ આ અવસર્પિણી કાળમાં પ્રથમ સિદ્ધપણું પામ્યા. ॥૧૨૦॥ સુર અને અસુરોએ કેવલજ્ઞાનની પ્રાપ્તિના મહિમાને કરીને ત્યારપછી તેમના શરીરને ગ્રહણ કરીને ક્ષીરોદધિ સમુદ્રમાં પધરાવ્યું. ॥૧૨૧॥

હવે ભરતેશ્વરે સમવસરણમાં પ્રવેશીને પ્રભુને નમીને અને સ્તુતિ કરીને પરિવાર સહિત દેશના સાંભળી. ॥૧૨૨॥ દેશના સાંભળીને ભરતેશ્વરના પાંચસો પુત્ર તથા સાતસો પૌત્રોએ ત્યાં પ્રભુની પાસે દીક્ષા સ્વીકારી. ॥૧૨૩॥ ત્યારે તેઓની મધ્યમાંથી પુંડરિકાદિ ચોર્યાશી મુનિઓએ પ્રભુ પાસેથી ઉત્પાદ, વિગમ અને ધ્રૌવ્ય એ પ્રમાણે ત્રિપદીને પામીને દ્વાદશાંગી શ્રુતની રચના કરી. ત્યાર પછી ઈન્દ્રાદિ સહિત નાખેલા સુગંધી ચૂર્ણવાળા (વાસક્ષેપ) ભગવાને સ્વયં ગણધરપદે સ્થાપ્યા. ॥૧૨૪-૧૨૫॥ અને બ્રાહ્મીને પ્રવ્રજ્યા આપીને પ્રભુએ પ્રવર્તિની પદે સ્થાપી. વળી દીક્ષાને ગ્રહણ કરતી સુંદરીને ભરતે રોકી. ॥૧૨૬॥ કચ્છ અને મહાકચ્છ વિના તે સર્વે પણ તાપસોએ આવીને પ્રભુના હાથ વડે ફરી દીક્ષાને સ્વીકારી. ॥૧૨૭॥ ત્યારપછી ભરતાદિ શ્રાવક, સુંદરી આદિ શ્રાવિકા થઈ. ગોમુખ નામનો યક્ષ અને ચક્રેશ્વરી નામની શાસનદેવતા થઈ. ॥૧૨૮॥ હવે ભરતેશ્વર ઉઠ્યા. ત્યાર પછી ચક્રને પૂજીને જયની ઈચ્છાવાળા એવા ભરતેશ્વરે સાઠ હજાર વર્ષ વડે છ ખંડવાળા ભરત ક્ષેત્રને જીત્યું. ॥૧૨૯॥ હવે બત્રીશ હજાર રાજાઓ વડે ભરતેશ્વર રાજાને ચક્રવર્તિપણાનો અભિષેક બાર વર્ષ સુધી કરાયો. ॥૧૩૦॥ રાજાને ચક્ર, છત્રાદિ ચૌદ રત્નો થયા. ચોસઠ હજાર રાણીઓ તથા નવ નિધિઓ થઈ. આદેશને કરનારા સોળ હજાર યક્ષો તથા ચોર્યાશી લાખ હાથી, રથ અને ઘોડાઓ થયા. ॥૧૩૧-૧૩૨॥ એ પ્રમાણે અધિપતિપણા વડે પૃથ્વીને વિષે ઈન્દ્રનું આચરણ કરતા એવા તેણે દુર્બળ થયેલી સુંદરીને જોઈને પોતાના અધિકારીઓને કહ્યું. અહીં શું નિર્ધનપણું છે ? ॥૧૩૩॥ તેઓએ કહ્યું, હે દેવ !

તમારું ઘર કૂબેરના ઘરથી પણ અધિક છે, પરંતુ વ્રતને માટે આ સુંદરી યુદ્ધના પહેલા દિવસથી માંડીને આયંબિલના તપ વડે રહેલી છે. ॥૧૩૪॥ હવે તેના ભાવને જાણીને ભરતરાજા હર્ષિત થયા અને પ્રભુને અષ્ટાપદ પર સમવસરેલા સાંભળીને લાંબાકાળથી ઉત્કંઠિત થયેલા ત્યાં જઈને ત્યારપછી ભરત રાજા વડે હર્ષથી પ્રભુને પ્રણામ કરીને સુંદરીને સંયમ અપાવ્યું. ॥૧૩૫-૧૩૬॥

હવે અયોધ્યા નગરીમાં પાછા ફરેલા ભરતેશ્વર આયુધશાલાના કોઈ અધિકારી વડે આવીને વિજ્ઞપ્તિ કરાયા. ॥૧૩૭॥ હે પ્રભુ ! તમારી આજ્ઞા વિના તમારા ભાઈઓ રાજ્યને કરતે છતે ચક્રરત્ન હજુ પણ ચક્રશાલામાં પ્રવેશતું નથી. ॥૧૩૮॥ ત્યારપછી ચક્રવર્તીએ જલદીથી દૂતો દ્વારા તેઓને આ પ્રમાણે કહેવડાવ્યું. રાજ્યને વિષે જો તમોને ઈચ્છા છે તો મારી સેવા કરાય. ॥૧૩૯॥ અહંકારવાળા અજ્ઞાણું ભાઈઓએ દૂતોને કહ્યું - અમોને રાજ્ય પિતા વડે અપાયેલું છે. ભરતની સેવા વડે અમારે શું ? ॥૧૪૦॥ હે દૂતો ! તમે જાઓ, અમે પિતાને પૂછીને તમારા સ્વામીની સાથે મિત્રતા અથવા દુશ્મનતા કરશું. ॥૧૪૧॥ ત્યાર પછી તેઓ અષ્ટાપદ પર્વત પર પિતાને પૂછવા માટે જલદીથી ગયા. સ્વામીએ પણ અંગારકારની કથાથી તેઓને પ્રતિબોધ કર્યા. ॥૧૪૨॥ હવે તેઓએ રાજ્યને છોડીને જલદીથી વ્રતને સ્વીકાર્યું અને ત્યારે જ શુક્લધ્યાનથી કેવલજ્ઞાનની લક્ષ્મીને પામ્યા. ॥૧૪૩॥ દૂત પાસેથી તે વૃત્તાંતને જાણીને ભરતના અધિપતિ એવા ભરત રાજાએ સૂર્ય જેમ અગ્નિઓના તેજને હરે તેમ (ભરતે) તેઓના રાજ્યને હરણ કર્યા. ॥૧૪૪॥ લઘુ બંધુઓના તે રાજ્યના હરણને જાણીને આવેલા ભરતના દૂતને બલવાન બાહુબલીએ કહ્યું. ॥૧૪૫॥ અરે, મોટા પેટવાળા આ તારા સ્વામીને સંતોષ નથી. અતિલોભથી બંધુઓના રાજ્યને પણ છીનવી લીધા. ॥૧૪૬॥ તેઓની જેમ મારા સંબંધી રાજ્યને પણ આ હરણ કરવાની ઈચ્છાવાળો છે ? બુદ્ધિ રહિતનો તે ચણાની લીલા વડે મરચાને ખાવા માટે વાંછે છે. ॥૧૪૭॥ આ હું આવેલો છું, તેથી પોતાના સ્વામીને યુદ્ધ માટે સજ્જ કર એ પ્રમાણે દૂતને વિસર્જન કરીને બાહુબલી સામે ગયો. ॥૧૪૮॥ બાહુબલીને આવેલા જાણીને ભરત પણ સર્વે બળના સમૂહ વડે સામે ગયો. ત્યારપછી બંનેના સૈન્યનું બાર વર્ષ યુદ્ધ થયું. ॥૧૪૯॥ હવે અંગાંગી રણમાં (માણસ માણસના) શુભ એવી દેવની પ્રાર્થના સ્વીકાર્યે છતે દૃષ્ટિ આદિ સર્વે યુદ્ધો વડે બાહુબલીએ ભરતને પરાભૂત કર્યો. ॥૧૫૦॥ હવે પરાભવ પામેલા ભરત રાજાએ બાહુબલીની પ્રતિ ચક્રને મૂક્યું, તે બાહુબલીને પ્રદક્ષિણા દઈને ચક્રવર્તીની પાસે પાછું આવ્યું. કારણ કે સમાન ગોત્રવાળાને વિષે તે સમર્થ થતું નથી. ॥૧૫૧॥ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલા મોટા ભાઈને જાણીને બાહુબલીએ વિચાર્યું. રાજ્યને ધિક્કાર થાઓ. જ્યાં ભાઈનો ઘાત પણ વિચારાય છે. ॥૧૫૨॥ હવે વિરક્ત થયેલા બાહુબલીએ ત્યારે જ વ્રતને સ્વીકાર્યું અને તેની ક્રિયાને જોઈને હર્ષિત થયેલા દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી. ॥૧૫૩॥ પિતાની પાસે ગયેલા મને નાના ભાઈઓથી લઘુપણું ન થાઓ. તેથી ત્યાં જ કેવલજ્ઞાનને માટે કાયોત્સર્ગ વડે તે રહ્યા. ॥૧૫૪॥ તેવા પ્રકારનાં બાહુબલીને જોઈને લજ્જા પામેલા પોતાની નિંદા કરતા ભરત રાજા તેમને નમીને તે બાહુબલી મુનિના પુત્ર સોમયશસને તેના રાજ્યમાં સ્થાપ્યો. ॥૧૫૫॥ હવે ચક્રવર્તી અયોધ્યામાં ગયા તથા બાહુમુનિ વર્ષ સુધી તે પ્રમાણે રહ્યા. હવે પ્રભુએ બ્રાહ્મી સુંદરી વડે તેને બોધ પમાડ્યો. ॥૧૫૬॥ હવે પિતાની પાસે જવાને માટે ચાલેલા તે મુનિ કેવલજ્ઞાનને પામ્યા અને પૂર્ણ પ્રતિજ્ઞાવાળા બાહુબલી મુનિ ત્યાં ગયા. ॥૧૫૭॥

એક દિવસ અષ્ટાપદ પર્વતને વિષે નમસ્કાર કરીને ચક્રવર્તી વડે સ્વામી પૂછાયા. હે સ્વામી ! તમારા જેવા કેટલા થશે અને મારા જેવા કેટલા થશે ? ॥૧૫૮॥ તેને સ્વામીએ કહ્યું. ત્રેવીશ અરિહંત થશે અને વળી અગિયાર ચક્રવર્તી થશે. ॥૧૫૯॥ ફરી પણ ચક્રીએ પૂછ્યું. હે સ્વામી ! અહીં સભામાં શું કોઈ અરિહંતનો જીવ છે ? સ્વામીએ કહ્યું. હે ભરત ! છે ॥૧૬૦॥ પરીષહથી પરાભવ પામેલો, પોતાની બુદ્ધિથી કલ્પિત આવા પ્રકારના ત્રિદંડાદિક વેષને ધારણ કરનારો આ તારો પુત્ર મરીચિ શ્રીમાન્ આ વીર નામનો ચોવીશમો જિનેશ્વર થશે. ભરત રાજાએ તેના તે ત્રિદંડિક વ્રતને નહીં પણ ભાવિમાં અરિહંત છે, એ પ્રમાણે વંદન કર્યું. ॥૧૬૧-૧૬૨॥ હવે હર્ષિત થયેલા અને ભુજાના આસ્ફોટપૂર્વક અતિ ગર્વિત થયેલા બોલ્યા. અહો, સમગ્ર કુલોમાં શોભારૂપ મારું કુલ ઉત્તમ છે. ॥૧૬૩॥ મારા દાદા પ્રથમ અરિહંત અને મારા પિતા પ્રથમ ચક્રવર્તિ હું ચોવીશમો જિન થઈશ. અહો, મારું કુલ ઉત્તમ છે. ॥૧૬૪॥ આ પ્રમાણે નીચ કર્મ વડે નીચગોત્ર કર્મને નિકાચિત કર્યું અને કપિલ અહીં પણ ધર્મ છે, એ પ્રમાણે ઉત્સૂત્રથી ભવો વધાર્યા. ॥૧૬૫॥ સહાયના અર્થી એવા તેમણે પોતાના સમાન મૂઢ એવા તેને દીક્ષા આપી. ત્યારથી માંડીને અહીં કાપિલદર્શન પ્રવર્ત્યું. ॥૧૬૬॥ પ્રભુના સમવસરણમાં ભરત રાજાએ એક વખત શક્રને કહ્યું, તમારું મૂલરૂપ બતાવો, મને કુતૂહલ છે. ॥૧૬૭॥ શક્રે કહ્યું, હે મહારાજ ! મનુષ્યો વડે તે તેજ સહ્ય નથી, પરંતુ તમારી પ્રાર્થના વ્યર્થ ન થાઓ. આથી એક અંગુલીને બતાવી. ॥૧૬૮॥ મારું કહેલું શક્ર વડે નિષ્ફળ ન કરાયું, એ પ્રમાણે ચક્રવર્તીએ પણ તેને માટે સ્તંભને રોપીને હર્ષ વડે શક્રમહોત્સવ કર્યો. ॥૧૬૯॥ એક વખત આહારથી ભરેલા પાંચસો ગાડાઓ લઈને ભરત વડે પરિવાર સહિત સ્વામી નિમંત્રણ કરાયા. ॥૧૭૦॥ સ્વામીએ કહ્યું, આ રાજપિંડ આધાકર્મ તથા સામે લાવેલો છે. તે કારણથી રોગીઓને જેમ અપથ્ય તેમ અમોને કલ્પે નહીં. ॥૧૭૧॥ ખેદ પામેલા ચક્રવર્તીએ કહ્યું, બંધુના રાજ્યને હરણ કરનાર લોભી હું છું. પૂજ્યો વડે હું પંક્તિની બહાર કેમ મૂકાયો ? અથવા કરેલા એવા મારે આટલું તો શું ? ॥૧૭૨॥ સ્વામીએ કહ્યું, તું ખેદ ન પામ. આ વ્યવસ્થા રાગવાળાની છે, વીતરાગી એવા અમારે કાંઈ ઉષ્ણ નથી અને કાંઈ શીતલ પણ નથી. ॥૧૭૩॥ તો પછી આ અન્નાદિનું શું કરવા યોગ્ય છે ? એ પ્રમાણે તેના વડે પૂછાયેલા સ્વામીએ કહ્યું, હે રાજેન્દ્ર ! ગુણથી અધિકને ભક્તિથી તે આપ. ॥૧૭૪॥ આ મુનિઓ વિના મારા કરતાં કોણ ગુણથી અધિક છે અથવા જાણ્યું દેશવિરતિવાળા છે. તેથી તેઓને તે રાજાએ અન્નાદિક આપ્યું. ॥૧૭૫॥ મુમુક્ષુઓને મારા ઘરમાં કાંઈપણ કલ્પશે નહીં. તેથી તેઓને આપવા માટે અનેક દાનશાળાઓ કરાવી. ॥૧૭૬॥ અને તેણે શ્રાવકોને કહ્યું, હંમેશાં દાનશાળામાં તમારે ભોજન કરવા યોગ્ય છે. ધર્મમાં જ તત્પર તમારા વડે ખેતી વગેરે કરવા યોગ્ય નથી. ॥૧૭૭॥ ત્યાર પછી તેઓ જમતે છતે અને તેઓના બહાનાથી બીજા પણ ઘણા જમતે છતે અતિ પ્રાચુર્યપણાથી કંટાળી ગયેલા રસોઈયા વડે વિજ્ઞપ્તિ કરાયેલા ભરત રાજાએ તેઓને જાણવા માટે દરેક છ-છ માસે પરીક્ષા કરીને ઉત્તરાસંગની જેમ કાંકિણી રત્ન વડે તેઓને ત્રણ રેખા કરી. ॥૧૭૮, ૧૭૯॥ આપ જીતાયેલા છો, ભય વધે છે, તેથી તમે જીવોને હણો નહીં, હણો નહીં. એ પ્રમાણે રાજા વડે કહેવાયેલા તેઓ દ્વારમાં રહીને અંતઃપુરમાં રહેલા રાજાને કહેતા હતા. ॥૧૮૦॥ અને તે સાંભળીને ચક્રીએ વિચાર્યું, હું વિષયો વડે જીતાયેલો છું. તેથી ભય વધે છે, તે કારણથી પ્રાણીઓને હણું નહીં. ॥૧૮૧॥ એ પ્રમાણે વિચારતા સંવેગવાળા રાજાને હંમેશાં દુષ્કર્મને નાશ કરનારું ધ્યાન ક્ષણમાત્ર પ્રવર્તતું હતું. ॥૧૮૨॥ તેઓ ચક્રવર્તી માટે કરાયેલા આર્યોને અને

વેદોને હંમેશાં ભણતા હતા. હવે રાજ પૂજ્ય એવા તેમને શ્રદ્ધા વડે અન્ય મનુષ્ય પણ દાન આપતા હતા. ॥૧૮૩॥ માહન શબ્દને બોલનારા તે શ્રાવકો ક્રમથી બ્રાહ્મણ તરીકે પ્રખ્યાત થયા. વળી કાકિણી રત્નની રેખા જનોઈપણાને પામી. ॥૧૮૪॥

મૂલમાં પચાસ યોજન શિખરમાં દશ યોજન ઉંચાઈમાં આઠ યોજન સર્વ પર્વતની શોભારૂપ એવા શત્રુંજયગિરિ પર વિહાર કરતા સ્વામી એક વખત ગયા અને દિવ્ય સમવસરણમાં ધર્મદેશનાને કરી. ॥૧૮૫, ૧૮૬॥ ક્રોડો સાધુથી પરિવરેલા પુંડરીક ગણધર કેવલજ્ઞાનને ઉત્પન્ન કરીને ચૈત્ર સુદી-પૂનમે ત્યાં નિર્વાણ પામ્યા. ॥૧૮૭॥ હવે દેવો વડે મહિમા કરાયો. વળી ભરત વડે ત્યાં પુંડરીક સ્વામીની પ્રતિમા સહિત પહેલા તીર્થંકરનું ચૈત્ય કરાવાયું. ॥૧૮૮॥ અનેક દેશોથી યુક્ત ભૂમિમાં વિહાર કરતા ભગવાન સૂર્ય જેમ કમલોને તેમ ભવ્ય જીવોને બોધ પમાડતા હતા. ॥૧૮૯॥ પ્રભુને કેવલજ્ઞાનથી માંડીને ચોરાશી હજાર શ્રમણો થયા તથા ત્રણ લાખ સાધ્વી થઈ. ॥૧૯૦॥ ત્રણ લાખ અને પચાસ હજાર શ્રાવકો તથા પાંચ લાખ સાડા ચાર હજાર શ્રાવિકાઓ થઈ. ॥૧૯૧॥ એ પ્રમાણે દીક્ષા દિવસથી પૂર્વ લાખ વર્ષ પસાર કરીને ઋષભસ્વામી મોક્ષકાલને જાણીને અષ્ટાપદ પર્વત પર ગયા. ॥૧૯૨॥ દશ હજાર સાધુઓની સાથે ભગવાને ત્યાં ચૌદ ભક્તના (છ ઉપવાસના) તપ વડે પાદપોપગમન અનશનને કર્યું. ॥૧૯૩॥ અને તે વૃત્તાંતને જાણીને અંતઃપુરાદિ પરિવાર સહિત ભરત રાજા પગે ચાલવા વડે અષ્ટાપદ પર્વત તરફ ચાલ્યા. ॥૧૯૪॥ ગાઢ શોકાગ્રહના આવેશથી માર્ગના શ્રમને નહીં ગણતા ઝરતા એવા લોહીવાળા પગને સ્થાપવા વડે પૃથ્વીને લાલ રંગવાળી કરતા મસ્તક પર છત્ર હોવા છતાં પણ ઘણા તાપને વહન કરતા દ્વારપાળ વડે હાથનો ટેકો આપેલો હોવા છતાં પણ પરમ શોક વડે ટેકા વગરના અન્ય કાંઈ પણ નહીં જોતા કોઈના પણ વચનને નહીં સાંભળતા મન વડે એક સ્વામીનું જ ધ્યાન કરતા, તે ભરત રાજા અષ્ટાપદ પર્વતને પ્રાપ્ત કરીને વેગ વડે ચડ્યા અને ત્યાં પર્યઙ્કાસનમાં રહેલા પ્રભુને જોયા. ॥૧૯૫-૧૯૬-૧૯૭-૧૯૮॥ શોક અને હર્ષના રસથી આક્રાંત થયેલા અંતઃ-કરણવાળા, ભીના થયેલા નેત્રવાળા, કરેલી છે અંજલિ જેણે એવા ભરત રાજા પ્રભુની પાસે વંદન કરીને રહ્યા. ॥૧૯૯॥ હવે ત્યાં ઈન્દ્ર સહિત ચતુર્નિકાયના દેવો આવ્યા અને અશ્રુ સહિતના લોચનવાળા તેઓએ ભગવાનને વંદન કર્યું. ॥૨૦૦॥ મહા મહિનાની વદ તેરસના દિવસે (ગુજરાતી પોષ વદ-૧૩ મેરૂતેરસ) પૂર્વાહ્નકાળે દશ હજાર સાધુ સહિત ત્રણ જગતના સ્વામી નિર્વાણને પામ્યા. ॥૨૦૧॥ પ્રભુને આત્યંતિક સુખ પ્રાપ્ત થયે છતે નહીં જોયેલા સુખના લેશવાળા નારકોને પણ ક્ષણવાર સુખ થયું. ॥૨૦૨॥ ચક્રવર્તિ વળી તે કાળે શોકરૂપી ખીલા વડે જાણે કીલિત (જડી દીધેલ) થયેલા, નષ્ટ થયેલી ચેતનાવાળાની જેમ સ્પંદન પણ કરતા નથી. ॥૨૦૩॥ હવે ઈન્દ્રે ચક્રવર્તિના શોકરૂપી ખીલાને ખેંચવા માટે (દૂર કરવા માટે) ત્યાં પૂત્કારપૂર્વક સંદંશકની ઉપમાવાળું (સાણસાની ઉપમાવાળું) આક્રંદ કર્યું. ॥૨૦૪॥ તે સાંભળીને તેણે પણ જાણે બ્રહ્માંડને ફોડતો ન હોય તેમ આક્રંદ કર્યું અને દુઃખથી પીડિત એવા તેણે જાણે તિર્યંચોને પણ દુઃખી કરતા હોય તેમ વિલાપ કર્યો. ॥૨૦૫॥ શોકને દૂર કરવાનું જાણનાર ઈન્દ્રે હવે તેને બોધ પમાડ્યો. દેવોએ પોતાના ઔચિત્ય વડે ઉત્તરક્રિયાને કરી. ॥૨૦૬॥ હવે સર્વે દેવો નંદિશ્વર દ્વીપમાં જઈને અષ્ટાહ્નિકા મહોત્સવને કરીને પોતપોતાના સ્થાને ગયા. ॥૨૦૭॥ ત્યારપછી ચક્રીએ વર્ધકિ રત્ન વડે ત્યાં યોજન પ્રમાણ લાંબા, ત્રણ ગાઉ ઉંચા, પ્રસરતી રત્નની કાંતિ વડે આલેખેલ ચિત્ર જેવા આકાશમાં સાક્ષાત્ આકાશગંગા જેવો વૈજયન્તીના દૃષ્ટાંત વડે રત્નો વડે પ્રાસાદ કરાવ્યો. ॥૨૦૮-૨૦૯॥ ત્યારબાદ તે રાજાએ ત્યાં ઋષભાદિ ચોવીશ

તીર્થંકરોની માન પ્રમાણેની અને વર્ણ પ્રમાણેની પ્રતિમા સ્વયં પ્રતિષ્ઠા કરાવી.• ॥૨૧૦॥ મારા ગુરુઓ અહીં ચૈત્યમાં રહેશે, બીજા નહીં અથવા તેઓ જ વ્યાખ્યાનને કરશે, વળી અન્ય નહીં. ॥૨૧૧॥ એ પ્રમાણે પહેલી સાધુ નિશ્રા વિના ચક્રીએ પ્રતિષ્ઠા કરાવી. તેથી અનિશ્રાકૃત આ ચૈત્ય અહીં કહેવાય છે. ॥૨૧૨॥ હવે અયોધ્યામાં જઈને દર્પણ ઘરમાં ગયેલા, મુદ્રિકા પડવાથી ભાવેલા સંસારના સ્વરૂપવાળા ભરત રાજા નિર્મલ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરીને ચારિત્રને ગ્રહણ કરીને જગતમાં લોકોને બોધ પમાડીને મોક્ષમાં ગયા. ॥૨૧૩॥ શ્રી ઋષભદેવના પવિત્ર ચારિત્રને અહીં કાંઈક સંક્ષેપથી વર્ણવ્યું છે. તે ચરિત્રને હર્ષથી સાંભળતા ભવ્ય જીવો શાશ્વત સુખને પામો. ॥૨૧૪॥

એ પ્રમાણે અષ્ટાપદનું વર્ણન કર્યું. ॥૨૩॥

"હવે અરિહંતના બિંબની પ્રતિષ્ઠા કરીને શું કરવા યોગ્ય છે ? તે કહે છે."

कुसुमक्खयधूवेहिं, दीवयवासेहिं सुंदरफलेहिं ।
पूआ घयसलिलेहिं, अट्ठविहा तस्स कायव्वा ।।२४।।

શ્લોકાર્થ :- કુસુમ, અક્ષત, ધૂપ, દીપક અને વસ્ત્રો વડે, સુંદર ફલો વડે, ઘી અને પાણી વડે એમ આઠ પ્રકારે તેની પૂજા કરવા યોગ્ય છે. ॥૨૪॥

ટીકાર્થ :- સુગમ છે, પરંતુ અટ્ઠવિહ એટલે આઠ પ્રકારે ઉપલક્ષણથી વસ્ત્ર-આભરણાદિ અનેક પ્રકારે તે અરિહંતના બિંબની પૂર્વભવમાં નળ-દમયંતી વડે જે પ્રકારે પૂજા કરાઈ, તેમ પૂજા કરવા યોગ્ય છે અને **તેની કથા આ પ્રમાણે છે.**

અહીં ભૂમિરૂપી સ્ત્રીના ભાલ સમાન ભરત દેશમાં તિલકની લક્ષ્મીને ધારણ કરતો **કોશલ** નામનો દેશ છે. ॥૧॥ ત્યાં જેનો છેડાનો ભાગ પણ (કિલ્લો પણ) દેવલોકના જેવો છે, અપ્સરાઓ વડે કરાયેલા આનંદવાળી અને દેવતાઓ વડે મનોહર એવી **કોશલા** નામની નગરી છે. ॥૨॥ તે નગરીમાં વશ કર્યા છે અંતરંગ શત્રુઓ જેને એવો ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલો દાસરૂપ કર્યા છે શત્રુ રાજાને જેણે એવો **નિષધ** નામનો રાજા હતો. ॥૩॥ તેની પત્ની નામથી અને રૂપથી **સુંદરી,** એ પ્રમાણેના નામવાળી હતી. જે નેત્રોના વિભ્રમ વડે જ માનુષીરૂપે જણાતી હતી. ॥૪॥ તે બંનેનો પહેલો પુત્ર શત્રુરૂપી યજ્ઞને માટે દાવાનલના અગ્નિ સમાન **નળ** અને શત્રુના પ્રતિકરૂપ બીજો વળી **કુબેર** હતો. ॥૫॥ આ બાજુ અહીં પૃથ્વીને વિષે શ્રેષ્ઠ **વિદર્ભદેશ** છે. જ્યાં ઉપર ઉપર ગામ તથા નીચે નીચે નગર છે. ॥૬॥ ત્યાં અદ્‌ભુત સૌરાજ્યવાળું, અતિ વિસ્તૃત સુખના ઉદયવાળું, દક્ષિણ દિશારૂપી વહૂના મસ્તકની શોભારૂપ **કુંડિનપુર** નામનું નગર છે. ॥૭॥ જ્યાં અહંકારપૂર્વક વસવા માટે આવતા માણસોને જોઈને શક્ર મહારાજાએ દેવલોકમાં વસવા માટે પ્રાપ્ત કરવી પડતી સમ્યક્ કળાઓને દેવોને બતાવી. ॥૮॥ ત્યાં **ભીમરથ** રાજા ભીમની જેમ ભયંકર પરાક્રમવાળો, જે સૌંદર્યથી અને શૌર્યથી વિષમ એવા શસ્ત્રોના અભિમાનને હરણ કરનાર હતો. ॥૯॥ જેનો ઉગ્ર પ્રતાપ જ પૃથ્વીને સાધતો હતો. ચતુરંગ સેના વળી કેવલ પરિવાર માટે હતી. ॥૧૦॥ સમસ્ત ગુણના સ્થાનરૂપ **પુષ્પદંતી** એ પ્રમાણે તેની પત્ની હતી. જેના લાવણ્યરૂપી અમૃતના સમુદ્રમાં કામદેવ મગરરૂપે હતો. ॥૧૧॥

• અહીં ટીકાકાર પૂર્ણિમા ગચ્છના છે અને તે ગચ્છની માન્યતા સાધુ પ્રતિષ્ઠા ન કરાવે તે પ્રમાણેની છે એટલે સ્વયં કરાવી એમ જણાવ્યું છે. બીજા ગ્રંથોમાં ગુરુ ભગવંત પાસે કરાવ્યાનો ઉલ્લેખ છે.

જેણીના રૂપ અને સ્વરૂપની વ્યાખ્યા પણ વાણીના વિષયમાં ન આવે એવી, ઉપમા ન આપી શકાય તેવી અંગની લક્ષ્મીવાળી તે બંનેને પુત્રી ઉત્પન્ન થઈ. ॥૧૨॥ તેના અંગના નિર્માણમાં અન્ય કોઈ વિધાતા (બ્રહ્મા) ઉત્પન્ન થયો હોય અને માટી પણ કોઈ અન્ય હોય, જાણે કોઈ પથારી પણ અન્ય હોય, તેમ હું માનું છું. ॥૧૩॥ ત્રણ લોકમાં પણ તેવા પ્રકારનું અન્ય રૂપ જોવાયું ન હતું. કર્ણો વડે સંભળાયું ન હતું, તો તેણી કેવી રીતે વર્ણન કરાય ? ॥૧૪॥ તેણીના લલાટમાં વળી સ્વાભાવિક કોઈક તિલક હતું. જેની આગળ સૂર્ય પણ ખજૂઆ (આગિયા)ના બચ્ચા જેવો લાગતો હતો. ॥૧૫॥ અને તેણી ગર્ભમાં રહેતે છતે દુઃખે કરીને દમન કરી શકાય તેવા શત્રુઓ પણ દમન કરાયેલા હતા. આથી પિતા વડે તેનું નામ **દમયંતી,** એ પ્રમાણે કરાયું. ॥૧૬॥

હવે વધતી એવી આ રાજલોકો વડે કુતૂહલથી રાજાઓની સભામાં પણ મનોહર આલાપો વડે બોલાવાય છે. ॥૧૭॥ ખોળારૂપી પલંગમાં બેસાડાય છે, હાથરૂપી કમળમાં બેસાડાય છે. નવા નવા ઉલ્લાપોવાળા મનોહર ગીતો વડે ગવાય છે. ॥૧૮॥ દોષ્કાર ઉચ્ચારના પાઠ વડે નૃત્ય કર-નૃત્ય કર એ પ્રમાણે બોલવા વડે મધ્યમાંગુષ્ઠના વાદનરૂપ તાલિકાના તાલ વડે નૃત્ય કરાવાય છે. ॥૧૯॥ એ પ્રમાણે સૌભાગ્યશાલી સ્વયં સૌભાગ્યના ભંડારરૂપ સ્મિત મુખવાળી તેણી વિવિધ ક્રિયાઓ વડે રમાડાય છે. ॥૨૦॥ કલાના ભંડાર એવા તે રાજાએ કલાગ્રહણ અવસરે કલાચાર્યને બોલાવી તે બાળાને સોંપી. ॥૨૧॥ તેના હૃદયરૂપી દર્પણમાં જલદીથી કલાઓ સંક્રાન્ત થઈ. કલાચાર્ય તો કલાઓના કેવલ બતાવનાર હતા. ॥૨૨॥ પહેલા પણ ધર્મ કરેલો હોવાથી સુલભ બોધિવાળી તે બાલા ધર્માચાર્યને પામીને જલદી સમ્યક્ત્વને પામી. ॥૨૩॥ ત્યારપછી કર્મપ્રકૃતિ વગેરે દુઃખે કરી જાણી શકાય એવા શાસ્ત્રોના સમૂહમાં પણ અદ્‌ભુત બુદ્ધિવાળી તેણી બોધ પામેલી અને બોધ પમાડનારી હતી. ॥૨૪॥ હવે સારી ચર્યા સહિત પ્રવ્રજ્યાને પ્રાર્થતી (માંગતી) એવી તેણી વડે પિતાને પણ જિનધર્મમાં તત્પર બુદ્ધિ ઉત્પન્ન કરાઈ. ॥૨૫॥ તેના ભાવથી રંજિત થયેલી **નિર્વૃતિ દેવીએ** તેને દિવ્ય-સુવર્ણમયી ભાવિના તીર્થંકર **શાંતિનાથ પ્રભુની** પ્રતિમા અર્પણ કરી. ॥૨૬॥ અને કહ્યું, હે વત્સે ! તારા વડે હંમેશાં આ પ્રતિમા પૂજવા યોગ્ય છે, તેણી પણ ચિંતામણીની જેમ તે પ્રતિમાને પ્રાપ્ત કરીને હંમેશાં પૂજતી હતી. ॥૨૭॥

હવે તેણીએ લીલાના લલિતથી મનોહર યૌવનને પ્રાપ્ત કર્યું. જેમાં જાણે જન્માંતરની ગતિની જેમ શરીરનું પરિવર્તન થયું. ॥૨૮॥ પગરૂપી કમળોએ તરંગોથી ચપલ ગતિને મૂકી વળી હેલા સહિત લોચનરૂપી કમલોએ સ્વીકારી. ॥૨૯॥ કટી ભાગે તનુપણું (પાતળાપણું) છોડ્યું. વળી મધ્યભાગે સેવ્યું. છાતીએ સ્તનનું દ્વૈતપણું ધારણ કર્યું. વળી મુખે અદ્વૈતપણું ધારણ કર્યું. ॥૩૦॥ કુમારીઓનો અંગન્યાસ આલેખ માત્રતાને ધારણ કરે છે. જ્યારે યુવતીના અંગ ન્યાસ રતિના પણ રૂપના ગર્વને દૂર કરે છે. ॥૩૧॥ ત્યારપછી તેવા પ્રકારની તે બાલાને જોઈને તેણીના પિતાએ વિચાર્યું, અહો ! આનું રૂપ અસદૃશ છે. આણીને સમાન વર ક્યાં ? ॥૩૨॥ તેથી આણીને વિવાહમાં અયોગ્ય વરને જોડવાથી લોકમાં મારો અપવાદ ન થાઓ. તેથી સ્વયંવરને કરું છું. ॥૩૩॥ ત્યાં સ્વેચ્છા વડે વરવામાં મારો કાંઈપણ દોષ નથી. તેથી દૂતો વડે ચારે બાજુથી તે રાજાઓને બોલાવ્યા. ॥૩૪॥ તે રાજપુત્રીના સૌભાગ્ય ગુણની જાલ વડે ધારણ કરાયેલ, કામરૂપી શિકારીના ભાલાઓ વડે ચારે બાજુથી શલ્યને કરતું, વિવાહના આમંત્રણના ગીતથી વિહ્વળ થયેલા મનવાળું, હરણના ટોળાની જેમ વેગ વડે સમસ્ત રાજાઓનું ટોળું આવ્યું. ॥૩૫-૩૬॥ ત્યારે ઈક્ષ્વાકુ કુળમાં

ઉત્પન્ન થયેલ, મહાસત્ત્વશાલી, તત્ત્વને જાણનાર, કલાના ભંડાર રૂપથી તિરસ્કૃત કર્યો છે કામદેવને જેણે એવો **નળ** પણ ત્યાં આવ્યો. ॥૩૭॥ વિદર્ભ સ્વામી વડે કરાયેલી સેવાવાળા તે સર્વે રાજાઓએ **કુંડિનપુરની** ચારે દિશામાં આવસોને વસાવ્યા. ॥૩૮॥ તેણે વર્ણન ન કરી શકાય તેવા સુધર્મા સભાના પ્રતિબિંબરૂપ મહાન એવા સ્વયંવર મંડપને કરાવ્યો. ॥૩૯॥ તે મંડપમાં દેવલોકના વિમાનને પણ અપમાન કરનાર માંચડા કરાવ્યા અને જલ સરોવરની જાણે જ્યોતિ ન હોય તેવા રત્ન સિંહાસનોને કરાવ્યા. ॥૪૦॥ આભૂષણના રત્નોની કાંતિથી તિરસ્કૃત કર્યા છે રોહણાચલ પર્વતને જેને એવા અને પોતપોતાની પ્રસરતી કાંતિ વડે બીજાઓને તિરસ્કૃત કરતા એવા રાજાઓ વડે તે સિંહાસનો ઉપર બેસાયું. ॥૪૧॥

એટલામાં સ્ફુરાયમાન દિવ્ય જ્યોતિના તિલકથી વિભૂષિત, વાદળથી રહિત સૂર્યના બિંબથી મનોહર પૂર્વ દિશા સમાન, પૂનમના દિવસે જેમ પૂર્ણ ચંદ્રના જેવા હર્ષના પૂરથી ઉજ્વલ મુખવાળી, જાણે વર્ષાઋતુની લક્ષ્મીની જેવી સુસ્નિગ્ધ, ઉન્નત સ્તનવાળી, કંકેલિત વૃક્ષની શાખાની જેમ ઉલ્લસિત નવા પલ્લવ સમાન લાલ નયન, હાથ, પગ અને હોઠવાળી, મુક્તાફળના અલંકારથી વિકસિત, પુષ્પની જાણે મલ્લિકા ન હોય તેમ સારભૂત અંગવાળી, આકાશમાંથી ગ્રહણ કરેલા જાણે શરદઋતુના વાદળ ન હોય તેવા પહેરેલા નિર્મળ વસ્ત્રવાળી માંચડા પર બેઠેલા રાજાઓને કોડો કટાક્ષો કરતી, સમુદ્રની ભરતીમાં મોજાઓના પાણીના બિંદુઓ જેમ દિશાના સ્વામીને તેમ પિતાની આજ્ઞાનું ખંડન નહીં કરતી અને મંડપને શોભાવતી, રાજાઓને ઉત્કંઠિત કરતી, **દમયંતી** ત્યાં આવી. ॥૪૨ થી ૪૭॥ તેણીને જોઈને તે સર્વે પણ રાજાઓ એકીસાથે તેણીને વશ કરવા માટે કામણની ઉપમાવાળા ઘણા કામવિકારોને કરતા હતા. ॥૪૮॥ ત્યાર પછી અંતઃપુરની પ્રતિહારીએ પુત્રીના પિતાની વાણી વડે રાજાઓના સ્વરૂપના કીર્તનને કહેવા માટે આરંભ કર્યો. ॥૪૯॥

હે પુત્રી ! બલથી સ્ફુર્જિત ભુજાના બલવાળો આ **કાશી** દેશનો સ્વામી છે. જેના યશરૂપી નદીને વહાવવાના બહાનાથી ગંગા ત્રણ પથમાં વહનારી થઈ છે. ॥૫૦॥ ગંગા પાસે ઓળખાતી જાણે સાક્ષાત્ **ગંગા** દેવતા ન હોય તેમ હે કલ્યાણી ! જો તું ક્રીડા કરવા માટે વાંચ્છે છે તો આને વર. ॥૫૧॥ દમયંતીએ કહ્યું, હે ભદ્રે ! બીજાને ઠગવામાં ચાતુર્યરૂપી ચાંચવાળા કાશીવાસીઓ સંભળાય છે. તેથી તે મારા હર્ષને માટે નથી. ॥૫૨॥ હવે તેણીએ આગળ થઈને કહ્યું, હે સ્વામિની ! આ ખરેખર કર્યો છે અનેક પાપના અંગોનો ભંગ એવો **કેસરી** કોંકણનો અધિપતિ છે. ॥૫૩॥ આને વરીને તિરસ્કૃત કર્યું છે નંદનવનને જેને એવા કદલી વનમાં રમ અને ગ્રીષ્મઋતુમાં પણ તાપની પીડાને નહીં જાણતી સુખનું સ્થાન થા. ॥૫૪॥ દમયંતીએ કહ્યું, પ્રાયઃ કરીને કોંકણ દેશના લોકો કારણ વિના રોષ કરનારા હોય. તેથી તેઓ પગલે-પગલે અનુકૂલ કરવા માટે સમર્થ નથી. ॥૫૫॥ હવે આગળ જઈને તેણીએ કહ્યું, હે દેવી ! ક્રીડાપ્રધાન એવા કાશ્મીર, કેદારાદિ દેશમાં ઈન્દ્ર સમાન **સારસ્વતેશ્વર**ને વર. ॥૫૬॥ રાજાની પુત્રીએ આ પ્રમાણે કહ્યું. હે ભદ્રે ! હિમનાં સમૂહથી ભીરુ એવા મારા શરીરને શું તું જાણતી નથી ! તેથી આગળ જા. ॥૫૭॥ તેની આજ્ઞા સ્વીકારીને હવે તેણીએ કહ્યું, હે ઈશ્વરી ! પોતાના અંગથી જીત્યો છે કામદેવને જેમણે, એવા આ **કોશામ્બીના** સ્વામી શું તારા મનને હરણ કરતા નથી. ॥૫૮॥ ભૈમીએ કહ્યું. હે ભદ્રે ! આ વરમાળા અદ્‌ભુત હતી. તે સાંભળીને ભદ્રા બોધ પામી ખરેખર અન્ય બોલવું એ જ આનું ખંડન છે. ॥૫૯॥ ત્યારપછી આગળ થઈને ફરી તેણીએ કહ્યું, હે ગુણરાગિણી ! દાનવીર, ધર્મવીર, યુદ્ધવીર એવો આ **અવંતિનો** સ્વામી શું તને ગમે છે ? ॥૬૦॥ ભૈમીએ કહ્યું, હે સખી ! પિતાના સમાન વયવાળા આને નમસ્કાર થાઓ. ત્યારપછી ભદ્રાએ તેને ઓળંગીને બીજા રાજાની

સ્તુતિ કરી. ॥૬૧॥ **ગૌડ** દેશનો ચૂડામણિ, વળી મનુષ્યો અને સ્ત્રીઓને ચિંતામણિ આ છે. તેથી હે દેવી ! આને વરીને દેવીની જેમ ચિંતિત અર્થની પ્રાપ્તિને ભજનારી થા. ॥૬૨॥ તેણીએ કહ્યું, આવા પ્રકારનો કાલની જેમ ભયંકર શું મનુષ્ય પણ થાય ? ત્યારબાદ તેને ઓળંગીને ભદ્રાએ **કલિંગ** દેશના સ્વામીને બતાવ્યો. ॥૬૩॥ જેના તલવારરૂપી રાહુએ શત્રુના યશરૂપી ચંદ્રને ઓળંગીને ગળ્યો છે. હે દેવી ! પતિ એવા આને પ્રાપ્ત કરીને સપત્નીના જયની લક્ષ્મીવાળી થાઓ. ॥૬૪॥ દેવીએ કહ્યું, પાદચાર વડે ખિન્ન થયેલા ખરેખર બોલવા માટે સમર્થ નથી. તેથી તેને ઓળંગીને ભદ્રાએ કહ્યું, હે દેવી ! જુઓ. ॥૬૫॥ તે આ સુભગગ્રામનો ગ્રામણી **નિષધ** દેશનો અધિપતિ છે. જેને જોતા એવા દેવો વડે દૃષ્ટિનું નિર્નિમેષપણું કહેવાય છે. ॥૬૬॥ વિસ્મિત થયેલા મનવાળી દમયંતીએ પણ તેને જોઈને વિચાર્યું, અહો ! આ લાવણ્ય, સૌભાગ્ય અને વિલાસોની નવનિધિ છે. ॥૬૭॥ એ પ્રમાણે નળના ગુણના સમૂહને વિચારતી અને વશ થયેલી બાલિકાએ તેના ગળામાં વરમાળાને નાખી. ॥૬૮॥ અહો, સુંદર વરાયું. એ પ્રમાણે મોટેથી બે વાર ત્યારે બોલાયું અને દિશાઓના પડઘા સ્વરૂપ કોઈપણ કોલાહલ થયો. ॥૬૯॥

એટલામાં પોતાને સુભગ અને શૂરવીર માનતો, અહંકારવાળો મ્યાનમાંથી તલવાર કાઢતો **કૃષ્ણરાજ** નળની પ્રતિ બોલ્યો. ॥૭૦॥ હે ! હે ! નળ ! દમયંતીને પરણવાને માટે તું મેળવીશ નહીં. સીતાને જેમ રામ યોગ્ય છે, તેમ આણીનો ભર્તા થવા માટે હું જ યોગ્ય છું. ॥૭૧॥ નળે પણ આક્ષેપ કરીને તેને કહ્યું, અરે ! કુલપાંસન ! શું તું પિશાચ, વાચાળ અથવા મૂઢ છે ? જેથી તું કુવચન બોલે છે. ॥૭૨॥ જે કારણથી દુર્ભાગ્યપણાથી અભાગ્યવાળો તું દમયંતી વડે વરાયેલો નથી, ખેદની વાત છે કે, કેમ તું સંતાપ કરે છે ? વળી તપને કેમ તપતો નથી. ॥૭૩॥ હમણાં વળી હે પાપી ! આ પરસ્ત્રીની પ્રાર્થના કરતો ધર્મને ગણતો નથી અથવા શું તું કુલને પણ ગણતો નથી. ॥૭૪॥ તેથી મારે તું શિક્ષા કરવા યોગ્ય છે. એ પ્રમાણે હાથમાં તલવારને કંપાવતો ભૂમિને આસ્ફાલન કરીને બળતા એવા કોપરૂપી અગ્નિ સમાન નળ ઊઠ્યો. ॥૭૫॥ ત્યારપછી તે બંનેના સૈન્યો બખ્તરને ધારણ કરીને રોષથી જાણે પરસ્પર ગળી જવાની ઈચ્છાવાળા તેઓ સામે થયા. ॥૭૬॥ ત્યારપછી દમયંતીએ વિચાર્યું હા ! હું મંદભાગ્યવાળી છું. મારા નિમિત્તે શા માટે આ જીવનો સંહાર ઉત્પન્ન થયો. ॥૭૭॥ જો મારી અરિહંત પરમાત્માને વિશે નિશ્ચલ ભક્તિ વિદ્યમાન છે, તો મારા પ્રિયનો જય થાઓ અને શત્રુ ઉપશાંત થાઓ. ॥૭૮॥ એ પ્રમાણે કહીને પાણીના કળશને ગ્રહણ કરીને તેણીએ પાણીના છાંટણાઓ વડે કૃષ્ણરાજ રાજાની ઉપર ત્રણ વાર પાણી છાંટ્યુ. ॥૭૯॥ તે પાણી વડે સ્પર્શ કરાયેલો તે બુઝાઈ ગયેલા અંગારા સમાન થયો. વૃક્ષ પરથી પાકી ગયેલા પાનની જેમ હાથના અગ્રભાગમાં રહેલ તલવાર વડે પડાયું ॥૮૦॥ હવે લોકોત્તર મહિમાવાળા ભૈમીના વૃત્તાંત વડે રાજાના સમૂહે વિચાર્યું કે, શું આ મનુષ્યના રૂપને ધારણ કરનારી દેવી છે. ॥૮૧॥ ત્યારબાદ તેજ રહિત થયેલા કૃષ્ણરાજે આ પ્રમાણે વિચાર્યું કે, આ દમયંતી સામાન્ય નથી અને નળ પણ સામાન્ય નથી. ॥૮૨॥ ત્યારપછી પ્રશાંત બુદ્ધિવાળા કૃષ્ણરાજે તેને ખમાવ્યા અને નળે પણ તેની પૂજા કરી. સજ્જન પુરુષો ખરેખર સુકૃતના પ્રિય હોય છે. ॥૮૩॥

મહર્ષિની જેમ નળને શાપ અને અનુગ્રહમાં સમર્થ જાણીને ઘણા આનંદવાળા વૈદર્ભે પુત્રીનો વિવાહ કરાવ્યો. ॥૮૪॥ હસ્તિ, અશ્વ, રથ અને રત્નાદિ તેણે નળને પહેરામણીમાં આપ્યા અને અન્ય રાજાઓને સન્માન કરીને ઘર તરફ વિસર્જન કર્યા. ॥૮૫॥ ત્યાં કેટલાક દિવસો રહીને નળ પણ ચાલ્યો, સસરાના ઘરે

લાંબો કાળ નારીઓ રહે છે, પુરુષો નહીં. ॥૮૬॥ સત્કાર કરીને ભીમ, જમાઈ નળની પાછળ કાંઈક ગયો અને જતી એવી દમયંતીને માતાએ પ્રેમ વડે આ પ્રમાણે શિખામણ આપી. ॥૮૭॥ હે પુત્રી ! બીજાની નિંદા કરીશ નહિ. વિનીત થજે, પ્રિય બોલજે અને સંકટમાં પણ પોતાના પતિને દેહની છાયાની જેમ ત્યજીશ નહિ. ॥૮૮॥ પરમૈશ્વર્યને પામવા છતાં પણ સ્વપ્નમાં પણ ગર્વને કરજે નહીં. પ્રાણનો ત્યાગ થવા છતાં પણ નિષ્કલંક એવા પોતાના શીલને છોડીશ નહીં. ॥૮૯॥ તેણી તે શિક્ષાને ગ્રહણ કરીને માતા-પિતાની અનુજ્ઞા વડે રથ પર આરૂઢ થયેલા પતિના ખોળાના સંગને પામેલી તેણી ચાલી. ॥૯૦॥ ત્યારે ચતુરંગ સેનાને ધારણ કરતા જતા એવા અને સર્વે રાજ્ય જયની લક્ષ્મી જેવી દમયંતીને પ્રાપ્ત કરીને ચાલતા એવા નળના સૈન્યથી ઉખાડાયેલી ધૂલથી ધૂસરની જેમ ત્યારે ઢંકાયેલી કાંતિવાળો સૂર્ય જાણે સ્નાનનો અર્થી ન હોય તેમ અપર સમુદ્રમાં ગયો. ॥૯૧-૯૨॥ જગતના જીવોના લોચનના પ્રકાશને ઢાંકતો ચારે બાજુથી આકાશમાં હવે રાક્ષસની જેમ અંધકાર પ્રસર્યો. ॥૯૩॥ ત્યારે અંધકાર વડે દિશાઓ જાણે કોળીઓ કરાઈ અને વસ્તુઓ વડે અદૃશ્ય થવાનો મંત્ર જાણે સ્મરણ કરાયો. ॥૯૪॥ ત્યારે જાણે ધ્યાનમાં લીન નેત્રોવાળા લોકો વડે માર્ગમાં આગળ રહેલો ઊંચ-નીચનો વિભાગ પણ ઓળખાતો ન હતો. ॥૯૫॥ જલદી સ્વસ્થાને જવાની ઉત્કંઠા વડે જાણે ખેંચાતો ન હોય તેમ નળ રાજાએ ત્યારે પણ પ્રયાણને રોક્યું નહીં. ॥૯૬॥ અંધકારમાં દૃષ્ટિઓનું અંધપણું થયે છતે મૂર્ચ્છાલુની જેમ તે સૈન્યને સ્ખલના પામતું, પડતું, જતું જોઈને નળે પ્રિયાને કહ્યું. ॥૯૭॥ હે દેવી ! ક્ષણવાર જાગ, અંધારું સૈન્યને પીડે છે. તારા કપાળના તિલક વડે રાત્રિમાં પણ સૂર્યોદય થાઓ. ॥૯૮॥ ભૈમીએ ઊઠીને દર્પણની જેમ હાથ વડે ભાલને સાફ કર્યું અને અંધકારને નાશ કરવામાં સૂર્ય સમાન તિલક જલદી દેદીપ્યમાન થયું. ॥૯૯॥ તિલકરૂપી સૂર્યના પ્રતાપ વડે અંધકારરૂપી કાદવ શોષાયે છતે ત્યારપછી સઘળુ સૈન્ય સ્ખલના રહિત જવા માટે પ્રવૃત્ત થયું. ॥૧૦૦॥ કોશલ દેશના નજીકના પ્રદેશને પ્રાપ્ત કરીને નળ રાજાએ પ્રિયાને કહ્યું, હે દેવી ! જૈન ચૈત્યરૂપી મોતીના ભૂષણરૂપ આ મારી નગરી છે. ॥૧૦૧॥ કમળોની માળામાં જેમ ભમરા તેમ તે ચૈત્યોની શ્રેણીને જોઈને ત્યારે દમયંતી હર્ષ વડે દ્વિગુણ શરીરવાળી થઈ. ॥૧૦૨॥ અને કહ્યું, હે દેવ ! હું ધન્ય છું. જેથી મારા વડે તમે પતિ રૂપે પ્રાપ્ત કરાયા. જેથી હંમેશાં આ ચૈત્યો મારે પૂજાના વિષયભૂત થશે. ॥૧૦૩॥

હવે ત્યારે વહુ-વરનું આગમન થયે છતે ઊંચા તોરણવાળી, ચપળ માંચડાવાળી, ઊંચી ધજાવાળી જાણે શણગારાયેલી હોય તેમ તે નગરી થઈ. ॥૧૦૪॥ ભૈમીના વિવાહરૂપી અમૃતના સિંચનથી ભીનું થયેલું છે સૌભાગ્યરૂપી વૃક્ષ જેનું એવો નળરાજા કરાયેલા મંગલવાળો શુભ દિવસે તે નગરીમાં પ્રવેશ્યો. ॥૧૦૫॥ હવે પ્રિયા સહિત નળ વડે હર્ષથી માતા-પિતા નમાયા. પ્રીતિવાળા માતા-પિતા વડે પ્રિય આશિષથી તે બંને અભિનંદિત કરાયા. ॥૧૦૬॥ અને ત્યારપછી ત્યાં આનંદને વશ થયેલા તે બંને પતિ-પત્ની ક્યારેક જલની ક્રીડા વડે પરમ સુખને અનુભવતા હતા. ॥૧૦૭॥ દમયંતીના કર્ણમાં રહેલા સ્ફુરાયમાન રત્નના કુંડલોની જેમ હિંડોળાની લીલા વડે ક્યારેક બંને હિંચકા રમતા હતા. ॥૧૦૮॥ પરસ્પર વિભૂષાને માટે સ્પર્ધા વડે તે બંને ક્યારેક પુષ્પના શણગારને શૃંગારને જાણનાર માળીની જેમ ગૂંથતા હતા. ॥૧૦૯॥ ક્યારેક પાસાઓ વડે કૌતુકને સભારૂપ કરીને ખેલતા હતા, ક્યારેક દિવ્ય એવા કાવ્યો વડે અન્યોન્ય ગુણોને ગાતા હતા. ॥૧૧૦॥ ક્યારેક નળ સ્વયં એકાંતમાં ભિન્ન ભિન્ન ગતિવાળી ક્રિયાને હાથની હોંશિયારીપૂર્વક વાજિંત્રોને વગાડતો દમયંતીને નૃત્ય કરાવતો હતો. ॥૧૧૧॥ એ પ્રમાણે નવી નવી લીલાઓ વડે નિત્ય અવિયોગી એવા

તે બંને દંપતિએ કેટલોક કાળ પસાર કર્યો. ॥૧૧૨॥ એક દિવસ નિષધ રાજાએ પોતાના રાજ્યમાં નળને સ્થાપ્યો અને યુવરાજ-પણામાં કૂબેરને સ્થાપી અને રાજાએ સ્વયં સંયમને ગ્રહણ કર્યું. ॥૧૧૩॥ શત્રુઓને અગ્નિની જેમ અસહ્ય પ્રતાપવાળો અને પ્રજાના નેત્રોને ચંદ્રમા સમાન નળ રાજા તે રાજ્યને પાળતો હતો. ॥૧૧૪॥ દિશાઓના સ્વામીને પણ અભિમાન વડે જે તૃણ સમાન માનતો ન હતો, પોતાને વીર માનતા એવા તેના વડે પણ નળની આજ્ઞા ન ઉલ્લંઘાઈ. ॥૧૧૫॥

એક દિવસ મંત્રી આદિ કુલવૃદ્ધોને તેણે પૂછ્યું, શું હું પિતાએ મેળવેલી જ પૃથ્વીનું શાસન કરું છું કે અધિક પૃથ્વીનું ? ॥૧૧૬॥ તે મંત્રીઓએ કહ્યું, તારા પિતા ત્રણ અંશ ઊણા ભારતને ભોગવતા હતા. તમે સમસ્ત ભારતને ભોગવો છો. તેથી પિતાથી અધિક પુત્ર હોય, આ વાત યોગ્ય છે. ॥૧૧૭॥ પરંતુ અહીંથી બસો યોજન દૂર **તક્ષશિલા** નગરી છે. તે નગરીમાં **કદંબ રાજા** છે, તે તારી આજ્ઞાને માનતો નથી. ॥૧૧૮॥ અર્ધ ભરતના જયરૂપી સમુદ્રમાં ઉત્પન્ન થયેલા હે સ્વામી ! તારા યશરૂપી ચંદ્રની અંદર અહંકારી એવો આ એક જ લાંછનરૂપી કાંતિને ધારણ કરે છે. ॥૧૧૯॥ તારા વડે ઉપેક્ષા કરાયેલો આ વ્યાધિનો લેશ જેમ વૃદ્ધિ પામે તેમ હમણાં વૃદ્ધિ પામતો કષ્ટથી સાધી શકાય તેમ થયો. ॥૧૨૦॥ તારા વડે તેને હણવા માટે સર્યું. તે હણાયેલો જ છે. સૂર્યની પ્રભા ઉદય પામ્યે છતે શું અંધકાર પલાયન ન થાય ? ॥૧૨૧॥ પરંતુ હે દેવ ! દૂતના મુખ વડે પહેલા આ શિખામણ અપાય. યુદ્ધ અથવા પ્રણામ પાછળથી ઈચ્છા પ્રમાણે તે કરો. ॥૧૨૨॥ ત્યારપછી રાજાએ વચસ્વિન્ અને ઉદ્ધત મહા આટોપવાળા દૂતને શિખામણ આપીને તેને શિક્ષા આપવા માટે વિસર્જન કર્યો. ॥૧૨૩॥ ત્યારપછી દૂતે તક્ષશિલામાં જઈને કદંબ રાજાને આ પ્રમાણેના પોતાના સ્વામીના સંદેશાને અભિમાન સહિત કહ્યો. ॥૧૨૪॥ હે કદંબ ! મારો સ્વામી અર્ધ ભરતેશ્વરની પ્રીતિવાળો એવો નળ રાજા સ્વયં પ્રસાદ સહિત તને જણાવે છે. ॥૧૨૫॥ અમારા ચરણરૂપી કમળની રજથી તિલકરૂપ થયા છે વાળ એવા અને ધારણ કરી છે અમારી આજ્ઞારૂપી મુગટને એવા હે રાજન્ ! તું ભયરહિત થા. ॥૧૨૬॥ જો નહીં માને તો શીલથી ભ્રષ્ટ મહાઋષિ જેમ સુકૃતના જ અંતને પામે, તેમ રાજ્યના સાતે અંગના નાશને તુ પામીશ. ॥૧૨૭॥ હે રાજન્ ! હિતબુદ્ધિવાળા મેં તને વળી દૂતને મોકલ્યો, અન્યથા નહીં જણાવવા વડે આવીને અહીં તારો સંહાર કરત. ॥૧૨૮॥

ત્યારબાદ કદંબ રાજાએ હાસ્ય સહિત અવજ્ઞા વડે કહ્યું, અહીં નળ રાજા તૃણ સમાન અમારા વડે સંભળાયેલો છે, સમર્થ નહીં. ॥૧૨૯॥ તો શું તૃણ પણ ક્યારે નમાય અથવા પૂજાય છે અથવા પ્રસાદ કરે છે ? હે દૂત ! તું બહુ જોવાયેલો છે. બોલ. ॥૧૩૦॥ દૂતે કહ્યું, તને ખોટું સંભળાયેલું છે. ખરેખર નળ સમ્રાટ છે. તૃણ સમાન નહીં, પરંતુ દાંતમાં ગ્રહણ કરેલા તૃણવાળા જેઓ વડે તે નમાયેલો છે, તેઓને તે રક્ષણ કરે છે. ॥૧૩૧॥ તેથી હે રાજન્ ! ભય પામતા તારા વડે પણ નળ રાજાને પૂજવા યોગ્ય છે, પ્રસન્ન કરીને આરાધવા યોગ્ય છે. જેથી તું પણ રક્ષણ પામીશ. ॥૧૩૨॥ ત્યારબાદ આટોપ સહિત કોપવાળા કદંબ રાજાએ દૂતને કહ્યું, અરે ! શું હું પણ તારા વડે શેષ રાજાના સ્થાનમાં લઈ જવાયો. ॥૧૩૩॥ દૂતે કહ્યું, નમેલા બીજા રાજાઓનું સ્થાન ક્યાં ? અને તારું સ્થાન ક્યાં ? ખરેખર ! ગાયની નાસિકાવાળો સર્પમાત્ર જેવો તું અમારા બાળકો માત્ર માટે ભયંકર છે અર્થાત્ અમારા બાળકો વડે પણ લીલામાત્રથી મારી શકાય એવા સર્પ જેવો છે કાંઈ મહાન નથી. ॥૧૩૪॥ આ પ્રમાણે વક્રોક્તિ વડે જીતાયેલા કદંબે કહ્યું, તે નળ અહીં આવે, આવેલા તેને અમે ઉત્તર આપશું. ॥૧૩૫॥ ત્યાર પછી પાછા ફરીને તે દૂત કોશલાધિપતિને સર્વે તે ઉક્તિ-પ્રત્યુક્તિને

જણાવે છે. ॥૧૩૬॥ ત્યારપછી હાથી-ઘોડા-રથ અને સૈન્યથી કંપાયમાન કર્યું છે સમસ્ત ભૂતલને એવા નળ રાજા સર્વે સમૂહ વડે તેની સન્મુખ ગયો. ॥૧૩૭॥

હવે રામે જેમ અમર્ષથી લંકાને તેમ નલે વાનરના વ્યૂહરૂપ પોતાના સૈનિકો વડે તક્ષશિલા નગરીને રૂંધી. ॥૧૩૮॥ અને દૂત વડે કદંબ રાજાને કહેવડાવ્યું. જો પોતાની પ્રિયાને અકાલે વૈધવ્યપણું ન કરવું હોય તો હજુ પણ મને નમેલો થા. ॥૧૩૯॥ કદંબે કહ્યું, શું બાલ-ઉન્મત્ત એવો તારો જે નળ વૈરી રૂપી સર્પના સમૂહો માટે ગરુડ સમાન એવા મને જાણતો નથી. ॥૧૪૦॥ શું તેને કોઈપણ વિવેકી મંત્રીઓ પણ નથી કે જેઓ વડે આ અવિચારીને કરતો એવો નિષધરાજાનો પુત્ર (નળ) નિષેધ કરાતો નથી. ॥૧૪૧॥ હા, જણાયુ તે નૈષધિ નિશ્ચે જીવનથી કંટાળી ગયેલો લાગે છે. તેથી હે દૂત ! જલદી જા, હું યુદ્ધમાં લંપટ છું. ॥૧૪૨॥ તે અહંકારથી દુર્દ્ધર એવું કદંબે કહેલું દૂત પાસેથી સાંભળીને યુદ્ધમાં શ્રદ્ધાલુ સૈનિક એવો નળ તૈયાર થયો. ॥૧૪૩॥ ત્રિપૃષ્ઠ દ્વારમાં આવતે છતે ગિરિની ગુફામાંથી સિંહની જેમ કદંબ પણ શત્રુની સન્મુખ તૈયાર થઈને બહાર આવ્યો. ॥૧૪૪॥ ત્યાં તે બંનેનું પહેલા બાણનું યુદ્ધ પ્રવર્ત્યું. ત્યારપછી તલવારનું ત્યારપછી ભાલાનું યુદ્ધ થયું. ॥૧૪૫॥ કદંબને નળ રાજાએ કહ્યું, આ કીડીઓને કુટવા વડે શું, જેથી આપણા બંનેને વૈર છે, તેથી યુદ્ધ પણ આપણા બંનેનું થાઓ. ॥૧૪૬॥ હવે યુદ્ધમાં પરાયણ એવા તે બંને રાજાઓ પણ વરને વરવાની જેમ યુદ્ધમાં જયરૂપી લક્ષ્મીને વહન કરવા માટે જાણે શ્રેષ્ઠ બાણોને મૂક્યા. ॥૧૪૭॥ પરંતુ ત્યાં કદંબ સંબંધી બાણોને રાજાઓમાં હાથી સમાન એવા નૈષધિએ હાથના અગ્રભાગ વડે તિરસ્કાર કરીને દૂર કર્યા. ॥૧૪૮॥ જે જે અન્ય પણ અસ્ત્રને સંયતિ એવો કદંબ જોડતો હતો. અપવાદમાર્ગ જેમ ઉત્સર્ગમાર્ગનો બાધ કરે તેમ, તે તે શસ્ત્રોને નળરાજા પણ બાધ કરતો હતો ! ॥૧૪૯॥ અભિમાન વડે જેમ અંધંભવિષ્ણુએ તેમ નળરાજાએ આજે મારા સઘળા ક્ષાત્રવટ તેજને બુઝવી નાખ્યું તો શું હું પતંગિયાની જેમ મરું ? એ પ્રમાણે ચિત્તમાં વિચારીને તે સ્થાનથી પલાયન થઈને કદંબ રાજા વ્રતને ગ્રહણ કરીને કાયોત્સર્ગ વડે રહ્યો. ॥૧૫૦-૧૫૧॥ અને તેને જોઈને નળરાજાએ કહ્યું, હે સુભટ ! તારા વડે હું જીતાયેલો છું. જેથી તારા વડે ગ્રહણ કરાયેલી ક્ષમાને ગ્રહણ કરવા માટે હું સમર્થ નથી. ॥૧૫૨॥ એ પ્રમાણે કદંબ રાજર્ષિની સ્તુતિ કરીને તેના સત્ત્વથી રંજિત થયેલા નળરાજાએ તેના રાજ્યમાં તેના જ પુત્ર જયશક્તિને સ્થાપ્યો. ॥૧૫૩॥ નળરાજા પણ વિષ્ણુની જેમ સમર્થ છે, એમ વિચારીને સઘળા રાજાઓ વડે ભરતાર્ધના સામ્રાજ્યમાં ત્યારે તેનો અભિષેક કરાયો. ॥૧૫૪॥ અગ્નિ સમાન બલવાળો નળરાજા હવે કોશલામાં ગયો. સર્વ ધન વડે કરાયેલું છે માંગલિક એવા રાજાઓ વડે તે પૂજાયો. ॥૧૫૫॥

ત્યારપછી સાર્વભૌમ એવા નળ વડે એક પત્ની, મહાસતી ભૈમીની જેમ ભૂમિ પણ લાંબો કાળ ભોગવાઈ. ॥૧૫૬॥ રાજ્યનો લોભી, કુલાંગાર એવો કુબેર વળી ભણેલા શાકિની મંત્રની જેમ નળની પ્રત્યેક છલને શોધતી દૃષ્ટિવાળો રહ્યો. ॥૧૫૭॥ ગુણવાન એવા પણ નળરાજાને ચંદ્રને જેમ કલંક અને સમુદ્રને જેમ ખારાપણું તેમ દ્યૂતનું વ્યસન હતું. ॥૧૫૮॥ ત્યારપછી રાજ્યને જીતવાની ઈચ્છાવાળો કુબેર દ્યૂતકારની જેમ પાસાઓ વડે માયાથી નળરાજાને દરરોજ રમાડતો હતો. ॥૧૫૯॥ ડમરુકનાં મણીની જેમ અને કાગડાના આંખના ડોળાની જેમ ક્રીડા કરતા આ બંનેને હંમેશા હીંડોળામાં રહેલાની જેમ જય થયો હતો. ॥૧૬૦॥ એક વખત ભાગ્યના દોષ વડે દ્યૂતકર્મમાં પ્રવીણ એવા પણ નળરાજા કુબેરને જીતવા માટે સમર્થ ન થયા. ॥૧૬૧॥ જુગારના જાણકાર એવા નળરાજાના ચિંતિત (ઈચ્છા મુજબ) પાસાઓ વડે ન પડાયું (એથી) કુબેરનો જ

વારંવાર જય થયો. ॥૧૬૨॥ ઉનાળામાં સરોવર જેમ પાણી વડે (સૂકાવાથી) શોભા વડે હીન થાય તેમ ત્યાર પછી નળ ધીમે ધીમે ગામ-નગરોને હારતો લક્ષ્મી વડે હીન થયો. ॥૧૬૩॥ નળ જુગારને નહિ મૂકતે છતે, જુગાર પ્રજાને માટે રાત્રિરૂપ થયો અર્થાત્ વિનાશ માટે થયો અને વળી ક્ષણે ક્ષણે જયને મેળવતા કુબેરને તે જ જુગાર દિવસરૂપ અર્થાત્ અભ્યુદય માટે થયો. ॥૧૬૪॥

ત્યારબાદ નળના અનુરાગી લોકો વડે હાહારવ કરાયો. તેને સાંભળીને આકુલ થયેલી દમયંતી પણ આવી. ॥૧૬૫॥ અને કહ્યું, ઈચ્છિતને આપનાર હે દેવ ! હું તને કાંઈક પ્રાર્થના કરું છું કે, દુર્ભાગ્યના પાશની જેમ આ પાસાઓને તમે રમો નહીં. ॥૧૬૬॥ હે પ્રિય ! શ્રેષ્ઠ એવા રાજ્યને નાના ભાઈ એવા કુબેરને સ્વયં આપો. બલાત્કારે આને રાજ્યને હરણ કર્યું, એ પ્રમાણે પોતાની અપકીર્તિ ન કરો. ॥૧૬૭॥ જે યુદ્ધ વડે મેળવેલું રાજ્ય તે નળે અક્ષ વડે હાર્યું, એ પ્રમાણે હે નાથ ! ચોર આદિથી હરણ કરાયેલી વસ્તુની જેમ મને દુઃખ કરનાર છે. ॥૧૬૮॥ મત્ત થયેલા હાથીની જેમ તેની વચનશ્રેણીને નળે ગણકારી નહીં. ત્યારબાદ તેણી વડે અમાત્યો કહેવાયા કે, નલને દ્યૂતથી નિષેધો. ॥૧૬૯॥ દ્યૂતથી અત્યંત વરાતો પણ નળ તેઓને માનતો ન હતો. સંનિપાતના રોગવાળા શું ઔષધકર્મને કરે ? ॥૧૭૦॥ ત્યારબાદ અખંડિત પરાક્રમવાળો પણ નળ દ્યૂત વડે અંધ થયેલો આ ત્રણ ખંડ પૃથ્વીને હાર્યો. ॥૧૭૧॥ હવે ભૈમી સહિત અંતઃપુરને, શરીરના આભરણાદિ પણ હાર્યો, કેવલ દેહમાત્ર વડે જન્મ થયો હોય તેમ રહ્યો. ॥૧૭૨॥ હવે નળ કુબેર વડે કહેવાયો કે મારા રાજ્યને જલદીથી મૂક. જેમ પિતા વડે તને તેમ હમણાં પાસાઓ વડે મને રાજ્ય અપાયું છે. ॥૧૭૩॥ હે જીતકાશી ! અભિમાન ન કર. સત્ત્વવાળાઓને લક્ષ્મી હાથમાં છે, એ પ્રમાણે તેને કહીને પહેરેલા વસ્ત્રના વૈભવવાળો નળરાજા ચાલ્યો. ॥૧૭૪॥ નળને અનુસરતી એવી દમયંતીને કુબેર વડે કહેવાયું, જુગારમાં તું જીતાઈ છે. જા નહિ. મારા અંતઃપુરમાં પ્રવેશ કર. ॥૧૭૫॥

હવે પ્રધાનો વડે કુબેર કહેવાયો. આ દમયંતી મહાસતી પરપુરુષની છાયાને ક્યારે પણ સ્પર્શતી નથી. ॥૧૭૬॥ આણીને અન્તઃપુરમાં નાખ નહીં. જે કારણથી આ તારી માતા સમાન છે. મોટા ભાઈ સર્વ લોકમાં પિતા તુલ્ય ગવાય છે. ॥૧૭૭॥ બલાત્કાર કરાયેલી આ તને ભસ્મસાત્ કરશે. ખરેખર કુપિત થયેલી સતીઓને કાંઈ પણ દુષ્કર નથી. ॥૧૭૮॥ આ મહાસતીને કોપિત કરીને અનર્થનું ભાજન ન થા. વળી પોતાના પતિને અનુસરતી એવી આણીને ઉત્સાહિત કર. ॥૧૭૯॥ હે કુબેર ! પુર, ગામ-નગરાદિ આપીને તો સર્યું. સારથિ સહિત ભાથા સહિત નળને રથ આપ. ॥૧૮૦॥ ત્યારપછી એ પ્રમાણે કહેવાયેલા દાક્ષિણ્યતા રહિતના કુબેરે પણ તે પ્રમાણે કર્યું. **ક્રૂર પણ ગ્રહ ક્યારેક શુભના યોગથી શુભને આપનાર થાય.** ॥૧૮૧॥ નળે કહ્યું, જો હું ભુજાના બળથી મેળવેલી આ લક્ષ્મીને ક્રીડા વડે ત્યજું છું, તો હું રથને માટે શા માટે સ્પૃહા કરું ? ॥૧૮૨॥ નગરજનોએ કહ્યું, હે સ્વામી ! તારા ચરણની રજ સમાન અમે તારી સાથે આવીએ છીએ. વળી કુબેરે તેઓને રોક્યા. ॥૧૮૩॥ અને વળી આ પણ તારા વડે રાજ્યમાં કરાયેલો છે, તેથી કેવી રીતે છોડાય. અન્ય પણ અહીં જે રાજા થાય તે પણ અમારે તારી જેમ સેવવા યોગ્ય છે. ॥૧૮૪॥ તેથી હે દેવ ! હમણાં અમે આવશું નહીં, આપની સાથે જનારી આ ભૈમી જ ભાર્યા, નોકર, મિત્ર અને અમાત્ય છે. ॥૧૮૫॥ તેથી રાજાની પુત્રી, સૂર્યને પણ નહીં જોનારી રાજવલ્લભા કોમલ અંગવાળી એવી આ હે નાથ ! કેવી રીતે પથિકીભાવને સ્વીકારશે ? ॥૧૮૬॥ લલાટને તપાવનાર સૂર્યના કિરણોથી ભુંજાઈ ગયેલી છે રજ જેની એવા માર્ગો સુકોમલ પગ વડે આણીને કેવી રીતે ઉલ્લંઘાશે ? ॥૧૮૭॥ હે સ્વામી ! મહેરબાની કરીને રથને ગ્રહણ

કરો. જે કારણથી તે રથને ગ્રહણ કરીને દેવને અને દમયંતીને માર્ગ સારી રીતે ઓળંગવા યોગ્ય થાય. ॥૧૮૮॥ ત્યારબાદ મહાન કાંતિવાળો નળ રાજા ભૈમીની સાથે તે રથ પર આરુઢ થઈને ચાલ્યો. **ખરેખર ! મહાન પુરુષો સંપત્તિ અને આપત્તિમાં અચલ સત્ત્વવાળા હોય છે.** ॥૧૮૯॥ ત્યારે એક વસ્ત્રવાળી તે ભૈમીને જોઈને નગરના લોકોએ અશ્રુધારા વડે નવા મેઘની જેમ વસ્ત્રને વર્ષાવ્યા. ॥૧૯૦॥ સંયમ સ્વીકારવાની ઈચ્છાવાળો જેમ મમત્વ રહિત હોય તેમ પાછળ આવતા નગરલોકોને મમતારહિત અને કઠોર એવા નળે કહ્યું. ॥૧૯૧॥ ઉત્પન્ન થયેલા અંધપણાવાળા અમારા વડે અહો, કાંઈ પણ અપરાધ કરાયો. તમારા વડે અમારો અપરાધ સહન કરાય. હમણાં અમે જઈએ છીએ. ॥૧૯૨॥ સ્વામીના દુઃખથી પીડિત થયેલા તેઓએ કહ્યું, હે દૈવ ! હા તારા વડે શું કરાયું ? તું કેમ વિલીન ન થયો. જે કારણથી આ પ્રમાણે દુઃખદાયી થયું. ॥૧૯૩॥ જગતને અનુકૂળ એવા આ નલ મહાત્માને પ્રતિકૂળ થયું. કેવું તારું દુષ્ટપણું ? ખરેખર તે દુષ્ટપણું દુષ્ટને વિષે યોગ્ય છે. ॥૧૯૪॥ હે દુર્દૈવ ! ખરેખર કુબર પણ તારા વડે પ્રગટ રીતે અધિષ્ઠિત કરાયો. અન્યથા પિતાતુલ્ય ભાઈનું શું વૈરીપણું કરે ? ॥૧૯૫॥ નલે કહ્યું, હે જનો ! દૈવના શોક વડે હમણાં સર્યું. હે સજ્જનો ! હૃદયને નિર્દય કરીને સ્નેહને ઢીલો કરો. ॥૧૯૬॥ અન્ય કોઈનો પણ દોષ નથી. આ દોષ અમારા કર્મનો છે. અહીં સર્વે સ્વયં જ શુભાશુભ કર્મને અનુભવે છે. ॥૧૯૭॥ અને વળી અહીં મહાન પુરુષોને વિપત્તિઓ પણ સંપત્તિને માટે છે. **સુવર્ણને બળતા એવા અગ્નિમાં પતન તે શું તેજની વૃદ્ધિ માટે નથી** ? ॥૧૯૮॥ ત્યારપછી ફુવારાવાળા ઘર સ્વરૂપ થયેલા સર્વે નગરવાસીઓ પડતી એવી અશ્રુના સમૂહની ધારા વડે અત્યંત વર્ષતા હતા. ॥૧૯૯॥ સત્ત્વશાળીઓ વડે પણ શું આ પામરાચાર આરંભ કરાયો છે. તેથી રડીને સર્યું. જે કારણથી પ્રયાણ કરનારાને અમંગલ થાય. ॥૨૦૦॥ જેથી દેશના દર્શનનો ઉત્સાહ અમોને હમણાં સહાયરૂપ છે. તેથી અમે સુખ વડે જઈશું ખેદ ન પામો. ॥૨૦૧॥

એ પ્રમાણે રાજા વડે જણાવાયેલા તે નગરજનો કેવલ કાયા માત્રથી પાછા ફર્યા અને મન વડે તો રાજાની પાછળ ગયા. ॥૨૦૨॥ આગળ જતાં ત્યાં નલ રાજાએ આકાશરૂપી છત્રનું જાણે દંડ ન હોય, તેવા પાંચસો હાથ ઊંચા સ્તંભને જોયો. ॥૨૦૩॥ રાજ્યના નાશના પ્રહારની પીડાને પણ જાણે જાણતા ન હોય, તેમ હાથી જેમ પદ્મનાલને ઉખેડે તેમ નલ રાજાએ તે સ્તંભને ઉખેડ્યો. ॥૨૦૪॥ મહાન બળના પ્રકાશ માટેના જાણે પોતાના કીર્તિ સ્તંભને આરોપતા ન હોય, તેમ નલ રાજાએ ફરી પણ ત્યાં જ તે સ્તંભને આરોપ્યો. ॥૨૦૫॥ તેને જોઈને નગરજનો બોલ્યા, અહો ! પરાક્રમી નલ આવાની પણ આ અવસ્થા, અથવા શું સૂર્ય અસ્ત નથી પામતો ? ॥૨૦૬॥ પહેલાં અહીં ઉદ્યાનમાં નલ અને કુબર ક્રીડા કરતે છતે શ્રેષ્ઠ બુદ્ધિવાળા અતીન્દ્રિય જ્ઞાની એક મુનિ આવ્યા હતા. ॥૨૦૭॥ તે મુનિએ કહ્યું હતું કે, સુસાધુને ક્ષીરના દાનથી પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલા સત્પુણ્યવાળા નલ અર્ધ ભરતના સ્વામી થશે. ॥૨૦૮॥ ટેકા સહિતના જે આ મહાસ્તંભને ચલાયમાન કરશે, તે અર્ધ ભરતના અવશ્ય સ્વામી થશે. ॥૨૦૯॥ ત્યાં આ ભરતાર્ધનો સ્વામી થયો અને સ્તંભને ચલાયમાન કર્યો, તે બંને ઘટતુ થયું. ॥૨૧૦॥ પરંતુ આ એક અઘટતું થયું, જે કારણથી નલ જીવતે છતે પણ અહીં કોશલા નગરીમાં કુબર રાજા થયો. ॥૨૧૧॥ અને વળી અહીં જો ક્યારેક મુનિનું બોલેલું વિસંવાદવાળું પણ હોય નહીં તો આ કુબર અહીં આનંદ પામી શકશે નહીં. ॥૨૧૨॥ ફરી પણ નલ રાજા જ અહીં ક્યારેક કોશલ દેશનો અધિપતિ થાય. એ પ્રમાણે જનના આલાપોને સાંભળતા નલે કોશલાનો ત્યાગ કર્યો. ॥૨૧૩॥

હવે નલે પત્નીને પૂછ્યું, હમણાં ક્યાં જવાય ? સ્થાનનો નિશ્ચય કર્યા વિના લુચ્ચો માણસ પણ પ્રવર્તતો

નથી. ॥૨૧૪॥ દમયંતીએ કહ્યું, સર્વ પ્રકારે વિચારીને સર્યું. હે દેવ ! તારા સંગમ વડે વિશ્વમંડન એવું કુંડિનપુર થાઓ. ॥૨૧૫॥ ત્યારબાદ નલના આદેશથી તેને જાણનાર એવા સારથિએ શ્રેષ્ઠ ઘોડાઓને જલદી કુંડિનપુર તરફ પ્રેર્યા. ॥૨૧૬॥ વાઘનાં ધૂત્કાર અને પૂત્કારના અવાજથી ડંબરિત કર્યું છે આકાશને જેને એવી, સર્પની ફણાના રત્નની જ્યોતિથી ઉદ્યોતિત થયેલા નેત્રોવાળી, આકાશને અડતા દેદીપ્યમાન ધૂમ્રથી ધૂમરૂપ કેશવાળી બળતા દાવાનલની જ્વાલારૂપી જીલ્વા તે રૂપ વૃક્ષોના મુખવાળી, સિંહથી હણાયેલ શૂકરોની દાઢાથી કાતરવાળી, ભયંકર જંગલી પશુઓથી હણાયેલ અનેક મુસાફરોના મસ્તકને પાળવાવાળી, ભિલ-શિકારી આદિ વડે મારવાના વિચારથી ભયંકર થયેલી જાણે પ્રત્યક્ષ રાક્ષસી જ ન હોય, એવી મહાટવીને નલે પ્રાપ્ત કરી. ॥૨૧૭-૨૧૮-૨૧૯-૨૨૦॥ થાળીના તળીયાની જેમ કાળા વર્ણવાળા, ધનુષ્ય બાણવાળા ભિલ્લોને અને યમરાજાના દૂત જેવા સન્મુખ આવતા સર્પોને નલે જોયા. ॥૨૨૧॥ ત્યાં કેટલાક ભીલો ભૂતથી જાણે ગ્રસ્ત ન થયા હોય તેમ નૃત્ય કરતા હતા. ગ્રામીજનોની જેમ સંવાદમાં કેટલાક કોલાહલને કરતા હતા. ॥૨૨૨॥ ગેંડાની જેમ જાણે એક શિંગડાવાળા ન હોય તેમ કેટલાક શિંગડાને વગાડતા હતા. કેટલાક મેઘ જેમ મુશલધાર ધારાને તેમ બાણોને વર્ષાવતા હતા. ॥૨૨૩॥ કેટલાક તરંગોના આસ્ફોટના વિભ્રમ સમાન ભુજાના આસ્ફોટને કરતા હતા, વાદળો જેમ સૂર્યને તેમ તે સર્વે પણ નળને રોકતા હતા. ॥૨૨૪॥ ભીલોને હણવાની ઇચ્છા વડે હાથીની જેમ ઉલ્લસિત હાથવાળો, તલવારને કંપાવતો નળ રથથી ઉતરીને આગળ ગયો. ॥૨૨૫॥ દમયંતીએ હવે રથને છોડીને હાથને પકડીને નળને કહ્યું. હે દેવ ! તારો અસ્થાને આ કેવો આરંભ ? આ લોકો તે મચ્છર સમાન છે. ॥૨૨૬॥ યુદ્ધમાં શત્રુના હાથીના કુંભસ્થલના મોતીઓ વડે કરાયેલા મંગલવાળી, તારી તલવાર ભીલોને વિષે પડતા શું લજ્જા નહીં પામે ? ॥૨૨૭॥ નળને એ પ્રમાણે નિષેધ કરીને દમયંતીએ ભીલોને તિરસ્કાર કરતા શ્રેષ્ઠ મંત્રાક્ષર સમાન હુંકારાને સ્વયં મૂક્યો. ॥૨૨૮॥ સતીના તે હુંકારા વડે ભાલાની જેમ જાણે ઘા વાળા ન થયા હોય તેમ કાયર ભીલો દિશાઓમાં પલાયન થયા. ॥૨૨૯॥ તેઓની પાછળ છોડેલા રથવાળા પણ જયવાદના રથ પર આરુઢ થયેલા તે બંને દંપતિ દૂર ગયા. ॥૨૩૦॥ આ બાજુ બીજા ભીલો વડે તેનો સાયંત્રિક રથ હરણ કરાયો. **ભાગ્ય પ્રતિકૂલ હોતે છતે પુરુષને પુરુષાર્થ પણ શું કરે.** ॥૨૩૧॥ ત્યાં જંગલમાં હાથ વડે દમયંતીના હાથને પકડીને તેણીના પાણિગ્રહણના મહોત્સવને જાણે યાદ ન કરતો હોય તેમ નળ ભમતો હતો. ॥૨૩૨॥ અળતાથી રંગેલા પગથી અંકિત વાસગૃહની ભૂમિની જેમ દર્ભ (તીક્ષ્ણ ઘાસનું નામ) ના અગ્રભાગથી ભેદાયેલા દમયંતીના પગમાંથી નીકળતા લોહીથી લાંછિત (ખરડાયેલ) વનની ભૂમિ થઈ. ॥૨૩૩॥ પહેલાં રાજ્યને વિષે દમયંતીને પટ્ટબંધ મસ્તકને વિષે હતો. માર્ગમાં વ્યથિત થયેલા પગવાળી તેણીને ત્યારે તે પટ્ટબંધ વળી પગમાં થયો. ॥૨૩૪॥ થાકી ગયેલી અને વૃક્ષની છાયામાં બેઠેલી દમયંતીના પરસેવાને સાફ કરતો અને પંખા વડે જાણે વીંઝતો ન હોય તેમ વસ્ત્રના છેડા વડે નળ તેણીને સ્વયં વીંઝતો હતો. ॥૨૩૫॥ દમયંતીએ કહ્યું, સંતાપ વડે અમૃત કલા જાણે સુકાતી ન હોય તેમ હે સ્વામી ! મને આજે તરસ અત્યંત પીડે છે. ॥૨૩૬॥ નળે કહ્યું, અરે ! પરબના અધિકારી અહીં કોણ છે ? સુગંધિ-સરસ અને સ્વચ્છ પાણીને લાવો. ॥૨૩૭॥ ક્ષણવાર રહીને આગળ, બંને બાજુ અને પાછળ જોઈને ચારે બાજુ શૂન્યતાને જોઈને લજ્જા વડે રાજા અધોમુખવાળા થયા. ॥૨૩૮॥ દમયંતીએ કહ્યું, હે દેવ ! કેમ આ પ્રમાણે બોલો છો ? નળે કહ્યું, હે સ્વામિની ! આ પૂર્વનાં સંસ્કાર આ પ્રમાણે વિપ્લવ કરે છે. ॥૨૩૯॥

હવે દમયંતી રડવા લાગી. રાજાએ કહ્યું, હે દેવી ! રડ નહીં. હમણાં હું તારો પતિ અને હું જ સેવક છું. આથી સ્થિર થા. ॥૨૪૦॥ કોઈ પણ જગ્યાથી પાણીને લાવીને આ તને હું પ્રાપ્ત કરાવું છું. એ પ્રમાણે કહીને ચારે બાજુ ફરીને ખિન્ન મનવાળો તે વિચારતો હતો. ॥૨૪૧॥ ભવાનાં ભંગથી ભગ્ન થયેલ છે અન્ય રાજ્ય એવું તે ઉજ્વલ સામ્રાજ્ય ક્યાં ? અને હરણ-હરણીની અવસ્થાને અનુકરણ કરનારી એવી આ અવસ્થા ક્યાં ? ॥૨૪૨॥ જે દૃષ્ટિનું પાત્ર નથી મનનું તથા વચનનું પણ પાત્ર નથી, તે અર્થને પણ ખલ એવું આ ભાગ્ય પુરુષોને ઘટાવી આપે છે. ॥૨૪૩॥ એ પ્રમાણે વિચારતા સરોવરને જોઈને પાંદડાના પુટ વડે પાણીને લાવીને તૃષિત થયેલી દેવીને છત્રીરૂપ કર્યો છે હાથ જેણે એવા નળે પીવડાવ્યું. ॥૨૪૪॥ અને ક્યાંક ક્યાંક માર્ગમાં આપેલા હાથના ટેકાવાળો લઈ જતો નળ ખિન્ન થયેલી તેણીના ચરણોને પગલે-પગલે દબાવતો હતો. ॥૨૪૫॥ જાણે સ્નાન કરીને ઊઠેલી ન હોય તેમ ઉત્પન્ન થયેલા પરસેવાના પાણીથી પલળી ગયેલા અંગવાળી દમયંતી શ્રમથી હજુ પણ કેટલો માર્ગ જવાનો બાકી છે, એ પ્રમાણે નળને વારંવાર કહેતી હતી. ॥૨૪૬॥ અશ્રુ સહિત નળે કહ્યું, જંગલ સો યોજનનું છે, એનો હજુ વીસમો ભાગ જ હે દેવી પસાર થયો છે. ॥૨૪૭॥ હે સૂર્ય ! તું તાપને અલ્પ કર. હે ભૂમિ ! તું કોમલતાને ભજ, હે માર્ગ ! તું દીર્ઘપણાને સંહર. હે કુંડિનપુર ! તું નજીક થા. ॥૨૪૮॥ શ્રમથી (દુઃખથી) પીડાયેલી દમયંતીને અહીં કેમ પીડા આપો છો ? ઘા ઉપર કેમ ક્ષાર નાંખો છો ! દુઃખી સ્થિતિમાં કેમ નિર્દય થયા છો ? હે મેઘ ! સ્વજનસંબંધી અવસરોચિત હમણાં દેવી ઉપર વાદળરૂપી આતપત્રને કેમ ધારણ કરતો નથી ? એ પ્રમાણે નળે તેઓને ઉપાલંભ આપ્યો. ॥૨૪૯, ૨૫૦॥

આ પ્રમાણે બોલતા તે અરણ્યમાં જતા એવા તે બંનેને પ્રતિકાર કરવામાં અસમર્થ, લજ્જા વડે જ જાણે સૂર્ય અસ્તાચલ પર્વત પર અન્તર્ધ્યાન થયો. ॥૨૫૧॥ ત્યારબાદ નળે ત્યાં દમયંતીને માટે કંકેલિના પાંદડા વડે શય્યામાં ભોગવાતા આનંદને આપવા માટે સમર્થ એવા પલંગને રચ્યો. ॥૨૫૨॥ પ્રિયાને આ પ્રમાણે કહ્યું કે, હે દેવી ! અહીં અતિ કોમળ શય્યામાં નિદ્રાના વિનોદથી તું શ્રમને દૂર કર. ॥૨૫૩॥ હવે દમયંતીએ કહ્યું, હે નાથ ! ગામ નજીક જ જણાય છે. કેમ કે નજીક જ ગાયોના અવાજ સંભળાય છે. ॥૨૫૪॥ તેથી શ્મશાન જેવા જંગલને છોડી - હે નાથ ત્યાં જવાય. જે કારણથી ઘરની જેમ નિર્ભય (તે ગામમાં) સુખપૂર્વક સુવાય. ॥૨૫૫॥ નળે કહ્યું, હે ભય પામેલી ! અહીં જંગલમાં ગામ નથી, પરંતુ મિથ્યાદૃષ્ટિવાળા તાપસોનો આશ્રમ છે. ॥૨૫૬॥ કાંજીનો છાંટો પણ શું દૂધના વિનાશ માટે સમર્થ નથી ? તેમ મિથ્યાદૃષ્ટિનો સંપર્ક સમ્યગ્દર્શનને દૂષિત કરનાર છે. ॥૨૫૭॥ દમયંતી, તું ડર નહીં. અહીં સુખેથી સૂઈ જા. કેમ કે અંતઃપુરના અંગરક્ષકની જેમ હું સ્વયં તારો દ્વારપાળ થઈશ. ॥૨૫૮॥ અર્ધ ભરતના રાજા એવા નળે ચાદર જેમ પલંગને ઢાંકે તેમ પોતાના અર્ધા વસ્ત્ર વડે સંથારાને ઢાંક્યો. ॥૨૫૯॥ સ્મરણ કર્યા છે પંચનમસ્કાર જેણે, કર્યો છે દેવ-ગુરુને નમસ્કાર જેણે એવી દમયંતી કમલના મધ્યભાગમાં ભમરીની જેમ ત્યાં સૂતી. ॥૨૬૦॥ દમયંતી સૂઈ ગઈ ત્યારે નળે ચિંતા કરી કે મન-વચન અને દૃષ્ટિપથને ઓળંગી જનારું મારું વ્યસન (દુઃખ) કેવા પ્રકારનું છે ? ॥૨૬૧॥ જુગાર વડે મને નાના ભાઈથી રાજ્યનો પરિભ્રંશ થયો. તેમાં વળી સસરાનો આશ્રય વ્યસનની શિખા સમાન છે. ॥૨૬૨॥ સંકટથી પીડાયેલા જે મનુષ્યોને સસરાનું શરણ થાય, તે ખરેખર નિર્ગતિવાળા પશુઓ મનુષ્યના રૂપવાળા છે. ॥૨૬૩॥ આ પત્નીને છોડીને ઉર્ધ્વ મુખ લઈને અજ્ઞાત (નથી જણાઈ) ચર્યા વડે એકલો અવધૂતની જેમ હું ભમીશ. ॥૨૬૪॥ સ્વયં શીલના પ્રભાવથી આણીને કોઈ પણ

વિઘ્ન નહીં થાય. સર્વ અંગને રક્ષણ કરવામાં સમર્થ બખ્તર સમાન સતીઓનું શીલ છે. ॥૨૬૫॥ હમણાં શ્રમથી ગાઢ નિદ્રા વડે આ સૂતેલી છે. તેથી હું જઉં. પરંતુ આણીની નીચે મારું અર્ધુ વસ્ત્ર છે. ॥૨૬૬॥

ત્યારબાદ નિર્દયપણા વડે કાપી નાંખ્યું છે પ્રેમનું બંધન જેને એવા નળે (વિચાર્યું) હમણાં તલવાર વડે પાંદડાને છેદની જેમ ઉત્તરીય વસ્ત્રને કાપું. ॥૨૬૭॥ અને તલવારને કહ્યું, હે મિત્ર ! પોતાના નજીકના ફળને ધારણ કર. તું શું દયાળુ છે ? જેથી હજી પણ વિલંબ કરે છે. ॥૨૬૮॥ દયાવાળા મારા હૃદય વડે પ્રેમની ગ્રંથિ પણ છેદાઈ ગઈ. હે નિર્દય ! ઉત્તરીય વસ્ત્રને છેદવામાં તારી કરુણા કેવી ? ॥૨૬૯॥ હા, જણાયું. નિર્દય પણ તું હાથની સહાયને ઇચ્છે છે. જમણો હાથ લંબાવીને કરુણાર્દ એવા તેણે તે હાથને કહ્યું. ॥૨૭૦॥ અરે, જમણો હાથ ! તું સરળ (અગ્રેસર) ફોગટ કરાયો છે. નિર્દાક્ષિણ્યમાં શિરોમણિ એવો જે અકૃત્યને કરવાની ઈચ્છાવાળો છે. ॥૨૭૧॥ અથવા તો જુગારી એવા તારે અકૃત્ય કશું નથી, તેથી તલવારને ગ્રહણ કર. વસ્ત્રને બે વિભાગમાં કર. ॥૨૭૨॥ ત્યારબાદ તે વસ્ત્ર તેવા પ્રકારનું કરાતે છતે દમયંતીના વસ્ત્રના છેડા પર નળે પોતાના લોહીથી આ અક્ષરો લખ્યા. ॥૨૭૩॥ વડથી દક્ષિણ તરફનો રસ્તો વિદર્ભ તરફ જાય છે, ઉત્તરનો માર્ગ કૌશલ તરફ જાય છે. બેમાંથી એક માર્ગ વડે ॥૨૭૪॥ તારી રુચિ પ્રમાણે પિતાના અથવા સસરાના સ્થાનમાં જા. વળી, હું સ્વજનોને નજીક હોવા છતાં પણ મળીશ નહિ. ॥૨૭૫॥ ત્યારે તને પરણવાને માટે ત્યાં તેવી ઋદ્ધિવાળો હું હતો હે પ્રિયા ! આવી દશાવાળો તે હું ત્યાં (સસરાને ત્યાં) જતો શું લજ્જા ન પામું ? ॥૨૭૬॥

આ પ્રમાણે અક્ષરોને લખીને ખેદથી વિહ્વળ થયેલો, ઉષ્ણ અશ્રુભીના લોચનવાળો અવાજ વગર રડતો ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો. ॥૨૭૭॥ હે મિત્ર આંબા ! હે કેસર વૃક્ષ, હે કરવીર વૃક્ષ. અમે જઈએ છીએ. મારા અકાર્ય-કારીપણાને તમે હૃદયમાં ધારણ કરતા નહિ. ॥૨૭૮॥ કુબરની જુગારની ઇચ્છા ક્યાં ? નળનો અક્ષ વડે જય ક્યાં ? વિદર્ભ દેશનો ત્યાગ ક્યાં ? સર્વે પણ ભાગ્ય યોગે જ કરાયેલું છે. ॥૨૭૯॥ આ પ્રમાણે કહીને દેવીના મુખકમળને જોઈને તેણે વિચાર્યું કે પહેલાં પણ મારી શંકા વડે સૂર્યે પણ જેણીને જોઈ નથી. ॥૨૮૦॥ હા હા ! ભૂખથી કૃશ અંગવાળી, શરણ વગરની, ઢાંકેલા એક વસ્ત્રવાળી દમયંતી વનભૂમિમાં હમણાં સૂતી છે. ॥૨૮૧॥ આ પ્રમાણે વિચારીને બોલ્યો કે, તે આ કર્મચંડાળ, વજ્ર વડે નિર્માણ કરાયેલો કઠોરાત્મા નળ હે દેવી ! જાય છે. ॥૨૮૨॥ કેટલાક પગલા જઈને તેણે પોતાને કહ્યું. આ પાપી પોતાના કુલમાં ધૂળ સમાન, ચંડાળોમાં અગ્રેસર, વિશ્વાસઘાતી એવો નળ આ પતિભક્તા, રાગી એવી આ મહાસતીને એકલી વનમાં મૂકીને જાય છે. ॥૨૮૩-૨૮૪॥ પોતાને ધિક્કાર કરીને મસ્તક ઉપર હાથ જોડીને પત્નીને સહાય કરવાને માટે વનદેવતાને તેણે કહ્યું. ॥૨૮૫॥ હે માતા, સાંભળો ! તે આ ભીમરાજાની પુત્રી છે કે જેના શરીરને કરીને વિધાતા પણ શિલ્પીગણમાં અગ્રણી થયો. ॥૨૮૬॥ કઠોરતાથી પતિ વડે અપરાધ વગરની ત્યાગ કરાયેલી આ સતીના શરણભૂત તમે જ છો. નળની જેમ નિષ્ઠુર થતા નહિ. ॥૨૮૭॥ નિદ્રાનો છેદ થયે છતે અર્થાત્ જાગે છતે, મારો પતિ ક્યાં ગયો હશે ? એ પ્રમાણે વિલાપ કરતી, ચારે દિશાઓમાં અશ્રુભીની આંખોને નાંખતી અર્થાત્ જોતી જેમ આ કુંડિનપુરના માર્ગને જાણે તેમ સવારે મારી આ પ્રાર્થના વડે તમારા વડે કરવા યોગ્ય છે. ઘણું કહેવા વડે શું ? ॥૨૮૮-૨૮૯॥

આ પ્રમાણે કહીને આ જાગરુક ન થાઓ એ પ્રમાણે મંદ મંદ રુદન કરતા નળે સાવધાન થઈ ચોરની જેમ જવાનો આરંભ કર્યો. ॥૨૯૦॥ જ્યાં સુધી તેણી લોચનનો વિષય થઈ ત્યાં સુધી સૂતેલી પત્નીને વારંવાર

જોતો વાળેલી ડોકવાળો નળ ગયો. ॥૨૯૧॥ અને વળી વિચાર્યું કે, હા હા ગાઢ વનમાં અનાથ સૂતેલી એવી આણીને જો સિંહ અથવા વાઘ ખાશે તો તેની કઈ ગતિ થશે ? ॥૨૯૨॥ આથી જ્યાં સુધી સૂર્યોદય ન થાય ત્યાં સુધી હું પ્રિયાનું રક્ષણ કરું અને સવારના ઇચ્છા મુજબ રસ્તા વડે આ જાઓ. ॥૨૯૩॥ પડેલા અર્થની જેમ તે જ પગલા વડે નળ પાછો ફર્યો અને ભૂમિ ઉપર આળોટતી દમયંતીને જોઈને વિચાર્યું. ॥૨૯૪॥ અરે ! નળરાજાની સ્ત્રીઓનું સૂર્યને નહિં જોવાપણું અદ્‌ભૂત છે ! (તેથી જ) હા ! હા ! એકવસ્ત્રવાળી દમયંતી વનમાં એકાકિની સૂવે છે. (અહીં વ્યંગમાં આ પ્રયોગ કર્યો છે.) ॥૨૯૫॥ ખરેખર, મારા કર્મના દોષથી આ વનમાં ફરનારી થઈ. જીવતો પણ મરેલો હતાશ હું શું કરું ? ॥૨૯૬॥ નાથ હોતે છતે પણ અનાથ જેવી, મદ વગરની હોવા છતાં મદવાળાની જેમ ભૂમિ પર સૂતેલી પણ જોવાયેલી આ નળના પ્રલયને માટે ન થાઓ. ॥૨૯૭॥ દુષ્ટ એવા મારા વડે જંગલમાં એકલી ત્યાગ કરાયેલી જાગેલી મારી સ્પર્ધાની જેમ પ્રાણો વડે પણ ત્યાગ કરાશે ॥૨૯૮॥ તેથી પતિવ્રતા એવી આણીને છેતરીને હું જઈશ નહિ. મારે સુખ કે દુઃખ આની સાથે જ હો. ॥૨૯૯॥ અથવા સેંકડો દુઃખથી વ્યાપ્ત એવા જંગલમાં જેમ જીવ પોતાના કર્મના ફળને અનુભવે તેમ એકલો જ કષ્ટોને હું અનુભવું. ॥૩૦૦॥ વળી છેડા પર લખેલા મારા આદેશને જોઈને (વાંચીને) સ્વજનના સ્થાનને મેળવીને દેવીની જેમ આ સુખને પામો. ॥૩૦૧॥

આ પ્રમાણે વિચારીને ત્યાં રાત્રિ પસાર કરીને દમયંતીના જાગવાના સમયે નળ અંતર્ધ્યાન થયો. ॥૩૦૨॥ પ્રિયના આગમનમાં કુંકુમનો રંગ ધારણ કર્યો હોય તેમ પૂર્વ દિશામાં પ્રકાશની વેળામાં (સવારમાં) દમયંતીએ સ્વપ્ન જોયું. ॥૩૦૩॥ મંજરીથી વિકસ્વર ફળવાળા આંબાના ઝાડ ઉપર હું ચડી ગીતની પ્રીતમાં વશ રહેનારી ભમરીની જેમ તેના ફળો મેં ખાધાં. ॥૩૦૪॥ એકાએક જંગલના હાથી વડે તે આંબો ઉખેડાયો. તેથી સારી રીતે પાકેલા ફળની જેમ ક્ષણમાત્રમાં હું જમીન પર પડી. ॥૩૦૫॥ હવે જાગેલી, નળને ન જોતા ટોળાથી ભ્રષ્ટ થયેલી હરણીની જેમ દિશાઓને જોતી દમયંતીએ વિચાર્યું. ॥૩૦૬॥ અરે, આ મારે શું આવી પડ્યું ! ખરેખર મારું ભાગ્ય જ કોપિત થયું છે. જે કારણથી લક્ષ્મી વગરનાની જેમ અહીં આ પ્રમાણે નળે પણ મારો ત્યાગ કર્યો. ॥૩૦૭॥ અથવા તો જો કોઈપણ રીતે સમુદ્ર મર્યાદાને મૂકે અને જો ચંદ્ર ચાંદનીને મૂકે તો નળ પણ મને મૂકે. ॥૩૦૮॥ મારા પ્રેમથી પ્રેરાયેલાની જેમ મારા મુખના ધોવા માટે પાણી લેવા નળ ક્યાંય પણ ગયા લાગે છે. ॥૩૦૯॥ અથવા તો ક્યાંકથી કોઈક વિદ્યાધરી આવી હશે. કામદેવ જેવા નળને જોઈને નિશ્ચે રમવા માટે લઈ ગઈ હશે. ॥૩૧૦॥ તે જ આ ભૂમિ છે, તે વન છે તે આ વૃક્ષો છે, તે ઊંચી શિલાઓ છે તે એક નયનને આનંદ આપનાર નળ વળી દેખાતા નથી. ॥૩૧૧॥ આ પ્રમાણે ઘણાં વિકલ્પોના સમૂહથી વ્યાકુલ દિશાઓ જોઈ અને પ્રિયતમને ક્યાંય પણ ન જોવાથી સ્વપ્નના અર્થને તેણે વિચાર્યું. ॥૩૧૨॥ પત્ર, પુષ્પો અને ફળ વડે યુક્ત જે આંબો તે નળ રાજા છે. જે મારું ફળનું ખાવું તે રાજ્ય સુખનો ભોગવટો છે. ॥૩૧૩॥ જંગલના ગંધહસ્તિ વડે જે આંબો મૂળમાંથી ઉખેડાયો. તે જ ભાગ્યના યોગથી નળ રાજાને રાજ્યથી ભ્રષ્ટ થવા રૂપ વિપ્લવ થયો. ॥૩૧૪॥ હું જે આંબા ઉપરથી પડી તે પ્રિયથી વિયોગ થયો. આ સ્વપ્ન અનુસારે પ્રિયનું દર્શન હું દુર્લભ જાણું છું. ॥૩૧૫॥

ત્યારબાદ મુક્ત કંઠે દમયંતીએ રોવાને માટે આરંભ કર્યો. **સ્વભાવથી બીકણ સ્ત્રીઓને આપત્તિમાં ધીરજ ક્યાંથી ?** ॥૩૧૬॥ હા, હા નાથ ! તમારા વડે હું કેમ ત્યાગ કરાઈ ? શું તને ભારરૂપ હતી ? સર્પને ક્યારે પણ પોતાની કાંચળી શું ભારરૂપ થાય ખરી. ॥૩૧૭॥ ઓ વનદેવતા ! તમને દીન એવી હું પ્રાર્થના કરું છું

કે, પ્રસન્ન થઈને જલદીથી મારા પતિ અથવા તેનો માર્ગ મને બતાવો. ॥૩૧૮॥ હે પૃથ્વી ! પાકેલા વાલુકફળની જેમ તું ફાટી જા. જેથી તારા ભૂગર્ભમાં પ્રવેશીને પાતાળને પ્રાપ્ત કરીને હું પરમ શાંતિને પામું. ॥૩૧૯॥ પડતા એવા આંસુના સમૂહ વડે આ પ્રમાણે વિલાપ કરતી તેણી આંખોરૂપી નીકો વડે વન વૃક્ષોને સિંચતી હતી. ॥૩૨૦॥ તપેલી શિલા પર તરફડતી માછલીની જેમ પ્રજ્વલિત (દેદીપ્યમાન) વિરહાગ્નિ વડે નળ વિના ક્યાંય પણ તેણી નિવૃત્તિને ન પામી. ॥૩૨૧॥ જંગલમાં ભમતી વસ્ત્રના છેડા પર અક્ષરોને જોઈને પ્રિયની પ્રાપ્તિની જેમ ખુશ થયેલી, વિકસિત નેત્રવાળી એવી તેણીએ (અક્ષરોને) વાંચ્યા. ॥૩૨૨॥ અને વિચાર્યું કે, શરીર વડે જ મને મૂકીને પ્રિય ગયો છે આદેશના બહાનાથી મન મારી પાસે મૂકીને ગયા છે. ॥૩૨૩॥ ગુરુનો આદેશ જેમ અલંઘ્ય છે, તેમ મારે પતિનો આદેશ પણ અલંઘ્ય છે. જે પ્રમાણે કહેલા આદેશને ધારણ કરનારીને આલોકમાં દૂષણ નથી. ॥૩૨૪॥ પતિ વિનાની સ્ત્રીઓને સાસરવાસ પરાભવને માટે છે, તેથી નિશંકપણે ભર્તારની આજ્ઞાથી પિતાને ત્યાં જાઉં. ॥૩૨૫॥ એ પ્રમાણે નિશ્ચય કરીને દક્ષિણ દિશાના વટવૃક્ષ તરફ નળના અક્ષરોને નળની જેમ માનતી તેણી ચાલી. ॥૩૨૬॥

અગ્નિની સન્મુખ બીકણ જેમ ન જાય તેમ ભૂખથી વિકરાળ અને પથ્થરને પણ ખાવાની ઇચ્છાવાળા સિંહો પણ તેણીની નજીક આવતા નથી. ॥૩૨૭॥ પોતાના પડછાયાને પણ પ્રતિસ્પર્ધી હાથીના ભ્રમથી સહન નહિ કરનાર એવા ભય પામેલા હાથીઓ સિંહણની જેમ દૂરથી જ તેણીનો ત્યાગ કરતા હતા. (પાસે નહોતા આવતા) ॥૩૨૮॥ દાવાનલને શાંત કરવા મેઘની વૃષ્ટિ આવશ્યક છે. આકાશમાં વાદળા બંધાય એ પૂર્વે જ અર્થાત્ વૃષ્ટિ થાય તે પૂર્વે દમયંતીની દૃષ્ટિરૂપી વૃષ્ટિ વડે સ્પર્શાયેલ તે દાવાનલ પણ શાંત થયો. તેથી જ જાણે ઠરેલા દાવાનળના ધૂમાડાના ગોટાઓથી ધૂંધળું થયેલું આકાશ હજી પણ કાળાપણાને ધારણ કરે છે. ॥૩૨૯॥ ફણાના આડંબર વડે પૃથ્વી ઉપર ધારણ કરેલા છત્રની જેમ જેઓ શોભતા હતા તે સર્પો, નાગ જેનાથી દમન કરાય તેવી ઝીપટો નામની વનસ્પતિની જેમ જેણીની (દમયંતીની) નજીક આવતાં નહોતાં. ॥૩૩૦॥ બીજા કોઈ પણ ઉપસર્ગો તેણીને માર્ગમાં ઉપદ્રવ કરતા નહોતા. કેમ કે સ્ત્રીઓનો અંગરક્ષક પતિવ્રતાપણું છે. ॥૩૩૧॥ ભીલડીની જેમ વિખરાયેલા છૂટા વાળવાળી, જલદેવીની જેમ સર્વ અંગે પરસેવાના પાણીથી ભીંજાયેલી, કેમે કરીને પ્રાપ્ત કરેલા કેસરના છાંટણાવાળી કેળની જેમ કાંટાળા વૃક્ષના સંઘર્ષથી ઝરતા લોહીના કણવાળી, અંધકારથી ગ્રસ્ત ચંદ્રની લેખાની જેમ માર્ગની ધૂળથી હરાયેલી કાંતિવાળી, દાવાનલના ભયથી બીકણ હાથણીની જેમ ઉતાવળે જતી, તેણીએ (દમયંતીએ) રાજાના મોટા વિસ્તારવાળા સૈન્યની જેમ વસંત સાર્થવાહના વસેલા સાર્થને આગળ જોયો. ॥૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૫॥ અને વિચાર્યું કે અપાર જંગલમાંથી તારનાર મહારથ જેવો સાર્થ અહીં પ્રાપ્ત થયો છે તે ખરેખર પુણ્યનો અંશ છે. ॥૩૩૬॥

જેટલામાં તેણી આશ્વાસન પામી, તેટલામાં તો ચારે બાજુથી ફૂતરાઓ વડે જેમ ભૂંડના ટોળાને તેમ ચોરો વડે સાર્થ રુંધાયો. ॥૩૩૭॥ યમદૂત જેવા તે ચોરોને જોઈને સાર્થના લોકો ભયથી જકડાયેલાની જેમ નાસવાને માટે પણ સમર્થ ન થયા. ॥૩૩૮॥ ત્યારે દમયંતીએ કહ્યું કે, અરે ! ઓ સાર્થના લોકો, ડરો નહિ. મંત્રની જેમ વાણી સાંભળીને તે લોકો ક્ષણમાત્રમાં સ્તંભી (સ્થિર થઈ) ગયા. ॥૩૩૯॥ તેણીએ ચોરોને પણ કહ્યું કે, જાઓ, જાઓ ! આ સાર્થ મારા વડે રક્ષણ કરાયો છે. પોતાના અનર્થને ન કરો ! ॥૩૪૦॥ ભૂતથી પીડાયેલાની જેમ, ગાંડાની જેમ, આસવ (દારુ) પીધેલાની જેમ માનતા તે ચોરોએ તે દમયંતીને ગણી નહિ.

॥૩૪૧॥ હવે ધનુષ્યના ટંકારની જેમ તેણીએ હુંકાર કર્યો અને કાગડાની જેમ ચોરો ચારે દિશામાં પલાયન થયા. ॥૩૪૨॥ સાર્થના લોકો બોલ્યા કે, ખરેખર ! આ અમારા કુળદેવતા છે. વાઘ જેવા ચોરના મુખમાંથી અમને અન્યથા કેવી રીતે ખેંચે ? ॥૩૪૩॥ પોતાની માતાની જેમ ભક્તિથી તેણીને નમીને સાર્થવાહે પૂછ્યું, હે માતા ! તું કોણ છે ? કેમ વનમાં ભમે છે ? ॥૩૪૪॥ ભાઈ જેવા તે સાર્થવાહને દમયંતીએ પણ પોતાનો સર્વ વૃત્તાંત જન્મથી આરંભીને કહ્યો. ॥૩૪૫॥ તે પણ બોલ્યો કે, હે દેવી ! માતા અને બેનની જેમ તું પૂજ્ય જ છે. વળી દમયંતી તેમજ નળની પત્ની, શ્રાવિકા અને સતી એટલે વિશેષ પૂજ્ય છે. ॥૩૪૬॥ અને વળી ચોરને નસાડવાથી ઉપકારથી ખરીદાયેલો છું, તેથી હે પવિત્ર સ્ત્રી મારા આવાસને પવિત્ર કર. હું તારો દેણદાર છું. ॥૩૪૭॥ આ પ્રમાણે કહીને દમયંતીને પોતાના આવાસમાં લઈ ગયો. સાર્થવાહે દેવતાની જેમ તેણીને પૂજે છે. ॥૩૪૮॥

આ બાજુ ગંધહસ્તિની જેમ અત્યંત ઘન ગર્જારવ થયો. પૂજા અવસરે થતા વાજિંત્ર નાદને દમયંતીએ યાદ કર્યો. ॥૩૪૯॥ તે વખતે પૃથ્વી અને આકાશના અંતરને પૂરતો એવો મેઘનો અંધકાર પ્રસર્યો દમયંતીએ વિચાર્યું કે, જિનેન્દ્ર ભગવાનની ધૂપ પૂજાનો ઉઠેલો ધૂમાડો છે. ॥૩૫૦॥ અને વીજળીના નૃત્યના આટોપને જોઈજોઈને દમયંતીએ ત્યારે અરિહંતની વારંવાર ભમતી આરતીનું સ્મરણ કર્યું. ॥૩૫૧॥ દમયંતી વડે સંવેગરસના પૂર વડે પરમાત્માની પૂજામાં પોતાના ચિત્તની જેમ મેઘવૃષ્ટિના જળ વડે રજ વગરનું થયેલું પૃથ્વીતલ જોવાયું. ॥૩૫૨॥ ત્યારે ત્યાં ત્રણ રાત્રી સુધી અખંડ ધારવાળી વૃષ્ટિ થઈ. ધર્મસ્થાનમાં રહેલાની જેમ તેણી શુભધ્યાનમાં રહી. ॥૩૫૩॥ વરસી વરસીને થાકી ગયેલાની જેમ મેઘ રહે છતે (બંધ થયે છતે) તજ્યો છે સાર્થ જેને એવી દમયંતીએ ફરી માર્ગમાં પ્રયાણ કર્યું. ॥૩૫૪॥ વિયોગના પહેલા દિવસથી જ ઉપવાસ આદિ તપમાં લીન એવી તેણીએ નિરવદ્ય એવા ફળ વડે પ્રાણોને ટકાવ્યા. ॥૩૫૫॥ બળતા દાવાનલવાળા પર્વતની જેમ કાંઈક પીળા વર્ણવાળા વાળ છે જેના એવો, વીજળીવાળા વાદળની જેમ ભયંકર તલવાર છે હાથમાં જેને એવો, મુખરૂપી બખોલમાંથી નીકળતા સાપ જેવી જીભવાળો, સાક્ષાત્ ભયાનક રસની જેમ અતિશય ભયંકર રૂપવાળો, ગાઢ અંધકારની જેમ કાળા વાઘના ચામડાને પહેરેલો, જાણે બીજો યમરાજ હોય તેવા રાક્ષસને તેણીએ ત્યાં જોયો. ॥૩૫૬-૩૫૭-૩૫૮॥ રાક્ષસે પણ તેણીને જોઈને કહ્યું કે, હે શુભે ! આજે હું તને ખાઈશ. કેમ કે સાત રાત્રિના ઉપવાસવાળો ક્ષામકુક્ષિવાળો (ભૂખથી ઊંડા પેટવાળો) હું ભૂખ્યો છું. ॥૩૫૯॥ દુઃખેથી સંભળાય તેવા વચન સાંભળીને દુઃખેથી જોઈ શકાય એવા તેને જોઈને ડરેલી પણ દમયંતી ધૈર્યનું આલંબન લઈને બોલી. ॥૩૬૦॥ ખરેખર જન્મેલાનું મૃત્યુ નિશ્ચે છે. અકૃતાર્થને તેનો ભય હોય, પરંતુ જન્મથી આરંભીને શ્રેષ્ઠ એવા અરિહંતની ભક્તિથી કૃતાર્થ થયેલી મને તે ભય નથી. ॥૩૬૧॥ વળી દુઃખથી છૂટવા માટે દુઃખથી પીડાયેલી હું મરવાની પ્રાર્થના કરું છું. નળના વિયોગરૂપી અગ્નિથી બળેલા અંગવાળી એવી મને તું સુખેથી ખા. ॥૩૬૨॥ મારા વડે આ આત્મા તને અર્પણ કરાયો છે. તેથી વિલંબ કરીને સર્યું. કારણ કે દુઃખોની જલાંજલિ મરણ વિના નથી. ॥૩૬૩॥ પરંતુ પરપુરુષના હાથ વડે ક્યારેય હું સ્પર્શાઈ નથી અને ખાતો એવો તું સ્પર્શીશ તેથી મને મર્મપીડક કષ્ટ થશે. ॥૩૬૪॥ તે સાંભળીને તેણીના સત્ત્વથી વિસ્મિત થયેલા રાક્ષસે કહ્યું, હું ખુશ થયો છું. હે કલ્યાણી ! તારું શું પ્રિય કરું. ॥૩૬૫॥ તેણીએ કહ્યું કે, તું ખુશ થયો છે અને કંઈ પણ જાણે છે તો સાચું કહે કે, મને પ્રિયનો સંગમ ક્યારે થશે ? ॥૩૬૬॥ **વિભંગ જ્ઞાનથી વિચારીને રાક્ષસે તેણીને કહ્યું કે, પ્રવાસના દિવસથી બાર વર્ષના**

છેલ્લા દિવસે સમુદ્રમાં લક્ષ્મીની જેમ પિતાના ઘરમાં રહેલી તને ત્યાં સ્વયં આવેલા પ્રિય સાથે સંગ થશે. ॥૩૬૭-૩૬૮॥ વળી, બીજું જંગલમાં ક્લેશ પામીને સર્યું. હે કલ્યાણી ! કરસંપુટમાં ધારણ કરીને ક્ષણમાત્રમાં તારા પિતાના ઘરે હું મૂકી દઉં. ॥૩૬૯॥ તેણીએ કહ્યું, પરપુરુષની સાથે હું ક્યારે પણ જતી નથી. પ્રિયનો સંગ કહેતા એવા તારા વડે મારા ઉપર ઉપકાર કરાયો છે. ॥૩૭૦॥ બીજું બોલવા વડે સર્યું. તું જા, તારો માર્ગ કલ્યાણકારી થાઓ. હવે તે પોતાનું રૂપ પ્રગટ કરીને તેણીને નમીને ખુશ થયેલો તે ગયો. ॥૩૭૧॥ પ્રિયના સંગમના નિર્ણયને જાણીને દમયંતીએ પણ શીલરૂપી રાજાના અંગરક્ષક જેવા અભિગ્રહોને કર્યા. ॥૩૭૨॥ **પ્રાણેશ્વરના મેળાપ સુધી હું આભૂષણ, અંગરાગ, તાંબૂલ, લાલ વસ્ત્રને અને વિગઈઓને ગ્રહણ કરીશ નહિ.** ॥૩૭૩॥

હવે માર્ગમાં જતી દમયંતી એક પર્વતની ગુફાને પ્રાપ્ત કરીને વર્ષાઋતુ પસાર કરવાને માટે મહર્ષિની જેમ ત્યાં રહી. ॥૩૭૪॥ ગુફામાં રહેલી તેણીએ વિચાર્યું કે, અરિહંત પરમાત્માની પૂજા વિના પાણી પીવું પણ સારૂં (યોગ્ય) નથી તો ફળનું ભોજન તો ક્યાંથી ? ॥૩૭૫॥ ત્યારબાદ દમયંતી માટીના શાંતિનાથ ભગવાનના બિંબને સ્વયં નિર્માણ કરીને પડેલા પુષ્પો વડે સ્વયં ત્રિકાળ પૂજા કરતી હતી. ॥૩૭૬॥ સાર્થની અંદર તે મહાસતીને ન જોતા, સાર્થવાહ પણ ચારે બાજુ શોધતો તે જ ગિરિ ગુફામાં આવ્યો. ॥૩૭૭॥ સમાધિપૂર્વક શાંતિનાથ ભગવાનના બિંબની પૂજા કરતી ક્ષેમકુશળ ત્યાં રહેલી દમયંતીને જોઈ. ॥૩૭૮॥ ત્યાર પછી તેના ધર્મધ્યાનને જોવાના કૌતુકથી વિકસ્વર આંખવાળો એવો તે ત્યાં જ દ્વારમાં દ્વારપાળ જેવો રહ્યો. ॥૩૭૯॥ હવે પૂજા કર્યા પછી અમૃતના રસ સરખી વાણી વડે જલ્દીથી સ્વાગત કરીને તેણીએ સાર્થવાહને કહ્યું. ॥૩૮૦॥ ત્યારે તે આલાપને સાંભળીને નજીક રહેલા કેટલાક તાપસો ચાતક જેમ વરસાદના પાણીને પીવા માટે આવે, તેમ આવ્યા. ॥૩૮૧॥ પૃથ્વીતલને ફૂટવાને માટે જાણે હોય તેમ ચારે બાજુથી મુદ્ગરની જેવી ધારાઓ વડે વરસાદ વરસ્યો. ॥૩૮૨॥ ભયંકર બાણ જેવા ધારાધાર મેઘ વડે તાડન કરાયેલા તાપસો યુદ્ધમાં ભાંગી પડેલા સુભટની જેમ કઈ દિશામાં જવું ? એ પ્રમાણે વ્યાકુળ થયા. ॥૩૮૩॥ તેવા પ્રકારની અવસ્થામાં રહેલા તેઓને જોઈને કરુણાથી દમયંતીએ કહ્યું કે, હે ડરો નહિ, ડરો નહિ ! હું વરસાદથી તમારું રક્ષણ કરીશ. ॥૩૮૪॥ સતીવ્રતમાં પ્રાપ્ત કરી છે રેખા જેને એવી આણીએ (દમયંતીએ) ત્યારપછી તે તાપસોના ઉત્કર્ષને ખેંચવા (આકર્ષિત કરવા) સાંકળ રૂપ રેખાને ઘેરાવાની જેમ કરી. ॥૩૮૫॥ મન-વચન અને કાયાથી જો હું શીલવતી છું, તો હે મેઘો ! ઋષિમંડલના કુંડાળાથી બહાર વર્ષો. ॥૩૮૬॥ ત્યારબાદ ઢાંકેલાની જેમ વરસાદનો લેશ પણ ત્યાં ન પડ્યો. વળી તેની બહાર પથ્થરો પણ પાણીના સમૂહ વડે તણાવા લાગ્યા. ॥૩૮૭॥ પૃથ્વીનો જાણે કે અંબોડો હોય એવો સ્નિગ્ધ આંજન સમાન કાંતિવાળો પર્વત વાદળથી પાણીની ધારા વડે ધોવાયેલો શોભવા લાગ્યો. ॥૩૮૮॥ વાળમાં નાંખેલી વચ્ચે વચ્ચે પ્રગટ પુષ્પોવાળી માળાની જેમ, વળી તે પર્વતમાં વચ્ચે વચ્ચે પાણીથી ભરેલી એવી ગુફાઓ શોભતી હતી. ॥૩૮૯॥ સ્વયં તે શીલના પ્રભાવને જોઈને ત્યારપછી સર્વે બોલ્યા કે આ રૂપ, આ શક્તિ મનુષ્યની સ્ત્રીની સંભવતી નથી. ॥૩૯૦॥ વસંત સાર્થવાહે મહાસતીને પૂછ્યું કે, હે શુભે ! ભય વિનાની તું જંગલમાં પણ કયા દેવને આરાધે છે ? ॥૩૯૧॥ તેણીએ પણ તેને કહ્યું કે, આ અરિહંત પરમેશ્વર દેવ છે. હું નિત્ય આની આરાધના કરું છું. તેના પ્રભાવથી મને બીક લાગતી નથી. ॥૩૯૨॥ ગીતાર્થ આચાર્યની જેમ શુદ્ધ બુદ્ધિવાળી તેણીએ વિસ્તારપૂર્વક સંપૂર્ણ અહિંસામય એવા અરિહંત પરમાત્માના ધર્મને કહ્યો. ॥૩૯૩॥ લઘુકર્મિતાથી સાર્થવાહે પણ તે ધર્મને

સાંભળીને ગ્રહણ કર્યો. ધર્મના લાભથી તેણે મનુષ્યજન્મને કૃતકૃત્ય માન્યો. ॥૩૯૪॥ તેણીના ધર્મના પ્રત્યક્ષ ફળને સ્વયં જોઈને તાપસોએ અરિહંત પરમાત્માનો ધર્મ સ્વીકાર્યો. ઉત્તમ ધર્મમાં કોને આદર ન થાય ? ॥૩૯૫॥ પોતાના ધર્મનો ત્યાગ કરવામાં વિવેકીઓને અભિમાન ન હોય. **ખજૂર ખાવાવાળાને શું ખોળ ખાવો રુચે** ? ॥૩૯૬॥

હવે ભક્તિભાવવાળા સાર્થવાહે પણ ગુરુની જેમ દમયંતીની ઉપાસના કરવા માટે ત્યાં જ શ્રેષ્ઠ નગરને સ્થાપ્યું. ॥૩૯૭॥ પાંચસો તાપસો ત્યાં બોધ પામ્યા હોવાથી પૃથ્વી પર તે નગર તાપસપુર નામે પ્રસિદ્ધિને પામ્યું. ॥૩૯૮॥ તેમાં બુદ્ધિશાળી સાર્થવાહે શ્રી શાંતિનાથ ભગવાનનું અત્યંત વિશાળ મંદિર જાણે કે બીજો કૈલાસ પર્વત હોય તેવું કરાવ્યું. ॥૩૯૯॥ અરિહંત ધર્મમાં રક્ત એવા સાર્થવાહ, બીજા વણિકો તેમજ તાપસો સુખપૂર્વક ત્યાં જ રહ્યા. ॥૪૦૦॥ તે જ પર્વતના શિખર ઉપર મધ્યરાત્રિએ દમયંતીએ સૂર્યના પ્રકાશને ખજૂઆ જેવો કરતો એવો દિવ્ય પ્રકાશ જોયો. ॥૪૦૧॥ જેમ ચારે બાજુથી પક્ષીઓની જેમ ઊડતા અને પડતા દેવ, અસુરો ને વિદ્યાધરોને આકાશમાં તેણીએ જોયા. ॥૪૦૨॥ વાદળને જોઈને જેમ મોર ઊંચા મુખવાળા થાય, તેમ સંભ્રમથી દુંદુભિના નાદ વડે નિદ્રા રહિત થયેલા સર્વ નગરજનો ઉંચા મુખવાળા થયા. ॥૪૦૩॥ ત્યારે વણિકો, સાર્થવાહ અને તાપસોની સાથે આ શું હશે ? એ પ્રમાણે જિજ્ઞાસાવાળી દમયંતી પર્વત ઉપર ચડી. ॥૪૦૪॥ દેવ અને અસુરો વડે કેવળજ્ઞાનની ઉત્પત્તિનો મહિમા કરાતા એવા સિંહકેસરી મુનિને તેઓએ જોયા. ॥૪૦૫॥ ત્યાર બાદ તે મુનિને પ્રદક્ષિણા કરીને અને પ્રણામ કરીને તેઓની આગળ નાયકની પાસે જેમ સેવકો બેસે તેમ બેઠા. ॥૪૦૬॥ તે મુનિના ગુરુ યશોભદ્ર નામના ત્યારે ત્યાં આવ્યા. તે પણ તેને નમીને બેઠા. **કેવળી એવો શિષ્ય પણ સેવવા યોગ્ય છે.** ॥૪૦૭॥ અધર્મરૂપી ચંદ્રને ગ્રસવામાં રાહુ સમાન, મોક્ષસુખની સાક્ષી સમાન, ભવરૂપી વનને બાળવામાં પાંડવ સમાન એવા ધર્મને કેવળજ્ઞાનીએ ઉપદેશ્યો. ॥૪૦૮॥ હે ભવ્યો ! ભવરૂપી અરણ્યમાં ભમતા ભવ્યોને અહીં ધર્મ સામગ્રી દુર્લભ છે. તેને પ્રાપ્ત કરીને ધર્મમાં હમણાં ઉદ્યમ કરો. ॥૪૦૯॥ ગુરુના વ્યાખ્યાનરૂપી સમુદ્રમાં શ્રદ્ધારૂપી છીપમાં પોતાના આત્માને સ્થાપો. જેથી સ્વકર્મ વિવરરૂપી સ્વાતિ નક્ષત્રમાં મુક્તાત્માપણાને પામે. ॥૪૧૦॥

હવે જે દમયંતીએ કહ્યું, તે તેવા જ પ્રકારનું છે કે નથી, તેમ શંકાશીલ કુલપતિને તે કેવળજ્ઞાનીએ કહ્યું. ॥૪૧૧॥ હે કુલપતિ ! તમે શંકા ન કરો. કેમ કે દમયંતી જૈન ધર્મની શ્રેષ્ઠ ઉપાસિકા છે. તેણીની આ વાણી સાંભળેલા શ્રુતના રહસ્યવાળી છે. અન્યથા નથી. ॥૪૧૨॥ રેખા દોરવા વડે મેઘથી રક્ષણ કરાયું. આ તમોને સારી રીતે જોઈને ખાત્રી કરી છે અને આણી વડે ચોરોથી સાર્થ પણ હુંકારો કરવા માત્રથી રક્ષણ કરાયો. ॥૪૧૩॥ આણીના પતિવ્રતપણા વડે અને ધર્મનિષ્ઠાથી શૂન્ય જંગલમાં પણ પડખે રહેનારા દેવતા સુખને કરનારા થયા. ॥૪૧૪॥ એટલામાં આકાશને પ્રકાશિત કરતા સૂર્યની જેમ કોઈક દેવે આવીને મુનિને અને દમયંતીને નમીને આ પ્રમાણે કહ્યું. ॥૪૧૫॥ હે માતા ! તપોવનમાં બળતો તેજનો પુંજ હોય તેવો આ કુલપતિનો કર્પર નામનો હું શિષ્ય હતો. પંચાંગી મુખ્ય તપને તપતા એવા મને વચનથી પણ વનના તપસ્વીઓએ અભિનંદન આપ્યા નહિ. ॥૪૧૬-૪૧૭॥ તેથી તેઓના અપમાનથી ક્રોધ વડે પરાધીનની જેમ સિંહ જેમ ગુફામાંથી તેમ તપોવનમાંથી હું બહાર નીકળ્યો. ॥૪૧૮॥ રાત્રિમાં ગાઢ અંધકારથી રૂંધાયેલી આંખવાળો અંધની જેમ જતો અચાનક પર્વતથી પડતા પથ્થરના ખંડની જેમ ક્યાંક ઉંડા ખાડામાં હું પડ્યો.

॥૪૧૯॥ નરકમાં નારકની જેમ ત્યાં ગુફામાં ભાંગેલા દાંતવાળો હું અત્યંત પીડા વડે સાત દિવસ રહ્યો. ॥૪૨૦॥ તાપસોએ અનિષ્ટ વાર્તાની જેમ મારી કોઈએ વાત પણ ન કરી. જેમ વ્યાધિ ગઈ હોય તેમ હું ગયે છતે વિશેષ પ્રકારે તેઓ ખુશ થયા. ॥૪૨૧॥ તેથી તેઓ તરફ મારા ક્રોધરૂપી બળતા અગ્નિમાં તેઓની અવગણના ઘીની આહુતિ જેવી થઈ. ॥૪૨૨॥ અનંતાનુબંધિ ક્રોધ વડે દુર્મનવાળો હું મર્યો. તે જ તાપસોના અરણ્યની ગુફામાં સાપપણે ઉત્પન્ન થયો. ॥૪૨૩॥ ક્યારેક તમને ડંસવા માટે ઊંચી ફણાવાળો હું દુષ્ટાત્મા દોડ્યો. તમારા વડે નમસ્કાર મંત્ર બોલાયો. તે મારી ગતિને રોકનાર થયો. અર્થાત્ હું થંભી ગયો. ॥૪૨૪॥ મારી શક્તિ નષ્ટ થતાં શાંતિને માટે હું કોઈ એક ગુફામાં રહ્યો અને ત્યાં જીવોના માંસ વડે મેં જીવન નિર્વાહ કર્યો. ॥૪૨૫॥ હે માતા ! એક વખત પૂર્વે વરસાદ વરસી રહ્યો હતો, ત્યારે તાપસોની આગળ અદ્‌ભૂત ધર્મને બતાવતાં મેં તમને સાંભળ્યા. ॥૪૨૬॥ જે કોઈ દયા વગરનો અને ક્રુર કર્મને કરનારો જીવને હણે છે, તે અરણ્યમાં માર્ગભ્રષ્ટ થયેલાની જેમ સંસારમાં ભમે છે. ॥૪૨૭॥ તે સાંભળીને મેં વિચાર્યું કે, હંમેશાં જીવહિંસામાં રક્ત, દયા વગરનો સર્પ એવો હું કઈ દુર્ગતિમાં જઈશ ? ॥૪૨૮॥ જટારૂપી મુગુટને ધારણ કરતા તાપસો મારા વડે ક્યાંક પણ જોયા છે, એમ ઊહાપોહ કરતાં મને જાતિસ્મરણ થયું. ॥૪૨૯॥ જાણે કે અરીસામાં પ્રતિબિંબને જોતો હોઉં તેમ પૂર્વ જન્મના સમગ્ર વૃત્તાન્તને મેં સાક્ષાત્ જોયા. ॥૪૩૦॥ ત્યારબાદ ઉત્પન્ન થયેલા વૈરાગ્યવાળો પોતાના આત્માને નિંદા કરતા એવા બુદ્ધિમાન ઋષિની જેમ અનશન સ્વીકારીને હું મરી ગયો. ॥૪૩૧॥ હે માત ! તમારા પ્રભાવથી હું કુસુમસમૃદ્ધ વિમાનમાં સૌધર્મ દેવલોકમાં પુષ્પ જેવી કાંતિવાળો ઉત્તમ દેવ થયો છું. ॥૪૩૨॥ હે માતા ! તમારા ધાર્મિક વચનને જો ત્યારે સાંભળ્યું ન હોત તો કોણ જાણે છે કે હું કઈ દુર્ગતિમાં ગયો હોત. ॥૪૩૩॥ અવધિજ્ઞાન વડે હમણાં હે માતા ! તમને અહીં રહેલા જાણીને ધર્મદાત્રીને નમસ્કાર કરવા માટે તમારો શિષ્ય હું અહીં આવ્યો છું. ॥૪૩૪॥ મને હમણાં આજ્ઞા કરો, હું શું કરું ? ત્યારે દમયંતીએ કહ્યું કે, હે કલ્યાણને કરનાર ! તું દરરોજ અરિહંતના ધર્મને કર. ॥૪૩૫॥ તે તાપસોને પ્રીતિપૂર્વક સારી રીતે બોલાવીને પ્રશમથી ઉજ્જ્વલ એવા તેણે સમગ્ર પૂર્વના કોપની ક્ષમાપના કરી. ॥૪૩૬॥ બિલમાંથી તે સર્પ સંબંધી ફણાને કાઢીને પર્વતને વિષે લટકાવીને કહ્યું. કોઈ પણ બુદ્ધિશાળી વડે કોપ ન કરવો જોઈએ. ॥૪૩૭॥ હે હો ! કોપના આ વિપાકને વારંવાર જુવો. તપને તપતા દેહવાળો પણ કર્પર તાપસ સર્પપણું પામ્યો. ॥૪૩૮॥ ભૈમીથી (પ્રતિબોધ પામીને) પહેલા શ્રાવક થયેલા કુલપતિએ શિષ્યનું વૃત્તાંત જોઈને સાધુની પાસે ત્યારે વ્રત યાચ્યું. ॥૪૩૯॥ કેવલી ભગવંતે પણ તેને કહ્યું. મારા જે ગુરુ શ્રી યશોભદ્રસૂરિ મ. છે, તે વ્રતને આપશે. ॥૪૪૦॥ આશ્ચર્યચકિત લોચનવાળા કુલપતિએ ફરીથી કહ્યું કે, હે ભગવંત ! કયા વૈરાગ્યના યોગથી આપે વ્રતને ગ્રહણ કર્યું ? ॥૪૪૧॥

ત્યારે કેવલિ ભગવંતે કહ્યું કે, **કૌશલ દેશનું રાજ્ય નળનો નાનો ભાઈ કુબેર કરે છે, તેનો હું નંદન છું.** ॥૪૪૨॥ આ બાજુ ભંગા નગરી અને તેનો રાજા કેસરી, તેની પુત્રી બંધુમતી, તેણે તેણીને મને આપી. ॥૪૪૩॥ ત્યાં જઈને પિતાની આજ્ઞાથી હું તેણીને પરણ્યો. કામદેવ જેમ રતિની સાથે તેમ હું તેણીની સાથે ચાલ્યો. ॥૪૪૪॥ તારાઓની સાથે જેમ ચંદ્રમા તેમ ઘણા શિષ્યોથી પરિવરેલા ધર્મને બતાવતા આ ગુરુ વચમાં મારા વડે જોવાયા. ॥૪૪૫॥ ત્યાં તે મુનિરાજને કલ્યાણકારી ભક્તિવાળા મેં વંદન કર્યા. કર્ણરૂપી મૃગલીને ખુશ કરનાર ગીત જેવા વ્યાખ્યાનને મેં સાંભળ્યું. ॥૪૪૬॥ વ્યાખ્યાનના અંતે મેં પોતાના જીવિતને ગુરુને પૂછ્યું અર્થાત્ આયુષ્ય પૂછ્યું. શ્રુતના ઉપયોગથી જાણીને તેમણે પાંચ દિવસનું કહ્યું. ॥૪૪૭॥ ત્યારે મેં વિચાર્યું

કે પ્રમાદવાળા મને ધિક્કાર થાઓ. મનુષ્ય જન્મને પામીને હું હારી ગયો. ઉજ્જ્વળ એવા ધર્મને મેં કર્યો નહિ. ॥૪૪૮॥ ગુરુએ કહ્યું કે, હે વત્સ ! શોક ન કર. હજુ પણ વ્રત આચર. એક દિવસની પણ દીક્ષા સર્વ પાપને ક્ષય કરનારી છે. ॥૪૪૯॥ તેથી તેમની પાસે પ્રવ્રજિત થઈને તેમની (ગુરુની) વાણીથી પર્વતની પાસે આવીને શુક્લધ્યાનાગ્નિમાં ઘાતિકર્મો બાળ્યાં ને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ॥૪૫૦॥ આ પ્રમાણે તેઓને કહીને કૃતાર્થ એવા સિંહકેસરી મુનિ યોગનો નિરોધ કરી શેષ કર્મોને ખપાવીને નિર્વાણ પામ્યા. ॥૪૫૧॥ હવે દેવ, દાનવ, માનવોએ તે સિદ્ધ થયેલા જીવના શરીરને ચંદન અગરૂના લાકડાની ચિતામાં અગ્નિસાત્ કર્યું. ॥૪૫૨॥ સારા ચારિત્રવાળાની ગતિ સારી થાય. તેથી કુલપતિએ સિદ્ધિગતિ પામવા માટે ગુરુની પાસે ચારિત્ર સ્વીકાર્યું. ॥૪૫૩॥

ત્યારે તે ગુરુની પાસે દમયંતીએ પણ યાચના કરી. હે ત્રાત ! શાશ્વત સુખને આપનાર એવા વ્રતને મને પણ આપો. ॥૪૫૪॥ ગુરુએ કહ્યું : હે કલ્યાણકારી ! વ્રતની યોગ્યતા હજુ તારામાં નથી; કેમ કે તારું ભોગાવલી કર્મ હજુ ગાઢ વિદ્યમાન છે. ॥૪૫૫॥ હવે સવાર થયે છતે પર્વતથી ઉતરીને ગુરુએ તાપસપુર નગરને ચરણો વડે પવિત્ર કર્યું. ॥૪૫૬॥ શરીરને નહિ શણગારનારી, અતિમલિન વસ્ત્રવાળી, જિતેલી ઇન્દ્રિયવાળી એવી દમયંતી મુનિની જેમ સાત વર્ષ ત્યાં રહી. ॥૪૫૭॥ ગુફાની નજીકમાં રહેલા કોઈક મુસાફરે દમયંતીને કહ્યું કે : હે દમયંતી ! આ સ્થાનમાં તારા પતિને મેં કાલે જોયો હતો. ॥૪૫૮॥ તે વચનના શ્રવણથી પ્રેમથી વિકસ્વર આંખવાળી દમયંતીનું શરીર રોમાંચિત થયેલું કમળના નાલની જેમ શોભવા લાગ્યું. ॥૪૫૯॥ પ્રિયની વાતને કહેનાર મહાભાગ ક્યાં છે ? ક્યાં છે ? એ પ્રમાણે બોલતી અને ચારે દિશાઓ જોતી તેના શબ્દના અનુસારે ભયથી ત્રાસ પામેલી હરણીની જેમ મહાવેગવાળી સરકી (દોડી). ॥૪૬૦-૪૬૧॥ શબ્દમાત્રને કહીને ભૂતની જેમ છળવા માટે દમયંતીને સ્થાનનો ત્યાગ કરાવવા લાગેલો એવો મુસાફર અંતર્ધ્યાન થયો. ॥૪૬૨॥ નળ કે નળની વાતને કહેનારો દૂર ગયેલી અને પ્રેમરૂપી વાહન પર આરૂઢ થયેલી દમયંતીએ ક્યાંય પણ ન જોયો. ॥૪૬૩॥ ત્યારબાદ તેણીએ વિચાર્યું કે તે જ ગુફામાં હું પાછી જાઉં ધર્મકરણીમાં કૃતાર્થ એવા દિવસો ત્યાં પસાર થાય છે. ॥૪૬૪॥ આ પ્રમાણે વિચારીને પાછી ફરી પણ માર્ગને નહિ જાણતી જેનો પાર ન પમાય એવા અપાર ગાઢ જંગલમાં આવી ચડી. ॥૪૬૫॥ તેથી દુઃખીયારી ત્યાં ચાલે છે. ઊભી રહે છે, મૂર્ચ્છા પામે છે, રડે છે. મોટેથી વિલાપ કરે છે, વિષાદને પામે છે, બેસે છે, આ પ્રમાણે વિધુર થયેલી તે અનેક ક્રિયાઓને કરે છે. પોતાના દુઃખના ભાગથી પશુઓને પણ તેણીએ રડાવ્યા. ॥૪૬૬-૪૬૭॥

ત્યારે સાક્ષાત્ જાણે કે યમની વધૂ જેવી રાક્ષસીને તેણીએ જોઈ અને રાક્ષસી બોલી : હે સારા શીલવાળી ભૂખી થયેલી, હું તને હમણાં ખાઈશ. ॥૪૬૮॥ ધૈર્યપૂર્વક દમયંતી બોલી કે : હું મન-વચન-કાયાથી (ત્રણે પ્રકારે) જો સતી હોઉં તો તું રાક્ષસી નથી. તારા મનોરથો વડે તું નાશને પામ. ॥૪૬૯॥ જો મારા હૃદયરૂપી મંદિરમાં અરિહંત પરમાત્મા હંમેશાં છે, તો તું રાક્ષસી નથી. તારા મનોરથો વડે તું નાશને પામ. ॥૪૭૦॥ પોતાના ગુરુની જેમ જો મેં સુગુરુને જ ધારણ કર્યા હોય તો તું રાક્ષસી નથી. તારા મનોરથો વડે તું નાશને પામ. ॥૪૭૧॥ સર્વ પ્રકારે જો ગૃહસ્થ એવી પણ હું સમકિતધારી છું, તો તું રાક્ષસી નથી. તેથી તારા મનોરથો વડે જ નાશને પામ. ॥૪૭૨॥ આ પ્રમાણે તેના વચનો વડે રાક્ષસી પણ અકૃત્યથી પાછી ફરી. કેમ કે સતીઓના વાક્યો મંત્રોને પણ ઓળંગી જાય છે. ॥૪૭૩॥ જેમ ગ્રીષ્મ ઋતુની શોભા (ગરમી) દુઃખેથી સહન

થાય, તેમ સતીવ્રતપણાના આતાપમાં ઇન્દ્રજાલથી કરેલી હોય તેમ તે રાક્ષસી અદૃશ્ય થઈ. ॥૪૭૪॥ આગળ જતી દમયંતીએ અગ્નિના કણ સરખી રેતીવાળી, અંગારા જેવા પથ્થરોવાળી, ધૂમાડાવાળી નદીને જોઈ. ॥૪૭૫॥ મારવાડની સખીની જેવી પાણી વગરની નદીને જોઈને અતિશય તરસથી આક્રાન્ત થયેલી, તાપથી થાકેલી તેણીએ આ કહ્યું. ॥૪૭૬॥ જો હું પવિત્ર, સત્ય બોલનારી અને અર્હત્ ધર્મની જ રાગી અને સતી હોઉં તો અહીં અમૃતની ધારાને અનુસરનાર પાણી પ્રગટ થાઓ. ॥૪૭૭॥ આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તેણીએ પગની પાની વડે પૃથ્વીને પ્રહાર કર્યો. ફૂટેલા નાળવાળા કૂવામાંથી પાણી ઉછળે તેમ પાણી ઉછળ્યું (પ્રગટ થયું). ॥૪૭૮॥ ત્યારે ત્યાં સુધાકુંડ જેવું અદ્‌ભુત પાણી થયું. અમૃતને પીને અમરીની (દેવી) જેમ તેણીએ તે પાણી તૃપ્તિ થાય ત્યાં સુધી પીધું. ॥૪૭૯॥ ફરી પણ સાક્ષાત્ જાણે વનદેવી હોય એવી જતી દમયંતી પરિશ્રમથી વડના વૃક્ષની નીચે બેઠી. ॥૪૮૦॥

ત્યારબાદ ભ્રમણ કરતા કેટલાક સાર્થના માણસો વડે દમયંતી જોવાઈ ! અને કહ્યું, હે કલ્યાણકારી ! રંભા જેવા રૂપવાળી તું કોણ છે ? ॥૪૮૧॥ તેણીએ કહ્યું કે, સાર્થથી છૂટી પડેલી, જંગલમાં ફરતી હું મનુષ્ય છું. તેથી હે મુસાફરો, મને તાપસપુરનો માર્ગ બતાવો. ॥૪૮૨॥ તેઓએ કહ્યું કે, સવારમાં ઉઠીને તું પશ્ચિમ દિશા તરફ જજે. સાથે જતો સૂર્ય તને માર્ગ બતાવશે. ॥૪૮૩॥ ઉત્સુક એવા અમે પાણી લઈને સાર્થ તરફ જઈશું. સાર્થમાં જવાની ઇચ્છા હોય તો આવ અથવા તને ઇષ્ટ એવા કોઈક નગરમાં તું રહે. ॥૪૮૪॥ ત્યારબાદ તેઓની સાથે તેણી ગઈ અને ધનદેવ સાર્થપતિએ તેણીને જોઈને પૂછ્યું કે, હે કલ્યાણકારી ! તું કોણ છે ? અને આ વનમાં કેમ ? ॥૪૮૫॥ દમયંતીએ કહ્યું કે, હે કલ્યાણકર ! હું વણિક પુત્રી છું. પિતાના ઘરમાં જતી, રાત્રિમાં નિદ્રામાં સૂતેલી પતિ વડે આ જંગલમાં ત્યાગ કરાયેલી છું. ॥૪૮૬॥ ભાઈ જેવા તમારા માણસોની સાથે અહીં આવી છું. તેણે કહ્યું કે, હે પુત્રી ! તું ડર નહિ. હમણાં આશ્વાસનવાળી થા. ॥૪૮૭॥ હે નિર્મળ મનવાળી ! કરંડીયામાં મૂકેલા પુષ્પની જેમ પ્રયત્નપૂર્વક સુખેથી તને અચલપુર લઈ જઈશ. ॥૪૮૮॥ સ્નેહાળુ એવો તે તેણીને પુત્રીની જેમ વાહન ઉપર બેસાડીને ચાલ્યો અને મધ્યાહ્ને કુંજમાં કોઈક ઝરણા પાસે રહ્યો. ॥૪૮૯॥ ત્યાં રહીને સુખપૂર્વક રાત્રિમાં વિધિપૂર્વક દમયંતી સૂતી. ત્યાં પરમેષ્ઠિ મહામંત્રને બોલતા કોઈકને તેણીએ સાંભળ્યો. ॥૪૯૦॥ હવે તેણીએ સાર્થપતિને કહ્યું કે, નમસ્કાર મહામંત્રને બોલનાર તે મારો સાધર્મિક છે. તેથી હે તાત ! તે સાધર્મિક મને બતાવો. ॥૪૯૧॥ ગુરુનું વાક્ય જેમ ઓળંગવા યોગ્ય નથી, તેમ તેણીના વચનને બહુમાન કરતો શ્રદ્ધાળુ ધનદેવ પણ તેણીની સાથે ગયો. ॥૪૯૨॥ ત્યાં તે બંને વડે તંબુમાં રહેલો તે સાધર્મિક આનંદથી ચૈત્યવંદના વડે જિનેશ્વરોને વંદન કરતો જોવાયો. ॥૪૯૩॥ આને પુણ્યનો અંતરાય ન થાઓ એ પ્રમાણે તે બંને જણાએ આશિષ આપ્યા અને તેની અનુમોદના કરતાં અદ્‌ભુત પુણ્ય ઉપાર્જન કર્યું. ॥૪૯૪॥ ઇન્દ્રનીલની જેમ ખોલેલા પટમાં રહેલા પૂજાયેલા અરિહંત પરમાત્માના બિંબને જોઈને ભક્તિપૂર્વક તે બંનેએ પણ વંદન કર્યું. ॥૪૯૫॥

હવે પરમાત્માને વંદન કરેલા અને ઉચિત ક્રિયાને કરી છે જેણે એવા તે સાધર્મિકને દમયંતીએ પૂછ્યું કે, હે મહાસત્ત્વશાળી ! તમારા વડે કયા તીર્થાધિપતિને પૂજાય છે ? ॥૪૯૬॥ તેણે પણ કહ્યું કે ઓગણીસમા **મલ્લિનાથ** ભગવાન થશે. હે કલ્યાણી ! આ પરમાત્માની પૂજામાં વિશેષ કારણને તને કહું છું. ॥૪૯૭॥ અહીંયા **કાંચી** નામની પ્રસિદ્ધ નગરી છે. તેનો હું વેપારી છું. ત્યાં એક વખત જ્ઞાની એવા **ધર્મગુપ્ત મહામુનિ** પધાર્યા હતા. ॥૪૯૮॥ **રતિવલ્લભ** નામના ઉદ્યાનમાં સમોસર્યા. ભક્તિથી તેમને મેં વંદન કર્યા અને

આદરપૂર્વક તેમની સેવા કરી. ॥૪૯૯॥ મેં તેમને પૂછ્યું કે મારો મોક્ષ ક્યારે થશે ? જ્ઞાનનો ઉપયોગ મૂકીને તેમણે કહ્યું, તું દેવલોકમાંથી ચ્યવીને મિથિલા નગરીમાં **પ્રસન્નચંદ્ર** રાજા થઈશ. ॥૫૦૦॥ ઓગણીશમા **મલ્લિનાથ** ભગવાનના વચનો વડે બોધ પામીને વ્રતને ગ્રહણ કરીને કેવલજ્ઞાનને પામીને મોક્ષને મેળવીશ. ॥૫૦૧॥ ત્યારથી આરંભીને હે ભદ્રે ! હું પટમાં રહેલી મલ્લિનાથ ભગવાનની પ્રતિમાને અત્યંત ભક્તિપૂર્વક હંમેશાં આરાધના કરું છું. ॥૫૦૨॥ એ પ્રમાણે સધર્મિણી એવી દમયંતીને પોતાના વૃત્તાંતને કહીને તે સાધર્મિકે કહ્યું કે, પોતાના વૃત્તાંતને કહેવા વડે મારા ઉપર અનુગ્રહ કરો. ॥૫૦૩॥ વળી આંસુથી ભીંજાયેલી આંખવાળા ધનદેવે તેણીના મુખથી જેમ સાંભળ્યો હતો તેમ સમસ્ત વૃત્તાંતને તેને (સાધર્મિકને) કહ્યો. ॥૫૦૪॥ ત્યારે દુષ્કર્મની જેમ દમયંતીએ આંસુઓના સમુદાયને મૂક્યો. **કુલીનપતિ જેમ મર્યાદાને ન મૂકે તેમ કર્મ મર્યાદાને ઓળંગતું નથી.** ॥૫૦૫॥ ત્યાર પછી તેણીનું દુઃખ પોતાનામાં સંક્રમ થયું હોય તેવી અવસ્થાવાળા તેણે પણ દમયંતીને કહ્યું, શોક ન કર. જે કારણથી ભોગવ્યા વિના કર્મ જાય નહિ. ॥૫૦૬॥

હવે સાર્થ અચલપુર નગરને પ્રાપ્ત થયે છતે દમયંતી રહી. ધનદેવ તેણીને પૂછીને ઈચ્છિત સ્થાને ગયો. ॥૫૦૭॥ આશ્ચર્યથી નગરની નારીઓ વડે જલદેવીની જેમ જોવાતી, તૃષ્ણાથી આતુર એવી દમયંતી નગરની નજીકની વાવડીમાં પેઠી. ॥૫૦૮॥ ત્યારે પાણીમાં ચંદનઘો વડે તેણીનો ડાબો પગ ગ્રહણ કરાયો. નિઃસહાય એવી અબળા કોના વડે પરાભવ ન પામે અર્થાત્ બધા જ તેનો પરાભવ કરે. ॥૫૦૯॥ મંત્ર બોલી ગારુડીક જેમ સાપના ઝેરથી છોડાવે તેમ ત્રણવાર પરમેષ્ઠી મહામંત્રને તેણી બોલી તે જ ક્ષણે ચંદનઘોના મુખમાંથી તેનો પગ નીકળ્યો (છૂટી ગયો.) ॥૫૧૦॥ હવે ત્યાં તેણી પાણી પીને હંસીની જેમ વાવડીમાંથી બહાર નીકળી. ખેદવાળી એવી તે વાવડીની પરસાળ (પાળ) પર બેઠી. ॥૫૧૧॥ શત્રુરૂપી સર્પ માટે ગરુડ સમાન **ઋતુપર્ણ** રાજા ત્યાં છે અને તેની નામથી અને અર્થથી **ચંદ્રયશા** પત્ની છે. ॥૫૧૨॥ તેણીની દાસીએ તેવી અવસ્થામાં રહેલી તેણીને દેવીની જેમ જોઈ. રજથી ખરડાયેલો મણિ શું મણિ નથી ? અર્થાત્ છે જ. રજ દૂર થાય એટલે મણિ પ્રકાશ આપે. ॥૫૧૩॥ આશ્ચર્યથી ચકિત મુખવાળી દાસીએ પોતાની સ્વામિનીને કહ્યું કે, હે દેવી ! નગરની દેવી જેવી એક સ્ત્રી બહાર છે. ॥૫૧૪॥ હવે દેવી વડે તેણીને (દમયંતીને) લાવવાને માટે તે દાસીઓ આદેશ કરાઈ. ખરેખર ત્યારે જ ઈન્દ્રાણીની નાની બહેન જેવી તેણીને લવાઈ. ॥૫૧૫॥ તે ચંદ્રયશા રાણી પુષ્પવતીની બહેન છે, પરંતુ ભૈમી આ મારી માસી છે તેમ તેને જાણતી નથી વળી ચંદ્રયશા પણ જાણતી નથી કે ભૈમી મારી ભાણેજી છે. બાલપણમાં એક જ વાર ભૈમીને જોયેલી હોવાથી તેને ઓળખવા માટે ચંદ્રયશા પણ સમર્થ ન થઈ. ॥૫૧૬-૫૧૭॥ પરંતુ ચંદ્રયશા શરૂઆતથી જ પુત્રીની જેમ તેણીને જોતી હતી. પૂર્વજન્મના સંબંધમાં નિપુણ એવું મન આ લોકના સંબંધમાં કેમ ન થાય ? ॥૫૧૮॥ તે ચંદ્રયશા રાણીને જોઈને દમયંતી પણ પોતાની માતાની જેમ સ્નેહથી શ્રેષ્ઠ પ્રીતિને પામી. ॥૫૧૯॥ ત્યાર પછી મનની જેમ દેહના અભેદને વાંછતી એવી તે બંને ચંદ્રયશા અને દમયંતી એકબીજાને ભેટ્યા-મળ્યા. ॥૫૨૦॥ સ્નેહથી અશ્રુવાળી ભૈમી ચંદ્રયશાના ચરણોમાં નમી. કુળવાનોના અર્થાત્ કુલીનોના વિનયરૂપ વ્રતપાલનમાં શું કહેવાપણું હોય ! ॥૫૨૧॥ હવે દેવીએ પૂછ્યું કે, તું કોણ છે ? ભૈમીએ કહ્યું કે, હું વણિક પુત્રી પુણ્યરહિત છું. હે માતા ! અરણ્યમાં પતિ વડે ત્યાગ કરાયેલી છું. ॥૫૨૨॥ ભીના થયેલા લોચનવાળી ચંદ્રયશાએ પણ દમયંતીને કહ્યું કે, હે વત્સા ! તું મારે પહેલી પુત્રી પછી ચંદ્રવતી છે. ॥૫૨૩॥ એક વખત ચંદ્રયશાએ મનમાં વિચાર્યું કે, આ પુત્રી સર્વ ગુણો વડે દમયંતીની જેવી મને લાગે છે. ॥૫૨૪॥ પરંતુ તેણીનું

અહીં આવવાનું આ અવસ્થામાં શું ક્યારે પણ થાય ? ખરેખર ભરતાર્ધના સ્વામી નળરાજાની તે પત્ની છે. ॥૫૨૫॥ પોતાનું રાજ્ય પણ તેના રાજ્યની સ્પર્ધા કરવા માટે અસમર્થ છે. વળી, તેણી એકસો ચુમ્માલીસ યોજન પ્રમાણ વડે દૂર છે. ॥૫૨૬॥ ત્યાં નગરની બહાર મહાદેવીની દાનશાળા છે જ્યાં દીનદુઃખીને હંમેશાં નિવાર્યા વિના દાન અપાય છે. ॥૫૨૭॥ એક વખત દેવીને ભૈમીએ કહ્યું કે હું યાચકોને દાન આપું. જો ક્યારેક પણ ભોજન માટે મારા પતિ આવે (તો મારે મેળાપ થાય.) ॥૫૨૮॥ દેવીના આદેશથી ત્યારથી આરંભીને પતિને જોવા માટે ઈચ્છતી દમયંતી રાતદિવસ કંટાળ્યા વિના દાન આપે છે. ॥૫૨૯॥ સરળ સ્વભાવી તેણી દરેક યાચકોને હંમેશાં પૂછતી કે કોઈ પણ ક્યારે પણ આવા પ્રકારનો પુરુષ તમારા જોવામાં આવ્યો છે ? ॥૫૩૦॥

એકવાર દાનશાળામાં રહેલી તેણીએ વિસ્વર રીતે વગાડાતા ડિંડિમપૂર્વક કોટવાળો વડે લઈ જવાતા બાંધેલા ચોરને જોયો. ॥૫૩૧॥ ભૈમીએ તેઓને પૂછ્યું કે, હે કલ્યાણને કરનારા ! આના વડે શું નાશ કરાયું ? જે કારણથી આને આવા પ્રકારની દુષ્ટ પ્રકારરૂપ વધની ક્રિયા કરાય છે. ॥૫૩૨॥ તેઓએ પણ કહ્યું કે આણે ચંદ્રવતીનો રત્નનો ડાબલો ચોર્યો છે. જાણે કે જીવિતથી કંટાળેલો છે. તેથી તેનો વધ કરાય છે. ॥૫૩૩॥ દીન એવા તે ચોરે નમીને કહ્યું કે હે દેવી ! મારું રક્ષણ કરો. હે શરણાગતવત્સલ ! મેં તમારું શરણું સ્વીકાર્યું છે. ॥૫૩૪॥ યમના દૂતો જેવા આ, મારા જીવિતને ગ્રહણ કરવામાં તત્પર છે. વાયુથી હણાયેલી ધજાની જેમ મારું હૃદય કંપે છે. ॥૫૩૫॥ તેણીએ કહ્યું, હે ભદ્ર ! કરેલા અકૃત્યવાળો પણ હાલમાં ભય પામ નહિ. મોટા રોગમાં પણ દર્દીને વૈદ્ય શું જીવાડતો નથી ? ॥૫૩૬॥ આ પ્રમાણે કહીને તેણે શીલની પ્રતિજ્ઞાને કરી અને તે જ ક્ષણે છૂરીથી છેદાયેલાની જેમ ચોરના બંધનો તૂટ્યા. ॥૫૩૭॥ સવારના સૂર્યના કિરણોના પ્રકાશની વેલામાં તારાઓ વિખરાઈ જાય છે, તેમ ત્યારે કોટવાળો જલદીથી વિખરાઈ (છૂટા છવાયા) ગયા. ॥૫૩૮॥ તે આશ્ચર્ય વડે બોલા-વાયેલાની જેમ રાજા આવ્યો. આશ્ચર્યથી વિકસ્વર નેત્રરૂપી કમળવાળા રાજાએ સાધર્મિક એવી તેણીને કહ્યું. ॥૫૩૯॥ સરળતા વડે કરાયેલું યોગ્ય છે પણ ચોરની રક્ષા કરાયેલી યોગ્ય નથી. કેમ કે દુષ્ટને નિગ્રહ કરવો અને શિષ્ટનું પાલન આ રાજધર્મ છે. ॥૫૪૦॥ પોતાની રક્ષા કરવાની ઇચ્છાવાળા લોકો રાજાને ટેક્ષ આપે છે અને ચોર વગેરેનું દમન કરવા દ્વારા તેઓની રક્ષા થાય છે. ॥૫૪૧॥ વરૂણ-સમુદ્રનો અધિષ્ઠાતા દેવ જેમ સ્વેચ્છાપૂર્વક પાણીમાં રમે તે યોગ્ય છે પણ સ્થલમાં રમે તો અયોગ્ય થાય તેમ જો ચોર વગેરે ઉપર રાજા કૃપા કરે અને તેને સજા ન કરે તો સ્થલમાં વારૂણીનીતિ જેવું થાય. ॥૫૪૨॥ દમયંતીએ કહ્યું કે, હે તાત ! અન્યાયીઓને જ શરણનું અર્થીપણું થાય. વળી ન્યાયીઓ પોતાના ન્યાય વડે જ અહીં રક્ષણ કરાય. ॥૫૪૩॥ હે પિતાજી ! દયાથી પ્રેરાયેલી એવી મારા વડે આ કરાયું છે તેથી પિતા વડે આ મારો અપરાધ માફ કરાય. ॥૫૪૪॥ ત્યારબાદ તેના આગ્રહથી રાજાએ પણ ચોરને મુક્ત કર્યો. દાક્ષિણ્યતા પર આરૂઢ થયેલાને કંઈ પણ દુષ્કર નથી. ॥૫૪૫॥ જીવિતદાનથી ચોર પણ તે દમયંતીને હંમેશાં માતાની જેમ માનતો અને દરરોજ નમતો હતો. ॥૫૪૬॥

એક વખત દમયંતીએ તે ચોરને પૂછ્યું કે, હે ભદ્ર ! તું કોણ છે ? ક્યાંનો છે ? અથવા ક્યાંથી આવેલો છે ? ॥૫૪૭॥ તેણે પણ કહ્યું કે તાપસોના પ્રતિબોધથી કરાયેલા એવા તાપસપુરમાં વસંત સાર્થવાહ છે, તેનો હું પિંગલ નામે દાસ છું. ॥૫૪૮॥ જુગાર વગેરે વ્યસનમાં આસક્ત, ખાતર પાડવા વડે પાપી એવા મેં તે જ સ્વામીના ઘરમાં ઘરનું બધું જ ગ્રહણ કર્યું (ચોર્યું). ॥૫૪૯॥ ત્યારબાદ ચોરેલો માલ છે હાથમાં જેને એવો

નાસતો હું બીજા ચોરો વડે લૂંટાયો. સ્વામીના દ્રોહથી મેળવેલું ધન (દ્રવ્ય) શું અહીં ભોગવવાને માટે મળે ? (અર્થાત્ ન મળે.) ॥૫૫૦॥ ત્યારપછી હે માતા ! અહીં આવીને રાજાની સેવા કરવાને માટે આરંભ કર્યો. જે કારણથી તે જ (સેવા) દરિદ્રતારૂપી પર્વતને મૂળથી ઉખેડે છે. ॥૫૫૧॥ એક વખત ચંદ્રવતીના આભૂષણનો ડાબલો જોઈને મારું ચિત્ત ચલાયમાન થયું. **ખરેખર સ્વભાવ બળવાન છે.** ॥૫૫૨॥ શ્રેણિકના હારને જેમ વાંદરાએ ચોર્યો તેમ મેં તે ડાબલો ચોર્યો. ઢાંકેલા સર્વ અંગવાળો અનુત્સુક હું નીકળ્યો. ॥૫૫૩॥ ઇંગિત આકારને જાણનારા એવા રાજા વડે હું જણાયો. ચતુરાઈની ચર્યા વડે ચતુરો શું નથી જાણતા ? અર્થાત્ બધું જ જાણે. ॥૫૫૪॥ રાજા વડે આદેશ કરાયેલા, હાથમાં છે તલવાર એવા માણસો વડે મૂઢ એવો હું બાંધીને વધભૂમિમાં લઈ જવાતો હતો ત્યારે મેં તમને જોયા. ॥૫૫૫॥ તમને ઓળખીને મેં તમારું શરણું સ્વીકાર્યું. ત્યારે મરેલાને જેમ ઔષધિ થાય તેવા તમે થયા. ॥૫૫૬॥ અને બીજું વળી તાપસપુરથી તમે નીકળી ગયા બાદ હે દેવી ! દેહ ઉપર વિરક્તની જેમ વસંત સાર્થવાહ ખાતા ન હતા. ॥૫૫૭॥ ત્યારબાદ ત્યાંના લોકો અને ગુરુઓ વડે કોઈ પણ રીતે સમજાવીને સાત રાત પછી આઠમા દિવસે ભોજન કરાવાયો. ॥૫૫૮॥ એક વખત તે સાર્થવાહે ઘણા ભેટણા લઈને નળના નાના ભાઈ અને કૌશલના રાજા કુબેર પાસે જઈને ભેટણા આપ્યા. ॥૫૫૯॥ તે તે દિવ્ય ભેટણાઓ વડે ખુશ થયેલા તે કુબરે તે સાર્થવાહને તાપસપુર નગરનો રાજા બનાવ્યો. ॥૫૬૦॥ અને વસંતશ્રીશેખર એ પ્રમાણેનું નામ આપ્યું. ભાગ્ય અનુકૂળ હોતે છતે લક્ષ્મી અધિકાધિક થાય છે. ॥૫૬૧॥ કુબર વડે વિસર્જન કરાયેલો તે પોતાના નગરમાં આવ્યો અને તમારી જેમ નિર્મળ ધર્મબુદ્ધિવાળા એવા તેણે રાજ્યને ધારણ કર્યું. ॥૫૬૨॥ તે સાંભળીને દમયંતીએ કહ્યું કે હે વત્સ પિંગલ ! પ્રવ્રજ્યારૂપી નાવમાં બેસીને દુઃખેથી તરાય તેવા સંસારરૂપ સમુદ્રને તર. ॥૫૬૩॥ તેણે પણ કહ્યું કે, હે દેવી ! શું મારા એવા ભાગ્ય છે ? કે સિદ્ધિના સંગમની દૂતિ જેવી ભાગવતી દીક્ષા મને મળશે ? ॥૫૬૪॥ તેટલામાં વિહાર કરતા બે સાધુ ભગવંત ત્યાં પધાર્યા. શુદ્ધભાવપૂર્વક નિર્દોષ ગોચરી દમયંતીએ વહોરાવી. ॥૫૬૫॥ તેણીએ તે બંને મહાત્માઓને કહ્યું કે જો આ પિંગલ યોગ્ય હોય તો (સંયમ) વ્રતરૂપી રથ વડે સંસારરૂપી જંગલને આને ઓળંગાવો. ॥૫૬૬॥ તે બે મુનિઓએ કહ્યું કે જેના ઉપર તારી મહેરબાની છે તે આ યોગ્ય છે. ત્યાર પછી ત્યારે ચૈત્યમાં લઈ જઈને તે બે મુનિઓએ દીક્ષા આપી. ॥૫૬૭॥ એક વખત વિદર્ભ દેશના રાજાએ દુઃખેથી શ્રવણ કરાય તેવું ક્યાંકથી સાંભળ્યું કે જુગારમાં નળને જીતીને કુબેરે રાજ્ય ગ્રહણ કર્યું. ॥૫૬૮॥ દમયંતીરૂપ પરિવારવાળો નળ જંગલમાં પ્રવેશ્યો છે. તેના સમાચાર જણાતા નથી કે ક્યાંય પણ છે કે નથી ? ॥૫૬૯॥ પુત્રી અને જમાઈના દુઃખરૂપી અગ્નિને શાંત કરવાની ઈચ્છાવાળી જાણે ન હોય તેમ તે સાંભળીને પુષ્પદંતી પણ અત્યંત રડી. ॥૫૭૦॥ તે બંનેના સમાચાર જાણવાની ઇચ્છાવાળા ભીમ રાજાએ સ્વામીના સર્વ કાર્યવિધિમાં હોંશિયાર એવા હરિમિત્ર બ્રાહ્મણને મોકલ્યો. ॥૫૭૧॥ બધે ઠેકાણે ગામ, નગર, ઉદ્યાનમાં શોધતો એવો તે બ્રાહ્મણ ઋતુપર્ણ રાજાની પાસે અચલ-પુરમાં આવ્યો. ॥૫૭૨॥ ચંદ્રયશા દેવી વડે પૂછાયું કે, મારી બહેન પુષ્પદંતી મહારાણી અને તેનો પરિવાર તો કુશળ છે ને ? ॥૫૭૩॥ બ્રાહ્મણે કહ્યું કે, હે દેવી ! તમારી બહેન તો કુશળ છે. ફક્ત નળ અને દમયંતીની કુશળતા વિચારવા યોગ્ય છે. ॥૫૭૪॥ તેણીએ કહ્યું કે હે બ્રાહ્મણ ! હા, આ શ્રવણને કટુ તું કેમ બોલે છે. તે બ્રાહ્મણે પણ દ્યૂતથી આરંભીને પ્રવાસ સુધીનું નળનું આખ્યાન કહ્યું. ॥૫૭૫॥

તે સાંભળીને અતિવૃષ્ટિ વડે જેમ નદી તેમ દેવી અને સમસ્ત પરિવારની આંખો મોટા પાણીના પૂરવાળી થઈ અર્થાત્ અત્યંત વિલાપ કર્યો. ॥૫૭૬॥ શોકરૂપી સમુદ્રમાં ડુબેલાની જેમ સર્વલોક થયો. ભૂખથી પીડિત બ્રાહ્મણ જમવા માટે દાનશાળામાં આવ્યો. ॥૫૭૭॥ પ્રવેશ કરતાં જ દમયંતીને જોઈને ઓળખીને વિકસ્વર નેત્રવાળો પ્રમોદને ભજનાર તે નમ્યો. (પગે લાગ્યો.) ॥૫૭૮॥ મસ્તક વડે અંજલિ કરીને તેણે કહ્યું, હે દેવી ! આ તારી દુર્દશા કેવી ? જેથી તું આ પ્રમાણે હિમ પડવાથી કરમાયેલી નાગવલ્લીની જેમ (સૂકાઈ ગયેલી) દેખાય છે. ॥૫૭૯॥ ભાગ્યયોગે હે દેવી ! જીવતી દમયંતી જોવાઈ છે. એ પ્રમાણે કહીને ભૂખ તરસની પીડાને ભૂલી ગયો. પ્રમોદથી ભરાયેલા ઉદરવાળાએ જઈને ચંદ્રયશા દેવીને કહ્યું કે હે દેવી ! તમે વધામણી પામો. તમારી જ દાનશાળામાં મેં દમયંતીને જોઈ. ॥૫૮૦-૫૮૧॥ તે સાંભળીને જલદીથી ચંદ્રયશા દેવી ત્યાં આવીને આકાશની લક્ષ્મીને આંબતી ધજાની જેમ દમયંતીને ભેટી પડી. ॥૫૮૨॥ અને બોલી કે હા હા ! મને ધિક્કાર થાઓ. અદ્વિતીય લક્ષણોથી ઓળખાયેલી હે વત્સા ! મારા વડે તું ઓળખાઈ નહિ. ॥૫૮૩॥ ભાગ્યયોગથી જ તારી આ દુર્દશા જો છે તો પોતાના આત્માને મારાથી કેમ છુપાવ્યો ? ચંદ્ર અને સૂર્યદેવને પણ શું સંકટ નથી આવતું ? (આવે જ છે.) ॥૫૮૪॥ હે વત્સા ! શું નલ વડે તું તજાઈ છે ? અથવા તો શું તારા વડે નળ ત્યજાયો છે ? ખરેખર નળ વડે તું ત્યજાઈ છે. પુરુષ ખરેખર કઠોર હોય છે. ॥૫૮૫॥ હે પતિવ્રતા ! જો પતિ સંકટમાં પડ્યો હોય ત્યારે તેનો તેં ત્યાગ કર્યો હોત તો પૃથ્વી પાતાલમાં જાત. એમાં સંશય નથી. અર્થાત્ તેં પતિનો ત્યાગ કર્યો નથી. ॥૫૮૬॥ ગુણવાન એવી આનો ત્યાગ કરતા હા હા ! હે નળ ! તું લજ્જા પામતો નથી. જો તને ભારરૂપ આ હતી તો મારી પાસે કેમ મૂકી ન ગયો ? ॥૫૮૭॥ હે પુત્રી ! ખરેખર તારી આવા પ્રકારની દુર્દશા સંભવી શકાતી નથી. તેથી હું તને ઓળખી ન શકી, તો મારા આ અપરાધને તું ક્ષમા કર. ॥૫૮૮॥ સ્વાભાવિક અને સતત પ્રકાશ આપતું તારું તે કપાળનું તિલક ક્યાં ? ત્યારે જ થૂંક વડે તેણીએ કપાળને લૂછ્યું. ॥૫૮૯॥ તેજસ્વી એવા દર્પણ જેવું, સરાણથી નીકળેલા સૂર્ય જેવું તિલક ક્ષણવારમાં કાંતિના કલ્લોલો વડે વિશ્વમાં ફેલાઈ ગયું. ॥૫૯૦॥ હવે જટિલ અર્થાત્ ગૂંચવાળા વાળવાળી તેણીને ચંદ્રયશા દેવીએ વલ્કલચીરીની જેમ બળજબરીથી સુગંધી પાણી વડે નવડાવી. ॥૫૯૧॥ શેષનાગની કાચળી જેવા, નિર્મળ દોષ વિનાના, દેવદૂષ્ય જેવા બે રેશમી વસ્ત્રો દેવીએ સ્નેહપૂર્વક દમયંતીને પહેરાવ્યા. ॥૫૯૨॥ શાંતિ, ઉત્સાહ, હર્ષ વગેરે સ્વરૂપ અંતઃપુરના રક્ષકોથી પરિવરેલની જેમ દમયંતીની સાથે દેવીએ રાજાની સભાને શોભાવી. ॥૫૯૩॥ ત્યારે ગગનાંગણના દીપક સમાન સૂર્ય અસ્ત થયો અને ભૂખ્યા રાક્ષસની જેમ અંધકારે આખા આકાશને ગ્રહણ કર્યું. ॥૫૯૪॥ દ્વારપાળ જેવા દમયંતીના તિલકના કિરણો વડે અટકાયેલાની જેમ અંધકારનો લેશ પણ રાજાની સભામાં પ્રવેશ્યો નહિ. ॥૫૯૫॥ રાજાએ કહ્યું કે સૂર્યાસ્ત થઈ ગયો છે. દીપક વિના કે અગ્નિ વિના અતિ દેદીપ્યમાન તેજ ક્યાંથી ? ॥૫૯૬॥ ત્યારે તેજોરત્નના મહાનિધિ સરખું, દમયંતીના કપાળ પર રહેલ તિલકરૂપી સૂર્ય આશ્ચર્યચકિત દૃષ્ટિવાળી રાણી વડે રાજાને બતાવાયું. ॥૫૯૭॥ તેના પ્રભાવને જાણવા માટે રાજાએ રાણી પાસે હાથ વડે તે તિલક ઢંકાવ્યું. તે જ વખતે રાજાની સભા જાણે કે અંધકારની ખાણ હોય તેવી થઈ ગઈ. ॥૫૯૮॥ ત્યારબાદ હાથને ખસેડાવીને રાજા વડે પૂછાયેલી, નીચા મુખવાળી અને રડતી એવી દમયંતીએ રાજ્યથી ભ્રષ્ટ થવું વગેરે સમસ્ત વૃત્તાંતને કહ્યો. ॥૫૯૯॥

રાજા વડે પોતાના ઉત્તરીય વસ્ત્રથી બંને આંખો લુંછીને તેણીને કહ્યું કે હે પુત્રી ! તું રડ નહિ. કોને ભાગ્ય સમર્થ થતું નથી ? અર્થાત્ કર્મની ગતિ આવી જ છે. ॥૬૦૦॥ એટલામાં દેવલોકમાંથી સભામાં આવીને કોઈક અંજલિબદ્ધ પ્રણામવાળા દેવે દમયંતીને પ્રણામ કરીને કહ્યું. ॥૬૦૧॥ હે માતા ! તારા વડે જે પ્રવ્રજ્યા અપાવેલ, તે પિંગલ ચોર વિહાર કરતાં એક વખત તાપસપુર નગરમાં ગયો. ॥૬૦૨॥ તે ત્યાં બહારના પ્રદેશમાં રાત્રિમાં પ્રતિમા વડે રહ્યો, ત્યારે ચિત્તામાંથી પ્રગટેલો દાવાનલ જાણે કે સેવા કરવા માટે આવ્યો હોય તેમ નજીક આવ્યો. ॥૬૦૩॥ તેના વડે બળાતો પણ ધર્મધ્યાનરૂપી અમૃતને પીતો, શાંત ચિત્તવાળો, સમાધિવાળો જાણે કે તેના તાપને નહિ જાણતો, નમસ્કાર મહામંત્રને સ્મરણ કરતો, અંતિમ આરાધના વિધિને કરતો, દેહનો ત્યાગ કરીને સ્વર્ગમાં દેદીપ્યમાન દેવ થયો. ॥૬૦૪-૬૦૫॥ ત્યારબાદ અવધિજ્ઞાનના બળથી પૂર્વભવમાં પ્રાણદાન આપનાર તેમજ પ્રવ્રજ્યા અપાવનાર ઉપકારી એવા તમને જાણીને તમને પ્રણામ કરવા માટે હું અહીં આવ્યો છું. હે પવિત્રા ! તારો દેવાદાર હું છું. હે દેવી ! આપની કૃપાથી મારે સર્વ પણ દેવતાઈ ઋદ્ધિઓ છે. ॥૬૦૬-૬૦૭॥ કરુણાનિધિ હે માતા ! જો ત્યારે તમે મને બોધ પમાડ્યો ન હોત તો દુરાત્મા એવો હું કુયોનિમાં ભટકતો હોત. ॥૬૦૮॥ એ પ્રમાણે કહીને તેની આગળ સાત ક્રોડ સુવર્ણની વૃષ્ટિ કરી. જાણે કે ગુરુની પૂજા કરતો હોય તેમ કરીને પિંગલદેવ દેવલોકમાં ગયો. ॥૬૦૯॥ તેવા પ્રકારના ધર્મના ફળને પ્રત્યક્ષ જોઈને વિસ્મિત એવા ઋતુપર્ણ રાજાએ ત્યારે જ જૈન ધર્મ સ્વીકાર્યો. ॥૬૧૦॥ ત્યારે હરિમિત્રએ પણ રાજાને વિનંતિ કરી કે હે સ્વામી ! દમયંતી પિતાને ઘરે જવા માટે આદેશ કરાય. ॥૬૧૧॥ રાણીએ પણ રાજાને કહ્યું કે, હે દેવ ! આ યોગ્ય છે. ત્યારબાદ વિશાળ સેનાના પરિવાર સાથે રાજા વડે દમયંતીને મોકલાઈ. ॥૬૧૨॥ પુત્રીને આવતી જાણીને પવન વડે જેમ વહાણ તેમ પ્રેમથી પ્રેરાયેલા રાજા પુષ્પદંતીની સાથે સામે ગયા. ॥૬૧૩॥ માતા-પિતાને જોઈને વાહન ઉપરથી જલદીથી ઉતરીને દમયંતી ભક્તિથી જેમ ગુરુ અને દેવના ચરણકમલમાં તેમ તે બંનેના ચરણોમાં પ્રેમપૂર્વક નમી. ॥૬૧૪॥ ત્યારે નેત્રોના આંસુના પૂર વડે ભીંજવી નાંખી છે સમસ્ત પૃથ્વીતલને જેને એવા તે માતા અને પુત્રી પરસ્પર બે નદીઓની જેમ ભેટી પડ્યા. ॥૬૧૫॥ અને વળી દમયંતીને જોઈને ત્યારે સમસ્ત નગરજનોએ ધારાબદ્ધ વહેતા આંસુઓ વડે વર્ષાઋતુની જેમ પૃથ્વીને કાદવવાળી કરી. ॥૬૧૬॥

હવે ખૂલેલા મુખવાળા તેઓ વડે (દીલ ખોલીને) એકઠા કરેલા નિધાનની જેમ સ્નેહથી પરસ્પર સઘળું પોતાનું સુખદુઃખ પ્રગટ કરાયું. ॥૬૧૭॥ પુત્રીને ખોળારૂપી પલંગમાં બેસાડીને પુષ્પદંતીએ કહ્યું કે તું જીવતી જોવાઈ છે, એટલે હજુ પણ અમારું પુણ્ય જાગૃત છે. ॥૬૧૮॥ હે પુત્રી ! અહીં સુખપૂર્વક રહેતી એવી તું લાંબાકાળે પણ પોતાના પતિને જોઈશ. જે કારણથી જીવતો માણસ કલ્યાણને જુએ છે. ॥૬૧૯॥ પુત્રીની પ્રાપ્તિથી ખુશ થયેલા રાજાએ ૫૦૦ ગામ બ્રાહ્મણને આપ્યા. જે કારણથી કલ્પવૃક્ષની જેમ ખુશાલીનું ફળ દાન જ છે અર્થાત્ દાન દ્વારા ખુશી વ્યક્ત કરાય છે. ॥૬૨૦॥ અને તે બ્રાહ્મણને કહ્યું કે જો તું નળને લાવીશ તો ભાગીદારના ભાગની જેમ તને અર્ધું રાજ્ય આપીશ. ॥૬૨૧॥ હવે પોતાના દેશમાં સર્વ ઠેકાણે રાજા વડે પુત્રીના આગમનનો મહોત્સવ કરાવાયો. જિનાલયમાં વિશેષથી અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવ્યો. ॥૬૨૨॥ પુત્રી પણ આ પ્રમાણે કહેવાઈ. હે વત્સ ! તું અશાંતિને ન કરીશ. નળ પણ તે તે શોધવાના ઉપાયો કરવા વડે ભેગો કરાશે. ॥૬૨૩॥

નળચરિત્ર : હવે આ બાજુ ત્યારે દમયંતીને છોડીને જતા નળે અરણ્યમાં ભમતા વનની લતામાંથી નીકળતા ધૂમાડાનો સમૂહ જોયો. ॥૬૨૪॥ વધતો તે ધૂમાડો પોતાના પિતા સૂર્યને મળવા માટે સરકતી યમુના જેવો શોભતો હતો. ॥૬૨૫॥ ક્ષણમાત્રમાં બળતી જીભ, આંખ અને વાળવાળા ઉંચે જતા કાળા પ્રેતની જેમ શ્યામ, અંદર જ્વાળાથી વિકરાળ તે ધૂમાડો શોભતો હતો. ॥૬૨૬॥ ફૂટતા એવા વાંસના અવાજની જેમ તથા દાવાનલના અત્યંત મોટા શબ્દની જેમ તાપથી પીડાયેલા, જંગલી પશુઓના આક્રંદનને ત્યાં નળે સાંભળ્યો. ॥૬૨૭॥ હે ઇક્ષ્વાકુ કુળમાં શ્રેષ્ઠ ! સમસ્ત વિશ્વને અભય આપવામાં સમર્થ હે નળ ! મારી રક્ષા કર, રક્ષા કર. એ પ્રમાણે મનુષ્યના સ્વરને તેણે સાંભળ્યો. ॥૬૨૮॥ હે સજ્જન ! નિરપેક્ષ એવો તું જો કે ઉપકાર કરીશ. તો પણ મારા વિષે કરેલો ઉપકાર હે રાજન્ ! ફોગટ થશે નહિ. ॥૬૨૯॥ કુંજની મધ્યમાં રહેલા સ્વર અને વ્યંજનવાળા તેને અનુસરતા એવા તેણે રક્ષા કર, રક્ષા કર, એ પ્રમાણે બોલતા સાપને જોયો. ॥૬૩૦॥ તેણે વિચાર્યું કે આ સર્પનું કૌતુક કેવા પ્રકારનું ? મારું નામ અને મારું કુળ કેવી રીતે તે જાણે છે ? તથા મનુષ્યની ભાષા કેવી રીતે બોલે છે ? ॥૬૩૧॥ હવે નળ વડે પૂછાયેલા તે સર્પે કહ્યું કે અવધિજ્ઞાનથી હું તારું કુળ વગેરે જાણું છું. તેમજ પૂર્વભવમાં મનુષ્યપણું હોવાથી મારે અભ્યાસથી તે ભાષા છે. ॥૬૩૨॥ તેને (સર્પને) ખેંચવા માટે અનુકંપાવાળા નળે સાંકળની જેમ વેલડીઓના વિસ્તારના અર્ધ ભાગ વડે ઉત્તરીય વસ્ત્ર ફેંક્યું. ॥૬૩૩॥ કાચના વલયો વડે સ્ત્રીઓનો હાથ, ભૂતચૂડ અર્થાત્ બાહુના ભૂષણની જેમ શોભે તેમ પોતાની ફણા વડે સાપ વડે વીંટળાયેલું તે વસ્ત્ર શોભતું હતું. ॥૬૩૪॥ હવે ખેંચીને (બહાર કાઢીને) તેને લઈને તૃણ વિનાની ભૂમિ પર છોડવાની ઈચ્છાવાળો દયાળુ નળ ત્યાં તે સર્પ વડે હાથમાં ડંસાયો. ॥૬૩૫॥ ત્યારબાદ અનિષ્ટ વસ્તુની જેમ પૃથ્વીતલ પર સર્પને ફેંકીને રાજાએ ઉપાલંભ આપ્યો કે, હે સજ્જન ! તારી કૃતજ્ઞતા સારી છે ? ॥૬૩૬॥ ઉપકાર કરનાર મારો આજે તેં સારો ઉપકાર કર્યો ! અથવા તો હવન કરનારને અગ્નિ શું દાહને માટે નથી થતો ? ॥૬૩૭॥ પવનની જેમ સર્વ અંગે ફેલાયેલ વિષ વડે (પ્રસરવાથી) નળનું શરીર ચંદ્રના ખંડની જેમ વળી ગયું (કુબડું થયું). ॥૬૩૮॥ દાવાનળવાળા પર્વતની જેમ પીળા રોમવાળો, હાથીની જેમ બહાર નીકળેલા દાંતવાળો, નાના હાથ-પગવાળો અને જલોદરની જેમ અત્યંત મોટા પેટવાળો અંધકારમય જેવો શ્યામ નળ થયો. ઘણું કહેવા વડે શું ? સર્વ પ્રકારે ભાંગીને ઘડેલા જેવો તે ત્યારે થયો. ॥૬૩૯, ૬૪૦॥ અને વિચાર્યું કે આવા પ્રકારના થયેલા મારું જીવિત નિષ્ફળ છે. મુનિચર્યા વડે પ્રવ્રજિત થઈ તેને હું સફળ કરું. ॥૬૪૧॥ તે ક્ષણે જ નટની જેમ સર્પના વેષને મૂકીને તે સાપ દેવ થયો અને એ પ્રમાણે ચિંતાવાળા નળને કહ્યું, નળ ! વિષાદ વડે સર્યું. (ખેદ ન કર) હું તારો પિતા છું. તને રાજ્ય આપીને દીક્ષા સ્વીકારીને બ્રહ્મ દેવલોકમાં હું દેવ થયો છું. ॥૬૪૨-૬૪૩॥ અવધિજ્ઞાનથી તારી દુર્દશા (સંકટ)ને જાણીને માયાપૂર્વક સાપ થઈને ઘા ઉપર મીઠું નાંખવાની જેમ તારું અંગ વિરૂપતાવાળું કદરૂપું કર્યું છે. ॥૬૪૪॥ હે વત્સ ! આ કદરૂપતા (કુબડાપણું) નિશ્ચે તારા ઉપકારને માટે થશે. અગ્નિનો યોગ સોનાના ચળકાટની વૃદ્ધિને માટે શું નથી થતો ? (થાય જ છે.) ॥૬૪૫॥ તારા વડે જે કારણથી સર્વ રાજાઓ (નોકર) કિંકર જેવા કરાયા હતા. તેથી અંગરક્ષકની જેમ હે વત્સ ! કદરૂપાપણું તારો અંગરક્ષક થશે. ॥૬૪૬॥ વળી પ્રવ્રજ્યામાં હમણાં ચિત્તને ન કર ! કેમ કે હજુ પણ પૂર્વની જેમ લાંબા કાળ સુધી અર્ધા ભરતને તું ભોગવીશ. ॥૬૪૭॥ હે વત્સ ! વ્રતને યોગ્ય તારો કાળ (સમય) જણાવાશે. કેમ કે કાળે કરાયેલી ખેતી ફળવાળી થાય છે. ॥૬૪૮॥ હે વત્સ ! આ રત્ન કરંડીયો અને બિલના ફળને ગ્રહણ કર. પાપરહિત જૈન ધર્મની જેમ

પ્રયત્નપૂર્વક આ બેનું રક્ષણ કરજે. ॥૬૪૯॥ તું પોતાના સ્વરૂપને જ્યારે ઇચ્છે ત્યારે બિલને ફોડજે, તો તેમાંથી અદૂષિત એવા દેવદૂષ્યને જોઈશ અને રત્ન કરંડીયાને પણ સ્વયં જ ઉઘાડજે તો તેમાં દિવ્ય હાર વગેરે અલંકારોને વિસ્મિત એવો તું જોઈશ. ॥૬૫૦-૬૫૧॥ આચ્છાદિત થયેલા દેવદૂષ્યો વડે અને પહેરેલા અલંકારો વડે તે જ ક્ષણે તું અદ્વિતીય સ્વરૂપને પ્રાપ્ત કરીશ. ॥૬૫૨॥ ત્યારબાદ નળે પૂછ્યું કે હે તાત ! ત્યાગ કરાયેલી દમયંતી કેમ છે ? કુંડિનપુરની પ્રાપ્તિ સુધીના દમયંતીના વૃત્તાંતને તે દેવે નળને કહ્યો. ॥૬૫૩॥ અને આ કહ્યું કે હે વત્સ ! વનમાં જંગલી પશુની જેમ કેમ ભમીશ ? તારી જ્યાં જવાની ઇચ્છા હોય તે કહે જલ્દી ત્યાં તને લઈ જઉં. ॥૬૫૪॥ તેણે પણ કહ્યું, હે તાત ! મને સુસુમારપુર લઈ જાઓ. તે પ્રમાણે કરીને સૂક્ષ્મ બુદ્ધિવાળો દેવ પોતાના દેવલોકમાં ગયો. ॥૬૫૫॥

હવે તે નગરની નજીકમાં આભૂષણ સરખા નંદનવનમાં કરાંવનારના સાક્ષાત્ પુણ્ય જેવા ચૈત્યને નલે જોયું. ॥૬૫૬॥ તેમાં અપ્રતિમ એવી શ્રી નમિનાથ ભગવાનની પ્રતિમાને જોઈને નમીને સ્તુતિ કરીને લાંબા કાળ સુધી ધ્યાન કરીને નળ તે નગરના દ્વાર પાસે આવ્યો. ॥૬૫૭॥ એટલામાં હાલતો ચાલતો જાણે અંજનગિરિ હોય તેમ મદોન્મત્ત હાથી નાળની જેમ થાંભલાને ઉખેડીને હસ્તિશાળામાંથી ચાલ્યો. ॥૬૫૮॥ મદના લેપથી વાયુને પણ અસહિષ્ણુ, બેઠેલાને (મહાવતને) દુર્દ્ધર અને ચડવાવાળાની શંકાથી ધુણતો, અશ્રાન્ત મનવાળો, વાદળના ભ્રંશને માટે જાણે કે હંમેશા સૂંઢને ઉછાળતો, મોટા વૃક્ષોને અને પ્રાણીઓના નાશ કરવા માટે જાણે કે કલ્પાંત કાળનો પવન હોય તેવો હાથી હતો. ॥૬૫૯-૬૬૦॥ નગરના કિલ્લા ઉપર ચડીને દધિપર્ણ રાજાએ કહ્યું. જે આ હાથીને વશ કરશે, તેને હું ઇચ્છિત આપીશ. ॥૬૬૧॥ તે વચન સાંભળીને નળે (કુબડા) રાજાને કહ્યું કે, તે હાથી ક્યાં છે ? ક્ષણમાત્રમાં હું તેને અવશ્ય વશ કરીશ. ॥૬૬૨॥ એ પ્રમાણે બોલતા કુબડાની પાસે ગર્જના કરતો તે હાથી પણ આવ્યો. મલ્લ જેમ મલ્લને તેમ કુબડાએ તે ગંધ હાથીને આલ્વાન કર્યું. ॥૬૬૩॥ કૃપાળુ એવા નગરજનોએ કહ્યું કે, અરે રે કુબડા ! તું દૃષ્ટિવિષ સર્પ જેવા આ હાથીની પાસે જા નહિ, જા નહિ. ॥૬૬૪॥ હાથીને વશ કરવામાં હોંશિયાર હોવાથી પાછળથી, પડખેથી આગળથી તે હાથીને છેતરતો કુબ્જ સારી રીતે ફરતો હતો. ॥૬૬૫॥ ત્યારપછી અશ્વને દમન કરનાર જેમ ઘોડાને, રાજા જેમ દુર્જનને તેમ મહાવતની જેમ કુબડાએ તે હાથીને થકવ્યો. ॥૬૬૬॥ વાંદરો જેમ વૃક્ષ ઉપર કુદકો મારે તેમ બંધ આંખવાળા સૂતેલાની જેમ થાકેલા હાથી પર કૂદીને તે (નળ) ચડ્યો. ॥૬૬૭॥ આ પ્રમાણે હાથીને વશ કરીને આજ્ઞા વડે જેમ પોતાના નોકરને તેમ હાથ વડે ગ્રહણ કરેલા અંકુશવાળા તે કુબડાએ તે હાથીને વહન કર્યો. ॥૬૬૮॥ આનંદિત લોકો વડે જય જયારવરૂપી માળા તેને પહેરાવી અને રાજા વડે તેના કંઠમાં સુવર્ણની સાંકળ આરોપણ કરાઈ. ॥૬૬૯॥ ત્યારપછી કુબડો તે હાથીને આલાન શાળામાં અને વળી પોતાના યશરૂપી હાથીને બ્રહ્માંડરૂપી હસ્તિશાળામાં લઈ ગયો. ॥૬૭૦॥ સમાન સમૃદ્ધિ ભજનારની જેમ રાજાને નમસ્કાર કર્યા વિના જ નજદીક નિરાશંકવાળો નળ બેઠો. ॥૬૭૧॥

હવે રાજાએ કહ્યું કે હે કુબડા ! તારામાં હસ્તિશિક્ષા તો રહેલી છે. બીજું પણ અદ્‌ભૂત એવું વિજ્ઞાન તારી પાસે શું શું છે ? ॥૬૭૨॥ કુબ્જે તેને કહ્યું કે શિષ્ટ પુરુષો પોતાની પ્રશંસા કરતા નથી, જો તું જોવાની ઈચ્છાવાળો છે તો સૂર્યપાક રસોઈ બતાવાય છે. ॥૬૭૩॥ ત્યાર પછી કુતુહલતાથી કહેવાયેલું હોય તેમ રાજાએ જઈને સૂર્યપાક રસોઈ બનાવવા માટે કુબ્જને ઘરમાંથી ચોખા વગેરે આપ્યું. ॥૬૭૪॥ સૂર્યના તાપમાં થાળી મૂકીને સૂર્ય વિદ્યાને બોલતા નળે જાણે કે દેવલોકમાંથી આવેલી હોય તેવી દિવ્ય રસોઈ કરી. ॥૬૭૫॥

તેવા પ્રકારની રસોઈને પરિવાર સહિત ખાતા એવા દધિપર્ણ રાજાએ મસ્તકને ધૂણાવતા પ્રશંસા કરી. ॥૬૭૬॥ અહો ! સુસ્વાદવાળી નવી રસોઈ ક્યાંય પણ છે ખરી ? અહો ! અમૃતથી પણ સર્વ ઇન્દ્રિયોને આવા પ્રકારનો આલ્લાદ ન થાય. ॥૬૭૭॥ વળી રાજાએ કહ્યું કે, હે ભદ્ર ! આ રસોઈને તો નળ એક જ જાણે છે. તેણે પણ કહ્યું, નળની મિત્રતા હોવાથી (કૃપા હોવાથી) તેની જેમ હું પણ જાણું છું. ॥૬૭૮॥ અરે ! તો શું નળ છે ? અથવા તો આપ નળના આબેહૂબ ચિતાર છો ? કારણ કે કામદેવને પણ હરાવી શકે તેવા તેના રૂપને મેં પહેલાં જોયેલું છે. ॥૬૭૯॥ બસો યોજન દૂર એવો નળ અહીં ક્યાંથી આવે ? અથવા તો અર્ધભરતના સ્વામીનું એકાકીપણું ક્યાંથી ? ॥૬૮૦॥ હવે ખુશ થયેલા રાજાએ કુબ્જને વસ્ત્રો, અલંકારો, એક લાખ ટંક સુવર્ણ અને પાંચશો ગામ આપ્યા. ॥૬૮૧॥ કુબ્જે વસ્ત્ર વગેરે લીધા, પરંતુ એક પણ ગામ ગ્રહણ ન કર્યા. રાજાએ કહ્યું કે હે કુબ્જ ! બીજું કંઈ અન્ય પણ શું તને અપાય ? ॥૬૮૨॥ ત્યારે તેણે કહ્યું કે પોતાના રાજ્યમાં શિકાર અને દારૂ બંધ કરાવો. તેના વચન પરના બહુમાનથી રાજાએ પણ તેવા પ્રકારનું કર્યું. ॥૬૮૩॥ હવે એક વખત એકાંતમાં રાજાએ તે કુબ્જને કહ્યું કે, હે ભદ્ર ! તું કોણ છે ? ક્યાંનો રહેનારો છે ? ક્યાંથી અહિં આવ્યો છે ? ॥૬૮૪॥ તેણે કહ્યું, કોશલાનગરીનો કુબડો રસોઈયો છું. નળને અતિપ્રિય હોવાથી તેણે મને સર્વ કળા આપી છે. ॥૬૮૫॥ કુબર વડે કપટ વડે સમસ્ત રાજ્ય નળની પાસેથી જીત્યું. દમયંતી માત્ર પરિવારવાળા નળે વનવાસનો આશ્રય કર્યો. ॥૬૮૬॥ ત્યાં મરી ગયેલા તેને સાંભળીને અવિશેષજ્ઞ અને નીચ એવા શઠ જેવા કુબેરનો મેં ત્યાગ કર્યો છે. નિરાશ થયેલો તારી પાસે આવ્યો છું. ॥૬૮૭॥ નળની તે દુર્દશાને સાંભળીને દધિપર્ણ રાજાએ લાંબા કાળ સુધી શોક કર્યો. મોટાઓની આપત્તિઓ વડે કોણ દુઃખી ન થાય ? ॥૬૮૮॥

એક વખત દધિપર્ણ રાજા વડે કોઈ પણ કાર્યને માટે દમયંતીના પિતાની પાસે પોતાનો દૂત મોકલ્યો. ॥૬૮૯॥ અને તેની સાથે મિત્રતા હોવાથી તે ઘણો કાળ ત્યાં રહ્યો. અને ક્યારેક પ્રસંગ આવતા આ વાતને કહી. ॥૬૯૦॥ હે દેવ ! મારા રાજા પાસે નળનો રસોઈયો આવ્યો છે. નળના ઉપદેશથી તે સૂર્યપાક રસોઈ જાણે છે. ॥૬૯૧॥ તે સાંભળીને દમયંતીએ પિતાને વિનંતિ કરી કે, હે દેવ ! તે રસોઈના અગ્રણીને કોઈ પણ દ્વારા શોધ કરાવો. ॥૬૯૨॥ નળ સિવાય બીજા કોઈ પણ સૂર્યપાક રસોઈને જાણતા નથી. તેથી હે દેવ ! પોતાના આત્માને છુપાવતો તે નળ જ હોય. ॥૬૯૩॥ ત્યાર બાદ હોંશિયાર કુશળ નામનો બ્રાહ્મણ રાજાએ રસોઈયાની પરીક્ષા માટે દધિપર્ણ રાજા પાસે મોકલ્યો. ॥૬૯૪॥ શું આવા પ્રકારના રૂપમાં જ આ છે ? અથવા રૂપાન્તર કરેલો છે ? કોઈ દેવ છે અથવા દાનવ છે અથવા પોતાને છૂપાવતો નળ છે ? ॥૬૯૫॥ ત્યાર બાદ વધતા ઉત્સાહવાળો શુભ શુકનો વડે તે સુસુમારપુર ગયો. કુબ્જને જોયો અને વિચાર્યું. ॥૬૯૬॥ તે નળ ક્યાં ? અને આ કુબ્જ ક્યાં ? ક્યાં હંસ અને ક્યાં કાગડો ? ખરેખર વિરહના સંભ્રમથી જ દમયંતીને આમાં નળની ભ્રાંતિ થઈ છે. ॥૬૯૭॥ ત્યાર બાદ સારી રીતે નિશ્ચય કરવાને માટે તેને રાજાની પાસે લઈ જઈને નાટક કરવું છે, તેમ પ્રાર્થના કરીને નાટકનો ત્યાં જ પ્રારંભ કર્યો. ॥૬૯૮॥ તે નાટકમાં દધિપર્ણ રાજા સભ્ય છે. સપર્ણ નામનો મંત્રીશ્વર છે. જીવલ નામનો દ્વારપાળ છે. કુબડો એવો હુંડિક રસોઈઓ છે. ॥૬૯૯॥ સૂત્રધાર કુશળ છે. દમયંતી આદિની ભૂમિકાવાળા નટો હતા. હવે ત્યાં રાજા લાંબા કાળ સુધી બેઠો. સ્મરણ કરીને આ કહ્યું. ॥૭૦૦॥ હે દ્વારપાળ ! લાંબોકાળ થયો. હજુ પણ નાટક શરૂ કેમ નથી થયું ? દ્વારપાળે તેઓને કહ્યું કે, નટો, જલ્દીથી નાટક પ્રસ્તુત કરાય. ॥૭૦૧॥ સૂત્રધારે પ્રવેશ કરીને કહ્યું કે, નળને શોધનારું

આ નાટક શરૂ થાય છે. હે દેવ ! આ બાજુ જોવાને માટે સાવધાન થાઓ. ॥૭૦૨॥ નળે વિચાર્યું કે, આ કોણ ? હું જ નળ છું. કિંતુ અપાર એવા આ જગતમાં નામનું સરખાપણું દુર્લભ નથી (અર્થાત્ સરખા નામવાળા ઘણા હોય છે.) ॥૭૦૩॥

રાજાએ કહ્યું કે, હું તો સાવધાન છું. તેથી જલ્દીથી નાટક પ્રસ્તુત કરો. ત્યારે આર્યપુત્ર ! મારું રક્ષણ કરો, રક્ષણ કરો. એમ ગીત ગવાયું. ॥૭૦૪॥ અપાર વિકરાળ જંગલી પશુવાળા જંગલમાં જાણે આકાશ પરથી પડેલી પૃથ્વી વડે ધારણ કરાયેલી એકલી હું ભય પામું છું. ॥૭૦૫॥ નળે ત્યારે વિચાર્યું કે જેમ મારા વડે તેમ કોઈ દુરાત્મા વડે પણ ગાઢ જંગલમાં એકલી પ્રિયતમા (પ્રેયસી) ત્યાગ કરાઈ છે. ॥૭૦૬॥ રાજાએ કહ્યું કે, હે મહામાત્ય ! નાટકની શરૂઆતમાં પહેલા જ મોટા કષ્ટપૂર્વક અત્યંત કરુણ રસ છે. ॥૭૦૭॥ પડદા ઉપર ગાવાવાળાઓએ કહ્યું કે પિંગલ ! આ તપસ્વીનીને અનુકૂળ થઈને જલદીથી સાર્થપતિ પાસે લઈ જાઓ. ॥૭૦૮॥ તે સાંભળીને સૂત્રધારે વિચાર્યું કે જે આ નાટક છે. ગાવાવાળા, દમયંતી અને પિંગલના વેષવાળાનો આડંબર કરાય છે. ॥૭૦૯॥ તે કારણથી નાટક સંબંધી પ્રવૃત્તિને હું જાણુ છું. તેથી અહીં હમણાં હું પણ કાલને ઉચિત કાર્યાંતરને અનુસરું. ॥૭૧૦॥ આ પ્રમાણે વિચારીને તે બહાર નીકળ્યો ત્યારે ત્યાં દમયંતી, પિંગલ અને ગાવાવાળાઓએ પ્રવેશ કર્યો. તેમાં ગાંધાર બોલ્યો. ॥૭૧૧॥ હે આર્યા ! પ્રલાપો વડે સર્યું. અચલપુર જવાની ઇચ્છાવાળો ધનદેવ નામનો સાર્થપતિ છે. તેની પાસે આવ. ॥૭૧૨॥ દમયંતીએ કહ્યું કે હે આર્ય ! પોતાના પતિને હું શોધીશ. તેણે કહ્યું, તારો પતિ કોણ ? તેણીએ કહ્યું : નિષધનો પુત્ર નળ. ॥૭૧૩॥ નળે વિચાર્યું, પાપાત્મા નળ ! તું કેમ ઓગળી જતો નથી. નિશ્ચે દેવી નથી. જો એમ હોય તો નાટકમાં પ્રતિકૃતિ શા માટે ? ॥૭૧૪॥ પિંગલે ક્રોધપૂર્વક કહ્યું કે હે આર્યા ! અનાર્યકાર્ય કરનારા વડે શું ? ચંડાળ વડે પણ આવું ન કરાય તેથી સાર્થેશ પાસે આવ. ॥૭૧૫॥ રાજાએ હર્ષપૂર્વક કહ્યું, હે નટ ! સારું, સારું. સ્વપ્નમાં અદૃશ્યની જેમ કોણ આ છે ? જેના વડે આ એકલી ત્યાગ કરાયેલી છે. ॥૭૧૬॥ ગંધારે રોષપૂર્વક કહ્યું કે હે ભોળી ! તું ક્યાંય પણ શોધ કર. અસ્પૃશ્ય, અશ્રાવ્ય અને અગ્રાહ્ય નામવાળો તે નળ છે. ॥૭૧૭॥ દમયંતીએ કહ્યું, સરોવરમાં મારા માટે પાણી લેવા ગયા હશે. તેથી હું ત્યાં શોધીશ. ત્યારે ગંધારે કહ્યું, હે બાલા ! તું મૂઢ છે. સૂતેલી એવી તારો ત્યાગ કરનાર તે શઠ શું તારા માટે પાણી લેવા ગયા હશે. તેણીએ કહ્યું, તમે આમ ન બોલો. ॥૭૧૯॥ આર્યપુત્રને પ્રાણથી પણ અતિવલ્લભ હું છું. રાજાએ કહ્યું કે પતિનો પ્રેમ તારા ઉપર તજવા વડે જ જણાયો. ॥૭૨૦॥ દમયંતીએ સરોવરને પ્રદક્ષિણા કરીને કહ્યું કે શું અહીં પ્રિય નથી ? ભલે આ ચક્રવાકીને પ્રિયના સમાચારને પૂછું. ॥૭૨૧॥ હે સખી ! ચક્રવાકી ! જલદીથી મારા પ્રિયનું કેમ તું કહેતી નથી ? તને હંમેશાં પ્રિયના વિયોગથી ઉત્પન્ન થયેલું દુઃખ પ્રત્યક્ષ જ છે. ॥૭૨૨॥ દમયંતીએ ક્ષણવાર રહી કહ્યું, પ્રિયના પ્રણયથી ગર્વિત થયેલી આ પ્રત્યુત્તર આપતી નથી. હવે રોષપૂર્વક તેણીને આક્ષેપ કર્યો. ॥૭૨૩॥ હે અલી ચક્રવાકી ! તારો પ્રિયના પ્રણયનો ગર્વ કેવો છે ? મારા વિષે તો પતિનો પ્રણય છે, તે વાણીને પણ અગોચર છે. ॥૭૨૪॥ ગંધારે કહ્યું કે હે આર્યે ! આ પક્ષિણી શું જાણે ? દમયંતીએ કહ્યું, હું અન્યને પૂછીશ. એમ કહી બીજાને જોઈને તેણી બોલી. ॥૭૨૫॥ હે ભાઈ મોર ! હે તાત મૃગ ! હે માતા હાથિણી ! તમને હાથ જોડીને કહું છું. જલદીથી મારા ઉપર મહેરબાની કરીને કહો કે, દમયંતીને શોધતો અવિરત આંસુઓ વડે સમસ્ત પૃથ્વીને કાદવ સરખી કરતો એવો નળ આ વનમાં તમારા વડે ક્યાંય પણ જોવાયો છે ? ॥૭૨૬-૭૨૭॥ પિંગલે કહ્યું કે હે આર્યે ! તું તેના વડે કેમ ત્યાગ કરાઈ છે ? રડતી એવી

દમયંતીએ કહ્યું કે પોતાના દોષને હું જાણતી નથી. ॥૭૨૮॥ પહેલાં પણ પોતાનો આત્મા તેમને અર્પણ કરેલો જ હતો. વનમાં પણ સાથે જ પ્રસ્થાન કર્યું હતું. સ્વપ્નમાં પણ બીજા પતિને ઇચ્છતી નથી. તો પણ હું ત્યજાઈ. ॥૭૨૯॥ અથવા તો અમંગળ દૂર થાઓ. આર્યપુત્રે મને ત્યજી નથી. અરે ! તો વળી શું ? મારા આનંદને માટે આ મશ્કરી કરી છે. (અર્થાત્ સંતાઈ ગયા છે.) ॥૭૩૦॥ આકાશને લક્ષ્ય કરીને કહ્યું કે હે નાથ ! મનુષ્ય વગરના વનમાં બીકણ અને એકલી હું છું. એથી જલદી આવો, આવો. મશ્કરી વડે સર્યું. ॥૭૩૧॥ આકાશમાં ફરી પડઘાને સાંભળીને, શું આ મને બોલાવે છે ? હું પાસે આવું છું એ પ્રમાણે ઝડપથી દોડે છે. ॥૭૩૨॥ ગંધારે કહ્યું, 'હે આર્ય ! સંભળાતો આ પ્રતિશબ્દ અર્થાત્ પડઘો ખરેખર ઉચ્ચારણના વેગથી ઉત્પન્ન થયેલો તારો જ છે. (અર્થાત્ આ નળનો શબ્દ તારા વડે નથી સંભળાયો.) હે આર્ય ! રહીને આ અવાજ કેમ ? ગંધારે કહ્યું, હવે શું ? કહેવાનો ભાવ એ કે, દમયંતીએ ગંધારને કહ્યું કે, ક્ષણવારના વિલંબથી કેમ આ સંભળાય છે ? ત્યારે ગંધારે કહ્યું, તને સમજાવવા માટે હવે મારી શક્તિ નથી. ॥૭૩૩॥ હવે પોતાના પડછાયાને જોઈને એકાએક ઊંચે સ્વરે દમયંતીએ કહ્યું કે ભાગ્ય યોગથી તું જોવાયો છે. જોવાયો છે. હે નાથ હમણાં ક્યાં જાવ છો ? ॥૭૩૪॥ વેગથી દોડીને વળી રહીને સીત્કાર કર્યો. બાષ્પવાળા ગંધારને કહ્યું કે બંને પગો દર્ભના અંકુરો વડે વીંધાયા છે. હે આર્ય ! મારા આ દર્ભાંકુરોને દૂર કરો. અથવા તો ઊભો રહે, ઊભો રહે. સ્વયં જ હું દૂર કરીશ. પરપુરુષનો સ્પર્શ પણ હું કરતી નથી. ॥૭૩૫-૭૩૬॥ રાજા જલદીથી ઊઠીને તેણીને સતી છે એ પ્રમાણે નમસ્કાર કર્યો ત્યારે જીવલે કહ્યું કે હે દેવ ! આ શું, પોતાના સિંહાસને બેસો. ॥૭૩૭॥ નટોની જ આ ઘટના છે. લજ્જાથી નમેલો રાજા બેઠો. આંસુ સારતા નળે દુઃખને મનમાં વિચાર્યું. ॥૭૩૮॥

કાન બહેરાપણાને પામો, આંખો અંધત્વને પામો. જે રીતે આનું રુદન છે, તે હું સાંભળી શકું તેમ નથી અને આની દુર્દશા હું જોઈ શકું તેમ નથી. ॥૭૩૯॥ ગંધારે પૃથ્વીને કહ્યું કે હે દેવી ! ભાગ્યવશથી પગ વડે જતી આ દેવીને કેમ ઘાસની સોય વડે વીંધો છો ? ॥૭૪૦॥ સ્ત્રીઓની આપત્તિમાં તારે સ્ત્રીઓની સહાય કરવાને માટે જ ઉચિત છે. નળ રાજા પુરુષાર્થ કરે. **તે પુરુષ છે. જે પુરુષાર્થ કરે.** ॥૭૪૧॥ મંત્રીએ રોષપૂર્વક ઊઠીને હા ! હા ! નિર્દય કુશીલવ ! તેને પણ તું રાજા કહે છે ? કે જેણે પતિવ્રતાને ત્યજી. ॥૭૪૨॥ રાજાએ કહ્યું કે હે અમાત્ય ! સ્વસ્થ થા, ખરેખર આ નાટક છે. હવે લજ્જા સહિત અમાત્ય બેઠો. નળે હવે રાજાને કહ્યું. ॥૭૪૩॥ હે રાજન્ ! વનમાં આણીનો ત્યાગ કરનાર નળનો દોષ નથી. રાજાએ કહ્યું કે તો જે આની દુર્દશાને જુવે છે તેઓનો દોષ છે શું ? ॥૭૪૪॥ નળે કહ્યું, પરંતુ આ રાજાઓની નીતિઓ વડે આ કર્મચંડાલ ત્યારે જ ભસ્મસાત્ ન કરાયો તેનો દોષ છે. ॥૭૪૫॥ રાજાએ રોષપૂર્વક કહ્યું, હે કુબડા ! તું ફોગટ રાજાઓને ઉપાલંભ આપે છે. જે કારણથી તેઓ પાપીઓને જોતા પણ નથી. ॥૭૪૬॥ પિંગલે કહ્યું કે ! હે આર્યે ! તારો આ પાપી પતિ નથી. પરંતુ આ તો તારી પ્રતિછાયા છે. ત્યારબાદ દમયંતીએ કહ્યું. ॥૭૪૭॥ વળી શું આર્યની છાયા એ જ મારા માટે આર્યપુત્ર નથી ! તો સત્ય છે, હું ત્યજાયેલી જ છું. ત્યાર પછી પોતાને જોઈને ફરીથી કહ્યું. હે હાર ! તમે વિહાર કરો, કામદેવ મને પીડો નહિ. નલ વિના સર્વે શૃંગાર મને અંગારા સમાન છે. ॥૭૪૮-૭૪૯॥ રાજાએ એકાએક ઉઠીને કહ્યું કે હે પતિવ્રતા ! હે પતિવ્રતા ! પ્રાયઃ અહીં પ્રાણીઓનો અર્થાત્ મનુષ્યોનો પ્રેમ નાશવંત છે. ॥૭૫૦॥ વિશેષથી તારા પતિને શોધીને સમર્થ થા. અહીં આવ. તું અમારી દીકરી, માતા તથા દેવતા છે. ॥૭૫૧॥ સપર્ણે કહ્યું કે હે દેવ ! આ વારંવાર વ્યામોહ કેવો ? ખરેખર સ્વામીને વિજ્ઞપ્તિ કરીએ છીએ. આ તો નાટકના પાઠ ભજવાય છે. ॥૭૫૨॥ તેથી હે દેવ ! આપ આસનને અલંકૃત

કરો. રાજા લજ્જાપૂર્વક બેઠો. હવે ખેદવાળા નળે વિચાર્યું. ॥૭૫૩॥ જે પ્રમાણે સર્પના વિષથી મૂર્ચ્છા પામેલને કિંચિત્ પણ ચેતના નથી હોતી, તેમ હે પૃથ્વી ! મહેરબાની કર, પાતાળમાં જવાવાળી જગ્યાને આપ. ॥૭૫૪॥ ત્યારબાદ દમયંતીએ કંઈક પ્રદક્ષિણા કરીને ઉંચે જોઈને કહ્યું કે અત્યારે મધ્યાહ્નનો સમય થયો છે. તડકામાં જવા માટે હું શક્તિમાન નથી. ॥૭૫૫॥ ઉતાવળથી રાજાએ કહ્યું, સ્ત્રીઓમાં રત્ન સમાન પતિવ્રતા ભૈમી ! તે પાપી પતિનું વારંવાર નામ ગ્રહણ ન કર. ॥૭૫૬॥ દેહને દાહ કરનારા કિરણો વડે સૂર્ય હા ! તું મને કેમ બાળે છે. જો નળ અકારુણ્યવાળો છે, તું પણ તેની જેમ કેમ ? ॥૭૫૭॥ જે કારણથી તેના નામના સાંભળવાથી જ અમે, પર્ષદા, નાટ્યકારો અને આ કુબડો હુંડિક સઘળા જ ખરેખર પાપથી લેપાયા છીએ. ॥૭૫૮॥

નળે રોષપૂર્વક કહ્યું કે રાજા અજ્ઞાતપૂર્વકનું આ શું બોલો છે ? મહાકુર નળ તે હું છું. જે મેં દેવીને તે પ્રકારે ત્યજી હતી. ॥૭૫૯॥ રાજાએ સંભ્રમપૂર્વક કહ્યું કે કોણ તું ? નલે પોતાના મનમાં વિચાર્યું. વિષાદથી મૂર્ચ્છાળુ એવા મેં પોતાના આત્માને કેમ પ્રગટ કર્યો ? ॥૭૬૦॥ "થયું" હવે પ્રગટ કહ્યું કે હું કુબડો રસોઈઓ છું. રાજાએ ત્યારે કહ્યું કે હે ભો ! હું નળ છું, એમ કેમ તેં કહ્યું ? ॥૭૬૧॥ નળે કહ્યું, મારા વડે આ પ્રમાણે કહેવાયેલાને અથવા તો નહિ કહેવાયે છતે પણ રાજા વડે નાટકના રસના વશથી આ પ્રમાણે સંભળાયું છે ? એમ અહીં સંશય છે. ॥૭૬૨॥ રાજાએ કહ્યું કે હું ખરેખર ભ્રાંત થયો છું. અન્યથા સાક્ષાત્ કામદેવ જેવો નળ રાજા ક્યાં ? સર્વ અંગથી વિકૃત આકૃતિવાળો આ ક્યાં ? ॥૭૬૩॥ હવે નળે સૂર્યને જોઈને વિચાર્યું કે, હે સૂર્ય ! મારા માટે તું યુગાન્તકાળનો સૂર્ય થા જે કારણથી હું ભસ્મસાત્ થાઉં, નહિતર મારા પાપ ભસ્મસાત્ થાઓ. ॥૭૬૪॥ પિંગલે કહ્યું કે હે ભદ્રે ! સૂર્યના કિરણો વડે જો પીડા પમાય છે, તો શીતળ એવા આંબાની ઝાડીમાં પ્રવેશ કર. ॥૭૬૫॥ ગંધારે આગળ થઈને કહ્યું કે હે આર્યે ! અહીં આમતેમ સર્વે લોકો ફરે છે. જોઈને ભયથી ગંધાર પાછો ફર્યો. ॥૭૬૬॥ અને કહ્યું કે આર્યા, તું એકદમ જલદીથી પાછી ફર, પાછી ફર. ભૂખથી કૃશ થયેલી કુક્ષિવાળો ઊંચો વિકરાળ એવો સિંહ આગળ છે. ॥૭૬૭॥ દમયંતીએ કહ્યું કે હે આર્ય ! સિંહ મધ્યમાં છે. ભાગ્યયોગથી મને દુઃખમાંથી છુટકારો આપશે. પિંગલ તો જોઈને ભાગ્યો. ॥૭૬૮॥ દમયંતી તેની નજીક ગઈ. નળે સંભ્રમપૂર્વક જોઈને વિચાર્યું કે સિંહ દેવીને મારી નાંખવા માટે કેવી રીતે ઉદ્યત થશે. ॥૭૬૯॥ હા, હું હણાયો છું, એમ ફરીથી (નળે) વિચાર્યું ! આ તો ખરેખર વીરાગ્રણી છે. આને સામ વડે હું નિષેધ કરું, એ પ્રમાણે ઊઠીને મોટેથી તેને કહ્યું. ॥૭૭૦॥ એકાકિની, અબલા, માર્ગમાં થાકેલી, દુર્બળ, વિયોગવાળી આણીના ઘાતમાં હે સિંહ ! તારું પરાક્રમ કેવું ? અથવા ભૂખનો ક્ષય પણ કેવી રીતે થાશે ? ॥૭૭૧॥ જોઈને કોઈ પણ રીતે સામ વડે સિંહ અટક્યો નહિ, ત્યારે તેને દાનયોગ વડે (પોતાને ખાવાને માટે) દેવીની રક્ષાને માટે કહ્યું. ॥૭૭૨॥ હે સિંહ ! તીવ્ર લાગેલી ભૂખથી કૃશ થયેલો જો તું કાંઈ જાણતો નથી તો આણીને મૂક અને મને ખા. તારી આગળ હું પડેલો (રહેલો) છું. ॥૭૭૩॥ આ પ્રમાણે કહીને નળ નાટકભૂમિમાં પડવા માટે ઇચ્છે છે. ત્યારે રાજાએ કહ્યું કે સંભ્રમ વડે સર્યું. હે કુબડા, આ તો ખરેખર નાટક છે. ॥૭૭૪॥ લજ્જા સહિત નલે વિચાર્યું કે શોકથી મારા વડે આ શું કરાયું ? હે રાજન્ ! ખરેખર કારુણ્યના અતિશય વડે ઉર્જિત આ પ્રકાશ છે અર્થાત્ નાટકનો આ ભાગ અત્યંત કરુણાથી યુક્ત છે. ॥૭૭૫॥ તેની પાસે આવીને દમયંતીએ કહ્યું કે હે સિંહ ! તેં મારા પ્રિયને ક્યાંય પણ જોયો છે. જો નહિ તો મને ખાઈને પોતાના પ્રિયને કર. ॥૭૭૬॥ દમયંતી વડે આ પ્રમાણે કહેવાયેલો પણ તે સિંહ તીવ્ર પશ્ચાત્તાપમાં તત્પરની

જેમ જલ્દીથી અવળા મુખવાળો થયો. ॥૭૭૭॥ રાજાએ કહ્યું કે હે કુબડા ! દીપક વડે જેમ અંધકાર નાશ થાય, તેમ પતિવ્રતના વ્રત વડે જ આ સિંહ સ્વયં પાછો ફર્યો. ॥૭૭૮॥ નળે વિચાર્યું ! ભવ્ય (સારું) થયું કે આપત્તિ સ્વયં જ ગઈ. દેવીનું નહિં સાંભળવા યોગ્ય હું ન સાંભળું, એ પ્રમાણે ઉઠીને હવે તેણે કહ્યું. ॥૭૭૯॥ હે નટો ! પ્રાણના રક્ષણને માટે આણીનું સત્ત્વ કેટલીવાર સ્ફુરાયમાન થશે ? સ્ફુરિત થયુ છતું પણ કેટલીકવાર સફળ થશે ? તેથી તે નાટક કરવા યોગ્ય નથી. જે કારણથી સ્ત્રી વધને રાજાઓ જોવાને માટે યોગ્ય નથી. ॥૭૮૦॥ મંત્રીએ કહ્યું કે હે હુંડિક ! વારંવાર આ પોતાની વિસ્મૃતિ શું ? આ નાટકને પણ સાક્ષાત્ ન માન. પોતાના સ્થાને બેસી જા. ॥૭૮૧॥ દમયંતીએ કહ્યું, આણે પણ (સિંહે) કેમ મને દુઃખમાંથી છુટકારો ન અપાવ્યો ? તો હું આ આંબાના ઝાડ ઉપર સ્વયં ગળે ફાંસો ખાઈને નિવૃત્ત થાઉં. ॥૭૮૨॥ દિશાઓને જોઈને દમયંતીએ કહ્યું, હે આર્યપુત્ર ! નિર્દય એવા તારા વડે દોષ વિના ત્યજાએલી શરણ વિનાની (દમયંતી) મરે છે. ॥૭૮૩॥ હે વનદેવીઓ ! આર્યપુત્રને મારી ક્રિયાને કહેજો. તેમ જ હે પિતાજી ! હે માતાજી ! પોતાની પુત્રી એવી મને જાણો. ॥૭૮૪॥

એ પ્રમાણે કહીને રડતી લતાપાશને ગળામાં નાંખ્યો. (ગળે ફાંસો ખાધો) સંભ્રમપૂર્વક ઉઠીને ઊંચા હાથવાળા રાજાએ કહ્યું. ॥૭૮૫॥ હે મહાસતિ ! પોતાને હણીને સર્યું. સપર્ણે પણ કહ્યું કે હે શુભે ! આ શું ? ॥૭૮૬॥ જીવલે પણ કહ્યું કે હે આર્યા ! ફોગટ પ્રાણોનો ત્યાગ ન કર. સંભ્રમવાળા નળે પણ ઊઠીને જલ્દી મોટેથી કહ્યું. ॥૭૮૭॥ હે દેવી સર્યું ! અતિ સાહસ ન કર, ન કર. પાપી એવા મને પોતાના વધથી પાપના ભારવાળો ન બનાવ. ॥૭૮૮॥ મર્યાદારહિત પાપ કરનાર અને પતિના આભાસવાળા એવા આ મારા માટે સતીઓના સમૂહમાં મુગટ સમાન પોતાને તું શા માટે ફોગટ મારી નાંખે છે ? ॥૭૮૯॥ તેણીને જોઈને ભય અને સંભ્રમપૂર્વક ગંધાર બોલ્યો કે, હે પિંગલ, પિંગલ. જ્યાં સુધી આ જીવે છે (શ્વાસ ચાલે છે) ત્યાં સુધીમાં લત્તાપાશને જલદીથી છેદ છેદ. પિંગલે પણ વેગથી દોડીને લતાપાશને છેદ્યો. દમયંતી મૂર્ચ્છિત થયેલી પડી. ॥૭૯૦-૭૯૧॥ **ગંધારે કહ્યું :** હે પિંગલ, ખરેખર આ પોતાના પ્રિય (વલ્લભ)ને નહીં જોતી મરી જશે. તેથી હમણાં જ આને ઉપાડીને સાર્થપતિને અર્પણ કર. જેથી ક્રમપૂર્વક ઇચ્છિત સ્થાનને પ્રાપ્ત કરે. એ પ્રમાણે કહીને તેમ કરીને તે બંને જણ રંગભૂમિથી બહાર નીકળ્યા. ॥૭૯૨-૭૯૩॥ રાજા હવે ઉપર જોઈને બોલ્યો કે સૂર્યાસ્ત પણ કેવી રીતે થઈ ગયો. ખબર પડી નહિ. રસના અતિરેકથી અમારા વડે સાયંકાળની વિધિ પણ ઓળંગી જવાઈ. ॥૭૯૪॥ નાટ્યકર્મમાં હોંશિયાર એવા કુશલને આગળ જોઈને સપર્ણ મંત્રીશ્વરને આદેશ કર્યો. હે ભો ! તું આને કૃતાર્થ કર. ॥૭૯૫॥ અમે હમણાં યુગાદિદેવની સાંજની પૂજા કરવા માટે જઈએ છીએ. એ પ્રમાણે બધા જ બહાર નીકળ્યા. ॥૭૯૬॥

હવે નાટક પૂર્ણ થયા બાદ કુશળે કુબડાને કહ્યું કે આપ જે પ્રકારે આર્દ્ર થયેલ અને હું નળ છું, તેમ નાટકની વચમાં કહેલ તેથી તમે પ્રગટ નળ છો ॥૭૯૭॥ અને વળી દધિપર્ણ રાજા વડે વિશેષણપૂર્વક ભીમરાજાને જણાવેલ કે તમે સૂર્યપાક રસોઈને જાણનાર છો. તેથી પણ તમે પ્રગટ નળ જ છો. ॥૭૯૮॥ દમયંતીએ રાજાને પ્રાર્થના કરીને હે કલ્યાણકારી ! તમને જોવાને માટે મને મોકલ્યો છે. માર્ગમાં અનુકૂળ શુકનો દ્વારા પણ તમે સાક્ષાત્ નળ છો. ॥૭૯૯॥ હે કુબ્જ ! અતિશયવાળી એવી તારી સઘળી કળાઓ નળના જેવી જ છે. ફક્ત તારું રૂપ જ વિસંવાદવાળુ છે. ॥૮૦૦॥ કુબડાએ કહ્યું, તેવા પ્રકારનો નળ ક્યાં ? આવા પ્રકારનો હું ક્યાં ? વળી નાટકમાં તો રસ વડે કોણ કોણ ત્યારે પરવશ નથી થયા ? ॥૮૦૧॥ આ પ્રમાણે વાર્તાલાપ

કરીને ઘરમાં લઈ જઈને વારંવાર દમયંતીની કથા પૂછી દેવીના સ્નેહથી તેને વસ્ત્ર અલંકારો વડે ખુશ કર્યો. ॥૮૦૨॥ કહ્યું છે કે પ્રિયજન જે દિશામાં છે તે દિશામાંથી આવેલો કાગડો પણ હર્ષ ઉત્પન્ન કરે છે, તો પછી મોકલાયેલો માણસ તો હર્ષને માટે થાય જ. ॥૮૦૩॥ હવે કુશલ કુંડીનપુર ગયો અને ભીમ રાજાને કુબડાનું સર્વ સ્વરૂપ નિવેદન કર્યું. ॥૮૦૪॥ કુબડાએ આપેલા લાખ ટંકની સુવર્ણની શૃંખલા અને અલંકારો વગેરે બતાવ્યા અને નાટકમાં આચરણ કરેલું તે પણ બતાવ્યું. ॥૮૦૫॥ દમયંતીએ કહ્યું કે હે તાત ! ખરેખર તે નલ જ છે. આહારના દોષથી અથવા કર્મના દોષથી તેવા પ્રકારના કોઈ કારણથી કુબડો થયો છે. ॥૮૦૬॥ સૂર્યપાક રસોઈનું સામર્થ્યપણું, હાથીની શિક્ષાની નિપુણતા અદ્‌ભુત દાન, નળ વગર બીજામાં સંભવી શકતું નથી. ॥૮૦૭॥ તેથી હે પિતાજી કોઈ પણ પ્રકારે તે કુબડાને અત્રે લવડાવાય. જેથી હું તેના ભાવને જાણનારી તેવા તેવા પ્રકારની પરીક્ષા કરું. ॥૮૦૮॥ ભીમ રાજાએ કહ્યું કે હે પુત્રી ! તારા ખોટા સ્વયંવરના બહાને દધિપર્ણ રાજાને બોલાવીએ. ॥૮૦૯॥ વિષ્ણુ જેમ લક્ષ્મીને વિષે તેમ પહેલાં પણ તારા પર અનુરાગી એવો તે તારા સ્વયંવરને સાંભળીને હમણાં જ જલદીથી આવશે. ॥૮૧૦॥ તેની સાથે જ કુબડો પણ નિશ્ચે અત્રે આવશે જ; કેમ કે ફરીથી તારા સ્વયંવરને તે નળ સહન નહીં કરી શકે. ॥૮૧૧॥ અશ્વના હૃદયને જાણનાર નળ છે, તેની પ્રેરણાવાળા ઘોડાઓ ઝડપથી સ્પર્ધા માટે સ્વામીના મનની સાથે દોડશે. ॥૮૧૨॥ સવારમાં સ્વયંવર થશે એ પ્રમાણે આજે સમાચાર મોકલતે છતે જે સવારના આવે તે નળ જ છે, એમ જાણવું. ॥૮૧૩॥

હવે ભીમ રાજાએ દૂતને ત્યાં મોકલ્યો. તે સુંસુમારપુરમાં ચૈત્ર સુ. ૪ના પહોંચ્યો. ॥૮૧૪॥ સભામાં જઈને ત્યારે જ દધિપર્ણ રાજાને કહ્યું કે હે દેવ ! દમયંતીનો સ્વયંવર ફરીથી સવારના થશે. ॥૮૧૫॥ તે સાંભળીને ત્યારે રાજાએ વિચાર્યું કે અતિ ઈચ્છાયેલી દમયંતી મારે મનમાં છે. હું કેવી રીતે ત્યાં જઉં ? જો પક્ષી હોત તો જઈ શકું. ॥૮૧૬॥ કુબડાએ વિચાર્યું. દમયંતી પોતાના શીલને ક્યારે પણ મૂકશે નહિ જ. અને કદાચ મૂકે તો યુગાન્તકાળ વિના પણ સમુદ્રો મર્યાદાને મૂકશે. ॥૮૧૭॥ અસંભવિત એવું દમયંતીનું મન કદાચિત્ ચલાયમાન થાય તો પણ મારા જીવતે છતે તેને લેવાને માટે કોણ સમર્થ છે ? ॥૮૧૮॥ છ જ પ્રહર છે તો પણ હું દધિપર્ણ રાજાને ત્યાં લઈ જઉં. તેની સાથે મારે પણ પ્રસંગથી જવાનું થાય. ॥૮૧૯॥ હવે તેણે (કુબડા એવા નળે) તેને (દધિપર્ણ રાજાને) કહ્યું કે, ક્લેશ ન કરો. નિદાનને કહો અર્થાત્ શું કરવાની ઇચ્છા છે ? તે નિર્ણયને કહો. કોઈ વડે દૃઢ રીતે નિયંત્રિત કરેલાનું અને પાછળથી જે કોઈ વડે સ્વીકાર કરવા માટે એકવાર મૂકાયેલાનું મૂલ્ય કરવા માટે શક્ય નથી અર્થાત્ ગમે તેટલો પણ ધનવ્યય કરવો પડે તો ય કરીને તમારા જેવા વડે મેળવવા યોગ્ય જ છે. ॥૮૨૦॥ રાજાએ કહ્યું કે નળે સ્વર્ગમાં પ્રવેશ કર્યો છે. (મરી ગયો છે.) તેથી દમયંતીનો ફરી કાલે જ સ્વયંવર છે. તેથી મને ખેદ થયો છે. ॥૮૨૧॥ કાળ થોડો જ છે, માર્ગ ઘણો જ દૂર છે. દૂત પણ ઘણા દિવસો બાદ આવ્યો છે. તેથી ભૈમી માટે હું કેવી રીતે ત્યાં જઈશ ? એટલે મારું મન ખેદવાળું છે. ॥૮૨૨॥ કુબડાએ કહ્યું, ખેદથી સર્યું. હે રાજન્ ! મને રથ અને તે ઘોડો અર્પણ કરો તો તેનાથી હું સવારના જ કુંડિનપુર પહોંચાડું. ॥૮૨૩॥ દેવ કે વિદ્યાધર આ છે, સામાન્ય માણસ નથી. આ પ્રમાણે રાજાએ વિચારીને તેના કહ્યા પ્રમાણેનો રથ તેને આપ્યો. ॥૮૨૪॥ કુબડાએ જાતિવંત અશ્વથી યુક્ત રથને તૈયાર કરીને રાજાને કહ્યું કે અહીં આરૂઢ થાઓ, દિવસનો ઉદય તમારે કુંડિનપુરમાં થશે. ॥૮૨૫॥ છડીદાર, છત્રધાર, રાજા, બે ચામરધારી આ પાંચ અને કુબડો છઠ્ઠો રથમાં બેઠા. ॥૮૨૬॥ હવે રથના

મધ્યભાગમાં લાંબા વસ્ત્રના ચીરા વડે શ્રીફળ અને રત્ન કરંડીયાને (પિતા દેવે આપેલ શ્રીફળ=બીલનું ફળ) બાંધીને, કર્યું છે દેવ-ગુરુનું સ્મરણ જેને એવા કુબડાએ રથોને ચલાવ્યા. ॥૮૨૭॥ નળ વડે પ્રેરણા કરાયેલા અશ્વના રૂપધારી દેવોની જેવા તે અશ્વો વડે ખેંચાયેલો રથ પૃથ્વીને અડ્યા વિના જ જાણે હોય તેમ જવાને માટે પ્રવૃત્ત થયો. ॥૮૨૮॥ અતિ વેગ વડે રથ જતે છતે દધિપર્ણ રાજાનું ઉત્તરીય વસ્ત્ર પવનથી ખેંચાયેલું જાણે કે લૂંટારા વડે છિનવાયેલું હોય તેમ ત્યારે પડ્યું. ॥૮૨૯॥ દધિપર્ણ રાજાએ કહ્યું કે હે કુબ્જ ! પવનથી અપહરણ કરાયેલું વસ્ત્ર જ્યાં સુધી લવડાવું નહિ ત્યાં સુધી રથને થોભાવ. ॥૮૩૦॥ તેણે કહ્યું કે હે ભો ! જ્યાં સુધી તમે મને કપડાની વાત કરી તેટલામાં તો રથે ૨૫ યોજન પસાર કરી દીધા છે. ॥૮૩૧॥ આ ઘોડા તો મધ્યમ છે. જો ઉત્તમ ઘોડા હોત તો આટલા કાળમાં ૫૦ યોજન પસાર કરત. ॥૮૩૨॥ દૂરથી જ પાકેલા બ્હેડાના વૃક્ષના ફળને જોઈને રાજાએ કહ્યું કે ગણ્યા વગર જ આના ફળોની સંખ્યા હું તને કહીશ. ॥૮૩૩॥ શ્રેષ્ઠ એવા આ કૌતુકને તને પાછા ફરતી વખતે બતાવીશ. કારણ કે હમણાં સ્વયંવર કાલનો વિલંબ ખમશે નહિ અર્થાત્ સ્વયંવરનો ટાઈમ વીતી જશે. ॥૮૩૪॥ કુબ્જે કહ્યું કે હે રાજન્ ! કાળના વિલંબથી તમે ડરો નહિ ! કેમ કે હું સારથિ હોતે છતે કુંડિનપુર દૂર નથી. ॥૮૩૫॥ માત્ર મુઠીના પ્રહારથી જ જેવી રીતે વિશ્વભૂતિએ કોઠાના ફળને પાડ્યા હતા તેમ તારી આગળ આના સર્વ ફળો પડાવીશ. ॥૮૩૬॥ દધિપર્ણે કહ્યું કે વિલંબ વડે શું ? પડાવો ૧૮ હજાર ફળો છે, તેમાં સંશય નથી. ॥૮૩૭॥ જાણે કે મેઘમાંથી કરા પડે તેમ કુબ્જે ફળો પાડ્યા અને ગણ્યા. રાજાએ કહેલા હતા એટલાં જ ફળો થયા. ॥૮૩૮॥ ત્યારબાદ કુબ્જે પોતાની અશ્વવિદ્યા રાજાને આપી અને રાજા પાસેથી ફલ સંખ્યાનવિદ્યા ગણિત-વિદ્યા સ્વયં ગ્રહણ કરી લીધી. ॥૮૩૯॥ સૂર્યોદય થતાં જ રથ કુંડિનપુર પહોંચ્યો. તે જોઈને દધિપર્ણ રાજા જાણે કે દમયંતીની પ્રાપ્તિ થઈ હોય તેમ ખુશ થયો. ॥૮૪૦॥

ત્યારે દમયંતીએ શેષ રાત્રિમાં જોયેલા સ્વપ્નને સ્વપ્ન પાઠકની જેમ પોતાના પિતાને નિવેદન કર્યું. ॥૮૪૧॥ હે પિતાજી ! આજે સ્વપ્નમાં મારા વડે સાક્ષાત્ નિવૃત્તિ દેવી જોવાઈ અને તેણી વડે આકાશમાર્ગે કોશલા નગરીનું ઉદ્યાન અહીં લવાયું. ॥૮૪૨॥ તેની વાણીથી તે ઉદ્યાનના આભૂષણરૂપ આમ્રવૃક્ષ પર હું ચડી. લક્ષ્મીના નિવાસને યોગ્ય કમળ તેણે મને આપ્યું. ॥૮૪૩॥ અને પૂર્વે આરુઢ થયેલું પક્ષી પાકેલા પાંદડાની જેમ પડ્યું. તે સાંભળીને ભીમે કહ્યું કે તારું સ્વપ્ન સુંદર ફળવાળું છે. ॥૮૪૪॥ સ્વપ્નમાં નિર્વૃતિ દેવી જોઈ. તેથી તારો પુણ્યોદય પ્રગટ થશે. કૌશલના ઉદ્યાનનું દર્શન તે કૌશલના ઐશ્વર્યની પ્રાપ્તિ માટે થશે. ॥૮૪૫॥ આંબાના વૃક્ષ ઉપર ચડવું, તેનાથી નળનો સમાગમ થશે. વિશિષ્ટ પ્રકારનું કમળ મળ્યું તેનાથી રાજ્યને યોગ્ય પુત્રની પ્રાપ્તિ થશે. ॥૮૪૬॥ પક્ષીનું પડવું તેનાથી કુબેર રાજ્યથી ભ્રષ્ટ થશે. સવારના સ્વપ્નદર્શનથી આજે જ નળ તને મળશે. ॥૮૪૭॥ ત્યારે દધિપર્ણ રાજાનો રથ નગરના દરવાજા પાસે આવ્યો. તેમના આગમનનું કારણ ભીમને મંગલ નામના માણસે જણાવ્યું. ॥૮૪૮॥ ભીમ પણ સન્મુખ જઈને મિત્રની જેમ ભેટીને આવાસ વગેરે આપીને તેનું આતિથ્યપણું કર્યું. હવે ભીમે કહ્યું કે સૂર્યપાક રસોઈને જાણનાર તમારો કુબડો રસોઈઓ છે. તેવી આશ્ચર્યવાળી વાત સાંભળી છે, તે હમણાં જલદીથી કરાવાય. ॥૮૫૦॥ દધિપર્ણના કહેવાથી ક્ષણમાત્રમાં કુબ્જે પણ અમૃતના રસ જેવી સૂર્યપાક રસોઈને કરી. ॥૮૫૧॥ ત્યારબાદ દધિપર્ણ રાજાએ પરિવાર સહિત ભીમ રાજાને દેવોને પણ દુર્લભ એવી રસવતી જમાડી. ॥૮૫૨॥ હવે દમયંતીએ પણ ખાદ્ય પદાર્થોને મંગાવીને તે સર્વને ખાઈને પહેલાં ભોગવેલા રસના સ્વાદ જેવી જ આ

છે. તેથી નળ જ છે. એમ નિશ્ચિત કર્યું. ॥૮૫૩॥ અને કહ્યું કે પહેલા જ્ઞાની ભગવંતોએ પણ કહ્યું કે ભરત ક્ષેત્રમાં નળ વિના સૂર્યપાક રસોઈને બીજો કોઈ જાણતો નથી. તેથી આ નળ જ છે. ॥૮૫૪॥ ક્રીડાથી કે લજ્જથી અથવા તો મંત્રથી કે તંત્રથી અંગનું વિકૃતિપણું કર્યું છે. પરંતુ આ નળ જ છે એમાં સંશય નથી. ॥૮૫૫॥ નળની આંગળીના સ્પર્શ માત્રથી મારું શરીર રોમાંચિત થાય છે. આની આંગળીનો સ્પર્શ માત્ર મને થાય તો આ નળ છે, એમ ખાતરી થાય. ॥૮૫૬॥ પૂછાયેલા નળે હસીને કહ્યું કે રાજમાર્ગમાં પણ તમારો ભ્રમ છે. સાક્ષાત્ નળ રાજા ક્યાં ? અને નારક આકૃતિવાળો હું ક્યાં ? ॥૮૫૭॥ તો પણ અતિ આગ્રહ કરાયેલા એવા તે નળે હવે લઘુલાઘવી કળાથી આંખમાં રહેલા કસ્તરને (તણખાને) કાઢે તેમ તેણીના વક્ષસ્થળને આંગળી વડે સ્પર્શ કર્યો. ॥૮૫૮॥

મેઘના જળના સંપર્કથી પૃથ્વી ઉપર નવા અંકુરાની જેમ તેના તેટલા સ્પર્શ માત્રથી દમયંતીના શરીરમાં રોમાંચ થયો. ॥૮૫૯॥ હે વલ્લભ ! ત્યારે સૂતેલી એવી મારો ત્યાગ કર્યો હતો. હવે લાંબા કાળે જોવાયા છો. હવે ક્યાં જશો ? એ પ્રમાણે કહીને પકડીને ઘરની અંદર લઈ ગઈ. ॥૮૬૦॥ દમયંતીએ અત્યંત પ્રાર્થના કરી ત્યારે કુબ્જે કરંડીયામાંથી વસ્ત્રાદિ કાઢીને પહેરી પોતાના સ્વરૂપને નળે પ્રગટ કર્યું. ॥૮૬૧॥ તેવા પ્રકારવાળા તેને જોઈને પ્રેમ પૂરથી આતુર એવી દમયંતી લતા જેમ વૃક્ષને વીંટળાય તેમ પોતાના પતિને ગાઢ રીતે વળગી પડી. ॥૮૬૨॥ હવે અંદરથી બહાર આવેલા નળને ઓળખીને ક્ષણવારમાં ભીમરાજાએ પોતાના સિંહાસન પર અર્ધા ભરતાધિપને બેસાડ્યો. ॥૮૬૩॥ અને કહ્યું કે હે નિષધ-રાજાના પુત્ર ! તું જ ચક્રવર્તી છે. અમે તારા વડે પરવશ કરાયા છીએ અર્થાત્ અમે તને આધીન છીએ. તેથી સેવકની જેમ અમને કરવા યોગ્ય કાર્યોમાં જોડો. ॥૮૬૪॥ તેને જોવામાં આસક્ત એવા દધિપર્ણ રાજાએ નમસ્કાર કરીને વિનંતિ કરી કે હે સ્વામી ! અજ્ઞાનતાથી તમને ઓળખ્યા નહિ. તેથી અપરાધને ક્ષમા કરો. ॥૮૬૫॥ યથાપ્રવૃત્તિથી જ ધનદેવ રાજાની પાસે આવ્યો. દમયંતીના પૂર્વે ઉપકારી છે એ પ્રમાણે તેનું ઘણું ગૌરવ કરાવ્યું. ॥૮૬૬॥ ઋતુપર્ણ રાજા, પોતાની દેવી ચંદ્રયશા અને દીકરી ચંદ્રવતીથી યુક્ત, તેમજ તાપસપુરના રાજા વસંત સાર્થવાહની પાસે તેઓ વડે કરાયેલા તે તે ઉપકારો વડે જાણે પ્રેરાયેલી દમયંતીએ પોતાના પિતાની પાસેથી દૂતોને મોકલીને ત્યારે બોલાવ્યા. પુત્રી પરના વાત્સલ્યને વશ થયેલા એવા ભીમ રાજાએ પુત્રી ઉપર તેઓએ કરેલા ઉપકારોને યાદ કરીને આવેલા તેઓનો હંમેશાં સત્કાર કર્યો. ॥૮૬૭-૮૬૮-૮૬૯॥ પ્રિયના સંગમથી અભિગ્રહ પૂર્ણ થયે છતે દમયંતીએ જિનેશ્વર ભગવંતની સ્નાત્ર મહોત્સવ આંગી, આભૂષણ, પુષ્પ અને વસ્ત્રથી પૂજા કરીને. ॥૮૭૦॥ પરમાત્માની આગળ વિગઈઓને અને પાન-સોપારીઓને સ્થાપન કરીને સ્વયં સ્વીકાર કર્યો. જે કારણથી અરિહંતના ભક્તોની આ સ્થિતિ (મર્યાદા) છે. ॥૮૭૧॥

એક વખત ભીમ રાજાની સભામાં બેઠેલા તેઓને વિષે ત્યાં જાણે કે સવારનો બીજો સૂર્ય હોય તેવો દેદીપ્યમાન કોઈક દેવ આવ્યો. ॥૮૭૨॥ દમયંતીને અંજલિ જોડીને કહ્યું કે ગિરિની ગુફામાં રહેલા તમે જે કુલપતિને બોધ પમાડીને અરિહંતનો ધર્મ ગ્રહણ કરાવેલ તે હું જિન ધર્મના પ્રભાવથી મરીને સૌધર્મ દેવલોકમાં કેસર વિમાનનો સ્વામી, કેસર નામનો દેવ થયો છું. ॥૮૭૩-૮૭૪॥ એ પ્રમાણે કહીને તેના ચરણોમાં નમીને સાત ક્રોડ સુવર્ણની વૃષ્ટિ કરીને કૃતજ્ઞપણાને પ્રકાશીને તે દેવ અંતર્ધ્યાન થયો. ॥૮૭૫॥ હવે ભીમરથ રાજા વડે તેમજ દધિપર્ણ આદિ રાજાઓ બીજા અનેક સામંત રાજાઓની સાથે નળનો રાજ્ય ઉપર અભિષેક કર્યો. ॥૮૭૬॥ ત્યારે નળના આદેશથી શત્રુને ક્ષોભ પમાડનાર અને પૃથ્વીને ચૂર્ણ કરનાર

એવી સેનાઓ તે મોટા રાજાઓ વડે એકઠી કરાઈ. ॥૮૭૭॥ કુબેરે કપટપણાથી જે પોતાની લક્ષ્મીને હરણ કરી હતી, તેને પાછી લેવા માટે નળ તે રાજાઓની સાથે કોશલા નગરી તરફ ચાલ્યો. ॥૮૭૮॥ કેટલાક દિવસો બાદ સૈનિકોથી પૃથ્વીને આચ્છાદન કરતા નળે કોશલના રતિવલ્લભ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. ॥૮૭૯॥ બળથી આક્રાન્ત કર્યું છે પૃથ્વીતલ જેને એવા નળને આવતો સાંભળીને મૃત્યુના મુખમાં આવ્યો હોય તેમ કુબેર કંપવા લાગ્યો. ॥૮૮૦॥ નળે દૂત દ્વારા તેને કહ્યું કે જુગાર વડે યુદ્ધ કર. આપણે બંને ભાઈઓને પરસ્પર શસ્ત્રોથી યુદ્ધ ન કરાય. ॥૮૮૧॥ લડાઈના અભાવની વાત વડે જીવિતને ઇચ્છતા અને નળની લક્ષ્મીને ફરી પ્રાપ્ત કરવાને ઇચ્છતા એવા કુબેરે જલ્દી જુગાર રમવાનો આરંભ કર્યો. ॥૮૮૨॥ પોતાની મેળે ભેદાયેલ ભાગ્યવાળો, પોતાની મેળે પાકેલા શુભોદયવાળો નળ ત્યારે તેની પાસેથી સઘળું જીત્યો. જે કારણથી ભાગ્ય જ જયનું કારણ છે. ॥૮૮૩॥ હવે સ્ત્રીરત્નની સાથે જેમ ચક્રવર્તી શોભે તેમ ભૈમી વડે કરાયેલી શોભાવાળો અર્થાત્ ભૈમી સાથે શોભતા એવા વળી ઈન્દ્ર વડે પણ દુર્જય એવા તે નળે પોતાના રાજ્યને અલંકૃત કર્યું. ॥૮૮૪॥ વિષ્ણુની જેમ અર્ધ ભરત ક્ષેત્રના સર્વ રાજાઓએ ભેટણાંઓ ધરીને દેદીપ્યમાન ભૂજા બળવાળા નળની સેવા કરી. ॥૮૮૫॥ ત્યારે સજ્જનતાના અતિશયથી નળે આશ્રિતોને દાન-સન્માન-સારી રીતે બોલવા વડે આશ્રિતોને તો દૂર રહો શત્રુઓને પણ ખુશ કર્યા. ॥૮૮૬॥ કુબેરને પૂર્વની જેમ યુવરાજ પદે સ્થાપન કર્યો. જેથી આની સજ્જનતાની પરાકાષ્ઠા તથા અસાધારણ ઉદારતા કેવી કહેવાય ? ॥૮૮૭॥ ધર્મથી સર્વ વૈભવ છે, એ પ્રમાણે કૃતજ્ઞપણાને વધારતા નળે દમયંતીની સાથે પ્રીતિપૂર્વક ચૈત્યોને વંદન કર્યું. ॥૮૮૮॥ પવિત્રાત્મા એવા નળે અરિહંતોની રથયાત્રા કરાવી અને ગુણવાન એવા ગુરુની હંમેશાં સેવા ભક્તિ કરી. ॥૮૮૯॥ હંમેશાં સાધર્મિકોનું વાત્સલ્ય કર્યું અને સર્વત્ર અરિહંતની અને પોતાની આજ્ઞાને માન્ય કરાવી. ॥૮૯૦॥ દમયંતીથી પુષ્કલ નામનો પુત્ર થયો અને તેને સમસ્ત કળા શીખવાડી. રાજ્યરૂપી લક્ષ્મીને ઉચિત એવા યૌવન અવસ્થાને તેણે પ્રાપ્ત કર્યું. ॥૮૯૧॥

આ પ્રમાણે રાજ્યનું પાલન કરતા હજારો વર્ષ નળને થયાં. એક વખત દેવ એવા પિતાએ આવીને તેને પ્રતિબોધ પમાડ્યો. ॥૮૯૨॥ હે વત્સ ! તું શું રાજા છે ? તારે જોતે છતે આ વિષયરૂપી ચોરો વડે વિવેકરૂપી મહાધન લૂંટાય છે. ॥૮૯૩॥ તારા વ્રતના અવસરને જણાવવાનું મેં પહેલા સ્વીકાર્યું હતું. તેથી હે પુત્ર ! હમણાં તારો ચારિત્રનો અવસર છે. ॥૮૯૪॥ આ પ્રમાણે જણાવીને અવધિજ્ઞાનવાળા દેવ ગયા અને ત્યારે અમાપજ્ઞાની એવા જિનસેન નામે ગુરુ પધાર્યા. ॥૮૯૫॥ દમયંતીની સાથે નળ રાજા ત્યાં જઈ ભક્તિપૂર્વક ગુરુને નમ્યો. દેશના સાંભળી અને અવસરે ગુરુને પૂછ્યું કે હે ભગવંત ! પૂર્વભવમાં મારા વડે કયું કર્મ ઉપાર્જન કરાયું હતું કે આવા પ્રકારનું રાજ્ય મેળવીને હારી ગયો અને પાછું મેળવ્યું. ॥૮૯૬-૮૯૭॥

નળ દમયંતીનો પૂર્વભવ : ગુરુએ કહ્યું હે રાજન્ ! સાંભળ. જંબૂદ્વીપના આ જ ભરતક્ષેત્રમાં મહાતીર્થ સ્વરૂપ અષ્ટાપદ પર્વતની નજીકમાં ॥૮૯૮॥ નથી જોયું શત્રુનું યુદ્ધ જેને એવું **સંગર** નામનું નગર હતું. ત્યાં **મમ્મણ** નામે રાજા હતો, તેને **વીરમતી** નામની રાણી હતી. ॥૮૯૯॥ એક વખત શિકાર માટે રાણીની સાથે નગરની બહાર જતાં તેના વડે સાર્થની મધ્યમાં રહેલા એક **સાધુ** જોવાયા. ॥૯૦૦॥ હવે ક્ષુદ્ર આશયવાળા તે રાજાએ સાર્થમાંથી તે મુનિને ગ્રહણ કરીને ટોળામાંથી વાંદરાને જેમ લાવે તેમ રમવા માટે પાછો ફર્યો. ॥૯૦૧॥ દુરાત્મપણાથી બાર નાડીપ્રમાણ કાળ સુધી પત્ની સહિત રાજાએ તે મુનિપુંગવને ખેદ પમાડ્યો. ॥૯૦૨॥ હવે ઉછળતી કરુણાવાળા તે દંપતીએ સાધુને પૂછ્યું, તમે ક્યાંથી પ્રયાણ કર્યું ? ક્યાં જવાની

ઇચ્છાવાળા છો ? તે કહો. ॥૯૦૩॥ સાધુએ કહ્યું કે **રોહીતક** સ્થાનથી મેં પ્રયાણ કર્યું છે અને તીર્થને વંદન કરવા માટે **અષ્ટાપદ** પર્વત પર જવા ઇચ્છું છું. ॥૯૦૪॥ પરંતુ આપ બંનેએ મને સાર્થથી વિખૂટો કર્યો. જેથી મને યાત્રા ન થઈ. કેમ કે કલ્યાણકારી કામો ઘણા વિઘ્નોવાળા હોય છે. ॥૯૦૫॥ સાધુની આ વાણી સાંભળતા મંત્રથી સાપના ઝેરની જેમ તે બંનેનો કોપ ગળી ગયો (દૂર થયો) ॥૯૦૬॥ તે બંનેની આર્દ્રદૃષ્ટિ જોઈને તેઓમાં યોગ્યતા જાણીને વિચક્ષણ સાધુ ભગવંતે દયાપ્રધાન અરિહંત પરમાત્માનો ધર્મ કહ્યો. ॥૯૦૭॥ પૂર્વે નહિ સાંભળેલા શ્રેષ્ઠ એવા તે ધર્મને સાંભળીને તે દંપતી ખુશ થયા. અપૂર્વ વસ્તુ પ્રાપ્ત થતાં કોણ ખુશ ન થાય ? ॥૯૦૮॥ નિર્દોષ એવા આહાર, પાણી તેમને વહોરાવ્યા અને કેટલોક કાળ સુધી ઉપાશ્રયમાં જ રાખ્યા. ॥૯૦૯॥ ધર્મરૂપી જ્ઞાનાંજન વડે અજ્ઞાનરૂપી ગાઢ અંધકારને છેદીને તે બંનેની દૃષ્ટિ નિર્મળ કરીને મુનિ અષ્ટાપદ તરફ ગયા. ॥૯૧૦॥ સાધુના સંગમથી જે શ્રાવક ધર્મ ત્યારે પ્રાપ્ત થયો તેને ઇચ્છિત પુત્રની જેમ તે બંને પાળતા હતા. ॥૯૧૧॥ એક વખત ધર્મમાં દૃઢ કરવા માટે શાસનદેવતા વીરમતી રાણીને અષ્ટાપદ પર્વત પર લઈ ગઈ. ॥૯૧૨॥ તે તે વર્ણ પ્રમાણવાળા અરિહંતના બિંબોના દર્શનમાં રાણી તેવા કોઈક આનંદને પામી કે જે આનંદ વાણીનો વિષય થતો નથી. ॥૯૧૩॥ ચોવીશે અરિહંત પરમાત્માને વંદન કરીને ઉઠેલી શ્રદ્ધાળુ એવી રાણીને દેવી વડે ત્યારે જ પોતાના નગરને પ્રાપ્ત કરાવાઈ. ॥૯૧૪॥ મારા વડે મહાન તીર્થને વંદન કરાયું છે, એ પ્રમાણે શ્રદ્ધાના અતિરેકથી ચોવીશે પરમાત્માના ૨૦, ૨૦ આયંબિલ વીરમતી રાણીએ કર્યા. ॥૯૧૫॥ ઉછળતી કાંતિના કલ્લોલવાળા ઉપર સ્થાપેલા માણેકવાળા સુવર્ણમય તિલકોને તેણીએ અરિહંત પરમાત્માને માટે કરાવ્યા. ॥૯૧૬॥ એક વખત રાજાની સાથે અષ્ટાપદ પર્વત પર જઈને રાણીએ સ્વયં સર્વે અરિહંત પરમાત્માને અભિષેક કરીને પૂજ્યા. ॥૯૧૭॥ તે જિન **બિંબોના ભાલ પર** તત્કાળ ઉત્પન્ન થયેલા પુણ્યરૂપી વૃક્ષના વિકસેલા પુષ્પ **સમાન તિલકોને** રાણીએ મૂક્યા. ॥૯૧૮॥ તીર્થયાત્રા માટે આવેલા સાધુ આદિને પ્રતિલાભ્યા (વહોરાવ્યું) એ પ્રમાણે તેના તપનો ઉદ્યાપના મહોત્સવ તેણીએ કર્યો. ॥૯૧૯॥ લોકો અને રાજા વડે હે દેવી ! તું ધન્ય છે. તું પુણ્યશાળી છે. એમ વારંવાર સ્તુતિ કરાતી વીરમતી પોતાના નગરમાં આવી. ॥૯૨૦॥ શરીરથી ભિન્ન અને મનથી ભિન્ન નહિ એવા ધર્મ કર્મમાં લીન એવા તે બંનેએ કેટલોક કાળ પસાર કર્યો. ॥૯૨૧॥ સરખી સમાધિવાળા એવા તે બંને કાળધર્મ પામીને **દેવલોકમાં** દંપતિપણા વડે શોભતા દેવ થયા. ॥૯૨૨॥ ત્યાંથી ચ્યવીને **મમ્મણનો** આત્મા આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં બહલી દેશના મુગટ સમાન **પોતનપુર** નગરમાં **ધમ્મિલ** નામના ભરવાડની **રેણુકા** પત્ની તે બંનેને વિનયથી ઉજ્જ્વળ એવો **ધન્ય** નામનો પુત્ર થયો. ॥૯૨૩-૯૨૪॥ **વીરમતી**નો જીવ દેવલોકથી ચ્યવીને પૂર્વભવના રાગથી ધન્યની **ધૂસરી** નામની પત્ની થઈ. ॥૯૨૫॥ ધન્ય હંમેશાં અરણ્યમાં પોતાની ભેંસોને ચરાવતો હતો. કેમ કે ભરવાડોના જીવનની આજીવિકા આ જ છે. ॥૯૨૬॥ દુર્દિનો વડે નીલવર્ણના ઉત્તરીય વસ્ત્રને પહેરેલો હોય તેવા આકાશને કરતો હોય તેવો, ગર્જનાના બહાનાથી લાંબા કાળે આવેલા લોકને બોલાવતો હોય તેવો, દૂધ જેવી ઉજ્જ્વલ પાણીની ધારાઓ વડે પોતાના યશને વિસ્તારતો હોય તેવો, પોતાના સંગમથી નવા અંકુરાઓ વડે પૃથ્વીને પુલકિત કરતો હોય તેવો, બંદી પાઠકોની જેમ મોરો વડે કેકારવો દ્વારા યાચના કરાતો હોય તેવો, પ્રકાશિત વીજળીની ક્રિયાના બહાનાથી તેમાંથી સુવર્ણને છોડતો હોય તેવો, ઈન્દ્રધનુષને ધારણ કરતો, લોપી નાંખ્યો છે સૂર્યને જેણે એવો વરસાદ ચારે બાજુથી હવે એકવાર અવતર્યો. ॥૯૨૭-૯૨૮-૯૨૯-૯૩૦॥ કુંભાર જેમ માટીને ખૂંદતો તેમ જાનુ સુધીના કાદવને ખૂંદતો ભેંસને ચરાવનાર ધન્ય ગાઢ વરસાદ વરસતે છતે જતો હતો. ॥૯૩૧॥ પડતા પાણીને ચારે બાજુથી રોકનાર એવા

છત્રને ધારણ કરતો ચારે બાજુથી ભમતી એવી પોતાની ભેંસોને ચરાવતો. ॥૯૩૨॥ દુષ્કર તપથી તપતા સંતાપથી શોષી નાખી છે સમસ્ત ધાતુ એવા શરીરવાળા, ઝંઝાવાતથી કમળના નાળ જેવું કરી નાંખ્યુ છે શરીર એવા, પર્વત જેવા નિષ્કંપ, એક પગ વડે રહેલા **એક મુનિને** અટવીમાં પર્યટન કરતાં **ધન્યે** જોયા. ॥૯૩૩-૯૩૪॥ પરિષહથી આક્રાંત થયેલા તે મુનિને જોઈને ઉત્પન્ન થઈ છે અદ્‌ભુત ભક્તિ એવા ધન્યે જેમ રાજાના મસ્તક પર છત્રધાર છત્ર ધારણ કરે તેમ મુનિના મસ્તક પર છત્રને ધારણ કર્યું. ॥૯૩૫॥ અતિ ત્યાગીના દાનની જેમ ગાઢ એવી વૃષ્ટિ (મેઘ) અટકી નહિ. સાથે ધન્યનો પરિણામ પણ મુનિ તરફ અટક્યો નહિ. ॥૯૩૬॥ ખેદ પામેલાની જેમ ક્રમપૂર્વક મેઘ અટક્યો, વૃષ્ટિ પર્યંત સ્વીકારેલા કાયોત્સર્ગવાળા મુનિએ પણ કાયોત્સર્ગને પાર્યો. ॥૯૩૭॥ ત્યાર પછી પોતાને ધન્ય માનતો, વાત્સલ્યવાળો, સેવકની જેવા તે ધન્યે મુનિને નમસ્કાર કરીને વારંવાર પગને દબાવતાં પૂછ્યું. ॥૯૩૮॥ કેમ મારા મસ્તક ઉપર પગ સ્થાપન કર્યા ? એ પ્રમાણે કોપથી કાદવ વડે બંને પગ ધારણ કરાયા છે અર્થાત્ પકડી રખાયા છે. ખરેખર હે મુનિ ! હાલમાં પગ કાદવમાંથી ઉધ્ધાર=કાઢવા માટે શક્ય નથી. ॥૯૩૯॥ તેથી આજે અહીં હે મુનિ ! તમે કેવી રીતે ઊડીને આવ્યા ? શું તમે તપ, તંત્ર, મંત્રથી ઉડવાની શક્તિ દ્વારા આવ્યા ? અથવા તો શું તમે આકાશમાં ઉડનાર છો ? ॥૯૪૦॥ મુનિએ તેને કહ્યું કે, પાંડુદેશથી હું આવ્યો છું. લંકાપુરીમાં રહેલા ગુરુને વંદન કરવા માટે ત્યાં જઉં છું. ॥૯૪૧॥ રસ્તામાં પ્રાપ્ત થયેલા ચોર જેવા વરસાદ વડે અહીં આવ્યો. કેમ કે વરસાદ વરસતે છતે સાધુઓને ગમન કરવું કલ્પતું નથી. ॥૯૪૨॥ તેથી વૃષ્ટિ સુધી અભિગ્રહવાળો હું સાત દિવસથી અહીં રહ્યો છું. હવે સંપૂર્ણ અભિગ્રહવાળો હું ક્યાંય પણ ઉપાશ્રયમાં જઈશ. ॥૯૪૩॥ ત્યારે ધન્યે સાધુને કહ્યું કે પૃથ્વી કાદવથી અતિ દુર્ગમ થયેલી છે.. તેથી આ ભેંસ પર ચડીને હે પ્રભુ, હું તમને નગરમાં લઈ જઉં. ॥૯૪૪॥ મુનિએ કહ્યું કે વાહન ઉપર બેસવું સાધુને યુક્ત નથી. કેમ કે પ્રાણીને પીડા થાય છે. તે પીડાનો સર્વથા તેઓએ ત્યાગ કર્યો છે. ॥૯૪૫॥ સાધુઓએ વિહાર વડે જ જવા યોગ્ય છે, ધન્ય પણ સાધુની સાથે ધીમે ધીમે નગર તરફ ચાલ્યો. ॥૯૪૬॥ પોતાના ઘરના દ્વાર સુધી આવેલા શ્રેષ્ઠ મુનિ ખુશ થતા તેના વડે વહોરાવવા માટે ઘરમાં લઈ જવાયા. ॥૯૪૭॥ ત્યારબાદ જેમ પ્રથમ જિનેશ્વરને શ્રેયાંસે ઇક્ષુરસ વડે પારણું કરાવેલ તેમ ધન્યે ક્ષીરકુંભ વડે પારણું કરાવ્યું. ॥૯૪૮॥ તે મુનિ ત્યાં જ નગરમાં ચોમાસુ પસાર કરીને સાધુની ચર્યા વડે વિહાર કરીને ગુરુની પાસે ગયા. ॥૯૪૯॥ ધૂસરી અને ધન્ય, તે બંને મુનિ પાસેથી લીધેલા ગૃહસ્થના વ્રતોને પાળતા હતા. ઉજ્જ્વળ સમ્યક્ત્વને પાલન કરતાં લાંબા કાળ સુધી દ્રવ્યસ્તવને કરીને યોગ્ય સમયે સાધુ ધર્મને સ્વીકારી સાત વર્ષ સુધી પાલન કરીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ॥૯૫૦-૯૫૧॥ સુપાત્રમાં આપેલા દૂધના પ્રભાવથી ભાવનામાં પરાયણ એવા તે બે **હૈમવત ક્ષેત્રમાં** યુગલિક થયા. ॥૯૫૨॥ ત્યાંથી મરીને તે બંને સૌધર્મ દેવલોકમાં ઉત્તમ દેવ થયા. ત્યાંથી ચ્યવીને **ક્ષીર ડિંડીર** નામના બંને પતિ-પત્ની થયા. ॥૯૫૩॥ ત્યાંથી ચ્યવીને ધન્યનો જીવ નૈષધ રાજાનો પુત્ર તું નળ થયો અને ધૂસરીનો જીવ તારી પ્રિયા દમયંતી થઈ છે. ॥૯૫૪॥

હે રાજન્ ! પૂર્વભવમાં તપના ઉદ્યાપન ઉત્સવમાં તેં અને તારી પત્નીએ અષ્ટાપદ નામના તીર્થમાં ફુલ વગેરેથી વિધિપૂર્વક જિનેશ્વર ભગવંતોની પૂજા કરી હતી. ત્યારે એકઠું થયેલું જે પુણ્ય અહીં આ ભવમાં તમને ઉદય આવ્યું છે. ॥૯૫૫-૯૫૬॥ તે પ્રભાવથી વિશાળ એવું રાજ્ય તને પ્રાપ્ત થયું છે. અરિહંતોના ભાલ ઉપર તિલકો કરાવવાથી એના કપાળમાં તિલક થયું. ॥૯૫૭॥ અને બાર ઘડી સુધી સાધુને જે કદર્થના કરેલી તે

કારણથી બાર વર્ષ સુધી રાજ્યથી ભ્રષ્ટ અને પ્રિયાનો વિયોગ થયો. ॥૯૫૮॥ આ સાંભળીને ધર્મના રંગથી તરંગિત અર્થાત્ રંગાયેલ નળ રાજાએ, દમયંતીની કુક્ષીરૂપી સરોવરમાં હંસ સમાન એવા **પુષ્કલ** નામના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કર્યો. ॥૯૫૯॥ ત્યાર બાદ નળે દમયંતીની સાથે ગુરુની પાસે પ્રવ્રજ્યા સ્વીકારીને વિહાર કર્યો. શ્રુતને ગ્રહણ કરતાં પરિષહોને સહન કરતા હતા. ॥૯૬૦॥ એક વખત કર્મના વિચિત્રપણાથી દુર્જય એવા કામનું સ્મરણ થવાથી કોઈપણ રીતે નળ રાજર્ષિનું મન દમયંતીમાં આસક્ત બન્યું. ॥૯૬૧॥ ગુરુએ તે રાજર્ષિને પૂર્વે થયેલા સ્થૂલભદ્ર આદિ મહામુનિઓના દૃષ્ટાંત દ્વારા મધુર શીતલ વાક્યો વડે ઘણી રીતે બોધ પમાડ્યો. ॥૯૬૨॥ પરંતુ બોધ પામ્યા નહિ. શિથિલ થયેલા તેને પિતા સુદેવે આવીને બોધ પમાડ્યો. નળે તપને તપતા અનશનનો સ્વીકાર કર્યો. ॥૯૬૩॥ નળના અનુરાગથી દમયંતીએ પણ તેવો જ તપ કર્યો. નળ મરીને કુબેર નામનો દિક્પાલ દેવ થયો. દમયંતી તેની પ્રિયા થઈ. ॥૯૬૪॥ ઘણો ધર્મ કરવા છતાં કંઈક વ્રતની વિરાધનાથી તે બંનેને હલકા દેવલોકમાં દેવપણારૂપ ફલ પામ્યા. ॥૯૬૫॥ હવે મનુષ્યપણું પ્રાપ્ત કરીને ઉજ્જ્વળ એવા ચારિત્રને મેળવીને સમસ્ત કર્મોને બાળીને બંને સિદ્ધિપદને પામ્યા. ॥૯૬૬॥ નળ રાજા અને દમયંતીએ પૂર્વ જન્મમાં કરેલી ભગવંતની અદ્ભૂત પૂજા વડે એકઠા કરેલ પુણ્યથી ઉત્તમ એવા અર્ધા ભરતના રાજ્યને પ્રાપ્ત કર્યું. તેમજ જન્માંતરમાં અનંત સુખ અને મોક્ષને પામ્યા. ॥૯૬૭॥ તેથી હંમેશાં તીર્થંકરના પૂજનમાં આપ સર્વે પણ તૈયાર થાઓ. જેથી આપને પણ આલોક અને પરલોકના સુખનો યોગ મુઠ્ઠીમાં થશે. ॥૯૬૮॥

પૂર્વ જન્મમાં કરેલ દેવની પૂજાના ફળ ઉપર નલ દમયંતીની કથા.

અહીં કેટલાક કેટલીક પ્રતિમાની પૂજાને કહે છે. તે આ પ્રમાણે તેઓના મતો જણાવાય છે.

गुरुकारियाइ केइ, अन्ने सइ कारियाइ तं बिंति ।
विहिकारियाइ अन्ने, पडिमाए पूयणविहाणं ।।२५।।

ગાથાર્થ :- ગુરુથી વડીલજન અર્થાત્ માતા-પિતા દાદા વગેરે વડે કરાવાયેલી એમ કેટલાક કહે છે. અન્ય વળી પોતે ભરાવેલી, અન્ય વળી વિધિથી કરાવેલી પ્રતિમાના પૂજન વિધાનને કહે છે.

ગુરુ એટલે માતા-પિતા-દાદા તેઓ વડે કરાવાયેલી પ્રતિમા એમ કેટલાક કહે છે. અન્ય વળી સ્વયં કરાવેલીને, વળી અન્ય કેટલાક વિધિપૂર્વક કરાવેલી પ્રતિમાના પૂજાવિધાનને કહે છે. પરંતુ આ મતો જ છે. કાર્યપક્ષ તો - અરિહંત પરમાત્માની પ્રતિમાને જોઈ એને પૂજવી જોઈએ અર્થાત્ બહુમાન કરવું જોઈએ, નહિતર અવજ્ઞા થાય. ॥૨૫॥

હવે વિશેષ પૂજાની વિધિને કહે છે.

सुत्तभणिएण विहिणा, गिहिणा निव्वाणमिच्छमाणेण ।
लोगुत्तमाण पूया, निच्चं वि य होइ कायव्वा ।।२६।।

ગાથાર્થ :- નિર્વાણને ઇચ્છતા ગૃહસ્થોએ આગમમાં કહેલી વિધિ વડે અરિહંત પ્રતિમાની પૂજા હંમેશાં કરવી જોઈએ. ॥૨૬॥

સૂત્રમાં કહેલી વિધિ વડે, પોતાની મતિકલ્પનાથી નહિ. જે કારણથી કહ્યું છે કે -

પોતાની બુદ્ધિપૂર્વકની સત્ય એવી પણ ચેષ્ટા (દ્રવ્ય-ભાવસ્તવ વિષયક) આપ્ત પુરુષના ઉપદેશથી શૂન્ય છે એ કારણથી સંસારના ફલવાળી જ છે. (તીર્થંકરના ઉદેશ વિનાની પ્રવૃત્તિ તો સંસારફલા છે જ) પરંતુ તીર્થંકરના ઉદ્દેશ=આલંબનવાળી સ્વમતિ કલ્પિત પ્રવૃત્તિ પણ પરમાર્થથી તો સંસારફલા છે અર્થાત્ પરમાર્થથી તો તીર્થંકર ઉદ્દેશવાળી પ્રવૃત્તિ સ્વમતિકલ્પિત હોય જ નહીં. (માટે જ) આજ્ઞા વડે જે પ્રવર્તે છે તે જ તીર્થંકરના ઉદ્દેશવાળી છે, એમ કહેવાય છે. (અષ્ટમ પઞ્ચાશક-૧૩)

અને વિધિ આ છે -

અવસરે સ્નાનાદિથી પવિત્ર થયેલા એવા પ્રાણી વડે વિશિષ્ટ એવા પુષ્પાદિ વડે વિધિપૂર્વક તેમજ પ્રધાન=શ્રેષ્ઠ એવા સ્તુતિ (એક શ્લોક પ્રમાણ સ્તુતિ કહેવાય) અને સ્તોત્ર (ઘણા શ્લોક પ્રમાણ સ્તોત્ર કહેવાય) વડે મહાન એવી જિનેશ્વરની પૂજા જાણવા યોગ્ય છે. (ચતુર્થ પઞ્ચાશક-૩)

હવે 'વિધિ વડે' એ પ્રમાણે જે કહેવાયું તેને જ આગળ રજૂ કરતાં કહે છે -

आसन्नसिद्धियाणं, विहिपरिणामो उ होइ सयकालं ।
विहिचाउ अविहिभत्ती, अभव्वजियदूरभव्वाणं ।।२७।।

ગાથાર્થ :- નજદીકમાં સિદ્ધિપદને પામનારાઓને હંમેશાં વિધિનો પરિણામ હોય છે. તેમજ અભવ્યો અને દૂરભવ્યોને વિધિનો ત્યાગ અને અવિધિ ઉપર ભક્તિ હોય છે.

વિધિ એટલે આગમમાં કહેલો ક્રિયાકલ્પ, સયકાલં એટલે સદાકાળ (હંમેશાં) વિહિચાઉ ત્તિ - અર્થાત્ વિધિનો ત્યાગ. ॥૨૭॥

તથા

धन्नाणं विहिजोगो, विहिपक्खाराहगा सया धन्ना ।
विहिबहुमाणी धन्ना, विहिपक्ख अदूसगा धन्ना ।।२८।।

ગાથાર્થ :- ધન્ય જીવોને વિધિનો યોગ પ્રાપ્ત થાય છે. વિધિ પક્ષના આરાધકો હંમેશાં ધન્ય હોય છે. વિધિ ઉપરના બહુમાનવાળા પણ ધન્ય છે. વિધિપક્ષને દૂષિત નહિ કરનાર પણ ધન્ય છે. ॥૨૮॥

હવે વિધિપક્ષનો ઉપસંહાર કરતા પૂજા પછી વંદન કરવું જોઈએ. એ પ્રમાણે તેના ઉપદેશને કહે છે -

इय आगमविहिपुव्वं, भत्तिभरुल्लसिय बहलरोमंच ।
तं भुवणवंदणिज्जं, वंदह परमाइ भत्तीए ।।२९।।

ગાથાર્થ :- આગમમાં બતાવેલી વિધિપૂર્વક ભક્તિના સમૂહથી ઉલ્લસિત થયેલા ગાઢ રોમાંચવાળા હે ભવ્ય જીવો ! ત્રણે ભુવનમાં વંદન કરવા યોગ્ય પરમાત્માને શ્રેષ્ઠ ભક્તિથી તમે વંદન કરો. ॥૨૯॥

આ કારણથી આગમમાં કહેલી વિધિપૂર્વક ભક્તિના સમૂહથી ઉલ્લસિત થયેલ ઘણા રોમાંચવાળા એટલે કે હૃદયની પ્રીતિના અતિશયથી ઉઠેલા નિરંતર ગાઢ રોમાંચવાળા એવા હે ભવ્ય જીવો ! ત્રણ ભુવનમાં વંદનીય તે તીર્થંકરના બિંબને તમે વંદન કરો. (ભો ભવ્ય ! એ અધ્યાહારથી લેવું.)

"પરમ ભક્તિ વડે એટલે પ્રકૃષ્ટ રીતે પ્રદક્ષિણા દેવી વગેરે રૂપ આદરપૂર્વક કાયાની ક્રિયા વડે" એ અર્થ છે. આગમમાં કહેલી જ વંદનવિધિને કહે છે.

पंचविहाभिगमेणं, पयाहिणतिगेण पूयपुव्वं च ।
पणिहाणमुद्दसहिया, विहिजुत्ता वंदणा होइ ।।३०।।

ગાથાર્થ :- પાંચ અભિગમ અને પ્રદક્ષિણાત્રિક વડે તેમજ પૂજા પૂર્વક પ્રણિધાન-મુદ્રા સહિત કરાયેલી વંદના વિધિયુક્ત કહેવાય છે. ।।૩૦।।

અહીં વિશેષણમાં તૃતીયા વિભક્તિ કરી છે. તેથી "पञ्चविधाऽभिगमेन प्रदक्षिणात्रिकेण" માં તૃતીયા વિભક્તિથી દશે ય ત્રિકો સૂચવી છે. પૂજાપૂર્વં च - પહેલા પૂજા કરીને એ અર્થ કરવો. પ્રણિધાન મુદ્રા વડે સહિત વિધિયુક્ત વંદના થાય છે. અહીં દશત્રિકની અંદર સમાવેશ થઈ ગયો હોવા છતાં પણ પૂજાત્રિક, પ્રણિધાનત્રિક અને મુદ્રાત્રિકનું જુદુ ગ્રહણ, તે સર્વત્રિકનું પાલન કદાચ ન થઈ શકે તોપણ આ ત્રણ ત્રિક તો અવશ્ય કરવા યોગ્ય છે. તે બતાવવા માટે છે. ।।૩૦।।

પાંચ પ્રકારના અભિગમને જ કહે છે.

दव्वाण सचित्ताणं, विउसरणमचित्तदव्वपरिभोगो ।
मणएगत्तीकरणं, अंजलिबंधो य दिट्ठि पहे ।।३१।।
तह एगसाडएणं, उत्तरसंगेण जिणहरपवेसो ।
पंचविहोऽभिगमो इय, अहवा वि य अन्नहा एस ।।३२।।

ગાથાર્થ :- સચિત્ત દ્રવ્યનો ત્યાગ, અચિત્ત દ્રવ્યનો અત્યાગ, મનની એકાગ્રતા, દૃષ્ટિપથ પડતા અંજલિબદ્ધ પ્રણામ તથા એકશાટિ ઉત્તરાસંગ આ પ્રમાણેના પાંચ અભિગમ જિનેશ્વરના મંદિરમાં પ્રવેશતાં છે અથવા બીજા પણ છે. ।।૩૧-૩૨।।

ટીકાર્થ :- પૂજાના ઉપકરણને છોડીને વિભૂષાને માટે કરેલા એવા ફુલ તાંબૂલ વગેરેનો ત્યાગ કરવો. તેમજ અચિત્ત કડાં, કંદોરા, ઝાંઝર વગેરેનો અત્યાગ તથા મનની એકાગ્રતા એટલે મનમાં એક ધર્મનું જ આલંબન. તેમજ સ્વામી દૃષ્ટિપથમાં આવતે છતે અંજલિબદ્ધ એટલે મસ્તક ઉપર બંને હાથને ડોડાની જેમ ભેગા કરી સ્થાપવા. ।।૩૧।।

તથા એકશાટિ ઉત્તરાસંગ પહેરીને જિનેશ્વર ભગવંતના મંદિરમાં જવું. આ પાંચ પ્રકારના અભિગમ (વિનય) છે, તેમજ બીજી રીતના પણ પાંચ અભિગમ છે. अपि અને च એ સમુચ્ચય અર્થવાળા છે. ।।૩૨।।

अवहट्टुरायककुहाइं, पंचवररायककुहरुवाइं ।
खग्गं छत्तोवाणह, मउडं तह चामराउ य ।।३३।।

ગાથાર્થ :- પ્રબળ રાગાદિને કહેનારા શ્રેષ્ઠ એવા પાંચ રાજચિહ્નોનો ત્યાગ કરવો. ખડ્ગ, છત્ર, મોજડી, મુગટ તેમજ ચામર.

ટીકાર્થ :- રાજચિહ્નોનો ત્યાગ કરીને અને પંચવરરાયકકુહરુવાઇં એટલે પ્રબલ રાગાદિના સૂચવનારા ખડ્ગ, છત્ર, મોજડી, મુગટ અને બે ચામરનો ત્યાગ કરીને.

હવે પહેલાં કહેવાયેલી ત્રિકોને બતાવે છે.

तिन्नि निसीहि य तिन्नि य, पयाहिणा तिन्नि चेव य पणामा ।
तिविहा पूया य तहा अवत्थतियभावणं चेव ।।३४।।
तिदिसि निरिक्खणविरई, तिविहं भूमीपमज्जणं चेव ।
वन्नाइतियं मुद्दातियं च तिविहं च पणिहाणं ।।३५।।

ગાથાર્થ :- નિસીહિ ત્રિક, પ્રદક્ષિણા ત્રિક, પ્રણામ ત્રિક, ત્રણ પૂજા, ત્રણ અવસ્થાની ભાવના. ।।૩૪।।

ત્રણ દિશાઓમાં જોવાનો ત્યાગ, ત્રણ વાર ભૂમિનું પ્રમાર્જન, વર્ણ-અર્થ, આલંબન ત્રિક, ત્રણ પ્રકારની મુદ્રા, ત્રણ પ્રણિધાન. ।।૩૫।।

ટીકાર્થ :- સાવદ્ય વ્યાપારના નિષેધ વડે (સાવદ્ય વ્યાપારથી અટકવું) તે નિસીહિ ત્રણ પ્રકારે મુખ્ય દ્વારમાં, ગભારામાં અને દ્રવ્યપૂજા બાદ ૧. જમણા હાથથી આરંભીને જે ક્રિયામાં ફરવાનું છે તે પ્રદક્ષિણા ત્રણ વાર દેવી ૨. ત્રણ પ્રણામો - ભૂમિમાં મસ્તકને અડાડવા રૂપ ૩.

ત્રણ પ્રકારની પૂજા : તેમજ કહેવાશે તે અવસ્થાત્રિકને ભાવવી. ૫ ।।૩૪।।

તેમ ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છી દિશામાં જોવાનો ત્યાગ કરવો અને જિનેશ્વરના બિંબ સન્મુખ જોવું એ તાત્પર્ય છે. ૬

ત્રણ પ્રકારની ભૂમિ પ્રમાર્જના એટલે બંને પગની નીચે અને વચ્ચે પૂંજવું ૭. વર્ણાદિ આલંબન ત્રણ ૮. મુદ્રા ત્રિક ૯. અને પ્રણિધાન ત્રિકનું સ્વરૂપ જે કહેવાશે. ૧૦ આ ત્રિકો પ્રાયઃ કહેવાયેલા ક્રમ પ્રમાણે કરવા યોગ્ય છે. ।।૩૫।।

વંદનની વિધિનો ઉપસંહાર કરતાં તેના ફળને કહે છે :

इय दहतियसंजुत्तं, वंदणयं जो जिणाण तिक्कालं ।
कुणइ नरो उवउत्तो, सो पावइ सासयं ठाणं ।।३६।।

ગાથાર્થ :- ઉપયોગવાળો અર્થાત્ એકાગ્રતાવાળો જે માણસ દશત્રિકથી યુક્ત જિનેશ્વર ભગવંતોને ત્રિકાળ વંદન કરે છે, તે શાશ્વત સ્થાનને પામે છે. ।।૩૬।।

ટીકાર્થ :- સ્પષ્ટ છે ઉપયુક્ત અર્થાત્ ક્રિયામાં એકાગ્ર થયેલો ભાવવંદન વડે ફળને મેળવે છે. જેથી કહ્યું છે કે –

સમ્યક્ પ્રકારે ચૈત્યોને વંદન કરતો શુભધ્યાનના પ્રકર્ષને પામે છે. શુભધ્યાનથી કર્મનો નાશ થાય છે અને કર્મના નાશથી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. ।।૧।।૩૬।।

હવે પૂજા, અવસ્થા, વર્ણાદિ, મુદ્રા, પ્રણિધાન ત્રિકોને અઢી ગાથા વડે બતાવે છે.

पुप्फाऽऽमिसथुइभेया, तिविहा पूआ अवत्थतियगं च ।
होइ छउमत्थकेवलि-सिद्धत्तं भुवणनाहस्स ।।३७।।

वन्नाइतियं तु पुणो, वन्नत्थालंबणस्सरूवं तु ।
मणवयणकायजणियं, तिविहं पणिहाणमवि होइ ।।३८।।

मुद्दातियं तु इत्थं, विन्नेयं होइ जोगमुद्दाइ ।
हरिभद्दसूरिविरइय-गंथम्मि इमं जउ भणियं ।।३९।।

ગાથાર્થ :- પુષ્પ, આમિષ (નૈવેદ્ય) અને સ્તુતિના ભેદથી ત્રણ પ્રકારની પૂજા. ત્રણ ભુવનના નાથની છદ્મસ્થ, કેવલી, સિદ્ધ અવસ્થા, ત્રણ પ્રકારની અવસ્થા છે. ॥૩૭॥

વર્ણાદિ ત્રણ, વર્ણ અર્થ અને આલંબન સ્વરૂપ છે. મન, વચન, કાયાની એકાગ્રતા એ ત્રણ પ્રકારના પ્રણિધાન છે. ॥૩૮॥

યોગમુદ્રા, જિનમુદ્રા, મુક્તાશુક્તિમુદ્રા એ પ્રકારે ત્રણ મુદ્રા જાણવા યોગ્ય છે. જે કારણથી હરિભદ્રસૂરિ મહારાજા વિરચિત ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે. ॥૩૯॥

ટીકાર્થ :- પુષ્પ નૈવેદ્ય સ્તુતિના ભેદથી ત્રણ પ્રકારની પૂજા છે. ત્યાં પુષ્પના ગ્રહણથી, ગંધ, ધૂપ, સ્નપન (જલપૂજા) વિલેપન (કેસરપૂજા), વસ્ત્ર, અલંકારાદિ બધું જ ગ્રહણ કરવું. આમિષથી નૈવેદ્ય, એમાં પણ અખંડ ચોખા, ફળ, ઘી, દીપક વગેરેનું ગ્રહણ કરવું. સ્તુતિથી શ્લોક પદ્યાત્મક રચના, પરમાત્માની છદ્મસ્થ અવસ્થા, કેવલિ અવસ્થા, સિદ્ધ અવસ્થા ત્રણ પ્રકારની અવસ્થાનું ભાવન કરવું. ॥૩૭॥

વર્ણાદિક વળી વર્ણ, અર્થ અને આલંબન સ્વરૂપ છે ! વર્ણ આલંબનથી સ્પષ્ટ અને શુદ્ધ એવા વર્ણો બોલવાં, તે વર્ણાલંબન. વર્ણોના અર્થનું ચિંતવન તે અર્થાલંબન અને આલંબનથી જિનેશ્વરની પ્રતિમાનું આલંબન લેવું. મન, વચન, કાયાની એકાગ્રતા તે પ્રણિધાન ત્રિક કહેવાય છે. સંવેગરસથી યુક્ત ચિત્તની સ્થિરતા તે મન પ્રણિધાન. પદ, સંપદા, સત્યાપન યુક્ત સૂત્રનું ઉચ્ચારણ તે વચન પ્રણિધાન. અંગોપાંગ ગોપવીને રાખવા તે કાય પ્રણિધાન છે. ॥૩૮॥

અહીં ચૈત્યવંદનમાં ત્રણ પ્રકારની મુદ્રા જાણવા યોગ્ય છે. યોગમુદ્રા, જિનમુદ્રા, મુક્તાશુક્તિમુદ્રા નામની ક્યાં કહેવાયેલી છે ? આ પ્રમાણેની શંકામાં વૃદ્ધની સંમતિ બતાવવા માટે જણાવે છે કે હરિભદ્ર સૂ. મ. બનાવેલ પંચાશક નામના ગ્રંથમાં આ કહેવાયું છે : ॥૩૯॥

પાંચ ગાથા દ્વારા કહેલાને બતાવે છે.

पंचंगो पणिवाउ, थयपाठो होइ जोगमुद्दाए ।
वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ।।४०।।

दो जाणू दुन्नि करा, पंचमगं होइ उतमंगं तुं ।
समं संपणिवाओ, नेओ पंचंगपणिवाओ ।।४१।।

अनुन्नंतरियंगुलि, कोसागारेहिं दोहिं हत्थेहिं ।
पिट्ठुवरि कोप्पर, संठिएहिं तह जोगमुद्दत्ति ।।४२।।
चत्तारि अंगुलाइं, पुरओ उणाइं जत्थ पच्छिमओ ।
पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ।।४३।।
मुत्तासुत्ती मुद्दा, समा जहिं दोवि गब्भिया हत्था ।
ते पुण निलाडदेसे, लग्गा अन्ने अलग्ग त्ति ।।४४।।

ગાથાર્થ :- પાંચ અંગવાળો નમસ્કાર તે પંચાંગ પ્રણિપાત. સ્તવ પાઠ તે યોગ મુદ્રાએ, વંદણ તે જિનમુદ્રાએ, પ્રણિધાન સૂત્ર તે મુક્તાશુક્તિ મુદ્રાએ થાય છે. ॥૪૦॥

બે ઢીંચણ, બે હાથ અને એક મસ્તક - આ પાંચ અંગનો સમ્યક્ પ્રકારે પ્રણિપાત તે પંચાંગ સમ્યક્ પ્રકારે પ્રણિપાત જાણવા યોગ્ય છે. ॥૪૧॥

આંગળીઓને એકબીજાથી અંતરીત કરવાથી કમળના ડોડાના આકારે થયેલા બે હાથ વડે કોણીને પેટ ઉપર સ્થાપવાથી યોગ મુદ્રા થાય. ॥૪૨॥

જેમાં, પગનું અંતર આગળ ચાર આંગળ અને પાછળ કંઈક ઓછું હોય એ જિનમુદ્રા છે. ॥૪૩॥

જેમાં બંને હાથ સરખા એટલે સામસામી આંગળીઓ આવે તેમ ગર્ભિત એટલે મધ્યમાં મોતીની છીપ જેવા એવા બંને હાથને કપાળે લગાડ્યા હોય. કોઈ આચાર્ય કહે છે કે કપાળે ન લગાડ્યા હોય તે મુક્તાશુક્તિ મુદ્રા. ॥૪૪॥

ટીકાર્થ :- જેમાં પાંચ અંગો જમીનને લગાડવા તે પંચાંગ, પ્રણિપાત એટલે નમસ્કાર. શક્રસ્તવની આદિમાં ને અંતમાં જે બોલાય છે, તે સ્તવપાઠ શક્રસ્તવાદિ યોગમુદ્રામાં બોલવું. વંદનથી અરિહંત ચેઈયાણં આદિ દંડક સૂત્રો તે જિનમુદ્રામાં બોલવા. અહીં પગની જિન મુદ્રા અને હાથની યોગમુદ્રા કરવી. બંને મુદ્રાનો પણ અહિં પ્રયોગ જાણવો. પ્રણિધાન - શુભ અર્થની પ્રાર્થના સ્વરૂપ, જયવીયરાય ઈત્યાદિ સૂત્રો મુક્તાશુક્તિ મુદ્રામાં બોલવા. ॥૪૦-૪૧॥

બે ઢીંચણ અને બે હાથ વગેરે પંચાંગપ્રણિપાતને કહેનારી ગાથા સુગમ છે. યોગમુદ્રાને કહે છે :- આંગળીઓને એકબીજાની અંદર નાંખવી અંતરીત કરવી. બંને હાથનો આકાર કમળના ડોડા જેવો કરવો. બે હાથની કોણી પેટ ઉપર સ્થાપન કરવી, મૂકવી તે યોગમુદ્રા જાણવી. યોગ એટલે બંને હાથને જોડવા અથવા સમાધિ, મુદ્રા એટલે શરીરના અંગોની રચના-યોગની પ્રધાનતાવાળી મુદ્રા તે યોગમુદ્રા વિઘ્નોના નાશ માટે સમર્થ છે. 'इति' શબ્દ આવા પ્રકારની યોગમુદ્રા છે એ અર્થમાં વપરાયો છે. ॥૪૨॥

હવે જિનમુદ્રાને કહે છે. આગળ ચાર આંગળ જેટલું અંતર અને પાછળ ચાર આંગળથી કંઈક ન્યૂન અંતર બંને પગ વચ્ચે રાખવું તે જિનમુદ્રા. બંને પગને જોડવા નહિ અર્થાત્ પરસ્પરના સંસર્ગનો ત્યાગ. આ જિનમુદ્રા કહેવાય છે. જિનેશ્વર ભગવંતોએ સ્વયં કાયોત્સર્ગમાં જે મુદ્રા કરી હતી તે જિનમુદ્રા વિઘ્નોને જિતનારી મુદ્રા છે.

મુક્તાશુક્તિમુદ્રા ગાથાર્થ સ્પષ્ટ છે કેવલ સમૌનો અર્થ બે આંગળીઓના પરસ્પર સામસામા ટેરવા જોડવા. ગર્ભિત એટલે મધ્યમાં બંનેય હથેળીઓ પોલી રાખવી. આ પ્રમાણે પાંચ ગાથાનો અર્થ. ॥૪૪॥

હવે ત્રિકના સ્વરૂપને બતાવીને તેના આચરણના ફળને કહે છે.

पयडो सेसतियत्थो, तत्तो नाउण एय तियदसगं ।
संमं समायरंतो, विहिचेइयवंदगो होइ ।।४५।।

ગાથાર્થ : શેષ ત્રિકનો અર્થ પ્રગટ છે (સ્પષ્ટ છે.) આ પ્રમાણે દશ ત્રિકને જાણીને સારી રીતે આચરણ કરતો હોઈ તેનું ચૈત્યવંદન વિધિપૂર્વક થાય. ॥૪૫॥

ચૈત્યવંદનની વિધિ પૂર્ણ થઈ. તે ચૈત્યવંદન કોણે કેટલીવાર કરવા ? તે બતાવે છે.

साहूण सत्तवारा, होइ अहोरत्तमज्झयारंमि ! ।
गिहिणो पुण चियवंदण, तिय पंच व सत्त वा वारा ।।४६।।

ગાથાર્થ :-દિવસ અને રાત્રિની મધ્યમાં સાધુને ચૈત્યવંદન સાત વાર હોય છે અને ગૃહસ્થોને ત્રણ, પાંચ અથવા સાત વાર હોય છે. ॥૪૬॥ ટીકાર્થ સુગમ છે.

કેવી રીતે સાત વાર ચૈત્યવંદન ? તે બતાવે છે.

पडिकमणे चेइहरे, भोयणसमयंमि तह य संवरणे !
पडिकमण सूयण, पडिबोहकालियं सत्तहा जइणो ।।४७।।

ગાથાર્થ :- પ્રતિક્રમણમાં, દેરાસરમાં, ભોજન સમયે, દિવસ ચરિમં પચ્ચક્ખાણ વખતનું, પ્રતિક્રમણમાં, સંથારા પોરિસીનું અને સવારે જાગ્યા પછી જગચિંતામણિનું - આ સાત વખત ચૈત્યવંદન યતિને હોય છે.

ટીકાર્થ :- ટીકાર્થ સ્પષ્ટ છે. ફક્ત પ્રતિબોધનો અર્થ સવારમાં ઊઠીને અને ગૃહસ્થોને ત્રણ, પાંચ કે સાતવાર હોય છે.

આ ગાથાના અનુસારે જાણવા યોગ્ય છે તે આ પ્રમાણે.

બે ટાઈમ પ્રતિક્રમણ કરનાર શ્રાવકને સાધુની જેમ સાતવાર અને પ્રતિક્રમણ ન કરનાર શ્રાવકને પાંચવાર અને જઘન્યથી ત્રણે સંધ્યા સમયે ત્રણવાર ચૈત્યવંદન કરવાથી ત્રણ ચૈત્યવંદન થાય છે. ॥ પ્ર. સા. ગા-૯૧॥ ॥૪૭॥

ચૈત્યવંદનની સંખ્યા વિધિ બતાવી તે પ્રાયઃ જિનમંદિરમાં કરવા યોગ્ય છે. એ પ્રમાણે તેના સંબંધમાં વિધિ વિશેષનો ઉપદેશ કહે છે.

जिणमंदिरभूमिए, दसगं आसायणाण वज्जेह ।
जिणदव्वभक्खणे, रक्खणे य दोसे गुणे मुणह ।।४८।।

ગાથાર્થ :- જિનમંદિર સંબંધી દશ આશાતનાનો ત્યાગ કરો, તેમજ દેવદ્રવ્યના ભક્ષણમાં દોષ છે અને દેવદ્રવ્યના રક્ષણમાં ગુણો છે તે તું જાણ.

टीकार्थ : स्पष्ट छे. परंतु च कारथी देवद्रव्यनी उपेक्षा करवामां पण दोष छे. ॥४८॥

दश आशातना कई छे ? ते बतावे छे.

तंबोलपाणभोयण-पाणहथीभोगसूयणनिट्ठुवणं ।
मुत्तुच्चारं जूयं, वज्जे जिणमंदिरस्संतो ।।४९।।

गाथार्थ :- श्री जिनेश्वरना देहेरासरनी (जगतीमां) अंदर मुखवास खावो, पाणी पीवुं, भोजन करवुं, पगरखा पहेरी राखवा, मैथुन सेववुं, शयन करवुं, थूंकवुं, लघुनीति, तेमज वडीनीति करवी तेमज जुगार रमवो. आ दश आशातनाओ वर्जवी. ॥४९॥

टीकार्थ : स्पष्ट छे फक्त आना उपलक्षणथी - (जिनननी समक्ष) पलाठी वाळवी•, पग पसारीने बेसवुं, पूंठ करवी, टेको देवो, मोटेथी हसवुं, कलह, विवाद, अनुचित चेष्टा आदि पण वर्जवा योग्य छे. ॥४९॥

कारण वगर के अयत्नथी अवग्रहना उपभोगमां पण आशातना थाय छे. ते अवग्रहना स्वरूपने हवे कहे छे.

सत्थावग्गहु तिविहो, उक्कोसजहन्नमज्झिमो चेव ।
उक्कोस सट्ठिहत्थो, जहन्न नव सेस विच्चालो ।।५०।।

गाथार्थ :- शास्त्रमां त्रण प्रकारनो अवग्रह कहेवायेलो छे. उत्कृष्ट, जघन्य अने मध्यम. उत्कृष्ट अवग्रह ६० हाथ, जघन्य अवग्रह नव हाथ, बाकी १० हाथथी ५९ हाथनो मध्यम छे. ॥५०॥

टीकार्थ : फक्त सत्थावग्गह एटले तत्त्वने शीखवे अथवा तत्त्वनो उपदेश आपे ते शास्ता कहेवाय ते तीर्थंकर छे. तेनो अवग्रह=परमात्मा अने आपणी वच्चेनो भूमि भाग. ॥५०॥

अने तेथी :-

गुरुदेवुग्गहभूमीइ, जत्तउ चेव होइ परिभोगो ।
इट्ठफलसाहगो सय, अणिट्ठफलसाहगो इहरा ।।५१।।

गाथार्थ :- देव अने गुरुनी भूमिनो यत्नपूर्वक ज परिभोग हंमेशां ईष्टफळने साधनार थाय छे, अन्यथा परिभोग तो अनिष्ट फळने साधनार थाय. ॥५१॥

टीकार्थ :- गुरु अने देवनी अवग्रह (भूमि)मां परिभोग यत्नथी ज एटले के आशातनाना डरपणाथी अंगोपांगने संकोचवा रूप प्रयत्न वडे थाय छे. वैयावच्च के पूजा वगेरे माटे बेसवुं, ऊभा थवुं, चालवारूप जे परिभोग ते ईष्टफलने साधनारो छे अने ते ज मोक्षने प्राप्त करावनार छे. 'सय' हंमेशां. ईतरथा एटले वैयावच्च वगेरेना कारण वगर अवग्रहनी भूमिनो उपभोग करवामां आवे तो ते दुर्गतिनुं कारण छे. अहीं देवतत्त्वनी विचारणा चाली रही छे, तेमां गुरुनो अवग्रह केम कह्यो ? साचुं ज छे. अवग्रहनुं साम्यपणुं बंनेमां होवाथी गुरुनो पण उल्लेख कर्यो. तेनुं अवग्रह प्रमाण आ प्रमाणे -

• पलाठी एटले बे हाथ वडे बे पगने वींटीने बेसवुं ते.

ચારે દિશામાં ગુરુનો અવગ્રહ આત્મપ્રમાણ એટલે સાડા ત્રણ હાથ પ્રમાણ હોય છે. તેની અંદર ગુરુમહારાજની રજા વગર પ્રવેશ ન કરી શકાય. (પ્રવ. સારો. ગા. ૧૨૬)

ઉપર કહેલા અર્થને કંઈક વિશેષથી બતાવે છે –

निट्ठीवणादकरणं, असक्कहाऽणुचिय आसणाई य ।
आययणंमि अभोगो, इत्थ य देवा उदाहरणं ।।५२।।

ગાથાર્થ : થૂંકવું વગેરેનું ન કરવું, અસત્કથા તથા અનુચિત આસનાદિ જિનમંદિરમાં સેવવું નહિ. અહીં દેવો ઉદાહરણરૂપ છે.

ટીકાર્થ : થૂંકવું વગેરે ન કરવું. આદિ શબ્દથી દાંત સાફ કરવા, પગ ધોવા, શરીરનો મેલ ઉતારવો, વગેરે તેમજ સ્ત્રીકથા આદિ અશુભ વાતો તેવું પણ ન કરવું, એ પ્રમાણે જોડવું. અનુચિત આસન આદિ - અહીં ષષ્ઠી વિભક્તિના સ્થાને પ્રથમા કરી છે. તેથી અનુચિત આસન એટલે મોટા તકીયા, નાની ખાટલી, ખુરશી આદિ. તેમજ ચંદન-ફુલ-કુંકુમ-કસ્તૂરિકા વગેરેનું સેવન ન કરવું. આયતન=જિન મંદિરમાં. અહીં આ અર્થમાં દેવો દૃષ્ટાન્તરૂપ છે. ।।૫૨।।

એ જ વાત કહે છે –

देवहरयंमि देवा, विसयविसमोहिया वि न कयावि ।
अच्छरसाहिं पि समं, हासखिड्डाइ वि कुणंति ।।५३।।

ગાથાર્થ :- વિષયાસક્ત દેવો પણ જિનભવનમાં અપ્સરાઓની સાથે ક્યારે પણ હાસ્ય, ખેલ વગેરે ચેષ્ટા કરતા નથી.

ટીકાર્થ :- અક્ષરાર્થ સુગમ છે. તત્ત્વાર્થ (તાત્પર્ય) આ પ્રમાણે છે. જો અત્યંત વિષયમાં જ આસક્ત અને હંમેશાં અવિરતિવાળા દેવો પણ અસત્ ચેષ્ટાના ત્યાગ વડે અને સંવૃત આત્મા અર્થાત્ ગોપવેલી ચેષ્ટાવાળા દેરાસરમાં રહે છે. તો દેશવિરતિવાળા આત્માઓએ સુતરાં અસત્ ચેષ્ટાનો પરિહાર કરીને જ રહેવું જોઈએ. ।।૫૩।।

હમણાં દશ આશાતનાનો ત્યાગ કરવો એમ કહ્યું અને હવે દેવદ્રવ્યના ભક્ષણ ઉપર ચાર શ્લોક બતાવે છે.

भक्खेइ जो उवेक्खेइ, जिणदव्वं सावओ ।
पन्नाहीणो भवे जो उ, लिप्पइ पावकम्मणा ।।५४।।

आयाणं जो भंजइ, पडिवन्नधणं न देइ देवस्स ।
नस्संतं समुवेक्खइ, सो वि हु परिभमइ संसारे ।।५५।।

चेइयदव्वं साहारणं च, जो दुहइ मोहियमइओ ।
धम्मं व सो न याणइ, अहवा बद्धाउओ नरए ।।५६।।

चेइयदव्वविणासे, तद्दव्वविणासणे दुविहभेए ।
साहू उविक्खमाणो, अणंतसंसारिओ भणिओ ।।५७।।

ગાથાર્થ :- જે શ્રાવક દેવદ્રવ્યનું ભક્ષણ કરે, ઉપેક્ષા કરે, અને જે વગર સમજ્યે વહીવટ કરે, તે પાપકર્મથી લેપાય છે. ।।૫૪।।

દેવદ્રવ્યની આવક જે ભાંગે છે, બોલી બોલેલા ધનને આપતો નથી અથવા દેવદ્રવ્યનો નાશ થતો હોય તેની ઉપેક્ષા કરે છે, તે પણ સંસારમાં પરિભ્રમણ કરે છે. ।।૫૫।।

દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને મૂઢ મતિવાળો જે ભક્ષણ કરે છે, તે ધર્મને જાણતો નથી અથવા તો પહેલા નરકનું આયુષ્ય બાંધેલું હશે. ।।૫૬।।

દેવદ્રવ્યનો વિનાશ કરે તથા ચૈત્યને ઉપકારક દ્રવ્યનો બે પ્રકારે વિનાશ થતો હોય અને સાધુ તેની ઉપેક્ષા કરે તો તે અનંત સંસારી થાય. ।।૫૭।।

ટીકાર્થ : ત્યાં દેવદ્રવ્યનું સ્વયં ભક્ષણ કરે અને तु શબ્દ સમુચ્ચય અર્થમાં હોવાથી બીજાઓ વડે ભક્ષણ કરાતા દેવદ્રવ્યની ઉપેક્ષા કરે તથા બુદ્ધિહીન અલ્પ કે ઘણા અર્થ વડે કાર્યસિદ્ધિને નહી જાણતો મંદ મતિપણા વડે જેમ તેમ દ્રવ્યનો ખર્ચ કરે છે તે અને ખોટા લેખ લખનાર જે હોય તે પાપકર્મથી લેપાય છે. ।।૫૪।।

તેમ જ '૫૫'મી ગાથાર્થ સુગમ છે. વિશેષ એ છે કે સામર્થ્ય હોતે છતે દેવદ્રવ્યના થતા નાશની ઉપેક્ષા કરે છે. એમ જાણવા યોગ્ય છે. ।।૫૫।।

દેવદ્રવ્ય સાધરણનો અર્થ તો પ્રસિદ્ધ છે. च શબ્દથી સાતક્ષેત્રમાં ઉપયોગી દ્રવ્ય લેવું. જે મોહિત મતિવાળો પાપકર્મી દ્રોહ કરે છે, ભક્ષણ કરે છે અથવા વ્યાજના ભોગાદિ દ્વારા દોહે છે (ચૂસે છે.) સર્વજ્ઞ કથિત ધર્મને તે જાણતો નથી, નહીં જાણતો દેવદ્રવ્યનું ભક્ષણ કરે છે અથવા તો પહેલાં નરકાયુષ્ય બંધાઈ ગયું છે. તેથી જ આ દેવદ્રવ્યાદિ ભક્ષણરૂપ અકાર્યને કરે છે. ।।૫૬।।

તથા સુવર્ણાદિ દેવદ્રવ્યના વિનાશમાં તથા ચૈત્યના ઉપકારક દ્રવ્ય લાકડા, પથ્થર, ઈંટાદિ, તેનો વિનાશ બે પ્રકારે થતે છતે. નવું લગાવે તેથી જૂનું ઉખાડી વિનાશ કરવો એમ બે પ્રકારપણું અથવા મૂલ અને ઉત્તરભેદથી. ત્યાં મૂલ એટલે થાંભલા-નાના ઘડા વગેરે અને ઉત્તર એટલે છાંદવું-ગાર-ગોરમટી આદિ. અથવા ત્રીજી રીતે સ્વપક્ષ-પરપક્ષથી કરાતો વિનાશ એ બે પ્રકારે.

સ્વપક્ષ એટલે શ્રાવકાદિ અને પરપક્ષથી મિથ્યાદૃષ્ટિ વગેરે જાણવા. 'अपि' શબ્દ અધ્યાહારથી લેવો - તેથી શ્રાવક તો દૂર રહો સર્વ સાવદ્યથી વિરમેલા સાધુ પણ ઉપેક્ષા કરતા ઉદાસીન ભાવને કરતા અનંત સંસારી થાય એમ તીર્થંકર અને ગણધરો વડે કહેવાયું છે. અને આ પ્રમાણે કરતાં તે સાધુના સાધુપણાની હાનિ થતી નથી. હા ! નવી આવક (પોતે) ઉભી કરે તો હાનિ થાય, પણ પૂર્વની લોપ થતી હોય તેનું રક્ષણ કરતાં હાનિ ન થાય, પરંતુ વિશેષથી તેના સાધુત્વની પુષ્ટિ થાય છે.

જે કારણથી આગમમાં પણ કહ્યું છે કે -

પ્રશ્ન કરવામાં આવે છે કે "ચૈત્યને માટે ખેતર, સોનું, ગામ, ગાયના વાડા વગેરે લેવાની હિલચાલમાં લાગેલા મુનિની ત્રિકરણે શુદ્ધિ કેવી રીતે હોઈ શકે ?" ।।૧૫૬૯।।

અહીં બે વિકલ્પો કહેવામાં આવે છે - જે મુનિ એ પદાર્થો જાતે થઈને માંગે, તેને તે વિશુદ્ધિ હોઈ શકતી નથી. પરંતુ, હવે કદાચ કોઈ તે પદાર્થો લઈ જાય (કે તેને નુકસાન કરે) અને તેની જે ઉપેક્ષા કરે, તેને જે ત્રણ પ્રકારની વિશુદ્ધિ કહી છે, તે ન હોઈ શકે. તેથી તેની અભક્તિ થાય છે. માટે (વિનાશનું) નિવારણ કરવું જોઈએ. ॥૧૫૭૦-૧૫૭૧॥

તેવા સંજોગોમાં શાસનના હિત માટે - રક્ષા માટે, સર્વ સંઘે સર્વ શક્તિથી પ્રયત્નમાં લાગી જવું જોઈએ. ચારિત્રપાત્ર સાધુ કે તે સિવાયના અચારિત્રધારી, એમ ગમે તે હોય; કેમ કે - એ સર્વનું એ કર્તવ્ય હોય છે. ॥૧૫૭૨॥

એ પ્રમાણે ચાર ગાથાનો અર્થ છે. (पञ्चकल्पभाष्य गा. १५६९-७२)

હમણાં દેવદ્રવ્યના પ્રભાવને પ્રગટ કરવાપૂર્વક ભક્ષણ, રક્ષણ અને વધારનારના ફળને બતાવનાર ત્રણ ગાથા કહે છે.

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होइ ।।५८।।

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं, परित्तसंसारिओ होइ ।।५९।।

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
वड्ढंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ।।६०।।

ગાથાર્થ :- જિન પ્રવચનની વૃદ્ધિ કરાવનારું, જ્ઞાન, દર્શન ગુણોનું પ્રભાવક એવું જે દેવદ્રવ્ય તેનું જે પ્રાણી ભક્ષણ કરે છે, તે અનંત સંસારી થાય છે. ॥૫૮॥

જિન પ્રવચનની વૃદ્ધિ કરાવનારું, જ્ઞાન-દર્શન ગુણોનું પ્રભાવક જે દેવદ્રવ્ય તેનું જે પ્રાણી રક્ષણ કરે છે, તે અલ્પ સંસારી થાય છે. ॥૫૯॥

જિન પ્રવચનની વૃદ્ધિ કરાવનારું, જ્ઞાન-દર્શન ગુણોની પ્રભાવના કરાવનારું જે દેવદ્રવ્ય છે, તેની વૃદ્ધિ જે કરે છે, તે તીર્થંકર નામકર્મ બાંધે છે. ॥૬૦॥

ટીકાર્થ : જૈનશાસનની ઉન્નતિ કરનાર અને જ્ઞાન, દર્શન ઉપલક્ષણથી ચારિત્ર ગુણોનો પ્રભાવ વધારનાર. જૈનશાસનની ઉન્નતિ જિનમંદિર વિના થાય નહિ અને દેવદ્રવ્ય વિના દરરોજ જિનમંદિરની સારસંભાળ અથવા જિર્ણશીર્ણનો પુનરુદ્ધાર કરવાને માટે શક્ય નથી તથા તે પૂજા માટેના દ્રવ્ય વડે શ્રાવકો દ્વારા પૂજાદિ કરાતે છતે જ્ઞાન-દર્શન-ચારિત્રગુણો દીપાવાય છે. જે કારણથી અજ્ઞાનીઓ પણ "અહો આ લોકોની બુદ્ધિ તત્ત્વને અનુસરનારી છે" એ પ્રમાણે ઉપબૃંહણા-પ્રશંસા કરતાં જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિને ભજનારા થાય છે. તે કારણથી આવા પ્રકારના દેવદ્રવ્યનું ભક્ષણ કરતો અનંત સંસારી થાય છે. કારણ કે તીર્થનો ઉચ્છેદ કરતો હોવાથી અને જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરતો હોવાથી, તેથી દેવદ્રવ્યનું રક્ષણ કરતો અલ્પસંસારી થાય છે. ધાતુઓના અનેક અર્થ થતા હોવાથી 'દાન' અર્થવાળો 'दा' ધાતુ અહીં परि ઉપસર્ગ પૂર્વક

संख्यावचनवाળો છે. તેથી પરીત્તઃ એટલે પરિમિત કર્યો છે સંસાર, (કયા કારણોથી અલ્પ સંસાર થયો છે ?) દેવદ્રવ્યનું રક્ષણ કરવાથી, જૈનશાસનની ઉન્નતિ કરવાથી તથા જ્ઞાનાદિ ગુણોની આરાધના કરવાથી. જેના વડે તે પરીત્ત સંસારી કહેવાય તથા પોતાના ધનને તેમાં ઉમેરવા દ્વારા તેમ જ વ્યાજ ઉપજાવવા વગેરે કારણોના સેવનથી દેવદ્રવ્યને વધારતો જીવ, અરિહંતને વિષે વાત્સલ્યથી અને પ્રવચનની પ્રભાવના કરતો હોવાથી તીર્થંકરપણું પામે છે.

જે કારણથી આગમમાં કહ્યું છે કે -

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) આચાર્ય (૫) સ્થવિર (૬) બહુશ્રુત (૭) તપસ્વી (૮) સતત જ્ઞાનોપયોગ (૯) દર્શન (૧૦) વિનય (૧૧) આવશ્યક (૧૨-૧૩) શીલ તથા વ્રત (૯ થી ૧૩) બધામાં નિરતિચારપણું (૧૪) ક્ષણલવ (૧૫) તપસમાધિ (૧૬) ત્યાગસમાધિ (૧૭) વૈયાવચ્ચમાં સમાધિ (૧૮) અપૂર્વ જ્ઞાનગ્રહણ (૧૯) શ્રુતભક્તિ (૨૦) પ્રવચન પ્રભાવના - આ કારણોથી જીવ તીર્થંકરપણું પામે છે.

- (આ. નિ. ૧૭૯ થી ૧૮૧ / પ્રવચન સારોદ્ધાર ગાથા-૩૧૦-૩૧૧-૩૧૨)

આગળની ગાથાના પૂર્વાર્ધમાં તથા આ ત્રણ ગાથામાં એક વાત દેવદ્રવ્યના અતિશયને જણાવવા માટે બતાવી છે.

संकास श्रावकनुं दृष्टांत आ प्रमाणे :

પૂર્ણિમાના ચંદ્રમા જેવા ગોળ જંબૂદ્વીપમાં દોરી ચડાવેલ ધનુષ્ય સરખી આકૃતિવાળુ **ભરતક્ષેત્ર** વિદ્યમાન છે. ॥૧॥ તેમાં બહુ પુણ્યશાળી જનોના ઉદયવાળી, સુવર્ણથી બનાવેલા આવાસવાળી સાક્ષાત્ લંકાપુરી જેવી **गंधिलावती** નામની નગરી છે. ॥૨॥ સમ્યગ્દર્શનથી શુદ્ધ છે આત્મા એવો બાર વ્રતધારી, સર્વજ્ઞોએ કહેલી ક્રિયામાં આસક્ત એવો, જીવ અજીવાદિ તત્ત્વોને જાણનારો, ઉભયટંક આવશ્યક કરનારો, ત્રિકાળ પૂજા કરનારો, વિધિપૂર્વક દાન કરતો, પર્વ દિવસોમાં તપને કરતો, જેના કોઈ શત્રુ નથી એવો સંતોષી, વિશ્વાસના વિલાસના ઘર સમાન, શ્રાવકને ત્યાં ઉત્પન્ન થયેલો **संकास** નામનો શ્રાવક હતો. ॥૩-૪-૫॥ ત્રણે લોકના સારભૂત દલિકો વડે બનાવેલું, સાક્ષાત્ દેવલોકથી આવેલું હોય તેવું મેરુપર્વત જેવું ઊંચુ, હિમવંત પર્વત જેવું ઉજ્જ્વલ ભુવનમાં અદ્‌ભુત એવું શકાવતર નામનું **ચૈત્ય** ત્યાં હતું. ॥૬-૭॥ **ત્યાં ઘણા શ્રાવકો પરમાત્માને નમસ્કાર કરવા માટે આવતા હતા. તેથી અક્ષત, ફળ, નૈવેદ્ય વગેરે વડે ઘણું ધન (દેવદ્રવ્ય) ઉત્પન્ન થાય છે.** ॥૮॥ અને ત્યાં તેની સર્વ દેખભાળ સંકાસ જ કરે છે. વ્યાજ આદિ વડે હંમેશાં દેવદ્રવ્યની વૃદ્ધિ પણ તે કરે છે. ॥૯॥ નામુ વગેરે પણ તે સ્વયં જ કરતો હતો. તેના ઉપર વિશ્વાસ હોવાથી બીજા કોઈ પણ તેને અટકાવનાર ન હતા. (શત્રુ ન હતા) ॥૧૦॥ આ પ્રમાણે કાળ પસાર થતાં કોઈક અશુભોદયથી તેના વડે પણ **દેવદ્રવ્યનું ભક્ષણ** કરાયું. કર્મોની ગતિને ધિક્કાર હો. ॥૧૧॥ ત્યારબાદ લાલચુ, આસક્ત, લોભી એવા તેને તેનો પશ્ચાત્તાપ પણ ન કર્યો. તેણે પોતાની નિંદા પણ ન કરી. ગુરુ પાસે ગર્હા પણ ન કરી. તે આપવા માટે મનમાં પણ વિચાર સરખો ન આવ્યો. ॥૧૨॥ નથી કર્યો પ્રતિકાર જેને એવા તેણે ઘણી વેદનાવાળા તે કર્મને બાંધીને ચિત્તના સંક્લેશથી ગાઢ નિકાચિત કર્યું. ॥૧૩॥

હવે આયુષ્ય ક્ષય થયે છતે તે કર્મના વિપાકથી ગલહસ્તિ ન્યાયે ચાર ગતિ સંસારમાં અસંખ્ય ભવો ભમ્યો. ॥૧૪॥ તે આ પ્રમાણે-ક્યારેક કરવત રૂપી કર્મ વડે - લાકડાની જેમ ફડાતો હતો. ધોબી જાણે વસ્ત્રોને શિલા

પર પછાડે તેમ પછાડાતો. ॥૧૫॥ અગ્નિમાં સોય ઉપર રંધાતા માંસની જેમ અને નિર્દયતા વડે તીક્ષ્ણ તલવારથી લતાની જેમ છેદાતો. ॥૧૬॥ દેદીપ્યમાન વજ્ર જેવા અગ્નિ વડે ભાઠામાં ચણાની જેમ ભુંજાતો. નિર્દય રીતિએ મહાયંત્રમાં શેરડીની જેમ પીલાતો. ॥૧૭॥ રસ્તા ઉપર અગ્નિના તણખા જેવી ધૂળવાળા માર્ગમાં બળતી જ્વાળાઓના સમૂહ જેવા લોખંડના રથમાં જોડીને બળદની જેમ વહન કરાતો. ॥૧૯॥ અત્યંત તપાવેલી લોઢાની પૂતળી સાથે આલિંગન કરાવાતો. તાંબાના રસને પીવડાવાતો. પોતાના માંસને ખવડાવતો. ॥૧૯॥ ગર્ભાવાસનું આચરણ કરતા ગાઢ અંધકારવાળી, ચરબી, લોહી અને માંસરૂપ કાદવવાળી, શુક્રશીંબીનું વૃક્ષ અથવા કવચ વનસ્પતિ સમાન સ્પર્શવાળી નરકભૂમિમાં નારક થઈ દીનરૂપે વિલાપ કરતો. ॥૨૦॥ જ્યાં સુખનો સર્વથા ત્યાગ છે અને દુઃખોથી જ નિર્માણ કરાયેલી નરકમાં કર્મના વિપાકથી લાંબા કાળ સુધી તે નરકમાં રહ્યો. ॥૨૧॥ કાન વગેરે અવયવોનું છેદન, ભારને વહન કરવાનું, દોરડા વગેરેથી બંધાવાનું, ચાબુક, અંકુશ, પરોણા આદિ પ્રહારો સહન કરવાના, અંગને દમન કરવું, નિશાન કરવું, નાસિકાનો વેધ, તરસ, ભૂખ, ઠંડી, વાયરા અને તડકા વગેરે અનેક પ્રકારના દુઃખો અનેકવાર તિર્યંચગતિમાં તેણે સહન કર્યા. ॥૨૨-૨૩॥ મસ્તક, હાથ, પગ, હોઠ, જીભ, કાનના છેદો, કારાવાસ (જેલ) અને પ્રવાસ, દાસપણું, વધ, બંધન, રોગ, શોક, દરિદ્રપણાના તેમજ અપમાનાદિના અનેક દુઃખો, મનુષ્યપણું પ્રાપ્ત થયે છતે અનેકવાર તેણે અનુભવ્યા. ॥૨૪-૨૫॥ દેવદ્રવ્યના ભક્ષણથી દેવપણું પ્રાપ્ત થયે છતે પણ અલ્પ ઋદ્ધિવાળા હલકા દેવલોકમાં ઉત્પન્ન થવાનું તેને પ્રાપ્ત થયું. ॥૨૬॥ આવા પ્રકારના દુઃખોને અનુભવવા વડે તે કર્મની નિર્જરાને કરતો આ જ જંબૂદ્વીપમાં સંકાશનો આત્મા **तगर** નામની નગરીમાં શ્રેષ્ઠીના પુત્રપણે થયો. તે કર્મના અંશના ઉદયના કારણે તેનો પિતા પણ દરિદ્રી થયો. ॥૨૭-૨૮॥ તેથી લોકો વડે તે નિંદા કરાતો કે નિર્ભાગ્યની ભૂમિ એવા આ પુત્રના જન્મવાથી શ્રેષ્ઠી પિતા પણ નિર્ધનોમાં શિરોમણિ કરાયો. ॥૨૯॥ બાલ્યપણામાં પણ ખરેખર જેની આ પ્રકારની અભાગ્યની સમર્થતા છે તો વળી ઉંમરલાયક થયેલા તેની ભાગ્યદશા કેવી થશે ? ॥૩૦॥

પિતાની લક્ષ્મીરૂપી રાજહંસીના દેશનિકાલ માટે મેઘના આગમન જેવો તે તેથી દરિદ્રપણાને ખેંચનાર માંત્રિક સમાન તે સર્વ ઠેકાણે વિખ્યાત થયો. ॥૩૧॥ હવે એકવાર પોતાની વહાલી એવી લક્ષ્મીના વિયોગને નહીં સહન કરનારની જેમ તેના પિતાએ જીવિતને ત્યજ્યું. ॥૩૨॥ ત્યાર પછી નીચ કર્મોને આચરતા શ્રેષ્ઠિપુત્રે કોઈ રીતિએ પેટપૂરતા ભોજનને પણ તેણે પ્રાપ્ત ન કર્યું. ॥૩૩॥ વળી પ્રાર્થના કરાતો પણ પૂર્વભવમાં બાંધેલા કર્મથી ખોટા ચિહ્નને પામેલાની જેમ ક્યાંય પણ જરા સરખું પણ પ્રાપ્ત ન થયું. ॥૩૪॥ ત્યારબાદ તેણે વિચાર્યું કે પોતાનું પણ પેટ ન ભરી શકનાર એવા મને ધિક્કાર થાઓ. જે જગતની કુક્ષિને ભરનારા પુરુષોમાં ઉત્તમ એવા તે ધન્ય છે. ॥૩૫॥ આ પ્રમાણે નિંદાને પામતો, ખેદને પામતો હંમેશાં મોટા રોગીની જેમ જીવિતના ત્યાગને ઇચ્છતો હતો. ॥૩૬॥ એવામાં ત્યાં પોતાના ચરણો વડે પૃથ્વીને પવિત્ર કરતા ત્રણે લોકમાં સૂર્ય સમાન કોઈક કેવળજ્ઞાની મુનિ ભગવંત પધાર્યા. ॥૩૭॥ ત્યાં દેવોએ હજાર પાંદડીવાળું સુવર્ણ કમલ બનાવ્યું. રાજહંસની જેમ નિર્મલ એવા કેવળજ્ઞાની ભગવંત તેના ઉપર બેઠા. ॥૩૮॥ ધર્મોપદેશરૂપી કરિયાણાઓથી પૂરાયેલા મોટા વહાણની જેમ તે કેવળજ્ઞાનીને આવેલા જાણીને ભક્તિ-વિનયાદિથી યુક્ત કરિયાણાને ગ્રહણ કરવા માટે સર્વ નગરના લોકો ક્ષણ માત્રમાં ત્યાં આવ્યા. ॥૩૯-૪૦॥ પરસ્પરના વાર્તાલાપથી મોટી ખ્યાતિ થઈ કે ભૂત, ભાવિ, વર્તમાનને જાણનાર કોઈક મુનિ અહીં આવ્યા

છે. ॥૪૧॥ તે સાંભળીને શ્રેષ્ઠિપુત્ર એવો સંકાશનો જીવ પણ, તેમને વંદન કરવાને માટે પોતાના દુષ્કૃતના ઉપાયને પૂછવા માટે આવ્યો. ॥૪૨॥ ત્યારબાદ પ્રાણીઓના ભવરૂપી તાપના રોગને હરણ કરવા માટે નવા મેઘની જેમ સદ્ધર્મ દેશનાવાળી વૃષ્ટિનો સાધુએ પ્રારંભ કર્યો. ॥૪૩॥ અનંત ભવરૂપી અરણ્યમાં ભમતા પ્રાણીઓનું જે જેના વડે મેળવાયું હોય તેને કોઈ પણ, ક્યારે પણ, કંઈક પણ હરણ કરી શકયું નથી. ॥૪૪॥ અહીં મનુષ્યોને જે અદ્ભુત એવું શુભ કે અશુભ થાય છે, તે સર્વ પૂર્વભવે ઉપાર્જન કરેલા કર્મનું ફળ છે, તે જાણો. ॥૪૫॥ એટલામાં તે પ્રસ્તાવને જાણીને અંજલિ જોડેલા શ્રેષ્ઠિપુત્રે મુનિને વિનંતી કરી. ॥૪૬॥ હે સ્વામી ! પૂર્વભવમાં મેં એવું કયું કલુષિત કર્મ ઉપાર્જન કર્યું છે કે જેથી હે પ્રભો ! સ્વપ્નમાં પણ જન્મથી માંડીને સુખ મેં જોયું નથી. ॥૪૭॥ સર્વ જનોની સમક્ષ સાધુ વિસ્તારપૂર્વક સંકાશના જન્મથી માંડીને તેના બધા જ પૂર્વભવો કહીને. ॥૪૮॥

કહે છે - હે મહાભાગ ! દેવદ્રવ્યના ભક્ષણથી પૂર્વભવમાં અને આ ભવમાં તને કટુ વિપાકો થયા છે. ॥૪૯॥ તે સાંભળીને સંવેગથી રંગાયેલા લોચનવાળો તેણે પોતે કરેલા પાપોની ગર્હા કરવાનો પ્રારંભ કર્યો. ॥૫૦॥ ધિક્કાર હો કે દુર્બુદ્ધિ અનાથ પાપને કરનારો પાપાત્મા હું છું. પાછો લજ્જા વગરનો, મર્યાદાહીન, નપુંસક, પોતાના કુળને દૂષિત કરનાર ધૂળ સમાન છું. ॥૫૧॥ મનુષ્ય જન્મને મેળવીને અને અરિહંતના ધર્મને જાણીને, સુસાધુની સેવાથી સિદ્ધાંતોના સારને સાંભળીને પણ જે હું લોભથી અભિભૂત થયેલા, મૂઢ ચિત્તવાળા, નરાધમ એવા મેં દેવદ્રવ્યના ભક્ષણથી આવા પ્રકારના દુઃખના વિપાકને ભોગવ્યું. ॥૫૨-૫૩॥ હે સ્વામિન્ ! મારા ઉપર મહેરબાની કરો. કોઈ પણ ઉપાયને કહો, જેથી અતિ દારૂણ એવા રૌદ્ર દુષ્કર્મને હું ખપાવું. ॥૫૪॥ ત્યારબાદ મુનિ બોલ્યા : હે કલ્યાણકારી ! જો તને આ દુષ્કર્મથી તરવાની ઇચ્છા છે, તો તારી જે સંપત્તિ છે તેને સ્વયં ચૈત્યોમાં વાપર. ॥૫૫॥ ત્યારે જ તે મહામુનિની પાસે વૈરાગ્યથી વાસિત મનોવૃત્તિવાળા, સદ્બુદ્ધિવાળા એવા તેણે અભિગ્રહ ગ્રહણ કર્યો. ॥૫૬॥ **હે સ્વામી ! પેટ પૂરતું ભોજન તેમજ ઢાંકવા પૂરતું વસ્ત્ર આથી અધિક જે ધન મને મળશે તેને હું ચૈત્યોમાં વાપરી કાઢીશ. ॥૫૭॥** શુદ્ધ મનથી જ્યારે તેના વડે અભિગ્રહ ગ્રહણ કરાયો ત્યારે ધન વડે પણ તેની સન્મુખ જોવાયું. ॥૫૮॥ ત્યારે ધનની સંપત્તિને જોઈને આશ્ચર્ય ચકિત તેણે વિચાર્યું કે અહો ! ધર્મના માહાત્મ્યથી જ તે મારું કર્મ દૂર થશે. ॥૫૯॥ જન્મથી જ આરંભીને ખરાબ અન્ન મને સૂંઘવા પણ મળ્યું નથી. એવો હું આજે આ ધનને જોઉં છું (મારી પાસે ધન આવ્યું છે.) અન્ય કોનું તે ફળ હોય ? ॥૬૦॥ ત્યારબાદ ધર્મ ઉપર વિશેષ શ્રદ્ધાવાળા, જેની રોમરાજી વિકસ્વર થઈ છે એવા તેણે ચૈત્યોમાં હર્ષપૂર્વક સ્નાત્રપૂજા વગેરે કરી. ॥૬૧॥ ત્યારબાદ અટ્ઠાઈ મહોત્સવ તેમજ જિર્ણોદ્ધાર પણ કરાવ્યો. દરેક ચૈત્યમાં કલશ તેમજ આરતી વગેરે પણ કરાવી. ॥૬૨॥ આ પ્રમાણે સંકાશ જીવ જે શ્રેષ્ઠિપુત્ર જેમ જેમ ચૈત્યોમાં હંમેશાં પોતાના ધનને વાપરે છે, તેમ તેમ ધન અધિકાધિક વૃદ્ધિ પામે છે. ॥૬૩॥ ત્યારબાદ ઘણા ધન વડે તેણે નવા ચૈત્યો કરાવ્યા. હવે ઉન્નતિથી તે ચૈત્યો ઊંચા કૈલાશનું અનુકરણ કરતા હતા. ॥૬૪॥ સર્વ સંપૂર્ણ લક્ષણ યુક્ત તેમજ કહેલી વિધિપૂર્વક તે ચૈત્યોમાં અરિહંતની પ્રતિમાને તેણે સ્થાપન કરી. કહ્યું પણ છે કે અવિધિપૂર્વક કરાયેલું કાર્ય કલ્યાણને માટે થતું નથી. ॥૬૫॥ દેવદ્રવ્યના ઉપભોગના દુર્વિપાકના ફળોને અનુભવેલા પાપભીરૂ એવા તેણે ક્યાંય લેશ માત્ર પણ દેવદ્રવ્યનો નાશ કર્યો નહિ. (સંપૂર્ણ કાળજી રાખી.) ॥૬૬॥ શુદ્ધ બુદ્ધિવાળા એવા તેણે તે અભિગ્રહને સારી રીતે પાળ્યો. યાવત્ જીવ સુધી અવિરત તેણે કર્યું. ક્યાંય પણ અતિચાર ન લગાડ્યો. ॥૬૭॥ અત્યંત

આદરવાળા સદ્‌બુદ્ધિવાળા એવા તેણે ધન દ્વારા બીજા પણ ચૈત્યોની રક્ષા કરી. તેની વ્યાજ, ધન વગેરેથી વૃદ્ધિ કરી. ॥૬૮॥ પૂર્વે બાંધેલા પાપકર્મ મળને ત્યારે તે તે ધર્મક્રિયાથી ઉત્પન્ન થયેલા સંવેગ રસની ઊર્મિ વડે ધોયા. ॥૬૯॥ સંકાસ જન્મમાં એકઠા કરેલા પ્રબળ એવા ઉગ્ર કર્મમળને ધોતા, નિર્મળતાને પ્રાપ્ત કરતા એવા શ્રેષ્ઠિપુત્રે અંતે સમ્યક્ સમાધિને સાધતા દેવલોક પ્રાપ્ત કર્યો. ॥૭૦॥ આ કથાનકને સાંભળીને હમણાં દેવદ્રવ્યના ભક્ષણનો ત્યાગ સર્વ લોકોએ કરવો જોઈએ. સુસત્ત્વશાળી, જાણ્યું છે અરિહંત પરમાત્માના ધર્મનું તત્ત્વ જેણે એવા સર્વ જીવો વડે પ્રયત્નપૂર્વક જિનમંદિરનું રક્ષણ કરવા યોગ્ય છે, તેમ જ તેનું ધન અત્યંત રીતે વધારવા યોગ્ય છે કે જેના વડે પ્રથમ સ્વર્ગ અને મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરાય છે. ॥૭૧॥ દેવદ્રવ્યના ભક્ષણ, રક્ષણ, તેમજ વધારનારના ફલને બતાવતા એવા સંકાશ જીવનું કથાનક સમાપ્ત થયું. ॥૭૨॥

॥ એ પ્રમાણે પૂજ્યશ્રી ચક્રેશ્વરસૂરિ મ. વડે આરંભ કરાયેલી તેમના પ્રશિષ્ય શ્રી તિલકાચાર્યે પૂર્ણ કરેલ સમ્યક્ત્વ વૃત્તિમાં પ્રથમ દેવતત્ત્વ વિચારાયું. ॥

॥ ધર્મતત્ત્વ ॥

દેવતત્ત્વને કહ્યું. દેવ, ભવ્ય જીવોના બોધને માટે ધર્મનો ઉપદેશ આપે છે આ સંબંધથી આવેલું અને મૂળ દ્વારા ગાથાના ક્રમથી પ્રાપ્ત થયેલું ધર્મતત્ત્વનું હમણાં વિવરણ કરાય છે.

તેની પ્રથમ ગાથા :

जीवदयसच्चवयणं, परधणपरिवज्जणं सुसीलं च ।
खंती पंचिंदिय-निग्गहो य धम्मस्स मूलाइं ।।१।।६१।।

ગાથાર્થ :- જીવદયા, સત્યવચન, પરધનનો ત્યાગ, સારું શીલ, ક્ષમા - પાંચે ઇન્દ્રિયનો નિગ્રહ, આ ધર્મનું મૂળ છે. ॥૧॥

ટીકાર્થ :- સ્પષ્ટ છે. ચ થી પરિગ્રહનું પરિમાણ કરવું તે પણ લઈ લેવું. ક્ષમા એટલે ક્રોધનો નિગ્રહ, ક્ષાન્તિના કહેવાથી શેષ બીજા કષાયનો નિગ્રહ પણ જાણી જ લેવો. પોતાની પાંચે ઇન્દ્રિયનો નિગ્રહ એટલે વિજય. ગૃહસ્થધર્મ અને યતિધર્મના ભેદથી ધર્મ બે પ્રકારે છે. ॥૧॥૬૧॥

અભ્યાસ કરેલો ગૃહસ્થધર્મ પ્રાયઃ યતિધર્મને યોગ્ય થાય. તેથી શરૂઆતમાં ગૃહસ્થધર્મ કહીએ છીએ.

सम्मत्तमूलमणुवय-पणगं तिन्नि उ गुणव्वयाइं च ।
सिक्खावयाइं चउरो, बारसहा होई गिहिधम्मो ।।२।।६२।।

ગાથાર્થ :- સમ્યક્ત્વ મૂલ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, આ પ્રમાણે ૧૨ પ્રકારનો ગૃહસ્થધર્મ છે. ॥૨॥૬૨॥

હવે બાર વ્રતના નામો કહે છે :

पाणिवह मुसावाए, अदत्तमेहुणपरिग्गहे चेव ।
दिसिभोग दंड समइय, देस तह पोसहविभागे ।।३।।६३।।

ગાથાર્થ : પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, પાંચ અવ્રતનો ત્યાગ, દિશા, ભોગોપભોગ, અનર્થદંડનું વિરમણ સામાયિક, દેશાવગાસિક, પૌષધ, અતિથિ સંવિભાગ. ॥૩॥૬૩॥

ટીકાર્થ : સૂત્ર સૂચન કરનારું હોવાથી પ્રાણાતિપાતથી અટકવું, મૃષાવાદથી અટકવું, અદત્તાદાનથી અટકવું. મૈથુનથી અટકવું, પરિગ્રહથી અટકવું, દિશાનું પરિમાણ કરવું. ભોગોપભોગથી અટકવું, અનર્થદંડથી અટકવું. સામાયિક, દેશાવગાસિક, પૌષધ, અતિથિ સંવિભાગ - આ પ્રમાણે બાર વ્રતો છે. આ વ્રતના પરિપાલન ઉપર ફળને બતાવતા એકેકની કથા કહે છે. તેમાં પહેલા વ્રતના પરિપાલન ઉપર **મેતાર્ય ઋષિની કથા.** તે આ પ્રમાણે :

પ્રથમ વ્રત ઉપર મેતાર્ય કથા

અહીં લક્ષ્મીના સંકેતઘર સમાન સાકેત નામનું નગર છે કે જેની લક્ષ્મી વડે પરાભવ પામેલી અમરાવતી (દેવોની નગરી) અદૃશ્ય થઈ ગઈ. ॥૧॥ ધર્મમાં જ એક તત્પર તેમજ વૈરીઓ ઉપર પણ ગુરુની જેમ કોમળ

ભાવને ધારણ કરતો **ચંદ્રાવતંસક** નામનો રાજા હતો. ॥૨॥ વિશાળ અંતઃપુરમાં તેને પ્રાણને વલ્લભ મુખ્ય બે રાણી હતી. એકનું નામ **સુદર્શના** અને બીજી **પ્રિયદર્શના.** ॥૩॥ આકાશરૂપી લક્ષ્મીના સૂર્ય અને ચંદ્રની જેમ પહેલી રાણીને બે પુત્રો હતા. તેમાંથી મોટો યુવરાજ પદને શોભાવનાર **સાગરચંદ્ર** નામે કુમાર હતો. ॥૪॥ પોતાના પિતા પાસેથી પ્રાપ્ત થયેલું છે ઉજ્જયિનીનું રાજ્ય જેને એવો વળી ચંદ્ર સમાન ઉજ્જ્વળ ગુણની ખાણ જેવો નાનો **મુનિચંદ્ર** નામે પુત્ર હતો. ॥૫॥ બીજી મહારાણીને પણ બે પુત્રો હતા. મોટાનું નામ **બાલચંદ્ર** અને નાનાનું **ગુણચંદ્ર** નામ હતું. ॥૬॥ નિર્મળ વસ્ત્રને જેમ ધૂપથી વાસિત કરે તેમ તે રાજાનું સમસ્ત કુટુંબ જિનધર્મથી વાસિત હતું. ॥૭॥ એક વખત મહા મહિનામાં પોતાના મહેલમાં નિષ્કંપ એવા ચંદ્રાવતંસક રાજા કાયોત્સર્ગમાં રહ્યા. ॥૮॥ પડદાની પાછળ રહેલો દીપક જ્યાં સુધી બુઝાશે નહિ ત્યાં સુધી કાયોત્સર્ગ નહિ પારું, એવા પ્રકારનો અભિગ્રહ તેણે કર્યો. ॥૯॥ હવે રાત્રિના પ્રથમ પ્રહર માત્ર વડે ઓલવાવાની તૈયારીવાળો દિપક હોતે છતે, અંધકારમાં સ્વામીને અરતિ ન થાવ એ હેતુથી દીવો કરનારીએ બીજું તેલ પૂર્યું. ॥૧૦॥ જેમ દીપ સંબંધી જ્યોતિ વિશેષ પ્રકારે દીપી ઊઠી. તે જ રીતે રાજાનું પણ ધર્મધ્યાન વિશેષ પ્રકારે દીપી ઊઠ્યું. ॥૧૧॥ વેપારી ખેડૂત પાસેથી ધાન્યને ગ્રહણ કરતો ઘી આદિ સ્નેહ દ્રવ્યો વડે તે ખેડૂતને પૂરે તેમ દરેક પ્રહરને અંતે દીપ કરનાર દાસીએ સ્નેહપૂર્વક નવું નવું ઘી પૂર્યું. ॥૧૨॥ ત્યારે દરેક ક્ષણે રાજા પોતાના મનથી સંસાર સંબંધી સમસ્ત રાગને ઉતારતા હતા. ॥૧૩॥ દીપકની જ્યોતિ ત્યારે સ્નેહની વૃદ્ધિની જેમ વધતી હતી. રાગ (સ્નેહ)નો ક્ષય થવાથી રાજાની ધ્યાનની જ્યોતિ પણ વધતી હતી. ॥૧૪॥ અનુરાગવાળી સ્ત્રીની જેમ ત્યારે અત્યંત સુકુમાળ અને મનોહર એવું રાજાનું શરીર વેદના વડે આલિંગિત કરાયું. ॥૧૫॥ શરીરથી અસહિષ્ણુ પણ દૃઢ ચિત્તવાળા રાજાએ ગૃહસ્થ હોતે છતે પણ મહાત્માની જેમ તે વેદનાને સહન કરી. ॥૧૬॥ સાત્ત્વિક એવા તેણે વેદનાની પીડામાં પણ અભિગ્રહને ભાંગ્યો નહિ. સંકટમાં પણ મહાત્માઓ સ્વીકારેલી પ્રતિજ્ઞાનો શું ત્યાગ કરે ? અર્થાત્ ન જ કરે. ॥૧૭॥ રાત્રિના અંતિમ પ્રહરે પ્રભાત થતા પરિપૂર્ણ આયુષ્યવાળો ચંદ્રાવતંસક રાજા મરીને દેવલોકમાં ઉત્પન્ન થયો. ॥૧૮॥ હવે સામંતો, મંત્રીઓ સર્વે એકઠા થઈને સાગરચન્દ્રનો રાજ્યાભિષેક કરવાનો પ્રારંભ કર્યો. ખરેખર ન્યાયમાર્ગને કોણ ન આચરે ? ॥૧૯॥ સામ્રાજ્ય માટે નિઃસ્પૃહ એવા તેણે અપરમાતાને કહ્યું કે હે રાજમાતા ! ઉગતા ચંદ્રના ઉદયવાળો બાલચંદ્ર જ રાજા થાવ. ॥૨૦॥ તેણીએ પણ કહ્યું કે રાજ્યલક્ષ્મી પ્રૌઢને માટે છે. જ્યારે બાલચંદ્ર તો હજુ બાળક છે. તેથી ઊંટડી અને બળદને જોડવું યોગ્ય નથી. ॥૨૧॥ હે વત્સ ! સર્વ પુત્રોમાં ઉંમરથી તું જ મોટો છે. તેથી ઉપસ્થિત એવી આ રાજ્યલક્ષ્મીને તું જ વહન કર. ॥૨૨॥ અનિચ્છાવાળા એવા તેને બધાએ ભેગા મળીને રાજગાદી પર સ્થાપન કર્યો. પ્રતાપ વડે તે દુઃખેથી સહન કરાય તેવા ગ્રીષ્મ ઋતુના સૂર્ય જેવો થયો. ॥૨૩॥ (આવતી જતી) અધિકાધિક ઋદ્ધિ વડે શોભતા ઇન્દ્રના જેવા સાગરચંદ્ર રાજાને જોઈને એક વખત અપર માતાએ વિચાર્યું કે ખરેખર પોતાના પુત્રની વૈરી એવી મને ધિક્કાર થાઓ. હા હા કે જ્યારે મારા પુત્રને રાજ્ય આપતા હતા, ત્યારે મેં નિષેધ કર્યો. ॥૨૪-૨૫॥ હમણાં આ રાજા છે અને પછી તેનો પુત્ર રાજા થશે. આ પ્રમાણેના રાજ્યના ક્રમની સંભાવના છે. ॥૨૬॥ તેથી જો હમણાં કેમે કરીને આનો સંહાર કરું કે જેથી મારા પુત્ર ઉપર રાજ્યલક્ષ્મી અનુરાગી થાય (મારા પુત્રને રાજ્યગાદી મળે.) ॥૨૭॥

હવે ડાકિની જેવી તેણી તેના છિદ્ર શોધવામાં રક્ત હતી અને ત્યારે સાગરચંદ્ર તો લોકોના આગ્રહથી રાજ્યનું સંચાલન કરતો હતો. ॥૨૮॥ એક વખત રાજા બગીચામાં બગીચાની સંપત્તિ જોવા માટે ગયો અને દાસીને રસોઈયા પાસે સવારના નાસ્તા માટે મોકલી. ॥૨૯॥ એકાએક રસોઈયાને પણ મનમાં વિચાર આવ્યો

કે કાળ ઘણો પસાર થયો છે. રાજાને ભૂખ પીડા ન આપે. ॥૩૦॥ તેણે કલ્પવૃક્ષના ફળ સરખા અદ્‌ભુત એવા લાડવા રાજાને સવારના નાસ્તા માટે દાસીને આપ્યા. ॥૩૧॥ દાસીના હાથમાં તે લાડવાને જોઈને પ્રિયદર્શનાએ વિષથી મિશ્રિત હાથ વડે લાડવાને ગ્રહણ કરીને ક્ષણમાત્ર હાથમાં આમતેમ કરીને બોલી કે અહો ! આ લાડવાની સુગંધ કેવી સરસ છે, એમ કરી સૂંઘીને દાસીને આપ્યો અને દાસીએ પણ જલદીથી જઈને રાજાને સમર્પણ કર્યો. ॥૩૨-૩૩॥ તેને ગ્રહણ કરીને રાજાએ વિચાર્યું કે હું એકલો જ કેમ આને ખાઉં ? મારા (સાવકી માતાના પુત્રો) બે નાના ભાઈઓ જે ભૂખ્યા છે. ॥૩૪॥ તેથી જલદીથી તેના બે ભાગ કરીને તે બંને ભાઈઓને રાજાએ આપ્યા. અમૃતથી પણ સ્વાદિષ્ટ એવા લાડવાને, ખુશ થઈને તેમણે ખાધા. ॥૩૫॥ અને ત્યારે જ વિષના આવેગથી તે બંને મૂર્ચ્છિત થયા. સંભ્રાન્ત બનેલા રાજાએ વૈદ્યોને તેડાવ્યા. ॥૩૬॥ ૧૬ કેરેટનું સુવર્ણ તે બંનેને પીવડાવ્યું. તાંત્રિકથી ખેંચાયેલી ડાકણની જેમ વિષની મૂર્ચ્છા દૂર થઈ. ॥૩૭॥ હવે રાજાએ દાસીને પૂછ્યું, આ ચેષ્ટા કોની છે ? સાચું બોલ. તેણીએ કહ્યું, હે દેવ ! કંઈક સોગંદ હું કરું, પછી કહું. ॥૩૮॥ હે નાથ ! તમારી અપર માતાએ મારા હાથમાંથી આ મોદક લઈને ચારે બાજુથી જોઈને, સૂંઘીને, વખાણ કરીને મને પાછો આપી દીધો હતો. ॥૩૯॥ ત્યારબાદ રાજાએ વિચાર્યું કે આ તેણીનું જ પ્રગટપણું છે, જે કારણથી ખરેખર અપર માતાની આવા પ્રકારની લીલા છે. ॥૪૦॥ તેણીને પણ રાજાએ પૂછ્યું કે શું આ રાજ્યને માટે આવા પ્રકારની કરનારી તું છે ? જો નથી તો ત્યારે અપાતા રાજ્યને કેમ ગ્રહણ ન કર્યું ? ॥૪૧॥ હમણાં પણ જો રાજ્યની સ્પૃહા છે તો મને કેમ જણાવતી નથી ? કેમ કે આસક્તિથી હું રાજ્ય ભોગવતો નથી, પરંતુ લોકોના આગ્રહથી રાજ્ય મારે સંભાળવું પડે છે. ॥૪૨॥ વળી સદ્ધર્મરૂપી ભાથા વગરનો શરણ સ્વીકાર્યા વગર જો પાપી એવો હું મરી ગયો હોત તો. ॥૪૩॥ નમસ્કાર મંત્રને પણ નહિ પ્રાપ્ત કરીને અનાર્ય જેવો હું ક્ષણવારમાં દુર્ગતિ મેળવીને અનંત એવા સંસારમાં ભટકત. ॥૪૪॥ આ પ્રમાણે તેણીને ઉપાલંભ (ઠપકો) આપીને તેના પુત્રને સ્વયં રાજ્ય ઉપર બેસાડીને નવા ઉગેલા અંકુરાની જેમ અદ્‌ભુત વૈરાગ્યવાળા એવા તેણે ઘણા પ્રકારે દ્રવ્યસ્તવને કરીને અને સમસ્ત લોક સમૂહને ખમાવીને મોક્ષના અભિલાષી એવા **સાગરચંદ્ર રાજાએ** સુગુરુની પાસે **વ્રત** (દીક્ષા)ને ગ્રહણ કર્યું. ॥૪૬॥

હવે શાસ્ત્રાભ્યાસ ભણીને સાધ્વાચારને સારી રીતે પાળતા તીવ્ર તપને તપતા ગુરુની સાથે તે વિહાર કરતા હતા. ॥૪૭॥ એક વખત ઉજ્જયિની નગરીથી બે સાધુ ભગવંત આવ્યા. તે સાધુ ભગવંતને તેમણે પૂછ્યું કે શું ત્યાં સુખપૂર્વક સાધુઓનો વિહાર વગેરે થાય છે ને ? ॥૪૮॥ ત્યારે તે બે સાધુઓએ કહ્યું કે ત્યાં સાધુઓને સુખ છે, દુઃખ નથી અને સાધુ પ્રાયોગ્ય સર્વ વસ્તુઓ પણ સુલભ છે. ॥૪૯॥ કેવલ પ્રત્યનીક એવો **રાજાનો પુત્ર** અને **પુરોહિતનો પુત્ર** બંને પણ મુનિઓને ઉપસર્ગ કરે છે. ॥૫૦॥ તેથી કોઈ પણ સાધુ તેના ઘરે ક્યારે પણ જતા નથી. પાંખડીઓ અને બીજા પણ તેના ઉપસર્ગથી ડરેલા જતા નથી. ॥૫૧॥ તે સાંભળીને રાજર્ષિ એવા તે મુનિ ગુરુની આજ્ઞાથી ગુસ્સાપૂર્વક દુર્વિનીત એવા તે બંનેને શિક્ષા કરવા માટે ઉજ્જયિની નગરી તરફ ગયા. ॥૫૨॥ ત્યાં એક ગચ્છમાં તે ઉતર્યા પછી લાંબા સમય થાક ઉતાર્યા પછી તે સાધુઓ વડે કહેવાયું કે તમારા આહાર-પાણી લાવીએ. ॥૫૩॥ તેમણે કહ્યું કે તમારા વડે પોતાને માટે લાવવા યોગ્ય છે, હું આત્મલબ્ધિવાળો છું. ફક્ત મને સ્થાપના કુળો બતાવો. ॥૫૪॥ ત્યારે તેમને ક્ષુલ્લક મુનિએ હાથ વડે બતાવ્યા અને કહ્યું, રાજકુળની અંદર અને પુરોહિતના ઘરે જતા નહિ. ॥૫૫॥ ત્યારબાદ ક્ષુલ્લક મુનિ પાછા વળ્યાં. રાજર્ષિ તો ત્યારે જ રાજકુળમાં જઈને મોટેથી ધર્મલાભ બોલે છે. ॥૫૬॥

હવે અંતઃપુરની રાણીઓ સંભ્રાન્તપૂર્વક બહાર નીકળીને મુનિને કહે છે કે, હા હા હે મુનિ ! મૌનપૂર્વક રહો. ઊંચા સ્વરે બોલો નહિ. ॥૫૭॥ કુમારને જણાવવા માટે ફરીથી મોટેથી મુનિ બોલે છે કે હે શ્રાવિકા, તું શું બોલે છે ? હું સાંભળતો નથી. ॥૫૮॥ મુનિના તે વચનો સાંભળીને બંને કુમારો જલદીથી આવ્યા. બંને હાથને ધારણ કરીને તે રાજર્ષિને ઉપર લઈ જઈને કહ્યું. ॥૫૯॥ હે મુનિ ! નૃત્ય કર. ત્યારે તેઓ બોલ્યા, તમે બંને વાજિંત્ર વગાડો. તે બંને વાજિંત્ર લાવીને વગાડવા લાગ્યા. ॥૬૦॥ મુનિએ પાત્રાને મૂકીને ચોળપટ્ટાને દૃઢ બાંધીને (કછોટો કરીને) નાટકમાં નટની જેમ નાટ્યકળામાં હોંશિયાર એવા મુનિએ નૃત્ય કર્યું. ॥૬૧॥ અજ્ઞાનપણાથી તે બંને પાટા પરથી ઉતરી ગયા. તે જાણીને મહાઋષિએ કહ્યું, અરે ! વગાડવાનું તમે જાણતા નથી અને મને નૃત્ય કરવાનું કેમ કહો છો ? ॥૬૨॥ ત્યારબાદ રોષથી તે બંનેને લાફો લગાવીને જેમ અન્ય વડે ન ચડાવી શકાય તે રીતે અંગોને ઉતારી નાંખ્યા. ॥૬૩॥ આ પ્રમાણે કરીને રાજર્ષિ નગર બહાર ઉદ્યાનમાં જઈને શુદ્ધ ભૂમિ પર બેસીને સ્વાધ્યાય વગેરે કરવા લાગ્યા. ॥૬૪॥ હવે રાજા જમવા માટે બેઠો. જેટલામાં પુત્રને બોલાવે છે, તેટલામાં તો કુમારના વૃત્તાન્તને સેવકો પાસેથી જાણ્યો. ॥૬૫॥ હવે ઊઠીને રાજાએ અંગમર્દકોને બોલાવ્યા. જેમ જેમ ઉપચાર કરે છે, તેમ તેમ તે બંનેને અધિક પીડા થાય છે. ॥૬૬॥ હવે રાજાએ ઉપાશ્રયમાં જઈને સાધુને શોધ્યા. તેઓએ કહ્યું કે અમારામાંથી કોઈ પણ સાધુ તમારા ઘરમાં આવ્યા નથી. ॥૬૭॥ પરંતુ મહેમાન સાધુ આવ્યા હતા. તે જાણતા ન હોવાથી કદાચિત્ તે તમારે ત્યાં આવ્યા હશે. હજુ સુધી પણ તે સાધુ અત્રે આવ્યા નથી. તેથી શોધીને તેને પૂછો. ॥૬૮॥

ત્યારબાદ ચારે બાજુએ રાજપુરુષોને શોધવા મોકલ્યા. સાધુને જોઈને રાજાને કહ્યું, રાજા સ્વયં ત્યાં આવ્યો. ॥૬૯॥ રાજર્ષિને જોઈને જલદીથી ભાઈને ઓળખીને ભક્તિ-લજ્જા વડે વિનમ્ર એવો રાજા ઋષિને નમ્યો. ॥૭૦॥ ધ્યાન સંહરીને રાજર્ષિએ રાજાને ઠપકો આપ્યો. હે રાજન્ ! મહાકુલીન તું છે. તારા વડે કુલ ઉજવાળાયું. ॥૭૧॥ સુસાધુઓની આપના પુત્રો વડે કરાયેલી આવા પ્રકારની પૂજા વડે તારી કીર્તિ જગતમાં એવી ફેલાઈ છે કે, આવા પ્રકારની બીજા કોઈની નથી. ॥૭૨॥ રાજાએ કહ્યું, મારો આ અપરાધ મોહથી થયો છે. હું કુબુદ્ધિવાળો થયો છું. તેથી હે ભાઈ ! આ સર્વની એકવાર મને ક્ષમા આપ. ॥૭૩॥ જલદીથી દયાવાળા થઈને આ કુમારોને જીવાડો. ઋષિએ કહ્યું, ત્યારે જ જીવાડું કે તે બંને જો દીક્ષાને ગ્રહણ કરે. ॥૭૪॥ હે રાજન્ ! તારી જેમ હું સુતની ઉપેક્ષા કેમ કરું ? ચંદ્રાવતંસક કુળના કલંકને સહન કરવામાં હું અસમર્થ છું. ॥૭૫॥ રાજાએ કહ્યું, હે ભાઈ ! પોતાની ઈચ્છા મુજબ આવીને, જીવતા કરીને, દીક્ષા આપો. જે કારણથી ચંદ્રાવતંસકના સ્થાને તમે જ અમારા સ્વામી છો. ॥૭૬॥ ત્યારબાદ મુનિએ રાજાની સાથે ત્યાં આવીને બંને કુમારોને પૂછ્યું. જો જીવવા ઇચ્છતા હો તો દીક્ષાને ગ્રહણ કરો. ॥૭૭॥ હવે રાજર્ષિએ તે બંનેના અંગોને પોતપોતાના સ્થાનમાં કરી દીધા. તત્કાલ જ ત્યાં જ તે **બંનેને દીક્ષા આપી.** ॥૭૮॥

શુદ્ધ બુદ્ધિવાળા ભાઈના પુત્રે દીક્ષાને પાળી અને મનમાં પણ ધન્ય માનતો મહાત્મા વિષે વિચાર્યું કે જો કાકા મુનિએ મને પ્રતિબોધ ન પમાડ્યો હોત તો ધર્મનો પ્રત્યનીક (દુશ્મન) એવો હું ભવરૂપી સમુદ્રમાં પડત (ડૂબત). ॥૮૦॥ બ્રાહ્મણ એવો પુરોહિતનો પુત્ર મુનિ ક્રિયા (સાધુ ચર્યા) પર જરાક જુગુપ્સાવાળા એવા તેણે દીક્ષાને પાળી. ॥૮૧॥ અને મનમાં વિચાર્યું કે આ પ્રકારે કપટ નાટક કરીને કેમ આ રાજર્ષિએ બળાત્કારે મને દીક્ષા આપી ? ॥૮૨॥ અનુક્રમે બંને જણા મરીને સ્વર્ગમાં દેવ થયા. ત્યાં બ્રાહ્મણ દેવ અરિહંત ધર્મમાં દૃઢ થયો. ॥૮૩॥ તે બંને દેવોએ અંદરો અંદર સંકેત કર્યો કે આપણા બેમાંથી જે પહેલા ચ્યવે તેણે બીજાને પ્રતિબોધ પમાડવો. ॥૮૪॥

હવે પહેલાં જ બ્રાહ્મણદેવનો જીવ ચ્યવીને રાજગૃહ નગરમાં જુગુપ્સા કર્મના ઉદયથી મેતીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. ॥૮૫॥ તેણી હંમેશાં શ્રેષ્ઠીના ઘરનો કચરો વગેરે કાઢવાનું કામ કરતી હતી. તેથી લાંબા કાળે **ધનશ્રી** શેઠાણીની સાથે બહેનપણી જેવું થઈ ગયેલું. ॥૮૬॥ ખેદથી યુક્ત એવી શેઠાણીએ એક વખત **મેતીને** કહ્યું કે, હંસની જેમ તું ધન્ય છે કે તારા ખોળામાં પુત્ર રમે છે. ॥૮૭॥ મેતીએ કહ્યું કે હે શેઠાણી ! ખેદથી સર્યું. તું પણ ગર્ભિણી તો છે જ. તેણીએ કહ્યું કે, ગર્ભવતીપણું જ ખેદને માટે છે. કારણ કે, હું તો મરેલાને જન્મ આપનારી છું. ॥૮૮॥ મેતીએ કહ્યું, મારો પુત્ર હું તને આપીશ. તું ખેદ છોડી દે ! ત્યારબાદ શેઠાણીએ તેણીને ઘણા ભેટણા આપ્યા. ॥૮૯॥ ભાગ્યયોગે બંનેને પ્રસૂતિ એકી સાથે એક જ દિવસે થઈ. મેતીએ છાની રીતે પોતાનો પુત્ર શેઠાણીને આપ્યો. તેની મરેલી પુત્રીને લઈને પોતાના પતિને અશ્રુ સાથે (રડતા) જણાવ્યું કે, મને મરેલી પુત્રી જન્મી છે. તેણે પણ તેણીનો ત્યાગ કર્યો. ॥૯૧॥ શ્રેષ્ઠિના ઘરે પુત્ર જન્મનો મોટો મહોત્સવ થયો અને **મેતાર્ય** એ પ્રમાણે નામોત્સવ પણ કરાયો. ॥૯૨॥ મેતાર્ય ધીમે ધીમે વધવા લાગ્યો. સમસ્ત કળાઓ તે શીખ્યો. સ્વપ્ન વગેરે આપીને દેવ તેને પ્રતિબોધ પમાડતો હતો, પરંતુ તે પ્રતિબોધ પામ્યો નહિ. ॥૯૩॥ દેવના સાનિધ્યની જેમ તેની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થતી હતી. સ્વેચ્છાપૂર્વક મિત્રોની સાથે હંમેશાં દેવકુમારની જેમ રમતો હતો. ॥૯૪॥ એક વખત શ્રેષ્ઠિએ કુલીન એવી આઠ કન્યાઓ જાણે કે પૃથ્વી પર આવેલી અપ્સરાઓ ન હોય, તેની સાથે તેનો વિવાહ કર્યો. ॥૯૫॥ શુભ દિવસે ઉત્સવપૂર્વક નગરજનો તેમજ સ્વજનોના સમૂહની વચ્ચે મેતાર્ય શિબિકા ઉપર ચઢ્યો. તે કન્યાઓને પરણવા માટે બહાર નીકળ્યો. ॥૯૬॥ તે દેવ વડે ત્યારે મેતીનો પતિ અધિષ્ઠિત કરાયો. શોકગ્રસ્ત થયેલો આંસૂઓને મૂકતો આ પ્રમાણે બોલ્યો. ॥૯૭॥ હે પ્રિયે ! આજે જો પુત્રી મારી જીવતી હોત તો હું પણ તેણીનો વિવાહ કરાવત. ॥૯૮॥ ત્યારે મેતીએ પણ પોતાના પતિને પુત્રના વૃત્તાંતને કહ્યો. દેવના અનુભાવથી ગુસ્સે થયેલો તે મેતાર્ય તરફ દોડ્યો. ॥૯૯॥ કોઈના પણ વડે સ્ખલના નહિ પામતો "આ મારો પુત્ર છે," એ પ્રમાણે બોલતો જલદીથી મેતાર્યને ઉતારીને પોતાના ઘરમાં લઈ ગયો. ॥૧૦૦॥ અને ત્યારે જ ઘરરૂપી ખાડામાં નાંખીને કહ્યું, અરે ! વસ્ત્રોને વણ. જેમ તેનાથી ઉત્પન્ન થયેલા મૂલ્ય વડે પોતાની જાતિની સ્ત્રી તને પરણાવું. ॥૧૦૧॥ શ્રેષ્ઠિએ પણ શેઠાણીને કહ્યું કે આ શું ? તેણી પણ વિલખી પડી. નીચા મુખવાળી થઈ ત્યારે સર્વે લોકો પણ પોતપોતાના ઘરે ગયા. ॥૧૦૨॥ દેવે પણ મેતાર્યને કહ્યું કે હજુ પણ દીક્ષાની ઇચ્છા છે ? તેણે ના પાડી અને કહ્યું કે હું શું કરું ? તારા વડે મારી કેવી ફજેતી કરાઈ. ॥૧૦૩॥ હું પ્રતિષ્ઠાથી પડાયો છું. જગતને મુખ બતાવવા માટે શક્તિમાન નથી. કોઈના પણ મુખના દર્શન કરવા માટે પણ હું સમર્થ નથી. ॥૧૦૪॥ **હે દેવ ! પહેલાંની જેમ મને સ્થાનમાં મૂક અને શ્રેણિક રાજાની પુત્રીના મારી સાથે લગ્ન કરાવ. ॥૧૦૫॥ બાર વર્ષના અંતે હું સર્વ સંયમને ગ્રહણ કરીશ** અને સમસ્ત સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરીને સિદ્ધિવધૂની સ્પૃહાવાળો હું થઈશ. ॥૧૦૬॥ રત્નને આપનારો **બકરો** દેવે તેને આપ્યો અને કહ્યું, આ રત્નો વડે તું રાજા પાસેથી એની પુત્રીની માંગણી કર. ॥૧૦૭॥

ત્યારબાદ સવારના પશુએ છોડેલા રત્નો વડે થાળને ભરીને મેતને (પિતાને) કહ્યું કે તમે રાજા પાસે જઈને મારા માટે તેની પુત્રી માંગો. ॥૧૦૮॥ હવે રાજા પાસે જઈને મેતે રત્નનો થાળ ભેટણારૂપે કર્યો. એટલે રાજાએ પૂછ્યું કે હે મેત ! એવું શું મોટું કાર્ય છે કે જેથી આવા મોટા ભેટણાનું કાર્ય કરવું પડ્યું. ॥૧૦૯॥ તેણે કહ્યું, હે દેવ ! મારા પુત્ર માટે પોતાની પુત્રીને આપો. ત્યારે ક્રોધાન્ધ મનવાળા રાજા વડે હવે તે મેત તિરસ્કાર કરાયો. ॥૧૧૦॥ પુત્રની વાણીથી હંમેશાં રાજા પાસે જઈને રત્નોને ભેટણા કરીને

રાજપુત્રીની માંગણી મેત કરતો હતો. ॥૧૧૧॥ હવે **અભયે** કહ્યું કે હે મેત ! આટલા બધા રત્નો તું ક્યાંથી લાવે છે ? ચોરી કરીને મેળવ્યા છે કે ક્યાંય પણ નિધિ નીકળ્યો છે. ॥૧૧૨॥ મેતે કહ્યું કે હે સ્વામી ! રત્નોને આપતી વસ્તુ મારી પાસે છે. રાજાએ કહ્યું, હે મેત ! તે મને અર્પણ કર. તેણે પણ કહ્યું કે, હે દેવ ! ગ્રહણ કરો. ॥૧૧૩॥ ત્યારબાદ રત્નને આપનાર આ **બોકડો** છે. એમ કહીને રાજાની પાસે લાવીને રાજાને આપ્યો. રાજાએ તેને પોતાના વાસઘરમાં બાંધ્યો. ધનને આપનાર વસ્તુ કોને માન્ય ન થાય ? અર્થાત્ બધાને જ માન્ય થાય. ॥૧૧૪॥ ત્યારબાદ ત્યાં જ સર્પ, ગાય અને ઘોડાના મડદાથી પણ અધિક દુર્ગંધને કરનારી અને નરકના નમૂના સરખી દુર્ગંધવાળી વિષ્ટાને તે બોકડાએ કરી. ॥૧૧૫॥ દેવાધિષ્ઠિત પશુ છે, એમ જાણીને તે મેતને પાછો આપીને અભયે તેની પરીક્ષા કરવા માટે મેતને કહ્યું કે ॥૧૧૬॥ **રાજા વૈભાર પર્વત ઉપર પ્રભુને નમસ્કાર કરવા માટે જાય છે. તે માર્ગ કષ્ટદાયી છે. તે માર્ગ ઉપર રથ સુખપૂર્વક આરોહણ કરી શકે તેવો કર. ॥૧૧૭॥ આ રાજગૃહ નગરીમાં સુવર્ણનો કિલ્લો કરાવ. તારા પુત્રની શુદ્ધિને માટે આકાશમાંથી સમુદ્રને લવડાવ. ॥૧૧૮॥ ત્યારબાદ તેમાં સ્નાન કરીને શુદ્ધ થયેલા એવા તેને રાજા પોતાની પુત્રી આપશે. તે સર્વ વૃત્તાન્ત મેતાર્યને કહ્યો. ॥૧૧૯॥** મેતાર્યએ તે સર્વ દેવ પાસેથી કરાવ્યું. ત્યારબાદ સમુદ્રના લહરીમાં તેણે સ્નાન કર્યું. ॥૧૨૦॥ હવે રાજાએ પોતાની પુત્રી તેમજ આઠ વણિક પુત્રીઓ સાથે જ મેતાર્યનો વિવાહોત્સવ કરી જલદીથી શ્રેષ્ઠિને મેતાર્ય અર્પણ કર્યો. ॥૧૨૧॥ તે દેવના સાનિધ્યથી અત્યંત પ્રસિદ્ધિને પામ્યો. ઇન્દ્રની જેમ ૧૨ વર્ષ સુધી મેતાર્યે સુખને અનુભવ્યું. ॥૧૨૨॥

હવે બોધ પમાડવા માટે દેવ મેતાર્ય પાસે આવ્યો. મેતાર્યની સ્ત્રીઓએ ફરી બાર વર્ષ માંગ્યા અને દેવે આપ્યા. ॥૧૨૩॥ ૨૪ વર્ષના અંતે પત્ની સહિત **મેતાર્યે પરિવ્રજ્યા સ્વીકારી** અને નવપૂર્વી થયા. ॥૧૨૪॥ એકાકી વિહારની પ્રતિમાને સ્વીકારીને પૃથ્વી પર વિચરતા તપ વડે કર્મોને ખપાવતા એક વખત રાજગૃહ નગરમાં આવ્યા. ॥૧૨૫॥ ત્યાં વિચરતા મેતાર્ય મહાઋષિ ભિક્ષાને માટે અશાતાવેદનીયથી ખેંચાયેલાની જેમ **સોનીના** ઘરે ગયા. ॥૧૨૬॥ તે સોની શ્રેણિક રાજાની પરમાત્માની સ્વસ્તિક પૂજા માટે ૧૦૮ સોનાના જવલા હંમેશાં કરતો હતો. ॥૧૨૭॥ તત્કાલ ઘડેલા તે જવોને બહાર મૂકીને ત્યારે સોની કોઈ પણ પ્રયોજન માટે ઘરમાં ગયો. ॥૧૨૮॥ ત્યારે ત્યાં આવેલો ભૂખ્યો **ક્રૌંચ** પક્ષી જવલાઓને ધાન્ય માનતો ખાઈ ગયો. ॥૧૨૯॥ સોની આવ્યો અને જવલાઓને નહિ જોતાં ઉતાવળો (બેબાકળો) થયો. કારણ કે રાજાની મધ્યાહ્ન સમયની પૂજા સીદાશે. ॥૧૩૦॥ હા ! અવસરે (સમયે) જવલાઓને જો હું રાજાને નહીં મોકલીશ તો આજ્ઞા છે કે શ્રેષ્ઠ એવા આ રાજા મને ટુકડા કરાવી મારી નંખાવશે. ॥૧૩૧॥ ત્યારે ત્યાં મેતાર્ય વિના બીજો કોઈ માણસ આવ્યો નથી. સોનીએ ત્યારે મેતાર્યને પૂછ્યું કે, અહીં રહેલા જવલાઓ ક્યાં ગયા ? ॥૧૩૨॥ ત્યારે પ્રાણીઓ પર કરૂણાવાળા સત્ત્વશાળી એવા મહર્ષિએ વિચાર્યું કે જો હું જવલા લીધા નથી એમ કહીશ. ॥૧૩૩॥ તો પાપી, નાડીઓને તપાવતો, નિર્દય, આક્રોશવાળો અધમ એવો આ સોની એ ક્રોંચ પક્ષીને હણશે. ॥૧૩૪॥ આથી મારા જીવિત દ્વારા આ બિચારો જીવ હણાશે એમ મનથી વિચારીને મુનિએ મૌન સ્વીકાર્યું. ॥૧૩૫॥ દુર્બુદ્ધિવાળા અને અધમ એવા તેણે મુનિના મસ્તક પર ભીનું વાધર સુથાર જેમ ગાડાના અંગોને જોડે તેમ સંક્લિષ્ટપૂર્વક ગાઢ રીતે વીંટ્યું. ॥૧૩૬॥

સાધુએ પોતાના જીવને સમજાવ્યું કે તું સોની પર ગુસ્સો ન કર. કેમ કે મોહરાજાને જીતવા માટે આ તો તારે સહાય કરનાર છે. ॥૧૩૭॥ હે જીવ ! તું જ્યારે આજે નિવૃત્તિરૂપી સ્ત્રીને પરણવા જઈ રહ્યો છે, ત્યારે

આ વાધર, મસ્તક ઉપર મુગટના આકારે નાંખેલી માળા જેવું શોભે છે. ॥૧૩૮॥ અને વળી સારી રીતે વિચાર્યું કે આ સ્વયં દુઃખને સ્વીકારે છે. મને દુઃખથી છોડાવે છે. તેથી આ તો મારો અપૂર્વ ભાઈ સરખો છે. ॥૧૩૯॥ અને વળી હે જીવ ! ક્રૌંચપક્ષીના પ્રાણના રક્ષણના કારણે પોતાના પ્રાણોને ત્યજતો એવો તું, 'ઉપકારી' છે એ પ્રમાણે કોના વડે પ્રશંસા નહિ કરાય ? ॥૧૪૦॥ નરકના માર્ગને બતાવનાર દુર્ધ્યાન સ્વરૂપ આર્ત્ત-રૌદ્રધ્યાન તો દૂર રહો પણ તારા મનમાં પણ વિક્રિયાને ધારણ કરતો નહિ. ॥૧૪૧॥ શુભ એવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનને જ તારા વડે હાલમાં આગળ કરવા યોગ્ય છે. સર્વને જીતીને સર્વજીત થયેલા તને તે બંને ધ્યાન જ આજે મહોદયને આપશે. ॥૧૪૨॥ ધ્યાનમાં રહેલા મુનિને તે દુરાત્માએ કહ્યું કે જવલાઓ કોણે લીધાં છે ? તે કહે, નહિતર તું હમણાં મરી જઈશ. ॥૧૪૩॥ ધ્યાનમાં લીન મુનિએ સાંભળતા છતાં ન સાંભળ્યું અને ત્યારે ધર્મધ્યાનને ઉલ્લંઘન કરીને શુક્લધ્યાનમાં આરૂઢ થયા. ॥૧૪૪॥ પરમાધામીની જેમ તે સોની વડે, નહિ બોલતા મુનિના મસ્તક પર વીંટળાયેલું તેવી રીતે ખેંચ્યું કે જેમ આંખો બહાર નીકળી ગઈ. ॥૧૪૫॥ તો પણ જાણે કે પ્રશમરસની સાક્ષાત્ મૂર્તિ ન હોય તેમ પ્રકૃષ્ટ બુદ્ધિવાળા મહાસત્ત્વશાળી અચલ નિશ્ચલ એવા જરા પણ ચલાયમાન ન થયા. ॥૧૪૬॥ ત્યારપછી માથે વીંટળાયેલી વાધરની પીડાને નહિ સહન કરનારની જેમ ક્ષણવારમાં આંખોની સાથે કર્મરૂપી ગોળો પણ નીકળી ગયો. ॥૧૪૭॥ અને તે જ વખતે કર્મરહિત બનેલા મુનિ અંતકૃત કેવલી થયા. ડરેલાની જેમ સર્વનો ત્યાગ કરીને જલદીથી લોકાગ્રમાં (સિદ્ધશિલા ઉપર) આરૂઢ થયા. ॥૧૪૮॥ ત્યારે ત્યાં નોકરે લાકડાની ભારી જોરથી મૂકી. તેની કોઈક સળી ક્રૌંચના ગળામાં લાગી. ॥૧૪૯॥ ત્યારે ભયાતુર ક્રૌંચ પક્ષીએ તે જવલાઓનું ઉદ્વમન કર્યું. જે કારણથી ભયથી મુખ વડે આંતરડા પણ નીકળી જાય તો બીજાની તો શું વાત ? ॥૧૫૦॥ તે જવલાઓને જોઈને લોકો બોલ્યા કે, હા હા ! તારા વડે નિરપરાધી એવા મુનિને પ્રાણોથી મૂકાવ્યા. ॥૧૫૧॥ લોકો અને બીજાઓએ પણ મરેલા મુનિને જોઈને રાજાને આ વાત નિવેદન કરી. રાજા પણ ક્ષણમાત્રમાં ગુસ્સે થયો. ॥૧૫૨॥ ઋષિની હત્યા કરનાર આનું મુખ પણ કોઈ ન જુવે એટલા માટે કુટુંબ સહિત સોનીનો વધ કરાય એવી આજ્ઞા રાજાએ કરી. ॥૧૫૩॥ સમગ્ર મનુષ્યોની સાથે દરવાજો બંધ કરીને ભયભીત થયેલા તે **સોનીએ** જીવવાને માટે **સાધુવેષને** સ્વીકાર્યો. ॥૧૫૪॥ રાજપુરુષોએ તેના આવા સ્વરૂપનું નિવેદન રાજાને કર્યું. રાજાએ પણ તેને બોલાવીને કહ્યું કે સારી રીતે વ્રતનું પાલન કરજે. **જો વ્રતનો ત્યાગ કર્યો તો લોઢાની કઢાઈમાં ક્વાથની જેમ ઉકળાવીશ.** આ પ્રમાણે કહીને તેને વિસર્જન કર્યો. ॥૧૫૫-૧૫૬॥ પોતાના જીવિત વડે જેમ મેતાર્ય મુનિએ ક્રૌંચ પક્ષીની રક્ષા કરી, તેમ સિદ્ધિરૂપી સ્ત્રીનો સંગમ ઇચ્છતા લોકોએ તેવા પ્રકારની જીવદયા કરવા જેવી છે. ॥૧૫૭॥

॥ પ્રાણાતિપાતવિરતિ વ્રત ઉપર મેતાર્ય મુનિની કથા કહેવાઈ. ॥૧॥

હવે બીજા વ્રતની કથા : કાલિકાચાર્ય અને દત્ત

જંબૂદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં ગંગા સિંધુ નદીની મધ્યમાં મધ્યખંડમાં કલ્યાણના વિસ્તારવાળી શ્રેષ્ઠ એવી **તુરમણી** નામની નગરી છે. સ્વર્ગને પણ તુચ્છ ગણતા તેમાં લોકો સુખપૂર્વક રહેતા હતા. ॥૧-૨॥ સમસ્ત શત્રુઓને જીતી લીધા છે, એવો **જિતશત્રુ** નામનો ત્યાં રાજા છે. હંમેશાં ઉદયવાળો તેનો પ્રતાપરૂપી સૂર્ય આકાશના સૂર્યને પણ ઝાંખો કરતો હતો અર્થાત્ પ્રૌઢ પ્રતાપી તે હતો. ॥૩॥ તે નગરમાં બ્રાહ્મણ ક્રિયાને

કરનારી સાક્ષાત્ મૂર્તિ હોય તેવી **ભદ્રા** બ્રાહ્મણી હતી. તેને **દત્ત** નામનો પુત્ર હતો. ॥૪॥ તે દારુડીયો, જુગારી, દંભીમાં કુશળ, ક્રુર, કુલાંગાર, સ્વામીને ઠગનારો, વાચાળ, ઇર્ષ્યાળુ, હોંશિયાર, બીજાના ચિત્તને ઓળખનારો, સર્વ બ્રાહ્મણની ક્રિયામાં ભ્રષ્ટ એવો તે હંમેશાં રાજાને સેવતો હતો. ॥૫-૬॥ વશીકરણના ઉપમાવાળા તે તે વચનો વડે તેણે રાજાને વશ કર્યો અને રાજાએ તેને સેનાની બનાવ્યો. ॥૭॥ મંત્રી સર્વેને નીચા કરીને રાજાની જેમ તે જ રાજ્યનો કર્તા, હર્તા, વહન કરનાર થયો. ॥૮॥ સમસ્ત વ્યાપારીઓની સ્થાપનાને ઉત્થાપના કરનાર તે ક્રુર રાજા જેવો થયો. ત્યાંનો રાજા તો ફક્ત કહેવા પૂરતો જ હતો. ॥૯॥ સામંતો વગેરે ફોડીને દત્તે રાજ્ય ગ્રહણ કરી લીધું અને જિતશત્રુ રાજાને પોપટની જેમ લાકડાના પાંજરામાં પૂરીને તેના રાજ્ય ઉપર ત્યારે સ્વયં નવો રાજા તે થયો. વધતા તેજવાળા એવા દિવસને પ્રાપ્ત કરીને પ્રતાપી થયો. ॥૧૦-૧૧॥ હવે માંડલિક રાજા અને સીમાડાના રાજાને અંકિત થયેલાની જેમ પોતાના દાસરૂપે કરી, તેમના ઉપર પણ પોતાની આજ્ઞા પ્રવર્તાવી. ॥૧૨॥ કોઈના પણ વડે પરાભવ નહિ પામેલો અને બીજાને પરાભવ પમાડતો વનમાં જેમ ઇચ્છા મુજબ કેસરી સિંહ ફરે તેમ તેણે રાજ્યને કર્યું. ॥૧૩॥ યજ્ઞના ખીલા વડે સર્વ પૃથ્વીને જાણે કે રોમાંચિત કરતો હોઈ તેમ પશુ મેધ વગેરે ઘણા મોટા યજ્ઞોને તે કરતો હતો. ॥૧૪॥ જમદગ્નિની જેમ ફક્ત તે બ્રાહ્મણોને ખુશ કરતો હતો. દુર્જન એવો તે બીજાઓને પોતાના સ્થાનથી ભ્રષ્ટ કરતો હતો. ॥૧૫॥

શ્વેતાંબર ગણના નાયક અને નૈષ્ઠિક બ્રહ્મચારી **કાલિકાચાર્ય** નામના આચાર્ય તે દત્ત રાજાના મામા હતા. ॥૧૬॥ વિશિષ્ટ એવા અતીન્દ્રિય પદાર્થને જાણનારા એવા તે પૃથ્વીતલને પાવન કરતા એક વખત ત્યાં આવ્યા. ॥૧૭॥ તે મામા મહારાજ ત્યાં આવ્યા છે, એમ જાણીને દત્તરાજા પણ ત્યાં આવીને નમસ્કાર કરીને તેમની આગળ બેઠો. ॥૧૮॥ ક્ષીરસમુદ્રના લહર જેવી દેશનાને સંભળાવતા તે ગુરુને અવસરે રાજાએ પૂછ્યું, હે પ્રભુ ! યજ્ઞોનું શું ફલ થાય ? ॥૧૯॥ ગુરુએ કહ્યું કે, હે મહાભાગ ! રાજા ! તું શું ધર્મ પૂછે છે ? હિંસાદિના ત્યાગ વડે નિર્મળ એવો ધર્મ હોય. ॥૨૦॥ રાજાએ ફરીથી પૂછ્યું, યજ્ઞનું ફળ કહો. ગુરુએ કહ્યું, હે રાજન્ ! અધર્મથી દુર્ગતિ થાય છે. ॥૨૧॥ ફરીથી દત્તે કહ્યું કે, શું તમે બહેરા છો કે મારા પ્રશ્નથી અન્ય ઉત્તર તમે કેમ આપો છો ? ॥૨૨॥ ગુરુએ કહ્યું કે હે રાજા ! હું બહેરો નથી. ત્યારે રાજાએ કહ્યું કે તો મારા પૂછેલા પ્રશ્નરૂપે યજ્ઞનું ફળ શું તે કેમ કહેતા નથી ? ॥૨૩॥ ગુરુએ વિચાર્યું કે આ દત્ત દુરાત્મા, કદાગ્રહી, અધમ પાપી કપટ વડે પ્રત્યનીકપણાથી પૂછે છે. ॥૨૪॥ **ખરાબ બુદ્ધિવાળા આને યથાર્થ કહેવામાં ભવ્ય (સારું) થશે નહિ, પરંતુ ભયથી યત્કિંચિત પણ હું અસત્ય નહિ બોલું. ॥૨૫॥ આ પ્રમાણે વિચારીને ગુરુએ યથાર્થ રાજાને કહ્યું કે, હે રાજન્ ! હિંસાદિ હેતુવાળા યજ્ઞનું ફળ નરક છે.** ॥૨૬॥ ક્રોધરૂપી અગ્નિથી બળતાની જેમ મિથ્યાદૃષ્ટિ, વાચાળ એવા તેણે ગુરુને કહ્યું કે, તમે બોલ્યા તેની અહીં ખાતરી શું ? ॥૨૭॥ ગુરુએ જ્ઞાનથી જાણીને કહ્યું કે, આ ખાત્રી છે કે **સાતમા દિવસે. હે રાજા ! કૂતરાઓ વડે ખવાતો કુંભીપાકમાં તું પકાવાઈશ.** ॥૨૮॥ ઇર્ષ્યા સહિત રાજાએ ફરીથી ગુરુને કહ્યું કે હે આચાર્ય ! આ શું બોલો છો ? બીજી પણ કોઈ ખાતરી છે કે નહિ ? ॥૨૯॥ ગુરુએ કહ્યું કે હે રાજન્ ! શું હું ખોટું કહું છું ? આના માટે તું બીજી આ ખાતરી પણ જાણ. ॥૩૦॥ **સાતમા દિવસના પ્રભાતમાં રાજમાર્ગ ઉપર જતાં તારા મોઢામાં ઘોડાની ખુરીથી ઉછળીને વિષ્ટાનો અંશ પ્રવેશ કરશે.** ॥૩૧॥ દેદીપ્યમાન ચણોઠીના ઢગલા જેવી લાલ, અર્ધ બીડાયેલા લોચનવાળો, દબાવેલા હોઠવાળો અને કંપતા અંગવાળો, સાક્ષાત્ ક્રોધના જેવો દત્ત ગુસ્સે થયો. ॥૩૨॥ અને આચાર્યને

કહ્યું કે તમે જો જ્ઞાનવાળા રહેલા છો તો કહો, તમારું મૃત્યુ ક્યારે, કેવી રીતે થશે ? ॥૩૩॥ ગુરુએ કહ્યું કે, લાંબા કાળ સુધી વ્રતને પાળીને અંતે સમાધિપૂર્વક મરીને દેવલોકમાં જઈશ. ॥૩૪॥ દુષ્ટ આશયવાળા એવા તેણે આચાર્યને અટકાવવા માટે સેનાપતિને મૂકીને આઠમા દિવસે તારી સમાધિને કરીશ, એ પ્રમાણે બોલતા ઉઠીને મહેલમાં ગયો. અને ક્રોધ સહિત હૃદયમાં વિચાર્યું કે સાત દિવસ અહીં જ છૂપી રીતે હું રહીશ. ॥૩૫-૩૬॥ આઠમા દિવસે આચાર્યની પાસે તેઓને જવાબ આપતો મોટા ઉત્સાહપૂર્વક નરમેધ નામનો મહાયજ્ઞ કરાવીશ. ॥૩૭॥ એ પ્રમાણે નિશ્ચય કરીને મહેલમાં કોઈક જગ્યાએ છુપો જ રહ્યો. મૃત્યુથી ડરતો કોઈને પણ ત્યારે દર્શન પણ આપતો ન હતો. ॥૩૮॥

આ બાજુ તે રાજાના વિરક્ત થયેલા સર્વે માંડલિક રાજાઓ મંત્રણા કરીને તેને ધારણ કરવા માટે સંકેત કર્યો. ॥૩૯॥ ભાગ્યથી હણાયેલા દત્તે પણ ત્યારે અપધ્યાન (દુર્ધ્યાન) વડે પાંચ દિવસ પસાર કરીને છઠ્ઠા દિવસને સાતમો દિવસ સમજીને ॥૪૦॥ સર્વ રાજમાર્ગોને ગૃહાંગણની જેમ સાફ કરાવ્યા અને પોતાના દેહની જેમ અંગરક્ષકો વડે રક્ષણ કરાવ્યા. ॥૪૧॥ સાતમા દિવસે સૂર્યોદય પૂર્વે કોઈક **માળી** પોતાના બગીચામાંથી પુષ્પનો કરંડીયો લઈને આવતો હતો. ॥૪૨॥ આવેગને ધારણ કરવા માટે અસમર્થ રાજમાર્ગ ઉપર વિષ્ટાને કરીને ફુલો વડે તેને ઢાંકીને જલદીથી (ઝડપથી) તે ગયો. ॥૪૩॥ હવે સવારમાં તે **દત્ત** રાજા, સામંત મંત્રી તેમજ મંડલિક રાજાઓની સાથે સર્વ સામગ્રીપૂર્વક રાજમાર્ગ ઉપર ચાલ્યો. ॥૪૪॥ આજે તે અસંબદ્ધ બોલતા આચાર્યને જલદીથી જઈને શિરચ્છેદ વગેરે દ્વારા પ્રાયશ્ચિત્ત આપીશ. ॥૪૫॥ તે રાજમાર્ગ ઉપરથી જતાં આ પ્રમાણે બોલતા એવા તેના મુખમાં ઘોડાના ખુરીના અગ્રભાગથી ઉછળીને વિષ્ટાનો લવ પ્રવેશ્યો. ॥૪૬॥ ત્યારે ગુરુએ કહેલી ખાતરી સત્ય થવાથી ખેદવાળા થઈને વિચાર્યું કે દુઃખેથી સહન કરાય તેવું મૃત્યુ અને નરક થશે. ॥૪૭॥ આજે સાતમો દિવસ જ છે, આઠમો નથી. એમ વિચાર્યું. વિસ્મરણ થવાથી હું ચાલ્યો છું. ફરીથી આજે હું મહેલમાં જઉં. ॥૪૮॥ આ પ્રમાણે દત્ત રાજાએ ચિત્તમાં વિચાર્યું અને કોઈને પણ જણાવ્યા વિના ઘોડાને સભા તરફ જલ્દી વાળ્યો. ॥૪૯॥ ત્યારબાદ તેના સામંતાદિઓને આ શંકા થઈ. જેમ કે આનો વિચાર સારો નથી જે કારણથી આ પ્રમાણે પાછો વળ્યો છે. ॥૫૦॥ તેથી આ મહેલમાં પ્રવેશ કરે ત્યારે જ તેને પકડી લેવા યોગ્ય છે. જો તેમ કરવામાં નહિ આવે તો મહેલમાં ગયેલો તે અમને કંદની જેમ ખોદશે. ॥૫૧॥ આ પ્રમાણે તે સર્વે ઈશારાથી વિચારીને ત્યારે જ દત્તને પકડ્યો. (ધારણ કર્યો) અને પિંજરામાંથી પહેલાના રાજાને કાઢીને રાજ્ય ઉપર બેસાડ્યો. ॥૫૨॥ ત્યારબાદ તે સર્વેએ ભેટણાની જેમ તે રાજાને તે દત્ત અર્પણ કર્યો. રાજાએ પણ તેના પાપરૂપી વૃક્ષનું ફળ બતાવવા માટે ત્યારે તેને કુંભીમાં કુતરાની સાથે નાંખીને દ્વારને બંધ કરીને નીચે અગ્નિ પ્રગટાવ્યો. ધમણ વડે ધાતુની જેમ તેને ધમ્યો. ॥૫૩-૫૪॥ તાપથી પીડિત, ભૂખ્યા એવા કુતરાઓ વડે ટુકડા કરાતો તે દત્ત આર્ત્ત-રૌદ્રધ્યાનરૂપી ભૂજાનું આલંબન લઈને ત્યારે નરકમાં ગયો. ॥૫૫॥ વળી કાલિકાચાર્ય લાંબા કાળ સુધી સંયમને પાળીને અંતે શુભધ્યાનનું અમૃતપાન કરતાં દેવલોકમાં ગયા. ॥૫૬॥ દત્તના ડરથી ડર્યા વગર અને પોતાના જીવિતને તૃણની જેમ જાણીને પણ જે પ્રકારે શ્રી કાલિકાચાર્ય ગુરુએ યથાર્થ જ કહ્યું, પણ ખોટું ન બોલ્યા. તેવી જ રીતે સર્વે લોકોએ પણ ખોટું ન જ બોલવું જોઈએ. ॥૫૭॥

॥ મૃષાવાદથી અટકવાના વ્રતમાં બ્રાહ્મણ અને કાલિકાચાર્યની કથા કહી. ॥૨॥

હમણાં ત્રીજા વ્રત ઉપર કથાનક કહેવાય છે. રોહિણેય કથા

આ જ જંબૂદ્વીપના એક પડખે રહેલા ભરત ક્ષેત્રમાં સર્વ દેશોના ગુણથી યુક્ત **મગધ** નામનો દેશ છે. ॥૧॥ સમસ્ત જગતને પહેલા જોઈને પોતાને મનોરમ એવા ઉત્તમ પુરને પામીને ત્યાં **રાજગૃહ** નગરે લક્ષ્મી રહી. ॥૨॥ ત્યાં પ્રજા રૂપ ચંદ્રકાંત મણિને વિષે ચંદ્ર સમાન, સ્ખલના નહિ પામેલો ઉગતા પ્રતાપવાળો **શ્રેણિક** નામનો રાજા હતો. ॥૩॥ કામદેવને જેમ રતિ અને પ્રીતિ, શિવને જેમ ગંગા અને પાર્વતી તેમ તે રાજાને **સુનંદા** અને **ચેલણા** નામની બે પત્નીઓ હતી. ॥૪॥ સુનંદાથી ઉત્પન્ન થયેલ **અભયકુમાર** પુત્ર હતો. જે અરિહંતના ધર્મથી પવિત્ર બનેલો અને બુદ્ધિરૂપી રત્નના સમૂહ માટે રોહણાચલ હતો. ॥૫॥ જ્યોતિર્ચક્રના અસ્ત અને ઉદયની વચ્ચે વિશ્રામના સ્થાનરૂપ વૈભારગિરિ નામનો મોટો પર્વત રાજગૃહની સમીપે હતો. ॥૬॥ તે પર્વતના એક ગુફાના ભાગમાં કોઈને પણ ન જણાય તેવા ગુપ્ત ભાગમાં પ્રસિદ્ધ એવો **લોહખુર** નામનો ચોર હતો. જે સાક્ષાત્ ચોરીની મૂર્ત્તિ સરખો હતો. ॥૭॥ અધિકારી જેમ પોતાનાને પોતાના દાસની જેમ લૂંટે અર્થાત્ છેતરે તેમ રાજગૃહ નગરમાં નગરજનોને તે ચોર શત્રુની જેમ લૂંટતો હતો. ॥૮॥ રાજગૃહ નગરમાં પરસ્ત્રીઓને, પરદ્રવ્યને તેમજ જે પોતાને પ્રિય હોય તે સઘળું જાણે કે પોતાનું જ છે, તેમ સમજી તે ચોર ભોગવતો હતો. ॥૯॥ **રોહિણી** પત્નીથી તેને **રોહિણેય** નામનો પુત્ર હતો. દીવાથી દીવો કરાય તેમ બધી જ રીતે બાપને અનુરૂપ જ હતો. ॥૧૦॥ એક વખત મૃત્યુ સમયે પોતાના પુત્રને તે લોહખુરે કહ્યું કે હે વત્સ ! જો તું કરે તો હું તને કંઈક ઉપદેશ આપવા ઇચ્છું છું. ॥૧૧॥ તેણે પણ કહ્યું કે હે પિતાજી ! ગુર્વાજ્ઞાની જેમ તમારું વચન માનીશ, આદેશ કરો. વિનયવાળા પુત્રથી ખુશ થયેલા લોહખુરે કહ્યું. ॥૧૨॥ **હે વત્સ ! દેવતાએ બનાવેલા સમવસરણમાં શ્રી વીર ભગવંત જ્યારે દેશના આપે ત્યારે તેમનું વચન તારે ક્યારે પણ સાંભળવું નહિ. ॥૧૩॥ પરંપરા જે રીતે ચાલતી હોય તે પ્રમાણે જ કરવું અને બીજું પોતાની બુદ્ધિથી કરવું. આ પ્રમાણે કહીને પોતાના કર્મના ફળને ભોગવવા મૃત્યુ પામ્યો. ॥૧૪॥** પિતાના મૃત્યુ સંબંધી કાર્યને કરીને રોહિણેય પણ ક્રમપૂર્વક તે આદેશને પોતાની જેમ રક્ષણ કરતો પિતાથી આવેલો ચોરીનો ધંધો કરવા લાગ્યો. ॥૧૫॥

એક વખત ત્યાં શ્રી **વીર પરમાત્મા** સમવસર્યા. યોજનગામિની વાણી વડે દેશનાને કહી. ॥૧૬॥ ત્યારે તે રોહિણેય પણ રાજગૃહ તરફ જતો હતો. વચમાં સમવસરણને જોઈને વિચાર્યું. ॥૧૭॥ જો હું આ રસ્તા ઉપરથી જઈશ તો અરિહંત ભગવંતના વચનો સંભળાશે અને પિતાનો આદેશ લુપ્ત થશે અને બીજો રસ્તો પણ નથી. ॥૧૮॥ આ બાજુ જઉં તો વાઘ છે, આ બાજુ જઉં તો નદી છે. હવે શું કરવું ? આ પ્રમાણે આવેલા તેણે વિચારીને બંને કાનમાં આંગળીને નાંખીને જલદીથી રાજગૃહ તરફ ગયો. ॥૧૯॥ ત્યાં પોતાનું કાર્ય કરીને તેવી જ રીતે ઘર તરફ પાછો આવ્યો. આ પ્રમાણે ત્યાં સમુદ્રની ભરતીની જેમ જતાં-આવતાં તેણે કર્યું. ॥૨૦॥ સમવસરણની પાસે વેગથી આવતાં તીક્ષ્ણ લોખંડી ભાલા જેવો કાંટો તેના પગમાં લાગ્યો. ॥૨૧॥ તે કાંટો કાઢ્યા વગર એક પગલું પણ ચાલવાને માટે તે શક્તિમાન નહોતો. તેથી હાથ વડે તે કાંટાને ખેંચતા ભગવાનની વાણી તેણે સાંભળી. ॥૨૨॥

નહિ કરમાયેલી પુષ્પની માળાવાળા ઇચ્છિત કાર્યને તુરત કરનારા, ભૂમિ ઉપર પગનો સ્પર્શ નહિ કરનારા અર્થાત્ જમીનથી અદ્ધર, પરસેવા વગરના અને નિર્નિમેષવાળા (સ્થિર આંખવાળા) આ પ્રમાણે દેવો હોય છે. ॥૨૩॥ હા હા ! ઘણું સંભળાઈ ગયું. એ પ્રમાણે જલદીથી કાંટાને ખેંચીને ફરીથી કાનને ઢાંકીને તેવા પ્રકારવાળો જલદીથી તે ગયો. ॥૨૪॥

હવે દરરોજ ચોરાતા નગરને જોઈને મહાજને રાજાની આગળ ભેટણાંને મૂકીને વિનંતિ કરી હે દેવ ! બીજો કોઈ પણ ભય અમને નગરમાં નથી, પરંતુ નાથ વગરનાની જેમ હે નાથ ! નગરને ચોર લૂંટે છે. ॥૨૫-૨૬॥ ચારે બાજુથી ખાતરો વડે ઘરો ચાળણી જેવા થઈ ગયા છે. સર્વસ્વ ચોરે લૂંટ્યું છે. ધન વગરના મુનિની જેમ લોકો થઈ ગયા છે. ॥૨૭॥ અને તે સાંભળીને ક્રોધથી ભ્રુકુટી ચડાવેલા રાજાએ સૂંઠ, મરી અને પીપર આને ત્રિકટુ કહેવાય. આ ત્રણે વસ્તુ તીખી છે - ખાનારનું મુખ એકદમ તીખું થાય. તેની જેમ અત્યંત કઠોર વચનો વડે આરક્ષકોને કહ્યું. ॥૨૮॥ અરે શું તમે મારા લેણદાર અથવા ભાગીદાર છો કે જેથી મારી આજીવિકાને રક્ષણ માટે ગ્રહણ કરો છો અને મારા નગરની રક્ષા કરતા નથી ? ॥૨૯॥ આરક્ષકે કહ્યું કે હે દેવ ! શું કરીએ ? તે ચોર સામાન્ય નથી. વેગથી ઉડવાની જેમ જાય છે. તેથી તેને પકડવા માટે શક્તિમાન નથી. ॥૩૦॥ વીજળીથી ઊંચે ફેંકેલ હાથ વડે ઘરોને ઉલ્લંઘીને તે આવે છે. અમે તો માર્ગ ઉપર ચાલનારા છીએ. તેથી તેને પકડવા માટે અમે કેમ સમર્થ થઈ શકીએ ? ॥૩૧॥ હે દેવ ! સિંહને પકડવા માટે જેમ હરણ અસમર્થ છે, તેમ અસાધ્ય એવા આ ચોરને હું પકડી શકું તેમ નથી. માટે બીજો કોઈ પણ આરક્ષક કરાય. ॥૩૨॥

ત્યારબાદ **શ્રેણિક** રાજાએ **અભયકુમાર** સન્મુખ જોયું અને અભયે પણ કહ્યું, હે દેવ ! બુદ્ધિશાળીઓને આ કેટલું ? ॥૩૩॥ **હે દેવ ! સાત દિવસની અંદર જો હું ચોરને અર્પણ ન કરું, તો ચોરને જે દંડ થાય, તે દંડ મને કરાવવો. ॥૩૪॥** તે સાંભળીને સભાની મધ્યમાંથી કોઈની પણ સાથે આવેલા ચોરે અભયને કહ્યું કે, હે ભો ! આ પ્રતિજ્ઞા યુક્તિવાળી નથી. ॥૩૫॥ આવા પ્રકારનું ઉતાવળીયાપણું અલ્પબુદ્ધિવાળાને જ યોગ્ય છે. પરંતુ કરેલાનો શોક શું કરવો ? પ્રતિજ્ઞાના પાલનમાં પ્રયત્ન કરવો યોગ્ય છે. ॥૩૬॥ આ પ્રમાણે કહીને રોહિણેયે પણ વિચાર્યું કે સાત દિવસ સુધી **હું ચોરી કરું નહિ** તો હું **લોહખુરનો દીકરો નહિ.** ॥૩૭॥ ખાતરને પાડીને તેના ઉપર પદ્મ વગેરે આકૃતિ કરીને ચક્રવર્તી જેમ ઋષભકુટ ઉપર તેમ રોહિણીયાએ પોતાનું નામ લખ્યું. ॥૩૮॥ શૂન્ય દેવ-કુલ વગેરે તેમજ ચોરના સર્વ·સ્થાનોમાં ચારે બાજુથી જોતો ઉદ્યત એવો અભય ભમતો હતો. ॥૩૯॥ છ દિવસ સુધી અભય સૂતો પણ નહિ અને બેઠો પણ નહિ. ચેટકની જેમ ખાતરોને જોતો પણ ચોર મેળવાયો નહિ. ॥૪૦॥ સાતમા દિવસે ઈંટના કિલ્લાની બહાર બીજા પાયદળ સૈનિકોના કિલ્લાને કરીને અંદર ચારેબાજુ આરક્ષકોને શિખામણ આપીને અર્થાત્ સમજાવીને જેટલામાં તે અભયકુમારે કર્યો છે અન્ય વેષ એવો એકાકી કિલ્લાથી બહાર સ્વયં દિશાઓને જોતો ચિંતાતુર આ પ્રમાણે વિચારતો હતો. ॥૪૧-૪૨॥ રાજા આગળ વિચાર્યા વગર જ મેં દુષ્કર પ્રતિજ્ઞા કરી. જેથી મારો વ્રતનો મનોરથ તાપમાં હિમની જેમ વિલીન થઈ ગયો. ॥૪૩॥ જેથી આજે ચોર ન મળવાથી મારી આગળ પ્રાણત્યાગ સિવાય ઉપાય નથી. તેથી જીવવાને માટે પિતા પાસે જઈ મારા ઉતાવળીયાપણાની માફી માંગું ? અથવા બીજા સ્થાને નાસી જઈ આત્માનું રક્ષણ કરું ? "ખરેખર પ્રતિજ્ઞાનો ત્યાગ શું મરણ નથી ? ॥૪૪॥

તેટલામાં તો ક્યાંકથી સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા ચોરના લક્ષણવાળો પોતાની સમીપમાં કોઈક એક માણસ આવતો જોયો. ॥૪૫॥ અને તેણે અભયને કહ્યું કે, હે ભો ! તું ચિંતાવાળો કેમ છે ? અભયે કહ્યું કે હે ભો ! દરિદ્રની પુત્રી મારી પ્રેયસી છે. અર્થાત્ હું દરિદ્રી છું. ॥૪૬॥ ભૂખના તાપથી ઘણા દિવસોથી હું ભૂખ્યો છું. આજે પણ મને નહિ મળે. તે કારણથી હું ચિંતાતુર છું. ॥૪૮॥ ચોરે કહ્યું કે તું ચિંતા ન કર. ચાલ, હું ભોજન આપુ છું. ત્યારે અભયે કહ્યું કે તમારા દર્શનથી જ મારી ચિંતા ડરેલાની જેમ દૂર થઈ ગઈ છે. હવે અભય

તેની સાથે જ નગરની મધ્યમાં ગયો. પોતાના કંદોઈની દુકાનમાં અભયને ભોજન અપાવડાવ્યું. ॥૪૯॥ ચોર પોતાના કાર્યને માટે ગયો. ક્ષણવાર પછી હું જમીશ, એ પ્રમાણે કર્યો છે ઉત્તર અર્થાત્ કહીને તે અભય પણ છાનો-માનો તેની પાછળ ગયો. ॥૫૦॥ કોઈક ઘરમાં મધ્યરાત્રે ખાતર પાડીને ચોરેલો માલ છે હાથમાં જેના એવો જતો તે ચોર નિર્ભય એવા અભય વડે કહેવાયો. ॥૫૧॥ ચોરી ચોરીને પહેલા જોવાયેલો હવે આજે તું કેવી રીતે જઈશ ? એ પ્રમાણે કહેવાયેલો તે ચોર (આ અભયકુમાર છે) અભયને જાણીને અત્યંત ભયભીત થયેલો પણ દક્ષતાથી ઘરની નજીક વહેતી ખાળના ખાડામાં સઘળું ચોરેલું ધનાદિક વેગથી નાંખીને સૂક્ષ્મ પવનની જેમ ઉતાવળે દુષ્ટ બુદ્ધિવાળો તે પલાયન થઈ ગયો. ॥૫૨-૫૩॥ આરક્ષકોને અભયે કહ્યું કે, દોડો, દોડો, પકડો, પકડો, આ ચોર જાય છે, જાય છે. ॥૫૪॥ જેટલામાં તેઓ ચારે બાજુથી દોડ્યા, તેટલામાં તો તે તેના વિષયને ત્યજતો વાંદરાની જેમ કૂદકા ભરીને ઘરોને ઉલ્લંઘીને ગયો. ॥૫૫॥ કિલ્લાની બહાર ગયેલો હરણની જેમ નાસતો બહારના સૈનિકો વડે પકડીને ચોરને અભયને અર્પણ કર્યો. અભયે રાજાને ચોર અર્પણ કર્યો. ॥૫૬॥ રાજાએ હવે ચોરને પૂછ્યું કે શું આપ તે રૌહિણેય છો ? સાહસ સહિત તેણે પણ પોતાની બુદ્ધિ વડે રાજાને જવાબ આપ્યો. ॥૫૭॥ ચોરે કહ્યું કે હે દેવ ! હું ચોર નથી, પણ મને ચોરની જેમ ગ્રહણ કર્યો છે. પૂર્ણ પ્રતિજ્ઞા-વાળો અભય મારા મૃત્યુ વડે જીવો. ॥૫૮॥ રાજાએ કહ્યું, તું શું ચોર નથી ? તેણે કહ્યું, મારું ચોરપણું કેવી રીતે ? હું તો શાલિગ્રામમાં રહેનારો દુર્ગચંડ નામનો કુટુંબી (કણબી) છું. ॥૫૯॥ સાંજના અત્રે આવેલો રાત્રિમાં લાંબો કાળ સુધી નાટક જોવામાં રહેલો પોતાના ઘરે જતાં રાક્ષસ જેવા આરક્ષકો (સિપાઈઓએ) એ ખેંચ્યો. ॥૬૦॥ તેનાથી ભય પામતાં તેઓને હાથતાળી આપીને બહારના આરક્ષકોએ પકડ્યો. માછીમારના હાથમાંથી છૂટેલું માછલું જેમ જાળમાં આવી પડે તેમ હું આવી પડ્યો. ॥૬૧॥ તેથી હે દેવ ! નિરપરાધી એવા મને ચોરની જેમ બાંધીને અહીં લાવ્યા છે. માટે હે નીતિમાન્ રાજા ! ન્યાયપૂર્વક વિચારીને જે કરવું હોય તે કરો. ॥૬૨॥ ત્યારબાદ તેને જેલમાં નાંખીને તેણે કહેલા ગામમાં ગુપ્તચરો મોકલ્યા. દીર્ઘ દૃષ્ટિવાળા એવા તેણે અગાઉથી તે ગામના લોકોની સાથે સંકેત કરી રાખ્યો હતો. એટલે રાજપુરુષોએ ત્યાં તેના સ્વરૂપને પૂછ્યું. ત્યારે તેઓએ કહ્યું કે હા ! દુર્ગચંડ અહીં રહેનારો છે. પરંતુ હમણાં તે અહીંથી ક્યાંક ગયેલો છે. ॥૬૩-૬૪॥ રાજપુરુષોએ આ વાતની રાજાને ખબર આપી, એટલે અભયકુમાર વિચારમાં પડ્યો કે મેં આ ચોર જોયો છે, છતાં આ નિશ્ચે અત્યંત દંભનિધિ છે. ॥૬૫॥

હવે અભયે દેવતાના વિમાન જેવો સુવર્ણ રત્નો અને મોતીઓના સમૂહથી જડિત સાત માળનો શ્રેષ્ઠ મહેલ કરાવ્યો. ॥૬૬॥ અપ્સરા જેવી નારીઓ, તુંબરૂ નામના ગાંધર્વ દેવો જેવા ગાયકો વડે અને નોકરોના સમૂહો વડે દેવલોકથી પણ અધિક તે મહેલ શોભતો હતો. ॥૬૭॥ ત્યારબાદ **અભયકુમારે મદ્યપાન** કરાવીને તેને મૂર્ચ્છિત (બેભાન) કર્યો અને પછી દેવદૂષ્ય પહેરાવી તેને પલંગમાં સુવડાવ્યો. ॥૬૮॥ મદ ઉતરતે છતે તે બેઠો થયો, જોવા લાગ્યો. અકસ્માત્ વિસ્મયકારી અપૂર્વ દિવ્ય સંપત્તિ તેના જોવામાં આવી. ॥૬૯॥ તે વખતે અભયકુમારની આજ્ઞાથી નર-નારીઓના સમૂહો જય પામો, જય પામો ઇત્યાદિ મંગળ ઉચ્ચારપૂર્વક બોલ્યા. ॥૭૦॥ હે દેવ ! હમણાં તમે આ વિમાનમાં મોટા દેવતા થયા છો. તમે આ સર્વના સ્વામી છો ! આ માણસો તમારા કિંકરો છે. ॥૭૧॥ આ અપ્સરાઓના સમૂહ સાથે ઇંદ્રની જેમ ઇચ્છા મુજબ ક્રીડા કરો. આ પ્રમાણે સાંભળીને તેણે વિચાર્યું કે શું આ સત્ય છે ? શું ખરેખર હું દેવતા થયો છું ? ॥૭૨॥ ત્યારે ગાંધર્વોએ નૃત્ય સંગીતનો આરંભ કર્યો અને તે તેના વડે (નૃત્ય સંગીત) નગરમાં આવેલા ગામડીયા માણસની જેમ

આકર્ષાયો. ॥૭૩॥ એટલામાં એકાએક ઉઠેલા પ્રતિહારે આક્ષેપ સહિત સંગીતના આડંબરને રોકીને નવા દેવને કહ્યું. ॥૭૪॥ હે દેવ ! અહીં આ આચાર છે કે જે પ્રથમ પોતે કરેલું શુભ અથવા અશુભને જણાવીને (પ્રકાશીને) આ લક્ષ્મીને (સ્વર્ગના સુખભોગને) ભોગવે. આ પ્રમાણે તમે પણ કરો. ॥૭૫॥ ત્યારબાદ તેણે વિચાર્યું કે પાપિષ્ટ એવા મને સ્વર્ગ ક્યાંથી મળે ? મારી ખાતરી જાણવાને માટે જ અભયનો આ પ્રપંચ સંભવે છે. ॥૭૬॥ કાંટો કાઢવાના ક્ષણે વીર જિનેશ્વર પાસેથી જે દેવનું લક્ષણ સાંભળ્યું છે. તેથી તેના યથાર્થ નિર્ણયને કરું. ॥૭૭॥ આ પ્રમાણે વિચારીને તે ચોરે તેઓને પૃથ્વી પર સ્પર્શ કરતા નિમેષ દૃષ્ટિવાળા (મટકું મારતા) કરમાયેલી પુષ્પની માળાવાળા પરસેવાથી રેબઝેબ થયેલા જોયા. ॥૭૮॥ વળી દેવો મન વડે જ કાર્યને સાધનારા છે, એમ સાંભળ્યું છે અર્થાત્ મનમાં વિચારે તેટલામાં જ તેમનું કાર્ય થઈ જાય. જો હું દેવ હોઉં તો અહીં હમણાં રત્નની વૃષ્ટિ થાય. ॥૭૯॥ અને વૃષ્ટિ ન થઈ, તેથી સર્વ કપટના નાટકને જાણીને રોહિણેય પણ તેઓની પાસે કપટવૃત્તિથી જવાબ આપવાનો આરંભ કર્યો. ॥૮૦॥ હે ભો ! તમે સાવધાન થઈને સાંભળો. પૂર્વ જન્મમાં મેં સુપાત્રમાં દાન આપ્યું છે. જિનાલયો કરાવ્યા છે, તેમાં જિનબિંબ રચાવ્યાં છે. અષ્ટપ્રકારી પૂજા વડે તેમને પૂજ્યાં છે. ગુરુઓની પર્યુપાસના સેવા કરી છે. આગમો લખાવ્યા છે. ॥૮૨॥ આ પ્રમાણે સુકૃત્યોને જ કહેતો એવો તે પ્રતિહારી વડે કહેવાયો કે પોતાનાથી કંઈ પણ અશુભ કાર્યો થયા હોય, ચોરી વગેરે જે કંઈ દુષ્કૃત્ય કર્યું હોય તે કહો. ॥૮૩॥ તેણે કહ્યું કે સજ્જન પુરુષોના સંગથી કંઈ પણ અશુભ (દુષ્કૃત્ય) થયું નથી. જો દુષ્કૃત્ય કર્યા હોય તો તે આવા પ્રકારના સ્વર્ગને ન મેળવે (ન પામે). ॥૮૪॥ આ સર્વ વાર્તાલાપ પડદાની પાછળ રહેલા અભયકુમારે ત્યારે સાંભળ્યો અને વિચાર્યું કે ખરેખર આ ચોરે ક્યારે પણ જિનેશ્વર ભગવંતે કહેલા દેવના સ્વરૂપને સાંભળ્યું હશે. નહીંતર આ મારી બુદ્ધિરૂપી દોરડામાંથી નીકળવા માટે સમર્થ ન થાય. ॥૮૫-૮૬॥

હવે અભય પણ તેની પાસે આવીને તેને ભેટીને આ પ્રમાણે કહ્યું કે કોઈથી પણ પરાભવ નહિ પામેલો એવો આપના વડે હું પરાભવ પામ્યો છું. ॥૮૭॥ કિંતુ પોતાની બુદ્ધિથી જ આ પ્રમાણેનો ઉત્તર આપ્યો છે કે ક્યારે પણ અરિહંતનું વચન સાંભળ્યું છે. જે હોય તે યથાવસ્થિત સગા ભાઈની જેમ મને કહે. ॥૮૮॥ ત્યારબાદ સદ્ભાવથી તે ચોરે પોતાની કથા મૂળથી આરંભીને કહી અને કહ્યું, ચોરોનો અગ્રેસર રોહિણેય હું છું. ॥૮૯॥ હે મંત્રી ! બૃહસ્પતિ સમાન બુદ્ધિના નિધાન આપ અજેય છો. મારા જેવો કીડો માત્ર આવા પ્રકારનો આપનો જય કેવી રીતે કરી શકે. ॥૯૦॥ પરંતુ હે અભયકુમાર ! વહાણ વડે જેમ મહાનદી તેમ અરિહંત પરમાત્માના વચનો દ્વારા દુર્લંઘ્ય એવી તમારી બુદ્ધિને હું ઓળંગી શક્યો. ॥૯૧॥ હે ભાઈ ! જો ત્યારે મેં અરિહંત પરમાત્માનું વચન સાંભળ્યું ન હોત તો. કઈ કઈ દુષ્ટ શિક્ષાઓ વડે રાજા દ્વારા હું ન મરાયો હોત ! ॥૯૨॥ હવે **અભય** તેને લઈ **શ્રેણિક** પાસે ગયો. તેણે પણ કહ્યું કે હે રાજન્ ! તમારા નગરને ચોરનાર હું રોહિણેય નામનો ચોર છું. ॥૯૩॥ લાંબા કાળથી ગુસ્સે થયેલા રાજાએ તેના વધને માટે તલવાર ખેંચી. ત્યારે અભયે કહ્યું હે દેવ ! આ કર્મ વડે સર્યું. ॥૯૪॥ આણે બુદ્ધિથી કે બળથી હું ચોર છું, એમ કહ્યું નથી. પરંતુ ભાઈ સ્વીકારીને પછી મને પોતાની કથા કહી છે. ॥૯૫॥ પોતે કરેલા મહેલના પ્રપંચરૂપ કપટને અભયમંત્રીએ કહ્યું ત્યારે ખુશ થયેલા રાજાએ તેને અભયનો નાનો ભાઈ માન્યો. ॥૯૬॥ હવે રોહિણેયે કહ્યું કે જે મેં હમણાં ચોરેલું ધન વગેરે છે તે ગ્રહણ કરો. કેમ કે અરિહંતના વચનમાં તૃષ્ણાળુ એવો હું વ્રત ગ્રહણ કરવા ઇચ્છું છું. ॥૯૭॥ રાજાના આદેશથી અભયે પણ તે ધનને લવડાવીને જે જેનું હતું, તેને ક્ષણમાત્રમાં

સોંપી દીધું. ॥૯૮॥ ચોરે પણ પોતાના વૃત્તાંતને કહીને અને પોતાના મનુષ્યોને પ્રતિબોધ કરીને અભય અને શ્રેણિક રાજાની સાથે **વીર** પ્રભુ પાસે ગયો. ॥૯૯॥

રોહિણેયે પ્રભુને પ્રણામ કરીને કહ્યું કે હે સ્વામિન્ ! યોજનગામિની એવી આપની વાણી દુરુત્તર એવા સંસારસાગરમાં ડૂબતા પ્રાણીઓને નૌકાનું આચરણ કરનારી છે. ॥૧૦૦॥ પોતાને હોંશિયાર માનતા મૂઢ એવા મારા પિતાએ આપનું વચન સાંભળવાનો નિષેધ કર્યો હતો અને મૂર્ખશેખર એવા મેં આટલા દિવસ સુધી આપની વાણી સાંભળી નહિ. ॥૧૦૧॥ હા હા આપના વચનનો ત્યાગ કરીને ચોરની વાણીમાં પ્રીતિ કરી. આ તો ખરેખર કાગડાની જેમ આમ્રફળને છોડી દઈને લીમડાના ફળમાં પ્રીતિ કર્યા જેવું મેં કર્યું. ॥૧૦૨॥ હે સ્વામિન્ ! તમારા ઉપદેશનો એક અંશ પણ શાંતિને આપનાર છે. સાકરનો કણ પણ શું મધુરતાને ભજનાર થતો નથી ? ॥૧૦૩॥ હે પ્રભો ! શ્રદ્ધાનો નાશ કરીને પણ જે હંમેશાં આપની વાણી સાંભળે છે, તેને પણ લાભ થાય છે તો જેઓ શ્રદ્ધાથી આપની વાણીનું પાન કરે તેને શું શું ન થાય ? ॥૧૦૪॥ તમારા વચનને નહિ સાંભળવાની ઇચ્છાવાળો પાપી એવો હું કાને હાથ દઈને એ સ્થાનને ઓળંગી જતો હતો. ॥૧૦૫॥ અનિચ્છાએ પણ એક વખત તમારું વચન મેં સાંભળ્યું. તે વચન અભયકુમારની બુદ્ધિરૂપી બાણમાં સ્ખલના ન પામ્યું. ॥૧૦૬॥ હે જગત્પતિ ! આપના ઉપદેશના એક અંશે મને મરણથી બચાવ્યો છે તો હવે મને હંમેશને માટે અમર બનાવો અર્થાત્ સંસારસાગરથી તારો. ॥૧૦૭॥ તેવા પ્રકારના અમરભાવને સંપાદન કરવામાં રસાયણ સરખા સાત્ત્વિક એવા સાધુધર્મને હે સ્વામિ ! મને આપો. ॥૧૦૮॥ શ્રેણિક અને અભયકુમારે કર્યો છે નિષ્ક્રમણ મહોત્સવ એવા રોહિણેયનો ત્યારે ભાવ દ્વિગુણી વૃદ્ધિ પામ્યો. ॥૧૦૯॥ શ્રીમદ્ **વીર જિનેશ્વર પાસે પ્રવ્રજ્યાને** સ્વીકારીને સ્વામીની વાણીનું અમૃત પાન કરતા **રોહિણેયે** પણ સ્વામીની સાથે વિહાર કર્યો. ॥૧૧૦॥ ત્યાર બાદ શરીર પ્રત્યે નિરપેક્ષ એવા તેણે ચતુર્થ (એક ઉપવાસ)થી આરંભીને છ માસી ઉપવાસ સુધી દુષ્કર અને ઉજ્જવલ તપને તપ્યા. ॥૧૧૧॥ તથા મહાધૈર્યવાળા તે સાધુએ એકાસણાની જેમ એકાવલી વિગેરે ઘણા મહાઘોર તપો કર્યા. ॥૧૧૨॥ તપ રૂપી લક્ષ્મી વડે દીપતા, હાડકા અને ચામડી છે બાકી એવા અંગવાળા તે મુનિ ઉનાળામાં આતાપનાને અને શીયાળામાં ઠંડીને સહતા હતા. ॥૧૧૩॥ એક વખત વળી પ્રભુ વીરસ્વામી રાજગૃહ નગરમાં પધાર્યા અને શ્રેણિક રાજા પણ સ્વામીને વંદન કરવા માટે આવ્યા. ॥૧૧૪॥ પ્રભુને નમસ્કાર કરીને ઉત્કૃષ્ટ ભક્તિવાળા અંજલિ જોડીને રાજાએ પ્રભુને પૂછ્યું કે હે પ્રભુ ! આપના મુનિપુંગવોમાં કયા મુનિ વિશેષથી મહાસત્ત્વશાળી છે. ॥૧૧૫॥ ત્યારે પરમાત્માએ કહ્યું કે હે રાજા ! સર્વે મુનિમંડળમાં રોહિણેય વિશેષથી મહાસાત્ત્વિક છે. ॥૧૧૬॥ ત્યાર બાદ અતિ ભક્તિવાળા શ્રેણિક રાજાએ તેમને પણ પ્રણામ કર્યા. ગુણો વડે પથ્થર પણ શું દેવની બુદ્ધિથી પૂજાતો નથી ? ॥૧૧૭॥ હવે અતિ ઉગ્ર તપરૂપી અગ્નિથી ભસ્મસાત્ કરી નાંખ્યા છે દુષ્કૃત્યો એવા તેણે અંત સમય પ્રાપ્ત થયે છતે પરમાત્માને પૂછીને. ॥૧૧૮॥ આલોચના કરીને સમસ્ત પ્રાણીઓને ખમાવીને ફરીથી વ્રતનો ઉચ્ચાર કર્યો. તેમજ અમૃત સરખા સમતારૂપી રસને પીતા એવા તેણે પૂર્ણ આરાધના કરીને સુબુદ્ધિશાળી એવા તેણે અનશનને સ્વીકારીને વૈભારગિરિ પર્વત પર પાદપોપગમન અનશન કર્યું. ॥૧૧૯-૧૨૦॥ શુભ ધ્યાનપૂર્વક પંચપરમેષ્ઠિ મંત્રનું સ્મરણ કરતાં સમાધિ મૃત્યુને પામી મનુષ્ય દેહનો ત્યાગ કરીને રોહિણેય મુનિ દેવલોકે ગયા. ક્રમપૂર્વક મોક્ષને પ્રાપ્ત કરશે. ॥૧૨૧॥

॥ અદત્તાદાન વિરમણ વ્રત ઉપર રોહિણેયની કથા સમાપ્ત. ॥૩॥

હવે ચોથા વ્રત ઉપરનું ઉદાહરણ કહે છે. સુદર્શન શેઠ

આ જ **જંબૂદ્વીપના** મધ્ય ખંડમાં ભરત ક્ષેત્રમાં નિષ્પ્રકંપ એવી **ચંપાપુરી** નગરીમાં **દધિવાહન** રાજા હતો અને તેને ફક્ત નેત્રોના વિલાસ વડે જ મૃત્યુલોકમાં પૃથ્વી પર આવેલી છે એમ જણાતી, અપ્સરા જેવી **અભયા** નામે રાણી હતી. ॥૧-૨॥ રૂપ વડે ઇન્દ્રાણીને, સૌભાગ્ય વડે પાર્વતીને અને વાણી વડે સરસ્વતીને પણ પરાભવ પમાડીને જે અત્રે રહેલી હતી. ॥૩॥ તે નગરીમાં મહાજનોમાં શ્રેષ્ઠ એવો તેમજ જિનશાસનરૂપી બગીચામાં વિલાસના રસની લાલસાવાળો **ઋષભદાસ** શ્રેષ્ઠ શ્રેષ્ઠી હતો. ॥૪॥ તેને જયરૂપી લક્ષ્મીના જેવી ધર્મમાં સ્થિર રાજ્યલક્ષ્મીની જેમ સમર્થ એવી **અર્હદ્દાસી** નામની પત્ની હતી. તે શ્રેષ્ઠીને સ્વભાવથી ભદ્રક પ્રકૃતિવાળો ધર્મને જેણે સાંભળ્યો નથી કે જોયો નથી એવો ભેંસોનું પાલન કરનારો **સુભગ** નામનો નોકર હતો. ॥૬॥ એક વખત ભેંસોને ચરાવીને સાંજના પાછા વાળતાં નગરની નજીકમાં પ્રતિમા વડે સ્થિર એવા એક મુનિને તેણે જોયા. ॥૭॥ વસ્ત્ર રહિત રહેલા મુનિને જોઈને તેણે વિચાર્યું કે મહા મહિનામાં હિમ પડે છે, તો આ તપસ્વી કેવી રીતે રહેશે ? ॥૮॥ એ પ્રમાણે વિચારતો ઘરે ગયો. ફરીથી રાત્રિમાં ઠંડીથી પીડાતો તે સાધુનું સ્મરણ કરીને ચિંતાતુર થયો. ॥૯॥ રાત્રિ પૂર્ણ ન થયે છતે પણ અર્થાત્ વેળાસર ઉઠીને ભેંસોને લઈને મુનિની પાસે જતાં એવા તેણે તેવા પ્રકારના જ (કાઉસ્સગ્ગમાં રહેલા) મુનિને જોયા. ॥૧૦॥ ભક્તિસભર એવો તે મુનિને નમસ્કાર કરીને જેટલામાં પર્યુપાસના કરે છે, તેટલામાં અંધકારનો નાશ કરનાર એવો સૂર્યોદય થયો. ॥૧૧॥ નમો અરિહંતાણં એ પ્રમાણે બોલીને તેના દેખતાં જ જલદીથી આકાશમાં જેમ પક્ષી ઉડે તેમ સાધુ ઉડ્યા. ॥૧૨॥ નમસ્કાર મંત્રનું પહેલું પદ સાંભળીને સુભગે પણ આકાશ ગમનનો આ મંત્ર છે, એમ સમજીને ક્યારે પણ તેને છોડ્યો નહિ અર્થાત્ હૃદયમાં અસ્થિમજ્જા કર્યો. ॥૧૩॥ તે મંત્રને સાંભળીને શ્રેષ્ઠીએ તેને કહ્યું કે ભવરૂપી કૂવામાં પડતા પ્રાણીને હાથનું આલંબન આપનાર આ મંત્ર તેં ક્યારે પ્રાપ્ત કર્યો. ॥૧૪॥ સુભગે પણ તેની પ્રાપ્તિનો વૃત્તાંત કહ્યો. ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું, ફક્ત આ આકાશગામિની જ વિદ્યા નથી. ખરેખર સર્વ ઋદ્ધિને આપનાર આ છે. ॥૧૫॥ દેવ દેવેન્દ્રપણું વિદ્યાધરપણું આદિ લબ્ધિઓ તેમજ તીર્થંકર લક્ષ્મી પણ સર્વ આના પ્રતાપથી ઉત્પન્ન થયેલ છે. ॥૧૬॥ વળી સર્વ અતિશયના વર્ણનવાળી પરમેષ્ઠિ મંત્રની સ્તુતિને કેવળજ્ઞાની વિના બીજો કોઈ પણ કરવા માટે સમર્થ નથી. ॥૧૭॥ તેથી હે ભદ્ર ! કલ્યાણને કરનાર એવું આ પદ જે તને મળ્યું છે, તેથી તું ધન્ય છે. પરંતુ અપવિત્ર સ્થાનોમાં તે ક્યારે પણ બોલવો નહિ, જપવો નહિ. ॥૧૮॥ તેણે પણ શ્રેષ્ઠિને કહ્યું એક ક્ષણ પણ આ મંત્ર મૂકી દેવા માટે હું સમર્થ નથી. ત્યારબાદ શ્રેષ્ઠિએ સંપૂર્ણ નવકાર મંત્ર તેને ભણાવ્યો. ॥૧૯॥ આનંદિત થયેલો તે પણ તે મંત્રને ભણ્યો અને સદ્બુદ્ધિવાળો તે નિરંતર તેનું પરાવર્તન કરતો હતો. તેટલામાં વર્ષાઋતુ આવી. ॥૨૦॥ મિથ્યાત્વના પડલો વડે જેમ જીવનું સ્વરૂપ ઢંકાઈ જાય તેમ ચારે બાજુથી આકાશને કાળા અંધકારવાળા વાદળોએ ઢાંકી દીધું. ॥૨૧॥ આકાશરૂપી બગીચામાં વાદળના ખોળામાં વીજળી રૂપી લતા થઈ. નાટ્યારંભ શરૂ થતાં વાજિંત્ર વાગે તેમ વરસાદનો ગર્જના કરતો ધ્વનિ થયો. ॥૨૨॥ દર્દુર વાજિંત્રના અવાજની જેમ દેડકાના અવાજો વડે (વાતાવરણ) શોભતું હતું. બાણની ધારા સરખી પાણીની ધારા પડી અર્થાત્ મૂશળધાર વરસાદ પડ્યો. ॥૨૩॥ રાતા રંગવાળા મરકત મણિરત્નથી બંધાયેલી હોય તેમ લાલ રંગના ઈન્દ્ર ગોપ કીડાથી (વર્ષાઋતુમાં થાય) વ્યાપ્ત એવા નવા ધાન્યના અંકુરાવાળી પૃથ્વી થઈ. ॥૨૪॥

આવા પ્રકારની વર્ષાઋતુ હોતે છતે એક વખત ભેંસોને ચરાવીને સુભગ સાયંકાળે પોતાના ઘર તરફ પાછો ફરતો હતો. ત્યારે વચમાં દુઃખેથી તરાય તેવું નદીનું પૂર આવ્યું. જલદીથી પાણી છે પ્રિય જેને એવી તે

ભેંસોએ નદીમાં પ્રવેશ કર્યો. ॥૨૫-૨૬॥ આ ભેંસો સામે કિનારે રહેલ બીજાના ક્ષેત્રમાં પ્રવેશ ન કરે એ પ્રમાણે નમસ્કાર મંત્રનું ધ્યાન કરતો સુભગ પણ જલદીથી જંપ લગાવીને નદીમાં પડ્યો. ॥૨૭॥ નદીમાં પડતાં જ કોઈક દુષ્કર્મના વિપાકથી નહિ દેખાતા એવા અંદર રહેલા ખેરલાના ખીલા વડે તે વીંધાયો. ॥૨૮॥ મરીને પંચપરમેષ્ઠિના ધ્યાનથી ઉત્પન્ન થયેલા સારા કર્મ વડે પોતાના સ્વામીની પત્નીની કુક્ષિમાં પુત્રપણા વડે ઉત્પન્ન થયો. ॥૨૯॥ બે માસ પસાર થયે છતે અર્હદ્દાસીને અરિહંત પરમાત્મા, સુસાધુ, સંઘ વગેરેની પૂજા વગેરેના ધર્મમય દોહલા થયા. ॥૩૦॥ આનંદિત થયેલા શેઠે તે દોહલા પૂરા કર્યા અને ગર્ભકાળ પૂર્ણ થયે છતે તેણીએ પુત્રને જન્મ આપ્યો. ॥૩૧॥ દાસી દ્વારા પુત્રની વધામણી શેઠને અપાઈ. ઉદારતાપૂર્વક શ્રેષ્ઠીએ પુત્રનો જન્મોત્સવ કર્યો. ॥૩૨॥ હવે શ્રેષ્ઠીએ સમસ્ત સ્વજનની સમક્ષ ઉત્સાહપૂર્વક પ્રીતિથી **સુદર્શન** એમ તેનું નામ કર્યું. ॥૩૩॥

હવે ક્રમપૂર્વક વધતા એવા તેણે સમસ્ત કળાઓ ગ્રહણ કરી અને સાર્થક નામવાળી **મનોરમા** કન્યા તેને પરણાવી. ॥૩૪॥ ધર્મ, અર્થ, કામરૂપી ત્રણ વર્ગને સાધવામાં તત્પર એવો સુદર્શન મનોરમાની સાથે સુદર્શનચક્રથી કરાયેલી પ્રીતિવાળા કૃષ્ણની જેમ આનંદ કરે છે. ॥૩૫॥ સંસાર ઉપર વિરક્ત બુદ્ધિવાળા, સંયમ સામ્રાજ્યને ઇચ્છતા એવા તેના પિતાને એક વખત વૈરાગ્ય સંપત્તિ વશ થઈ અર્થાત્ વૈરાગ્ય વાસિત તેના પિતા થયા. ॥૩૬॥ નગરના અધ્યક્ષ અને નગરજનોને પોતાના ઘરે બોલાવીને યથાયોગ્ય વસ્ત્ર-ભોજન અને તાંબૂલ વડે તેઓનું સન્માન કરીને રાજા વગેરેને જણાવેલા પોતાના અભિપ્રાયને કહીને પોતાના પદે પોતાના પુત્ર સુદર્શનને સ્થાપન કર્યો. ॥૩૭-૩૮॥ કલ્યાણના નિધિ સરખા શ્વેતાંબર આચાર્ય પાસે સ્વયં શ્રેષ્ઠીએ યથોક્ત વિધિપૂર્વક સંયમ લક્ષ્મીને ગ્રહણ કરી. ॥૩૯॥ હવે તે સુદર્શન વિશેષથી રાજમાન્ય થયો. નગરજનો પિતા કરતાં તેને ક્રોડગણું માન આપતા હતા. ॥૪૦॥ ત્યાં બીજો એક રાજાની નજીક રહેલો **કપિલ** નામનો રાજપુરોહિત હતો અને મિત્રતાથી સુદર્શનના છેડાને (નજીકપણાને) ક્યારે પણ તે મૂકતો નથી. ॥૪૧॥

એક વખત **કપિલા** નામની પત્નીએ કપિલને કહ્યું કે હે સ્વામી ! મૂઢ બુદ્ધિવાળા તમે જ્યારે કામ હોય તે અવસરે ક્યાં રહો છો ? ॥૪૨॥ કપિલે કહ્યું કે હું સુદર્શનની નજીક રહું છું. માટે ! તેણીએ કહ્યું કે કોણ સુદર્શન ? કપિલે કહ્યું કે હે પ્રિયા ! શું તું સુદર્શનને પણ જાણતી નથી ? ॥૪૩॥ હે પ્રિયા ! જો એ કોણ છે તે હું તને કહું છું. હમણાં સાવધાન થઈને સાંભળ. તેના ગુણો સાંભળીને પણ તારું જીવિત કૃતાર્થ થાઓ. ॥૪૪॥ તેજ વડે સૂર્ય, સૌમ્યતા વડે ચંદ્ર, રૂપ વડે કામદેવ, પોતાના વૈભવની વિશાળતા વડે કુબેર સરખો છે અને વળી સૌભાગ્ય વડે એના જેવો બીજો કોઈ નથી. ॥૪૫॥ વળી સર્વ ગુણોના રાજા સરખા એક શીલ (સદાચાર) ગુણ વડે ત્રણ લોકમાં તેને જીતનાર કોઈ નથી. આથી વિશેષ બીજું શું શું તેના વિષે કહું. ॥૪૬॥ બ્રહ્માએ સમગ્ર ગુણવાળો તેને બનાવ્યો છે. જડબુદ્ધિવાળા મૂર્ખ એવા અમારા વડે કેવી રીતે તેના ગુણો વર્ણન કરી શકાય ? ॥૪૭॥ તેના આવા ગુણો સાંભળીને કપિલા તેના પર અનુરાગી થઈ. હંમેશાં કોઈપણ રીતે તેનો સંગમ કરવાના ઉપાયમાં તે વ્યગ્ર રહેતી હતી. ॥૪૮॥ કોઈ પણ રાજકાર્ય માટે કપિલ ગામ ગયે છતે સુદર્શનની પાસે જઈને માયાપૂર્વક કપિલા બોલી. ॥૪૯॥ શરીરના કારણે તમારા મિત્ર આજે તમારી પાસે આવ્યા નથી (અર્થાત્ તેનું શરીર સારું નથી) તમારા વિના ઉદ્વિગ્ન એવા તેણે તમને બોલાવાને માટે મને મોકલી છે. ॥૫૦॥ હે કલ્યાણકારી ! આ મારા વડે જણાયું નથી. આ પ્રમાણે બોલતો વિસ્મયવાળો સુદર્શન

તેણીની સાથે જ તેના ઘરે ગયો. ॥૫૧॥ 'કપિલ ક્યાં છે ?' એમ તેણે પૂછ્યું, ઘરના અંદરના ભાગમાં છે, એમ તેણીએ કહ્યું ! વિકલ્પ રહિત અને સારી બુદ્ધિવાળો સુદર્શન અંદર ગયો. ॥૫૨॥ તેણીએ પણ બહારનો દરવાજો બંધ કરીને ત્યાં આવીને તેને કહ્યું. તમારા મિત્ર તો ગામ ગયા છે. પરંતુ કામથી પીડાયેલી હું છું. ॥૫૩॥ જ્યારથી કપિલે મનોહર એવા તમારા ગુણો મને કહ્યા, ત્યારથી દેવતાની જેમ તમારું ધ્યાન ધરું છું. ॥૫૪॥ કપટ બુદ્ધિથી આજે તમને મેળવ્યા છે. હે કૃપારૂપી સમુદ્ર પોતાના સંગમરૂપી ઔષધિ વડે મારા કામરૂપી મહા જ્વરનું હરણ કરો. ॥૫૫॥

હવે ઔત્પાતિકી બુદ્ધિથી વિચારીને સુદર્શને પોતાના શીલનું રક્ષણ કરવા માટે કપિલા તરફ કહ્યું. ॥૫૬॥ હે કલ્યાણકારી ઇંદ્રાણી સરખી તારી સાથે રમવાને માટે કોણ ન ઇચ્છે ! પરંતુ ભાગ્યયોગે હું નપુંસક છું. આથી હું શું કરું ? ॥૫૭॥ આ ગુપ્ત વાત તમે કોઈને પ્રકાશ નહિ કરો, એવા સોગંદ લો. અન્યથા લોકમાં મારો પરાભવ થશે. ॥૫૮॥ ત્યારબાદ વિરક્ત થયેલી તેણીએ પણ કહ્યું કે આ મારી વાત પણ તું કોઈને નહિ કહેતો હે કલ્યાણકર ! તું જલ્દી જા અને સુખી થા. ॥૫૯॥ હા, આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે યમના મુખની જેમ તેના ઘરમાંથી અખંડ શીલથી જીવતો તે બહાર નીકળ્યો. ॥૬૦॥ અવિવેકના નિધાન સરખી તેમજ કપટ માયાની ઉત્પત્તિ ભૂમિ સરખી નારીઓ અકાર્યમાં ખરેખર તત્પર હોય છે. એવું તેણે મનમાં વિચાર્યું. ॥૬૧॥ રાક્ષસી જેવી આની પાસેથી તો છળ કપટ દ્વારા આજે છટકી ગયો છું. પરંતુ આજથી હવે કોઈના પણ ઘરમાં એકલો જઈશ નહિ. ॥૬૨॥ રાક્ષસી ડાકિની જેવી પરસ્ત્રીથી દૂરથી જ ત્રાસ પામતો શુદ્ધ બુદ્ધિવાળો એવો તે પોતાના શીલનું પાલન કરતો હતો. ॥૬૩॥

એક વખત વસંતઋતુમાં નગરજનો સાથે રાજા ઉદ્યાનની સંપત્તિને ભોગવવાને મોટા ઐશ્વર્ય સાથે નીકળ્યો. ॥૬૪॥ સર્વ રાણીઓમાં શ્રેષ્ઠ એવી **અભયા કપિલાની** સાથે શિબિકામાં આરૂઢ થઈ. ॥૬૫॥ ઇંદ્રાણી જેમ વિમાન દ્વારા તેમ મનોરમા શ્રેષ્ઠિની પણ પોતાના છ પુત્રો યુક્ત વાહનમાં રહેલી નીકળી. ॥૬૬॥ સુદર્શન શેઠ અને કપિલ પણ ત્યાં ગયા. માત્ર ત્યાં સ્થાવરો જ ચાલતા ન હતા. ઘણું કહેવા વડે શું ? આખું નગર વસંત મહોત્સવ નીહાળવા ઉમટેલું. ॥૬૭॥ મનોરમાને જોઈને કપિલાએ અભયાને કહ્યું, વનરાજીમાં કલ્પલત્તાની જેવી આ સ્ત્રી કોણ છે ? રાણીએ કહ્યું કે મહાસતી એવી સુદર્શનની પત્નીને શું તું નથી ઓળખતી ? ત્યારે કપિલાએ કહ્યું, સતી એવી આને પુત્રો ક્યાંથી ? ॥૬૯॥ રાણીએ કહ્યું, તું શું બોલે છે ? તેણીએ કહ્યું કે તેનું કારણ એ છે કે સુદર્શન નપુંસક છે. મેં તેની પરીક્ષા કરી છે. ॥૭૦॥ અભયાએ કહ્યું કે હે તપસ્વી, અજ્ઞાની તું ખરેખર છેતરાણી છે. આપના જેવી પરસ્ત્રીઓ પ્રત્યે સુદર્શન ખરેખર નપુંસક જ છે. ॥૭૧॥ તેની સર્વ વાત જાણીને રાણી કપિલા ઉપર હસી. તેથી ઇર્ષ્યાપૂર્વક કપિલાએ કહ્યું, તું બહુ હોંશિયાર છે તો તું તેની સાથે કામક્રીડા કરે તો ખરેખર હોંશિયાર કહેવાય. ॥૭૨॥ અરે ! હું આની સાથે કામક્રીડા ન કરું તો અગ્નિમાં હું પ્રવેશ કરીશ. એ પ્રમાણે અભયાએ કપિલાને કહ્યું. ॥૭૩॥ આ પ્રમાણે બંનેનો વાર્તાલાપ થયો. ત્યારબાદ ઉદ્યાનમાં જઈને સુખપૂર્વક લાંબા કાળ સુધી રમીને તે બંને પોતપોતાના સ્થાને ગયા. ॥૭૪॥

હવે રાણીએ **પંડિતા** નામની પોતાની ધાવમાતાને પોતે જે પ્રતિજ્ઞા કરેલી હતી, તે કહી ત્યારે ધાવમાતાએ કહ્યું, આ તેં સારું કર્યું નથી. ॥૭૫॥ કદાચ આકાશ અને પૃથ્વીનું ઉલટાપણું પણ થાય, સમુદ્ર પણ સૂકાઈ જાય, જ્યોતિષચક્ર કદાચિત્ આકાશમાંથી પડે તો પણ સુદર્શન ક્ષોભ પામશે નહિ. ॥૭૬॥ વળી હે પુત્રી !

આ મહાત્મા પરસ્ત્રી સહોદર છે. આસોપાલવના વૃક્ષની જેમ આ તારી પ્રતિજ્ઞા ફળને ભજનારી નહિ થાય. ॥૭૭॥ અભયાએ કહ્યું કે હે માતા ! જો એમ જ છે તો પણ તેને એક વખત તું અહીં લઈ આવ. બીજું હું સ્વયં કરીશ. ॥૭૮॥ અતિઆગ્રહ હોવાથી પંડિતાએ કહ્યું કે હે પુત્રી ! એ પર્વ દિવસે કોઈ પણ શૂન્ય ઘરમાં કાયોત્સર્ગ વડે રહે છે. ॥૭૯॥ આને કેવી રીતે અહીં લાવવો ? બાળકની જેમ કોઈ પણ બહાનાથી સાદડીમાં ચઢાવીને પ્રવેશ કરાવવા યોગ્ય છે. ॥૮૦॥ હવે પહેરેગીરોને વિશ્વાસમાં લાવવાને માટે તેણી દેવીને પૂજવાને માટે કપડામાં વીંટળાયેલી યક્ષની પ્રતિમા મહેલમાં લવાઈ. ॥૮૧॥ પહેલા દિવસે તો સંભ્રમથી આ શું છે ? એમ તેઓને લાગ્યું. પરંતુ દરરોજ પ્રતિમાને લાવતા જોઈને વિશ્વાસને પામ્યા. ॥૮૨॥ હવે ત્યારે ત્યાં આનંદિત કર્યા છે જગતના જીવોને જેને અને ક્રીડારૂપી નર્તકીની રંગભૂમિ સમાન કૌમુદી મહોત્સવ આવ્યો. ॥૮૩॥ ત્યારબાદ આગલા દિવસે રાજાએ પટહ વગડાવ્યો કે સવારમાં રાજા અંતપુર સહિત ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે જવાના છે. ॥૮૪॥ તો સર્વે નગરજનોએ પોતાની શ્રેષ્ઠ રિદ્ધિસિદ્ધિ સહિત, શૃંગાર વગેરે આડંબર પૂર્વક રાજાની આજ્ઞાથી ત્યાં આવવું. ॥૮૫॥ તે સાંભળીને ખિન્ન મનવાળા સુદર્શને વિચાર્યું કે આવતીકાલે કાર્તિક ચૌમાસી પર્વનો ધર્મ કરવા યોગ્ય થશે. ॥૮૬॥ ધર્મમાં વિઘ્ન કરનારી આવા પ્રકારની રાજાની આજ્ઞા છે. તેથી રાજાની પાસે જઈને પૂછું બીજાઓને કહેવા વડે શું ? ॥૮૭॥ આ પ્રમાણે વિચારીને રાજાની પાસે જઈને અને નમીને મહાકિંમતી રત્નોના થાળનું ભેટણું કરીને તે રાજાની આગળ રહ્યો. ॥૮૮॥ કાર્તિક પૂર્ણિમાના ચંદ્ર જેવી પ્રસાદથી ઉજ્જવલ દૃષ્ટિ વડે સુખ કરતા રાજાએ તેના આગમનનું કારણ પૂછ્યું. ॥૮૯॥ તેણે પણ કહ્યું કે હે રાજા ! કાલે સવારના ચૌમાસીનો દિવસ છે. તેથી મારે ચૈત્યમાં પૂજા વગેરે ધર્મકૃત્યો કરવા યોગ્ય છે. તેથી ધર્મમાં વિઘ્નને કરનારી તમારી આજ્ઞા હું કેવી રીતે પાળું ? શું કરું ? રાજાએ પણ કહ્યું, ઇચ્છા મુજબ કર. તારો કલ્યાણકારી માર્ગ નિર્વિઘ્નવાળો હો. ॥૯૦-૯૧॥ ધર્માર્થી આપના જેવા કોઈક વિરલા જ છે. તેથી હું તમારા જેવાને માટે અંતરાયને કરનારો કેમ થાઉં ? ॥૯૨॥ ત્યારબાદ રાજાની અનુજ્ઞા મળવાથી અત્યંત આનંદથી યુક્ત એવા સુદર્શન શ્રેષ્ઠી પોતાના નિવાસ-સ્થાને ગયો. ॥૯૩॥ પ્રાતઃ જિનાલયમાં અરિહંત પરમાત્માના અભિષેક વગેરે પૂજા કરીને કર્મરોગને હણનારા મહાઔષધ સમાન પૌષધને કર્યો. ॥૯૪॥ આત્મામાં રમણતા કરનાર મનવાળા એવા યોગીન્દ્રની જેમ નિશ્ચલ રાત્રિમાં બહાર ક્યાંક કાયોત્સર્ગમાં રહ્યા. ॥૯૫॥

સુદર્શનને ભેટવા માટે અત્યંત આકુળ એવી અભયા પણ મસ્તકની પીડાના બહાનાથી મહેલમાં જ રહી. ॥૯૬॥ તે અવસરને પામીને પંડિતાએ પણ તેને જોઈને તેને ઉપડાવીને યક્ષની પ્રતિમાના બહાનાથી જલદીથી અંતઃપુરમાં મૂકાવ્યો. ॥૯૭॥ દેવી આગળ તેને મૂકીને કહ્યું કે હે દેવી ! આ જ સુદર્શન છે. સાક્ષાત્ કામદેવ જેવા તેને જોઈને રાણી પણ ખુશ થઈ. ॥૯૮॥ હવે કામથી અત્યંત પીડાયેલી કામસૂત્રના પ્રણેતાએ કહેલા તે તે તાલ આપવા વડે તેના ચિત્તને ક્ષોભ પમાડવા માટે જલદીથી ત્યારે તેણીએ આરંભ કર્યો. ॥૯૯॥ શ્રી વીર પરમાત્મા, સંગમદેવે વિકુર્વેલ અપ્સરાઓ વડે જેમ ક્ષોભ ન પામ્યા, તેમ સુદર્શન પણ તેણીના વિકારો વડે ક્ષોભ પામ્યો નહિ. ॥૧૦૦॥ બલાત્કારે હું આને ચલિત કરું એમ વિચારી અત્યંત ક્ષોભ પમાડવાને માટે આણીએ આરંભ કર્યો. પરંતુ કશું થયું નહિ. તેથી કાળી થયેલી શરમાયેલાની જેમ વિલખી થઈ. ॥૧૦૧॥ જે કારણથી હું આખી પણ રાત વડે આ પુરૂષોત્તમને મહાસંકટરૂપી સમુદ્રથી ઉદ્ધાર કરવાને સમર્થ ન થઈ. ॥૧૦૨॥ તેથી "મારી આ કલાઓ વડે શું ?" એ પ્રમાણે ખેદ પામેલો ચંદ્ર પણ બીજા દ્વીપમાં ગયો. (અર્થાત્

રાત્રી પૂર્ણ થઈ.) ॥૧૦૩॥ આખી રાત્રી ખેદ કરાયેલા આ સુદર્શન ધ્યાનથી ચલાયમાન ન થયા. તેથી આને જોવાની ઈચ્છાવાળો સૂર્ય પૂર્વાચલ પર આરૂઢ થયો. (અર્થાત્ દિવસ થયો.) ॥૧૦૪॥ ખુશામતી વચનો કરી કરીને તે અભયા પણ કંટાળી ત્યારે નિષ્ઠુરતાપૂર્વક બોલી (એમ વિચાર્યું કે) ભય પામેલો પણ આ કદાચ મારી વાણીને કરે અર્થાત્ મારું કહ્યું માને. ॥૧૦૫॥ હે સુદર્શન ! સર્વ પ્રકારે મને વિલખી ન કર. કુશળ એવા તારા વડે શું ક્યારેય આ નથી સંભળાયું ? ॥૧૦૬॥ રાગી થયેલી સ્ત્રી પ્રાણોને આપે છે અને વળી દ્વેષીણી તે પ્રાણોને ગ્રહણ કરે છે. સ્ત્રીઓનો રાગ અથવા દ્વેષ કોઈ લોકોત્તર હોય છે. ॥૧૦૭॥ અખંડ શીલરૂપી સામ્રાજ્યવાળો, મૃત્યુથી પણ નહિં ડરતો, કાયોત્સર્ગમાં રહેલો તે તોપણ કાંઈ બોલ્યો નહિ. ॥૧૦૮॥ કઠિન અને કોમલ વાક્યો વડે પણ આ મારો ન થયો. તેથી હાલમાં આ પોતાના કર્કશપણાના ફલને પામો. ॥૧૦૯॥ આ પ્રમાણે વિચારીને અભયા રાણીએ સૂર્પણખાની જેમ સ્વયં પોતાના શરીરમાં નખો વડે ઉઝરડા કરીને બૂમ પાડી. ॥૧૧૦॥ હે હે ! કોઈ પણ જાર પુરુષ અત્રે પ્રવેશ્યો છે. તે મારા શીલરત્નને હરણ કરવા ઇચ્છે છે. તેથી તમે દોડો દોડો. ॥૧૧૧॥ તે સાંભળીને ક્રોધાતુર સર્વે પહેરેગીરો ક્યાં છે ક્યાં છે ? એમ બોલતા અંતઃપુરમાં અંદર આવ્યા. ॥૧૧૨॥ ખેદથી મલિન મુખવાળા તેઓએ સુદર્શનને જોઈને પૂછ્યું કે આ શું છે ? પરંતુ સુદર્શન કંઈ પણ બોલ્યો નહિ. ॥૧૧૩॥ ઉદ્યાનમાં કૌમુદી મહોત્સવ માણીને પૃથ્વીતલ ઉપર ઈન્દ્ર જેવો રાજા ત્યારે મહેલમાં આવ્યો. ॥૧૧૪॥ પહેરેગીરો તેને ઉપાડીને રાજા પાસે લાવ્યા. સુદર્શનને જોઈને સંભ્રમપૂર્વક રાજાએ પૂછ્યું. ॥૧૧૫॥ ચંદ્રમામાંથી કદાચિત અંગારાની વૃષ્ટિ થાય. અગ્નિમાંથી હિમવર્ષા થાય. અમૃત પીવાથી મૃત્યુ થાય. ઝેરથી જીવિત પમાય. મેરુપર્વત પણ ચલાયમાન થાય અને વાયુ નિશ્ચલ થાય તો પણ સમ્યગ્દર્શનથી સંશુદ્ધ મનવાળો, પોતાની ઇન્દ્રિયોને વશ રાખનાર, સુદર્શન ખરેખર શીલને કલંકિત ન જ કરે. ॥૧૧૬-૧૧૭-૧૧૮॥

આ પ્રમાણે પોતાના લોકોને કહીને રાજાએ સ્વયં તેને પૂછ્યું કે હે ભાગ્યશાળી મહાભાગ ! હમણાં તમે જ કહો. ॥૧૧૯॥ તમને અહીં કોણ લાવ્યું ? અથવા સ્વયં તમે શા માટે આવ્યા ? હે શ્રેષ્ઠી ! જે હોય તે યથાવત્ કહો. તમને સર્વથા અભય છે. ॥૧૨૦॥ સુદર્શને પણ વિચાર્યું કે જો સાચું કહીશ તો નિશ્ચિત અભયા રાણી, ધાત્રી અને પહેરેગીરો સર્વેને મરણ થશે. ॥૧૨૧॥ તેથી ઉજ્જ્વલ એવા જીવદયા ધર્મને જાણતો પોતાના એક જીવની ખાતર અનેક જીવોના સંહાર કેમ કરાવું ? ॥૧૨૨॥ આ પ્રમાણે વિચારીને કાઉસ્સગ્ગ પૂર્ણ થયે છતે સૂર્યોદય થવા છતાં પણ પોતાના દેહના અપાયમાં નિર્ભયવાળો એવો તે મૌન ધારણ કરીને રહ્યો. ॥૧૨૩॥ ઉપસર્ગ શાંત થયે છતે મારા વડે કંઈક કહેવાશે માટે ત્યાં સુધી મૌન જ થાઓ. એ પ્રમાણે તેણે પ્રતિજ્ઞા કરી. (મનોમન નક્કી કર્યું.) ॥૧૨૪॥ હવે તે સર્વે લોકો અને પહેરેગીરો વડે વારંવાર પૂછાયો કે રાજાએ અપરાધમાં પણ અભય આપતે છતે પણ તું કેમ કંઈ બોલતો નથી ? ॥૧૨૫॥ તો પણ નહિ બોલતા એવા તેને રાજાએ નિગ્રહનો આદેશ કર્યો અને તલારક્ષકો નિગ્રહને માટે તેને બહાર લઈ ગયા. ॥૧૨૬॥ મહાબુદ્ધિશાળી એવા તેણે પણ ભાવના ભાવી. **જેના વડે જ્યારે જે ઉપાર્જન કર્યું હોય તે ત્યારે તેને જ મેળવે છે.** ॥૧૨૭॥ તેથી મરણ આવ્યે છતે પણ જીવતો કાયર ન થા. આર્ત્ત-રૌદ્ર-દુર્ધ્યાન છોડીને જીવ શુભ ધ્યાનમાં પરાયણ થા. ॥૧૨૮॥

હવે આ બાજુ તેની પત્ની મનોરમાએ ક્યાંયથી પણ પતિ ઉપર આવેલા સંકટને સાંભળીને સાત્ત્વિક એવી પણ તે અત્યંત દુઃખથી પીડાયેલી થઈ. ॥૧૨૯॥ અરિહંતની પૂજા કરીને તે મહાસતીએ શાસનદેવતાનું

સ્મરણ કરીને પતિના ઉપસર્ગ નિવારવાને માટે કાયોત્સર્ગ કર્યો. ॥૧૩૦॥ જલ્દી શાસનદેવી પણ આસનકંપ વડે જાણીને આવીને મનોરમાને કહ્યું, હું શું કરું ? ॥૧૩૧॥ કાઉસ્સગ્ગ પારીને તેણીએ પણ કહ્યું, કે જો મારો પતિ કલંકરહિત છે તો તે કલંકને દૂર કરો અને જલદીથી શાસનની પ્રભાવના કરો. ॥૧૩૨॥ તેણી પણ બોલી કે હે વત્સા ! જેમ જાતિવંત સુવર્ણમાં ક્યારે પણ મેલ લાગતો નથી, તેમ સમ્યગ્દર્શનથી પવિત્રાત્મા સુદર્શનમાં પણ આ સંભવી શકે જ નહિ. ॥૧૩૩॥ આ પ્રમાણે કહીને જલદીથી ત્યાં જઈને શાસનદેવીએ શૂળીને ઠેકાણે અદ્વિતીય રત્નની કાંતિવાળું સિંહાસન કર્યું. ॥૧૩૪॥ જેટલામાં આરક્ષકો ખડ્ગાદિના ઘાત મારવા જાય છે, તેટલામાં સુદર્શનને હાર બાજુબંધ, કડા વગેરે અલંકારોથી અલંકૃત શાસનદેવીએ કર્યો. ॥૧૩૫॥ હવે ઇન્દ્રના જેવા વિશેષ રીતે અલંકૃત એવા તેને જોઈને લોકોએ પણ કહ્યું, ધર્મ જય પામે છે, અધર્મ નહિ. એમ કહીને તેઓએ વંદન કર્યું. ॥૧૩૬॥ જેમ હાથી સામો આવતે છતે માણસ પોતાની રક્ષા માટે દોડે છે. દોડતાં પહેરેલા વસ્ત્રો પગમાં આવશે તો પડી જવાશે અથવા ધીમું દોડશે તો હાથીની ઝપટમાં આવીશ, એવા ભયથી વસ્ત્રોને હાથમાં પકડીને દોટ મૂકે તેમ તે સુદર્શનના પ્રભાવને સાંભળીને રાજા તેવી રીતે દોડ્યો. ॥૧૩૭॥ હવે નજીક આવીને જલ્દી સુદર્શનને નમસ્કાર કરીને પશ્ચાત્તાપને કરતો પોતાના અકૃત્યો પર વિષાદને કરતો પોતાના અંબોડાને છોડીને કેશપાશ વડે સુદર્શનના બંને પગોને જાણે કે તેજસ્વી તમાલ વૃક્ષના ગુચ્છા વડે અરિહંતના ચરણો પ્રમાર્જતો હોય તેની જેમ પ્રમાર્જના કરતો હવે અત્યંત વિનયપૂર્વક તેને હાથી ઉપર બેસાડીને સ્વયં છત્રધાર થઈને રાજાએ પોતાના નગરમાં તેનો પ્રવેશ કરાવ્યો. ॥૧૩૮-૧૩૯-૧૪૦॥ અહો ! જિનેશ્વરના ધર્મનો કેવા પ્રકારનો સમર્થ પ્રભાવ ! સર્વત્ર જૈનશાસનની પ્રભાવના કરાવતો મહેલમાં લાવીને પોતાના સિંહાસન પર તેને બેસાડીને પોતાના અપરાધને ખમાવીને રાત્રિ સંબંધી વૃત્તાંત રાજાએ પૂછ્યો. ॥૧૪૧-૧૪૨॥

શ્રેષ્ઠીએ કહ્યું કે આ પસાર થઈ ગયેલા ચરિત્ર વડે (વાત વડે) સર્યું. પરંતુ તેને સાંભળવામાં કૌતુકી એવા રાજાએ અત્યંત આગ્રહ કર્યો. ॥૧૪૩॥ ધાત્રી કંચુકીની સાથે અભયા રાણીને જો તમે અભયદાન આપો તો હું કહીશ, એ પ્રમાણે સુદર્શને કહ્યું. ॥૧૪૪॥ રાજાએ કહ્યું કે હે શ્રેષ્ઠી ! આપની વાણીથી (વચનથી) હું અભયને આપું છું. હવે જે બન્યું તે કહો. ॥૧૪૫॥ ત્યારબાદ શ્રેષ્ઠીએ સર્વ વાત કહી. તે સાંભળીને રાજાએ વિચાર્યું કે ધિક્કાર છે, ધિક્કાર છે. **સ્ત્રીઓનું ચરિત્ર બૃહસ્પતિને પણ જણાય તેવું નથી.** ॥૧૪૬॥ ત્યારે તેવા પ્રકારના શ્રેષ્ઠીના સત્ત્વથી રાજા ખુશ થયો. ભાઈની જેમ પોતાના અર્ધ રાજ્યને રાજા આપવા લાગ્યો. ત્યારે સુદર્શને સ્પષ્ટ ના પાડીને કહ્યું, રાજ્ય વડે મને શું ? જે કારણથી હમણાં તો હું સંયમરૂપી સામ્રાજ્યને લઈશ. ॥૧૪૭-૧૪૮॥

ત્યાર પછી રાજાને બોધ પમાડીને ચારે બાજુ દાનને આપીને દરેક ચૈત્યોમાં મહોત્સવ કરાવીને ઉછળતા અદ્વિતીય વૈરાગ્યવાળા પત્ની સહિત સુદર્શને શ્રી **ધર્મઘોષસૂરિ મહારાજા** પાસે દીક્ષા ગ્રહણ કરી. ॥૧૪૯-૧૫૦॥ દેવતાએ કરેલા સુદર્શનના પ્રભાવને સાંભળીને **અભયા** રાણી અત્યંત ડરથી ગળે ફાંસો ખાઈને મરણ પામી. ॥૧૫૧॥ તે અજ્ઞાન કષ્ટથી તે જ ક્ષણે પાટલિપુત્રના સ્મશાનમાં **વ્યંતરીપણે** રાણી ઉત્પન્ન થઈ. ॥૧૫૨॥ તે જ વખતે પોતાના અપરાધ ભયથી **પંડિતા** ધાત્રી પ્રાણોને ગ્રહણ કરીને ભાગીને પાટલીપુત્રમાં **દેવદત્તા** વેશ્યાની પાસે રહેલી તેણી દરરોજ સુદર્શનના તે તે ગુણોનું વર્ણન કરતી હતી. ॥૧૫૩-૧૫૪॥ પુણ્યાત્મા એવા સુદર્શન મુનિ પણ ઉજ્જ્વળ વ્રતને પાળતા, નિરંતર થાક્યા વિના લાંબા કાળના સાધુની જેમ

ટુંક સમયમાં શ્રુતના પારગામી બન્યા. ॥૧૫૫॥ તપ અને સંયમમાં સુસ્થિત એવા અનુક્રમે ગીતાર્થ થયા. એટલે ગુર્વાજ્ઞાથી એકાકી વિહાર સ્વીકાર્યો. ॥૧૫૬॥ ગામમાં એક રાત્રિ અને શહેરમાં પાંચ રાત્રિ રહેતા મુનિ ક્રમપૂર્વક પાટલીપુત્રમાં આવ્યા. ॥૧૫૭॥ ઊંચ-નીચ ઘરોમાં ગોચરી જતાં તે મુનિને કોઈક ભાગ્યયોગથી **પંડિતાએ** જોયા. ॥૧૫૮॥ તે પંડિતોએ પણ બારીમાં બેઠેલી તેની સ્વામિની દેવદત્તાને આંગળીથી તે સુદર્શન મુનિ બતાવ્યા. ॥૧૫૯॥ વસ્ત્રથી ઢાંકેલા દીવાની જેમ પંડિતાએ કહેલા કરતાં પણ અધિક ગુણવાળા શોભા ટાપટીપ વગરના તે મુનિને જોઈને વેશ્યાએ પણ તેના ગુણથી ખેંચાયેલા ચિત્તવાળી પોતાની પાસે ગોચરીના બહાનાથી તેણીની જ દ્વારા મુનિને બોલાવ્યા. ॥૧૬૦-૧૬૧॥ જેવા મુનિ ઘરમાં પેઠા કે તેણીએ દરવાજા બંધ કરીને હાવભાવ વગેરે અનેક પ્રકારના ઉપસર્ગથી હેરાન કર્યા. ॥૧૬૨॥ પ્રચંડ કાળના પવનથી સુમેરુ પર્વતના શિખર ચલાયમાન ન થાય તેમ ફટકડી જેવા નિર્મળ મનવાળા તે મુનિનું મન જરા પણ ચલાયમાન ન થયું. ॥૧૬૩॥ સ્વગોત્રીયને વિશે જેમ ચક્ર નિષ્ફળ થાય છે તેમ તે સુદર્શન મુનિને વિશે તેણી નિષ્ફળ આરંભવાળી થઈ અર્થાત્ નિષ્ફળતા પામી. ત્યારબાદ થાકીને ખેદ પામેલી નિર્દોષ મુનિને સાંજના વિસર્જન કર્યા. ॥૧૬૪॥

હવે મુનિ પણ સ્મશાનમાં જઈને ત્યાં જ ઉત્પન્ન થયેલા ઝાડની જેમ અથવા પથ્થરના થાંભલાની જેમ પ્રતિમા ધારણ કરીને રહ્યા. ॥૧૬૫॥ વ્યંતરી થયેલી અભયાએ ત્યારે ત્યાં ભાગ્યયોગથી તે મુનિને જોયા અને વિચાર્યું કે મને મૃત્યુને આપનાર આ જ છે. ॥૧૬૬॥ વૈરનો બદલો વાળવાને માટે પાપિષ્ઠ નિર્દય એવી તેણીએ યમની પત્ની જેમ ઘોર ઉપસર્ગો તે મુનિને કર્યા. ॥૧૬૭॥ ત્યારે પણ તેણીએ કરેલા શાતા કે અશાતામાં પણ જાણે કે કંઈ જ થયું નથી, એમ જાણતાં એકતાન બનીને જરા પણ ક્ષોભ પામ્યા નહિ. ॥૧૬૮॥ ત્યારબાદ સમતામાં ડુબેલા ચિત્તવાળા તે મુનિને સાતમા દિવસે મુક્તિને જાણે કે બોલાવતું **કેવળજ્ઞાન** ઉત્પન્ન થયું. ॥૧૬૯॥ ત્યાં નજીકમાં રહેલા વ્યંતર દેવોએ કેવળજ્ઞાનનો મહિમા કર્યો. સુવર્ણમય કમળ પર બેસીને મુનિએ દેશના આપી. ॥૧૭૦॥ ત્યારે સમસ્ત નગરજનો કૌતુકથી ત્યાં આવ્યા. વૈશ્યા પણ પંડિતા ધાત્રીની સાથે ત્યાં આવી. ॥૧૭૧॥ અત્યંત દારુણ એવા રાગાદિ વિપાકને બતાવતા તે મુનિએ ત્યારે પંડિતાધાત્રી વ્યંતરી અને વેશ્યાને પ્રતિબોધ પમાડ્યો. ॥૧૭૨॥ ત્યારે બીજા પણ ઘણા લોકો પ્રતિબોધ પામ્યા. કેટલાકે સમ્યક્ત્વ સહિત વિવિધ અભિગ્રહોને સ્વીકાર્યા. ॥૧૭૩॥ આ પ્રમાણે પૃથ્વી પર વિહાર કરતાં ભવ્ય જીવોના સમૂહને પ્રતિબોધ કરતાં સમસ્ત કર્મોને ખપાવીને શ્રેષ્ઠ એવી મોક્ષગતિને તે મહામુનિ પામ્યા. ॥૧૭૪॥ આ પ્રમાણે જે પુરુષ, અખંડિત રીતે ચતુર્થ વ્રતને પાળે છે. તે પ્રમોદને ભજનાર એવા સુદર્શન શ્રેષ્ઠિની જેમ, વિશુદ્ધ મનવાળા, ઉજ્જ્વળ, દેદીપ્યમાન એવી સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે. ॥૧૭૫॥

॥ આ પ્રમાણે ચોથા વ્રત ઉપર સુદર્શન શ્રેષ્ઠીની કથા સમાપ્ત. ॥૪॥

હવે પરિગ્રહ વ્રત ઉપર દૃષ્ટાંત કહે છે : કપિલ કથા

કૌશાંબી નામની નગરી છે. તેમાં અલોકની જેમ નિશ્ચલ, દેવોથી પણ ચલાયમાન ન કરી શકાય તેવા શ્રાવકો છે. ॥૧॥ તે નગરીમાં શત્રુના સમુદાયને જીતનાર એવો **જિતશત્રુ** રાજા છે. જેનો પ્રતાપરૂપી સૂર્ય વાદળો વડે પણ ઢંકાતો નથી એ આશ્ચર્ય છે. ॥૨॥ તે રાજાને સર્વ શાસ્ત્રમાં પારંગત અને જાણે કે સાક્ષાત્ બ્રહ્મા હોય તેવો **કાશ્યપ** નામનો પુરોહિત હતો. ॥૩॥ તેને અનુરૂપ વંશવાળી **યશા** નામની પત્ની હતી. કુળની લક્ષ્મીને ક્રીડા માટે મંડપ સમાન **કપિલ** નામે પુત્ર હતો. ॥૪॥ (કપિલની શિશુવયમાં) કપિલ નાનો

હતો ત્યારે જ, તેનો પિતા મૃત્યુ પામ્યો. તેનું પદ રાજાએ બીજા **બ્રાહ્મણને** આપ્યું. ॥૫॥ અસમર્થ હોવાથી પુત્ર પણ પિતાના સ્થાને ન સ્થાપ્યો. ખરેખર સ્વાર્થમાં તત્પર એવા રાજાઓ વંશની દરકાર કરતા નથી. ॥૬॥ હવે પ્રાપ્ત થયેલા પુરોહિત પદવાળો, શોભા સહિત છત્રની સંપત્તિ સહિત, ઘોડા ઉપર આરૂઢ થયેલો, ગર્વ વડે ધિક્કાઈના ઘરરૂપ તે બ્રાહ્મણ નગરમાં ભમતો હતો. ॥૭॥ તેને જોઈને કપિલની માતા પોતાના પતિની સમૃદ્ધિ યાદ કરીને રુદન કરવા લાગી. પ્રાયઃ દુઃખમાં સ્ત્રીઓનું શસ્ત્ર રુદન છે. ॥૮॥ અશ્રુથી ભીંજવી નાંખી છે પૃથ્વી એવી રડતી માતાને જોઈને અશ્રુ સહિત કપિલે કહ્યું કે હે માતા ! તમે શા માટે રડો છો ? ॥૯॥ તેણી પણ બોલી કે હે વત્સ ! આ બ્રાહ્મણ જે રીતે ઋદ્ધિથી જાય છે તે રીતે તારા પિતા પણ જતા હતા. તેને યાદ કરીને હું રડું છું. ॥૧૦॥ તારા પિતા સર્વ વિદ્યામાં પારંગત હતા. તું અલ્પ વિદ્યાવાળો છે, તેથી તારું પદ ગયું. ॥૧૧॥ તેણે પણ કહ્યું કે હે માતા ! જો તેમ જ છે તો તું ખેદ ન પામ. હમણાં હું ભણીને પોતાની સ્થિતિને પ્રાપ્ત કરીશ. ॥૧૨॥ તેણીએ પણ કહ્યું કે હે વત્સ ! અહીં શત્રુના ભયથી તને કોઈ પણ ઉપાધ્યાય ભણાવશે નહિ. તે હું જાણું છું. ॥૧૩॥ હે વત્સ ! ખરેખર સાચે જ તું ભણવાની ઇચ્છાવાળો છે, તો **શ્રાવસ્તી** જા. ત્યાં તારા પિતાના મિત્ર, બુદ્ધિશાળી **ઇન્દ્રદત્ત** નામના છે. સર્વ શાસ્ત્રવેત્તા વાત્સલ્યવાળા એવા તે વિદ્વાને અર્થે આવેલા તને પોતાના પુત્રની જેમ સમસ્ત વિદ્યા ભણાવશે. ॥૧૪-૧૫॥ હવે તે કપિલ પણ ત્યાં ગયો અને ઇન્દ્રદત્તને નમ્યો અને પોતે વિદ્યાર્થી છે એવું જણાવ્યું અને ભણાવવાની વિનંતિ કરી. ॥૧૬॥ પ્રમોદને ભજનાર ઇન્દ્રદત્તે પણ મિત્રના પુત્રને ઓળખીને કહ્યું કે હે વત્સ ! તેં સારું કર્યું કે ભણવા માટે તું અહીં આવ્યો. ॥૧૭॥ મારી પાસે જેટલી પણ વિદ્યા છે તે સર્વ તું ગ્રહણ કરજે. ફક્ત મારી પાસે ભોજન નથી; કેમ કે હું નિષ્પરિગ્રહી છું. ॥૧૮॥ આતિથ્ય ભોજન કરાવવા માટે પણ મારી પાસે સંપત્તિ નથી. દરરોજના ભોજનનો પ્રબંધ તો કેવી રીતે થાય ? ॥૧૯॥ ભોજન વિના શરીર ભણવા માટે શક્તિમાન થતું નથી. હે વત્સ ! ભોજન વિના મૃદંગ પણ વાગતું નથી. ॥૨૦॥ તેણે કહ્યું કે હે પિતા ! તમે મારા ભોજનની ચિંતા ન કરો. ભિક્ષા વડે મારું ભોજન કરીને આપની પાસે ભણીશ. ॥૨૧॥ હાથી ઉપર આરૂઢ થયેલો બ્રાહ્મણ પણ ભિક્ષા માગવાથી શરમાતો નથી. જનોઈના દિવસે બ્રાહ્મણને આ ભિક્ષાવૃત્તિ અર્પણ કરાય છે. ॥૨૨॥ ઇન્દ્રદત્ત બોલ્યો, તપસ્વીઓને ભિક્ષા મળે તો લાભ છે અને ન મળવાથી તેમને તપનો લાભ થાય. પણ તને એકવાર પણ ભિક્ષા નહિ મળે તો પાઠના વિઘ્નને માટે થાય અને વળી ઘણું ભ્રમણ કરવાથી પણ પાઠનો અંતરાય જ થાય. ॥૨૩-૨૪॥ આ પ્રમાણે કહીને તે બાળકને લઈને તેની ભોજનની ચિંતાથી શ્રેષ્ઠીઓમાં અગ્રેસર એવા ધનાઢ્ય **શાલિભદ્ર** શેઠના ઘરે ગયો. ॥૨૫॥ ૐ ભુર્ભુવઃ સ્વઃ - આ પ્રમાણે ગાયત્રી મંત્રને બોલતા બ્રહ્માની જેવા બ્રાહ્મણ આવ્યા છે, એમ દ્વારપાળે શ્રેષ્ઠીને નિવેદન કર્યું. ॥૨૬॥ શ્રેષ્ઠીએ પણ તેને બોલાવીને પૂછ્યું કે શું કામ છે ? તે કહો. તે બ્રાહ્મણે કહ્યું કે વિદ્યાર્થી એવા આ બ્રાહ્મણને તમારા ઘરે હંમેશાં ભોજન આપો. ॥૨૭॥ પ્રાર્થના સ્વીકારવામાં કલ્પવૃક્ષ સરખા શ્રેષ્ઠીએ તે સ્વીકાર્યું. મનોવાંછિત સિદ્ધ થવાથી ઉપાધ્યાય પણ ખુશ થયા. ॥૨૮॥ શ્રેષ્ઠીએ તેમની સમક્ષ એક દાસીને આદેશ કર્યો કે હે કલ્યાણકારી ! આવેલા આ વિદ્યાર્થીને હંમેશાં તારે ભોજન કરાવવું. ॥૨૯॥

હવે તેના ઘરે સારી રીતે ભોજન કરીને કપિલ પણ હંમેશાં ઉપાધ્યાયની પાસે ભણતો હતો. ॥૩૦॥ યૌવનનું વિકારીપણું હોવાથી, દુઃખેથી જીતાય તેવો કામદેવ હોવાથી, રૂપ વડે કામદેવ સરખો, હાસ્યના સ્વભાવવાળો, પોતાની જાતિને, ગુણોને, ગોત્રને, કુળને અને કળાને પણ અવગણીને તે કપિલ તે યુવાન

દાસીમાં અનુરાગી થયો. ॥૩૧-૩૨॥ તેના રૂપ અને યૌવનમાં ખેંચાયેલી તેણી પણ તેનામાં અનુરાગી થઈ. એક મનવાળા એવા તે બંને પરસ્પર રમવા લાગ્યા. ॥૩૨॥ એક વખત દાસીએ તેને કહ્યું કે હે પ્રિયે ! તું જ મને અત્યંત વલ્લભ છે. પરંતુ હંમેશાં યતીન્દ્રની જેમ તું નિર્ધન છે. ॥૩૪॥ પત્ર-પુષ્પ વગેરેની પ્રાપ્તિ માટે કદાચ અન્યને વિશે રમુ. પોતાની નિર્ધનતાને જાણતા કપિલે પણ અનુજ્ઞા આપી. ॥૩૫॥

એક વખત તે નગરમાં દાસીઓના ઉત્સવનો દિવસ આવ્યો. પત્ર-પુષ્પાદિ ન હોવાથી તેણી પણ ખેદ પામી. ॥૩૬॥ આવા પ્રકારની તેણીને જોઈને કપિલે કહ્યું કે હે સુંદરી ! ઝાકળથી કરમાયેલી કમલિનીની જેમ તું કેમ નિસ્તેજ જણાય છે ? ॥૩૭॥ તેણી બોલી કે હે નાથ ! સવારના દાસીઓનો મહોત્સવ છે. તેમાં મારી પાસે પુષ્પ-પત્રાદિ કાંઈ નથી, તેથી હું દાસીઓની વચ્ચે વગોવાઈશ. ॥૩૮॥ તેના દુઃખના દુઃખથી પીડાયેલો કપિલ પણ મૌનની મુદ્રાથી દ્રવ્ય મેળવવાની ચિંતાથી જાણે કે ડાકિની વડે ગ્રહણ કરાયેલો હોય તેવો રહ્યો. ॥૩૯॥ દાસીએ તેને કહ્યું કે તમે ખેદ કરો નહિ. સ્ત્રીઓને તેમજ બાયલા પુરુષોની આ પ્રમાણેની કાયરતા હોય છે. ॥૪૦॥ અહીં **ધન** નામે શ્રેષ્ઠી છે. પ્રાતઃકાળમાં પહેલાં તેને જે જગાડે તેને બે માષા સુવર્ણ આપે છે. ॥૪૧॥ તેથી આજે સવાર પડે તે પૂર્વે જ તેના ઘરે જઈને ત્યાં મૃદુ સ્વરે કલ્યાણ રાગે તેને જગાડજો. ॥૪૨॥ ત્યાં કપિલ પહેલાં બીજો કોઈ પણ ન જાય એ પ્રમાણે ઉત્સુક એવી તેણીએ તેને મધ્યરાત્રિમાં જ મોકલ્યો. જે અર્થી હોય છે તે દોષોને જોતો નથી. ॥૪૩॥ માણસોની હિલચાલ વિનાના માર્ગે ચપળતાપૂર્વક જલદીથી જતા કપિલને ચોરની બુદ્ધિથી **આરક્ષક** પુરુષોએ પકડીને બાંધી દીધો. ॥૪૪॥

પ્રાતઃકાળે **પ્રસેનજિત** રાજાની પાસે તેઓ લઈ ગયા. રાજાએ તેને પૂછ્યું અને તેણે બે માષા સુવર્ણ માટે વહેલા જવાની કથા જેવી હતી તેવી કહી. ॥૪૫॥ સત્ય વાત કહેવાથી કૃપાળુ રાજા તેના પર ખુશ થયો અને કહ્યું, અરે કલ્યાણકારી ! તારી જે ઇચ્છા હોય તે માગી લે. હું આપીશ. ॥૪૬॥ તેણે પણ કહ્યું કે હે દેવ ! હું વિચારીને માંગીશ. રાજાએ પણ કહ્યું કે બ્રાહ્મણ ! ઇચ્છા મુજબ કર. ॥૪૭॥ ત્યારબાદ કપિલ પણ અશોક વનમાં જઈને બ્રહ્મમાં તત્પર યોગીની જેમ એક ચિત્તે ચિંતવન કરવા લાગ્યો. ॥૪૮॥ બે માષા સુવર્ણથી વસ્ત્રાદિ પણ નહિ થાય. જ્યારે રાજા ઇચ્છા મુજબ આપે જ છે, તો સો સુવર્ણ માગું. ॥૪૯॥ સો સોનૈયાથી વાહન વગેરેની સામગ્રી નહિ થાય. તેથી ઇષ્ટ અર્થની સિદ્ધિ માટે એક હજાર સુવર્ણ માગું. ॥૫૦॥ એક હજાર સુવર્ણથી મારા દીકરાઓના વિવાહાદિક ઉત્સવ નહિ થાય. તેથી માગવામાં વિચક્ષણ એવો એક લાખ સોનૈયા માગું. ॥૫૧॥ લાખ વડે મારા સ્વજનનો ઉદ્ધાર નહિ થાય. માટે એક ક્રોડ, સો ક્રોડ અથવા હજાર ક્રોડ માગું. ॥૫૨॥ આ પ્રમાણે વિચારતાં શુભ કર્મના વિપાકથી પરમ એવા સંવેગને પામેલો આ ભાવનાને ભાવતો હતો કે અહો ! લોભનું માહાત્મ્ય કેવું છે કે બે માષાના અર્થીવાળો હું લાભને જોઈને કરોડ વડે પણ મારો મનોરથ અટક્યો નહિ. ॥૫૩-૫૪॥ ભણવા માટે આવેલો હું અહીં દુર્વ્યસનમાં લાગી ગયો. અમૃતને પીવાની ઇચ્છાવાળા એવા મેં ખરાબ બુદ્ધિથી ઝેરને પીધું. ॥૫૫॥ ખરેખર વિષયોની શક્તિને જાણતો એવો પણ હું આ દુષ્ટો વડે દાસના પણ દાસની જેમ કેમ વિડંબના કરાયો ? ॥૫૬॥ અકુલીનને ઉચિત એવા અકાર્યને આચરતા મૂઢ એવા મને ધિક્કાર હો. મને ધિક્કાર થાઓ. મારા જેવો બીજો કોઈ મૂર્ખ નહિ હોય. ॥૫૭॥ દ્રવ્યના લાંપટ્યપણાના કારણભૂત એવા આ વિષયો વડે સર્યું. દ્રવ્યનો લાભ મૂર્ચ્છા કરનાર છે. મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે. ॥૫૮॥ પરિગ્રહના ગ્રહ વડે ગ્રસિત થયેલા પુરુષને આત્મા વશ નથી. અસંભાવ્યને પ્રાપ્ત કરવા માટેના મનોરથોને ધારણ કરે છે. ॥૫૯॥ મને વિપુલ સમૃદ્ધિ મળો, વિશાળ રાજ્ય પ્રાપ્ત થાઓ. આ પ્રાપ્ત થયે છતે મારા વડે

આ કરવા યોગ્ય છે વળી આ કાર્ય આજે કરીશ, કાલે કરીશ, પરમ દિવસે અને આ કાર્ય એના પછીના દિવસે કરીશ. આવી રીતે આશા વડે પોતાના આત્માને કરોળિયાની જેમ વીંટળાવું છું. ॥૬૦-૬૧॥ મમતા પરાયણ એવો હું હંમેશાં આ મારું દ્રવ્ય છે, આ મારું ઘર છે. આ મારા સ્વજનો છે. આ મારું કુટુંબ છે, એમ બોલ બોલ કરું છું. ॥૬૨॥ તેથી સુવર્ણાદિ વડે સર્યું સર્વ ઇચ્છાથી અટકેલા એવા મને સંતોષરૂપી ધન હો. જેથી હું નિશ્ચિત સુખી જ થાઉં. ॥૬૩॥ આ પ્રમાણે ભાવના ભાવતા સંતોષરૂપી અમૃતથી તૃપ્તિને ભજનાર એવા તે જાતિસ્મરણ પામીને સ્વયંબુદ્ધ થયા. ॥૬૪॥ ત્યારબાદ પરિગ્રહને છોડીને પંચમુષ્ટિક લોચને કરીને વ્રતને ગ્રહણ કર્યું. ॥૬૫॥ દેવતાએ અર્પણ કરેલા સમસ્ત સાધુવેષને ગ્રહણ કર્યા પછી તે રાજાની પાસે આવ્યા. એટલે રાજાએ પૂછ્યું કે 'કહો શું વિચાર્યું ?' ॥૬૬॥ હવે નિસ્પૃહમાં એક શિરોમણિ કપિલે રાજાની પાસે પોતાના મનોરથના વિસ્તારને કહીને આ પ્રમાણે કહ્યું. જેમ લાભ થાય તેમ લોભ વધે છે અર્થાત્ લાભથી લોભ વૃદ્ધિ પામે છે. બે માષા સુવર્ણથી ચિંતવેલું કાર્ય કોટિ સોનૈયાથી પણ પૂરું થયું નહીં. ॥૬૭-૬૮॥ તે સાંભળીને વિસ્મિત થયેલા રાજાએ સત્ય બોલનારા તેને કહ્યું કે હું તમને કોટિ સોનૈયા આપીશ, પણ તમે વ્રતને છોડી દો અને ભોગ ભોગવો. ॥૬૯॥ તેમણે કહ્યું કે હે રાજન્ ! દ્રવ્યના યોગ અને ભોગ વડે સર્યું. અત્યારે તો હું સાધુ થયો છું. તેથી તમને ધર્મલાભ થાવ. ॥૭૦॥ હે રાજન્ ! આ પરિગ્રહ કોઈની પણ સાથે ગયો નથી, તેથી તું પણ આ જડ એવા પરિગ્રહમાં મૂર્ચ્છા કરતો નહિ. ॥૭૧॥

આ પ્રમાણે કહીને મહાસત્ત્વશાળી, નિર્મમ, નિરહંકારી એવા કપિલ મુનિ ત્યાંથી નીકળીને પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. ॥૭૨॥ છ માસથી તપને તપતા એવા કપિલ મુનિને લોકાલોકને પ્રકાશ કરનારું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ॥૭૩॥ આ બાજુ રાજગૃહ અને શ્રાવસ્તીના માર્ગની વચ્ચે અઢાર યોજનના પ્રમાણવાળી એક મહાભયંકર અટવી છે. ॥૭૪॥ તેમાં **ઇકડદાસના** નામથી પ્રસિદ્ધ **બળભદ્ર** વગેરે પાંચસો ચોરો રહેતા હતા. તે પ્રતિબોધને યોગ્ય છે, એમ જાણીને તેઓ ત્યાં ગયા. ॥૭૫॥ બોધ કરવા માટે આવેલા કપિલ ઋષિને વૃક્ષ પર પક્ષીની જેમ રહેલા એક ચોરે જોયા. ॥૭૬॥ તેણે વિચાર્યું કે આપણો પરાભવ કરવા શ્રમણ આવ્યો છે. તે ચોર ગુસ્સાથી મુનિને પકડીને સેનાપતિ પાસે લઈ ગયો. ॥૭૭॥ રમત રમવાની બુદ્ધિથી તેણે પણ જ્ઞાનીપુંગવને જાણીને કહ્યું કે હે હો નટની જેમ નાટક વડે અમને ખુશ કરો. ॥૭૮॥ કપિલે પણ કહ્યું કે, વાજિંત્રના અભાવે નાટક કેવી રીતે થાય ? અગ્નિનો અભાવ હોય તો શું ધૂમાડો ક્યારે પણ જોવાય છે ? ॥૭૯॥ ત્યારબાદ તે સર્વે ચોરો હાથથી તાળી પાડવા લાગ્યા. કપિલ મુનિ નાચવા લાગ્યા અને વચ્ચે વચ્ચે મોટેથી ગાવા લાગ્યા. ॥૮૦॥ અસ્થિર અને દુઃખથી પ્રચુર એવા આ સંસારમાં ક્યારે શું ન થાય ? જે કોઈક કર્મ એવું છે કે જે દુર્ગતિમાં ન લઈ જાય. ॥૮૧॥ આવા પાંચશો ધ્રુવપદો કપિલ મુનિએ મધુર સ્વરે ગાયા. જુદા જુદા પદોથી સાંભળતા જુદા જુદા પાંચશો ચોરો પ્રતિબોધ પામ્યા. ॥૮૨॥ કપિલ ઋષિએ તે સર્વેને દીક્ષા આપી. લાંબો કાળ વિચરીને આયુષ્ય પૂર્ણ થતા તે કપિલ મુનિ નિર્વાણ પામ્યા. ॥૮૩॥ આ પ્રમાણે જેઓ પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે, નિર્લોભી એવા કપિલ મુનિની જેમ તેઓ સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે અને જે ત્યાગની બુદ્ધિથી પરિગ્રહનું પરિમાણ કરે છે, તે પણ અનુક્રમે મુક્તિને પ્રાપ્ત કરે છે. ॥૮૪॥

॥ પરિગ્રહના પરિમાણ વ્રત ઉપર કપિલ મુનિની કથા સમાપ્ત. ॥૫॥

હવે દિશા પરિમાણ વ્રત ઉપર કથા : ચંડકૌશિક કથા

આ જ **જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના** મધ્ય ભાગમાં સ્વયં લક્ષ્મી વડે જાણે સ્થાપિત કરાયેલાની જેમ **કૌશિક** નામનો સંન્નિવેશ છે. ॥૧॥ સમસ્ત દેશોની ભાષાનો જાણકાર જ્ઞાન અને વિજ્ઞાનમાં વિદ્વાન, આધ્યાત્મિક **ગોભદ્ર** નામનો બ્રાહ્મણ હતો. ॥૨॥ અદ્વિતીય વાગ્લબ્ધિથી અને અત્યંત બુદ્ધિશાળી હોવાથી એક લક્ષ્મી વિના સર્વેને પણ તે ખુશ કરતો હતો. ॥૩॥ અહીં એવા કોઈ ગુણ નથી કે જે ગુણ તે બ્રાહ્મણમાં ન હોય. ફક્ત તે વસ્તુ નથી કે જે ખાઈને દિવસ પસાર થાય. ॥૪॥ આવો નિર્ધન પણ અદીન એવો આત્મા નિષ્પરિગ્રહતાને જ ધન માનતો સંતુષ્ટ એવો તે હંમેશાં આ પ્રમાણે વિચારતો હતો. ॥૫॥ અહો ! અહીં જે પુરુષોને લક્ષ્મીએ સ્વીકારી છે, તે સ્ત્રીરૂપી સ્વામીવાળા પુરુષો કોના કોના વડે પરાભવ પમાડાતા નથી. ॥૬॥ ગોત્રજો વડે તે ગ્રહણ કરાય છે, રાજાઓ વડે દંડાય છે, લૂંટારાઓ લૂંટે છે. માંગણો વડે મંગાય છે. ॥૭॥ ભયથી ઉદ્‌ભ્રાન્ત થયેલા ક્યાંય પણ સ્વચ્છંદપણે ફરી શકતા નથી. પથ્ય ખાવા છતાં પણ વ્યાધિઓથી કરેલી આધિઓથી પીડાય છે. ॥૮॥ હું તો વળી દરિદ્રતામાં શિરોમણિ હંમેશાં કોઈથી પણ પરાભવ પામતો નથી. નિર્ભય એવો હું ફરું છું. ॥૯॥ આ પ્રમાણે વિચાર કરતો ગોભદ્ર દિવસોને પસાર કરતો હતો. એક વખત તેની **શિવભદ્રા** નામની પ્રિયાએ ગોભદ્રને કહ્યું કે હે સ્વામી ! હું ગર્ભવતી છું. વળી તમારે નિશ્ચિંતતા છે. શું જાણતા નથી કે પ્રસૂતિ થયેલી મારે ઘી-દૂધ વગેરે પૌષ્ટિક વસ્તુ જોઈશે. ॥૧૦-૧૧॥ તેથી તેના માટે અર્થનું ઉપાર્જન કેમ કરતા નથી ? ખરેખર ભવિષ્યને માટે તૈયારી રાખનાર પુરુષ સુખને પામે છે. ॥૧૨॥ આ પ્રમાણે પ્રિયાના વચનરૂપી ચંદ્રનો ઉદય થયે છતે તેના ચિત્તરૂપી સાગરમાં જલદીથી ઉછળતા મોટા ચિંતારૂપી કલ્લોલો થયા. ॥૧૩॥ તે નિમિત્તથી અર્થ (ધન)ની ઇચ્છા વડે સંતોષને વિસ્મરણ પામેલા તે બ્રાહ્મણે તેણીની આગળ સો ઉપાયો કહ્યા. ॥૧૪॥ તેણીએ કહ્યું કે તું વાચાળ છે. એકાદ પણ ધનવાનને જો તમે પ્રાર્થના કરો તો તમને આટલું ધન તો આપી જ દે. કેમ કે તમારા જેવો અર્થી મળવો દુર્લભ છે. ॥૧૫॥ ગોભદ્રે પણ કહ્યું કે હે પ્રિયા ! કાનને દુઃખ આપનારું એવું વચન તું ન બોલ. કારણ કે હું મરી જઈશ, પરંતુ કોઈની પાસે હાથ લાંબો કરીશ નહિ. ॥૧૬॥ તું મને કષ્ટથી પણ સાધી શકાય એવા બીજા ઉપાયને કહે. પતિના મહાસત્ત્વપણાથી ખુશ થયેલી તેણી પણ બોલી. ॥૧૭॥ હે પ્રિય ! તમે વાણારસીની પવિત્ર એવી ગંગા નદીના કિનારે જાઓ. ત્યાં તીર્થયાત્રા માટે દેશદેશાંતરથી લોકો આવે છે. ॥૧૮॥ હર્ષિત થયેલા તે લોકો ધૂળથી ખરડાયેલા મહાબ્રાહ્મણ એવા તમને નહિ માંગવા છતાં પણ સુવર્ણની દક્ષિણા આપશે. ॥૧૯॥

શિવભદ્રાથી પ્રેરાયેલો અને અર્થની ઇચ્છાવાળો ગોભદ્ર ભાથાને લઈને **કાશીને** આશ્રયીને નીકળ્યો. ॥૨૦॥ માર્ગમાં આગળ જાણે કે કામદેવ જ સાક્ષાત્ હોય તેવા પાદુકા પર આરૂઢ થયેલા **વિદ્યા સિદ્ધ યોગી પુરુષને** તેમણે જોયો. ॥૨૧॥ સંભ્રમથી જેટલામાં ગોભદ્ર તેને કંઈ પણ કહેવાને માટે જાય છે તે પહેલાં જ તે **વિદ્યાસિદ્ધે** તેને સામેથી બોલાવ્યો. ॥૨૨॥ અરે હે ગોભદ્ર ! કૌશાંબીથી આવેલો તું વાણારસી જાય છે. અમારી સાથે ચાલ, જેથી માર્ગ પસાર કરી શકાય. ॥૨૩॥ તેની વાણીથી ગોભદ્ર વિચારમાં પડ્યો કે આ કોઈ સામાન્ય પુરુષ નથી. કેમ કે મારું નામ સ્થાન તેમ જ ક્યાંથી આવ્યો છું ? આ બધું જ તે કેવી રીતે જાણે છે ? ॥૨૪॥ માટે ભક્તિથી દેવતાની જેમ આને જ હું સેવું. કેમ કે કદાચિત્ આનાથી જ મારા કાર્યની સિદ્ધિ થાય. ॥૨૫॥ આ પ્રમાણે વિચાર કરીને વિનયપૂર્વક કરેલી અંજલિવાળા એવા ગોભદ્રે કહ્યું કે અહો ! અતીન્દ્રિય જ્ઞાની એવા તમારી સાથે ગોષ્ઠીને કોણ ન ઇચ્છે ? ॥૨૬॥ આ પ્રમાણે કહીને સ્નેહથી ભરપૂર

એવા તે બંને પરસ્પર વાતો કરતા સગાભાઈની જેમ બન્ને સાથે જ ચાલ્યા. ॥૨૭॥ એક ગામને પામીને અને દિવસનો એક પ્રહર પસાર થયે છતે ગોભદ્રે કહ્યું કે હે કલ્યાણકારી ! અહીં જ રહેવાય અને ખવાય. ॥૨૮॥ તેણે કહ્યું, 'હે ભાઈ ! હજી તડકો આકરો તપ્યો નથી. તેથી આવ ! આગળ જઈએ. હે મિત્ર ! ખરેખર ભોજન તો આગળ પણ દુર્લભ નથી. ॥૨૯॥ હવે આગળ ચાલતા એવા તે બંનેએ મેઘની જેમ કિનારાએ રહેલા ગાઢ ઝાડીઓવાળા વનથી યુક્ત ક્ષીરોદધિ સમાન સરોવરને જોઈને. ॥૩૦॥ તે બંને જણા ત્યાં ઉતરીને સ્નાન કરીને પવિત્ર થઈને ત્યાર પછી તે બ્રાહ્મણ મધ્યાહ્નની પૂજા સમાધિમાં પ્રવૃત્ત થયો અને વળી બીજો ॥૩૧॥ ત્યાં આગળ જલદીથી દેવતા જેમ મનમાં સંકલ્પ કરે તેમ વિદ્યાના પ્રયોગથી વિવિધ પ્રકારની રસવતીને તેણે બોલાવી (ખેંચી). ॥૩૨॥ વિદ્યાસિદ્ધ પુરુષે પહેલાં ગોભદ્રને ભોજન કરાવ્યું. ત્યારબાદ સ્વયં ખાધું. બુદ્ધિશાળી ઉચિત પ્રવૃત્તિમાં શું મોહ પામે ? ॥૩૩॥ ઇન્દ્ર જાળીયો જેમ ઇન્દ્રજાળને ક્ષણમાત્રમાં વિખેરે, તેમ તેણે હુંકાર માત્રમાં તે સર્વે વિસર્જન કરી દીધું. ॥૩૪॥ ગીચ ઝાડીની શ્રેણીમાં ક્ષણમાત્ર વિશ્રામ કરીને થાક વિનાના થયેલા તે બંનેએ ફરીથી પ્રયાણ શરૂ કર્યું અને થોડી જ વારમાં સૂર્યાસ્ત થયો. ॥૩૫॥ આંખોને ઢાંકતો આંખોના રોગ જેવો ગાઢ અંધકાર થયો. તે અંધકાર યોગીની જેમ મુસાફરને અદૃશ્ય કરતો હતો. ॥૩૬॥ પ્રેરણા કરાયે છતે પણ અવિનિત જેમ કાર્યમાં પ્રવૃત્તિ ન કરે તેમ થાકથી થાકેલા બંને પગો ચાલતા નથી. ત્યારબાદ ગામની નજીક આવતા બ્રાહ્મણે વિશ્રામ માટે સિદ્ધને કહ્યું. ॥૩૭॥ સિદ્ધે પણ કહ્યું કે આપણા બંનેને ગામનું શું પ્રયોજન છે ? આગળ વચ્ચે રહીશું. ત્યારબાદ આગળ જઈને માર્ગને છોડીને વચ્ચે રહ્યા. ॥૩૮॥

ત્યાં સમાધિપૂર્વક રહીને વિદ્યાસિદ્ધે પોતાની વિદ્યાથી દેવની જેમ સૌંદર્યશાળી દિવ્ય વિમાનને ખેંચ્યું. ॥૩૯॥ ક્ષણમાત્રમાં તેમાંથી એક દિવ્ય સુંદરી નીકળીને આદરપૂર્વક વિદ્યાસિદ્ધની પાસે ગઈ. ॥૪૦॥ ત્યારે તેણીમાં આસક્ત એવા તેણે મધ્યગૃહનો આશ્રય કર્યો અને તેણીને તેની શ્રેષ્ઠ **નાનીબેન** ગોભદ્રને માટે મોકલે એવો આદેશ કર્યો. ॥૪૧॥ તેણી પણ ગોભદ્રને બોલાવીને મધ્યગૃહમાં લઈ ગઈ. પરસ્ત્રીગમનના ત્યાગવાળા એવા તેણે તેણીને તું મારી બહેન છે, એમ કહ્યું. ॥૪૨॥ અને વળી કહ્યું કે હે કલ્યાણકારી ! લાંબા કાળથી એકઠા કરાયેલા ધર્મરૂપી ધનને ચોરીને જતાં પોષણ કરાયેલા ચોરો જેવા વિષયો વડે સર્યું. ॥૪૩॥ વિવેકી પુરુષોને તો વળી પોતાની પત્નીમાં અત્યંત આસક્તિ હોતી નથી, તો દુરંત એવા દુઃખોના કારણભૂત પરનારીમાં તો આસક્તિ ક્યાંથી ? ॥૪૪॥ જે કાયર પુરુષ પોતાની ઇન્દ્રિયોને જીતવા માટે સમર્થ નથી, તેને લક્ષ્મી પણ નથી. ગુણો પણ તેની પાસે નથી અને મચકુંદ જેવો નિર્મળ યશ પણ હોતો નથી. ॥૪૫॥ આ પ્રમાણે વૈરાગ્યયુક્ત વાણી ગોભદ્રે તેણીને કહી. તેથી સગા ભાઈની જેમ ઉત્પન્ન થયેલા રાગવાળી એવી તેણીએ આ પ્રમાણે કહ્યું. ॥૪૬॥ હે ભાઈ ! તું કૃતકૃત્ય છે. સજ્જનોને વિષે તારી જ રેખા અર્થાત્ અગ્રેસરતા છે. તું આ લોક અને પરલોકમાં કલ્યાણનું ભાજન થઈશ. ॥૪૭॥ પરસ્ત્રીના ત્યાગનો આવા પ્રકારનો પરિણામ દૃઢ સત્ત્વવાળા જેનો છે, તેવો પરિણામ દેવોને પણ દુષ્કર છે. ॥૪૮॥ આપના વડે સર્વ ઇચ્છિતની સિદ્ધિ અપાઈ છે, ગોભદ્રે તેણીને કહ્યું કે હે કલ્યાણકારી ! તે કેવી રીતે ? તેણીએ પણ કહ્યું કે. ॥૪૯॥

અહીં **योगिनीनी पीठ એવું जालंधर** નામનું નગર છે. અણિમાદિ સિદ્ધિથી યુક્ત યોગીનીઓ જ્યાં શોભે છે. ॥૫૦॥ વશીકરણ, આકર્ષણ, અદૃશ્ય થવું-કરવું, તેમ જ આકાશમાં ફરવું, (અહીં રહ્યા) દૂરનું જોવું. આ પ્રમાણે જ્યાંની ક્રીડાઓ છે. ॥૫૧॥ યમરાજ પણ જે નગરીમાં છેતરાઈ જવાના ભયથી નિરંતર શંકા કરે છે અને સર્વને આક્રમણ કરવાની શક્તિ ધરાવતી જરા પણ નજીકમાં આવતી નથી અર્થાત્ મૃત્યુ કે જરા

જે નગરીમાં નથી. ॥૫૨॥ હાલમાં પણ યૌવનથી શોભતી એવી તે યોગીનીઓ છે જેથી પૂર્વકાળના રૂપનું સુંદર અને મનોહરપણું પથ્થરમાં કોતરેલી પ્રશસ્તિની જેમ પ્રકાશિત કરે છે. ॥૫૩॥ તે પીઠમાં હું ચંદ્રલેખા નામની યોગિની રહુ છું અને વળી આ બીજી **ચંદ્રકાન્તા** નામની મારી મોટી બહેન છે. ॥૫૪॥ રૂપની સંપત્તિથી અપ્સરાને જીતનારી, સિદ્ધ છે અનેક મહાવિદ્યા જેને એવી અને યોગીનીઓના સમૂહની મધ્યે રહેલી આ (ચંદ્રકાન્તા) પૂજ્ય વ્યક્તિઓમાં ચોથા સ્થાને છે. ॥૫૫॥ આશ્ચર્યથી ચકિત ગોભદ્રે કહ્યું કે જો આ પ્રમાણે છે તો કેમ આને આરાધો છો ? તેણીએ કહ્યું કે તું સાંભળ, હું કહું છું. ॥૫૬॥

કામદેવના રૂપથી અધિવાસિત એવો **ડમરસિંહનો પુત્ર** સાહસિકોમાં શિરોમણી **ઇશાનચંદ્ર** નામનો છે. ॥૫૭॥ અનેક વિદ્યાસિદ્ધ એવો પણ સર્વ ઇચ્છિતની સિદ્ધિને માટે **કાલાયિની દેવીની** પાસે તેણે લાખ બિલિના ફળની આહુતિ કરી. ॥૫૮॥ તો પણ ખુશ નહિ થયેલી દેવીને ખુશ કરવા માટે ત્યાં જ અતિ સાહસિક એવા તેણે મસ્તકના છેદનો હોમ કરવા માટે આરંભ કર્યો. ॥૫૯॥ તેથી ખુશ થયેલી દેવીએ સ્વયં સર્વ ઇચ્છિતને આપનારું રક્ષાંગદં (બાજુબંધ) હાથમાં બાંધીને દેવી અદૃશ્ય થઈ. ॥૬૦॥ આવું બાજુબંધ પ્રાપ્ત થયેલો એવો તે જાણે કે જગતનું સામ્રાજ્ય પ્રાપ્ત થયું હોય તેમ અતિ ગર્વિષ્ઠ દરેક ઠેકાણે અહમિન્દ્રની જેમ હંમેશાં અસ્ખલિત રીતે ભમે છે. ॥૬૧॥ ગર્વ વડે શ્રીકૃષ્ણ-શંકરને પણ ગોવાળીયા જેવા માને છે. પોતાની ઈચ્છાનુસાર કરવાની શક્તિ વડે યમરાજની પણ મશ્કરી કરે છે. ॥૬૨॥ પોતાના ઘરની જેમ અંતઃપુરમાં ઇચ્છા મુજબ ક્રીડા કરે છે. સાંકળથી બંધાયેલાની જેમ દૂર રહેલી વસ્તુને પણ ખેંચે છે. ॥૬૩॥ બાજુબંધના પ્રભાવથી તે કોઈનાથી પણ જિતાતો નથી. ચક્રવર્તી જેમ ચક્રથી તેમ તે બધાને જીતે છે. ॥૬૪॥ ભ્રમણ કરતો એક વખત તે જાલંધરમાં આવ્યો. દિવ્ય રૂપવાળી મારી બહેન ચંદ્રકાંતાને તેણે જોઈ. ॥૬૫॥ ધર્મકર્મમાં અવળા મુખવાળો એવો તે તેણીને સાથે અસહ્ય રમ્યો. ઇચ્છા મુજબ કેટલાક દિવસો રમ્યો અને હવે ચપળતાથી ક્યાંક ગયો. ॥૬૬॥ વળી હે બ્રાહ્મણ ! ઘણા કાળથી બ્રહ્મચર્ય વ્રતમાં અમે બંને રહેલા હતા. સર્વ ઇચ્છિત વિદ્યાને સાધવાની ઇચ્છાથી શ્રીપર્વત તરફ જવા માટે દિવ્ય વિમાનમાં આરૂઢ થયેલી અમને બંનેને ખેંચીને આ અહીં લાવ્યો. ભયથી અમે બંને આના આદેશને અનુસર્યા. ॥૬૭-૬૮॥ તે સાંભળીને બ્રાહ્મણે વિચાર્યું. અહો, આ મોટું કુતૂહલ છે કે આવા પ્રકારની યોગિનીઓ પણ આના વશમાં કેમ છે ? ॥૬૯॥ પૃથ્વી બહુરત્ના છે તો તેમાં શું આશ્ચર્ય ? આ પૃથ્વી ઉપર મોટાઓથી પણ મોટા હોય છે. ॥૭૦॥ ફરીથી ચંદ્રલેખાએ કહ્યું કે હે ભાઈ ! જો મારી બહેનનું બ્રહ્મચર્ય ખંડિત થયું ન હોત તો હે પ્રભો ! સ્વયં વિદ્યા તેને સિદ્ધ થાત. ॥૭૧॥ સર્વ ઇચ્છિતને આપનાર એવી વિદ્યા સાત રાત્રિમાં મને સિદ્ધ થશે. અખંડ શીલવાળા એવા તેં મને શું નથી આપ્યું ? અર્થાત્ વિદ્યાસિદ્ધ થવામાં તમે સહાયક બન્યા છો. ॥૭૨॥ અને વળી હે ભાઈ ! અત્યંત આદરથી હું કાંઈક પ્રાર્થના કરું છું. જે કારણથી ક્યારેક અતિથિપણા વડે હું તારા વડે અનુગ્રહ કરવા યોગ્ય છે અર્થાત્ મારે ત્યાં પધારવું. ॥૭૩॥ આ પ્રમાણે સગા ભાઈ-બહેનની જેમ વર્તતા તે બંનેએ રાત્રિ પસાર કરી. બેની વચ્ચે ત્રીજો સારો નહિ. ॥૭૪॥ વિદ્યાસિદ્ધે હવે કહ્યું કે હે મિત્ર ! જવા માટે ઉઠ. તેણે પણ કહ્યું કે હું તૈયાર છું. એ પ્રમાણે બોલતો તેની નજીક ગયો. ॥૭૫॥

હવે વિદ્યાસિદ્ધે સ્ત્રી સહિત વિમાનને વિસર્જન કરીને આગળ જવા માટે ચાલ્યો. જતા એવા તેણે બ્રાહ્મણને પૂછ્યું. ॥૭૬॥ હે મિત્ર ! રાત્રિમાં તારી પાસે જે વારાંગના મોકલાવી હતી, તેણીએ પત્નીના ભાવ વડે તને શું ખુશ કર્યો કે નહિ ? ॥૭૭॥ ગોભદ્રે પણ કહ્યું કે હે મિત્ર ! અહીં જીવવાને ઇચ્છનાર એવા તમારા

આદેશને રાજાના આદેશની જેમ કોણ ઉલ્લંઘન કરે ? ॥૭૮॥ અને વળી પરસ્ત્રીથી વિરામ પામેલા એવા મેં તેને ભોગવી નથી. કેમ કે પરસ્ત્રી સાથેની રતિ મનુષ્યોને આ લોક તેમજ પરલોકમાં અનર્થને માટે થાય છે. ॥૭૯॥ વિદ્યાસિદ્ધે કહ્યું કે હે મિત્ર ! વિમાનનું આકર્ષણ વગેરે આ સર્વે પણ આરંભ આપના માટે જ મેં કર્યો હતો. ॥૮૦॥ જો તારો આશય જાણતો હોત તો પગે ચાલવા વડે આ તીર્થમાં જતો એવો હું પણ બ્રહ્મચર્યને પાળત. ॥૮૧॥ આ પ્રમાણે વાતો કરતાં પૂર્વની જેમ ભોજન કરતા અને મઠ વગેરેમાં શયન કરતા તે બંનેએ અનુક્રમે વાણારસી નગરીને પ્રાપ્ત કરી. ॥૮૨॥ ત્યાં તીર્થોને જોઈને ગંગામાં સ્નાન કરવા માટે પેઠા. હવે વિદ્યાસિદ્ધે તે બાજુબંધ ગોભદ્રના હાથમાં અર્પણ કર્યું. ॥૮૩॥

ત્યારબાદ ગંગામાં પ્રવેશ કર્યો અને એક ક્ષણ જોવાયો. ત્યાર પછી મંત્રથી જેમ અદૃશ્ય થાય તેમ લાંબાકાળે પણ ન આવ્યો. ॥૮૪॥ સંભ્રમથી ગોભદ્રે ત્યાં ગંગાની ચારે તરફ તરવૈયાઓ દ્વારા તેની શોધ કરી, પણ તે ક્યાંય પ્રાપ્ત ન થયો. ॥૮૫॥ ત્યારબાદ અત્યંત ખેદયુક્ત એવો લાંબા કાળ સુધી મિત્રનો શોક કરીને તેણીની પ્રાર્થનાને યાદ કરતો ત્યાર પછી જાલંધર ગયો. ॥૮૬॥ શુકનો વડે મિત્રની પ્રાપ્તિ અને દ્રવ્યનો અદ્‌ભૂત લાભ થશે, એમ જાણીને બુદ્ધિશાળી એવો તે ચંદ્રલેખાના ઘરને પૂછતો પૂછતો તેના મહેલમાં ગયો. ॥૮૭॥ ત્યાં બ્રાહ્મણે ઘર ખોલો, એવો સ્વર કર્યો. ત્યાં રહેલો વિદ્યાસિદ્ધ તે સ્વર સાંભળીને જલદીથી ખુશ થયો. ॥૮૮॥ વિદ્યાસિદ્ધે કહ્યું, આવ ભાઈ આવ. મારા સુકૃતોથી જ તું આવેલો છે. વિદ્યાસિદ્ધના સ્વરને સાંભળીને ગોભદ્ર પણ વિસ્મય પામ્યો. ॥૮૯॥ કેમ મારા મિત્ર ? અહીં જ છો. એ પ્રમાણે સંભ્રમથી પ્રવેશ કર્યો અને દૃઢ સાંકળ વડે બંધાયેલો તેને જોયો. ॥૯૦॥ જલદીથી આંસુ વડે પૂર્ણ નેત્રવાળા બ્રાહ્મણે ત્યારબાદ તેને પૂછ્યું, ત્રણે જગતને આનંદ આપનાર હે મિત્ર ! આવા પ્રકારની તારી દુર્દશા કેવી રીતે થઈ ? ॥૯૧॥ વિદ્યાસિદ્ધે પણ કહ્યું કે હમણાં શોક કરવા વડે સર્યું. હે મિત્ર ! જલદીથી રક્ષાને કરનાર બાજુબંધ મારા હાથમાં બાંધ. ॥૯૨॥ તેણે પણ બાંધ્યું. ત્યારબાદ ગરુડાસ્ત્રને પ્રાપ્ત કરીને નાગપાશ તૂટે તેમ ક્ષણ માત્રમાં જ પૂર્વના બંધનો તૂટ્યા. ॥૯૩॥ તેવા સ્વરૂપમાં રહેલા વિદ્યાસિદ્ધને જોઈને બ્રાહ્મણે કહ્યું કે હે મિત્ર ! માહાત્મ્યની લીલા વડે હું અત્યંત વિસ્મય પામ્યો છું. ॥૯૪॥ ગંગામાં સ્નાન કરવું ક્યાં ? તમારું આગમન અહીં ક્યાં ? અને બંધવાળી વિક્ષોભ (શોકાવસ્થા) અવસ્થા ક્યાં ? આ તમારા મોટા કૌતુકને જલદીથી કહો. ॥૯૫॥ વિદ્યાસિદ્ધે પણ કહ્યું કે હે કલ્યાણકારી ! ત્યારે જે વિમાન મેં ખેંચ્યું હતું, તેમાં રહેલી ચંદ્રકાન્તા નામની યોગિનીને મેં બળજબરીથી ભોગવી. ॥૯૬॥ તે વૈરથી તેની બહેન ચંદ્રલેખાએ ગંગાજળમાં પ્રણાયામમાં રહેલા અને રક્ષા કરનાર બાજુબંધથી ત્યાગ કરાયેલા મને જોઈને ત્યાંથી ઉપાડીને ગાઢ બેડીઓના સમૂહથી બાંધીને અહીં મૂક્યો. પ્રાયઃ સર્વે વૈરીઓને છળ વડે જ પ્રહાર કરતા હોય છે. ॥૯૭-૯૮॥ હે મિત્ર ! અત્યારે રક્ષાને કરનાર બાજુબંધ લાવીને તેં આપ્યું, તેનાથી યમના મુખમાંથી ખેંચીને ખરેખર આજે મને નવો જન્મ તેં આપ્યો છે. ॥૯૯॥ તારી આત્મકથાને કહે અને ઇચ્છિત એવું વરદાન માંગ. તેણે પણ પોતાની કથાને કહીને સમયે વરદાન માંગીશ, એમ કહ્યું. ॥૧૦૦॥

ત્યારે તે બંને યોગિનીઓ આકાશ માર્ગે વિમાનથી સિદ્ધવિદ્યાવાળી શ્રીપર્વતથી પોતાના મહેલ પાસે આવી. ॥૧૦૧॥ તે બંનેને જોઈને તેણે તેને કહ્યું હે મિત્ર ! તમે, બંને સાથે કેવી રીતે વર્તશો ? તેણે પણ કહ્યું કે વૈરીની સાથે જેમ વર્તાય તેમ વર્તીશ. ॥૧૦૨॥ જેમ અંધકારને ઉચ્છેદ્યા વિના સૂર્ય પ્રગટ થાય નહિ તેમ કાદવપણાને પામ્યા વિના ધૂળ પાણી સાથે રહે નહિ ॥૧૦૩॥ ગોભદ્રે કહ્યું હે ભો ! જો આ વ્યવહાર છે તો વૈરને પુષ્ટ કરનાર રસાયન સરખા ક્રોધને તમે ન કરો. ॥૧૦૪॥ આ પ્રમાણે કહીને તેને નિગ્રહ કરીને મહેલ ઉપર તે

ગયો. ગોભદ્રને જોઈને સંભ્રાન્ત થયેલી ચંદ્રલેખાએ પણ સ્વાગત કર્યું. ॥૧૦૫॥ અને તેણીએ કહ્યું કે હે ભાઈ ! તમે મારા શીલને ખંડિત ન કર્યું. તેથી શુભ આશયવાળી હું આજે સિદ્ધવિદ્યાવાળી થઈ છું. ॥૧૦૬॥ દુઃખેથી દમન ન કરી શકાય તેવા તેમજ રક્ષાને કરનાર બાજુબંધ વગરના માછલીની જેમ ગંગાના જલમાંથી વિદ્યાસિદ્ધને બાંધીને અહીં હું લાવી છું. ॥૧૦૭॥ આ વદ ચૌદશના દિવસે ચંડીકાદેવી પાસે વધામણીપૂર્વક તેનો બલિ અપાશે. તે પ્રસ્તાવમાં તમારું આગમન થયું છે. ॥૧૦૮॥ વળી ઉત્સાહપૂર્વકના મહોત્સવ જેવું આજે તમારું આગમન મારા માટે થશે. હે ભાઈ ! ઈષ્ટનો સંયોગ ખરેખર ખુશ કરનાર હોય છે. ॥૧૦૯॥ ગોભદ્રે તેણીને કહ્યું કે હે બેન ! પ્રાણીનો ઘાત કરવો તે યોગ્ય નથી. ખરેખર વૈરથી વૈર વધે અને ભવની પરંપરા થાય છે. ॥૧૧૦॥ વળી આ પણ મારો માર્ગ છે. હે બહેન ! મને મિત્ર બતાવ. જેથી તેને પણ પ્રતિબોધ કરીને તમારી સાથે મિત્રતાને કરાવું. ॥૧૧૧॥ ત્યારબાદ ચંદ્રકાંતા અને ચંદ્રલેખા ગોભદ્રની સાથે તે રીતે બંધાયેલા વિદ્યાસિદ્ધને બતાવવા માટે આવી. ॥૧૧૨॥ તેટલામાં તો મુમુક્ષુની જેમ તે વિદ્યાસિદ્ધના સમસ્ત બંધન તૂટેલા જોઈને જલદીથી એકી સાથે ભય આશ્ચર્ય અને શિથિલતાને પામી. ॥૧૧૩॥ ત્યારે જ જાણે કે ગોભદ્રને જોયો હોય તેમ ગોભદ્રને જોઈને વિદ્યાસિદ્ધે તેને કહ્યું કે હે ભો ! મારી જેમ કપટથી શું તને પણ આ બંને અહીં લઈને આવી છે ? ॥૧૧૪॥ હવે ગોભદ્રે આગ્રહ કરીને તેઓને એક ઠેકાણે બેસાડીને પ્રૌઢ આચાર્યની જેમ કષાયના ફળને બતાવનારી દેશનાને કરી. ॥૧૧૫॥

અહો ! કષાયોમાં મુખ્ય ક્રોધ યોધાની જેમ ઉદ્ધત છે. જેને ક્રોધ હોય તે તેને ખરેખર મૂળમાંથી ઉખેડી નાંખે છે. ॥૧૧૬॥ વરસાદનું પાણી પડતે છતે પણ સમુદ્રની જેમ ઘણી ક્ષમાવાળા, ક્રોધના ફલને જાણનારા સજ્જનો અપરાધીને વિશે પણ ક્રોધ કરતા નથી. ॥૧૧૭॥ અપકાર કરનારાઓ પર અપકાર કરવો એ નીચ પુરુષોનો વ્યવહાર છે. વળી સજ્જનો અપકાર કરનારાઓ ઉપર પણ ઉપકાર કરનારા હોય છે. ॥૧૧૮॥ નીચ અને ઉત્તમતારૂપ મનુષ્યનો ભેદ નહિંતર ક્યાંથી થાય ? ખરેખર ! એક સ્વરૂપવાળી વસ્તુમાં અનેક સ્વરૂપપણું થાય નહિ. ઘણું કહેવા વડે શું ? જો આત્માના સાચા કલ્યાણને ઇચ્છો છો તો પરસ્પરના દુરાશયને મૂકીને તેનું મિચ્છામિ દુક્કડમ્ આપો ॥૧૧૯-૧૨૦॥ ગુરુનો આદેશ જેમ શ્રાવકો સ્વીકારે તેમ તેનું વચન પણ તેઓએ સ્વીકાર્યું. તત્ત્વથી ભાઈની જેમ પરસ્પર તેઓની પ્રીતિ થઈ. ॥૧૨૧॥

વિદ્યાસિદ્ધ વડે વરદાનને માટે કહેવાયેલા ગોભદ્રે કહ્યું, હે મિત્ર ! તું પરસ્ત્રીથી વિરામ પામ. આ જ વરદાન છે. ॥૧૨૨॥ પરસ્ત્રીનો સંગમ પરમ વૈરનું કારણ છે. અનર્થોના સમૂહનું આવાસ સ્થાન અને દુર્ગતિનો રાજમાર્ગ છે. ॥૧૨૩॥ દુર્વિનયનો ભાઈ, પરાભવોનું શ્રેષ્ઠ સ્થાન, અપકીર્તિની જન્મભૂમિ અને પાપરૂપી કાદવની ખાઈ છે. ॥૧૨૪॥ પરસ્ત્રીથી અટકેલા સુદર્શન વગેરે જેઓ છે તેઓએ મુક્તિને પ્રાપ્ત કરી છે. જેઓ પરસ્ત્રીથી વિરામ નથી પામ્યા તે રાવણ વગેરે અનર્થોમાં પડ્યા. ॥૧૨૫॥ અગ્નિથી જેમ ઘીનો કુંભ, બિલાડીથી જેમ ઉંદર, પતંગિયો જેમ દીપથી, સિંહથી જેમ હરણ, સૂર્યથી જેમ અંધકાર, સર્પથી જેમ દેડકા રહે, તેમ સુખના અર્થીઓએ દૂરથી જ પરસ્ત્રીનો ત્યાગ કરવો. ॥૧૨૬-૧૨૭॥ ત્યારબાદ ઉત્પન્ન થયેલા વૈરાગ્યવાળા વિદ્યાસિદ્ધે જલદીથી (એકાએક એકદમ જ) મિત્રની પાસે પરદારા (પરસ્ત્રી)ના ત્યાગનો નિયમ સ્વીકાર્યો. ॥૧૨૮॥ ગોભદ્રે પણ તેને કહ્યું કે મને વાંછિતની પ્રાપ્તિ થઈ. તારો પણ જન્મ સફળ થયો. તેથી હવે વ્રતને ભૂલતો નહિ. ॥૧૨૯॥ પ્રમોદને ભજનાર વિદ્યાસિદ્ધ હવે યોગિનીના ઘરમાં જમીને બંને યોગિનીનેં અને મિત્રને પૂછીને પોતાના સ્થાને ગયો. ॥૧૩૦॥ ગોભદ્રે પણ કહ્યું કે હે કલ્યાણકારી ! ઘરમાંથી

નીકળ્યાને મને પણ ઘણા દિવસો થયા છે. તેથી જવા માટે મને આદેશ આપો. ॥૧૩૧॥ અને તમારી ભાભીને હું ગર્ભવતી મૂકીને આવ્યો છું. અને જણાય છે કે હવે તે કેમે કરીને નહિં રહે. ॥૧૩૨॥

ત્યારબાદ તે બંનેએ અત્યંત આદરપૂર્વક કેટલાક દિવસો સુધી રાખીને અનેક રત્નો આપીને તેને પોતાના સ્થાને મૂક્યો. ॥૧૩૩॥ પ્રીતિપૂર્વક ઘરે જતાં તેણે ગામના લોકો પાસેથી વજ્રપાત જેવા દુઃસહ એવા પત્નીના મરણના વૃત્તાન્તને સાંભળ્યો. ॥૧૩૪॥ ખેદયુક્ત એવા તેણે વિચાર્યું કે આટલા બધા કષ્ટપૂર્વક ધન જેણીને માટે મેં કર્યું તે પ્રાણપ્રિયા તો મરી ગઈ. (આવા પ્રકારની) થઈ. ॥૧૩૫॥ પ્રમોદથી ભરપૂર મનુષ્ય વિચારે છે બીજું અને વૈરી જેવા અનિષ્ટને આપનાર ભાગ્ય ક્ષણમાત્રમાં બીજું જ કરી દે છે. ॥૧૩૬॥ તેથી અહીં મનુષ્યનું પોતાનું ઐશ્વર્ય કંઈ પણ નથી. હે પ્રભુ ! ભાગ્ય પોતાની ઇચ્છા મુજબ જે કરે છે તે જ થાય છે. ॥૧૩૭॥ ભાગ્ય-નસીબને આધીન, વાનર જેવો ચંચલ મનુષ્ય અનર્થોમાં પડેલો પણ ફોગટ કૂદાકૂદ કરે છે અર્થાત્ ફાંફા મારે છે. ॥૧૩૮॥

આ પ્રમાણે ચારે બાજુથી ચિંતાથી યુક્ત અંતઃકરણવાળો, શરણ વિનાનો, શૂન્ય મનવાળો બ્રાહ્મણ જેટલામાં શૂન્ય ઘરમાં જઈને રહ્યો. ॥૧૩૯॥ તેટલામાં તેના તેવા પ્રકારના સુકૃતોથી જ ખેંચાયેલાની જેમ ત્યાં **ધર્મઘોષ** નામના ગુરુ ત્યાં પધાર્યા. ॥૧૪૦॥ તેમને વંદન કરવા માટે નગરના સર્વ લોકો ગયા. ગોભદ્ર પણ વંદન કરવા માટે ગયો. વંદન કરીને તેમની સામે બેઠો. ॥૧૪૧॥ અને તેમની પાસેથી ધર્મ સાંભળીને ગોભદ્ર પ્રતિબોધ પામ્યો. સાત ક્ષેત્રમાં સર્વ ધનને વાપરીને તેમની પાસે **વ્રતને** ગ્રહણ કર્યું. ॥૧૪૨॥ કર્મરૂપી જંગલને બાળવાની ઇચ્છાથી અતિ ઉગ્ર એવા તપને તપતા અનુક્રમે તે મુનિ શ્રેષ્ઠ ગીતાર્થ થયા. ॥૧૪૩॥ એક વખત માસક્ષમણના પારણે વિહરતા હતા. પગ નીચે કોઈક દેડકીની વિરાધના થઈ ગઈ. ॥૧૪૪॥ તેની પાછળ ચાલતા **નાના ક્ષુલ્લક** મુનિએ મરેલી દેડકીને બતાવતા તેને કહ્યું કે હે તપસ્વી ! તમારા પગ નીચે આ બિચારી **દેડકી** મરણ પામી છે. ॥૧૪૫॥ ગુસ્સાથી તેણે પણ લોકોએ મારી નાંખેલી બીજી દેડકીઓ બતાવતા તેને કહ્યું, અરે દુષ્ટ ! શું આ દેડકીઓ પણ મેં મારી નાંખી છે ? ॥૧૪૬॥ ગુસ્સાથી દેદીપ્યમાન એવા તેને જોઈને ક્ષુલ્લક મુનિએ વિચાર્યું. સમયે તેમને યાદ કરાવીશ. એ પ્રમાણે મૌન ધરી રહ્યા. ॥૧૪૭॥ આવશ્યક કરતાં પણ તેની આલોચના કર્યા વગર તે બેસી ગયા. તેથી ક્ષુલ્લકે યાદ કરાવ્યું કે તમે પેલી દેડકીની આલોચના કેમ કરતા નથી ? ॥૧૪૮॥ ક્રોધરૂપી અંધકારથી ઢંકાયેલા વિવેકરૂપી નયનવાળો અર્થાત્ ક્રોધાંધ એવો તે પટ્ટકને ઉપાડીને ક્ષુલ્લકને મારવા માટે વેગથી દોડ્યા. ॥૧૪૯॥ ચાલતાં વચમાં એક સ્તંભ સાથે મસ્તક અફળાઈ જવાથી તે સાધુ મૃત્યુ પામ્યા. સાધુપણાની વિરાધના કરવાથી તે **જ્યોતિષ્કમાં** દેવ થયા. ॥૧૫૦॥

ત્યાંથી ચ્યવી કનકખલમાં પાંચશો તપસ્વીઓના કુલપતિના **કૌશિક** નામે તપસ્વી પુત્ર થયા. ॥૧૫૧॥ કૌશિક ગોત્રથી હતો, પરંતુ સ્વભાવથી ક્રોધી હોવાથી તે ચંડકૌશિક એ પ્રમાણે સર્વત્ર પ્રખ્યાત થયો. ॥૧૫૨॥ કાળક્રમે તે **કુલપતિ** પરલોક પામ્યા (મૃત્યુ પામ્યા) પિતાનું પદ પુત્રને મળે તે ન્યાયથી તે કુલપતિ થયો. ॥૧૫૩॥ પોતાના વનખંડ ઉપર ઘણી મૂર્ચ્છા હોવાના કારણે પોતાના કોઈપણ તાપસોને પણ તે વનમાંથી પુષ્પ, ફળ, મૂલ કે પત્ર વગેરે કાંઈ પણ લેવા દેતો નહોતો. ॥૧૫૪॥ પાકેલું કે સડેલું પણ ફળ કે પત્રાદિક તે વનમાંથી કોઈ પણ ગ્રહણ કરે તો તેને ગુસ્સાથી લાકડી, ઢેફા કે કુહાડાથી મારવા દોડતો. ॥૧૫૫॥ તે કારણથી ફલાદિ ન મળવાથી કેટલાક તાપસો ક્યાંય પણ ગયા. અહીં સ્વાર્થની સિદ્ધિ વિના કોઈ પણ કોઈનો વલ્લભ ક્યારે થતો નથી. ॥૧૫૬॥ ગુરુની જેમ ગુરુનો પુત્ર પણ જોવા યોગ્ય છે, એ પ્રમાણે કેટલાક ત્યાં

રહ્યા. સર્વ પ્રકારે વચનથી પણ તેની સાથે પ્રતિકૂળ વર્તન કરતા ન હતા. ॥૧૫૭॥ અસહિષ્ણુ સિંહની જેમ તે એકલો જ ત્યાં રહ્યો. દરરોજ વનની રક્ષા માટે ચારે બાજુ ભ્રમણ કરતો હતો. ॥૧૫૮॥ મૂર્ચ્છા વડે તે વનમાં મુસાફરોની અવરજવરને રોકવાની ઈચ્છાથી એકવાર તે વાડ બનાવવા માટે કાંટાઓને લેવા માટે ગયો. ॥૧૫૯॥

એક વખત ક્રોધી એવા તેણે પહેલા ફળ વગેરે લેવાનો નિષેધ કર્યો હોવાથી તેને બહાર ગયેલો જાણીને **શ્વેતાંબી**થી કેટલાક **રાજકુમારો** ત્યાં આવ્યા અને આવીને પવનની જેમ આખા વનને ભાંગવા લાગ્યા અને ચોરની જેમ છૂપા રહીને ઇચ્છા મુજબ ફળો ગ્રહણ કર્યા. ॥૧૬૦-૧૬૧॥ પાછો આવ્યો ત્યારે ગોવાળિયાઓએ તેને કહ્યું કે હે ચંડકૌશિક ! કેટલાક દુષ્ટોએ અનાથની જેમ તારા વનને ભાંગી નાંખ્યુ, જુવો જુવો. ॥૧૬૨॥ પરશુરામે ક્ષત્રિયોના વધ માટે ઉદ્યમ કર્યો હતો, તેમ ક્રોધથી બળતો એવો તે હાથમાં કુહાડો લઈને જલદીથી દોડ્યો. ॥૧૬૩॥ વાઘને જોઈને શિયાળીયાની જેમ સંહાર કરવામાં તત્પર, રુદ્ર જેવા તેને જોઈને સર્વે રાજપુત્રો નાસી ગયા. ॥૧૬૪॥ અને દોડતો એવો તે પગ વડે સ્ખલના પામતો ખાડામાં પડ્યો. પોતાના જ કુહાડા વડે તેના મસ્તકના બે ભાગ થઈ ગયા. જલદીથી તે મરણ પામ્યો. ખરેખર સંસારની સ્થિતિ આવી છે. ॥૧૬૫॥ તે જ વનની મૂર્ચ્છાથી અને પૂર્વ ભવના અભ્યાસથી અત્યંત ક્રોધાયમાન એવો તે, તે વનમાં જ **દૃષ્ટિવિષ સર્પ** થયો. ॥૧૬૬॥ તે ચંડકૌશિક મરી ગયો છે, તે સાંભળીને તાપસો પોતાના આશ્રમમાં પાછા આવ્યા. સ્થાનનો મોહ કોને નથી હોતો ? ॥૧૬૭॥ હવે ભમતો એવો તે સર્પ જો પક્ષીઓને પણ જુવે તે સર્વને કોપવાળી પોતાની દૃષ્ટિથી જોઈને તે જ ક્ષણે ભસ્મસાત્ કરતો હતો. ॥૧૬૮॥ તેની દૃષ્ટિની પાસે જેટલા પણ તાપસો આવ્યા તે બધાને બાળી નાંખ્યા. જીવતા એવા કેટલાક કેમે કરીને પલાયન થયા. ॥૧૬૯॥ ત્યાં બાર યોજન ક્ષેત્રને ઉજ્જડ કરીને તે વનને ત્રણ પ્રદક્ષિણા કરતો હતો અને ત્યારબાદ પોતાના આશ્રમના બિલમાં તે રહ્યો. ॥૧૭૦॥

એક વખત જ્ઞાનથી તે બોધને યોગ્ય છે એમ જાણતા છદ્મસ્થ ભગવાન **વીર** લોકો વડે અટકાવવા છતાં તે આશ્રમમાં આવ્યા. ॥૧૭૧॥ તેના ઉપર ઉપકાર કરવાની ઇચ્છાથી પોતાની પીડાને અવગણી તેની નજીકના મંડપની અંદર પ્રતિમા વડે રહ્યા. ॥૧૭૨॥ યમુનાના પ્રવાહ જેવો, પૃથ્વીના વેણીદંડ જેવો, કાળરાત્રિની જિલ્વા જેવો અને રાક્ષસના ખડ્ગ જેવો ભગવંતના ગંધથી પ્રચંડ ક્રોધાયમાન અને અત્યંત અભિમાનથી યુક્ત એવો તે દૃષ્ટિવિષ સર્પ બિલમાંથી બહાર નીકળ્યો. ॥૧૭૩-૧૭૪॥ શ્રી વીર પ્રભુને જોઈને ક્રોધથી ઉદ્ધત થયેલા તે સર્પે વિચાર્યું કે આ શું મને જાણતો નથી અથવા તો અભિમાનથી મારી અવજ્ઞા કરે છે ? ॥૧૭૫॥ તેથી દુષ્ટબુદ્ધિવાળા આને હમણાં ભસ્મસાત્ કરું. ફણાટોપવાળો સૂર્યની સામે જોઈને દૃષ્ટિ વડે પ્રભુની સામે જોયું. ॥૧૭૬॥ વિષથી યુક્ત એવી દૃષ્ટિ પ્રભુ ઉપર સમર્થ ન થઈ. પ્રૌઢ પણ વડવાનલ શું દરિયાને શોષણ કરવામાં સમર્થ થાય ? ॥૧૭૭॥ પાછા વળી વળી સૂર્ય સામે જોઈને દૃષ્ટિજ્વાળા તેણે પ્રભુ ઉપર ફેંકી. પરંતુ તે જ્વાળા પ્રભુ ઉપર મૃણાલતા (કમળની નાળ) જેવી થઈ. ॥૧૭૮॥ હવે ગુસ્સાથી પ્રભુને ડંસ્યો. મારા વિષના આવેગથી મૂર્ચ્છા પામીને હમણાં મારા ઉપર પડશે, એમ ધારીને જલદીથી દૂર ખસ્યો. ॥૧૭૯॥ વારંવાર ડંશ આપતા પણ પ્રભુને વિષની પીડા ન થઈ. પરંતુ ડંશના સ્થાનમાં દૂધ જેવું રૂધિર તેણે જોયું. ॥૧૮૦॥ ત્યારબાદ તેવા પ્રકારના સાક્ષાત્ (પ્રત્યક્ષ) પ્રભુના અતિશયને તે સર્પે જોયો. ક્ષણવારમાં તે શાંત જ્વાળાની દૃષ્ટિવાળો થયો. ॥૧૮૧॥ ત્યારબાદ ઉપદેશ યોગ્ય તેને જાણીને ભગવાને કહ્યું

કે અરે ! હે ચંડકૌશિક, **બોધ પામ, બોધ પામ, મોહ પામ નહીં.** ॥૧૮૨॥ પ્રભુના આ વચન સાંભળીને ઉહાપોહ કરતાં તેને મુનિના જન્મથી આરંભીને **જાતિસ્મરણ** જ્ઞાન ઉત્પન્ન થયું. ॥૧૮૩॥ ત્યારબાદ વિરાગી મનવાળા સર્પે તે પોતાના વૃત્તાંતને વિચારીને ભક્તિથી પ્રભુને પ્રદક્ષિણા કરીને અને નમસ્કાર કરીને કષાયોથી વિશેષ પ્રકારે અટક્યો. સમસ્ત દુષ્કૃતોની ગર્હા કરતો અને તિર્યંચ હોવાથી ચારિત્રનો પોતે અનધિકારી છે, એટલે તેણે દૃઢ સમ્યક્ત્વને સ્વીકારીને બાર વ્રતો અંગીકાર કર્યા. બુદ્ધિશાળી એવા તેણે ભગવંતની સાક્ષીએ અનશનને સ્વીકાર્યું. ॥૧૮૪-૧૮૫-૧૮૬॥ વિષ વડે ભયંકર એવી મારી દૃષ્ટિ કોઈના ઉપર હમણાં ન પડો. જેથી આજે મારા વ્રતનો ભંગ ન થાઓ. આ પ્રમાણે વિચારીને સર્વ દિશાનું પરિમાણ કરીને યોગનો નિરોધ કરીને અર્થાત્ શરીરાદિના વ્યાપારને અટકાવીને બિલમાં મોઢું રાખીને બખોલમાં પાણી પીતાની જેમ રહ્યો. ॥૧૮૭॥૧૮૮॥ પ્રભુએ તેને સર્વ ધર્મવિધિની અનુમતિ આપી. તેના ઉપરની અનુકંપાથી જ પ્રભુ ત્યાં જ તેવા પ્રકારના રહ્યા. ॥૧૮૯॥ અનશનવાળા આનો કોઈ પણ રીતે ધ્યાનભંગ ન થાવ. પોતાની પ્રતિજ્ઞાને પાળીને આ સ્વર્ગને ભજનાર થાવ. ॥૧૯૦॥

હવે ભગવંતને ઉપદ્રવ રહિત રહેલા જોઈને ગોવાળો અને વત્સપાળો વિસ્મય પામીને સત્વર ત્યાં આવ્યા. ॥૧૯૧॥ વૃક્ષ વગેરેના આંતરામાં છૂપાઈને રહેલા તેઓએ પથ્થરથી હણવાદિ વડે સર્પની પરીક્ષા કરવા માટે તેને છંછેડવાના પ્રયત્નો કર્યા. ॥૧૯૨॥ તોપણ નિશ્ચલ રહેલ સર્પને જોઈ વિશ્વાસથી નજીક આવી તેઓએ દોરડા જેવા રહેલા સર્પની ફણાને લાકડીઓથી અડવા લાગ્યા. ॥૧૯૩॥ તે ગોવાળોએ માણસોને કહ્યું કે વરસાદ જેમ દાવાનલને શાંત કરે, તેમ આ ભગવંતે સર્પને શાંત કર્યો. ॥૧૯૪॥ તેથી માણસો ત્યાં આવીને શ્રી વીર પરમાત્માને હર્ષપૂર્વક નમ્યા. સ્તુતિ કરી અને તે સર્પની પણ પૂજા કરવા લાગ્યા. ॥૧૯૫॥ ગોવાળોની સ્ત્રીઓ તે માર્ગે થઈને ગોરસ વગેરે વેચવા માટે જતી એવી તેણીએ વેગ વડે સર્પના શરીર ઉપર ઘી ચોપડ્યું. ॥૧૯૬॥ તેની ગંધથી ત્યાં કીડીઓ આવી કર્મોને નીકળવાના દ્વારની જેમ શરીરમાં અનેક છિદ્રો કર્યા. (અર્થાત્ શરીર ચારણી જેવું કરી દીધું.) ॥૧૯૭॥ તે પણ આ પ્રમાણે વિચારવા લાગ્યો કે, ખરેખર આ મારા હિતકારીઓ છે જે કારણથી મારા કર્મોને દૂર કરવા માટે આ વેદનાને કરે છે. ॥૧૯૮॥ આ પ્રમાણે ધર્મધ્યાનરૂપી અમૃતનું પાન કરતાં હંમેશાં નિર્વૃત મનવાળા સર્પે દુઃસ્સહ વેદનાને **એક પખવાડીયું** સહન કરી. ॥૧૯૯॥ શ્રીમદ્ વીર પરમાત્માના સાંનિધ્યથી ચંડકૌશિક સર્પ કર્મરૂપી શત્રુને જીતીને સુખપૂર્વક **સહસ્રાર દેવલોકમાં** ગયો. ॥૨૦૦॥ જેમ ચંડકૌશિક સર્પે દિશાના પરિમાણ વ્રતથી દેવલોકને પ્રાપ્ત કર્યો તેમ ઉત્કૃષ્ટ પદ વડે કરી છે પ્રમાણવાળી દિશાની વિરતિના નિયમથી કાયયોગના નિરોધના પુણ્યથી બીજા પણ તેને પામે છે. ॥૨૦૧॥

॥ દિશા પરિમાણ વ્રત ઉપર ચંડકૌશિક કથા (સમાપ્ત) ॥૬॥

હવે ભોગોપભોગ વ્રત બતાવે છે. શિવકુમાર કથા

પુડલા જેવા, સૂર્ય જેવા ગોળ એવા **જંબૂદ્વીપ** નામના દ્વીપને વિષે નાની બે લાકડીઓની જેમ લાંબું એવું **મહાવિદેહ** નામનું ક્ષેત્ર છે. ॥૧॥ તેમાં પણ વિજયનું પ્રથમ સ્થાન હોય તેવી **પુષ્કલાવતી** વિજયમાં હંમેશાં જેમાંથી શોક ચાલ્યો ગયો છે, તેવી **વીતશોકા** નામની નગરી હતી. ॥૨॥ તેમાં ન્યાયરૂપી ધર્મના મનોરથવાળો **પદ્મરથ** નામે રાજા હતો. જે પ્રજાવત્સલ પોતાના પુત્રની જેમ પ્રજાને પાળતો હતો. ॥૩॥ પાંદડા-ફૂલોના શૃંગારવાળી, સુંદર કાંતિવાળી, સારા ફૂલના ઉદયવાળી, વનના પુષ્પોની માળા (ઢીંચણ સુધી લાંબી લટકતી)ની

જેવી તેને **વનમાલા** નામની પત્ની હતી. ॥૪॥ લક્ષ્મીને વિશે રાગી શ્રીકૃષ્ણની જેમ અંતઃપુર મોટું હોવા છતાં સ્વભાવથી જ સુંદર એવી તેના ઉપર રાજા સવિશેષ અનુરાગી હતો. ॥૫॥ છીપમાં જેમ મુક્તાફળ, રત્નપૃથ્વીમાં જેમ રત્ન તેમ એક વખત વનમાલાની કુક્ષિમાં ગર્ભ અવતર્યો. ॥૬॥ યુદ્ધમાં દુઃખેથી જીતાય તેવા લડવૈયા જેવી, ગર્ભના પ્રભાવથી અતિ ઉજ્જ્વળ મુખવાળી અને ધર્મ કર્મમાં એકમનવાળી તેણી થઈ. ॥૭॥ ભેંસના દહીંના પિંડની જેમ તેણીનું નિર્મલ એવું મન સ્વજનોને વિશે અત્યંત સ્નેહવાળું થયું. ॥૮॥ ફળથી ભરેલી ઝાડની ડાળી નીચી નમે તેમ વડીલ વર્ગ ઉપર વિનમ્ર અને કલ્પવૃક્ષની જેમ અત્યંત દાનના સ્વભાવવાળી તેણી થઈ. ॥૯॥ કમલિની જેમ કમળને તેમ શુભ દિવસે, સારા મુહૂર્તે, યોગ્ય સમયે તે રાણીએ પુત્રરત્નને જન્મ આપ્યો. ॥૧૦॥ રાજાએ તેનો જન્મોત્સવ મોટા ઉત્સાહપૂર્વક કરાવ્યો. સ્વામીના સંતોષથી સંતોષને ભજનારા સર્વ લોકો પણ ખુશ થયા. ॥૧૧॥ પુત્રના જન્મથી તે નગરમાં પહેલાં જે ભૈરવનો ઉપદ્રવ હતો તે શાંત થયો હોવાથી તેનું નામ **શિવ** પાડ્યું. ॥૧૨॥ કુમારની સેવામાં કુશલ એવી ધાવમાતાથી લાલન-પાલન કરાતો શિવકુમાર લોકોના મનોરથોની સાથે વૃદ્ધિને પામ્યો. ॥૧૩॥

હવે આઠ વર્ષનો થતાં કલાચાર્યની પાસેથી સકલ કળાઓને ગ્રહણ કરતો અનુક્રમે પૂર્ણિમાના ચંદ્રમા જેવો તે થયો. ॥૧૪॥ મદથી અભિમુખ થયેલા હાથીની જેમ તેણે યૌવન અવસ્થા પ્રાપ્ત કરી. રાજાએ પણ તેને અનુરૂપ એવી રાજકન્યાઓ સાથે પરણાવ્યો. ॥૧૫॥ ચંદ્રમા જેમ તારાઓની સાથે, કૃષ્ણ જેમ ગોપીઓની સાથે, ઇન્દ્ર જેમ ઇન્દ્રાણીઓ સાથે તેમ તે તેઓની સાથે રમતો હતો. ॥૧૬॥ એક વખત ત્યાં સિદ્ધાંતરૂપી અમૃતના સાગર સરખા નિર્મળ અવધિ-જ્ઞાનવાળા **સાગરદત્ત** નામના મુનિ પધાર્યા. ॥૧૭॥ લક્ષ્મીનંદન નામના બાહ્ય ઉદ્યાનમાં રહેલા, બુદ્ધિમાન, આત્મામાં એકતાન બનેલા તે મુનિ માસક્ષમણ નામના તપને તપતા હતા. ॥૧૮॥ તેમના પારણાના દિવસે **કામસમૃદ્ધ** સાર્થપતિએ નિર્દોષ અને પ્રાસુક એવા આહાર વડે તે મુનિને પારણું કરાવ્યું. ॥૧૯॥ ત્યારે તેના ઘરમાં તત્કાલ ઉત્પન્ન થયેલા પુષ્પ સરખી અને સુપાત્ર દાનના મહાવૃક્ષ સરખી સુવર્ણ રત્નાદિની વૃષ્ટિ થઈ. ॥૨૦॥ કૌતુકથી જોવાને માટે નગરના લોકો એકઠા થયા. માણસો પાસેથી આશ્ચર્યને સાંભળીને ત્યારે ત્યાં શિવ પણ આવ્યો. ॥૨૧॥ ત્યાં વિકસ્વર નેત્રવાળા શિવે તપના માહાત્મ્ય યુક્ત અદ્‌ભુત મુનિને જોયા અને મુનિને જોતાં જ પૂર્વભવના સ્નેહથી ક્ષણવારમાં જ તેની રોમરાજી વિકસ્વર થઈ. ॥૨૨॥ ભક્તિપૂર્વક મુનિને વંદન કર્યું. દાન આપનાર સાર્થવાહની, મુનિના તે તપની અને સુપાત્રદાનના ફળની તેણે પ્રશંસા કરી. ॥૨૩॥

હવે મહામુનિ પારણાને માટે તે ઉદ્યાનમાં ગયા તથા નગરના સર્વે લોકો અને શિવ પોતપોતાના સ્થાને ગયા. ॥૨૪॥ હવે તેમના તપ વડે ખેંચાયેલા નગરના લોકો અને શિવ, પારણા બાદ મુનિની ઉપાસના કરવા માટે મુનિની પાસે ગયા. ॥૨૫॥ સસ્નેહપૂર્વક ભક્તિથી શિવ તે સાધુ ભગવંતને નમસ્કાર કરીને શિષ્યની જેમ તેમના ચરણોમાં બેઠો. ॥૨૬॥ શ્રુતસાગર સરખા સાગરદત્ત મુનિએ શિવને ધર્મલાભના આશિષ આપીને ધર્મદેશના કહી. ॥૨૭॥ સિદ્ધ આદેશ વડે જેમ દુષ્ટ અધિકારીઓને એક સાથે તેના સ્થાનથી ઉખેડાય છે. અર્થાત્ ભ્રષ્ટ કરાય છે અને તે સ્થાને નવાને સ્થપાય છે તેમ હવે મુનિરાજે ધર્મદેશના વડે તેની શિવકુમારની આગળ જલ્દીથી સર્વ વિષય-કષાયાદિને ઉખેડીને તેના સ્થાને સંસારની અસારતા વિગેરે નવાને સ્થાપ્યા. ॥૨૮-૨૯॥ શિવે પૂછ્યું કે હે પ્રભો ! ચંદ્રના કિરણથી સમુદ્રમાં ભરતી આવે છે (વધે છે). તેમ તમારા દર્શનથી મને કેમ સ્નેહ થયો ? ॥૩૦॥ ત્યારે અવધિજ્ઞાનના ઉપયોગથી સર્વ સંબંધ જાણીને તેની આગળ પૂર્વજન્મનો સંબંધ કહેવા માટેનો આરંભ કર્યો. ॥૩૧॥

આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **મગધ** નામના દેશમાં (જાજ્વલ્યમાન લક્ષ્મીના બગીચા સરખું) સમૃદ્ધિશાળી **સુગ્રામ** નામનું ગામ હતું. ॥૩૨॥ રાષ્ટ્રમાં અગ્રેસર એવો આર્જવ નામનો કુલપુત્ર હતો અને તેને પૃથ્વીને પ્રાપ્ત થયેલી રેવતીની જેવી રેવતી નામે પત્ની હતી. ॥૩૩॥ તે બંનેને રામ-લક્ષ્મણ જેવા પરસ્પર સ્નેહાળુ બે પુત્રો હતા. તેમાં મોટો **ભવદત્ત** અને નાનો **ભવદેવ** હતો. ॥૩૪॥ એક વખત શ્રુતપારગામી એવા **સુસ્થિત** આચાર્ય ભગવંત ત્યાં પધાર્યા. તેમને નમન કરવા માટે ગામના લોકો ગયા અને તેમણે દેશના આપી. ॥૩૫॥ અહીં પ્રાણીઓને શ્રેષ્ઠ એવા ચાર અંગો દુર્લભ છે. તેમાં પ્રથમ મનુષ્યપણું, ધર્મ સાંભળવાની ઇચ્છા, ધર્મ ઉપર શ્રદ્ધા, સંયમમાં વીર્યોલ્લાસ. ॥૩૬॥ આ પ્રમાણેની દેશના સાંભળીને વૈરાગ્યથી વાસિત એવા અને યુવાન પણ ભવદત્તે તેમની જ પાસે આંતરશત્રુઓને જીતીને ચારિત્ર અંગીકાર કર્યું. ॥૩૭॥ ગુરુની સાથે વિહાર કરતાં તે શ્રુતને ભણ્યા અને અનુક્રમે તે તે ગુણો વડે જાણે કે ગુરુનું બીજું શરીર જ હોય તેવા તે થયા. ॥૩૮॥ ત્યાં ગચ્છમાં એક વખત કોઈ એક સાધુએ ગુરુને વિનંતિ કરી કે હે પ્રભો ! આપની અનુમતિથી સ્વજનવર્ગ પાસે જઈને તેઓને ઉપકાર કરું. કેમ કે મારો નાનો ભાઈ મારા ઉપર અત્યંત સ્નેહવાળો છે. વળી મારા દર્શનથી કદાચિત્ તે સંયમ ગ્રહણ કરે. ॥૩૯-૪૦॥ ત્યારબાદ ચકી જેમ બહારના ખંડોને જીતવા માટે સૈન્યની સાથે જાય તેમ ગુરુએ ગીતાર્થ સાધુની સાથે જવાનો તેમને આદેશ આપ્યો. ॥૪૧॥ તે મુનિ પિતાના ગામમાં ગયા અને પિતાના ઘરમાં પ્રવેશ પણ કર્યો. તે વખતે નાના ભાઈનો અદ્‌ભુત એવો વિવાહ સમારંભ તેમણે જોયો. ॥૪૨॥ વિવાહ અવસર પર એકાએક મુનિ આવ્યા. તે વખતે કામદેવરૂપી ગ્રહથી પરાધીન એવા તેમના નાનાભાઈએ કંઈ જ જાણ્યું નહિ. ॥૪૩॥ વ્રત ગ્રહણ કરવાનું તો દૂર રહો, પણ નવી પરણેલ સ્ત્રીમાં લંપટ બુદ્ધિવાળા એવા તેણે આવેલા મોટા ભાઈ મુનિની સાથે કંઈ બોલ્યો પણ નહિ અને કંઈ પણ પૂછ્યું નહિ. ॥૪૪॥ વિલખા થયેલા તે મુનિ પાછા ફરીને ગુરુની પાસે આવ્યા. ઈરિયાવહિયા કરીને જેવા પ્રકારનો ભાઈનો વ્યવહાર તે સર્વ વૃત્તાંત કહ્યો. ॥૪૫॥ તે સાંભળીને ત્યારે હસતા મુખવાળા ભવદત્ત મુનિ બોલ્યા કે અહો ! તમારા ભાઈના સ્નેહ જેવો અન્ય કોઈનો નથી. ॥૪૬॥ નવી પરણેલી સ્ત્રીના સંગમાં રાગી એવો જે લાંબા કાળે અતિથિ સરખા સગા મોટા ભાઈને જાણે કે ઓળખ્યા નહિ. ધિક્કાર હો. નાગણ સરખી સ્ત્રીમાં જે રાગી છે. બુદ્ધિશાળી એવા તમે વિષ સરખા ભાઈના રાગને દૂર કરો. ॥૪૮॥ તેમણે પણ ભવદત્ત મુનિને કહ્યું કે અહો ! તમારું પંડિતપણું અને નાના ભાઈનો સ્નેહ ત્યારે જ જણાશે કે જ્યારે તમે તેને પ્રવ્રજિત બનાવશો ! ॥૪૯॥ ભવદત્તે પણ કહ્યું અહો ! જો તે પ્રદેશમાં ગુરુઓ જશે ત્યારે તે સર્વ તમને બતાવીશ. તે અવસર દૂર નથી. ॥૫૦॥

હવે એક વખત વિહાર કરતાં ગુરુઓ તે દેશમાં ગયા. કેમ કે વાયુની જેમ મુનિઓની ગતિ ક્યારે ક્યાંય પણ હોય છે. ॥૫૧॥ ત્યારબાદ ભવદત્ત મુનિએ ગુરુને વિનંતિ કરી. હે પ્રભો ! આપની અનુમતિ હોય તો સ્વજંનોને જોવા માટે હું ઇચ્છું છું. ॥૫૨॥ ગુરુએ પણ ગીતાર્થ એવા તેમને એકલા પણ જવાની અનુમતિ આપી. કેમ કે ક્યારે પણ શું સિંહને કોઈની પણ સહાયની જરૂર પડે ખરી ? ન જ પડે. ॥૫૩॥ પોતાની પ્રતિજ્ઞા નિર્વાહ કરવાની ઇચ્છાવાળા શ્રેષ્ઠ એવા તે ભવદત્ત મુનિ સુગ્રામ ગામમાં સ્વજનના ઘરે ગયા. ॥૫૪॥ **નાગદત્ત**ની પુત્રી, **વાસુકીથી** ઉત્પન્ન થયેલી **નાગિલા** નામની કન્યાને ભવદેવ પરણ્યો. ॥૫૫॥ તે વખતે જ ભવદત્ત મહામુનિને આવેલા જોઈને વરસાદના આગમનમાં જેમ મોર તેમ સર્વે ભાઈઓ વગેરે ખુશ થયા. ॥૫૬॥ ત્યાર પછી આનંદપૂર્વક સાધુને અભિવંદન કરીને સાધુના ચરણકમલમાં ભમરાના સમૂહની શોભા

ધારણ કરતાં મસ્તકોને લગાડીને તેઓ બોલ્યા કે, હે મુનિ ! તમારા અવસ્થાનથી આ ઉત્સવનું શિખર થાઓ. વળી આ લોકો આપને સેવા વડે સુકૃતોને મેળવો. ॥૫૭-૫૮॥ ભવદત્ત મુનિએ પણ કહ્યું. તમો હમણાં વિવાહમાં વ્યગ્ર છો. તેથી હમણાં તો હું જઈશ પછી આવીશ. ॥૫૯॥ આ પ્રમાણે કહીને પ્રયાણ કરતાં તે મુનિને તે લોકોએ વિવિધ પ્રકારના નિર્દોષ આહાર પાણી વહોરાવ્યા. ॥૬૦॥ અને તે વખતે ભવદેવ તો પોતાના કુલના આચાર પ્રમાણે નવી પરણેલી સ્ત્રીના બે ગાલોને શણગારતો હતો. ॥૬૧॥ ભવદત્ત મુનિના આગમનને સાંભળીને તેની બંને આંખો દર્શન માટે ઉત્કંઠાવાળી બની. જેમ ગુરુ બોલાવે મુનિ ઉઠે તેમ તેણીને શણગારતો મૂકીને એકાએક ઉભો થયો. ॥૬૨॥ લોકોએ તું ન જા, ન જા, અર્ધ શણગારેલી એવી આ સ્ત્રીને (બાળાને) તું કેમ છોડીને જાય છે ? એવા વાક્યો વડે અટકાવેલો પણ ગયો. ॥૬૩॥ સરખી વયના મિત્રોએ પણ વારંવાર કહ્યું કે રતિની જેમ તને અનુસરનારી આને મૂકીને હે ભો ! તું ક્યાં પ્રયાણ કરે છે ? ॥૬૪॥ લાંબા કાળે આવેલા ભાઈ મુનિને વંદન કરીને જલદીથી પાછો આવુ છું. આ પ્રમાણે તેઓને ઉત્તર આપતો સમુદ્રમાં જેમ વહાણ તેમ ઉછળતા હર્ષના કલ્લોલોથી આવીને સ્નેહથી ભરપૂર એવા તેણે ભક્તિપૂર્વક ભાઈને વંદન કર્યા. ॥૬૫-૬૬॥ તેના સંબંધી વેષભૂષા જેવા, તેને વ્રત આપવાની ઇચ્છાવાળા એવા ભવદત્ત મુનિએ વાત કરતાં કરતાં ભવદેવના હાથમાં ઘીનું પાત્રું આપ્યું. ॥૬૭॥ કૃતકૃત્ય થયેલા સાધુ ઘરમાંથી બહાર નીકળ્યા. સ્વામીને જેમ નોકરો અનુસરે તેમ સર્વે સ્વજનો પણ મુનિની પાછળ ગયા. ॥૬૮॥ પાપભીરુ મુનિએ તેઓને પાછા વળો એમ ન કહ્યું. કંટાળીને (ખેદ પામીને) સ્વયં જ મુનિને નમી નમીને સર્વે પાછા વળ્યા. ॥૬૯॥ ભવદેવે વિચાર્યું કે આ બધા ભલે પાછા ફર્યા, પરંતુ જ્યાં સુધી ભાઈ મુનિ મને વિસર્જન ન કરે ત્યાં સુધી હું તો કેવી રીતે પાછો ફરું ? ॥૭૦॥ પાછા ફરવાના મનવાળો, અર્ધ શણગારેલી નાગિલાને યાદ કરતો, ભાઈની અનુમતિને ઇચ્છતો એવો ઉપાયપૂર્વક આ પ્રમાણે બોલ્યો. ॥૭૧॥

હે ભાઈ ! પોતાના કુળની મર્યાદાની જેમ આ ગામની સીમા પણ કોઈની પણ સહાય વિના કયારે પણ ઉલ્લંઘી શકાતી નથી. (એકલા રસ્તા પર ન ચલાય) ॥૭૨॥ હે ભાઈ ! આ આંબાના વનમાં આપણે લાંબા કાળ સુધી રમ્યા હતા. જેમ પોતાનો પાછળ (પીઠ)નો ભાગ જોઈ શકાતો નથી, તેમ આનો બીજો ભાગ (ગુણોની શ્રેષ્ઠતા) જોઈ શકાતો નથી. ॥૭૩॥ હે ભાઈ ! અહીંથી આગળનો સર્વ માર્ગ મારે નવો છે. સર્વથા હું તો કુવાના દેડકા જેવો જ છું. ॥૭૪॥ સારી ખાવાની વસ્તુ આપી બાળકને જેમ લલચાવાય તેમ ભવદત્ત મુનિએ પણ તેને ગુરુની પાસે લઈ જવાને માટે તેની સાથે વિવિધ વાતો કરી. ॥૭૫॥ હે વત્સ ! નિરંતર અવરજવર કરતા મુસાફરોને જેમ માર્ગ નવો નથી લાગતો તેમ સંસારરૂપ પાંજરા ભમતાં ભવ્ય જીવોને કાંઈ જ નવું નથી. ॥૭૬॥ ચૌદે રાજલોકમાં એક પણ પ્રદેશ એવો નથી કે સર્વે જીવોએ જન્મ-મરણ વડે તેનો સ્પર્શ કર્યો ન હોય. ॥૭૭॥ આ પ્રમાણે સાધુ પોતાના ભાઈની સાથે વાતો કરતાં જલદીથી ગામ પહોંચ્યા. હાસ્ય વિનોદ ખરેખર માર્ગને ઉલ્લંઘન કરાવનાર છે. (વાતો કરતાં રસ્તો જલદી ખૂટે) ॥૭૮॥

ત્યારબાદ વરરાજાના વેષ સહિત નાના ભાઈની સાથે આવતા તે મુનિને વસતિની નજીક આવેલા જોઈને બીજા સાધુઓ પરસ્પર વાત કરવા લાગ્યા કે ખરેખર દીક્ષા અપાવવા જ અને પોતાની પ્રતિજ્ઞાને સાચી બનાવવા માટે જ નાના ભાઈને લઈને આ આવ્યા. ખરેખર મહામુનિ સત્ય પ્રતિજ્ઞાવાળા હોય છે. ॥૭૯-૮૦॥ તેને જોઈને ગુરુએ પણ પૂછ્યું કે હે ભવદત્ત ! આ કોણ છે ? તેણે કહ્યું, આ પ્રવ્રજ્યાને માટે અહીં આવેલો મારો નાનો ભાઈ છે. ॥૮૧॥ આચાર્યે પણ ભવદેવને સંભ્રમપૂર્વક પૂછ્યું કે હે કલ્યાણકારી ! શું તું

વ્રત લેવા આવ્યો છે ? (તું વ્રતનો અર્થી છે.) આ પ્રમાણે સાંભળીને તેણે પણ વિચાર્યું. ॥૮૨॥ આ બાજુ પ્રાણપ્રિયા ઉગતા યૌવનવાળી બાળા છે અને આ બાજુ મોટા ભાઈનું વચન મારા માટે ઓળંગવા લાયક નથી. ॥૮૩॥ એક તરફ તાજી પરણેલી પ્રેયસીનો મોટો વિરહ થશે. બીજી બાજુ ભાઈની લઘુતા થશે. તેથી કલ્યાણકર શું હું કરું ? ॥૮૪॥ અત્યારે આ અવસરે આ કરવા યોગ્ય છે, આ પ્રમાણે નિશ્ચય કરીને સાધુઓમાં ભાઈનું વચન ખોટું ન પડો. એમ વિચારીને તેણે હા, આ પ્રમાણે કહ્યું. હવે આચાર્ય ભગવંતે પણ ભવદેવને દીક્ષા આપીને ત્યારે જ પરિવાર સહિત વિહાર કર્યો. કેમ કે યતિઓ સ્થાયી નથી હોતા. ॥૮૬॥ નવા મુનિએ સમસ્ત સાધ્વાચારને શીખ્યો. ભાઈના આગ્રહથી દ્રવ્યથી જ તેણે વ્રત ધારણ કર્યું. ॥૮૭॥ ભાવથી ચિત્તમાં એક માત્ર અર્ધ શણગારેલી નાગિલાનું હંમેશાં સ્મરણ કરતો સર્વ ક્રિયાના ક્રમને શૂન્યપણે તે કરતો હતો. ॥૮૮॥

હવે એક વખત ભણતા ભવદેવ સાધુએ સાધુના મુખરૂપી કમલથી શ્રુતનું વાક્ય સાંભળ્યું કે હું તેણીનો નથી. તેણી મારી નથી, આ પ્રમાણે. ॥૮૯॥ તેના અર્થને જાણીને તેણે પોતાના મનમાં વિચાર્યું કે આ વાક્ય તથ્યવાળું નથી (સાચું નથી). કેમ કે મારા મનમાં તેણી છે. તેણી (સ્ત્રી)ના મનમાં હું છું. આ પ્રમાણે મારો નિશ્ચય છે. ॥૯૦॥ હવે બધા સાધુઓ વડે આ રીતે ગોખતા એવા તેને અટકાવ્યો કે ખોટું ન ગોખ. પરંતુ તેની વાણીને તે માનતો નથી. ॥૯૧॥ પોતાના મનના સંકલ્પથી તેવા પ્રકારને જ શુદ્ધ માનતો ક્રિયાના પુનરાવર્તન વડે તેવું જ ગોખતો હતો. ॥૯૨॥

હવે એક વખત *લાંબો કાળ પસાર થયે છતે ભવદત્ત મુનિએ પોતાના આયુષ્યનો અંત સમય જાણીને* અનશન કરીને બુદ્ધિશાળી એવા તેઓ પ્રકૃષ્ટ સમાધિ વડે મૃત્યુ પામીને દિવ્ય સંપત્તિવાળા એવા **સૌધર્મ** દેવલોકમાં દેવ થયા. ॥૯૩-૯૪॥ ભવદત્ત મુનિ સ્વર્ગવાસી થયા બાદ ભવદેવે વિચાર્યું કે આટલો કાળ તો ભાઈના આગ્રહથી હું મુનિની જેમ રહ્યો છું. ॥૯૫॥ હવે કષ્ટદાયક એવા વ્રત વડે મને સર્યું. બંધનથી મુક્ત થયેલ પક્ષીની જેમ હમણાં હું કેમ ન જાઉં ? ॥૯૬॥ જઈને અર્ધ શણગારેલી એવી તેણીને હું સંભાળું. કામના નિધાન સરખી તેણીને કોઈએ ઉપદ્રવ તો કર્યો નહિ હોય ને ? ॥૯૭॥ કામદેવ વડે મૂકાયેલી રતિની જેમ ઇંદ્ર વડે ત્યાગ કરાયેલી ઇન્દ્રાણીની જેમ મેઘ વિનાની વિજળી અને કૃષ્ણથી તજેલી લક્ષ્મીની જેમ પ્રાણનાથ (પતિ) એવા મારા વિના એકલી બિચારી આટલો કાળ કેવી રીતે રહી હશે ? ॥૯૮-૯૯॥ લાવણ્યની નદી સમાન જીવતી જો મને તે પ્રાપ્ત થશે તો તેનું પોતાનું ઇચ્છિત સર્વે હું પૂર્ણ કરી આપીશ. ॥૧૦૦॥ તીવ્ર મોહના ઉદયથી આ પ્રમાણે વિચારતાં તેનું બોધરૂપી રત્ન જાણે કે (ચોરાઈ ગયું) ગળી ગયું. વિવેક જાણે કે પલાયન થઈ ગયો. કુળનું અભિમાન ગયું. બ્રહ્મચર્ય તો દૂર જ રહ્યું. ધર્મોપદેશ નષ્ટ થઈ ગયો. વ્રતનો માર્ગ વિસ્મરણ થઈ ગયો. ॥૧૦૧-૧૦૨॥ ત્યાર પછી જાણે કે તેણી, ચિત્તની આગળ રહેલી હોય તેમ, આંખોની આગળ જ લટકતી (રહેલી) હોય તેમ, એક જ આસનમાં પોતાની સાથે બેઠેલી હોય તેમ. ॥૧૦૩॥ વળી અંદર, બહાર, ઉપર, નીચે બધે જ તેણીને જોતો હતો. સર્વ જગતમાં તેને નાગિલાનો જ ભાસ થતો હતો. ઘણું કહેવા વડે શું ? ॥૧૦૪॥ હવે ઇંગિત આકારોથી જાણીને આચાર્ય ભગવંતે બોધ આપ્યો. તેમજ મિત્રની અનુકંપાથી સહવર્તી સાધુઓએ શિખામણ પણ આપી. પરંતુ કર્મની વિચિત્રતાથી તેઓના વચનને અવગણીને જડ થયેલો ભવદેવ વિસ્મરણ કરાયેલા વિંધ્યાચલના હાથીની જેમ ત્યાંથી બહાર નીકળ્યો. ॥૧૦૫-૧૦૬॥ મનોરથ રૂપી રથ ઉપર આરૂઢ થયેલો તે ક્ષણમાત્રમાં જ પોતાના ગામ ગયો. બહાર ચૈત્યમાં ક્ષણમાત્ર

જિનેશ્વર ભગવંતને નમન કરતો ત્યાં રહ્યો. ॥૧૦૭॥ પુત્રવાળી બ્રાહ્મણીથી યુક્ત સુગંધીમાળાને ધારણ કરેલી **નાગિલા** ત્યાં જ આવી. ત્યારે ચૈત્યમાં દર્શન કર્યા અને સાધુની બુદ્ધિથી તેને વંદન કર્યું. ॥૧૦૮॥ હવે ઉત્કંઠાવાળા મુનિ ભવદેવે તેણીને પૂછ્યું કે હે કલ્યાણકારી ! શું અહીં **આર્જવ** અને **રેવતી** તે બંનેને ક્ષેમકુશળ છે ને ? તે કહે. ॥૧૦૯॥ તેણીએ કહ્યું કે તે બંનેને સ્વર્ગવાસી બન્યાને ઘણો કાળ થયો. સારા કર્મયોગે તે બંને તો પરલોકમાં ક્ષેમકુશળ જ છે (અર્થાત્ સમાધિ મૃત્યુ પામ્યા છે). ॥૧૧૦॥ સૂર્યાસ્તના સમયે સૂર્ય વિકાસી કમળ બીડાઈ જાય તેમ તેનું મુખકમળ પણ કરમાઈ ગયું. ફરીથી તેણીને પૂછ્યું કે શું **નાગિલા** છે કે નથી ? ॥૧૧૧॥ તેણીએ વિચાર્યું કે નિશ્ચે આ મારો પતિ ભવદેવ જ છે. આની વાણીથી વ્રતનો પરિણામ ભગ્ન થયેલો દેખાય છે. ॥૧૧૨॥ હમણાં બીજું પૂછું, જેથી આ શું શું નિવેદન કરે છે ? પાછળથી તે જ અનુમાનો વડે મહાબુદ્ધિથી તેને બોધ પમાડીશ. ॥૧૧૩॥

આ પ્રમાણે વિચારીને તેણીએ આદર સહિત તેને પૂછ્યું કે હે તપોધન ! તેણીનું તમારે શું પ્રયોજન ? તમે કોણ છો ? તેણી તમારી શું થાય છે ? ॥૧૧૪॥ તેણે પણ હવે આક્ષેપ સહિત કહ્યું કે નાગિલા મારી પ્રાણપ્રિયા છે. આર્જવ અને રેવતીનો નાનો પુત્ર અને ભવદત્તનો નાનો ભાઈ હું છું. ॥૧૧૫॥ ત્યારે અર્ધ શણગારેલી નાગિલાને છોડીને ભાઈની પાછળ હું ગયો. ભાઈના આગ્રહથી મેં વ્રત ગ્રહણ કર્યું. ॥૧૧૬॥ હમણાં ભાઈ સ્વર્ગવાસી થયે છતે બંધન વગરનો હું માતા-પિતા અને નાગિલાના રાગથી જ અત્રે આવ્યો છું. ॥૧૧૭॥ તેથી મને કહે કે હે સુંદરી ! હોંશિયાર એવી તેણી કુશલ છે અને મારા આગમનની વાત તે ક્યારે પણ કરે છે કે નહિં ? ॥૧૧૮॥ તેણીએ કહ્યું કે હે કલ્યાણકારી ! તમે સંયમ ગ્રહણ કર્યું છે. તે સાંભળીને (જાણીને) ત્યારે જ તેણીએ નિર્વાણને આપનારા સાધ્વીજી ભગવંતના સંસર્ગને કર્યો. ॥૧૧૯॥ શુદ્ધ સમ્યક્ત્વ મૂલ બાર વ્રતો ગ્રહણ કર્યા. ધર્મશાસ્ત્રોને ભણીને તપોને તપ્યા. ॥૧૧૯-૧૨૦॥ યાવજ્જીવ તેણીએ બ્રહ્મચર્ય વ્રતને ગ્રહણ કર્યું છે. ઘરમાં રહ્યા છતાં પણ આટલા કાળથી તેણી ધર્માનુષ્ઠાનમાં જ લીન છે. ॥૧૨૧॥ આ પ્રમાણે દ્રવ્યસ્તવને કરીને ભાવસ્તવની ઇચ્છાથી હમણાં સાધ્વીજીની પાસે વ્રત ગ્રહણ કરવાની ઇચ્છાવાળી છે (સંયમ સ્વીકારની ભાવનામાં તેણી રમે છે.) ॥૧૨૨॥ ભાઈના આગ્રહથી લાંબા કાળ સુધી વ્રતનું પાલન કરનારા છો તો હવે સન્માર્ગને જોનારા તમે ખરાબ પંથ ઉપર કેમ જાઓ છો ? ॥૧૨૩॥ હે સોભાગી ! ફોતરા સરખા વિષયોને માટે અત્યંત દુઃખેથી પ્રાપ્ત થાય તેવા અમૂલ્ય રત્નત્રયનો તમે કેમ ત્યાગ કરો છો ? ॥૧૨૪॥ ત્યારે ભવદેવ મુનિએ તેણીને કહ્યું કે આપની વાણી મુનિને બોધ કરનારી છે, તોપણ નાગિલાને જોઈને તેની અનુજ્ઞાથી જ હું જઈશ. ॥૧૨૫॥ ત્યારે તેણીએ કહ્યું કે હે કલ્યાણકર ! જરારૂપી રાક્ષસીથી ગ્રસ્ત થયેલી, રૂપ લાવણ્ય યૌવનવાળી નાગિલા તે હું જ છું. તમે જુઓ. ॥૧૨૬॥ હે મુનિ ! સંસારની અસારતાવાળી મને જ જોતા વિચારો કે પહેલાં હું કેવા પ્રકારની હતી અને અત્યારે હું કેવા પ્રકારની છું ? ॥૧૨૭॥ ભવદેવ ત્યારે લજ્જા પામ્યો અને વિચાર્યું કે અહો ! આનું અધ્યાત્મ આવા પ્રકારનું છે તે ધન્ય છે. કૃતાર્થ છે હું તો હા હા ! તેનાથી વિપરીત છું. ॥૧૨૮॥

આ પ્રમાણે મહાવૈરાગ્યની ભાવનાને તે ભાવતો હતો. ત્યારે બ્રાહ્મણીના પુત્રે પોતાની માતાને આ પ્રમાણે કહ્યું. ॥૧૨૯॥ હે માતા ! મને ઉલટી થશે. તેથી વાસણને ચત્તું (સીધું) કર. અમૃતથી પણ મનોહર સ્વાદવાળી ખીર ફોગટ ન જાઓ. ॥૧૩૦॥ ક્ષણવાર પછી ભૂખ્યો થયેલો ફરી તે વાસણમાં રહેલી ઉલટીને હું ખાઈ જઈશ. કારણ કે, આવી વસ્તુ જીવિતથી પણ દુર્લભ છે. ॥૧૩૧॥ બ્રાહ્મણીએ તેને કહ્યું કે હે વત્સ ! વમેલાને

ખાતો તું નિંદા કરાઈશ. ખરેખર વમેલાને ખાનારા કૂતરા જ હોય છે. બીજું કોઈ પણ નહિ. ॥૧૩૨॥ તે સાંભળીને ભવદેવે વિચાર્યું કે આ બ્રાહ્મણીમાં જે વિવેક છે તે મારામાં નથી. ॥૧૩૩॥ મેં પણ પહેલાં વિષયોને વમી દીધા હતા અને હવે તેની નજીક હું કેમ જાઉં છું ? ખરેખર સાધુઓ સત્ય પ્રતિજ્ઞાવાળા હોય છે. ॥૧૩૪॥ ત્યારબાદ સંવેગરૂપી લહરથી પ્રક્ષાલિત કરેલ નિર્મળ મનવાળા તેમણે ત્યારે જ તત્ત્વથી વિષયોને અહિતકર માનીને ત્યાગ કર્યો. ॥૧૩૫॥ નાગિલાને કહ્યું હે કલ્યાણકારી ! મહાવત વડે જેમ હાથી, મંત્રી વડે જેમ રાજા તેમ ઉન્માર્ગે ગયેલા મને તેં સન્માર્ગે વાળ્યો છે. ॥૧૩૬॥ આથી તું મારા માટે ગુરુ જેવી જ છે. મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. તેણીએ પણ કહ્યું કે ગુરુ પાસે જઈને આલોચના કરીને વ્રતને પાળો. ॥૧૩૭॥ હું પણ હમણાં સાધ્વીજી ભગવંત પાસે જઈને સંયમ સ્વીકારીને સત્યંકાર કરીશ. કેમ કે આર્ય નારીઓ પતિના માર્ગને અનુસરનારી હોય છે. ॥૧૩૮॥ ભવદેવ મુનિ પણ ભક્તિપૂર્વક જિનબિંબોને નમસ્કાર કરીને ગુરુની પાસે જઈને સર્વ દુષ્કૃતોની આલોચના કરીને અને ચારિત્રને સમ્યગ્ પ્રકારે આચરીને સમાધિ મૃત્યુ પામ્યા. અનુક્રમે **સૌધર્મ** દેવલોકમાં ઇન્દ્રના સામાનિક દેવ થયા. ॥૧૩૯-૧૪૦॥

આ બાજુ ભવદત્તનો જીવ વૃક્ષ ઉપરથી સારી રીતે પાકેલા ફળની જેમ કાળના પરિણામથી **સ્વર્ગમાંથી** ચ્યવ્યો. ॥૧૪૧॥ મહાવિદેહ ક્ષેત્રના આભૂષણ સ્વરૂપ **પુષ્કલાવતી** વિજયમાં સેનાપતિ જેવી **પુંડરિકીણી** નગરીમાં **વજ્રદત્ત** ચક્રવર્તી રાજાની સર્વોત્તમ યશથી ભરેલી એવી **યશોધરા** નામની રાણીની કુક્ષિમાં પદ્મ સરોવરમાં રાજહંસની જેમ અવતર્યો. ॥૧૪૨-૧૪૩-૧૪૪॥ હવે એક વખત રાણીને સમુદ્રમાં જલક્રીડા કરું એવો દોહદ થયો. રાજાએ સમુદ્ર તુલ્ય એવી સીતા નદીમાં જલક્રીડા કરાવીને દોહદ પૂર્યો. ॥૧૪૫॥ વિદ્યા જેમ નિર્મળ યશને તેમ પૂર્ણ દિવસે મહાદેવી યશોધરાએ પુત્રરત્નને જન્મ આપ્યો. ॥૧૪૬॥ હવે રાજાએ તેનો સર્વવ્યાપી એવો જન્મોત્સવ કરાવ્યો. તે તે વિધિ-વિધાનથી જગતના લોકોને સંતોષ પમાડ્યા. ॥૧૪૭॥ રાજાએ શુભ દિવસે મોટા ઉત્સવપૂર્વક દોહદના અનુસારે પુત્રનું **સાગરદત્ત** એ પ્રમાણે નામ કર્યું (રાખ્યું). ॥૧૪૮॥ અંગીકાર કરાયેલા ધર્મની જેમ તે રાજપુત્ર સારી રીતે પાલન-પોષણ કરાવવાથી ક્ષણે ક્ષણે અધિક એવી વૃદ્ધિને પામ્યો. ॥૧૪૯॥ બાળક એવા રાજપુત્રે કલા ગ્રહણ કરવાના કાળમાં કલાચાર્ય પાસેથી સકલ એવી કલા ગ્રહણ કરીને કલાવાન થયો. ॥૧૫૦॥ અનુક્રમે કાયાથી તરૂણપણાને પામેલો, મનથી કારૂણ્યપણાને પામેલો અને વચનથી દાક્ષિણ્યપણાને પામેલો તે કુમાર શોભતો હતો. ॥૧૫૧॥ રાજાએ પાંદડાથી નિર્માણ કરાયેલી એવી કોમળ અનેક અનુરૂપ કન્યાઓ સાથે તેને પરણાવ્યો. ॥૧૫૨॥ ક્રીડા વિચક્ષણ એવો તે તેઓની સાથે ઇચ્છાપૂર્વક ક્રીડા કરતો, પૂર્ણ કરાયેલી સર્વ ઇચ્છાવાળો ઇન્દ્રની જેમ સર્વ સુખને તે અનુભવતો હતો. ॥૧૫૩॥

એક વખત શરદ ઋતુમાં નારીઓના સમૂહની મધ્યમાં રહેલો પોતાના મહેલ ઉપર નારી રૂપી હાથીઓની લીલાને રમતો હતો, ત્યારે દેદીપ્યમાન રત્નના સમૂહરૂપ રોહણાચલ પર્વત જેવા આકાશમાં પાંચ વર્ણવાળા વાદળને તેણે જોયા. ॥૧૫૪-૧૫૫॥ કૌતુકથી વિકસ્વર નેત્રવાળો, ઊંચા મુખવાળો એવો તે આકાશમાં વિવિધ પ્રકારના વાદળને જોતાં વિરામ ન પામ્યો. ॥૧૫૬॥ તેના જોતાં જ જલદીથી જાણે કે કંઈ જ ન હોય તેમ તે વિલીન પામ્યું. ॥૧૫૭॥ ત્યારે તેણે વિચાર્યું કે આ વાદળનું વૃંદ જોવાયું, નષ્ટ થયું. તેમ આ સંસારચક્રમાં સર્વ ભાવો પણ વિનશ્વર છે, શાશ્વત નથી. ॥૧૫૮॥ તેથી વિવેકીઓને, મુક્તિને પ્રાપ્ત કરાવનાર સાક્ષી સરખા એક ધર્મ વિના ક્યાંય પણ આસ્થા કરવી ઉચિત નથી. ॥૧૫૯॥ આ પ્રમાણે વિચાર

કરતાં કરમાઈ ગયેલા મુખવાળા એવા તેને ઉત્પન્ન થયેલા વૈરાગ્યમાં ભંગ પમાડનાર એવી પ્રિયાઓએ પ્રણયવાક્યથી કહ્યું. ॥૧૬૦॥ હે સ્વામિ ! ક્ષણવારમાં જ કેમ ઉદ્વિગ્ન (ઉદાસીન) જેવા દેખાઓ છો ? તમે આવા પ્રકારના પરાવર્ત્તનવાળા કેમ થયા ? ॥૧૬૧॥ તેણે પણ કહ્યું કે હે પ્રિયાઓ ! આ વાદળાના સમૂહને જોઈને. ક્ષણ પહેલાં ઉત્પન્ન થયા અને પાણીના પરપોટાની જેમ વિલીન થઈ ગયા. ॥૧૬૨॥ આ દૃષ્ટાંત વડે હું ભયભીત થઈ ગયો છું. વાદળની જેમ આ શરીર, ઘર વગેરે પણ મને નાશવંત જેવા જણાય છે. ॥૧૬૩॥ તેથી જો ઘર વગેરે બંધનોને છોડીને નાશવંત એવા શરીર વડે ચારિત્રને ગ્રહણ કરું તો જ મારો જન્મ સફળ થાય. ॥૧૬૪॥ તે સાંભળીને લઘુકર્મપણાથી તેણીઓએ કહ્યું કે હે પ્રિયે ! તો પછી વિલંબ શા માટે ? અમે પણ તમને અનુસરનારી છીએ. ॥૧૬૫॥ ખરેખર જાણ્યું છે સંસારનું સ્વરૂપ અને તેથી જ છેદી નાંખ્યા છે બંધનો જેને એવા ધીર પુરુષો, મોક્ષના અર્થીઓ પોતાના શરીરને વિષે પણ નિસ્પૃહ, તપને તપે છે. ॥૧૬૬॥ આ પ્રમાણેની પ્રિયાઓની અનુમતિથી વિશેષ પ્રકારે વ્રતને મેળવવાનો ઉદ્યમ કરતો હતો. માતા-પિતાને બોધ પમાડી બુદ્ધિશાળી એવા સાગરે પ્રિયા સહિત **અમૃતસાગર** આચાર્ય પાસે વ્રતને ગ્રહણ કર્યું. ॥૧૬૭-૧૬૮॥ હવે ગુરુની પાસેથી ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષાને મેળવીને **સાગરદત્ત** મુનિ શ્રુતસાગરનો પાર પામ્યા. (શ્રુતમાં પારંગત બન્યા.) ॥૧૬૯॥ તપશ્ચર્યાને કરતાં અને તેમને કર્મનો વિગમ (દૂર) થવાથી અતીન્દ્રિય પદાર્થોને જણાવનાર એવું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. ॥૧૭૦॥ પૃથ્વી પર વિહાર કરતાં ભવ્ય જીવોને બોધ પમાડતા હે શ્રેષ્ઠ કુમાર ! હું હમણાં અત્રે આવ્યો છું. ॥૧૭૧॥

ભવદત્તના નાના ભાઈ ભવદેવનો જીવ તે તું સ્વર્ગથી ચ્યવીને **શિવ** નામનો અહીં રાજપુત્ર તરીકે ઉત્પન્ન થયો. ॥૧૭૨॥ હે શિવ ! આ પ્રમાણે પૂર્વભવમાં આપણા બંને ભાઈનો સ્નેહ જીવનપર્યંત સુધી એકબીજાથી જુદો ન પડે તેવો હતો. ॥૧૭૩॥ સૌધર્મ દેવલોકમાં દેવપણામાં પણ આપણા બંનેની પ્રીતિ તેવા પ્રકારની હતી કે જે વાણીનો વિષય બની શકે તેમ નથી. ॥૧૭૪॥ આ ભવમાં શત્રુને મિત્ર ઉપર સમાન દૃષ્ટિવાળો એવો હું મુનિ છું અને તું પૂર્વભવના અભ્યાસથી મારા ઉપર સ્નેહવાળો ગૃહસ્થ છે. ॥૧૭૫॥ આ પ્રમાણે સાંભળીને શિવ વારંવાર વિચારવા લાગ્યો. (ઉહાપોહ કરવા લાગ્યો.) તેને જાતિસ્મરણ થયું. સાક્ષાત્‌ની જેમ તેણે જોયું. ॥૧૭૬॥ ત્યારબાદ ખુશ થયેલા શિવે સાધુ ભગવંતને નમીને આ પ્રમાણે કહ્યું કે હે પ્રભો ! આપે કહેલું સર્વ મને જાતિસ્મરણથી જાણવા મળ્યું છે. ॥૧૭૭॥ તેથી પહેલાં પણ મને વ્રત આપીને સ્વર્ગને ભજનાર બનાવ્યો હતો, તેમ હમણાં પણ હે ભાઈ ! વ્રતને આપવા દ્વારા મારા ઉપર કૃપા કરો. ॥૧૭૮॥ વ્રત વગર ઉજ્જ્વળ એવો ધર્મ કરી શકાતો નથી. ષટ્‌કાય આરંભવાળો ગૃહસ્થ જયણાથી આગળ શું કરી શકે ? (છકાયની રક્ષા ન કરી શકે.) ॥૧૭૯॥ હે પ્રભો ! હું માતા-પિતાને પૂછીને જલદીથી વ્રત લેવા આવુ છું. ત્યારે મુનિએ પણ કહ્યું કે હે કલ્યાણકારી ! પ્રમાદ કરતો નહિ. ॥૧૮૦॥

ઉઠીને શિવે માતા-પિતા પાસે જઈને આ પ્રમાણે કહ્યું. આજે મેં સાગર મુનિ પાસેથી ધર્મદેશના સાંભળી છે. ॥૧૮૧॥ અસ્થિરતાવાળા સંસારની અસારતાને જાણીને હે પિતાજી ! સતત ભ્રમણ કરતાં શ્રમથી સંસાર ઉપર હું ખેદ પામ્યો છું (કંટાળાવાળો છું). ॥૧૮૨॥ તેથી હે માતાજી પિતાજી ! મને વ્રત લેવા માટેની હમણાં અનુમતિ આપો. જેથી ભવરૂપી સમુદ્રથી પાર પામીને મુક્તિ તરફ પ્રયાણ કરનારો હું બનું. ॥૧૮૩॥ ત્યારે માતા પિતાએ કહ્યું કે હે પુત્ર ! તને વ્રતની અનુમતિ આપવા માટે અમારી જિલ્વા (જીભ) સમર્થ નથી. તેમજ તારો વિરહ સહન કરવા અમે બંને સમર્થ નથી. ॥૧૮૪॥ તેથી અમે બંને જીવીએ છીએ ત્યાં સુધી અહીં જ

રહીને રાજ્યને કરીને પાછળથી દીક્ષા સ્વીકારીને મોક્ષને મેળવજે. ॥૧૮૫॥ તેથી તેમના આગ્રહને માનીને મૌનપૂર્વક પ્રતિમા જેવો અડગ, સાવદ્ય કર્મથી વિરામ પામેલો શિવ યતિના જેવો રહ્યો. ॥૧૮૬॥ માતા-પિતા બોલાવવા છતાં પણ જવાબ ન આપતાં તેણે કંઈ પણ ખાધું નહિ. મદોન્મત્ત થયેલા હાથીની જેમ ફક્ત મસ્તક હલાવતો હતો. ॥૧૮૭॥ આથી રાજાએ તેનો મિત્ર, શ્રેષ્ઠ શ્રાવક, શ્રેષ્ઠીપુત્ર **દૃઢધર્મ** હતો, તેને બોલાવીને કહ્યું. ॥૧૮૮॥ અહો વત્સ ! તારો મિત્ર છે તેને વ્રતની અનુમતિ અમે આપી નથી. તેથી મૌન કરીને ભોજન પણ તે કરતો નથી અને અભિમાનથી તે રહ્યો છે. ॥૧૮૯॥ તેથી આજે કોઈ પણ રીતે બોધ પમાડીને તું ભોજન કરાવ. કેમ કે કુમાર ભોજન કરશે, પછી જ અમે પણ ભોજન કરશું અન્યથા નહિ જ. ॥૧૯૦॥

દૃઢધર્મ પણ રાજાની આજ્ઞાનો સ્વીકાર કરીને શિવ પાસે ગયો. નિસીહિ એમ ત્રણ વખત બોલીને તેના ઘરમાં પ્રવેશ કર્યો. ॥૧૯૧॥ ઈરિયાવહિ પડિક્કમીને દ્વાદશાવર્ત્ત વંદનને કરીને ભૂમિ પ્રમાર્જીને અનુજ્ઞા આપો. એ પ્રમાણે રહ્યો. ॥૧૯૨॥ ત્યારે શિવકુમારે કહ્યું કે હે મિત્ર ! સાધુને ઉચિત એવો વિનય તું મને કેમ કરે છે ? ॥૧૯૩॥ દૃઢધર્મે કહ્યું હે કલ્યાણકારી ! તું ભાવસાધુ છે. તેથી સાધુની સમાનતાને ભજતો હોવાથી તારો વિનય શું યુક્ત નથી ? ॥૧૯૪॥ ભવનિઃસ્પૃહ એવા આપને મારે પૂછવું છે કેહે કુમાર ! શું આપે આહારનો ત્યાગ કર્યો છે ? ॥૧૯૫॥ કુમારે કહ્યું કે મને વ્રત લેવા માટેની અનુમતિ માતા-પિતા આપતા નથી. તેથી મેં આહારનો ત્યાગ કર્યો છે. ॥૧૯૬॥ જેમ મારા વડે શિથિલ કરાયેલા સ્નેહવાળા, કંટાળેલા અને મારામાં આદર વિનાના થઈને તેઓ વ્રતને સ્વીકારની અનુમતિ આપે. ॥૧૯૭॥ તેણે પણ કહ્યું કે હે કુમાર ! જો તું વ્રતનો અર્થી છે તો આહારનો ત્યાગ ન કર. શરીરનું મૂળ આહાર છે. ॥૧૯૮॥ શરીર હશે તો ધર્મ થશે અને મોક્ષનું મૂળ ધર્મ છે. વળી મુનિઓ પણ નિરવદ્ય આહાર ગ્રહણ કરે જ છે. ॥૧૯૯॥ તેણે કહેલું યુક્ત માનીને વિવેકવાળા શિવે કહ્યું ! તારી વાણીથી હું ખાઈશ, પણ હે ભો ! સાંભળ. ॥૨૦૦॥ હે મિત્ર ! ઘરવાસમાં રહેલો પણ હું સાધુની જેમ રહીશ. તેથી સચિત્ત કે સચિત્ત સંબંધી વસ્તુ દૂર રહો. ॥૨૦૧॥ મૂળથી જ સર્વ વિગઈઓ, સર્વ જાતિના ફળો અને અપક્વ કે દુષ્પકવ એવા સઘળા શાકાદિને પણ તેમજ રંગેલા લાલ વગેરે વસ્ત્ર પહેરવા, વાહન, સ્નાન, વિલેપન, તાંબૂલ, પુષ્પશૃંગાર, પલંગ વગેરે સ્ત્રીનો સંગમ એવા ઇચ્છિત પણ સર્વ ભોગોપભોગની સામગ્રીનો મેં અનિષ્ટની જેમ કર્મની નિર્જરાના કારણભૂત ત્યાગ કર્યો છે. ॥૨૦૩-૨૦૪॥ એક માત્ર અન્ન અને પાણી આ બે જ દ્રવ્યો મારે ભોજ્ય (ખાવા લાયક) છે. તેમાં પણ હું છઠ્ઠના પારણે વિધિપૂર્વક આયંબિલ કરીશ. ॥૨૦૫॥ આ પ્રમાણેની વ્યવસ્થા તે જ ક્ષણે દૃઢધર્મીએ રાજાને કહી. રાજા પણ ખુશ થયા અને ખાધુ. પછી તે પાછો ફર્યો. ॥૨૦૬॥ ત્યારબાદ શિષ્ય જેમ આચાર્યને તેમ દૃઢધર્મ શિવને હંમેશાં પારણામાં નિરવદ્ય લાવીને વપરાવતો હતો. ॥૨૦૭॥ આ પ્રમાણે તપને કરતા શિવને અનેક પત્નીઓએ ભોગોપભોગની અત્યંત પ્રાર્થના કરી, પણ તે ચલાયમાન ન થયા. ॥૨૦૮॥ આ રીતે સમ્યગ્ રીતે પાલન કરતા શિવને બાર વર્ષ માતાપિતા પાસે જ થયા. પરંતુ ગુરુ પાસે જવા માટે સમર્થ ન બની શક્યા. ॥૨૦૯॥ આ પ્રમાણે બ્રહ્મચારી ગૃહસ્થ પણ આરાધના કરીને **બ્રહ્મલોક** નામના દેવલોકમાં **વિદ્યુન્માલી** નામે દેવ થયા. ॥૨૧૦॥ ત્યાંથી ચ્યવીને અહીં જ રાજગૃહ નગરીમાં **જંબૂ** થઈને **સુધર્માસ્વામીના** શિષ્ય બનીને અદ્‌ભૂત એવી કેવલલક્ષ્મીને પ્રાપ્ત કરીને અનંત સુખમય એવા નિર્વાણપદમાં આનંદ કરે છે. ॥૨૧૧॥

॥ આ પ્રમાણે ભોગોપભોગ વ્રત ઉપર શિવકુમારની કથા સમાપ્ત. ॥૭॥

હવે અનર્થદંડ વિરમણ વ્રત ઉપર કથા. સમૃદ્ધદત્ત અને શ્રીપતિ

અહીં અન્વર્થ નામવાળી **દક્ષિણ મથુરા** નામની નગરી હતી. તેમાં રહેલા લોકો દિશાના યોગથી દક્ષિણવાસી કહેવાયા. ॥૧॥ તે નગરીમાં લક્ષ્મીરૂપી વેલડીના મંડપરૂપ **અશોકદત્ત** નામે શ્રેષ્ઠી હતો. ઉત્તર દિશાનો જેમ કુબેર તેમ આ વણિક પુત્ર શોભતો હતો. ॥૨॥ હવે એક વખત ઉત્તર મથુરામાં રહેનારો **સમૃદ્ધિદત્ત** નામનો શ્રેષ્ઠી સમૃદ્ધિની વૃદ્ધિને માટે ત્યાં આવ્યો. ॥૩॥ અશોકદત્તને તેની સાથે ગાઢ મિત્રતા થઈ એક આત્માની જેમ ચિત્તનું એકપણું થયું. ॥૪॥ એક યોગથી નિર્દેશ કરાયેલા બે કાર્યની જેમ સર્વ ઠેકાણે પ્રવૃત્તિ હોય કે નિવૃત્તિ તે બંને સાથે જ રહેતા. ॥૫॥ તેવા પ્રકારની મિત્રતા ટકી રહે તે માટે તે બંનેએ એકનો પુત્ર અને બીજાની પુત્રીની સાથે વિવાહ કરવો. આવી પ્રતિજ્ઞા કરી. ॥૬॥ સમૃદ્ધિદત્ત શ્રેષ્ઠીએ અત્યંત ધન મેળવ્યું. ત્યારબાદ પોતાના મિત્રને પૂછીને પોતાના સ્થાને ગયો. ॥૭॥ પરસ્પર સમાચાર મળે તે માટે થોડા થોડા દિવસે પત્ર વ્યવહાર કે માણસો મોકલવા વગેરે બંને કરતા હતા. ॥૮॥ એક વખત દક્ષિણ મથુરાવાસી અશોકદત્ત શ્રેષ્ઠીને ઉત્તમ લક્ષણવાળો એક પુત્ર જન્મ્યો. ॥૯॥ અશોકદત્તે ગરીબથી આરંભીને રાજા સુધી આનંદને આપનાર એવી સંપત્તિ વાપરીને પુત્ર જન્મ મહોત્સવ કર્યો. ॥૧૦॥ તે વખતે સર્વ લોકો બોલતા હતા કે આ લક્ષ્મીનો પતિ છે. તેથી શ્રેષ્ઠીએ પણ તેનું **શ્રીપતિ** એવું નામ રાખ્યું. ॥૧૧॥

ત્યારે જ સ્નેહના સર્વ કોશ સમાન મિત્રને વધામણી આપવા ઉત્તર મથુરામાં એક માણસ મોકલ્યો. ॥૧૨॥ જેમ વસંત ઋતુની મોટી વૃદ્ધિ વડે જલ્દીથી કામદેવ આનંદિત થાય તેમ મિત્રના ઉત્સવના સમાચારથી અલંકૃત થયેલ કાનવાળો તે પણ ખુશ થયો. ॥૧૩॥ હવે તેણે વિચાર્યું કે ભાગ્યયોગથી જો મને પુત્રી થાય તો અમે બંનેએ સ્વીકારેલ નક્કી કરેલ પૂર્ણ થાય. ॥૧૪॥ એક સમયે દિવ્ય રૂપસંપન્ન એવી **પુત્રી** તેને થઈ. તેનો જન્મ મહોત્સવ જાણે કે પુત્રનો જન્મ મહોત્સવ ન હોય, તેવો શ્રેષ્ઠીએ કર્યો. ॥૧૫॥ અને બુદ્ધિશાળી એવા તે શ્રેષ્ઠીએ દક્ષિણ મથુરાવાસી પોતાના મિત્રને પુત્રીના જન્મની વધામણી મોકલી. ॥૧૬॥ તે સાંભળીને તે પણ ખુશ થયો અને મનમાં વિચાર્યું કે લાંબા કાળથી સેવેલો પુત્ર-પુત્રીના વિવાહનો સંબંધ હવે સિદ્ધ થશે. ॥૧૭॥ પરસ્પર પોતાના સંતાનના વિવાહના આરંભ-સમારંભની ગોઠવણીના ચિત્તવાળા તે બંનેના પાંચ-છ વર્ષો પસાર થયા. ॥૧૮॥ ચાલુ વર્ષમાં જ વિવાહ આપણે કરશું, એ પ્રમાણે તે બંને વડે નિર્ણય કરાયો અને ત્યારે બંનેએ પણ બધી તૈયારી કરી. ॥૧૯॥ એકાએક અશોકદત્ત શ્રેષ્ઠીને ત્યારે અત્યંત ભયંકર જાણે કે કોઈ પણ કાળનો દૂત હોય તેવો તાવ આવ્યો. ॥૨૦॥ સુપ્રસિદ્ધ એવા વૈદ્યોના સમૂહો વડે ઇલાજ કરાવાયો. જેમ જેમ ઇલાજ થતો ગયો તેમ તેમ તે જ્વર પ્રલયકાળના અગ્નિની જેમ વધવા લાગ્યો. ॥૨૧॥ તેથી ઘરમાં રહેલી સમસ્ત સારભૂત વસ્તુઓ પુત્રને તેણે કહી દીધી. સારા એવા ધર્મકૃત્યોને કરીને તે સ્વર્ગગામી બન્યા. ॥૨૨॥ તેમનું ઉર્ધ્વદેહિક કાર્ય બાદ થોડો શોક દૂર થયે છતે અનુક્રમે તેના પદે સ્વજનો અને નગરના લોકોએ તેના પુત્રને સ્થાપ્યો. ॥૨૩॥ કેટલાક દિવસો પસાર થયે છતે લાભાંતરાયના ઉદયથી સુકાયેલા એરંડ ફલની જેમ વહાણો સમુદ્રમાં ડૂબી ગયા. ॥૨૪॥ દૂર જે કરિયાણાઓ સ્થલમાર્ગે મોકલેલા હતા, તે સર્વ કરિયાણાઓ ચોરોએ માલિક વગરનાની જેમ ગ્રહણ કર્યા. ॥૨૫॥ પોતાના ગોત્રજોની જેમ પહેલા નિયુક્ત કરેલા વણિક પુત્રોએ કેટલુંક ધન વહેંચીને લઈ લીધું. ખરેખર કર્મનો વિપાક કેવો છે ? ॥૨૬॥ કેટલુંક ધન કોષ્ઠાગારમાં હતું, તે અગ્નિથી બળી ગયું. ત્યારે સમસ્ત મિત્ર વર્ગ તેમજ સ્વજન વર્ગ દૂર જતાં રહ્યા (છૂટા પડી ગયા). ॥૨૭॥

એક વખત સુવર્ણમય સ્નાનપીઠ ઉપર તે સ્નાન કરવા માટે બેઠો. પૂર્વની જેમ અંગને મર્દન ઉદ્વર્તનાદિ વગેરે કર્યું. ॥૨૮॥ ત્યારબાદ જાત્યંત એવા સુખડ, કેસર, કસ્તુરીથી મિશ્રિત એવા પાણીઓથી દેહના સુખના માટે આગળ સુવર્ણની કુંડીઓ મૂકી તેમાંથી કલાકુશળ એવા માણસોએ સુવર્ણમય કલશોના સમૂહથી પાણી ભરી ભરીને રાજાની જેમ તેને સ્નાન કરાવ્યું. ॥૨૯-૩૦॥ કળશો જેટલામાં મૂક્યા તેવા જ તે પક્ષીની જેમ ઉડ્યા. સ્નાન કરીને ઉભો થતાં જ તે સ્નાનપીઠ અને સુવર્ણની કુંડી પણ તેની પાછળ ઉડી ગઈ. ॥૩૧॥ હવે દેવને નમસ્કાર કરવા માટે મૂળ ઓરડામાં તે ગયો. ચારે બાજુથી સમસ્ત ધન વગરનું ઘર ખાલી ખાલી તેણે જોયું. ॥૩૨॥ સુવર્ણ અને રત્નમય થાળી કચોળામાં મનને પ્રિય એવા દિવ્ય અને વિવિધ પ્રકારના આહારને ખાતો હતો. તે સર્વે પણ ખાલી થઈ ગયા. એકાએક કચોળાદિ સર્વસ્વનું જાણે કે અપહરણ ન થયું હોય તેમ ચાલ્યા ગયા. ॥૩૪॥ ખાઈ લીધા બાદ થાળીને ચાલતી જોઈને **શ્રીપતિએ** હાથથી થાળી પકડી રાખીને તું ન જા, તું ન જા, એ પ્રમાણે બોલવા છતાં પણ તે પણ ચાલી ગઈ. તેના હાથમાં એક થાળીનો ટુકડો રહી ગયો. બેચેન મનવાળા પણ જતા એવા કોઈને કોઈના પણ વડે શું પકડી રાખવા માટે સમર્થ થઈ શકે ? ॥૩૫-૩૬॥ હવે તેણે વિચાર્યું કે આ બધું તો ગયું, પણ નિધાનો છે કે નથી ? તે પણ શું ક્યાંય પણ ચાલ્યા ગયા છે ? ॥૩૭॥ નિધાનોને ખોદી ખોદીને જોતાં ક્યાંક વિંછીઓ ક્યાંક ગર્વથી ફૂંફાડા મારતા સર્પોને ક્યાંક ફક્ત અંગારા જ જોયા. ॥૩૮॥ ત્યારપછી નિર્ભાગી=ભાગ્ય વિનાની પોતાની જાતને માનતો તે મનમાં વિચારવા લાગ્યો કે આ ભાગ્યશાળી કુળમાં હું કેવી રીતે આવ્યો ? ॥૩૯॥ પૂર્ણિમાનો ચંદ્ર ઉગતાં સમુદ્ર વૃદ્ધિને પામે છે, તેમ કોઈક ઉત્પન્ન થતાં જ સમસ્ત પૃથ્વીતલને ખુશ કરે. વાંસના ઝાડને ફળ આવે તે જેમ વાંસને નાશ કરનાર થાય તેમ મારા વડે પોતાના કુળરૂપી વંશ નાશ કરાયો. સર્વ પણ આ પિતાની લક્ષ્મી પિતાને જ ખરેખર અનુસરી. ॥૪૧॥

આ પ્રમાણે વિચારતા તેને કોઈકે આવીને એ પ્રમાણે કહ્યું. તારા પિતાએ મારી પાસેથી દશ હજાર સિક્કા લીધેલા. તેથી હાલમાં તે તું (મને) આપ. ॥૪૨॥ તે વચન સાંભળીને શ્રીપતિએ વિચાર્યું કે મારા પિતાએ સર્વને આપ્યું છે, ક્યારેય વળી કોઈની પાસેથી લીધું નથી (અર્થાત્ દેણું નથી.) ॥૪૩॥ મારા દુષ્કર્મના વિપાકનું આ પ્રગટ ફળ છે. તે જાણીને સારી રીતે વિમર્શ કરનારા શ્રીપતિએ તેને કહ્યું. ॥૪૪॥ હે ભો ! હમણાં અત્રે કોશાધિકારી નથી. તેથી તું કાલે સવારે આવજે જેમ સર્વ ચોપડા જોઈને આપીશ. ॥૪૫॥

હવે માતાને તેણે કહ્યું કે હે માતા ! હું ક્યાંક દેશાંતરમાં જઉં. કેમ કે અહીં રહેતાં જીવવાને માટે પ્રજા પાસેથી કિંચિત્ પણ સુખ હું મેળવી શકીશ નહિ. ॥૪૬॥ તું અહીં જ રહે, તું સ્ત્રી છે, તેથી કોઈ પણ કિંચિત્ પણ કહેશે નહિ. આ પ્રમાણે માતાને બોધ પમાડીને ઉંચા મુખને લઈને તે ગયો. ॥૪૭॥ જતાં તેણે વિચાર્યું કે લક્ષ્મીથી હું ત્યાગ કરાયેલો છું. તેથી હું વ્યવસાય (ધંધો) કેવી રીતે કરીશ ? ખરેખર કસુંબામાં જ રંગ યોગ્ય છે. ॥૪૮॥ ક્યાંક પર્વત પરથી પડીને હું દુઃખમુક્ત થાઉં. આ પ્રમાણે વિચારતા આગળ વનમાં પ્રતિમામાં રહેલા મુનિને જોયા. ॥૪૯॥ તેણે મુનિને વંદન કર્યા. મુનિએ પણ કાઉસ્સગ્ગ પારીને તેને કહ્યું કે હે ભો ! હં હો ! શું આત્મહત્યા વડે તું દુઃખમુક્ત થવા ઇચ્છે છે ? ॥૫૦॥ દુઃખમુક્તિનો આ ઉપાય નથી, પરંતુ નિર્મળ તપો વડે દુઃખમુક્ત થવાય. તેના માટે હે શુભાશય ! તું પરિવ્રજ્યા લઈને તપોને કર. ॥૫૧॥

તેની જ પાસે **શ્રીપતિએ વ્રતને ગ્રહણ કર્યું.** ત્યાગ કરાયેલા રાગવાળો પણ કૌતુકથી થાળીના ટુકડાનો ત્યાગ ન કરાયો. (એની પાસે જ રાખ્યો.) ॥૫૨॥ તેમની પાસેથી શ્રુતને ભણીને તેના અર્થને સાંભળીને સમસ્ત સામાચારીને જાણીને બુદ્ધિરૂપી ધનવાળો તે ગીતાર્થ બન્યો. ક્રમપૂર્વક એકાકી વિહારની ચર્યા વડે

વિચરતા તે મુનિ **ઉત્તર મથુરા** નામની નગરીમાં ગયા. ॥૫૩-૫૪॥ સમાધિવાળા તે મુનિ ભિક્ષાકાળ પ્રાપ્ત થતાં ભિક્ષાને માટે સમૃદ્ધિદત્ત શ્રેષ્ઠીના ઘરે ગયા. ॥૫૫॥ તે તે સુવર્ણ રત્નથી બનાવેલા સ્નાનના ઉપકરણો વડે પોતાની જેમ ત્યારે તે શ્રેષ્ઠીએ સ્નાન કર્યું. યુગતા યૌવનવાળી દેદીપ્યમાન શૃંગાર સારવાળી અને મોરના પીંછાવાળા પંખાથી પુત્રી વારંવાર તેને વીંઝતી હતી. સુવર્ણના કચોળા પ્રમુખથી પરિવરેલો ખંડિત થાળીમાં ભોજન કરતા શ્રેષ્ઠીને તે મુનિપુંગવે જોયા. ॥૫૬-૫૭-૫૮॥ મેળવેલી ભિક્ષાવાળા પણ મુનિ તે તે પોતાની સમગ્ર વસ્તુને ઓળખીને વિકસ્વર નેત્રવાળા અને કૌતુકથી જોતા ત્યાં જ ઉભા રહ્યા. ॥૫૯॥ તે શ્રેષ્ઠીએ ત્યારે આ રીતે જોતાં અણગારને કહ્યું કે હે ભગવન્ ! આ બાળાને તમે કેમ આ રીતે જુવો છો ? ॥૬૦॥ વળી શું કંઈક બીજા આહાર-પાણીની ઇચ્છા રાખો છો કે અથવા તો બીજું કાંઈ પણ તમારું પ્રયોજન હોય તો તે કહો ? ॥૬૧॥ મુનિએ કહ્યું કે બ્રહ્મચર્ય વ્રતનો મેં સ્વીકાર કર્યો હોવાથી તૃણ સમાન સ્ત્રીને ગણતો આ બાલિકાને હું રાગથી જોતો નથી. ॥૬૨॥ માધુકરી વૃત્તિથી યુક્ત એવા મને બીજા આહાર-પાણીની પણ સ્પૃહા નથી. નિઃસંગવાળા મને બીજું કાંઈ પ્રયોજન પણ નથી. ॥૬૩॥ પરંતુ હે ભો ! આ તારી પાસે જે વસ્તુઓ છે તે ક્યાંથી અને ક્યારે ઉત્પન્ન થઈ ? અત્યંત આશ્ચર્ય ચર્યા કરનાર તે તને પૂછવાને માટે હું અહીં ઉભો છું. ॥૬૪॥ હે મુનિ ! આ સર્વે પણ સંપત્તિઓ કુળ પરંપરાથી મારી પાસે આવેલી છે. તો મુનિએ કહ્યું કે તો તું શા માટે ખંડિત થાળીમાં ભોજન કરે છે ? ॥૬૫॥ શ્રેષ્ઠીએ કહ્યું કે હે મુનિ ! સોનીઓએ આ ખંડિત થાળીને સુવર્ણના ટુકડા સાથે જોડવા માટે ઘણા ઘણા પ્રયત્નો કર્યા, પણ ક્યારે પણ જોડાયો જ નથી. ॥૬૬॥

ત્યારબાદ મુનિએ કેડ પર રાખેલો થાળીનો ટુકડો કાઢ્યો અને થાળી પર મૂકવા માત્રથી જલદીથી ચોંટી ગયો. ॥૬૭॥ ત્યારબાદ સમૃદ્ધિનું તેવા પ્રકારનું માહાત્મ્ય જાણીને ઇચ્છા વગરના નિરીહાત્મા શ્રેષ્ઠ મુનિ તેના ઘરમાંથી નીકળ્યા. ॥૬૮॥ થાળીમાં ટુકડો બરાબર લાગેલો જોઈને ચમત્કાર પામેલા શ્રેષ્ઠીએ નીકળતા એવા મુનિને આદરપૂર્વક ઉભા રહો, ઉભા રહો, એમ બોલવા લાગ્યો. ॥૬૯॥ ઉભા થઈને સામા આવીને ભક્તિપૂર્ણ હૃદયથી વંદન કર્યું. તેમજ થાળીના ટુકડાનો વૃત્તાંત સંભ્રમપૂર્વક પૂછ્યો. ॥૭૦॥ મુનિએ કહ્યું હે કલ્યાણકારી ! સમગ્ર આ વૈભવ તારી પાસે કેવી રીતે કુળ પરંપરાથી આવેલો છે ? તે હું જાણતો નથી. ॥૭૧॥ લજ્જાપૂર્વક શ્રેષ્ઠીએ કહ્યું હે મુનિ ! મને ક્ષમા આપો. મારાથી ખોટું બોલાયું છે. પરંતુ આ લક્ષ્મી થોડા જ દિવસથી મારી આગળ આવી છે. ॥૭૨॥

એક વખત સ્નાન કરવાની ઇચ્છાવાળા મારી પાસે સ્નાનના ઉપકરણો વગેરે આકાશ માર્ગેથી જલદીથી આવ્યા. ॥૭૩॥ દેવ (ભાગ્ય)ના પ્રભાવથી આ સમગ્ર અદ્‌ભૂત વૈભવ ક્યાંથી મારી પાસે આવ્યો તે હું જાણતો નથી. ઘણું કહેવા વડે શું ? ॥૭૪॥ હે મુનિ ! તમે ક્યાંથી આવ્યા છો ? તમારું નામ શું છે ? કોના પુત્ર છો ? અને આ થાળીનો ખંડ તમે કેવી રીતે મેળવ્યો છે ? તે કહો. ॥૭૫॥ ત્યારે મુનિએ પણ તેના ઘરમાં આવ્યા ત્યાં સુધીનો સમગ્ર પોતાનો વૃત્તાંત જેવો હતો તેવો તેની આગળ કહ્યો. ॥૭૬॥ તે સાંભળીને રોમાંચિત થયેલા શ્રેષ્ઠીએ જલદીથી કહ્યું. હે ભો ! તો તો તમે મારા જમાઈ છો. ભાગ્યયોગથી જ હમણાં તમે જોવાયા છો. ॥૭૭॥ હે વત્સ ! હું સમૃદ્ધિદત્ત નામનો શ્રેષ્ઠી તમારો સસરો છું. આ પ્રકારે કહીને આનંદના અશ્રુઓથી તેને ભેટી પડ્યો. ॥૭૮॥ તેમને સ્નેહપૂર્વક ઘરની અંદર લઈ જઈને કહ્યું કે હે વત્સ ! આ તમારી સાસુ છે અને આ તમારો સાળો છે. ॥૭૯॥ અને આ જન્મ્યા માત્રથી જ કલ્પના કરાયેલી તમારી પત્ની છે. આટલા દિવસ તમારા માટે જ મેં એને કુમારીપણાથી રાખી છે. ॥૮૦॥ અને આ સર્વ આજ્ઞાંકિત એવો તમારો પરિવાર છે.

તેમજ સન્મુખ મુખવાળી એવી આ સર્વ સંપત્તિ તમારી જ છે. ॥૮૧॥ તેથી અત્રે રહીને સુરેન્દ્રની જેમ ઇચ્છા મુજબ વિવિધ પ્રકારના ભોગોને ભોગવો. ભુક્ત ભોગી થયા બાદ પાછલી વયમાં તમે વ્રતને ગ્રહણ કરજો. ॥૮૨॥ વિષયો પ્રત્યે વિરાગવાળા મુનિએ તેમને બોધ પમાડવા માટે અમૃતથી મધુર વાણીથી કહ્યું. ॥૮૩॥ આ કામભોગો શલ્ય સમાન, વિષ સમાન, આશીવિષ સર્પ જેવા છે. કામભોગોની પ્રાર્થના (યાચના) કરનારને તે દુર્ગતિમાં લઈ જનાર છે. ॥૮૪॥ આથી ભવભ્રમણના હેતુ સરખા શત્રુ જેવા કામભોગોમાં રતિ કરવી યોગ્ય નથી. ॥૮૫॥

આ પ્રમાણે ધર્મદેશનાને કરતા સંવિગ્ન ચિત્તવાળા સાધુને અવધિ જ્ઞાનાવરણીયનો ક્ષય થવાથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. ॥૮૬॥ ત્યારે તે જ અવધિજ્ઞાનથી પોતાના અને શ્રેષ્ઠીના પૂર્વભવોને જાણીને ધર્મ-અધર્મનું ફળ સાક્ષાત્ બતાવવાને માટે સાધુએ ઉપદેશ આપ્યો. ॥૮૭॥ આ જ પૃથ્વીતલ ઉપર **શ્રીપુર** નામના નગરમાં **પદ્માકર** અને **ગુણાકર** નામના બે મિત્રો હતા. ॥૮૮॥ પ્રકૃતિ સરળ (ભદ્રક), દાનના સ્વભાવવાળા, સ્વજન પર વાત્સલ્યવાળા સાક્ષાત્ ન્યાયમૂર્તિ અને વિશ્વને આનંદને આપનારા તે બંને હતા. ॥૮૯॥ એક વખત તે બંને ગુરુની પાસે આવ્યા અને ધર્મદેશના સાંભળીને ત્યારે પોતાના કર્મ વિવર થવાથી (હળુકર્મી બનવાથી) બંને પ્રતિબોધ પામ્યા. ॥૯૦॥ સમ્યક્ત્વ સહિત બાર વ્રતોને ગ્રહણ કર્યા. પોતાના જન્મને સફળ માનતા લાંબા કાળ સુધી વ્રતનું પાલન કર્યું. ॥૯૧॥ એકવાર કોઈએ પણ કોઈને એ પ્રમાણે શિખામણ આપી કે તારા વડે અકૃત્ય ન કરવું જોઈએ. કારણ કે એ સર્વ રીતે પોતાને હાનિ કરનાર થાય. ॥૯૨॥ ગુણાકર તે સાંભળીને કંઈ પણ કર્મના ભારેપણાથી ઉચ્છૃંખલ એવો મુખરપણાથી વચન બોલ્યો. ॥૯૩॥ અકૃત્ય કરનારનું અચાનક જોતા છતાં પણ શું સઘળું ઉડીને ક્યારેય પણ ક્યાંય જાય છે ? ॥૯૪॥ તે વચન સાંભળીને ત્યારે અનેક લોકોએ તે વાત સ્વીકારી. કેમ કે પ્રાયઃ કરીને પાણીની જેમ પ્રાણિઓ પણ નીચે (દુર્ગતિમાં) જનારા હોય છે. ॥૯૫॥ પદ્માકરે તેને કહ્યું કે હે મિત્ર ! અનર્થદંડ નામના વ્રતના અતિચારને કરનારું વચન બોલવું તે તને યોગ્ય નથી અને વળી. ॥૯૬॥ વિદ્યાધરપણું, રાજાપણું, શત્રુ નાશ વગેરે પણ મુહૂર્તમાત્રમાં થાય. આથી આવા પ્રકારના અપધ્યાન (દુર્ધ્યાન)થી પાછા ફરો. ॥૯૭॥ હે હો ! બળદોને દમન કરો, ઘોડાઓને નપુંસક કરો, ખેતી કરો. અદાક્ષિણ-પણાના સ્થાનરૂપ આવા પ્રકારના પાપનો ઉપદેશ યોગ્ય નથી. ॥૯૮॥ દાક્ષિણ્યતા વિના કિંચિત્ પણ કોઈને હળ, અગ્નિ, યંત્ર, શસ્ત્ર, મુશળ, ઉખળ વગેરે આપ નહિ. ॥૯૯॥ કુતૂહલથી ગીત-વાજિંત્ર, નાટક વગેરેને જોવા, કામશાસ્ત્રનો શ્રમ, જુગાર, મદિરાપાન વગેરેમાં રતિ (આનંદ) જીવોને લડાવવા, હીંડોળા હીંચવા, રમતો રમવી, વેરીના પુત્રોની સાથે વૈરની વસુલાત કરવી. ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા ને રાજકથા, દિવસના સૂવું, રોગ કે મુસાફરીના થાક વિના રાત્રિમાં પણ વધુ નિદ્રા લેવી, આવા પ્રકારના સર્વ પ્રમાદાચરણનો બુદ્ધિશાળીએ ત્યાગ કરવો જોઈએ. ॥૧૦૦-૧૦૧-૧૦૨॥ હે મિત્ર ! આ પ્રમાણે અનર્થદંડ વિરમણ વ્રતનું પાલન કર, તેમ તેને કહ્યું. પોતે પણ સ્વયં વ્રતને પાળ્યું. ॥૧૦૩॥ કાળના ક્રમપૂર્વક આયુષ્યનો ક્ષય થયે છતે તે બંને દેવ થયા. ત્યાંથી ચ્યવીને પદ્માકરનો આત્મા તું અહીં થયો. ॥૧૦૪॥ અને ગુણાકરનો આત્મા તે હું શ્રીપતિ નામનો થયો અને તે હું કે જે અનર્થદંડ વ્રતની વિરાધનાની આલોચના કરી નહિ. તેથી આવા પ્રકારનું ફળ મને મળ્યું. ॥૧૦૫॥ હે ભો ! તેં તારનાર એવા ગુણવ્રતની વિરાધના નહોતી કરી. તેથી જ તારા ઘરમાં આકાશ માર્ગે લક્ષ્મી આવી. ॥૧૦૬॥ તે સાંભળીને બોધ પામ્યો અને જાતિસ્મરણનો લાભ થયો અને સમૃદ્ધિદત્ત શ્રેષ્ઠીએ તેમની જ પાસે વ્રતને ગ્રહણ કર્યું. ॥૧૦૭॥ ત્યારે તેવા પ્રકારના ધર્મના મહિમાને સાંભળીને શ્રેષ્ઠીની પુત્રી પણ પતિના માર્ગને અનુસરનારી

થઈ. ॥૧૦૮॥ અનર્થદંડ ગુણવ્રતની આરાધના અને વિરાધનાનું ફળ સાંભળીને ભવ્ય જીવોએ તેવા પ્રકારના આરાધનાના કાર્યમાં પ્રયત્ન કરવો જોઈએ. ॥૧૦૯॥

॥ અનર્થદંડ વિરમણ વ્રત ઉપર સમૃદ્ધદત્ત અને શ્રીપતિની કથા સમાપ્ત. ॥૮॥

હવે સામાયિક વ્રત ઉપરની કથા કહે છે. સાગરચંદ્ર કથા

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં નીતિમાન શ્રેષ્ઠ મંત્રી જેવો, તેમજ હંમેશાં સમુદ્રથી અલંકૃત એવો **સૌરાષ્ટ્ર** નામનો દેશ છે. ॥૧॥ તેમાં મેરુપર્વતની બહેન જેવી સુવર્ણમયી મોટી **દ્વારાવતી** નામની નગરી હતી. ॥૨॥ તેમાં નવા પરાક્રમવાળો, નવમો વાસુદેવ, યદુવંશનો શિરોમણિ **કૃષ્ણ** નામનો રાજા હતો. ॥૩॥ કૃષ્ણને મહાબળવાન **બલદેવ** નામનો મોટો ભાઈ હતો. તેને નયને જાણનાર વિનયવંત **નિષધ** નામનો પુત્ર હતો. ॥૪॥ તેને પણ સાગરને જેમ ચંદ્રમા વિકસ્વર બનાવે, જગતને વિકસિત કરનાર એવો **સાગરચંદ્ર** નામનો પુત્ર હતો. ॥૫॥ સર્વ કળાઓ તેણે શીખી લીધેલી. અનુક્રમે તે યૌવનને પામ્યો. અદ્‌ભૂત રૂપને જોઈને દેવતાઓના રૂપના મદ ત્યારે ઉતરી ગયા. ॥૬॥ ચક્રવાક પક્ષીઓને જેમ સૂર્ય, ચકોર પક્ષીઓને જેમ ચંદ્ર તેમ તે શાંબાદિકુમારોને અત્યંત વલ્લભ હતો. ॥૭॥ ત્યાં મદોન્મત્ત હાથી વગેરે ચતુરંગી સેનાવાળો, જગતને જીતનાર, **ધનસેન** નામનો માંડલિક રાજા હતો. ॥૮॥ કમળ જેવા લાલ હાથ-પગવાળી, કમળ સમાન મુખવાળી, તેની જેમ કોમળ કમળની જાણે નાની બહેન હોય તેવી **કમલામેલા** નામની પુત્રી તેને હતી. ॥૯॥ તેણીએ યૌવન પ્રાપ્ત કર્યું. **ઉગ્રસેન** રાજાના પુત્ર **નભસેનકુમાર**ને પિતા વડે તેણી અપાઈ. ॥૧૦॥

અને ત્યારે તેના ઘરમાં મોટા છત્ર, માળા, કમંડલુ આસન હાથમાં છે એવા **નારદજી** આવ્યા. ॥૧૧॥ ચક્રવર્તીની લક્ષ્મીની પ્રાપ્તિ થયે છતે જેમ ગર્વ થાય તેમ ત્યારે તે સુંદર રૂપવાળી કમલામેલાની પ્રાપ્તિથી ગાળેલા દારૂની જેમ ગર્વિષ્ઠ થયેલા એવા નભસેનકુમારે સત્કાર અને સન્માનની રૂચીને આધીન એવા નારદનો સત્કાર ન કર્યો. ॥૧૨॥ તેથી નારદ ઋષિ ગુસ્સે થયા. તેના ઘરમાંથી ઉડીને સીધા આકાશમાર્ગે સાગરચંદ્રના ઘરમાં ગયા. ॥૧૩॥ તે ઉભો થયો, પ્રણામ કર્યા. અર્ધુ આસન પણ આપ્યું. આ રીતે ભક્તિથી સત્કાર કરીને સ્વસ્થ એવા સાગરે વાત્સલ્યપૂર્વક નારદને પૂછ્યું. ॥૧૪॥ હે ભગવન્ ! પરિભ્રમણ કરતાં આપે વિશ્વમાં કંઈ પણ અદ્‌ભુત શું જોયું છે ? ઋષિએ કહ્યું કે હા ! જોવાયું છે. સાગરે કહ્યું (તે) શું ? ॥૧૫॥ હવે નારદ ઋષિએ કહ્યું કે હે કુમાર ! ધનસેન રાજાની પુત્રી કમલામેલા નામની અહીં છે. ॥૧૬॥ શરદપૂર્ણિમાના ચંદ્રમા જેવા મુખવાળી, પરવાળા જેવા હોઠવાળી, સમુદ્રની વેળા જેવી તેણી શોભે છે. ॥૧૭॥ તેણી મનોહર શૃંગારરસના કટાક્ષોના વિક્ષેપવાળી, અત્યંત ઉછળતા માછલીના સમૂહવાળી જાણે કામની ક્રીડા રૂપ વાવડી ન હોય એવી શોભે છે. ॥૧૮॥ ભાગ્યશાળી સમૃદ્ધ એવા ચરણો વડે સ્થળમાં ઉગેલી કમલિની જેવી અને સ્વાભાવિક લાલ એવા હાથરૂપી પલ્લવો વડે જેણી હાલતી-ચાલતી કલ્પવૃક્ષની વેલડી જેવી જણાય છે. ॥૧૯॥ તે સાંભળીને કામરૂપી સળીથી શલ્યવાળા સાગરે કહ્યું. શું તેણી કન્યા છે ? મુનિએ કહ્યું - ઉગ્રસેનના પુત્ર (નભઃસેન) ને તેણી અપાયેલી છે. ॥૨૦॥ સાગરે કહ્યું કે તો તેણીની સાથેનો યોગ મને કેવી રીતે થશે ? હું શું જાણું ? એમ કહીને નારદ આકાશ માર્ગે ગયા. ॥૨૧॥ ત્યાંથી કમલામેલાના ઘરમાં ગયા. તેણીએ તેને સત્કાર કરીને અંજલી જોડીને પૂછ્યું કે શું તમે કંઈ પણ આશ્ચર્ય જોયું છે ? ॥૨૨॥ નારદે સંભ્રમ પામેલાની જેમ આદરથી કહ્યું હે સ્ત્રી ! મેં આ જ નગરીમાં બે આશ્ચર્ય જોયા છે. સારા રૂપમાં શિરોમણિ અત્યંત સ્વરૂપવાળા એક સાગરચંદ્ર અને બીજો કુરૂપમાં શિરોમણિ નભઃસેન. ॥૨૩-૨૪॥

હવે મુનિની વાણીથી તેણી સાગરચંદ્ર ઉપર રાગવાળી થઈ અને બીજા ઉપર વિરાગી. જે કારણથી કાનનું ઝેર તે મહાઝેર છે અર્થાત્ કાનમાં સંભળાયેલું વચન પરસ્પરના સંબંધમાં વૈરભાવ ઉત્પન્ન કરતું હોઈ મહાવિષની ઉપમા આપી છે. ॥૨૫॥ તત્કાલ આંખો બીડીને રોતી તેણી બોલી કે હે ભગવન્ ! હું દુર્ભાગી છું. મારું જીવિત પણ નિષ્ફળ છે. ॥૨૬॥ વૈરી એવા પિતાએ તે નભઃસેન સાથે મારું નક્કી કર્યું છે. તે મને ગમતું નથી. તેથી મૃત્યુ સન્મુખ આવે તો સારું. ॥૨૭॥ વળી હું તો ગુણવાન એવા સાગર પર અનુરાગી છું. જેથી આ મને યુક્ત નથી. નિર્ભાગ્યવાનોનું વાંછિત ક્યાંથી સિદ્ધ થાય ? ॥૨૮॥ મૂઢ એવું મન જેમ રોગીને દુર્લભ એવી વસ્તુને ઈચ્છે છે અર્થાત્ અપથ્યની ઈચ્છા કરે છે, તેમ આકાશમાં રહેલા ચંદ્રને પકડવા માટે હાથને પહોળા કરે છે અર્થાત્ ફેલાવે છે. ॥૨૯॥ નારદે કહ્યું તું ધીરજવાળી થા, વિષાદ ન કર. તે સાગરચંદ્ર પણ તારા વિષે અત્યંત રાગવાળો છે. ॥૩૦॥ તેથી મારો યોગ કેવી રીતે થશે, એમ ચિંતા ન કર. ભાગ્ય અનુકૂળ થતાં દુર્ઘટ વસ્તુ પણ ઘટી શકે છે. ॥૩૧॥

આ પ્રમાણે કમલામેલાને કહીને નારદ સાગરચંદ્ર પાસે આવ્યા અને કહ્યું કે તેણી તારા વિષે જ અત્યંત રાગી છે. ॥૩૨॥ તેણીના સમાચાર સાંભળતાં જ તે પૂર્વ કરતાં વિશેષ અનુરાગી થયો. તેણી મારા વિષે જ અનુરાગી છે. આ વાણી સાંભળીને તેના જ રટણવાળો થયો. ॥૩૩॥ અંતરમાં તેણીનું ધ્યાન ધરે છે. જિલ્વા વડે તેણીનું જ રટણ કરે છે. ચિત્રમાં પણ તેણી આલેખાય છે. બંને આંખોથી તેણીને જ જુવે છે. ॥૩૪॥ હું વિદ્યાધર કે પાંખવાળો જો હોત તો ઊડીને તેણીને જ જોઉં. આવા વિવિધ પ્રકારના તરંગોને તેણે કર્યા. ॥૩૫॥ મુખમાંથી નીકળેલા લાંબા ઉષ્ણ નિશ્વાસોથી તે ખરેખર હણાયો. તેની પાસે રહેનારા મિત્રો શ્યામ મુખવાળા થયા. તેને કંઈક તેવો તાપ થયો છે. જેમાં ખોબો ભરેલું પાણી તેના અંગ ઉપર નંખાયેલું 'છણ' એ પ્રમાણે ક્ષણવારમાં સૂકાઈ જાય છે. ॥૩૬-૩૭॥ પાણીમાં ભીંજવેલા પંખાનો પવન, ચંદનનું વિલેપન, ચાંદનીના શીતલ કિરણો અને કેળના પાંદડાથી નંખાયેલો પવન વિરહાનલથી ઉત્પન્ન થયેલા તેના દેહદાહને શમાવી શક્યો નહિં. ॥૩૮॥ ગીત આદિમાં તે રાગી થતો નથી. રમતમાં પ્રવૃત્ત થતો નથી. શરીર સત્કાર પણ કરતો નથી અને આહાર પણ કરતો નથી. ॥૩૯॥ મૂર્ચ્છાથી બીડાયેલી આંખવાળો વારંવાર ભૂમિ પર પડતો તે તે શીતોપચાર વડે કંઈક ચેતના મેળવે છે. ॥૪૦॥ હે પ્રિયે ! મહેરબાની કર. દર્શન આપ. મારા ઉપર કેમ કોપ કરે છે ? મારા પાપની ક્ષમા કર. આ પ્રમાણે અસંબદ્ધ બોલવા લાગ્યો. ॥૪૧॥ હિતને ઉચિત એવા કોઈ પણ કાર્યને તે જાણતો નથી. સર્વથા હણાયેલા ચિત્તવાળો (મૂર્ખ) કિંકર્તવ્યમૂઢ તે કુમાર થયો. (શૂન્ય) ॥૪૨॥

તેવા પ્રકારના તેને જોઈને સર્વ મિત્રોએ વિચાર્યું કે કામદેવની નવમી દશા હમણાં તેને પ્રાપ્ત થઈ છે. ॥૪૩॥ જો દશમી દશા પ્રાપ્ત થશે તો આ મરી જશે. આ પ્રમાણેની ચિંતામગ્ન એવા તે સર્વને અધૃતિ થઈ. ॥૪૪॥ એટલામાં સામે આવેલા **શાંબે** પાછળ જઈને સાગરની બંને આંખોને ક્રીડા વડે હાથથી ઢાંકી દીધી. ॥૪૫॥ હે કમલામેલા ! મારી બંને આંખોને છોડ. આજે તારા મુખરૂપી ચંદ્રના દર્શનથી હું તૃપ્તિને મેળવું. ॥૪૬॥ આ પ્રમાણે બોલતાં સાગરને હસતાં શાંબે કહ્યું કે હે ભો ! હું કમલામેલા નથી, પરંતુ તેને મેળવી આપનાર છું. ॥૪૭॥ હવે સાગરે શાંબને તૂર્ત કહ્યું હે કાકા ! કમલામેલાને મેળવી આપવાથી તું મારા ઋણથી મુક્ત થઈશ. ॥૪૮॥ હે કાકા ! ખરેખર આપના વડે પોતાની વાણીથી જ આ સ્વીકાર્યું છે તે જો નહિં કરો તો અહીં સજ્જન પુરુષોમાં પંક્તિને કેવી રીતે પામશો ? ॥૪૯॥ શાંબે પણ વિચાર્યું કે ખરેખર મજાકમાં એકદમ જલદીથી દુષ્કર એવી પ્રતિજ્ઞા મેં સ્વીકારી છે. તેથી તેનો નિર્વાહ કેમ કરીશ ? એમ હું શંકિત છું.

॥૫૦॥ અથવા તો આ શંકા વડે સર્યું. મેં જ સ્વીકાર્યું છે તો દુષ્કર કે સુકર વસ્તુ પણ નિર્વાહ કરવા યોગ્ય જ છે. ॥૫૧॥ આ પ્રમાણે વિચારીને શાંબે ગુપ્તચરો પાસે ઉદ્યાનથી લઈને કમલામેલાના ઘર સુધીની સુરંગ ખોદાવી. ॥૫૨॥ તે સુરંગના રહસ્યને નારદને કહ્યું અને તેણે પણ મૃગલોચનાને કહ્યો. **શાંબે** પ્રદ્યુમ્ન પાસે રહેલી **પ્રજ્ઞપ્તિ** વિદ્યાને ગ્રહણ કરી. ॥૫૩॥ શાંબ વગેરે સર્વેએ વિદ્યાધરના રૂપો કર્યા. નભઃસેનના વિવાહના દિવસે કન્યાનું હરણ કરીને સુરંગ વડે લાવ્યા. ॥૫૪॥ સાગરચંદ્રની સાથે ત્યાં ઉદ્યાનમાં તેણીનો વિવાહ કર્યો. ઇચ્છિત સિદ્ધ થવાથી ખુશ થયેલા સર્વે રમવા માટેનો આરંભ કર્યો. ॥૫૫॥ કમલામેલાને ઘરમાં ન જોતાં તે લોકો આકુળ વ્યાકુળ થયા. શોધ કરતાં ત્યાં ઉદ્યાનમાં કોઈએ પણ તેણીને જોઈ. ॥૫૬॥ શાંબ વગેરે કુમારોને વિદ્યાધરના રૂપમાં જોઈને વિચાર્યું કે ખરેખર આ વિદ્યાધરોએ જ આનું હરણ કર્યું લાગે છે. ॥૫૭॥ સર્વ સમૂહ સાથે ધનસેન, ઉગ્રસેન વગેરે આવીને તેઓની સાથે યુદ્ધ કરવા લાગ્યા. ક્ષણવારમાં જ શાંબ વગેરેએ તેઓને જીતી લીધા. ॥૫૮॥ તે જાણીને વાસુદેવ, સેનાની સાથે કન્યાના હરણ કરનારા વિદ્યાધરોને હું હણી નાંખીશ. આ પ્રમાણે બોલતા બહાર નીકળ્યા. ॥૫૯॥ શાંબે પોતાનું રૂપ બતાવીને ચરણકમલમાં લાગીને તેના વિવાહની કથા જે રીતે બની હતી, તે સર્વે વૃત્તાંત વાસુદેવને કહ્યો. ॥૬૦॥ ત્યાર પછી સાગરને તે કન્યા સ્વયં આપીને વાસુદેવે (હરિએ) ધનસેન ને ઉગ્રસેન વગેરેને હાથથી પકડીને બોધ પમાડ્યો. ॥૬૧॥ ખમાવેલો પણ નભઃસેન ફરી પણ ઉપશાંત ન થયો. કેમ કે પ્રિયાનો પરાભવ થયે છતે કોણ ક્રોધાતુર ન થાય ? ॥૬૨॥

હવે સાગરચંદ્રનું વિપ્રિય કરવામાં અસમર્થ તે તેના છિદ્રોને જોતાં કષ્ટપૂર્વક દિવસો પસાર કરતો હતો. ॥૬૩॥ અઢાર હજાર સાધુઓથી પરિવરેલા શ્રી **નેમિનાથ** ભગવાન ત્યારે ત્યાં સમવસર્યા. ॥૬૪॥ અત્યંત આનંદિત સાગરચંદ્રે જલદીથી ત્યાં જઈને સ્વામીને પ્રણામ કરીને ભગવંતના શ્રીમુખે દેશના સાંભળી. ॥૬૫॥ પહેલાં લીધેલા સમ્યક્ત્વ સહિત શ્રાવકના વ્રતવાળો પણ તે, તે દેશનાના શ્રવણથી અત્યંત ધર્મકાર્યમાં ઉદ્યત થયો. ॥૬૬॥ ત્યારબાદ ચતુર્દશીની રાત્રિમાં બહાર સ્મશાનની નજદીક સામાયિક વ્રતને કરીને તે કાઉસ્સગ્ગમાં રહ્યો. ॥૬૭॥ ભાગ્યયોગથી તેને જોઈને નભઃસેને વિચાર્યું. ઘણા કાળથી વૈરી એવા આને હું મારીને બદલો વાળું. ॥૬૮॥ ત્યારબાદ સાગરચંદ્રના મસ્તક પર તેણે કાંઠલો મૂકીને તેમાં બળતા ચિત્તાના અંગારાઓ ભર્યા અને આત્માને પાપો વડે ભર્યો. ॥૬૯॥ સાગરચંદ્રને ત્યારે જીવિતના અંત કરનારી વેદના થઈ. તો પણ તે ચલાયમાન ન થતાં ઉત્તમ ધર્મધ્યાનમાં લાગી ગયા. ॥૭૦॥

હે જીવ ! તું ખેદ ન કર. દીનપણાને તો દૂરથી જ ત્યજી દે. પૂર્વે આરોપણ કરેલા પાપરૂપી વૃક્ષનું જ આ ફળ છે. આત્મા જ સ્વયં કર્મ કરે છે તો તેનું ફળ આત્માએ જ ભોગવવાનું રહ્યું. તેથી વિવેકીઓને બીજા ઉપર રોષ (દ્વેષ) કરવો શું યોગ્ય છે ? ॥૭૧-૭૨॥ અરે જીવ ! તારાથી પહેલાં આનો અપકાર કરાયો છે. તેથી તે સર્વે હમણાં વ્યાજ સહિત વાળે છે. ॥૭૩॥ અધર્મને હરનારા તેઓ હમણાં તો ઉપકારી જ છે અને તે દ્વેષને ઉચિત નથી, પણ ઇનામને યોગ્ય છે. ॥૭૪॥ આ પ્રમાણે સામાયિકમાં જ એક ચિત્તવાળો સદ્‌ભાવનાથી બીજા પણ કર્મની જાળને તોડનારો બુદ્ધિશાળી સુશ્રાવક સાગરચંદ્ર મરીને **દેવલોકમાં** ગયો. ॥૭૫॥ સાગરચંદ્રની જેમ બુદ્ધિશાળી એવા જે કોઈ પણ ઉપસર્ગમાં પણ સામાયિક-વ્રતની વિરાધના કરતા નથી, એવા વિશુદ્ધ મનવાળા સદ્‌ગૃહસ્થ પણ અનુક્રમે સ્વર્ગ તેમજ મુક્તિને પ્રાપ્ત કરે છે. ॥૭૬॥

॥ આ પ્રમાણે સામાયિક વ્રત ઉપર સાગરચંદ્રની કથા સમાપ્ત. ॥૯॥

હવે દેશાવગાસિક વ્રત ઉપર કથા. અમરચંદ્ર કથા

અહીં ત્રીજો દ્વીપ **પુષ્કરવરદ્વીપ** છે. જેના અર્ધા ભાગમાં મનુષ્ય ક્ષેત્ર છે. (મનુષ્યો રહે છે.) આવી મર્યાદા **માનુષોત્તર** પર્વતના કારણે છે. ॥૧॥ તેમાં હંમેશાં ચારે બાજુથી સુષમાકાળથી મનોહર **મહાવિદેહ** નામનું ક્ષેત્ર લોકો વડે જણાય છે. ॥૨॥ તેમાં પણ પૂર્વ મહાવિદેહમાં સાતથી અધિક કળાના ચંદ્રની જેવી **પુષ્કલા**વતી નામની વિજય અતિ પુષ્કળ શોભે છે. ॥૩॥ તેમાં અન્નપાન, રત્ન, હીરા આદિ પુષ્કળ પ્રમાણમાં છે અને રત્નાકરને પણ તિરસ્કાર કરનારી **રત્નાકર** નામની નગરી હતી. ॥૪॥ ત્યાં રૂપથી અને નામથી **સુરસુંદર** નામનો રાજા હતો. લોકો તેને દેવનો પણ દેવ કહેતા હતા. ॥૫॥ તેને જોઈને સામાન્ય રાજાઓ પણ દેવનો પણ દેવ (ઈન્દ્ર) કહેતા હતા. આજે પણ લોકો વડે તે નિશ્ચિત કહેવાયેલું છે. ॥૬॥ વિલાસના એક સ્થાનભૂત એવી **વિલાસવતી** નામની તેને રાણી હતી. અંતઃપુરમાં રહેનારી તેણી રાજાના ચિત્તમાં હંમેશાં રહી હતી. ॥૭॥

એક વખત ચંદ્ર સ્વપ્નથી સૂચિત અત્યંત પુણ્યશાળી **અમરચંદ્ર** નામના પુત્રરત્નને મહાદેવીએ જન્મ આપ્યો. ॥૮॥ કળાઓના સમુદ્રને પાર પામ્યો. બધી જ કળાઓ તેણે હસ્તગત કરી. બીજો જાણે કામદેવ હોય તેવા તેણે અનુક્રમે યુવાવસ્થા પ્રાપ્ત કરી. ॥૯॥ મંત્રી પુત્ર **કુરુચંદ્ર** સાથે તેને મિત્રતા હતી. જાણે કે બંનેનું ચિત્ત એક જ હોય એ પ્રમાણે શોભતો કુમાર તેની સાથે રમતો હતો. ॥૧૦॥ પોતાની કામની અવસ્થાને ચિત્રપટમાં આલેખીને (તે રીતે) બતાવી-બતાવીને ઘણી રાજકન્યાઓ કુમારને પરણી. (કુમાર વડે પરણાઈ.) ॥૧૧॥ રાજાએ આપેલા મહેલમાં હાથી જેમ હાથણીની સાથે તેમ તેઓની સાથે રાજકુમાર રમતો હતો. ॥૧૨॥ એક વખત રાજકુમાર પોતાના વાસગૃહમાં સૂતો હતો. ત્યારે રાત્રિના સમયે તેણે આવા પ્રકારનો રડવાનો અવાજ સાંભળ્યો. ॥૧૩॥ હે નાથ ! દોડો, દોડો, શરણ આપો, શરણ આપો. ગીધ વડે માંસની જેમ આ વિદ્યાધર મારું હરણ કરે છે. ॥૧૪॥ પરાક્રમી એવા રાજકુમારે વિચાર્યું કે કોઈ પણ હરણ થનારી સ્ત્રીનો આ અવાજ છે. ॥૧૫॥ ક્ષત્રિય રાજાના પુત્ર એવા મને ઉપેક્ષા કરવી યોગ્ય નથી. દુઃખીને રક્ષણ આપવું તે અમારું વ્રત છે. (ધર્મ છે.) ॥૧૬॥ એકી સાથે વીર અને કરૂણારસની જેમ મહાપરાક્રમી અને દયાળુ રાજપુત્ર ઉઠ્યો. ॥૧૭॥ મલ્લગ્રંથિ વડે કેશપાશને સંયમિત કરીને તે જ ક્ષણે વીરવલયને બાંધીને શૂરવીર રાજકુમાર હાથ વડે ખડ્ગને ભમાવતો કેસરી સિંહ જેમ પોતાના પૂંછડાને પછાડતો ગુફામાંથી બહાર નીકળે તેમ વાસગૃહમાંથી બહાર નીકળ્યો. ॥૧૭-૧૮॥ તેને જોઈને ફરીથી તેણીએ કહ્યું કે ભો ભો ! મારું રક્ષણ કરો. દુઃખીનું રક્ષણ કરવું તે સમાન બીજો ધર્મ નથી. જેમ અર્જુન જેવો બીજો કોઈ બાણાવળી નથી. ॥૨૦॥ વિદ્યાધરે કહ્યું કે મારા પુણ્યથી જ તારો પતિ મરી ગયો છે. તેથી હે શ્રેષ્ઠ મુખવાળી સ્ત્રી ! આ નિર્જન વનમાં તું કોની આગળ પૂત્કાર કરીશ. ॥૨૧॥ નીચે રહેલા કુમારને જોઈને મદોન્મત્ત થયેલા હસતા તેણે તેણીને ફરીથી કહ્યું કે હે મૃગલોચના ! આ પૃથ્વી પરના રાજા તારું રક્ષણ કેવી રીતે કરશે ? ॥૨૨॥ અને કુમારને તેણે કહ્યું કે અરે ! તું તો હજુ દૂધ પીતો બાળક છે. તેથી તારા હાથમાં આ ખડ્ગ શોભતી નથી. તારા હાથમાં તો સેવ અને ખાજા શોભે ! ॥૨૩॥ હે બાળક ! યુદ્ધમાં લાડવા નથી કે રાંધેલા અન્ન પણ નથી. ફક્ત પ્રહારો જ છે. શું તને પ્રહારોની ઉત્કંઠા છે ? ॥૨૪॥ વળી આ સ્ત્રી તારી માતા નથી, પત્ની નથી અથવા તો તારી બહેન પણ નથી. તેથી ફોગટ આ સ્ત્રીના કાર્યમાં તું કેમ મરે છે ? ॥૨૫॥ હે બાળક ! અકાળે પણ તું માતાની આશારૂપી વેલડીને કેમ છેદે છે ? વળી મને પણ બાળ-હત્યાના પાપમાં કેમ જોડે છે ? ॥૨૬॥ કુમારે પણ

કહ્યું કે હે મૂઢ ! આ પરસ્ત્રીને શા માટે તેં હરણ કરી ? હે દુર્મતિ ! ફોગટ વિદ્યાધરપણાના અભિમાનથી તું ચંડાળ છે. ॥૨૭॥ રાવણ જેવો વિદ્યાધર પણ પરદારાના અપહરણથી પૃથ્વી પરના રાજા રામ વડે શું યમનો અતિથિ નથી કરાયો ? (મૃત્યુ નથી પામ્યો.) ॥૨૮॥ તીક્ષ્ણ એવા દુષ્ટ વાક્યોરૂપી શસ્ત્ર વડે પ્રહાર કરતો તું શા માટે તુચ્છ વિદ્યાધરપણાને અને પોતાના દુર્જનપણાને પ્રગટ કરે છે ? ॥૨૯॥ જો તું વીર છે તો આગળ થા. જેથી તે દુર્વાક્યોથી એકઠાં કરેલા પાપી એવા તારી શુદ્ધિ, મારી તલવારની ધારરૂપી તીર્થમાં કરું. ॥૩૦॥ આ મૃગલોચના ભલે મારી નથી, પરંતુ રાજાઓને માટે આ સર્વ જગત પોતાના કુટુંબની જેમ જ રક્ષણ કરવા યોગ્ય છે. ॥૩૧॥ આ પ્રમાણે કહ્યું એટલે વિદ્યાધરે અહંકારપૂર્વક તે સ્ત્રીને ત્યાં જ મૂકીને કુમારની સાથે પરસ્પર સંબંધ વિનાના યુદ્ધનો પ્રારંભ જેટલામાં કર્યો, તેટલામાં તો ક્યાંકથી પણ આકાશમાં ત્યારે રાત્રિમાં પણ જાણે કે યુદ્ધને જોવામાં કૌતુકી ન હોય એવો સૂર્ય જેવો ઉદ્યોત થયો. ॥૩૨-૩૩॥ તે ઉદ્યોતને જોઈને અંધકારની જેમ જલદીથી વિદ્યાધર પલાયન થઈ ગયો. હવે કુમારે તે સ્ત્રીને પૂછ્યું, તું કોણ છે ? અને આ તેજ (ઉદ્યોત) ક્યાંથી ? ॥૩૪॥

તેણી પણ કંઈક આશ્વાસન પામીને કોયલની જેમ મધુર સ્વરે કહ્યું કે હું **ચંદ્રલેખા** નામની વિદ્યાધર કન્યા છું. ॥૩૫॥ વૈતાઢ્યના દક્ષિણ શ્રેણીના **ગગન-વલ્લભ** નગરના **પવનવેગ** વિદ્યાધર રાજાની પુત્રી છું. ॥૩૬॥ અનુરૂપ રૂપ વગેરેથી ઉત્તર શ્રેણીના રાજાના પુત્ર **કિરણમાલીને** પિતા વડે હું અપાયેલી છું. ॥૩૭॥ પોતાને ઇન્દ્ર માનતા, મારા ઉપર અનુરાગને ધારણ કરતા **વાસવ** નામના આ વિદ્યાધરે મને પરણવા માટે મારું અપહરણ કર્યું. ॥૩૮॥ સાક્ષાત્ **કિરણમાલીની** (સૂર્યની) જેમ આકાશને પ્રકાશમાન કરતાં આ કિરણમાલી છે. મને ભવિષ્યમાં પરણનાર પાછળ જ આવ્યા. ॥૩૯॥ નવી સાધેલી વિદ્યાના સમૂહથી ઇન્દ્ર જેવા પરાક્રમી આનાથી આ ડર્યો અને સિંહથી જેમ શિયાળ તેમ ડરીને નાસી ગયો. ॥૪૦॥ આ પ્રમાણે તેણીએ જેટલામાં કહ્યું તેટલામાં કિરણમાલી આવ્યા. તેણીના મુખથી કુમારના ઉપકારને સાંભળીને અત્યંત ખુશ થયા. ॥૪૧॥ ત્યારબાદ કિરણમાલીએ તે કુમારની ઘણી પ્રશંસા કરી. ઘણું કહેવા વડે શું ? પણ હે વીર ! તું પૃથ્વીનો શૂરવીર પુત્ર થા. ॥૪૨॥ પ્રશંસા કરીને તેને પ્રાર્થના કરીને કૃતજ્ઞમાં શિરોમણિ તેણે નહિ ઇચ્છતા મહાત્મા જેવા તે રાજકુમારને બીજામાં પ્રવેશ કરી શકે તેવી મહાવિદ્યા અને શત્રુના પ્રહારને અટકાવનાર દિવ્ય હાર આપ્યો. ॥૪૩-૪૪॥ હવે કુમારને પૂછીને કન્યાને લઈને વિદ્યાધર ગયો, જ્ઞાતિની મધ્યમાં મહોત્સવપૂર્વક તેની સાથે પરણ્યો. ॥૪૫॥ શેષ રાત્રિને ઓળંગીને સવારના વધતા પ્રતાપના કિરણો વડે જાણે કે બીજો સૂર્ય હોય તેવો અને કંઠમાં ઉછળતી એવી ઢીંચણ સુધી લટકતી પુષ્પમાલાવાળા શ્રીકૃષ્ણની જેમ તે કુમાર પણ હૃદય ઉપર દિવ્ય હારને ધારણ કરતો રાજા પાસે ગયો. ॥૪૭॥ તેની વેશભૂષાની જેમ પોતાના રાજ્યને આપવાની ઇચ્છાવાળા રાજાએ તેને યુવરાજપદે સ્થાપ્યો. ॥૪૮॥

તે જ વખતે શ્રીપુર નગરથી **શ્રીષેણ** રાજાનો મુખ્ય દૂત આવ્યો. રાજાને નમસ્કાર કરીને કહ્યું. ॥૪૯॥ હે દેવ ! જયરૂપી લક્ષ્મીના શરીરને ભજનારી શ્રીષેણ રાજાની **જયશ્રી** નામની પુત્રીએ યૌવન પ્રાપ્ત કર્યું છે. ॥૫૦॥ એક વખત રાજાએ તેને પૂછ્યું કે હે પુત્રી ! તારે કેવા પ્રકારનો વર જોઈએ છે ? રૂપવાળો, કળાવાળો કે લક્ષ્મીવાળો. તું બોલ (કહે). ॥૫૧॥ તેણીએ વિચાર્યું, જેવા પ્રકારનો પ્રેમ પૂર્વભવના પતિને હોય છે, તેવા પ્રકારનો પ્રેમ નવા (આ ભવના) પતિને થતો નથી. તેથી. ॥૫૨॥ અતિ વલ્લભ અને અતિ અળખામણાની પ્રતિ લોકમાં પણ આ કહેવાય છે કે આ મારો પૂર્વજન્મનો ભાઈ છે. આ પૂર્વભવનો વૈરી છે. ॥૫૩॥ આ

પ્રમાણે વિચારીને તેણીએ કહ્યું કે હે પિતાજી ! મારા માટે જે પૂર્વજન્મમાં પતિ હતો તે જ શોધાય. ॥૫૪॥ રાજાએ ત્યારે વિચાર્યું કે તે વર કેવી રીતે શોધાય ? પુત્રીનું આ વચન ભાગ પાડવા જેવું અઘરું જણાય છે. ॥૫૫॥ એટલામાં તો આકાશમાં દેવવાણી થઈ. ભાગ્યયોગથી તે જ વર સ્વયં દૃષ્ટિ વડે સ્વયંવરમાં જાણશે. ॥૫૬॥ પ્રાયઃ પૂર્વભવના સંબંધને આંખો જાણે છે. અપ્રિયના દર્શનથી આંખો બીડાય જાય છે. પ્રિયના દર્શનથી વિકસ્વર બને છે. ॥૫૭॥ રાજાએ સ્વયંવર રચ્યો છે. બધા રાજા ભેગા થયા છે તો હે દેવ ! યુવરાજને પણ મોકલવાની મહેરબાની કરો. ॥૫૮॥ તે યોગ્ય માનીને રાજાએ પણ યુવરાજને આદેશ કર્યો કે હે વત્સ ! સ્વયંવરમાં જા. જયશ્રી તારી થાવ. ॥૫૯॥ નાટકની શરૂઆતમાં જેમ રૂપરેખા અપાય તેમ ભાવિ વૃત્તાંતને સૂચવનારા રાજાના આશિષને માનીને કુમાર પણ ઝડપથી ત્યાં ગયો. ॥૬૦॥ હાથીઓમાં જેમ સિંહનું બચ્ચુ, તેમ સ્વયંવરમાં બેઠેલા સર્વ રાજાઓમાં યુવરાજ ચમકતો હતો. ॥૬૧॥ સમગ્ર રાજમંડલને જોઈને પણ અમરચંદ્રને જોતાં જયશ્રી પણ પરમ આનંદને પામી. ॥૬૨॥ દૃષ્ટિ વિકસ્વર થવાથી પૂર્વભવના પ્રતિભાસંપન્ન પતિને જાણીને તેના જ ગળામાં વરમાળા આરોપણ કરી. ॥૬૩॥ ત્યારે અન્ય સર્વ રાજાઓ ગુસ્સે થઈ ગયા. યુદ્ધ માટે હોંશિયાર દૂતોને બોલાવી તેને કહેવડાવ્યું. ॥૬૪॥ ઉપસ્થિત થયેલા યુદ્ધને જાણીને કુમારે મિત્રને કહ્યું, આણીના પ્રાણને સંશયમાં નાંખુ છું. પરીક્ષા કર્યા વિના પ્રેમ કેવો ? ॥૬૫॥ ત્યારબાદ મિત્ર **કુરુચંદ્ર**ને કાર્ય કહીને મને અત્યંત મસ્તકની વેદના છે, એ પ્રમાણે કહી બહાનાથી તે સૂઈ ગયો. ॥૬૬॥ બીજામાં પ્રવેશ કરનારી વિદ્યાને જાણતો હતો. ત્યારબાદ મરેલા જેવો રહ્યો. શોકથી દુઃખી થયેલા વડે ચિતામાં નાંખ્યો. કેમ કે મૃતકની અન્ય પ્રતિક્રિયા કેવી ? ॥૬૭॥ તેવા પ્રકારના આવેલા સંકટને જોઈને તેના વિષે અત્યંત પ્રેમવાળી જયશ્રીએ પણ તેની સાથે મરણ સ્વીકાર્યું. ॥૬૮॥ ખરેખર જન્માંતરમાં પણ આ જ પતિ થાવ. આ પ્રમાણે કહીને તેની સાથે જ તે ચિતામાં પડવા તૈયાર થઈ. ॥૬૯॥ તે સાંભળીને ત્યાં સર્વે રાજાઓ આવ્યા અને બોલ્યા હે સારા લોચનવાળી ! ફોગટ આ રીતે પોતાના પ્રાણનો ત્યાગ ન કર. ॥૭૦॥ આને વરવા માત્રથી તું પરણેલી છે, એવું નથી. આ તો મરી ગયો. નિર્ભાગી ભોગવવાને માટે સમર્થ થતા નથી. અથવા તો દુઃખીને શું નિધિ ક્યારે પણ પ્રાપ્ત થાય ? ॥૭૧॥ હે સુંદરી ! આટલા બધા રાજાઓની મધ્યમાં તને જે ગમે તેને પોતાને રૂચિકર તું બનાવ. ॥૭૨॥ તેણી પણ બોલી કે અહીં એક જન્મમાં કેટલા વરો વરાય ? આ વરેલો મરતે છતે બીજાને વરીને (પરણીને) આત્માને ડાઘ લાગે તેવું હું કરીશ નહિ. ॥૭૩॥ પરસ્ત્રીના સંગમાં આસક્ત એવા અસાત્ત્વિક, નપુંસક, ખરાબ પુરુષો કહી શકાય એવા તમોને તો જન્માંતરમાં પણ હું પરણીશ નહિ. ॥૭૪॥ તેઓએ કહ્યું આ તારો વર જ કાપુરુષ છે. અમારા ભયથી જે આ પ્રમાણે હૃદયના હુમલાથી મરણ પામ્યો. ॥૭૫॥

તે વચન સાંભળીને તેઓને નચાવતો, ક્રોધથી ઉધ્ધત બનેલા એવા અમરચંદ્રના મિત્ર કુરુચંદ્રે તેઓને કહ્યું. ॥૭૬॥ હે રાજાઓ ! આ પ્રમાણે બોલો નહિ. સ્વપ્નમાં પણ આ કોઈ શત્રુઓથી ડરતો નથી આને તે અપાઈ તેથી આણીનો સંભવ તમને ક્યાંથી શક્ય થાય ? ॥૭૭॥ ફક્ત સાત્ત્વિક દલો વડે જાણે કે નિર્માણ કરાયેલા હોય તેવા તેના પૂર્વજો પણ ક્યારેય કોઈનાથી પણ ડરતા નથી. ॥૭૮॥ આના પૂર્વજોના સત્ત્વની પ્રસિદ્ધપણાથી એકાએક (અમૃતના સમુદ્રથી) સુધારૂપી પાણીથી સીંચાયેલાની જેમ મરેલા પણ જાણે કે શ્વાસ લેવા માંડે છે. ॥૭૯॥ હવે તેઓએ કહ્યું જો આ પ્રકારે તેના સત્ત્વનો ઉઘાડ છે તો તું કેમ આને જીવાડતો નથી ? (ખરેખર આમ હોવાથી) મિત્રના બહાનાથી તું શત્રુ છે. ॥૮૦॥ તેણે પણ કહ્યું કે ક્ષણમાત્રમાં તમારા

જોતાં જ આને હું જીવાડીશ. આ પ્રયોજનમાં શું સંશય છે ? સૂર્ય પણ શું અંધકારને હણતો નથી ? ॥૮૧॥ મન માત્રથી પણ જો આના પૂર્વજો ભય પામ્યા નહોતા, તેથી તેઓના સત્ત્વથી આ મરેલો પણ જલ્દી જીવો. ॥૮૨॥ તેના વડે આટલું કહેવા માત્રથી તે જ ક્ષણે સુરસુંદરનો પુત્ર ઉભો થયો. સત્ત્વથી શું થતું નથી ? ॥૮૩॥ ત્યારબાદ તે જ વખતે ત્યાં કુમારના સૈન્યમાં અને શ્રીષેણ રાજાના નગરમાં તેની વધામણીનો મહોત્સવ થયો. ॥૮૪॥ ત્યારે જયશ્રી પણ પરમ આનંદરૂપી સંપત્તિથી શોભતી હતી અને તેણીએ વિચાર્યું, અહો ! સત્ત્વરૂપી રતનની ખાણ જેવું આનું કુળ છે. ॥૮૫॥ કસોટીના પથ્થર ઉપર જેમ સોનું તેમ પ્રેમના ઉત્કર્ષવાળી જયશ્રીને તૈયાર થયેલી ચિત્તા ઉપર આરૂઢ થયેલી જાણીને કુમાર પણ ખુશ થયો. ॥૮૬॥ અધિક પુણ્યથી દુર્જય કુમારે એકલા જ ચક્રવર્તીની જેમ તે સર્વ રાજાઓને જીત્યા. ॥૮૭॥ હવે સમગ્ર રાજાઓના જયથી અર્થાત્ એક તો જયશ્રી રાજકન્યા સ્વયંવરા હતી અને યુદ્ધમાં રાજાઓને જીતવાથી જયરૂપી લક્ષ્મી મેળવી. તેથી દ્વિગુણિતની જેમ વસુદેવ જેમ રોહિણીને તેમ જયશ્રીને કુમાર ત્યાં પરણ્યો. ॥૮૮॥ પોતાના દેશજનના નેત્રરૂપી કમળોને સૂર્યની જેમ વિકસાવતો કુમાર જયશ્રીથી યુક્ત પોતાના રાજ્યમાં આવ્યો. ॥૮૯॥ જયશ્રીની સાથે મનોહર શોભાવાળા પોતાના નગરમાં પ્રવેશ કરીને પ્રમોદશાળી તે પિતાને નમ્યો. ॥૯૦॥ ચંદ્રમાના દર્શને સમુદ્ર ઉલ્લાસ પામે તેમ પુત્રને જયશ્રીની પ્રાપ્તિ થવાથી સુરસુંદર રાજા ઉલ્લસિત થયો. ॥૯૧॥ યુવરાજના તે જયને અને પુણ્યોદયને જોઈને નગરજનોએ વિચાર્યું, પિતાથી અધિક આ થશે. (પિતાથી સવાયો પાકશે.) ॥૯૨॥

હવે એક વખત રાજસભામાં બેઠેલા રાજાએ આડંબર વડે કરાયેલ આક્ષેપવાળા લંખ પ્રકારના નૃત્યને જોયું. ॥૯૩॥ ગીત વડે હરણ જેમ પરાધીન થાય તેમ ઉત્કર્ષને પ્રાપ્ત તે નાટકથી અત્યંત ખેંચાયેલો રાજા પરાધીન થયો. તેટલામાં ત્યાં આકાશ માર્ગે દિવ્ય જ્ઞાનથી પવિત્ર આત્માવાળા અને સાક્ષાત્ ચારિત્રની મૂર્તિ સમા **ચારણ** મુનિ આવ્યા. ॥૯૪-૯૫॥ મુનિને જોઈને શ્રેષ્ઠ આસન પર બેસાડીને હાથ જોડીને વિનયથી નમેલા રાજાએ કહ્યું. ॥૯૬॥ હે પ્રભુ ! એક વિનંતિ છે. આપ અપ્રસન્ન નહિ થતા થોડી જ ક્ષણો બાદ અમને આપ વ્યાખ્યાન સંભળાવો. ॥૯૭॥ કેમ કે હમણાં અમે નાટકને જોવામાં એક ચિત્તવાળા રસના અતિશય ઉપર આરૂઢ થયેલા છીએ. ॥૯૮॥ મુનિએ કહ્યું કે હે રાજા ! સંસારની રંગભૂમિના આંગણમાં દરરોજ સ્વયં નૃત્ય કરીએ છીએ તો આમાં તમને આશ્ચર્ય કેમ છે ? ॥૯૯॥ રાજાએ કહ્યું કે હે ભગવન્ ! ગંભીર અર્થવાળું આ વચન છે. તેથી જ આના અર્થને હું જાણતો નથી. મહેરબાની કરી સ્પષ્ટ કરો. ॥૧૦૦॥ મુનિએ કહ્યું કે હે મહાભાગ ! સંસાર એ નૃત્ય ભૂમિકા છે. આકાશના અગ્રભાગ સુધી ગતિવાળો અત્યંત દૃઢ એવો મોહરૂપી મહાન વંશ છે. ॥૧૦૧॥ આ જીવ ચાર ગતિરૂપ સંસારમાં દૃઢ રીતે બંધાયેલો છે. ચાર કષાયરૂપી ખીલાઓથી ગાઢ રીતે બંધાયેલો છે. ॥૧૦૨॥ સજ્જ થયેલા આઠ કર્મરૂપી વાજિંત્ર વાદનને હંમેશાં અનુસરતો વિવિધ પ્રકારના રૂપ વડે રાજા, દેવ વગેરે પાત્રો દ્વારા નૃત્ય કરતો હતો. ॥૧૦૩॥ તે સાંભળીને વિશેષ બુદ્ધિવાળા રાજા પ્રતિબોધ પામીને લંખને ઇચ્છિત દાન આપીને વિસર્જન કર્યો. ॥૧૦૪॥ રાજ્યભાર માટે સમર્થ એવા યુવરાજ ઉપર રાજ્યના ભારને મૂકીને રાજાએ તે જ મુનિ પાસે સંયમ સ્વીકાર્યું. ॥૧૦૫॥ રાજાઓના સમૂહને અમરચંદ્રે જીતી લીધા. પોતાની ભૂજાથી મેળવેલ તે રાજ્યમાં મહારાજ શબ્દથી તે શોભતો હતો. ॥૧૦૬॥ તે રાજાએ કુરુચંદ્ર મિત્રને અમાત્ય પદે સ્થાપ્યો. સુકુમાળતાને ધારણ કરતાં રાજ્યની ચિંતા તેના ઉપર નાંખી. ॥૧૦૭॥ જયશ્રીમાં અત્યંત આસક્તિ ધરાવતા વિષય લંપટ રાજાએ રાણીની જેમ અંતઃપુરને ન છોડ્યું.

(અંતઃપુરમાં જ રહેતો હતો.) ॥૧૦૮॥ તેજ વડે યુવરાજ- પણામાં જ મેળવેલ પ્રતાપવાળા એવા તે અમરચંદ્રના મિત્ર કુરુચંદ્રે સમુદ્ર સુધીની પૃથ્વીનું પાલન કર્યું ॥૧૦૯॥

એક વખત પુત્ર જન્મ મહોત્સવમાં મિત્રના આગ્રહથી અમરચંદ્ર રાજા સભા મંડપમાં બેઠો. ॥૧૧૦॥ આ અવસરમાં ત્યાં સર્વે સામંત રાજાઓ, અમાત્ય, સેનાપતિ, નગરજનો, પદાતિ વગેરે રાજાને નમવા માટે આવ્યા. ॥૧૧૧॥ જયશ્રીના વિયોગવાળા તે રાજાને તેઓની સાથે સંલાપ બોલવા વગેરે દ્વારા એક પ્રહર યુગ જેવો થયો. ॥૧૧૨॥ હવે ઉઠીને જલદીથી રાજા વાસગૃહમાં ગયો. ત્યાં અંતઃપુરમાં જયશ્રીની પાસે રહેનારા જારપુરુષને જોયો. ॥૧૧૩॥ વિષાદથી કલુષિત મુખવાળા રાજાએ વિચાર્યું કે ખરેખર અહો ! સ્ત્રીઓના દુશ્ચરિત્રને બ્રહ્મા પણ જાણી શકતા નથી. ॥૧૧૪॥ પ્રેમની પરીક્ષા કરીને જ હું આની સાથે પરણ્યો હતો. એનામાં રક્ત એવા મેં હમણાં રાજ્યની ચિંતાને પણ તિરસ્કારી હતી. ॥૧૧૫॥ મારા પ્રત્યેના આણીના પ્રેમને નાશ નહિં પામનાર માનતો મૂઢ બુદ્ધિવાળો હું આટલા દિવસ આજ્ઞાંકિતની જેમ રહ્યો. ॥૧૧૬॥ તેની આવા પ્રકારની શૃંગારની ચેષ્ટા છે, તેથી હું માનુ છું કે ખરેખર સ્ત્રીઓનો પ્રેમ ક્યારે પણ ક્યાંય પણ નિશ્ચલ (અડગ) હોતો નથી. ॥૧૧૭॥ સાહસિક એવો આ પુરુષ ખરેખર મરવાને માટે જ અહીં આવ્યો છે. તેથી હું તેને મારીશ. તેથી મ્યાનમાંથી તેણે તલવારને ખેંચી. ॥૧૧૮॥ અરે ! મરવાની ઈચ્છાવાળો તું કોણ છે ? મારા અંતઃપુરને શું તું જાણતો નથી ? ઈષ્ટ દેવતાનું સ્મરણ કર. હમણાં જ તને યમનો અતિથિ કરું છું. ॥૧૧૯॥ રાજાના રૂપથી તેણે પણ કહ્યું કે હું રાજા છું, તેમ બોલતા ગળેથી રાજાને પકડીને મહેલમાંથી બહાર કાઢ્યો. ॥૧૨૦॥ તે વ્યભિચારીને હણવાને માટે રાજાએ સૈનિકોને આદેશ કર્યો. તે વખતે તેને પણ રાજા તરીકે જ જોઈને સંભ્રમપૂર્વક તેઓ નમ્યા. ॥૧૨૧॥ મિત્ર કુરુચંદ્રને રાજાએ આ કાર્ય સોંપ્યું. ત્યારે તેને પણ રાજા તરીકે જોઈને તેણે પણ વિચાર્યું કે અત્યંત સરખાપણું હોવાથી કોણ રાજા છે ? ॥૧૨૨॥

હવે કુરુચંદ્રે તે બેમાંથી કોણ રાજા છે ? તે જાણવા માટે સર્વ સમક્ષ દિવ્ય કરાવ્યું. તેમાં પણ તે બંને શુદ્ધ થયા. ॥૧૨૩॥ હવે એકાંતમાં વિચારેલું પણ તે બંનેને પૂછ્યું તો પણ સર્વ એક સરખું જ આવ્યું. ॥૧૨૪॥ કુરુચંદ્રએ વિચાર્યું કે અમારા રાજા સિવાય બીજો કોઈ પણ પરમાં પ્રવેશ કરવાની વિદ્યાને જાણે છે. તેથી નિર્ણય થતો નથી. ॥૧૨૫॥ સત્ય રાજા અમરચંદ્રની તે વિદ્યાને ભૂલાવડાવીને જલદીથી માયાવી રાજાએ પર પ્રવેશના વેષને કર્યો. ॥૧૨૬॥ ત્યારબાદ બહાર નીકળતાં અત્યંત ખેદવાળા રાજાએ વિચાર્યું કે હું તો નિર્ભાગી છું. કોઈ પણ દૈવ વડે મારું રાજ્ય શા માટે અપહરણ કરાયું ? ॥૧૨૭॥ ભ્રષ્ટ રાજ્યવાળા મને હમણાં જીવવા વડે જ સર્યું. આ પ્રમાણે વિચારીને ઝંપાપાતથી મરવા માટે પર્વત તરફ ગયો. ॥૧૨૮॥ મરવાની ઈચ્છાવાળા તે રાજાને જોઈને ત્યાં પ્રતિમામાં રહેલા મુનિએ કાઉસ્સગ્ગ પારીને આ પ્રમાણે કહ્યું કે હે કલ્યાણકારી ! તું કેમ મરે છે ? ॥૧૨૯॥ વૈરાગ્યના કારણભૂત પોતાના વૃત્તાંતને તેણે કહ્યો. ત્યારે મુનિએ કહ્યું કે હે મહારાજ ! તે તારો પૂર્વભવનો મિત્ર છે. ॥૧૩૦॥ રાજાએ કહ્યું હે પ્રભુ ! આવા પ્રકારના અપકારને કરનાર જો મિત્ર કહેવાય તો વૈરી કેવા પ્રકારનો કહેવાય ? ॥૧૩૧॥ ગુરુએ કહ્યું હે રાજા ! સમાધાનને ધારણ કરતો પ્રધાન બુદ્ધિવાળો સાવધાન થઈને તેના અને તારા પૂર્વભવને તું સાંભળ. ॥૧૩૨॥

મેઘપુર નગરમાં પહેલાં **મેઘવાહન** રાજાને લક્ષ્મીને ખર્ચનારા **પ્રિયંકર** અને **શુભંકર** નામના બે અમાત્યો હતા. ॥૧૩૩॥ એક વેપારીની જેમ પ્રાયઃ સાહચર્ય જેવી પરસ્પર તે બંનેને ગાઢ મૈત્રી થઈ. ॥૧૩૪॥ રાજાઓના વેપારની જેમ ધર્માચાર્ય પાસેથી તે બંનેએ સાથે જ ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો. ॥૧૩૫॥ વેપારની

પરાધીનતામાં પણ વચ્ચે વચ્ચે અતિ વિવેકસંપન્ન ધાર્મિક એવા તે બંને જણા ધર્મને પણ કરતા હતા. ॥૧૩૬॥ એક વખત રાત્રિમાં પ્રિયંકરે સર્વ વ્રતને સંક્ષેપણ કરનાર દેશાવકાશિક વ્રતનું પચ્ચક્ખાણ કર્યું. ॥૧૩૭॥ હમણાં અપરાધવાળા જીવને પણ હું હણીશ નહિ. અસત્ય વચન અને બીજાને અનર્થ કરનાર વચન હું બોલીશ નહિ. ॥૧૩૮॥ સર્વ અદત્તને લઈશ નહિ. નિર્મળ બ્રહ્મચર્યને પાળીશ. અધિક એવા કિંચિત્ પણ પરિગ્રહને હું રાખીશ નહિ. ॥૧૩૯॥ મોટું પણ કારણ ઉપસ્થિત થતાં હું ઘરની બહાર જઈશ નહિ. ચારે પ્રકારના આહારને હું ખાઈશ નહિ. ॥૧૪૦॥ સીવેલા એક પણ બીજાના વસ્ત્રને હું પહેરીશ નહિ. પુષ્પોનો પરિભોગ નહિ કરું. વિલેપન પણ કરીશ નહિ. ॥૧૪૧॥ વાહન ઉપર બેસીશ નહિ. સર્વથા સ્નાન કરીશ નહિ, શયનને માટે એક જ પથારીવાળો પલંગ તકીયા સહિત વાપરીશ. ॥૧૪૨॥ ચારે પ્રકારના અનર્થદંડને હું કરીશ નહિ. આ સર્વે અભિગ્રહો મને સૂર્યોદય સુધી હો. ॥૧૪૩॥ રાત્રિમાં રાજાએ મહામાત્યને બોલાવ્યો. તેણે પણ રાજાના નોકરને પોતાના અભિગ્રહની વાત જણાવી. ॥૧૪૪॥ તે જાણીને ગુસ્સે થયેલા રાજાએ ફરીથી તેને મોકલીને કહ્યું કે અરે ! જો અભિગ્રહ તારે ધારી રાખવા હોય તો મારી મંત્રીમુદ્રા પાછી આપી દે. ॥૧૪૫॥ મહામાત્યે તેને મંત્રીમુદ્રા આપી દીધી, પણ ધર્મમાં દૃઢમતિવાળા બુદ્ધિશાળીએ અભિગ્રહને ભાંગ્યા નહિ. ॥૧૪૬॥ તેના આ નિશ્ચયથી ખુશ થયેલા રાજા સ્વયં તેના ઘરે આવીને તેની ઉપબૃંહણા કરીને આગ્રહપૂર્વક મંત્રીમુદ્રા પાછી અર્પણ કરી. ॥૧૪૭॥ અંતે સમાધિપૂર્વક નિર્મળ ધ્યાનવાળા તે બંને મરીને તે જ નામવાળા સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ॥૧૪૮॥ પ્રિયંકરની પત્નીએ પણ પોતાના પતિના ધર્મની અનુમોદના કરવાથી શ્રીપ્રભા નામને ધારણ કરતી દેવપણામાં તેની જ દેવી થઈ. ॥૧૪૯॥

અવધિજ્ઞાન દ્વારા પ્રિયંકર દેવે ભવિષ્યમાં થનાર જન્મનું સ્થાન જોયું. પોતે ધર્મમાં પ્રમાદી થશે તે જાણ્યું. ॥૧૫૦॥ ચ્યવનકાળ નજીક આવતાં મિત્રને કહ્યું કે તારે મને ધર્મમાં ઉદ્યમવાળો બનાવવો. ॥૧૫૧॥ ત્યાંથી ચ્યવીને અહીં તું સુરસુંદરનો **પુત્ર** થયો. તારી દેવી ચ્યવીને જયશ્રી થઈ. ॥૧૫૨॥ દુઃખી માણસો જ ધર્મપરાયણ થાય છે. આ પ્રમાણે વિચારીને તે તને ધર્મમાં ઉદ્યમ કરાવવાને માટે જ તારા રૂપ વડે અહીં આવ્યો છે. ॥૧૫૩॥ વિશુદ્ધ શીલવાળી જયશ્રીએ પણ આને તું જ છે એમ જાણીને પોતાના ઘરમાં પ્રવેશ કરવા દીધો. ॥૧૫૪॥ તારા આ મિત્રે તારા હિતના કારણે તારી વિદ્યાને ભૂલાવડાવી. આવા પ્રકારની વિડંબના કરાવી છે. તું ગુસ્સે ન થા. ॥૧૫૫॥ જેટલામાં આ પ્રમાણે મુનિએ કહ્યું તેટલામાં તે દેવ જયશ્રી અને કુરુચંદ્રની સાથે તેની પાસે આવ્યો. ॥૧૫૬॥ સૂર્યની કાંતિને પણ તિરસ્કાર કરનારું પોતાનું રૂપ તેણે બતાવ્યું. વિસ્મયવાળા રાજાએ તેને જોતાં જ જાતિસ્મરણ જ્ઞાન મેળવ્યું. ॥૧૫૭॥ તત્ત્વને જાણ્યું. તેથી રાજાએ તેને કહ્યું હે મિત્ર ! તેં સારું કર્યું. મુક્તિના સુખને આપનાર ધર્મમાં હવે હું ઉદ્યમવાળો થઈશ. ॥૧૫૮॥ તેને જોવાથી જયશ્રી પણ જાતિસ્મરણ પામી. ત્યારબાદ દેવે ક્ષણમાત્રમાં તે સર્વને નગરમાં મૂકી દીધા. ॥૧૫૯॥ હવે રાજાએ રાજ્ય ઉપર જયશ્રીના પુત્રને મૂકીને તે જ મુનિની પાસે પ્રિયા સહિત વ્રતને ગ્રહણ કર્યું. ॥૧૬૦॥ મિત્ર દેવ પણ તે રાજર્ષિને અને મુનિને નમીને કૃતકૃત્ય થયેલો પોતાના વિમાનમાં ગયો. ॥૧૬૧॥ અનુક્રમે દુષ્કર એવા તપને તપતા રાજર્ષિએ કેવળજ્ઞાન પામીને ક્ષીણ કર્મવાળા થયેલા મુક્તિને મેળવી. ॥૧૬૨॥ પરમ નિર્વાણના કારણભૂત દેશાવગાસિક વ્રતને આરાધતા એકચિત્તવાળા પ્રિયંકરના ભવમાં અમરચંદ્રના જીવે આરાધન કર્યું હતું, તેની જેમ બીજા પણ લોકોએ આવી રીતે વ્રતનું પાલન કરવું જોઈએ. ॥૧૬૩॥

॥ દેશાવગાસિક વ્રત ઉપર અમરચંદ્ર કથા સમાપ્ત. ॥૧૦॥

હવે પૌષધ વ્રત ઉપર કામદેવ કથા

આ જ દ્વીપમાં દ્વીપરૂપી ચક્રની નાભિમાં ભરતની મધ્ય રહેલી દેવની નગરી જેવી પ્રસિદ્ધ **ચંપા** નામની નગરી છે. ॥૧॥ ત્યાં ત્રાસ પમાડ્યા છે સમસ્ત શત્રુને જેણે એવો **જિતશત્રુ** નામે રાજા હતો. પરાક્રમની પ્રવૃત્તિ વડે જેણે વીર પુરુષોમાં પ્રથમ રેખા અર્થાત્ પ્રસિદ્ધિને પ્રાપ્ત કરી હતી. ॥૨॥ ત્યાં પ્રજાવત્સલ સજ્જન રૂપથી અને નામથી પ્રખ્યાત **કામદેવ** ગૃહપતિ હતો. ॥૩॥ ઘણા શ્રેષ્ઠીઓ અને શ્રેષ્ઠ સાર્થવાહના કુટુંબોની પોતાના કુટુંબની જેમ સર્વ કાર્યોની ચિંતા કરનારો તે હતો. ॥૪॥ તેને અનેક ચિંતાઓથી થાકેલા હૈયાવાળાઓને માટે વિસામાના આશ્રયસ્થાન જેવી અને પ્રકૃતિથી ભદ્રક એવી **ભદ્રા** નામની પત્ની હતી. ॥૫॥ તેણે ૬ કરોડ સુવર્ણ નિધાનમાં રાખ્યું હતું. ૬ કરોડ સુવર્ણ વ્યાજવટાઉમાં અને ૬ કરોડ સુવર્ણ વિવિધ પ્રકારના વ્યવસાયમાં રોકેલું હતું. ॥૬॥ આ પ્રમાણે અઢાર કરોડ સુવર્ણનો માલિક, માણસોને આધારભૂત, મહાજનમાં અગ્રેસર, રાજમાન્ય એવો તે હતો. ॥૭॥ ૬ ગાયના ગોકુળ હતા. દરેકમાં ૬ ૬ હજાર ગાયો હતી. તેના દૂધથી તેના ઘરમાં જાણે કે ક્ષીરસમુદ્ર અવતર્યો ન હોય, તેવું લાગતું હતું. ॥૮॥ તેને પાંચસો હળો હતા. તે હંમેશાં ચક્રવર્તીના ગૃહપત્તિ નામના રત્નની જેમ ખેતીથી સિદ્ધ હતો. ॥૯॥ સાક્ષાત્ જાણે પુણ્ય જ હોય તેવા તેના છ વહાણો સમુદ્રના સામે કિનારેથી હંમેશાં લક્ષ્મીને લાવે છે. ॥૧૦॥

ત્યાં એક વખત ઈશાન ખૂણાની દિશાના ઉદ્યાનમાં સ્વયં **શ્રી મહાવીર પરમાત્મા** સમવસર્યા. ॥૧૧॥ સમવસરણ મંડાયું અને બાર પર્ષદા બેઠી. તે સાંભળીને કામદેવ પણ પ્રભુને વંદન માટે નીકળ્યો. ॥૧૨॥ ત્યાં રથ આદિ વાહનોના સમૂહથી પૃથ્વીનો માર્ગ દુર્લભ થયો અને આવતા વિમાનોથી આકાશ પણ જાણે સાંકડુ થયું હતું. ॥૧૩॥ સદ્‌બુદ્ધિવાળો તે ગમે તેમ કરીને ભગવાનની પાસે આવ્યો. સ્વામીને જોઈને હર્ષથી ક્ષણવાર તે અનિમેષ થયો. ॥૧૪॥ હવે પ્રદક્ષિણા આપીને શ્રેષ્ઠ વિસ્મયને પામતો વંદન કરીને નમસ્કાર કરીને અંજલિ જોડીને બેઠો. ॥૧૫॥ સર્વ ભાષાને અનુસરનારી યોજનગામિની વાણીથી કર્મના મર્મને ભેદનારી ધર્મદેશના પ્રભુએ કરી. ॥૧૬॥ તે સાંભળીને રાજા, ક્ષત્રિયો, સાર્થવાહ વગેરે પ્રતિબોધ પામીને પ્રભુની પાસે પ્રવ્રજ્યાને સ્વીકારી. ॥૧૭॥ તૃષ્ણાથી પીડાયેલાની જેમ કામદેવ પણ પ્રભુની વાણીનું પાન કરીને અંગ ઉપર શીતલતાદિ (ઠંડકને) વહન કરતો, રોમાંચિત થયેલો બોલ્યો. ॥૧૮॥ હે સ્વામી ! આ લોકો આપની પાસેથી ધર્મ સાંભળીને પ્રવ્રજિત થયા, પરંતુ જેમ પાંગળો વેગથી દોડવાને માટે અસમર્થ થાય તેમ હું આ ધર્મ કરવા માટે સમર્થ નથી. ॥૧૯॥ યતિધર્મની પછી આપે કહેલા ગૃહસ્થ ધર્મને હું ગ્રહણ કરીશ ! હે સ્વામી ! તે જ ભાર ઉપાડાય કે જે ખરેખર નિર્વાહ કરાય છે. ॥૨૦॥ ભગવાને કહ્યું, હે સુમતિવાળા ! એ જ પ્રમાણે પ્રયત્ન કરાય કે જે આચરવાથી મન કે શરીર ન સીદાય. તેની જેમ તું પણ કર. ॥૨૧॥

ત્યારબાદ તેણે સમ્યક્ત્વ મૂળ ગૃહસ્થના બારે પણ વ્રતોને પ્રભુની પાસેથી ગ્રહણ કર્યા. ॥૨૨॥ ભગવાને પણ તેને શિખામણ આપી, હે પુણ્યશાળી ! તે અચિંત્ય ચિંતામણિ જેવો શ્રાવક ધર્મ મેળવ્યો છે તો હે ભો ! તે હારી ન જવાય. ॥૨૩॥ સદ્‌ભાવનારૂપી રસથી સીંચાયેલું આ શ્રાવકધર્મરૂપી મોટું વૃક્ષ તને સ્વર્ગ અને મુક્તિના ફળને અવશ્ય આપનાર થશે. ॥૨૪॥ પ્રભુની સિદ્ધ નગરી તરફ જતાં મોહરૂપી કાંટાના રક્ષણને માટે પાદુકા સમાન હિતશિક્ષા લઈને પોતાને ધન્ય માનતો કામદેવ ઘરે ગયો. ॥૨૫॥ સાધુના સંપર્કને હંમેશાં કરતો તે બુદ્ધિશાળી તત્ત્વ-અતત્ત્વના વિષયમાં પરીક્ષક જેવો થયો. ॥૨૬॥ હંમેશાં શ્રવણથી મેળવેલ અર્થવાળો, ધારણાથી ગ્રહણ કરેલ અર્થવાળો, સંદેહ હોતે છતે પૂછાયેલા અર્થવાળો, તેના ઉત્તરથી

નિશ્ચિતાર્થવાળો થયો. અર્થાત્ લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પૃચ્છાર્થ અને નિશ્ચિતાર્થવાળો થયો. ॥૨૭॥ જેમ ચક્રવર્તી અત્યંત સારભૂત નવ નિધાનોને મેળવે તેમ જીવાજીવાદિ નવે તત્ત્વોને તેણે મેળવ્યા. ॥૨૮॥ અગ્નિ વડે ધમાયેલ લોખંડનો ગોળો અગ્નિમય થાય છે, તેમ તે પણ સર્વથા અર્હદ્ધર્મમય થયો. ॥૨૯॥ આ જ ધર્મ છે, બીજો નહિ. એવા અડગ નિશ્ચયવાળો શાસનથી ક્યારે પણ મેરૂપર્વતની જેમ તે ચલાયમાન ન થયો. ॥૩૦॥ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી હંમેશાં અટક્યા વગર ઘરમાં દાનશાલાની જેમ અન્નનું દાન તે આપતો હતો. ॥૩૧॥ ચૌદશ, આઠમ, પૂનમ અને અમાસ વગેરે પર્વોમાં તે હંમેશાં ચારે પ્રકારના પૌષધને કરતો હતો. ॥૩૨॥ આ પ્રમાણે અવિરતપણે નિર્મળ અરિહંતના ધર્મને આરાધતાં તેના ૧૪ વર્ષ પસાર થયા. ॥૩૩॥

એક વખત ધ્યાનમાં લીન મનવાળો કામદેવ પૌષધશાળામાં સર્વ રાત્રિકી પ્રતિમાને સ્વીકારીને રહ્યો. ॥૩૪॥ અવધિ વડે ઈન્દ્રે ત્યારે પૃથ્વીતલને જોયું. ત્યારે મહર્ષિ જેવા પ્રતિમામાં રહેલા કામદેવને જોયો. ॥૩૫॥ ત્યારે અત્યંત વિસ્મયથી મદોન્મત્ત હાથીના ગંડસ્થલની જેમ મસ્તક ધૂણાવતાં દેવના સમૂહને તેણે કહ્યું. ॥૩૬॥ ચંપા નગરીમાં પ્રતિમામાં રહેલો કામદેવ ગૃહસ્થ પણ અલોકના ખંડની જેમ ધ્યાનથી દેવતાઓ કે ઈન્દ્રો વડે પણ ચલાયમાન ન થાય તેવો છે. ॥૩૭॥ પરગુણદ્વેષી, દુર્જનના જેવો, પ્રશંસા સાંભળવામાં અસહિષ્ણુ એવા કોઈક દેવે ઈર્ષ્યાપૂર્વક શક્રને કહ્યું. ॥૩૮॥ સ્વામી પોતાની મરજી મુજબના સ્વામીપણા વડે ખોટાને પણ સાચું કરાય છે, મન ઈચ્છિત જે ગમે છે તે કરાય છે અને બોલાય છે. ॥૩૯॥ હે સ્વામિ ! ધાતુઓથી બંધાયેલા અંગવાળા મનુષ્ય માત્ર તેમાં પણ આ ગૃહસ્થ જે આપના વડે વર્ણન કરાયો, તેનામાં કોણ બુદ્ધિશાળી શ્રદ્ધા કરે ? ॥૪૦॥ હું એકલો જ તેને ચપટી માત્રમાં ધ્યાનથી ચલાયમાન કરીશ. કેમ કે દેવો પર્વતને પણ ચલાયમાન કરે છે, તો પરમાણુની શું વાત ? ॥૪૧॥ આ પ્રમાણે કહીને માત્સર્યવાળો તે સુરાધમ જલદીથી સ્વર્ગમાંથી ચંપામાં અવતર્યો. ખરેખર દેવોને દૂર શું ? (કંઈ જ નહિ) ॥૪૨॥ કામદેવને ક્ષોભ પમાડવા માટે ક્રૂર અને હુંકાર કરવામાં ભયંકર એવા દેવે યમના સગા ભાઈ જેવું પિશાચનું રૂપ કર્યું. ॥૪૩॥ ટોપલાની આકૃતિ જેવા મસ્તકવાળો, ચમકતા પીળા વાળવાળો જાણે કે બળતા હોય તેમ લાગે. સૂપડા જેવા કાનવાળો, હિંગળોક જેવા લાલ મુખવાળો. ॥૪૪॥ ચપટા ને વિષમ નાકવાળા અશ્વના પૂંછડા જેવી દાઢીવાળો, ઊંટ જેવા હોઠવાળો, કોસ જેવા દાંતવાળો. ॥૪૫॥ મોટા પેટવાળો, તાલવૃક્ષ જેવી લાંબી જંઘાવાળો, પહેર્યું છે વાઘનું ચામડું જેને એવો, થાળીના તળીયા સમાન અંગવાળો, સાક્ષાત્ પાપની મૂર્તિ જેવો ॥૪૬॥ કાને લટકતા નોળીયાવાળો, કાચિંડાની માળાવાળો, સર્પોની કરેલી જનોઈવાળો, હૃદયને વિષે ઉંદરોની માળાને વહન કરતો ॥૪૭॥ ભયંકર અટ્ટહાસ વડે બ્રહ્માંડને જાણે ફાડતો હોય તેવો, વાદળ જેમ વિજળીને તેમ હાથ વડે ખડ્ગને ભમાવતો ॥૪૮॥ નજીક આવીને તેણે કામદેવને કહ્યું હે ભો ! શઠપણાના ભંડાર ! ઈન્દ્રજાળ જેવો આ તારો દંભનો આડંબર કેવો ? ॥૪૯॥ તું કદાગ્રહથી જો આ વ્રતોને ભાંગીશ નહિ તો જલદીથી ખડ્ગદંડથી સેંકડો ટુકડા કરીશ. ॥૫૦॥ પ્રહારની પીડાથી દુઃખી થયેલો કરુણ સ્વરે વિલાપ કરતો શરણ વગરનો અત્યંત અસમાધિ વડે તું મરી જઈશ. ॥૫૧॥ તેથી આ પાખંડને છોડીને મારા ચરણોમાં નમીને પોતાના સ્થાને જા. આ ભોગની છેતરપીંડી વડે સર્યું. ॥૫૨॥

આ પ્રમાણે પિશાચે કહ્યું તો પણ સાત્ત્વિક કામદેવ ડર્યો નહિ. તેણે કહેલું જાણે કે સાંભળ્યું નથી તેમ ક્ષોભ પણ ન પામ્યો. ॥૫૩॥ આ પ્રમાણે પિશાચે બે ત્રણ વાર કહ્યું તો પણ તે ધ્યાનથી ચલાયમાન ન થયો. સેંકડો પવનો (વાવાઝોડા)થી શું મેરુપર્વત ચલાયમાન થાય ખરો ? ॥૫૪॥ ગુસ્સે થયેલા તેણે તલવારથી કામદેવના કોળાની જેમ ટુકડા કર્યા. દુઃસ્સહ એવી તે વેદનાને નિશ્ચલ એવા તેણે સહન કરી. ॥૫૫॥ હવે પૂર્વના

ઉપસર્ગોને સંહરીને હાથીના રૂપ વડે ઉન્નત અને ગર્જના કરતા વાદળ જેવા તેણે કામદેવને આ કહ્યું. ॥૫૬॥ મારું કહેલું તું જો માનીશ નહિ તો હમણાં સૂંઢથી દડાની જેમ આકાશમાં તને ઉછાળીશ. ॥૫૭॥ ભાલા જેવા તીક્ષ્ણ દાંતો વડે પડતા તને હું ઝીલીશ અને ત્યાર પછી પૃથ્વી પર ફેંકીને પગો વડે તલની જેમ તને પીલીશ. ॥૫૮॥ આ પ્રમાણે કહેવાએલો પણ તે ઉદ્વેગ વગરનો ધ્યાન અને મૌન ધારણ કરતો રહ્યો. પીડા કરવા માટે તેવા પ્રકારનું બે ત્રણ વાર ફરી ફરીને કહ્યું. ॥૫૯॥ સત્ત્વમાં એકમય (તન્મય)ની જેમ કામદેવ તો પણ ડર્યો નહિ. ક્રોધથી બળતો એવો તે દેવ પોતાના બોલેલાને સાચું કરતો હતો. ॥૬૦॥ બુદ્ધિશાળી કામદેવે તે પણ વેદનાને સારી રીતે સહન કરી. કેદી કરાયેલાની જેમ તેનું વચન તેણે ન માન્યું. ॥૬૧॥ વિલખા થયેલા તે દેવે હાથીના રૂપને છોડીને ફણાના સમૂહથી ભયંકર સર્પના રૂપને વિકુર્વ્યું. ॥૬૨॥ સર્પના રૂપ વડે બે ત્રણ વાર તે દેવે કહ્યું, તો પણ તે ડર્યો નહિ. નિર્ભય તેને જોઈને દેવ સાક્ષાત્ ક્રોધ જેવો થયો. ॥૬૩॥ ગાડાની ધૂસરીને જેમ વાઘર (ચામડા) વડે વીંટાય તેમ હવે પૂછડાના ભાગથી તેની ડોકને વીંટળાઈને ક્ષુધાથી પીડાયેલાની જેમ દાઢાઓથી તેને ગાઢ ડંખ માર્યા. ॥૬૪॥ વજની જેમ દુઃખેથી ભેદાય તેવા ધ્યાનવાળો દૃઢ વ્રતવાળો કામદેવ તે ઉપસર્ગથી પણ ચલાયમાન ન થયો. તેથી તેણે વિચાર્યું. ॥૬૫॥ પ્રાયઃ ત્રીજા ઉડ્ડયનમાં મોર પણ ગ્રહણ કરાય છે, પરંતુ આવા ત્રણ ત્રણ ઉપસર્ગથી પણ હું તેને ચલાયમાન કરી શકતો નથી. ॥૬૬॥

ત્યારબાદ સર્વાતિશયવાળા તેના સત્ત્વથી રાગી થયેલા તેણે પોતાના દેવના રૂપને પ્રગટ કરીને કામદેવને કહ્યું. ॥૬૭॥ હે ગુણાકર (ગુણની ખાણ) ! તું મહાત્મા છે. તું ધન્ય છે, તું કૃતકૃત્ય છે. દુર્લભ એવા મનુષ્યજન્મને તારા જીવિતથી તેં સફળ કર્યું છે. ॥૬૮॥ આ જૈનશાસનમાં આવા પ્રકારનું જે તારું દૃઢપણું છે તે કારણથી નિશ્ચે મોક્ષ દૂર નથી. ॥૬૯॥ શક્રની પ્રશંસા અને પોતાની અસહિષ્ણુતાને કહીને તેના પગમાં પડીને માફી માંગી. ॥૭૦॥ અને કહ્યું કે હે દેવાનુપ્રિય ! તારા સત્ત્વરૂપી સમુદ્રનો પાર ત્રણ ત્રણ પરીક્ષા દ્વારા શક્ર પણ પામી શકનાર નથી. ॥૭૧॥ આ પ્રમાણે વારંવાર ભક્તિથી સ્તુતિ કરીને તેને નમસ્કાર કરીને મનમાં પણ તેને જ ચિંતવતો તે દેવ પોતાના સ્થાને ગયો. ॥૭૨॥ કામદેવે પણ ઉપસર્ગથી રહિતપણું જાણીને ત્યારે જેમ બંદી ખાનામાંથી મૂકાયેલા માણસની જેમ શાંતિને પ્રાપ્ત કરી. ॥૭૩॥ અને વિચાર્યું કે હું સુદર્શન વગેરેની જેમ નિશ્ચે ધન્ય જ છું. કેમ કે ગાઢ ઉપસર્ગમાં પણ મારાથી વ્રતભંગ થયો નથી. ॥૭૪॥

સવારમાં પૂર્ણ પ્રતિજ્ઞાવાળા પાર્યો છે પૌષધ એવા તે શ્રાવકે ઉત્સવ ઉપર ઉત્સવની જેમ ભગવંતના આગમનનું શ્રવણ કર્યું. ॥૭૫॥ ત્યારે જ સમવસરણમાં ભગવંત પાસે તે ગયો. જે કારણથી ઈષ્ટવ્યક્તિના દર્શનની ઉત્કંઠા સમુદ્રના પૂરની જેમ દુઃખે કરીને ધારણ કરી શકાય તેવી હોય છે. ॥૭૬॥ પ્રભુને નમીને પ્રીતિવાળો ઉપાસના કરતો રહ્યો. અત્યંત ઈચ્છિત વસ્તુ લાંબા કાળે પ્રાપ્ત થતાં છોડવાને માટે કોણ સમર્થ થાય ? ॥૭૭॥ ભગવંતે તેને કહ્યું કે આજે રાત્રિમાં હે દેવાનુપ્રિય ! તને ઉપસર્ગો થયા. તે ઉપસર્ગોને સારી રીતે સહન કર્યાં. ॥૭૮॥ તેણે પણ કહ્યું તેમાં કારણ પણ આપની મહેરબાની જ છે, અન્યથા તે સહન કરવામાં વરાક હું કેવા પ્રકારનો ? ॥૭૯॥ સ્વામીએ કહ્યું, હે કલ્યાણકારી ! આ જૈનશાસન ઉપર આવા પ્રકારની તારી જે અચલ શ્રદ્ધા છે, તેથી જ તું ધન્ય છે. ભવરૂપી સમુદ્રને તું તરનારો છે. ॥૮૦॥ સ્વયં શ્રી વીર ભગવંતના મુખે ઉપબૃંહણા પામેલો પરમાનંદને ધારણ કરતો વંદન કરીને તે ઘરે ગયો. ॥૮૧॥ હવે ભગવાને સાધુ-સાધ્વીઓને ઉદ્દેશીને શિરીષના પુષ્પની જેમ સુકોમળ વાણીથી આ પ્રમાણે કહ્યું. ॥૮૨॥ હં હો હે આર્યા ! જો આ પ્રમાણે આ ગૃહસ્થ પણ પોતાના પ્રાણોને તૃણની જેમ માનતા અત્યંત દુઃસહ એવા

ઉપસર્ગોને સહન કરે છે. તો શ્રુતના અધ્યયનથી ભાવિત એવા તમારા વડે શું તે ઉપસર્ગો સહન કરવા યોગ્ય નથી ? તેઓએ પણ આ ભગવંતના વચનને સ્વીકાર્યું. ॥૮૩-૮૪॥ ભાવનાઓથી પોતાને ભાવતા શુદ્ધ બુદ્ધિવાળા કામદેવે શ્રાવકની અગિયારમી પ્રતિમાને વહન કરી. ॥૮૫॥ નિરંતર કરાયેલા તે તે પ્રતિમા સંબંધી તપો વડે કૃશ થયેલો તે કામદેવ ચામડી અને હાડકાં છે બાકી જેમાં એવા શરીરવાળો થયો. ॥૮૬॥ આ પ્રમાણે શ્રાવકપણાના પર્યાયને ૨૦ વર્ષ નિરતિચાર પાળીને પસાર થયા. માસ સંલેખના કરી. ॥૮૭॥ આલોચના અને પ્રતિક્રમણ કરેલો, ભાવશલ્ય રહિતનો, કાળને જાણનારો તે સમાધિરૂપી અમૃતને પીતો કાળધર્મને પામ્યો. ॥૮૮॥ **આરૂણાભ વિમાનમાં સૌધર્મ દેવલોકમાં** ચાર પલ્યોપમ આયુષ્યવાળો મહર્દ્ધિક દેવ તે થયો. ॥૮૯॥ મહાવિદેહમાં જઈને રજસ્ તમસ્થી મુક્ત એવો તે મોક્ષને પ્રાપ્ત કરશે. ॥૯૦॥ દુઃખેથી તરાય તેવા સંકટ રૂપી સમુદ્રમાં પડેલા જે કામદેવની જેમ બુદ્ધિશાળી પૌષધને સારી રીતે પાળે છે તેઓ મુક્તિને પોતાને વશ કરે છે. ॥૯૧॥

॥ પૌષધવ્રત ઉપર કામદેવનું કથાનક પૂર્ણ. ॥૧૧॥

અતિથિ સંવિભાગ વ્રત ઉપર મૂળદેવ કથા.

અહીં પૃથ્વી ઉપર સ્વર્ગની સમાનતાવાળો **ગૌડ** નામનો દેશ છે, જેને જોઈને સ્વર્ગને (મેળવવા) માટે લોકને ધર્મમાં બુદ્ધિ થાય. ॥૧॥ તેમાં સ્નિગ્ધ વર્ણવાળું મોટી પરાગને સૂંઘવા માટે ભમરાને અતિ પ્રિયપણાને પામેલા પાટલપુષ્પ જેવું, **પાટલીપુત્ર** નામનું નગર હતું. ॥૨॥ તે નગરમાં શંખ જેવા ઉજ્જ્વલ યશવાળો **શંખધવલ** નામે રાજા હતો. કોઈ નવો જ ગોવાળ હતો કે જેના વડે ગાય (પૃથ્વી) દ્વારા રત્નોને દોહ્યા અર્થાત્ પૃથ્વીને રત્નોથી ભરી. ॥૩॥ તેને સર્વ સ્ત્રીઓમાં શિરોમણિ સાક્ષાત્ જાણે કે જય અને લક્ષ્મીનું અંગ ન હોય તેવી **જયલક્ષ્મી** નામે પટ્ટરાણી હતી. ॥૪॥ બ્હોંતેર કળાના શાસ્ત્રના રહસ્યમાં ઉજ્જ્વળ, કુશળતાવાળો, બત્રીશ લક્ષણથી યુક્ત **મૂલદેવ** નામે પુત્ર હતો. ॥૫॥ ધૂર્ત્ત વિદ્યામાં હોંશિયાર, દીન-અનાથોને વિષે સરળ, કૂટ-કપટ વિષયોમાં કુશળ, પરાક્રમીઓમાં સાહસિક. ॥૬॥ સાધુઓમાં મહાસાધુ, ચોરોમાં ચોર જેવો, કુટિલોમાં વક્ર, સરળ આત્માઓમાં સરળ. ॥૭॥ સુભટના સમૂહમાં સુભટ, કાયરોમાં કાયર, પંડિતોમાં પંડિત જેવો, દુર્જનોમાં દુર્જન જેવો અને જડમાં જડ. ॥૮॥ જુગારીઓમાં જુગારી, માંત્રિકોમાં માંત્રિક જેવો, મેઘથી મૂકાયેલા પાણીની જેમ જેવા સાથે તેના જેવો તે થઈ જતો હતો. ॥૯॥ સર્વ અવયવોમાં વ્યાપક એવા ગુણસમૂહ વડે અને વિવિધ કુતૂહલો વડે તેના જેવો બીજો કોઈ પણ ન હોવાથી બુદ્ધિશાળીઓને પણ તે પ્રિય હતો. ॥૧૦॥ ચંદ્રમાં જેમ લાંછન છે, તેમ ગુણોની ખાણ સરખા મૂળદેવમાં શરૂઆતથી જ (મૂળથી) અત્યંત જુગારમાં આસક્તિ હતી. ॥૧૧॥ જુગારના વ્યસનપણાને કારણે રાજ્ય ક્રિયાને છોડી દીધી હતી. આ જાણી રાજાએ કુમારને બોલાવીને આ પ્રમાણે શિખામણ આપી. ॥૧૨॥ હે વત્સ ! ત્રણ ખંડનો અધિપ એવો નળ રાજા પૂર્વે થયેલ તે પણ જુગારમાં અંતઃપુર સહિત વિશાળ એવું રાજ્ય હારી ગયા હતા. ॥૧૩॥ ભીલની જેમ જંગલમાં એકલા ભમતાં ભમતાં દધિપર્ણ રાજાના રસોઈયા થયા. ॥૧૪॥ હે વત્સ ! જુગારના વ્યસનથી રાજા યુધિષ્ઠિર અને તેવા પ્રકારના તેના ભાઈઓ ભ્રષ્ટ રાજ્યવાળા થઈને કૃષ્ણ (વિષ્ણુ) પાસે ગયા. ॥૧૫॥ મહાભારતમાં કહેવાયું છે, જુગારથી યુધિષ્ઠિર રાજ્યથી ભ્રષ્ટ થયા અને કંકભટ્ટના રૂપ વડે વિરાટરાજાની પાસે રહ્યા. ॥૧૬॥ તેનો ભાઈ ભીમ રસોઈયા તરીકે અર્જુન કીર્તિને ફેલાવનાર નટરૂપે, સહદેવ પાણીના અધિકારી રૂપે, નકુલ અશ્વને દમન કરનાર નોકર રૂપે ત્યાં રહ્યા. ॥૧૭॥ દુઃખના સ્થાનથી યુક્ત એવા

જુગારમાં આસક્ત મનવાળાઓને પ્રત્યક્ષ આવા ફળો છે. રાજાઓની જો આ હાલત તો બીજાની કેવી કથા ? ॥૧૮॥ તેથી હે વત્સ ! સર્વથા તું આલોક ને પરલોકના અપાયના હેતુભૂત રહેલા એવા જુગારનો ત્યાગ જ કર. ॥૧૯॥

આ પ્રમાણે અનુશાસન (શિખામણ) પામેલો પણ જેમ કામની ઈચ્છાવાળાઓ સ્ત્રીઓમાં તેમ તેમાં જ એકાંતે લીન એવા તેણે જુગારનો ત્યાગ ન કર્યો. ॥૨૦॥ ઈચ્છિત એવો પુત્ર હોવા છતાં પણ રાજાએ દેશનિકાલ કર્યો. કેમ કે કાનને તોડનાર સુવર્ણના અલંકાર પણ શું રાખી શકાય ? (નહિ જ.) ॥૨૧॥ આ બાજુ મસ્તકના મુગટ સરખી, સ્વર્ગ નગરીની સખી જેવી **ઉજ્જયિની** નામની પ્રસિદ્ધ નગરી હતી. ॥૨૨॥ શત્રુરૂપી હાથીઓને સિંહ સરખો, ગુણરત્નોની ખાણ જેવો અર્થીઓને માટે કલ્પવૃક્ષ સરખો ત્યાં **જિતશત્રુ** નામે રાજા હતો. ॥૨૩॥ કળાગુણની પરીક્ષામાં (મૂર્ત્ત) સાક્ષાત્ સરસ્વતી જેવી **દેવદત્તા** નામની ત્યાં એક વેશ્યા હતી. ॥૨૪॥ પ્રાપ્ત યૌવનવાળી, રૂપવાળી, લાવણ્યરૂપી પાણીના તરંગવાળી કામદેવ રાજાની ચાલતી રાજધાની ન હોય તેવી. ॥૨૫॥ સ્વેચ્છાથી ફેલાતા જેણીના કટાક્ષને જોતાં બ્રહ્મા પણ ચલાયમાન થાય તેમ જોતા કામી પુરુષોના ચિત્તને તે જલદી હરણ કરતી હતી. ॥૨૬॥ રતિના સુખની નિધિ સરખી તેણીના વર્ણનની કથા કેવી ? ત્રણે જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જેની ઉપમા આપી શકાય અર્થાત્ તેણી સરખાવી શકાય. ॥૨૭॥ ત્યાં **અચલ** નામે સાર્થવાહ મહાઋદ્ધિવાળો હતો. જે અર્થીઓને દાનથી ચિંતારૂપી રત્નોની સ્પૃહા વિનાના કરે છે અર્થાત્ ચિંતામુક્ત કરતો હતો. ॥૨૮॥ સૂર્યકાંત અને ચંદ્રકાંતાદિ રત્નોના ઢગલા તેની પાસે હતા. સર્વે પણ પોતપોતાની ઊંચાઈ વડે રોહણાચલ પર્વતની જાણે કે સ્પર્ધા કરતા હતા. ॥૨૯॥ કામિનીઓ કામદેવને પ્રાર્થના કરે તેમ રૂપલાવણ્ય સૌભાગ્ય એવા ત્રણે ગુણોથી તેનું અંગ કામદેવ જેવું હતું. ॥૩૦॥ જુગારના દોષથી પિતા વડે પ્રવાસ કરાયેલો પૃથ્વીનું ભ્રમણ કરતો મૂળદેવ રાજકુમાર ત્યાં આવ્યો. ॥૩૧॥ ગુલિકાના પ્રયોગથી કૂબડો વામન થઈને નાટકમાં નટની જેમ ભૂમિકાવાળો થયો. ॥૩૨॥ બુદ્ધિશાળી તે વિવિધ પ્રકારના વિનોદ વડે નગરીના લોકોને વિસ્મય પમાડતો **ધૂર્તરાજ** એ પ્રમાણેની ખ્યાતિ ત્યાં મેળવી. ॥૩૩॥ ત્યારે પોતાના ગુણના ઉત્કર્ષથી ગર્વિત થયેલી વળી પુરુષો નિર્ગુણ હોય છે, એ પ્રમાણે દેવદત્તા પુરુષ દ્વેષીણી હતી. ॥૩૪॥ સદ્ગુણની મૂળ ભૂમિવાળા મૂળદેવે તે સાંભળીને વિચાર્યું કે અહો ! આ સ્ત્રીમાત્રનો પણ ગર્વ કેટલો છે ? કૌતુક કહેવાય. ॥૩૫॥ અહંકારને નહિ સહન કરનાર મૂળદેવે સવારમાં દેવદત્તાના ઘરની નજીક ગાંધર્વનો પ્રારંભ કર્યો. ॥૩૬॥ મધુર સંગીતના અતિશયથી રાજાની આજ્ઞાની જેમ ધારણ કરાયા હોય તેમ રસ્તામાં ચાલતા સર્વે પણ માણસો ત્યાં જ રહ્યા. ॥૩૭॥ તે ગીતના શ્રવણથી ખુશ થયેલા ચિત્તવાળા પોતપોતાના કર્તવ્ય પણ ભૂલી ગયા. મંત્ર વડે સ્તંભિત થયેલાની જેમ તેઓ સ્પંદન પણ કરતા ન હતા. ॥૩૮॥ બારીમાં રહેલી દેવદત્તાએ પણ તે ગીત સાંભળીને વિચાર્યું કે શું આ ગંધર્વ દેવ દેવલોકમાંથી અહીં અવતર્યો છે ? ॥૩૯॥ અહો ! આલાપનું સૌંદર્ય અહો નવા નવા સ્વરો. અહો ! જુદા જુદા ગ્રામો. અહો ! રાગની મૂર્ચ્છના. ॥૪૦॥

આ પ્રમાણે તેના વિષે ખેંચાયેલા મનવાળી પોતાના ઘરમાં તેને બોલાવવાને માટે પહેલાં હંસિકા ને પછી ચંદ્રિકાને તેણીએ મોકલી. ॥૪૧॥ અનુક્રમે તે બંને દાસીઓ મૂળદેવની પાસે આવી. વિનંતિ માટે અવસરને મેળવવા તેની આગળ રહી. ॥૪૨॥ હવે ઉત્સુકપણાથી ફરીથી દેવદત્તાએ ક્રોધપૂર્વક તેણીને કહ્યું કે, 'એ આર્ય ! સંગમિકે ! શું તમને બંનેને ત્યાં બેસવા માટે આસન અપાયું છે ? (જલ્દીથી અહીં આવ.) ॥૪૩॥

તે ગાયક શિરોમણિને જલ્દીથી તું અહીં લાવ. એ પ્રમાણે કહીને તેણી પણ જલ્દીથી મૂળદેવની પાસે આવી. ॥૪૪॥ ત્યારે મૂળદેવ પણ ગાતાં ગાતાં અટક્યો. તેણીએ તેને કહ્યું, 'હે ગાયક ! અમારી સ્વામિની તમને બોલાવે છે.' ॥૪૫॥ તમને બોલાવવાને માટે પહેલાં પણ બે દાસીને મોકલી હતી. તેથી મહેરબાની કરો. આવો. અમારા સ્વામિની શાંતિ પામો. ॥૪૬॥ નહિ સાંભળ-નારની જેમ તેણીને કંઈ પણ ઉત્તર આપ્યો નહિ. પેલીએ બે ત્રણ વાર કહ્યું. ત્યારબાદ તેણીને કહ્યું કે, હે કલ્યાણકારી ! તારી સ્વામિની કોણ ? ॥૪૭॥ તેણીએ કહ્યું કે દેવદત્તા વેશ્યા અમારી સ્વામિની છે. તેણે પણ કહ્યું કે જો વેશ્યા છે તો તેણીની સાથે વાતથી પણ સર્યું. ॥૪૮॥ કેમ કે કરે બીજું, બોલે બીજું અને વિચારે બીજું, આમ ત્રણે પ્રકારના અસત્યવાળી એવી વેશ્યાઓ ઉપર કોણ રાગી થાય ? ॥૪૯॥ સર્વ સ્ત્રીઓમાં અધમ, હલકી, સેંકડો દુર્જન પુરુષોથી સેવાયેલી, હૃદયમાં દુષ્ટ, મુખમાં અસત્ય બોલનારી એવી વેશ્યા સજ્જનોને ઈષ્ટ હોતી નથી. ॥૫૦॥ વેશ્યાઓ કામી પુરુષના સર્વસ્વને ગ્રહણ કરીને જતા એવા તેના વસ્ત્રને વિષે પણ સ્પૃહા સહિત નજરને નાંખે છે. ॥૫૧॥ વેશ્યા ધનની અનુરાગી વળી ગુણની અનુરાગી નથી. ધનવાન જો કોઢી કે રોગી હોય તો પણ કામદેવની જેમ જુવે છે. નિર્ધન એવા કામદેવ સરખા રૂપવાળાને પણ તે રોગીની જેમ જુવે છે. ॥૫૨॥ હે કુબડી ! અમને તો વેશ્યા નામ સાથે જ વૈર છે. ખરેખર વેશ્યા ધનને પ્રાર્થે છે અર્થાત્ ઈચ્છે છે. તે ધન અમારી પાસે નથી. ॥૫૩॥ તે સાંભળીને મધુર બોલવામાં ચતુર એવી દાસીએ કહ્યું કે હે તત્ત્વને જાણનાર તમે કેમ અવિચારિત બોલો છો ? ॥૫૪॥ ચંદન અને એરંડના કાષ્ટનું, તાલ અને રસાલના ફળનું, ગાય અને ગધેડીના દૂધનું અત્યંત મોટું અંતર હોય છે. ॥૫૫॥ હે ગાવામાં અગ્રેસર ! તમે વેશ્યાના નામમાત્રથી ડરો નહિ. અમારી સ્વામિનીને જોઈને હે ગુણીઓમાં અગ્રેસર ! તમે ગુણ અગુણને જાણનાર થશો. ॥૫૬॥ તેથી આપના વડે હમણાં જ જલ્દીથી આવવાનું સ્વીકારવું પડશે. આ પ્રમાણે મધુર બોલતી તેના પગમાં પડી. ॥૫૭॥

ત્યારબાદ કલાનિષ્ણાત મૂળદેવ સ્થાનને જાણીને તેણીને સરળ કરવાની ઇચ્છાથી પીઠમાં મુઠ્ઠી વડે પ્રહાર કર્યો. ॥૫૮॥ ઉતારી નાખેલી દોરીવાળા ધનુષ્યની જેમ તે જ ક્ષણે ખુંધી એવી સીધી થઈ ગઈ. ॥૫૯॥ તેના ઉપકારથી ભરાયેલી, હર્ષથી ભરપૂર તેણી આદરપૂર્વક આગ્રહ કરીને તે ગાયકને ઘરે લઈ ગઈ. ॥૬૦॥ સંભ્રમવાળી દેવદત્તાએ પણ તેને આવેલા જોઈને સ્વયં સેવાભક્તિ કરી. ગુણિજનને કોણ પૂજતું નથી ? ॥૬૧॥ સમુદ્રમાંથી છૂટા પડેલા ચંદ્રને શંકરે મસ્તક પર ધારણ કર્યો તેમ ગુણિઓ પણ જ્યાં ગયેલા હોય ત્યાં મસ્તક પર વહન કરવા યોગ્ય થાય છે. ॥૬૨॥ રોહણાચલ પર્વતથી ભ્રષ્ટ થયેલા પણ રત્નોને રાજા નિર્મળ ગુણોથી મુકુટમાં પ્રવેશ કરાવે છે. ॥૬૩॥ દેવદત્તાએ દાસીને કહ્યું કે હે કુબ્જે ! તું આવા પ્રકારની કેવી રીતે થઈ ? વિકસ્વર આંખવાળી તેણીએ કહ્યું કે આ ગાયકે મને સીધી બનાવી છે. ॥૬૪॥ તેથી સવિશેષ પ્રકારે તેની કુશળતા પર ચમત્કાર પામેલી દેવદત્તા તેની સાથે આલાપ-સંલાપરૂપી (વાતચીત) અમૃત પાન કરતી હતી, તેટલામાં તો હોંશિયાર વીણાવાદક વીણાને લઈને તેની પાસે આવ્યો. દેવદત્તાએ તેની પાસે વીણા વગડાવી. ॥૬૫-૬૬॥ નાટ્યશાસ્ત્રમાં કહેલા ભંગોથી તે વગાડનારને સાંભળીને વિસ્મિત મનવાળી દેવદત્તાએ, તેની પ્રશંસા કરી. ॥૬૭॥ મૂળદેવે કાનને સ્થગિત કરીને આ પ્રમાણે કહ્યું. આવા પ્રકારના સ્વરને જે સાંભળે છે તે માણસો કઠોર કાનવાળા છે. ॥૬૮॥ તે સાંભળીને ઈર્ષ્યાપૂર્વક હસતા વીણાવાદકે કહ્યું કે હે સ્વામિની ! કલાથી ભરપૂરની જેમ આ કુબ્જ કોણ છે ? શું બોલે છે ? ॥૬૯॥ દેવદત્તાએ તે કુબ્જને કહ્યું કે હે ભો ! તમને વીણામાં કે વગાડનારનું દૂષણ શું જણાય છે ? તે કહો ? ॥૭૦॥ તેણે પણ કહ્યું કે તંત્રી

(તાર)માં વાળ, દંડમાં કાંકરી અને તુંબમાં બીજ આ વીણામાં છે. બીજું શું કહું ? ॥૭૧॥ તેણીએ કુબ્જને તે વીણા આપીને કહ્યું કે, બતાવો. તેને જાણનાર મૂળદેવે પણ તેને ઉપાડીને સારી રીતે જોઈ. ॥૭૨॥ અર્પણ કરીને તુંબના એક દેશમાં ક્યાંક છૂપાઈને વ્યવસ્થિત રહેલા તેના એક બીજને જ્યોતિષીની જેમ મૂળદેવે બતાવ્યું. ॥૭૩॥ સૂક્ષ્મ રીતે જોનાર એવા તેણે આકર્ષક માંત્રિકની જેમ જલ્દીથી દંડમાંથી કાંકરો અને તંત્રી (તાર)માંથી વાળને કાઢીને બતાવ્યો. ॥૭૪॥ હવે વીણાને બરાબર વ્યવસ્થિત કરીને વીણાવાદક એવા નારદની જેમ તેણે વીણા વગાડી. ॥૭૫॥ અને તે વીણાના ધ્વનિને સાંભળતા સર્વે જાણે કે અમૃતકુંડમાં સુખની એકમયતાને પામેલાની જેમ મગ્ન થઈ ગયા. ॥૭૬॥ હવે દેવદત્તાએ તેને કહ્યું, તમે ભુવનમાં અદ્‌ભુત છો. નાટ્યવેદના સર્જનહારની જેમ નિશ્ચિતપણે તમે રૂપને છૂપાવો છો. ॥૭૭॥ હાથ જોડીને નમસ્કાર કરીને વીણાવાદકે તેને કહ્યું, વીણામાં મારા શિષ્યોનો તું આચાર્ય હમણાં થા. ॥૭૮॥ ધૂર્ત્તરાજે કહ્યું, હું તેવા પ્રકારની વગાડવાનું સારી રીતે જાણતો નથી. કિન્તુ **વિક્રમસેન** નામના કલાચાર્ય હમણાં છે. ॥૭૯॥ કાશ્મીરમાં જેમ સરસ્વતી તેમ તે પાટલીપુત્રમાં રહેનારો હું અને મૂળદેવ તેમના શિષ્યો છીએ. ॥૮૦॥ ત્યારે ત્યાં **વિશ્વભૂતિ** નાટ્યકલાચાર્ય પધાર્યા અને સર્વેએ ઉપાધ્યાયપણાથી તેમને પૂજ્યા. ॥૮૧॥ વિદ્યાલયમાં (મઠમાં) નિઃશંકપણે પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ સ્વ ચતુરાઈને બતાવતા હોય તેમ ગર્વિષ્ઠ એવા તે કલાચાર્યને ભરતે કહેલા નાટ્યશાસ્ત્રના ચોથા અને ત્રીજા રહસ્યોને ધૂર્તરાજે પૂછ્યા. શરૂઆતથી જ તે કર્કસંક્રાન્તિના સૂર્યની જેમ નિરુત્તર થયો. ॥૮૨-૮૩॥ વિલખા થવાથી તિરસ્કારના ભયથી ત્યારે હાલમાં જવાની ઉતાવળ છે, એમ કહીને જલ્દીથી **વિશ્વભૂતિ** ગયા. ॥૮૪॥

હવે દેવદત્તાની મર્દન ક્રિયા કરવા માટે લક્ષપાક તેલ લઈને અંગમર્દકો આવ્યા. ॥૮૫॥ મૂળદેવે તેઓને કહ્યું કે માલીશ (મર્દન) હું કરીશ. દેવદત્તાએ તેને કહ્યું કે હે ભો ! શું તમે મર્દન ક્રિયાને પણ જાણો છો ? ॥૮૬॥ તેણે કહ્યું, જાણકારોની નજીકમાં હું બેઠો હતો. હે સુભ્રુ ! હાલમાં ક્રિયા વડે તેની જાણકારી જણાશે. ॥૮૭॥ શરીરમાં લોમ વડે જેમ લોમાહાર તેમ તેણીનું મર્દન કરતાં અર્ધા પલ જેટલું તેલ તેણીના શરીરમાં પ્રવેશ કરાવ્યું. ॥૮૮॥ અંદર રહેલું તેલ તાપને માટે ન થાઓ, એ પ્રમાણે વિચારીને ગરમીમાં પરસેવાની જેમ તેના શરીરમાંથી ત્યારે જ તે સર્વ તેલ ક્ષણવારમાં ખેંચી કાઢ્યું. ॥૮૯॥ તે કળાના ઉત્કર્ષથી દેવદત્તા તેના ઉપર અત્યંત રાગી થઈ અને વિચાર્યું કે શું આ સર્વ કળાઓના પહેલા ગુરુ છે ? ॥૯૦॥ ત્યાર પછી દેવની જેમ તે મૂળદેવના પગમાં પડી પ્રેમથી અંજલિ જોડીને દેવદત્તાએ એકાંતમાં પૂછ્યું. ॥૯૧॥ આપ શું દેવ છો, દાનવ છો કે વિદ્યાસિદ્ધ છો ? ગુણો વડે તમારું આ કુબડાપણું કૃત્રિમ છે એવું મને જણાય છે. ॥૯૨॥ તેથી જલદીથી મારા ઉપર મહેરબાની કરો. મને પોતાનું સ્વાભાવિક રૂપ બતાવો. તે જોવાથી મારી દૃષ્ટિને હું સફળ બનાવું. ॥૯૩॥ તેના અતિશય આગ્રહથી ગુટિકાને કાઢીને સૌંદર્યથી જીતી નાખ્યા છે દેવના રૂપને જેણે એવું પોતાનું રૂપ બતાવ્યું. ॥૯૪॥ પોતાનો સમસ્ત વૃત્તાંત શરૂઆતથી જ મૂળદેવે કહ્યો. સદ્‌ભાવ અર્થાત્ સાચા પ્રેમવાળા મનુષ્યને વિષે કંઈ પણ છૂપાવવા યોગ્ય હોતું નથી. ॥૯૫॥ હવે કામદેવના પણ રૂપને ઓળંગી જનાર દેદીપ્યમાન રૂપવાળા તેમજ કલાના ભંડાર એવા મૂળદેવને રાજકુમાર જાણીને દેવદત્તાએ આત્માને અર્પણ કર્યો. તેના ગુણમાં રાગિણી તેણીએ કહ્યું કે હે પ્રાણનાથ ! મારા પ્રેમનું સર્વસ્વ તમારા વિષે જ છે. ॥૯૬-૯૭॥ આ પ્રમાણે કહીને તેના સર્વ અંગ પર સ્વયં તેણીએ જ તેલનું મર્દન કર્યું. અથવા તો પ્રેમીઓને કંઈ જ દુષ્કર હોતું નથી. ॥૯૮॥ ત્યારબાદ તે બંને જણા સ્નાન કરીને એક જ ભાજનમાં ભોજન કરીને દંપત્તિભાવને સ્વીકાર્યું અને પરમ સુખને પામ્યા. ॥૯૯॥

હવે હંમેશાં સ્નેહપૂર્વક સંસારના સુખને, ઈન્દ્ર જેમ ઈન્દ્રાણીની સાથે તેમ તેણીની સાથે અનુભવતો તે રહે છે. ॥૧૦૦॥ ત્યાં પણ તે જુગારને રમતો હતો. દેવદત્તાએ કહ્યું કે શોક્ય પત્ની જેવી જુગારની ક્રીડા ન કરો. શું આ પત્નીથી સંતોષ નથી ? ॥૧૦૧॥ સેંકડો મંત્રવાદ વડે પણ મહાગ્રહ પાત્ર ન મૂકે તેમ તો પણ મૂળદેવે જુગારને છોડ્યો નહિ. ॥૧૦૨॥ એક વખત નાટક કરવા માટે દેવદત્તાને રાજા પાસે જવાનું થયું. તે વખતે જતી એવી તેણીએ મૂળદેવને તબલાં વગાડવા વિનંતિ કરી. ॥૧૦૩॥ હે નાથ ! જો હું નૃત્ય કરું તે વખતે પટહ તમે વગાડો તો રંભા કરતાં પણ તે મારું નાટક ચઢિયાતું થાય. ॥૧૦૪॥ તેણે પણ દોહદની જેમ ઈચ્છા (લાલસા)વાળી પત્નીનું ઈચ્છિત પૂર્યું. તે નાટક પૂરું થયે રાજા તેણી પર ખુશ થયો અને વરદાન આપ્યું. ॥૧૦૫॥ તેણીએ કહ્યું કે હે દેવ ! આ વરદાન થાપણ રૂપે આપ રાખો. કોઈક મોટું કાર્ય ઉપસ્થિત થયે હું તે વરદાન માંગીશ. ॥૧૦૬॥ રાજાએ એક વખત **અચલ** સાર્થવાહને તેણીની પાસે મોકલ્યો. લક્ષ્મીથી જાણે કે બીજો કુબેર ન હોય તેવો ખુશ થયેલો તે પણ તેણીના ઘરે ગયો. ॥૧૦૭॥ દેવદત્તાએ પણ ઉચિત એવી પ્રતિપત્તિ કરી ઘરમાં આવેલ કલ્પવૃક્ષની કોઈ અવગણના કરતું નથી. ॥૧૦૮॥ અચલ દેવદત્તામાં અત્યંત રાગી થયો છે, તેથી તેના નોકરોને પણ દાન વગેરેથી, તેની જેમ જ આરાધે છે. (ખુશ કરે છે.) ॥૧૦૯॥ દેવોએ સાડા ત્રણ દિવસ સુધી અયોધ્યામાં જેમ વૃષ્ટિ કરી હતી તેમ તેના ઘરમાં સોનું, રત્ન, વસ્ત્ર વગેરે હંમેશાં વરસતો હતો. (આપતો હતો.) ॥૧૧૦॥ તો પણ ગુણમાં જ એકદૃષ્ટિવાળી દેવદત્તા કૃત્રિમ સ્નેહ કરીને ચિત્તને હરનારા વિવિધ પ્રકારના વિલાસોથી અચલની સાથે રમતી હતી. ॥૧૧૧॥ ચિત્તના સ્નેહથી નિર્ભર એવી મૂળદેવની સાથે તેવી રીતે રમતી હતી. જેમ અચલ આ અંતરને જાણે નહિ. ॥૧૧૨॥ અક્કાએ તેણીને શિખામણ આપી કે તું આવું વિરુદ્ધ ન કર. હે પુત્રી ! આ જાણીને અચલ તારા ઉપર દુઃખી મનવાળો થશે. ॥૧૧૩॥ જુગારી મૂળદેવ ઉપર કેમ આવા પ્રકારનો તારો સ્નેહ ? (તારું રાગીપણું) ઈચ્છિત આપનાર એવા અચલને વિષે તું કેમ રાગી થતી નથી ? ॥૧૧૪॥

આ પ્રમાણે શિખામણ અપાયેલી દેવદત્તાએ તેની શિખામણ માની નહિ ત્યારે અક્કાએ તેને બોધ કરાવનાર દૃષ્ટાંતો બતાવ્યા. ॥૧૧૫॥ હવે શેરડીના ટૂકડાના રસને ચૂસીને રસ વિનાના તેના કૂચડાઓને અને રસાળ એવા કદલી ફળોને ખાઈને તેની છાલને લઈને અળતાથી રંગીને અને તેના તાંતણાઓને રંગ વિનાના રાખીને અક્કાએ તિરસ્કારપૂર્વક દેવદત્તાની સંમુખ ફેંક્યા. ॥૧૧૬-૧૧૭॥ દેવદત્તાએ તેને કહ્યું કે અક્કા (માતા) આવા પ્રકારનું કેમ કરે છે ? તેણી બોલી હે પુત્રી ! આવા પ્રકારના વિરસોને (જ) તું યોગ્ય છે. ॥૧૧૮॥ હે પંડિત માનતી ! સરસ પદાર્થો માટે તું અયોગ્ય છે. ધન વગરના કપટી પર તું રાગી છે અને શ્રીમંત એવા અચલમાં નહિ. ॥૧૧૯॥ દેવદત્તાએ પણ કહ્યું કે હે માતા ! અહીં મારી અજ્ઞાનતા નથી. પરંતુ મૂળદેવના ગુણોમાં મારો અનુરાગ છે. ॥૧૨૦॥ અક્કાએ કહ્યું કે મૂળદેવથી ન્યૂન ગુણવાળો અચલ નથી. દેવદત્તાએ કહ્યું કે હે માતા ! આવું અયોગ્ય ન બોલ. ॥૧૨૧॥ ગુણોની મૂળભૂત પૃથ્વી ફક્ત મૂળદેવ જ છે. આવા પ્રકારના ગુણો દેવમાં પણ નથી, તો પછી માણસ માત્રને દૂરથી જ મૂક. બીજા માણસમાં આવા ગુણો છે જ નહિ. ॥૧૨૨॥ અક્કાએ કહ્યું કે આવા પ્રકારનો આગ્રહ પરીક્ષા કરવાથી જ ખબર પડે. દેવદત્તાએ કહ્યું હે માતા ! આ તમે યુક્ત (યોગ્ય) જ બોલ્યા છો. ॥૧૨૩॥ અક્કાએ અચલને કહ્યું, તારી પ્રિયા દેવદત્તા શેરડીઓને ઝંખે છે. તેથી તું હમણાં જ મોકલ. ॥૧૨૪॥ અક્કાએ કહ્યું એટલે તેણે પણ શેરડીના ઢગલાને ખરીદીને ગાડામાં ઘણી શેરડી ભરીને તેના માટે મોકલાવી. ॥૧૨૫॥ હવે ખુશ થયેલી અક્કાએ કહ્યું, હે વિવેકિની ! તું જો મારા જમાઈની ઉદારતા અને કરાયેલું આશ્ચર્ય કેવા પ્રકારનું છે ? ॥૧૨૬॥ ઈર્ષ્યાપૂર્વક

દેવદત્તા બોલી, હું શું હાથિણી છું ? જેથી મારી આગળ શેરડીનો ઢગલો કર્યો. ॥૧૨૭॥ હે માતા ! પરીક્ષાને માટે હમણાં મૂળદેવને કહેવાય. તેણીએ કહ્યું એટલે મૂળદેવ પણ જુગારને મૂકીને જલ્દી ઉઠ્યો. ॥૧૨૮॥ જીતાયેલા દ્રવ્યના લવથી પરીક્ષા કરીને પાંચ-છ શુભ શેરડીને લઈને મૂળ અને અગ્રભાગને દૂર કરીને છરીથી તેને છોલીને દુર્ભેદ્ય એવી ગાંઠોને છોડીને અમૃતના એક કુંડ સમાન બે આંગળ જેવા તેના ટુકડા કરીને, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસરથી સંસ્કાર આપીને રસના અતિશયને કરનારા કપૂરથી અધિવાસિત કરીને હાથના સ્પર્શ વગર લેવાને માટે એકએક સળી વડે વીંધીને કોડિયાના સંપુટમાં મૂકીને તેણે દાસીના હાથમાં આપી. ॥૧૨૯-૧૩૦-૧૩૧-૧૩૨॥ દેવદત્તાએ સારી રીતે તે જોઈને માતાને બતાવતાં કહ્યું કે, હે માતા ! તું જો બંનેમાં કેટલું અંતર છે ? ॥૧૩૩॥ તેથી મૌન ધારણ કરીને ક્રોધરૂપી અગ્નિથી બળતી, દુષ્ટ બુદ્ધિવાળી અક્કા મૂળદેવના છિદ્રોને શોધતી રહી. ॥૧૩૪॥

એક વખત અચલ સાર્થવાહને અક્કાએ કહ્યું, હે અચલ ! આનો અંતરંગ રાગ મૂળદેવ પર છે. તારામાં નહિ. ॥૧૩૫॥ તેથી મૂળદેવને અપમાન કરીને કોઈપણ રીતે તું બહાર કાઢ. જેથી આ દેવદત્તા તારી ઉપર જ દૃઢ પ્રેમવાળી થાય. ॥૧૩૬॥ અચલે સવારમાં દેવદત્તાને કહ્યું કે હે પ્રિયા ! આજે બીજા ગામ જઈને બે ત્રણ દિવસમાં હું જલ્દીથી પાછો આવીશ. ॥૧૩૭॥ આ પ્રમાણે કહીને તે લુચ્ચાઈથી ગયો. હર્ષવાળી દેવદત્તાએ મૂળદેવને બોલાવીને ઈચ્છા મુજબ રમવા માટે આરંભ કર્યો. ॥૧૩૮॥ અક્કાએ જણાવ્યું કે મૂળદેવ આવ્યો છે. તે જાણીને અચલે આવીને પોતાના સૈનિકો વડે દેવદત્તાના આવાસને ઘેરો ઘાલ્યો. ॥૧૩૯॥ હાથમાં છરી છૂપાવીને મૂળદેવને નહિ જાણતાની જેમ લીલાથી સ્વયં તેણે પ્રવેશ કર્યો. ॥૧૪૦॥ મધ્યમાં રહેલા શત્રુની જેમ એકાએક તેને આવેલા જોઈને ભયથી દેવદત્તાએ જલદીથી મૂળદેવને પલંગની નીચે સંતાડ્યો. ॥૧૪૧॥ અચલ ઉડીને પલંગ ઉપર બેઠો. પ્રિયાને કહ્યું કે હે દેવી ! અશુકન થવાથી અમે ગામમાં ગયા નથી. ॥૧૪૨॥ આમ તેમ જોતાં મૂળદેવ ક્યાંય પણ ન દેખાયો અને વિચાર્યું કે આ પલંગની નીચે જ હશે, એમાં શંકા નથી. ॥૧૪૩॥ તેથી શઠ એવા તેણે કહ્યું કે, હે પ્રિયા ! આજે રાત્રિના અંતે મેં ખરાબ સ્વપ્ન જોયું. તેણીએ કહ્યું કે હે પ્રિય ! કેવા પ્રકારનું ? ॥૧૪૪॥ તેણે પણ કહ્યું કે હે પ્રિય ! આ જ પલંગ પર બેસીને વિધિપૂર્વકના સર્વ અંગે મર્દન કરીને સ્નાનને જાણે કે હું કરું ? ॥૧૪૫॥ આ દુઃસ્વપ્ન આપના અમંગલને માટે જ હતું. તેથી હે પ્રિયે ! હમણાં આના પ્રતિઘાતને માટે તું અહીં જ મને સ્નાન કરાવ. ॥૧૪૬॥ તે સાંભળીને અક્કાએ જલદીથી તે સઘળી સામગ્રીને મંગાવીને ત્યાં જ ત્યારે ક્ષણવારમાં મૂકી. ॥૧૪૭॥ દેવદત્તાએ તેને કહ્યું કે સ્નાનપીઠને અલંકૃત કરો. તેણે પણ કહ્યું, 'હે સુભ્રુ ! શય્યાના વિનાશથી તું ડર નહિ. ॥૧૪૮॥ હે પ્રિયે ! આનાથી દ્વિગુણ મૂલ્યવાળી શય્યા વગેરેને હું કરાવી આપીશ. તું કંજુસાઈ ન કર. ॥૧૪૯॥ તેણે ત્યાં જ મર્દનપૂર્વક સ્નાન કરવાનો આરંભ કર્યો અને મસ્તક પર પડતા પાણીથી મૂળદેવ વ્યથાને પામ્યો. ॥૧૫૦॥ તેણે વિચાર્યું, હા હા આજે મારો આ પરાભવ કેવા પ્રકારનો ? અથવા તો વિષયલોલુપોને અનર્થ દુર્લભ કેવો ? ॥૧૫૧॥ નહિતર રાજકુમાર હું ક્યાં ? અને આ વાણિયાનો દીકરો ક્યાં ? હું ક્ષયને પામું એટલે આના વડે દુર્બુદ્ધિવાળો હું નીચો કરાયો. ॥૧૫૨॥ સર્પની જેમ બિલમાંથી તેમ પલંગ નીચેથી તે નીકળ્યો. મદારીની જેમ અચલે હાથ વડે તેને પકડી રાખ્યો. ॥૧૫૩॥ અને કહ્યું કે હે સાધુ ! શું તારું આ કર્મ સારું છે ? તેણે પણ કહ્યું, સારું નથી. મહાત્માઓને ગર્હા કરવા યોગ્ય છે. ॥૧૫૪॥ સર્વ અદ્‌ભૂત કલાના ભંડાર એવા તારું અહીં શું કરાય ? તેણે કહ્યું, જે તને ગમે અને તારા કુળને ઉચિત હોય

તે કર. ॥૧૫૫॥ અચલે તેને છોડીને કહ્યું, તને હું શું કહું ? ગુણના ઘર સમાન પણ ભાગ્યયોગથી આવા પ્રકારના સંકટને તું પામ્યો છે. ॥૧૫૬॥ તેથી તું ખેદ ન પામ. જે કારણથી સૂર્ય પણ દુર્ભાગ્યથી નાના એવા રાહુથી ગ્રસાય છે. ॥૧૫૭॥ હે મહાત્મન્ ! હું તને છોડી દઉં છું. હમણાં તારું કલ્યાણ થાઓ, ક્યારેક પણ સંકટના સમયમાં તું મારી પણ રક્ષા કરજે. ॥૧૫૮॥

તેનું વચન સ્વીકારીને મૂળદેવ ત્યાંથી નીકળ્યો. તેના અપમાનથી પીડા પામેલ તેણે ચિત્તમાં આ વિચાર્યું. ॥૧૫૯॥ અપમાનથી મ્લાન થયેલા પોતાના મુખકમલને હું મિત્રતાવાળા નગરજનોને અહીં કેવી રીતે બતાવીશ ? ॥૧૬૦॥ આ પ્રમાણે વિચારીને કર્તવ્ય-અકર્તવ્યમાં પરાઙ્મુખવાળા તેણે તે જ ક્ષણે **બેન્ના તટ** તરફ પ્રયાણ કર્યું. ॥૧૬૧॥ મૂળદેવના પરાભવથી સૂર્યાસ્ત થવાથી (સૂર્યના અંધકારથી) પાપી એવા રાક્ષસીની જેમ અક્કા અત્યંત ખુશ થઈ. ॥૧૬૨॥ ત્યારે જ વળી દેવદત્તાએ પ્રાણેશ્વરને વિડંબના આપનાર અચલને જોઈને વજ્રધારાની જેમ તેના પ્રત્યે કોપ કર્યો. ॥૧૬૩॥ ત્યારબાદ અર્ધા સ્નાનવાળા અચલને છોડીને રોષથી (ગુસ્સાથી) પ્રવાસે ગયેલ પ્રિયતમને જાણીને દેવદત્તા જલદીથી રાજા પાસે ગઈ. ॥૧૬૪॥ રાજાએ પણ કહ્યું કે હે કલ્યાણકારી ! શૂન્ય મનવાળાની જેમ તું કેમ દેખાય છે ? શું કોઈકના પણ અપમાનથી ? અથવા તો શું ઈષ્ટના વિરહથી પીડા પામેલ છે ? ॥૧૬૫॥ તેણીએ કહ્યું, હે દેવ ! નૃત્ય કરતી એવી મને તમે જ્યારે વરદાન આપ્યું હતું. ત્યારે મારી પડખે જે તબલા વગાડનાર પુરુષ હતો. ॥૧૬૬॥ તે હે દેવ ! તે પાટલી પુત્ર રાજા શંખધવલના પુત્ર મૂળદેવ નામના હતા. તે કલાના કુલઘર હતા. ॥૧૬૭॥ પોતાના અપમાનથી તે સ્થાનને છોડીને ગુણિના સમૂહમાં અગ્રેસર ક્યાંય પણ કોઈ પણ નગરીને અલંકૃત કરતા હશે. ॥૧૬૮॥ ગુણને ગ્રહણ કરનારી હું હે સ્વામિ ! તે ગુણાલયમાં અત્યંત રાગી છું. નોકરની જેમ આજે અચલે જ તેમનો પરાભવ કર્યો છે. ॥૧૬૯॥ હે સ્વામિ ! તેની સાથે મારે શરીરથી જ ભિન્નપણું છે અને તેથી તે દુઃખથી પીડાયેલી આવા પ્રકારની હું છું. ॥૧૭૦॥ તે રાજપુત્રના અપમાનને સાંભળીને રાજાએ ક્રોધથી અચલને બોલાવીને તે વૃત્તાંતને પૂછીને કહ્યું કે, અરે દુષ્ટ ! શું તું આ નગરનો સ્વામી છે ? અથવા તો લક્ષ્મીના મદ વડે મદોન્મત્ત બનેલો તું અમાત્ય આદિની અવગણના કરે છે ? ॥૧૭૧-૧૭૨॥ કોઈને પણ નહિ જણાવીને આવા પ્રકારનો સ્વયં જે દંડ તેં કર્યો છે. તેથી તું આ કળાના ભંડાર રાજપુત્રનો અપરાધી છે. ॥૧૭૩॥ આવા પ્રકારના અપરાધી એવા તારા સર્વસ્વનું હરણ કરીને તારો દંડ વધ જ છે તે હું હમણાં કરાવીશ. ॥૧૭૪॥

આ પ્રમાણે રાજાએ કહ્યું, એટલે દેવદત્તાએ વિચાર્યું કે મૂળદેવને આણે જીવતો મૂક્યો છે. તેથી તેના પણ પ્રાણોને રાજા પાસેથી અપાવડાવું. ॥૧૭૫॥ રાજાએ પણ અચલને કહ્યું કે, 'અરે ! આજે હમણાં તું જીવતો મૂકાયો છે. તે દેવદત્તાના આગ્રહથી જ અને બીજું કે નર શિરોમણિ શ્રેષ્ઠ મૂળદેવને લાવીને જ આ નગરમાં પ્રવેશ કરજે. નહિતર મારી ભૂમિનો ત્યાગ કર. ॥૧૭૬-૧૭૭॥ કલ્પાંતકાળના પવનની જેમ રાજાની આજ્ઞાથી તે જ ક્ષણે અચલ પણ ચાલ્યો. કારણ કે રાજાની આજ્ઞા અતિ ભયંકર હોય છે. ॥૧૭૮॥ ચારે બાજુ અચલે મૂળદેવને શોધ્યો. પરંતુ નિષ્પુણ્યકને જેમ સંપત્તિ ન મળે તેમ મૂળદેવ તેને ક્યાંય મળ્યો નહિ. ॥૧૭૯॥ ત્યારબાદ બહાર રહેલા તેણે પોતાના સર્વસ્વને મંગાવીને ડરેલો એવો તે **પારસ કુળના** કિનારે ગયો. ॥૧૮૦॥ હવે રાજાએ પણ દેવદત્તાને ઉપાલંભ આપ્યો કે તેં અમને આ મૂળદેવ છે, એમ કેમ ન કહ્યું ? ॥૧૮૧॥ જો મેં તેને ઓળખ્યો હોત (જાણ્યો હોત) તો દેશાદિના દાનથી તેને મારા પડખે જ સ્થાપના કરત, હાથમાં આવેલ રત્નનો કોણ ત્યાગ કરે ? ॥૧૮૨॥ દેવદત્તાએ પણ કહ્યું કે આના અપાયની શંકાથી હે દેવ !

મેં આપને જણાવ્યું ન હતું. મારી બુદ્ધિની બેવકૂફી છે. ॥૧૮૩॥ હવે પ્રણામ કરીને તેણીએ રાજાની પાસે વરદાન માંગ્યું. હે દેવ ! હવેથી તમારા વડે હું કોઈને પણ આપવા યોગ્ય નથી. (હવેથી તમે કોઈને પણ મોકલતા નહિ.) ॥૧૮૪॥ રાજાએ પણ તેનું ઈચ્છિત વરદાન આપ્યું. જે કારણથી કલ્પાંત કાળમાં પણ સજ્જનોની વાણી અન્યથા થતી નથી. ॥૧૮૫॥ ત્યારે મૂળદેવ વિના અન્ય પુરુષોનો નિષેધ કરતી તેણીએ ચોથા અણુવ્રતને ધારણ કર્યું. ॥૧૮૬॥

આ બાજુ મૂળદેવ પણ એક ગામથી બીજા ગામ જતો ત્રણ દિવસે ઓળંગી શકાય એવી મહાઅટવીના મુખમાં ગયો. ॥૧૮૭॥ સાર્થને શોધતો અને ભાથા વગરનો જેટલામાં ત્યાં રહ્યો તેટલામાં તો એક નિર્ગુણ બ્રાહ્મણને આવતો જોયો. ॥૧૮૮॥ ભાથાની કોથળી (થેલી)ને ધારણ કરેલા તેને જોઈને વિચાર્યું કે આના ભાથાથી હું પણ મહાઅટવીને ઓળંગીશ. ॥૧૮૯॥ નજીક આવ્યો એટલે તેને કહ્યું કે હે કલ્યાણકારી ! સારું થયું કે અહીં માર્ગમાં તમે મને બીજા મળ્યા. ॥૧૯૦॥ નથી જણાઈ થાકની પીડા એવા આપણા બંનેને લીલામાત્રમાં પરસ્પર વાર્તાના વિનોદથી માર્ગ પસાર થશે. ॥૧૯૧॥ બ્રાહ્મણે કહ્યું હે મહાભાગ ! તું ક્યાં જવાને ઈચ્છે છે ? મૂળદેવે કહ્યું કે હું બેન્નાતટ નગરમાં જવાનો છું. ॥૧૯૨॥ તેણે પણ કહ્યું કે હું **વીરનિધાનક** ગામમાં જવાનો છું. તેથી હે કલ્યાણકારી ! જંગલ (અટવી) સુધી આપણા બંનેનો સાથ થશે. ॥૧૯૩॥ સિદ્ધાંતમાં ઉત્સર્ગ અને અપવાદ જેમ સાથે જ ચાલે છે, તેમ રસ્તા ઉપર ચાલવા માટે તે બંને પ્રવૃત્ત થયા. ॥૧૯૪॥ છત્રની શોભાને સૂર્ય ધારણ કરતે છતે પણ તાપથી પીડિત તે બંને એક સરોવરને જોઈને વિશ્રામને માટે ઉતર્યા ! ॥૧૯૫॥ ત્યાં મહાબળવાન મૂળદેવે સ્નાન કરીને અને તેનું પાણી પીને સરોવરના કિનારે રહેલા વૃક્ષોની છાયામાં વિશ્રામ કર્યો. ॥૧૯૬॥ નિર્લજ્જ એવા બ્રાહ્મણે પણ સરોવરમાં પાણી જોઈને ભાથાને ખોલીને એકલપેટાની જેમ એકલાએ જમવાનો આરંભ કર્યો. ॥૧૯૭॥ ત્યારે મૂળદેવે વિચાર્યું કે ક્ષુધાથી પીડિત છે, તેથી સ્વયં પહેલાં પોતે ખાઈને પછી મને આપશે. ॥૧૯૮॥ ખાધા પછી થેલીના મુખને બાંધતા જોઈને વિચાર્યું, હમણાં તો નથી આપ્યું. સવારના મને ખાવાનું આપશે. ॥૧૯૯॥ હવે તે બ્રાહ્મણે કહ્યું, ચાલો હવે જવાય તે પણ આશારૂપી લાકડીનું આલંબન લઈને ભૂખ્યો પણ માર્ગમાં આગળ વધ્યો. ॥૨૦૦॥ બીજા દિવસે પણ આપ્યા વગર જ ખાતે છતે મૂલદેવે વિચાર્યું કે, આપીશ તો પૂરું થઈ જશે, એમ ભય વડે હજી પણ તેણે મને ભાથાને ન આપ્યું. સવારના આપશે. **આપવું ખરેખર ખૂબ દુષ્કર છે.** આ પ્રમાણે આશાના વશને પામેલા ત્રીજા દિવસે અરણ્યના પારને પામ્યા. ॥૨૦૨॥ હવે બ્રાહ્મણે મૂળદેવને કહ્યું, હું જાઉં છું. હે કલ્યાણકારી ! તારું કલ્યાણ થાઓ. મારા ગામનો માર્ગ નજીક દેખાય છે. ॥૨૦૩॥ મૂળદેવે પણ કહ્યું કે, હે સજ્જન ! વહાણ વડે જેમ મહા નદી તેમ તારી સહાયથી આ અરણ્યનો પાર પામ્યો. ॥૨૦૪॥ બેન્નાતટમાં હું જઉં છું. નામથી મૂળદેવ છું. ક્યાંથી પણ સાંભળે કે મને રાજ્ય પ્રાપ્ત થયું છે, તે સાંભળીને મારી પાસે આવજે. ॥૨૦૫॥ વળી તારું નામ શું છે ? તે કહો. તેણે કહ્યું, **સદ્વડ** નામ છે. પણ સર્વે લોકો મને **નિર્ઘુણ શર્મા** એ પ્રમાણે કહે છે. ॥૨૦૬॥ મૂળદેવે પણ કહ્યું કે વ્યાકરણમાં સ્વર-વ્યંજનાદિની સંજ્ઞાની જેમ લોકોએ કહેલું તારું નામ સાર્થક છે. ॥૨૦૭॥ તારી આવા પ્રકારની ક્રિયાથી અહીં મને ખાત્રી થઈ ગઈ છે. આ પ્રમાણે હાસ્યથી મૂળદેવે સ્તુતિ કરી અને તે ગયો. ॥૨૦૮॥

બેન્નાતટ તરફ પ્રયાણ કરતાં મૂળદેવ પણ હવે સમુદ્રમાં દ્વીપની જેમ વચ્ચે **વસંત** ગામને પ્રાપ્ત કર્યું. ॥૨૦૯॥ ભૂખથી ક્ષામકુક્ષિવાળો રાજપુત્ર એવા તેણે ભિક્ષાને માટે ત્યાં પ્રવેશ કર્યો. હા હા ! દુર્દશાનું

પ્રગટીપણું. ॥૨૧૦॥ અથવા દુર્ભાગ્યના યોગથી હરિશ્ચન્દ્ર રાજાએ પણ ચંડાળના ઘરમાં પહેલાં શું પાણી નહોતું વહન કર્યું ? ॥૨૧૧॥ ભમતાં એવા તેને ક્યાંકથી પણ કષ્ટપૂર્વક અડદના બાકળા પ્રાપ્ત થયા. તેના વડે જ પ્રાણવૃત્તિ (આજીવિકા)ને માટે જળાશયની નજદીક ગયો. ॥૨૧૨॥ મહાસત્ત્વશાળી એવા તેણે સંમુખ આવતા, માસક્ષમણ વડે કૃશ પણ દેદીપ્યમાન કાંતિવાળા એક મુનિને જોયા. ॥૨૧૩॥ અને વિચાર્યું કે આ ગામ કંજુસોની જન્મભૂમિ સરખું છે. તેથી અહીં પરિભ્રમણ કરતાં ક્લેશને પામશે - મેળવશે. ॥૨૧૪॥ તેથી આજે નિર્ધન એવો પણ હું સાધુને અડદના બાકળા આપવાના દાનથી પુણ્યાઢ્ય થઈશ. આવા પ્રકારનું પાત્ર ક્યાં મને મળશે ? ॥૨૧૫॥ તેથી મુનિરાજની નજીક જઈને વિનંતિ કરી, હે પ્રભુ ! મહેરબાની કરો. અડદના બાકળા ગ્રહણ કરો અને મારા પર કૃપા કરો. ॥૨૧૬॥ પવિત્રાત્મા, રસગૃદ્ધિ વિનાના મુનિરાજે પણ દ્રવ્યાદિ વડે શુદ્ધ ભિક્ષા જાણીને પાત્રને ધારણ કર્યું. ॥૨૧૭॥ અવિરત ભક્તિવાળા મૂળદેવે પણ આનંદપૂર્વક સમસ્ત બાકળાને પાત્રમાં વહોરાવ્યા. ॥૨૧૮॥ ધન્ય માનતો નૃત્ય કરતો ગાય છે કે ધન્ય માણસોના અડદના બાકળા સાધુના પારણામાં વપરાયા. ॥૨૧૯॥ આ પ્રમાણે વારંવાર ગાતા નજીક રહેલા દેવતાએ સાંભળીને તેના ભાવથી રંજિત થઈ ગયા અને કહ્યું કે હે ભો ! અર્ધા શ્લોક વડે તું ઈચ્છિતને માંગ. ॥૨૨૦॥ તે દિવ્ય આકાશવાણીને સાંભળીને હર્ષપૂર્વક બોલ્યો કે દેવદત્તા વેશ્યા સાથે હજાર હાથી સહિતનું રાજ્ય મને મળે. ॥૨૨૧॥ દેવતાએ કહ્યું કે, મહાભાગ્યશાળી ! ઈચ્છિત એવું રાજ્ય તને જલ્દીથી મળશે, તેમાં સંશય નથી. ॥૨૨૨॥ વળી તારા પુણ્યરૂપી વૃક્ષનું આ તાત્કાલિક ફળ છે. ભવિષ્યમાં સ્વર્ગને મુક્તિના સુખરૂપી ફળો વડે ફળશે. ॥૨૨૩॥ તે સાંભળીને અત્યંત ખુશ થયેલા તેણે મહામુનિને નમસ્કાર કરીને ફરી ભ્રમણ કરીને અટ્ઠમનું પારણું કર્યું. ॥૨૨૪॥

હવે તે બેન્નાતટ નગરમાં જઈને તેની નજદીક બહાર ધર્મશાળામાં રહ્યો. કેમ કે સ્થાન વગરનાઓનું સ્થાન ધર્મશાળા જ છે. ॥૨૨૫॥ વદનરૂપી કમળમાં સંપૂર્ણ ચંદ્રમંડલને પોતાના મુખમાં પ્રવેશ કર્યો એવું સ્વપ્ન રાત્રિમાં તેણે જોયું. ॥૨૨૬॥ ત્યાં રહેલા એક કાર્પટિકે પણ તેવા જ પ્રકારનું સ્વપ્ન જોયું. તેના વિચાર અર્થે તેણે સાથે રહેલાને કહ્યું. ॥૨૨૭॥ તેણે કહ્યું કે તને આજે ભિક્ષા માટે પરિભ્રમણ કરતાં ગોળથી યુક્ત ચંદ્રમંડલના વર્તુળ જેવો મંડલ (રોટલો) મળશે. ॥૨૨૮॥ તે સાંભળીને તેના શરીરમાં પણ હર્ષ માતો નહોતો. ખરેખર, તેવા પ્રકારના દરિદ્રીઓને તો એક કાકીણીની પ્રાપ્તિ પણ કોટી દ્રવ્ય સમાન છે. ॥૨૨૯॥ રત્નની પરીક્ષા માટે મીઠાનો વેપારી શું સમર્થ બને ? તેમ વિચક્ષણ એવા મૂળદેવે કોઈને પણ સ્વપ્ન કહ્યું નહિ. ॥૨૩૦॥ ભિક્ષામાં તે કાર્પટિકે ગોળ સાથેના રોટલાને મેળવ્યો. કેમકે પ્રાયઃ વિચારને અનુરૂપ ફળ સ્વપ્ન આપે છે. ॥૨૩૧॥ માળીની જેમ મૂળદેવ સવારમાં બગીચામાં ગયો. પુષ્પાદિ ચૂંટવા, ભેગા કરવા વગેરે સહાયથી તેના માલિકને ખુશ કર્યો. ॥૨૩૨॥ તેની પાસેથી કેટલાંક પુષ્પ-ફળાદિ પ્રાપ્ત કરીને પવિત્ર થઈને ચૈત્યની જેમ સ્વપ્નના અર્થને જાણનારના ઘરે ગયો. ॥૨૩૩॥ તેને પ્રણામ કરીને સુગંધી પુષ્પફળને આપીને સ્વપ્નને કહીને વિનયથી નમેલા તેણે તેના અર્થને પૂછ્યો. ॥૨૩૪॥ તે મહાસ્વપ્નથી આશ્ચર્ય ચકિત થયેલા સ્વપ્નપાઠકે પણ કહ્યું કે હે વત્સ ! સારા લગ્નમાં વિદ્યાની જેમ સ્વપ્નના અર્થને કહીશ. ॥૨૩૫॥ આ પ્રમાણે કહીને લાંબા કાળે આવેલા પ્રિય અતિથિની જેમ આદરપૂર્વક નવડાવ્યા, કપડા વગેરે પહેરાવ્યા અને ભોજન કરાવ્યું. ॥૨૩૬॥ આવતી રાજ્યસંપત્તિની શોક્ય પત્ની કરવાને માટે પોતાની તે કન્યાને તેને આપવાને માટે તેની નજીક બોલાવી. ॥૨૩૭॥ મૂળદેવે પણ કહ્યું કે હે તાત ! આ તમારી કેવી વિદ્વત્તા ? કે મારા કુળ વગેરે

જાણ્યા વગર જ કન્યાદાનનો ઉદ્યમ કરો છો. ॥૨૩૮॥ તેણે પણ કહ્યું કે, હે મહાભાગ્યશાળી ! સાથે રહેનારા જેવા તારા વિનયાદિ ગુણો વડે જ કુલસ્વભાવ વગેરે તારું જણાઈ ગયેલ છે. ॥૨૩૯॥ આ પ્રમાણે બોધ પમાડીને તેણે તેને પોતાની **કન્યા** જલ્દીથી પરણાવી. પુણ્યોદયમાં પુરુષોને લક્ષ્મી અને ઐશ્વર્ય બળાત્કારે પાસે આવે છે. ॥૨૪૦॥ હવે દિવ્યજ્ઞાનીની જેમ તેણે તેને સ્વપ્નના અર્થને કહ્યો કે સાત દિવસ પછી અહીં જ તને રાજ્ય મળશે. ॥૨૪૧॥ દેવતાના વાક્યને યાદ કરતો સ્વપ્નના અર્થથી ખુશ થયેલો તે આવતા એવા રાજ્યમાર્ગને શોધનારની જેમ ત્યાં જ રહ્યો. ॥૨૪૨॥ જાણે કે પુણ્યોદયથી જ બોલાવેલ એવો તે પાંચમા દિવસે બહાર વનમાં ગયો. માર્ગમાં થાકેલ મુસાફરની જેમ ચંપક વૃક્ષની નીચે સૂતો. ॥૨૪૩॥

ત્યારે તે નગરનો રાજા અપુત્રીયો મરણ પામ્યો. તેથી પતિ અને પુત્ર વગરની સ્ત્રીની જેમ રાજ્યલક્ષ્મી આલંબન વગરની થઈ. ॥૨૪૪॥ તે જ વખતે અમાત્ય વગેરેએ રાજ્ય યોગ્ય પુરુષને (રાજા) મેળવવા માટે હાથી, અશ્વ, છત્ર, કળશ અને ચામરો અધિષ્ઠિત કરાવ્યા. ॥૨૪૫॥ પરદેશી માણસોની જેમ નગરીની લક્ષ્મી જોવાની ઈચ્છાવાળા દેવાધિષ્ઠિત તે સર્વે નગરની ચારે બાજુ સંચર્યા. ॥૨૪૬॥ ત્યાં રાજ્યને યોગ્ય તેવા પ્રકારના કોઈપણ નરને નહિ જોઈને તે નગરની બહાર નીકળ્યા. મૂળદેવની પાસે આવ્યા. ॥૨૪૭॥ તેને જોઈને અષાઢી મેઘની જેમ ગજરાજે ગર્જના કરી. જાણે કે લોકોને કહ્યું કે આ જ પુરુષ રાજ્યને યોગ્ય છે. ॥૨૪૮॥ હે ગજરાજ ! તમે રાજ્ય યોગ્ય પાત્ર સારું કહ્યું. એ પ્રમાણે હેષારવના બહાનાથી શ્રેષ્ઠ અશ્વે જાણે કે કહ્યું. ॥૨૪૯॥ રાજલક્ષ્મીનું મુખ્ય ચિહ્ન ઉજ્જ્વલ એવું છત્ર દોરી છૂટીને વિસ્તાર કરીને મસ્તક પર રહ્યું. ॥૨૫૦॥ પુરોહિતની જેમ કળશે તેને અર્ઘ્ય આપ્યું. બે ચામરો પંખાની જેમ તેની આગળ વીંઝાવા લાગ્યા. ॥૨૫૧॥ તે સર્વ જોતો હર્ષાકુળ મૂળદેવ જાગ્યો. ગજરાજે તેને ઉપાડીને પોતાના સ્કંધ પર બેસાડ્યો. ॥૨૫૨॥ સ્વામીની પ્રાપ્તિથી ખુશ થયેલા લોકોએ જયજયનાદ કર્યો. રાજાના મંગલને માટે વાજિંત્રો વગડાવ્યા. ॥૨૫૩॥ રાવણને જીતીને રામે અયોધ્યામાં પ્રવેશ કર્યાની જેમ ત્યારે મહાઉત્સાહપૂર્વક નગરમાં નવા રાજાએ પ્રવેશ કર્યો. ॥૨૫૪॥ પરણીને આવેલાની જેમ અનેક મંગલ કર્યા. ગુફામાં જેમ સિંહ તેમ તેણે મહેલમાં પ્રવેશ કર્યો. ॥૨૫૫॥ ચક્રવર્તીની જેમ પ્રૌઢ લક્ષ્મીવાળા સિંહાસન પર બેઠેલા તેનો સર્વ સામંત વગેરેએ અભિષેક કર્યો. ॥૨૫૬॥ તે વખતે આકાશમાં દેવતાઓએ દેવવાણી (આકાશવાણી) કરી કે આપના આ રાજા વિક્રમરાજ જેવા થશે. ॥૨૫૭॥ ઈન્દ્રની જેમ તેની આજ્ઞાનું જે ખંડન કરશે તેને હું મહાદંડથી વજ્રની જેમ દંડ આપીશ (વિનાશ કરીશ). ॥૨૫૮॥ તે સાંભળીને સર્વ સામંત મંત્રી વગેરે આશ્ચર્યચકિત થયા. સેનાપતિની જેમ તેની આજ્ઞાને વશ રહેનારા થયા. ॥૨૫૯॥ દેવદત્તા વિના અતિ વિશાળ રાજ્ય અને શ્રેષ્ઠ લક્ષ્મી મૂળદેવને રસ વગરના કાવ્યની જેમ લાગી. ॥૨૬૦॥ ત્યારબાદ અવંતિપતિ (રાજા)ની સાથે તેણે મિત્રતા કરી. કેમ કે દાક્ષિણ્યતા મારું કાર્ય સાધશે. ॥૨૬૧॥ ત્યાં **નિર્ઘૃણ શર્મા** સદ્વડ બ્રાહ્મણને બોલાવીને અપૂર્વ સેવા વડે ગામ આપ્યું અને તેનો જ રાજા તેને કર્યો. ॥૨૬૨॥ એક વખત દેવદત્તાને લાવવાને માટે અવંતિપતિ પાસે વિશાળ ભેટણાપૂર્વક દૂતને મોકલ્યો. ॥૨૬૩॥ દૂત પણ **ઉજ્જયિની** નગરીમાં જઈને **જિતશત્રુ** રાજા પાસે ભેટણાને ધરીને નમીને કાર્યની વિનંતિ કરી. ॥૨૬૪॥ હે દેવ ! હમણાં મૂળદેવ દેવતાએ વરદાનથી આપેલ બેન્નાતટ નગરનો વિક્રમરાજ નામે રાજા થયો છે. ॥૨૬૫॥ તે એ પ્રમાણે કહેવડાવે છે કે હે સ્વામી ! દેવ પણ જાણે છે કે મને વસ્ત્રમાં નીલીરાગની જેમ દેવદત્તા ઉપર રાગ છે. ॥૨૬૬॥ હે દેવ ! તેથી આને મોકલો. તેના વિના રાજ્યસંપત્તિને દુર્ભગ નારીની જેમ મૂળદેવ માને છે. ॥૨૬૭॥ જિતશત્રુ

રાજાએ કહ્યું કે હે દૂત ! આ પ્રયોજન કેટલું માત્ર છે. અમે તો મૂળદેવને રાજ્યનો વિભાગી માનીએ છીએ. ॥૨૬૮॥ અહીં આવેલા કળાના ભંડાર મૂળદેવને મેં ઓળખ્યો નહિ. તેથી અંદર રહેલા શલ્યની જેમ અમને તે વાતનું અત્યંત દુઃખ છે. ॥૨૬૯॥ રાજાએ એકાએક દેવદત્તાને બોલાવીને કહ્યું કે હે કલ્યાણકારી ! તારા મનોરથ રૂપી વૃક્ષના ફળને ગ્રહણ કર. ॥૨૭૦॥ દેવતાના વરદાનથી મૂળદેવ બેન્નાતટ નગરનો રાજા થયો છે. તને બોલાવવાને માટે તેણે આ વિશિષ્ટ પોતાના માણસને મોકલ્યો છે. ॥૨૭૧॥ રાજાના આદેશથી ખુશ થયેલી દેવદત્તા સમગ્ર સામગ્રીની સાથે અનુક્રમે બેન્નાતટ નગર તરફ ગઈ. ॥૨૭૨॥ પ્રમોદવાળા મૂળદેવ રાજાએ પણ સાક્ષાત્ રતિ જેવી (કામદેવની પત્ની) દેવદત્તાને નગરમાં પ્રવેશ કરાવ્યો. ॥૨૭૩॥ અને તેણીને કહ્યું કે હે પ્રિયા ! આજે જ મને રાજ્યનું સુખ થયું. તારા વિના વિશાળ રાજ્યસંપત્તિ ચિત્તમાં શૂન્ય ભાસતી હતી. ॥૨૭૪॥ ત્યારબાદ પરસ્પર બાધા ન થાય તે રીતે ધર્મ, અર્થ ને કામ પુરુષાર્થને કરતાં મૂળદેવે પૃથ્વીને સારા રાજાવાળી કરી. ॥૨૭૫॥

સમુદ્રમાંથી વહાણની જેમ એકવખત વિવિધ કરિયાણાઓથી ભરેલો **અચલ** પારસકૂલથી ત્યાં આવ્યો. ॥૨૭૬॥ રત્નાચલ જેવો અચલ પૂર્ણ અક્ષત પાત્રની જેમ રત્નના થાળને ભેટણારૂપે લઈને મહારાજા પાસે ગયો. ॥૨૭૭॥ જોવામાત્રથી કુશળ રાજાએ તેને ઓળખ્યો ને વિચાર્યું કે મારો અપકારી ને ઉપકારી આ અચલ જ છે. ॥૨૭૮॥ તેથી આને પણ હમણાં બંને પ્રકારે કરી બતાવું. વેરનો બદલો કરવા માટેની રૂઢિ (રિવાજ) માણસોમાં આ પ્રકારે છે. ॥૨૭૯॥ અચલ તો રાજાને આ મૂળદેવ છે એ પ્રમાણે ઓળખતો નથી. ઓળખે પણ કેવી રીતે ? (શા માટે ?) કેમ કે નિર્ધન એવાને રાજ્યસંપત્તિ પ્રાપ્ત થઈ હશે એવો વિચાર પણ ક્યાંથી આવે ? ॥૨૮૦॥ તે વાણિયાએ રાજાને પ્રાર્થના કરી કે પંચકુળથી લાવેલા કરિયાણાઓને જોઈને જે પ્રકારે જકાત હોય તે ગ્રહણ કરો. ॥૨૮૧॥ રાજાએ કહ્યું કે હે શ્રેષ્ઠીન્, અમે સ્વયં જ આવશું. તેણે પણ કહ્યું કે તો તો કાંકરાની ઈચ્છામાં મારા વડે રત્ન પ્રાપ્ત કરાયું. ॥૨૮૨॥ ત્યારબાદ અચલની સાથે રાજા પણ ગયો અને તેણે રાજપુરુષોને કરિયાણાનો સમૂહ બતાવ્યો. ॥૨૮૩॥ રાજાએ તેને પૂછ્યું કે હે શ્રેષ્ઠીન્ ! જેટલું બતાવ્યું તેટલું જ કરિયાણું છે કે બીજું પણ કેટલુંક વિદ્યમાન છે ? ॥૨૮૪॥ ફરીથી જોઈને કહ્યું કે મારું યથાવત્ જ છે. ખોટું બોલતા નહિ. કેમ કે આ રાજ્યમાં દાણચોરોને પણ ચોરની જેમ જ ગ્રહણ કરાય છે. (પકડાય છે.) ॥૨૮૫॥ અચલે પણ કહ્યું કે હે દેવ ! મને વારંવાર કેમ આમ કહો છો ? શું રાજાની આગળ જૂઠું બોલાય ? છૂપાવાય ? ॥૨૮૬॥ ત્યારે ખુશ થયેલા સ્વામીની જેમ રાજાએ કહ્યું કે, હે ભો સત્યવાદી શ્રેષ્ઠિ ! જકાતનું અર્ધું દાન તમારે પણ ગ્રહણ કરવા યોગ્ય છે. ॥૨૮૭॥ ફરી એકવાર સર્વ કરિયાણાઓ જોઈ લો. જેથી સત્યવાદીઓમાં આનો પટ્ટબંધ કરાય. ॥૨૮૮॥ ત્યારબાદ કુશલ એવા રાજ-પુરુષોએ વાંસના વેધથી પગના પ્રહારથી શોધતા કરિયાણામાં રહેલાં રત્નો વગેરે છૂપાયેલા જોયા. ॥૨૮૯॥ ભરેલા તે કરિયાણાઓને ભેદીને અસારમાંથી સારને ખેંચીને તે જ ક્ષણે રાજાને રાજપુરુષોએ કરિયાણા બતાવ્યા. ॥૨૯૦॥ રાજાએ અચલને કહ્યું, આ તારું સત્યવાદીપણું ! અરે મહાદંભિક ! વારંવાર પૂછવા છતાં પણ સાચું તેં ન જ કહ્યું. ॥૨૯૧॥ તે જ વખતે ક્રોધાયમાન રાજાએ આદેશ કર્યો ! જેથી રાજસુભટોએ અચલને દાણચોરપણાથી બહાર બંધનોથી બાંધ્યો. ॥૨૯૨॥

હવે પોતાના આવાસમાં તેને બોલાવડાવીને તેના બંધનો છોડીને મૂળદેવે અચલને પૂછ્યું, શું તું મને ઓળખે છે કે નહિ ? ॥૨૯૩॥ તેણે કહ્યું, હે દેવ ! ચંદ્ર જેવા શીતલ રાજાને ઉગતા સૂર્ય જેવા શૂરવીર રાજાને

કોણ ન ઓળખે ? ॥૨૯૪॥ રાજાએ કહ્યું કે આ મધુર વચનો વડે સર્યું. પહેલાં હું તારા વડે ક્યાંય જોવાયો છું કે નહિ ? રોગને નહિ ઓળખનારની જેમ અચલે કહ્યું, કિંચિતમાત્ર પણ હું ઓળખતો નથી. ॥૨૯૫॥ રાજાએ દેવદત્તાને બોલાવીને તેને બતાવતા કહ્યું કે રાજાની મૂર્તિની જેવી બીજી સર્વ વિભાગિની તેણી છે. ॥૨૯૬॥ તેણીને જોઈને અધોમુખવાળો, બીડાઈ ગયેલી આંખવાળો અને લજ્જાથી સર્પના દંશથી પીડિત મૂર્ચ્છાના જેવો ક્ષણવાર તે થયો. ॥૨૯૭॥ તેણીએ પણ તેને કહ્યું કે આ મૂળદેવ રાજાને તું જાણ. ત્યારે તેં જેને કહ્યું હતું કે મને પણ આપત્તિમાં રક્ષણ કરજો તે આ છે. ॥૨૯૮॥ આ મોટા અપરાધમાં પણ પકડીને તમને આમણે મુક્ત કર્યો છે. કેમ કે અપકાર અને ઉપકારનું ઋણ આજે તમને અપાયું છે. ॥૨૯૯॥ ત્યારે એકાએક મૂળદેવને જાણીને અચલ પણ તેમના પગમાં પડીને ઈર્ષ્યાથી કરાયેલા પહેલાના પોતાના અપરાધને ખમાવ્યો. ॥૩૦૦॥ રાજાને તેણે કહ્યું કે હે દેવ ! ત્યારે જ ઉજ્જયિનીપતિએ આ અપરાધમાં મને અવંતિની બહાર કાઢી મૂક્યો. ॥૩૦૧॥ કૃપાળુ મૂળદેવે ત્યારે અવંતિ જવાની ઈચ્છાવાળા સાર્થવાહને પોતાના દૂતની સાથે મોકલ્યો. ॥૩૦૨॥ મૂળદેવના દૂતે અવંતિ રાજાની મહેરબાની મેળવીને તે વાણિયાને ત્યાં અવંતિમાં પ્રવેશ કરાવ્યો. ॥૩૦૩॥

એક વખત મૂળદેવ રાજા પાસે મહાજને આવીને નમસ્કાર કરીને વિનંતિ કરી કે અમે વિધુરતાવાળા છીએ. ॥૩૦૪॥ હે રક્ષણહારા ! તમે રક્ષણ કરનાર હોતે છતે આ સમસ્ત નગરને ચોરોએ જીર્ણ વસ્ત્રની જેમ ચોરી લીધું છે. ॥૩૦૫॥ હે સ્વામી ! ખેતરોની જેમ ઘરમાં ખાતર પાડીને પડે છે. ચોરોથી ખાતર પાડીને કાણા કરાયેલા ઘરો જાણે હજાર આંખોવાળા હોય તેવા થયા છે. ॥૩૦૬॥ હે સ્વામી ! તમારા આરક્ષકો અરક્ષક થઈ ગયા છે. કેમ કે દુઃખેથી ગ્રહણ કરાય તેવા ચોરો રાત્રિમાં રાક્ષસની જેમ ભમે છે. ॥૩૦૭॥ રાજાએ કહ્યું, તમે ખેદ ન પામો. જલ્દીથી સર્વ ચોરોને યમનગરીના મહેમાન કરીને તમને સુખ આપીશ. ॥૩૦૮॥ આ પ્રમાણે મહાજનને પ્રતિબોધ પમાડીને વિસર્જન કરીને આરક્ષકોને બોલાવીને કહ્યું કે અરે ! શું તમે નગરનું રક્ષણ કરતાં નથી ? ॥૩૦૯॥ તેઓ પણ ડરી ગયા અને કહ્યું કે હે સ્વામી ! એક જ ચોર છે પણ વિદ્યાસિદ્ધની જેમ અનેક રૂપવાળો ઓળખાતો નથી. (પકડાતો નથી.) ॥૩૧૦॥ હે સ્વામી ! અનેક ઉપાયો તેને પકડવા માટે કર્યા. પરંતુ રાક્ષસો જેમ હનુમાનને તેમ અમે તેને પકડી શક્યા નથી. ॥૩૧૧॥ અંધકારપટથી ઢંકાયેલા જાણે કે અંધકારનો જ પિંડ ન હોય તેવા ગુસ્સાથી રાત્રિમાં સ્વયં રાજા બહાર નીકળ્યા. ॥૩૧૨॥ ચોરોના ગુપ્ત સ્થાનોમાં ગયા. ક્યાંય પણ દૂધની અંદર પોરાની જેમ ચોર જોયો નહિ. ॥૩૧૩॥ ભમતાં ભમતાં થાકેલા કોઈક ખંડિત દેવકુળમાં સિંહની જેમ ધીરતાથી સૂતા. નૃસિંહ (રાજા) ને ભય કોનાથી ? ॥૩૧૪॥ મધ્યરાત્રિમાં ત્યાં **મંડિક** નામે ચોર આવ્યો. રાક્ષસ જેમ તલવારને તેમ હાથમાં કોદાળીને રાખતો શોભતો હતો. ॥૩૧૫॥ હે ભો ! કોણ પુરુષ અહીં સૂતેલો છે, એ પ્રમાણે બોલતા સૂતેલા પહેરેગીરોને જેમ માલિક ઉઠાડે તેમ તેણે રાજાને પગ લગાડી ઉઠાડ્યો. ॥૩૧૬॥ રાજા પણ આકૃતિ પરથી ચોર જ છે એમ જાણીને જલ્દીથી ઉઠ્યો. તેની ખાત્રી માટે કહ્યું કે કાર્પટિક મુસાફર છું. ॥૩૧૭॥ તેણે પણ કહ્યું કે હે કલ્યાણકારી ! તું મારી સાથે ચાલ. કલ્પવૃક્ષની જેમ જલ્દીથી તારા દારિદ્રયને હું દૂર કરું. ॥૩૧૮॥ બલિ રાજેન્દ્રને હણવા માટે વિષ્ણુએ જેમ ગરીબાઈને સ્વીકારી, તેમ રાજાએ પણ તે ચોરના નોકરપણાને સ્વીકાર્યું. ॥૩૧૯॥ પોતાના ક્રોધ પામેલા ભાગ્યની જેમ રાજાને નહિ જાણતા તેણે કોઈક કુબેર જેવા શ્રેષ્ઠીના ઘરે લઈ ગયો. ॥૩૨૦॥ શંખાસૂરે જેમ બ્રહ્માના મુખકમલમાંથી વેદોને હર્યા હતા, તેમ ત્યાં ખાતર પાડીને

તેણે ઘરની સાર વસ્તુને ચોરી લીધી (હરણ કરી). ॥૩૨૧॥ મૂર્ખ મનુષ્ય જેમ દૂધનું રક્ષણ કરવા માટે બિલાડીને આપે તેમ તે ચોરે તે સર્વ વસ્તુ ઉપાડવા માટે રાજાને અર્પણ કરી. ॥૩૨૨॥ ખેંચી લીધું છે સર્વસ્વ એવા તે શ્રેષ્ઠીના માલના પોટલાને તેની વાણી વડે તેણે પણ ઊપાડ્યું. ખરેખર લૂંટવાની ઈચ્છાવાળા ધૂર્તો માણસને પહેલા વશ કરે છે. ॥૩૨૩॥ હવે જીર્ણ બગીચામાં જઈને ભોંયરાના દ્વારને ઉઘાડીને હરણ (પશુ)થી યુક્ત શિકારીની જેમ રાજા સહિત ચોરે ત્યાં પ્રવેશ કર્યો. ॥૩૨૪॥ સાક્ષાત્ પાતાલ કન્યા જેવી સુંદર કરેલા સર્વ અંગવાળી નવા યૌવન રૂપવાળી તેની બહેન કન્યા ત્યાં હતી. ॥૩૨૫॥ આના પગનું પ્રક્ષાલન કર, એ પ્રમાણે ચોરે તેણીને કહ્યું. તેણીએ પણ વધ્યભૂમિ જેવા કૂવાના કાંઠાના તટ ઉપર રાજાને બેસાડ્યા. ॥૩૨૬॥ તેના પગોને ધોતી પગમાં રહેલા લક્ષણો જોઈને સર્વ અંગોને જોયા ને વિચાર્યું કે શું આ સ્વયં કામદેવ છે ? ॥૩૨૭॥ ત્યારબાદ તેના ઉપર અનુરાગિણી તેણીએ કહ્યું કે હે સુંદરમાં અગ્રેસર ! અહીં પગ ધોવાના બહાનાથી મનુષ્યોને કૂવામાં નાંખી દેવાય છે. ॥૩૨૮॥ કલ્યાણકારી (સોમ્યાકૃતિ) આકૃતિવાળો આ કોઈ સામાન્ય પુરુષ નથી. તું જલ્દીથી અહીંથી સરકી જા. પૃથ્વી મર્દ (નર) વગરની ન થાઓ. ॥૩૨૯॥ તેણીએ કહેલા સર્વવૃત્તાંતને રાજાએ જાણ્યો. આ સર્વ લઈને આ વધ કરવા યોગ્ય છે. એ પ્રમાણે વિચારીએ રાજા બહાર નીકળ્યો. ॥૩૩૦॥

થોડીવાર પછી કપટતાથી બુદ્ધિમાન એવી તેણીએ પોતાના તે દોષને અને પુરુષરત્નને રક્ષણ કરવા માટે 'આ જાય છે' એમ કહ્યું. ॥૩૩૧॥ પ્રાણને આકર્ષણ કરનાર સાંકળ જેવી લોખંડી તલવારને ખેંચીને તેને હણવાને માટે મૃત્યુદૂત જેવો તે ચોર દોડ્યો. ॥૩૩૨॥ મહાસાહસિકની જેમ ચોરને નજીક આવતા જોઈને રાજા પણ ચાર રસ્તા પર પથ્થરના થાંભલાની પાછળ જલ્દીથી ગયો. ॥૩૩૩॥ અભિમાનથી અંધ પથ્થરના થાંભલાને પુરુષ છે, એ પ્રમાણે ગુસ્સાથી પ્રચંડ ચોરે લોખંડી તલવારથી થાંભલાને જ ઘા કર્યો. ॥૩૩૪॥ ત્યારબાદ વિજયી ચોર પોતાના સ્થાને ગયો અને રાજા પણ ચોરની પ્રાપ્તિથી ખુશ થયેલા મનવાળા મહેલે ગયા. ॥૩૩૫॥ સવારમાં તે ચોરને જોવાને માટે રાજા રાજમાર્ગ પર બહાર નીકળ્યા. તેને ઓળખવાને માટે આમતેમ આંખોને કુશળ એવો તે ફેરવતો હતો. ॥૩૩૬॥ વસ્ત્રની દુકાન પાસે દરજીકામ કરતા, ચરપુરુષનું આચરણ કરતી દૃષ્ટિવાળા, નજીકમાં લાકડી રાખેલા, કપટી પુરુષનો આરંભ કેવો હોય એવું જાણતા હોવાથી, પાટાના બહાનાથી વિશાળ એવા સાથળ-ભુજા અને મસ્તકોવાળા ચોરોની જેમ તે તે સ્થાનોમાં પાટાને ધારણ કરતા, રાત્રિમાં જોયેલા એવા તે ચોરને તે તે ચિહ્નો વડે અનુમાનથી તાર્કિકની જેમ રાજાએ શઠ એવો 'આ જ ચોર છે' એમ નિશ્ચય કર્યો. ॥૩૩૭-૩૩૮-૩૩૯॥

રાજા મહેલમાં ગયો અને ચિહ્ન કહેવાપૂર્વક તે દરજી બોલાવવાને માટે રાજપુરુષોને મોકલ્યા. ॥૩૪૦॥ બોલાવવાથી તેણે પણ વિચાર્યું. રાત્રિમાં તે પુરુષ નિશ્ચે મારા વડે હણાયો નથી. ક્ષુદ્ર એવા તેનું જ આ પ્રગટપણું છે. ॥૩૪૧॥ તે પણ રાજમહેલમાં આવ્યો. રાજાએ તેનો સત્કાર કર્યો. ખરેખર કારણવશાત્ જ વિચક્ષણો ચોર જેવા ઉપર પણ મહેરબાનીનું આચરણ કરે છે. ॥૩૪૨॥ રાજાએ તેને કહ્યું, તારી બહેન મને આપ. કેમ કે અન્ય બીજા કોઈને પણ કન્યા તો આપવાની જ છે. ॥૩૪૩॥ ક્યારે પણ મારી બહેનને જોઈને કોઈ પણ બહાર નીકળ્યો જ નથી. તેથી નિશ્ચે રાત્રિમાં છલ વડે રાજા જ મારી સાથે આવ્યા. ॥૩૪૪॥ આ પ્રમાણે વિચારીને ચોરે કહ્યું કે હે દેવ ! આ શું બોલાય છે ? ફક્ત મારી બહેન જ નહિ, મારું સર્વસ્વ પણ આપનું જ છે. ॥૩૪૫॥ તે જ વખતે રાજા તે કન્યાને પરણ્યો. પ્રાણદાનના ઉપકારિપણાથી રાજાને અત્યંત (અતીવ) વલ્લભ થઈ. ॥૩૪૬॥

હવે રાજાએ તેને (ચોરને) લેખણનો અમાત્ય કર્યો ! કારણ કે વિશ્વાસ વિનાનું સઘળું ગ્રહણ કરવું શક્ય નથી. ॥૩૪૭॥ પાણીના આશ્રયોમાંથી અર્થાત્ સરોવર, નદી, કૂવાદિમાંથી સૂર્ય જેમ પાણીને ગ્રહણ કરે તેમ કાર્યના બહાનાથી રાજાએ તેનું સઘળું દ્રવ્ય ગ્રહણ કર્યું. ॥૩૪૮॥ હવે રાજાએ તેની બહેનને પૂછ્યું કે હે દેવી ! હજુ પણ તારા ભાઈનો ધનનો સંચય કેટલો છે ? તે કહો (બતાવો). ॥૩૪૯॥ તેણીએ કહ્યું હે દેવ ! સર્વસ્વનું ગ્રહણ કરીને આપના વડે મારો ભાઈ રસ કાઢી લીધેલા શેરડીના સાંઠાની જેમ નિર્ધન કરાયો છે. ॥૩૫૦॥ લાંબા કાળ સુધી રાજાએ તે ચોરને વિડંબના કરીને કેદ કર્યો. ન્યાયમાં પ્રવીણ રાજાઓ અન્યાયને ક્યારે પણ ખરેખર ભૂલતા નથી. ॥૩૫૧॥ ત્યાર બાદ કંટક વગરના અપાય (દુઃખ) વગરના નયથી ઉજ્જ્વલ એવા રાજ્યનું પાલન ઈન્દ્રની જેમ પરાક્રમથી મૂળદેવે પણ કર્યું. ॥૩૫૨॥ ભૂખથી પીડિત, અટ્ઠમને અંતે ગામમાં ફરી થોડા અડદના બાકુળા ભિક્ષામાં મળ્યા હોવા છતાં મહાત્મા મૂલદેવે માસક્ષમણના તપસ્વી મુનિ ભગવંતને વહોરાવી લાભ લીધો તેના પ્રભાવથી આ જન્મમાં રાજા થયો. તેવી જ રીતે અહીં આ સંવિભાગ વ્રતમાં પ્રયત્ન કરવો જોઈએ. ॥૩૫૩-૩૫૪॥

॥ અતિથિસંવિભાગ વ્રત ઉપર મૂળદેવની કથા સમાપ્ત. ॥૧૨।

હવે યતિધર્મને કહે છે :

खंती य मद्दवज्जवमुत्तीतवसंजमे य बोधव्वे ।
सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ।।४।।६४।।

ગાથાર્થ : ક્ષમા, માર્દવ, સરળતા, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનપણું અને બ્રહ્મચર્ય આ દસ પ્રકારનો યતિધર્મ જાણવા યોગ્ય છે. ॥૪॥ (૬૪)

ટીકાર્થ : ક્ષાન્તિ એટલે ક્ષમા. માર્દવ એટલે નમ્રતા અક્કડપણું નહિ. આર્જવ એટલે સરળતા (વક્રતા કુટિલતા નહિ) મુક્તિ એટલે નિર્લોભતા. તપ એટલે અનશન, ઊણોદરી વગેરે બાર પ્રકારનો સંયમ ૧૭ પ્રકારે છે. તે આ પ્રમાણે -

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય એ ૯ પ્રકારના જીવોની હિંસા મન-વચન-કાયાથી કરવી નહિ, કરાવવી નહિ, અનુમોદવી નહિ. ૧૦મો અજીવ સંયમ, ૧૧ - પ્રેક્ષા સંયમ, ૧૨ - ઉપેક્ષા સંયમ, ૧૩ - પ્રમાર્જના સંયમ, ૧૪ - પરિષ્ઠાપના સંયમ, ૧૫ - મન સંયમ, ૧૬ - વચન સંયમ, ૧૭ - કાય સંયમ. (દશ વૈ. નિ. ૪૬)

સત્ય એટલે સમ્યગ્ (સારું, સાચું) બોલવું, શૌચ એટલે અદત્તનો ત્યાગ. અકિંચનપણું એટલે નિષ્પરિગ્રહતા અને બ્રહ્મ એટલે બ્રહ્મચર્ય - આ યતિના ધર્મો જાણવા યોગ્ય છે.

આ બે પ્રકારનો પણ ધર્મ. દાન, શીલ, તપ, ભાવના ભેદથી ચાર પ્રકારે છે.

તેની કથા ભવ્ય જીવના ઉપકારને માટે અહીં કહેવાય છે. તેમાં **પ્રથમ દાનકથા.** તે આ પ્રમાણે -

સર્વ દ્વીપોમાં પ્રથમ જે **જંબૂદ્વીપ** તેમાં **ભરતક્ષેત્રમાં** ઉગતા સૂર્ય જેવો સારા રંગવાળો અંગ નામનો દેશ છે. ॥૧॥ પૃથ્વીરૂપી સ્ત્રીને જેમ સુગંધી અને સ્નિગ્ધ વર્ણથી મનને હરનારી એવી ચંપક પુષ્પની માળા છે, તેમ પશુધનથી સમૃદ્ધ હોવાથી પશુઓના ભાંભરવા (પશુના અવાજ) વગેરે સ્નિગ્ધ અને મનને હરનારા

અવાજોવાળી **ચંપા** નામની નગરી છે. ॥૨॥ તેમાં સૈન્યનો સમુદ્ર જેવો અને જેના યશરૂપી સમુદ્રની મધ્યમાં રહેલું બ્રહ્માંડ પણ બુદ્બુદ જેવું આચરણ કરે તેવો **દધિવાહન** નામે રાજા હતો. ॥૩॥ તેને શુદ્ધ સમ્યક્ત્વધારી અને અમૂલ્ય સુશીલતારૂપી મહાઅલંકારને ધારણ કરતી **ધારિણી** નામે રાણી હતી. ॥૪॥ એક વખત રાત્રિમાં સૂતેલી તેણીએ સ્વપ્નમાં દેવલોકની એક કલ્પવેલડી જાણે કે આંગણામાં અવતરી, આ પ્રમાણે જોયું. ॥૫॥ જાગેલી દેવીએ પતિને પોતાના તે સ્વપ્નની વાત કરી. રાજાએ પણ સ્વપ્ન પાઠકની જેમ તને ઉત્તમ પુત્રીનો લાભ થશે એમ કહ્યું. ॥૬॥ ગર્ભને વહન કરતી સમયે તેણીએ બીજના ચંદ્રમાની જેમ જગતને આલ્લાદ કરનારી પુત્રીને જન્મ આપ્યો. ॥૭॥ મહોત્સવપૂર્વક તેણીને **વસુમતી,** એ પ્રમાણે નામકરણ આપ્યું. સિંચાતી વેલડીની જેમ કાંતિ આદિ વડે અનુક્રમે તે વધી. ॥૮॥

આ બાજુ વત્સ દેશમાં **કૌશાંબી** નામની મહાનગરી છે. તેનો શત્રુમાં ભયંકર એવો **શતાનીક** રાજા હતો. ॥૯॥ સમરાંગણમાં તેના હાથમાં કમળના ભ્રમથી આવેલા ભમરાઓની શ્રેણી સરખી તલવાર શોભતી હતી. ॥૧૦॥ ચેટક રાજાની પુત્રી, રૂપથી તિરસ્કૃત કર્યા છે અપ્સરાના રૂપને એવી અને સતીઓમાં પ્રસિદ્ધિ પામેલી **મૃગાવતી** નામે દેવી હતી. ॥૧૧॥ એક વખત શતાનીક કૌશાંબીથી નીકળ્યો. સેનાની સાથે ક્ષણવારમાં વિદ્યુત્પાતની જેમ એકાએક **ચંપામાં** આવી પડ્યો. ॥૧૨॥ એકાએક તેને આવેલા જોઈને ચંપાનો રાજા દધિવાહન પલાયન થઈ ગયો. નિર્બળ શત્રુથી આક્રમણ પામેલો બળવાન પણ ખરેખર શું કરે ? ॥૧૩॥ શતાનીકે સૈન્યની વચ્ચે ઘોષણા કરી કે ઈચ્છા મુજબ ગ્રહણ કરો. તેના સૈનિકોએ ચારે બાજુથી ચંપાને લૂંટી. ॥૧૩-૧૪॥ પિતાના ઘરમાં જતી એવી દધિવાહનની પત્ની ધારિણીને પુત્રી સહિત કોઈક ઉંટવાળાએ ગ્રહણ કરી. ॥૧૫॥ સૈન્ય દ્વારા સર્વસ્વને લૂંટાવીને ખુશ થયેલો શતાનીક જયમંગલ પૂર્વક પોતાની રાજધાનીમાં ગયો. ॥૧૬॥ પૃથ્વી પર પ્રાપ્ત થયેલી ઈન્દ્રાણી જેવી ધારિણીને જોતાં ઉંટવાળાએ મિત્રાદિઓને કહ્યું કે આ મારી પ્રિયા થશે. ॥૧૭॥ આ પુત્રીને વેચીને વિપુલ ધનને મેળવીશ. અહો ! મૃત્યુલોકમાં પણ હમણાં મને સ્વર્ગના સુખ જેવું થશે. ॥૧૮॥ તે સાંભળીને ધારિણીએ વિચાર્યું કે ઉત્તમ કુળમાં હું ઉત્પન્ન થયેલી છું. શુદ્ધ વંશવાળા દધિવાહન રાજાની પત્ની છું. ॥૧૯॥ જન્મથી આરંભી નિષ્કલંક એવા જિનધર્મથી વાસિત છું. હા હા દૈવ ! તેં મારી આવી દુઃખી અવસ્થા કેમ કરી ? ॥૨૦॥ પ્રસ્તાવને નહિં જાણનાર હે જીવ ! ભાલા જેવા આના દુષ્ટ વચનો વડે તું અને હું વિંધાયા છીએ. શા માટે દુઃખોને સહન કરવા રહ્યો છે ? ॥૨૧॥ જા, જા ! જો નહિં જાય તો બલાત્કારે, તપસ્યાથી જેમ દુષ્કર્મો અને ક્ષમાથી જેમ ક્રોધ ક્ષણવારમાં નાશ પામે તેમ મારા વડે તું (પ્રાણ) કઢાઈશ. ॥૨૨॥ અવજ્ઞા કરાયેલા સંતની જેમ ત્યારે તેણી વડે તિરસ્કાર પામેલ પ્રાણો, ફૂટી ગયેલા તેના હૃદયમાંથી ક્ષણવારમાં નીકળી ગયા. ॥૨૩॥ ઊંટવાળો સુભટ પણ મૃત્યુ પામેલી ધારિણીને જોઈને હૃદયમાં કંપ્યો અને જલ્દીથી વિચાર્યું. આ કોઈ પણ મહાસતી છે. જેથી હા, હા, મેં જે કહ્યું તે યોગ્ય નથી. ॥૨૪॥ ખરેખર, સતીઓ શીલભંગના વચનને પણ સહન કરી શકતી નથી. તે સત્ય હમણાં જોવાયું. પહેલા વાણી વડે ફક્ત સાંભળ્યું હતું. ॥૨૫॥ માતાના શોકથી વિહ્વળ વસુમતી પણ વારંવાર મૂર્ચ્છા પામતી હતી અને વારંવાર રડતી હતી. ॥૨૬॥ વિલાપ કરતી તેણી આ પ્રમાણે બોલી કે હા દૈવ ! હે નિર્દય ! બાળક એવી મારી ઉપર પણ ઉપરા ઉપરી દુઃખ આપતાં તું કેમ લજ્જા પામતો નથી ? ॥૨૭॥ હે જીવ ! મનુષ્યલોકમાં પણ નરકના દુઃખોને જોવા માટે જ શું નિશ્ચે આટલો કાળ આપ પણ રહ્યા છો ? ॥૨૮॥ અથવા તો ગર્ભમાં જ કેમ હું ગળાઈ ન ગઈ કે કેમ મારો નાશ ન થયો ? જન્મેલી મને બિલાડો કેમ પકડી ન ગયો ? ઘોડિયું તૂટવા વડે કેમ ન મરી ? ॥૨૯॥ આકાશમાંથી પડેલો એકલો જેમ ધરણી (પૃથ્વી)

વડે ધારણ કરાય છે, તેમ હે આત્મા ! તું પણ ધારણી વડે ધારણ કરાયેલ ! ધારિણી માતા મૃત્યુ પામી હજી જીવનમાં દુઃખ શું બાકી છે ? ॥૩૦॥

આ પ્રમાણે તેણી મોટેથી વિલાપ કરતી હતી. ધારાબદ્ધ નયનના પાણીથી પગલે પગલે જાણે માતાને જલાંજલિ આપતી હતી. ॥૩૧॥ છાતી કૂટવા (કુટવા) થી ઉત્પન્ન થયેલી પીડાની જેમ ફૂટી ફૂટીને બંને પગમાંથી નીકળતા લોહીના સમૂહ વડે પૃથ્વી લોહીથી ભીંજાયેલી થઈ. ॥૩૨॥ કોઈ પણ રીતે વારંવાર બોધ પમાડીને મીઠા વચનોથી પોતાના લોભ વડે તે તેણીને કૌશાંબી નગરીમાં લઈ ગયો. ॥૩૩॥ મસ્તકને વિષે તૃણને ધારણ કરીને ચાર રસ્તા ઉપર તેણીને વેચવા માટે ઉભી રાખી. ભાગ્યયોગથી પહેલા જ **ધનાવહ** શેઠે તેણીને જોઈ. ॥૩૪॥ શેઠે વિચાર્યું કે, આ આકૃતિ ઉપરથી નિશ્ચે સારા કુળમાં ઉત્પન્ન થયેલી જણાય છે. ચંપાના નાશમાં પોતાના સંબંધીજનથી છૂટી પડેલી આ દુષ્ટના હાથમાં પ્રાપ્ત થઈ જણાય છે. ॥૩૫॥ યૂથમાંથી છૂટી પડેલી મૃગલી જેમ પારધીના હાથમાં આવે તેમ આને પકડીને માંસના પિંડની જેમ વેચવા માટે મૂકી છે. ॥૩૬॥ તેથી આ બિચારી કોઈક હીન માણસના હાથમાં ન જાય, તેથી ઘણું ધન આપીને પણ હું જ આને ગ્રહણ કરું. ॥૩૭॥ સ્નેહથી પુત્રીની જેમ જોતાં તેણીની ઉપેક્ષા કરવાને હું સમર્થ નથી અને વળી મારા ઘરે રહેતા ક્યારેક પોતાના સ્વજનો મળી જાય. ॥૩૮॥ આ પ્રમાણે વિચારીને તેને ઈચ્છિત ધન આપીને પુત્રીના લાભથી ખુશ થયેલો શ્રેષ્ઠી વસુમતીને ઘરે લઈ ગયો. ॥૩૯॥ શ્રેષ્ઠીએ તેને પૂછ્યું, તું કોની પુત્રી છે ? તારા પિતા કોણ છે ? તારો સ્વજનવર્ગ કોણ છે ? ભય પામીશ નહિ. તારા પિતાના જેવો જ હું છું. ॥૪૦॥ અવસ્થાને અનુચિત તેણી કુળને કહેવા માટે અસમર્થ થઈ. અધોમુખને કરીને મૌન જ રહી. (મૌન જ ઉત્તર આપ્યો.) ॥૪૧॥

શેઠે **મૂળા** શેઠાણીને કહ્યું કે હે પ્રિયા ! આ મારી પુત્રી જ છે. તેથી અતિયત્નથી જાઈ પુષ્પની જેમ કરમાતી આનું રક્ષણ કરવું. ॥૪૨॥ આવા શ્રેષ્ઠીના વચનથી તે બાળા ત્યાં પોતાના ઘરની જેમ રહી અને અમૃતના રસમય એવી તેણી સર્વના નેત્રને આનંદ આપવા લાગી. ॥૪૩॥ ચંદન જેવું આચરણ કરતા તેણીના શીલ, વાણી, વિનય વડે શેઠે ચંદનબાલા એ પ્રમાણે બીજું નામ કર્યું. ॥૪૪॥ વિકારોના રંગસ્થાન જેવા યૌવનને તેણીએ પ્રાપ્ત કર્યું. બુદ્ધિશાળી એવી તેણી બાળપણની જેમ નિર્વિકારી જ રહી. ॥૪૫॥ સ્વભાવથી જ રૂપવતી છતાં યૌવન પામવાથી વિશેષ રૂપવાળી થયેલી ચંદનાને જોઈને પ્રસંગથી ઉચ્છલિત મત્સર (ઈર્ષ્યા)વાળી મૂળાએ વિચાર્યું. ॥૪૬॥ પુત્રીની જેમ માનતા શ્રેષ્ઠી જો આના રૂપથી મોહિત થઈને તેની સાથે પરણે તો હું જીવતી પણ મરેલા જેવી થાઉં. ॥૪૭॥ સ્વભાવથી સુલભ, તુચ્છપણાથી અને ઈર્ષ્યાથી દરરોજ અગ્નિથી બળતાની જેમ દુઃખી ચિત્તવાળી મૂળા રહી. ॥૪૮॥

એક વખતે ગ્રીષ્મ ઋતુના તાપથી પીડિત શેઠ દુકાનેથી ઘરે આવ્યા તે વખતે દૈવયોગે પગને ધોનારો કોઈ પણ સેવક હાજર ન હતો. ॥૪૯॥ વિનીતપણાથી ચંદના નજીક આવી અને શેઠે અટકાવી તો પણ તે પિતૃભક્તિથી પગ ધોવા માટે પ્રવર્તી. ॥૫૦॥ કામ ન કર્યું હોવાથી થાકેલા શરીરવાળી તેણીનો યમુના જળ જેવો (કાળો) અંબોડો શ્રમથી ત્યારે મસ્તક પરથી છૂટી પડ્યો. ॥૫૧॥ નિર્મળ એવો કેશપાશ ભૂમિમાં કાદવવાળો ન થાઓ, એ પ્રમાણે વિચારતાં શ્રેષ્ઠીએ લીલા (સહજ સ્વભાવે) યષ્ટિથી પકડી રાખ્યો. પછી સ્નેહથી તેને બાંધી દીધો. ॥૫૨॥ તે મૂળાએ જોયું અને શૂલથી વીંધાયેલા જેવી તે જ ક્ષણે થઈ અને વિચાર્યું કે મેં જે પહેલા વિચાર કર્યો હતો તે હમણાં બરાબર મળતો આવે છે. ॥૫૩॥ શેઠે ચંદનાના વાળને જે રીતે બાંધ્યા, તેથી હું જાણું છું કે આ પ્રકારનું પિતાનું લક્ષણ નથી. ॥૫૪॥

હવે મારે ચંદનાની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. નખથી છેદાય તેવી વસ્તુ માટે કોણ કુહાડાથી છેદવા ઈચ્છે ? ॥૫૫॥ તેથી આ કોમળ વ્યાધિ હમણાં ચિકિત્સાને યોગ્ય છે. પછી અસાધ્યપણાને પામે તો તેને પ્રયત્ન પણ નિષ્ફળ કરશે. ॥૫૬॥ આ પ્રમાણે યોજનાને મનમાં નિશ્ચિત કરીને બિલાડીની જેમ તેની ચિકિત્સા કરવાની ઈચ્છાથી ખરાબ બુદ્ધિવાળી મૂળા રહી. ॥૫૭॥ મુહૂર્ત માત્ર વિશ્રામ કરીને શેઠ ઘરથી બહાર નીકળ્યા. એટલે જલ્દીથી હજામને બોલાવીને મૂળાએ ચંદનાનું મસ્તક મુંડાવી નાંખ્યું. ॥૫૮॥ તેના પગમાં બેડી નાખીને અંદરના ઓરડામાં તેને પૂરીને દ્વારને તાળુ લગાવીને મૂળાએ પરિવારને આ પ્રમાણે કહ્યું. ॥૫૯॥ જે કોઈ પણ ચંદનાના આ સમાચાર શ્રેષ્ઠીને કહેશે, ખરેખર તેને પણ આ જ પ્રમાણે હું દંડ કરીશ. ॥૬૦॥ હવે ઘરે આવેલા શેઠે પૂછ્યું કે ચંદના કેમ દેખાતી નથી ? મૂળાના ભયથી કોઈએ પણ કહ્યું નહીં. કોણ યમરાજને સ્ખલિત કરે અર્થાત્ યમના મોઢામાં હાથ નાંખે ? ॥૬૧॥ શ્રેષ્ઠીએ માન્યું કે મારી પુત્રી બાળકોની સાથે ક્યાંય પણ રમતી હશે. અથવા તો કામ ન હોવાથી ઉપર ભણતી ગણતી હશે. ॥૬૨॥ આ પ્રમાણે ઘરે આવતા શેઠ વારંવાર સર્વને પૂછતા હતા કે ચંદના ક્યાં છે ? પરંતુ કોઈએ પણ ત્રણ દિવસ સુધી ચંદનાના સમાચાર કહ્યા નહિ. ॥૬૩॥ આ પ્રમાણે ચોથા દિવસે ચંદનાને નહીં જોવાથી શંકા અને કોપથી આકુળ થયેલા શેઠે નોકરોને કહ્યું, અરે સેવકો ! જગતને આનંદ આપનારી મારી પુત્રી ચંદના ક્યાં છે ? જો તમે જાણતા છતાં નહીં કહો, તો હું તમારા સર્વનો નિગ્રહ કરીશ. ॥૬૪, ૬૫॥

આ સાંભળી કોઈક વૃદ્ધ દાસીએ ચિંતવ્યું કે હું ઘણા વર્ષ સુધી જીવી છું. હવે મારું મૃત્યુ પણ નજીક છે. ॥૬૬॥ વળી બીજાનો ઉપકાર કરીને જતા એવા પ્રાણો વડે શું ? કેમ કે તે જીવો ધન્ય છે, જેઓ નિર્મળ એવી ધર્મ અને કીર્તિને મેળવે છે. ॥૬૭॥ તેથી મારા જીવિત કરતાં આ ચંદના જીવો. આ પ્રમાણે વિચારીને તેણે મૂળા અને ચંદનાની બધી કથા શેઠને કહી. ॥૬૮॥ દયાળુ તેણીએ ચંદનાને પૂરી હતી તે ઘર બતાવ્યું. આકુળ એવા શ્રેષ્ઠીએ પોતાની મેળે તેનું દ્વાર ઉઘાડ્યું. ॥૬૯॥ ત્યાં નૂતન દીક્ષિતની જેવી મુંડિત વાળવાળી, ક્ષુધા અને તૃષાથી પીડિત શરીરવાળી, સૂર્યથી ગ્લાનિ પામેલ, માલતી (જાઈ) પુષ્પ જેવી બંદીવાન કરાયેલી, શત્રુના સ્ત્રીની જેવી, બેડીથી બાંધી દીધેલા પગોવાળી, અશ્રુથી પૃથ્વીને કાદવ સરખી કરવાવાળી, ચંદનાને ધનાવહ શેઠે જોઈ. ॥૭૦-૭૧॥ આંખમાંથી અશ્રુ પડતાં દયાનિધિ શેઠે તેને આશ્વાસન આપીને તેને ભોજન કરાવવાને માટે જલ્દીથી રસોડામાં ગયા. ॥૭૨॥ ત્યારે ભાગ્યયોગે ત્યાં કાંઈ પણ તેવા પ્રકારનું ભોજન જોવામાં આવ્યું નહીં. સૂપડાના ખૂણામાં રહેલા અડદને જોઈને તેણે પુત્રીને આપ્યા. ॥૭૩॥ અને તેણે કહ્યું, હે વત્સે ! આ અડદને ખા. તેટલામાં હું તારી બેડી તોડવાને માટે લુહારને બોલાવીને આવું છું. આ પ્રમાણે કહી શેઠ ઘરમાંથી બહાર ગયા. ॥૭૪॥ હવે ચંદનાએ આ પ્રમાણે વિચાર્યું, હે દેવ ! અહો, મને તેવા પ્રકારના રાજકુળમાં જન્મ આપીને આવા પ્રકારની દુર્દશા કેમ કરાઈ ? ॥૭૫॥ ક્ષણવારમાં બીજા બીજા રૂપને ધારણ કરતી આપત્તિઓ વડે નાટક જેવા આ સંસારથી શું ? અથવા તો સ્વપ્ન અને ઈન્દ્રજાળ સરખી જોતજોતામાં નષ્ટ થતી ઋદ્ધિથી શું ? ॥૭૬॥ હે વિધાતા ! દુઃખી અવસ્થામાં પણ કુટુંબ સાથે વિરહ કેમ કરાયો ? ત્યાં પણ આ નોકરપણું એ તો સર્વ દુઃખના સમૂહની ચૂલિકા સમાન છે. ॥૭૭॥ દુઃખરૂપી સમુદ્રમાં ડૂબેલાની જેવી રડતી અશ્રુજલવાળી તે અડદોને જોઈ જોઈને આ પ્રમાણે ભાવના ભાવી. ॥૭૮॥ પૂર્વે એકાસણાના પારણે પણ પોતાના ઘરમાં રહેલી સ્નેહપૂર્વક ચતુર્વિધ સંઘની ભક્તિ કરીને પછી જ જમતી હતી. ॥૭૯॥ હમણાં આ અઠ્ઠમના પારણામાં તો દુર્દશાને વશ થયેલી અત્યંત નિઃપુણ્યવાળી એવી હું અતિથિને આપ્યા વગર શું ભોજન

કરું ? ॥૮૦॥ ભૂખથી પીડિત હોવા છતાં પણ અનાકુળ (આકુળતા વ્યાકુળતા વગરની) દાન ઉપર શ્રદ્ધા રાખનારી, મહાભાગ્યશાળી તેણી એ આપવા યોગ્ય પાત્રને જોવા માટે દ્વાર સન્મુખ જોયું. ॥૮૧॥

આ બાજુ પહેલા કૌશાંબીમાં છદ્મસ્થ એવા **ચરમ જિનેશ્વરે** પોષ વદી એકમે આ પ્રમાણે અભિગ્રહને ગ્રહણ કર્યો હતો. ॥૮૨॥ દ્રવ્યથી સૂપડાના ખૂણામાં રહેલા અડદને, ક્ષેત્રથી વળી આપનારી એક પગ ઊંબરાની અંદર, એક પગ બહાર, કાળથી સર્વ ભિક્ષુકો આવીને પાછા ચાલ્યા ગયા હોય, ભાવથી રડતી, રાજકન્યા પણ દાસીપણાને પામેલીહોય. ॥૮૩-૮૪-૮૫॥ પગમાં લોહમય બેડી નાંખેલી હોય, મુંડિત મસ્તકવાળી, ત્રણ દિવસની ભૂખી હોય, આવી સ્ત્રી મને લાંબા કાળે પણ આપશે. ત્યારે જ હું લઈશ, અન્યથા નહિ. ॥૮૬॥ આવા પ્રકારના અભિગ્રહ લઈને (લોકો જાણતા નહિ તેવા) પ્રભુ પ્રતિદિન ભિક્ષા સમયે ઊંચ-નીચ ઘરોમાં ગોચરી માટે ફરવા લાગ્યા. ॥૮૬॥ લોકો ભિક્ષા આપતા પણ અભિગ્રહના વશથી પ્રભુ લેતા નહીં. તેથી નગરજનો પોતાની નિંદા કરતા ખેદને ધારણ કરતા હતા. ॥૮૭॥ આ પ્રમાણે ભિક્ષા ગ્રહણ કર્યા વગર પરિષહને સહન કરતા પ્રભુએ ચાર પ્રહરની જેમ ચાર માસ નિર્ગમન કર્યા. ॥૮૮॥ એક વખત **સુગુપ્ત** મંત્રીના ઘરે ભિક્ષાને માટે આવેલા સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા પ્રભુને **નંદાએ** જોયા. ॥૮૯॥ ભાગ્યયોગથી મારા ઘરે આજે વીર પ્રભુ સ્વયં પધાર્યા છે. આ પ્રમાણે આનંદથી બોલતી પ્રભુની સન્મુખ આવી. ॥૯૦॥ કલ્પે તેવા અદ્‌ભૂત અન્નાદિ સ્વયં તેણી પ્રભુ પાસે લાવી અભિગ્રહને વશ થયેલા પ્રભુ કંઈ પણ લીધા વગર નીકળી ગયા. (ચાલ્યા ગયા.) ॥૯૧॥ ત્યારબાદ નંદા વિષાદ પામી (ખેદ કરવા લાગી.) હું અભાગણિ છું, જોયા માત્રથી નષ્ટ થયેલા નિધિની જેમ મારા માટે નિષ્ફળ એવું પ્રભુનું આગમન થયું. ॥૯૨॥ આ પ્રમાણે ખેદ કરતી તેને બેઠેલી દાસીએ કહ્યું કે આ દેવાર્ય ! દરરોજ આવી રીતે ભિક્ષા લીધા વગર જ ચાલ્યા જાય છે. ॥૯૩॥ ત્યારે નંદાએ કહ્યું કે નિશ્ચે સ્વામીને કોઈ પણ અભિગ્રહ હશે ? ખેદને ધારણ કરતી તેણીએ પોતાના પતિ અમાત્યને કહ્યું. ॥૯૪॥ હે પ્રિય ! મંત્રીપણું અને તમારી મતિનું ફળ શું ? કે જે ભિક્ષાના વિઘ્નને કરનારા પ્રભુના અભિગ્રહને તમે જાણતા નથી. ॥૯૫॥ મંત્રીએ પણ કહ્યું કે હે પ્રિયે ! તું ખેદ ન પામ. પ્રભુના અભિગ્રહને જાણવાને માટે ઉપાયને ગોઠવીશ. (રચીશ). ॥૯૬॥ તે વખતે ત્યાં આવેલી મૃગાવતીની દાસી વિજયાએ આ વાર્તાલાપ સાંભળીને પોતાની સ્વામિની મૃગાવતીને કહ્યો. ॥૯૭॥ તે સાંભળીને મૃગાવતી પણ વિષાદના વિષથી વિહ્વળ થઈ. ખેદ પામેલી મૃગાવતીને ડરેલા રાજાએ પણ તેણીને ખેદનું કારણ પૂછ્યું. ॥૯૮॥ રાણીએ પણ કહ્યું કે રાજાઓ તો ચર પુરુષો દ્વારા ચરાચર જગતને જાણે છે. તમે તમારા નગરના સ્વરૂપને પણ જાણતા નથી. ॥૯૯॥ અહીંયા ત્રણ લોકને પૂજિત ભગવાન શ્રી વીર પ્રભુ છે. તેઓ અપૂર્વ અભિગ્રહને લીધે ભિક્ષા લીધા વગર જ પાછા ફરે છે. તેનો કાળ શું તમે જાણો છો ? ॥૧૦૦॥ રાજાએ કહ્યું કે હે દેવી ! શું આપણી નગરીમાં કોઈ ધનવાન નથી ? અથવા તો દુકાળ છે કે જેથી ભગવાનને પણ ભિક્ષા મળતી નથી ? ॥૧૦૧॥ દેવીએ કહ્યું કે ભિક્ષા તો મળે છે. પરંતુ ભિક્ષા લેતા નથી. દરેક ઘરમાં પ્રભુ હંમેશાં પ્રવેશ કરે છે. તેને જાણો. ॥૧૦૨॥ તમારી વિભૂતિ વડે શું ? અમાત્ય વડે પણ શું કંઈ જ જાણતા નથી. અપૂર્ણ અભિગ્રહવાળા સ્વામી વાપરતા નથી. સ્વયં ખાઓ છો, આ શું યોગ્ય છે ? ॥૧૦૩॥ રાજાએ પ્રત્યુત્તર આપ્યો કે હે દેવી ! પ્રમાદરૂપી નિદ્રામાં સૂતેલા મને જગાડ્યો છે. તે તમે સુંદર કર્યું. ॥૧૦૪॥ સવારે કોઈ પણ ઉપાય વડે હું પ્રભુના અભિગ્રહને જાણી લઈશ. આ પ્રમાણે કહીને મંત્રીને બોલાવીને સમગ્ર વૃત્તાંત કહ્યો. ॥૧૦૫॥ મંત્રીએ પણ તે સાંભળીને પ્રભુના અભિગ્રહને જાણવા માટે **તથ્યવાદી** નામના ઉપાધ્યાયને

બોલાવીને પૂછ્યું. ॥૧૦૬॥ તેણે પણ કહ્યું કે, યતિઓના દ્રવ્યાદિથી (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી) ઘણા અભિગ્રહો હોય છે. વિશિષ્ટ જ્ઞાન વિના પ્રભુના અભિગ્રહને જાણી શકાતો નથી. ॥૧૦૭॥ તેથી હે રાજન્ ! અભિગ્રહને ધારણ કરના પ્રભુને હમણાં અનેક પ્રકારની ભિક્ષા આપવી. આ પ્રમાણે ચારે બાજુ નગરમાં ઉદ્‌ઘોષણા કરાવો. ॥૧૦૮॥ ત્યાર પછી રાજા વડે તે પ્રમાણે કરાયે છતે કોઈકે રાજાની આજ્ઞાથી અને કેટલાક ભક્તિના વશથી પ્રભુને અનેક પ્રકારની ભિક્ષા આપી. ॥૧૦૯॥ અપૂર્ણ અભિગ્રહપણાથી તે ભિક્ષાને પ્રભુ કંઈ પણ ગ્રહણ કરતા નથી. છતાં હંમેશાં વિશુદ્ધ ધ્યાનરૂપી અમૃતને પીતા અમ્લાન મુખે રહેતા હતા. ॥૧૧૦॥ પ્રાસુક એવી ભિક્ષાને સ્વામી ગ્રહણ નહિ કરતાં તેથી સર્વ લોકો પોતાની નિષ્ફળ વિભૂતિને માનતા ખેદપૂર્વક રહ્યા. ॥૧૧૧॥

આ જ અરસામાં ૬ માસમાં પાંચ દિવસ ઓછા એવા પ્રભુ ભિક્ષા માટે ધનાવહ શેઠના ઘરે પધાર્યા. ॥૧૧૨॥ ભગવંતને આવેલા જોઈને ચંદનબાળા પણ પદ્મનાળની જેમ એકાએક ઉઠેલા રોમાંચિત શરીરવાળી થઈ. ॥૧૧૩॥ અહો, પુણ્ય, અહો પુણ્ય ! ખરેખર મારું જગતમાં અધિક પુણ્ય છે કે આજે મારા પારણામાં વીર પ્રભુ ભિક્ષાને માટે પધાર્યા ॥૧૧૪॥ આ પ્રમાણે વિચારીને અડદવાળું સૂપડું હાથમાં લઈને બાળા ચાલી. એક પગ ઉંબરાની બહાર અને એક ઉંબરાની અંદર કરીને રહી. ॥૧૧૫॥ બેડીને લીધે ઉંબરો (દેલી) ઉલ્લંઘવાને અસમર્થ ચંદના ત્યાં જ રહી. અદ્‌ભુત ભક્તિવાળી એવી તેણીએ આર્દ્રદૃષ્ટિથી ભગવંતને કહ્યું. ॥૧૧૬॥ હે સ્વામી ! પ્રભુ ! જો કે આ ભોજન આપને માટે તો અનુચિત (અયોગ્ય) છે તો પણ હે કરુણાનિધિ ! આ ગ્રહણ કરીને મારા ઉપર કરુણા કરો. ॥૧૧૭॥ જે પ્રમાણે અભિગ્રહ કરેલો હતો, તે સંપૂર્ણ થયેલો જાણીને પ્રભુએ પણ હાથીની જેમ તે લેવાને માટે હાથ પ્રસાર્યો. ॥૧૧૮॥ પોતાને કૃતાર્થ માનતી, અત્યંત આનંદિત ચંદનાએ સૂપડાના એક ખૂણા વડે તે કુલ્માષ પ્રભુના કરકમલમાં મૂક્યાં. ॥૧૧૯॥ તેણીએ વિચાર્યું કે આવા પ્રકારની જે હું થઈ છું. સ્વામીના અભિગ્રહની પૂર્તિથી આ આપત્તિ પણ મારા હર્ષને માટે થઈ. ॥૧૨૦॥ પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થયેલો જાણીને સ્વામીના પારણાને જાણીને હર્ષપૂર્વક દેવતાઓ ત્યાં આવ્યા અને પાંચ દિવ્યો કર્યા. ॥૧૨૧॥ વસ્ત્રની ધારા, આકાશમાં દેવદુંદુભિ વાગવી, રત્નવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ અને ગંધોદકની વૃષ્ટિ થઈ. ॥૧૨૨॥ બેડીઓ તૂટી અને નૂપુર (ઝાંઝર) થયા. નવો કેશપાશ થયો અને ચંદનાને સર્વ અંગમાં વસ્ત્રાલંકારથી દેદીપ્યમાન કાંતિવાળી કરી. ॥૧૨૩॥ વીણાવાદકની જેમ ઉત્કૃષ્ટ નાદને કરતાં દેવતાઓ હર્ષના ઉત્કર્ષથી વશ થયેલા ગીત નૃત્યાદિક કરવા લાગ્યા. ॥૧૨૪॥

પ્રભુના પારણાને જાણીને **સૌધર્મેન્દ્ર** પણ ત્યાં આવ્યો. તે વખતે દેવો અને વિમાનોથી તે નગર સ્વર્ગ જેવું થયું. ॥૧૨૫॥ હર્ષના કોલાહલથી અને સ્વામીના પારણાથી ચારે બાજુથી નગરના લોકો ધનાવહ શેઠના ઘરે આવ્યા. ॥૧૨૬॥ તે સાંભળીને પોતાને ધન્ય માનતો ધનાવહ શેઠ પણ જલ્દીથી ઘરમાં આવ્યો. અમૃતરૂપી સમુદ્રમાં ડૂબતા (મગ્ન)ની જેમ તેવા પ્રકારની વિશાળ સમૃદ્ધિને જોઈને ખુશ થયો. ॥૧૨૭॥ દુંદુભિના નાદ વડે તે જાણીને શતાનીક રાજા, મૃગાવતી રાણી, મંત્રી સુગુપ્ત અને નંદા સર્વ પરિવાર સાથે ત્યાં આવ્યા. ॥૧૨૮॥ ત્યારે ચંપાના ભંગથી પકડી લાવેલો દધિવાહન રાજાનો સંપુલ નામે કંચુકી મૃગાવતીની પડખે રહેલો. ॥૧૨૯॥ વસુમતીને જોઈને તેણીને ઓળખીને તેના પગમાં પડીને મુક્તકંઠે રૂદન કરવા લાગ્યો. ॥૧૩૦॥ રાજાએ કહ્યું કે હે કલ્યાણકારી ! ઉત્સવના સમયે તું કેમ શોક કરે છે ? અશ્રુધારાથી ભૂમિને ભીંજવતા તેણે રાજાને કહ્યું કે દધિવાહન અને ધારિણીની પ્રાણવલ્લભા આ પુત્રી છે. અત્યારે બીજાના ઘરમાં

દાસીની જેમ રહે છે. આ પ્રમાણે જોઈને મને રૂદન આવે છે. ॥૧૩૧-૧૩૨॥ રાજાએ કહ્યું કે હે ભદ્ર ! શ્રી વીર પ્રભુના અભિગ્રહને પૂર્ણ કરનારી આ ચંદના શોક કરવા યોગ્ય નથી. માટે આમ ન બોલ. ॥૧૩૩॥ તે વખતે મૃગાવતી બોલી કે હે દેવ ! ધારિણી મારી બહેન થાય છે. તેની આ પુત્રી મારી પણ પુત્રી જેવી જ છે. ॥૧૩૪॥ તે સાંભળીને સ્નેહથી રાજાએ પોતાના ખોળામાં તેણીને બેસાડી અને તેણીએ શ્રેષ્ઠીને કહ્યું કે તમારી અનુમતિથી મારે વ્રતને ગ્રહણ કરવું છે. ॥૧૩૫॥ કેટલાક દિવસો વડે સંસારનો વિપાક મેં જોયો છે. તેથી હે તાત ! અહીં રહેવા માટે ક્ષણવાર પણ મારું મન ઈચ્છતું નથી. ॥૧૩૬॥ રાજાએ પ્રેમથી કહ્યું, હે બાળ ! હજુ તો નવી વય છે. યૌવનરૂપી અરણ્ય દુઃખેથી ઓળંગાય તેવું છે. મોહરાજા તો અતિ દુર્જય છે. ॥૧૩૭॥ આ દેવઋદ્ધિને ભોગવીને અને સંસારના સુખનો અનુભવ કરીને વયના પરિપાક થયે છતે હે પુત્રી ! ધર્મમાં ઉદ્યમ કરજે. ॥૧૩૮॥ વળી હે વત્સે ! તારું કોમળ શરીર તપને કેમ સહન કરશે ? સૂર્યના સંતાપને સહન કરવાને માટે ઉગતી કુંપળ સમર્થ નથી. ॥૧૩૯॥ વયોવૃદ્ધ જ પરમાર્થને સાધવા માટે સમર્થ છે. સંપૂર્ણ જગતને પૂર્ણિમાનો ચંદ્ર જ પ્રકાશિત કરે છે, ચંદ્રની રેખાઓ નહિં. ॥૧૪૦॥ તે સાંભળીને શીતળ વચનોથી ચંદનાએ કહ્યું કે હે તાત ! તીર્થંકરોએ ધર્મનો કાળ આ પ્રમાણે કહ્યો છે કે જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી. જ્યાં સુધી શરીર રોગગ્રસ્ત થયું નથી અને જ્યાં સુધી ઈન્દ્રિયો ક્ષીણ થઈ નથી ત્યારે જ ધર્મને આચર (કર). ॥૧૪૧-૧૪૨॥ યૌવન ઘડપણ વડે કોળીયો કરાતે છતે, વૃદ્ધપણું અત્યંત સંતાપ આપતે છતે અને ઈન્દ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરવામાં અસમર્થ હોતે છતે, તપ ક્યાં ? અને જપ ક્યાં ? ॥૧૪૩॥ આ પ્રમાણે સાંભળીને ઈન્દ્રે શતાનીકને કહ્યું કે હે રાજન્ ! આ બાળા ચરમદેહી છે. ભોગ તૃષ્ણાથી વિમુખ છે. જ્યારે પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થશે ત્યારે આ પ્રથમ શિષ્યા થશે. તેથી જ્યાં સુધી પ્રભુને કેવળજ્ઞાન ઉપજે ત્યાં સુધી તમારે તેનું પાલન કરવું. ॥૧૪૪-૧૪૫॥ આ રત્નવૃષ્ટિ ધન વગેરે ચંદના ગ્રહણ કરે અથવા તો ચંદના સ્વયં કોઈને પણ આપે તે ગ્રહણ કરે. ॥૧૪૬॥ આ પ્રમાણે રાજાને કહીને, ચંદનાની સ્તુતિ કરીને અને પ્રભુને પ્રણામ કરીને ઈન્દ્ર દેવતાઓની સાથે દેવલોકમાં ગયો. ॥૧૪૭॥ છ માસમાં પાંચ દિવસ ઓછા રહેતાં તપનું પારણું કરીને વીર પ્રભુ ધનાવહ શેઠના ઘરમાંથી બહાર નીકળ્યા. ॥૧૪૮॥ ચંદનાએ ધન ધનાવહ શેઠને સમર્પણ કરીને મૃગાવતી માસી સાથે રાજમહેલમાં ગઈ. ॥૧૪૯॥ રાજા, મંત્રી અને નગરજનો શ્રેષ્ઠીની પ્રશંસા કરીને ચંદનાની પ્રશંસાથી ખુશ થતાં સર્વે પોતપોતાના સ્થાને ગયા. ॥૧૫૦॥ અનર્થના મૂળ સરખી મૂળાને શેઠે ઘરમાંથી બહાર કાઢી મૂકી તે દુર્ધ્યાન કરતી મૃત્યુ પામીને નરકે ગઈ. ॥૧૫૧॥ ચંદના કન્યાઓના અંતઃપુરમાં રહી. ત્યાં હંમેશાં દેવ બુદ્ધિથી એકમાત્ર વીરનું ધ્યાન કરતી હતી. ॥૧૫૨॥ શૃંગાર વગરની, સદાચારી, નિર્વિકારી, મહાસતી, દાન-શીલ, તપ-ભાવરૂપી ધર્મ કરવામાં જ પરાયણ હતી. ॥૧૫૩॥ સ્વામીને કેવલજ્ઞાન થયે છતે સુર, અસુર અને રાજાઓ વડે કરાયેલો છે દીક્ષા મહોત્સવ એવી તે ચંદનબાળા વિધિપૂર્વક દીક્ષિત થઈ. ॥૧૫૪॥ છત્રીસ હજાર સાધ્વીજીની પ્રવર્તિની થઈ. કેવળજ્ઞાન પામીને તેણી મુક્તિપુરીમાં ગઈ. ॥૧૫૫॥ સુવિશુદ્ધ ચિત્તથી વિધિપૂર્વક હંમેશાં વિધિને જાણનારાઓ સુપાત્રદાન આપે તો તેઓ ચંદનબાળાની જેમ આ ભવમાં ખ્યાતિ (કીર્તિ)ને પામે અને ભવાંતરમાં મુક્તિને મેળવે. ॥૧૫૬॥

॥ દાન ઉપર ચંદનબાળાની કથા ॥૧॥

હવે શીલવ્રત ઉપર દૃષ્ટાંત કહેવાય છે. નર્મદાસુંદરી કથા

આ જ **જંબૂદ્વીપના સુવિશાળ એવા ભરતક્ષેત્રમાં** નગરજનો અને ગુણોથી વધતું **વર્ધમાનપુર** નામનું નગર છે. ॥૧॥ ત્યાં મૌર્યવંશના મુકુટ સમાન ત્રણ ખંડનો સ્વામી **કુણાલ** રાજાનો પુત્ર **સંપ્રતિ** ત્યાં રાજા હતો. ॥૨॥ ત્યાં હંમેશાં જૈનધર્મમાં રક્ત મહાઋદ્ધિવાળો **ઋષભસેન** નામનો સાર્થવાહ હતો. તેને **વીરમતી** નામની પ્રિયા હતી. ॥૩॥ તેને **સહદેવ** અને **વીરદાસ** નામના બે પુત્રો અને સર્વ સ્ત્રીઓમાં અગ્રેસર એવી **ઋષિદત્તા** નામની પુત્રી હતી. ॥૪॥ તેને વરવાને માટે તેના ગુણોથી ખેંચાયેલા ધનાઢ્ય કુમારો આવતા હતા. તે મિથ્યાદૃષ્ટિ હોવાથી તેના પિતા આપતા ન હતા. ॥૫॥ વળી જે કોઈ પણ દરિદ્ર હશે, કુરૂપવાન હશે, પરંતુ એક જિનધર્મને વિષે નિશ્ચલ હશે તેને જ આપીશ. ॥૬॥ આ વાત સાંભળીને **કૂપચંદ્ર** નામના નગરથી તેનો અર્થી એવો **રુદ્રદત્ત** નામનો સાર્થવાહ ત્યાં આવ્યો. ॥૭॥ **કુબેરદત્ત** મિત્રના મહેલમાં વાસણ (કરિયાણા) વગેરે મૂકીને તેની જ દુકાનમાં નગરની ઋદ્ધિને જોતો જેટલામાં બેઠો છે. ॥૮॥ તેટલામાં રસ્તા ઉપર સખીઓ સાથે જતી ઋષિદત્તાને જોઈને આશ્ચર્યવાળા તેણે મિત્રને પૂછ્યું કે શું આ ઋષભસેનની પુત્રી જ છે ? ॥૯॥ તેણે કહ્યું, આ તે છે, પરંતુ મોક્ષરૂપી લક્ષ્મી સન્મુખ છે મુખ જેનું એવા અરિહંતના ઉપાસકો સિવાય તેણી આપવા યોગ્ય નથી. તેથી તેણીને મેળવવાની ઈચ્છા વડે તેણે નિરંતર ગુરુની ઉપાસના કરી. ॥૧૦॥ કપટપૂર્વક શ્રાવક થયો. તેણીમાં જ લીનની જેમ સાતક્ષેત્રમાં ઘણું ધન આપ્યું. રાગાંધ માણસ શું ન કરે ? ॥૧૧॥ તેથી તેને જોઈને તેના આચારને જોઈને ઋષભસેન અત્યંત રંજિત થયો. સ્વયં જ કન્યાને આપી અને ઉત્સાહપૂર્વક પરણાવી. ॥૧૨॥ રુદ્રદત્ત તેણીની સાથે સુખ ભોગવતો જેટલામાં રહ્યો તેટલામાં તો તેના પિતાનો કાગળ તેને બોલાવવાનો આવ્યો. ॥૧૩॥ તેમાં લખેલા ભાવને જાણીને સસરાને પૂછીને પ્રિયાની સાથે રુદ્રદત્ત પોતાના કૂપચંદ્ર ગામ ગયો. ॥૧૪॥ હવે ત્યાં તે પિતા વગેરેથી અભિનંદન પામતો સુખપૂર્વક રહ્યો, કપટપૂર્વક ગ્રહણ કરેલા ધર્મને થોડો થોડો મૂકવા લાગ્યો. ॥૧૫॥ મિથ્યાદૃષ્ટિના સંસર્ગથી ઋષિદત્તા પણ મિથ્યાદૃષ્ટિ થઈ. સુવર્ણ પણ અગ્નિના સંસર્ગથી શું અગ્નિપણાને નથી પામતો ? ॥૧૬॥ તેણીના માતાપિતાએ પણ ઋષિદત્તા મિથ્યાદૃષ્ટિ થઈ છે એમ જાણીને સંદેશો વગેરે પણ છોડી દીધો. સમુદ્રના પેલે પારની જેમ પરસ્પર થોડું પણ અંતર થયું. ॥૧૭॥ એક વખત ઈચ્છાપૂર્વક રુદ્રદત્તની સાથે વિષયસુખ ભોગવતાં ઋષિદત્તાએ કામદેવ સરખા પુત્રને જન્મ આપ્યો. ॥૧૮॥ તેનું નામ **મહેશ્વરદત્ત** રાખ્યું. બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામ્યો. અનુક્રમે કળારૂપી સમુદ્રમાં પારંગત બન્યો અને યૌવનને પામ્યો. ॥૧૯॥

હવે આ બાજુ વર્ધમાનપુર નગરમાં **સહદેવ** નામના તેના મામા છે, તેને **સુંદરી** નામની પત્ની છે. ॥૨૦॥ પોતાના પતિની સાથે સર્વ પ્રકારના સંસારના વૈષયિક સુખને ભોગવતા તેણી એક વખત ગર્ભવતી થઈ અને તેને દોહદ થયો. ॥૨૧॥ હવે દોહદ પૂર્ણ ન થતાં ચિંતાથી પ્રૌઢ શાકિની વડે (ખેંચાયેલા) ચૂસાઈ ગયેલા માંસ-લોહીની જેમ તેણી ચંદ્રલેખાની જેમ કૃશ થઈ. ॥૨૨॥ તેવા પ્રકારની તેણીને જોઈને સહદેવે પૂછ્યું કે હે પ્રિયા ! તારું શું ઈષ્ટ છે ? કે જે પૂર્ણ થતું નથી. જેથી તું આવા પ્રકારની થઈ છે. ॥૨૩॥ તેણીએ કહ્યું કે હે પ્રિય ! ગર્ભના પ્રભાવથી મને આવો દોહદ થયો છે કે પોતાની સામગ્રી વડે આપની સાથે નર્મદા નદીના પાણીમાં સ્નાન કરું. ॥૨૪॥ તેની અપ્રાપ્તિથી હું આવા પ્રકારની થઈ છું. બીજું મને કંઈ અપૂર્ણ નથી. ત્યારબાદ તેણીને આશ્વાસન આપીને તેણે સામગ્રી એકઠી કરી. ॥૨૫॥ હવે મોટા સાર્થને કરીને સો પુત્રોથી પરિવરેલો વિવિધ પ્રકારના કરિયાણાઓને લઈને સારા મુહૂર્ત્તે તે ચાલ્યો. ॥૨૬॥ જીતવાની ઈચ્છાવાળા

રાજાની જેમ અવિરત પ્રયાણ વડે જતાં તેણે નર્મદાના કિનારા પર સૈન્યની જેમ સાર્થનો પડાવ કર્યો. ॥૨૭॥ આનંદદાયક નર્મદામાં હજાર અર્જુનની જેમ મોટી ઋદ્ધિપૂર્વક પ્રિયાની સાથે તેણે મજ્જનક્રીડા કરી. ॥૨૮॥ તેણીનો દોહદ પૂર્ણ થયે છતે ત્યાં જ તેણે **નર્મદાપુર** નામનું નગર વસાવીને અરિહંત પરમાત્માનું ચૈત્ય કરાવ્યું. ॥૨૯॥ ઉત્તમ એવા નગરને સાંભળીને અનેક વાણિયાઓ ત્યાં આવતા મોટો લાભ મેળવતા હતા. તેથી તેની પ્રખ્યાતિ વિશેષ થઈ. ॥૩૦॥ સુખપૂર્વક પૂર્ણ મનોરથવાળી સહદેવની પ્રિયાએ વાદળોની શ્રેણી જેમ વિજળીને તેમ દિવ્ય એવી **કન્યાને** જન્મ આપ્યો. ॥૩૧॥ સહદેવે પુત્રની જેમ તેણીનો જંન્મોત્સવ કર્યો. અત્યંત ખુશ થયેલા તેનું **નર્મદા સુંદરી** એ પ્રમાણે નામ પાડ્યું. ॥૩૨॥ ક્રમપૂર્વક વધતી સર્વ કળાઓરૂપી સમુદ્રના પારને પામેલી વિશેષથી સ્વરમંડળને જાણનારી તેણી થઈ. ॥૩૩॥ તે બાળાએ વિલાસના ક્રીડા મંદિર સરખા યૌવનને પ્રાપ્ત કર્યું. અપ્રતિમ એવા રૂપ, લાવણ્ય, સૌભાગ્ય વડે તેણી વિશેષ ખ્યાતિ પામી. ॥૩૪॥ તેણીના અદ્‌ભૂત રૂપને સાંભળીને ઋષિદત્તાએ વિચાર્યું, આ મારા પુત્રની પત્ની કેવી રીતે થશે ? ॥૩૫॥ હા હા ! ખરેખર નિર્ભાગી એવી સર્વ સ્વજનોએ મારો ત્યાગ કર્યો છે. અથવા અરિહંતના ધર્મરૂપી રત્નને તજનારી મારે આ કેટલું ? ॥૩૬॥ જેઓ વડે મારી સાથે એકવાર બોલવું તે રૂપ આલાપાદિનો પણ ત્યાગ કર્યો છે. તેઓ કેવી રીતે મારા પુત્રને તેવા પ્રકારની કન્યાને આપે ? આ પ્રમાણેની પીડાથી તેણી ઘણું રડી. ॥૩૭॥ તેણીને રડતી જોઈને રુદ્રદત્તે પૂછ્યું કે હે પ્રિયા ! હું તને સ્વાધીન હોતે છતે પણ તને શું દુઃખ છે ? તે કહે, જેથી તે દૂર કરું. ॥૩૮॥ ત્યાર પછી તેણીએ સર્વ કહ્યું. તે સાંભળીને તેના પુત્રે કહ્યું કે હે પિતાજી ! મને મામાના ઘરે હમણાં મોકલો. ॥૩૯॥ વિનય વગેરે ગુણોથી સર્વ સ્વજનોને વશ કરીને તે કન્યાને પરણીને હું માતાને સંતોષ આપીશ. ॥૪૦॥ વિવિધ પ્રકારના કરિયાણા સહિત મોટા સાર્થને લઈને પિતા વડે મોકલાયેલ તે નર્મદાપુર નગર ગયો. ॥૪૧॥ બીજા નગરની જેમ બહાર સાર્થનો પડાવ કરીને સારા દિવસે તે મામાના મહેલમાં ગયો. ॥૪૨॥ નાના વગેરે સર્વ સ્વજનોને જોઈને ખુશ ખુશ થયો. ઘરે આવ્યો છે એ પ્રમાણે સ્થિતિ વડે તેઓએ પણ તેને ઘરે રાખ્યો. ॥૪૩॥ વિનયાદિ પૂર્વક રહેતા ત્યાં તેણે સર્વને ખુશ કર્યા. હવે તેણે કન્યાની માંગણી કરી પણ તેઓએ ના પાડી. ॥૪૪॥ અને કહ્યું કે શઠ એવા તારા પિતા કપટપૂર્વક છેતરીને તારી માતાને લઈ ગયા. તે દેખીને ખાત્રીથી હમણાં અમે પુત્રીને કેમ આપીએ ? ॥૪૫॥ ધર્મની વિચારણા થયે છતે તે કન્યાથી પ્રતિબોધ પામેલો તે સદ્‌ધર્મથી ભાવિત આત્માવાળો હવે પરમ શ્રાવક થયો. ॥૪૬॥ ત્યારબાદ તેને પુત્રીને આપી ઉત્સાહપૂર્વક પરણાવી. ખુશ થયેલા તેણે તેણીની સાથે ધર્મ અને કામ પુરુષાર્થને સાધ્યો. ॥૪૭॥ સ્વજનોને પૂછીને એક વખત પોતાના નગરમાં ગયો. ત્યારે માતા-પિતાએ પણ ઉત્સાહપૂર્વક પોતાના ઘરમાં પ્રવેશ કરાવ્યો. ॥૪૮॥ સાસુ-સસરા વગેરેની ઉચિત સેવા-ભક્તિ કરતી વશીકરણ ગુણો વડે નર્મદાએ બધાને વશ કર્યા. ॥૪૯॥ પોતાને ધન્ય માનતો, ધાર્મિક એવી પત્નીની સાથે દૃઢધર્મવાળો મહેશ્વરદત્ત પણ સુખને અનુભવતો હતો. ॥૫૦॥ ઋષિદત્તાએ પણ ફરીથી અરિહંતના ધર્મને સ્વીકાર્યો અને રુદ્રદત્ત પણ ધાર્મિકમાં અગ્રેસર એવો પરમ શ્રાવક થયો. ॥૫૧॥

એક વખત ગવાક્ષમાં રહેલી દેદીપ્યમાન શૃંગારથી મનોહર એવી નર્મદા દર્પણમાં મુખને જોતી ઉભી હતી. ॥૫૨॥ તેટલામાં નીચે એક સાધુ પસાર થતા હતા. પ્રમાદથી જોયા વગર તેને તાંબૂલ પાનનો રસ નીચે થૂંક્યો અને તે મુનિના મસ્તક ઉપર પડ્યો. ॥૫૩॥ ગુસ્સે થયેલા મુનિ બોલ્યા, તાંબૂલ રસ મારા ઉપર જેણે નાંખ્યો છે, તે પાપાત્મા પ્રિયના વિયોગને ભજનારી થાઓ. ॥૫૪॥ ત્યારે ચારે બાજુથી ભીલ્લના પ્રહાર સરખા મુનિના તે વચનને સાંભળીને નર્મદા સુંદરી અતિ વૃદ્ધાની જેમ કંપતી હતી. ॥૫૫॥ ગવાક્ષથી જલદીથી

ઉતરીને પોતાની અનેક પ્રકારે નિંદા કરતી મુનિને વસ્ત્રથી લુંછીને તેમના ચરણકમળમાં પડીને વિનયપૂર્વક અતિ દીનતાથી તેને (મુનિને) ખમાવીને કહ્યું કે હે જગતને આનંદ આપનારા ! મારા સંસારના સુખને છેદો નહિ ॥૫૬-૫૭॥ આવા પ્રકારની અનાર્ય જેવી ક્રિયાને કરતી મને ધિક્કાર થાઓ, ધિક્કાર હો. દુઃખેથી સહન થાય તેવા ભયંકર દુઃખરૂપી સમુદ્રમાં પ્રમાદથી પોતાને નાંખી. ॥૫૮॥ હે પ્રભો ! આજે જ મારા સર્વ સુખો નાશ પામ્યા છે. પાપિનીઓમાં પણ પાપિણી એવી આજે હું થઈ છું. હે સ્વામી ! દુઃખીઓને વિષે દયાવાળા મહર્ષિઓ હોય છે. તેથી હે કરુણાસિંધુ ! મારા શાપને દૂર કરો. ॥૫૯, ૬૦॥ આ પ્રમાણે અનેક પ્રકારે વિલાપ કરતી એવી તેણીને જાણીને શ્રુતને જાણનારા મુનિએ કહ્યું, 'હે કલ્યાણકારી ! વિલાપવાળી તું અતિ દુઃખી ન થા.' ॥૬૧॥ હે શુભે ! કોપ (ગુસ્સા)ના આવેશથી તને શાપ મેં આપ્યો છે. હમણાં તારા વિનયરૂપી પાણીથી મારો કોપરૂપી અગ્નિ શાંત થયો છે. ॥૬૨॥ હે કલ્યાણકારી ! અનાભોગથી પણ જે મેં શ્રાપ આપ્યો છે તે ભવાંતરમાં નિકાચિત બાંધેલા તારા કર્મનો વિપાક છે. તેથી પોતાના ઉપાર્જન કરેલા કર્મોથી લાંબા કાળનું પ્રિયના વિયોગનું દુઃખ તને થશે. નિકાચિત બંધાયેલા કોઈના કર્મ ભોગવ્યા વગર છૂટકો થતો નથી. ॥૬૩-૬૪॥ હે વત્સે ! પ્રાણીઓ જે પાપકર્મો હસતાં બાંધે છે, તેને રડતા ભોગવવા જ પડે છે. તે નિશ્ચિત છે. તેમાં સંશય નથી. ॥૬૫॥ ત્યારબાદ પરમાર્થ જાણીને વંદન કરીને મુનિને વિસર્જન કર્યા. આ સર્વ વૃત્તાંત પોતાના પતિને રડતાં કહ્યો. ॥૬૬॥ તેણે પણ કહ્યું કે હે પ્રિયા ! અશુભની શાંતિને માટે વિશેષથી જિનેશ્વર ભગવંતની પૂજા વગેરે કર. રડવા વડે શું ? ॥૬૭॥ ગુરુના ઉપદેશની જેમ તેના વચનને સ્વીકારીને તેણી પણ વિશેષ ધર્મમાં રાગી થઈ. વિષય-સુખને ભોગવવા લાગી. ॥૬૮॥ આ પ્રમાણે કાળ પસાર થયે છતે એક વખત મિત્રોની ગોષ્ઠીમાં રહેલા મહેશ્વરદત્તના મિત્રોના સમૂહે કહ્યું કે હે મિત્ર ! યૌવનના સમયમાં મનુષ્યોને ધનનું ઉપાર્જન કરવું જોઈએ. તેમાં પણ પિતાએ મેળવેલી લક્ષ્મીને જે ભોગવે છે, તે આર્ય નથી જ. ॥૬૯-૭૦॥ તેથી **યવનદ્વીપમાં** જઈને ઘણું ધન મેળવીને ઈચ્છા મુજબ વિલાસ કરીએ. આ પ્રમાણે તેણે પણ સ્વીકાર્યું. ॥૭૧॥

ત્યારબાદ પ્રયત્નપૂર્વક તેણે માતાપિતાને બોધ પમાડીને દ્વીપને ઉચિત વિવિધ પ્રકારના કરિયાણાઓ વિગેરે સમગ્ર સામગ્રી તેણે એકઠી કરી. ॥૭૨॥ હવે તેણે નર્મદાસુંદરીને કહ્યું કે, હે પ્રિયા ! તારે અહીં જ રહેવા યોગ્ય છે. કારણ કે મારે સમુદ્રના સામે કાંઠે જવાનું થશે. ॥૭૩॥ જે કારણથી અતિ સુકુમાળ તારું શરીર માર્ગના થાકને સહન નહીં કરી શકે, તેથી હંમેશાં અહીં જ દેવ-ગુરુની ઉપાસનામાં તત્પર થઈને સુખપૂર્વક રહેજે. ॥૭૩-૭૪॥ તેણીએ પણ કહ્યું કે, હે વલ્લભ ! આવા પ્રકારના વચનો ન બોલો. કેમ કે તમારા વિરહની વ્યથાને સહન કરવા માટે હું સમર્થ નથી. ॥૭૫॥ તમારી સાથે રહેતા કષ્ટને પણ સુખની ખાણ સમજીને ચાંદની જેમ ચંદ્રમાને તેમ તમારી પાછળ જ આવીશ. ॥૭૬॥ ત્યારબાદ તેણીને સાથે લઈને મહાસાર્થ સાથે તે નીકળ્યો. સમુદ્રની પાસે જઈને તે સાર્થ પણ વહાણમાં ચડ્યો. ॥૭૭॥ પ્રીતિપૂર્વક સમુદ્રમાં ચાલતાં અનુકૂળ પવનના યોગથી ત્યાં કોઈએ પણ સુમધુર સ્વરે ગાવાનો પ્રારંભ કર્યો. ॥૭૮॥ તે સાંભળીને ખુશ થયેલી સ્વરના લક્ષણના મર્મને જાણનારી તેણીએ કહ્યું કે, હે પ્રિય ! આ ગાનારાનું શરીર શ્યામ છે. ॥૭૯॥ તથા કર્કશ કેશવાળો સાહસિક રણમાં દુર્જય ઉંચા વક્ષસ્થળવાળો, સ્થૂલ હાથવાળો ૩૨ વર્ષનો છે. ॥૮૦॥ આના સાથળ ઉપર કાળી રેખા છે. ગુદા ભાગમાં લાલ મષ છે. તે સાંભળીને ક્ષણવારમાં જ મહેશ્વરદત્ત તેણી ઉપર પ્રેમ વગરનો થયો અને તેણે વિચાર્યું. ॥૮૧॥ કે ખરેખર આની સાથે આણીનો સંબંધ

હોવો જ જોઈએ. અન્યથા આ કેવી રીતે જાણે ? નિશ્ચે બંને કુળને કલંકિત કરનારી આ અસતી છે. ॥૮૨॥ મારા હૃદયમાં હતું કે મારી પ્રિયા શ્રાવિકા મહાસતી છે. જો આ પણ અસતી છે તો ખરેખર સતીવ્રત આધાર વિનાનું થયું. ॥૮૩॥ તેથી આને શું હમણાં જ સમુદ્રમાં નાંખી દઉં ? અથવા છૂરી વડે હણું ? અથવા ડોક મરડીને રાડો પાડતી એને મારી નાંખું ? ॥૮૪॥ આ પ્રમાણે જેટલામાં વિવિધ પ્રકારના મિથ્યા વિકલ્પોને વિચારતો હતો, તેટલામાં તો કૂપ આગળ રહેલા નિર્યામકે ઉંચા અવાજે કહ્યું, હે ભો ! વહાણોને થોભાવો. આ રાક્ષસ દ્વીપ આવ્યો છે. ઈંધન, પાણી વગેરે ગ્રહણ કરી લો. તેની વાણીથી તે સર્વેએ ત્યાં જ વહાણો પણ થોભાવ્યા અને ઈંધન, પાણી વગેરે લઈ લીધા. માયાપૂર્વક મહેશ્વરદત્તે પણ નર્મદાને કહ્યું. ॥૮૫-૮૬-૮૭॥ હે સુંદરી ! આ દ્વીપરમ્ય (મનોહર) છે. તેથી ઉતરીને દ્વીપને જોવાય. હવે તેણી ખુશ થયેલી પતિની સાથે ઉતરીને ભમવા લાગી. ॥૮૮॥ એક વનથી બીજા વનમાં ભમતાં ભય-થાકથી તે બંનેએ એક મોટું સરોવર જોયું. જેના કિનારાની ગીચ ઝાડીની શ્રેણીમાં વાદળનો ભ્રમ થાય છે. ॥૮૯॥ સ્વચ્છ-મીઠા જળથી પૂર્ણ પદ્મિનીના ખંડ જેવું સુશોભિત સરોવરમાં તે બંનેએ જલક્રીડા કરી. ॥૯૦॥ ત્યાંથી પાછા ફરીને તેના કિનારે એક લતામંડપને જોઈને પાંદડાના પલંગને કરીને ક્ષણવારમાં દંપતિ સૂઈ ગયા. ॥૯૧॥

નર્મદાને સૂતેલી જોઈને વૈરીની જેમ દયા વગરનો નિષ્ઠુર શિરોમણિ એવા તેના પ્રિયે (મહેશ્વરદત્તે) વિચાર્યું, આને એકલી જ અહીં મૂકી દઉં. તેથી સ્વયં જ આ મરી જશે. વિચારને અનુરૂપ કરીને ધીમે ધીમે ત્યાંથી તે સરક્યો. ॥૯૨, ૯૩॥ વહાણ નજીક આવતાં મોટા સ્વરે માયાવી રુદન કરવા લાગ્યો. આકુળ થયેલા સાર્થના લોકોએ પૂછ્યું કે, હે સાર્થવાહ ! શું થયું છે ? કેમ રડો છો ? ॥૯૪॥ તેણે કહ્યું કે હે ભો ! મારી પત્નીને રાક્ષસ ખાઈ ગયો. તેણીનું રક્ષણ કરવા અસમર્થ કાયર (ડરપોક) હું ભાગીને અહીં આવ્યો છું. ॥૯૫॥ તમે જલ્દી વહાણોને ભરો. રાક્ષસ કદાચ અત્રે આવે તો તેથી ભય (ડરથી) પામેલા તેઓએ પણ જલ્દીથી વહાણોને ભર્યા ને ચલાવ્યા. ॥૯૬॥ માયાપૂર્વક શોકગ્રસ્તની જેમ ખાવાની ના પાડી. વિલાપ કરતો મોટેથી રડવા લાગ્યો. પૃથ્વી પર આળોટવા લાગ્યો અને મૂર્ચ્છા પામ્યો. ॥૯૭॥ હૃદયથી ખુશ થતાં તેણે વિચાર્યું. આ શુભ જ થયું. જે આ પ્રમાણે મેં કર્યું. તેથી લોકાપવાદ પણ ન થયો. ॥૯૮॥ સાર્થના લોકોએ તેને સમજાવીને મહાકષ્ટપૂર્વક જમાડ્યો. તેઓએ શોકને દૂર કરાવ્યો અને તેને શોકરહિત બનાવ્યો. ॥૯૯॥ ક્રમે કરી તેઓ યવનદ્વીપમાં આવ્યા. ઈચ્છા કરતાં પણ અધિક લાભ સર્વેએ મેળવ્યો. તેથી બધા જ ખુશ થયા. ॥૧૦૦॥ બીજા કરિયાણાઓને ખરીદીને તેવી જ રીતે પોતાના નગરમાં આવ્યા. માતા-પિતાને કહ્યું કે, નર્મદાને રાક્ષસ ખાઈ ગયો છે. તેથી દુઃખી થયેલા તેઓ પણ રડવા લાગ્યા. પુત્રવધૂના મર્યા પછીના લૌકિક આચારો કર્યા. ખરેખર આ મર્યાદા છે. ॥૧૦૧-૧૦૨॥ એકવાર તેમણે સુરૂપવતી બીજી કન્યાને પુત્રની સાથે પરણાવી. દૃઢ પ્રેમવાળો તેણીની સાથે ભોગોને ભોગવતો રહ્યો. ॥૧૦૩॥

હવે આ બાજુ નર્મદા ક્ષણવારમાં ઉઠી છતી પતિને ન જોયો, તેથી મનમાં એ પ્રમાણે વિચારવા લાગી. ॥૧૦૪॥ નિશ્ચે-હાસ્યથી મારો પ્રિય ક્યાંક છૂપાઈ ગયો છે ? હે નાથ ! હે પ્રિય ! મને દર્શન આપો. આવો આવો, આમ વારંવાર બોલવા લાગી. ॥૧૦૫॥ હે કાંત ! પરિહાસ વડે સર્યું. મારું મન અત્યંત દુઃખી થાય છે. તો પણ પતિ ન આવવાથી આશંકાથી જલ્દીથી ઉઠીને ચારે બાજુ સરોવર, વન વગેરેમાં શોધ કરી, પરંતુ ક્યાંય પણ પતિને ન જોતાં ફરીથી બોલી. આવો, આવો, હા, હા, નાથ ! અનાથ એવી મને મૂકીને તમે ક્યાં ચાલ્યા ગયા છો ? શોકથી દુઃખી બનેલી પોતાના અવાજના પ્રતિધ્વનિને (પડઘાને) સાંભળીને મુગ્ધપણાથી

તેણી દોડે છે. ॥૧૦૬-૧૦૭-૧૦૮॥ કાંટાથી વીંધાતા પગમાંથી નીકળતા લોહીથી પૃથ્વીને પણ લાલ કરતી નિકુંજોમાં ભમતાં ભમતાં ફરીથી લતામંડપમાં આવી. ॥૧૦૯॥ તેણીની તેવા પ્રકારની દશાને જોઈને પ્રતિકાર કરવામાં અસમર્થ સૂર્ય લજ્જાથી જ અસ્તને પામ્યો અર્થાત્ સૂર્યાસ્ત થયો. ॥૧૧૦॥ હવે પરિખેદવાળી તેણી તે જ લતાગૃહમાં રડતી ડરતી દીન એવી પાંદડાના સંથારામાં સૂતી. ॥૧૧૧॥ ત્યારે દુઃખી અવસ્થામાં તેણીના શ્વાસોશ્વાસ અત્યંત વધી ગયા. અથવા તો મલીનોને સજ્જનની આપત્તિમાં ઉલ્લાસ થાય. ॥૧૧૨॥ હવે ચિંતાના સમૂહથી આક્રાન્ત હૃદયવાળી તેણીની તે રાત્રિના ચાર પ્રહર દુઃખની પીડાથી કરોડ પ્રહર જેવા થયા. (રાત્રિ માંડ પસાર કરી.) ॥૧૧૩॥ હવે સવારમાં ઉઠીને આમતેમ ભમતી મૃગલાઓ વગેરેને પૂછતી કે શું મારો પતિ તમારા જોવામાં ક્યાંય આવ્યો છે ? ॥૧૧૪॥ હા, દાક્ષિણ્યના સાગર ! હા કૃપારત્ન માટે રોહણાચલ ! હે સ્વામી ! કેમ મારો ત્યાગ કર્યો ? કેમ મને છોડીને ચાલ્યા ગયા ? આ પ્રમાણે વિલાપ કરતી, દરેક ઠેકાણે ભમતી, દરેકને પૂછતી પતિને ક્યાંય પણ નહિ જોતી, નિરાશાવાળી મહાસતીના પાંચ દિવસ પસાર થયા. ॥૧૧૫, ૧૧૬॥ હવે છઠ્ઠા દિવસે વહાણ જ્યાં રોકાયું હતું, ત્યાં આવીને સ્થાન શૂન્ય જોઈને વિચાર્યું. પતિએ મારા કોઈ પણ અપરાધથી મને ત્યજી છે, હું અપરાધને જાણતી નથી. ॥૧૧૭॥ વિમર્શ કરીને જણાયું કે હં, પૂર્વે ઉપાર્જન કરેલું નિકાચિત કર્મ મુનિ વડે જે કહેવાયું હતું, તે હમણાં ઉદયમાં આવ્યું છે. ॥૧૧૮॥ તેથી તેના પ્રભાવથી હે જીવ ! પતિએ મારો ત્યાગ કર્યો છે. એ પ્રમાણે ખોટા સંકલ્પોને છોડીને પોતે કરેલા કર્મોને ભોગવ (સહન કર) ખેદ ન કર. ॥૧૧૯॥ રડ પણ નહિ અને વિલાપ પણ ન કર. સમ્યગ્ ભાવના ભાવ. કેમ કે ગાઢ કર્મરૂપી રોગને કાઢવાનું ઔષધ ધર્મકૃત્ય વિના બીજું કંઈ જ નથી. ॥૧૨૦॥

આ પ્રમાણે ધ્યાન કરીને સરોવરમાં સ્નાન કરીને અરિહંત દેવની સ્થાપના કરીને વંદન કર્યું. ॥૧૨૧॥ ફળના આહાર વડે પ્રાણવૃત્તિને ટકાવીને ગિરિગુફામાં માટીની જિનપ્રતિમા કરીને ભક્તિથી હંમેશાં તેણી વંદન કરતી હતી. ॥૧૨૨॥ પુષ્પોના સમૂહથી પૂજતી હતી. પાકાં ફળોથી ફળપૂજા કરતી હતી. રોમાંચિત થતી હતી, મધુર વાણીથી સ્તુતિ વગેરે કરતી હતી. ॥૧૨૩॥ આ પ્રમાણે દિવસો પસાર કરતી એક દિવસ તેણીએ વિચાર્યું કે, પુણ્યયોગથી જો હું આ સમુદ્રને ઓળંગીશ તો વ્રતને ગ્રહણ કરીશ. ॥૧૨૪॥ આ પ્રમાણે વિચારીને સમુદ્રના કિનારે તેણીએ પતાકા ઉભી કરી. વહાણવટીઓને વહાણ ભાંગી ગયેલાની જે નિશાની છે. ॥૧૨૫॥

આ અરસામાં ક્યાંકથી બબ્બર દેશના બંદરે જતા તેણીના કાકા **વીરદાસ** તે પ્રદેશમાં આવ્યા. ॥૧૨૬॥ ચિહ્નને જોઈને વહાણમાંથી ઉતરીને પગલાઓના રસ્તે ત્યાં આવ્યો કે જ્યાં નર્મદાસુંદરી જિનેશ્વર ભગવંતની સ્તુતિ કરતી હતી. ॥૧૨૭॥ તેનો ધ્વનિ સાંભળીને વિચારમાં પડ્યો કે અહીં નર્મદાનો ધ્વનિ (અવાજ) ક્યાંથી ? જેટલામાં દૃષ્ટિપથમાં આવી તેટલામાં તેણી ઉંચા મુખવાળી થઈ. ॥૧૨૮॥ કાકાને ઓળખીને ગળે વળગીને તેણી રડી. તે પણ તેણીને ઓળખીને રડ્યા. ॥૧૨૯॥ અને પૂછ્યું કે હે પુત્રી ! તું આ વનમાં એકલી કેમ છે ? તેણીએ પણ પોતાનો સઘળો વૃત્તાંત જેવો હતો તેવો કહ્યો. ॥૧૩૦॥ અહો ! ભાગ્યની ઘટના કેવા પ્રકારની છે ? આ પ્રમાણે કહીને તેને લઈને સ્નાનાદિક કરાવીને મોદક વગેરે ભોજન કરાવ્યું. ॥૧૩૧॥ ત્યારબાદ તેણીને સાથે લઈને પવન અનુકૂળ હોવાથી ત્યાંથી ચાલ્યો. બર્બરકુળને પ્રાપ્ત કરીને ખુશ થતો ત્યાં ઉતર્યો. ॥૧૩૨॥ તંબૂને તાણીને તેની મધ્યમાં નર્મદાને મૂકીને કરિયાણા ઉતારીને ભેટણું લઈને રાજા પાસે ગયો. ॥૧૩૩॥ રાજાએ પણ તેનો સત્કાર કર્યો. ઈચ્છા મુજબ કરિયાણાની લેવડ-દેવડની વ્યવસ્થા કરી. ॥૧૩૪॥

ત્યાં રાજાની કૃપાપાત્ર અને વિલાસની રમતગૃહ સરખી **હરિણી** નામની વેશ્યા રહેતી હતી. ॥૧૩૫॥ પોતાના સૌંદર્યના ગર્વથી અપ્સરાઓને પણ હસતી દેશાંતરોમાં પણ સર્વ વેશ્યાઓમાં તેણીની ખ્યાતિ હતી. ॥૧૩૬॥ જકાત ઉઘરાવનારી તે ગણિકા સર્વ વેશ્યાઓના ભાડાને તથા પોતાની કમાણીના અંશને ગ્રહણ કરીને સર્વ રાજાને આપતી હતી. ॥૧૩૭॥ બહારથી આવેલા સાર્થવાહો તે સર્વે રાજાની આજ્ઞાથી તેણીને એક હજારને આઠ સોનામહોરો આપે છે. ॥૧૩૮॥ એક વખત તે વેશ્યાએ વીરદાસની પાસે દાસી મોકલી અને કહેવડાવ્યું કે હે દેવ ! મૃત્યુલોકની ઈન્દ્રાણી હરિણી તમારી સાથે રમવાને ઈચ્છે છે. ॥૧૩૯॥ તેણે કહ્યું કે હે કલ્યાણકારી ! ઈન્દ્રાણીથી પણ અધિક ગુણવાળી તેણી હોવા છતાં તેની કામની ઈચ્છા હું પૂર્ણ નહીં કરી શકું. હું સ્વ પત્નીમાં સંતોષવાળો છું. ॥૧૪૦॥ દાસીએ એક હજાર આઠ સોનામહોરની વ્યવસ્થાની વાત કરી. એટલે વીરદાસે તેને યોગ્ય ૧૦૦૮ સોનામહોરો આપી દીધી. દાસી પણ તે લઈ જઈને હરિણીને ધન આપ્યું. ॥૧૪૧॥ તેણીએ કહ્યું કે આ ધનથી શું ? તું વણિક્પુત્રને અહીં લઈ આવ. આથી ફરી દાસીએ જઈને પોતાની સ્વામીના વચન તેને કહ્યા. ॥૧૪૨॥ તે સાંભળીને વીરદાસે વિચાર્યું કે તેણી મને શું કરી શકશે ? કેમકે મહાપ્રલયકાળ હોતે છતે પણ હું શીલનો ત્યાગ નહિ કરું. ॥૧૪૩॥ તેથી બહાદુર થઈને હું જાઉં. કાયરો ખરેખર જતા નથી. મારા શીલરૂપી સુવર્ણની પરીક્ષા માટે આણી કસોટીનો પથ્થર થાઓ. ॥૧૪૪॥ આ પ્રમાણે વિચારીને તે ત્યાં ગયો. દાંભિકી વેશ્યાએ વિવિધ પ્રકારના હાવભાવોથી તેને ક્ષોભ પમાડવાનો પ્રયત્ન કર્યો. પણ મેરુ જેવો તે ચલાયમાન ન થયો. ॥૧૪૫॥ કર્ણોપકર્ણની જેમ દાસીએ તેના કાનમાં કહ્યું કે હે દેવી ! આની પ્રિયા ઈન્દ્રાણી જેવી છે. બીજું આનું શું વર્ણન કરાય ! ॥૧૪૬॥ જો તેણી તમારે આધીન બને, તમારી દાસી થાય તો તમારો મહેલ નિશ્ચે રત્નોથી રોહણાચલ થાય. ॥૧૪૭॥ ઘણું કહેવા વડે શું ? તેણીના સરખી બીજી સ્ત્રી ક્યાંય પણ નથી. તેને મેળવવાની ઈચ્છાવાળી હરિણીએ પણ તે સાંભળીને વિચાર્યું. ॥૧૪૮॥

તાત્કાલિક બુદ્ધિવાળી વેશ્યાએ ઉપાયને વિચારીને કહ્યું કે હે સૌભાગ્ય અગ્રેસર ! તમારું મુદ્રારત્ન આ (વીંટી) અદ્ભૂત છે. ॥૧૪૯॥ થોડીવાર માટે મને આપો. જેથી હું આવા જ પ્રકારની મારે યોગ્ય બનાવડાવીશ. વીરદાસે તેને વીંટી આપી. ॥૧૫૦॥ હવે તેણીએ પણ દાસીને ગુપ્ત શિખામણ આપી હાથમાં વીંટી સોંપી. ત્યારબાદ દાસીએ નર્મદાની પાસે જલ્દીથી જઈને આ પ્રમાણે કહ્યું. ॥૧૫૧॥ હે કલ્યાણકારી ! વીરદાસ તમને બોલાવે છે. તેથી સાથે ચાલ તારી ખાત્રીને માટે મોકલેલા આ મુદ્રારત્ન અર્થાત્ વીંટીને જો. ॥૧૫૨॥ વીરદાસના નામની અંકિત વીંટીને જોઈને નિર્વિકલ્પ મનવાળી નર્મદાસુંદરી તેની સાથે વેશ્યાના ઘરે ગઈ. ॥૧૫૩॥ બીજા બારણેથી તેને અંદર લઈ જઈને ભોંયરામાં રાખી. વીરદાસને વીંટી વેશ્યાએ પાછી આપી દીધી. ॥૧૫૪॥ હવે વીરદાસ પોતાના સ્થાને ગયો. નર્મદાસુંદરીને નહિ જોતાં સર્વ સેવકોને પૂછ્યું. ચારે બાજુ શોધ કરી. ॥૧૫૫॥ પોતાના આવાસમાં ક્યાંય પણ તેની વાર્તા સાંભળવા મળી નહિ. તેથી તેણે બીજે વન દેવકુલો વગેરેમાં શોધ કરાવી. ॥૧૫૬॥ ત્યાં ક્યાંય પણ તેને નહીં જોઈને દુઃખથી પીડાયેલા તેણે વિચાર્યું. જેણે માયાથી નિષ્કપટ આ સતીનું અપહરણ કર્યું છે, તે હું અહીં હોઉં ત્યાં સુધી મારી બીકથી કેવી રીતે પ્રગટ કરશે ? (અર્થાત્ પ્રગટ નહિ કરે.) તેથી અહીંથી હું જાઉં એટલે તેણીને પ્રગટ કરશે. આ પ્રમાણે આશાથી વહાણોને ભરીને (તૈયાર કરાવીને) તે પોતાના ઘર તરફ પાછો ફર્યો. ॥૧૫૭-૧૫૮॥

તેંડ્યો વહાણવટીઓ સાથે તે ભરુચ આવ્યો. ત્યાં જિનદેવ નામનો તેનો મિત્ર હતો. ॥૧૫૯॥ તેણે તેણીનો

આવ. ॥૧૬૦॥ તેણે પણ સ્વીકાર કરીને ક્ષણવારમાં સઘળી સામગ્રી એકઠી કરી. મિત્ર વત્સલ એવો તે, તે બાળાને પોતાની પુત્રીની જેમ માનતો બર્બર કુલ ગયો. ॥૧૬૧॥ નર્મદાપુરમાં આવીને તેણીનો વૃત્તાંત વીરદાસે જણાવ્યો. તે સાંભળીને સર્વ સ્વજનો દુઃખરૂપી સમુદ્રમાં પડ્યા. ॥૧૬૨॥ આ બાજુ વીરદાસ ગયો. એમ જાણીને દુર્બુદ્ધિ હરિણીએ નર્મદાને કહ્યું, હે ભોળી ! તું વેશ્યાપણાને આચર. ॥૧૬૩॥ નવા નવા પુરુષોની સાથે ઈચ્છાપૂર્વક વૈષયિક સુખને ભોગવ. હે બાલા ! મારી આ સર્વ વિભૂતિ (ઐશ્વર્ય) સંપત્તિ તારી જ છે. ॥૧૬૪॥ તે સાંભળીને બંને હાથોને હલાવતી, મસ્તકને ધૂણાવતી નર્મદાએ કહ્યું કે હે કુલટા ! કુલ અને શીલને હણનારા આવા દુષ્ટ વચનો ન બોલ. ॥૧૬૫॥ નર્મદાના વચનથી કોપ પામેલી વેશ્યા ચાબૂકથી તેને મારવા લાગી. ત્યારે વિકસ્વર કેસુડાના પુષ્પ જેવી રક્તવર્ણની કાંતિવાળી તેણી અડદ જેવી કાળી કાંતિવાળી થઈ. ॥૧૬૬॥ અને કહેવા લાગી કે હે ધૃષ્ટા ! હજુ પણ મારું વચન માને છે કે નહિ. નર્મદાએ કહ્યું કે આ જન્મમાં તો તમારા વચનને કરીશ નહિ. ॥૧૬૭॥ એટલે દુષ્ટા એવી તેણી અધિક અધિક કષ્ટદાયક માર મારવા લાગી. ત્યારે નર્મદાસુંદરી પોતાનું રક્ષણ કરવા માટે પંચનમસ્કાર મંત્રનું સ્મરણ કરવા લાગી. ॥૧૬૮॥ તેના પ્રભાવથી તત્કાળ ભાગ્યરૂપી વજ્રના ઘાતના પ્રહારથી હણાયેલાની જેમ દુરાત્મા એવી તે હરિણી પોતાના પ્રાણોથી મુક્ત થઈ. (મરી ગઈ). ॥૧૬૯॥ હરિણી મૃત્યુ પામી જાણીને રાજાએ મંત્રીને કહ્યું કે અત્યંત સ્વરૂપવાન એવી કોઈક સ્ત્રીને તેના પદે સ્થાપન કર. ॥૧૭૦॥ રાજાના આદેશથી મંત્રી પણ હરિણીના ઘરે આવ્યો. અદ્વિતીય એવા નર્મદાના રૂપને જોઈને વિસ્મિત થયો. ॥૧૭૧॥ નર્મદાને કહ્યું કે રાજાના આદેશથી તને હરિણીના પદે સ્થાપવાની છે. નીકળવાના ઉપાયને વિચારીને નર્મદાએ પણ તે પદ સ્વીકારવાની હા પાડી. ॥૧૭૨॥ તેણીને વેશ્યાના પદે સ્થાપીને ખુશી થતો મંત્રી ગયો અને તેણીએ હરિણીના દ્રવ્યને કલ્પવૃક્ષની જેમ આપ્યું. ॥૧૭૩॥ દાનના સ્વભાવવાળી અત્યંત સ્વરૂપવાન તેણીને જાણીને રાજાએ તેને લાવવા માટે સુખાસન (પાલખી) અને માણસોને મોકલ્યા. ॥૧૭૪॥ પાલખીમાં તેણીને બેસાડીને અંતઃપુરમાં માણસો જેટલામાં લઈ જાય છે, ત્યારે તેણીએ વિચાર્યું કે, જીવતી હું શીલનું ખંડન નહિ જ કરું. ॥૧૭૫॥

અહીંયા મારા શીલના રક્ષણનો ઉપાય કયો ? એ પ્રમાણે વિચારતી મહાસતીએ અતિ દુર્ગંધવાળી કાદવવાળી ખાળ જોઈ. ॥૧૭૬॥ ત્યારબાદ તેણીએ રાજપુરુષોને કહ્યું કે મને અત્યંત તરસ લાગી છે. તેથી પાલખી અહીં મૂકીને મારા માટે પાણી લાવો. ॥૧૭૭॥ જેટલામાં તે લોકો પાણી લાવે છે, તેટલામાં પાલખીમાંથી ઉતરીને ખાળના મહાકાદવમાં ભૂંડણીની જેમ તેણી આળોટવા લાગી. ॥૧૭૮॥ અહો ! અમૃતને પીઉં છું. એમ કહીને તે દુર્ગંધવાળું પાણી પીધું અને ઘોડીની જેમ પૃથ્વી પર આળોટી ગુસ્સાવાળાની જેમ માણસો પર આક્રોશ કરવા લાગી. ॥૧૭૯॥ અને કહેવા લાગી કે હું ઈન્દ્રાણી છું. સરસ્વતી છું, લક્ષ્મી છું. મને જુઓ વિગેરે વિગેરે, પોતાના શીલના રક્ષણને માટે ગાંડાની જેમ વર્તવા લાગી. ॥૧૮૦॥ રાજસેવકોએ જઈને રાજાને સર્વ વાત કહી. એટલે રાજાએ તેને ગ્રહણ કરી નિગ્રહ કરવા માટે માંત્રિકોને મોકલ્યા. ॥૧૮૧॥ માંત્રિકોએ મંત્રોચ્ચાર ચાલુ કર્યા કે તરત જ તેણી ક્રોધથી લાલ લોચનવાળી વિશેષ ગ્રહગ્રહિત દશાને બતાડતી. માંત્રિકોને ગભરાવ્યા. ॥૧૮૨॥ તેઓએ પણ તેનો ત્યાગ કર્યો અને કહ્યું કે ઈચ્છા મુજબ ચેષ્ટા કર. ઢેફાં વડે હણાતી ને મારતી તેણીને બાળકો વીંટળાઈ ગયા. ॥૧૮૩॥ આ પ્રમાણે બહારથી ડાકણની જેવી હૃદયમાં એક ધર્મનું ધ્યાન કરતી પોતાના શીલની રક્ષાને માટે ભમતી હતી. ॥૧૮૪॥

હવે નવરા એવા લોકોથી વીંટળાયેલી તેણી ગરબા ગાતી, નૃત્ય કરતી જિનેશ્વરદેવોના રાસને ગાતી હતી. ॥૧૮૫॥ તેણીને જોઈને જિનદેવે પૂછ્યું, અરિહંત ભક્ત એવી તું કોણ ગ્રહ છે ? (કયા ગ્રહ વડે ગ્રહણ કરાઈ છે ?) તેણીએ કહ્યું અહિં લોકો છે, તેથી પોતાનું નામ નહિં કહું. ॥૧૮૬॥ બીજા દિવસે તેણી ઉદ્યાન સન્મુખ બહાર ચાલી. તેથી બાળકો પાછા ફર્યા. નિરર્થક (પ્રયોજન વગર) કોણ દૂર જાય ? ॥૧૮૭॥ ધર્માનુષ્ઠાનમાં તત્પર એવી તેણીના સ્વરૂપને જાણવાની ઈચ્છાવાળા જિનદેવ વનની અંદર તેની પાછળ ગયો. ॥૧૮૮॥ તેણીને જોઈને અંજલિ જોડીને વંદન કરીને જિનદેવે કહ્યું, "બહેન તને પ્રણામ." ત્યારબાદ તેને શ્રાવક છે એમ માનીને તેણે પોતાનો સઘળો વૃત્તાંત કહ્યો. ॥૧૮૯॥ જિનદેવે પણ કહ્યું કે હે વત્સા ! તારા માટે જ હું અહીં આવ્યો છું. મારા મિત્ર વીરદાસે ભરુચ શહેરથી તારા માટે જ મને મોકલ્યો છે. ॥૧૯૦॥ તેથી ખેદ ન કર. સવારમાં રાજમાર્ગ પર રહેલા મારા હજારો ઘીના ઘડાને લાકડીથી તારે ફૂટવા. ॥૧૯૧॥ આ પ્રમાણે સંકેત કરીને બીજા દિવસે બંનેએ નગરમાં પ્રવેશ કર્યો. રાજમાર્ગ પર રહેલા ઘીના ઘડાને તેણીએ ભાંગી નાંખ્યા. ॥૧૯૨॥ હા ! તારા ગાંડપણથી મોટી હાનિ કેમ કરી ? ત્યારબાદ રાજાએ જિનદેવને બોલાવીને કહ્યું કે અમારા આગ્રહથી સમુદ્રના પેલે પાર આને મૂકી આવો. જેથી અહીં રહેતી વિવિધ પ્રકારના અનર્થોને કરશે. ॥૧૯૩-૧૯૪॥ રાજાના આદેશને સ્વીકારીને રાજા વડે ઘણો સત્કાર કરાયેલો તે દૃઢ બેડીઓથી બાંધીને તેણીને પોતાના સ્થાનમાં તે લઈ ગયો. ।૧૯૫॥ ત્યારબાદ જલદીથી બેડીઓને દૂર કરી સ્નાન કરાવીને વસ્ત્રો પહેરાવ્યા અને ભોજન કરાવીને વહાણમાં ચઢાવીને જલ્દીથી ભરૂચ તરફ ગયો. ॥૧૯૬॥ પોતાના ઘરમાં પ્રવેશ કરીને નર્મદાપુરમાં સમાચાર મોકલ્યા. ખુશ થયેલા તેઓએ પણ તેડવા માટેની તૈયારીઓ કરાવી. ॥૧૯૭॥ જેટલામાં ચાલવાની શરૂઆત કરે છે તેટલામાં તે જિનદેવ તેણીને લઈને નર્મદાપુર આવ્યો. માતા-પિતાદિકને જોઈને ગળે વળગીને તેણી રડવા લાગી. ॥૧૯૮॥ ઋષભસેન વગેરે સર્વ સ્વજનો વરસાદની જેમ આનંદાશ્રુવાળા ત્યાં ભેગા થયા. ॥૧૯૯॥ તેઓએ તેણીને તેનો વૃત્તાંત પૂછ્યો. તેણીએ પણ પોતાનો વૃત્તાંત કહ્યો. તે વખતે જાણે તેઓ સ્વયં દુઃખને અનુભવતા હોય તેવું દુઃખ થયું. ॥૨૦૦॥

નર્મદાસુંદરીનો સંગમ થવાથી દેરાસરમાં ઉત્સવો કર્યા. ઘણા દાનો આપ્યા. સંઘ વગેરેની પૂજા કરી. ॥૨૦૧॥ નર્મદાને લાવી આપનાર સદ્‌બુદ્ધિવાળા જિનદેવનો સર્વેએ સત્કાર-સન્માન કર્યો. જિનદેવ પોતાના નગરે ગયો. ॥૨૦૨॥ નર્મદાસુંદરીને પ્રાપ્ત કરીને દેવલોકના દેવોની જેમ સર્વે સ્વજનોના પ્રેમપૂર્વક સુખમાં દિવસો પસાર થતા હતા. ॥૨૦૩॥ એક વખત ત્યાં સર્વજ્ઞના પ્રતિનિધિ સરખા દશ પૂર્વધર આર્યસુહસ્તિ નામના આચાર્ય ભગવંત પધાર્યા. ॥૨૦૪॥ સૂરીશ્વર પધારેલા જાણીને નર્મદાસુંદરીની સાથે ઋષભસેન વગેરે સર્વે પરિવાર તેમને વંદન કરવા માટે ગયા. ॥૨૦૫॥ વંદન કરીને ગુરુની નજીક બેઠા. ગુરુએ પણ મોક્ષ સુખને આપનાર નિર્મળ એવા ધર્મનો ઉપદેશ આપ્યો. ॥૨૦૬॥ આ અપાર એવા સંસારમાં પોતાના કર્મને ભોગવનારા જીવો પહેલા કરેલા સુખ દુઃખને પ્રાપ્ત કરે છે. ॥૨૦૭॥ તે સાંભળીને મસ્તક નમાવીને અંજલિ જોડીને વીરદાસે પૂછ્યું કે હે પ્રભુ ! મારા ભાઈની પુત્રી નર્મદાએ પૂર્વ ભવમાં કયું કર્મ કર્યું ? કે જેથી અદ્‌ભૂત શીલસંપન્ન પણ તેણીએ આવા પ્રકારની દુર્દશાને પ્રાપ્ત કરી ? ગુરુએ પણ અમૃતમય વાણીથી તેણીનો પૂર્વભવ કહ્યો. ॥૨૦૮-૨૦૯॥

અહીં **ભરતક્ષેત્ર**ના મધ્યખંડમાં રહેલો **વિંધ્ય** પર્વત છે. જેની ઉપર ઉગેલા ધાન્યના ઢગલાને સુખપૂર્વક સૂર્યના ઘોડાઓ ચરે છે. ॥૨૧૦॥ જ્યાંથી મહાવેગથી નર્મદા મહાનદી નીકળતી હતી અને તેની અધિષ્ઠાયિકા

મિથ્યાદૃષ્ટિ **નર્મદા** નામની દેવી હતી. ॥૨૧૧॥ એક વખત નર્મદા નદીની નજીકમાં રહેલા ધર્મરૂચિ મુનિને જોઈને કુબુદ્ધિવાળી નર્મદાદેવીએ મુનિને ઉપસર્ગો સાથે જોડ્યા. કોની જેમ ? વ્યાકરણમાં ધાતુને જેમ ઉપસર્ગો સાથે જોડાય છે તેમ. ॥૨૧૨॥ મુનિની નિશ્ચલતાથી તેણી શાંત થઈ અને પોતાની નિંદા કરવા લાગી. સાધુએ તેને પ્રતિબોધ પમાડીને સમ્યગ્દૃષ્ટિ બનાવી. ॥૨૧૩॥ તે દેવી ચ્યવીને તમારા ભાઈની પુત્રી નર્મદાસુંદરી થઈ. પૂર્વભવના અભ્યાસથી ગર્ભમાં રહેલી તેણીની માતાને નર્મદાસ્નાનનો દોહદ થયો હતો. ॥૨૧૪॥ માત્સર્યપણાથી ત્યારે સાધુને જે ઉપસર્ગો કર્યા, તેનાથી નિકાચિત કર્મ બંધાયું. દુઃસહ એવું કર્મ આણીએ આટલા દિવસ સુધી ભોગવ્યું. ॥૨૧૫॥ આ કર્મના ઉદયથી ગીત ગાનારાના સ્વરથી તેનું સ્વરૂપ પતિને કહ્યું. તે કારણથી તે અસતી છે. આ બુદ્ધિથી તેણીનો ત્યાગ કર્યો. ॥૨૧૬॥ પોતાના પૂર્વભવને સાંભળીને નર્મદાને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી સંવિગ્ન થયેલી તેણીએ તે જ ગુરુની પાસે દીક્ષા લીધી. ॥૨૧૭॥ દુષ્કર તપને કરતા તેણીએ અવધિજ્ઞાન થયું છે, યોગ્ય છે એમ જાણીને ગુરુએ પ્રવર્તિની પદે સ્થાપિત કરી. ॥૨૧૮॥ વિહાર કરતા અનુક્રમે **કૂપચંદ્રપુર** નગરે ગઈ. ઘણા સાધ્વીના પરિવારવાળી તેણી ઋષિદત્તાએ આપેલા ભાગમાં રહી. ॥૨૧૯॥ અરિહંતના ધર્મને હંમેશાં કહેતી હતી. આદરવાળી ઋષિદત્તા સાંભળતી હતી. તેનો પુત્ર મહેશ્વરદત્ત પણ તે સાવધાન થઈને સાંભળતો હતો. ॥૨૨૦॥ મહેશ્વરદત્તને પ્રતિબોધ પમાડવા માટે તેણીએ એક વખત સ્વરશાસ્ત્રના પરાવર્તનને આરંભ્યું. ॥૨૨૧॥ આવા પ્રકારના સ્વરથી આવા પ્રકારના શરીરનો વર્ણ ગાનારનો હોય, આટલા વર્ષનું આયુષ્ય હોય છે. નહિ જોયેલું ને નહિ જાણેલું, પણ સ્વર ઉપરથી નક્કી કરી શકાય છે. આવા પ્રકારના શબ્દથી ગુપ્ત ભાગમાં મષ હોય છે. રુક્ષ સ્વરથી સાથળ ઉપર રેખા હશે એમ જાણી શકાય છે. આ સાંભળીને મહેશ્વરદત્તે વિચાર્યું. ॥૨૨૨-૨૨૩-૨૨૪॥ ખરેખર, મારી પત્ની પણ સ્વરશાસ્ત્રને જાણતી હતી. તેથી જ ગાનારના સાથળ પર રેખા છે, એમ કહ્યું હતું. ॥૨૨૫॥ હા, હા, અતિશય દયા વગરના, અનાર્ય જેવા આચરણ કરનાર, ક્રૂર, પાપી મને ધિક્કાર હો. વિચાર્યા વગર જ ખરાબ સ્વામીની જેમ અપરાધ વગરની દૃઢ પ્રેમવાળી, તેણીનો મેં ત્યાગ કર્યો. એકાકીની મૂકીને હું આવ્યો. ખરેખર મારા હાથમાં રત્ન આવેલું. નિર્ભાગીની જેમ હારી જવાયું. તેથી સ્ત્રી હત્યાના પાપવાળી મારી શુદ્ધિ મૃત્યુ વિના સંભવિત નથી. ॥૨૨૬-૨૨૭-૨૨૮॥ આ પ્રમાણે સાંભળીને વિલાપ કરતાં તેને પ્રવર્તિનીએ કહ્યું કે તે જ નર્મદાસુંદરી ખરેખર હું જીવતી જ છું. ॥૨૨૯॥ આ પ્રમાણે આ પ્રમાણે અહીં આવેલી છું. આવા પ્રકારનાં વ્રતને પ્રાપ્ત કરેલી છું. હે ભદ્ર ! તમે વિલાપ ન કરો. હમણાં તો તમે મારા ભાઈ છો. ॥૨૩૦॥ તેથી હે કલ્યાણકારી ! હમણાં શુદ્ધ સંયમરૂપી પાણી વડે પાપરૂપી મળને પખાળીને નિર્મળ આત્માવાળો થા. ॥૨૩૧॥ તે સમસ્ત સાંભળીને અંજલિ જોડીને અતિશય વિનયપૂર્વકની વાણી વડે મહેશ્વરદત્તે પણ કહ્યું. ॥૨૩૨॥ હે મહાભાગ્યશાળી ! શુદ્ધ શીલવાળા તમને ભયંકર દુઃખરૂપી સમુદ્રમાં પાપી એવા મેં તમને નાંખ્યા છે. તેથી મારા અપરાધને ક્ષમા કરો, ખમાવો. ॥૨૩૩॥ તેણીએ પણ કહ્યું કે તમે સંતાપ ન કરો. તમારા કોઈનો દોષ નથી. ભોગવવા યોગ્ય પોતાના કર્મને વિષે તમે તો માત્ર નિમિત્તભૂત છો. ॥૨૩૪॥ મહેશ્વરદત્તે પણ કહ્યું કે ભાગ્યયોગથી જો મારા ગુરુ અહીં આવશે તો લોકાગ્ર (મોક્ષમાં) આરોહણ કરવા માટે સોપાન (પગથિયાં) સરખી દીક્ષાને હું ગ્રહણ કરીશ. ॥૨૩૫॥

પુણ્યોદયના કાળમાં મનુષ્યોએ ચિંતવેલા પાસા સીધા પડતાં હોય છે, તેમ ત્યારે વિહાર કરતા **આર્યસુહસ્તિ** ગુરુ ત્યાં પધાર્યા. ॥૨૩૬॥ શ્રાદ્ધમાં જમવા માટે બ્રાહ્મણની જેમ મહેશ્વરદત્ત પણ માતાની સાથે

ઉત્સુક એવો ગુરુની પાસે આવ્યો. ॥૨૩૭॥ તરસ્યો જેમ અમૃતને,, દરિદ્ર જેમ નિધિને જોઈ ખુશ થાય તેમ દીક્ષાની ઈચ્છાવાળો, શુદ્ધ બુદ્ધિવાળો તે ગુરુને જોઈને અત્યંત ખુશ થયો. ॥૨૩૮॥ પ્રણામ કરીને સુશિષ્યની જેમ ગુરુની આગળ તે બેઠો. ગુરુના મુખથી શ્રુતરૂપી કૂવાની નીક સરખી દેશનાને સાંભળી. ॥૨૩૯॥ પાસામાં રંગ એકમેક થાય તેમ ગુરુનો ઉપદેશ તેના હૃદયમાં પેઠો. તેમની જ પાસે પોતાની માતા સહિત ઉત્તમ એવા ચારિત્રને ગ્રહણ કર્યું. ॥૨૪૦॥ ત્યારબાદ માતા અને પુત્ર બંને શ્રમણપણાને પાળીને **સ્વર્ગમાં દેવ** થયા. અનુક્રમે મોક્ષને પણ પ્રાપ્ત કરશે. ॥૨૪૧॥ પ્રવર્તિની પણ પોતાના મૃત્યુને નજીક જાણીને અનશન કરીને **દેવલોકમાં** મહર્દ્ધિક દેવ થઈ. ॥૨૪૨॥ ત્યાંથી ચ્યવીને પશ્ચિમ **મહાવિદેહ** ક્ષેત્રમાં **મનોરથ** રાજપુત્ર થઈને ન્યાયપૂર્વક અતિ વિશાળ રાજ્યને ભોગવીને પ્રવ્રજિત થઈને ક્ષીણ કર્મવાળા થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને ભવ્ય જીવોને બોધ પમાડીને મુક્તિમહેલને પ્રાપ્ત કરશે. ॥૨૪૩-૨૪૪॥ કષ્ટમાં પણ સ્ત્રીઓએ નર્મદાસુંદરીની જેમ પુરુષોએ વીરદાસની જેમ શુદ્ધ શીલ સદાચારમાં સ્થિર રહેવું જોઈએ. ॥૨૪૫॥ આ પ્રમાણે ભદ્રબાહુસ્વામીએ બનાવેલ વસુદેવ હિંડીમાં આ લોકમાં નિર્મળ એવી નર્મદાસુંદરીનું ચરિત્ર કર્ણરૂપી પાત્રમાં એક પીવા યોગ્ય છે. ભક્તિવાન (હળુકર્મી) જીવોને મુક્તિનગરીમાં નિવાસ કરાવનારું, આ ચરિત્ર થાઓ. ॥૨૪૬॥

॥ આ પ્રમાણે શીલધર્મ ઉપર નર્મદાસુંદરીની કથા ॥૨॥

હવે તપ ઉપર દૃષ્ટાંત કહે છે : નંદિષેણ કથા

અહીં કલ્યાણના નિવાસના સ્થાન સરખો **મગધ** નામનો દેશ છે. ગામોમાં અગ્રેસર એવું તેમાં **નંદિગ્રામ** નામનું ગામ છે. ॥૧॥ તે ગામમાં દારિદ્રના સ્થાન સરખો એક **બ્રાહ્મણ** છે. સર્વ પ્રકારે પોતાને અનુરૂપ એવી તેને **વસુમિલા** નામની પત્ની છે. ॥૨॥ કુતીર્થીની જેમ ખરાબ દર્શનવાળો તે બંનેને **નંદિષેણ** નામનો પુત્ર છે. સગડી પર તપાવેલી કાળી થઈ ગયેલી તપેલીના તળીયા સરખો બિલાડા જેવો તે ભૂખરો શ્યામ હતો. ॥૩॥ ગણપતિની જેમ લાંબા પેટવાળો, હાથીની જેવા દાંતવાળો, ગધેડા જેવા લાંબા હોઠવાળો, વાંદરા જેવા કાનવાળો, ચપટા નાકવાળો, કોઢ રોગથી અભિભૂત થયેલા ત્રિકોણ મસ્તકવાળો, કુરૂપોના ઉદાહરણ સરખો તે હતો. ॥૪-૫॥ બાલ્યકાળમાં જ તેના માતા-પિતા મરી ગયા. તેથી ભિક્ષાચરની જેમ કોઈ પણ રીતે દીનવૃત્તિથી તે આજીવિકા ચલાવતો હતો. ॥૬॥ કેટલોક કાળ વ્યતીત થયે તે મામાને ત્યાં ગયો અને મામાએ કહ્યું, હે વત્સ ! વિશ્વાસપૂર્વક પોતાના ઘરની જેમ તું અહીં રહે. ॥૭॥ મને સાત પુત્રીઓ છે. તે યૌવનને પ્રાપ્ત કરશે, ત્યારે તેમાંથી મોટીને તારી સાથે પરણાવીશ. તેથી કોઈપણ ચિંતા તું ન કર. ॥૮॥ પ્રૌઢ એવો તે નોકરની જેમ અનુકૂળમનવાળો મામાના ઘરના દરેક કાર્યો કરતો હતો. ॥૯॥ હવે મામાની પ્રથમ દિકરીએ યૌવનને પ્રાપ્ત કર્યું. મને નંદિષેણ સાથે પરણાવશે. તે સાંભળીને તેણીએ કહ્યું. કુરૂપવાળો દુર્ભાગી જો આ મને પરણશે તો હું કૂવામાં પડીને મરી જઈશ, તેમાં સંદેહ નથી. ॥૧૦-૧૧॥ કાનમાં તપાવેલું સીસું રેડવા સરખું આ વચન સાંભળીને નંદીષેણના મનમાં આંબા પર લટકી પડતા વાંદરા સરખી અધૃતિ થઈ. ॥૧૨॥ મામાએ તેને કહ્યું કે તું અધૃતિને કર નહિ. બીજી કન્યા આપીશ, ખરેખર સ્થિર મનવાળાને જ લક્ષ્મી મળે છે. ॥૧૩॥ યોગ્ય સમયે તે કન્યાને કહેવાયું કે નંદીષેણ સાથે તને પરણાવીશ. તેણે પણ તે પતિ માટે નાખુશી વ્યક્ત કરી. સાવધાન એવો કોઈ પણ જીવ ક્યારે પણ શું નરકની સ્પૃહા (ઈચ્છા) કરે ? ॥૧૪॥ આ પ્રમાણે બાકીની પાંચને પણ કહ્યું. તે પાંચેયે પણ ના જ પાડી. જે કારણથી અહીં પ્રાયઃ લોકો ગતાનુગતિક રીતે વર્તતા

હોય છે. ॥૧૫॥ નાકને મરડાવતી પોતાના સૌભાગ્ય વડે ગર્વિત થયેલી, યૌવન વય પ્રાપ્ત થયેલી સર્વે ગામની તરુણીઓ તેને જોઈને તેના પર થૂંકતી હતી. ॥૧૬॥ અહો, ખરેખર, આના સમાન બીજો કોઈ પણ મનુષ્યમાં શિરોમણિ નથી. આ પ્રમાણે ગ્રામ્યજનો વડે મશ્કરી કરાતો નંદિષેણ ખેદ પામ્યો. ॥૧૭॥ મામાએ ફરીથી કહ્યું કે પગ પ્રમાણેના જોડાની જેમ તને અનુરૂપ જ બીજી કન્યાની હું માંગણી કરીશ. તું ધીરજવાળો થા. ॥૧૮॥ તે વાતને નહિ સાંભળીને અતિ ખેદને ભજનાર નંદિષેણે વિચાર્યું. દૌર્ભાગ્યના વિષરૂપી કૂવા સરખા આવા કુરૂપને ધિક્કાર હો. ॥૧૯॥ જે મામાની પુત્રીઓ મને ઈચ્છતી નથી. નહીં જોયેલી બીજી કન્યાઓ તો મને કેમ ઈચ્છશે ? ॥૨૦॥

તેથી વૈરાગ્યને પામેલો મામાને જણાવ્યા (કહ્યા) વગર જ ત્યાંથી નીકળીને નંદિષેણ **રત્નપુર** નગરમાં ગયો. ॥૨૧॥ અપ્સરાઓના સમૂહની સાથે જેમ દેવતાઓ તેમ સ્ત્રીઓની સાથે વિવિધ પ્રકારના અલંકારોથી સજ્જ થયેલા નગરના લોકોને વિલાસ કરતા જોઈને પોતાની વિશેષથી નિંદા કરવા લાગ્યો. દુઃખના સંવેદન માટે જ વિધિએ મને બનાવ્યો છે. ॥૨૨-૨૩॥ બ્રહ્મા (વિધાતા) વડે સર્વ જાણે કે દોર્ભાગ્યનો સમૂહ મારા વિષે જ નાંખ્યો છે. જેથી કોઈ પણ યુવતી મારું મુખ પણ જોતી નથી તો પત્નીની સંભાવના ક્યાંથી ? ॥૨૪॥ તેથી હવે મને જીવિત વડે શું ? હમણાં તો મૃત્યુ જ શ્રેષ્ઠ છે. તે પ્રમાણે વિચારીને ફાંસો ખાવાની ઈચ્છાથી તે ઉપવનમાં ગયો. ॥૨૫॥ ત્યાં એક લતાગૃહમાં નામને સાર્થક કરતા, અતીન્દ્રિય જ્ઞાની, સાક્ષાત્ ધર્મની મૂર્તિ જેવા **સુસ્થિત** મુનિને તેણે જોયા. ॥૨૬॥ ભક્તિથી આનંદિત તેણે મુનિને વંદન કર્યું અને જ્ઞાનના અતિશયથી તેના આશયને જાણીને મુનિએ કહ્યું કે હે ભો ! કલ્યાણકારી ! પુણ્યને ભેગું કર. ફોગટ મરવાનું સાહસ કર નહિ. કેમ કે બીજા ભવમાં જીવની સાથે કર્મ પણ જાય છે. ॥૨૭-૨૮॥ મૂળથી ઉખડી ગયેલા વૃક્ષને જેમ પક્ષીઓ ત્યજી દે છે તેમ તું એમ માને છે કે આવા પ્રકારનું દૌર્ભાગ્યાદિ મરેલા મને ત્યજી દેશે. ॥૨૯॥ કરેલા કર્મ ભોગવવાથી અથવા દુષ્કર એવા તપ વડે ભસ્માતાત્ કરીને ખપાવેલું જાય છે તે સિવાય જતું જ નથી. ॥૩૦॥ ત્યારે ત્યાં મુનિએ ધર્મદેશના કરવા દ્વારા તેને પ્રતિબોધ પમાડીને કર્મરૂપી વનને બાળવા માટે અગ્નિ સમાન દીક્ષાને આપી. ॥૩૧॥ ત્યારબાદ સૂત્રાર્થને ભણ્યા. સંવેગ તરંગવાળા, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, પાંચ સમિતિથી સમિત, એક સાધ્વાચારમાં જ તત્પર, વધતા વૈરાગ્યવાળા, ઉલ્લાસ પામતો છે ભાગ્યનો સમૂહ જેનો તેવા, પોતાના શરીરમાં પણ મમત્વ વિનાના, તપરૂપી કમળમાં ભમરા સમાન ગચ્છવાસને સ્વીકારીને મોક્ષની સ્પૃહાવાળા એવા નંદિષેણ મુનિએ હંમેશાં મારે સાધુની વૈયાવચ્ચ કરવી, તેવો અભિગ્રહ લીધો. ॥૩૨-૩૩-૩૪॥ હંમેશાં સાધુઓને વિષે અન્ન, પાન, ઔષધ, શરીરની સેવા-શુશ્રૂષા વગેરે વૈયાવચ્ચ તેણે અવિરત ચાલુ કરી. ॥૩૫॥ શુદ્ધાત્મા, સંતોષરૂપી અમૃતવાળા તેમણે હંમેશાં છઠ્ઠ આદિથી છ માસ સુધીના તપને કર્યો. ॥૩૬॥ વૈયાવચ્ચ કરવાથી અને તેવા પ્રકારના તે તપથી સર્વ સાધુઓમાં નંદિષેણે ચારે બાજુ પ્રસિદ્ધિને પ્રાપ્ત કરી. ॥૩૭॥

એક વખત અવધિજ્ઞાનથી ભરતને જોતાં શક્રેન્દ્ર નંદિષેણ મુનિની વૈયાવચ્ચથી આશ્ચર્યચકિત થયા. ॥૩૮॥ માથું ધૂણાવતા સભાની મધ્યમાં જ વૈયાવચ્ચરૂપ કાર્યથી પ્રસિદ્ધ એવા નંદિષેણ મુનિને હાથરૂપી કમળની અંજલિ જોડી નમસ્કાર કરીને, વખાણ કર્યા કે અહો ! નંદિષેણ મુનિનો વૈયાવચ્ચ કરવાનો ઉદ્યમ. મહાભાગ્યશાળી મહાસત્ત્વશાળી તે છે. દેવતાઓથી પણ તે ચલાયમાન થઈ શકે તેમ નથી. ॥૩૯-૪૦॥ શક્રના તે વચનની શ્રદ્ધા નહિ કરતો કોઈક દેવ નંદિષેણ મહામુનિની પરીક્ષા કરવા માટે ત્યાં આવ્યો. ॥૪૧॥ હવે તેણે જંગલમાં અતિસાર રોગથી રોગિષ્ટ એક સાધુનું રૂપ વિકુર્વીને બીજા મુનિરૂપથી સાધુના ઉપાશ્રયમાં

આવ્યો. ॥૪૨॥ મોટી આંખો કાઢી ભવાં ચઢાવી દુઃખે કરીને જોઈ શકાય તેવા રૂપવાળો તે દેવ આ પ્રમાણે બોલ્યો કે નંદિષેણ ક્યાં છે ? ક્યાં છે ? ॥૪૩॥ ત્યારે છઠ્ઠના પારણામાં વાપરવા બેઠેલા નંદિષેણ મહામુનિ કોળીયાને હાથમાં ગ્રહણ કરીને રહ્યા હતા. ॥૪૪॥ તેવા પ્રકારના તેને જોઈને કઠોર ભાષાથી કહ્યું કે અરે શું તું નંદિષેણ છે ? તું જ શું વૈયાવચ્ચ કરનાર છે ? ॥૪૫॥ વૈયાવચ્ચનો અભિગ્રહ કરીને હે પેટભરા ! વારંવાર ખાનારા તું ! ખાઉધરા જેવો થઈને ખાવાને માટે પાત્ર ઉપર બેઠેલો છે. ॥૪૬॥ ભોજનમાં આસક્તિ વગરના મિચ્છા મિ દુક્કડં આપીને સંભ્રાન્તપૂર્વક ઉપાડેલા કોળિયાને મૂકીને નંદિષેણે પણ અમૃત સરખી મૃદુવાણીથી તે સાધુને કહ્યું. કાર્ય ફરમાવો. ભોજનને માટે બેઠેલા મને તમારા પ્રયોજનની ખબર નથી. ॥૪૭-૪૮॥ તેણે કહ્યું કે, બહાર એક સાધુ અતિસાર રોગથી ગ્લાન થયેલા વૈયાવચ્ચ કરનારના અભાવથી અને તરસની પીડાથી મરી જશે. ॥૪૯॥ નંદિષેણે કહ્યું હે કલ્યાણકારી ! મને તે મુનિ બતાવો. જેથી હિતકારી ઔષધની ચિકિત્સાથી તેમની હું સેવા-ભક્તિ કરું. ॥૫૦॥ દરેક ઘરમાં પ્રવેશ કરીને તેણે નિર્દોષ પાણી શોધ્યું. તેમને ચલાયમાન કરવા માટે તે દેવ દોષવાળું કરતો હતો. ॥૫૧॥ હવે માંડ માંડ તેમને શુદ્ધ પાણી ગ્રહણ કરવા દીધું, જલ્દીથી તે પાણી લઈને ગ્લાન સાધુની પાસે ગયા. ॥૫૨॥ તે સાધુએ એકદમ આક્રોશપૂર્વક કહ્યું. હું અહીં આવા પ્રકારની દશાવાળો છું. તું તો ભોજનમાં આસક્ત છે. તને ગ્લાનની ચિંતા પણ નથી. ॥૫૩॥ હે મુનિ ! જેમ જેમ વૈયાવચ્ચ કરવાનો અભિગ્રહ બોલાય છે, કહેવાય છે. તેમ તોષથી તું ફૂલી જઈશ. ॥૫૪॥ પોતે વૈયાવચ્ચને કરતો નથી, કરનારને નિષેધે છે અને અભિગ્રહ કરીને તો તું ગ્લાનના ગળામાં જઈને બેઠો. ॥૫૫॥ સાધુ ક્રોધથી ક્યારે પણ સ્પર્શાતો નથી, તેમ મર્મસ્થાનને પીડા કરનારા તે વાક્યોથી તેમજ અંદર અંદર ક્ષુધાના તાપથી તપ્ત એવા તે સાધુના મુખ ઉપર પણ ફેરફાર ન થયો. ॥૫૬॥ અતિ પ્રસન્ન થઈને તે ગ્લાન મુનિને સુમૃદુ વાણીથી કહ્યું, હે ભો ! મારા અપરાધને ખમો, ક્ષમા આપો. હું તમને નિરોગી કરીશ. ॥૫૭॥ આ પ્રમાણે કહીને તેમના શરીરને પાણીથી સાફ કરીને અને તેમને પાણી પીવડાવીને હાથથી પકડીને કહ્યું કે ચાલો હમણાં વસતિમાં. ॥૫૮॥ તે મુનિએ ગુસ્સાથી કહ્યું કે હે મુંડ ! હે મૂર્ખ ! તને ધિક્કાર હો. આવા પ્રકારના કૃશ દેહવાળા મને શું તું જોતો નથી ? ॥૫૯॥ ત્યારબાદ તેમને ખભા પર બેસાડીને નંદિષેણ મુનિ ચાલ્યા. મને હલાવ નહિ, સ્ખલના થાય છે. આ પ્રમાણે બોલતા પગલે પગલે વારંવાર આક્રોશ કરતા હતા. ॥૬૦॥ પ્રયત્નપૂર્વક ખભા પર આરૂઢ થયેલા તે દેવમુનિએ જતા એવા તેના ઉપર નાક ફુટી જાય તેવી તીવ્ર દુર્ગંધમય વિષ્ટા કરી. ॥૬૧॥ જરાક ઉતાવળે ચાલ્યા તો કહ્યું કે મારા વેગઘાતને કરે છે. હે દુષ્ટ શિક્ષિત ! રોગી એવા મને તું મારી નાખીશ. ॥૬૨॥ વિષ્ટા વડે આખું શરીર લેપાયું, છતાં પણ નંદિષેણ મુનિ શુદ્ધ બુદ્ધિવાળા જુગુપ્સા (દુગંછા) કે કંટાળો પણ કરતા નથી. પરંતુ શરીરના તત્ત્વોને વિચારતાં ચાલે છે, લીંબડાથી પણ અધિક કડવા દુર્વચનોને સાંભળીને પણ નંદિષેણે વિચાર્યું, રોગથી પીડાયેલા આ ગમે તેમ બોલે છે. ॥૬૩, ૬૪॥ વળી તેમના દુઃખના દુઃખથી પીડાયેલા કરુણાસાગર નંદિષેણ મુનિ વિચારે છે કે આમને નિરોગી કેવી રીતે કરું ? ॥૬૫॥

જેમ જાત્યવંત સોનું કસોટીના પથ્થર પર રેખાને (પવિત્રતાને) પ્રાપ્ત કરે છે, તેમ મહાન કષ્ટમાં પણ આવા પ્રકારની સુવિશુદ્ધ પ્રતિજ્ઞાવાળા મુનિને જોઈને તેમના સત્ત્વથી ખુશ થયેલા તે દેવે અશુચિ પુદ્ગલોને સંહરીને સુગંધથી ખેંચાયેલા ભમરા જેવી સુગંધી પુષ્પવૃષ્ટિને કરી. ॥૬૬-૬૭॥ મુનિવેષને મૂકીને પ્રગટ થઈને આગળ આવીને **ત્રણ પ્રદક્ષિણા** આપીને નમીને ત્યારે નંદિષેણ મુનિને કહ્યું. ॥૬૮॥ હે મુનિ ! શક્રેન્દ્રે તમારી પ્રશંસા કરી. તે પ્રશંસાને નહિ સહન કરનાર મેં આટલી વેળા તમને ખાવાનો અંતરાય કર્યો. ॥૬૯॥

હે મુનિ ! પરંતુ તમે તો પ્રશંસાને પણ ઓળંગી જનારા છો. વૈયાવચ્ચ કરવાનો ઉદ્યમ અતિશયવંત છે. તેથી તમે ધન્ય છો. દુર્લભ એવા માનવ જન્મને તમે કૃતાર્થ કર્યો છે. ॥૭૦॥ હે સ્વામી ! હે ક્ષમાશ્રમણ ! હે તપસ્વી મહાત્મા ! મારા અપરાધની ક્ષમા અર્પો ! હે મહાસત્ત્વશાળી ! મારા પુણ્યને માટે કંઈક વરદાન માંગો. ॥૭૧॥ મુનિએ કહ્યું કે અતિ દુર્લભ એવો જિનધર્મ મને મળ્યો છે. આટલું જ પર્યાપ્ત છે, આ સિવાય બીજા કંઈ પણ વડે મને પ્રયોજન નથી. ॥૭૨॥ તેથી તેના નિઃસ્પૃહભાવથી વિશેષથી ખુશ થતો તેની ગુણ સ્તુતિમાં તત્પર તે દેવ - દેવલોકમાં ગયો. ॥૭૩॥ નંદિષેણ મુનિ પણ પોતાના ઉપાશ્રયમાં ગયા ત્યારે સાધુઓએ તેમને પૂછ્યું કે તમે ક્યાં ગયા હતા. જેવું બન્યું હતું તેવું કહ્યું. ॥૭૪॥ બીજાની વૈયાવચ્ચમાં પરાયણ સંયમયોગોથી પોતાને ભાવતા તેમના બાર હજાર વર્ષ પસાર થયા. ॥૭૫॥ ત્યારબાદ અંત સમય જાણીને અનશન સ્વીકાર્યું. પોતાના દૌર્ભાગ્ય કર્મને યાદ કરીને નિયાણું કર્યું કે જો, મારા તપ-નિયમ બ્રહ્મચર્યનું ફળ હોય તો પરલોકમાં અત્યંત રૂપવાન અને સર્વ સ્ત્રીઓનો વલ્લભ થાઉં. ॥૭૬-૭૭॥

આ પ્રમાણે નિયાણું કરીને કાળધર્મ પામીને **મહાશુક્ર** નામના સ્વર્ગમાં શક્રના સામાનિક દેવ થયા. ॥૭૮॥ ત્યાંથી ચ્યવીને શૌરપુરીના **અંધકવૃષ્ણિ** રાજાની **સુભદ્રા** મહાદેવીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયા. ॥૭૯॥ સમુદ્રવિજય, અક્ષોભ્ય, સ્તિમિત, સાગર, હિમવાન, અચલ, ધરણ, પૂરણ તથા અભિચન્દ્ર તેના પછી દસમા પુત્ર તરીકે નવ અધિક માસ પૂર્ણ થયે છતે શુભ દિવસે **વસુદેવ** નામે પુત્રપણે જન્મ પ્રાપ્ત કર્યો. ॥૮૦-૮૧॥ સમસ્ત કળાઓ ભણ્યા, હરિવંશના આભૂષણ એવા તેમણે યૌવનને પ્રાપ્ત કર્યું. રૂપ, લાવણ્ય અને સૌંદર્યથી સાક્ષાત્ કામદેવ સમાન તે થયા. ॥૮૨॥ આના સૌભાગ્યની સૌરભને શું કહેવું ? ત્રણે જગતમાં અદ્‌ભૂત સૌભાગ્યવાળા તેના સરખો બીજો નમૂનો પણ ન હતો. ॥૮૩॥ કન્યાઓ તેમને પતિ તરીકે ઝંખતી. મધ્યમ વયવાળી પણ પતિપણે એમને જ ઈચ્છતી અને વૃદ્ધ સ્ત્રીઓ મરીને બીજા ભવમાં આ જ પતિ થાવ, એ પ્રમાણેની માંગણી કરતી હતી. ॥૮૪॥ વિદ્યાધરોની તેમજ રાજાઓની સો કન્યાઓ હું પહેલા પરણું, હું પહેલા, એ પ્રમાણે કહેતી પરણી હતી. ॥૮૫॥ કૃષ્ણનો પિતા થઈને દેવલોકની લક્ષ્મીને ભોગવીને (દેવ થઈને) અનુક્રમે કર્મથી મુક્ત થઈને મુક્તિસુખને તે મેળવશે. ॥૮૬॥ વિદ્યાધરીઓ તેમજ રાજકન્યાઓ ત્યારે હું પહેલાં, હું પહેલાં, આ પ્રમાણેની જે પ્રાર્થના કરતી હતી, તે વસુદેવે પૂર્વભવમાં એકઠા કરેલા તપનો પ્રભાવ હતો. ॥૮૭॥ તેથી ભવ્યાત્માઓએ પણ નંદિષેણની જેમ કાર્ય કરવા યોગ્ય છે. હંમેશાં તપથી અત્યંત દુઃખ આપનારા કર્મના સમૂહ નાશ પામે છે. અહીં નિયાણાને છોડીને ભાવની પ્રધાનતા ગણાવી. ભાવપૂર્વક કરેલા તપથી ઈચ્છિત સિદ્ધિ તરત જ પ્રાપ્ત થાય છે. ॥૮૮॥

॥ આ પ્રમાણે તપ ઉપર નંદિષેણની કથા સમાપ્ત. ॥૩॥

હવે ભાવના ધર્મને બતાવે છે. ઈલાપુત્ર કથા

અહીં **ઈલાવર્ધન** નામે શ્રેષ્ઠ નગર છે. જેમાં લોકો પણ સરળ અને કૌતુકપ્રિય વળી ગંભીર હતા. ॥૧॥ તેમાં **ઈભ્ય** નામે ધનાઢ્ય શ્રેષ્ઠી રહેતો હતો. જેના ઘરમાં સમુદ્રમાં જેમ પાણીના બિંદુઓ કોઈથી પણ ગણી ન શકાય, તેમ રત્નના ઢગલાઓ હતા. ॥૨॥ તેને ગુણોમાં આદરવાળી, દોષોને વિષે અવજ્ઞાવાળી જાણે કે દોષોએ જેનો દૂરથી ત્યાગ કર્યો છે, એવી **ધારિણી** નામની પ્રિયા હતી. ॥૩॥ સુખ-સાગરમાં મગ્ન એવા તે બંનેના દિવસો પસાર થતા હતા. તેમાં કેતુના ઉદયની જેમ પુત્ર રહિતપણાનું દુઃખ હતું. ॥૪॥ ત્યાં નગરની દેવતા **ઈલા** નામની હતી. તેની આગળ ભેટણું મૂકવાથી જે ઈચ્છા હોય તે પૂર્ણ કરે જ એવી આખા

નગરમાં એની ખ્યાતિ હતી. ॥૫॥ તેથી લોકપ્રવાહથી પુત્રની ઈચ્છાવાળા શ્રેષ્ઠીએ પણ પ્રિયા સહિત આદરપૂર્વક તેની આગળ ભેટણું કર્યું (ધર્યું). ॥૬॥ જો મને પુત્ર થશે તો તેનું નામ તમારી સરખામણીવાળું જ કરીશ અને તમારા ભવનમાં મોટી યાત્રાને પણ કરાવીશ. ॥૭॥ અને ભવિતવ્યતાના યોગે શ્રેષ્ઠિનીને ગર્ભનો સંભવ થયો અને યોગ્ય સમયે પવિત્રતમ દિવસે પુત્રનો જન્મ પણ થયો. ॥૮॥ ઈલા દેવીના સ્થાનમાં મોટી યાત્રા કરાવીને ૧૨મા દિવસે **ઈલાપુત્ર** એ પ્રમાણે નામ કર્યું. ॥૯॥ ગિરિન્દ્રની ગુફામાં અંદર રહેલા શ્રેષ્ઠ ચંપકવૃક્ષની જેમ પિતાના ઘરમાં વિઘ્ન વિના તે વધ્યો. ॥૧૦॥ સર્વ કળાના શાસ્ત્રોને અનુક્રમે તે ભણ્યો અને કળાના સર્જન-હારની જેમ થોડા જ દિવસમાં તે તેમાં નિષ્ણાત થયો. ॥૧૧॥ હવે ઉગતા યૌવનવાળો, સર્વજનને આનંદ આપતો, ખરાબ મિત્રોની સાથે ઈચ્છા મુજબ તે રમતો હતો. ॥૧૨॥

એક વખત નગરની અંદર તે તે અતિશયોને સારી રીતે જાણનારી, નાચતી લંખની પુત્રીને ઈલાપુત્રે જોઈ. ॥૧૩॥ વિચાર્યું કે અહો ! જગતમાં આ અદ્વિતીય રૂપવાળી છે. અહો ! આના લાવણ્યરૂપી ક્ષીરસમુદ્રની લહરીઓ જાણે કે આકાશને સ્પર્શ કરતી હોય એવી છે. ॥૧૪॥ આશ્ચર્યની વાત છે કે આ સ્ત્રી કુશળતાના વિલાસનું અંતિમ ઉત્કર્ષ સ્થાન છે. ઘણું કહેવાં વડે શું ? આનો સર્જનહાર (બ્રહ્મા સિવાય) કોઈ બીજો જ છે. ॥૧૫॥ નેત્રોના અપલકપણાને જણાવતો ઈન્દ્ર નાટકમાં અપ્સરાઓને ઝાંખી પાડતી એવી નૃત્ય કરતી આણીને જુએ છે. ॥૧૬॥ આ પ્રમાણે પરમાર્થની જેમ હૃદયમાં તે નટીને વિચારતો તેના ઉંચા ગુણોથી વશ કરાયેલાની જેમ તે ત્યારે થયો. ॥૧૭॥ હવે ચિત્રમાં રહેલાની જેમ નિશ્ચલ એવા તેને જોઈને મિત્રોએ બાહુથી પકડીને કહ્યું કે હે મિત્ર ! આ તું શું ધ્યાન કરે છે ? ॥૧૮॥ મિત્રોનું કહેલું બહેરાની જેમ તેણે કંઈ જ સાંભળ્યું નહિ. મૂઢ બુદ્ધિવાળો તે મૂંગાની જેમ કંઈ પણ બોલ્યો નહિ. ॥૧૯॥ કુળની મર્યાદાને, અપકીર્તિના ભયને તેમજ લજ્જાને છોડીને (ત્યાગ કરીને) તે જ નટીમાં લીન આત્મા એવા તેણે મનમાં આ પ્રમાણે નિશ્ચય કર્યો ! આ કમલાક્ષી નટીને જો હું પરણીશ નહિ તો બળતા અગ્નિમાં મારા જીવિતનો હું ત્યાગ કરીશ. ॥૨૦-૨૧॥ આકુલ એવા મિત્રો કોઈ પણ રીતે તેને ઘરમાં લઈ ગયા. ચિંતારૂપી ભરપૂર જ્વરથી પીડાયેલાની જેવો જ ત્યાં પણ રહ્યો. ॥૨૨॥ ત્યારબાદ અવ્યવસ્થિત તેને જોઈને માતા-પિતાએ તેના મિત્રોને સંભ્રમથી પૂછ્યું કે આ શું થયું છે ? ॥૨૩॥ ત્યારબાદ મિત્રોએ આગ્રહથી તેને પૂછ્યું. નિર્લજ્જની જેમ તેણે કહ્યું તે સાંભળીને એકાએક તેના પિતા વજ્રથી હણાયેલા જેવા થયા. ॥૨૪॥

હવે પિતાએ તેની પાસે આવીને કહ્યું કે, હે પુત્ર ! તેં કેવો વિચાર કર્યો છે ? ખરેખર ચંડાલના ઠંડા પણ પાણીને પીવાને માટે શું બ્રાહ્મણ ક્યારે પણ ઈચ્છે ખરો ? ॥૨૫॥ હે દુષ્પુત્ર ! શું શ્રેષ્ઠીઓની રૂપવતી પુત્રીઓનો દુકાળ પડ્યો છે કે જે વાત કરવાને પણ અયોગ્ય એવી નટીમાં તું રાગવાળો થયો છે ! ॥૨૬॥ હવે ઈલાપુત્રે પણ કહ્યું ! હે પિતાજી ! હું પણ આ જાણું છું. પરંતુ દુર્જન એવો કામ મને અસહ્ય પીડીને પ્રવર્તી રહ્યો છે. ॥૨૭॥ સ્મરથી પીડાયેલા મહાન પણ શું કૃત્ય-અકૃત્ય (કાર્ય-અકાર્ય)ને ગણે છે ? તેથી આ જાણતા એવા તમે મને કેમ આ પ્રમાણેનો આદેશ કરો છો ? ॥૨૮॥ ત્યારબાદ આ ચિકિત્સા કરવા યોગ્ય નથી, એમ જાણીને અને કુબુદ્ધિવાળા ઉપેક્ષા કરવા યોગ્ય છે, એ પ્રમાણે શાસ્ત્રવચનને યાદ કરતા શ્રેષ્ઠીએ તેની ઉપેક્ષા કરી. ॥૨૯॥ હવે ઈલાપુત્રે પોતાના મિત્રોની સાથે નટોને કહેવડાવ્યું કે તમારી કન્યાને ભારોભાર સુવર્ણ તોલીને પણ મને આપો. ॥૩૦॥ તેઓએ કહ્યું કે અમને ઘણા ધનનું પ્રયોજન નથી. વેચવા માટે અમે આ નટીને અહીં લાવ્યા નથી. ॥૩૧॥ વળી રાખેલું ઘણું પણ ધન ભોગાદિથી જાય છે. સર્વત્ર (બધે જ ઠેકાણે) હંમેશાં આ નટી અમારા માટે અક્ષયનિધિ

સમાન છે. ॥૩૨॥ જો તેને આ નટી ઉપર રાગ છે તો નટ થઈને અમને મળે અને અમારી શિલ્પવિદ્યાને શીખે. ॥૩૩॥ ત્યારબાદ પૂર્વભવના સંબંધથી તેના ઉપરના અત્યંત રાગવાળા તેણે જનઅપવાદ અને કુલમર્યાદા તેમજ લજ્જાને અવગણીને જલ્દીથી તેઓને મળ્યો. અલ્પબુદ્ધિવાળો તેની જાતિ જેવો થઈને તેઓથી પણ અધિક વિદ્યાને જલ્દીથી ભણ્યો. ॥૩૪-૩૫॥

હવે નટોએ તેને બોલાવીને કહ્યું કે ઈલાપુત્ર ! તું હમણાં પહેલાં ઘણું ધન મેળવીને પછી આ નટીને પરણ. ॥૩૬॥ હવે તે તેઓના વચનને સ્વીકારીને નટના સમુદાયની સાથે ધન મેળવા માટે અને નટીને પરણવા માટે બેન્નાતટ પુર (નગર) ગયો. ॥૩૭॥ તેની તે વાતને જાણીને કૌતુકથી રાજાએ તેને બોલાવીને કહ્યું. આવતી કાલે તારે મારી આગળ નાટક કરવા યોગ્ય છે. ॥૩૮॥ પોતાની સર્વ સામગ્રીની સાથે ઈલાપુત્ર ત્યાં આવ્યો. રાણીની સાથે નાટક જોવા માટે રાજા પણ ત્યાં બેઠો. ॥૩૯॥ ત્યાં નટોએ પૃથ્વીના તળીયામાં દોરડાથી ચારે બાજુએ ગાઢ બાંધીને અત્યંત ઉંચો (આકાશને અડકનાર) એક વાંસ મૂક્યો. ॥૪૦॥ તેના ઉપર મોટા લાકડાનું પાટીયું મૂક્યું. તેની અંદર બે બે લોખંડની ખીલીઓ નાખી. ॥૪૧॥ નાટક જોવા માટે લોકોને જાણે કે બોલાવવા માટે એકીસાથે મોટા અવાજે વાજિંત્રો વગડાવ્યા. ॥૪૨॥ ત્યારબાદ ઈલાપુત્ર હાથમાં તલવાર અને ઢાલને લઈને અને પગમાં છિદ્રવાળી પાદુકાને પહેરીને તે વાંસ પર ચઢ્યો. ॥૪૩॥ ગાનાર સમૂહના મધ્યમાં રહેલી તે નટકન્યા વાંસના મૂળ પાસે રહી અને અદ્‌ભૂત એવા ગ્રામરાગના સ્વરથી ગાવા લાગી. ॥૪૪॥ જોનારાઓના હૃદયની સાથે ત્યારે ઈલાપુત્ર વાંસની ટોચે તલવાર અને ઢાલને નચાવતો, ૭ પગલા પાછળ ખસતો વળી સાત પગલા આગળ આવતો, ખીલામાં પાદુકાના છિદ્રને કરતા તેણે જુદા જુદા તેજવંત ખેલોને કર્યા. ॥૪૫-૪૬॥ તેથી તેના આ અત્યંત ટોચકક્ષાના નૃત્ય વડે લોક તેવી રીતે ખુશ થયું. જેમ કે સઘળું ય આને દાનમાં આપી દઈએ એવી બુદ્ધિ થઈ. ॥૪૭॥ તે મહાત્માને રાજા વડે શું દાન અપાય છે ? તેની રાહ જોતા લોકોએ દાનની વસ્તુને પરાણે હાથમાં પકડી રાખી. ॥૪૮॥ તે નટીને જોઈને તેનામાં અનુરાગી થયેલા રાજાએ વિચાર્યું કે જો આ પડીને મરી જાય તો આ નટીને હું પરણી શકું. ॥૪૯॥ ઈલાપુત્રને કપટથી રાજાએ કહ્યું કે મારા વડે આ નાટક સારી રીતે જોવાયું નથી, માટે ફરીથી કર. ॥૫૦॥ સર્વે લોકો વિલખા થયા અને શ્યામ મુખવાળા ઈલાપુત્રે લોભથી ફરીથી તેવા જ પ્રકારે કર્યું. ત્યારબાદ સર્વે લોકોએ પણ રાજાની દુષ્ટતાને વિચારી. ॥૫૧-૫૨॥ દ્રવ્યના લોભથી ઈલાપુત્રે ફરીથી પણ તેવા જ પ્રકારનું નાટક કર્યું. લોભથી મૂર્ચ્છાળુ થયેલા લોકો શું વારંવાર એક કાર્ય નથી કરતા ? ॥૫૩॥ હવે રાજાએ વિચાર્યું કે અદ્‌ભુત એવા દૃઢ અભ્યાસથી આ ત્રીજી વખત પણ પડ્યો નહિ. ॥૫૪॥ દુષ્ટ મનવાળા રાજાએ ફરીથી તેને કહ્યું કે જો તું ચોથી વાર નાટક કરીશ તો હું તને ધન આપીશ. ॥૫૫॥ તે સાંભળીને સર્વ લોકો રાજા ઉપર વિરાગી થયા. સાક્ષાત્ તેને આક્રોશ આપવા માટે પ્રવૃત્ત થયા. ॥૫૬॥ ત્યારે ઈલાપુત્રે પણ રાજાના દુષ્ટ આશયને જાણી લીધો. નટીમાં લુબ્ધ એવો આ રાજા ખરેખર (નિશ્ચે) મારા મૃત્યુને જ ઈચ્છે છે. ॥૫૭॥

તે જ વખતે વંશના અગ્રભાગમાં રહેલા તેણે સામેના કોઈક ધનવાનના ઘરમાં ભિક્ષાને માટે આવેલા સાધુને જોયા. ॥૫૮॥ બાહુમાં ધારણ કરેલા કંકણવાળી, ઝાંઝરવાળી, કંદોરાની ઘુઘરીઓના અવાજવાળી, જોતાં જલ્દીથી મનમાં કામરૂપી રાજાને જગાડતી એવી, પુષ્ટ અને ઉંચા સ્તનવાળી, મનોહર, લટકતી મોતીઓની માળાવાળી, દાન આપવા માટે સંભ્રમથી સરકી પડેલ વસ્ત્રવાળી, મુખથી બોલતી, દેદીપ્યમાન શૃંગારરસવાળી, પદ્મિની સ્ત્રીએ આદરપૂર્વક વિવિધ પ્રકારના કિંમતી આહારને આપવાને માટે લ્યો લ્યો

એમ કહેતી સ્ત્રીના દર્શનથી પણ નિર્વિકારી જિતેન્દ્રિય અને પિંડેષણામાં દૃઢ રાગવાળા મુનિના ચિત્તમાં પણ કામવિકાર જરાપણ થયો નહિ. ॥૫૯-૬૦-૬૧-૬૨॥ આટલું જોવાથી સંવેગરસને ભજનારા ઈલાપુત્રે વિચાર્યું કે આ વિસ્મય સૂચક એવા જીવલોકમાં મહામોહનું પ્રગટપણું કેવું છે ? કેવા પ્રકારના સમૃદ્ધ અને ગુણવાળા કુળમાં હુ જન્મ્યો અને મારા માટે હંમેશાં કેટલીય રૂપવતી શ્રેષ્ઠી કન્યાઓની માંગણી આવતી હતી. પરંતુ આ નટીના સંગની સ્પૃહાથી તેમાં રાગી થયો અને ખરેખર હહા. અહીં પણ આવા પ્રકારના અનર્થોનું ભાજન થયો. ॥૬૩-૬૪-૬૫॥ અકાર્યને કરનાર પાપી એવા મને ખરેખર કોણ જોતું નથી. અજ્ઞાનમાં અંધ થયેલા ત્યારે મેં માતાપિતાની તેવા પ્રકારની વ્યથાને કરી. ॥૬૬॥ પોતાના લાઘવપણાનો પણ વિચાર કર્યો નહિ. સ્વજનોએ કહેલું પણ સાંભળ્યું નહિ. કુલાચારને પણ ગણ્યો નહિ અને પોતાના ગુણોનો પણ વિચાર કર્યો નહિ. ॥૬૭॥ પાણીના પ્રવાહની જેમ નીચગામી એવા મેં મત્ત થઈને અકાર્યને કર્યું. આ રાજા તો વળી મારાથી પણ અધિક છે. કેમ કે અપ્સરા સરખી રૂપવાળી અનેક રાજકન્યાઓને પરણીને ઈચ્છા મુજબ વિષય સુખોને ભોગવતો હજુ તૃપ્ત થયો નથી. ॥૬૮-૬૯॥ અસ્પૃશ્ય એવી આ નટીમાં હમણાં રાગવાળો થયો છે. તેથી જલ્દીથી રાજ્યનો ભ્રંશ અને અપકીર્તિને પ્રાપ્ત કરશે. ॥૭૦॥ એક આત્મામાં જ એક ચિત્તવાળા આ સાધુ સિવાય સર્વત્ર અસ્ખલિત એવી રીતે મોહરાજાની આજ્ઞા નિશ્ચે પ્રવર્તે છે. ॥૭૧॥ આ રીતે શૃંગારરસથી યુક્ત એવી સ્ત્રીને જોવા છતાં પણ જરા મનમાં પણ તેની ઈચ્છા સરખી કરતા નથી. ॥૭૨॥ નિર્મળ બ્રહ્મચારી એવા અહીં આ જ ધન્ય છે. હમણાં જ જઈને હું પણ ઉજ્જ્વળ એવા માર્ગને (વ્રતને) સ્વીકારું. ॥૭૩॥ આ પ્રમાણેની ભાવના ભાવતાં તેના ઘાતિકર્મનો નાશ થયો. ભાવચારિત્રના યોગથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ॥૭૪॥

તે નટીએ રાજાના મનમાં રહેલા ભાવને જાણીને વિચાર્યું કે ધિક્કાર હો મારા રૂપને, ધિક્કાર હો યૌવનને, ધિક્કાર હો મારા મનોહર લાવણ્યને. ॥૭૫॥ એક મારા માટે જ કામથી વ્યામૂઢ મનવાળા આણે પોતાના કુલાચારનો અને સંપત્તિ માતા-પિતાદિનો ત્યાગ કર્યો. ॥૭૬॥ અને બીજું વળી આ રાજા તેવું કાંઈક વિચારે છે કે જે વિવેકવાળા જનો વડે કહેવાને માટે પણ પાર પમાય નહિ. ॥૭૭॥ શ્રેષ્ઠ વિવેકરૂપી ચક્ષુ વડે વિચારાતો આ સંસાર અનર્થોરૂપી કેળના ગાંઠા (મૂળ) જેવો સર્વ પ્રકારે કુસેવ્ય છે. ॥૭૮॥ આ પ્રમાણે સંસાર ઉપરના વૈરાગ્યના તરંગોવાળા મનથી ક્ષીણ કર્મવાળી તેણીને પણ કેવળજ્ઞાન થયું. ॥૭૯॥ નાટકને જોવાના રંગથી રંગમંચ પર રહેલી પટ્ટરાણીએ પણ દૃષ્ટિના વિકારને ઈંગિત આકારોથી રાજાના ભાવને જાણીને વિચાર્યું કે હા હા ! કામથી વિલ્વલ મનવાળા મોટાઓ પણ ગ્રહના આવેશથી વશ થયેલાની જેમ અકૃત્યને પણ જાણતા નથી. ॥૮૦-૮૧॥ જો એમ ન હોય તો, આ મહારાજા ક્યાં ? અને ક્યાં આ નટની પુત્રી ? અમારા સાનિધ્યમાં રાજાનો આવ્યો અધ્યવસાય ક્યાં ? ॥૮૨॥ ભવમાં નચાવતા આવા પ્રકારના વિડંબનાના ફળને જાણીને પણ જેને વિષયોમાં વિરાગ થતો નથી તે અહીં મૂઢ બુદ્ધિવાળા જ છે. ॥૮૩॥ આ પ્રમાણે ભાવનાનો પ્રકર્ષ પ્રાપ્ત થતાં મહાબુદ્ધિશાળી તેણીને પણ ત્યારે જ કેવળજ્ઞાનની સંપત્તિ થઈ (કેવલજ્ઞાન થયું). ॥૮૪॥ તેવા પ્રકારના પોતાના વંશને લજ્જા કરનાર અને જનના અસંતોષને જોઈને વિરક્ત આત્મા એવા રાજાએ વિચાર્યું. ॥૮૫॥ અમારું પ્રભુત્વ હણાયું. અમારી વિવેકરૂપી દૃષ્ટિ હણાઈ. જે આવા પ્રકારના લોકવિરુદ્ધ અકૃત્યોને મેં વિચાર્યા. ॥૮૬॥ સમુદ્ર પાણી વડે જેમ અને અગ્નિ ઈંધનો વડે દુઃખેથી પણ પૂરી શકાતો નથી. તેમ વૈષયિક સુખો વડે આત્મા પણ દુષ્પૂર છે. ॥૮૭॥ કુલ ઐશ્વર્યાદિનો ત્યાગ કરતો મૂઢ એવો

આ, નટીમાં રાગી થયેલો મારી પાસે ધન માંગવા માટે આવ્યો. મેં ફરીથી કર આ પ્રમાણે વારંવાર કહ્યું. ॥૮૮॥ તેથી સંસારરૂપી કારાગૃહમાં સ્વતંત્ર એવો કોણ આત્મા વસે ? જેમાં અમારા જેવાની બુદ્ધિઓ પણ અસ્થાનમાં સ્ખલનાને પામે છે. ॥૮૯॥ આ પ્રમાણે ભાવનામાં એકાગ્ર બનેલા તેણે પણ ભાવથી યતિપણું પામીને ક્ષપક શ્રેણિ પર આરૂઢ થઈ કેવળજ્ઞાનને મેળવ્યું. ॥૯૦॥ આ પ્રમાણેની સ્થિતિમાં કેવળી બનેલા તે ચારેયને શાસનદેવતાએ વેષ અર્પણ કર્યો. ॥૯૧॥ તેઓના ચરિત્રથી ચમત્કાર પામેલા નજીકમાં રહેલા વ્યંતરદેવોએ ત્યાં જ ઈલાપુત્રના વાંસના સ્થાને સુવર્ણ કમળ કર્યું. ॥૯૨॥ તેમાં બેસીને લોકોને પ્રતિબોધ પમાડવા માટે ઈલાપુત્રે ત્યારે પોતાનો જ પૂર્વભવ ઉપદેશ્યો. ॥૯૩॥

વસંતપુર નગરમાં **અગ્નિશર્મા** નામે બ્રાહ્મણ હતો. એક વખત ગુરુ પાસે ધર્મ સાંભળીને વ્રતને ગ્રહણ કર્યું. ॥૯૪॥ તેના રાગથી તેની **પત્ની**એ પણ પ્રવર્તિની પાસે વ્રતને સ્વીકાર્યું. અધ્યયન કર્યું પણ સાથે જાતિમદ કર્યો. ॥૯૫॥ સ્થવિરોની પાસે **અગ્નિશર્મા** પણ સિદ્ધાન્ત શાસ્ત્રને ભણ્યો. પૂર્વ અભ્યાસથી પત્નીના અનુરાગને તેણે મૂક્યો નહિ. ॥૯૬॥ તે બંનેએ પણ તે મોટા અતિચારની આલોચના કર્યા વગર જ લાંબા કાળ સુધી વ્રતનું પાલન કરીને અનશન કરીને, મરીને **દેવલોકમાં** ગયા. તે જ હું ઈલાપુત્ર, જાતિમદથી તેણી આ નટી થઈ. ॥૯૭-૯૮॥ ત્યારબાદ પત્ની ઉપરના સ્નેહની આલોચના કરી ન હોવાથી મને દુઃખ પ્રાપ્ત થયું. તેવા પ્રકારનું તે ચરિત્ર સાંભળીને ઘણા માણસો બોધ પામ્યા. ॥૯૯॥ નિર્મળ, પાપ વગરના, કેવળજ્ઞાની એવા તે ચારે પણ ધર્મને કહેવાથી ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી, ભાવનાના પ્રભાવથી, સુવિશદ સુખ એવા મોક્ષને પ્રાપ્ત કર્યો. તેથી હંમેશાં ભવ્ય જીવોએ પણ ભાવનામાં પ્રયત્ન કરવા યોગ્ય છે. ॥૧૦૦॥

॥ ભાવના ઉપર ઈલાપુત્રની કથા સમાપ્ત. ॥૪॥

હવે ધર્મને આપનારા અને ગ્રહણ કરનારાના અલ્પત્વને કહે છે.

रयणत्थिणो वि थोवा, तद्दायारो वि जहव लोगंमि ।
इय सुद्धधम्मरयण-त्थि दायगा दढयरं णेया ।।५।।६५।।

ગાથાર્થ : રત્નોના અર્થી થોડા તેના દાતારો પણ જગતમાં થોડા છે. તેમાં શુદ્ધ ધર્મરત્નને આપનારા અત્યંત વિરલ જાણવા.

ટીકાર્થ : અક્ષરાર્થ સુગમ છે. ફક્ત દઢયરં એટલે દૃઢતર અર્થ છે. ભાવાર્થ આનો આ છે. જેમ ઘાસ, ઈંધન, કણિયા, મીઠા આદિ અસાર દ્રવ્યોને લેનારા અને આપનારા ઘણા હોય, તેમ કુધર્મને ગ્રહણ કરનાર ઘણા બધા હોય છે તેમ તેવા પ્રકારના ભવાભિનંદિઓ ઘણા પરંતુ ધર્મરત્નને ગ્રહણ કરનારા થોડા જ હોય છે. ॥૫॥

હવે ધર્મરત્નને યોગ્ય ત્રણ ગાથા વડે બતાવે છે.

धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो रुववं पगइसोमो ।
लोगप्पिओ अकूरो, भीरु असढो सुदक्खिन्नो ।६।।६६।।

लज्जालुओ दयालू, मज्झत्थो सोमदिट्ठि गुणरागी ।
सक्कहसुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू ।।७।।६७।।
वुड्ढाणुगो विणीओ, कयन्नुओ परहियत्थकारी य ।
तह चेव लद्धलक्खो, इगवीसगुणेहिं संजुत्तो ।।८।।६८।।

ગાથાર્થ : ધર્મરૂપી રત્નને માટે યોગ્ય જીવ-અક્ષુદ્ર[૧], રૂપવાન[૨], પ્રકૃતિથી સૌમ્ય[૩], લોકપ્રિય[૪], અક્રૂર[૫], ભીરૂ[૬], અશઠ[૭], સુદાક્ષિણ્ય[૮] ॥૬॥ લજ્જાળુ[૯], દયાળુ[૧૦], મધ્યસ્થ[૧૧], સૌમ્યદૃષ્ટિ[૧૨], ગુણાનુરાગી[૧૩], સત્કથા કહેનાર, સન્માર્ગ પક્ષપાતી[૧૪], સુદીર્ઘદૃષ્ટિ[૧૫], વિશેષજ્ઞ[૧૬], વૃદ્ધાનુગ[૧૭], વિનીત[૧૮], કૃતજ્ઞ[૧૯], પરહિતકારી[૨૦], લબ્ધલક્ષ[૨૧] આ એકવીશ ગુણથી યુક્ત હોય છે. ॥૭-૮॥

ટીકાર્થ : ધર્મરત્નને યોગ્ય જીવ અક્ષુદ્ર એટલે અતુચ્છ અર્થાત્ ગંભીર આશયવાળો. રૂપવાળો, પ્રકૃતિ સૌમ્ય અર્થાત્ સ્વભાવથી જ ચંદ્રની જેમ આનંદકારી, લોકપ્રિય-લોકોને વલ્લભ, અક્રૂર, ભીરૂ, ડરપોક એટલે લોકોની નિંદાથી ડરપોક, અશઠ એટલે સરળ આશયવાળો, સુદાક્ષિણ્ય. લજ્જાળુ એટલે તે પ્રાણત્યાગમાં પ્રતિજ્ઞાને ન છોડે (ત્યજે), દયાળુ, મધ્યસ્થ એટલે રાગદ્વેષથી રહિત, સોમદૃષ્ટિ એટલે શાંતદૃષ્ટિ. બીજાની ચડતી જોઈ ઈર્ષ્યા ન કરે. ગુણરાગી એટલે ગુણ પ્રત્યે બહુમાની, સત્કથ એટલે બીજાનો અપકર્ષ અને પોતાના ઉત્કર્ષથી રહિત. આ જ સુપક્ષયુક્ત અર્થાત્ સન્માર્ગ પક્ષપાતી, કાર્યને કરતાં દીર્ઘકાળ સુધીના અર્થ-અનર્થ જોવાનો જેનો સ્વભાવ છે, તે સુદીર્ઘદર્શી વિશેષજ્ઞ એટલે કૃત્ય-અકૃત્યને, જાણનાર. વૃદ્ધાનુગ એટલે વૃદ્ધાનુગામી એટલે વૃદ્ધની સલાહ મુજબ વર્તનારો, વિનીત, કૃતજ્ઞ એટલે નાના પણ ઉપકારને જે ઘણો માને છે. પરહિતાર્થકારી અને લબ્ધલક્ષ એટલે સર્વ ક્રિયાઓમાં કુશળ. આ પ્રમાણે જે એકવીશ ગુણથી યુક્ત હોય. તે જ ધર્મરત્નને યોગ્ય છે. અહીં એક, બે, ત્રણ ગુણના અભાવમાં પણ ધર્મરત્નનું યોગ્યપણું માન્યું છે. ॥૮॥

આ પ્રમાણે પૂજ્ય શ્રીચક્રેશ્વરસૂરીશ્વરજી મહારાજે શરૂ કરેલ અને તેમના પ્રશિષ્ય શ્રીતિલકાચાર્યે પૂર્ણ કરેલ સમ્યક્ત્વ પ્રકરણની ટીકામાં સમર્થન કરાવેલ દ્વિતીય તત્ત્વ.

॥ धर्मतत्त्वम् ॥

જેઓ અહીં જિનેશ્વર ભગવંતના વાક્યને લખાવે છે, તે માણસો દુર્ગતિને પામતા નથી. મૂકપણું (મુંગા) જડસ્વભાવ, તેમજ અંધત્વ/આંધળાપણું તથા બુદ્ધિની વિહીનતાપણું (ઓછાપણું) કંઈ જ પામતા નથી. ॥૧॥

જે મનુષ્યો આગમ પુસ્તકને લખાવે છે, તે ધન્ય છે. તે સર્વ શાસ્ત્રને જાણીને સિદ્ધિ પામે છે, તેમાં સંશય નથી. ॥૨॥

ફક્ત કથા ગ્રન્થાગ્રં ॥૪૪૨૬॥

સર્વતઃ ગ્રન્થાગ્રં ॥૪૮૦૮॥

॥૩॥ માર્ગતત્ત્વ ॥

ધર્મતત્ત્વની વ્યાખ્યાન કરી હવે ધર્મતત્ત્વને કહીને માર્ગતત્ત્વનો અવસર છે. આનો પૂર્વની સાથેનો આ સંબંધ છે. ધર્મ સન્માર્ગને અનુસરવા વડે થાય. આથી માર્ગનું પ્રતિપાદન કરવા માટે શૃંખલા સમાન તેની પ્રસ્તાવના કહે છે.

दुलहा गुरुकम्माणं, जीवाणं सुद्धधम्मबुद्धी वि ।
तीए सुगुरु तंमि वि, कुमग्गठिइ संकलाभंगो ।।१।।६९।।

ગાથાર્થ : ભારેકર્મી જીવોને શુદ્ધ ધર્મની બુદ્ધિ દુર્લભ છે. કદાચિત્ થઈ તો તેમાં પણ સુગુરુનો યોગ દુર્લભ છે. તે પણ થયો તો પણ કુમાર્ગની સ્થિતિની શૃંખલાનો ભંગ કરવો (ભાંગી નાંખવી) દુર્લભ છે. ॥૧॥

ટીકાર્થ : ભારેકર્મી જીવોને શુદ્ધ ધર્મની બુદ્ધિ પણ દુર્લભ છે. કાયાથી અનુષ્ઠાન તો દૂર રહો. હવે કોઈ પણ રીતે ભવિતવ્યતાના યોગથી કદાચિત્ બુદ્ધિ થઈ જાય તો પણ તેમાં સુગુરુનો યોગ દુર્લભ છે. કર્મ વિવરથી ક્યાંકથી પણ તે પ્રાપ્ત થાય તો પણ કુમાર્ગ એટલે શિવમાર્ગથી ઉલ્ટો જે માર્ગ તેની સ્થિતિ એટલે વ્યવસ્થા. તે જ શૃંખલા છે. શૃંખલાનો ભંગ (ભાંગવી) તે દુર્લભતમ છે. ॥૧॥૬૯॥

કુમાર્ગ પણ સમજાતે છતે જ સારી રીતે નિષેધ થાય. તે બતાવવા માટે જ કહે છે. તે આ પ્રમાણે -

जिणभवणे अहिगारो, जइणो गिहिणो वि गच्छपडिबद्धा -
जह तह देयं दाणं, सुविहियपासे वयनिसेहो ।।२।।७०।।

जिणभवणबिंबपूया-करणं कारावणं जईणंपि ।
आगमपरम्मुहेहिं, मूढेहिं परूविओ मग्गो ।।३।।७१।।

ગાથાર્થ : જિનેશ્વરના ભવન વિષે યતિઓને અધિકાર હોય છે. પોતપોતાના આચાર્યને વશ રહેનારા ગૃહસ્થોને પણ અધિકાર હોય છે. જેવું તેવું પણ દાન આપવું અને સુવિહિત સાધુ પાસે વ્રતનો નિષેધ કરે. ॥૨॥૭૦॥

આગમથી પરાઙ્મુખ મૂઢો વડે યતિઓને પણ જિનેશ્વરનું ભવન અને બિંબની પૂજા કરવી અને કરાવવી જોઈએ, એવો માર્ગ પ્રરૂપેલ છે. ॥૩॥૭૧॥

ટીકાર્થ : અપિ શબ્દનું ઉભયમાં પણ સંબંધ હોવાથી. તેથી ગૃહસ્થો તો દૂર રહો, પણ સર્વસાવદ્યથી વિરામ પામેલા યતિઓ (મુનિઓ) પણ જિનભવનમાં રહેવા માટે અને જિનદ્રવ્યાદિકનો વિચાર કરવા માટે અધિકારી છે. તેમજ યતિઓ દૂર રહો, પરંતુ સાવદ્ય આરંભવાળા ગૃહસ્થ પણ ગચ્છપ્રતિબદ્ધા એટલે પોતપોતાના આચાર્યના વશમાં રહેલા. જેમ તેમ પણ કરેલું, ખરીદેલું અને સામે લાવેલું આવા દોષવાળું પણ પાત્ર-અપાત્રના વિચાર વગર યતિઓને (સાધુઓને) આપવા યોગ્ય છે. તેમજ સુવિહિત (સુસાધુ) પાસે વ્રત લેવામાં નિષેધ કરે છે. 'તું મારા ગચ્છનો છે' - આ પ્રમાણે બોલતા, મૂઢ થયેલા ભોળા લોકોને ઠગવાને માટે બોલે છે -

જેની જે સ્થિતિ છે, જેની પૂર્વ પુરુષોએ કરેલી જે મર્યાદારૂપ પરંપરા છે, તેનું અતિક્રમણ કરતો અનંત સંસારી થાય છે.

આવી સાધુ વ્યવસ્થાને મૂઢ માણસો ગૃહસ્થોને વિષે જોડે છે. ॥૨॥૭૦॥

બીજી ગાથા સરલાર્થ છે. ॥૩॥૭૧॥

જિનવચનની ઉપેક્ષા-તિરસ્કાર કરતું હોવાથી આ કુમાર્ગ છે. તે બતાવવા માટે કહે છે -

समणाणं को सारो, छज्जीवनिकायसंजमो एअं ।
वयणं भुवणगुरुणं, निहोडियं पयडरूवंपि ।।४।।७२।।

ગાથાર્થ : સાધુપણાનો સાર શું ? આ છ જીવનિકાયનો સંયમ તે સાર છે. તે ત્રણ લોકના ગુરુ એવા અરિહંતના વચનનો સ્પષ્ટ રૂપે અનાદર કરે છે.

ટીકાર્થ : સાધુપણાનો સાર શું ? એટલે મુખ્ય શું ? છ જીવનિકાયનો સંયમ-રક્ષા. આવું ત્રણ ભુવનના ગુરુ એવા અરિહંતનું પ્રગટ રૂપ એવું વચન પણ ન આદર કરાયું. 'નિહોડિયં' એટલે હેડૃ અને હોડૃ ધાતુ અનાદરમાં છે. એટલે આ દેશી વચન છે. તે "નીચું કરવા" અર્થમાં છે. તેઓ સર્વ પ્રકારે જિનમંદિરના વ્યાપારનું આચરણ કરતા અનેષણીય-અશુદ્ધ ગોચરી-પાણીને ગ્રહણ કરતા અને આ ગૃહસ્થો મારા ગચ્છના છે, એમ મમત્વ કરે છે. બીજું પણ જ્યોતિષ, નિમિત્ત, યંત્ર, તંત્ર આદિનો ઉપયોગ કરતા, ષટ્ જીવનિકાયની હિંસા કરતા કેમ ભગવાનના વચનને નીચું ન કરે ? એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪॥૭૨॥

હવે સારી રીતે ગ્રહણ કરવા યોગ્ય છે નામ જેનું એવા આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાએ ચૈત્યમાં નિવાસ કરવાની અનુજ્ઞા આપેલી છે, તો તે આગમથી પરાડ્મુખ છે, એમ કેવી રીતે કહેવાય ? એ પ્રમાણે શંકા કરીને ઉત્તર આપે છે.

मन्नंति चेइयं अज्ज-रक्खिएहिमणुनायमिह केई ।
ताण मयं मयबज्झं, जम्हा नो आगमे भणियं ।।५।।७३।।

ગાથાર્થ : કેટલાક એમ માને છે કે આર્યરક્ષિતસૂરિએ ચૈત્યમાં નિવાસ કરવાની અનુજ્ઞા આપી છે. તેઓનો મત આગમથી બાહ્ય છે. કારણ કે આગમમાં તેવું કહેલું નથી.

ટીકાર્થ : સ્પષ્ટ છે, પરંતુ ચૈત્ય એટલે ચૈત્ય નિવાસ માટે એમ જાણવું અને 'મયબજ્ઝં' એટલે મત બાહ્ય એટલે આગમથી બહાર છે. ॥૫॥૭૩॥

તો શું કહેલું છે તે જણાવે છે –

एयं भणियं समए, इन्देणं साहुजाणणनिमित्तं ।
जक्खगुहाए दारं, अन्नमुहं ठावियं तइया ।।६।।७४।।

ગાથાર્થ : આ પ્રમાણે આગમમાં કહેલું છે કે ત્યારે ઈન્દ્ર વડે સાધુઓને જણાવવા માટે યક્ષગુફાનું દ્વાર અવળા મુખવાળું સ્થાપન કરાયું.

ટીકાર્થ : આ સ્પષ્ટ જ છે. પરંતુ યક્ષગુફા એટલે ગુફા જેવું હોવાથી - યક્ષ એવા વ્યંતરની ગુફા એટલે નિવાસ - તે યક્ષગુફા ત્યારે તે વસતિ કરાયેલી હતી. ચૈત્યમાં વસતિ કરાઈ નથી. ॥૬॥૭૪॥

આ અર્થ કથાનકથી જાણવા યોગ્ય છે, તે આ છે.

આર્યરક્ષિતસૂરિ કથા

લવણ સમુદ્રમાં વહાણની જેવો **જંબૂ** નામનો દ્વીપ છે. જેની મધ્યમાં કૂપસ્તંભ સરખો મેરુ પર્વત જ્યાં છે અને સદ્ય જેવા જ્યોતિષ્ચક્ર છે. ॥૧॥ તેમાં ઘણા ધાન્યથી મનોહર એવું **ભરતક્ષેત્ર** છે. જેમાં ખાતર પાડવું તે પણ આશ્ચર્ય છે, તો પછી લૂંટફાટ ક્યાંથી ? ॥૨॥ લક્ષ્મીની જન્મભૂમિ રાજાઓને રક્ષણના હેતુ સરખો, સમુદ્રની જેમ વિશાળ એવો **અવંતિ** દેશ હતો. ॥૩॥ તેમાં પણ અદ્વિતીય ઐશ્વર્યથી અને દશે દિશાઓના સારભૂત પુદ્ગલોથી જ જાણે બનાવેલું હોય તેમ **દશપુર** નામનું નગર હતું. ॥૪॥ ત્યાં વિનમ્રથી અનેક રાજાઓના મુગુટની માળાથી પૂજાયેલા ચરણવાળો, હણ્યા છે શત્રુ જેને એમ યથાર્થ નામવાળો **જિતશત્રુ** રાજા હતો. ॥૫॥ નિષ્કલંકિત, સારા વ્રતવાળી અને દેદીપ્યમાન કાંતિવાળી, હંમેશાં જાણે કે ચંદ્રની જ બીજી મૂર્તિ ન હોય તેવી સૌમ્ય **ધારિણી** નામની તેને રાણી હતી. ॥૬॥ ત્યાં પ્રખ્યાત, રાજાને પણ માન્ય, નગરના લોકો પર વાત્સલ્યવાળો, પુરોહિત **સોમદેવ** નામનો બ્રાહ્મણ હતો. ॥૭॥ તેને ગુણરત્નાકર, અરિહંતના ધર્મને માનનારી, કરુણારૂપી પાણીના તરંગવાળી **રુદ્રસોમા** નામે પત્ની હતી. ॥૮॥ ભવિષ્યમાં તત્ત્વથી પવિત્ર એવા બે પુત્રો હતા. તેમાં મોટો **આર્યરક્ષિત** નામનો અને બીજો **ફલ્ગુરક્ષિત** નામથી હતો. ॥૯॥ તેમાં પણ આર્યરક્ષિતે જનોઈ ધારણ કરી ત્યારથી આરંભીને તેના પિતાની પાસે જે કંઈ પણ જ્ઞાન હતું તે ભણ્યો હતો. ॥૧૦॥ ફળદ્રુપ જમીનની જેમ શાસ્ત્રરૂપી સમુદ્રને પીવા માટે મહાતૃષ્ણાળુ તે પિતાની અનુજ્ઞાથી **પાટલીપુત્રમાં** જઈને ભણ્યો. ॥૧૧॥ છ અંગોને, ચાર વેદોને, મીમાંસાને, ન્યાયશાસ્ત્રને, પુરાણ ને ધર્મશાસ્ત્રને એમ આ ચૌદ વિદ્યા પારગામી થયો. ॥૧૨॥ વિદ્યાઓને ભણીને મહાપ્રજ્ઞાવાન્ તેઓનો જાણે કે સર્જનહાર હોય તેની જેમ તેમાં રહેલા સમસ્ત રહસ્યોનો નિશ્ચય કરીને તે જલ્દીથી પાછો ફર્યો. ॥૧૩॥ શાસ્ત્રરૂપી સમુદ્રમાં પારંગત બનેલા તેના આગમનને સાંભળીને પોતાના સમસ્ત નગરને ઉંચી ધ્વજા-પતાકાઓથી શણગારાવીને તેની સન્મુખ સ્વયં આવીને રાજાએ તેને હાથીના સ્કંધ પર બેસાડાવીને અત્યંત મોટા ઉત્સાહપૂર્વક નગર પ્રવેશ કરાવડાવ્યો. ॥૧૪-૧૫॥ પહેલા બહારની શાળામાં તે બ્રાહ્મણ ઉતર્યો. ત્યાં રાજાએ તેને મોટું દાન આપ્યું. ॥૧૬॥ ત્યારબાદ બીજા પણ ઘણા લોકોએ ત્યાં આવીને વસ્ત્રાદિ વગેરેના ભેટણા દિગ્જય કરીને આવેલા રાજાની જેમ કર્યા. (આપ્યા). ॥૧૭॥ તેના આગમનથી ગૃહલક્ષ્મી પણ ખુશ થયેલાની જેમ બાંધેલા તોરણના બહાનાથી ડોકના આભરણને તેણે ધારણ કર્યું. ॥૧૮॥ ઘરના દ્વારમાં રહેલા ચાર મંગળોની જેમ સાક્ષાત્ તેને જોવાને માટે જ આવ્યો હોય, તેવો મોતીનો ચાર સેરવાળો હાર શોભતો હતો. ॥૧૯॥ અને બીજા બંધુઓ, સ્વજનોએ આપેલા ભેટણાઓ વડે તેનું ઘર કુબેરની જેમ થોડા જ દિવસોમાં ભરાઈ ગયું. ॥૨૦॥ રાજાઓ વડે સત્કાર-સન્માન કરાતા તેને જોઈને તેના ભાઈઓએ માન્યું કે આ આપણા કુળમાં કુળના અલંકારને કરનાર છે. (કુળને આગળ વધારનાર) ॥૨૧॥

હવે તેણે વિચાર્યું કે હા હા ! હજુ સુધી પણ માતા અભિવાદન માટે કેમ નથી આવી ? પ્રમાદરૂપી મદિરાના વશ આટલો કાળ કેમ રહી છે ? ॥૨૨॥ વત્સ, વત્સ ! આ પ્રમાણે નિરંતર મારા પ્રતિ બોલતા હોઠ પણ જેના સૂકાઈ જતા, વિવિધ પ્રકારના અતિ સ્નેહથી ભરપૂર એવી માતા હજુ સુધી કેમ દેખાતી નથી ? ॥૨૩॥ તે હું દુષ્પુત્ર વિલંબ વડે તે માતાને જોઈશ ! અહો મારે વિષે માતાની નિઃસ્નેહરૂપી વેલડી ઉત્કર્ષને પામી છે. ॥૨૪॥ આ પ્રમાણે વિચારીને દિવ્ય અંગરાગવાળા, સુગંધી પારિજાત વૃક્ષનું આચરણ કરનાર, મહાકિંમતી ને વિરલ પુરુષને ઉચિત એવા અલંકારોને ધારણ કરનાર, તાંબૂલના રંગથી લાલ થઈ

ગયેલ હોઠને દાંતની પંક્તિવાળો, સૂર્યની ગરમીને ઢાંકનાર એવા પોતાના યશરૂપી ઉજ્જ્વળ છત્રને ધારણ કરનાર, તેજવાળાઓમાં અગ્રેસર એવો તે આર્યરક્ષિત જલ્દીથી ઉઠીને પોતાના સ્થાને ગયો. ॥૨૫-૨૬-૨૭॥ સ્નેહથી ભીંજાયેલી આંખવાળો તે ભક્તિથી પ્રેમપૂર્વક પોતાની માતાને નમ્યો અને માતાએ પણ કહ્યું કે હે વત્સ ! અક્ષય થા. અજરામર થા. ॥૨૮॥ આ પ્રમાણે આશીર્વાદ આપીને અને સ્વાગતને પૂછીને તેણી ઉદાસીનની જેમ રહી. બીજુ કંઈ પણ તેણીએ પૂછ્યું નહિ. ॥૨૯॥ માતાના પુત્ર પ્રત્યેના પ્રેમ, વાત્સલ્યયુક્ત તે ઉલ્લાપ વિગેરે સંભ્રમને પોતા પ્રત્યે નહિ જોતા તેણે (આર્યરક્ષિતે) આ કહ્યું. ॥૩૦॥ હે માતા ! મારા અધ્યયનથી આખું નગર આશ્ચર્યચકિત થયું છે. તું તો વળી મને સ્નેહથી પણ કેમ કાંઈ બોલાતી નથી. ॥૩૧॥ સર્વ વિદ્યાવાળા સાક્ષાત્ બ્રહ્માની જેમ મને માનતા રાજા આદર-સત્કાર કરે છે. હે માતા ! તું કેમ ખુશ થતી નથી ? ॥૩૨॥ રુદ્રસોમાએ કહ્યું કે હે વત્સ ! નરકમાં લઈ જનારા હિંસાશાસ્ત્રો તું ભણીને આવ્યો છે. તેવા ભણવા વડે હું કેમ ખુશ થાઉં ? ॥૩૩॥ ભવિષ્યમાં તને નરક મળશે એમ જાણીને હું વિલ્વળ (દુઃખી) છું. તેથી જ તારું આ ઐશ્વર્ય મને રાખ (ઘાસ) સરખું ભાસે છે. ॥૩૪॥ તું જો દૃષ્ટિવાદ ભણીને આવશે તો હર્ષના પૂરથી પૂરાયેલી (ભરાયેલી) ક્યાંય પણ સમાઈશ નહિ. ॥૩૫॥ મિથ્યાદૃષ્ટિને દુર્લભ અને સમ્યગ્દૃષ્ટિઓને જેના શ્રવણ માત્રથી સ્વર્ગ અને મોક્ષને આપનાર થાય છે તો વળી આ અંગ ભણવાથી શું ન થાય ? (નિશ્ચે મોક્ષ થાય જ.) ॥૩૬॥

હવે આર્યરક્ષિતે વિચાર્યું અન્ય લોકોને ખુશ કરવા વડે શું ? જે ભણવાથી મારી માતા ખુશ થાય તેને જ હું હમણાં ભણું. ॥૩૭॥ ખરેખર દૃષ્ટિવાદએ નામનો અર્થ મને સુંદર ભાસે છે. ખરેખર આના વડે દૃષ્ટિ બતાવાય છે અને તેનો વાદ એટલે જ તત્ત્વનો નિર્ણય. ॥૩૮॥ આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું કે હે માતા ! દૃષ્ટિવાદને ભણાવનાર કોઈ પણ ગુરુ મને બતાવ કે જેની પાસેથી ભણીને હું આવું. ॥૩૯॥ તે સાંભળીને જલ્દીથી અમૃતરૂપી પાણીના કણિયાઓ વડે સિંચાયેલાની જેમ ઉલ્લસિત પ્રેમવાળી રુદ્રસોમાએ આર્યરક્ષિતને કહ્યું. ॥૪૦॥ હે વત્સ ! (પુત્ર) દૃષ્ટિવાદને ભણાવનાર શિષ્ય ઉપર વાત્સલ્યવાળા **તોસલિપુત્ર** નામના આચાર્ય પોતાના ઈક્ષુવાટ ગૃહમાં છે. ॥૪૧॥ હે વત્સ ! તેમના બંને ચરણરૂપી કમળમાં ભમરા જેવો થઈને ભજજે. જેથી તે આચાર્ય ભગવંત તને દૃષ્ટિવાદને ભણાવશે. ॥૪૨॥ હવે આર્યરક્ષિતે કહ્યું કે હે માતા ! સવારના જલ્દીથી તેમની પાસે વિદ્યાર્થીની જેમ ભણવાને માટે હું જઈશ. ॥૪૩॥ દૃષ્ટિવાદના નામના અર્થને વારંવાર વિચારતા આખી રાત્રિ તેણે નિદ્રા વગરની પસાર કરી. ॥૪૪॥ હવે સવારમાં ઉઠીને માતાને નમીને હે માતા ! આ હું જઉં છું, એ પ્રમાણે કહીને આર્યરક્ષિત ઘરમાંથી બહાર નીકળ્યો. ॥૪૫॥ પોતાના પુત્રના હિતની આકાંક્ષાવાળી માતા પણ આશ્વાસન પામી અને કહ્યું કે હે વત્સ ! જલ્દીથી તું દૃષ્ટિવાદમાં પારંગત થા. ॥૪૬॥ શેરડીના સાંઠા ૯ પૂર્ણ અને એક અડધો હાથમાં છે જેનો એવો, નજીકના ગામમાં રહેનારો પિતાનો મિત્ર બ્રાહ્મણ, ઘરમાંથી નીકળેલા આર્યરક્ષિતને મળવા માટે જ આવતો સન્મુખ મળ્યો. ॥૪૭-૪૮॥ અંધકારપણું હોવાથી અને કંઈક લાંબા કાળે નહિ જોવાથી પણ તેને ઓળખી ન શકવાથી પૂછ્યું કે કોણ તું આર્યરક્ષિત છે ? ॥૪૯॥ સોમદેવના પુત્રે કહ્યું કે હા, હું આર્યરક્ષિત છું. તે સાંભળીને જલ્દીથી ખુશખુશાલ થયેલા તેણે કહ્યું. ॥૫૦॥ હે ભાઈના પુત્ર ભત્રીજા ! કાલે આપને વ્યાક્ષેપથી જોયા ન હતા. તેથી ખાબોચિયાના પાણીની જેમ તું અપ્રસાદથી (મહેરબાની વગરનો) કલુષિત ન થા. ॥૫૧॥ આ પ્રમાણે કહીને ગાઢ આલિંગન કરીને સ્વાગતના આલાપપૂર્વક કહ્યું કે હે વત્સ ! આ શેરડીઓ તારા ભેટણા માટે સન્મુખ લાવ્યો છું. ॥૫૨॥

તેણે પણ કહ્યું કે હે તાત ! મારી માતાને આ શેરડીઓ તમે અર્પણ કરજો. વળી હું દેહની ચિંતાને માટે બહાર જઉં છું. ॥૫૩॥ અને કહ્યું કે માતાને કહેજો કે ઘરમાં નીકળેલા તમારા પુત્રને સૌથી પહેલો હું જ શેરડી હાથમાં લઈને મળ્યો છું. ॥૫૪॥ આર્યરક્ષિતે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે તે બ્રાહ્મણે તેની માતાને કહ્યું. આનંદપૂર્વક (સહિત) રુદ્રસોમા પણ ત્યારે પરિભાવના કરવા લાગી. ॥૫૫॥ જતા એવા મારા પુત્રને આ શુભ શુકન થયા છે. **તેથી નિશ્ચે તે નવ પૂર્વ તો અખંડ રીતે મેળવશે.** ॥૫૬॥ અથવા તો દૃષ્ટિવાદના નવ અધ્યયનો અથવા તો નવ અંગને અને દશમાના ખંડને જતો એવો સોમદેવનો પુત્ર (આર્યરક્ષિત) ભણશે. આ પ્રમાણે વિચાર્યું. ॥૫૭॥

હવે ઈક્ષુવાટના દ્વારમાં જઈને ક્ષણવાર આર્યરક્ષિતે વિચાર્યું કે ગુરુની પાસે કેવી રીતે જવાય ? તેનું જ્ઞાન નથી તો હું કેવી રીતે જાઉં ? ॥૫૮॥ આ ગુરુની પાસે જવાની ઉપચાર વિધિને નહિ જાણતો હું ત્યાં ગયો તો પણ શ્રાવકોને હાંસીપાત્ર થઈશ. ॥૫૯॥ તેથી કાર્યવશથી જેમ ક્ષણવાર અહીં જ રહીને વળી કોઈ પણ વંદન કરવાના સ્વભાવવાળાની સાથે હું અંદર જઈશ. ॥૬૦॥ આ પ્રમાણે વિચારીને તે દ્વારમાં દ્વારપાળની જેમ રહ્યો. કેમ કે વિદ્વાનો ક્યારે પણ કંઈ પણ વિચાર્યા વગર કરતા નથી. ॥૬૧॥ વિસ્તૃત કરેલ કર્ણપુટો વડે સારા બુદ્ધિશાળી સુસાધુઓના સ્વાધ્યાયરૂપી અમૃતને તૃષ્ણાથી પીડાયેલાની જેમ પીતો તે ત્યાં રહ્યો. ॥૬૨॥ હવે કોઈક **ઢઢ્ઢર** શ્રાવક ત્યાં વંદન કરવા માટે આવ્યો અને તેણે મકરમાં સંક્રાન્ત પામેલા સૂર્યની જેમ ઉત્તરાસંગ કર્યું. ॥૬૩॥ ત્રણ વાર નિસીહિ બોલતો તે પ્રવેશ્યો. હવે ઈર્યાપથિકી પ્રતિક્રમવા તે ઉંચા સ્વરે બોલ્યો. ॥૬૪॥ ત્યારબાદ ગુરુ અને સુસાધુઓને વિધિપૂર્વક વંદન કરીને પીઠને છેડા વડે પ્રતિલેખન કરીને ગુરુની આગળ તે બેઠો. ॥૬૫॥ તેની સાથે જ આર્યરક્ષિત પણ પ્રવેશ કરીને તેની વિધિને જોતા જોતા બુદ્ધિશાળી એવા તેને પણ તેની સાથે જ સર્વ વિધિ કરી. ॥૬૬॥ પરંતુ આર્યરક્ષિત ઢઢ્ઢર શ્રાવકને વંદન કર્યા વગર જ બેઠો. તે જોઈને ગુરુએ પણ જાણ્યું કે આ કોઈ પણ નવો શ્રાવક છે. ॥૬૭॥ આદરપૂર્વક ધર્મલાભના આશીર્વાદને આપી ગુરુએ પણ તેને પૂછ્યું કે તને ધર્મની પ્રાપ્તિ કોનાથી થઈ છે ? ॥૬૮॥ વિસ્મય પામેલા તેણે પણ જે પ્રમાણે થયું હતું તે કહ્યું. હમણાં જ આ શ્રાવકથી ધર્મની પ્રાપ્તિ મને થઈ છે. ॥૬૯॥ પરંતુ હે પૂજ્યો, આપે કેવી રીતે જાણ્યું કે હું નવો છું ? તે કૌતુકને કહો, જેથી વિધિમાં કંઈ પણ ન્યૂનતા રહેલી હોય તે અમારાથી દૂર થાય. ॥૭૦॥ ગુરુએ કહ્યું કે હે કલ્યાણકારી ! તમે જેવું જોયું તે સર્વ કર્યું. આપની જેમ મહાબુદ્ધિશાળી કોણ ખરેખર આ પ્રમાણે જાણે છે ? ॥૭૧॥ પરંતુ પાછળથી આવેલા એ શ્રાવકને વંદન કરવું જોઈએ. (પ્રણામ કરવો.) આ વિધિ નહિ જોવાથી તું કેવી રીતે કરે ? તેથી તું નવો છે એ મેં જાણ્યું. ॥૭૨॥ મુનિઓએ પણ કહ્યું કે હે ગુરુ ભગવંત ! વેદના શાસ્ત્રનો પારગામી રુદ્રસોમાનો પુત્ર આ આર્યરક્ષિત છે. ॥૭૩॥ ચૌદ વિદ્યાને ભણીને આવતા આને હાથી ઉપર બેસાડીને આ નગરમાં રાજાએ પ્રવેશ કરાવ્યો. ॥૭૪॥ હવે આર્યરક્ષિતે કહ્યું કે હે પ્રભુ ! આજે માતાએ મને આપની પાસે દૃષ્ટિવાદ ભણવાને માટે મોકલ્યો છે, તે હું છું. ॥૭૫॥

માતા દૃષ્ટિવાદ રહિત મારું સર્વ ભણેલું નેત્રો વિનાના સુંદર રૂપવાળા મનુષ્યની જેવું માને છે. ॥૭૬॥ તેથી મારા ઉપર મહેરબાની કરીને મને જલ્દી દૃષ્ટિવાદને આપો. જેથી માતાના વચનને આચરીને (અનુસરીને) તેમને આનંદ ઉત્પન્ન કરાવું. ॥૭૭॥ બાલના લાલન-પાલનનું કષ્ટ અને તે તેવા પ્રકારનો સ્નેહ અને વળી સુખ અને દુઃખપણામાં માતાનું જે સમાનપણું છે, તે અન્યનું (બીજાનું) હોતું નથી. ॥૭૮॥ તેથી

હે પ્રભુ ! સર્વે પણ જીવો માતાના દેવાદાર છે. તેણીના સો ઉપકાર વડે પણ અર્પણા કેવી રીતે થાય ? હે પ્રભુ ! તેની ઈચ્છાને અનુસરવા વડે થઈને જ માતા આરાધવા યોગ્ય છે અને એ પ્રમાણે જ કૃતજ્ઞપણું અને પુરુષાર્થનું મૂળ થાય. ॥૭૯-૮૦॥

ગુરુએ કહ્યું કે મહાભાગ્યશાળી ! ખરેખર આ સાધુવેષથી જ અને આવા પ્રકારના સાધ્વાચારના પાલનથી જ દૃષ્ટિવાદ ભણાય. ॥૮૧॥ વળી હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! સાધુનો વેષ હોતે છતે જ પરંપરાના ક્રમપૂર્વક દૃષ્ટિવાદ ભણાવાય. ॥૮૨॥ તેણે કહ્યું, તો પછી મને સાધુવેષ અપાય તેમાં વિલંબ શેનો ? દૃષ્ટિવાદ ભણવા માટે મારું મન અત્યંત આતુર છે. (ઉત્કંઠાવાળું છે.) ॥૮૩॥ માત્ર એટલું જ છે કે અહિં રાજા અને નગરજનો મારા ઉપર અત્યંત અનુરાગી હોવાથી મારા વ્રતનો ભંગ કરાવે. ॥૮૪॥ ગુરુએ પણ મનમાં વિચાર્યું કે આ બુદ્ધિશાળી સમર્થ છે. એટલે બુદ્ધિથી જલ્દીથી ભણીને સમસ્ત શ્રુતનો પારગામી બનશે. ॥૮૫॥ મહારત્નના નિધાનની જેમ તેને લઈને ગુરુએ પણ જલ્દીથી પરિવાર સાથે ત્યાંથી વિહાર કર્યો. ॥૮૬॥ **શ્રી વીરપ્રભુનું તીર્થ પ્રવર્તતે છતે સાધુઓમાં અહીં આ પહેલી શિષ્યની ચોરી પ્રવર્તી. અર્થાત્ નાના બાળકને લઈ સાધુઓ ગયા.** ॥૮૭॥ આચાર્ય ભગવંતે આર્યરક્ષિતને પ્રવજ્યા આપી. યાવજ્જીવ સુધીના સામાયિક વ્રતને બોલતાં તેણે પણ સ્વીકારી. ॥૮૮॥ પ્રતિજ્ઞામાં નિશ્ચલ એવો તે ત્યારે જ વ્રતમાં દૃઢ થયો. ખરેખર લઘુકર્મીઓને બોધ પ્રાયઃ નિમિત્તમાત્ર હોય છે (બહાનું મળે કે પામી જાય). ॥૮૯॥ ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા તેણે ગ્રહણ કરી જલ્દીથી ગીતાર્થ થઈને ઘણા તપોને તપ્યા અને પરિષહોના સમૂહને જીતતા એવા તેમણે એક શ્લોક માત્રની લીલાથી અગિયાર અંગ ભણ્યા. ગુરુ પાસે રહેલા દૃષ્ટિવાદને પણ ક્ષણવારમાં ગ્રહણ કર્યું. ॥૯૧॥ બુદ્ધિના વિશાળ સમુદ્ર જેવા તે શિષ્યને જાણીને ગુરુએ કહ્યું કે, હવે તું આગળનું **વજ્રસ્વામી** ગુરુ પાસે જઈને ભણ. ॥૯૨॥ ત્યારે તેણે કહ્યું કે હે પ્રભુ ! આ વજ્રગુરુ કોણ છે ? હમણાં ક્યાં રહેલાં છે ? ગુરુએ પણ તેમની વાત કરવાનો પ્રારંભ કર્યો. કેમ કે સજ્જનોની કથા પણ પુણ્યને માટે થાય છે. ॥૯૩॥

વજ્રસ્વામી ચરિત્ર :- આ જ **જંબૂદ્વીપ**માં **ભરતક્ષેત્ર**માં સર્વ દેશનો શિરોમણિ એવો **અવંતિ** નામનો દેશ છે. ॥૯૪॥ તેમાં પણ દેવતાઈ સ્ત્રી અને પુરુષ રૂપી રત્નની ખાણ સમાન, લક્ષ્મીરૂપ વેલવાળું, પૃથ્વીસમાન મનોહર **તુંબવન** નામનો સન્નિવેશ છે. ॥૯૫॥ તેમાં પવિત્ર, શ્રાવક, પરમાર્હત, સાર્થક નામવાળો **ધનગિરિ** નામે શ્રેષ્ઠી પુત્ર હતો. ॥૯૬॥ યુવાન પણ જેણે સમતા સાગરથી પોતાના હૃદયને પ્લાવિત કર્યું હતું. ઉત્પન્ન થયેલા વૈરાગ્ય કલ્લોલવાળા તેના હૃદયમાં કામદેવ પ્રવેશ કરી શક્યો ન હતો. ॥૯૭॥ કલ્પવૃક્ષના ઈચ્છાવાળા કંથેરમાં રતિ (પ્રેમ) કરતા નથી, તેમ નિર્વૃત્તિરૂપી સ્ત્રીને ઈચ્છતા તે અન્ય સ્ત્રીમાં પરાઙ્મુખ હતા. ॥૯૮॥ પ્રવ્રજિત બનવાની ઈચ્છાવાળા પોતાના પુત્રને મોહરૂપી સાંકળ વડે બાંધવા માટે જે જે કન્યાની માંગણી માતા-પિતા કરતા હતા, તે કન્યાના પિતા પાસે ધનગિરિ સ્વયં જઈને તમારી કન્યા મને પરણાવશો નહિ. કેમ કે હું પ્રવ્રજ્યા સ્વીકારવાનો છું. એમ કહેતા હતા. ॥૯૯-૧૦૦॥ આ બાજુ **ધનપાલ** શ્રેષ્ઠીની રૂપગર્વથી અભિમાની બનેલી **સુનંદા** કન્યાએ પિતાને કહ્યું કે મારા પતિ ધનગિરિ જ થાવ. અબળા પણ હું ચતુરાઈના બળથી તેમને સંસારમાં જકડી રાખીશ. ॥૧૦૧-૧૦૨॥ હવે મોટા ઉત્સાહપૂર્વક ધનપાલે પરણવાની ઈચ્છાવાળી પોતાની કન્યાને ધનગિરિ સાથે પરણાવી. ॥૧૦૩॥ ધનપાલનો પુત્ર અને સુનંદાના મોટા ભાઈ સમિતે પહેલાં જ **સિંહગુરુ**ની પાસે પ્રવ્રજ્યા સ્વીકારી હતી. ॥૧૦૪॥ ચતુરાઈરૂપી દોરીથી બાંધીને સુનંદાએ પ્રવ્રજ્યાને ઈચ્છતા પોતાના પ્રિયને સંસારમાં પકડી રાખ્યા. ॥૧૦૫॥ તેણીના આગ્રહથી અને હવે ભોગાવલી

કર્મના વિપાકથી કેટલોક કાળ ધનગિરિ તેણીની સાથે રહ્યા. ॥૧૦૬॥ આ બાજુ અષ્ટાપદ પર્વત ઉપર ગૌતમસ્વામીએ ઉપદેશેલ પુંડરિક અધ્યયનનું અવધારણ જેના વડે કરાયું, તે વૈશ્રમણ યક્ષનો સામાનિક દેવ તિર્યંચજૃંભક ત્યાંથી ચ્યવીને સુનંદાની કુક્ષિમાં અવતર્યો. ॥૧૦૭-૧૦૮॥ ગર્ભને ધારણ કરનારી પ્રિયાને જોઈને ધનગિરિએ કહ્યું કે હે પ્રિયે ! હવે તને પુત્રરત્ન આલંબન થશે. ॥૧૦૯॥ ભોગાવલી કર્મથી તારી સાથેનો સંબંધ ઘડાયો હતો. કેમ કે અરિહંતોને પણ કર્મ પોતાનું ફળ આપ્યા વગર દૂર થતું નથી. (નિકાચિત કર્મો અરિહંતોને પણ ભોગવવાં જ પડે છે.) ॥૧૧૦॥ મને તો ચારિત્રરૂપી લક્ષ્મી જીવિતથી પણ વલ્લભ છે. ચારિત્રની પ્રીતિથી જ મોક્ષલક્ષ્મી સાથે સગાઈ થઈ શકે છે. ॥૧૧૧॥ આ પ્રમાણે કહીને સર્પ જેમ કાંચળી ઉતારે તેમ ધનગિરિએ પણ તેણીને મૂકીને સિંહગિરિ ગુરુ પાસે જઈને ચારિત્ર સ્વીકાર્યું. ॥૧૧૨॥ તેઓની સાથે એક ગામથી બીજા ગામ, એક નગરથી બીજા નગરમાં વિહાર કર્યો. તીવ્ર તપને તપ્યા અને પરિષહોને સારી રીતે સહન કર્યા. ॥૧૧૩॥ રત્નગિરિમાંથી જેમ રત્ન તેમ વિનયાદિ ગુણોના સમૂહરૂપી વૃક્ષવાળા બગીચા સરખા શ્રુતરૂપી સમુદ્રમાંથી શ્રુતને ગ્રહણ કર્યું. ॥૧૧૪॥ આ બાજુ રોહણાચલની પૃથ્વી જેમ રત્નાંકુરને તેમ સુનંદાએ પણ યોગ્ય સમયે અદ્‌ભૂત એવા દિવ્ય કાંતિવાળા **પુત્રને** જન્મ આપ્યો. ॥૧૧૫॥ નંદનને જોવા માત્રથી આનંદવાળી, બોલવામાં હોંશિયાર એવી સુનંદાની બહેનપણીઓએ બાળકને ઉદ્દેશીને કહ્યું કે હે વત્સ ! જો તારા પિતાએ વ્રતને ગ્રહણ કર્યું ન હોત (સાધુ બન્યા ન હોત) તો આજે જન્મોત્સવ કંઈ જુદા જ પ્રકારનો હોત. ॥૧૧૬, ૧૧૭॥ હે વત્સ ! ઉત્સવમાં પણ પુરુષ વગરના ઘરમાં ઉત્સાહ હોતો નથી. દિવસમાં પણ ઢાંકેલા સૂર્યવાળુ આકાશ શું શોભે છે ? ॥૧૧૮॥ લઘુકર્મીપણાથી ઉત્પન્ન થવા માત્રથી જ સંજ્ઞી એવા તે બાળકે એકાગ્ર મનપૂર્વક તેઓની કથાને સાંભળી. ॥૧૧૯॥ મારા પિતા સાધુ થયા છે. આ પ્રમાણે વિચારતા તેને જાગેલાની જેમ તે જ ક્ષણે **જાતિસ્મરણ** જ્ઞાન ઉત્પન્ન થયું. ॥૧૨૦॥ પૂર્વભવમાં સાંભળેલા ભવભ્રમણની વિષમતાને વિચારીને પિતાના માર્ગે જવાને ઈચ્છતા, પ્રૌઢ બુદ્ધિવાળા બાળકે વિચાર્યું કે આલંબન વગરની માતા વ્રત માટે અનુમતિ આપશે નહિ અથવા ગાઢ કંટાળેલી છતી કદાચિત્ અનુમતિ આપે. ॥૧૨૧-૧૨૨॥ આથી તેના ઉપરના ઉદ્વેગને માટે અહોરાત્ર (દિવસ અને રાત) રડતા તે બાળકે માતાને સૂવા પણ દીધી નહિ અને સુખપૂર્વક ખાવા પણ દીધું નહિ. ॥૧૨૩॥ ઉલ્લાપન વડે અને નવા નવા મધુર ગાવા વડે, હિંચકા વડે, હિંડોળામાં ઝુલાવવા વડે, પાલન પોષણ વડે, ચલાવવા વડે, રમતો વડે, નવું નવું દેખાડવા વડે, ખોળામાં આરોપણ કરવા વડે, લાલન વડે, હસાવવા વડે, આલિંગનો કરવા વડે આટઆટલા પ્રયત્નો કરવા છતાં પણ તે રડવાથી અટક્યો નહિ. ॥૧૨૪-૧૨૫॥ આ પ્રમાણે ઘણું રડતા તે બાળકથી ૬ મહિના વીત્યા અને માત્ર સુનંદા જ નહિ, પરંતુ આડોશી-પાડોશી વર્ગ કંટાળી ગયો. ॥૧૨૬॥

એક વખત ત્યાં **સિંહગિરિ** ગુરુ સમવસર્યા. **ધનગિરિ** અને **આર્યસમિતે** ગુરુને પૂછ્યું. ॥૧૨૭॥ અહીં અમારા સ્વજનો છે. આપના આદેશથી તેમના ઘરે જઈને હે પ્રભુ ! તેઓને વંદન કરાવીએ. ॥૧૨૮॥ કહેલાને સાંભળીને અને તે જ વખતે શુભ સૂચવનાર શુકન વડે ગુરુએ તેમને કહ્યું કે આજે તમને મોટો લાભ થશે. ॥૧૨૯॥ આજે આપ બંનેને સચિત્ત અચિત્ત જે મળે તે સર્વ સંશય વગર અમારા આદેશથી લેવું. ॥૧૩૦॥ ત્યાર પછી તે બંને મુનિ સુનંદાના ઘરે ગયા અને જલ્દીથી પાડોશીઓએ તેણીને તેના આગમનને કહ્યું. ॥૧૩૧॥ સાથે કહ્યું કે હે પ્રિય સખી ! આ પુત્ર ધનગિરિને તું અર્પણ કર અને તે શું કરે છે ? તે બારીકાઈથી જો. ॥૧૩૨॥ ખેદથી મંદ થયેલી સુનંદા પણ હાથમાં તે પુત્રને લઈને મુનિને કહ્યું કે,

મહાકષ્ટપૂર્વક છ મહિનાથી મેં આનું પાલન કર્યું છે. ॥૧૩૩॥ જન્મથી જ આરંભીને હંમેશાં રડવાથી નહિ અટકેલા આનાથી હું કંટાળી ગઈ છું. તેથી આને ગ્રહણ કરો. ॥૧૩૪॥ આવા પ્રકારના રડતા પુત્ર કરતાં પુત્ર ન હોય તે સારું. કેમ કે આંખ ફોડી નાંખે તેવા અંજન વડે શું ? ॥૧૩૫॥ ધનગિરિએ પણ કહ્યું કે હે પુણ્યશાળી ! આ પુત્રને હું ગ્રહણ કરીશ, પછી પાછળથી તને પશ્ચાત્તાપ થશે. તેથી પોતાના સ્વજનો સાથે તું વિચારી લે. એક વખત અર્પણ કર્યા પછી પાછો મેળવાશે નહિ. તેણીએ પણ કહ્યું કે હે મુનિ ! મેં વિચારી જ લીધું છે. આ પુત્ર આપને જ અપાય. ॥૧૩૬-૧૩૭॥ ત્યારે સર્વ પાડોશીએ પણ કહ્યું કે હે મુનિ ! ફોગટ વિલંબ ન કરો. કેમ કે સુનંદા સારા સ્થાનમાં સ્થાપિત કરાયેલા નિધિ જેમ તમને આપે છે તો તેને આનંદ જ થશે. ॥૧૩૮॥ તમારા પુત્ર વડે મને લોહી વગરની ચામડા અને હાડકાવાળી જ કરાઈ છે તે જુઓ. ભૂખ લાગે તો ખાવા પણ દેતો નથી. નિદ્રાથી સુખપૂર્વક સુવા પણ દેતો નથી. ॥૧૩૯॥ સમસ્ત પાડોશીઓને સાક્ષી કરીને તેણીએ અર્પણ કરેલા ઝોળીમાં મૂકેલા તે પુત્રને ધનગિરિએ ગ્રહણ કર્યો. ॥૧૪૦॥ તે જ વખતે સંસારનો ડર ચાલ્યા ગયાની જેમ ઈચ્છિત સાધ્ય થવાથી તે બાળ અત્યંત આનંદિત થયો અને રડવાથી વિરામ પામ્યો. ॥૧૪૧॥ સચિત્ત એવી ભિક્ષાને ગ્રહણ કરીને તે બંને મુનિઓ ગુર્વાજ્ઞાને વિચારતાં ગુરુની પાસે આવ્યા. ॥૧૪૨॥ તેના ઘણા ભારથી નિધાન કલશાની જેમ નમી ગયેલા હાથવાળા ધનગિરિને જોઈને ગુરુએ કહ્યું. ॥૧૪૩॥ હે મુનિ ! અતિ ભારથી પીડાયેલાની જેમ શ્રમના પરસેવાથી તમે થાકેલા જણાવ છો. તે ભારને દૂર કરવા માટે ગુરુએ પણ હાથ પસાર્યા. ॥૧૪૪॥ દેવદુષ્યના પુટમાંથી બહાર નીકળેલા દેવકુમારની જેમ ધનગિરિએ ઝોળીમાંથી તે શિશુને (બાળકને) બહાર કાઢ્યા. ॥૧૪૫॥ પ્રયત્નપૂર્વક રત્નની જેમ ગુરુને અર્પણ કર્યો. ગુરુના પણ હસ્તકમળ તેના ભારથી નમ્યા. ॥૧૪૬॥ નમેલા હાથવાળા અતિ વિસ્મિત થયેલા ગુરુએ તેને કહ્યું કે અહો ! આપ, આ વજ જેવા ભારવાળો કેવી રીતે અહીં સુધી લાવી શક્યા ? ॥૧૪૭॥ **ત્યારપછી અતિ પુણ્યશાળી તે યોગ્ય પાત્રની પ્રાપ્તિથી શાંતિવાળા ગુરુએ તેનું વજ આ પ્રમાણે નામ પાડ્યું.** ॥૧૪૮॥ **આ પુણ્યશાળી મહાન શાસનનો આધાર થશે. તેથી ચિંતામણિ રત્નની જેમ આદરપૂર્વક પ્રયત્નથી રક્ષણ કરવા યોગ્ય છે.** ॥૧૪૯॥ તેથી સ્થિરવાસ રહેલા પોતાના વૃદ્ધ સાધ્વીને બોલાવીને કહ્યું કે વજબાળકની અતિ મોટી ચિંતા કરવા યોગ્ય છે (લાલનપાલન કરવા યોગ્ય છે.) ॥૧૫૦॥ ત્યારબાદ સિંહગિરિ ગુરુએ સ્વયં પોતાના સર્વસ્વની જેમ તે બાળકને તે શ્રાવિકાઓને પાલન માટે અર્પણ કર્યો. ॥૧૫૧॥

ગુરુઓએ પણ પરિવાર સહિત અન્યત્ર વિહાર કર્યો. કેમ કે મુનિઓ અને પક્ષીઓ ક્યાંય પણ એક ઠેકાણે રહેતા નથી. ॥૧૫૨॥ શ્રાવિકાઓ પણ પોતાના પાપીષ્ઠ પુત્રથી પણ અધિક ધર્મપુત્રપણાથી તે બાળકનું હંમેશાં લાલન પાલન કરતી હતી. ॥૧૫૩॥ ગુરુ ઉપરનાં બહુમાનથી સર્વ શ્રાવિકાઓ હું પહેલાં, હું પહેલાં, એ પ્રમાણે દરેક લાલન-પાલનની ઉપચાર વિધિ કરતી હતી. ॥૧૫૪॥ શ્રાવિકાઓના સમૂહથી એક હાથમાંથી બીજાના હાથમાં સંચાર કરાતા હીંચકામાં અથવા પારણામાં તેને બહુવાર રહેવું ન પડ્યું. ॥૧૫૫॥ તે બાળકને રમતો વડે રમાડાતા અને ઉલ્લાપો વડે બોલતા શય્યાતરની સ્ત્રીઓના દિવસો ક્યાં પસાર થતા તે જણાયા નહિ. ॥૧૫૬॥ વયથી બાળક, પણ પરિણામથી વૃદ્ધના જેવો તે થયો. મુનિની જેમ સ્થિર એવા વજમાં ક્યાંય પણ ચપળતા હતી નહિ. ॥૧૫૭॥ જાતિસ્મરણથી સમસ્ત મુનિચર્યાને જાણતાં પ્રાસુક અન્નજળ વડે પ્રાયઃ આજીવિકાને તે કરતો હતો. ॥૧૫૮॥ જ્ઞાનરત્નનિધિ જેવો ખરેખર બાળક પણ તે નીહારાદિ

કરવાની ઈચ્છાવાળો પોતાના ધાત્રીઓને ઈશારા દ્વારા બતાવતો હતો. ॥૧૫૯॥ ચારે બાજુથી રમતા શય્યાતરોના પુત્રોને વિષે પણ તે ગ્રહણ કરેલ સામાયિકની જેમ સર્વમાં સમાન બુદ્ધિવાળો તે હતો. ॥૧૬૦॥ સાધ્વીના ઉપાશ્રયમાં રમતાં પુસ્તકાદિને ગ્રહણ કરતો હતો અને બાળકની લીલાના આચરણો વડે હંમેશાં તે સાધ્વીજી ભગવંતને પણ ખુશ કરતો હતો. ॥૧૬૧॥ સાધ્વીઓના ઉપાશ્રયમાં ઘોડિયામાં રહેલા, ભણતા અને સ્વાધ્યાય કરતા સાધ્વીજી ભગવંતનું સાંભળીને મહાબુદ્ધિશાળી પદાનુસારી લબ્ધિવાળા માતૃકા અક્ષરની જેમ રમત માત્રમાં તે ભગવાન જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી અગિયાર અંગો ભણ્યા. ॥૧૬૨-૧૬૩॥ સર્વ પ્રકારે ગુણથી ઉજ્જ્વળ એવા પોતાના પુત્રને જોઈને લુબ્ધ થયેલી સુનંદાએ શય્યાતરીઓને કહ્યું કે મારો પુત્ર મને અર્પણ કરો. ॥૧૬૪॥ તેઓએ કહ્યું કે આ કોનો પુત્ર છે ? અમે જાણતા નથી. પરંતુ ગુરુઓએ સ્વયં પાસે રખાયેલો આ અમને થાપણ તરીકે આપ્યો છે. ॥૧૬૫॥ ગુરુ વિના આને અમે બીજા કોઈને પણ અર્પણ કરશું નહિ. અમારા ઘરમાં પણ તમે વજ્રની માતા છો, આ બુદ્ધિથી આવતા નહિ. ॥૧૬૬॥ રાંક (ગરીબ) ભોજનને દૂરથી જ જુએ, તેમ દૂર રહેલી તેણી પોતાના પુત્રને જોતી, ખેદથી વિચાર્યું કે હા, દુર્બુદ્ધિવાળી મેં રત્ન હાથમાંથી ખોયું. ॥૧૬૭॥ સાધ્વીઓના વંદન માટે આવેલી શ્રાવિકાની જેમ તેણી તેઓને આગ્રહપૂર્વક દૂર કરીને ત્યાં રહેલા પોતાના બાળકનું લાલન-પાલન કરતી હતી. ॥૧૬૮॥ ગુરુઓ અહીં આવશે ત્યારે દેવાદારની જેમ પોતાના પુત્રને ગ્રહણ કરીશ. આ પ્રમાણે તેણી વિચારતી હતી. ॥૧૬૯॥

અનુક્રમે વધતો વજ્ર પણ ત્રણ વર્ષનો થયો. ત્યારે પરિવાર સહિત ગુરુ પણ ત્યાં પધાર્યા. ॥૧૭૦॥ સુનંદાએ હવે ગુરુ પાસે પોતાના પુત્રની માંગણી કરી. ગુરુએ પણ કહ્યું કે, હે વિવેકીની ! આ પ્રમાણે બોલવું તને યુક્ત નથી. ॥૧૭૧॥ હે સુંદરી ! ભાવપૂર્વક દાન આપીને તેનો પશ્ચાત્તાપ પણ કરવો યોગ્ય નથી, તો પછી પાછું માંગવાની વાત જ ક્યાં ? ॥૧૭૨॥ સાધુઓએ માંગણી પણ નહોતી કરી અને પાછું કહ્યું હતું કે તું માંગશે તો પણ મળશે નહિ. આ પ્રમાણે કહીને સાક્ષીપૂર્વક તેં આપ્યો, પછી ગ્રહણ કર્યો છે. ॥૧૭૩॥ તે સર્વ શું તને વિસ્મરણ થયું છે ? સુનંદાએ કહ્યું કે મને વિસ્મરણ નથી થયું. પરંતુ ત્યારે તેના રડવાથી કંટાળેલી અજ્ઞાનથી મેં આ કર્યું હતું. ॥૧૭૪॥ તેઓનો આ પ્રમાણે પરસ્પર વિવાદ થયે છતે માણસોએ કહ્યું કે રાજા વિના આ વાદનો નિર્ણય થશે નહિ. ॥૧૭૫॥ ત્યારબાદ નગરના લોકો અને સ્વજનોની સાથે સુનંદા રાજાની પાસે ગઈ. ગુરુ પણ સર્વસંઘથી પરિવરેલા ગયા. ॥૧૭૬॥ ત્યાં રાજાએ ઔચિત્ય કરીને સુનંદાને ડાબી બાજુ અને સંઘથી યુક્ત સિંહગિરિ ગુરુને જમણી બાજુ બેસાડ્યા. ॥૧૭૭॥ ધર્મતુલાની ઉપમાવાળા રાજાએ તે બંનેના વાદને સાંભળીને મનથી સારી રીતે વિચારીને નિર્ણયને કહ્યો. ॥૧૭૮॥ બંને પક્ષની વચમાં પુત્રને અહીં બેસાડો. બોલાવો. બોલાવાથી જેની પાસે પુત્ર જાય તે તેનો થાય. ॥૧૭૯॥ બંનેએ વાત સ્વીકારી. કેમ કે રાજાએ કહેલાનું ઉલ્લંઘન કોણ કરે ? પરંતુ હે રાજા ! બાળકને પહેલાં કોણ બોલાવે ? ॥૧૮૦॥ અપક્ષપાતી રાજાએ તત્ક્ષણ કહ્યું કે સર્વત્ર પુરુષ પ્રધાન (મુખ્ય) છે. તેથી ગુરુઓ પહેલાં બોલાવે. ॥૧૮૧॥ સુનંદાના પક્ષપાતી એવા નગરજનોએ કહ્યું કે હે દેવ ! આ લાંબા સંસર્ગથી સાધુઓ ઉપર સ્નેહવાળો છે. ॥૧૮૨॥ પતિ અને પુત્ર વિનાની આ શું અનુકંપા પાત્ર નથી ? તેથી ઉત્પન્ન થયેલ કરૂણાવાળા રાજાએ કહ્યું કે ભલે સુનંદા પહેલાં બોલાવે. ॥૧૮૩॥

રાજાથી આદેશ અપાયેલી સુનંદાએ આનંદપૂર્વક પોતાના માણસોની પાસે ઘણા રમકડા અને ખાવાની વસ્તુઓ મંગાવડાવી. ॥૧૮૪॥ હવે રાજાની સભામાં બરાબર મધ્યમાં વજ્રકુમારને બેસાડ્યો. સમસ્ત રત્નોના

સારભૂત એવા હીરાની જેમ તે રહ્યો. ॥૧૮૫॥ સુનંદાએ હાથ પ્રસારીને ખુશ થતી અમૃત સરખી સ્નેહના અભિનયથી સુંદર એવી વાણીથી કહ્યું કે હે વત્સલ ! તું આવ આવ ! રૂક્ષ્મણીના ખોળાને જેમ પ્રદ્યુમ્ને, ઈન્દ્રાણીના ખોળાને જેમ જયદત્તે તેમ તું મારા ખોળાને અલંકૃત કર. ॥૧૮૬-૧૮૭॥ હે વત્સ ! ચકોરીની જેમ ઉત્કંઠાવાળી મને પૃથ્વીતલ પર સંપૂર્ણ અવતરેલા ચંદ્રના જેવા તારા મુખને બતાવ. ॥૧૮૮॥ મારી સન્મુખ જોવા વડે રાંકડી એવી મારા ઉપર તું અનુગ્રહ કર. વળી હે પુત્ર ! મનોહર એવા આલાપ પણ તું કેમ કરતો નથી ? ॥૧૮૯॥ પોતાની માતાને ન તિરસ્કાર. હે મારા જીવિત ! તું આવ આવ. તારા વિયોગરૂપી અગ્નિના તાપથી પીડાયેલી આલિંગન વડે (ભેટીને) જીવાડ. ॥૧૯૦॥ આ પ્રમાણે હે બાળક ! વિલાપથી દીન થયેલી મને તું જવાબ આપ. માતા એવી મને પણ તું વૈરિણીની જેમ કેમ અવગણે છે ? ॥૧૯૧॥ સામંતની ચિંતા વડે આ તારો ચંદ્રકાંતમણિમય હાથી છે. દેવનો હાથી નાનો થઈને જાણે તને રમાડવા માટે આવેલો છે. ॥૧૯૨॥ હે પુત્ર ! સુવર્ણમય ઘોડો કેવા પ્રકારનો ઘડાયેલો જણાય છે. તું જો. વેગથી સમુદ્રના કિનારા તરફ લાગેલો જાય છે. ॥૧૯૩॥ આ બાજુ, ભિન્ન ભિન્ન રત્નોથી બનાવેલ, મનની સાથે ગોળ ફરીને શાંત કે થાકેલા અંતઃકરણને સવારી કરાવનાર એવા ક્રીડારથને દીકરા ! જો. ॥૧૯૪॥ ઢાલ અને તલવારને ધારણ કરેલા લાકડાના બે યોદ્ધાને જો. જાણે કે ખીલીના પ્રયોગથી જીવતા જેવા (સજીવન જેવા) જાણે કે યુદ્ધ કરે છે. ॥૧૯૫॥ ઈન્દ્રનીલ શરીરવાળા તેમજ પદ્મરાગ સરખા પગ અને ચાંચવાળા, કહેવાની ઈચ્છાવાળા જેમ તારી આગળ આ ક્રીડા માટેના પોપટ દેખાય છે. ॥૧૯૬॥ દોરીના ખેંચવાથી નૃત્ય કરતી, જાણે તારા ગુણોને ગાવા માટે ગાયકનું ધારણ કર્યું છે સ્વરૂપ જેણે એવી લાકડાની નર્તકીને જો. ॥૧૯૭॥ હે કળામય ! તારી આગળ કળાને બતાવવાને માટે આવેલા કાષ્ટમય આ વાંસળી વીણા વગેરે વાજિંત્રોને તું જો. ॥૧૯૮॥ આ સિંહને, હાથીઓને, બળદોને, વાંદરાઓને તું ગ્રહણ કર (લે) હે વત્સ ! કેમ તું આજે કંઈ પણ કૌતુકને જોતો નથી. ॥૧૯૯॥ હે વત્સ ! આ મનોહર હાર કંઠમાં ધારણ કર. જેનાથી તારું મુખ કમળ જાણે કે તારાઓની શોભાથી સુશોભિત ચારે બાજુ વચ્ચે ચંદ્ર હોય તેમ તે શોભશે. ॥૨૦૦॥ હે વત્સ ! દેદીપ્યમાન કાંતિવાળા ! બે સુવર્ણ કુંડલો કાનમાં ધારણ કર. જે બંનેની વસંતઋતુ વિના પણ હીંચવાની રમત છે. ॥૨૦૧॥ હે સૌભાગ્યાગ્રિમ ! આ વીંટીઓ વડે તારી હાથની આંગળીઓને શોભાવ. જે વીંટીઓ તારા હાથરૂપી વેલડીના ફળની જેમ શોભા પામે. ॥૨૦૨॥ હે વત્સ ! રાખડી તાવીજની જેમ ભુજા ઉપર બાજુબંધને બાંધ. હે પુત્ર ! તું સ્થિર મુંગો કેમ છે ? મસ્તક પર પાઘડીને બાંધ. ॥૨૦૩॥ આ દિવ્ય એવા રેશમી વસ્ત્રનું પરિધાન કર. આ સુવર્ણમય ચોયણીને અંગ ઉપર અંગીકાર કર. ॥૨૦૪॥ હે વત્સ ! ઢાંકનાર એવા રેશમી વસ્ત્રનો સ્વીકાર કર અને હે કુમાર ! આ ફરકતા રત્નના દંડાનો તું સ્વીકાર કર. ॥૨૦૫॥ હે બાલ ! મનને પ્રમોદ આપનાર આ લાડવાઓને તું ગ્રહણ કર અને થીજાઈ ગયેલ અમૃત સમાન સાકરના ટુકડાને ગ્રહણ કર. ॥૨૦૬॥ આ મધુરતાની સીમાવાળા વરસોલકના સમૂહો છે. મધ્યમાં છિદ્ર પાડીને દોરાથી પરોવેલા ખજૂર, પતાસા, ખાંડ વગેરે ખાવાની વસ્તુને વરસોલક કહેવાય છે. વળી ખાંડના રસથી અદ્‌ભુત આ તલના લાડવા છે. ॥૨૦૭॥ દીવાના કાંગરા જેવી આ ખજૂરની સળીઓ છે. આ બાજુ ઓળખવામાં મુખ્ય એવી એટલે આકર્ષણ કરે તેવી દ્રાક્ષો છે અને આ બાજુ આ સુખડી છે. ॥૨૦૮॥ સારા કવિના કાવ્યની જેમ ચાવવાથી રસવાળા થાય એવા નાળિયેરના ગોળા મારી પર કૃપા કરીને ગ્રહણ કરાય. ॥૨૦૯॥ વળી રસના સર્વસ્વ જેવા દાડમ, નારંગી, કેરી (આંબો) કેળા વગેરે ફળોના

ઢગલાને તો તું જો. ॥૨૧૦॥ હે વત્સ ! કેમ તું કંઈ પણ ગ્રહણ કરતો નથી ? મને નિરાશ ન કર. ખરેખર અવગણનાથી મારી છાતી ફાટી જશે. ॥૨૧૧॥

વજ્ર બાળક હોવા છતાં પણ મનોહર ખાવા યોગ્ય પદાર્થમાં કે રમકડામાં લાલચુ ન હતો. પરંતુ દીનતાવાળી માતાને જોતાં કંઈક આર્દ્ર થયો. ॥૨૧૨॥ તેણે વિચાર્યું કે આ બાજુ ત્રણે જગતને વંદનીય એવો સંઘ છે. આ બાજુ આધાર વગરની માતા છે. તેથી મારું મન દોલાયમાન થાય છે. ॥૨૧૩॥ જો હું ગુરુ પાસે જઈશ તો માતા વિલીન થશે. (દુઃખી થશે, નાશ પામશે.) માતા પાસે જઈશ તો સંઘનું અપમાન થશે. ॥૨૧૪॥ અતિ દીનતાવાળી આ માતા ત્યાગ કરવા માટે નથી. હમણાં તો બોધ પમાડવા યોગ્ય છે. માતાના ઉપકારનો ત્યાગ કરતો ઋણ વગરનો હું કેવી રીતે થઈશ. ॥૨૧૫॥ આ પ્રમાણે વિચારતાં આને વળી ચિત્તમાં આ પ્રમાણે થયું કે આ હા ! અનંત સંસારના કારણ સરખું મેં આ શું વિચાર્યું ? ॥૨૧૬॥ મારા માટે જ આ સંઘને છેક રાજા સુધી આવવું પડ્યું અને અગિયાર અંગના અર્થને સારી રીતે જાણનાર (વિદુષ) મારો ભ્રમ ક્યાં ? અહહ ! ॥૨૧૭॥ જિનેશ્વર ભગવંત પણ જે સંઘને પૂજે છે, નમે છે, તે સંઘ અપમાન કરવા લાયક નથી. તેથી અપમાનિત કરનાર, કુબુદ્ધિવાળા એવા મારી કઈ ગતિ થશે ? ॥૨૧૮॥ પિતા, માતા, પુત્ર, પુત્રી, ભાઈ, પત્ની, બહેન, મિત્ર વગેરે સર્વે પણ સ્વાર્થી છે. પાછળથી કોઈ પણ પોતાના થતા નથી. ॥૨૧૯॥ વળી અનંતા ભવોમાં અનંતી માતાઓ જીવે કરી છે. તેથી માતાના પ્રેમથી સંઘનું હું અપમાન કેવી રીતે કરું ? ॥૨૨૦॥ માતાનું અપમાન કરવાથી તે દુઃખ જરૂર પામશે (મેળવશે). હું પ્રવ્રજિત થઈશ અને મારા ઉપરના પ્રેમથી તે પણ દીક્ષિત થશે. ॥૨૨૧॥ આ પ્રમાણે વિચારીને મહાત્મા એવા આ ચિત્રમાં રહેલાની જેમ સ્થિર રહ્યા. ક્ષીણ મોહવાળા તેણે સ્નેહ વગરનાની જેમ માતાની સામે જોયું પણ નહિ. ॥૨૨૨॥ હવે રાજાએ સુનંદાને કહ્યું કે હે કલ્યાણકારી ! હમણાં તું વિરામ પામ. કેમ કે આ કુમાર તને તૃણ સમાન પણ ગણતો નથી. ॥૨૨૩॥

હવે રાજાએ ગુરુને કહ્યું કે આપ બાળકને બોલાવો. ત્યારબાદ ગુરુએ પણ પુત્રને બોલાવવા માટે ધનગિરિ સાધુને કહ્યું. ॥૨૨૪॥ ગુરુના આદેશને શિરોધાર્ય કરીને ધનગિરિએ પણ જલ્દીથી રજોહરણ બતાડીને પ્રિય વાણીથી કહ્યું કે હે વજ્ર ! જો તું કૃત અધ્યવસાયવાળો છે તો કર્મરૂપી રજને દૂર કરનાર ઉન્નત એવા ધર્મધ્વજને ગ્રહણ કર. ॥૨૨૫-૨૨૬॥ લઘુકર્મી એવા વજ્ર પણ આ સાંભળીને ખુશ થયો અને જલ્દીથી ધનગિરિ મહારાજાના હાથમાંથી ધર્મધ્વજ - રજોહરણને લઈને પોતાના વંશમાં ધ્વજને સ્થાપન કર્યો. ॥૨૨૭॥ ત્યારે સંઘે વિચાર્યું કે સ્પષ્ટ રીતે અરિહંતનો ધર્મ વિજયી છે. વજ્રે ધર્મધ્વજના બહાનાથી જયધ્વજને જ ધારણ કર્યો. ॥૨૨૮॥ સેંકડો પ્રલોભનોથી પણ લુબ્ધ (લાલચુ) નહિ થતા એવા તેમજ મહાત્મા સરખા ગ્રહણ કરેલા ધર્મધ્વજવાળા તે બાળકને જોઈને રાજા પણ ત્યારે અત્યંત ખુશ થયો. બાળકના વિવેકથી શ્રાવક થયો. બીજા પણ ઘણા લોકો જિનધર્મમાં પરાયણ થયા. ॥૨૨૯-૨૩૦॥

હવે આનંદ વગરની હાથ વડે મુખને ઢાંકનારી સુનંદા જલ્દીથી દિવસની ચંદ્રલેખાની જેમ વિષાદને પામી. ॥૨૩૧॥ તેણે વિચાર્યું કે પતિ અને પુત્ર વડે ત્યાગ કરાયેલી અધન્ય છું અથવા હું ધન્ય છું કે મારી કુક્ષિમાં આવા પ્રકારનું રત્ન આવ્યું. ॥૨૩૨॥ પહેલાં જ મારા ભાઈ અને પતિ એ વ્રતને સ્વીકાર્યું હતું અને અત્યારે પુત્ર પણ વ્રત લેવાની ઈચ્છાવાળો છે. તો હું શું કામ તે ગ્રહણ ન કરું ? હમણાં એકલી મને ઘરવાસનું ફળ પણ શું ? આ પ્રમાણે ચિંતામાં પરાયણ એવી તેણી ઘર તરફ ગઈ. ॥૨૩૩-૨૩૪॥ ત્યારે જ ગુરુઓએ

પણ ત્રણ વર્ષના વજ્રને ત્યાં જ સમસ્ત જનની સાક્ષીએ દીક્ષિત બનાવ્યો. ॥૨૩૫॥ હીરાના નિધાનની જેમ તે વજ્રને લઈને ગુરુઓ પણ કૃતકૃત્ય થયેલા પોતાના ઉપાશ્રયમાં આવ્યા. ॥૨૩૬॥ ત્યારબાદ સુનંદાએ પણ પુત્રના પ્રેમથી પોતાના ધનને સાતક્ષેત્રમાં વાપરીને તેઓની પાસે જ વ્રતને ગ્રહણ કર્યું. ॥૨૩૭॥ હજુ વિહારમાં અસમર્થ એવા બાલમુનિ વજ્રને ત્યાં જ મૂકીને ગુરુઓએ અન્યત્ર વિહાર કર્યો. ॥૨૩૮॥

આઠ વર્ષના વજ્ર મુનિ થતાં ગુરુઓએ તેમને સાથે લઈને એક વખત **ઉજ્જયની** નગરી તરફ વિહાર કર્યો. ॥૨૩૯॥ જતાં એવા વચમાં જ મુશળધાર વરસાદ વરસ્યો અને મુશલધાર વરસાદ વરસવાથી પૃથ્વીએ સમુદ્રનું આચરણ કર્યું. (ચારે બાજુ પાણી પાણી) ॥૨૪૦॥ પાણીના ઉપદ્રવથી ડરેલા ગુરુઓ જલરહિત એવા યક્ષના મંદિરમાં પરિવાર સહિત રહ્યા. ॥૨૪૧॥ ત્યારે તે પ્રદેશમાંથી જતા **જૃંભક** નામના દેવોએ પોતાના પૂર્વજન્મના મિત્ર એવા વજ્રસ્વામીને જોયા. ॥૨૪૨॥ તેના સત્ત્વની પરીક્ષા કરવા માટે ત્યારે ઈચ્છિતને કરનારા દેવોએ ધાન્યવાળા વણિકના સાર્થને વિકુર્વ્યો. ॥૨૪૩॥ હવે વૃષ્ટિ અટકતે છતે તે જૃંભક દેવોએ પંચાંગ પ્રણિપાત વડે ગુરુના ચરણ કમલમાં નમીને કહ્યું કે હે પ્રભો ! વજ્ર બાલમુનિને હમણાં વહોરવા માટે મોકલો કે જેથી અમારા સંવિભાગ વ્રતનું અનુપાલન થાય. ॥૨૪૪-૨૪૫॥ ગુરુએ પણ વજ્રને આદેશ કર્યો કે હે વત્સ ! જલ્દીથી જા. આ લોકોને સમાધિ આપ. દાનથી આ લોકો કલ્યાણ મેળવો. ॥૨૪૬॥ આવશ્યક કરીને પાત્રાને લઈને હંમેશાં સમિતિ-ગુપ્તિમાં સારી રીતે ઉપયોગ પરાયણ તે પણ બહાર નીકળ્યા. ॥૨૪૭॥ અતિ સૂક્ષ્મ પરિણામથી લીખથી પણ અત્યંત નાના એવા આકાશમાંથી પડતા પાણીના ટીપાંઓને તેણે જોયા. ॥૨૪૮॥ અપ્કાયની વિરાધનાથી ચેતનવંત જેમ અંગારાથી, મુનિ જેમ શૃંગારથી ભયભીત થયેલા પાછા ફરે તેમ જલ્દીથી ડરેલા તે પાછા ફર્યા. ॥૨૪૯॥ સૂક્ષ્મ પણ વૃષ્ટિને સંહરીને દેવોએ ફરીથી આદરપૂર્વક વજ્રમુનિને બોલાવ્યા. ॥૨૫૦॥ તેઓના આગ્રહથી સિદ્ધિમાર્ગના એક સાર્થવાહ એવા તે બાલમુનિ ચાલ્યા અને સાર્થપતિના આવાસમાં ગયા. ॥૨૫૧॥ અતિ આદરવાળા તેઓને જોઈને બુદ્ધિશાળી પિંડાદિ શુદ્ધિને જાણનારા એવા તેમણે દ્રવ્ય વગેરેનો ઉપયોગ મૂક્યો. ॥૨૫૨॥ વર્ષાઋતુના આરંભમાં કોળાનું દ્રવ્ય કેવી રીતે ? કર્કશ એવા અવંતિ દેશ જેવા ક્ષેત્રમાં આ દાન આપવા માટેના શ્રાવકો ક્યાંથી ? ॥૨૫૩॥ ભાવથી ખુશખુશાલ થયેલા ઘણા સંભ્રમવાળા દાતારો ક્યાંથી ? આ લોકો જમીન પર પગ મૂકનારા નથી, અદ્ધર ચાલે છે અને આંખ પણ બંધ ઉઘાડ થતી નથી. તેથી તેઓ દેવ જ છે, માયાપૂર્વક વાણિયા થયા છે. તેથી તેઓની આ ભિક્ષા અકલ્પ્ય છે. એ પ્રમાણે બોલતાં તેમણે ભિક્ષા ગ્રહણ ન કરી. ॥૨૫૪-૨૫૫॥ ખરેખર સાધુઓને દેવપિંડનો નિષેધ હોવાથી તે કલ્પતો નથી. તેથી ચમત્કાર પામેલા દેવોએ પ્રત્યક્ષ થઈને તેમને કહ્યું કે વજ્રઋષિ ! અમે પૂર્વભવના તમારા જૃંભક દેવો મિત્રો છીએ. મિત્રપણાથી તમને જોવાને માટે અમે અહીં આવ્યા છીએ. ॥૨૫૬-૨૫૭॥ બાળક એવા પણ મહાબુદ્ધિશાળી તમારી ક્રિયાથી તુષ્ટ (ખુશ) થયા છીએ. અમારી પાસેની આ **વૈક્રિય લબ્ધિને** મહેરબાની કરીને ગ્રહણ કરો. ॥૨૫૮॥ ચિર (ગાઢ) સ્નેહરૂપી વૃક્ષના ફળ સમાન તે વિદ્યાને આગ્રહથી વજ્ર ઋષિને આપીને દેવતાઓ પોતાના સ્થાને ગયા ॥૨૫૯॥

એક વખત જેઠ મહિનામાં બહાર ભૂમિ ગયેલા વજ્રને ફરીથી તે દેવો વાણિયા થઈને ઘીથી પૂર્ણ એવા દ્રવ્યો વડે નિમંત્રણા કરી. (વિનંતિ કરી.) ॥૨૬૦॥ તેવા પ્રકારના તે દેવપિંડને જાણીને વજ્રમુનિએ તે ગ્રહણ કર્યો નહિ. કેમ કે મુનિઓ મુનિચર્યામાં ક્યારે પણ પ્રમાદવાળા હોતા નથી. ॥૨૬૧॥ પ્રીતિવાળા દેવમિત્રોએ ત્યારે વજ્રને આગ્રહ કરીને **આકાશગામિની વિદ્યા** આપીને તેઓ પોતાના સ્થાને ગયા. ॥૨૬૨॥ ગચ્છવાસમાં

સાધુઓ પાસેથી સાંભળતા પૂર્વે ભણેલા અગિયાર અંગો બુદ્ધિશાળી તે વજ્ર મુનિને સ્થિર થયા. ॥૨૬૩॥ વળી પૂર્વગત શ્રુતને કોઈ પણ સાધુ ભણતે છતે તે સાંભળીને જ તે સર્વ વજ્ર મુનિએ ભણી લીધું. ॥૨૬૪॥ સ્થવિર સાધુઓ વજ્ર મુનિને કહે કે તમે ભણો ત્યારે કંઈક ગણગણ કરીને આળસની જેમ તે કરતા. ॥૨૬૫॥ તૃષ્ણાથી આતુરની જેમ શ્રુતરૂપી અમૃતને અત્યંત પીવાને માટે એકાગ્ર મનવાળા તે અન્ય મુનિઓ વડે ભણાતું સાંભળતા હતા. ॥૨૬૬॥

હવે એક વખત મધ્યાહ્ન સમયે મુનિઓ ભિક્ષા માટે ગયા. સિંહગિરિ ગુરુ વળી બહાર ભૂમિ ગયા. ॥૨૬૭॥ ત્યારે વસતિનું રક્ષણ કરનાર વજ્ર મુનિ એકલા જ રહ્યા. તેમણે સાધુઓના વીંટલા ગોળ પંક્તિથી મૂક્યા. ॥૨૬૮॥ તેની મધ્ય ભાગમાં ગુરુની જેમ સ્વયં તેઓ બેઠા. અનુક્રમે (પરિપાટીના ક્રમથી) જાણે કે મુનિઓ સામે બેઠા છે, તેમ પૂર્ણ એવા અગિયાર અંગોની અને કંઈક પૂર્વ ગતશ્રુતની અસ્ખલિત મેઘ જેવા ધ્વનિથી વજ્ર મુનિએ વાચના આપી. ॥૨૬૯-૨૭૦॥ ઉપાશ્રયની નજદીક આવતા ગુરુ ભગવંતે મેઘ સરખા વાચનાના ધ્વનિને સાંભળીને આ પ્રમાણે વિચાર્યું. ॥૨૭૧॥ મુનિપુંગવો શું આટલા જલ્દીથી ભિક્ષા લઈને આવી ગયા ? અમારી પ્રતીક્ષા કરતા શું તેઓ સ્વાધ્યાય કરવા લાગ્યા ? ॥૨૭૨॥ એક ક્ષણ વિચારીને ગુરુને સ્વયં જણાયું કે વાચનાને આપતા વજ્ર મુનિનો આ ધ્વનિ છે. ॥૨૭૩॥ આ અગિયાર અંગ ક્યારે ભણ્યો ? અથવા પૂર્વમાં રહેલું શ્રુત ક્યાંથી શીખ્યો ? અહો ! આશ્ચર્ય છે. આ આવી વાચનાઓ આપી શકે છે. ॥૨૭૪॥ જ્ઞાનના ઉપયોગથી ગુરુએ જાણ્યું કે આટલું શ્રુત પદાનુસારી લબ્ધિથી તેમજ સાંભળીને વજ્ર મુનિ ભણ્યા છે. ॥૨૭૫॥ આથી જ હંમેશાં સ્થવિર મુનિઓ ભણાવતા તે વખતે આળસની જેમ વજ્ર મુનિ જેમ તેમ રહેતા હતા. ॥૨૭૬॥ સૂરિ એવા મેં આ સાંભળ્યું છે એ પ્રમાણે જો અમને જાણશે તો લજ્જા પામશે. તે લજ્જા ન પામે તે માટે પાછા સરકીને મોટેથી નિસીહિ બોલ્યા ॥૨૭૭॥ ગુરુની વાણીને સાંભળીને ચતુર એવા વજ્રમુનિ જલ્દીથી આસનનો ત્યાગ કરીને વીંટલાઓ જ્યાં હતા ત્યાં મૂકીને ગુરુની સામે ગયા. ॥૨૭૮॥ હર્ષપૂર્વક ગુરુના હાથમાંથી જલ્દીથી દાંડો લીધો. ગુરુના ચરણકમલમાં રહેલી રજને અને પોતાની આત્મરજને સાફ કરી. ॥૨૭૯॥ ગુરુના ચરણકમલને પ્રક્ષાલ કર્યો. તેમજ કુતૂહલવાળા પોતાના મનને પણ નિર્મળ કર્યું. ॥૨૮૦॥

હવે ગુરુએ પણ વિચાર્યું કે બાલ મુનિ પણ આ અહો નિરવધિ પ્રજ્ઞાવાળા શ્રુતસાગરનું પાન કરનારા અગસ્ત્ય ઋષિ જેવા છે. ॥૨૮૧॥ આનું મહાત્મ્ય ત્રણે ભુવનને ઓળંગી જનાર છે, એમ આ મુનિઓને જણાવવું જોઈએ. જેથી આ શ્રેષ્ઠ મુનિની મુનિઓ પરાભવ (આશાતના) ન કરે. ॥૨૮૨॥ રાત્રિમાં આ પ્રમાણે વિચારીને શિષ્યોને ગુરુએ કહ્યું કે આવતીકાલે અમુક ગામમાં અમે જવાના છીએ. બે-ત્રણ દિવસ અમારે ત્યાં રહેવાનું થશે. ॥૨૮૩॥ હવે યોગોદ્વહન કરનાર સાધુઓએ ગુરુને વિનંતિ કરી કે હે પ્રભો ! આપ પધારશો તો પાછળથી અમારા વાચનાચાર્ય કોણ થશે ? ॥૨૮૪॥ ગુરુએ કહ્યું કે વજ્રમુનિ થશે. વિનિત એવા તેઓએ ગુરુના વચનને શંકા વગર વિચાર્યા વગર જ તહત્તિ એ પ્રમાણે કહ્યું. ॥૨૮૫॥ સવારમાં ગુરુ વિહાર કરતે છતે બાકીના મુનિઓએ ગુરુની જેમ વજ્ર મુનિનું આસન પાથર્યું. ॥૨૮૬॥ ગુરુના આદેશથી મહાબુદ્ધિશાળી વજ્ર મુનિ તેના ઉપર બેઠા. ગુરુના સ્થાને બેસેલા બાળક પણ ગુરુની જેમ શોભતા હતા. ॥૨૮૭॥ સવારના સમસ્ત કાળગ્રહણ વગેરે કરીને ગુરુની જેમ તેમની આગળ પણ મુનિઓએ કર્યું. ॥૨૮૮॥ તે સર્વે પણ પોતાના ક્રમ મુજબ ભણવા માટે બેઠા. તેઓને વજ્ર મુનિએ અસ્ખલિત રીતે પ્રગટ એવા આલાવા વગેરે આપ્યા. ॥૨૮૯॥ અત્યંત હોંશિયાર એવા અને વાચનાકુશલ વજ્ર મુનિની વાચના સાંભળીને જેઓ

મંદબુદ્ધિવાળા હતા, તેઓએ ભણવા માટેનો આરંભ કર્યો. ॥૨૯૦॥ જડો (મૂર્ખ)ના પણ જડતારૂપી પર્વતને વજ્ર મુનિએ વજ્રની જેમ ભેદી નાંખ્યા. તેમના આ અતિશયને જોઈને સર્વ પણ ગચ્છ આશ્ચર્યચકિત થયો. ॥૨૯૧॥ પૂર્વને ભણેલા મહર્ષિઓએ સંદેહને પૂછ્યા. તે સમસ્ત સંદેહોને કહીને વજ્ર મુનિએ તેમને શંકા વગરના કર્યા. ॥૨૯૨॥ ગુરુની પાસે અનેક વાચનાઓ વડે જે ભણ્યા તેટલું વજ્ર મુનિએ એક જ વાચના વડે સાધુઓને ભણાવ્યા. ॥૨૯૩॥ ખુશ થયેલા તેઓ પરસ્પર બોલ્યા કે જો ગુરુ લાંબા કાળે આવે તો વજ્ર મુનિ પાસે જેટલું પણ છે તેટલું જલ્દીથી શ્રુતસ્કંધ મેળવીએ. ॥૨૯૪॥ સાધુઓને વજ્ર મુનિ ઉપર અત્યંત બહુમાન થયું. ગુણો વડે કોણ આનંદ ન પામે ? એક ગુરુ પાસે ભણેલ સહાધ્યાયીને તો વિશેષથી બહુમાન થાય. ॥૨૯૫॥

હવે ગુરુએ પણ વિચાર્યું કે આટલા દિવસો થઈ ગયા છે. તેથી નિશ્ચે વજ્ર મુનિના ગુણો સાધુઓના હૃદયમાં સ્થિર થઈ ગયા હશે. ॥૨૯૬॥ હવે બાકી રહેલ કાંઈ પણ આ ભણાવાય, એ પ્રમાણે વિચારીને ગુરુ ગામથી વિહાર કરીને આવ્યા. ॥૨૯૭॥ વજ્ર પ્રમુખ સર્વ સાધુઓએ આનંદપૂર્વક ગુરુને વંદન કર્યા. ગુરુએ પણ તેમને પૂછ્યું કે તમે બધા સ્વાધ્યાયમાં તો પ્રવૃત્ત છો ને ? ॥૨૯૮॥ તેઓએ પણ કહ્યું કે ઘણો જ સ્વાધ્યાય કરીએ છીએ. હે પ્રભો ! એક આપને વિનંતિ છે કે હવેથી (આજથી) અમારા વાચનાચાર્ય વજ્ર જ થાઓ. ॥૨૯૯॥ આટલા દિવસો તો અમે આમના ગુણોથી અજ્ઞાત હતા. તેથી તેમની અવજ્ઞા પણ કરી હશે. પરંતુ હવે તો આપના ચરણકમલની જેમ દરરોજ તેમની આરાધના કરશું (પૂજશું). ॥૩૦૦॥ ગુરુએ પણ કહ્યું કે હે કલ્યાણકારી ! આ તમારો ગુરુ થશે. બાળક પણ જ્ઞાનથી બળવાન હોય તો તેની ક્યારે પણ અવગણના ન કરાય. ॥૩૦૧॥ તમને આ ગુણોનો ભંડાર છે, એમ જણાવવા માટે જ તમારા વાચનાચાર્ય કરીને ગામમાં અમે ગયા હતા. ॥૩૦૨॥ ફક્ત આની પાસે સાંભળવા માત્રથી શ્રુત આવેલું છે. ગુરુએ આપેલું શ્રુત ન હોય ત્યાં સુધી આને વાચના આપવાપણું કલ્પતું નથી. ॥૩૦૩॥ સૂત્ર, અર્થની વાચના દ્વારા શ્રુત એને સંક્ષેપથી હું આપીશ. ત્યારબાદ આ આચાર્ય પદની યોગ્યતાને મેળવશે (પામશે). ॥૩૦૪॥ ત્યારબાદ ભણેલું અને નહિ ભણેલું સર્વ શ્રુત ગુરુએ વજ્રને આપ્યું. પાત્રતા હોય તો પોતાનો વૈભવ કોણ ન આપે ? ॥૩૦૫॥ ગુરુ વડે અર્પણ કરાયેલું સમસ્ત શ્રુતને વજ્રે પણ ગ્રહણ કર્યું. સ્વામી વડે અર્પણ કરાયેલું દ્રવ્ય ભંડારી જેમ સાચવે તેમ સંભાળ્યું. ॥૩૦૬॥ ત્યારબાદ ગુરુના દુઃખેથી ભેદાય એવા સંદેહરૂપી પર્વતને વજ્રે વજ્રની જેમ લીલા માત્રમાં ચૂરેચૂરા કરી નાંખ્યા. ॥૩૦૭॥ ગુરુની પાસે તેમના ગુરુએ અર્પણ કરાયેલું જેટલું દૃષ્ટિવાદ હતું તે સર્વે વજ્રે પિતાના સર્વસ્વને પુત્ર જેમ ગ્રહણ કરે તેમ ગ્રહણ કર્યું. ॥૩૦૮॥

હવે એક વખત પરિવાર સહિત ગુરુ પણ પોતાના ચરણકમળથી પૃથ્વીતલને પાવન કરતાં **દશપુર** નગરમાં ગયા. ॥૩૦૯॥ સ્થવિર કલ્પમાં રહેલાં દશપૂર્વી એવા **ભદ્રગુપ્ત** નામના આચાર્ય **અવંતિમાં** છે, તે સાંભળીને ત્યાં રહેલા તેમણે વિચાર્યું. ॥૩૧૦॥ ગ્રાહકના અભાવથી દશપૂર્વ તેમની સાથે જ ચાલ્યા જશે. ઉદાર બુદ્ધિવાળા તેઓ જો યોગ્યને આપે તો ભવ્ય (સારું) થાય. ॥૩૧૧॥ અથવા તો આ ચિંતન વડે સર્યું. અત્યંત પ્રજ્ઞાના પ્રકર્ષથી તેમજ પદાનુસારી લબ્ધિવાળા વજ્રમુનિ તેને ગ્રહણ કરી શકે તેમ છે. ॥૩૧૨॥ આ પ્રમાણે જાણીને ગુરુએ પણ વજ્રને કહ્યું કે હે વત્સ ! તું બે સાધુની સાથે અવંતિ જા. ॥૩૧૩॥ હે ભો ! ભદ્રગુપ્ત ગુરુની પાસે રહેલા દશપૂર્વને તું ભણી લે. કેમ કે તારા સિવાય બીજો કોઈ પણ આરંભેલા કાર્યને પૂર્ણ કરનાર નથી. ॥૩૧૪॥ સંભાવના છે કે ભદ્રગુપ્તસૂરિ પાસે બીજો કોઈ દશપૂર્વી નથી. હમણાં તું એક

જ દશપૂર્વી છે, જેથી તું ગ્રહણ કર. ॥૩૧૫॥ ન ભણી શકાય તેવું પ્રજ્ઞારૂપી સમુદ્રવાળા તારા માટે કાંઈ જ નથી. તેથી જલ્દીથી તે ભણીને આવીને મને કહે. હું પણ તને અભિનંદન આપું. ॥૩૧૬॥ ગુરુની આજ્ઞાથી ક્ષણમાત્રમાં શાસનદેવીની જેમ કરેલા સાનિધ્યવાળા વજ્ર મુનિ સુખપૂર્વક **ઉજ્જયની** નગરી તરફ ગયા. ॥૩૧૭॥ ભદ્રગુપ્ત ગુરુએ સ્વપ્નમાં જોયું કે મારી પાસે કોઈક આગંતુક (મહેમાન) ક્ષીરથી ભરેલા પાત્રને પીને ખુશ થઈને ગયો. ॥૩૧૮॥ સવારના મુનિઓને ગુરુએ સ્વપ્નની વાત કરી. તેઓ પણ ઈચ્છા મુજબ અન્ય ફળ સૂચનો કરવા લાગ્યા. ॥૩૧૯॥ ગુરુએ કહ્યું, આ પ્રમાણે નથી, પરંતુ આજે કોઈક ગ્રાહક આવશે તે મારી પાસેથી તે સૂત્ર અર્થ સહિત સર્વ શ્રુતને ગ્રહણ કરશે. ॥૩૨૦॥ વજ્ર મુનિએ પણ નગરની બહાર પર્યુપાસના કરી. સૂર્યોદય થયે છતે ભદ્રગુપ્ત આચાર્યથી વિભૂષિત ઉપાશ્રયમાં ગયા. ॥૩૨૧॥ સૂર્ય વિકાસી કમળ સૂર્યને જોઈને ખુશ થાય તેમ તે તેને જોઈને ખુશ થયા અને વિચાર્યું કે ચક્ષુરૂપ ચંદ્ર વિકાસી કમળને માટે ચંદ્રમા સરખા આ બાલમુનિ કોણ છે ? ॥૩૨૨॥ આના દર્શનરૂપી દૂતી મારા ચિત્તને પરમ આનંદની સંપત્તિ સાથે જોડે છે. તેથી અત્યંત વલ્લભ એવો આ કોણ છે ? ॥૩૨૩॥ આવા પ્રકારના વજ્ર છે એમ સંભળાય છે તો સંભવ છે કે શું તે જ હશે ? અથવા તો મેઘના ઉદય વિના શું મોર નૃત્ય કરે છે ? ॥૩૨૪॥ પ્રણામ કરતા તેની સંમુખ આલિંગન કરીને ગુરુ ખુશ થયા. વલ્લભ એવા પુત્રની જેમ ખોળામાં બેસાડીને કહ્યું, તમારો વિહાર સુખપૂર્વક થયો. શરીર સારું છે ને ? તને ધન્ય છે. હે વત્સ ! હે વજ્ર મુનિ જે આ પ્રમાણે સંયમને સ્વીકારનાર તું ધન્ય છે. ॥૩૨૫-૩૨૬॥ જન્મવા માત્રથી જ વ્રતની ઈચ્છાવાળા તમારા સિવાય આ વિસ્તરતી એવી આ અવસર્પિણીમાં બીજું કોઈ નથી. ॥૩૨૭॥ હમણાં ક્યાંથી વિહાર કરીને આવ્યા ? તમારા ગુરુ ક્યાં છે ? અત્રે આગમનનો હેતુ તમારો શું છે ? તે કહો. ॥૩૨૮॥

આ પ્રમાણે આલાપરૂપી અમૃતના છાંટણા વડે જાણે રસ્તાના શ્રમને હરણ કરતા હોય તેમ ગુરુએ વજ્રને આનંદ પમાડ્યો. ॥૩૨૯॥ ખુશ મનવાળા વજ્ર મુનિએ હવે ઉઠીને વંદન કરીને વિનયપૂવક તેઓના પ્રશ્નોના ઉત્તરને આપ્યા. ॥૩૩૦॥ ગુરુની આજ્ઞાથી તમારી પાસે દશપૂર્વો ભણવા માટે હું આવ્યો છું. તેથી મહેરબાની કરીને હે પવિત્રાત્મા ! પ્રભુ મને તમે તે ભણાવો. ॥૩૩૧॥ પોતાના સર્વસ્વને કળશમાં નિધાન નાંખે તેમ ગુરુએ સૂત્ર અને અર્થ સહિત દશપૂર્વ વજ્રને આપ્યા. ॥૩૩૨॥ વિષ્ણુ જેમ લક્ષ્મીને પ્રાપ્ત કરીને પરમાર્થથી શ્રીધર થાય તેમ વજ્ર મુનિ પણ દશપૂર્વને ગ્રહણ કરીને સમ્યગ્ દશ પૂર્વધર થયા. ॥૩૩૩॥ દૃષ્ટિવાદ વગેરે સૂત્રોનો જેની પાસે ઉદ્દેશ કર્યો હોય તેની પાસે જ અનુજ્ઞા થાય, એવી જ પરંપરા છે. આથી ભદ્રગુપ્ત સૂરિને પૂછીને તેની આજ્ઞાથી વજ્ર મુનિ ગુરુની પાસે ગયા. ॥૩૩૪॥ હર્ષ પામેલા સિંહગિરિ ગુરુએ પણ તેથી દશપુર નગરમાં દશપૂર્વી વજ્રના પૂર્વોની અનુજ્ઞા કરી. ॥૩૩૫॥ ત્યારે જૃંભક દેવોએ દિવ્ય ચૂર્ણોના ભેટણાં કર્યા અને દિવ્ય પુષ્પવૃષ્ટિ આદિ વડે મહિમાને કર્યો. ॥૩૩૬॥

એક વખત **સિંહગિરિ** ગુરુએ વજ્રને ગણ સોંપીને અનશન કર્યું અને સમાધિ-પૂર્વક **દેવલોક**ને પ્રાપ્ત કર્યું. ॥૩૩૭॥ હવે સૂર્યની જેમ ભવ્યરૂપી કમળો (જીવો)ને બોધ પમાડતા પાંચશો સાધુઓથી યુક્ત વજ્ર ગુરુએ વિહાર કર્યો. ॥૩૩૮॥ વજ્રસ્વામી જ્યાં જ્યાં નગર, શહેરાદિમાં પધારતા ત્યાં ત્યાં ચંદ્રના કિરણ સરખી કીર્તિ આદિ તેમના ગુણો પ્રસરતા હતા. ॥૩૩૯॥ અહો, વજ્રગુરુનું શીલ, અહો તેમનું શ્રુતજ્ઞાન, અહો સૌભાગ્ય, લાવણ્ય આદિ ગુણોનું અતિશયવાળાપણું. ॥૩૪૦॥ આ બાજુ શ્રેષ્ઠતાથી અદ્‌ભુત એવા પાટલીપુત્ર નગરમાં **ધન** વડે કુબેરની ઉપમાવાળો **ધન** નામનો શ્રેષ્ઠી હતો. ॥૩૪૧॥ તેને સર્વ ગુણના સ્થાન સમાન **રુકિમણી**

નામની પુત્રી હતી. જેના રૂપના મત્સર વડે અપ્સરાઓ પૃથ્વી પર આવતી ન હતી અર્થાત્ અત્યંત રૂપવાન હતી. ॥૩૪૨॥ શ્રેષ્ઠીઓમાં શ્રેષ્ઠ એવા તેની યાનશાળામાં સાધ્વાચારમાં જ તત્પર એવા વજસ્વામીના સાધ્વીઓ ઉતર્યા હતા. ॥૩૪૩॥ અતિ ઘણા હોવાથી પોતાની છાતીમાં ન માય એની જેમ વજગુરુના ગુણોને હંમેશાં તેઓ ગાતી હતી. ॥૩૪૪॥ અદ્વિતીય વજસ્વામીના ગુણોના સમુહને સાંભળીને રુકિમણીએ વજ ઉપર પતિનો પ્રેમ કર્યો અને પોતાને આ પ્રમાણે કહ્યું. ॥૩૪૫॥ જો વજસ્વામી કોઈ પણ રીતે મારો ભર્ત્તા થશે તો જ હું ભોગોને ભોગવીશ. અન્યથા ભોગો વડે મારે સર્યું. ॥૩૪૬॥ ઉપસ્થિત વરોને નિષેધ કરતી હતી અને કહેતી, મેં તો વજને વર તરીકે સ્વીકાર્યો છે. તો પછી બીજાને કેવી રીતે હું સ્વીકારું ? ॥૩૪૭॥ સાધ્વીઓએ તેણીને કહ્યું કે હે ભોળી બાળા ! વૈરાગીઓમાં શ્રેષ્ઠ એવા વજસ્વામી તો વ્રતી છે, સ્ત્રીઓના પાણિગ્રહણને તેઓ તો ઈચ્છતા પણ નથી. ॥૩૪૮॥ તેણી ત્યારે કહેતી કે વજસ્વામી જો મને પરણશે નહિ તો હું પણ વ્રત ગ્રહણ કરીશ. કેમ કે નારીઓ હંમેશાં પતિના માર્ગને અનુસરનારી હોય છે. ॥૩૪૯॥ આ બાજુ દેશનારૂપી સમુદ્ર સરખા વજસ્વામી એક ગામથી બીજા ગામ વિહાર કરતાં પાટલીપુત્રમાં આવ્યા. ॥૩૫૦॥ વજસ્વામી પધાર્યા છે તે સાંભળીને રાજા ઈન્દ્રની જેમ મોટી ઋદ્ધિપૂર્વક ત્યારે તેમની સન્મુખ ગયો. ॥૩૫૧॥ ત્યારબાદ રસ્તા ઉપરથી પસાર થતા જતા આવતા વૃંદોના વૃંદો વડે (ટોળેટોળે રહેલા લોકો વડે) સુનંદાનંદન વજસ્વામીના સાધુઓને જોયા. ॥૩૫૨॥ તેઓને જોતા રાજાએ વિચાર્યું કે અત્યંત દેદીપ્યમાન કાંતિવાળા, અતિશય રૂપ સંપત્તિવાળા, અત્યંત જિતેન્દ્રિય, ઘણા શુભ સંસ્થાન (આકાર)વાળા, ઘણા સમભાવવાળા, ઘણા સમતામાં લીન થયેલા, મધુર બોલનારા. ॥૩૫૩-૩૫૪॥ દિવ્ય એવા આ ઘણા મહર્ષિઓમાં પૂર્વે નહિ જોયેલાં વજસ્વામી કેવી રીતે ઓળખાય ? ॥૩૫૫॥

ત્યારબાદ રાજાએ પૂછ્યું કે હે મુનિઓ ! સામાનિક દેવોમાં જેમ ઈન્દ્ર તેમ તમારામાં ખરેખર વજમુનિ કોણ છે ? તે કહો. ॥૩૫૬॥ તેઓએ કહ્યું કે મહારાજ ! અમે વજમુનિના શિષ્યો છીએ. નક્ષત્રોમાં જેમ ચંદ્રમા તેમ સાધુઓમાં સુખપૂર્વક તે ઓળખાઈ જાય તેવા છે. ॥૩૫૭॥ આ પ્રમાણે સમસ્ત વૃંદોમાં પૂછતાં પૂછતાં રાજાએ પાછળના સાધુવૃંદમાં રહેલા વજસ્વામીને જોયા. ॥૩૫૮॥ ખુશ થયેલા અને ધન્ય માનતા રાજાએ તેમને વંદન કર્યા. તેમની આગળ હર્ષાશ્રુના બિંદુઓ વડે છંટકાવની જેમ કર્યું. ॥૩૫૯॥ ત્યારબાદ બહાર ઉદ્યાનમાં અત્યંત મોટા પ્રસાદમાં (મહેલમાં) પાંચશો મુનિથી પરિવરેલા વજસ્વામી પધાર્યા. ॥૩૬૦॥ આસન ઉપર બેસીને નગરજનો સહિત રાજાની આગળ વજસ્વામીએ મધુરતામાં દ્રાક્ષને પણ જીતી લે તેવી દેશનાને કરી. ॥૩૬૧॥ ત્યારે **क्षीराश्रव-लब्धिथी** વજસ્વામીએ રાજાનું મન ધર્મના વ્યાખ્યાનથી હરણ કર્યું, તો પછી બીજાનું શું ? ॥૩૬૨॥ અત્યંત પ્રમોદવાળા રાજા વ્યાખ્યાન બાદ ઘરે ગયા. સંભ્રમપૂર્વક અંતઃપુરી (રાણીઓ) પાસે સમસ્ત કથા કહી. ॥૩૬૩॥ હે પ્રિયે ! અત્યંત દેદીપ્યમાન લાવણ્યવાળા વજઋષિના દર્શનથી ચક્ષુરિન્દ્રિય, પંચાંગ પ્રણિપાત પ્રણામ વંદનથી સ્પર્શેન્દ્રિય, મોક્ષના દ્વારમાં પ્રવેશ આપનાર દેશનાને સાંભળીને શ્રોત્રેન્દ્રિય, લોકોત્તર એવા અદ્‌ભૂત યશના સૌરભને સૂંઘીને ઘ્રાણેન્દ્રિય, અત્યંત (ગણનાતીત) ગુણના સમૂહને પોતાની જિલ્વા વડે સ્તવી સ્તવીને રસનેન્દ્રિય, આમ મારી પાંચે ઈન્દ્રિયો આજે કૃતકૃત્યતાને પામી છે. ॥૩૬૪-૩૬૫-૩૬૬॥ હે રાણીઓ ! તે ઋષિ સાક્ષાત્ જાણે ધર્મ હોય તેવા તે લોકોના પ્રતિબોધને માટે નગરના ઉદ્યાનમાં રહેલા છે. ॥૩૬૭॥ તમે સર્વે પણ તે શ્રેષ્ઠ મુનિપુંગવને નમસ્કાર કરીને તેમના વ્યાખ્યાનને સાંભળીને મનુષ્યરૂપી વૃક્ષના ફળને પ્રાપ્ત કરો. ॥૩૬૮॥ તેણીઓએ પણ કહ્યું કે હે નાથ ! અમે

સ્વયં પ્રણામ કરવાની ઇચ્છાવાળી છીએ તેમાં, સ્વયં કામથી પીડિત હોય એમાં વળી મોરના ટહુકા સાંભળવાથી વિશેષ ઉન્માદ પેદા થાય છે તેમ તમારી અનુમતિ અમને આનંદિત કરનારી થઈ છે. ॥૩૬૯॥ હવે રાણીઓ પણ વિમાનમાં આવેલી દેવીઓ હોય તેમ પાલખીમાં બેસીને તે ઉદ્યાનમાં વજ્રસ્વામીને નમસ્કાર કરવા માટે ગઈ. ॥૩૭૦॥

ત્યારે રુક્મિણીએ માણસો પાસેથી જાણ્યું કે વજ્રસ્વામી પધાર્યા છે. તેથી સૂર્યોદય થતા પદ્મિની (સૂર્ય વિકાસી કમળ) જેમ ખીલે તેમ તેણી પણ હસતા મુખવાળી થઈ. ॥૩૭૧॥ પિતાને તેણે કહ્યું કે હે પિતાજી ! જગત જેને ઈચ્છે તેવા, સંકલ્પ કરેલા મારા પતિ વજ્રસ્વામી આવ્યા છે. ॥૩૭૨॥ હે તાત ! લાંબા કાળના મારા મનોરથો પૂર્ણ કરો. તેથી મને તેને આપો. તમે વિવાહ કરીને નિવૃત્ત થાઓ. ॥૩૭૩॥ શરદ ઋતુના મેઘ (વાદળ) ક્ષણવાર આવે ને જાય તેમ મુનિઓ સ્થાયી રહેતા નથી. માટે વિલંબ ન કરો. ॥૩૭૪॥ ધનશ્રેષ્ઠીએ પુત્રીને પરણાવવાને માટે પૃથ્વી પરની અમરીની જેમ અદ્વિતીય શૃંગારવાળી પુત્રીને લઈને અને વરને માટે સુવર્ણ રત્નોની કોટી લઈને તેમજ સર્વ સ્વજન વર્ગથી યુક્ત એવો તે ઉદ્યાનમાં ગયો. ॥૩૭૫-૩૭૬॥ વજ્રસ્વામીના વ્યાખ્યાનથી રંજિત થયેલા નગરના સર્વે લોક પણ મદાન્ધ ગંધહસ્તીની જેમ મસ્તકને ધૂણાવતા પરસ્પર આ પ્રમાણે બોલતા હતા કે દૂધ, શેરડી, ગોળ વગેરેની મીઠાશ તો ક્યાં, પરંતુ આ વાણીએ તો અમૃતને પણ ફોગટ કર્યું. ॥૩૭૭-૩૭૮॥ આની ધર્મદેશનાને સાંભળતા ભવ્ય જીવો અહીં પણ મોક્ષના સુખની ઝાંખીને પ્રાપ્ત કરે છે. ॥૩૭૯॥ ખરેખર ! આના ગુણોને અનુરૂપ શ્રેષ્ઠરૂપ નથી અથવા તો શું એક ઠેકાણે અહિં સર્વ સુંદર હોય ? ॥૩૮૦॥ અને તેને અતિશયથી જાણીને બીજે દિવસે સ્વામીએ ૧૦૦૦ પાંદડાવાળું સોનાનું કમળ વિકુર્વ્યું. ॥૩૮૧॥ નગરના પ્રવેશ વખતે નગરના લોકો ક્ષોભ ન પામે તેથી પોતાના રૂપને લબ્ધિથી સ્વામીએ ગોપવ્યું હતું. ॥૩૮૨॥ વળી ત્યારબાદ કમલના આસન પર બેઠેલી લક્ષ્મીની જેમ પોતાનું સ્વાભાવિક રૂપ કરીને તેઓ કમળના આસન પર બેઠા. ॥૩૮૩॥ સ્વાભાવિક રૂપ જોઈને સમસ્ત લોકો ખુશ ખુશ થઈ ગયા અને બોલ્યા કે વજ્રસ્વામીનું રૂપ ખરેખર અદ્વિતીય છે. ॥૩૮૪॥ ફક્ત સ્ત્રીઓની પ્રાર્થનાના ભયથી જ વજ્રસ્વામી પ્રાયઃ વિરૂપ એવા રૂપ વડે રહે છે. ॥૩૮૫॥ આશ્ચર્યથી સ્થિર થયેલા નેત્રવાળા રાજાએ કહ્યું કે અહો ! દેવયોનિની જેમ સ્વામીની વૈક્રિય લબ્ધિ છે. ॥૩૮૬॥ અણગારના ગુણોને વજ્રસ્વામીએ જ્યારે કહ્યા અને બતાવેલા ઘણા પ્રકારના સંજ્ઞાવાળા વ્યાખ્યાનને ફેલાવ્યું - વિસ્તાર્યું. ॥૩૮૭॥

વ્યાખ્યાન બાદ ધનશ્રેષ્ઠીએ વજ્રસ્વામીને કહ્યું કે આ મારી પુત્રી તમારી સાથે પાણિગ્રહણ કરવાની અત્યંત (તીવ્ર) ઈચ્છાવાળી છે. ॥૩૮૮॥ તમને પતિપણાને ઈચ્છતી એવી આ બીજા વરોને નિષેધ કરતી આટલો કાળ તમારામાં રક્ત થયેલી તમારા નામથી જ રહી છે. ॥૩૮૯॥ તેથી હે સૌભાગ્યનિધિ ! તમારા માટે લાંબા કાળથી ખિન્ન થયેલી આણી સાથે પાણિગ્રહણ દ્વારા આપ અનુગ્રહ કરો. ॥૩૯૦॥ સ્વામીને આણી અનુરૂપ નથી, પરંતુ તમારા વિષે સ્નેહવાળી તેના ઉપર દયા કરીને કાર્યને જાણનાર તમે આનો સ્વીકાર કરો. ॥૩૯૧॥ હે સ્વામી ! મંગલ ફેરા ફરવામાં વેદિકાની અંદર સપત્નીક એવા આપને આ સુવર્ણ અને રત્નના કોટીઓ મારા વડે અપાશે. વજ્રસ્વામીએ પણ કહ્યું, હે શ્રેષ્ઠિન્ ! ખરેખર મારી વ્યાખ્યાનો અર્થ ભરેલા ઘડાથી બહારની જેમ તારા હૃદયથી બહાર ગયો છે. ॥૩૯૨-૩૯૩॥ આ પ્રમાણે કન્યા અને ધનની નિમંત્રણા કરતો અજ્ઞાની તું જાણકાર નિર્લોભી એવા મને પ્રલોભનમાં જોડે છે. ॥૩૯૪॥ હે કલ્યાણકારી ! બાલ્યકાળમાં પણ જે હું માતાના પ્રલોભનથી લુબ્ધ થયો નથી, અત્યારે તો સમસ્ત તત્ત્વને જાણનાર હું કેવી રીતે લોભમાં પડું ?

॥૩૯૫॥ વળી સ્ત્રીઓ અને લક્ષ્મીના વિષયો પણ વિષ જેવા છે. શરૂઆતમાં વળી મધુરપણાને બતાવનારા વિષયોનો વિપાક કડવો છે. ॥૩૯૬॥ અથવા ઝેરથી વિષયોનું અધિકપણું છે જે કારણથી વિષનો કોપ અહિં જ મળે છે. જ્યારે વિષયોનો પ્રકોપ તો જન્માંતરમાં પણ સાથે જાય છે. ॥૩૯૭॥ અહો ! વળી સમ્યગ્જ્ઞાનાદિની સહાય વડે સદા પણ વીંટળાયેલો હું સન્માર્ગમાં સંચરતો વિષયોરૂપી ચોરો વડે કેવી રીતે ગ્રહણ કરાઉં ? ॥૩૯૮॥ હે શ્રેષ્ઠી ! જો તારી પુત્રી મારા ઉપર અનુરાગવાળી છે તો તેણી પણ મારાથી આચરાયેલા માર્ગને અનુસરનારી થાય. ॥૩૯૯॥ દુર્જનની સેવાની જેમ વિવેકીજનોથી નિંદિત એવા તેમજ મહાન અનર્થોના કારણરૂપ વિષયોની આકાંક્ષા ન કરો. ॥૪૦૦॥ પોતાના હિતવાળી તારી પુત્રી પણ તે ચારિત્રરૂપી વહાણ વડે મારી સાથે ચપટી માત્રમાં ભવરૂપી સમુદ્રનું ઉલ્લંઘન કરનારી થાવ. ॥૪૦૧॥ તે સાંભળીને તે જ ક્ષણે **રુકિમણી** પ્રતિબોધ પામી અને સિદ્ધિરૂપી મહેલમાં આરોહણ કરવાની નિસરણી સરખી **પ્રવ્રજ્યા** ગ્રહણ કરી. ॥૪૦૨॥ તેવા પ્રકારની તે વજ્રસ્વામીની નિર્લોભતાને જોઈને ત્યારે આશ્ચર્યચકિત થયેલા ઘણા લોકોએ મનમાં આ પ્રમાણે વિચાર્યું કે લોભથી રહિત એવા આ સામેથી અપાતું પણ ગ્રહણ કરતા નથી. બીજા લોભીઓ તો સેંકડો વાર પ્રાર્થના કરીને માંગીને ગ્રહણ કરે છે. ॥૪૦૩-૪૦૪॥ આમનામાં જે નિર્લોભપણું છે, તેથી ખરેખર આ તાત્ત્વિક ધર્મ જ છે. કેમ કે બાળકો પણ પાપોનું મૂળ લોભ છે, એમ બોલે છે. ॥૪૦૫॥ ત્યારે ઘણા લોકો પણ પ્રતિબોધ પામ્યા અને જૈનધર્મ સ્વીકાર્યો. રાજા પણ અતિશયથી એકાગ્ર થયો. ॥૪૦૬॥

એક વખત **પદાનુસારિ લબ્ધિવાળા** વજ્રસ્વામીએ **આચારાંગના મહાપરિજ્ઞા અધ્યયનમાંથી આકાશગામિની વિદ્યાનો ઉદ્ધાર કર્યો.** તેનાથી આકાશ માર્ગે જંબૂદ્વીપથી આરંભીને માનુષોત્તર પર્વત સુધી (મનુષ્ય ક્ષેત્ર સુધી) ભ્રમણ કરવાની શક્તિવાળા તેઓ થયા. ॥૪૦૭-૪૦૮॥ વજ્રસ્વામીએ વિચાર્યું કે આ વિદ્યા બીજા કોઈને પણ આપવા યોગ્ય નથી. કેમ કે હવેથી પ્રાણીઓ મંદ સત્ત્વવાળા થશે. ॥૪૦૯॥ એક વખત વજ્રસ્વામી, કરેલા પ્રશ્નવાળા પુરુષને ઉત્તર આપે તેમ પૂર્વદેશથી વિહાર કરીને ઉત્તર દિશામાં પધાર્યા. ॥૪૧૦॥ ત્યાં અત્યંત દુષ્કાળ પ્રવર્તતે છતે સ્ત્રીઓની જેમ સમસ્ત લોક આહારના અર્થીપણાથી તૃષ્ણાવાળા (ચંચળ) થયા. ॥૪૧૧॥ દુષ્કાળમાં અન્નના અભાવથી અથવા થોડા થોડા અન્નના ભોજનથી રોગથી પીડાયેલાની જેમ લોકો યુક્તિપૂર્વક કાળ પસાર કરવાની લીલા વડે રહ્યા. ॥૪૧૨॥ ત્યારે કાળના યોગથી ત્યાં ધનાઢ્ય લોકો પણ ઘરડા હાથીની જેમ દાન નહિ આપવાના સ્વભાવવાળા થયા. ॥૪૧૩॥ જગતના શત્રુભૂત વિકરાળ એવા દુકાળ વડે ગામો ઉજ્જડ થયે છતે માર્ગો દુઃખેથી સંચરી શકાય તેવા થયા. ॥૪૧૪॥ ત્યારે સૈન્યના કોલાહલની જેવો રાડારોળ થયો. વાડીના ચોકીદારની જેમ ગરીબો ફળો વગેરેને છેદી નાંખતા હતા. ॥૪૧૫॥ ભસ્મક-રોગીની જેમ દુષ્કાળથી આકુળ-વ્યાકુળ થયેલા માણસો ત્યારે બે ગણા, ત્રણ ગણા આહારને ખાતા હતા. ॥૪૧૬॥ ભિક્ષાને માટે આવેલા સાધુઓને બાળકો સંભળાવતા હતા કે (ઘરની અંદર રહેલી માતાએ પહેલા શીખવાડેલું હોવાથી) મારી માતા કહે છે, હું નથી. ॥૪૧૭॥ હવે દુષ્કાળરૂપી વાઘથી વ્યથિત સર્વ સંઘે પણ શરણાર્થીની જેમ આવીને શરણ કરવા યોગ્ય વજ્રસ્વામીને વિનંતિ કરી. ॥૪૧૮॥ હે નાથ ! પ્રલયકાળનો સમુદ્ર જેમ પૃથ્વીને તેમ દુષ્કાળરૂપી સમુદ્રે અમને બધાને ભીંજવી નાંખ્યા છે, તો કૃપા કરીને તેમાંથી અમને તારો. ॥૪૧૯॥ ત્યારબાદ સંઘ પ્રત્યે અનુગ્રહની ઈચ્છાથી વિદ્યાશક્તિ વડે વજ્રસ્વામીએ વિમાનની જેમ પૃથ્વીતલના આકાર જેવા વિશાળ પટને વિકુર્વ્યો. ॥૪૨૦॥ સૌધર્માધિપતિ પાલક વિમાનમાં જેમ દેવના સમૂહને બેસાડે તેમ તે પટ ઉપર વજ્રસ્વામીજીએ સર્વ સંઘને બેસાડ્યો. ॥૪૨૧॥ કોણિક વડે

વૈશાલીનગરીનો ભંગ કરાતે છતે ચેટક રાજાના આશ્રિત લોકને સત્યકી જેમ નિર્ભયસ્થાને લઈ ગયો તેમ વિદ્યાનું સ્મરણ કરીને વજસ્વામીજી ત્યારે સમસ્ત સંઘને આકાશ માર્ગે લઈને ગયા. ॥૪૨૨॥ ત્યારે સ્વામીનો **દત્ત** નામનો શય્યાતર, ગાયોને ચરાવવા ગયો હતો અને પાછા વળતા તેણે સંઘથી યુક્ત વજસ્વામીને આકાશ માર્ગે જતાં જોયા ત્યારે શય્યાતરે વાળને ઉખેડીને તેમને કહ્યું કે હે સ્વામી ! હું તમારો દત્ત નામનો શય્યાતર છું અને હવે સાધર્મિક પણ છું. તેથી અત્યારે મારો પણ નિસ્તાર કરો. ॥૪૨૩-૪૨૪॥ શય્યાતરના આજીજી ભરેલા દીન વચનોને સાંભળીને અને લોચ કરેલા મસ્તકવાળા તેને જોઈને આગમ વચનને વિચાર્યું. ॥૪૨૫॥ જેઓ સાધર્મિક વાત્સલ્યમાં સ્વાધ્યાયમાં સંયમમાં અને તીર્થ પ્રભાવનામાં ઉદ્યમવાળા હોય તેઓનો ઉદ્ધાર કરવો જોઈએ. ॥૪૨૬॥ આ પ્રમાણે આગમના વચનને વિચારીને તેને પણ પટ પર આરોપણ કર્યો. કૃત્ય અકૃત્ય (કાર્ય-અકાર્ય)ને જાણનાર સ્વામીના વિવેકપણાને શું કહેવાય ? ॥૪૨૭॥ સ્વામીના પ્રભાવના માહાત્મ્યથી વિદ્યામય પટ ઉપર બેઠેલા પણ તેઓ પૃથ્વીતલને જોતા જતા હતા. ॥૪૨૮॥ સ્વામીના વિદ્યાના અતિશયને જોઈને વિસ્મિત મનવાળા જ્યોતિષ્ક વ્યંતરો, વિદ્યાધરો અને ખેચરો વડે સ્થાને સ્થાને (દરેક સ્થાને) પણ, માર્ગમાં રહેલા રાજા જેમ ક્ષત્રિયના સમૂહ વડે વંદાય તેમ સ્વામીને વંદન કરતા, વખાણ કરતા, પૂજા કરતા હતા. ॥૪૨૯-૪૩૦॥ શું આ કંઈક વાદળનો સમૂહ છે ? શું આ વિસ્તારેલી પાંખ છે ? અથવા શું આ પર્વત છે ? અથવા તો શું કોઈક દેવ વડે કોઈક નગર ઉપાડાયું છે ? આવા પ્રકારના વિકલ્પોને કરતા વિકસ્વર લોચનવાળા, ઊંચી ડોક કરીને સર્વત્ર ભૂચરો વડે જોવાતા અને પટમાં રહેલા માણસોના સમૂહ વડે મુખથી સ્તુતિ કરાતા એવા વજસ્વામી **પુરી** નામના નગરમાં ગયા. ॥૪૩૧-૪૩૨-૪૩૩॥

ત્યારે તે નગરી સુકાળ અને સારા રાજ્યથી ઉન્મત્ત થઈ. ત્યાં ઘણા લોકો શ્રાવકો હતા. વળી **રાજા બૌદ્ધ** હતો. ॥૪૩૪॥ શ્રાવકો અને બૌદ્ધો પરસ્પર સ્પર્ધાવાળા હતા. પોતપોતાના મંદિરમાં હંમેશાં વિવિધ પ્રકારની પૂજા કરતા હતા. ॥૪૩૫॥ ત્યારે શ્રાવકો ઘણા પણ મૂલ્ય આપીને પૂજાના ઉપકરણ વગેરે પહેલાંની જેમ જ ખરીદતા હતા. ॥૪૩૬॥ બૌદ્ધો કૃપણતાથી તેવા પ્રકારના દ્રવ્યના વ્યયને કરવા માટે અસમર્થ થયા. તેથી તેમના ચૈત્યમાં તેવા પ્રકારની પૂજા થતી ન હતી. ॥૪૩૭॥ હવે પોતાને જીતાયેલ માનતા તેઓએ (બોદ્ધોએ) રાજાની પાસેથી ઈર્ષ્યાથી (અદેખાઈથી) શ્રાવકોને ફૂલાદિ ન મળે તેવું કરાવ્યું. ॥૪૩૮॥ રાજાની આજ્ઞાના વશથી તેઓને પુષ્પો પૂજાને માટે તો દૂર રહો પણ મસ્તક પર બાંધવાને માટે પણ ક્યાંયથી પુષ્પો મળતા ન હતા. ॥૪૩૯॥ હવે પર્યુષણા મહાપર્વ આવતે છતે સર્વે શ્રાવકો પુષ્પો નથી મળતા તેમ કહેવા માટે વજસ્વામીની પાસે આવીને કહ્યું કે હે પ્રભો ! આપ શાસનના આધાર, વિદ્યારૂપી લબ્ધિના મહાસમુદ્ર સરખા, રક્ષણહાર હોતે છતે પણ અમે પરાભવ પામ્યા છીએ. અમે જીવતે છતે પણ હાલમાં પરમાત્માના બિંબો અપૂજનીય જેવા થયા છે, તેથી અમે બીજું શું કરીએ ? ॥૪૪૦-૪૪૧-૪૪૨॥ હે સ્વામી ! અહીં આપના જેવા યોગ્ય વૈદ્ય હોતે છતે પણ અમારો રોગ જ આ મિથ્યાદૃષ્ટિ રાજા છે તેથી સાધ્ય નથી. ॥૪૪૩॥ હે સ્વામી ! જો કાંઈ નહિ થાય તો પર્યુષણા પર્વમાં પણ અમારે નિર્ગ્રન્થોની જેમ ભાવપૂજાથી જ ચલાવવું પડશે. ॥૪૪૪॥ ત્યારે વજસ્વામીએ કહ્યું કે હે કલ્યાણકારીઓ ! તમે હમણાં ખેદ ન પામો. કેળના ઝાડના છેદની જેમ ક્ષણવારમાં તમારી પરાભવરૂપી લતાને હું છેદી નાખીશ. ॥૪૪૫॥ આ પ્રમાણે કહીને વજસ્વામી ઊંચે જઈને આકાશ માર્ગે પક્ષીની જેમ ઉડીને ક્ષણવારમાં માહેશ્વરી નગરીમાં આવ્યા. ॥૪૪૬॥ દેવલોકમાંથી ઈન્દ્ર જેમ નંદીશ્વર દ્વીપમાં તેમ વજસ્વામી **હુતાશન** નામના દેવના ઉપવનમાં અવતર્યા (પધાર્યા). ॥૪૪૭॥ ત્યાં

સ્વામીના પિતાનો મિત્ર, પુષ્પલક્ષ્મીના સ્વામી વસંતની જેવો તડિત નામનો અતિ પ્રખ્યાત **માળી** હતો. ॥૪૪૮॥ તેણે પણ જલ્દીથી સામે આવતા મિત્રના પુત્રને જોઈને કહ્યું. ફૂલ વિનાના ફળ ને આપનારી આ વાદળા વગરની વૃષ્ટિ થઈ છે. ॥૪૪૯॥ ખરેખર આજે ભાગ્યયોગથી સારો પ્રાતઃકાળ થયો છે. આજે મારે સુખ થયું છે અને આજે જ સર્વ લક્ષ્મી થઈ છે અથવા આજે મારું શું શું સારું નથી થયું ? અર્થાત્ બધું જ આજે શુભ છે, કલ્યાણકારી છે. ॥૪૫૦॥ આજનો દિવસ ખરેખર મારો અત્યંત શ્રેષ્ઠ છે, કેમ કે કલ્યાણના પાત્ર સરખા તમે મારા આજે અતિથિ થયા છો. ॥૪૫૧॥ તમારી ક્રિયાને નહિ જાણતો કરવા યોગ્ય ક્રિયામાં હું જડ જેવો છું. તેથી હે ભગવન્ ! તમારું હું શું આતિથ્ય કરું ? ॥૪૫૨॥ વજ્રસ્વામીએ પણ કહ્યું કે હે કલ્યાણકારી, મને પુષ્પનું પ્રયોજન છે. ત્યારે તેણે કહ્યું, અનુગ્રહ કરી ગ્રહણ કરો. બીજા પણ કેટલાક કાર્યોને બતાવો (કહો). ॥૪૫૩॥ હે પ્રભુ ! અહીં દરરોજ વીશ લાખ પુષ્પો થાય છે. તેની સુગંધના ઉત્કર્ષથી દેવતાઓ પણ મસ્તક ઉપર તે પુષ્પોને ધારણ કરે છે. ॥૪૫૪॥ સ્વામીએ પણ કહ્યું કે હું આગળ જઈને જલ્દીથી પાછો આવુ છું. તેટલામાં તે સર્વે એકઠા કરો. ॥૪૫૫॥ આ પ્રમાણે કહીને પવનની જેમ ઉડીને ક્ષણમાત્રમાં સ્વામી આકાશમાર્ગથી **લઘુ હિમવંત** પર્વત ઉપર ગયા. ॥૪૫૬॥ ગંગા અને સિંધુ નદીના બહાનાથી વહન કરતા મદ સરખા ઝરણાવાળા, કિન્નરીઓના ગીતના બહાનાથી ફેલાતા (પ્રસરતા) ભમરાના ધ્વનિવાળા, ખાણની ભૂમિના દંભ વડે વિવિધ પ્રકારના ચિત્રામણવાળા, ચમરી ગાયના, સેંકડો ભાંભરવા વડે કર્યો છે અદ્‌ભુત ચમત્કાર જેમાં એવા, હાથીની ગર્જનાવાળા, રુદ્રાક્ષ, ભોજ, કિંપાક, મીંઢળ વગેરેના બહાનાથી ઉંચી કાંતિવાળા દેદીપ્યમાન પીંછાના ધ્વજથી શોભતું હિમાલય જેવું ઉંચું, ઉપર આરૂઢ થયેલ યોધા જેવા સુંદર સિદ્ધાયતનને આકાશમાં રહેલા સ્વામીએ જોયું. ॥૪૫૭-૪૬૦॥ તે સિદ્ધાયતનમાં જઈને શાસ્ત્રમાં વર્ણવેલી તે અરિહંતની પ્રતિમાને સ્વયં જોઈને આનંદપૂર્વક સ્વામીએ દર્શન-વંદન કર્યા. ॥૪૬૧॥ નર્તકીની જેમ કલ્લોલ વડે નાચતા કમલિનીને જાણે કે જોતો હોય તેમ પવન પણ ત્યાં મંદમંદ વહેતો હતો. ॥૪૬૨॥ ચારે બાજુ પાણીમાં રહેનારા, હંમેશાં હજાર પાંદડાવાળા, સુગંધી દલિકો વડે જાણે જેને બનાવેલા હોય તેવા કમળો હતા અને **શ્રી દેવીના** ઘર (મહેલ) રૂપ દેદીપ્યમાન શૃંગારને ધારણ કરતા, પાણીના નિધાન કળશ સરખા **પદ્મદ્રહમાં** તેઓ ગયા. ॥૪૬૩-૪૬૪॥ હાથમાં મહાકમળને લઈને પદ્મદ્રહની અધિષ્ઠાત્રી શ્રી નામની (લક્ષ્મી) દેવી ત્યારે જિનેશ્વર ભગવંતની પૂજા કરવા જતી હતી. જલ્દીથી વજ્રસ્વામીને જોઈને ભક્તિસભર તેણીએ નમન કર્યું અને કહ્યું, હે ભગવંત ! અમારા ઉપર કૃપા કરો. કાર્ય ફરમાવો. ॥૪૬૫-૪૬૬॥ ધર્મલાભના આશીર્વાદ આપીને આચાર્યે પણ કહ્યું કે હમણાં આ જ આદેશ કરવા યોગ્ય છે કે આ કમળને અર્પણ કર. ॥૪૬૭॥ ત્યારે તેણીએ હજાર પાંદડીવાળુ કમળ સ્વામીને અર્પણ કર્યું અને કહ્યું, બીજી પણ આજ્ઞા ફરમાવો. હું તમારી કિંકરી છું. ॥૪૬૮॥ હમણાં તો આટલું જ કાર્ય છે, એ પ્રમાણે કહીને જલ્દીથી સ્વામી પણ પાછા ફરીને આકાશ માર્ગે ફરીથી હુતાશનવનમાં આવ્યા. ॥૪૬૯॥ તડિત માળીએ પણ વીશ લાખ પુષ્પો સ્વામીને આપ્યા. વજ્રસ્વામીએ ત્યારે દેવના વિમાન જેવું વિમાન વિકુર્વ્યું. ॥૪૭૦॥ લક્ષ્મીદેવીએ અર્પણ કરેલું હજાર પત્રવાળું કમળ તે વિમાનની અંદર વચ્ચે મૂક્યું. તેના પરિવારની લીલાની જેમ તે કમળના પડખે બાકીના પુષ્પો મૂક્યા. ॥૪૭૧॥

હવે વજ્રસ્વામીએ પોતાના મિત્ર જૃંભક દેવોને યાદ કર્યા. ચક્રી (ચક્રવર્તી) જેમ ચક્રરત્નને યાદ કરે તેમ યાદ કરવા માત્રથી જ તેઓ આવ્યા. ॥૪૭૨॥ તે કમળની નીચે છત્રની જેમ કરીને સ્વામી બેઠા અને

સ્વામીની પાસે વ્યંતર દેવોએ સંગીતને કર્યું. ॥૪૭૩॥ જૃંભકોના વિમાનોથી વીંટળાયેલા વજ્રસ્વામી વિમાનમાં બેઠેલા ઈન્દ્રની જેમ દેવો વડે વખાણ કરતા ગુણોવાળા ચાલ્યા. ॥૪૭૪॥ આકાશ માર્ગે સંચરતા આંખના પલકારા માત્રમાં શ્રીમદ્ વજ્રમહામુનિ પુરી નામની નગરીમાં આવ્યા. ॥૪૭૫॥ તે વિમાનના સમૂહને જોઈને સંભ્રાંત થયેલા બૌદ્ધો બોલ્યા કે નિશ્ચે બુદ્ધને પૂજવાને માટે દેવતાઓ આવી રહ્યા છે. ॥૪૭૬॥ અહો ! ખરેખર બુદ્ધનો પ્રાતિહાર્ય અદ્વિતીય છે. આ પ્રમાણે બોલતા તેઓના તે સ્થાનને ઓળંગીને અદ્‌ભૂત એવા વિમાનના સમૂહની સાથે વજ્રસ્વામી કલ્યાણને પ્રાપ્ત કરીને મનુષ્યોને પ્રત્યક્ષ સ્વર્ગ બતાવવાની જેમ અરિહંતના મંદિરમાં ગયા. ॥૪૭૮॥ વિષાદરૂપી અંધકારથી (શ્યામ) આવૃત થયેલા બૌદ્ધોએ ત્યારે ત્યાં વિચાર્યું કે આપણે અરિહંતની પૂજાનો નિષેધ કર્યો તો દેવોએ હમણાં તેમની પૂજા કરી. ॥૪૭૯॥ પર્યુષણ પર્વમાં કોઈપણ તીર્થંકરના ચૈત્યમાં અતિશયથી યુક્ત એવો મહિમા જૃંભક દેવોએ કર્યો. ॥૪૮૦॥ દેવ દ્વારા કરાયેલી તે અરિહંતની પ્રભાવનાને જોઈને પ્રજા સહિત રાજા બૌદ્ધ ધર્મને છોડીને અરિહંતનો ઉપાસક થયો. ॥૪૮૧॥ ખરેખર સંઘના પરાભવને દૂર કરવા માટે અને આ પ્રમાણેની પ્રભાવનાને માટે વજ્રસ્વામીએ સાવદ્ય પણ કાર્ય કર્યું. ॥૪૮૨॥ તે વજ્રસ્વામી હમણાં પણ આ જ મહાપુરી નગરીમાં છે. તેથી હે વત્સ ! દૃષ્ટિવાદ ભણવા માટે તું તેમની પાસે જા. ॥૪૮૩॥

આર્યરક્ષિતસૂરિ :– ત્યારબાદ **તોસલિપુત્ર** નામના પોતાના ગુરુની આજ્ઞાથી **આર્યરક્ષિત** મુનિએ પણ જવાને માટે પ્રયાણ કર્યું. ॥૪૮૪॥ જતા એવા વચમાં જ ઉજ્જયિની નગરીમાં ગયા. ત્યાં ભદ્રગુપ્ત નામના અતિ મોટા ગુરુને વાંદ્યા. તેઓએ પણ પ્રજ્ઞા (બુદ્ધિ) રત્નરૂપી સમુદ્ર જેવા આર્યરક્ષિતને જાણીને લાંબા કાળે જોવાયેલા પોતાના પુત્રની જેમ પ્રેમથી તેને ભેટ્યા. ॥૪૮૫-૪૮૬॥ હે વત્સ ! મિથ્યાત્વરૂપી અંધકૂવામાં પડેલા અમારા જેવાને બહાર કાઢવાને માટે આપની જેમ કોણ શક્તિમાન થાય ? સ્વચ્છ બુદ્ધિવાળા પણ અન્ય નહિ. ॥૪૮૭॥ હે ભો ! અનશનરૂપી વહાણ વડે શેષ આયુષ્યરૂપી પાણીને તરવાની ઈચ્છાવાળો હું છું. મને તારવાને માટે તું જ યોગ્ય છે. તેથી તું મારો નિર્યામક થઈને મને તાર. ॥૪૮૮॥ એ પ્રમાણે થાઓ, એમ તેણે સ્વીકાર્યું. એટલે ગુરુ પણ ખુશ થયા. પોતાના શરીર ઉપર પણ મમત્વને મૂકીને અનશન સ્વીકાર્યું. ॥૪૮૯॥ અને શિખામણ આપી કે હે વત્સ ! તું વજ્રસ્વામીની સાથે એક જ ઉપાશ્રયમાં રહેતો નહિ. પણ જુદો રહીને તું ભણજે. ॥૪૯૦॥ સોપક્રમ આયુષ્યવાળો જે આની સાથે એક પણ રાત્રિ વસે તે નિશ્ચે કાળ પણ એની સાથે જ કરશે. ॥૪૯૧॥ તહત્તિ કરીને તેણે પણ ગુરુના આદેશને સ્વીકાર્યો. તેમનું અંતિમ સમસ્ત કાર્ય કરીને **મહાપુરી** નામની નગરીમાં **આર્યરક્ષિત** ગયા. ॥૪૯૨॥ સંધ્યા સમયે ગયેલા તે બહાર જ રહ્યા અને રાત્રિના અંતે વજ્રસ્વામીએ આ **સ્વપ્નને** જોયું. ॥૪૯૩॥ દૂધથી પૂર્ણ ભરેલા મારા પાત્રમાંથી કોઈકે આવીને તૃષ્ણાળુની જેમ દૂધ પીધું. તેમાંથી કેટલુંક ઉદ્ધર્યું. ॥૪૯૪॥ સવારમાં મુનિઓને સ્વપ્ન અને સ્વપ્નનું ફળ કહ્યું કે આજે અહીં કોઈક આગંતુક સાધુ શ્રુત ભણવાને માટે આવશે. ॥૪૯૫॥ મારી પાસેથી પૂર્વમાં રહેલા ઘણા ઘણાશ્રુતને તે ગ્રહણ કરશે. અલ્પતર એવું શ્રુત મારી પાસે રહેશે. ॥૪૯૬॥ હવે આર્યરક્ષિતે ત્યાં જલ્દીથી સંમુખ આવીને શ્રી વજ્રસ્વામીને દ્વાદશાવર્ત્ત વંદન કર્યું. ॥૪૯૭॥ તેને વજ્રસ્વામીએ પૂછ્યું કે તું કોણ છે ? તેણે પણ કહ્યું કે હું તોસલિપુત્ર નામના ગુરુનો શિષ્ય છું. ॥૪૯૮॥ ત્યારે સંભ્રાન્તપૂર્વક વજ્રસ્વામીએ કહ્યું કે શું તમે આર્યરક્ષિત છો ? પ્રણામપૂર્વક તેણે પણ કહ્યું કે હા, હું તે જ છું. ॥૪૯૯॥ હે પૂર્વને આપનાર ! તમારી પાસે પૂર્વોને ભણવા માટે હું અહીં આવ્યો છું. હે પ્રભો ! ખરેખર હમણાં અન્ય

આચાર્યો અસમસ્ત દશપૂર્વવાળા છે. ॥૫૦૦॥ તે જાણીને ખુશ થતાં વજ્રસ્વામીએ તેને કહ્યું, હે વત્સ ! રહેવાનું પવિત્ર સ્થાન શું છે ? ॥૫૦૧॥ તેણે પણ કહ્યું કે હે ભગવન્ ! બહાર જ રહેવાની સ્થિતિ કરેલી છે. સ્વામીએ કહ્યું કે બહાર રહેલા કેવી રીતે ભણવાનો પાર પામશો ? ॥૫૦૨॥ તેણે પણ કહ્યું કે મહાશ્રેષ્ઠ શ્રમણ ભદ્રગુપ્તસૂરિ વડે આજ્ઞા કરાયેલો હું હે સ્વામિન્ ! બહાર બીજા ઉપાશ્રયમાં ઉતરેલો છું. ॥૫૦૩॥ હવે શ્રુતના ઉપયોગથી તે કારણને જાણીને સ્વામીએ પણ કહ્યું કે હે કલ્યાણકારી ! એ પ્રમાણે જ થાઓ. કેમ કે પૂજ્યોનો આદેશ ફોગટ હોતો નથી. ॥૫૦૪॥

હવે અન્ય ઉપાશ્રયમાં રહેલા આર્યરક્ષિતને પોતાના શિષ્યની જેમ આદરપૂર્વક વજ્રસ્વામીએ ભણાવવાનો આરંભ કર્યો. ॥૫૦૫॥ લીલા માત્રમાં આર્યરક્ષિત નવ પૂર્વો ભણ્યા. શ્રુતને ભણવાની લાલસાવાળા તેમણે દશમા પૂર્વનો પ્રારંભ કર્યો. ॥૫૦૬॥ ત્યારબાદ આર્યરક્ષિત દશમા પૂર્વના બેવડા, સૂક્ષ્મ અને ઘણા વિષમ એવા પદાર્થોને ભણતા હતા. ॥૫૦૭॥ એટલામાં શોકથી વિહ્વલ તેમના માતા-પિતાએ સમાચાર મોકલ્યા કે હે વત્સ ! તું અમને બંનેને કેમ ભૂલી ગયો ? ॥૫૦૮॥ જો તમે ભણીને અહીં આવશો તો અમારા ઉદ્યોતને માટે થશે. તમે ત્યાં જ રહેશો અત્રે નહિ આવો તો વિશેષથી અમારા અંધકાર માટે થશે. ॥૫૦૯॥ ઈત્યાદિ ઘણા પ્રકારના પિતાના સંદેશાને અવગણીને ગીતમાં આસક્ત હરણની જેમ તેઓ અધ્યયનમાં (ભણવામાં) જ આસક્ત રહ્યા. ॥૫૧૦॥ ત્યારબાદ માતાપિતાએ તેમના મોટા ભાઈને બોલાવવાને માટે નાના ભાઈ ફલ્ગુરક્ષિતને મોકલ્યા. જેની સાથે તે આવે. ॥૫૧૧॥ તે પણ તેમની પાસે જઈને ભાઈ મુનિને નમીને સ્નેહથી કહ્યું કે હે ભાઈ ! હું આપને પૂછું છું કે શું આપને બીજો જન્મ પ્રાપ્ત થયો છે ? ॥૫૧૨॥ હે ભાઈ ! જો પ્રેમના બંધનને નિર્મમત્ત્વરૂપી તલવાર વડે છેદનારા આપની શું પોતાના કુટુંબને ઉદ્ધાર કરવાને માટે તેવા પ્રકારની કૃપા કેમ નથી ? ॥૫૧૩॥ તેના વડે આ પ્રમાણે કહેવાયેલા સ્વચ્છ બુદ્ધિવાળા તેણે સ્વામીને આગ્રહથી પૂછ્યું, હે ભગવન્ ! આ બોલાવે છે. તમે કહો તે હું કરું. ॥૫૧૪॥ સ્વામીએ કહ્યું, ભણ. મોહ ન પામ. વળી આવા પ્રકારની સામગ્રી ક્યાંથી ? ત્યારબાદ ગુરુની દાક્ષિણ્ય-તાથી ફરી તે ભણવા લાગ્યો. ॥૫૧૫॥ હવે ફરીથી ફલ્ગુરક્ષિતે આર્યરક્ષિતને કહ્યું કે તમારા આગમનને ઈચ્છતા સર્વે પણ વ્રતની ઈચ્છાવાળા છે. ॥૫૧૬॥ વળી તમે ભણવામાં વ્યગ્ર બીજું કંઈ પણ વિચારતા નથી. એકલપેટાની જેમ હંમેશાં સ્વાર્થમાં એક તત્પર જેવા દેખાવ છો. ॥૫૧૭॥ તેણે કહ્યું, જો તારું વચન સત્ય જ છે તો પણ તું જગત્પૂજ્ય અને જગતનું હિત કરનારી એવી પરિવ્રજ્યા (દીક્ષા)ને ગ્રહણ કર. ॥૫૧૮॥ એ પ્રમાણે થાઓ, એમ કહીને જલ્દીથી ભાઈની પાસે ત્યારે જ વૈભવના અંશની જેમ ચારિત્રને તેણે ગ્રહણ કર્યું. ॥૫૧૯॥ ભણતા એવા તેના વડે (ફલ્ગુરક્ષિત) એકવાર ફરી જવાને માટે કહેવાયેલા (આર્યરક્ષિતે) ભણાઈ ગયા છે અનેક યમકો જેના એવા તેણે જવાને માટે ગુરુને પૂછ્યું. ॥૫૨૦॥ ફરીથી ગુરુએ નિષેધ કર્યો. ખેદને ભજનારા તેણે વિચાર્યું, એક સાંધતા ખરેખર મારે બીજું તૂટશે. ॥૫૨૧॥ એક બાજુ સ્વજનોએ બોલાવવા મોકલ્યો. બીજી બાજુ ગુર્વાજ્ઞા, તેથી અહીં હું શું કરું ? પાઠથી પરાભવ પામેલાની જેવો હું છું. ॥૫૨૨॥

હવે એક વખત ભક્તિથી વિનયપૂર્વક સ્વામીને તેણે પૂછ્યું, દશમા પૂર્વનું કેટલું ભણાયું ? અને મારું કેટલું બાકી છે ? ॥૫૨૩॥ હસીને કહ્યું કે તમે દશમા પૂર્વનું સમુદ્રના પાણીના બિંદુ જેટલું અથવા તો મેરુ પર્વત પાસે સરસવ જેટલું મેળવ્યું છે. ॥૫૨૪॥ તે સાંભળીને ભય પામેલા તેણે કહ્યું કે હે પ્રભુ, સમગ્ર દશ પૂર્વને ભણવાને માટે અસમર્થ છું જે કારણથી હું અભાગ્યવાન છું. ॥૫૨૫॥ વળી ગુરુએ કહ્યું, અહો ! મહાન્ પણ

દશ પૂર્વરૂપી સમુદ્ર તારી તીક્ષ્ણ એવી પ્રજ્ઞારૂપી નાવ વડે દુઃસ્તર નથી. ॥૫૨૬॥ આ પ્રમાણે ઉત્સાહ કરાવાતા પણ માંદગીથી ઘેરાયેલાની જેમ આળસુ ગુરુભક્તિથી બળાત્કારે ભણાવાતા (પાઠ કરતા) કેટલાક દિવસો રહ્યા. ॥૫૨૭॥ પાઠથી ગાઢ રીતે પરાજિત થયેલા તેને જાણીને વજ્રસ્વામીએ જ્ઞાનમાં ઉપયોગ મૂકીને નિશ્ચય કર્યો કે આ દશપૂર્વ મારી સાથે જ વિચ્છેદને પામશે. મારું આયુષ્ય પણ અલ્પ હોવાથી આ પણ મેળવી શકશે નહિ. ॥૫૨૮-૫૨૯॥ ત્યારબાદ વજ્રસ્વામીએ આર્યરક્ષિત મુનિને જવાની અનુમતિ આપી અને તેઓ નાના ભાઈની સાથે જલ્દીથી દશપુર નગર તરફ ગયા. ॥૫૩૦॥

વજ્રસ્વામી ચરિત્ર : વજ્રસ્વામી પણ એક માસકલ્પ કરતા કરતા સૂર્ય જેમ કર્કમાં સંક્રાન્ત થાય, તેમ દક્ષિણ તરફ ગયા. ॥૫૩૧॥ મેઘની જેમ વ્યાખ્યાનના નાદ વડે ગર્જના કરતા સ્વામીને જોઈને દક્ષિણ તરફના લોકો કદંબ પુષ્પની જેમ વિકસ્વર થયા. ॥૫૩૨॥ વિવિધ પ્રકારના ધર્મોપદેશ રત્નોને આપતા સાક્ષાત્ જંગમ કલ્પવૃક્ષ જેવા સ્વામીએ ત્યાંથી વિહાર કર્યો. ॥૫૩૩॥ એક વખત કફની પીડાથી પીડિત વજ્રસ્વામીએ એવા કોઈક સાધુ પાસે સૂંઠનો ગાંગડો મંગાવડાવ્યો ॥૫૩૪॥ તે સાધુએ પણ જલ્દીથી સૂંઠ ગુરુને લાવીને અર્પણ કરી. વાપર્યા પછી (ખાધા પછી) વાપરીશ. એ પ્રમાણે ગુરુએ કાનમાં તે મૂક્યો. ॥૫૩૫॥ કાન પર મૂકેલો વિસ્મરણ થયો અને સાંજના આવશ્યક કરતી વેળાએ મુહપત્તિ (મુખવસ્ત્રિકા) વડે ગ્રહણ કરેલ તે ખટ્ એવો અવાજ કરતો નીચે પડ્યો. ॥૫૩૬॥ તે સૂંઠનું સ્મરણ કરીને વિષાદને ભજતા પોતાની નિંદા કરવા લાગ્યા કે હા, હા, મારા પ્રમાદથી મહાઔષધને પણ હું ભૂલી ગયો. ॥૫૩૭॥ પ્રમાદમાં સંયમ નથી. સંયમ વિના જીવિત ફોગટ છે, તેથી મારા માટે હવે અનશન જ હમણાં યોગ્ય છે. આ પ્રમાણે વિચાર્યું. ॥૫૩૮॥ ત્યારે ચારે બાજુ બાર વર્ષનો દુકાળ થયો અને પોતાના પ્રથમ શિષ્ય **વજ્રસેનને** બોલાવીને કહ્યું, **જ્યારે જ્યાં લાખ મૂલ્યવાળા ભાતની ભિક્ષા મળશે ત્યાં રહેવું. તેના બીજા જ દિવસે સુકાળ થશે એમ તું જાણ.** ॥૫૩૯-૫૪૦॥ આ પ્રમાણે ગુરુએ કહ્યું, ત્યારબાદ સૂત્ર અને અર્થના પારગામી વજ્રસેન મુનિએ પૃથ્વીતલ પર વિહાર કર્યો. ખરેખર ગુરુની આજ્ઞા જ બળવાન (મોટી) છે. ॥૫૪૧॥ પાછળથી વજ્રસ્વામી ઘરે ઘરે ફરતા સાધુઓને ભિક્ષા પ્રાપ્ત ન થતાં વિદ્યાના બળે ભોજનને કરાવતા હતા. ॥૫૪૨॥ કેટલાક દિવસો પસાર કર્યા બાદ વજ્રસ્વામીએ મુનિઓને કહ્યું કે બાર વર્ષ સુધી શું વિદ્યાથી જ આહાર મેળવવો યોગ્ય છે ? ॥૫૪૩॥ તેઓએ કહ્યું કે અશુદ્ધ પિંડદાન વડે આ ધાતુ શરીરને પોષવાથી શું ? ધર્મદેહ તો નિર્દોષ હો. (ઘા વગરનો). ॥૫૪૪॥ ત્યાર બાદ તારાની સાથે જેમ ચંદ્ર તેમ પરિવાર સહિત વજ્ર-સ્વામી પર્વત તરફ ચાલ્યા. ॥૫૪૫॥ એક બાળમુનિને રહેવા માટે કરૂણાપરાયણ સાધુઓએ કહ્યું, પરંતુ ગુરુ ઉપર સ્નેહને ભજનાર તે ન માન્યા. ॥૫૪૬॥ તેથી ગામની અંદર તેને (બાલમુનિને) ક્યાંય પણ વ્યામોહ કરીને સાધુઓની સાથે મોક્ષમહેલમાં ચઢવાને માટે વજ્રસ્વામીજી પર્વત ઉપર ચઢ્યા. ॥૫૪૭॥ તે જાણીને બાળમુનિ પણ સ્વામીને અનિવૃત્તિ ન થાઓ અર્થાત્ હું જઈશ તો ગુરુને અસમાધિ થશે. તેથી પર્વતની નીચે જ સ્વયં અનશન સ્વીકારીને રહ્યા. ॥૫૪૮॥ મધ્યાહ્ન કાળના સૂર્યના તાપથી તપી ગયેલા તે બાલમુનિ માખણની જેમ ઓગળી ગયા અને ધ્યાનમાં લીન એવા તે સ્વર્ગમાં ગયા. ॥૫૪૯॥ તેના સત્ત્વથી ખુશ થયેલા મહર્દ્ધિક દેવતાઓએ તેમના શરીરના મહિમાને કર્યો. ॥૫૫૦॥ સાધુઓએ સ્વામીને પૂછ્યું કે આ દેવતાઓ ક્યાં અવતરી રહ્યા છે ? સ્વામીએ કહ્યું કે બાળમુનિએ પોતાનો અર્થ સાધ્યો છે, તેના મહિમા માટે દેવો આવ્યા છે. ॥૫૫૧॥ તે સાંભળીને મસ્તક ધુણાવતા મુનિવરો તેમની પ્રશંસા કરતાં પોતાના અર્થને સાધવા માટે

વિશેષથી દૃઢ થયા. ॥૫૫૨॥ તે પર્વતની અધિષ્ઠાત્રી શત્રુ સમાન એવી મિથ્યાદૃષ્ટિ દેવતાએ શ્રાવિકાના રૂપને કરીને મુનિઓને કહ્યું. ॥૫૫૩॥ સ્નિગ્ધ (સ્નેહાળ) અમૃત સરખા ખંડ ખાજા (મોદક) વગેરેને લઈને જલ્દીથી મારા ઉપર મહેરબાની કરો. પૂજ્યો હમણાં પારણું કરો. ॥૫૫૪॥ તેણીની અપ્રીતિને જાણીને તેના પર્વતને છોડીને ધ્યાનમાં વિઘ્નના ભયથી નજીક રહેલા બીજા પર્વત પર ગયા. ॥૫૫૫॥ દેવીથી અનુજ્ઞા પ્રાપ્ત કરેલા તે મુનિઓએ કાઉસ્સગ્ગને કર્યો તેણી પણ પ્રીતિથી આવીને અંજલિ જોડીને નમીને કહ્યું કે હું કૃતકૃત્ય છું. પૂજ્યોથી આ પર્વતનું મસ્તક (શિખર) તીર્થરૂપ થશે. વજ્રસ્વામીથી મુગટરૂપ કરાયેલ આ પર્વત અષ્ટાપદ વગેરે તીર્થો સાથે સ્પર્ધા કરશે. ॥૫૫૬-૫૫૭॥ ત્યારબાદ ત્યારે ત્યાં પરિવાર સહિત વજ્રસ્વામી ભોજન અને દેહનો ત્યાગ કરીને સમાધિપૂર્વક દેવલોકમાં ગયા. ॥૫૫૮॥

ત્યારે ત્યાં રથમાં બેસીને ગુરુભક્તિથી પ્રેરાયેલા **ઈન્દ્રે** આવીને તે પર્વતને ત્રણ પ્રદક્ષિણા આપી. ॥૫૫૯॥ જિનની જેમ વજ્રસ્વામી વિગેરે મુનિઓના દેહોની અંતિમ ક્રિયા ઈન્દ્રે કરી અને અતિશય મહિમા કર્યો. વૃક્ષાદિ પણ જિનેશ્વરની જેમ વજ્રસ્વામીજીને નમ્યા. ॥૫૬૦॥ આજે પણ તેવી જ રીતના ત્યાં પર્વત ઉપર વૃક્ષો છે. ત્યારથી તે પર્વત **રથાવર્ત** નામથી પ્રસિદ્ધ થયો. ॥૫૬૧॥ વજ્રસ્વામી સ્વર્ગમાં ગયા ત્યારથી દશમા પૂર્વનો અને ચોથા અર્ધનારાચ સંઘયણનો વિચ્છેદ થયો. ॥૫૬૨॥ સ્વામી વડે જે પહેલા મોકલાયેલા પોતાના શિષ્ય વજ્રસેન વિહાર કરતા અનુક્રમે સોપારક નામના નગરમાં આવ્યા. ॥૫૬૩॥ ત્યાં જિતશત્રુ નામે રાજા અને ધારિણી નામની રાણી હતી. જિનદત્ત નામનો શ્રાવક અને તેને ઈશ્વરી નામની પ્રિયા હતી. ॥૫૬૪॥ ત્યારે ત્યાં દુષ્કાળ અત્યંત પ્રકર્ષને પામ્યો હતો. ધાન્યના અભાવથી લોકો સર્વે પાણી વગરની માછલી જેવા થયા હતા. ॥૫૬૫॥ ત્યારે લાખ મૂલ્ય આપીને **ઈશ્વરીએ** ધાન્ય મેળવ્યું. પકાવીને એક થાળીમાં મૂકીને પોતાના કુટુંબને આ વચન કહ્યું કે ઘણા મૂલ્ય વડે જ્યાં સુધી આ ધાન્ય મેળવાયું છે, ત્યાં સુધી આ આખુ કુટુંબ સુખ વડે જીવાડાયું. ॥૫૬૬-૫૬૭॥ ઘણું ધન હોતે છતે પણ ધાન્યના અભાવથી ફરીથી ખાવાને માટે અશક્ય છીએ. તેના વગર જીવિત પણ ક્યાંથી ? જેથી આ ભોજનમાં વિષ (ઝેર)ને નાંખીને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરીને આરાધનાને કરીને ખાઈને સુસમાધિપૂર્વક મરીએ. ॥૫૬૮-૫૬૯॥ બધાએ પણ કહ્યું કે આ પ્રમાણે જ થાઓ. વિષને તૈયાર કર્યું તેટલામાં તો તેમના ઘરે વજ્રસેન મુનિ વિહાર કરતા ત્યાં આવ્યા. ॥૫૭૦॥ ઈશ્વરી પણ તે મુનિને જોઈને ખુશ થઈ ગઈ. વિચાર્યું કે આ જ સમયે અતિથિનું આગમન અમારા ધન્યપણાને માટે થયું. સારું થયું. ॥૫૭૧॥ અત્યારે સારા વિત્ત (ધન)ને સુપાત્રમાં શુભચિત્તથી હું આપું છું. આ પરલોકરૂપી માર્ગમાં ભાથારૂપ હમણાં છે. ॥૫૭૨॥ આ પ્રમાણે વિચારીને ખુશ થતી તેણીએ મુનિને પ્રતિલાભ્યા. લાખ મૂલ્યવાળા અન્ન મેળવાયા છે વગેરે સર્વ વૃત્તાંત કહ્યો. ॥૫૭૩॥ વજ્રસેને પણ કહ્યું કે તમે યમના મુખમાં ન જાઓ. સવારમાં સુકાળ થશે જ, એમાં જરા પણ સંશય નથી. ॥૫૭૪॥ તેણીએ કહ્યું કે શું તમે જ્ઞાનથી જાણો છો કે જ્ઞાનીના વચનથી ? મુનિએ પણ કહ્યું કે વજ્રસ્વામી એવા મારા ગુરુના વચનથી હું જાણું છું. ॥૫૭૫॥ આ પ્રમાણે ગુરુએ મને કહ્યું હતું કે હે વત્સ ! જ્યાં લાખ મૂલ્યવાળા ઓદનની તું ભિક્ષા મેળવીશ, ત્યાં બીજા દિવસે સવારમાં સુકાળ પ્રવર્તશે. ॥૫૭૬॥ પોતાના જીવિતને માનતી કુટુંબ સહિત તેણીએ તે વચનથી વિષનો ત્યાગ કર્યો સાથે દુકાળે તેમનો ત્યાગ કર્યો. ॥૫૭૭॥ જાણે સુકાળરૂપી રાજાના મહાભંડારો હોય તેવા સવારમાં ધાન્યથી પૂર્ણ એવા વહાણો આવ્યા. ॥૫૭૮॥ કંઠમાં ગયેલા પ્રાણોથી નગરજનો પણ જીવિતને પામ્યા. વજ્રસેન મુનિ પણ કેટલાક દિવસો ત્યાં રહ્યા. ॥૫૭૯॥ ઈશ્વરીના કુટુંબને

પ્રતિબોધીને આ પ્રમાણે કહ્યું. હે ભો ! મરતા બચેલાની જેમ મળેલા નવા જીવિતના ફળને કેમ ગ્રહણ કરતા નથી ? અર્થાત્ હવે જીવિતને સાર્થક કરો. ॥૫૮૦॥ ત્યારબાદ તેઓએ પોતાના સર્વ ધનને સાતક્ષેત્રમાં વાવીને ઈશ્વરી, જિનદત્ત તેમના ચંદ્ર વગેરે પુત્રોએ પણ અપાર સંસારરૂપી મહાઅટવીને પાર કરાવનાર ધ્વજ સમાન સંયમને વજસેન મુનિ પાસે ગ્રહણ કર્યું. ॥૫૮૧-૫૮૨॥ શિષ્ય-પ્રશિષ્યાદિ શ્રી વજસ્વામિની સંતતિએ ચારે દિશામાં સાક્ષાત્ ભગવંતની કીર્તિની જેમ કીર્તિને ફેલાવી. ॥૫૮૩॥

આર્યરક્ષિતસૂરિ : આ બાજુ શ્રીવજસ્વામીની પાસેથી આર્યરક્ષિત પોતાના ગુરુની પાસે ગયા. ॥૫૮૪॥ ગુરુ પણ તેમને જોઈને ખુશ થયા. પોતાના પદે તેમને સ્થાપીને તેને ગચ્છ સમર્પણ કરીને દેવલોકમાં ગયા. ॥૫૮૫॥ સર્વ પરિવારથી યુક્ત આર્યરક્ષિત બંધુઓને પ્રતિબોધ કરવા માટે દશપુર નગર તરફ ગયા. ॥૫૮૬॥ દૃષ્ટિવાદ ભણીને ત્યાં સામે આવતા સાંભળીને રાજા, માતા-પિતા, નગરના સર્વ લોકો પણ સંમુખ આવીને હર્ષપૂર્વક નમ્યા. ॥૫૮૭॥ અતિથિભાવને સ્વીકારેલા આર્યરક્ષિત મુનિને સર્વે લોકોએ ત્યારે લાંબા કાળ સુધી આનંદના આંખના આંસુઓ વડે જાણે અર્ધ્ય આપ્યું. (ભેટણું આપ્યું.) ॥૫૮૮॥ પોતાના ઉપદેશના કિરણો વડે તેઓના અંધકારને અને હૃદયને હરીને નવા સૂર્યની જેમ શાશ્વત ઉદ્યોતને તેમણે કર્યો. ॥૫૮૯॥ ધર્મ-અધર્મને સારી રીતે જોઈને રાજાએ ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો ને જેવી રીતે આવ્યો હતો તેમ ગયો. ॥૫૯૦॥ આર્યરક્ષિતની માતાએ ત્યારે ઘણા સ્વજનોની સાથે ખુશ થતી સુખની એક શય્યાવાળી પ્રવ્રજ્યાને સ્વીકારી. ॥૫૯૧॥ તેમના પ્રેમથી વશ કરાયેલા સોમદેવ પિતા પણ તેઓની સાથે લિંગ ગ્રહણ કર્યા વગર રહ્યો. ॥૫૯૨॥ વ્રતને માટે પ્રેરણા કરાતા તેમણે કહ્યું કે મારા પુત્રી, પુત્રવધૂ, દીકરીની દીકરી વગેરે હોતે છતે મને લજ્જા આવે છે. તેથી નગ્ન રહેવા માટે હું સમર્થ નથી. ॥૫૯૩॥ છત્ર, કમંડલુ, પાદુકા, જનોઈ અને કપડા, આટલી વસ્તુનો ત્યાગ હું કરી શકું તેમ નથી. આટલું રાખવા દો તો હું વ્રતને ગ્રહણ કરું. ॥૫૯૪॥ શ્રુતના ઉપયોગથી આચાર્યે જાણ્યું કે આ યુક્તિથી બોધ પમાડાય તેમ છે. અનુક્રમે છત્રાદિનો ત્યાગ કરશે. આ પ્રમાણે વિચારીને પુણ્યાત્મા અતિશય જ્ઞાની એવા આચાર્યે છત્રાદિનો ત્યાગ નહિ કરતા એવા પિતાને પણ દીક્ષા આપી. ॥૫૯૫-૫૯૬॥ તેવા પ્રકારના વેષવાળા સોમદેવ મહામુનિ નવા મનવાળા ભૂખ્યા અને તરસ્યાની જેમ પિંડેષણાદિ ભણતા હતા. ॥૫૯૭॥

એક વખત આચાર્ય ચૈત્યવંદન માટે બહાર ગયા. શ્રાવકના બાળકોને આ પ્રકારનો સંકેત કર્યો. ॥૫૯૮॥ છત્રને ધારણ કરનાર સાધુ સિવાય દરેક સાધુઓને અમે વંદન કરીએ છીએ એ પ્રમાણે હે કલ્યાણકારી તમારે બધાએ એક સાથે મોટેથી કહેવું. ॥૫૯૯॥ આ પ્રમાણે તે બાળકો બોલ્યા, એટલે તેણે કહ્યું કે મારા પુત્ર, પૌત્રો વગેરેને તમે નમો છો અને મને કેમ નમતા નથી ? શું હું પ્રવ્રજિત નથી ? ॥૬૦૦॥ બાળકોએ કહ્યું કે શું છત્ર વગેરે સાધુઓનું લક્ષણ છે ? ત્યારે તે આર્યે વિચાર્યું કે જે આ વસ્તુથી બાળકો પણ મારી નિંદા કરે છે. (મારી અવગણના કરે છે.) ॥૬૦૧॥ હવે પુત્ર મુનિ પાસે આવીને કહ્યું, હે વત્સ ! એ છત્ર વડે મને સર્યું. ગુરુએ પણ કહ્યું કે હે આર્ય ! જલ્દી ત્યજો ત્યજો. ॥૬૦૨॥ જો તમને સૂર્યના કિરણથી તાપ થાય ત્યારે મસ્તક પર તડકાના વારણ માટે કપડું રાખજો. ॥૬૦૩॥ એક વખત ફરીથી બાળકો પરસ્પર બોલવા લાગ્યા કે આ કમંડલને ધારણ કરનાર આ સાધુને નમસ્કાર નહિ કરીએ. ॥૬૦૪॥ આચાર્યે પણ તેમને કહ્યું કે કમંડલ વડે સર્યું. જ્યારે ઉચ્ચાર ભૂમિ (વડીનીતિ, સ્થંડિલ ભૂમિ) જાવ ત્યારે માત્રક અર્થાત્ મોટું પાત્ર તેમાં પાણીને લઈ જજો. ॥૬૦૫॥ કેટલાક દિવસ બાદ ફરીથી બાળકો બોલ્યા કે જે જનોઈને ધારણ કરે છે, તે બ્રાહ્મણ મુનિ

વંદન કરવા યોગ્ય નથી. ॥૬૦૬॥ હવે ગુરુએ પણ કહ્યું કે હે આર્ય ! તમારે આ જનોઈનું શું પ્રયોજન છે ? કેમ કે જનોઈ વિના પણ બ્રાહ્મણ એવા અમને કોણ નથી જાણતું (બધા જ જાણે છે.) ॥૬૦૮॥ આ પ્રમાણે સર્વ મૂકતે છતે બાળકોએ ફરીથી કહ્યું કે વસ્ત્ર પહેરનાર સાધુને મૂકીને બાકી બધાને વંદન કરીએ. ॥૬૦૮॥ તે સાંભળીને ગુસ્સાવાળા આર્યે રોષપૂર્વક કર્કશ શબ્દો કહ્યા. તમારા દાદા સાથે ય ક્યારે પણ વંદન કરતા નહિ. ॥૬૦૯॥ બીજા કોઈપણ વંદન કરશે અથવા ન પણ વંદન કરે તો પણ હું આ કટીપટને (નીચેના વસ્ત્રને) મૂકીશ નહિ. કેમ કે હું નિર્લજ્જ નથી. (લજ્જાળુ છું.) ॥૬૧૦॥

એક વખત કોઈક એક સાધુ સુસમાધિપૂર્ક અંતિમ આરાધના કરવા પૂર્વક શુદ્ધ ચિત્તવાળા કાળધર્મ પામ્યા. ॥૬૧૧॥ હવે ત્યારે આચાર્યે પોતાના તાતના કટીપટને છોડાવવાને માટે સર્વ સાધુઓ તરફ અને તેમની સમક્ષ કહ્યું કે ચારિત્ર પાત્ર એવા સાધુનું શરીર જે વહન કરે (ઉપાડે) તેને અત્યંત મોટી (વિશાળ) કર્મનિર્જરા થાય છે. ॥૬૧૨-૬૧૩॥ પૂર્વે સંકેત કરી રાખેલા વિનયમાં તત્પર એવા મુનિઓ હું પહેલા ઉપાડું. હું પહેલા તેમ દેહને ઉપાડવાને માટે તૈયાર થયા. ॥૬૧૪॥ ઘણી નિર્જરાને ઈચ્છતા સોમ મુનિએ તેઓને જોઈને કહ્યું કે હે વત્સ ! જો આ પ્રમાણે છે તો આને હું જ ઉપાડું. ॥૬૧૫॥ ગુરુએ પણ કહ્યું કે તમારું કહેલું યુક્ત કલ્યાણકર છે. પરંતુ બાળકોથી નિર્માણ કરેલા ત્યારે ત્યાં ઉપસર્ગો પણ થાય. ॥૬૧૬॥ હે આર્ય ! તે ઉપસર્ગો સહન કરવાને માટે પાર પામો તો વહન કરો નહિતર તે મારા અનર્થના કારણને માટે થશે. ॥૬૧૭॥ સારી રીતે સહન કરીશ, એ પ્રમાણે કહીને તે ઉપાડવાને માટે લાગ્યા. ત્યારબાદ સાધુઓ તેમની આગળ સંઘ અને સાધ્વીઓ તેમની પાછળ રહ્યા. ॥૬૧૮॥ પહેલા સંકેત કરેલા બાળકોએ તેનો કટીપટ હરણ કરી લીધો, ત્યારે પુત્રવધૂઓ વગેરે આવા પ્રકારના તેમને જોવાથી અત્યંત લજ્જાવાળા થયા છતાં પણ. ॥૬૧૯॥ મારા પુત્રને અનર્થ કરનાર ઉપસર્ગ ન થાઓ. એ પ્રમાણે પુત્ર ઉપરના અનુરાગથી બંધ આંખ કરીને તેને સહન કર્યું. ॥૬૨૦॥ ત્યારબાદ અન્ય સાધુઓએ તેમને ચોલપટ્ટો કંદોરા વડે બાંધ્યો. મૌનપૂર્વક વહન કરતા ચાલ્યા. ॥૬૨૧॥ હવે ઉપાશ્રયમાં આવેલા તેમને ગુરુએ કહ્યું હે આર્ય ! આ શું ? તેમણે જે રીતનો વૃત્તાંત હતો, તે કહ્યો. કેમ કે ગુરુની પાસે છૂપાવવા જેવું કંઈ હોતું નથી. ॥૬૨૨॥ કોઈ મુનિપાસેથી પટને લવડાવીને ગુરુએ કહ્યું, હે આર્ય ! આને ગ્રહણ કરો અને આ પટ પહેરો. ॥૬૨૩॥ તેણે પણ કહ્યું, હે વત્સ ! જે જોવા યોગ્ય હતું તે જોવાયું. આથી સાધુઓની સરખાપણાવાળા મને હમણાં ચોલપટ્ટ જ થાઓ. ॥૬૨૪॥

હવે ગુરુએ વિચાર્યું કે મારા પિતા હવે તો તેવા પ્રકારના મુનિવેષવાળા થઈ ગયા. હજુ પણ અભિમાનથી ભિક્ષાને માટે તેઓ જતા નથી. ॥૬૨૫॥ ક્યારેક જો એકલા રહેવાનું થાય તો આ કેવી રીતે ભોજન કરશે ? અને ભિક્ષાચર્યા વિના કેવી રીતે મોટી નિર્જરા પણ થાય ? ॥૬૨૬॥ ત્યારબાદ સંકેતને કહીને સાધુને ગુરુએ કહ્યું, આજે અમુક ગામે જઈને સવારના અમે આવશું. ॥૬૨૭॥ તેથી આ આર્ય પિતા મારી જેમ તમારા વડે જોવા યોગ્ય છે. તેની સારસંભાળ રાખજો. તેઓએ પણ ગુર્વાજ્ઞાને સ્વીકારી. ત્યારબાદ ગુરુ ગામે ગયા. ॥૬૨૮॥ હવે ભોજનવેળામાં તે સર્વે પણ વિહરીને કાર્પટિકની જેમ જુદા જુદા થઈને ખાધું. ॥૬૨૯॥ કોઈએ પણ સોમદેવ મુનિને નિમંત્રણ કર્યું નહિ. તેથી તેમણે વિચાર્યું કે ગુર્વાજ્ઞાનો લોપ કરનારા આ પાપીઓને ધિક્કાર હો. ॥૬૩૦॥ ભીલની જેમ આક્રોશવાળા શું આ ખરેખર સાધુઓ છે ? હું ભૂખ્યો છું અને અધમો, તે બધાએ મજેથી ખાધું. ॥૬૩૧॥ આ પ્રમાણે આર્ત્તધ્યાન અને દુઃખથી પીડિત ભૂખથી ઉંડા ઉતરી ગયેલ પેટવાળા તેને કેમે કરીને તે અહોરાત્રને યુગની જેમ પસાર કર્યો. ॥૬૩૨॥ સવારમાં આવેલા ગુરુને રડતા

રડતા ગુસ્સાપૂર્વક ગદ્‌ગદ્‌ સ્વરે અસાધુ જેવો સાધુઓનો વૃત્તાંત કહ્યો. ॥૬૩૩॥ ત્યારે આંખના ભવા ચઢાવીને પ્રકોપની જેમ ગુરુએ તે સર્વ સાધુઓની તર્જના કરીને પોતાના પિતાને કહ્યું. ॥૬૩૪॥ હે તાત ! દયા વગરના પાપી એવા આ છે, એમના વિના પણ કામ સરશે. આપના માટે ભિક્ષા સ્વયં હું લાવી દઈશ. ॥૬૩૫॥ આથી આ કુશિષ્યો વડે લાવેલું હવેથી હું પણ નહિં વાપરું. આ પ્રમાણે કહીને ગુરુએ તેમના પાત્રા, પલ્લાં વગેરે ગ્રહણ કર્યા. ॥૬૩૬॥ હવે સોમદેવ મુનિએ વિચાર્યું કે જગત પ્રસિદ્ધ, જગત્પૂજ્ય એવો મારો પુત્ર જો ભિક્ષાને માટે જાય તે ખરેખર યોગ્ય નથી. તેથી તેમણે ગુરુને કહ્યું કે હે વત્સ ! તમે અહીં જ રહો, હું જાઉં છું. આપ ભિક્ષાને માટે જશો તો ધર્મનું લાઘવપણું થશે. ॥૬૩૭-૬૩૮॥ પાત્રાને ગ્રહણ કરીને ભિક્ષા માટે આર્ય ગયા. પાછલા દ્વાર વડે કોઈના ઘરમાં પ્રવેશ કર્યો. ॥૬૩૯॥ તે ઘરના શ્રેષ્ઠીએ કહ્યું કે હે તપસ્વી ! શું આ રીતે પાછલા દ્વાર વડે પ્રવેશ કરાય ? આગળના દ્વારથી પ્રવેશ કરો. ॥૬૪૦॥ સોમદેવ મુનિએ પણ તે ઘરના વડીલને કહ્યું કે શું પ્રવેશ કરતી લક્ષ્મી પાછળના દ્વારથી આવે કે આગળના દ્વારથી ? ॥૬૪૧॥ કલ્યાણને કરનાર તે વચન સાંભળીને શ્રેષ્ઠી ખુશી થયા અને ગણપતિને માટે બનાવેલા ૩૨ લાડવા તેમને આપ્યા (વહોરાવ્યા). ॥૬૪૨॥ મુનિ પણ હર્ષપૂર્વક, પ્રમોદ કરનાર તે મોદકોને લઈને આવીને ગુરુની સંમુખ હસતા મુખે આલોચના કરવા લાગ્યા. ॥૬૪૩॥ સૂરિએ પણ કહ્યું કે હે પિતાજી ! તમારા વંશમાં (પરિવાર, પરંપરામાં) શિષ્ય-પ્રશિષ્યોની પંક્તિ ક્રમપૂર્વક ૩૨ થશે. ॥૬૪૪॥ બીજું વળી હે આર્ય ! તું આ લોકોને કંઈ પણ આપતો નહિ. કેમ કે એકલ ખાનારા તેઓએ કાલે તમને કંઈ પણ આપ્યું ન હતું. ॥૬૪૫॥ લઘુકર્મી એવા તેમણે કહ્યું કે હે વત્સ ! આ મને યોગ્ય નથી. કેમ કે જે આ આપના શિષ્યો છે તે મારા તો પૌત્રો છે અને તેથી છોરૂ કછોરુ થાય, પણ માવતર ક્યારે પણ કુમાવતર થતા નથી. તેથી મને કિંચિત પણ રોષ તેઓ ઉપર નથી. વળી હું તો તે સર્વ મુનિવરોને આપીને મારા પોતા માટે ફરીથી જઈશ. જલ્દીથી ખાંડ,ઘી સહિત ખીરને લાવીને તેમણે ખાધી. ॥૬૪૬-૬૪૭-૬૪૮॥ ત્યારથી આરંભી સોમદેવ મુનિ વિશિષ્ટ લબ્ધિસંપન્ન અને સર્વ ગચ્છને ઉપકારક થયા. ॥૬૪૯॥

તે ગચ્છમાં લબ્ધિવાળા ત્રણ સાધુઓ થયા. વસ્ત્રપુષ્ય, ઘૃતપુષ્ય, અને ત્રીજા દુર્બલિકા પુષ્ય. ॥૬૫૦॥ દ્રવ્યથી ખરેખર જેટલા વસ્ત્રનું પ્રયોજન ગચ્છમાં થાય તેટલા જ તે વસ્ત્રો લબ્ધિથી સ્વયં સમીપ આવે. ॥૬૫૧॥ ક્ષેત્રથી વસ્ત્રો જ્યાં દુર્લભ છે એવી મથુરાનગરીમાં, કાલથી શિશિરઋતુમાં વસ્ત્રોને ખરીદ કરી પોતાનું જીવન ચલાવનાર વેપારીના સમૂહમાં. ॥૬૫૨॥ ભાવથી કોઈક દુઃખીયારી, અત્યંત કષ્ટથી આજીવિકા ચલાવનારી, ભૂખ વડે અત્યંત મરતી, ઘણા દિવસોની મહેનતે સૂતર કાંતીને. ॥૬૫૩॥ ઉત્સવમાં પહેરવા માટે સાડી કરી, આવી અવસ્થાવાળી પણ તેણી જો વસ્ત્રપુષ્ય મુનિ યાચે તો આનંદથી આપે. ॥૬૫૪॥ દ્રવ્યથી ઘૃતપુષ્ય વળી ગચ્છને માટે જેટલા ઘીની જરૂર પડે તેટલું ઘી પોતાની લબ્ધિથી સામેથી આવી જતું. ॥૬૫૫॥ ક્ષેત્રથી, સ્વભાવથી જ જ્યાં અલ્પ ઘી છે તેવા અવંતિમાંથી અને કાળથી અતિરુક્ષ એવા જેઠ, અષાઢ મહિનાના દિવસોમાં. ॥૬૫૬॥ ભાવથી ગર્ભિણી બ્રાહ્મણી ધન વગરના પોતાના પતિને કહે કે હે પ્રિયે ! પ્રસૂતિ સમયમાં મને ઘીનું પ્રયોજન થશે. ॥૬૫૭॥ તે પણ સમસ્ત દેશમાં પા કે અડધો શેર વડે છ માસથી ઘીના કુંભને માંગી માંગીને એકઠું કર્યું. ॥૬૫૮॥ પછી ઘરે આવીને પત્નીને અર્પણ કર્યું. તેવી સ્ત્રી પણ ઘરે આવેલા ઘૃતપુષ્યને સર્વ ઘી સંતોષપૂર્વક આપે. ॥૬૫૯॥ દુર્બલિકાપુષ્ય કે જે શ્રેષ્ઠ જ્ઞાનની લબ્ધિવાળા જેને ચક્રવર્તીના નિધિની જેમ નવ પૂર્વો પોતાની પાસે રહેલા હતા. ॥૬૬૦॥ સૂત્ર અને અર્થ

સંબંધી ધ્યાનમાં વ્યગ્ર થવાથી તે નહિ મેળવેલા આહારવાળા અથવા રોગથી પીડાતાની જેમ દુર્બલ હતા. ॥૬૬૧॥ છિદ્રવાળા ભાજનમાંથી પાણી જલ્દીથી નીકળી જાય છે, તેમ (અપરાવર્ત્તનમાં) પરાવર્તન નામનો સ્વાધ્યાય ન કરવાથી આનું શ્રુત પણ નાશ પામે છે. ॥૬૬૨॥ આથી સમસ્ત શ્રુતને આ રીતે પ્રાપ્ત કરવાથી અતિદૌર્બલ્યપણું તેમને પ્રાપ્ત થયું. તેથી પુષ્યમિત્ર નામ હોવા છતાં પણ દુર્બલિકાપુષ્ય નામથી પ્રસિદ્ધ થયા. ॥૬૬૩॥ હવે એક વખત દશપુરમાં રહેવાવાળા અને બૌદ્ધોથી છેતરાયેલા તેના ભાઈઓએ ગુરુને આ પ્રમાણે કહ્યું. ॥૬૬૪॥ હે પ્રભુ ! બૌદ્ધોમાં જેવું ધ્યાનનું એકપણું છે તે બીજે ક્યાંય જોવાતું નથી. બીજાઓ ફક્ત આજીવિકા માટે વેષધારી છે. ॥૬૬૫॥ ગુરુએ કહ્યું, આ પ્રમાણે ન બોલો, ન બોલો. આપના જ ભાઈ એકમના ચંદ્રની જેમ ધ્યાનના યોગથી જ કૃશ થયા છે. ॥૬૬૬॥ તેઓએ કહ્યું કે હે પ્રભુ ! તુચ્છ પ્રાન્ત આહારથી આમનું અંગ દુર્બલ થયું છે. પહેલાં અતિ સ્નિગ્ધ ભોજનથી અત્યંત માંસલ (હૃષ્ટ-પુષ્ટ) હતું. ॥૬૬૭॥ ગુરુએ તેઓને પ્રત્યુત્તર આપ્યો કે ઘૃતપુષ્ય મુનિ હમણાં પણ પોતાના ઈષ્ટ પુત્રની જેમ આને અતિ સ્નિગ્ધ ભોજન વડે પોષે છે. ॥૬૬૮॥ પરંતુ આ શ્રેષ્ઠ મુનિ હંમેશાં ધ્યાનમાં આસક્ત છે. વરુની સામે બતાવાતી બકરીની જેમ શરીર વડે બળને ગ્રહણ કરતા નથી. અર્થાત્ શરીર બલવાન થતું નથી. ॥૬૬૯॥ જો આ વાત સ્વીકાર્ય નથી તો એની ખાત્રીને માટે હમણાં તમે ઘરમાં લઈ જઈને સ્નિગ્ધ ભોજન વડે પહેલાંની જેમ પોષણ કરો. ॥૬૭૦॥ તેઓએ પણ તે પ્રમાણે કર્યું. હંમેશાં (દરરોજ) એકાગ્ર મનવાળા તેઓ હતા. એટલે શ્રુતધ્યાનરૂપી અગ્નિથી સ્નિગ્ધ આહારને પણ ભસ્મસાત્ કરતા હતા. ॥૬૭૧॥ દુર્જનોને વિષે ઘણો પણ સત્કાર નિષ્ફળ થાય, તેમ સરસ આહાર પણ દુર્બલિકા પુષ્ય માટે વિફળ થયો. ॥૬૭૨॥ પોષીને અને સીંચી સીંચીને વૃક્ષ ફળ ન આપે તેમ ખેદ પામેલા તેઓએ ગુરુને ત્યારે કહ્યું. ॥૬૭૩॥ ગુરુએ કહ્યું કે હમણાં હે ભો ! આને પ્રાન્ત ભોજન આપો અને તેમને પણ કહ્યું કે થોડાક દિવસો તમારે ધ્યાન વગેરે કંઈ નહિ કરવું. ॥૬૭૪॥ તેવા પ્રકારનું કર્યું. થોડાક જ દિવસોમાં પ્રાપ્ત યૌવનવાળા બળદની જેમ સર્વ અંગથી માંસલ થયા. ॥૬૭૫॥ તે ખાત્રીને જોઈને અને તેની દેશનાને સાંભળીને બૌદ્ધની કુવાસના (ધર્મ)ને છોડીને તેઓ શ્રેષ્ઠ શ્રાવક થયા. ॥૬૭૬॥ તે ગચ્છમાં ચાર સાધુઓ સાક્ષાત્ જાણે કે દાન, શીલ, તપ, ભાવરૂપી ધર્મ જ ન હોય તેવા શ્રુતને પામેલા હતા. ॥૬૭૭॥ તેઓમાં સૌ પ્રથમ દુર્બલિકાપુષ્ય તેમ જ ગુરુના નાના ભાઈ ફલ્ગુરક્ષિત તે બીજા, ગોષ્ઠામાહિલ નામના ત્રીજા તે ગુરુના મામા, વિન્ધ્ય પર્વતના ગુણરૂપી હાથીઓની જેમ ચોથા વિન્ધ્ય નામના હતા. ॥૬૭૯॥ તેમાં અત્યંત બુદ્ધિશાળી વિન્ધ્ય ક્રમપૂર્વકની વાચનાથી ખિન્ન (દુઃખી) હતા. તેમણે ગુરુને કહ્યું કે પોતાને બીજા વાચનાચાર્ય આપો. ॥૬૮૦॥ ગુરુએ તેમના વાચનાચાર્ય દુર્બલિકાપુષ્યને બનાવ્યા. તેથી કેટલાક દિવસો તો તેમને વાચના આપી. ॥૬૮૧॥ વાચના આપતા તેણે ગુરુને કહ્યું, હે પ્રભુ ! નહિં યાદ કરાતું બાકીનું રુષ્ટની જેમ મારું શ્રુત ગયું. ॥૬૮૨॥ હે આર્ય ! કેટલાક દિવસો ભાઈના ઘરે જે હું રહ્યો અને ત્યારે શ્રુતનું સ્મરણ ન કરાયું. તેથી તે શ્રુત હમણાં હીંચકા ખાતું (ડોલતું) છે. ॥૬૮૩॥ તે સાંભળીને ગુરુએ વિચાર્યું કે સ્મરણ કરતા (યાદ કરતા) પણ આ બુદ્ધિશાળીનું શ્રુત જો જાય (નાશ પામે) તો પછી બીજાઓની તો ગણના ક્યાં કરવી ? ॥૬૮૪॥ ગણને ધારણ કરનારા શ્રેષ્ઠ એવા ગુરુને શ્રુતના ઉપયોગથી જણાયું કે હવેથી શિષ્યોના મતિવૈભવો ઓછા થશે. ॥૬૮૫॥ હવે શ્રી આર્યરક્ષિતસૂરિએ તેઓના અનુગ્રહને માટે પૃથક્ પૃથક્ (જુદા જુદા) ચાર અનુયોગો ઉપદેશ્યા. ॥૬૮૬॥ તેમાં પહેલું ચરણકરણાનુયોગ કાલિકશ્રુતમાં, સૂર્યપ્રજ્ઞપ્તિઆદિમાં ગણિતાનુયોગ. ॥૬૮૭॥ ધર્મકથાનુયોગ ઋષિએ કહેલા વિષયવાળો અને ચોથો દ્રવ્યાનુયોગ દૃષ્ટિવાદમાં યોજ્યા. ॥૬૮૮॥

હવે આર્યરક્ષિત ગુરુ એક ગામથી બીજા ગામ, એક નગરથી બીજા નગરમાં પૃથ્વીતલ ઉપર વિહાર કરતા **મથુરા** નગરીમાં ગયા. ॥૬૮૯॥ તેમાં વિશાલ, એકાંત એવા યક્ષના ગુફા ચૈત્યમાં આર્યરક્ષિતસૂરિ સમવસર્યા. ॥૬૯૦॥ આ બાજુ **સૌધર્માધિપતિ, મહાવિદેહ** ક્ષેત્રમાં **સીમંધર** જિનેશ્વરને વંદન કરવાને માટે ગયા. ॥૬૯૧॥ ત્યાં પ્રશ્ન કર્યો કે હે પ્રભુ ! નિગોદો કેવા પ્રકારની હોય છે ? ભગવાને પણ સંપૂર્ણ તેનું સ્વરૂપ કહ્યું. ॥૬૯૨॥ વળી ફરીથી પૂછ્યું કે હે સ્વામી ! ભરતમાં કોઈક છે જે પૂછાયેલાને કુશાગ્ર બુદ્ધિવાળા તે આવા પ્રકારનું નિગોદનું વર્ણન કરી શકે. ॥૬૯૩॥ અરિહંતે કહ્યું કે હે ભો ! ત્યાં આર્યરક્ષિતસૂરિ છે. તે બુદ્ધિરૂપી ધનવાળા શ્રુતજ્ઞાની મારી જેમ આવા પ્રકારનું જ વ્યાખ્યાન કરે છે. ॥૬૯૪॥ વિસ્મયથી ઈન્દ્રે વિચાર્યું, સ્વયં તીર્થંકર જેને આવા પ્રકારના કહે છે તે દિવ્ય જ્ઞાનવાળા સૂરિ કેવા પ્રકારના છે ? ॥૬૯૫॥ ત્યારે ત્યાં જ વૃદ્ધ બ્રાહ્મણ રૂપને ધારણ કરતા ત્યાં આવ્યા. સાધુના નિવાસસ્થાન રૂપ વસતિમાં તેણે પ્રવેશ કર્યો. ॥૬૯૬॥ અભિવંદન કરીને ગુરુને કહ્યું કે હે પ્રભુ ! હું વ્યાધિથી પીડાયેલો છું. હજુ પણ કેટલું આયુષ્ય છે તે હે દયાનિધિ ! નિવેદન કરો (બતાવો). ॥૬૯૭॥ મોક્ષનો અર્થી જેમ ભવભ્રમણથી કંટાળે તેમ હું જીવિતથી કંટાળેલો છું. હું અનશનને કરું છું. જેથી દુઃખોને લઈને મારા પ્રાણો જાઓ. ॥૬૯૮॥ તે સાંભળીને વિચારતાં અર્થીના મનોરથની જેમ પ્રવર્ધમાન થતાં અધિકાધિક આયુષ્યને જોઈને સૂરિએ વિચાર્યું કે ભરતમાં તો આટલું આયુષ્ય નથી, મહાવિદેહમાં ઉત્પન્ન થયેલાનું પણ નથી. વ્યંતરમાં પણ આટલું આયુષ્ય નથી. ॥૬૯૯-૭૦૦॥ પલ્યોપમને પણ ઉલ્લંઘીને બે સાગરોપમમાં આ સ્થિત થયું. તેથી નિશ્ચે તેટલા આયુષ્યવાળા આ ઈન્દ્ર જ છે. ॥૭૦૧॥ હવે ભવાં ચડાવીને તે દેવને કહ્યું કે એ વૃદ્ધ બ્રાહ્મણના વેષને ભજનારા આપ શક્ર (ઈન્દ્ર) છો. ॥૭૦૨॥ તેમના જ્ઞાનથી ઈન્દ્ર ચમત્કાર પામ્યા. પોતાના મૂળ સ્વરૂપે દિવ્ય અલંકારવાળા ઈન્દ્ર થયા. ॥૭૦૩॥ ગુરુને નમીને મોટી ભક્તિવાળા (ઈન્દ્રે) સીમંધર જિનની પાસે કરેલા પ્રશ્ન અને ઉત્તર વગેરે સર્વ વૃત્તાંત કહ્યો. ॥૭૦૪॥ નિગોદનું સ્વરૂપ ઈન્દ્રે પૂછ્યું. તેમની વાણી રૂપી અમૃતને પીવા માટે બંને કાનો ઉત્કંઠિત થયા. ॥૭૦૫॥ હવે આર્યરક્ષિતસૂરિએ નિગોદનું વર્ણન સીમંધર પરમાત્માએ કહેલાના અનુવાદની જેમ જ કર્યું. ॥૭૦૬॥ ત્યારે વિશેષથી ઈન્દ્ર આનંદવાળા થયા. અદ્‌ભૂત શ્રુતજ્ઞાનનું વર્ણન કરતા તેમને વંદન કર્યા. હે પ્રભો ! આ ક્ષેત્ર ધન્ય છે. જ્યાં આપ જ્ઞાનરૂપી લોચનવાળા સર્વજ્ઞના પ્રતિનિધિ સમાન તત્ત્વોને પ્રકાશો છો. ॥૭૦૭-૭૦૮॥ આ પ્રમાણે સાંભળીને અત્યંત અહોભાવથી ગુરુને વંદન કરીને ઈન્દ્રે દેવલોક તરફ પ્રયાણ કર્યું, ત્યારે ગુરુએ ઈન્દ્રને કહ્યું કે તમારું આગમન સાધુઓને બતાવો. કેમ કે તમારા દર્શન થતા ધર્મમાં સુદૃઢ આશયવાળા તેઓ થશે. ॥૭૧૦॥ વળી હે ઈન્દ્ર ! પહેલાં પણ સાધુઓએ મારી આગળ વારંવાર પ્રાર્થના કરી હતી કે તમો આવતા ઈન્દ્રને બતાવવાની અમારા ઉપર મહેરબાની કરો. ॥૭૧૧॥ ઈન્દ્રે કહ્યું કે હે પ્રભુ ! અલ્પસત્ત્વપણાથી ખરેખર મને જોઈને તેઓ નિયાણાને કરશે. તેથી મારું દર્શન ન જ થાય તે શ્રેષ્ઠ છે. ॥૭૧૨॥ ત્યારબાદ ગુરુએ કહ્યું કે જો એમ જ છે તો હે ઈન્દ્ર ! પોતાના આગમનનું કંઈક ચિહ્ન કરીને પછી તમે જાઓ. ॥૭૧૩॥ ત્યારે સાધુઓએ વસતિ કરેલું જે યક્ષની ગુફાનું ચૈત્ય તેના મુખ્ય દ્વારનું મુખ અન્ય દિશામાં કરીને ઈન્દ્ર સ્વર્ગે ગયો. ॥૭૧૪॥ વિહાર કરીને વસતિમાં પાછા ફરેલા સાધુઓ ત્યારે મુખ્ય દ્વારને નહિ જોતાં સંભ્રાન્ત ચિત્તવાળા મૂઢ થયા. ॥૭૧૫॥ જ્ઞાન વડે તે લોકોને આવેલા જાણીને ગુરુએ કહ્યું. અરે, હો ! આ રસ્તા વડે આ બાજુ દ્વાર છે. ॥૭૧૬॥ આવેલા સાધુઓએ પૂછ્યું કે હે પ્રભો ! આ એકાએક કેવી રીતે ફેરફાર થઈ ગયો ? ત્યારે ગુરુએ, આવેલા શક્ર આ પ્રમાણે કરીને ગયા,

તેમ કહ્યું. ॥૭૧૭॥ ત્યારે તેઓએ કહ્યું કે અમારા દર્શનને માટે આપે કેમ તેમને ધારી ન રાખ્યા ? (પકડી ન રાખ્યા.) ગુરુએ પણ તેઓને ઈન્દ્રે કહેલું કહ્યું. ॥૭૧૮॥

હવે એક વખત સૂર્યની જેમ ચરણો વડે પૃથ્વીતલને પાવન કરતા દશપુર ગયા અને ત્યાં જ વૃદ્ધાવસ્થાના કારણે સ્થિર થયા. ॥૭૧૯॥ આ બાજુ મથુરાપુરીમાં કોઈક નાસ્તિક વાદી આવ્યો. તેણે નગરના લોકોને ખેંચ્યા. તેને જીતવાને માટે કોઈ શક્તિમાન ન થયું. ॥૭૨૦॥ ત્યારબાદ મથુરાના સંઘે શાસન પ્રભાવના માટે યુગપ્રધાન સરખા, દશપુરમાં રહેલા, આર્યરક્ષિતસૂરિ ને બોલાવવાને માટે બે મુનિ મોકલ્યા. આવીને વિનયથી નમેલા તે બંનેએ સંઘે કહેલું કહ્યું. ॥૭૨૧॥ વૃદ્ધપણાથી સ્વયં ત્યાં જવા માટે ગુરુ અસમર્થ હતા. વાદિહસ્તિ સરખા ગોષ્ઠામાહિલ (પોતાના મામા)ને મોકલ્યા. ॥૭૨૩॥ તે ત્યાં જઈને રાજાની સભામાં તે નાસ્તિકને જીતીને જૈનશાસનની અતિ મોટી પ્રભાવના કરી. ॥૭૨૪॥ જગતના આનંદના અંકુરના સમૂહને પ્રગટ કરવામાં (ભેદ કરવામાં) વાદળવાળી વર્ષારાત્રિ ત્યાં પૃથ્વીતલ ઉપર થઈ. ॥૭૨૫॥ તેથી ખુશ થયેલા સંઘ, રાજા અને નગરજનો વડે ગોષ્ઠામાહિલ ચોમાસું કરાવાયા. ॥૭૨૬॥ હવે પોતાના આયુષ્યના અંતને જાણીને હવે આર્યરક્ષિતસૂરિ પોતાના ગચ્છને એકઠા કરીને કહ્યું કે હે મહાભાગ્યશાળીઓ, હું હવે કાયાને છોડવાની ઈચ્છાવાળો છું. તેથી તમે કહો કે તમારા આચાર્ય કોને કરું ? ॥૭૨૭-૭૨૮॥ ગુરુ ઉપરના બહુમાનથી ગચ્છના સાધુઓએ કહ્યું કે આપના નાના ભાઈ ફલ્ગુરક્ષિત અથવા તો આપના મામાને કરો. ॥૭૨૯॥ ગુરુ પણ મધ્યસ્થ ચિત્તવાળા અને ગુણને ગ્રહણ કરનાર હોવાથી ગુણોથી શ્રેષ્ઠ અને ઘણા શ્રુતવાળા દુર્બલિકાપુષ્યને માનીને મુનિઓને કહ્યું કે હે શ્રમણપુંગવો ! અહીં ખરેખર વાલ તેલ અને ઘીના ઘડાનું દૃષ્ટાંત છે તે સાંભળો ! ॥૭૩૦-૭૩૧॥ ભોજન કરાતે છતે પણ દરિદ્રના થાળીની જેમ નીચું મુખ કરેલા વાલના ઘડામાં કંઈ પણ રહેતું નથી. ॥૭૩૨॥ નિઃસ્નેહપણાથી જલ્દીથી સ્નેહવાળા થતા નથી. વળી તેલના ઘડામાં કંઈક કંઈક અવયવો રહે છે. ॥૭૩૩॥ ચંદ્રના ઉદયમાં કમળની જેમ, આકાશમાં વાદળના સમૂહની જેમ, ઘીના ઘડામાં વળગેલા ગુચ્છા રહે છે. ॥૭૩૪॥ તેમાં દુર્બલિકાપુષ્ય પ્રત્યે હું વાલના કુંભ જેવો છું. જે કારણથી એણે મારી પાસેથી સર્વ શ્રુતને ગ્રહણ કર્યું છે. ॥૭૩૫॥ વળી ફલ્ગુરક્ષિતને પામીને હું તેલના ઘડા જેવો છું. મારી પાસેથી સવિશેષ શ્રુતને ગ્રહણ કર્યું છે. ॥૭૩૬॥ તેમજ ગોષ્ઠામાહિલ પ્રત્યે હું ઘીના ઘડા જેવો છું એમ હું માનું છું. હજુ પણ તે ઘણા શ્રુતને ગ્રહણ કરનાર છે. ॥૭૩૭॥ તેથી દુર્બલિકાપુષ્ય સૂત્ર અને અર્થ ઉભયથી યુક્ત છે. ગુણોના ભંડાર તમારા આચાર્ય તે જ થાઓ. ॥૭૩૮॥ ત્યારબાદ ગચ્છે તે સ્વીકાર્યું. કેમ કે ગુરુનું વચન ઉલ્લંઘનીય હોતું નથી. હવે દુર્બલિકાપુષ્યને ગુરુએ પોતાના પદે સ્થાપ્યા. ॥૭૩૯॥ અને કહ્યું કે હે વત્સ ! ગુરુભાઈઓ અને ફલ્ગુરક્ષિતાદિ સર્વને તું સંભાળજે. મારી જેમ તે બધા પણ જોવા યોગ્ય છે. ॥૭૪૦॥ ફલ્ગુરક્ષિતાદિ સર્વને પણ કહ્યું કે તમારે પણ મારી જેમ કે મારાથી અધિક આમને માનવા. કેમ કે હમણાં આચાર્યોમાં આનું યુગપ્રધાનપણું છે. તેથી ક્યારે પણ આના વચનને પ્રતિકૂલ કરવું નહિ. ॥૭૪૧-૭૪૨॥ આ પ્રમાણે સર્વ શિષ્યોને હિતશિક્ષા આપીને આર્યરક્ષિતસૂરિ અનશન કરીને નમસ્કાર મહામંત્રમાં પરાયણ થયા. ॥૭૪૩॥ શ્રી વીતરાગના ચરણોના શરણને સ્વીકારીને ઉપશમ સુખના નિધાન સરખા પ્રધાન ધ્યાનમાં લીન થયા. અંતિમ સર્વ આરાધના અને નિર્યામણા કરીને દિવ્ય ને અમલ (નિર્મલ) લક્ષ્મીને પ્રાપ્ત કરી (દેલોકમાં ગયા.) ॥૭૪૪॥

આ પ્રમાણે આર્યરક્ષિતસૂરિનું કથાનક કહ્યું. ॥૬॥૭૪॥

તેઓની અનુજ્ઞા ન થાઓ. પરંતુ આધાકર્માદિ દોષરહિત હોતે છતે ત્યાં રહેતા કઈ ક્ષતિ થાય તે કહે છે -

दुगंधमलिणवत्थस्स, खेलसिंघाणजल्लजुत्तस्स ।
जिणभवणे नो कप्पई, जइणो आसायणाहेऊ ।।७।।७५।।

ગાથાર્થ : દુર્ગંધ અને મલિન વસ્ત્રવાળા, ગળાના કફ, નાકના મેલ અને શરીરના મેલથી યુક્ત યતિને આશાતનાના કારણથી જિનભવનમાં રહેવું કલ્પતું નથી. ।।७।।७५।।

ટીકાર્થ : દુર્ગંધ એટલે સ્નાન નહિ કરવાથી મળના સંપર્કથી દુર્ગંધ આવે. મલિન એટલે બાહ્ય રજના સંગથી જેના વસ્ત્રો મલિન હોય. ગળા, નાક અને શરીરના મલથી યુક્ત તેવા સાધુને જિનભવનમાં રહેવાને માટે કલ્પતું નથી. એ પ્રમાણે જાણવા યોગ્ય છે. શાથી ? આશાતનાના કારણથી, અને કહ્યું છે કે –

વળી બે પ્રકારે વાયુને કાઢનારું સ્નાન કરાવેલું પણ આ શરીર દુર્ગંધ તથા મલને કરનારું છે. તેથી (સાધુઓ) મંદિરમાં વાસ કરતા નથી. (પ્રવ. સા. ગા. ૪૩૮)

ટીકાર્થ : સ્નાન કરાવેલું પણ આ શરીર દુર્ગંધને આપનારું છે તો વળી નહિ સ્નાન કરાયેલાની વાત જ ક્યાં ? ઉર્ધ્વ અને નીચે એમ બે પ્રકારે વાયુ નીકળે - તે કારણથી ચૈત્યમાં નિવાસ કરતા નથી.

ગાથાર્થ : ત્રણ સ્તુતિઓ અને ઉપર ત્રણ શ્લોક સિદ્ધાણં બુદ્ધાણં સ્તોત્રના કહેવાય ત્યાં સુધી તથા બીજા પણ કારણના વશથી ત્યાં (જિનમંદિરમાં) રહેવા માટે યતિઓને અનુજ્ઞા અપાઈ છે. (પ્રવ. સા. ગા. ૪૩૯)

ટીકાર્થ : યાવત્ ત્રણ સ્તુતિઓ 'સિદ્ધાણં બુદ્ધાણં' ઈત્યાદિ ત્રણ ગાથારૂપ કહે છે. **एतावता** થી જ્યાં સુધી પૂર્ણ (ચૈત્યવંદના) કરે છે. ત્યાં સુધી ચૈત્યમાં રહેવું અનુજ્ઞા છે. કારણથી સ્નાત્ર વગેરે હોય કે વ્યાખ્યાન વગેરે હોય તો **'परेण वत्ति'** એટલે ચૈત્યવંદન પછી પણ રહેવું કલ્પે છે.

જો કે એ ચૈત્ય આધાકર્મી નથી તો પણ ભક્તિ માટે કરેલું હોય, તેથી નિવાસનો ત્યાગ કરવા વડે ખરેખર જ ભક્તિ જ કરેલી થાય છે, નહિતર મોટી આશાતના થાય.

જો કે ચૈત્ય એ આધાકર્મી નથી - સાધુઓના નિમિત્તે કરેલું નથી. તો શા માટે કરાયેલું છે ? ભક્તિને માટે કરાયેલું એટલે કે અરિહંતની ભક્તિ વડે નિર્માણ કરાયેલું છે. તો પણ ત્યાં નિવાસને વર્જન કરવા વડે અરિહંતને વિષે ખરેખર ભક્તિ જ કરાયેલી થાય છે. અન્યથા ત્યાં નિવાસ કરનારને મોટી આશાતના થાય. આથી ચૈત્યમાં વસવું ન જોઈએ.

આ પ્રમાણે કુમાર્ગનું નિરાકરણ કરીને સુમાર્ગને કહે છે -

भावत्थयदव्वत्थयरूवो, सिवपंथसत्थवाहेणं ।
सव्वन्नुणा पणीओ, दुविहो मग्गो सिवपुरस्स ।।८।।७६।।

ગાથાર્થ : શિવપંથ એટલે મોક્ષમાર્ગના સાર્થવાહ એવા સર્વજ્ઞ વડે ભાવસ્તવ અને દ્રવ્યસ્તવરૂપ મોક્ષનગરનો બે પ્રકારનો માર્ગ કહેલ છે.

ટીકાર્થ : પાઠ સિદ્ધ છે, પરંતુ ભાવ વડે સ્તવના પૂજા એ ભાવસ્તવ તે યતિધર્મ છે. ભગવાનની આજ્ઞાનું પાલન થતું હોવાથી ચારિત્ર એ પણ ભગવાનની પૂજા છે જે કહ્યું છે કે -

ગાથાર્થ : અહિંસા[૧], સત્ય[૨], અચોર્ય[૩], બ્રહ્મચર્ય[૪], અસંગતા[૫], ગુરુભક્તિ[૬], તપ[૭], જ્ઞાન[૮] એ આઠ પુષ્પો કહેલા છે. આ આઠ પુષ્પો સ્વર્ગ અને મોક્ષને સાધી આપનારા કહેલા છે અને હંમેશાં સાધુઓને દેવની પૂજા - આ આઠ પુષ્પો વડે માનેલી છે.

દ્રવ્ય વડે સ્તવ-પૂજા એ દ્રવ્યસ્તવ છે. એ શ્રાવક ધર્મ છે. ॥૮॥૭૬॥

હવે ભાવસ્તવ અને દ્રવ્યસ્તવનું સ્વરૂપ ગ્રંથકાર પોતે જ કહે છે -

जावज्जीवं आगमविहिणा, चारित्तपालणं पढमो ।
नायज्जियदव्वेणं, बीओ जिणभवणकरणाई ।।९।।७७।।

ગાથાર્થ : આગમની વિધિ વડે યાવજ્જીવ ચારિત્રનું પાલન કરવું તે પ્રથમ ભાવસ્તવ છે અને ન્યાયથી મેળવેલ દ્રવ્ય વડે જિનભવન કરાવવા વગેરે બીજું દ્રવ્યસ્તવ છે.

ટીકાર્થ : આ પણ પાઠથી સિદ્ધ જ છે.

હવે "જિનભવનને કરાવવું" એ પદનું વિવરણ કરે છે -

जिणभवणबिंबठावण-जत्तापूआ य सुत्तओ विहिणा ।
दव्वत्थउ त्ति नेयं, भावत्थयकारणत्तेण ।।१०।।७८।।

ગાથાર્થ : સૂત્ર મુજબની વિધિથી જિનભવન કરાવવું, બિંબસ્થાપન કરવું, યાત્રા, પૂજા એ દ્રવ્યસ્તવ જાણવું અને તે ભાવસ્તવનું કારણ છે.

ટીકાર્થ : જિનભવન, બિંબ સ્થાપન, યાત્રા, પૂજા વગેરે. યાત્રા એટલે રથ કાઢવો અને અષ્ટાહ્નિકા વગેરે યાત્રાત્રિક છે. સૂત્ર મુજબ એટલે આગમને આશ્રયીને - વિધિ વડે કરાતું અનુષ્ઠાન એ દ્રવ્યસ્તવ છે એમ જાણવું. ભાવસ્તવનું કારણ છે એટલે ભાવસ્તવને ઉત્પન્ન કરનારું છે. ॥૧૦॥૭૮॥

આ દ્રવ્યસ્તવ સાવદ્ય રૂપ હોવાથી સાધુને યોગ્ય નથી, એ જણાવવા માટે કહે છે -

छण्हं जीवनिकायाण, संजमो जेण पावए भंगं ।
तो जइणो जगगुरुणो, पुप्फाइयं न इच्छंति ।।११।।७९।।

ગાથાર્થ : છ જીવનિકાયનો સંયમ જેના વડે ભંગને પામે છે, તેથી જગત ગુરુના યતિઓ પુષ્પાદિને ઈચ્છતા નથી.

ટીકાર્થ : છ જીવનિકાયનો સંયમ જે કારણથી ભંગ થાય છે તે કારણથી જગદ્‌ગુરુ તીર્થંકરો સાધુઓને પુષ્પાદિને એટલે પુષ્પાદિ પૂજાને ઉપલક્ષણથી સર્વ દ્રવ્યસ્તવને ઈચ્છતા નથી. એટલે અનુજ્ઞા આપતા નથી. ॥૧૧॥૭૯॥

હવે વિશિષ્ટ ભાવસ્તવનું કારણ પૂજા છે. તે સાધુને શા માટે નિષેધ કરાય છે. આથી કહે છે –

तं नत्थि भुवणमज्झे, पूआकम्मं न जं कयं तस्स ।
जेणेह परमआणा, न खंडिआ परमदेवस्स ।।१२।।८०।।

ગાથાર્થ : જૈનશાસનમાં જેના વડે પરમાત્માની આજ્ઞાનું ખંડન નથી કર્યું તેને ભુવનમાં તેવું કોઈ પૂજાકર્મ નથી જે ન કર્યું હોય. ॥૧૨॥ (૮૦)

ટીકાર્થ : સ્પષ્ટ છે. પરંતુ અહીં એટલે પ્રવચનમાં - શાસનમાં.

તેથી આટલા વડે દ્રવ્યસ્તવથી ભાવસ્તવ મહાન છે એ નિશ્ચિત થયું. પરંતુ આ બંનેનું અંતર કેટલું છે તે કહે છે –

मेरुस्स सरिसवस्स य, जत्तियमितं तु अंतरं होइ ।
भावत्थयदव्वत्थयाण, अंतरं तत्तियं नेयं ।।१३।।८१।।

ગાથાર્થ : મેરુ અને સરસવનું જેટલું અંતર છે તેટલું અંતર ભાવસ્તવ અને દ્રવ્યસ્તવનું જાણવું.

ટીકાર્થ : એકદમ સિદ્ધ છે.

હવે આવું શાથી છે એ જણાવે છે -

उक्कोसं दव्वथयं, आराहिय जाइ अच्चुयं जाव ।
भावत्थएण पावइ, अंतमुहुत्तेण निव्वाणं ।।१४।।८२।।

ગાથાર્થ : દ્રવ્યસ્તવની આરાધના કરીને ઉત્કૃષ્ટથી યાવત્ અચ્યુત દેવલોકમાં જાય છે. ભાવસ્તવથી અંતર્મુહૂર્ત્ત વડે નિર્વાણને પામે છે.

ટીકાર્થ : અર્થ સહેલો છે. પરંતુ 'उक्कोस' અને 'अपि' જણાતો હોવાથી ઉત્કૃષ્ટથી પણ એ પ્રમાણે અર્થ છે.

આ પ્રમાણે હોતે છતે –

मुत्तूणं भावथयं, दव्वथए जो पयट्टए मूढो ।
सो साहू वत्तव्वो, गोअम ! अजओ अविरओ य ।।१५।।८३।।

ગાથાર્થ : જે મૂઢ સાધુ ભાવસ્તવને મૂકીને દ્રવ્યસ્તવમાં પ્રયત્ન કરે છે, તેને હે ગૌતમ ! અસંયત અને અવિરત છે એમ કહેવા યોગ્ય છે.

ટીકાર્થ : સહેલો જ છે. પરંતુ 'ગૌતમ' એ પ્રમાણે ભગવાન મહાવીર ગૌતમ ગોત્રવાળા ઈન્દ્રભૂતિને બોલાવે છે. આના વડે આ મહાનિશીથ સૂત્રને સૂચવે છે. તે આ પ્રકારે - ભગવન્ ! જે ભાવસ્તવને મૂકીને દ્રવ્યસ્તવને કરે છે તે શું કહેવાય ? ગૌતમ ! તે અસંયત અથવા અવિરત અથવા પાપકર્મનું પચ્ચક્ખાણ રોક્યું નથી. તેવો અથવા નિર્ધર્મ અથવા ભ્રષ્ટ પ્રતિજ્ઞાવાળો અથવા પૂજારી અથવા દેવભોગી વગેરે કહેવાય.

અસંયત છ જીવનિકાય વિરાધતો હોવાથી સંયમથી ભ્રષ્ટ છે અને અવિરત હોવાથી શ્રાવક નથી. લિંગ ધારણ કરેલું હોવાથી બંને માર્ગથી ભ્રષ્ટ થયેલ છે. એ પ્રમાણે ભાવ છે.

મૂઢ એ પ્રમાણે જે કહ્યું તે દૃષ્ટાંત વડે દૃઢ કરે છે -

मंसनिवित्तिं काउं, सेवइ 'दंतिक्कय'ति धणिभेया ।
इय चइऊणाऽऽरंभं, परववएसा कुणइ बालो ।।१६।।८४।।

ગાથાર્થ : માંસનો ત્યાગ કરીને જે શબ્દના ભેદથી માંસને સેવે છે તેમ સાધુ આરંભનો ત્યાગ કરીને પરમાત્માના બહાનાથી દ્રવ્યસ્તવ કરી આરંભ કરે છે તે બાલ છે. ('दंतिक्कय' આ માંસવાચક દેશ્યભાષાનો શબ્દ છે તેથી શબ્દના ભેદથી કહ્યું છે.)

ટીકાર્થ : અર્થ પ્રગટ છે. પરંતુ બીજાના બહાનાથી એટલે દેવ આદિના બહાનાથી.

ખરેખર ધર્મના અર્થીપણા વડે ચૈત્ય આદિની ચિંતામાં પ્રવર્ત્તતો કેવી રીતે બાલ કહેવાય ? તેને શિખામણ આપવા માટે કહે છે -

तित्थयरुद्देसेण वि, सिढिलिज्ज न संजमं सुगइमूलं ।
तित्थयरेण वि जम्हा, समयंमि इमं विणिदिट्ठं ।।१७।।८५।।

ગાથાર્થ : તીર્થંકરના બહાના વડે સદ્ગતિના મૂળ રૂપ સંયમને શિથિલ ન કરે. કારણ કે તીર્થંકર વડે પણ શાસ્ત્રમાં આ પ્રમાણે કહેવાયેલું છે.

ટીકાર્થ : સ્પષ્ટ છે - ॥१७॥८५॥

આ જ વાતને કહે છે :-

सव्वरयणामएहिं, विभूसियं जिणहरेहिं महिवलयं ।
जो कारिज्ज समग्गं, तउ वि चरणं महड्ढियं ।।१८।। (८६)

ગાથાર્થ : સર્વરત્નમય જિનાલયં વડે મંડિત એવા પૃથ્વીના વલયને જે સમગ્ર રીતે કરે છે તેનાથી પણ ચારિત્ર મોટી ઋદ્ધિવાલું છે.

ટીકાર્થ : સહેલો છે - પરંતુ **'सव्वरयणामएहिं'** એમાં જે દીર્ઘપણું કરેલ છે, તે પ્રાકૃત હોવાથી અને મોટી ઋદ્ધિવાળું એટલે મેરુ અને સરસવની ઉપમા વડે મહાન. ॥१८॥८७॥

જો એ પ્રમાણે છે તો શા માટે સાધુને કરોળિયાની જાળને દૂર કરવાનું કહ્યું છે તે જણાવે છે -

अन्नाभावे जयणाइ, मग्गनासो हविज्ज मा तेण ।
पुव्वकयाऽऽययणाइसु, ईसिं गुणसम्भवे इहरा ।।१९।।८७।।

ગાથાર્થ : બીજાનો અભાવ હોય ત્યારે માર્ગનો નાશ ન થાઓ. તેથી પૂર્વે કરેલા જિનાલયાદિમાં થોડોક ગુણનો સંભવ હોવાથી જયણાપૂર્વક કરે.

ટીકાર્થ : બીજાનો એટલે ભદ્ર પ્રકૃતિવાળા શ્રાવકનો અભાવ હોય તો માર્ગનો નાશ - તીર્થનો નાશ ન થાઓ. તે કારણથી પૂર્વે કરેલા જિનાલયાદિમાં અને આદિ શબ્દથી જિનબિંબોને વિશે કોઈને જિનધર્મના સ્વીકાર સ્વરૂપ થોડા ગુણનો સંભવ હોવાથી જયણા વડે આગમમાં કહેલી ક્રિયા વડે કરોળિયાની જાળને દૂર કરવા યોગ્ય છે એ અધ્યાહારથી છે.

અન્ય રીતે એટલે પહેલા કહેલાથી વિપરીત રીતે જણાવવામાં એ જણાવે છે -

चेइअकुलगणसंघे, आयारियाणं च पवयणसुए य ।
सव्वेसु वि तेण कयं, तवसंजममुज्जमंतेण ।।२०।।८८।।

ગાથાર્થ : તપ અને સંયમમાં ઉદ્યમ કરતા એવા તેના વડે ચૈત્ય-કુલ-ગણ-સંઘ-આચાર્ય-પ્રવચન-શ્રુત એ સર્વેને વિષે કાર્ય કરેલું છે.

ટીકાર્થ : સહેલો છે, પરંતુ કુલ એટલે એક આચાર્યનો પરિવાર અને ગણ એટલે ત્રણ કુલનો સમુદાય. તપ અને સંયમમાં ઉદ્યમ કરતા તે સાધુ વડે કાર્ય કરાયું. ॥૨૦॥૮૮॥

હવે કલિકાલના વશથી ઉલ્લસિત થયેલા શિથિલ માણસના અભિપ્રાયને કહીને નિરાકરણ કરે છે -

केई भणन्ति भन्नइ, सुहुमवियारो न सावगाण पुरो ।
तं न जओ अंगाइसु, सुव्वइ तव्वन्नणा एवं ।।२१।।८९।।

ગાથાર્થ : કેટલાક કહે છે - શ્રાવકની આગળ સૂક્ષ્મ વિચાર ન કહેવા જોઈએ. તે બરાબર નથી. કારણ કે અંગાદિમાં આ પ્રમાણે તેનું વર્ણન સંભળાય છે.

ટીકાર્થ : કેટલાક ભવાભિનંદી જીવો કહે છે કે શ્રાવકોની આગળ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના અધિકારીની વિચારણારૂપ સૂક્ષ્મ વિચાર ન કહેવો જોઈએ. કારણ કે સઘળી સામાચારી જાણેલા શ્રાવકો શિથિલ સાધુ સમુદાયને જોઈને ક્યારેક મંદ ધર્મવાળો થાય, પરંતું એ બરાબર નથી, જે કારણથી અંગ ઉપાંગાદિમાં આ પ્રકારે તેનું વર્ણન સંભળાય છે. ॥૨૧॥૮૯॥

તે આ પ્રકારે -

लद्धट्ठा गहिअट्ठा, पुच्छियअट्ठा विणिच्छियट्ठा य ।
अहिगयजीवाईया, अचालणिज्जा पवयणाओ ।।२२।।९०।।

तह अट्ठिअट्ठिमज्जाणु, रायरत्ता जिणिंदपन्नत्तो ।
एसो धम्मो अट्ठो, परमट्ठो सेसगमणट्ठो ।।२३।।९१।।

सूत्ते अत्थे कुसला, उस्सग्गववाइए तहा कुसला ।
ववहारभावकुसला, पवयणकुसला य छट्ठाणा ।।२४।।९२।।

ગાથાર્થ : મેળવેલા અર્થવાળા, ગ્રહણ કરેલા અર્થવાળા, પૂછેલા અર્થવાળા, વિનિશ્ચિત અર્થવાળા જીવાદિ તત્ત્વને જાણનારા, પ્રવચનથી ચલાયમાન ન કરી શકાય તેવા. ॥૨૨॥૯૦॥

તથા અસ્થિ અને અસ્થિમજ્જાની જેમ અનુરાગથી રક્ત જિનેશ્વરે પ્રરૂપેલ ધર્મ એ જ અર્થ છે, એ જ પરમાર્થ છે બાકીનો અનર્થ છે એમ માને છે. ॥૨૩॥૯૧॥

સૂત્રમાં અને અર્થમાં કુશલ, ઉત્સર્ગ અને અપવાદમાં કુશલ, વ્યવહાર અને ભાવમાં કુશલ જે હોય તે પ્રવચનમાં કુશલ કહેવાય. એમ કુલ છ સ્થાન છે.

ટીકાર્થ : હંમેશાં શ્રવણથી મેળવેલા અર્થવાળા તે લબ્ધાર્થ, સારી રીતે ધારણ કરવાથી ગ્રહણ કરેલા અર્થવાળા તે ગૃહીતાર્થ, ક્યારેક સંશય હોતે છતે પૂછેલા અર્થવાળા તે પૃષ્ટાર્થ, તત્ત્વનો અર્થ મળવાથી વિનિશ્ચિત અર્થવાળા તે વિનિશ્ચિતાર્થ, જેણે જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા-મોક્ષ એ નવ તત્ત્વને જાણેલા છે તે પ્રવચનથી ચલાયમાન કરી શકાય નહિ. ॥૨૨॥૯૦॥

તથા હાડકા અને અસ્થિમજ્જા એટલે હાડકાનો ગર્ભ, અનુરાગ વડે એટલે પ્રકરણથી જિનેશ્વરના મતના પ્રેમ વડે, રક્ત એટલે વાસનાના સાધર્મ્યથી, અસ્થિ તથા અસ્થિમજ્જાની જેમ અનુરાગ વડે રક્ત છે તેવા, કેવી રીતે એ જણાવે છે - આ સાક્ષાત્ સેવાતો જિનેશ્વરે પ્રરૂપેલ એવો ધર્મ તત્ત્વભૂત અને પરમાર્થરૂપ એ પરમ ગતિનું કારણ હોવાથી વસ્તુરૂપે ઉપાદેય છે. જ્યારે બાકીના શિવ અને શાક્ય વગેરેએ જણાવેલ ધર્મ એ વાસ્તવિક અનર્થ છે. ॥૨૩॥૯૧॥

પોતાને ભણવા યોગ્ય સૂત્રનો સુવ્યક્ત ઉચ્ચારણ કરે તે સૂત્રમાં કુશલ કહેવાય અને હંમેશાં સિદ્ધાંતનો અર્થ સાંભળવાથી અર્થમાં કુશલ થાય. ઉત્સર્ગ અને અપવાદના કાર્યમાં કુશલ હોય. ધર્મ, અર્થ, કામ અને લોકના ભેદથી વ્યવહાર ચાર પ્રકારે છે. તેમાં જે કુશલ હોય તે ભાવકુશલ, જે બાહ્ય અને અભ્યંતર ચેષ્ટા વડે અભિપ્રાયને જાણવા પૂર્વક નવા ધર્મ પામેલાઓને સ્થિરીકરણ કરનાર છે. **इति** શબ્દના અધ્યાહારથી આ પ્રમાણે છ સ્થાનમાંથી **ल्यप** નો લોપ થયે છતે પાંચમી વિભક્તિ છે. એ પ્રમાણે છ સ્થાનને આશ્રયીને એટલે આ છ સ્થાનને આશ્રયીને કુશલ હોય છે. તે પ્રવચન કુશલ કહેવાય છે. એમ ત્રણ ગાથાનો અર્થ છે. ॥૨૪॥૯૨॥

હવે જેઓ સિદ્ધાંતને છુપાવીને ઉન્માર્ગનો ઉપદેશ આપે છે અને સાધુની નિંદાને કરે છે, તેઓનું વિશ્વાસઘાતિપણું જણાવે છે.

पुच्छंताणं धम्मं, तंपि य न परिक्खिउं समत्थाणं ।
आहारमित्तलुद्धा, जे उमग्गं उवइसंति ।।२५।।९३।।
सुगइं हणंति तेसिं, धम्मियजणनिंदणं करेमाणा ।
आहारपसंसासु य, निंति जणं दुग्गइं बहुयं ।।२६।।९४।।

ગાથાર્થ : પરીક્ષા કરવા માટે અસમર્થ એવા ધર્મને પૂછે તેમને આહાર માત્રમાં આસક્ત એવા જેઓ ઉન્માર્ગનો ઉપદેશ આપે છે. ॥૨૫॥૯૪॥

તેઓ પૂછનારની સદ્ગતિને હણે છે. સારા સાધુઓની નિંદા કરતા અને આહાર માટે શ્રાવકોની પ્રશંસા કરતા તેઓ માણસને મોટી દુર્ગતિમાં લઈ જાય છે.

ટીકાર્થ : પ્રશ્નને પૂછતા એવા ભવ્ય જીવોને. ગૃહસ્થ અને સાધુના ભેદથી ભિન્ન એવો ધર્મ કહેવાય છે. પણ મુગ્ધ બુદ્ધિવાળા હોવાથી પરીક્ષા કરવા માટે અસમર્થ તેથી તેઓ દયાને પાત્ર છે. આહાર એટલે અશન વગેરે ઉપલક્ષણથી વસ્ત્ર, પાત્ર અને પૂજા. તેમાં જ ફક્ત આસક્ત બનેલા, સિદ્ધિના સુખથી પરાઙ્મુખ થયેલ

જે યથાછંદાદિ છે તેઓ અશુદ્ધ દાન આપવું વગેરે ઉન્માર્ગને ઉપદેશે છે. વિવેકી થયેલા એવા આ મને આધાકર્માદિ દોષથી દૂષિત આહાર નહિં આપે, એવું ન થાઓ, આના દ્વારા તેમનું અતિ સંક્લેશપણું જણાવે છે. જે કહ્યું છે કે -

અર્થ : શરણે આવેલ જીવનું જે મસ્તક છેદે છે એમ આચાર્ય પણ ઉત્સૂત્રની પ્રરૂપણા કરે છે તે સદ્ગતિને છેદે છે.

યત્ અને તત્ નો નિત્ય સંબંધ હોવાથી તેઓ શું કરે છે એ જણાવે છે - પૂછનારને ઉન્માર્ગમાં સ્થાપન કરવા દ્વારા સદ્ગતિને હણે છે. શુદ્ધ આહાર, વસ્ત્ર, પાત્ર અને ઉપાશ્રયને ગ્રહણ કરનાર ધાર્મિક એવા તે સાધુજનની નિંદા કરે કે "આ માયાવી" છે. સપ્તમીનો તૃતીયાનો અર્થ કરવાનો હોવાથી આહારની પ્રશંસા કરવા વડે એટલે આહાર માટે તમે જ કલ્પવૃક્ષ છો, એવી શ્રાવકની પ્રશંસા વડે અથવા આહાર દાન એ જ ઉત્તમ દાન છે, એમ કહેવા વડે માણસને મોટી દુર્ગતિમાં લઈ જાય છે, એમ બે ગાથાનો અર્થ છે. ॥૨૫-૨૬॥૯૩-૯૪॥

હવે જે શરીરના સામર્થ્યથી રહિત ક્રિયામાં શિથિલ કાંઈક શુદ્ધ ચિત્ત વડે પરલોકને અભિમુખ થયો છે, તેના ઉપદેશને જણાવે છે –

हुज्ज हु वसणपत्तो, सरीरदोबल्लयाइ असमत्थो ।
चरणकरणे अशुद्धे, शुद्धं मग्गं परूविज्जा ।।२७।।९५।।

ગાથાર્થ : આપત્તિને પામેલો, શરીરની દુર્બલતાથી અસમર્થ, ચરણસિત્તરિ, કરણસિત્તરિ અશુદ્ધ હોય તો પણ માર્ગ શુદ્ધ બતાવવો જોઈએ.

ટીકાર્થ : હુ એ વાક્ય અલંકારમાં છે. આપત્તિમાં આવેલો અથવા ઈન્દ્રિયમાં આસક્ત થયેલો - અહીં 'વા' શબ્દ અધ્યાહાર હોવાથી ઘડપણ અને રોગ આદિથી થયેલ શરીરની દુર્બલતાથી ક્રિયાને કરવા માટે અસમર્થ હોય તથા ચરણસિત્તરિ વ્રતાદિ અને કરણસિત્તરિ પિંડવિશુદ્ધિ આદિ તે અશુદ્ધ હોય એટલે કે અતિચારરૂપ મળવાળા હોય તો પણ તેણે શુદ્ધ માર્ગ બતાવવો જોઈએ. શ્રેણિક રાજાના પુત્ર નંદિષેણની જેમ -

શ્રેણિકપુત્ર નંદિષેણની કથા આ પ્રમાણે :

આ જ **જંબૂદ્વીપના ભરતક્ષેત્રના** આભૂષણ સ્વરૂપ **મગધ** નામે દેશ હતો, તેમાં **રાજગૃહ** નામનું નગર હતું. ॥૧॥ ત્યાં **શ્રેણિક રાજા** અને તેની પ્રથમ પ્રિયા **સુનંદા** નામની હતી. નય પરાક્રમવાળો અત્યંત મેધાવી એવો **અભય** નામનો પ્રથમ પુત્ર હતો. ॥૨॥ એક વખત ત્યાં કાંતિથી ધનાઢ્ય ત્રણ લોકના ઐશ્વર્યને કહેનારા એવા ત્રણ છત્રથી યુક્ત **શ્રી વીર ભગવાન** પધાર્યા. ॥૩॥ **ગુણશીલ** નામના ચૈત્યમાં ભગવાન સમવસર્યા અને ત્યાં બાર પર્ષદા અનુક્રમે બેઠી. ॥૪॥ શ્રી વીર ભગવાન સમસર્યા છે તે સાંભળીને પુત્ર સહિત સર્વ સામગ્રીથી યુક્ત શ્રેણિક રાજા ભગવાનને નમન કરવા માટે સન્મુખ આવ્યા. ॥૫॥ ખુશ થતો સ્વામીને પ્રદક્ષિણા કરીને અને પ્રણામ કરીને વ્યાખ્યાન રૂપી અમૃતને પીવા માટે પ્રભુની આગળ રાજા બેઠો. ॥૬॥ મેઘની ગર્જનાથી ગંભીર વાણીથી તેમજ સર્વ ભાષાને અનુસરનારી વાણી વડે ભગવાને પણ નિર્મળ દેશના આપી. ॥૭॥ અહો ! ભવ્ય પ્રાણીઓને અપાર અતિ દારૂણ એવી સંસારરૂપી અટવીને (પાર પમાડનાર) દુઃખેથી ઉતારનાર જિન

ધર્મરૂપી રથ વિના બીજું કોઈ નથી. ॥૮॥ કૂવા ખોદવાની જેમ ખરાબ કર્મોથી માણસ નીચે જાય છે અને સારા કર્મ વડે પ્રાસાદને બનાવનાર (મહેલ)ની જેમ ઉંચે જાય છે. ॥૯॥ તેથી જ પંડિત (બુદ્ધિશાળી)જનોએ સંસારને વધારનાર જે કર્મ તેને ઉખેડીને સંસારથી પાર ઉતારનાર એવું કર્મ પ્રયત્નથી કરવું જોઈએ. ॥૧૦॥ ભવહેતુના કારણરૂપ પ્રાણીવધ, મૃષાવાદ (ખોટું બોલવું) ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, આ પાંચ આશ્રવોને ભવ્ય જીવોએ હંમેશાં ત્યાગ કરવો જોઈએ. જેઓ આ પાંચ આશ્રવોનો સર્વથા ત્યાગ કરવા માટે અસમર્થ છે, તેઓએ પણ દેશથી તો ત્યાગ કરવો જ જોઈએ. એમ થાય તો જ તેને નિર્વાણ પદવી અતિ દૂર નથી. ॥૧૧-૧૨॥ આ પ્રમાણેની દેશના સાંભળીને શ્રેણિક રાજાના પુત્ર નંદિષેણમાં પણ સર્વથા આશ્રવના ત્યાગ કરવાની બુદ્ધિ થઈ. ॥૧૩॥ હવે પોતાના આવાસને પ્રાપ્ત થયેલા શ્રેણિક રાજાને વ્રતની આકાંક્ષાવાળા, સ્વચ્છ મનવાળા નંદિષેણે પૂછ્યું. ॥૧૪॥ હે પિતાજી ! સંસારથી ઉદ્વિગ્ન મનવાળો હું થયો છું. તેથી અનુજ્ઞા આપો. ચંચળ-ચપળ લક્ષ્મી એશ્વર્યનો ત્યાગ કરીને શાશ્વત અને સ્થિર એવી લક્ષ્મી (એશ્વર્ય)ને હું ઈચ્છું છું. ॥૧૫॥ સિદ્ધિવધૂ (મોક્ષલક્ષ્મી) ના સંગમને ઈચ્છતો એવો પોતાની અંતઃપુરીનો ત્યાગ કરીને દ્રવ્યસ્તવ કરીને ભાવસ્તવ કરવા માટે તે ચાલ્યા. ॥૧૬॥ તે જ વખતે આકાશમાં રહેલી દેવીએ તેને કહ્યું કે હે વત્સ ! વત્સ ! વ્રતની ઈચ્છાવાળો તું ઉત્સુક ન થા. ॥૧૭॥ હે રાજપુત્ર ! હજુ પણ તારું ભોગાવલી કર્મ છે. ચારિત્રાવરણીય કર્મને ઉલ્લંઘન કરવા માટે અરિહંતો પણ સમર્થ થતા નથી. ॥૧૮॥ કેટલોક કાળ અત્રે રહીને તે કર્મને ભોગવીને પછી વ્રતને ગ્રહણ કરજો. વૃક્ષો પણ કાળે (યોગ્ય સમયે) જ ફળને આપે છે. ॥૧૯॥ સાધુ મધ્યમાં રહેલા મને કર્મ શું કરશે ? એ પ્રમાણે તેના વચનનો અનાદર કરીને પ્રભુની પાસે તે ગયા. ॥૨૦॥ સ્વામીએ પણ કહ્યું કે હે પુણ્યશાળી ! હજુ તારો પ્રવ્રજ્યાનો સમય નથી. તો પણ એકાએક વ્રતના આગ્રહી તેણે જલ્દીથી વ્રતને ગ્રહણ કર્યું. ॥૨૧॥

ત્યારબાદ સ્વામી (પ્રભુ)ની સાથે પૃથ્વીતલ ઉપર નિર્મોહી, મહાસત્ત્વશાળી પરીષહને પરાભવ કરનાર તેણે વિહાર કર્યો. ॥૨૨॥ શુદ્ધ મનવાળા, બુદ્ધિશાળી એવા તે હંમેશાં સિદ્ધાંતને ભણતાં સૂત્ર અને અર્થના ઉભય તત્ત્વને જાણનાર અનુક્રમે તે ગીતાર્થ થયા. ॥૨૩॥ ઘણા દુષ્કર એવા તપોને તપસ્વી એવા તેણે તપ્યા. તેના પ્રભાવથી વિવિધ પ્રકારની લબ્ધિઓ પેદા થઈ. ॥૨૪॥ હંમેશાં આતાપનાદિ મહાકષ્ટોને કરતા તેણે પોતાની ઈન્દ્રિયોના સમૂહનો વિકાર સર્વથા ન થાય તેમ કર્યું. ॥૨૫॥ હું માનું છું કે, તપરૂપી અગ્નિ વડે નંદીષેણ મુનિએ તે દેવતાએ કહેલા ભોગકર્મને ભસ્મસાત્ કર્યું. ॥૨૬॥ કર્મભીરૂ (ડરેલો) એવા તેણે સાધુનું સાંનિધ્ય મૂક્યું નહિ. તપ વડે વિજયીની જેમ તે એકલો પણ દૃઢ થયો. ॥૨૭॥

એકાકી વિહાર કરવાની ઈચ્છાવાળા, સુભટના અગ્રણી (સેનાપતિ) જેવા નંદિષેણ પુરુષાર્થ વડે ભાવરૂપી શત્રુને અવગણીને છઠ્ઠના પારણામાં ભિક્ષા માટે એકાકી નીકળ્યા. અનાભોગથી વેશ્યાના ઘરમાં પ્રવેશ કર્યો. ॥૨૯॥ મહામુનિ 'ધર્મલાભ' એ પ્રમાણેની વાણી બોલ્યા. વેશ્યા પણ હસીને વિલાસવાળા મધુર અક્ષર બોલી. હે મુનિ ! હિમમાં અગ્નિનો ઉપચાર ઘટે નહિ, તેમ વ્યભિચારીઓને વિષે શાંતરસ જેવો ધર્મલાભ અહીં ન હોય. અહીં તો માત્ર દ્રવ્યલાભ હોય. ॥૩૦, ૩૧॥ આ બિચારી ગરીબડી મારા ઉપર હસે છે. એ પ્રમાણે વિચારતાં પ્રશમના એક ઘર સરખા નંદિષેણ મુનિ પણ ત્યારે અમર્ષને ભજનાર થયા. ॥૩૨॥ છાપરા ઉપરથી હાથ વડે એક તણખલાને ખેંચીને તપોલબ્ધિથી મહાધનવાળા તેણે તેના ઘરમાં રત્નનો ઢગલો પાડ્યો. ॥૩૩॥ આ દ્રવ્યલાભને તું ગણી લે, એમ મત્સરથી બોલતા, તપોલબ્ધિથી મહાધનવાળા મુનિ તેના ઘરમાંથી બહાર

નીકળ્યા. ॥૩૪॥ તે જોઈને વેશ્યાએ વિચાર્યું કે આ તો અક્ષય મહાનિધિ છે. તેથી તેની પાછળ દોડીને વિલાસી વચનો બોલી. ॥૩૫॥ હે પ્રાણનાથ ! ભાડુ આપીને તમે બીજે જવાનો પ્રયાસ કેમ કરો છો ? હું તો તમારા વડે ખરીદાયેલી છું અને આ મારા પ્રાણો તમને શોધી રહ્યા છે. ॥૩૬॥ વળી તમે સુકુમાળ છો, તમે કઠોર, કર્કશ એવા વ્રતને કેમ ગ્રહણ કર્યું ? હે નાથ ! શું કેળના પાંદડા (કોમળ) કરવતની ક્રિયાને સહન કરે ? ॥૩૭॥ વળી હે સ્વામી ! પૂગીફળ સરખા આપ નાગવલ્લી સરખી મારી ઉપર ચઢીને (આરોહણ કરીને) પોતાને ઉચિત એવી મને ભજો અને તપને છોડો. ॥૩૮॥ આ પ્રમાણે સ્નેહના સારરૂપ આર્દ્ર એવા વચનોને વારંવાર બોલતી તેણીએ પર્વત જેમ સમુદ્રને ખળભળાવે તેમ તેના ચિત્તને ક્ષોભ પમાડ્યો. ॥૩૯॥ ત્યારે જ તેનું ભોગાવલી કર્મ ઉદયમાં આવ્યું. પ્રાયઃ સમયે સર્વ પણ ઉન્નતિ પ્રાપ્ત થાય છે. ॥૪૦॥ અરિહંતના તત્ત્વના સારને જાણનાર પણ, મેરુની જેમ નિશ્ચલ પણ, તે તેણીના વિલાસી મધુર વચનોથી ચારિત્રથી રૂને ચલાયમાન કરવાની જેમ ચલાયમાન થયા. ॥૪૧॥ વિષ સરખા વિષયોને જાણતો પણ નંદિષેણે કર્મના પરવશપણાથી તેના વચનને સ્વીકાર્યું. ॥૪૨॥ દરરોજ દશને અથવા તો તેથી અધિકને પ્રતિબોધ ન પમાડું તો હું ફરીથી દીક્ષાને સ્વીકારીશ, એમ પ્રતિજ્ઞા કરી. ॥૪૩॥ કામદેવથી પ્રેરાયેલા તે ગૃહસ્થ વેષ ધારણ કરીને તેના ઘરમાં રહ્યા. કેટલોક કાળ તેણીની સાથે ભોગોને ભોગવ્યા. ॥૪૪॥ સતત પરિવ્રજ્યાને નિષેધ કરનારા દેવતાના અને જિનેશ્વર ભગવંતના તે વખતે કહેલા તે વચનોને વિચાર્યા. ॥૪૫॥ દરરોજ દશ ભવ્યોને વ્યાખ્યાનથી પ્રતિબોધ કરીને જિનેશ્વર ભગવંતની પાસે પ્રવ્રજ્યાને માટે મોકલીને પછી જ તે જમતો અન્યથા નહિ. ॥૪૬॥

હવે એક વખત તેના કર્મ ક્ષીણ થયે છતે નવ પ્રતિબોધ પામ્યા. દશમો વાહીક દેશના માણસ જેવો કોઈ પણ રીતે બોધ પામતો ન હતો. ॥૪૭॥ હવે ભોજનની વેલા થયે છતે વેશ્યાએ તેને કહ્યું, રસોઈ થઈ ગઈ છે. હે સ્વામિ ! ઉઠો. ॥૪૮॥ તે સાંભળીને પણ તે ઉભો ન થયો. પરંતુ બોધ પમાડવા માટે ત્યાં જ રહ્યા. અપૂર્ણ અભિગ્રહવાળો હું ભોજન કેવી રીતે કરું ? એ પ્રમાણે વિચારતા રહ્યા. ॥૪૯॥ તેણી વારંવાર બોલાવવા આવતી કે હે નાથ ! રસોઈ એક વખતની તો વિરસ થઈ ગઈ. તેથી બીજીવાર બનાવી લાંબા કાળનો વિલંબ કેમ કરો છો ? ॥૫૦॥ તેણે પણ કહ્યું કે હું શું કરું ? દશમો આ બોધ પામતો નથી. ઈર્ષ્યા સહિત વેશ્યા બોલી કે એ બોધ પામતો નથી તો આજે દશમા તમે પોતે થાવ. હમણાં તો આ જડપણાને મૂકો. ઉઠીને જલ્દીથી આવીને ભોજન કરો અને વિલંબને છોડો. ॥૫૧-૫૨॥ તે સાંભળીને નંદિષેણે વિચાર્યું કે, તે કર્મ ભોગવાય ગયું જણાય છે. એટલે પ્રિયતમાને કહ્યું કે જમવા વડે સર્યું. વ્રતને ગ્રહણ કરીને પછી જમીશ. ॥૫૩॥ ત્યારે જ બુદ્ધિશાળી એવા તે પ્રભુની પાસે જઈને પોતાના સર્વ દુષ્કૃતને આલોચીને, નિંદા કરીને, ગર્હા કરીને, ફરીથી ચારિત્રને ગ્રહણ કરીને પ્રભુની સાથે વિહાર કરતા વ્રતને સારી રીતે પાળીને તે દેવલોકમાં ગયા. ॥૫૪-૫૫॥ ભાંગેલા વ્રતવાળા પણ નંદિષેણે જેમ સમ્યગ્દર્શનને દૃઢપણે ધારી રાખ્યું. ભાગ્યયોગથી વ્રતથી લુપ્ત થયા, પણ સમ્યગ્દર્શન જતું ન કર્યું, તેમ બીજાઓએ પણ આ રીતે જ કરવું જોઈએ. ॥૫૬॥

આ પ્રમાણે નંદિષેણની કથા સમાપ્ત થઈ.

આના વિપર્યયમાં (ઉલ્ટાપણામાં) દોષને કહે છે -

परिवारपूअहेउं, पासत्थाणं च आणुवित्तीए ।
जो न कहेइ विसुद्धं, तं दुल्लहबोहियं जाण ।।२८।।९६।।

ગાથાર્થ : પરિવાર અને પૂજાને માટે પાસત્થાને અનુસરવા વડે જે વિશુદ્ધ માર્ગને કહેતા નથી, તે દુર્લભબોધિ જાણ. ॥૨૮॥

અર્થ તો સુગમ છે, પરંતુ **परिवारपूयहेउ ति** પરિવાર અને પૂજાને માટે - અત્યંત કઠોર (વિશુદ્ધ) માર્ગને જો કહીશ તો કોઈ પણ અમારી પાસે આવશે નહિ. (અમારો પરિવાર થશે નહિ.) કોઈ પણ અમારી પૂજા કરશે નહિ. કોમળ માર્ગ કહેવાથી લોકો આવે. કારણ કે સરલમાર્ગ પર લોકોની રૂચિ હોય છે. ॥૨૮॥૯૬॥

આ પ્રમાણે કહેવાથી મોટો દોષ કેવી રીતે ? બીજી રીતે કહે છે -

मुहमहुरं परिणइ-मंगुलं च गिण्हंति दिंति उवएसं ।
मुहकडुयं परिणइ-सुंदरं च विरला च्चिय भणन्ति ।।२९।।९७।।

ગાથાર્થ : મુખે મધુર, પરિણામે અસુંદર ને ગ્રહણ કરે છે અને ઉપદેશ આપે છે. મુખમાં કડવા અને પરિણામે સુંદર જે કહે છે તે વિરલા ઘણાં (થોડા જ) છે. ॥૨૯॥

ટીકાર્થ : અર્થ-સુગમ (સુલભ) છે. ફક્ત મંગુલં એટલે અસુંદર.

હવે યથાવસ્થિત હિતને કહેનારાની પરમોપકારિતાને કહે છે.

भवगिहमज्झम्मि, पमायजलणजलियंमि मोहनिद्दाए ।
उट्ठवइ जो सुयंतं, सो तस्स जणो परमबन्धू ।।३०।।९८।।

ગાથાર્થ : મોહરૂપી નિદ્રાથી પ્રમાદરૂપી અગ્નિથી બળતા એવા ભવ (સંસાર) ઘરની મધ્યે તેમજ સૂતેલાને ઉઠાડે છે (જગાડે છે) તે માણસ તેનો શ્રેષ્ઠ ભાઈ છે.

ટીકાર્થ : સંસાર ગૃહમધ્યે પ્રમાદરૂપી અગ્નિથી બળાતો છતો મોહ અજ્ઞાનરૂપી નિદ્રાથી સૂતેલાને ઉઠાડે છે અર્થાત્ બોધ પમાડે છે. તે માણસથી ગુરુ આદિ લેવા અર્થાત્ ગુરુ વિ. તેના પરમ શ્રેષ્ઠ ભાઈ છે. અભયકુમાર જેમ આર્દ્રકુમારને. ॥૩૦॥

અભયકુમાર વડે પ્રમાદરૂપી અગ્નિ વડે બળતા ઘરની અંદર રહેલા મોહરૂપી નિદ્રામાં સૂતેલા આર્દ્રકુમારને કેવી રીતે બોધ અપાયો ? તેના માટે કથાનક કહેવાય છે. તે આ પ્રમાણે - **આર્દ્રકુમાર કથા**

સમુદ્રની અંદર બેટ જેવો **આર્દ્ર** નામનો અંતરદ્વીપ હતો. તેમાં લક્ષ્મી વડે જાણે કે રત્નોના ભંડાર સરખું **આર્દ્રકપુર** નામનું નગર હતું. ॥૧॥ ત્યાં **આર્દ્રક** નામે રાજા હતો તે હંમેશાં દયાળુ, પ્રથમ મેઘની જેવો, પોતાના ચિત્તરૂપી પાણીથી અર્થીઓમાં ઘણું વરસતો હતો અર્થાત્ દાનવીરોમાં શ્રેષ્ઠ હતો. ॥૨॥ તેને દયાળુ અને પવિત્ર માર્ગને અનુસરનારી એવી **આર્દ્રા** નામની રાણી હતી તથા સર્વ ગુણોના એક સ્થાન સરખા **આર્દ્રકુમાર** નામનો પુત્ર હતો. ॥૩॥ એક વખત **શ્રેણિકનો** મંત્રી આર્દ્રક રાજા પાસે આવ્યો. સ્નેહરૂપી વૃક્ષને સીંચનાર એવા ભેટણાંને રાજા પાસે ધર્યા. ॥૪॥ ઔચિત્ય વ્યવહારમાં કુશળ એવા તેણે ઉચિત સેવા કરીને તેનું

ઔચિત્ય કર્યું. લીમડાના પાન, સંચળ વગેરે ભેટણાને સ્વીકાર્યા. ॥૫॥ હવે પ્રેમથી રોમાંચિત થયેલા રાજાએ તેને પૂછયું - મગધના રાજા શ્રેણિક અમારા ભાઈ કુશળ છે ને ? ॥૬॥ તેણે પણ કહ્યું કે હે દેવ ! જેને મોતી, રત્ન અને પરવાળાના ભંડાર સરખા તમારા જેવા મિત્ર હોય તે મહાબળવાન બલદેવની જેમ કુશળ છે. ॥૭॥ હે દેવ ! ફક્ત તમારા વિષે સ્નેહવાળા અને ઉત્કંઠા પામેલ મોરની જેમ તમારા સમાચારરૂપી વાદળવાળા તેમણે મને અહીં સુધી મોકલ્યો છે. ॥૮॥ આર્દ્રક રાજાએ પણ કહ્યું કે હે મંત્રીન્ ! શું કહેવાય ? કેમ કે સ્નેહાળુ શ્રેણિક સરખો બીજો કોઈ પણ અમારો ભાઈ નથી. ॥૯॥ તે સાંભળીને આર્દ્રકુમારે કહ્યું કે હે પિતાજી ! શ્રેણિક રાજા કોણ છે ? જેમના પ્રેમના સર્વસ્વ આગળ એમના સરખો પ્રેમ અન્ય કોઈનો નથી. ॥૧૦॥ રાજાએ કહ્યું કે પૃથ્વીતલના આભૂષણ સ્વરૂપ મગધ નામનો દેશ છે. રાજાના ઘરની ઉપમા સરખુ ત્યાં રાજગૃહ નામનું નગર છે. ॥૧૧॥ તેમાં રાજાઓના સમૂહમાં શિરોમણિ સમાન શ્રેણિક રાજા છે. કાળક્રમથી આવેલી અમારે તેમની સાથેની હંમેશની પ્રીતિ છે. ॥૧૨॥ હે પુત્ર ! તેનો આ મંત્રી આ ભેટણાંને લઈને આવેલો છે. તે સાંભળીને આર્દ્રકે પૂછ્યું, તમારા સ્વામીને પુત્ર છે કે શું ? ॥૧૩॥

હર્ષપૂર્વક મંત્રીએ કહ્યું કે નય-નીતિથી ઉજ્જ્વલ, પરાક્રમી, પાંચસો મંત્રીઓના અધિપતિ, કળારૂપી સમુદ્રનો પાર પામેલા, ચાર પ્રકારની નીતિરૂપી વેલડીઓમાં વૃક્ષ સરખા, ચાર પ્રકારની બુદ્ધિનિધાનના સ્થાન સરખા, ચતુરંગી સેનાના અધ્યક્ષ, ચારે વર્ણોનું એકસરખું અનુશાસન કરતા સુનંદાનો પુત્ર, જનના આનંદના અંકુરના સમૂહને પ્રગટ કરવામાં મેઘ (વાદળ) સરખા, સાક્ષાત્ ગુણો વડે જ જાણે કે નિર્માણ કરાયા હોય તેવા ઘણું કહેવા વડે શું ? ॥૧૪-૧૫-૧૬॥ જેને શ્રી વીરસ્વામી દેવ છે, સુસાધુઓ જેના ગુરુ છે, સાધર્મિકો પ્રત્યે અત્યંત મિત્રતા ધરે છે અને ભગવાનના વચનમાં હાર્દિક પ્રીતિ ધરે છે. ॥૧૭॥ જેના બુદ્ધિના પ્રપંચથી જગતથી નિશ્ચિન્ત અને નિર્ભય શ્રેણિક રાજા, ચક્રવર્તીની જેમ સામ્રાજ્યને કરે છે. ॥૧૮॥ કોઈ પણ પ્રદેશમાં શું સૂર્યને કોઈ જાણતું નથી ? અર્થાત્ જાણે જ તેમ પ્રખ્યાત એવા અભયકુમારને શું તમે જાણતા નથી ? ॥૧૯॥ તે સાંભળીને ખુશ થયેલા કુમારે રાજાને કહ્યું કે હે દેવ ! (મહારાજા) હું પણ તમારી જેમ શ્રેણિકના પુત્ર અભયકુમાર સાથે મૈત્રી કરવાને ઈચ્છુ છું. રાજાએ કહ્યું કે હે વત્સ ! તું મારો કુલીન સુપુત્ર છે તેથી ક્રમથી ચાલી આવેલી પ્રીતિના પાલન માટે જે તારો મનોરથ છે, ॥૨૦-૨૧॥ પિતાની અનુજ્ઞા પામેલ તે સવિશેષ પ્રમોદને ભજનાર થયો અને મંત્રીને તેણે કહ્યું કે પિતાજી તમને મોકલે ત્યારે મને મળીને જવું. ॥૨૨॥ તેનું વચન સ્વીકારીને રાજાએ આદેશ કરાયેલા આશ્રય (સ્થાન)માં મંત્રી ગયા. મિત્ર પરના વાત્સલ્યવાળા રાજાએ તેનું અતિ વિશાળ આતિથ્ય કર્યું. ॥૨૩॥ દિવ્ય રત્નોના ઢગલાનું ભેટણું સમર્પણ કરીને અને તે મંત્રીનું પણ વિશિષ્ટ બહુમાન કરીને રાજાએ તેને વિસર્જન કર્યો. ॥૨૪॥

હવે તે કુમારને મળ્યો. કુમારે પણ ખુશ થતા અભયકુમાર માટે મહાકિંમતી એવા ભેટણાઓ તેના હાથમાં અર્પણ કર્યા. ॥૨૫॥ અને સંદેશ કહ્યો કે હે મંત્રી ! મારી વાણી પણ તેને કહેજો કે હે અભયકુમાર ! આ આર્દ્રક તમારી સાથે મિત્રતાને ઈચ્છે છે. ॥૨૬॥ હવે મંત્રી અને રાજપુરુષોએ રાજગૃહમાં જઈને રાજાને ભેટણાં અર્પણ કર્યા. કુમારે જે અભયકુમારને માટે મોકલેલ તે અભયકુમારને આપ્યું. ॥૨૭॥ ખંડ સહિત આમ્રરસ સરખા (જાણે કે) સ્નેહગર્ભિત વાક્યો તેમજ અનેક સંદેશાઓ ખુશ થતા શ્રેણિક રાજાને કહ્યા. ॥૨૮॥ આર્દ્રકના સંદેશાને મંત્રીએ અભયકુમારને કહ્યા. બુદ્ધિ વડે અભયકુમારે વિચાર્યું કે જૈન ધર્મના રહસ્યને જાણનાર વ્રતની વિરાધના કરીને કોઈ પણ અનાર્ય દેશમાં આ ઉત્પન્ન થયો છે. આસન્ન ભવ્ય (નજીકમાં

મોક્ષમાં જનાર) હોવાથી મારી સાથે પ્રીતિને ઈચ્છે છે. ॥૨૯-૩૦॥ અભવ્યો, દુર્ભવ્યો કે કેટલાક ભારેકર્મીઓ મારી સાથેની મૈત્રીની સર્વથા સ્પૃહા સરખી પણ કરતા નથી. ॥૩૧॥ સમાન સ્વભાવપણાથી, એક જ કાર્યને કરવાની ઈચ્છા વડે પ્રાયઃ સમાન ધર્મવાળા જીવોની પરસ્પર પ્રીતિ કરવાની ઈચ્છા થાય છે. ॥૩૨॥ તેથી કોઈપણ ઉપાયપૂર્વક ભવસાગરમાં પડતાં આને બચાવું. જિનધર્મમાં બોધ પમાડીને શ્રેષ્ઠ મૈત્રીપણું શોભાવું. ॥૩૩॥ જિનેશ્વરની પ્રતિમાના દર્શનથી ક્યારેક પણ જાતિસ્મરણ પામશે અને તેથી ભેટણાના બહાનાથી તેને હું તે મોકલાવું. ॥૩૪॥

આ પ્રમાણે વિચારીને કાર્યને જાણનાર તેણે **શ્રી યુગાદિનાથની** દિવ્ય રત્નમયી પ્રતિમાને તૈયાર કરીને નાની પેટીની અંદર તેને મૂકીને ઘંટ, ધૂપ, દીપ વગેરે પૂજાના ઉપકરણોને મૂકીને પૂજાના વસ્ત્રો અને સર્વ અંગના અલંકારો મૂકીને સ્વયં તાળુ આપીને તે પેટીને મુદ્રા વડે મુદ્રિત (પેકીંગ વડે પેક) કરી. ॥૩૫-૩૬-૩૭॥ ત્યારબાદ આર્દ્રક રાજા માટે વિશિષ્ટ અને રાજાને યોગ્ય એવા ઘણાં ભેટણાંઓ શ્રેણિકે અર્પણ કરીને તેમના માણસોને વિસર્જન કર્યા. ॥૩૮॥ ત્યારે અભયકુમારે પણ તેને એક પેટી અર્પણ કરીને તેઓનું વસ્ત્રાદિથી સન્માન કરીને મધુર અક્ષરે કહ્યું. ॥૩૯॥ હે કલ્યાણકારી ! મારો જે મિત્ર છે તેને આ ભેટણારૂપ પેટી તમારે આપવી અને મુખેથી સંદેશો કહેવો કે તમારી જેમ મારો પણ સ્નેહ છે. ॥૪૦॥ અને સ્નાન કરીને એકાંતમાં રહીને સ્વયં (સીલ) પેકીંગને ખોલીને પેટી ઉઘાડીને તેની અંદર રહેલી એકેક વસ્તુઓને બરાબર જોવી. ॥૪૧॥ એ પ્રમાણે જ કરશું, એમ કહીને તેઓ પોતાના વતને ગયા. શ્રેણિક રાજાના સર્વ ભેટણાં રાજાને અર્પણ કર્યા. ॥૪૨॥ હવે કુમારના ઘરે જઈને તે પેટી સમર્પણ કરીને જે પ્રમાણે મૌખિક સમાચાર (સંદેશા) કહ્યા હતા તે પણ કહ્યા. ॥૪૩॥ હવે આર્દ્રકુમારે પણ સ્નાન કરીને ઘરની મધ્યની મધ્યમાં પ્રવેશ કરીને એકાંતમાં રહીને (સીલ) પેકીંગને છોડીને તે પેટી ઉઘાડી. ॥૪૪॥ તેમાં રહેલા દિવ્ય વસ્ત્રોને જોઈને પહેર્યા અને દરેક અંગના આભૂષણોને તે તે અંગે મૂક્યા. ॥૪૫॥ પેટીની અંદર રહેલી નાની પેટીને જેટલામાં આર્દ્રકકુમાર આદરપૂર્વક જુવે છે, તેટલામાં તેજસ્વી કાંતિમય દિવ્ય પ્રથમ અરિહંતની પ્રતિમાને જોઈ. ॥૪૬॥ અહો, અત્યંત અદ્‌ભૂત આ આભૂષણ ક્યાં પહેરાય ? શું મસ્તકે પહેરાય ? શું કાનમાં, કંઠમાં, હાથ ઉપર, બાહુ ઉપર, વક્ષસ્થળ પર, ક્યાં પહેરાય ? ॥૪૭॥ આ પૂર્વે જોવાયેલું લાગે છે તે મેં ક્યારે જોયું હશે ? આ ભવમાં, પરભવમાં કે તેના પછીના ભવમાં આ પ્રમાણે વિચારતાં મૂર્ચ્છાથી તે પડ્યો. ॥૪૮॥ હવે તે ઉઠ્યા, સ્વયં જ આશ્વાસન પામીને, ક્ષણાન્તરમાં તો ઉત્પન્ન થયું છે જાતિ સ્મરણ એવા તે પૂર્વભવમાં અનુભવેલાને આ પ્રમાણે વિચારવા લાગ્યા. ॥૪૯॥

પૂર્વભવમાં મારો જીવ **મગધ** દેશમાં **વસંતપુર** નામના નગરમાં **સામાયિક** નામનો કુટુંબી (કણબી) હતો. ॥૫૦॥ અને તેને **બંધુમતી** નામની પ્રાણપ્રિયા હતી. એક વખત બંને **સુસ્થિતઆચાર્ય** પાસેથી ધર્મને સાંભળીને સંસારથી ખેદ પામ્યા અને સર્વ સંપત્તિને સાતક્ષેત્રમાં વાપરીને તે જ ગુરુની પાસે બંનેએ સંયમ સ્વીકાર્યું. ॥૫૧-૫૨॥ શ્રુતને ભણતા ગુરુની સાથે તેમણે વિહાર કર્યો અને મારી પ્રિયાએ પ્રવર્તિની સાથે અન્યત્ર બીજે ક્યાંક વિહાર કર્યો. ॥૫૩॥ ઘણો કાળ પસાર થયે છતે કોઈક એક જ નગરમાં ગુરુઓ આવ્યા અને પ્રવર્તિની પણ ત્યાં જ આવ્યા. ॥૫૪॥ સામાયિક નામના સાધુએ પોતાની પ્રિયાને લાંબા કાળે જોઈને પૂર્વક્રીડાનું સ્મરણ કરીને તેણી ઉપર તેમનું મન અનુરાગી થયું. ॥૫૫॥ અનેક દૃષ્ટાંતો વડે પોતાના મનને વાળતા હતા. છતાં પણ પરવશ થયેલું મન મત્ત થયેલા હાથીની જેમ પાછું વળ્યું નહિ. ॥૫૬॥ બીજાઓને પણ તેણે કહ્યું હે

મુનિ ! દુર્દાન્ત એવું મારું મન રૂંધવા છતાં પણ પ્રેયસી તરફ દોડી રહ્યું છે. ॥૫૭॥ તેના વડે પણ કહેવાયું કે હે કલ્યાણકારી ! તારા ગીતાર્થપણાની કેવી વિક્રિયા ? તેણે પણ કહ્યું હે આર્ય ! મારો મનરૂપી હાથી વશ થતો નથી, કહો હવે શું કરું ? ॥૫૮॥ ત્યારબાદ તે વાત પ્રવર્તિની અને બંધુમતીને પણ વાત કરી. તેણીએ પણ સમજાવ્યું. પછી શુદ્ધ બુદ્ધિવાળી તેણે વિચાર્યું કે હા હા કર્મની ગતિને ધિક્કાર હો, ધિક્કાર હો. ॥૫૯॥ અને તેણીએ કહ્યું કે હે ભગવતી ! આ મુનિરૂપી કુંજર (હાથી આલાન સ્તંભને છોડી દે તેમ) જો મર્યાદાને ઓળંગશે, ઉન્મૂલન કરશે તો ખરેખર અમારા બંનેના વ્રતનો ભંગ થશે. અન્યત્ર ગયેલી એવી મારું પણ મન તેના મનની પાછળ દોડશે. ॥૬૦-૬૧॥ આ પ્રમાણે વિચારીને વ્રતનું રક્ષણ કરવાને માટે ફાંસો બાંધીને અનશન કરી તૃણની જેમ પ્રાણોનો ત્યાગ કરીને દેવલોકમાં ગઈ. ॥૬૨॥ તે સાંભળીને સામાયિકે પણ વિચાર્યું કે મારી પ્રિયા ધન્ય છે. વ્રતની વિરાધના કર્યા વગર મારા ખાતર (મારા માટે) જીવિતનો ત્યાગ કર્યો. ॥૬૩॥ હું વિરાધેલા શીલવાળો પણ જીવું છું તે શું ઉચિત છે ? એ પ્રમાણે વિચારીને પોતાના દુષ્કૃતને ગુરુની પાસે આલોચના કર્યા વગર અનશન કરીને મરીને દેવલોકની લક્ષ્મીને ભોગવીને તે જ અનાર્ય કર્મ વડે હું આર્દ્રકુમાર થયો છું. ॥૬૫॥ અનાર્યપણામાં પણ જે મહાત્મા વડે હું પ્રતિબોધ પમાડાયો તે અભયકુમાર જ મારો મિત્ર, બંધુ અને ગુરુ છે. ॥૬૬॥ જો અભયકુમાર સાથે મિત્રતાને ન કરી હોત તો અધર્મથી દુર્ગતિમાં જતા મારું ત્યારે કોણ રક્ષણ કરત ? ॥૬૭॥

હવે આર્યદેશમાં જઈને સદ્‌ગુરુ એવા તેને મળીને પરિવ્રજ્યાને ગ્રહણ કરીશ. આ પ્રમાણે મનમાં વિચારીને અરિહંતની પ્રતિમાની પૂજા કરીને પિતાની પાસે જઈને કહ્યું કે હે તાત ! અભયકુમાર સાથે મને અતિશયવાળી પ્રીતિ થઈ છે. ॥૬૮-૬૯॥ તેથી જો તાત મને અનુજ્ઞા (અનુમતિ) આપે તો ત્યાં જઈને એકબીજાના દર્શન કરીને પ્રીતિને શ્રેષ્ઠ કોટીની બનાવી ત્યાંથી જલ્દી આવું. ॥૭૦॥ રાજાએ કહ્યું કે પરસ્પર વિશિષ્ટ ભેટણાઓથી અમારી પણ પ્રીતિ છે જ. તેથી હે પુત્ર ! દર્શનને માટે ક્યારે પણ, ક્યાંય પણ જવાનું નહિ. ॥૭૧॥ એક તરફ વડીલોની આજ્ઞા બીજી તરફ મિત્રને મળવાની હૃદયની ઉત્કંઠા. તેથી મન હીંડોળાની જેમ સ્થિર રહેતું નથી. ॥૭૨॥ સમસ્ત કર્તવ્યો તેણે છોડી દીધા. દુઃખપૂર્વક અન્ન માત્રને ખાતો નારકોની જેમ નીકળવાના ઉપાયને વિચારતો તે રહ્યો હતો. ॥૭૩॥ રાજાએ તેવા પ્રકારના તેને જોઈને વિચાર્યું કે નિશ્ચે અત્યંત ઉત્કંઠાવાળો આ મને જણાવ્યા વગર જતો રહેશે. તેથી કુમારની રક્ષાને માટે શ્રેણીરૂપે પાંચશો સામંતોને રાજાએ જંગમ (સાક્ષાત્) કિલ્લાની જેમ ગોઠવ્યા. ॥૭૫॥ કુમારના દેહની છાયાની જેમ તેઓ ક્યારે પણ પડખું મૂકતા નહિ. આ રીતે તેઓ કરતા હોવાથી તેઓ વડે કુમાર પોતાને કેદીની જેમ માનતો હતો. ॥૭૬॥ આને ઠગીને હું જઉં. તેથી કુમાર દરરોજ તેઓને વિશ્વાસમાં લેવાને માટે અશ્વક્રીડા કરવા ઘોડાને ચલાવતો અને પાછો આવતો. ॥૭૭॥ તેઓથી કુમાર હંમેશાં અધિકાધિક દૂર જતો અધિક અધિક કાળથી વળીને પાછો આવતો. તેથી તેઓ વિશ્વાસવાળા થયા. વૃક્ષોની છાયામાં જેમ વિશ્રામ પામે તેમ ધીમે ધીમે એક પ્રહર બાદ દૂરથી પાછો આવતો. ॥૭૮-૭૯॥

હવે તેણે વિશ્વાસુ માણસો પાસે એક વહાણ તૈયાર કરાવ્યું. તેમાં અસંખ્ય રત્નો અને તે પ્રતિમાને સ્થાપન કરાવી. ॥૮૦॥ તેઓ વિશ્વાસમાં રહેતે છતે એક વખત વેગથી આર્દ્રકુમાર વહાણમાં ચઢીને આર્યદેશમાં સમુદ્રના કિનારા પર ઉતરીને તે બિંબને અભયની પાસે મોકલાવી. વ્રત લેવામાં કાળનો વિલંબ થશે, એવી શંકાથી સ્વયં પોતે ન ગયા. ॥૮૧-૮૨॥ ઘણાં રત્નોને સાતક્ષેત્રમાં વાપરીને કેટલાક રત્નો વિશ્વાસુ માણસોને

આપીને બુદ્ધિશાળી એવા તેણે સ્વયં યતિવેષને ગ્રહણ કરીને જેટલામાં સામાયિક ઉચ્ચરે છે, તેટલામાં આકાશવાણી થઈ કે હમણાં વ્રતને ગ્રહણ ન કર. હજુ પણ તારું ભોગાવલી કર્મ બાકી છે, ભોગવ્યા વગર તે કર્મ તીર્થંકરોને પણ નાશ પામતું નથી. ॥૮૩-૮૪-૮૫॥ અરે ! ગ્રહણ કરેલા વ્રત વડે શું ? કે જે બલાત્કારે છોડવું પડે ? હે વીર ! તે જ સ્વીકારાય, જે કોઈના પણ વડે છોડાવાય નહિં. ॥૮૬॥ આ પ્રમાણે દેવતાની વાણીને તિરસ્કારીને (અવગણીને) વીર (પરાક્રમ)ની વૃત્તિથી **આર્દ્રકકુમારે** કહ્યું, કોણ મને મૂકાવનાર છે ? તે પ્રમાણે સ્વયં **વ્રતને ગ્રહણ કર્યું.** ॥૮૭॥ હવે ક્રમપૂર્વક વિહાર કરતા પોતાના દુષ્કૃતનું હરણ કરતા પ્રત્યેકબુદ્ધ એવા **ભગવાન** મહાવ્રતરૂપી મહાધનવાળા તે સાધુ એક વખત વસંતપુર નગરના બહારના કોઈ દેવકુળમાં ક્યાંક પણ કાયોત્સર્ગથી સ્થિર રહ્યા. ॥૮૮-૮૯॥ આ બાજુ તેમની પૂર્વભવની પત્ની દેવલોકથી અવીને **દેવદત્ત** શ્રેષ્ઠીના ઘરમાં તેમની પત્ની **ધનવતીની** પુણ્યશાળી, લક્ષ્મીવાળી, લજ્જાવાળી, કીર્તિવાળી, બુદ્ધિશાળી એવી **શ્રીમતી** નામની પુત્રી થઈ. ॥૯૦॥૯૧॥ આર્દ્રક ઋષિથી વિભૂષિત તે જ દેવકુળમાં હર્ષથી ભરેલી વર વરવાની ક્રીડાને રમતી નગરની કન્યાના વૃંદની મધ્યમાં રહેલી આર્દ્રક મુનિના ભોગાવલી કર્મો વડે બોલાવાયેલી શ્રીમતી ત્યારે ત્યાં આવી. ॥૯૨-૯૩॥ અન્ય કન્યાઓ પોતપોતાને ઈષ્ટ એવા વરોને વરીને સર્વેએ શ્રીમતીને આક્ષેપપૂર્વક કહ્યું તું કેમ વરને વરતી નથી ? ॥૯૪॥ તેણીએ કહ્યું કે હે સખીઓ ! આ સાધુ મારા વડે વરાયા છે. તે જ વખતે દેવતાએ કહ્યું કે હે ભો ! તારા વડે સારા વરની પસંદગી કરાઈ. ॥૯૫॥ આકાશને જાણે કે ફોડતી હોય તેવી ગર્જના કરીને ધારાબદ્ધ વર્ષાના કરાની જેમ દેવતાએ રત્નોના સમૂહની વૃષ્ટિ કરી. ॥૯૬॥ ત્યારે બીકણ એવી કન્યાઓ નાસતે છતે ત્યારે ડરેલી શ્રીમતી તે જ મુનિના ચરણોમાં વળગી પડી. ॥૯૭॥ ચરણોને લાગેલી તેણીને નાગણની જેમ જલ્દીથી છોડી. આ અનુકૂળ ઉપસર્ગ છે એમ જાણી જલ્દીથી સાધુએ બીજે સ્થળે વિહાર કર્યો. ॥૯૮॥ વૈરીની જેમ દેવતાના વચનથી આશંકાવાળા તેણે માણસોવાળી વસતિમાં ન રહેતાં એકલા જંગલમાં જ તેઓ રહેતા હતા. ॥૯૯॥ આ બાજુ તે રત્નવૃષ્ટિને સાંભળીને કૌતુકથી આધીન મનવાળા નગરના લોકો સહિત રાજા ત્યાં આવ્યા. ॥૧૦૦॥ માલિક વગરનાનું ધન રાજાનું થાય, આ પ્રમાણે મનમાં વિચારીને રાજાએ આદેશ કરેલા પુરુષો રત્નોને ભેગા કરવા લાગ્યા. ॥૧૦૧॥ મર્ત્યલોકને જોવાની ઈચ્છાથી નાગલોકમાંથી આવેલા તે દેવતાઓએ નાગની જેમ કરીને ગ્રહણ કરતાં તેઓને દૂર કર્યા. ॥૧૦૨॥ અને કહ્યું, મારા વડે આ સર્વ રત્નો શ્રીમતીના વરવાના ઉત્સવમાં અપાયા છે. તેથી આ રત્નો આના પિતાના થાવ. ॥૧૦૩॥ બધા જાતે છતે પણ વિઘ્ન વગર તે રત્નો આના પિતાએ ગ્રહણ કર્યા. ઘણા ભેગા થયેલા હોવા છતાં પણ જેના ભાગ્યમાં હોય તેને જ મળે છે. ॥૧૦૪॥ આવા પ્રકારના આશ્ચર્યને જોતાં આવા પ્રકારનું સાંભળતા અને વિચારતા સર્વે લોકો સમાપ્ત થયેલ નાટકની જેમ પોતપોતાના સ્થાને ગયા. ॥૧૦૫॥

શ્રીમતી જુવાન થતાં શ્રેષ્ઠીએ ઘણા વરો બતાવ્યા ને કહ્યું કે હે ઉત્તમા ! પતિને વર. ॥૧૦૬॥ તેણીએ પણ કહ્યું કે હે પિતાજી ! પોતાની રુચિથી તે મુનિ વરાયા છે. વરવાનું દ્રવ્ય ગ્રહણ કરતા તમે પણ મને તેને આપી હતી. ॥૧૦૭॥ અને ત્યારે નગરના લોકો રાજા અને દેવતા આટલા સાક્ષી હતા. તેથી બીજા કોઈને પણ મને આપો નહિ. બીજા મારા માટે બાધારૂપ છે. એવી નીતિ પણ છે કે- ॥૧૦૮॥ રાજાઓ એકવાર બોલે છે. સાધુઓ પણ એક જ વાર બોલે છે અને કન્યાઓ પણ એક જ વાર પરણાવાય (અપાય). આ ત્રણે એક એક વાર જ થાય છે. ॥૧૦૯॥ શ્રેષ્ઠીએ કહ્યું કે હે વત્સે ! વાયુની જેમ સર્વત્ર ભ્રમણ કરતા તે મુનિને

તું કેવી રીતે મેળવી શકીશ ? ક્યાં શોધીશ ? મળ્યા પછી તેને કેવી રીતે ઓળખી શકીશ ? ॥૧૧૦॥ ત્યારે શ્રેષ્ઠીએ તેણીને કહ્યું કે, હે વત્સે ! પોતાની જ દાનશાળામાં તારે જ દાન આપવું કદાચિત્ ક્યારેક તે ત્યાં આવે. ॥૧૧૨॥ હવે તેણી ભિક્ષા માટે જે આવે તેને પ્રતિલાભીને મુનિના ચરણોમાં ચિહ્નને જોતી નમતી હતી. ॥૧૧૩॥

હવે એક વખત ભાગ્યયોગે આર્દ્રક મુનિ બાર વર્ષ બાદ ફરીથી વસંતપુર નગરમાં આવ્યા. ॥૧૧૪॥ કર્મ વડે જ જાણે કે લવાયા હોય તેમ ભિક્ષાને માટે ત્યાં જ આવ્યા. ક્ષણમાત્રમાં ચિહ્નને જોઈને તેણીએ તેમને ઓળખી લીધા. ॥૧૧૫॥ જલ્દીથી ઉઠીને સંભ્રમપૂર્વક બોલી કે નાથ ! ત્યારે દેવાદારની જેમ નાસી ગયા હતા. લાંબા કાળે જોવાયા છો. ॥૧૧૬॥ કૃપાળુ, દયાળુ એવા નાથ પણ મારા ઉપર કેમ દયા વગરના નિર્દય થયા છો ? આટલા દિવસથી તમારાથી ત્યાગ કરાયેલી તમારી આશાથી જ રહી છું. ॥૧૧૭॥ તે આશા આજે મારી ફળી છે. દિવસો પણ મારા પાછા ફર્યા છે. હવે તો આવેલા તમે નાથ છો અનાથ એવી મને સનાથ કરો. ॥૧૧૮॥ તે સાંભળીને શ્રેષ્ઠી, શ્રેષ્ઠીપુત્રો, નગરના લોકો અંગરક્ષકો વડે જેમ રાજા તેમ સાધુને ચારે બાજુથી વીંટળાઈ ગયા. ॥૧૧૯॥ જેના વરવાના સમયે દેવતાએ ખરેખર રત્નની વૃષ્ટિ કરી છે. તે કેવા પ્રકારનો છે ? એ પ્રમાણે જોવાને માટે કૌતુકથી રાજા સ્વયં ત્યાં આવ્યો. ॥૧૨૦॥ જોઈને વિચાર્યું કે ખરેખર સાક્ષાત્ કામદેવ જ છે. શ્રીમતીને સ્થાનમાં જ અનુરાગ થયો છે અને દેવતાએ પણ ઉચિત જ કર્યું છે. ॥૧૨૧॥ મુનિએ તેઓને કહ્યું કે તે હું નથી. મારા વ્રતનો લોપ ન કરો. પુત્રીએ કહ્યું કે તે તમે જ છો. કેમ કે ચિહ્નથી જ મેં તમને ઓળખ્યા છે. ॥૧૨૨॥ હવે રાજાએ કહ્યું, હે સાધુ ! અહીં કિંચિત્ પણ અયોગ્ય નથી. તમારા યૌવનને સફળ કરીને પાછળથી ફરી વ્રતને ગ્રહણ કરજો. ॥૧૨૩॥ વળી તમે સૂક્ષ્મ જીવોનું શું રક્ષણ નથી કરતા ? તો સ્થૂલ જીવોની શું રક્ષા નહિ કરો ? તમે આનો ત્યાગ કરશો તો (ખરેખર) નિશ્ચે આ પ્રાણોનો ત્યાગ કરશે. ॥૧૨૪॥ કેટલાકે કહ્યું કે તુંબડાને મૂકો અને કુટુંબને ગ્રહણ કરો, પાત્રાને મૂકો અને અમારી સાથે નાતરાને (સંબંધને) બાંધો. સંકટમાં આવેલા મુનિ પલાયન થવાના ઉપાયને નહિ જોતા દેવતાના વાક્યને યાદ કરીને, તેના વચનને માન્ય રાખ્યું. ॥૧૨૬॥

ત્યારે તેઓના આગ્રહથી તે શ્રીમતીને પરણ્યા. કેમ કે નિકાચિત જે કર્મ છે તે પોતાનું ફળ આપ્યા વિના (બતાવ્યા વિના) નાશ પામતું નથી (જતું નથી.) ॥૧૨૭॥ શ્રીમતીની સાથે વિષયોને ભોગવતાં આર્દ્રકને યોગ્ય સમયે સર્વ સંપદાના પાત્ર સરખો પુત્ર જન્મ્યો. ॥૧૨૮॥ અનુક્રમે તે બાળક ઘરમાં ચાલતા શીખ્યો. કંઈક ચેતનાને પામ્યો અને કંઈક અસ્પષ્ટ એવો બોલતો થયો. ॥૧૨૯॥ એટલે આર્દ્રકે શ્રીમતીને કહ્યું કે બીજો તારો પુત્ર તૈયાર થયો છે તો મને છોડ, હું ચારિત્રને ઈચ્છું છું. તું મને અનુમતિ આપ. ॥૧૩૦॥ તેને પ્રત્યુત્તર આપ્યા વિના જ તેણી કંઈક વિચારીને ક્યાંથી પણ સામગ્રીને લાવીને કાંતવાની ક્રિયા શરૂ કરી. ॥૧૩૧॥ પૂર્વે શીખવાડેલા તેના પુત્રે માતાને કહ્યું કે હે માતા ! પિતા ન હોય તેમ આવા જ આજીવિકાના કામને તું કેમ કરે છે ? ॥૧૩૨॥ તેણીએ કહ્યું હે વત્સ ! વ્રતના અર્થી એવા તારા પિતા ક્યારે પણ જતા રહેશે. તેથી પતિના અભાવે સ્ત્રીઓનું આ જ ભૂષણ છે. ॥૧૩૩॥ તેણે કહ્યું હે માતા ! મારા પિતા ક્યાં જશે ? હું તેમને જતાં અટકાવીશ. આ પ્રમાણે બોલતા તત્ક્ષણ જ માતાના હાથમાંથી રેંટિયાને ખેંચીને તેના કેટલાક તાંતણાઓ વડે સાંકળની જેમ દૃઢ રીતે પિતાના પગમાં વીંટ્યા. સાક્ષાત્ પુત્રરૂપે મોહ જાણે કે હોય. ॥૧૩૪-૧૩૫॥

અને માતાને કહ્યું કે હે માતા ! તું ડર નહિ. બંધાયેલા પિતા હવે ક્યાંય જશે નહિ. તેના પિતાએ કહ્યું કે હે વત્સ ! હું નિશ્ચિત બંધાઈ જ ગયો છું. હે વત્સ ! જેટલા તે તંતુના તાંતણાઓ વીંટાળ્યા છે એટલા વર્ષ તો હું તારા બંધનો વડે રહેવા માટે બંધાઈ ગયો. ॥૧૩૬-૧૩૭॥ તે હતા બાર તેથી બાર વર્ષ વળી રહ્યા. હવે બાર વર્ષની સમય મર્યાદા પૂર્ણ થયે છતે રાત્રીના અંતે જાગી ગયેલા તેણે વિચાર્યું. ॥૧૩૮॥ સંસારરૂપી સમુદ્રમાંથી ઉતરવા માટે જહાજ સરખા વ્રતને પામીને પ્રમાદથી તેને છોડીને સંસારમાં મગ્ન થયેલો હું મૂઢબુદ્ધિવાળો છું. પહેલાં મનથી ભાંગેલા ચારિત્રવાળો હતો, તેથી જ અનાર્યપણું પામ્યો. અત્યારે સર્વ પ્રકારે ભગ્ન વ્રતવાળા મારી કઈ ગતિ થશે ? ॥૧૩૯-૧૪૦॥ જિનેશ્વરના વચનને જે માણસો જાણતા નથી, તે અધમ છે. જે જાણીને પણ કરતા નથી તે અધમોમાં અધમ છે. ॥૧૪૧॥ સંતાપ વડે સર્યું. હમણાં હું પ્રવ્રજ્યાને ગ્રહણ કરું, પોતાના આત્માને સુવર્ણની જેમ તપરૂપી અગ્નિથી પવિત્ર કરું. ॥૧૪૨॥ પાછલી વયે પણ દીક્ષા સ્વીકારનાર જેઓને તપ, ક્ષમા, બ્રહ્મચર્ય, વ્રત અને ક્રિયા પ્રિય છે તેઓ જલ્દીથી દેવલોકને પામે છે. ॥૧૪૩॥ સવારમાં પત્ની ને સ્વજનના સમૂહને અને રાજાને પૂછીને ગુફામાંથી સિંહ જેમ બહાર નીકળે, તેમ મુનિવેશને ધારણ કરી, ઘરથી નીકળ્યા. ॥૧૪૪॥ હવે આર્દ્રકુમાર મુનિ રાજગૃહ તરફ જતાં વચમાં પોતાના પિતાના ૫૦૦ સામંતોને તેણે જોયા. ॥૧૪૫॥ તેઓએ પણ મુનિને એકાએક જોઈ, ઓળખીને વિસ્મય પામ્યા અને નમ્યા. તેણે પણ તેઓને કહ્યું કે આ વનમાં તમે લોકો ક્યાંથી ? ॥૧૪૬॥ તેઓએ પણ કહ્યું હે સ્વામિ ! અમને વિશ્વાસ આપીને ત્યારે તમે પલાયન થઈ ગયા. તેથી હે નાથ ! લજ્જા પામેલા અમે રાજા પાસે ગયા નહિ. ॥૧૪૭॥ પરંતુ આ પૃથ્વી પર ભમતાં ભમતાં તમને શોધતા, કંટાળેલા રહ્યા. ચોરી કરીને આજીવિકા ચલાવીએ છીએ. ॥૧૪૮॥ બુદ્ધિશાળી મુનિએ તેઓને પ્રતિબોધ માટે કહ્યું ! અહો ! શું આ પાપરૂપી આજીવિકા તમોએ સ્વીકારી. હે કલ્યાણ-કારીઓ મહાન (મોટા) કષ્ટમાં પણ કરવા યોગ્ય જ કરવું જોઈએ. બંને લોકને વિરુદ્ધ એવું ન કરવા લાયક ક્યારે પણ ન કરાય. ॥૧૪૯-૧૫૦॥ તેઓએ પણ કહ્યું હે કુમાર ! વનવાસથી ખેદ પામેલા (કંટાળેલા) અમે કુટુંબને અને રાજાને મળવા માટે જઈએ છીએ. ॥૧૫૧॥ ત્યારે મુનિએ કહ્યું કે વનવાસથી ઉત્પન્ન થયેલ કષ્ટ શું છે ? સંસારમાં વસવાથી ઉત્પન્ન થયેલા કષ્ટને કેમ ખરેખર વિચારતા નથી ? ચોરો વડે ચોરાયેલાની જેમ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ વગેરે અધમ ઋદ્ધિમાં કષ્ટપૂર્વક આ જીવ રહ્યો છે. ॥૧૫૨-૧૫૩॥ સ્વાર્થમાં રહેલા એવા કુટુંબને વિષે કોણ મોહ કરે ? અથવા તો આ સંસારમાં આપણે કેટલાય કુટુંબો શું મૂકી નથી આવ્યા ? ॥૧૫૪॥ કંઈક કર્મ લઘુપણાથી સુમનુષ્યપણાને પ્રાપ્ત કરીને તે ધર્મના ફળ સ્વર્ગ કે અપવર્ગને ગ્રહણ કરો. ॥૧૫૫॥ જેમ પહેલાં પણ હું તમારો સ્વામી હતો, તેમ હમણાં પણ તમારો સ્વામી થઈશ. હે સુમેધાવી ! ખરેખર મારી જેમ તમે સંયમને સ્વીકારો. ॥૧૫૬॥ ધૂપથી પવિત્ર બનાવેલા વસ્ત્રોની જેમ, લઘુકર્મી એવા તેઓએ આર્દ્રકમુનિના ઉપદેશોથી પોતાના આત્માને પવિત્ર બનાવ્યો. ॥૧૫૭॥ ત્યાર પછી હવે સર્વ સેવકોએ સ્વામી પાસેથી પોતાની ચડેલી આજીવિકા (પગાર)ની જેમ પ્રાર્થના કરીને પ્રવ્રજ્યાને ગ્રહણ કરી. ॥૧૫૮॥

આ પ્રમાણે બુઝવી, દીક્ષા આપી તેઓની સાથે **આર્દ્રકમુનિ વીર ભગવાનને** વંદન કરવા માટે જેટલામાં **રાજગૃહની** નજીક આવ્યા. ॥૧૫૯॥ જતાં એવા માર્ગમાં મુનિને સન્મુખ **ગોશાળો** મળ્યો. પ્રબોધ કરીને સ્વમતમાં લઈ જવાને માટે તેણે વાદનો આરંભ કર્યો. ॥૧૬૦॥ ત્યારે ત્યાં કેટલાક સભ્ય તરીકે કુતુહલથી ઉંચા થયેલા નેત્રવાળા વિદ્યાધરો દેવો અને મનુષ્યો એકઠાં થયા. ॥૧૬૧॥ ગોશાળાએ કહ્યું કે હે ભો ! સાધુ

તપશ્ચર્યાથી શું કામ ખેદ પામો છો ? કેમ કે પ્રાણીઓને શુભ અથવા અશુભમાં નિયતિ (ભવિતવ્યતા) જ કારણરૂપ છે. શું કામ નિરર્થક તપ કરવો ? ॥૧૬૨॥ મુનિએ કહ્યું કે હે કલ્યાણકારી ! આવું વચન ફરીવાર બોલતો નહિ. કેમ કે કાર્ય સિદ્ધ થવામાં પહેલું પુરુષાર્થ અને બીજું નિયતિ કારણ છે. ॥૧૬૩॥ વળી જો તું તે માનતો નથી તો હે મૂઢ ! તો કંઈપણ વાદ ન કર.મોઢામાં કોળીયો નાખતો નહિં અને મૃતકની જેમ નિશ્ચલ થા. ॥૧૬૪॥ જો સર્વનું મૂળ નિયતિ છે. તો તેનું ફળ તે આપશે જ. પરંતુ તેમ થતું નથી. હે ભો ! નિયતિ પણ પુરુષાર્થ વિના ફળ આપતી નથી. ॥૧૬૪-૧૬૫॥ અને વળી આકાશમાંથી પાણી પડે છે, પૃથ્વી ખોદવાથી પણ પાણી આવે છે. તે બેને શું તું નિયતિ અને પુરુષાર્થ નથી માનતો ? આ પ્રમાણે ગોશાળાને નિરુત્તર કરી આર્દ્રક મુનિ જીત્યા. ત્યાં રહેલા સર્વેએ ત્યારે જય જયકાર કર્યો. ॥૧૬૭॥

ખીલા રૂપ કરાયેલા છે હાથીના દાંત જેમાં, વળી પાથર્યું છે હાથીનું ચામડું જ્યાં એવા **હસ્તિતાપસોના** આશ્રમમાં આર્દ્રક ઋષિ આવ્યા. ॥૧૬૮॥ ત્યાં રહેલા તે તાપસો એક હાથીને મારી નાંખીને લાંબા કાળ સુધી તેને ખાતા હતા. તેથી હસ્તિતાપસો એ પ્રમાણે વિખ્યાત (પ્રખ્યાત) થયા. ॥૧૬૯॥ બહુ જીવના ક્ષયથી ડરેલા પોતાને ધાર્મિક માનતા નાના જીવો અને ધાન્યના કણોને પણ તે ખાતા નથી (નાના જીવો અને ધાન્યના અનેક જીવો મરે છે. હાથીને મારવામાં એક જ હાથી મરે એટલે હિંસા ઓછી આવી ઉંધી માન્યતા.) ॥૧૭૦॥ ખાવાની ઈચ્છાવાળા તેઓ ભારેખમ લોખંડના શૃંખલાથી બાંધેલો અને અંજન પર્વતની જેવો ઊંચો એક હાથી લાવ્યા હતા. ॥૧૭૧॥ તે હાથીએ પાંચસો સાધુઓથી પરિવરેલા, ભક્તિથી ભૂમિ પર મૂકેલા મસ્તકોથી માણસો વડે વંદન કરાતા તે મુનિને જોઈને કર્મની લઘુતાથી તેનામાં વિવેક ઉત્પન્ન થયો. તેથી વિચાર્યું કે જો હું સાંકળોથી બંધન વગરનો થાઉં તો હું પણ તે મહર્ષિને વંદન કરું. ॥૧૭૨-૧૭૩॥ મુનિના પ્રભાવથી જલ્દીથી તેના બંધનો તૂટ્યા. હાથી મુનિને નમવા માટે દોડ્યો. ॥૧૭૪॥ હાથીને આવતા જોઈને લોકો આમ તેમ નાસ્યા, ત્યારે જ ઉગેલા વૃક્ષની જેમ મહાસત્ત્વ-શાળી મુનિ તો ત્યાં જ સ્થિર રહ્યા. ॥૧૭૫॥ કુંભસ્થલને જમીન ઉપર મૂકીને (મસ્તક નમાવીને) ભક્તિથી હાથીએ મુનિને વંદન કર્યું. તેમના બંને ચરણકમળોને હાથના સ્પર્શ દ્વારા સુશ્રાવકની જેમ વારંવાર સ્પર્શીને પ્રણામ કર્યા. ॥૧૭૬॥ હવે ઊઠીને અનિમેષ લોચનવાળો તે હાથી વારંવાર ડોકથી વળી વળીને મુનિને જોતો જંગલમાં પ્રવેશ્યો. ॥૧૭૭॥ મુનિના તે અતિશયને જોઈને સહન ન કરી શકનાર એવા પણ તે તાપસો આવ્યા. મહાવાદ કરવા લાગ્યા. ક્ષણમાત્રમાં તો તેમને જીતી લીધા. ॥૧૭૮॥ બુદ્ધિમાન મુનિએ ધર્મદેશનાથી તેઓને પ્રતિબોધ પમાડ્યો. જે કારણથી સમતાભાવમાં રહેલા સાધુઓ સર્વને હિત કરનારા જ હોય છે. ॥૧૭૯॥ દાંત ચિત્તવાળા તેઓને **વીર ભગવાન** પાસે મોકલ્યા. જઈને તેઓએ પરમાત્માના હસ્તકમળ દ્વારા સંયમને ગ્રહણ કર્યું. ॥૧૮૦॥

હાથીના બંધનો તૂટ્યા અને તાપસો બોધ પામ્યા. તેમજ ગોશાળાને પણ જીતીને જયકાર કર્યો તે સર્વે સાંભળીને **શ્રેણિક રાજા** આશ્ચર્ય પામ્યા. ॥૧૮૧॥ તે મુનિ આવેલા છે તે સાંભળીને તે અતિશયોથી ખેંચાયેલાની જેમ ક્ષણવારમાં જ **અભયકુમાર**ની સાથે રાજા તેમને વંદન કરવા માટે ત્યાં આવ્યો. ॥૧૮૨॥ આર્દ્રકુમાર મુનિને જોઈને ભક્તિના ભારથી પૂર્ણ ભરેલા રાજાએ ત્રણ પ્રદક્ષિણા આપીને નમસ્કાર કર્યો અને આ પ્રમાણે સ્તુતિ કરી. ॥૧૮૩॥ હે પ્રભો ! સંસારના સર્વસ્વનો ત્યાગ કરનાર ગુણ રૂપી નગરજનો માટે મહાનગર સમાન ! ગર્વ કરતાં કુતીર્થિઓરૂપી હાથી માટે સિંહ સમાન ! આપને નમસ્કાર થાઓ. ॥૧૮૪॥ ખુશ થયેલા મુનિએ સર્વ કલ્યાણને કરનારા સમસ્ત પાપોને હણનારા એવા ધર્મલાભ આશીર્વાદપૂર્વક

અભિનંદન કર્યું. ॥૧૮૫॥ હવે રાજા મુનિ આગળ બેઠો. મુનિને પૂછ્યું, હે પ્રભો ! હાથીનો બંધનથી છૂટવાનો તેવા પ્રકારનો આશ્ચર્યકારી પ્રસંગ સાંભળવાને ઈચ્છું છું. ॥૧૮૬॥ મુનિએ કહ્યું કે હે રાજન્ ! હાથીનું બંધનથી છૂટવું આશ્ચર્યકારી નથી. સૂતરના તાંતણાઓના બંધનથી છૂટવું એ મને અતિશય દુષ્કર લાગે છે. ॥૧૮૭॥ શ્રેણિકે પૂછ્યું તે કેવી રીતે ? આથી મુનિએ મૂળથી જ પોતાનું ચરિત્ર કહ્યું. પરિવાર સહિત રાજાએ તે સાંભળીને આ પ્રમાણે સ્તુતિ કરી. ॥૧૮૮॥ યુદ્ધના મેદાનમાં પડેલા પ્રાયઃ પડેલા જ હોય છે. આ વીર છે જે પડેલો પણ શસ્ત્રને લઈને વળી ઉભો થયો. ॥૧૮૯॥ તેમ હે સ્વામી ! એક વીર પરાક્રમી એવા તમે સર્વે શત્રુઓને જીતી લીધા. કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી તમારા માટે નજદીક જ છે. તેમજ મુક્તિનગરી પણ હવે દૂર નથી. ॥૧૯૦॥

હવે આર્દ્રક મુનિએ અભયકુમારને કહ્યું કે નિષ્કારણ વત્સલ એવા અહો તમે એક જ મારા ધર્મબંધુ છો કે જે ભેટણાના બહાનાથી પણ પ્રથમ જિનની પ્રતિમા મોકલાવી પ્રતિમાનું સારી રીતે અવલોકન કરવાથી ત્યારે જ મને જાતિસ્મરણ થયું અને ત્યારે જ હું અરિહંતનો ઉપાસક થયો. ॥૧૯૧-૧૯૨॥ જે કોઈનાથી પણ ન કરાય તેવું તમે કર્યું અને જે કોઈપણ ન આપે તેવું તમે મને આપ્યું. ખરેખર મને ઉપાય વડે જ તમે અરિહંતના ધર્મને આપ્યો છે. ॥૧૯૩॥ હે મહાભાગ ! અનાર્ય દેશને જોઈને અનાર્યપણાના અંધ કૂવામાં રહેલા મારો તમે બુદ્ધિરૂપી દોરડાથી ઉદ્ધાર કર્યો છે. ॥૧૯૪॥ સંસારરૂપી સમુદ્રમાં તરવા માટેની આ પ્રવ્રજ્યારૂપી નાવ જે મને પ્રાપ્ત થઈ, એમાં પણ હે અભયકુમાર ! તમારું જ કારણ છે. ॥૧૯૫॥ ધર્મરૂપી સર્વસ્વના દાનથી તું મારો લેણદાર છે. શ્રેષ્ઠ એવા આશીર્વાદ સિવાય બીજું શું તમને અપાય ? ॥૧૯૬॥ હે મહાભાગ્યશાળી ! હમણાં આ પ્રમાણે સંસારરૂપી સાગરમાંથી મારી જેમ ઘણા જીવોનો તું ઉધ્ધાર કરજે. એવા અંતરના તને આશીર્વાદ છે. ॥૧૯૭॥ હવે શ્રેણિક રાજા તેમજ અભયકુમાર અને અન્ય નગરજનો તે સાધુ ભગવંતને નમીને, જેવી રીતે આવ્યા હતા તેમ ગયા. ॥૧૯૮॥ હવે વિનયના સમુદ્ર એવા આર્દ્રક મુનિએ રાજગૃહનગરમાં પધારેલા ચરમ તીર્થપતિને વંદન કર્યા. સકલ કર્મના નિર્મૂલનથી કેવળજ્ઞાન પામીને જગત પર લાંબો કાળ વિચરીને નિર્વાણ પદને પ્રાપ્ત કર્યું. ॥૧૯૯॥

આ પ્રમાણે આર્દ્રકકુમારનું કથાનક સમાપ્ત. ॥૩૦॥૯૮॥

હમણાં પહેલાં પ્રરૂપિત એવા શુદ્ધ પ્રરૂપકની પ્રશંસા કરે છે –

जइ वि हु सकम्मदोसा, मणयं सीयंति चरणकरणेसु ।
सुद्धप्परुवगा तेण, भावओ पूअणिज्ज त्ति ।।३१।।९९।।

ગાથાર્થ : જે પોતાના કર્મના દોષથી ચરણકરણમાં જરાક પણ સીદાય છે. પરંતુ શુદ્ધ પ્રરૂપણાથી તે ભાવથી પૂજવા યોગ્ય છે.

ટીકાર્થ : 'હુ' એ 'જ' કાર અર્થમાં છે અને તે 'एवकार' 'तेण' પદ સાથે અર્થવાળો જણાય છે. એટલે જે પોતાના કર્મના દોષથી ચરણસિત્તરિ અને કરણસિત્તરિમાં થોડા શિથિલ છે, તો પણ શુદ્ધ પ્રરૂપણા કરનારા, શુદ્ધ પ્રરૂપક ગુણ વડે ભાવથી નિરૂપચાર રીતે પૂજવા યોગ્ય છે. અહીં **इति** શબ્દ શરૂ કરેલ પ્રકરણની સમાપ્તિમાં છે. ॥૩૧॥૯૯॥

આ પ્રમાણે માર્ગની શુદ્ધિની પ્રરૂપણા કરાયા પછી વિવેકીઓ જે કરે છે તે જણાવે છે -

एवं जिया आगमदिट्ठि-दिट्ठसुन्नायमग्गा सुहमग्गलग्गा ।
गयाणुगामीण जणाण, मग्गे लग्गंति नो गड्डरियापवाहे ।।३२।। (१००)

ગાથાર્થ : આ પ્રમાણે આગમદૃષ્ટિથી જેમણે માર્ગ સારી રીતે જાણેલો છે અને જોયો છે તેવા શુભ માર્ગમાં લાગેલા જીવો ગતાનુગતિક જીવોના ગાડરીયા પ્રવાહરૂપ માર્ગમાં જોડાતા નથી.

ટીકાર્થ : આ પ્રમાણે કહેલા ન્યાયથી જીવો-ભવ્ય જીવો-આગમદૃષ્ટિથી સામાન્ય રીતે જોયેલો અને વિશેષથી ઉત્સર્ગ અને અપવાદથી જેને માર્ગ જોયેલો છે તેવા શુભ માર્ગમાં લાગેલા ભવ્યજીવો ગતાનુગતિક માણસોના ગાડરીયાના પ્રવાહ જેવા ગાડરીયા પ્રવાહવાળા માર્ગમાં લાગતા નથી. આગમમાં કહેલા માર્ગને જ અનુસરે છે. ॥૩૨॥ (૧૦૦)

હવે 'મહાજન જેના વડે જાય તે માર્ગ' એ દૃષ્ટાંતથી લોક કરે છે તે પ્રવૃત્તિ કલ્યાણકારી છે એવું જે માને છે તેઓને માટે કહે છે.

नेगंतेणं चिय लोग-नायसारेण इत्थ होअव्वं ।
बहुमुंडाइवयणओ, आणा इत्तो इह पमाणं ।।३३।। (१०१)

ગાથાર્થ :ઘણા મુંડસાધુઓના વચનથી લોકોનું દૃષ્ટાંત એ જ એકાંતે સાર છે એવું અહીં હોતું નથી. આ જ કારણથી શાસનમાં આજ્ઞા પ્રમાણ છે.

ટીકાર્થ : એકાંતથી - સર્વ રીતે અવિવેકી લોકનું દૃષ્ટાંત એ જ સાર-પ્રધાન છે એવી ભાવના ન કરવી. મોક્ષમાર્ગના વિચારમાં કોઈક ઘણા મુંડાઓના વચનથી જ જો લોકોની પ્રવૃત્તિ બળવાન થાય તો આવું જે આગમનું વચન છે તે ન હોત. જેમ કે- 'ઝઘડાને કરનારા, યુદ્ધ કરનારા અસમાધિ કરનારા અને મોક્ષને નહિ કરનારા એવા ઘણા મુંડન કરાવેલા સાધુઓ ભરત ક્ષેત્રમાં થશે. શ્રમણો અલ્પ થશે.

આ કારણથી તીર્થંકરો કહેલી આજ્ઞા એ જ પ્રામાણ્યના વિષયમાં પ્રમાણ છે. ॥૩૩॥ (૧૦૧) વળી,

बहुजणपवित्तिमित्तं, इच्छंतेहिं इहलोईओ चेव ।
धम्मो न उज्झियव्वो, जेण तेहिं बहुजणपवित्ती ।।३४।। (१०२)

ગાથાર્થ :ઘણા જનની પ્રવૃત્તિ માત્રને ઇચ્છનારાઓ વડે ધર્મના વિચારમાં લૌકિક ધર્મ એ ત્યાગ કરવા યોગ્ય નથી. કારણ કે ત્યાં ઘણા માણસોની પ્રવૃત્તિ થાય છે.

ટીકાર્થ : સ્પષ્ટ છે 'इह' ફક્ત એટલે ધર્મના વિચારમાં અને શિવ સંબંધી શૈવ અને જૈમિની સંબંધી ધર્મ લૌકિક છે.

આ પ્રમાણે હોતે છતે જે કરવા યોગ્ય છે તે જણાવે છે.

ता आणाणुमयं जं, तं चेव बुहेहिं सेवियव्वं ।
किमिह बहुणा जणेणं, हंदि न से अत्थिणो बहुया ।।३५।। (१०३)

ગાથાર્થ : તેથી પંડિતો વડે આજ્ઞાને અનુમત જે ધર્મ છે તે જ સેવવો જોઈએ. ઘણા માણસ વડે શું ? મોક્ષને ઈચ્છનારા બહુ નથી હોતા.

ટીકાર્થ : જે કારણથી ઘણા માણસોની પ્રવૃત્તિ એ આલંબન માટે નથી. તેથી આજ્ઞાને અનુસરનારું એટલે આગમને અનુસરનારું જે અનુષ્ઠાન છે તે જ પંડિતો વડે સેવવા યોગ્ય છે. અહીં ધર્મના વિચારમાં ઘણા માણસો વડે શું ? 'હંદિ' એ અહીં નજીકની બાબતને બતાવવા માટે છે.

આજ્ઞાને અનુસાર તેવા ધર્મના અર્થીઓ અથવા કલ્યાણના અર્થી એટલે મોક્ષને ઈચ્છનારા બહુ નથી હોતા.

'હમણાં મુંડન કરાવેલા ઘણા છે શ્રમણો અલ્પ છે.' એવું વચન હોવાથી ॥૩૫॥૧૦૩॥

આ પ્રમાણે અનેક રીતે વિધિમાર્ગના સમર્થનને સાંભળીને મહામોહથી હણાયેલી બુદ્ધિવાળા જે બોલે છે તે જણાવે છે.

दूसमकाले दुलहो, विहिमग्गो तंमि चेव कीरंते ।
जायइ तित्थुच्छेओ, केसिंची कुग्गहो एसो ।।३६।। (१०४)

ગાથાર્થ : દુષમકાલમાં વિધિનો માર્ગ દુર્લભ છે તે જ જો કરવામાં આવે તો તીર્થનો ઉચ્છેદ થાય આવો કુગ્રહ કેટલાકનો છે.

ટીકાર્થ : દુષમકાલમાં કર્મ ભારે હોવાથી વિધિનો માર્ગ દુર્લભ-દુઃખે કરીને પ્રાપ્ત થાય તેવો છે અને તે જ જો કરવામાં આવે તો તીર્થનો ઉચ્છેદ થાય. કારણ કે, વિધિમાર્ગનું અનુષ્ઠાન ઘણાં વડે કરવું અશક્ય હોવાથી તીર્થનો ઉચ્છેદ થાય આવો કેટલાકનો કુગ્રહ-ખોટી માન્યતા છે. ॥૩૬॥૧૦૪॥

વિવેકીઓ વડે કુગ્રહ-ખોટી માન્યતા કરવા જેવી નથી એ જણાવે છે -

जम्हा न मुक्खमग्गे, मुत्तूणं आगमं इह पमाणं ।
विज्जइ छउमत्थाणं, तम्हा तत्थेव जइयव्वं ।।३७।। (१०५)

ગાથાર્થ : જે કારણથી મોક્ષના માર્ગમાં છદ્મસ્થ જીવોને આગમને છોડીને અહીં બીજું કોઈ પ્રમાણ રૂપ નથી તે કારણથી તેમાં જ યત્ન કરવા યોગ્ય છે. ॥૩૭॥૧૦૫॥

ટીકાર્થ : સુગમ છે ॥૩૭॥૧૦૫॥

હવે આગમમાં કહેલી જ સંસાર અને મોક્ષમાર્ગની સંખ્યાને કહે છે,

गिहिलिंग - कुलिंगिय - दव्वलिंगिणो तिन्नि हुंति भवमग्गा ।
सुजइ - सुसावग - संविग्गपक्खिणो तिन्नि मुक्खपहा ।।३८।। (१०६)

ગાથાર્થ :ગૃહસ્થો-કુલિંગી-પાંખડીઓ અને દ્રવ્યલિંગી-પાશ્વસ્થાદિઓ આ ત્રણ સંસાર માર્ગો છે. સુયતિઓ-સુશ્રાવકો અને સંવિગ્ન પાક્ષિકો આ ત્રણ મોક્ષ માર્ગ છે.

ટીકાર્થ :ગૃહસ્થના લિંગવાળા તે ગૃહસ્થો, ખરાબ લિંગવાળા તે પાખંડીઓ દ્રવ્યથી લિંગવાળા તે પાર્શ્વસ્થાદિ આ ત્રણે સંસારના માર્ગરૂપ થાય છે. દ્રવ્યલિંગીઓ પણ બંને પ્રકારે ભ્રષ્ટ હોવાથી ભવ એટલે કે સંસારના માર્ગરૂપ જ છે. સુયતિઓ એટલે કે, સુસાધુઓ, સુશ્રાવકો અને સંવિગ્ન એટલે કે, સુસાધુઓના માર્ગના પક્ષપાત વડે વિચરે છે તે સંવિજ્ઞ પાક્ષિકો આ ત્રણ મોક્ષના માર્ગરૂપ છે. અહીં કોઈ શંકા કરે છે કે પહેલા તો મોક્ષમાર્ગ બે પ્રકારે જ કહેલો હતો. હમણાં વળી તેના ત્રણ પ્રકાર કહ્યા તો પૂર્વાપર વાતનો વિરોધ ન આવે ? જવાબ આપતા કહે છે કે, તમારી વાત સાચી છે. પરંતુ ત્રીજો માર્ગ અપ્રધાનરૂપ હોવાથી, અલ્પ હોવાથી અને ક્યારેક જ ઉપયોગી હોવાથી ત્યાં વિવક્ષા કરી નથી. અહીં વળી, સંસાર માર્ગના ત્રણ પ્રકારનો પ્રસ્તાવ હોવાથી ત્રણ પ્રકાર કહેલા છે. આથી કોઈ વિરોધ નથી અને તેનું લક્ષણ આ જાણવા યોગ્ય છે તે આ પ્રમાણે -

संविग्गपक्खियाणं, लक्खणमेयं समासओ भणियं ।
ओसन्नचरणकरणा, वि जेण कम्मं विसोहंति ।।१।।
सुद्धं सुसाहु धम्मं, कहेइ निदंइ य नियमायारं ।
सुतवस्सियाण पुरओ, होइ य सव्वोमरायणि ।।२।।
वंदइ न य वंदावइ, किइकम्मं कुणइ कारवे नेय ।
अत्तट्ठा न वि दिक्खइ, देइ सुसाहूण बोहेउं ।।३।। १०६

(सं. प्र. गर्वधिकारे ३०७, ३०८) इति गाथार्थः ।।३८।।

સંવિજ્ઞ પાક્ષિકનું લક્ષણ આ સંક્ષેપથી કહેલું છે. ચરણ સિત્તરિ અને કરણ સિત્તરીમાં શિથિલતા હોવા છતાં જેના વડે કર્મની વિશુદ્ધિને કરાય છે. ॥૧॥ શુદ્ધ સુસાધુના ધર્મને કહે છે અને પોતાના આચારની નિંદા કરે છે સુતપસ્વીઓની આગળ સર્વ રીતે લઘુ પર્યાયવાળાની જેમ થાય છે. ॥૨॥ પોતે વંદન કરતા નથી અને બીજાને વંદન કરાવતા નથી. કૃતિકર્મ કરતા નથી અને કરાવતા નથી. પોતાને માટે દીક્ષા આપતા નથી અને સુસાધુ ભગવંતોને બોધ કરવા માટે આપે છે. (સંબોધ પ્રકરણ ગુરુ અધિકાર ૩૦૭, ૩૦૮) આ પ્રમાણે ગાથાર્થ છે.

હવે સુસાધુઓ શા માટે મોક્ષમાર્ગ રૂપ થાય છે અને બીજા થતા નથી તેને બતાવતા કહે છે -

सम्मत्तनाणचरणा, मग्गो मुक्खस्स जिणवरुदिट्ठो ।
विवरीओ उम्मग्गो, नायव्वो बुद्धिमंतेहिं ।।३९।। (१०७)

ગાથાર્થ :જીનેશ્વરો વડે સમ્યગ્ જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ કહેવાયેલો છે. તેનાથી વિપરીત તે ઉન્માર્ગ બુદ્ધિશાળીઓ વડે જાણવા યોગ્ય છે.

ટીકાર્થ : સમ્યગ્જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ જીનેશ્વર વડે ઉપદેશાયેલો છે અને તે સુસાધુ વિગેરેમાં જ છે. ગૃહસ્થાદિઓને વિષે નથી. આથી બુદ્ધિશાળીઓ વડે સુસાધ્વાદિથી વિપરીતમાં ઉન્માર્ગ જાણવા યોગ્ય છે. ॥૩૯॥ (૧૦૭)

જ્ઞાનાદિના સ્વરૂપને કહે છે,

सन्नाणं वत्थुगओ, बोहो सद्दंसणं च तत्तरुई ।
सच्चरणमणुट्ठाणं, विहिपडिसेहाणुगं तत्थ ।।४०।। (१०८)

ગાથાર્થ :વસ્તુનો બોધ તે સમ્યગ્જ્ઞાન અને તત્ત્વની રુચિ તે સમ્યગ્દર્શન, વિધિ અને પ્રતિષેધથી યુક્ત અનુષ્ઠાન તે સમ્યગ્ ચારિત્ર છે.

ટીકાર્થ : તેમાં વસ્તુ એટલે કે જીવાજીવાદિ તત્ત્વો તેનો જે બોધ તે સમ્યગ્જ્ઞાન. તત્ત્વનો અભિલાષ તે સમ્યગ્દર્શન. ઉપાદેય કાર્યોને વિષે વિધિ એટલે કે ક્રિયાનો આગ્રહ અને હેય કાર્યોનો પ્રતિષેધ એટલે કે નિષેધ, તેનાથી યુક્ત જે અનુષ્ઠાન તે સમ્યગ્ ચારિત્ર કહેવાય છે. ॥૪૦॥ (૧૦૮)
સમ્યગ્ ચારિત્રરૂપ અનુષ્ઠાન કહેવાયું. હમણાં સુસાધુ અને સુશ્રાવકના વિષયીપણા વડે તેને જ બતાવે છે.

जीव म वहह म अलियं, जंपह मं अप्पं अप्पह कंदप्पह ।
नरह म हरह म करह, परिग्गह ए हु मग्गु सग्गह अपवग्गह ।।४१।। (१०९)

पूआ जिणंदेसु, रई वएसु जत्तो य सामाईयपोसहेसु ।
दाणं सुपत्ते सवणं, सुतित्थे सुसाहुसेवा सिवलोयमग्गो ।।४२।। (११०)

ગાથાર્થ :જીવનો વધ કર નહિ, જુઠ્ઠુ બોલ નહિ, આત્માને કામ માટે અપર્ણ કર નહિ. મનુષ્યોનું હરણ કર નહિ. પરિગ્રહને કર નહિ. આ માર્ગ નિશ્ચે સ્વર્ગ અને મોક્ષનો છે. ॥૪૧॥૧૦૯॥ જિનેશ્વરોની પૂજા, વ્રતોમાં રતિ અને સામાયિક પૌષધદિમાં યત્ન. સુપાત્રમાં દાન, સુતીર્થમાં શ્રવણ અને સુસાધુની સેવા આ મોક્ષનો માર્ગ છે. ॥૪૨॥૧૧૦॥

ટીકાર્થ :પહેલા ચાર પદો સુગમ છે. પરંતુ આના વડે પ્રાણિવધથી વિરમણાદિ પાંચ મહાવ્રતો કહેવાયેલા છે અને વળી તેનાથી વિપરીતપણું તે બંધ. જિનેશ્વરોની પૂજા, સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિમાં રતિ એટલે કે આનંદ. સામાયિક પૌષધાદિમાં યત્ન, સાવદ્યના પરિહાર વડે મોક્ષના પ્રધાન અંગરૂપ હોવાથી આ બંને અલગ બતાવેલા છે.

જ્ઞાનાદિના આધારભૂત સાધ્વાદિ સુપાત્રને વિષે દાન આપવું. આમ કહેવા દ્વારા અપાત્રમાં કહેલું દાન અનર્થના ફલ રૂપ છે એ પ્રમાણે સૂચવેલું છે. જે કારણથી પ્રજ્ઞપ્તિમાં કહેલું છે કે, હે ભગવંત ! તેવા પ્રકારના અસંયમી, અવિરતિને પાપકર્મના પચ્ચક્ખાણથી પાછા ફરેલા નથી. તેમને પ્રાસુક અથવા અપ્રાસુક એષણીય અથવા અનેષણીય એવા અશન-પાન-ખાદિમ અથવા સ્વાદિમ અન્નપાનાદિથી પડિલાભતા શ્રાવકને શું કાર્ય થાય ?

હે ગૌતમ ! તે શ્રાવક એકાંતે પાપકર્મને કરે છે. કાંઈપણ નિર્જરા કરતો નથી. જો એ પ્રમાણે છે તો દીનાદિઓને દાન જ ન આપવું એમ આપત્તિ આવી પડી અને પાત્ર-અપાત્રતાના વિચારના પરિહારવાળા અરિહંતો વડે સાંવત્સરિક દાન કરાયું તે પણ અસંગત થશે. તમારી સાચી વાત છે. પરંતુ મોક્ષના અર્થે કરતા દાનને આશ્રયીને આ વિધિ કહેલો છે. અનુકંપા દાન તો વળી જિનેશ્વરો વડે ક્યાંય પણ નિવારાયેલું નથી.

અને કહ્યું છે કે,

सव्वेहिं पि जिणेहिं, दुज्जयजियरागदोसमोहेहिं ।
सत्ताणुकम्पणट्ठा दाणं न कहिं चि पडिसिद्धं ।।१।।

દુર્જય એવા રાગ-દ્વેષ અને મોહને જીત્યા છે એવા સર્વે તીર્થકરો વડે પ્રાણીઓની અનુકમ્પા માટે દાનનો ક્યાંય પણ નિષેધ કરેલો નથી.

તથા શ્રવણ એટલે કે ધર્મને સાંભળવો. જેના વડે સંસારરૂપી સમુદ્ર સુખ વડે તરાય છે તે સુતીર્થ. તેને વિષે અર્થાત્ સુગુરુની પાસે ધર્મને સાંભળવો અને સુસાધુની સેવા આ મોક્ષનો માર્ગ કહેલો છે. આ પ્રમાણે બે શ્લોકનો અર્થ કહ્યો. ॥૪૧-૪૨॥ (૧૦૯-૧૧૦)

આ પ્રમાણે અનેક પ્રકારે સન્માર્ગની પ્રરૂપણા કરવા છતાં પણ રાગાદિથી હણાયેલા ચિત્તવાળા ઘણા જીવોનું ઉન્માર્ગ ગમન જોઈને ખેદ સહિત રાગાદિના માહાત્મ્યને બતાવતા કહે છે.

रागोरगगरलभरो, तरलइ चित्तं तवेइ दोसग्गी ।
कुणइ कुमग्गपवित्तिं महामईणं पि हा मोहो ।।४३।। (१११)

ગાથાર્થ : રાગ રૂપી સર્પના ઝેરનો સમૂહ ચિત્તને તરલિત કરે છે. દોષ રૂપી અગ્નિને તપાવે છે. ખેદની વાત છે કે મોહરાજા બુદ્ધિશાળીઓને પણ કુમાર્ગમાં પ્રવૃત્તિ કરાવે છે.

ટીકાર્થ : સ્પષ્ટ છે ॥૪૩॥ (૧૧૧)

તે પ્રમાણે હોતે છતે,

अन्नाणंधा मिच्छत्त-मोहिया कुग्गहुग्गगहगहिया ।
मग्गं न नियंति न, सद्दहंति चिट्ठंति न य उचियं ।।४४।। (११२)

ગાથાર્થ : અજ્ઞાનથી અંધ થયેલા, મિથ્યાત્વથી મોહિત થયેલા કુગ્રહના આગ્રહથી ગ્રહણ કરાયેલા માર્ગને જોતા નથી, શ્રદ્ધા કરતા નથી અને ઉચિત ક્રિયામાં પ્રવર્તતા નથી.

ता कइया तं सुदिणं, सा सुतिही तं भवे सुनक्खत्तं ।
जंमि सुगुरुपरतंतो, चरणभरधुरं धरिस्समहं ।।४५।। (११३)

ગાથાર્થ : તે સુદિવસ - સુતિથિ - સુનક્ષત્ર ક્યારે આવશે. જેને વિષે હું સુગુરુથી પર તંત્ર થયેલો ચારિત્રની ધુરાને ધારણ કરીશ.

ટીકાર્થ : તેથી ક્યારે તે સુદિવસ આવશે ઇત્યાદિ સુગમ છે. પરંતુ સુગુરુનું પર તંત્રપણું કહેવાથી ગુરુને આધીન હોય તેને સર્વસંપત્તિઓ થાય છે.

એ પ્રમાણે જણાવે છે. જેથી કહ્યું છે કે,

नाणस्स होइ भागी, थिरयरओ दंसणं चरित्ते य ।
धन्ना आवकहाए गुरुकुलवासं न मुंचंत्ति ।।१।।

(विशेषा० भा० गा० ३४५९, एकादश पञ्चा० गा. १६)

જ્ઞાનના, સ્થિરતર દર્શન અને ચારિત્રના તેઓ ભાગી થાય અને તેઓ જ ધન્ય છે. જેઓ જાવજ્જીવ સુધી ગુરુકુલ વાસને મૂકતા નથી.

छट्ठट्ठमदसमदुवलसेहिं, मासद्धमासखवणेहिं ।
अकरिंतो गुरुवयणं, अणंतसंसारिओ होइ ।।२।।

(पञ्चम पञ्चाशके) (४६)

છઠ્ઠ, અઠ્ઠમ ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, માસક્ષમણ અને પંદર ઉપવાસાદિ કરવા છતાં પણ ગુરુના વચનને નહિ સ્વીકારતો અનંત સંસારી થાય છે.

હવે પ્રસ્તુત અર્થના સમર્થન માટે ઈષ્ટ દેવતાની સ્તુતિથી ગર્ભિત સંબોધન વડે મધ્યમ મંગલને પ્રકટ કરતા, મુગ્ધ માણસોના પ્રવાદને તિરસ્કાર કરતા કહે છે.

सव्वत्थ अत्थि धम्मो, जा मुणियं जिण ! न सासणं तुम्ह ।
कणगाउराण कणगं व, ससियपयमलभमाणाणं ।।४६।। (११४)

ગાથાર્થ : ધતુરાનું ભક્ષણ જેઓએ કરેલું છે તઓ જ્યાં સુધી શર્કરા સહિતના દૂધને પીતા નથી ત્યાં સુધી તેઓને સુવર્ણની જેમ બધુ પીળું જ લાગે છે. તેમ હે જિન ! જેઓ તારી આજ્ઞાને જાણતા નથી. તેઓ સર્વઠેકાણે ધર્મ છે તેમ માને છે.

ટીકાર્થ : સુગમ છે. પરંતુ કનકનું ભક્ષણ કરનારા એટલે ધત્તુરાનું ભક્ષણ કરનારા એમ લેવાનું છે. 'ससियपयं'त्ति એટલે સાકર સહિતના દૂધનું ગ્રહણ કરવાનું છે. ॥४૬॥ (११४)

આ પ્રમાણે પૂજ્ય શ્રી ચક્રેશ્વરસૂરિએ શરૂ કરેલી તેમના શિષ્ય
શ્રી તિલકાચાર્યે પૂર્ણ કરેલી સમ્યકત્વ વૃત્તિમાં ત્રીજું માર્ગતત્વ
પૂર્ણ થયું.

।।४।। साधुतत्त्व

માર્ગતત્ત્વ કહ્યું, હમણાં મૂલદ્વારની ગાથાના ક્રમથી પ્રાપ્ત થયેલું સાધુતત્ત્વનું વિવરણ કરાય છે અને આનો પૂર્વના તત્ત્વની સાથે સંબંધ છે. પૂર્વે માર્ગતત્ત્વ કહેવાયું અને તે માર્ગતત્ત્વ સાધુઓ વડે આચરણ કરાય છે. આથી હવે સાધુતત્ત્વ કહેવાય છે. તેમાં પહેલી ગાથા-

अट्ठारस जे दोसा, आयारकहाइ वन्निया सुत्ते ।
ते [1]वज्जंतो साहू, पन्नत्तो वीयरागेहिं ।।१।। (११५)

ગાથાર્થ : આચાર કથામાં અઢાર દોષો વર્ણવેલા છે. જિનેશ્વરો વડે તે દોષોને વર્જન કરતો સાધુ કહેવાયેલો છે.

ભાવાર્થ : સુગમ છે. સિદ્ધાંતમાં અથવા દશવૈકાલિક સૂત્રમાં છઠ્ઠા અધ્યયનરૂપ સાધ્વાચાર વિચારવામાં આ અઢાર દોષો કહેવાયેલા છે.

હવે તે અઢાર દોષો કયા છે ? તો કહે છે.

पढमं वयाण छक्कं, कायछक्कं अकप्पगिहिभायणं ।
पलियंक निसिज्ज वि य, सिणाणसोहाविवज्जणयं[2] ।।२।।११६।।

ગાથાર્થ : પ્રથમ પાંચ મહાવ્રત છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત, કાયષટ્ક, અકલ્પ્ય ગૃહસ્થના ભાજન, પલંગાદિ આસનમાં બેસવું, સ્નાન, શોભાનો ત્યાગ ન કરવો.

ભાવાર્થ : પ્રથમ પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિ ભોજનની વિરતિરૂપ વ્રત, વ્યાખ્યાનથી વિશેષ પ્રતિપત્તિ થાય છે તેથી વ્રતોની વિરાધના દોષપણા વડે જાણવા યોગ્ય છે. એ પ્રમાણે કાયષટ્માં પણ પૃથ્વીકાયાદિ છની વિરાધના દોષરૂપ જાણવી.

પહેલા વ્રતની વિરાધના કહેવા વડે જ કાયષટ્ની વિરાધના કહેવાયેલી જ છે. આ પ્રમાણે જો કહેતા હોય તો ? સાચું છે. પરંતુ પૃથ્વીકાયાદિનું લોકમાં જીવપણું અપ્રસિદ્ધ છે. આથી વિશેષ વડે કહેવાયું છે. અકલ્પ બે પ્રકારે છે. શિક્ષક સ્થાપના કલ્પ અને અકલ્પ સ્થાપના કલ્પ તેમાં પહેલું.

ખરેખર જેના વડે પિંડેષણા, શય્યા, વસ્ત્ર, પાત્રેષણા નથી ભણાઈ. તેના વડે લવાયેલા પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર સાધુઓને લેવા કલ્પે નહિ. ॥૧॥

કાર્તકથી અષાઢ સુધીના શેષકાળના આઠ મહિના ઋતુબદ્ધ કાળ કહેવાય છે. તેમાં (જન્મથી) નપુંસક (કે જે દીક્ષા માટે અયોગ્ય કહેલા છે તે નપુંસક)ને દીક્ષા અપાતી નથી. જ્યારે વર્ષાવાસ (ચોમાસામાં) તો, નપુંસકની જેમ, દીક્ષા માટે યોગ્ય એવા અન્ય (અનપુંસક) ને પણ દીક્ષા અપાતી નથી. એને શૈક્ષ (નૂતન દીક્ષિત)ન બનાવાય. આ રીતનો શૈક્ષ સ્થાપના કલ્પ છે એમ જાણવું ॥૨॥

અકલ્પ સ્થાપના કલ્પ વળી સ્વયં જ કહેશે અને આનાથી વિપરીત આચરણ કરવા વડે દોષ થાય છે. ગૃહિભાજન સ્થાલાદિ તેમાં ખાનારને દોષ છે. જેથી કહ્યું છે કે,

કાંસાના વાડકામાં, કાંસાની થાળીમાં તથા માટીનાં કુંડા આદિ ગૃહસ્થના વાસણમાં અશન-પાન આદિ વાપરતા સાધુ પોતાના આચારથી ભ્રષ્ટ થાય છે. (દશવૈકાલિક અધ્યયન ૬, ગા. ૫૧)

પલ્યંક પ્રતીત છે. તેમાં સૂવું, બેસવું વિ. પોલાણવાળું હોવાથી દોષરૂપ છે. ઉપલક્ષણથી મંચકાદિનું પણ, **નિષદ્યા** શાસ્ત્રની ભાષા વડે ભિક્ષા માટે ગયેલા સાધુને ગૃહસ્થના ઘરે બેસવું તે કલ્પે નહિ. સ્નાન દેશથી અથવા સર્વથી અને ઉપલક્ષણથી ઉદ્વર્તન કરવું. જેથી કહ્યું છે કે,

જો સાધુ રોગી કે નિરોગી હોય અને તે જો સ્નાન કરવાની ઇચ્છા કરે તો તેનો આચાર ચાલ્યો જાય તેમજ સંયમથી ભ્રષ્ટ થાય છે. (દશા, અધ્ય. ૬, ગા.૬)

શોભા વિભૂષા - દાંત, ઘસવા, નખ કાપવા, રોમ કપાવવા, વાળને ઓળવા અકાલે (વારંવાર) વસ્ત્રને ધોવા વિ. આ વિભૂષાનું વર્જન કરવું. તેનું વર્જન નહિં કરવામાં દોષ છે. કહ્યું છે કે,

નગ્ન અથવા થોડા પ્રમાણોપેત વસ્ત્ર રાખવાવાળા, દ્રવ્ય-ભાવથી મુંડિત થયેલ દીર્ઘરોમ અને નખવાળા જિનકલ્પીને તથા મૈથુનથી શાંતિ પામેલા સ્થવિર કલ્પીઓને ભૂષા કરવાનું શું પ્રયોજન છે ? કોઈ નહિ.

સાધુઓ વિભૂષા નિમિત્તે ઘણાં ચીકણાં કર્મ બાંધે છે કે જેથી દુઃખે ઊતરી શકાય એવા ઘોર સંસાર સમુદ્રમાં તેઓ પડે છે. (દશ. અધ્ય. ૬, ગા. ૬૫, ૬૬)

અહીં પહેલા બે ષટ્ક અર્થાત્ વ્રતષટ્ક અને કાયષટ્ક વડે મૂલગુણો કહ્યા. વળી અકલ્પાદિ ષટ્ક વડે ઉત્તરગુણો કહે છે. આ પ્રમાણે ગાથાર્થ.

અકલ્પ સ્થાપના કલ્પનું વર્ણન કરે છે.

पिंडं १सिज्जं वत्थं, पत्तं चारित्तरक्खणट्ठाए ।
अकप्पं वज्जिज्जा, गिण्हिज्जा कप्पियं साहू ।।३।।११७।।

ગાથાર્થ : પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્રને ચારિત્રની રક્ષાને માટે સાધુએ અકલ્પ્ય વર્જવું જોઈએ અને કલ્પ્યને ગ્રહણ કરવું જોઈએ.

ભાવાર્થ : સુગમ છે. **શય્યા**-વસતિ, અકલ્પં-આધાકર્માદિ દોષથી દુષિત અને અહીં પિંડાદિનું આધાકર્માદિ દોષ વડે અકલ્પ્યપણું છે તેને કહેવાની ઇચ્છાવાળા પ્રસ્તાવનાને કહે છે.

जीवा सुहेसिणो तं, सिवंमि तं संजमेण सो देहे ।
सो पिंडेण सदोसो, सो पडिकुट्ठो इमे ते य ।।४।। (११८)

ગાથાર્થ : જીવો સુખના ઈચ્છુક છે તે સુખ મોક્ષમાં છે તે મોક્ષ સંયમ વડે પ્રાપ્ત થાય છે, તે સંયમ દેહ હોતે છતે પળાય છે. તે દેહ પિંડ વડે પોષાય છે અને તે પિંડ દોષો વડે દુષ્ટ હોય તો સર્વે જીનેશ્વરો વડે નિષેધ કરાયેલો છે. તે દોષો હવે કહેવાશે.

ભાવાર્થ : જીવો સુખની ઇચ્છાવાળા છે તે એકાંતિક સુખ મોક્ષમાં છે. તે મોક્ષ સંયમ વડે પ્રાપ્ત થાય. તે સંયમ દેહ હોતે છતે પળાય વળી તે દેહ પિંડ વડે વર્તે છે. તે પિંડ જો આધાકર્માદિ દોષો વડે દુષ્ટ હોય તો તે સર્વે જીનેશ્વરો વડે નિષેધાયેલો છે અને દોષો હવે કહેવાશે.

આ પિંડ દોષોની વિભાગ વડે સંખ્યાને કહે છે.

सोलस उग्गमदोसा, सोलस उप्पायणाए दोसा उ ।
दस एसणाइ दोसा, बायालीसं इइ हवंति ।।५।। (११९)

ગાથાર્થ : સોલ ઉદ્ગમના દોષો, સોલ ઉત્પાદના દોષો અને દસ એષણાના દોષો આ પ્રમાણે બેતાલીસ દોષો થાય છે. ત્યાં ઉદ્ગમના દોષો કહે છે.

[१]आहाकम्मुद्देसिय[२], पूईकम्मे[३] य मीसजाए[४] य ।
ठवणा[५] पाहुडियाए[६], [७]पाओअरकीय[८]पामिच्चे[९] ।।६।। (१२०)
[१०]परियट्टिए [११]अभिहडु-ब्भिन्न[१२] मालोहडे[१३] इ य ।
[१४]अच्छिज्जे [१५]अणिसट्ठे, अज्झोयर[१६] एय [१]सोलसमे ।।७।। (१२१)

ગાથાર્થ : આધાકર્મ, ઔદેશિક, પૂતીકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિક, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્ય, પરાવર્તિત, અભ્યાહૃત, ઉદ્ભિન્ન માલાપહૃત, આછેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરક, આ સોળ ઉદ્ગમના દોષો છે.

ભાવાર્થ : (૧) યતિનો મનમાં સંકલ્પ કરીને ષટ્કાયનાં આરંભ વડે પચન-પાચન આદિ કરવું તે આધાકર્મ. (૨) જે પૂર્વે કરેલ ઓદન અને લાડવાના ચૂર્ણાદિને સાધુના ઉદ્દેશ વડે દહીં અને ગોળાદિના પાક વડે સંસ્કાર કરાય તે ઔદ્દેશિક. (૩) અશુચીના અંશ વડે જેમ આહાર અપવિત્ર થાય તેમ આધાકર્માદિના અંશ વડે વિશુદ્ધ એવા પણ આહારાદિ અપવિત્ર કરાય તે પૂતિકર્મ. (૪) જે પોતાને માટે અને સાધુને માટે પહેલેથી જ મિશ્ર કરીને રાંધેલુ હોય તે મિશ્રજાત. (૫) સાધુના માટે અમુક કાળ સુધી દૂધાદિ રાખી મૂકવા તે સ્થાપના. (૬) ગુરુઓ પછી આવશે અથવા તો આવેલા છે એ પ્રમાણે વિચારીને વિશિષ્ટ અશનાદિ ગુરુને આપી શકાય માટે વિવાહાદિ ઉત્સવ પહેલા કરવો અથવા પછી કરવો તે પ્રાભૃતિકા. (૭) અંધકારમાં રહેલા આહારાદિને સાધુને માટે બહાર સ્થાપવા અથવા ઝરુખાદિ ખોલીને કે કરાવીને પ્રકાશ કરવો તે પ્રાદુષ્કીરણ. (૮) સાધુને માટે મૂલ્ય વડે જે ખરીદાય તે ક્રીત. (૯) સાધુને આપવા યોગ્ય ઊછીનું લેવું. સાધુને માટે ઊછીનું લઈને જે અપાય તે પ્રામિત્ય. (૧૦) કોદ્રવાદિ અન્યને આપીને શાલ્યાદિ (ચોખાદિ) પરાવર્તન એટલે અદલાબદલી કરીને લેવાય તે પરાવર્તિત. (૧૧) સ્વગામ અથવા પરગામથી સાધુને માટે લવાય તે અભ્યાહૃત. (૧૨) સાધુને માટે માટી આદિથી ઢાંકેલા વાસણને ખોલીને અથવા નહિ વપરાતા એવા કબાટાદિને ઉઘાડીને જે અપાય તે ઉદ્ભિન્ન. (૧૩) શિકાદિ ઉપરથી અથવા ભોયરાદિમાંથી સાધુને માટે લવાય તે માલાપહૃત. આના ઉપલક્ષણથી દુઃખે કરીને ગ્રહણ કરી શકાય તેવા કોઈપણ સ્થાનથી લાવી આપવું તે પણ આ દોષમાં ગણવું. (૧૪) પુત્ર-પત્ની, નોકરાદિ સંબંધી વસ્તુ તેમની પાસેથી છીનવીને સ્વામી સાધુને આપે તે આછેદ્ય. (૧૫) વસ્તુના ઘણા સ્વામી હોય તેવી વસ્તુ એકની પાસેથી ગ્રહણ કરવી તે અનિસૃષ્ટ. (૧૬) પોતાને માટે બનાવેલું હોય અને સાધુઓ આવ્યા છે તેમ સાંભળીને તે સાધુને ઉદ્દેશીને પોતાને માટે રાંધેલ ધાન્યમાં અધિક ધાન્ય ઉમેરવું તે અધ્યવપૂરક. આ ઉદ્ગમના દોષો પિંડની ઉત્પત્તિમાં ગૃહસ્થ વડે સાધુના માટે કરાતા હોવાથી તે ઉદ્ગમના દોષો કહેવાય છે.

હવે ઉત્પાદનાના દોષો કહે છે.

[૧]ધાઈ દૂઇ[૨] નિમિત્તે[૩], આજીવ[૪] વણીમગે[૫] તિગિચ્છા[૬] ય ।
કોહે[૭] માણે[૮] માયા[૯], લોભે[૧૦] હવંતિ દસ એએ ।।૮।। (૧૨૨)
પુવ્વિં[૧૧] પચ્છાસંથવ[૧૨], વિજ્જામંતે[૧૩] ય [૧૪]ચુન્નજોગે [૧૫]ય ।
ઉપ્પાયણાઇ દોસા, સોલસમે મૂલકમ્મે[૧૬] ય ।।૯।। (૧૨૩)

અર્થ : ધાત્રી, દૂતી, નિમિત્ત, આજીવ, વનીપક, ચિકિત્સા, ક્રોધ, માન, માયા, લોભ, પૂર્વસંસ્તવ, પશ્ચાત્સંસ્તવ, વિદ્યા, મંત્ર, ચૂર્ણ અને મૂલકર્મ આ સોળ ઉત્પાદનાના દોષો છે.

ભાવાર્થ : (૧) ભિક્ષાને માટે દાતારના બાળકાદિને રમાડતા સાધુને ધાત્રીપિણ્ડ દોષ. (૨) પોતાના ગામમાં અથવા પરગામમાં પ્રકટ રીતે અથવા છૂપી રીતે સંદેશો ગૃહસ્થને પહોંચાડવો તે દૂતીપણું કહેવાય અને તેના વડે આહારાદિ મેળવવું તે દૂતી પિંડ. (૩) લાભાલાભાદિ નિમિત્ત કહીને આહારાદિ મેળવવા તે નિમિત્ત પિંડ. (૪) દાતારના જાતિ-કુલાદિનું પોતાનામાં આરોપણ કરીને અર્થાત્ અમારા પણ જાતિ કુલાદિ આવા હતા એમ કહીને આહારાદિ મેળવવા તે આજીવપિંડ. (૫) વન્ ધાતુ યાચના અર્થમાં છે. જે મંગાય તે વની એટલે કે ભિક્ષા. ભિક્ષા વડે જે પોતાનું રક્ષણ કરે તે વનીપક એટલે ભિક્ષાચર કહેવાય. (અન્ય બૌદ્ધાદિના ભક્તોને હું પણ તેમનો ભક્ત છું એમ કહી સાધુ આહારાદિ મેળવે તે વનીપક પિંડ કહેવાય.) (૬) ચિકિત્સા કરવા વડે અથવા વૈદ્યપણું કરવા વડે અથવા વૈદ્યાદિની સૂચના કરીને પ્રાપ્ત કરાતા આહારાદિ તે ચિકિત્સાપિંડ. (૭ થી ૧૦) ક્રોધ-માન-માયા-લોભ વડે પ્રાપ્ત કરાતા આહારાદિ તે ક્રોધાદિપિંડ.

આ ક્રોધાદિપિંડને વિષે કથાનકો વડે જ દોષ પ્રગટ કરાય છે અને તે આ **પહેલી ક્રોધકથા** તેમાં -

અહીં પોતાની મર્યાદા પ્રમાણે વિહાર કરનારા, બુદ્ધ-સંશુદ્ધ સિદ્ધાંતવાળા, પાંચસો સાધુથી પરિવરેલા સુસ્થિત નામના આચાર્ય હતા. ।।૧।। તેઓના એક શિષ્ય સ્વચ્છ બુદ્ધિવાળા, ગચ્છની શોભારૂપ, શુદ્ધ સાધુના ગુણો વડે યુક્ત તપની વિધિમાં પ્રગાઢ પરાક્રમવાળા હતા. ।।૨।। ઈન્દ્રિયોને વશ રાખનાર, મહાસત્ત્વવાળા, પોતાના શરીરમાં પણ નિસ્પૃહ જાણે ચારિત્રરૂપી મહારાજના જંગમ પ્રાસાદ સમાન હતા. ।।૩।। ગીતાર્થ, સકલ સાધ્વાચારમાં કુશલ, અત્યંત શ્રુતજ્ઞાન રૂપી નિધાનના કલશાની ઉપમાવાળા હતા. ।।૪।। જેમ કૃષ્ણ સુદર્શન નામના ચક્રને ધારણ કરનારા હતા, લક્ષ્મીથી યુક્ત હતા, રાજાઓમાં મુખ્ય હતા અને નંદક નામના ખડ્ગને ધારણ કરનારા હતા. તેમ તપસ્વી એવા આ સાધુ, મુનિઓમાં મુખ્ય હતા, સારા દર્શન - સમ્યગ્દર્શનને ધરનારા હતા, તપની શોભાવાળા હતા, સજ્જનોને આનંદ કરનારા હતા. કૃષ્ણ અને મુનિ વચ્ચે ફેર એટલો જ હતો કે કૃષ્ણ પીત વસ્ત્રધારી હતા. જ્યારે મુનિ શ્વેત વસ્ત્રને ધારણ કરનારા હતા. એક વખત તપ કરવા માટે ઉલ્લસિત વીર્યવાળા, તપ છે પ્રિય જેમને એવા તે મુનિએ આચાર્યની પાસે એકાકી વિહારની ચર્યાને સ્વીકારી. ।।૬।। ગચ્છવાસમાં મનને ઇચ્છિત તેવા પ્રકારનું તપ થાય નહિ અથવા અન્ય-અન્યના વચનને સાંભળવાથી ધ્યાન થાય નહિ. ।।૭।। હવે એકાકી વિહાર વડે પૃથ્વી પર વિચરતા, ભાવથી શુદ્ધાત્મા, જિનકલ્પની ભાવનાને ભાવતા. ।।૮।। તે મુનિ એ એકાકી હોવા છતાં અનેક દુષ્કર્મરૂપી શત્રુઓના સમૂહને જીતવાની ઇચ્છા વડે મહાતીક્ષ્ણ તપ રૂપી શસ્ત્રને આદર્યું. ।।૯।। કરેલા એક પારણાવાળા તે મુનિ

માસક્ષમણોને કરે છે. તેમાં પણ પહેલા ઘરે પ્રાપ્ત થયેલા આહાર વડે પારણુ કરે છે. અન્યત્ર જતા નથી. ॥૧૦॥ ત્યાં નહિ પ્રાપ્ત થયેલી ભિક્ષાવાળા ક્ષપક (તપસ્વીમાં)માં અગ્રણી એવા તે મુનિ પારણું કર્યા વિના જ ફરી બીજા માસક્ષમણનો પ્રારંભ કરતા હતા. ॥૧૧॥

એક વખત કોઈપણ નગરમાં કોઈપણ શ્રીમંતના ઘરે માસખમણના પારણે તે મુનિ ભિક્ષા માટે ભિક્ષાસમયે ગયા. ॥૧૨॥ તે દિવસે તે ગૃહસ્થના ઘરમાં મરી ગયેલા પુત્રની માસિક તિથિ હતી. ॥૧૩॥ ત્યારે બ્રાહ્મણોને આપવા માટે સ્ત્રી વડે તેના ઘરમાં ઘેબરથી ભરેલી થાળીઓની શ્રેણી તૈયાર કરેલી હતી. ॥૧૪॥ ત્યારે તે મુનિને આવતા જોઈને ભારે દાનાન્તરાય કર્મના ઉદયથી ખરાબ બુદ્ધિવાળી તે સ્ત્રીએ મુનિને કહ્યું. ॥૧૫॥ હજું પણ હે દેવ ! બ્રાહ્મણોની કાંઈપણ પૂજા કરાઈ નથી. તું આવેલો છે. પહેલા જ મોકલાયેલો છે. હે મુનિ ! તું જા. ॥૧૬॥ ત્યારે ઇન્દ્રિય વડે નિમંત્રિત કરાયેલા મુનિનું ચિત્ત ક્ષુધાના ઉદયથી સ્વયં ઘેબરને ગ્રહણ કરવા માટે થયું. ॥૧૭॥ સ્વામીના વૈર વડે જાણે દુષ્ટ થયેલા ચિત્તવાળા તે મુનીશ્વર મહામોહના યોધા સમાન ક્રોધ વડે ક્ષણવારમાં આક્રમણ કરાયા. ॥૧૮॥ પ્રાયઃ કરીને તપસ્વીઓના નજીકપણાને ક્રોધ મૂક્તો નથી. ભૂતની જેમ છલને પામીને ક્રોધ જલ્દીથી તપસ્વીને અધિષ્ઠિત કરે છે. ॥૧૯॥ ત્યાર પછી પાછા ફરતા ક્રોધી એવા તે મહામુનિએ આ પ્રમાણે શાપ આપ્યો. હે દુરાત્મા ! તું ફરી પણ આવા પ્રકારના ઉત્સવમાં આપનારી થા. ॥૨૦॥ આ પ્રમાણે કહીને ઉપાશ્રયમાં આવીને, પારણાને નહીં કરીને કોપથી કંપાયમાન તે મુનિએ ફરી માસક્ષમણની શરૂઆત કરી. ॥૨૧॥ તે જ ક્ષણે મુનીના શાપ વડે તે ગૃહસ્થના ઘરમાં તેનો નાનો ભાઈ મૃત્યુ પામ્યો. **તપનું તેજ ખરેખર દુઃસહ છે.** ॥૨૨॥ ત્યાર પછી પોતાના નાના ભાઈના વિયોગથી અત્યંત ખેદ પામેલા તેના વડે માસને અંતે ફરી તે જ પ્રમાણે તેની પણ માસિક ક્રિયાનો આરંભ કરાયો. ॥૨૩॥ તે જ દિવસે પૂર્ણ થયેલા માસક્ષમણવાળા મુનિ પણ હવે તે જ પ્રમાણે પારણાના હેતુથી તેના જ ઘરમાં ગયા. ॥૨૪॥ કાંઈપણ નહિ આપીને તે જ પ્રમાણે તે સ્ત્રી વડે તે મુનિ પાછા મોકલાયા અને ચલાયમાન થયેલા અંતઃકરણવાળા તે મુનિએ ચાલતા તે જ પ્રમાણે તે શાપને આપ્યો. ॥૨૫॥

ક્ષુધાથી પીડિત પણ તે મુનિએ ફરી ત્રીજા માસક્ષમણની શરૂઆત કરી. **કષ્ટ આપવા છતાં પણ પોતાની પ્રતિજ્ઞાને શું મનસ્વીઓ છોડે ?** ॥૨૬॥ મુનિના શાપથી તે જ પ્રમાણે તેની પુત્રી જલ્દી મૃત્યુ પામી. **ઉત્કૃષ્ટ તપવાળાઓનો શાપ ક્યારે પણ નિષ્ફલ નથી.** ॥૨૭॥ હવે ત્રીજો માસ થયે છતે નીકળતા એવા મુનિના શાપને સાંભળીને ભયભીત થયેલા દ્વારપાળે પોતાના સ્વામીને કહ્યું. ॥૨૮॥ નહિ આપવાથી કુપિત થયેલા આ સાધુના શાપથી જ તમારા બે મનુષ્યો મરાયા તે કારણથી હે સ્વામી ! આ મુનિને પ્રસન્ન કરો. ॥૨૯॥ હમણાં પણ આવા પ્રકારના શાપને આપતા આ મુનિ જાય છે. આવા પ્રકારના કાર્યમાં હે અધમાધમ ! તું આપજે. ॥૩૦॥ તેથી ભાર્યા સહિત તે ગૃહસ્થ દોડીને તે મુનિને નમીને પાણી વડે જેમ અગ્નિ તેમ ભક્તિના વાક્યો વડે તે મુનિને શાંત કર્યા. ॥૩૧॥ હવે ઘરમાં મુનિને લાવીને મુનિના ક્રોધના સામર્થ્યને જોતાં ભય પામતા તે ગૃહસ્થે ઈચ્છા મુજબના ઘેબરો વડે તે મુનિને પડિલાભ્યા. ॥૩૨॥ તે કારણથી આ ક્રોધપિણ્ડ અત્યંત રૌદ્ર, આવા પ્રકારના અનર્થના એક કન્દ સમાન સંસારરૂપી સમુદ્રને વધારવામાં પૂર્ણ ચંદ્ર સમાન છે. તેથી સાધુઓને આવો ક્રોધપિણ્ડ ગ્રહણ કરવા માટે કલ્પે નહિ. ॥૩૩॥

ક્રોધ પિંડને વિષે કથાનક કહ્યું. હવે માનપિંડને વિષે કથાનક કહેવાય છે.

વિશાળ ભુવનને વિષે મેળવેલી ખ્યાતિવાળા ક્ષમાના ભંડાર, મોટા ગુણોના આધાર, ગુણ છે પ્રિય જેને

એવા ગુણસૂરિ નામના ગુરુ હતા. ॥૧॥ તેમના પરિવારમાં પાંચસો સાધુઓ હતા. જેઓના ગુણના સમૂહ વડે અરસપરસ જ દૃષ્ટાંતરૂપ હતા. ॥૨॥ તે ગુરુના ઘણા બાલ શિષ્યો હતા અને તેઓ હું પહેલો હું પહેલો આ પ્રમાણે એકઠેકાણે રહીને હંમેશાં ભણતા હતા. ॥૩॥ તેઓમાં માનથી વિહ્વલ વાચાળ એવા એક ક્ષુલ્લક વાણીની લબ્ધિ વડે અન્યને પણ ક્ષણવારમાં માનરૂપી પર્વતને વિષે ચઢાવતા હતા. ॥૪॥ એક વખત માની એવા તે ક્ષુલ્લકે ક્ષુલ્લકના મંડલની મધ્યમાં કહ્યું કે, તમારા બધામાં કોઈ એક પણ મારી સમાન લબ્ધિમાન નથી. ॥૫॥ હવે અન્ય મુનિઓએ કહ્યું. જો આ પ્રમાણે લબ્ધિ વડે તું ગર્વિત છે તો મારા વિશ્વાસ માટે તું કોઈપણ લબ્ધિને બતાવ. ॥૬॥ આજે ખાંડ અને ઘીથી યુક્ત અમૃતના સ્વાદને જણાવનારી રાંધેલી ઘરે-ઘરે ખવાતી એવી સેવ સર્વ ઠેકાણે છે. તેથી કયાંયથી પણ તે સેવોનું મોટું પાત્ર ભરીને તું અમારા ભોજનને માટે લાવ. જેથી તારી લબ્ધિને અમે માનીએ. ॥૮॥ તે ક્ષુલ્લક પણ ભૂમિને હાથ વડે અફળાવીને વીરની જેમ ઊઠયો. જો હું તમોને આ સેવો ન લાવી આપું તો હું કેવા પ્રકારનો પણ નહિ. ॥૯॥

એ પ્રમાણે બોલતા માનથી ઉન્નત થયેલા શરીરવાળા તે મુનિ જલ્દીથી પાત્રને ગ્રહણ કરીને કોઈપણ શ્રીમંતના ઘરે ગયા. ॥૧૦॥ ત્યાં તે મુનિએ ઉગ્રપૂરની જેમ સેવથી ભરેલા કાષ્ટના પાત્રને અને ખાંડના સ્થાલને અને ઘીની થાળીને જોઈ. ॥૧૧॥ તે ક્ષુલ્લકને જોઈને ક્રોધાયમાન થયેલી ઘરની સ્વામીનીએ કહ્યું, અરે ક્ષુલ્લક ! કોના વડે તું બોલાવાયેલો છે ? જા જા. ॥૧૨॥

તેણે (મુનીએ) પણ કહ્યું, હે ભદ્ર ! શું તું દાનધર્મને જાણતી નથી ? ખરેખર દાનવડે જ પ્રાણી ભોગોનું ભાજન થાય છે. ॥૧૩॥ તેથી મને તું સેવ આપ. તને ધર્મ થશે. વળી મારું અપમાન કરીને તું પોતાના લાઘવને ન પામ. ॥૧૪॥ આક્ષેપ સહિત તેણીએ મુનિને કહ્યું, તારાથી મને લાઘવ કયાંથી ? કાગડાને અથવા ચાંડાલને હું આપું તે શ્રેષ્ઠ. પણ તને તો નહિ. ॥૧૫॥ ક્ષુલ્લક પણ માનથી બોલ્યો, હે શુભે ! ભવિષ્યમાં કોઈપણ રીતે હઠથી તારી આ સેવાદિને હું ગ્રહણ કરીશ. ॥૧૬॥ એ પ્રમાણે કહીને બહાર જઈને કોઈપણ પુરુષને પૂછયું, હે ભદ્ર ! આ ઘર કોનું છે ? ॥૧૭॥ તે હમણાં કયાં છે ? તેણે કહ્યું, દેવદત્તનું આ ઘર છે તે હમણાં મારા વડે પર્ષદામાં બેઠેલો જોવાયેલો છે. ॥૧૮॥ તેથી ત્યાં પણ જઈને આ મુનિએ પર્ષદામાં બેઠેલા લોકોને પૂછયું, 'હે લોકો ! બોલો તમારા બધામાં દેવદત્ત કોણ કહેવાય છે. ॥૧૯॥ તેઓએ કહ્યું, 'હે ક્ષુલ્લક ! તારે દેવદત્ત વડે શું કાર્ય છે ?' ક્ષુલ્લકે કહ્યું, 'શ્રેષ્ઠી એવા તેની પાસે હું કંઈક માંગીશ.' ॥૨૦॥ હાસ્યના સ્થાનપણા વડે હસતા એવા તેઓએ પણ ક્ષુલ્લકને અંગુલી વડે તેને બતાવ્યો. આ તે દેવદત્ત છે. ॥૨૧॥ ક્ષુલ્લકે તેને કહ્યું, 'અહો તારી પાસે હું માંગું છું. જો તું તે છ પુરુષોની મધ્યમાંનો ન હોય તો. ॥૨૨॥ હવે ગોષ્ઠીજનોએ હસીને કહ્યું, કોણ-કોણ તે છ પુરુષો ? ક્ષુલ્લકે પણ ત્યાર પછી પર્ષદામાં કથા કરનારાની જેમ તે કહેવા માટે આરંભ કર્યો. ॥૨૩॥ શ્વેતાંગુલી, બકઉડ્ડાયી, તીર્થસ્નાયી, કિંકર, ગૃદ્ધાવરિડ્ખી, હાદૈવ આ છ પુરુષો અધમ જાણવા ॥૨૪॥ તે આ પ્રમાણે.

કોઈપણ ગામમાં પોતાની સ્ત્રીને વશ એવો કોઈ ગ્રામ્યજન હતો. પ્રભાત થયે છતે પોતાની સ્ત્રી વડે કહેવાયો. ॥૨૫॥ હે સ્વામી ! જો હું ઊઠીશ તો તારો પુત્ર રડશે. તેથી તું જ ચુલામાંથી રાખને જલ્દી બહાર કાઢ. ॥૨૬॥ રાજાના આદેશની જેમ પ્રિયાના વચનને આરાધતા એવા તેણે તે જ રીતે કર્યું તેથી રાખના સંયોગથી તે શ્વેત અંગુલીવાળો થયો. ॥૨૭॥ પસલી (ખોબા) વડે રાખને સૂપડા ભરી-ભરીને હંમેશાં બહાર કાઢતા તેને જોઈને લોક તેને શ્વેતાંગુલી કહેતા હતા. ॥૨૮॥

એક પુરુષ પોતાની પત્ની વડે કહેવાયો કે રાત્રીના છેલ્લા પ્રહરમાં જો હું પાણી માટે જઈશ તો બાલક રહેશે નહિ. ॥૨૯॥ તેથી હે સ્વામી ! તું જ હમણાં જ્યાં સુધી કોઈ જોવે નહિ ત્યાં સુધી જલ્દી પાણીના બે ઘડાને લઈને આવ. ॥૩૦॥ તે પણ આદેશની જેમ મસ્તક પર કુંભને જલ્દીથી સ્થાપીને પાણીને લાવવા માટે ગયો. સ્ત્રીને વશ શું ન કરે ? ॥૩૧॥ ઘટ વડે પાણીને ગ્રહણ કરવાથી થતા બુડ બુડ અવાજ વડે પાસેના વૃક્ષના માળામાં રહેલા બગલાઓ ઊડતા હતા. ॥૩૨॥ દરરોજ આ પ્રમાણે કરતો તે કોઈના વડે જોવાયો અને બગલાને ઉડાડનાર (બકોડ્ડાયી) આ પ્રમાણે તે ક્રિયા વડે સર્વત્ર પ્રકાશિત કરાયો. ॥૩૩॥

કોઈ પુરુષ પત્નીના વચનને કરી કરીને તેણીને વારંવાર હું શું કરું ? એ પ્રમાણે કહેતો હતો તે સાંભળીને લોકો વડે કિંકર આવા નામ વડે તે કહેવાયો. ॥૩૪॥

વળી સ્નાન કરવાની ઇચ્છાવાળો કોઈક ગ્રામ્ય પુરુષ પોતાની પત્ની વડે કહેવાયો. હે પ્રિય ! પુત્રને ખોળામાં લઈને બેઠેલી હું છું. ॥૩૫॥ આથી તેલના કચોળાને લાવીને તું મારી આગળ બેસ. હવે બેઠેલા એવા તેના મસ્તકમાં તેણીએ તેલને નાંખ્યું. ॥૩૬॥ અને કહ્યું, પોતાના હાથ વડે જ મસ્તકને ઘસો સ્વયં જ અંગોને ચોળો મારો હાથ પુત્ર વડે વ્યગ્ર છે. ॥૩૭॥ હે પ્રિય ! નદીમાં જઈને ઘણા પાણી વડે ગૌર માટી વડે સ્નાન કર. જેથી તને સુંદર સ્નાન થાય, વળી તીર્થસ્નાન પુણ્યને કરનારું છે. ॥૩૮॥ ત્યાર પછી તેની પ્રિયાના વૃત્તાંતને જાણીને અને નદીમાં સ્નાન કરતા તેને જોઈને તીર્થ સ્નાતક આ પ્રમાણે સર્વે લોકો તેને કહેતા હતા. ॥૩૯॥

થાળીની પાસે બેસીને અને પુત્રને ખોળામાં બેસાડીને કોઈક સ્ત્રી વ્યંજનાદિને ઇચ્છતા જમતાં પતિને કહેતી હતી. ॥૪૦॥ હે પ્રાણેશ ! તું અહીં આવ જે કારણથી આ તને આપું. આ તારો પુત્ર મને ઊઠવા દેતો નથી. ॥૪૧॥ ઊંચુ જોતો લજ્જા પામતો પ્રિયાએ કહેલા વચનને ખંડન નહીં કરતો. તે પુરુષ ગીધની જેમ ચાલતો પાસે જતો હતો અને તે જ પ્રમાણે પાછો ફરતો હતો. ॥૪૨॥ અને એ પ્રમાણે કરતા એવા તેને જોઈને તેથી સઘળા લોકો તેને ગૃદ્ધા વરિડ્ડિખી આ પ્રમાણે કહેતા હતા. ॥૪૩॥

હા દેવ ! પ્રિયા રોષાયમાન થયેલી છે. હું તેનો કેવી રીતે થઈશ. એ પ્રમાણે બોલતો છઠ્ઠો પુરુષ લોકો વડે હાદૈવક કહેવાયો. ॥૪૪॥ હવે હસતા એવા સર્વે ગોષ્ઠીજનોએ મોટેથી કહ્યું, સારું સારું હે ક્ષુલ્લક તારા વડે આ છએ પુરુષ જણાવાયા. ॥૪૫॥ હવે ક્ષુલ્લકને હાથ પકડીને દેવદત્તે કહ્યું, તું મને હલકો પાડ નહિ તને ઇચ્છા પ્રમાણે ઘણી સેવ આપીશ. ॥૪૬॥ ક્ષુલ્લકે કહ્યું, ભય વડે તું આપવાને માટે સમર્થ નથી. કારણ કે, તારા ઘરે વાઘણની જેવી પણ ભયંકર અનાર્ય ભાર્યા છે. ॥૪૭॥ તેણે કહ્યું, બહુ કહેવા વડે શું ? મારી સાથે ઘરે આવ. ત્યાર પછી તે બંને ત્યાં તેના ઘરે ગયા. ॥૪૮॥ ફરી ક્ષુલ્લકે તેને કહ્યું, તારી પત્ની મને આપશે નહિ. હું પહેલા પણ તારા ઘરે જઈને આવ્યો છું. તેથી તેણીને હું જાણું છું. ॥૪૯॥ તેથી હું એકક્ષણ ભ્રમણના શ્રમના સમૂહથી પીડિતની જેમ દ્વારની છાયામાં હું રહું છું. ॥૫૦॥ વળી, તું અંદર જઈને તારી ભાર્યાને કોઈપણ બહાનાથી માળીયા પર ચઢાવીને નિસરણીને દૂર કરીને મને બોલાવજે. ॥૫૧॥

હવે દેવદત્તે અંદર જઈને આક્ષેપ સહિત પત્નીને કહ્યું. હજું પણ આસનોને માળિયા પરથી કેમ નથી ઉતાર્યા. ॥૫૨॥ ત્યાર પછી તે માલા પર ચઢી. તેણે વળી નિસરણીને દૂર કરી, દેવદત્તે ક્ષુલ્લકને ઇચ્છિત આપવા માટે બોલાવ્યો. ॥૫૩॥ ક્ષુલ્લક પણ અંદર પ્રવેશીને મોટેથી ધર્મલાભ બોલ્યો તે સાંભળીને તેણી જેટલામાં આવી તેટલામાં આગળ નિસરણીને જોઈ નહિ. ॥૫૪॥ ત્યાં રહેલી પણ કોપથી કંપાયમાન

શરીરવાળી તેણીએ નોકરોને કહ્યું. અરે ! અરે ! જલ્દી આ દુર્મુખને બહાર કાઢો. ॥૫૫॥ દેવદત્તે વળી સેવાદી તે ક્ષુલ્લકને ઇચ્છા પ્રમાણે આપ્યા અને ત્યાં રહેલા ક્ષુલ્લકે તેણીના દેખતા ગ્રહણ કર્યા. ॥૫૬॥ તેણીના જોતા તેણે તર્જની આંગળી નાસિકા ઉપર ફેરવી અને પૂર્ણ થયેલી પોતાની પ્રતિજ્ઞાવાળો સાધુ હે ધૃષ્ટા ! એ પ્રમાણે બોલ્યો. ॥૫૭॥

હવે માનરૂપી મહાધનવાળા તે મુનિ પોતાના ઉપાશ્રયમાં જઈને સેવ-ખાંડ, ઘી વડે ત્યારે બીજા મુનિઓને ઇચ્છા પ્રમાણે ભોજન કરાવ્યું. ॥૫૮॥

માનથી રહિત મુનિઓને તે આ માનપિંડ કલ્પે નહિ. ઝંપાપાત કરવા દ્વારા અતિરોષને વશ કદાચ તેણી મરે. તેથી ખરેખર આ પાપ છે. ॥૫૯॥

માનપિંડનું ઉદાહરણ કહેવાયું, હમણાં માયાપિંડનું ઉદાહરણ કહેવાય છે.

રાજગૃહ નામનું નગર હતું. જ્યાં કોડો ધજાના સમૂહ વડે અદૃશ્ય થયેલો સૂર્ય લોકોને સંતાપ કરતો નથી. ॥૧॥ ત્યાં ગચ્છમાં રોહણાચલ પર્વતમાં રત્નની જેમ ધર્મરૂચિ ગુરુના અષાઢાભૂતિ નામના શિષ્ય હતા. ॥૨॥ જે મુનિ વાણીની લબ્ધિ વડે સરસ્વતી જેવા, રૂપ વડે કામદેવ સમાન, બુદ્ધિ વડે બૃહસ્પતિ સમાન અને વિજ્ઞાન વડે બ્રહ્મા સમાન હતા. ॥૩॥ ઘણું કહેવા વડે શું ? તેવા પ્રકારના કર્મના વિપાકથી વિજ્ઞાન-વેષ-ભાષાદિ એવું કાંઈ ન હતું કે જે તે મુનિ પાસે ન હોય. ॥૪॥ એક દિવસ વિચરતા તે મુનિ શ્રેષ્ઠ નટાવાસમાં ગયા ત્યાં મનને હર્ષિત કરનારા એવા મનોહર મોદક (લાડવા) ને પ્રાપ્ત કર્યા. ॥૫॥ તેના ઘરેથી નીકળતા મુનિએ રસની લોલુપતા વડે વિચાર્યું. આ મોદક તો ગુરુનો થશે, વળી મારો નહિ. ॥૬॥ ત્યાર પછી માયા પ્રપંચને જાણનારા તે મુનિ શુક્રના રૂપને કરીને ફરી તે ઘરમાં ગયા અને મોદકને મેળવ્યો. ॥૭॥ ફરી દ્વારમાં આવેલા તેમણે વિચાર્યું. આ મોદક ઉપાધ્યાયનો થશે. હવે તે મુનિએ કુબ્જના રૂપ વડે ફરી જઈને મોદકને પ્રાપ્ત કર્યો. ॥૮॥ ફરી પણ વિચાર્યું આ મોદક ક્ષુલ્લક (બાળમુનિ)નો થશે તેથી વૃદ્ધના રૂપ વડે ફરી મોદકને ગ્રહણ કર્યો. ॥૯॥ અને તે મુનિનું આ આચરણને ગવાક્ષમાં રહેલા નટે જોઈને વિચાર્યું. ખરેખર આ મુનિ વૈક્રિય લબ્ધિવાળા છે. ॥૧૦॥ તેથી જો આ નટ (મુનિ) કોઈપણ રીતે અમારા થાય તો માનવી તો દૂર રહો, દેવો પણ પોતાના ધનને આપી દે. ॥૧૧॥

હવે ત્યારે નટે તેને આવર્જન કરવા માટે જલ્દીથી ઉપાયને વિચાર્યો. જેથી મહાપુરુષો પણ લોભરૂપી પાશક વડે બંધાય છે. ॥૧૨॥ જો કે સ્વીકારેલા વ્રતવાળા આ મુનિને ધન વડે કાર્ય નથી. તો પણ આ ક્રિયા વડે રસમાં આસક્તિ દેખાય છે. ॥૧૩॥ ઘીની આહુતિ વડે જેમ અગ્નિ તેમ રસની ગૃદ્ધીવાળાને સ્નિગ્ધ આહાર વડે પ્રાયઃ કરીને મનમાં કામ પણ પ્રગટ થાય છે. ॥૧૪॥ તેથી હાસ્ય અને વિલાસાદિ તંતુઓ વડે વણાવેલી રજ્જુ જેવી બે પુત્રી વડે બંધાયેલ આ મારે વશ થશે. ॥૧૫॥

આ પ્રમાણે વિચારીને ઘરની બહાર નીકળતા તે સાધુને સન્માન સહિત ભક્તિમાન સુશ્રાવકની જેમ તે નટે બોલાવ્યા. ॥૧૬॥ હવે જાણે કલ્પવૃક્ષના ફલનો સમૂહ ન હોય તેવા અતિશિખાવાળા મોદકના થાલ વડે તે નટે મુનિને પડિલાભ્યા. ॥૧૭॥ અને આ પ્રમાણે પ્રાર્થના કરી કે, 'હે ભગવન્ ! મહેરબાની કરીને તમારા વડે મારા આવાસમાં દરરોજ ભિક્ષાને માટે આવવા યોગ્ય છે. ॥૧૮॥ હવે તે સાધુ ગયે છતે તે નટે વિસ્મય સહિત મુનિનું તે સઘળું વિજ્ઞાન પ્રિયાને જણાવ્યું. ॥૧૯॥ અને પોતાની પ્રતિજ્ઞાને જણાવીને તેણીને આ

પ્રમાણે શીખવાડ્યું કે તારા વડે અત્યંત રીતે આ સેવા કરવા યોગ્ય છે. આ સેવા ખરેખર કામણ કરનાર છે. ॥૨૦॥ રતિ અને પ્રીતિ સમાન પુત્રીને પણ કહ્યું કે તે પ્રમાણે આ મુનિને ક્ષોભ પમાડો જેથી આ જલ્દી તમારે વશ થાય. ॥૨૧॥ આગતા સ્વાગતા કરતી તે નટી વશ કરવાના ઔષધ સમાન મોદકાદિ આહાર વડે તે મુનિને હંમશાં ઘણો આદર કરતી હતી. ॥૨૨॥ વિવેકરૂપી બખ્તરથી રહિત એવા તે મુનિના વ્રતરૂપી પ્રાણોને કાઢવા માટે બંને પુત્રીઓ પણ કટાક્ષાદિ કામના શાસ્ત્રો વડે તે મુનિને હણાતી હતી. ॥૨૩॥ પ્રાયઃ કરીને ગયેલા વ્રતના પ્રાણવાળા અને તેથી જ તે પુત્રીઓને વિષે રહેલા મનવાળા અને મર્યાદા રહિત તે મુનિ તે બંનેની સાથે હાસ્યને કરે છે. ॥૨૪॥ એક દિવસ કામરૂપી ગ્રહથી વીંટળાયેલા, આલિંગનાદિ ક્રિયાના અભિલાષી એવા તે મુનિને જાણીને નટની પુત્રીઓએ તેને કહ્યું. ॥૨૫॥ 'હે સુભગાગ્રિમ ! જો તમને અમારા બંને વડે પ્રયોજન હોય તો હમણાં પરિવ્રજ્યાને છોડીને અમને બંનેને પરણો. ॥૨૬॥ અને એટલામાં ચારિત્ર મોહનીય કર્મનાં ઉદયથી મુનિનું કુલનું અભિમાન પણ ગયું અને શ્રુતરત્ન અર્થાત્ શ્રુત પણ ભૂલાયું. ॥૨૭॥

હવે તેણીના રૂપ અને યૌવનથી આકર્ષાયેલા તેણીના વચનને સ્વીકારીને તે પોતાના અભિપ્રાયને એકાન્તમાં ગુરુને કહ્યો. ॥૨૮॥ તે સાંભળીને ગુરુએ વિચાર્યું. હા ! કામના પ્રગટપણાને ધિક્કાર થાઓ કે જેના વડે તત્ક્ષણ જે આમના જેવાઓનું પણ માહાત્મ્ય હરાય છે. ॥૨૯॥ ત્યાર પછી વિષયરૂપી આશા વિષના આવેગને હરવા માટે તેની અનુકંપા વડે ધર્મરૂચિ ગુરુએ તે મુનિને અમૃતની ઉપમાવાળા વચનો વડે કહ્યું. ॥૩૦॥ તું ઉત્તમ ગુરુનો શિષ્ય છે, તું ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલો છે, તું ઉત્તમ શ્રુતજ્ઞાનવાળો છે હે વત્સ ! તારી આ કેવી બુદ્ધિ ? ॥૩૧॥ દુઃખે કરીને પાલી શકાય તેવા શીલરૂપી પાણીને લાંબાકાળ સુધી તેં પાલન કર્યું. તેં તપને પણ તપ્યો અને પરિષહોને પણ જીત્યા. ॥૩૨॥ એ પ્રમાણે ધર્મવીર એવો પણ તું શા માટે કામદેવ વડે જીતાય છે ? બે હાથ વડે સમુદ્રને તરીને શા માટે તું ખાબોચિયામાં ડૂબે છે. ॥૩૩॥ ભીના થયેલા લોચનવાળા આષાઢાભૂતિએ ગુરુને કહ્યું, 'હે પ્રભુ ! હું પણ આ જાણું છું. પરંતુ હમણાં હું મૂઢ થયો છું. ॥૩૪॥ હે પ્રભુ ! મહામોહરૂપી સર્પથી ડંસાયેલા પ્રાણીઓને અરિહંત રાજા સંબંધી પણ વ્યાખ્યા મંત્ર શું સમર્થ છે ? ॥૩૫॥ સૂર્ય ઊગતે છતે પણ જેમ ઘુવડ અન્ધ થાય છે. તેની જેમ હે પ્રભુ ! હમણાં મને પણ આપ ધર્મને અયોગ્ય જાણો. ॥૩૬॥ તેથી તમારા ચરણની સેવાના પુણ્યથી હીન, દુરાશયવાળા મને હે પૂજ્ય ! આજ્ઞા આપો. જેથી પોતાના કર્મના ફલને ભોગવનારો થાઉં. ॥૩૭॥ હવે તેના અતિ આગ્રહને જાણીને ગુરુએ કહ્યું, 'હે વત્સ ! મોક્ષવૃક્ષના બીજસમાન સમ્યક્ત્વમાં તું દ્રઢ બનજે. ॥૩૮॥

હવે પ્રવ્રજ્યાને છોડીને બંને નટપુત્રીને પરણ્યો. ત્યાર પછી તે સર્વનટોના નાટ્ય શિક્ષાનો ગુરુ થયો. ॥૩૯॥ અને તેના વડે રંજિત થયેલા રાજાઓ અદ્‌ભુત દાનને આપે છે તે ધન વડે સસરાનો આવાસ તેણે કુબેરના આવાસ જેવો કર્યો. ॥૪૦॥ હવે તુષ્ટ થયેલો નટ પોતાની બંને પુત્રીને આદર સહિત શિખામણ આપી આ ઉત્તમપ્રાણી પ્રયત્નથી સેવા કરવા યોગ્ય છે. ॥૪૧॥ જોકે ભાગ્યથી કોઈપણ રીતે આના વડે પોતાનો માર્ગ છોડાયેલો છે. તો પણ કાંઈપણ તમારું ખોટું કાર્ય જોઈને આ જલ્દી વિરાગી થશે. ॥૪૨॥ તે કારણથી અપેય પીવા યોગ્ય નથી. અભક્ષ્ય ભક્ષણ કરવા યોગ્ય નથી અને હંમેશાં સદાચારથી પવિત્ર બનીને તમારા બંને વડે રહેવા યોગ્ય છે. ॥૪૩॥ હંમેશાં આ બુદ્ધિશાળી નવા શૃંગારના સારભૂત અંગવાળી તમારા બંને વડે તેની આજ્ઞાને અનુસરવા વડે ઇષ્ટ દેવતાની જેમ આરાધવા યોગ્ય છે. ॥૪૪॥ તે પિતાની શિખામણને પ્રાપ્ત કરીને વિશેષથી તે બંને પણ તન્મયતા વડે તેના ચિત્તને હંમેશાં આરાધતી હતી. ॥૪૫॥

એક દિવસ તે નગરના સ્વામી સિંહરથ નામના રાજાએ તે નટને સ્ત્રી રહિતનું નાટક કરવા માટે આદેશ કર્યો. ॥૪૬॥ તેથી તે અષાઢાભૂતિ તે બંને પ્રિયાને મૂકીને નટના સમૂહથી યુક્ત રાજાના ધામમાં ગયા. ॥૪૭॥

હવે નટની પુત્રીઓએ અમારો પતિ લાંબા કાળે પાછો આવશે એમ જાણીને ઇચ્છા પ્રમાણે કંઠ સુધી મદિરાને પીધી. ॥૪૮॥ ત્યાર પછી વાસગૃહની અંદર તે બંને સ્ત્રીઓ મદથી વિહ્વળ થયેલી છુટા વિખરાયેલા વાળના સમૂહવાળી, નીકળી ગયેલા વસ્ત્રવાળી, ચારે બાજુએ પ્રસરતી દુર્ગંધવાળી, માખીના સમૂહથી વ્યાપ્ત આમ તેમ હાથપગને પછાડતી મરેલાની જેમ પૃથ્વી પર આળોટતી હતી. હવે આ બાજુ રાજાને ત્યારે નાટકનો અવસર ન હતો. તેથી આષાઢાભૂતિ પાછા ફરીને પોતાના ઘરે આવ્યા. ॥૪૯॥૫૦॥૫૧॥

હવે વાસઘરમાં પ્રવેશતા મદ્યની દુર્ગંધથી બાધિત આષાઢાભૂતિએ તે અવસ્થાવાળી બંને પ્રિયાને આગળ જોઈ. ॥૫૨॥ ત્યાર પછી ત્યારે જ ઉત્પન્ન થયેલા ભવના વૈરાગ્યવાળા તેમને વિચાર્યું કે, 'હે જીવ ! કોડો ભવમાં ભમતાં તારા વડે સ્વર્ગ અને અપવર્ગના કારણભૂત પૂર્વે કયારેય પણ પ્રાપ્ત નહિ થયેલું એવા પ્રકારનું પણ ચારિત્રને પામીને જે બંને માટે છોડાયું. ॥૫૩॥૫૪॥ એકાંતે અસાર, જોવાને માટે અયોગ્ય, સર્વ અશુચિના ભંડારરૂપ એવી તે બંનેનું સ્વરૂપ. હે આત્મન્ ! તું જો. ॥૫૫॥ અથવા અજ્ઞાની એવા તારો આ અપરાધ કે જેના વડે મોહિત થયેલો તું મોક્ષમાર્ગને છોડીને નરકના માર્ગ વડે ચાલ્યો. ॥૫૬॥ હજું પણ તારી ભવિત વ્યતા અનુકૂલ છે તેમ હું માનું છું કે જેના વડે હમણાં આવા પ્રકારનું સ્વરૂપ આ તારા વડે જોવાયું. ॥૫૭॥ તેથી તું જો આ પ્રમાણે જાણે છે તો જ્યાં સુધી જરા (ઘડપણ) પીડતી નથી, જ્યાં સુધી રોગો વડે તું પીડાયો નથી અને જ્યાં સુધી મૃત્યું આવ્યું નથી. ॥૫૮॥ ત્યાં સુધી હમણાં પણ તું પ્રયત્નથી સ્વહિતને કર. શત્રુથી નષ્ટ થયેલો પણ પાછો ફરેલો સુભટ ખરેખર જય પામે છે. ॥૫૯॥

આ પ્રમાણે ભાવના ભાવી ભાવીને વૈરાગ્યના સંગથી મંદિરથી નીકળતા મુનિ કોઈપણ રીતે નટ વડે જોવાયા. ॥૬૦॥ હવે હોંશિયાર, ચિત્તને જાણનાર એવા તે નટે તે મુનિના આશયને જાણીને આશંકા સહિત ક્ષણવારમાં જેટલામાં તે વાસ ઘરમાં ગયો. ॥૬૧॥ તેટલામાં તેવી અવસ્થાવાળી પોતાની પુત્રીઓને જોઈને ખેદ પામેલા તેણે કહ્યું, 'હે પાપીઓ ! તમારા વડે શું કરાયું ? વિરાગી થયેલો તમારા બંનેનો પતિ જાય છે. ॥૬૨॥ હવે તે વચનથી જલ્દીથી ઉતરી ગયેલા મદવાળી તે બંનેએ સંભ્રાન્તથી પિતાને પૂછયું આ અમારો પ્રિય કયાં જાય છે ? ॥૬૩॥ કયાં જાય છે ? નટે કહ્યું, તેના વડે શું ? તેનો આશય મારા વડે જણાયો છે. તે તમારા બંને વડે વિરક્ત થયેલો યુગાન્તે પણ પાછો ફરશે નહિ. ॥૬૪॥ પરંતુ પગને પકડીને કહો કે, હે નાથ ! જોકે તમે વિરકત થયેલા છો તો પણ અમારા બંનેની નિર્વાહની ચિંતા કરીને પછી સ્વાર્થને કરનાર થાઓ. ॥૬૫॥ હવે તે બંનેએ દોડીને તેના પગમાં પડીને કહ્યું, 'હે કરુણાનિધિ ! હે નાથ ! અનાથ એવી અમને છોડીને તું કયાં જાય છે ? ॥૬૬॥ હે સ્વામી ! અમારા બંનેનો આ એક પહેલો અપરાધ ખમો. જે કારણથી દોષની ખાણ એવા મનુષ્યને વિષે મહા-પુરુષો ક્ષમાવાળા હોય છે. ॥૬૭॥ હે હૃદયેશ ! એકવાર પાછા ફરો. તેણે તેણીને કહ્યું, 'હમણાં પ્રાણના ત્યાગે પણ આ થશે નહિ. ॥૬૮॥ જો શલ્લકીના મનોહરવનવાળા વિન્ધ્યાચલને છોડીને હાથી, નથી પ્રાપ્ત થયું ઘાસ માત્ર એવા પામર સ્થાનને કેમે કરીને પામેલો શું ક્યારે ય ત્યાં જ રતિને બાંધે ? અથવા તો વિન્ધ્યને જ સ્મરણ કરતો તે તરફ જતો શું કોઈના પણ વડે પાછો ફેરવાય ? ॥૬૯॥૭૦॥ તે બંનેએ તેના આગ્રહને જાણીને પિતાના આદેશને કહ્યો અને તેના વડે પણ સ્વીકારાયું. કારણ કે, સજ્જન પુરુષો દીન પ્રત્યે વાત્સલ્યવાળા હોય છે. ॥૭૧॥ તેથી પાછા ફરીને

બુદ્ધિશાલી એવા આષાઢાભૂતિએ સાત દિવસ વડે વીર શાંત અને અદ્‌ભુત રસો વડે ભરતેશ્વર નાટકને કર્યું. ॥૭૨॥ હવે તેમણે સસરા દ્વારા સિંહરથ રાજાને કહેવડાવ્યું. રાજાએ પણ કહ્યું. મારી આગળ જલ્દીથી તે નાટકને કરો. ॥૭૩॥

તેથી નટે (આષાઢાભૂતિએ) કહ્યું, 'હે રાજન્ ! આ નાટકની સામગ્રી દુઃખે કરીને પ્રાપ્ત કરી શકાય તેવી છે. રાજાએ કહ્યું, 'તમે બોલો હું તે સામગ્રી કરીશ. ॥૭૪॥ નટે ફરી પણ કહ્યું, જો આ પ્રમાણે છે તો હે રાજન્ ! ગુણોના ભંડાર એવા પાંચસોની સાથે નૃત્ય કરાય છે. ॥૭૫॥ તેથી હે રાજન્ ! પાંચસો રાજપુત્ર અર્પણ કરો અને તેઓને માટે સારભૂત એવા અલંકારો અને વસ્ત્રોને પણ આપો. ॥૭૬॥ ત્યાર પછી નાટકને જોવા માટે કુતુહલવાળા એવા રાજાએ તેના વડે મંગાયેલ રાજપુત્રાદિ અને અન્ય પણ સર્વે વસ્તુઓ આપી. ॥૭૭॥ ત્યાર બાદ તે રાજપુત્રો વડે યુક્ત, ભરતેશ્વરના વેષને ભજવનારા તે આષાઢાભૂતિએ રાજાની આગળ તે નાટકને કર્યું. ॥૭૮॥ જેમ માગધ-વરદામ અને પ્રભાસ તીર્થને ભરતેશ્વરે સાધ્યું અને સેનાનીએ સિંધુ નદીના તટને સાધ્યું. ॥૭૯॥ અને વૈતાઢયની તમિસ્રા ગુફા વડે નીકળીને મેઘકુમારોને જીતીને મધ્યખંડને વશ કર્યું. ॥૮૦॥ અને ઋષભકુટ ગિરિમાં જેમ પોતાનું નામ લખ્યું અને ગિરિની ખંડપ્રપાત ગુફા વડે પાછા ફર્યા. ॥૮૧॥ જેમ સેનાની વડે ગંગાનદીના તટને સાધ્યું. નવ નિધિને પ્રાપ્ત કરી અને જેમ બાર વર્ષ અભિષેક થયો. ॥૮૨॥ જે પ્રમાણે અહીં ષટ્‌ખંડ ભરત ક્ષેત્રના અધિપતિ ભરત ચક્રવર્તીએ વિપુલ ભોગોને ભોગવ્યા અને સામ્રાજ્ય સુખને અનુભવ્યું. ॥૮૩॥ ઇત્યાદિ પ્રકારે અતિરસવાળા અદ્‌ભુત અભિનયને કરતા તેના વડે પરિવાર સહિત રાજા અત્યંત ખુશ કરાયો. ॥૮૪॥ ત્યારે રાજાએ અને અન્ય લોકોએ તેને તે પ્રકારે દાન આપ્યું કે, જેથી મળેલા તે ધન વડે એક નવો પર્વત થયો. ॥૮૫॥

ત્યારે નાટકના રસના આવેશ વડે દાન આપવાથી સર્વે પણ રાજાઓ આદિ જાણે માત્ર વસ્ત્રરૂપી ધનવાળા જ થયા. અર્થાત્ પહેરેલા વસ્ત્ર સિવાય બધું જ દાનમાં આપી દીધું. ॥૮૬॥ ત્યાર પછી ક્રમથી આષાઢાભૂતિ આદર્શ ઘરમાં જઈને મુદ્રિકારત્નના પડવા આદિના અભિનયના ક્રમથી તે પાંચસો પાત્રોની સાથે સાધુવેષને ગ્રહણ કરીને અને એકાએક મસ્તકને વિષે પંચમુષ્ટિક લોચ કરીને હવે રાજાને ધર્મલાભના આશિષને આપીને નીકળ્યા અને ત્યાર બાદ તે બંને નટપુત્રીઓએ તે સર્વે ધનને ગ્રહણ કર્યું. ॥૮૭-૮૮-૮૯॥ ત્યાર પછી હા ! આ શું ? એ પ્રમાણે બોલતા સર્વે રાજાદિક લોકોએ તેને અતિ આદરથી બાહુથી પકડીને પાછા ફરવા માટે કહ્યું. ॥૯૦॥ તેઓને આષાઢાભૂતિએ પણ આ પ્રમાણે કહ્યું જો ગ્રહણ કરેલી દીક્ષાવાળા ભરત મહારાજા નિવૃત્ત થયા હોય તો મને પણ પાછા ફેરવો. ॥૯૧॥

ત્યાર પછી સર્વથા પારમાર્થિક તેના ભાવને જાણીને પાછા ફરવાના આગ્રહને મૂકીને તેઓ વડે મૂકાયેલા તે ચાલ્યા. ॥૯૨॥ કુલના અભિમાન અને લજ્જાદિ વડે તે રાજાપુત્રોએ પણ ભાવ ન હોવા છતાં પણ વ્રતને છોડ્યું નહિ. પાછળથી તેઓને ભાવ થયો. ॥૯૩॥ અષાઢાભૂતિ ગુરુની પાસે આવીને ત્યાર પછી આ દુષ્કૃતની આલોચના કરીને ઉગ્રતપ કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને ક્ષય થયેલા સર્વે કર્મવાળા પરમાર્થરૂપ શિવપદને પામ્યા. ॥૯૪॥ અત્યંત જ્ઞાન-વિજ્ઞાનને ધારણ કરનારા આષાઢાભૂતિને પણ જે આ માયાપિણ્ડ દોષને માટે થયો. તે કારણથી તે આ માયાપિણ્ડ મોક્ષ સુખને ઇચ્છનારાઓએ દૂરથી ત્યાગ કરવા યોગ્ય છે. ॥૯૫॥

માયાપિણ્ડ કહેવાયો. હમણાં લોભપિણ્ડનું દૃષ્ટાંત સ્પષ્ટ કરાય છે.

ઘણા માહાત્મ્યને ધારણ કરનારા, શ્રુતના પારગામી, ભાવનાથી ભાવિત આત્માવાળા એવા ધર્મસૂરિ નામના ગુરુ હતા. ॥૧॥ તેઓને નષ્ટ કર્યા છે સઘળા પાપને જેને એવા, સર્વે સાધ્વાચારમાં કુશલ, સુદૃઢ ક્રિયાવાળા એક શિષ્ય હતા. ॥૨॥ મમતા રહિત, સ્પૃહા રહિત, ક્ષમાવાળા, સરલ, અહંકાર રહિત, પવિત્ર, સત્યવાણી બોલનારા, બ્રહ્મવ્રતને પાલવામાં તત્પર, તપ અને સંયમમાં લીન આત્માવાળા, બે પ્રકારના પરિગ્રહથી રહિત, હંમેશાં અધ્યયનમાં આસક્ત સુસાધુઓને વિષે પ્રાપ્ત કરેલી રેખાવાળા આવા તે મુનિ એક દિવસ એકાકી ગોચરી માટે ગયેલા કોઈપણ રીતે લોભ નામના પિશાચ વડે છેતરાયા. ॥૩॥૪॥૫॥ ત્યાર પછી લોભને વશ એવા તે મુનિએ આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી કે મારા વડે આજે સિંહકેસરિયા મોદક ગ્રહણ કરવા યોગ્ય છે. ॥૬॥ નહિ પ્રાપ્ત થયેલા ઇચ્છિત મોદકવાળા તે મહાઋષિ કાંઈપણ બીજું નહિ ગ્રહણ કરતા ઘરે ઘરે પ્રવેશીને પાછા નીકળતા હતા. ॥૭॥

હવે પ્રબલ થયેલા લોભ વડે સાંજની કાલવેલાને પામીને આ મુનિ વિહવળ કરાયા. ॥૮॥ ત્યાર પછી આ મુનિ ઘરના આંગણામાં ગયેલા સર્વત્ર ધર્મલાભના સ્થાને સિંહકેસરિયા-સિંહકેસરિયા આ પ્રમાણે બોલતા હતા. ॥૯॥ આ પ્રમાણે ભમતા એવા તે મુનિને રાત્રીનો એક પ્રહર પસાર થયો તો પણ વિકલતાથી વિહવળ થયેલા તેમને કાંઈ ખબર ન પડી. ॥૧૦॥ ત્યારે તે પ્રમાણે રહેલા તે સાધુને જોઈને શાસનદેવીએ વિચાર્યું કે આ મુનિ મિથ્યાદૃષ્ટિ દેવતા વડે ઠગાવ નહિ. ॥૧૧॥ ત્યાર પછી જિનશાસનની રખવાળી એવી તે દેવી મુનિના પ્રબોધ માટે માર્ગમાં ઘરને કરીને મનુષ્ય સંબંધી શરીરને ધારણ કરતી રહી. ॥૧૨॥ આવતા તે મુનિને જોઈને ઊઠીને જલ્દીથી સિંહ કેસરિયા મોદકો વડે ભરેલા સ્થાલને ગ્રહણ કરીને આવી. ॥૧૩॥ સુગંધી દ્રવ્યોથી મિશ્રિત પોતાને ઇચ્છિત એવા તે મોદકોને જોઈને તે મુનિ પણ થોડી સ્વસ્થતા પામ્યા. ॥૧૪॥ તેણીએ પણ થાળને પૃથ્વી પર મૂકીને મુનિને વંદન કરીને કહ્યું. હે ભગવન્ ! મને પોરસીનું પચ્ચખાણ કરાવો. ॥૧૫॥

કાલના પ્રમાણને જાણવાની ઇચ્છા વડે મુનિએ પણ ઊંચે જોઈને રાત્રિ છે એ પ્રમાણે જાણીને તેણીને કહ્યું, 'હે ભદ્રે ! શું હમણાં રાત્રિ વર્તે છે ? ॥૧૬॥ તેણીએ કહ્યું શું રાત્રિમાં ભિક્ષાને માટે મુનિનું ભ્રમણ થાય ? ત્યાર પછી ઉત્પન્ન થયેલી ચેતનાવાળા (બોધ પામેલા) મુનિપુંગવ લજ્જા પામ્યા. ॥૧૭॥ તે મુનિએ કહ્યું, હે ભદ્ર ! મને તું સારું સ્મરણ કરાવનારી છે. જો તેં મને યાદ ન કરાવ્યું હોત તો છલનાદિ વડે હું વ્રતથી પણ ભ્રષ્ટ થાત. ॥૧૮॥ આથી આ અતિચારને હું ગુરુની પાસે આલોચીશ અને શુદ્ધિ કરનારા ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરીશ. ॥૧૯॥ ત્યાર પછી તે શાસનદેવીએ પોતાના દિવ્યરૂપને પ્રકાશીને ઘણી ભક્તિ વડે માર્ગમાં આવેલા તે મુનિને વંદન કર્યું ॥૨૦॥ અને નમીને આ પ્રમાણે કહ્યું, તમોને બોધ પમાડવા માટે મારા વડે આ કરાયું. આમ કહીને ક્ષણમાત્રમાં તે દેવી અદૃશ્ય થઈ. ॥૨૧॥ હવે પોતાની શુદ્ધિ માટે મુનિપણ ગુરુની પાસે ગયા. આ પ્રમાણે ઈષ્ટ મેળવવાને માટેનો પણ આ લોભપિંડ અનર્થને આપનાર છે. ॥૨૨॥ કેટલાક મુનિઓને બોધ પમાડવા માટે શાસન દેવતા આ પ્રમાણે પાસે આવે છે. તેથી સાધુઓ વડે તે લોભપિંડનું ગ્રહણ તો દૂર રહો પણ તે લોભપિંડ મન વડે પણ ચિંતવવા યોગ્ય નથી.

આ પ્રમાણે લોભપિંડની કથા :

(૧૧, ૧૨) દાનની પૂર્વે અથવા પાછળથી દાતારની સ્તુતિ કરવા વડે અથવા સ્વજનરૂપ સંબંધ ઘટના વડે અથવા પૂર્વના સંબંધી માતા-પિતાદિ વિષયના અથવા પાછળના સંબંધી સાસુ-સસરાદિ વિષયના સંબંધથી પ્રાપ્ત કરાયેલ પિંડ તે પૂર્વ-પશ્ચાત્ત સંસ્તવપિંડ (૧૩) વિદ્યા-મંત્ર-ચૂર્ણ-યોગાદિ વડે પ્રાપ્ત થયેલ વિદ્યાદિપિંડો તેમાં હોમાદિથી સાધ્ય હોય તે વિદ્યા (૧૪) પાઠ સિદ્ધ તે મંત્ર (૧૫) અંજનાદિ તે ચૂર્ણ (૧૬) પાદ પ્રલેપાદિ તે યોગ

ઉત્પાદના દોષમાં પિંડને પ્રાપ્ત કરવામાં લુબ્ધ એવા સાધુ વડે કરાતા સોળ દોષ, વળી ગર્ભને સ્તંભિત કરવો, ગર્ભનું આધાનાદિ કે જે કરવા વડે મૂલ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત કરાય છે. તેના વ્યાપાર અને તેના વિધાનથી પ્રાપ્ત પિંડ તે મૂલકર્મ પિંડ ॥૧૨૩॥

હવે એષણાના દોષોને કહે છે.

[૧]સંકિય [૨]મક્ખિય [૩]નિક્ખિત્ત, [૪]પિહિય [૫]સાહરિય [૬]દાયગુમ્મીસે ય[૭] ।
[૮]અપરિણય[૯]લિત્તછડ્ડિય[૧૦], એસણદોસા દસ હવંતિ ।।૧૦।। (૧૨૪)

ગાથાર્થ : શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર અપરિણત, લિપ્ત, છર્દિત આ પ્રમાણે એષણાના દસ દોષો હોય છે. ॥૧૨॥ (૧૨૪)

ભાવાર્થ : (૧) આધાકર્માદિ દોષ વડે શંકાવાળું તે શંક્તિ (૨) પૃથ્વીકાયાદિ વડે ખરડાયેલા હાથ અથવા પાત્ર આદિ વડે અપાતું તે મ્રક્ષિત (૩) પૃથ્વીકાયાદિમાં નંખાયેલ તે નિક્ષિપ્ત (૪) સચિત્ત ફલાદિ વડે ઢંકાયેલ તે પિહિત (૫) દાનમાં નહિ દેવા યોગ્ય વસ્તુ પૃથ્વીકાયાદિ સચિત્ત ઉપર નાખીને તે ખાલી કરેલ ભાજનથી નિર્દોષ એવા આહારાદિ આપવા તે સંહૃત (૬) આપનાર અન્ધાદિ હોય તો તેના હાથે અન્નાદિ ગ્રહણ કરવું યતિને કલ્પે નહિ તે દાયક (૭) સચિત્તથી મિશ્ર તે ઉન્મિશ્ર (૮) જે સારી રીતે અચિત્ત ન થયું હોય તે અપરિણત, (૯) જેનાથી ચીકાશ વિગેરે લેપ લાગે તે દહીં આદિથી લેપાયેલું તે લિપ્ત. આવું પણ કારણ વિના ગ્રહણ ન કરવું જોઈએ, જેથી કહ્યું છે કે,

અલેપકૃત લેવું જોઈએ. લેપકૃત લેવાથી પશ્ચાત્ કર્માદિ દોષ લાગે છે. અલેપકૃત દ્રવ્ય લેવાથી રસની આસક્તિનો પ્રસંગ નથી આવતો અને વાપરવા છતાં બ્રહ્મચર્યને પણ આંચ નથી આવતી ॥૧॥

અલેપ કૃત દ્રવ્યને લેવાથી ગુણ થાય છે કે હાથ, માત્રકને ધોવા પડતાં નથી. (૧૦) ઘી-દૂધાદિને ઢોળતાં વહોરાવે તે છર્દિત

એષણાના દોષો ગૃહસ્થ અને સાધુથી ઉત્પન્ન થયેલા આ દસ થાય છે અને સર્વે દોષો ભેગા કરવાથી ૪૨ દોષ થાય છે. ॥૧૨૪॥

આ દોષોથી વિશુદ્ધ જ પિંડને ગ્રહણ કરવો જોઈએ. તેની વિશુદ્ધિના વિષયમાં વિશેષને કહે છે.

એયદોસવિમુક્કો, જઈણ પિંડો જિણેહિં ણુન્નાઓ ।
સેસકિરિયાઠિયાણં, એસો પુણ તત્તઓ નેઓ ।।૧૧।। (૧૨૫)

ગાથાર્થ : આ દોષોથી રહિત પિંડ યતિઓને જિનેશ્વરો વડે અનુજ્ઞા કરાયેલ છે. શેષ ક્રિયા કરનારાઓને આ વળી તત્ત્વથી જાણવા યોગ્ય છે. ॥૧૧॥ (૧૨૫)

ભાવાર્થ : આ ઉપર કહેલા દોષો વડે રહિત પિંડ યતિઓને જિનેશ્વરો વડે અનુજ્ઞા કરાયેલ છે. પિંડવિશુદ્ધિ ઉત્તરગુણ હોવાથી શેષ ક્રિયામાં રહેલાઓને, મૂલગુણના વ્યાપારનું અનુષ્ઠાન કરનારાઓને વળી આ તત્ત્વથી પરમાર્થ વડે જાણવા યોગ્ય છે. મૂલના અભાવમાં ઉત્તરગુણો અકિંચિત્કર હોવાથી. ॥૧૧॥૧૨૫॥

ગૃહસ્થ વડે ભક્તિથી કરાયેલ આધાકર્મને ત્રણ પ્રકારે શુદ્ધ એવા સાધુને ગ્રહણ કરતા શું દોષ થાય ? તો કહે છે.

जस्सट्ठा आहारो, आरंभो तस्स होइ नियमेण ।
आरंभे पाणिवहो, पाणिवहे होइ वयभंगो ॥१२॥ (१२६)

ગાથાર્થ : જેને માટે આહાર તેને નિયમ વડે આરંભ થાય છે.

આરંભમાં પ્રાણીવધ અને પ્રાણીવધ થયે છતે વ્રત ભંગ થાય છે. ॥૧૨॥ (૧૨૬)

ભાવાર્થ : અક્ષરાર્થ સ્પષ્ટ છે ભાવાર્થ આ પ્રમાણે છે. જો કે સાધુને પકાવવા આદિમાં વ્યાપાર નથી. તો પણ મારે માટે આ બનાયેલું છે એ પ્રમાણે જાણતા એવા અને નિર્ધ્વંસપણે વાપરતા સાધુને અનુમતિના સંભવથી દોષ છે. ॥૧૨॥૧૨૬॥

આ પ્રમાણે ઉપદેશ કરાયે છતે પણ આધાકર્મ વાપરનાર જે છે તેના મહાદોષને બતાવતા કહે છે.

भुंजइ आहाकम्मं, सम्मं न य जो पडिक्कमइ लुद्धो ।
सव्वजिणाणाविमुह-स्स तस्स आराहणा नत्थि ॥१३॥ (१२७)

ગાથાર્થ : આધાકર્મને જે ખાય છે લુબ્ધ એવો જે સમ્યક્ પ્રકારે પ્રતિક્રમણ કરતો નથી એવા સર્વે જીનેશ્વરોની આજ્ઞાથી વિમુખ બનેલા છે. તેને આરાધના નથી.

ભાવાર્થ : આધાકર્મ ખાય છે. સમ્યક્ પ્રકારે ભાવની શુદ્ધિ વડે અને આલોચનાપૂર્વક જે પ્રતિક્રમણ કરતો નથી. વળી, લોભી આધાકર્મી ભોજનથી પાછો ફરતો નથી. તેને એટલે કે સર્વે જિનોની આજ્ઞાથી વિમુખ બનેલા તેને આરાધના (પરલોકનું સાધકપણું) નથી. ॥૧૩॥ (૧૨૭)

જો આ પ્રમાણે છે, તો શા માટે આગમમાં દુષ્કાળાદિ સમયે આધાકર્મિક વિગેરેની અનુમતિ આપેલી છે ? તે કહે છે.

संथरणम्मि अशुद्धं, दुण्ह वि गिण्हंत दिंतयाण हियं ।
आउरदिट्ठंतेणं, तं चेव हियं असंथरणे ॥१४॥ (१२८)

ગાથાર્થ : પ્રાસુક એષણીય એવા આહાર આદિ વડે જ્યારે નિર્વાહ શકય હોય ત્યારે આધાકર્માદિથી અશુદ્ધ આહારને ગ્રહણ કરનાર અને આપનાર બંનેને અહિત કરનાર છે. જ્યારે પ્રાસુક એષણીયાદિ આહારાદિથી નિર્વાહ શકય ન હોય ત્યારે રોગીના દૃષ્ટાંત વડે કરીને તે આધાકર્માદિથી અશુદ્ધ આહાર પણ બંનેને હિતકારી છે.

ભાવાર્થ : પ્રાસુક એષણીયાદિ આહાર વડે જ નિર્વાહ શકય હોતે છતે અશુદ્ધ આધાકર્માદિક દોષો વડે દૂષિત આહાર ગ્રહણ કરનાર અને આપનાર બંનેને સંસારનું કારણ હોવાથી અહિતકારી છે. રોગીના દૃષ્ટાંત વડે જેમ રોગીને ક્યારેક કુપથ્ય પણ અપથ્ય થાય અને વળી અપથ્ય પણ દેશકાલાદિની અપેક્ષાએ પથ્ય થાય. તે પ્રમાણે દુષ્કાળ અને ગ્લાનાદિ અવસ્થામાં તે જ અશુદ્ધ આધાકર્માદિ આહાર પણ હિતકારી છે. જેથી કહ્યું છે કે-

સર્વ ઠેકાણે સંયમને રક્ષણ કરવું જોઈએ, સંયમથી આત્માનું રક્ષણ કરવું જોઈએ. આમ કરવાથી પતનથી મૂકાય છે. વળી વિશુદ્ધિ થાય છે અને અવિરતિ થતી નથી. ॥૧॥

(ઓઘ નિ.ગા. ૪૭)

હું શાસનને અવ્યવચ્છેદ કરીશ. ભણીશ, તપશ્ચર્યા વિગેરેમાં ઉજમાળ પ્રયત્નશીલ બનીશ, ગચ્છનું નીતિપૂર્વક પાલન કરીશ આવા પ્રકારના આલંબન સેવનારો મોક્ષને પામે છે. ॥૨॥

(પ્રવ.સા.ગા. ૭૭૯)

જિનેશ્વરો વડે એકાંતે કાંઈપણ અનુજ્ઞા નથી આપી અથવા એકાંતે કોઈ નિષેધ કર્યો નથી. તેઓની આ આજ્ઞા છે કે કાર્ય હોતે છતે સત્ય સરળ બનવું જોઈએ, દંભ કરીને ખોટું આલંબન ન લેવું જોઈએ. ॥૩॥ (પંચવસ્તુ ગા. ૨૮૦)

આ પ્રમાણે ગાથાર્થ ॥૧૪॥ (૧૨૮)

અનિર્વાહમાં અનેષણીયનો પણ પરિભોગ હિતકારી છે. આ પ્રમાણે કહ્યું તે શું એમ જ કહ્યું છે અર્થાત્ જેમ તેમ કહ્યું છે ? આવી શંકા કરનારને પ્રત્યુત્તર આપતાં કહે છે - ના, એવું નથી.

फासुअएसणीएहिं, फासुअओहासिएहिं कीएहिं ।
पूईइ मीसएण य, आहाकम्मेण जयणाए ।।१५।। (१२९)

ગાથાર્થ : પ્રાસુક અને એષણીયાદિ આહારની પ્રાપ્તિ ન થયે છતે ક્રીત દોષ વડે દૂષિત આહાર ગ્રહણ કરવો. ત્યાર પછી પૂતિકર્મના દોષથી દૂષિત ત્યાર પછી મિશ્ર દોષથી દૂષિત અને ત્યાર પછી જયણાથી આધાકર્માદિ દોષથી દૂષિત પણ આહાર ગ્રહણ કરવો.

ભાવાર્થ : પ્રાસુક એષણીયાદિ વડે અર્થાત્ આધાકર્માદિ દોષથી રહિત આહાર વડે તેવા આહારાદિથી પ્રાપ્તિ નહિ થયે છતે શાસ્ત્રની પરિભાષા વડે માંગેલું, તેની અપ્રાપ્તિમાં ક્રીત દોષ વડે, ત્યાર પછી પૂતીકર્મ દોષથી દુષ્ટ આહારાદિ વડે, તેની અપ્રાપ્તિમાં પણ મિશ્રદોષથી દૂષિત વડે, તે ન મળે તો જ આધાકર્માદિ આહારાદિ વડે શરીરની ધારણા કરવા યોગ્ય છે. જયણા વડે અનાગાઢ પ્રયોજનમાં સમસ્ત ક્ષેત્રમાં ત્રણવાર પરિભ્રમણ કરવા પડે પૂર્વપૂર્વના આહારાદિની અપ્રાપ્તિમાં ઉત્તર-ઉત્તર દોષાદિથી દુષ્ટ ગ્રહણ કરવા યોગ્ય છે. વળી આગાઢ કારણે તો સીધું જ આધાકર્મ દોષથી દુષ્ટ પણ ગ્રહણ કરવા યોગ્ય છે. ॥૧૫॥ (૧૨૯)

આધાકર્માદિના ઉપભોગમાં પહેલા તો આજ્ઞાભંગ કહ્યો. વળી હમણાં તેની જ અનુજ્ઞા કરાઈ એ પ્રમાણે વિરુદ્ધ કેમ ? તો કહે છે કે,

उस्सग्गेण निसिद्धाणि, जाणि दव्वाणि संथरे जइणो ।
कारणजाए जाए, अववाए ताणि कप्पंति ।।१६।। (१३०)

ગાથાર્થ : યતિને (સંયમ નિર્વાહ થતે છતે) ઉત્સર્ગ વડે જે દ્રવ્યોનો નિષેધ છે તે દ્રવ્યો પણ કારણ ઉત્પન્ન થયે છતે અપવાદે કલ્પે છે.

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ કારણ ઉત્પન્ન થયે છતે એટલે કે રોગાદિ કારણ ઉત્પન્ન થયે છતે ॥૧૬॥ (૧૩૦)

હવે અપવાદ કયા સ્વરૂપનો છે ? તો કહે છે.

पुढवाइसु आसेवा, उपन्ने कारणंमि जयणाए ।
मिगरहियस्स ठियस्स, अववाओ होइ नायव्वो ।।१७।। (१३१)

ગાથાર્થ : મૃગની જેમ અજ્ઞાનથી રહિત (ગીતાર્થ), મૂલ-ઉત્તરગુણમાં સ્થિર એવા સાધુનું કારણ ઉત્પન્ન થયે છતે જયણાપૂર્વક પૃથ્વીકાયાદિનું આસેવન એ અપવાદ જાણવા યોગ્ય છે. ॥૧૭॥૧૩૧॥

ભાવાર્થ : પૃથ્વીકાયાદિને વિષે અહીં ષષ્ઠીના સ્થાને સપ્તમી છે, ગ્લાનત્વાદિ કારણ ઉત્પન્ન થયે છતે પૃથ્વીકાયાદિની જયણા વડે એટલે કે મોટાદોષના ત્યાગ વડે અને અલ્પદોષના સ્વીકાર વડે આસેવા-પરિભોગ અપવાદરૂપ જાણવા યોગ્ય છે. કોને ? મૂલોત્તરગુણને વિષે રહેલા સાધુને આ પ્રમાણેનો અપવાદ જાણવા યોગ્ય છે. કેવા પ્રકારનાને ? હરણોની જેમ-અજ્ઞાનતારૂપ હરણનું સામ્યપણું હોવાથી અગીતાર્થો, તેઓ વડે રહિતને એટલે કે અગીતાર્થતાથી રહિતને, કારણ કે અગીતાર્થો પૃથ્વીકાયાદિનો પરિભોગ જોઈને અતિપ્રસંગ અથવા ધર્મ ભ્રંશને કરે છે.

હમણાં બહુ વિષયવાળા ઉત્સર્ગ-અપવાદના પરિજ્ઞાનથી કૃત્યના ઉપદેશને કહે છે,

बहुवित्थरमुस्सग्गं, बहुविहमववायवित्थरं नाउं ।
लंघेऊणुत्तविहिं, बहुगुणजुत्तं [1]करिज्जाहि ।।१८।। (१३२)

ગાથાર્થ : ઘણા પ્રકારના ઉત્સર્ગને અને ઘણા પ્રકારના અપવાદને જાણીને કહેલી વિધિનું ઉલ્લંઘન કરીને ઘણા ગુણથી યુક્ત હોય તે કરવું જોઈએ.

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ નિશીથાદિ ગ્રંથથી જાણીને અને આ ગાથા વડે શાસ્ત્રને ઉચિત જે પ્રમાણે ગીતાર્થ કરે છે, તે પ્રમાણ છે, આ પ્રમાણે જાણવું. કહ્યું છે કે, જે કોઈપણ કાર્યને અવલંબીને ગીતાર્થો થોડા અપરાધવાળા અને બહુગુણવાળા કાર્યને આચરે છે. તે સર્વેને એટલે કે જિનમતાનુસારી સર્વ સાધુઓએ પ્રમાણ માનવું જોઈએ. (ધર્મરત્ન ૮૫, પંચવસ્તુ ૨૭૯)

પિંડ વિચાર કહ્યો. હમણાં શય્યાશુદ્ધિને કહે છે.

मूलुत्तरगुणसुद्धं, थीपसुपंडगविवज्जियं वसहिं ।
सेविज्ज सव्वकालं, विवज्जए हुंति दोसा उ ।।१९।। (१३३)

ગાથાર્થ : મૂલોત્તરગુણથી શુદ્ધ, સ્ત્રી-પશુ-નપુંસકથી રહિત વસતિને સર્વકાલ સેવવી જોઈએ. વળી વિપર્યયમાં (અર્થાત્ નિર્દોષવસતિના વર્જનમાં) દોષા થાય છે. ।।૧૯।। (૧૩૩)

ભાવાર્થ : સુગમ છે. પરંતુ "મૂલુત્તર ગુણ શુદ્ધ" એટલે કે જેને વિષે પીઠ-ફલક વંશમૂલ-સ્તંભાદિ સાધુ માટે ન કરાય તે મૂલગુણ શુદ્ધ, જેને વિષે છાદન-લેપનાદિ સાધુ માટે ન કરાય તે ઉત્તરગુણ શુદ્ધ ।।૧૯।। (૧૩૩)

હવે વસ્ત્ર શુદ્ધિને કહે છે.

***पिट्ठीवंसो दोधार-णाओ चत्तारि मूलवेलीओ ।**
मूलगुणे हुववेया, एसा उ अहागडा वसही ।।२०।।१३४।।

ગાથાર્થ : પૃષ્ટિવંશ, બે ઉભા થાંભા, ૪ મૂળ વળીઓ - આ સાત (મકાનના આધારભૂત હોવાથી) હોય તે મૂલગુણોથી યુક્ત છે. બીજા માટે કરી હોય તે યથાકૃત વસતિ કહેવાય ।।૨૦।।૧૩૪।।

ભાવાર્થ : વસતિમાં પૃષ્ટિવંશ એટલે લોકમાં મોભમાં મધ્યભાગમાં આડું રાખેલું લાકડું જે પ્રસિદ્ધ છે. જેના ઉપર પૃષ્ઠવંશ રાખવામાં આવે છે તે બે ઊભા થાંભા, એક થાંભાની બે બાજુ બે વળી અને બીજા થાંભાની બે બાજુ બે વળી આમ ચાર મૂલવળીઓ ચાર ખૂણામાં સ્થાપન કરાય છે. આ સાતે પણ મૂલગુણો છે તે સાધુ માટે બનાવ્યા હોય તે વસતિ મૂલગુણ યુક્ત છે, 'तु' શબ્દ એવકાર અર્થવાળો છે. સાધુ માટે બનાવેલી હોવાથી શુદ્ધ નથી, આધાકર્મિકી જ છે. ઉત્તરગુણો બે પ્રકારે છે - મૂલઉત્તરગુણો અને ઉત્તરઉત્તરગુણો. તેમાં મૂલોત્તરગુણો : વંશક, કટન, અવકંબન, છાદન, લેપન, દ્વાર, ભૂમિ આ સાત જેમાં સાધુ માટે બનાવ્યા હોય તેવી વસતિ મૂલોત્તરગુણોમાં સપરિકર્મ છે અર્થાત્ મૂલઉત્તર ગુણોથી અશુદ્ધ છે. ।।૧।। અહીં વૃદ્ધોએ કરેલી વ્યાખ્યા આ પ્રમાણે છે. 'વંશક' એટલે ભીંત ઉપર આડા મૂકેલા દાંડા (વાંસડા), 'કડણ' એટલે મકાનને ઢાંકવા દાંડા ઉપર નાંખેલી સાદડી (ચટાઈ), 'उक्कंवणं' એટલે છત બાંધવા દાંડાઓને બાંધવા, 'च्छायणं' એટલે ઘાસ વિગેરેથી ઢાંકવું, 'लेवणं' એટલે ભીંતો લીંપવી, 'दुवार' એટલે ઘરનું બારણું બનાવવું અથવા બારણાને મોટું બનાવવું, 'भूमि' એટલે ભોંયતળિયાની વિસમભૂમિને સમાન કરવો. આ સાત જેમાં સાધુ માટે બનાવ્યા હોય તેવી વસતિ ઉત્તરગુણોમાં પરિકર્મવાળી છે અર્થાત્ મૂલઉત્તરગુણોથી અશુદ્ધ છે, એ પ્રમાણે અર્થ છે.

અને આ પૃષ્ઠિવંશાદિ ચૌદે પણ અવિશોધિકોટિ છે. (મૂલગુણોના ૭ અને મૂલોત્તરગુણોના ૭ એમ ૧૪) (અવિશુદ્ધિ કોટિ એટલે તે તે દોષિત ભાગ કાઢી નાંખવા છતાં તે મકાન નિર્દોષ ન થાય અને વિશુદ્ધિકોટિ એટલે તે તે દોષિત ભાગ કાઢી નાંખ્યાથી તે મકાન નિર્દોષ થાય.) વળી, આ ઉત્તરઉત્તરગુણે વિશોધિકોટિ છે. વસતિનો ઉપઘાત કરનારા વિશુદ્ધિકોટિ ઉત્તરઉત્તરગુણો આ છે :

ધૂમિત, ધૂમિત, વાસિત, ઉદ્યોતિત, બલિકૃત, આર્વત, સિકતા, સંમૃષ્ટા, આવી વસતિ વિશુદ્ધિ કોટિ છે. ॥૨॥ અહિં પણ વૃદ્ધોએ કરેલી વ્યાખ્યા આ પ્રમાણે છે. 'दुमियं' એટલે ચૂના વિગેરેથી સફેદ કરેલી, 'धूविय' એટલે દુર્ગંધવાળી હોવાથી છૂટા વિગેરેથી ધૂપેલી, 'वासिता' એટલે સુંગંધી ચૂર્ણ વિગેરેથી વાસિત કરેલી, 'उद्योतिता' એટલે રત્ન, દિપક વિગેરેથી પ્રકાશવાળી કરેલી, 'बलिकृत' એટલે જેમાં કૂર ચોખા વિગેરેથી બલિ કર્યો હોય, 'अवत्त' એટલે છાણ, માટી, પાણીથી લીંપેલી, 'सिक्ता' એટલે માત્ર પાણી છાંટ્યું હોય, 'संमृष्टा' એટલે સાવરણી વિગેરેથી સાફ કરેલી. અહિં સર્વ ઠેકાણે સાધુને માટે એમ સમજવું. આવી વસતિ વિશુદ્ધિકોટિ છે તે અવિશુદ્ધકોટિમાં નથી આવતી, એ અર્થ છે. આના અનુસારે ચતુઃશાલા વિગેરે પ્રકારની વસતિ વિષે પણ મૂલ ઉત્તરગુણનો વિભાગ વિચારી લેવો. અહિં સાક્ષાત્ નહિ કહેવાનું કારણ એ છે કે પ્રાયઃ કરીને સાધુઓ ગામડામાં વિચરતા હોવાથી આવા પ્રકારની વસતિનો અસંભવ છે અને અન્ય આ વસતિના દોષો છે.

કાલાતિક્રાન્તા, ઉપસ્થાપના, અભિક્રાન્તા, અનભિક્રાન્તા, વર્જ્યા, મહાવર્જ્યા, સાવદ્યા, મહાસાવદ્યા અને અલ્પ ક્રિયા એમ વસતિના ૯ ભેદો છે. ॥૧॥ માસકલ્પ કે ચાતુર્માસકલ્પ પૂર્ણ થયે છતે ત્યાં જ રહેનારને કાલાતિક્રાન્તતા, માસકલ્પ અથવા ચોમાસીકલ્પ પૂરું થયે છતે અન્ય સ્થાને વિહાર કરીને બે અથવા આઠ માસ પૂરા કર્યા પહેલા ફરી તે જ સ્થાનમાં જતાં ને ઉપસ્થાપના થાય છે, કોઈપણ ભિક્ષુક માટે બનાવેલી અન્ય - ચરક, પાંખંડી, ગૃહસ્થો વડે સેવાયેલી તે અભિક્રાન્તા અને નહિ સેવાયેલી તે અનભિક્રાન્તા કહેવાય છે, પોતાને માટે કરાયેલી વસતિને સાધુને આપીને સ્વયં અન્ય બનાવે તે વર્જ્યા કહેવાય છે. જે કારણથી કહ્યું છે કે, ગૃહસ્થ પોતાના માટે કરેલી વસતિ સાધુને આપી દે અને પોતાના માટે નવી બનાવીને તેમાં રહે તો સાધુને આપેલી વસતિ વર્જ્યા છે. ॥૧॥ તથા શ્રમણ, બ્રાહ્મણ વિગેરે સર્વ પાખંડીઓ માટે નવી બનાવેલી વસતિ મહાવર્જ્યા છે. પાંચ પ્રકારના નિગ્રન્થાદિ શ્રમણો (નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરૂક અને આજીવક) માટે નવી બનાવેલી વસતિ સાવદ્યા છે, કેવલ જૈન સાધુઓ માટે બનાવેલી મહાસાવદ્યા છે અને કહ્યું છે કે, પાખંડીઓ માટે આરંભ કરીને નવી બનાવેલી વસતિ મહાવર્જ્યા છે, શ્રમણોને માટે બનાવેલી સાવદ્યા અને જૈન સાધુઓ માટે નવી બનાવેલી મહાસાવદ્યા છે. ॥૧॥ આ આઠ દોષો છે. વળી, જે વસતિ સમસ્ત ઉપર કહેલા દોષોથી રહિત હોય, ગૃહસ્થે પોતાને માટે કરાવી હોય, જિનબિંબની પ્રતિષ્ઠાદિ કાર્ય માટે કરાવી હોય, ઉત્તરગુણો સંબંધી પરિકર્મથી રહિત હોય, તે વસતિ અલ્પક્રિયા છે શુદ્ધ છે. વળી આ દોષના ક્રમમાં કહેવાયેલો પણ ગુણ છે. કારણ કે અલ્પ શબ્દ અભાવવાચી છે તથા 'स्त्रीवर्जित' એટલે જ્યાં સ્ત્રીઓ પરસ્પર સ્થાન કરતી નતી, જ્યાં રહે છતે સ્ત્રીઓનો અવાજ ન સંભળાય, સ્ત્રીઓ પણ સાધુના મધુર સ્વાધ્યાયના અવાજને સાંભળતી નથી - અહિં ગાથા આ પ્રમાણે છે - જ્યાં સ્ત્રીઓના સ્થાન અને રૂપ ન દેખાય, શબ્દો ન સંભળાય તથા સ્ત્રીઓ પણ પુરુષોના સ્થાન અને રૂપને ન જોઈ શકે અને શબ્દો ન સાંભળી શકે, તે વસતિ સ્ત્રીવર્જિત જાણવી. ॥૧॥ સ્ત્રીઓ જ્યાં બેસીને ગુપ્ત વાતો કરે તથા સૂવું, બેસવું વિગેરે શરીર કર્યો વિગેરે કરે તે તેઓનું સ્થાન છે. જ્યાં સ્થાન હોય ત્યાં નિયમા રૂપ હોય - રૂપ દેખાય, સ્થાન દૂર હોય તો કદાચ શબ્દ ન પણ સંભળાય, પણ રૂપ અવશ્ય દેખાય. આથી સ્થાન દેખાય તેવી વસતિનો ત્યાગ કરવો જોઈએ. ॥૨॥ સ્ત્રીઓની લીલાપૂર્વકની ચાલ, ઉભા રહેવું, અંગો મરડવા, અર્ધી આંખ કે કટાક્ષ વિગેરેથી જોવું, ભવાં ચઢાવવા, હસતું મોઢું, શણગારો વિગેરે અનેક પ્રકારની સ્ત્રીઓની વિશિષ્ટ ચેષ્ટાઓ જોઈને ભુક્તભોગી સાધુઓને સ્મૃતિ વિગેરે અને અભુક્તભોગી સાધુઓને કૌતુક વિગેરે દોષો થાય છે. ॥૩॥ રૂપાળા સાધુઓને

જોઈને સ્ત્રી વિચારે કે સાધુઓના શરીરના અંગો અતિશય મળથી ખરડાયેલા હોય છે, અભ્યંગ, ઉદ્વર્તન, સ્નાન વિગેરેથી રહિત હોય છે, છતાં સાધુપણામાં પણ શરીરની લાવણ્ય શોભા અત્યંત રૂપાળી દેખાય છે. આથી હું માનું છું કે ખરેખર આ સાધુઓની લાવણ્ય શોભા ગૃહવાસમાં શતગણી હતી. ॥૪॥ સ્ત્રીઓના ગીતો, વચનો, હાસ્યો, મધુર સંભાષણો, અલંકારના શબ્દો અને રહસ્યોને સાંભળીને ભુક્તભોગી સાધુને સ્મૃતિ વિગેરે અને અભુક્તભોગીને કૌતુક વિગેરે દોષો થાય છે. ॥૫॥ સાધુઓના સ્વાધ્યાયનો પણ સ્વર ગંભીર, મધુર, સ્પષ્ટ, મોટો, આકર્ષક અને સુંદર રાગવાળો છે, આથી જ મનોહર છે, તો પછી તેમનો ગીતનો સ્વર તો કેવો હશે ? અત્યંત સુંદર હશે ॥૬॥

તથા 'પશુવર્જિતા' એટલે ગાય, ગધેડી, ઘોડી વિગેરે પશુ સ્ત્રી તેના પુરુષ બળદ, ગધેડા, ઘોડા વિગેરેથી રહિત એવી વસતિ તે પશુવર્જિતા કહેવાય. તેમજ 'પંડકવર્જિતા' એટલે નપુંસક રહિત એવી વસતિ. પશુ-પંડક વિગેરેથી યુક્ત વસતિમાં રહેતા સાધુને દોષો થાય છે. જે પ્રગટ જણાય તેવા છે. ત્યાં મૂલોત્તરગુણથી અશુદ્ધ વસતિમાં આધાકર્માદિ દોષો થાય અને સ્ત્રીયુક્ત વસતિમાં બ્રહ્મચર્યનું ખંડન વિગેરે દોષો થાય. જે કારણથી કહ્યું છે કે, પ્રતિષિદ્ધ વસતિમાં રહેવાથી બ્રહ્મચર્યનો ભંગ થાય પરસ્પર લજ્જાનો નાશ થાય, આસક્તિપૂર્વક વારંવાર જોવાથી પ્રેમ વધે, કારણ કે, જીવનો તેવો સ્વભાવ છે, લોકો 'અહો આ સાધુઓનો તપ, વનવાસ' એમ નિંદા મશ્કરી કરે. લોકો વસતિ અને બીજી વસ્તુઓને ન આપે. લોકો સાધુ પાસે આવતા બંધ થઈ જાય એથી નવા જીવો ધર્મમાં ન જોડાવાથી તીર્થનો વિચ્છેદ થાય. ॥૧॥ આ પ્રમાણે પશુ, પંડક સહિતની વસતિમાં ચિત્તનો ક્ષોભ, અભિઘાત વિગેરે દોષો થાય છે અને કહ્યું છે કે - લોકમાં મોહાગ્નિથી બળેલા જીવોની પશુ અને નપુંસકોના નિમિત્તથી પણ પૂર્વભવના અભ્યાસથી અશુભ પ્રવૃત્તિ થાય છે. ॥૧॥ અજ્ઞાનાદિ દોષો સર્વ ઠેકાણે સમાન છે. તેથી ઉપર કહેલા દોષથી વર્જિત જ વસતિ સેવવી જોઈએ. જે કારણથી કહ્યું છે કે, આથી મમત્ત્વથી રહિત અને આલોકના સુખાદિમાં નિરાશંસ સાધુ ઉપર્યુક્ત દોષોથી રહિત વસતિમાં રહે, દોષિત વસતિમાં રહેવાથી આજ્ઞા ભંગ વિગેરે દોષો લાગે છે. ॥૧॥ આ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨૦॥૧૩૪॥

जन्न तयट्ठा कीयं, नेय वुयं नेय गहियमन्नेसिं ।
आहड-पामिच्चं व-ज्जिऊण तं कप्पए वत्थं ॥२१॥ (१३५)

ગાથાર્થ : જે સાધુ નિમિત્તે ખરીદાયેલું ન હોય, વણેલું ન હોય અને બીજાની પાસેથી વસ્ત્રનું પરાવર્તન કરીને અથવા બલાત્કારથી કોઈનું પડાવી લીધેલું વસ્ત્ર ન હોય તેવું કલ્પે તથા સામે લાવેલ અને ઉછીના લાવેલા વસ્ત્રને છોડીને અન્ય વસ્ત્ર કલ્પે.

ભાવાર્થ : તદર્થં એટલે પ્રસ્તાવથી સાધુ માટે ખરીદેલું ન હોય, અન્ય પાસેથી વસ્ત્રના બદલામાં અથવા બલાત્કારે આંચકીને ગ્રહણ કરેલું વસ્ત્ર કલ્પે નહિ. આહૃત અને પ્રામિત્યને વર્જીને.

અને અહીં પિંડની જેમ ઉદ્ગમ-ઉત્પાદના-એષણાદિ દોષો પણ યોગ્ય રીતે જાણવા. જે વળી ક્રીતાદિ દોષો માત્ર કહ્યા છે તે બહુલતાથી આ દોષોનો જ સંભવ હોવાથી કહ્યા છે. ॥૨૧॥૧૩૫॥

હવે પાત્રની શુદ્ધિને કહે છે.

तुंबय-दारुय-मट्टी-पत्तं कम्माइदोसपरिमुक्कं ।
उत्तम-मज्झ-जहन्नं, जईण भणियं जिणवरेहिं ।।२२।। (१३६)

ગાથાર્થ : તુંબડાનું-લાકડાનું-માટીનું કર્માદિ દોષથી રહિત એવું ઉત્તમ-મધ્યમ અને જઘન્ય પાત્ર મુનિઓને કલ્પે એ પ્રમાણે જીનેશ્વરો વડે કહેવાયેલું છે.

ભાવાર્થ : સુગમ છે. ॥૨૨॥ (૧૩૬)

હમણાં ચાર પ્રકારની શુદ્ધિને આચરતા જ સાધુ થાય છે. તે કહે છે.

एसा चउक्कसोही, निद्दिट्ठा जिणवरेहिं सव्वेहिं ।
एयं जहसत्तीए, कुणमाणो भन्नए साहु ।।२३।। (१३७)

ગાથાર્થ : આ ચાર પ્રકારની શુદ્ધિ સર્વે જીનેશ્વરો વડે કહેવાયેલી છે. આને યથાશક્તિએ કરતા સાધુ કહેવાય છે.

ભાવાર્થ : સુગમ જ છે. ॥૨૩॥ (૧૩૭)

જેને આચરતો સાધુ થાય તે કહેવાયું. હમણાં જેને આચરતો સાધુ ન થાય તે કહે છે.

उद्दिट्ठकडं भुंजइ, छक्कायपमद्दणो घरं कुणइ ।
पच्चक्खं च जलगए, जो पियइ कहं नु सो साहू ।।२४।। (१३८)

जे संकिलिट्ठचित्ता, माइठाणंमि निच्चतल्लिच्छा ।
आजीविगभयघत्था, मूढा नो साहुणो हुंति ।।२५।। (१३९)

ગાથાર્થ : સાધુને માટે બનાવાયેલું જે વાપરે છે. છકાય જીવોનું મર્દન કરીને ઘરને કરે છે અને પ્રત્યક્ષ જલને પીએ છે. તે સાધુ કેવી રીતે કહેવાય ? ॥૨૪॥૧૩૮॥

જે સંકિલષ્ટ ચિત્તવાળા - બીજાને ઠગવાની હંમેશાં ઇચ્છાવાળા આજીવિકાનાં ભયથી યુક્ત હોય એવા મૂઢ તે સાધુ નથી. ॥૨૫॥૧૩૯॥

ભાવાર્થ : બંને ગાથા સ્પષ્ટ છે. પરંતુ ઉદ્દિષ્ટ-સાધુને માટે તેના વડે કરાયેલ. એટલે કે ઉદ્દિષ્ટકૃત એટલે આધાકર્મ તથા માતૃસ્થાને-બીજાને ઠગવાની હંમેશાં ઇચ્છાવાળા. ॥૨૪, ૨૫॥ (૧૩૮, ૧૩૯)

સાધુ-અસાધુના સ્વરૂપને કહીને વળી સાધુના પોતાના તત્વને કહેવાને માટે ઉપદેશને કહે છે.

सीलंगाण सहस्सा, अट्ठारस जे जिणेहिं पन्नत्ता ।
जो ते धरेइ सम्मं, गुरुबुद्धी तंमि कायव्वा ।।२६।। (१४०)

ગાથાર્થ : જીનેશ્વરો વડે કહેવાયેલા જે અઢાર હજાર શીલાંગને જેઓ સમ્યક્ પ્રકારે ધારણ કરે છે. તેને વિષે ગુરુ બુદ્ધિ કરવા યોગ્ય છે.

ભાવાર્થ : અક્ષરાર્થ સુગમ છે. પરંતુ વિધિ અને નિષેધરૂપ વડે શીલ-ચારિત્રને જે અભ્યસ્ત કરે છે. તેના અંગો-અંશો અઢાર હજાર છે અને તેની નિષ્પત્તિ આ પ્રમાણે.

કરણ-યોગ-સંજ્ઞા-ઇન્દ્રિય-ભૂમિ આદિ અને શ્રમણધર્મ આ પ્રમાણે અઢાર હજાર શીલાંગની નિષ્પત્તિ છે. ॥૧॥

કરણ : કરવું, કરાવવું અને અનુમોદવા સ્વરૂપ ત્રણ પ્રકારે છે.

યોગ : મન, વચન-કાયા સ્વરૂપ ત્રણ પ્રકારે છે.

સંજ્ઞા : આહાર, ભય-મૈથુન-પરિગ્રહ રૂપ ચાર પ્રકારે છે.

ઇન્દ્રિય : શ્રોત્રેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-રસનેન્દ્રિય-સ્પર્શેન્દ્રિય રૂપ પાંચ પ્રકારે.

ભૂમ્યાદિ : પૃથ્વી-અપ્-તેજ-વાયુ-વનસ્પતિ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય

ચઉરેન્દ્રિય પંચેન્દ્રિય-અજીવરૂપ દશ પદ છે.

શ્રમણધર્મ : ક્ષાન્તિ-માર્દવ-આર્જવ-મુક્તિ-તપ-સંયમ-સત્ય-શૌચ-આકિંચન બ્રહ્મ રૂપ દસ પ્રકારે છે. તેઓ વડે અઢાર હજાર શીલાંગની નિષ્પત્તિ થાય છે. તે આ પ્રમાણે (૧) આહાર સંજ્ઞા વડે સંવૃત્ત-શ્રોત્રેન્દ્રિયથી સંવૃત્ત-ક્ષાન્તિથી યુક્ત પૃથ્વીકાય જીવોને મન વડે હણે નહિ આ એક શીલાંગ.

આ પ્રમાણે માર્દવાદિ પદનાં યોગ વડે પણ પૃથ્વીકાયને કહેવા વડે દસ શીલાંગના વિકલ્પો થાય એ પ્રમાણે અપકાયાદિ વડે દશ-દશ થાય માટે ૧૦x૧૦=૧૦૦ થાય. આ શ્રોત્રેન્દ્રિયની સાથે થયા. આ પ્રત્યેકના ચક્ષુરાદિ વડે પણ થાય માટે ૧૦૦x૫=૫૦૦ અને આ આહાર સંજ્ઞા વડે થયા. આ પ્રમાણે ભયાદિ સંજ્ઞા વડે પણ થાય માટે ૫૦૦x૪=૨૦૦૦ અને આ મન વડે થયા. આ પ્રમાણે વચન અને કાયા વડે પણ ન હણે માટે ૨૦૦૦x૩=૬૦૦૦ થયા અને આ પોતે ન કરવું તે રૂપે થયા એ પ્રમાણે કરાવવું નહિ અને અનુમોદવું નહિ. તેના પણ થાય માટે ૬૦૦૦x૩=૧૮,૦૦૦ થયા. ॥૨૬॥૧૪૦॥

આથી જ,

ऊणत्तं न कयाइ वि, इमाण संखं इमं तु अहगिच्च ।
जं एयधरा सुत्ते, निद्दिट्ठा वंदणिज्जाउ ।।२७।। (१४१)

ગાથાર્થ : શીલાંગની એકાદિ સંખ્યા વડે હીન ક્યારે પણ વંદનીય નથી.

જે કારણથી આને (અઠાર હજાર શીલાંગને) ધારણ કરનારા જ સૂત્રમાં વંદનીય કહેલા છે.

ભાવાર્થ : ઉનત્વ -એકાદિ વડે હીનપણું દુઃષમાદિ કાળમાં પણ નથી. આ શીલાં-ગોનું એટલે કે અઢાર હજાર શીલાંગને આશ્રયીને ન્યુનપણું લેવાનું છે. જે કારણથી અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા જ પ્રતિક્રમણ નામના સૂત્રમાં વંદનીય કહેલા છે. 'अट्ठारस सीलंग सहस्सधारा' આ પ્રમાણેના વચન વડે ॥૨૭॥ (૧૪૧)

કહેલા જ અર્થને કાંઈક વિશિષ્ટ કહે છે.

पंचविहाययरओ, अट्ठारसहस्सगुणगणोवेओ ।
एस गुरू मह सुन्दर, भणिओ कम्मट्ठमहणेहिं ।।२८।। (१४२)

ગાથાર્થ : પાંચ પ્રકારના આચારમાં રકત, અઢાર હજાર ગુણોના સમૂહથી યુક્ત હે સુંદર ! આઠ કર્મના મથન વડે આ મારા ગુરુ કહેવાયા છે. ॥૨૮॥૧૪૨॥

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ પાંચ પ્રકારનો આચાર-જ્ઞાનચાર-દર્શનાચાર-ચારિત્રાચાર તપાચાર અને વીર્યાચારના ભેદથી છે. ॥૨૮॥૧૪૨॥

આ પ્રમાણે સાધુના સ્વરૂપને કહીને હમણાં છ પ્રકારની છત્રીશી વડે આચાર્યના ગુણોને કહેવા માટે ગાથાના સમૂહને કહે છે.

अट्ठविहा गणिसंपय, चउग्गुणा नवरिं हुंति बत्तीसं ।
विणओ य चउब्भेओ, छत्तीस गुणा इमे तस्स ।।२९।। (१४३)

ગાથાર્થ : આઠ પ્રકારની આચાર્યની સંપત્તિ તેને ચાર ગુણી કરતાં બત્રીસ થાય છે અને ચાર પ્રકારનો વિનય આ પ્રમાણે આચાર્યના છત્રીસ ગુણો છે.

ભાવાર્થ : ગણ એટલે ગચ્છ તે જેને છે તે ગણી = આચાર્ય તેની સમૃદ્ધિ. તે આઠ પ્રકારની છે. (૧) આચાર, (૨) શ્રુત, (૩) શરીર, (૪) વચન, (૫) વાચના, (૬) મતિ, (૭) પ્રયોગમતિ, (૮) સંગ્રહપરીજ્ઞા. આ આઠને ચાર વડે ગુણવાથી આચાર્યના બત્રીસ ગુણ થાય છે.

(૧) આચાર સંપત્તિ ચાર પ્રકારની :- ત્યાં આચાર એટલે અનુષ્ઠાન તે રૂપી સંપત્તિ તે ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે **(૧) સંયમ ધ્રુવયોગમાં યુક્તતા :** ચારિત્રમાં હંમેશાં સમાધિ ઉપયોગીપણું, **(૨) અસંપ્રગહ :** પોતાના જાત્યાદિના ઉત્સેકરૂપ આગ્રહનું વર્જન, **(૩) અનિયતવૃત્તિ :** અનિયત વિહાર, **(૪) વૃદ્ધશીલતા :** શરીર અને મનની નિર્વિકારતા

(૨) શ્રુત સંપત્તિ ચાર પ્રકારની : (૧) બહુશ્રુતતા : યુગપ્રધાનતા, **(૨) સપરિચિત સૂત્રતા :** ઉત્ક્રમ અને ક્રમ પૂર્વકની વાચનાદિ વડે સૂત્રની સ્થિરતા, **(૩) વિચિત્ર સૂત્રતા :** પોતાના શાસ્ત્રાદિના ભેદથી, **(૪) ઘોષવિશુદ્ધિકરતા :** ઉદાત્તાદિ વિજ્ઞાનથી.

(૩) શરીર સંપત્તિ ચાર પ્રકારની : (૧) આરોહ પરિણામ યુક્તતા : ઉચિત દીર્ઘાદિની વિસ્તરતા, **(૨) અનવત્રપ્યતા :** અલજ્જનીય અંગપણું, **(૩) પરિપૂર્ણ ઇન્દ્રિયતા :** ચક્ષુરાદિ ઇન્દ્રિયનું અહીનપણું, **(૪) સ્થિર સંહનનતા :** તપ વિગેરેમાં શક્તિ યુક્તપણું.

(૪) વચન સંપત્તિ ચાર પ્રકારની : (૧) વચનનું આદેયપણું, (૨) મધુર વચનતા, (૩) અનિશ્રિત વચનતા : મધ્યસ્થ વચનતા, (૪) અસંદિગ્ધ વચનતા.

(૫) વાચના સંપત્તિ ચાર પ્રકારની : (૧) ઉદ્દેશને જાણીને : પરિણામિકાદિ શિષ્યને જાણીને, (૨) **સમુદ્દેશને જાણીને, (૩) પરિનિર્વાપ્ય વાચના :** પૂર્વે આપેલા આલાવાદિને શિષ્યને ભણાવીને ફરી સૂત્રનું દાન, **(૪) અર્થ નિર્યાપણ :** પૂર્વા પરની સંગતા વડે અર્થની વિચારણા.

(૬) મતિ સંપત્તિ ચાર પ્રકારની : (૧) અવગ્રહ, (૨) ઇહા, (૩) અપાય, (૪) ધારણા.

(૭) પ્રયોગ મતિ સંપત્તિ ચાર પ્રકારની અહીં (૧) પ્રયોગ : વાદમુદ્રા તેમાંના આત્મ પરિજ્ઞાન-વાદાદિ વિષયમાં સામર્થ્ય , **(૨) પુરુષ પરિજ્ઞાન :** શું આ વાદી સાંખ્ય હશે કે બૌદ્ધ ? **(૩) ક્ષેત્ર પરિજ્ઞાન :** શું આ

વાદી માયાથી યુક્ત હશે કે અન્યથા હશે ? સાધુથી ભાવિત હશે કે અભાવિત આ પ્રમાણે. (૪) **વસ્તુજ્ઞાન :** શું આ રાજા, પ્રધાન સભ્યો વિ. ભદ્રક હશે કે અભદ્રક ?

(૮) સંગ્રહ પરિજ્ઞા સંપત્તિ ચાર પ્રકારની : સંગ્રહ - સ્વીકાર. તેની પરિજ્ઞા એટલે જ્ઞાન. આઠમી સંપત્તિ ચાર પ્રકારે (૧) પીઠ ફલકાદિ દ્રવ્ય વિષયવાળી, (૨) બાલાદિ યોગ્ય ક્ષેત્ર વિષયવાળી, (૩) યોગ્ય સમયે સ્વાધ્યાય - ભિક્ષાના વિષયવાળી, (૪) યથોચિત વિનયાદિ વિષયવાળી આ પ્રમાણે છે.

તથા વિનય ચાર પ્રકારે છે અને તે

આચાર વિનય, શ્રુત વિનય, વિક્ષેપણા વિનય તથા દોષ પરિઘાત વિષય વિનય એમ વિનય ચાર પ્રકારનો છે. (પ્ર.સા.ગા. ૫૪૬)

આ ગાથાથી જાણવા યોગ્ય છે. ત્યાં (૧) આચાર વિનય સંયમ-તપ-ગણ અને એકાકી વિહારરૂપ ચાર પ્રકારની સામાચારી સ્વરૂપ છે. (૧) ત્યાં પૃથ્વીકાયની રક્ષાદિ સત્તર પદોમાં સ્વયં કરવા રૂપ અને કોઈ કારણે સીદાતા અન્યને સ્થિર કરવા રૂપ યતનાવાળાની પ્રશંસા સ્વરૂપ સંયમ સમાચારી છે. (૨) પાક્ષિક અષ્ટમી-ચતુર્દશી આદિ પર્વમાં બાર પ્રકારના તપને પોતે કરવા રૂપ અને બીજાને કરાવવારૂપ તપ સામાચારી, (૩) પ્રતિલેખનાદિમાં અને બાલગ્લાનાદિની વૈયાવચ્ચાદિમાં સ્વયં ઉદ્યમવંત રહેવા સાથે આ કાર્યમાં સીદાતા ગણને પ્રવર્તાવવારૂપ ગણ સામાચારી, (૪) એકાકી વિહારની પ્રતિમાને સ્વયં કરવારૂપ અને અન્યને કરાવવારૂપ એકાકી વિહાર સામાચારી,

(૨) શ્રુત વિનય : સૂત્રગ્રહણ - અર્થશ્રવણ - હિત - સમસ્ત વાચનાત્મક ચાર પ્રકારે છે.

હિતં એટલે યોગ્યતાના અનુસારે વાચના આપતા, 'નિઃશેષં' એટલે સમાપ્તિ સુધી.

વિક્ષેપણા વિનય : મિથ્યાત્વના વિક્ષેપણથી મિથ્યાદૃષ્ટિને સ્વ સમયમાં સ્થાપવો. (૧) સમ્યગ્દૃષ્ટિને વળી આરંભ વિક્ષેપણથી ચારિત્રમાં સ્થાપવો. (૨) ધર્મથી ચ્યુત થયેલાને ધર્મમાં સ્થાપવો. (૩) સ્વીકારેલા ચારિત્રવાળા બીજાને અથવા પોતાને અનેષણીયાદીના નિવારણ વડે હિતને માટે અભ્યુત્થાન કરાવવું આ પ્રમાણે છે. (૪)

તથા (૪) દોષ નિર્ઘાત વિષય વિનય : ક્રોધીનો ક્રોધ દૂર કરાવવો (૧) વિષયાદિ દોષથી દુષ્ટના દોષનું દૂર કરવું (૨) પરશાસ્ત્રની કાંક્ષાવાળાની કાંક્ષાનો નાશ કરવો (૩) અને પોતાના દોષના વિરહથી આત્મ પ્રણિધાન આ પ્રમાણે છે. (૪) આ પ્રમાણે પોતાના અને પરના કર્મોને વિશેષ પ્રકારે દૂર કરે તે વિનય આ તો માત્ર દિશા સૂચન છે. વળી વિશેષ તો વ્યવહારભાષ્યથી જાણવા યોગ્ય છે. આ મળેલા છત્રીશ ગુણો છે તે ગણીના હોય છે. આ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨૯॥૧૪૩॥

वयछक्काई अट्ठा-रसेव आयारवाइ अट्ठेव ।
पायच्छित्तं दसहा, सूरिगुणा हुंति छत्तीसं ।।३०।। (१४४)

ગાથાર્થ : વ્રતષટ્કાદિ અઢાર, આઠ પ્રકારના આચાર અને દસ પ્રકારના પ્રાયશ્ચિત આ પ્રમાણે સૂરિના છત્રીસ ગુણ છે.

ભાવાર્થ : વ્રતષટ્કાદિ અઢાર પહેલા કહેલા છે અને આ ૧૮ આચાર્યના ગુણરૂપ છે. કારણ કે આનાથી અપરાધોમાં સમ્યક્ પ્રકારે પ્રાયશ્ચિત્તનું જ્ઞાન થતું હોવાથી. ભાવમાં લાગતા પ્રત્યયના લોપથી આચારવત્ત્વાદિ આઠ જ છે અને તે આ છે.

(૧) આચારવાન (૨) અવધારવાન (૩) વ્યવહારવાન (૪) અપવ્રીડક (૫) પ્રકુર્વી (૬) નિર્યાપક (૭) અપાયદર્શી (૮) અપરિશ્રાવી આ આઠ જાણવા યોગ્ય છે ॥૧॥ અને આનો અર્થ આ પ્રમાણે છે. **(૧) આચારવાન** એટલે કે જ્ઞાન-સેવા વડે પાંચ પ્રકારના આચારથી યુક્ત આ ખરેખર ગુણવાનપણા વડે શ્રદ્ધેય વાક્યવાળો થાય છે.

(૨) અવધારવાન : આલોચકે, કહેલા અપરાધોનું અવધારણ તેનાથી યુક્ત, તે ખરેખર સર્વ અપરાધોમાં વિધિ પ્રમાણે શુદ્ધિ કરાવવામાં સમર્થ થાય છે.

(૩) વ્યવહારવાન : આગમ-શ્રુત-આજ્ઞા-ધારણા-જીત સ્વરૂપ પાંચ પ્રકારના વ્યવહારોમાંથી કોઈપણ વ્યવહારથી યુક્ત, તે પણ વિધિ પ્રમાણે શુદ્ધિ કરવામાં સમર્થ થાય છે.

(૪) અપવ્રીડક : લજ્જાદિ વડે અતિચારને છૂપાવનારને ઉપદેશ વિશેષ વડે ગયેલી લજ્જાવાળો કરે છે. તે જ આલોચકને અત્યંત ઉપકારક થાય છે.

(૫) પ્રકુર્વી : આલોચના કરનારને પ્રાયશ્ચિત આપવા વડે પ્રકર્ષથી શુદ્ધિને કરાવે છે. આ પ્રમાણે આ અર્થમાં પારિભાષિક કુર્વ ધાતુ હોવાથી પ્રકુર્વી.

(૬) નિર્યાપક : જે પ્રમાણે નિર્વાહ થાય તે પ્રમાણે પ્રાયશ્ચિત કરાવે છે.

(૭) અપાયદર્શી : અતિચાર સહિતના જે હોય તેને દુર્લભબોધિપણું આદિ અપાયોને બતાવે છે તે.

(૮) **અપરિશ્રાવી :** આલોચકે કહેલા અકૃત્યને જે બીજાને જણાવે નહિ તે. તેનાથી અન્ય ખરેખર આલોચકોને લાઘવ કરનાર જાણવો.

દશ પ્રકારના પ્રાયશ્ચિત જે છે તે આ પ્રમાણે.

આલોચના-પ્રતિક્રમણ-મિશ્ર-વિવેક-કાઉસગ્ગ-તેમ જ. તપ-છેદ-મૂલ અનવસ્થાપ્ય અને પારાંચિત (પચાશક ગાથા. ઓઘ.નિ.ગા. ૧૪, ૧૬, ૧૮)

આ સર્વે મેલવવાથી સૂરિગુણો છત્રીશ થાય છે. તથા

आयाराई अट्ठ उ, तह चेव य दसविहो य ठिइकप्पो ।
बारस तव छावस्सग, सूरिगुणा हुंति छत्तीसं ।।३१।। (१४५)

ગાથાર્થ : આઠ આચારાદિ તથા દસ પ્રકારનો સ્થિતિ કલ્પ, બાર પ્રકારનો તપ તથા છ આવશ્યક આમ સૂરિના ગુણો છત્રીશ થાય છે.

ભાવાર્થ : આચાર સંપત્તિ વિ. આઠ પહેલા કહેલા તે અને દસ પ્રકારનો સ્થિતિ કલ્પ છે અને તે આ પ્રમાણે (૧) અચેલક, (૨) ઉદ્દેશિક, (૩) શય્યાતર, (૪) રાજપિંડ, (૫) કૃતિકર્મ, (૬) વ્રત, (૭) જ્યેષ્ઠ, (૮) પ્રતિક્રમણ, (૯) માસકલ્પ (૧૦) પર્યુષણા કલ્પ. ॥૧॥

બાર પ્રકારનો તપ, સામાયિકાદિ ષડ્ આવશ્યક આ સર્વે મળીને છત્રીસ સૂરિના ગુણો થાય.

विगहा कसाय सन्ना, पिंडो उवसग्गझाण सामइयं ।
भासा धम्मो एए, सूरिगुणा हुंति छत्तीसं ।।३२।। (१४६)

ગાથાર્થ : વિકથા, કષાય, સંજ્ઞા, પિંડ, ઉપસર્ગ, ધ્યાન, સામાયિક, ભાષા, ધર્મ આ પ્રમાણે વિકથાદિ નવ ને ચાર ગુણા કરતા સૂરિના છત્રીશ ગુણો થાય છે.

ભાવાર્થ : (૪) વિકથા : સ્ત્રીકથા - ભક્ત કથા - દેશ કથા - રાજ કથા.

(૪) **કષાય :** ક્રોધ - માન - માયા - લોભ.

(૪) **સંજ્ઞા :** આહાર - ભય - મૈથુન - પરિગ્રહ સંજ્ઞા.

(૪) **પિંડ એટલે આહાર :** અશન - પાન - ખાદિમ - સ્વાદિમ.

(૪) **ઉપસર્ગો :** દેવ - માનુષ - તિર્યંચ સંબંધી તથા આત્મ સંવેદનીયરૂપ. આત્મ સંવેદનીય તે મસ્તક - પગ વિ.ની સ્ખલનાદિ વડે થાય.

(૪) **ધ્યાન :** આર્ત - રૌદ્ર - ધર્મ - શુક્લ ધ્યાનરૂપ.

(૪) **સામાયિક :** સમ્યક્ત્વ - શ્રુત - દેશવિરતિ - સર્વવિરતિરૂપ.

(૪) **ભાષા :** સત્યા - અસત્યા - મિશ્રા - અસત્યામૃષારૂપ.

તેમાં (૧) **સત્યા :** આત્મા છે ઇત્યાદિ પ્રકારે.

(૨) **અસત્યા :** આત્મા નથી ઇત્યાદિ પ્રકારે.

(૩) **મિશ્રા :** બંને સ્વરૂપવાળી જે પ્રમાણે જાણતા ન હોય છતાં પણ આ નગરમાં દશ બાળકો ઉત્પન્ન થયા અથવા મર્યા આ પ્રમાણે કહે તે.

(૪) **અસત્યામૃષા :** આમંત્રણી ભાષા હે દેવદત્ત ! ઇત્યાદિ પ્રકારે.

(૪) **ધર્મ :** દાન - શીલ - તપ અને ભાવના રૂપ ચાર પ્રકારે.

આ વિકથાદિ નવ ઉપર કહ્યા પ્રમાણે ચાર ગુણા કરતા સૂરિગુણો છત્રીસ થાય છે અને અહીં સ્થિતકલ્પાદીનું યથાસંભવ સમ્યગ્ આસેવન, પરિજ્ઞાન, પ્રરૂપણા અને પરિહારાદિ વડે સૂરિગુણપણું જાણવા યોગ્ય છે. તથા

पंचमहव्वयजुत्तो, पंचविहायारपालणुजुत्तो ।
पंचसमिओ तिगुत्तो, छत्तीस गुणो गुरु होइ ।।३३।। (१४७)

ગાથાર્થ : પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચાર પાલવામાં સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત આ પ્રમાણે છત્રીસ ગુણવાળા ગુરુ હોય છે.

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ પાંચ મહાવ્રતાદિ અઢારનું સ્વયં કરવું અને અન્ય પાસે કરાવવારૂપ દ્વિગુણા કરવાથી છત્રીસ ગુણવાળા ગુરુ થાય છે. ॥૩૩॥(૧૪૭)

હમણાં અનુયોગ પ્રવર્તનને આશ્રયીને ગુરુના ગુણની છત્રીસીને ચાર ગાથા વડે કહે છે.

देसकुल जाइरूवी, संघयणी धीजुओ अणासंसी ।
अविकत्थणो अमाई, थिरपरिवाडी गहियवक्को ।।३४।। (१४८)
जियपरिसो जियनिद्दो, मज्झत्थो देशकालभावन्नू ।
आसन्नलद्धपइभो, नाणाविहदेसभासन्नू ।।३५।। (१४९)
पंचविहे आयारे, जुत्तो सुत्तत्थतदुभयविहिन्नू ।
आहारणहेउकारण-नयनिउणो गाहणाकुसलो ।।३६।। (१५०)
ससमयपरसमयविऊ, गंभीरो दित्तिमं सिवो सोमो ।
गुणसयकलिओ जुत्तो, पवयणसारं परिकहेउं ।।३७।। (१५१)

ગાથાર્થ : દેશ[૧]-કુલ[૨]-જાતિ[૩]-રૂપ[૪] અતિશયવાળા, વિશિષ્ટ સંઘયણવાળા[૫], બુદ્ધિથી યુક્ત[૬] આશંસા રહિત[૭] - વિકથા ન કરે.[૮] અમાયાવી[૯] સ્થિર પરિપાટીવાળા[૧૦], ગૃહીત વાક્ય[૧૧], જીતેલી છે સભા જેને તેવા[૧૨], જીતેલી નિદ્રાવાળા[૧૩], મધ્યસ્થ[૧૪], દેશ[૧૫]-કાલ[૧૬] અને ભાવને[૧૭] જાણનાર, આસન્ન-મેળવેલી પ્રતિભાવાળા[૧૮], વિવિધ દેશની ભાષાને જાણનાર[૧૯], પાંચ પ્રકારના આચારથી [૨૦]યુક્ત[૨૪], સૂત્ર[૨૫]-અર્થ અને બંનેને જાણનાર, ઉદાહરણ[૨૬], હેતુ[૨૭]-કારણ[૨૮]-નયમાં[૨૯] નિપુણ, ગ્રાહણા કુશલ[૩૦], સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રને[૩૧] જાણનાર, ગંભીર, દિપ્તિમાન[૩૨], કલ્યાણ કરનાર[૩૪], સૌમ્ય[૩૫], મૂલગુણાદિ સેંકડો ગુણોથી યુક્ત[૩૬], સિદ્ધાંતના અર્થને કહેવા માટે યોગ્ય આ પ્રમાણે ચાર ગાથાનો અર્થ, ૩૪-૩૫-૩૬-૩૭ (૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧)

ભાવાર્થ : દેશ-કુલ-જાતિ-રૂપ અતિશયો વિદ્યમાન છે જેને તે ત્યાં (૧) દેશ એટલે મધ્યદેશ તે જન્મભૂમિ (૨) કુલ = પિતા સંબંધી કુલ ઇક્ષ્વાકુ વિ. (૩) જાતિ = માતાથી ઉત્પન્ન થયેલી (૪) રૂપ = અંગ-ઉપાંગની સંપૂર્ણતા (૫) સંહનની = વિશિષ્ટ સંહનન તે જ ખરેખર વાચનાદિમાં થાકતા નથી. (૬) ધૃતિથી યુક્ત (૭) અનાશંસી = સાંભળનાર પાસેથી વસ્ત્રાદિની અપેક્ષા રહિત (૮) અવિકત્થન = બહુ બોલનાર ન હોય અથવા આત્માની (પોતાની) પ્રશંસા કરનાર ન હોય, (૯) અમાયી = માયા રહિત (૧૦) સ્થિર = નિશ્ચલ છે સૂત્રાર્થની વાચના જેને તે (૧૧) ગ્રહણ કરાયેલ છે વાક્ય જેના વડે તે તેવા પ્રકારની અવધારણાવાળા અથવા ગ્રહણ કરાયેલું છે વાક્ય જેનું તે આદેય વચનવાળા (૧૨) જીતેલી સભાવાળા (૧૩) જીતેલી નિદ્રાવાળા (૧૪) મધ્યસ્થ = શિષ્યોને વિષે સમાન ચિત્તવાળા (૧૫-૧૭) દેશ - સાધુથી ભાવિત હોય. કાલ - સુકાળ હોય, ભાવ - ક્ષાયોપશમિકાદિ તેને જાણે છે તે દેશ-કાલાદિને જાણનાર તે ખરેખર ઉચિતપણે વિચરે છે. ધર્મકથાને કરે છે. (૧૮) પ્રશ્ન પૂછાયા પછી તરત જ ઉત્તર આપવામાં બુદ્ધિ જેના વડે પ્રાપ્ત કરાઈ છે તે (૧૯) વિવિધ દેશની ભાષાને જાણનાર ૩૪, ૩૫, (૧૪૮, ૧૪૯)

(૨૦-૨૪) જ્ઞાનાચાર વિ. પાંચ પ્રકારના આચારમાં ઉપયુક્ત (૨૫) સૂત્ર, અર્થ અને તદુભય (સૂત્ર અર્થ બંને)ની વિધિના જાણનાર. અહિં 'તદુભય' પદથી એટલે કે સૂત્ર અર્થ બંને વિધિના જાણનાર એક પદથી જ સૂત્રવિધિજ્ઞ અને અર્થવિધિજ્ઞ આવી જતા હોવાથી 'સૂત્રાર્થ' પદનું જુદુ ગ્રહણ જે કર્યું છે તે ચતુર્ભંગી સમજાવવા માટે છે. તે ચતુર્ભંગી આ પ્રમાણે છે. (૧) સૂત્ર ન જાણે અર્થ જાણે, (૨) સૂત્ર ન જાણે અર્થ ન

જાણે, (૩) સૂત્ર જાણે અર્થ જાણે, (૪) સૂત્ર જાણે અર્થ ન જાણે. 'તદુભય' પદ વડે ત્રીજો ભાંગો ગ્રહણ કરવાનું કહેવાયું છે. (૨૬) ઉદાહરણ એટલે દૃષ્ટાંત (૨૭) હેતુ = અન્વય વ્યતિરેકી (૨૮) કારણ = દૃષ્ટાંતાદિથી રહિત ઉપપત્તિ માત્ર જેમ કે, અનાબાધ જ્ઞાનના પ્રકર્ષથી સિદ્ધો અનુપમ સુખવાળા છે. અહીં દૃષ્ટાંત નથી. કારણ કે સિદ્ધો સિવાય અન્ય ઠેકાણે નિરૂપમ સુખ છે જનહિ.

અન્વય-વ્યતિરેક લક્ષણ સાધ્ય વસ્તુનો પર્યાય તે હેતુ અને ઉદાહરણ એટલે દૃષ્ટાન્ત તથા ઉપપત્તિ માત્ર હોય તે કારણ ॥૧॥ (વિશેષ ભા. ૧૦૭૭ ગાથા)

"શબ્દ કૃતક હોવાથી અનિત્ય છે." અહિં અનિત્યપણું સાધ્ય છે, તેના આધારભૂત વસ્તુ શબ્દ તે પક્ષ છે, અને કૃતકપણું હેતુ છે, તેમાં કૃતકપણું એ વસ્તુનો પર્યાય છે, જો તે અન્યનો પર્યાય હોય તો વૈયધિકરણાદિ દોષયુક્ત થવાથી સાધ્યને સાધી શકે નહિ. (ગુણ સહભાવી હોય અને પર્યાય ક્રમભાવી હોય.)

(૨૯) નયો : નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નામના સાત નયો તેમાં નિપુણ. જે આવા પ્રકારના ન હોય તે ખરેખર વચન માત્રથી બોધ કરવા માટે સમર્થ નથી. (૩૦) આથી જ ગ્રાહણાકુશલ = બીજાને વિશ્વાસ ઉપજાવવામાં સમર્થ, (૩૧) સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રને જાણનાર (૩૨) ગંભીર = અતુચ્છ (૩૩) દિપ્તિમાન : પ્રતાપી (૩૪) શિવ = વિશિષ્ટ તપાદિ લબ્ધિ વડે ક્ષેમ કરનાર (૩૫) સૌમ્ય - ક્રોધ રહિત. (૩૬) 'ગુણ'થી મૂલગુણો લેવા અને 'શતાનિ'થી સો નહિ પણ સેંકડો એમ સમજવું અને તેઓ વડે યુક્ત સિદ્ધાંતના અર્થને કહેવા માટે સમર્થ છે. આ પ્રમાણે ચાર ગાથાનો અર્થ આવા ગુણોથી યુક્ત અને આવા પ્રકારના ગુણના સમૂહથી યુક્ત આચાર્ય દર્શન પ્રભાવક થાય છે. આર્યખપુટાચાર્યની જેમ. તેનું કથાનક આ પ્રમાણે.

દ્વીપોની નાભિસમાન અને વળી તે દ્વીપો વડે પરાભવ નહિ પામેલ, વળી અંદરથી દેદીપ્યમાન જંબુ જેવો જંબુનામનો પ્રખ્યાત દ્વીપ છે.॥૧॥ પૃથ્વીના લલાટ સમાન ત્યાં ભરત ક્ષેત્ર છે અને ત્યાં સુવર્ણ તિલકની ઉપમાવાળો લાટ દેશ છે. ॥૨॥ તેની મધ્યમાં મુક્તાવલયના વિભ્રમને કરનારું ભૃગુપુર નામનું નગર છે. જેની અંદર અશ્વાવબોધ તીર્થ નામનો હીરો શોભે છે. ॥૩॥ જેને જોવાની ઇચ્છા વડે નર્મદા નદી પણ હંમેશાં તેની પાસે રહેતી. અંગુલીના ભ્રમણની જેમ કલ્લોલો વડે જેનું વર્ણન કરે છે. ॥૪॥ ત્યાં સિદ્ધ થયેલી વિદ્યાવાળા બહુશ્રુત આર્યખપુટ નામના આચાર્ય, ઘણા શિષ્યના પરિવારવાળા વિહાર કરતા એક વખત આવ્યા ॥૫॥ અને તેઓના ભાણેજ એક બાલ મુનિ, તીક્ષ્ણ બુદ્ધિવાળા, ગુરુની સેવા વડે પોતાને પાવન કરતા તેમના શિષ્ય હતા. ॥૬॥ કર્ણના આસ્ફાલ માત્રથી ગુરુની પાસેથી વિદ્યા ગ્રહણ કરીને તે બાલમુનિ વિદ્યાસિદ્ધાચાર્યના પ્રભાવથી વિદ્યાસિદ્ધ થયા.॥૭॥

એક દિવસ ત્યાં કોઈપણ સાધુ સંઘાટક આવ્યા અને તેમણે ગુરુના ચરણોને નમસ્કાર કરીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી. ॥૮॥ જ્યાં ગોળના પિંડ વડે શત્રુના બલને ભાગ્યું છે એવું ત્યાં પહેલું ગુડશસ્ત્ર નામ વડે વિખ્યાત નગર છે. ॥૯॥ જેણે પાતાલમાં પ્રવેશીને નાગદેવની સ્ત્રીની વેણીને ગ્રહણ કરી છે એવો ત્યાં વેણીવત્સરાજા નામનો પ્રખ્યાત રાજા છે. ॥૧૦॥ ત્યાં પોતાની પ્રજ્ઞા વડે બૃહસ્પતિને પણ શિષ્યરૂપ કરતો એવો વાચાલ, માનરૂપી પર્વતવાળો, પૂર્વે આવેલો એવો પરિવ્રાજક હતો ॥૧૧॥ તે સાધુઓ વડે પરાજિત કરાયેલો, નગરજનો વડે હેલના કરાયેલો તે અપમાન વડે મરેલો સાધુઓને વિષે ઇર્ષ્યાને વહન કરતો

॥૧૨॥ ત્યાં જ નગરીમાં બટુકર નામનો વ્યંતર થયો અને અવધિજ્ઞાન વડે સાધુથી તે પોતાના પરાભવને જાણીને ॥૧૩॥ આકાશમાં રહેલો, વિકરાલ રૂપવાળો, ચણોઠીના સમૂહ જેવા લાલ નેત્રવાળો, કોપથી કંપાયમાન શરીરવાળો અને ખરાબ બુદ્ધિવાળો તે સાધુની પ્રતિ બોલ્યો. ॥૧૪॥ અરે સફેદ વસ્ત્રવાળા પાપીઓ ! ત્યારે વાદમાં હું જીતાયેલો છું. જેથી તમને આક્રંદ કરતો આ હું તમારા વેરને વાળું છું. ॥૧૫॥ તમે પાતાલમાં પ્રવેશો અથવા દેવલોકમાં ચઢી જાવ તો પણ તે અપમાનને સ્મરણ કરતો હું તમોને મૂકીશ નહિ. ॥૧૬॥ આ પ્રમાણે કહીને તે અદૃશ્ય થયો. તેથી હમણાં તેનાથી ભયભીત થયેલા એવા ઉત્તમ શ્રમણો હે સ્વામી ! ત્યાં રહેવા માટે સમર્થ નથી. ॥૧૭॥ તેથી મિથ્યાદૃષ્ટિઓ અરિહંત શાસનની હીલના કરે છે અને સાધુઓને સામું કહે છે કે, હે ભિખારીઓ ! આ શું કહે છે ? ॥૧૮॥ માનતાની પૂર્તિ વિગેરે તેના પ્રભાવથી વિસ્મત થયેલા નગરજનો ત્યાં વ્યંતરના મંદિરમાં ઉત્સવને કરે છે. ॥૧૯॥

ત્યારે આ વાતને સાંભળીને ગુરુ ગચ્છને મૂકીને ભાણેજથી યુક્ત અલ્પ યતિના પરિવારવાળા સાંજે ગુડશસ્ત્રનગરમાં ગયા. ॥૨૦॥ સાધુઓને નગરની મધ્યમાં ઉપાશ્રયમાં જવા માટે આદેશ કર્યો અને ગુરુ એકલા સ્વયં બટુકરના ઘરમાં ગયા. ॥૨૧॥ ગુરુએ તેના પોતાના જોડાને કાનના આભૂષણરૂપ કરીને, વસ્ત્રથી ઢાંકેલા સર્વ અંગવાળા પોતે તે યક્ષની આગળ સૂતા.॥૨૨॥ પૂજારી સવારે આવ્યો. યક્ષના કર્ણ ઉપર જોડાને અને આગળ સૂતેલા ગુરુને જોઈને કોપથી વિચાર્યું.॥૨૩॥ અહો આ કોઈ અનાર્ય યક્ષ વડે શા માટે ઉપેક્ષા કરાયો ? અથવા તો દેવોને પણ બલવાન દાનવો હોય છે. ॥૨૪॥ હવે તેણે તે વૃત્તાંતને નગરજન સહિત રાજાને કહ્યો. રાજા પણ કૌતુકથી ત્યાં નગરજન સહિત આવ્યો. ॥૨૫॥ ત્યારે તેણે કહેલી સત્ય હકીકત જોઈને રાજાએ કહ્યું કે, નિર્દયોમાં શિરોમણી ખરેખર આ કોણ છે આને ઉઠાડો. ॥૨૬॥ ત્યાર પછી તે મોટેથી અવાજ કરવા છતાં ઊઠ્યો નહિ અને કાંઈ જવાબ પણ ન આપ્યો. સૂતેલાને જગાડી શકાય છે. પરંતુ જાગતો જ સૂતેલો હોય તેને કેવી રીતે ઉઠાડાય ? ॥૨૭॥ હવે લોકો વડે જેમ જેમ ઉઠાડવા માટે પ્રયત્ન કરાતો હતો. તેમ તેમ તેનું નીચેનું અંગ દેખાતું હતું. બીજું નહિ. ॥૨૮॥ તેથી આ કોઈપણ ભય સ્થાન છે. આ પ્રમાણે વિચારીને રાજાએ કહ્યું કે, સર્વે લોકો આને પ્રહાર કરો. ॥૨૯॥ હવે લોકો વડે લાકડી આદિ વડે પ્રહાર કરાતા તેણે વિદ્યા વડે તે રાજાના અંતઃપુરમાં ઘાતોને સંક્રમણ કર્યા. ॥૩૦॥ હવે એક કંચુકી ત્યાંથી આવ્યો અને મોટેથી આ પ્રમાણે કહ્યું. હે રાજન્ ! કોઈપણ દેવ ઢેફાદિ વડે તમારા અંતઃપુરને હણે છે. ॥૩૧॥ હણનારો કોઈપણ દેખાતો નથી. વળી સર્વે દેવીઓના શરીરમાં થયેલા પ્રહારો દેખાય છે. તેથી રડતી એવી તેણીઓ છે. ॥૩૨॥

હવે રાજા વડે કહેવાયું. હે મનુષ્યો ! આ કોઈપણ વિદ્યાસિદ્ધ પુરુષ છે ? મારું અંતઃપુર મરાય છે. તેથી હમણાં આને હણો નહિ. ॥૩૩॥ આ પ્રમાણે કહીને તેને રાજાએ કહ્યું. અહો અજ્ઞાનીઓ વડે તમે કદર્થના કરાયેલા છો. તેથી અમારા અપરાધની અમને ક્ષમા આપો. સજ્જન પુરુષો ખરેખર નમેલા પ્રત્યે વાત્સલ્યવાળા હોય છે. ॥૩૪॥ તે સાંભળીને ગુરુ યથાવસ્થિત વેષને ભજનારા ઊઠ્યા.

હવે તે આર્યખપુટાચાર્યને જોઈને લોકો વિસ્મિત થયા. ॥૩૫॥ ભક્તિને ભજનારા સર્વેએ વંદન કર્યું અને રાજાએ ઘણી પ્રશંસા કરી. ત્યાર પછી રાજાદિથી પરિવરેલા ગુરુ મધ્યમાં ચાલ્યા. ॥૩૬॥ હવે દૃષ્ટિ વડે સમ્યગ્ ભાવિત કરાયેલો બટુકર ગુરુની પાછળ ગયો. તેની પાછળ બીજા પણ દેવરૂપોએ પ્રયાણ કર્યું. ॥૩૭॥

તે યક્ષાયતનના દ્વારમાં અત્યંત મોટી બે દ્રોણી હતી. તે બંને પણ ગુરુની આગળ થઈને સાથે જવાને માટે પ્રયાણ કર્યું. ॥૩૮॥ ત્યાર પછી દડાની જેમ ઊંચે પડતા અને નીચે પડતા તે દેવરૂપોને જોઈને ત્યારે સર્વે મિથ્યાદૃષ્ટિઓ પણ વિસ્મય પામ્યા. ॥૩૯॥ નગરના દ્વારમાં આવેલા સૂરિ ત્યારે રાજાદિ વડે વિજ્ઞપ્તિ કરાયા હે પ્રભુ આદેશ કરો. આ દેવરૂપો ઉભા રહે. ॥૪૦॥

ત્યાર બાદ ગુરુના આદેશથી તેઓ પોતપોતાના સ્થાને ગયા. વળી દ્વારના બંને પડખે બે કુંડિકા મૂકી. ॥૪૧॥ અને કહ્યું કે, જે મારા તુલ્ય છે તે આને પોતાના સ્થાને લઈ જાવ અને હજુ પણ તે બંને તે પ્રમાણે જ છે. વળી સૂરિ મધ્યમાં પ્રવેશ્યા. ॥૪૨॥ ગુરુના તે માહાત્મ્યને જોઈને ઉપશાંત થયેલા તે બટુકર યક્ષે જિનધર્મની પ્રભાવનાને કરી. ॥૪૩॥ ત્યાર પછી અતિશય વિસ્મિત થયેલા રાજા પણ શ્રાવક થયા અને અન્ય પણ ઘણા માણસોએ જિનધર્મમાં રતિને કરી. ॥૪૪॥ સર્વે જનોએ પણ અરિહંતના શાસનની પ્રશંસા કરી કે અન્ય દર્શનમાં ક્યાંય પણ આવા પ્રકારનો પ્રભાવ નથી. ॥૪૫॥ પાછળથી ભરૂચનગરમાં ગુરુનો તે ભાણેજ મુનિ અંતપ્રાન્ત આહારથી ભાંગી પડેલ ગચ્છમાંથી નીકળ્યા. ॥૪૬॥ આહારના રસમાં ગૃદ્ધ થયેલ જીભ વડે પોતાને વશ કરાયેલ એવા તેણે બૌદ્ધ ભિક્ષુકોનો આશ્રય કર્યો. અજીતેન્દ્રિય શું ન કરે ! ॥૪૭॥ ત્યાં વિદ્યાના પ્રયોગ વડે તે ક્ષુલ્લક આકાશ માર્ગથી પાત્રોને શ્રાવકોના ઘરમાં મોકલતો હતો. ॥૪૮॥ સર્વમાં અગ્રણીની જેમ શ્વેત વસ્ત્ર વડે ઢાંકેલ, તેઓની આગળ રહેલ ક્ષુલ્લકનું તે પાત્ર જાય છે. ॥૪૯॥ તે જોઈને કૌતુકથી ખેંચાયેલ ચિત્તવાળા તે શ્રાવકો પણ શાલ્યાદિ આહાર વડે તે પાત્રોને ભરે છે ॥૫૦॥ અને અગ્રેસર એવા તેને શ્રેષ્ઠ આસનમાં બેસાડીને વિવિધ પ્રકારના ખંડ ખાજાદિ વડે પાત્રને ભરે છે. ॥૫૧॥

ત્યાર પછી તે જ પ્રમાણે ઊંચા મુખવાળા થયેલા નગરજનો વડે જોવાતા તે સર્વે પાત્રો મેઘની જેમ બૌદ્ધના મઠ તરફ જાય છે.॥૫૨॥ તે તેવા પ્રકારનું આશ્ચર્ય જોઈને અન્ય લોકો તો દૂર રહો પણ કેટલાક શ્રાવકો પણ બૌદ્ધદર્શનમાં લાગ્યા ॥૫૩॥ અને આ પ્રમાણે બોલે છે કે બૌદ્ધદર્શનને મૂકીને આવા પ્રકારનો અતિશય પ્રભાવ બીજે ક્યાંય પણ જોવાયેલ નથી અથવા સંભળાયેલ નથી. ॥૫૪॥ સર્વત્ર બૌદ્ધ દર્શન માન્ય કરાય છે. જૈનદર્શન અપમાનિત કરાય છે અને બૌદ્ધ મત જ મુખ્ય છે. આ પ્રમાણે લોકોમાં પ્રસિદ્ધિ થઈ. ॥૫૫॥

હવે આ અપભ્રાજનાને જોઈને સંઘે બે મુનિને મોકલીને ગુડશસ્ત્રનગરમાં ગુરુને આ હકીકત જણાવી ॥૫૬॥ ત્યારે આ સર્વ સાંભળીને આર્યખપુટાચાર્ય તે નગરથી ભરૂચનગરમાં આવ્યા. લબ્ધિવાળાઓને શું દૂર હોય ?॥૫૭॥ અને ત્યાં નગરની અંદર ગુપ્ત રીતે ગુરુ પ્રવેશ્યા. મુનીઓએ પણ ક્ષુલ્લકની સઘળી ક્રિયાને કહી. ॥૫૮॥ ત્યાર પછી ત્યાં આકાશ માર્ગ વડે તે ભરેલા પાત્રો આવતે છતે ગુરુએ ત્યાં મોટી શિલાને વિકુર્વી ॥૫૯॥ અને તે શિલાને અફળાઈને વહાણની જેમ તે પાત્રો ફૂટ્યા અને તેની અંદર રહેલું સર્વે અન્નાદિ કાગડાઓનું બલિ થયું.॥૬૦॥ ક્યાંયથી પણ તે સાંભળીને ક્ષુલ્લકે ભિક્ષુકોને કહ્યું. હે ભદ્રો ! મારા ગુરુ આવ્યા છે ? આવા પ્રકારની શક્તિ અન્યની નથી. ॥૬૧॥ તેથી તે જક્ષણે ભયભીત થયેલ તે ક્ષુલ્લક પલાયમાન થયો. જે કારણથી સૂર્ય ઉદય થયે છતે અન્યનું તેજ પ્રગટ થઈ શકતું નથી. ॥૬૨॥

હવે બીજે દિવસે નગરના સાધુથી યુક્ત સંપૂર્ણ તારાગણથી પરિવરેલા ચંદ્રની જેમ ગુરુ અરિહંતના ચૈત્યને નમસ્કાર કરીને બૌદ્ધના મંદિરમાં ગયા. આદર કરાયેલા ભિક્ષુઓએ પણ કહ્યું. આ બુદ્ધને નમસ્કાર કરો.॥૬૩-૬૪॥ ગુરુ પણ આગળ થઈને બૌદ્ધની પ્રતિ કહ્યું. આવ, આવ હે વત્સ ! બુદ્ધ ! અમારા ચરણોમાં પડ. ॥૬૫॥ ત્યાર પછી બુદ્ધની મૂર્તિએ જલ્દી ત્યાં આવીને ગુરુને નમસ્કાર કર્યો. પ્રસન્નતાને ભજનાર ગુરુએ

પણ શિષ્યની જેમ તેની પીઠ પર હાથ મૂક્યો ॥૬૬॥ અને આગળ રહેલા સ્તૂપને કહ્યું, અરે ! તું કેમ વંદન નથી કરતો ? તે જક્ષણે તે પણ આવીને ગુરુના ચરણોમાં પડ્યો. ॥૬૭॥ ફરી તેને ગુરુએ કહ્યું. ધનુષ્ય પર ચઢાવેલ બાણની જેમ પોતાના સ્થાનમાં ઊભો રહે. સિદ્ધવાણી વડે તે જ પ્રમાણે તે રહ્યો. હજુ પણ આ પ્રમાણે જ તે રહેલો છે. ॥૬૮॥ બુદ્ધને પણ કહ્યું. હે વત્સ ! સ્વસ્થાને તું પણ જા. ત્યાં એક પડખા વડે રહે અને તે પણ તે જ પ્રમાણે રહ્યો. ॥૬૯॥ જે કારણથી તે નિર્ગ્રંથો વડે નમાવાયેલ તે કારણથી તે બુદ્ધની નિર્ગ્રંથનામિત એ પ્રમાણેની સર્વ ઠેકાણે પ્રસિદ્ધિ થઈ. ॥૭૦॥ ત્યાર પછી વિસ્મયથી વિકસ્વર થયેલ લોચનવાળા, જિનશાસનને વિષે રંજિત થયેલા સઘળા પણ લોકોએ ગુરુની આ પ્રમાણે પ્રશંસા કરી. ॥૭૧॥ અહો ! આશ્ચર્ય ! આશ્ચર્ય છે કે આર્યખપુટગુરુને ભક્તિથી નમ્ર થયેલા અંગવાળા સ્થિર એવા પણ દેવતાઓ વંદન કરે છે. ॥૭૨॥ ઇત્યાદિ અનેક અતિશયો વડે એકાંતે તેના વડે ભાવિત કરાયેલ સમસ્ત જગત જિનધર્મમય થયું. ॥૭૩॥

આ પ્રમાણે ત્યારે આર્યખપુટ નામના શ્રેષ્ઠ સૂરી વડે જિનશાસનની પ્રભાવના કરાઈ હજુ પણ વિવિધ પ્રકારના નિર્મળ અવદાત વડે તેમની કીર્તિ ત્રણે જગતની રંગભૂમિમાં નૃત્ય કરે છે.॥૭૪॥ પ્રભાવનામાં આર્યખપુટાચાર્યની કથા ॥૩૭॥ (૧૫૧)

હવે શા માટે ફરી ફરી ગુરુના ગુણોનું અન્વેષણ કરાય છે ? તે આ પ્રમાણે કહે છે.

वूढो गणहरसद्दो, गोयमाईहिं धीरपुरुसेहिं ।
जो तं ठवइ अपत्ते, जाणंतो सो महापावो ।।३८।। (१५२)

ગાથાર્થ : ગૌતમાદિ ધીરપુરુષો વડે ગણધર શબ્દ વહન કરાયો છે. જાણતો એવો પણ જે તેને અપાત્રમાં (અયોગ્યમાં) સ્થાપે છે તે મહાપાપી છે. ॥૩૮॥૧૫૨॥

અયોગ્ય સ્થાપનાને આશ્રયીને દોષ કહેવાયો હમણાં અસદ્દેશનાને આશ્રયીને દોષને કહે છે.

तिन्नि वि रयणइं देइ गुरु सुपरिक्खियइं न जस्स ।
सीसहसीसु हरंतु जिह सो गुरु वइरि उ तस्स ।
सो गुरु वइरि उ तस्स इत्थ संदेहु न किज्जइ ।
सीसहसीसु हरंतु जेम्वनरु नरह भणिज्जइ ।
सुपरिक्खियइं न जस्स सच्च संसउ मणिच्छिन्नि वि ।
देइ सुदेवु-सुधम्मु-सुगुरु गुरुरयणइं तिन्नि वि ।।३९।। (१५३)

ગાથાર્થ : જે ગુરુ સારી પરીક્ષા કર્યા વિના જ શિષ્યને રત્નત્રયી આપે છે, તે ગુરુ તે શિષ્યના ભાવ મસ્તકનો છેદ કરે છે. માટે તે ગુરુ તેનો વૈરી છે એમાં સહેજ પણ શંકા કરવી ન જોઈએ. જે ગુરુ શિષ્યના સાચા સંશયને પરીક્ષા કરીને છેદ્યા વિના જ શિષ્યને સુદેવ આદિ રત્નત્રયી આપે છે, તે ગુરુ માણસ હોવા છતાં વાનર જેવા કહેવાય છે. ॥૩૯॥૧૫૩॥

ભાવાર્થ : કુંડલ રુપક સુગમ છે. ॥૩૯॥(૧૫૩)

હવે રત્નત્રયના જ સ્વરૂપને કહે છે.

सुज्झि धम्मु सचराचरजीवहंदयसहिउ ।
सो गुरु जो घरघरणिसुरयसंगमरहिउ ।।
इंदियविसयकसाइहिं देउज्झुमुक्कमलु ।
एहु लेहु रयणत्तउ चिन्तियदिन्नफलु ।।४०।। (१५४)

ગાથાર્થ : સચરાચર એવા આ જગતમાં રહેલા જીવો પ્રત્યે જે ધર્મમાં દયા બતાવી હોય, તે જ વાસ્તવિક ધર્મ કહેવાય, જે ઘર-પત્ની-કામ-ક્રીડા અને સર્વ પદાર્થના સંગથી વિરહિત હોય તે જ ગુરુ કહેવાય, વળી જે ઈન્દ્રિય-વિષય-કષાય આદિથી રહિત તથા કર્મો રૂપી મળથી મુક્ત થયા હોય તે જ સાચા દેવ કહેવાય, આ ત્રણેય રત્નો ચિંતિત ફળને આપનારા છે. ।।૪૦।।૧૫૪।।

ભાવાર્થ : સુગમ છે. ।।૪૦।।(૧૫૪)

હવે આ રત્નત્રયને કેવી રીતે જાણવા યોગ્ય છે તે કહે છે.

देवं गुरुं च धम्मं च, भवसायरतारयं ।
गुरुणा सुप्पसन्नेण, जणो जाणइ निच्छियं ।।४१।। (१५५)

ગાથાર્થ : સુપ્રસન્ન એવા ગુરુ દ્વારા જ સઘળા ય લોકો ભવસાગરથી તારનારા દેવ-ગુરુ અને ધર્મના સ્વરૂપને નિશ્ચિતરૂપે જાણે છે. ।।૪૧।।૧૫૫।।

ભાવાર્થ : પાઠ સિદ્ધ છે. ।।૪૧।।(૧૫૫)

હવે બીજા પ્રકાર વડે વળી ગુરુના જ સ્વરૂપને કહે છે.

धम्मन्नू धम्मकत्ता य, सया धम्मपरायणो ।
सत्ताणे धम्मसत्थत्थ, देसओ भन्नए गुरु ।।४२।। (१५६)

ગાથાર્થ : ધર્મતત્ત્વનો જ્ઞાતા, ક્ષાંતિ આદિ ધર્માનુષ્ઠાનોને સેવનારો, સદા ય ધર્મમાં તત્પર અને પ્રાણીઓને ધર્મશાસ્ત્રોના રહસ્યોની દેશના આપનારો સાધુ જ ગુરુ કહેવાય છે. ।।૪૨।।૧૫૬।।

ભાવાર્થ : આ પણ સ્પષ્ટ છે. માત્ર સદા-સર્વકાલ ધર્મમાં પરાયણ હોય. જોનારની અપેક્ષાએ ક્યારેક જ ધર્મ કરે તેવું ન હોય. ।।૪૨।।૧૫૬।।

આ પ્રમાણે ગુરુના ગુણોનું વર્ણન કરીને ગુરુના જ માહાત્મ્યને કહે છે.

तं सुगुरुसुद्धदेसण-मंतक्खरकन्नजावमाहप्पं ।
जं मिच्छविसपसुत्तावि, केइ पावंति सुहबोहं ।।४३।। (१५७)

ગાથાર્થ : મિથ્યાત્વરૂપ વિષથી ઘોર નિદ્રામાં રહેલા જે, કેટલાક ભારેકર્મી આત્માઓ સુખપૂર્વક બોધ પામે છે, તેમાં સદ્‌ગુરુની શુદ્ધ દેશના રૂપી મન્ત્રાક્ષરોના કર્ણજાપનો (કાનમાં પડવાનો) પ્રભાવ છે. ।।૪૩।।૧૫૭।।

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ કેટલાક આસન્ન સિદ્ધિવાળા. ॥૪૩॥(૧૫૭)

सग्गाऽपवग्गमग्गं, मग्गंताणं अमग्गलग्गाणं ।
दुग्गे भवकंतारे, नराण नित्थारया गुरुणो ।।४४।। (૧૫૮)

ગાથાર્થ : દુર્ગમ એવા ભવરૂપી જંગલમાં સ્વર્ગ અથવા અપવર્ગના માર્ગને પામેલા અથવા માર્ગને નહિ પામેલા મનુષ્યોને ગુરુ નિસ્તાર કરનાર છે.

અને વળી,

ભાવાર્થ : દુર્ગમ એવા સંસારરૂપી જંગલમાં સ્વર્ગ અને અપવર્ગના માર્ગને શોધનારાઓના અથવા અમાર્ગમાં લાગેલા. મનુષ્યોને પાર પમાડનારા ગુરુઓ છે. એ પ્રમાણે અર્થ છે. ॥૪૪॥૧૫૮॥

अन्नाणनिरंतर-तिमिरपूरपरिपूरियंमि भवभवणे ।
को पयडेइ पयत्थे, जइ गुरुदीवा न दीप्पंति ।।४५।। (૧૫૯)

ગાથાર્થ : નિરંતર અજ્ઞાનરૂપી અંધકારના સમૂહથી ઘેરાયેલા એવા ભવરૂપી ભવનમાં જો ગુરુરૂપી દીવા પ્રકાશે નહિ તો પદાર્થોને કોણ પ્રગટ કરે અર્થાત્ પ્રકાશિત કરે ?

ભાવાર્થ : અહીં ભાવાર્થમાં **કેશીગણધર અને પ્રદેશી રાજાનું દૃષ્ટાંત.** તે આ પ્રમાણે.

અહીં ગરિમાવાળી શ્વેતવી નામની નગરી છે. જ્યાં સદાચારમાં તત્પર મનુષ્યો જ્યોતિશ્ચક્રના જેવું આચરણ કરે છે. ॥૧॥ ત્યાં પ્રદેશી નામનો રાજા છે. જેનો પ્રતાપ સ્વપક્ષને વિષે ચંદ્ર સમાન છે અને વિપક્ષમાં વળી સૂર્ય સમાન છે ॥૨॥ અને સર્વ સ્ત્રીમાં શિરોમણી એવી સૂર્યકાંતા નામની તેની પત્ની છે અને તેજ વડે સૂર્યકાંત મણીસમાન સૂર્યકાંત નામનો તેને પુત્ર છે. ॥૩॥ ત્યાં આશ્ચર્યકારી બુદ્ધિવાળો ચિત્ર નામનો મહામંત્રી હતો. રાજાની રહસ્યરૂપી ભૂમિ સમાન જાણે બીજું વક્ષ સ્થળ ન હોય તેવો હતો. ॥૪॥ એક વખત રાજ્યના કાર્ય વડે રાજાએ તે મંત્રીને શ્રાવસ્તીમાં જિતશત્રુ રાજાની પાસે મોકલ્યો. ॥૫॥ ત્યાં મહારાજા એ આપેલા ઘરમાં રહેલા મંત્રી ચિત્રે સંભ્રાન્ત થયેલા લોકને બહાર જતા આવતા જોયા ॥૬॥ અને તેણે કોઈકને આદેશ કર્યો કે આ લોક ક્યાં જાય છે તે જાણ. પૂછીને તે વૃત્તાંતને જાણીને તે પણ મંત્રીને કહે છે. ॥૭॥ હે દેવ ! ઉદ્યાનમાં સંપૂર્ણ બાર અંગને ધારણ કરનાર, ચાર જ્ઞાનને ધારણ કરનાર, શ્રી પાર્શ્વનાથની પરંપરામાં થયેલ સર્વજ્ઞ પ્રતિહસ્તક કેશી નામના શ્વેતાંબર/આચાર્ય આવેલા છે. તેને નમવા માટે અને સંશયને છેદવા માટે આ લોકો જાય છે.॥૮-૯॥

હવે અહંકારી ચિત્ર મંત્રી પણ પરિવાર સહિત કૌતુકથી ત્યાં જઈને ઉભો રહેલો તેને (કેશીગુરુને) જોતો જેટલામાં રહ્યો છે તેટલામાં ગુરુ જ્ઞાન વડે મહાત્મા એવા તેના બોધને જાણીને હે ચિત્ર મંત્રી ! એ પ્રમાણે નામ વડે આશ્ચર્યને જાણે કરતા હોય તેમ બોલ્યા.॥૧૦॥૧૧॥ હે મંત્રી ! રાજા વડે અમુક આ કાર્ય વડે તું મોકલાયો છે. રાજા વડે તેનો આ પ્રમાણે નિર્ણય આજે કરાયો છે. તે સાંભળીને આશ્ચર્ય પામેલા મહામાત્યએ વિચાર્યું કે કપટ વડે પણ નામ જાણે છે એમાં અહિં કૌતુક નથી. ॥૧૨॥૧૩॥

પણ આ એકાંતની મંત્રણાને વળી કેવી રીતે જાણે છે. આ આશ્ચર્ય છે તેથી નિશ્ચે આ પાંખડી નથી. પણ પરમાર્થને જાણનાર છે. ॥૧૪॥ ત્યાર પછી તે ગુરુને પ્રણામ કરીને બેઠો.

હવે ગુરુએ પણ તેને ઉદ્દેશીને પહેલેથી ધર્મના સર્વસ્વને કહ્યો.॥૧૫॥ ત્યાર પછી તેણે પણ સમ્યક્ત્વ મૂલક તે ધર્મને જાણીને ગ્રહણ કર્યો. રંક રત્નના ભંડારને પામીને શું ગ્રહણ ન કરે ? ॥૧૬॥ હવે તે ગુરુની પાસે ગમનાગમન કરતા, તેમના વ્યાખ્યાનના રસ વડે પુષ્ટ થયેલા તે મંત્રીશ્વરે ધર્મમાં દૃઢતાને પ્રાપ્ત કરી. ॥૧૭॥ જવાની ઇચ્છાવાળા, સિદ્ધ થયું છે સાધ્ય જેને એવા તેણે ગુરુને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી કે અમારી નગરી પણ પૂજ્યો વડે ક્યારેક પાવન કરવા યોગ્ય છે. ॥૧૮॥ અમારા લોકોનું સર્વથા ધર્મકાર્યમાં અજાણપણું હોવાથી અબુધને પ્રતિબોધ કરવા વડે ત્યાં તમોને લાભ પણ થશે. ॥૧૯॥ નાસ્તિક એવો અમારો રાજા પણ તમારી પાસે પ્રતિબોધ પામશે. સૂર્ય ઉદય થયે છતે શું કમલો ખીલતા નથી ? ॥૨૦॥ હે પ્રભુ ! ત્યાં આપનું આગમન થયે છતે અરિહંત ધર્મના સામ્રાજ્યની હું સંભાવના કરું છું જ. ખરેખર આપની લબ્ધિ આવા પ્રકારની છે. ॥૨૧॥ ગુરુએ પણ કહ્યું. હે મંત્રીશ્વર ! વર્તમાન જોગ તમારા દેશમાં પણ અમે આવશું. કારણ કે, મુનિઓ એક સ્થાને રહેતા નથી. ॥૨૨॥ આ પ્રમાણે પ્રાર્થના કરીને મંત્રીશ્વર આહ્વાન કરનારની જેમ ગુરુની પાસે મન મૂકીને શ્વેતવી નગરી તરફ ગયા. ॥૨૩॥

સમ્યગ્જ્ઞાનના ઉપયોગ વડે રાષ્ટ્ર સહિત રાજાને પણ થનારા પ્રતિબોધને જાણીને દિગ્ જય કરવા માટે રાજાની જેમ મુનિરાજ એવા ગુરુ પણ દરેક ગામ અને દરેક નગરમાં હવે મનુષ્યોને પ્રતિબોધ કરી કરીને ચાલ્યા. ॥૨૪-૨૫॥ સઘળા વ્યાપારીઓના મોહ-માત્સર્ય વિગેરેને ઉખેડીને વૈરાગ્ય-વિવેક-પ્રશમાદિકને સ્થાપતા હતા. ॥૨૬॥ સર્વત્ર સર્વલોકના અભ્યંતર અજ્ઞાનરૂપી અંધકારને હરતા અપૂર્વ જાણે સૂર્ય હોય તેમ શ્વેતવી નગરીમાં ગયા. ॥૨૭॥ ત્યાં પહેલા મંત્રીવડે ઉદ્યાનપાલકો કહેવાયેલા છે કે અહીં જે કોઈપણ શ્વેત વસ્ત્રવાળા, લોચ કરેલા મુખ અને મસ્તકવાળા, દંડ અને કાંબલને ધારણ કરનારા મુનિઓ આવે તો તેઓ આ ઉદ્યાનમાં સ્થાપન કરવા યોગ્ય છે અને મને જલ્દી જણાવવા યોગ્ય છે.॥૨૮-૨૯॥ અને ત્યાર બાદ ત્યાં આવેલા તેઓને જોઈને ઉદ્યાન પાલકોએ ત્યાં સ્થાપન કર્યા અને તેઓના આગમન વડે મંત્રીને વધામણી આપી. ॥૩૦॥ તે કાલે મંત્રી ચિત્ર પણ ગુરુના આગમનને સાંભળીને મેઘનું આગમન થયે છતે જેમ મોર હર્ષિત થાય તેમ હર્ષિત થયા. ॥૩૧॥ ભક્તિથી યુક્ત પોતાના સ્થાનમાં રહેલા જ તેણે તે સ્થાને રહેલા ગુરુને નમસ્કાર કર્યો. પરંતુ રાજાથી ભય પામતો તે ત્યાં વંદન કરવા માટે ગયો નહિ ॥૩૨॥ અને વિચાર્યું કે, જો મિથ્યાદૃષ્ટિ એવો આ રાજા આ આવેલા ગુરુને જાણશે તો તેમની અવજ્ઞા કરશે. ॥૩૩॥ તેથી પહેલા જ આને ગુરુની પાસે લઈ જાઉં. જો આ બોધ પામે તો શંકા રહિત મુનિઓ રહી શકે. ॥૩૪॥ તેથી ઉપાયને વિચારીને અશ્વવાહિકાનું બહાનું કાઢીને ગુરુના ઉદ્યાનની પાસે રહેલી વાહ્યાલીમાં રાજાને લઈ ગયો. ॥૩૫॥ ઘોડાને ખેલાવવાથી થાકી ગયેલા રાજાને આરામ કરાવવા માટે મંત્રી તે ઉદ્યાનમાં લઈ ગયો. ॥૩૬॥ ત્યાં પરસેવાથી ભીના થયેલા શરીરવાળો રાજા છાયામાં બેસીને અમૃતથી જાણે સિંચાયેલો ન હોય તેમ આત્માને માનતો જેટલામાં રહ્યો છે. ॥૩૭॥

તેટલામાં મધુર-ગંભીર અવાજને સાંભળીને રાજાએ કહ્યું. હે મંત્રી ! શું અહીં કોઈપણ બાંધેલો હાથી છે ! ॥૩૮॥ મંત્રીએ કહ્યું કે, સ્વામી ! હું જાણતો નથી. પરંતુ આપ પધારો, આગળ બગીચાની રમણીયતાને જુઓ. ॥૩૯॥ આ કયા દર્શનવાળા છે ? એ પ્રમાણે કૌતુકથી જોવાને માટે સભાસદની જેમ આવતા રાજાના આગમનને જ્ઞાનથી જાણીને ત્યારે તે મનુષ્યોની આગળ ઊભા થઈને બુદ્ધિના ભંડાર એવા ગુરુ ગંભીર વાણી વડે વ્યાખ્યાન કરી રહ્યા છે.॥૪૦-૪૧॥ અને આગળ ચાલતા રાજાએ તે મુનીશ્વરને જોઈને મહામંત્રીને

પૂછયું, આ મુંડ શું રાડો પાડે છે. ॥૪૨॥ આ પાખંડી ચોર ક્યારે અહીં આવ્યો ? હે મંત્રી ! હમણાં જ જલ્દીથી આને બહાર કાઢો. ॥૪૩॥ અમારા દેશને અન્ય દેશની જેમ આ ચોરે નહિ. જેથી હે મંત્રી ! આંગળી આપતે છતે આ બાહુને પકડે છે. ॥૪૪॥

રાજાની આજ્ઞા વડે મંત્રી કેટલાક પગલા આગળ જઈને પાછા ફરીને રાજાને કહ્યું, હે દેવ ! હું આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરું છું ॥૪૫॥ કે આ પ્રમાણે હાંકી કઢાતો આ મુનિ પોતાના દેશમાં જઈને કાંઈક મચકોળેલી નાસિકાવાળો પોતાના લોકોને કહેશે ॥૪૬॥ કે પ્રદેશી રાજા મૂર્ખ શિરોમણી કાંઈ જ જાણતો નથી અને નિર્ગુણીઓમાં શ્રેષ્ઠ એવો તે ગુણીજનોને ગળચી પકડીને કાઢે છે. ॥૪૭॥ તેથી હે દેવ ! વાદ વડે જીતીને હમણાં આ કઢાય, જેથી ભગ્ન થયેલા અભિમાનવાળો આ યુદ્ધમાંથી નાશી જનારની જેમ પલાયન થઈ જશે.॥૪૮॥ હે દેવ ! તારી સાથે વાદ કરવામાં વાચસ્પતિ પણ સમર્થ નથી. બ્રાહ્મી વડે પણ આશંકા કરાય છે તો વળી આ તારી આગળ કોણ માત્ર ? ॥૪૯॥ તેથી ત્યાં જઈને રાજાએ સ્વયં આચાર્યને કહ્યું કે, હે આચાર્ય ! તું ક્યારે આવ્યો છે ? આ હું આવું છું એ પ્રમાણે તે બોલ્યો.॥૫૦॥ ઊભેલા એવા ગુરુને જોઈને પુષ્ટ બુદ્ધિવાળા અમાત્ય પણ હર્ષિત થયા. અહો ! ગુરુના જ્ઞાનનો પટ્ટબંધ કરાય છે. ॥૫૧॥ રાજા આવતે છતે ઊભા થવું તે ગુરુના લાઘવને કરનાર છે અને ઊભા ન થવું તે વળી રાજાના ક્રોધને વધારનારું છે. ॥૫૨॥ આથી રાજા નહિ આવતે છતે ગુરુ ઊભા રહ્યા અથવા દિવ્ય અતિન્દ્રિય જ્ઞાનવાળાઓને આ તો કેટલા માત્ર ?॥૫૩॥ હવે મંત્રીએ રાજાને કહ્યું, હે સ્વામી ! આપ આસનને ગ્રહણ કરો આ મુનીન્દ્ર પણ બેસો અને તમારા બંનેની શ્રેષ્ઠતમ ગોષ્ઠી થાઓ. ॥૫૪॥ ગોષ્ઠી કરવાની લાલસાથી હવે તે બંને પણ બેઠા. સાર અને અસારના વિચારને જાણનાર કોણ ખરેખર યુક્ત ન માને. ॥૫૫॥

હવે રાજાએ કહ્યું. હે આચાર્ય ! શું તારે ધૂર્તવિદ્યા પ્રગટ છે ? જે કારણથી અલ્પકાલથી આવેલા એવા પણ આપ વડે આટલા લોકો મોહિત કરાયા. ॥૫૬॥ અને વળી હે આચાર્ય ! આ મૂર્તિ વડે તું રાજપુત્રની જેમ શોભે છે. શા માટે તારા વડે ભિક્ષા વૃત્તિ વડે અધમ એવી આજીવિકા આરંભ કરાઈ છે ? ॥૫૭॥ નપુંસકો, કાપુરુષો, કેટલાક વ્યવસાયને માટે અસમર્થ પુરુષો આજીવિકાને માટે પાંખડીપણું સ્વીકારે છે. વળી બીજા નહિ. ॥૫૮॥ આ પાખંડપણાને મૂક, તું મારો માંડલીક રાજા થા અથવા જાતિમાન ઘોડા પર આરૂઢ થા અને હાથમાં તીક્ષ્ણ ભાલાને ધારણ કર. ॥૫૯॥ મે આપેલા દેશને પ્રાપ્ત કરીને મનોહર ભોગોને ભોગવ અને જન્મના ફલને ગ્રહણ કર. શું આ પણ નથી સાંભળ્યું ? ॥૬૦॥ કે તપો તે વિચિત્ર પ્રકારની યાતના છે. સંયમ તે ભોગથી ઠગવાપણું છે અને સર્વે પણ ક્રિયાનો સમૂહ બાલક્રીડાની જેવો જણાય છે. ॥૬૧॥ તો શા માટે હે આચાર્ય ! આ ફોગટ કષ્ટને તું કરે છે ? વિચારાય. આત્મા નથી કે જે પરલોકમાં તપનું ફળ ભોગવશે. ॥૬૨॥ અને વળી હે આચાર્ય ! મને દુર્દાન્ત અને અવિચારક ન જાણ. કારણ કે, મારી માતા શ્રાવિકા હતી અને વળી મારા પિતા નાસ્તિક હતા. ॥૬૩॥ મારી માતા મને હંમેશાં કહેતી હતી કે પુત્ર ! હંમેશાં દયા કર. જીવોની કરેલી રક્ષા સ્વર્ગને માટે છે અને વળી જીવોનો કરેલો વધ નરકને માટે છે.॥૬૪॥ માતૃવત્સલ એવો હું માતાની આગળ માતાનું વચન માનતો હતો તે કારણથી માતાને જીવિતથી પણ હું વધારે વલ્લભ થયો. ॥૬૫॥ પિતા વળી મને આ પ્રમાણે કહેતા હતા કે માતાનું વચન સાંભળતો નહિ અને ઇચ્છા પ્રમાણે વર્તન કર. જે કારણથી કોઈપણ આત્મા રક્ષણ કરવા યોગ્ય નથી. ॥૬૬॥ પિતૃવત્સલ એવો હું પિતાની આગળ પિતાનું વચન માનતો હતો. તેથી પિતાને જીવિતથી પણ હું અધિક વલ્લભ થયો. ॥૬૭॥

હવે હે આચાર્ય ! મૃત્યુકાલે માતાને મારા વડે કહેવાયું કે, હે માતા ! જો ધર્મથી તારો સ્વર્ગ થાય તો તું મને કહેજે, જેથી તેને હું કરીશ. ॥૬૮॥ ઇષ્ટ પુત્ર એવા મને તે બોધ કરવા માટે ન આવી. તેથી ધર્મજન્ય એવો સ્વર્ગ નથી. આ પ્રમાણે મારા વડે નિશ્ચય કરાયો. ॥૬૯॥ હવે મારા વડે મૃત્યુકાલે પિતા પણ કહેવાયા કે પાપી એવા જો તમે નરકમાં દુઃખી થાવ તો મને કહેજો. જેથી તે પાપને હું ત્યજુ. ॥૭૦॥ તે ઇષ્ટ પુત્ર એવા મને પિતાએ કાંઈ કહ્યું નહિ. તેથી પાપજન્ય નરક નથી. આ પ્રમાણે મારા વડે નિશ્ચિત કરાયું. ॥૭૧॥

કોઈપણ પંડિત પુરુષ કોઈપણ દેહના ભાગમાં આત્માને કહે છે અને તેથી હે આચાર્ય ! તેની પણ પરીક્ષા મારા વડે કરાઈ. ॥૭૨॥ એક ચોર પકડીને તેના શરીરના તલ જેટલા ટુકડા કરાવ્યા. પરંતુ આત્મા ક્યાંય ન જોવાયો. ॥૭૩॥ અને જીવતા એક મનુષ્યનું વજન કરીને ગળામાં અંગુંઠો દબાવીને મરાવી નાંખ્યો અને તરત જ તેનું ફરી વજન કર્યું. ॥૭૪॥ જેટલા વજનવાળો જીવતો તે મનુષ્ય હતો. તેટલા વજનવાળો મરેલો પણ તે થયો. કાંઈપણ અધિક ઓછું ન થયું. ॥૭૫॥ તેથી જીવ ક્યાંથી હોય. કુંભીની અંદર એક પુરુષને નાંખીને કુંભીના દ્વારને બંધ કરીને તે દ્વારને લાક્ષારસથી પેક કરીને કાણા રહિત કરી. ॥૭૬॥ ત્યાં મરેલા એવા તેના તે શરીરમાં અસંખ્ય કૃમીઓ થયા. પરંતુ જીવને પ્રવેશનું અને નીકળવાનું દ્વાર ન થયું. ॥૭૭॥ લાંબાકાળે તે કુંભીને ઉઘાડીને મરેલા એવા તેને અને તે કીટકોને જોઈને પાંચભૂતથી અતિરિક્ત જીવ નથી. આ પ્રમાણે નિશ્ચય કરાયો. ॥૭૮॥ આ પ્રમાણે અનેક પરીક્ષાઓ વડે સારી રીતે સઘળું પરીક્ષા કરીને મેં નાસ્તિકપણું સ્વીકાર્યું છે. વિચાર્યા વગર કરનાર હું નથી. ॥૭૯॥ તેથી હે આચાર્ય ! તું પણ મારું કહેલું સઘળું કર. સ્વર્ગ અને મોક્ષાદિના અભાવ વડે તારો સઘળો ક્લેશ નિષ્ફલ છે. ॥૮૦॥

હવે કેશી ગણધરે કહ્યું. હે રાજન્ ! તારું વચન મેં સાંભળ્યું. હવે મારા વડે કહેવાતું સાવધાન થઈને તું વિચાર. ॥૮૧॥ હે રાજન્ ! મોક્ષ સુખના અભિલાષી એવા મારા વડે આજીવિકાને માટે આ વ્રત સ્વીકારાયું નથી. પરંતુ તત્વના અર્થને વિચારીને સ્વીકારાયું છે. ॥૮૨॥ અરણીના કાષ્ટમાં અગ્નિને સાંભળીને મારા વડે કાષ્ટના ઘણા ટુકડા કરાયા. પરંતુ હે મહારાજ ! તે ટુકડાઓની મધ્યમાં ક્યાંય પણ અગ્નિ ન જોવાયો. ॥૮૩॥ મૂર્તિમંત સત્ એવા પણ પદાર્થો હે રાજન્ ! જો દેખાતા નથી તો અમૂર્ત એવા જીવના અદર્શનમાં શું વિરોધ ? ॥૮૪॥ હે રાજન્ ! અરણીના કાષ્ટને મથન કરવાથી જે પ્રમાણે કાષ્ટમાં પણ અગ્નિ દેખાય છે. તેમ વિશિષ્ટ જ્ઞાનના યોગ વડે તે આત્મા પણ દેખાય છે. ॥૮૫॥ હે રાજન્ ! વાયુથી ભરેલી દૃતિ મારા વડે એકવાર તોલાઈ અને ફરી તે દૃતિને ખાલી કરીને તે જ પ્રમાણે તે તોલાઈ ॥૮૬॥ તે દૃતિને બંને પ્રકારે તોલવામાં એક જ પ્રમાણ થયું. વળી વાયુથી કરાયેલી હીનાધિકતા અલ્પ પણ ન થઈ. ॥૮૭॥ સ્પર્શથી જાણી શકાય તેવા મૂર્તિમંત વાયુને તોલવામાં પણ કાંઈ વિશેષ ન થયું તો અમૂર્ત એવા જીવનું તો કેવી રીતે થાય ? ॥૮૮॥ કોઠીની અંદર શંખને વગાડનાર પુરુષને નાંખીને તે કોઠીના દ્વારને લાક્ષારસથી પેક કરીને તે પુરુષ વડે શંખને વગાડાયો. ॥૮૯॥ બહાર તે શંખનો અવાજ સંભળાયો તે અવાજ પણ કોઠીને છિદ્ર પાડ્યા વગર નીકળ્યો. આનાથી પણ સૂક્ષ્મ એવો જીવ વળી શા માટે ગમનાગમન ન કરે. ॥૯૦॥ તે કારણથી દરેક પ્રાણીઓને દેહથી અતિરિક્ત એવો આ જીવ છે અને તે પોતાના જ્ઞાનથી અનુભવથી અને પ્રત્યક્ષથી જાણી શકાય છે. ॥૯૧॥ હે રાજન્ ! ધજાના ચાલવારૂપ લિંગથી ગ્રાહ્ય પવનની જેમ ચૈતન્યપૂર્વ ગતિ વગેરે ચેષ્ટારૂપ લિંગથી ગ્રાહ્ય જીવને તું જાણ. ॥૯૨॥ હે રાજેન્દ્ર ! પરલોકમાં જનાર જીવ હોતે છતે ધર્માધર્મથી

ઉદ્ભવી શકે તેવું સ્વર્ગલોક અને નરક પણ જાણવા યોગ્ય છે. ॥૯૩॥ હે રાજન્ ! સ્વર્ગથી તારી માતા જે ન આવી તેનું કારણ આ છે કે સ્વભાવથી સુંદર એવા સ્વર્ગમાં વિલાસ કરતા દેવતાઓને સુખ છે. ॥૯૪॥ તેઓ મનુષ્યોને આધીન નથી હોતા પ્રેમના પાશથી વશ થયેલા, નાટકાદિમાં ખેંચાયેલા ચિત્તવાળા, નહિ સમાપ્ત થયેલા પ્રયોજનવાળા, અરિહંતના કલ્યાણકાદિને છોડીને તિર્ચ્છાલોકની દુર્ગંધથી ક્યારે પણ અહીં આવતા નથી. ॥૯૫-૯૬॥ જેથી અત્યંત અદ્ભુત શૃંગારવાળા કરાયેલા દિવ્ય વિલેપનવાળા નરકથી પણ દુર્ગંધી એવા અશુચિ સ્થાનમાં જતા નથી. ॥૯૭॥ વળી તારા પિતા નરકની વેદનાને વેદતા, પરમાધાર્મિકો વડે ધારણ કરાયેલા અહીં આવવાને માટે સમર્થ નથી માટે અહીં ન આવ્યા. ॥૯૮॥ જેમ કોઈ અપરાધી નિગ્રહ કરવા માટે સ્થાપન કરાયેલ, સ્વજનોનું અનુશાસન કરવા માટે આરક્ષો પાસેથી છૂટી શકતો નથી. ॥૯૯॥ તેમ હે રાજન્ ! નરક અને સ્વર્ગની સ્થિતિને જાણીને પુન્ય અને પાપના ક્ષયથી મોક્ષ છે એ પ્રમાણે જાણ મોહને પામ નહિ. ॥૧૦૦॥

તે સાંભળીને રોમાંચિત થયેલ શરીરવાળા રાજાએ મસ્તક ઉપર અંજલી કરીને ભક્તિ વડે ગુરુને વિજ્ઞપ્તિ કરી. ॥૧૦૧॥ હે સ્વામી ! ગારુડીકના મંત્ર વડે તાડન કરાયેલ સર્પની જેમ આપની વાણી વડે આજે અમારો પ્રબળ એવો પણ આ મોહ પિશાચ નષ્ટ થયો છે. ॥૧૦૨॥ આજે અજ્ઞાનરૂપી અંધકારથી આક્રાંત કરાયેલા મારા અંતર લોચન પ્રભુ વડે વાણીરૂપી અમૃતના અંજનની શલાકા વડે ઉઘાડાયા છે. ॥૧૦૩॥ હે સ્વામી ! મારા વડે જણાયું છે કે, જૈન ધર્મથી અન્ય બીજો કોઈ ધર્મ નથી. જેમ સૂર્યથી અન્ય કોઈ પ્રત્યક્ષ તેજનો ભંડાર નથી. ॥૧૦૪॥ પરંતુ પરંપરાથી આવેલું નાસ્તિકપણું અમારે હે સ્વામી ! એકાએક કેવી રીતે છોડાય. કારણ કે, આમ કરવાથી સ્વજનોથી પણ લજ્જા પમાય છે. ॥૧૦૫॥ ગુરુએ કહ્યું, હે રાજન્ ! પરંપરાથી આવેલુ. પણ દારિદ્ર્યપણું-રોગીપણું-મૂર્ખાદિપણું શું પુરુષો વડે ત્યજાતુ નથી. ॥૧૦૬॥ આ પિતાજીનો કૂવો છે એ પ્રમાણે મૂઢ મનપણા વડે તે કૂવાના જ ખારા પણ પાણીને વિવેકીઓ વડે અહીં પીવા યોગ્ય નથી. ॥૧૦૭॥ હે રાજન્ ! હમણાં પણ જો તું ધર્મને સ્વીકારીશ નહિ તો પાછળથી જડબુદ્ધિવાળો તું ઘાસરૂપી ધનવાળાની જેમ શોક કરીશ. ॥૧૦૮॥

તે આ પ્રમાણે- કૌશલાપુરીમાં ચાર મિત્રો હતા અને ધનને મેળવવા માટે તેઓ દેશાંતર ગયા. ॥૧૦૯॥ જલ્દી લોઢાની ખાણને પ્રાપ્ત થયેલા તેઓએ ત્યાંથી ઘાસને ગ્રહણ કર્યું. વર્ષાના આરંભમાં મહા કિંમતી હોવાથી આ લાભને આપશે. ॥૧૧૦॥ આ પ્રમાણે આગળ જેટલામાં ગયા ત્યાં વણિકોએ તેઓને કહ્યું કે ઘાસ વડે તમે શું કરશો ? આગળ ચાંદીની ખાણ છે. ॥૧૧૧॥ ત્યાં રજતની ખાણમાં ગયેલા લેવું અને વેચવું ને જાણનાર તેઓએ ઘાસને વેચીને ચાંદી ગ્રહણ કરી ॥૧૧૨॥ અને આગળ સુવર્ણની ખાણને સાંભળીને રુપ્યને મૂકીને ત્યાં જઈને સુવર્ણને ગ્રહણ કર્યું કોની ઇચ્છા અધિક-અધિકમાં ન હોય ! ॥૧૧૩॥ હવે કોઈપણ રીતે નજીકમાં રત્નાચલને જાણીને હર્ષિત થયેલા તેઓ સુવર્ણને છોડીને રત્નને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા ત્યાં ગયા. ॥૧૧૪॥ ત્યાં સવાલાખના મૂલ્યવાળા રત્નો છે અને તેમાં ખોદવાથી પ્રાપ્ત થયેલા રત્નોનો દશમો ભાગ ખોદનારનો થાય. ॥૧૧૫॥ શેષ નવ ભાગને રાજપુરુષો ગ્રહણ કરે છે તેથી તેઓએ ત્યાં રત્નોને ખોદવા માટે પ્રારંભ કર્યો. ॥૧૧૬॥ તેઓ વડે ઉત્તરોત્તર વસ્તુને ગ્રહણ કરવા માટે ઘણું કહેવાયેલો. પણ તેઓમાંથી એકે પૂર્વે ગ્રહણ કરેલા ઘાંસને છોડ્યું નહિ ॥૧૧૭॥ અને કહ્યું, તમારી જેમ ચંચલ ચિત્તવાળો અપ્રતિષ્ઠ નથી. હું કાંઈ મૂકું પણ નહિ અથવા ગ્રહણ પણ ન કરું. ઘાંસ વડે જ હું નિવૃત્ત (તૃપ્ત) છું.॥૧૧૮॥

ખરેખર ભેગા થયેલા લોભી એવા તમે ધૂળમાં મરતા રહો, વળી હું ઘાસના કરેલા ઓશીકાવાળો સુખેથી સુવું છું. ॥૧૧૯॥

હવે તેઓ પ્રત્યેક પાંચ-પાંચ રત્નોને પ્રાપ્ત કરીને વલીને પોતાના નગરને પ્રાપ્ત કર્યું અને ઘાસના ધનવાળો પણ ત્યાં આવ્યો. ॥૧૨૦॥ હે રાજેન્દ્ર ! જેઓએ ગ્રહણ કરેલ અન્ય વસ્તુને મૂકીને રત્નોને ગ્રહણ કર્યા તેઓ રત્ન દ્રવ્ય વડે સુખી થયા. ॥૧૨૧॥ વળી ઘાસના ધનવાળો તે પુરુષ રત્નોથી ઉત્પન્ન થયેલી તેઓની ઋદ્ધિ જોઈને લાંબો કાળ શોક કરતો પાછળથી દુઃખનું ભાજન થયો. ॥૧૨૨॥ હે રાજન્ ! તું પણ આ પ્રમાણે પરંપરાથી આવેલા કદાગ્રહને નહિ મૂકતો ઘાસરૂપી ધનવાળાની જેમ સુખનું ભાજન થઈશ નહિ. ॥૧૨૩॥

આ પ્રમાણે સાંભળીને છોડી દીધેલ છે અજ્ઞાનરૂપી અંધકારવાળા મહારાજા ગુરુના ઉપદેશરૂપી શસ્ત્ર વડે છેદાઈ ગયેલા મિથ્યાત્વરૂપી બંધનવાળા એવા તે રાજાએ નાસ્તિકપણાનો ત્યાગ કરીને અને સમ્યક્ત્વને સ્વીકારીને શ્રાવકના બારવ્રતોને સ્વીકાર્યા. ॥૧૨૪-૧૨૫॥ હવે તેણે કહ્યું. હે અમાત્ય ! તું પણ સમ્યક્ત્વને સ્વીકાર. મંત્રીએ કહ્યું. શ્રાવસ્તીમાં મારા વડે આ ગુરુની પાસે જ ધર્મ સ્વીકારાયો છે ॥૧૨૬॥ અને હે સ્વામી ! તમારા બોધને માટે મેં અહીં ગુરુને બોલાવ્યા તે સાંભળીને રાજાએ કહ્યું, હે મંત્રી ! તું મારો ધર્મબાંધવ છે. ॥૧૨૭॥ અથવા તો ગુરુના દર્શન કરાવવાથી તું મારો ગુરુ છે અને અહીં ધર્મની પ્રવૃત્તિથી હે મંત્રી ! તું કારણનો કર્તા છે. ॥૧૨૮॥

હવે પ્રદેશી રાજા પરમ શ્રાવક થયો અને પ્રબોધ પામેલા તેના વડે સમસ્ત દેશ પણ શ્રાવક થયો. ॥૧૨૯॥ ત્યાં અરિહંતના ધર્મનું સામ્રાજ્ય એક છત્રી થયું. મંત્રીના મનોરથરૂપી મહાવૃક્ષ ફલીભૂત થયું. ॥૧૩૦॥ રાજાએ દેશમાં સર્વ ઠેકાણે જિનચૈત્યોને કરાવ્યા અને સર્વત્ર મહાપ્રભાવના પૂર્વક રથયાત્રા કરાવી ॥૧૩૧॥ તથા સાધુઓને અને સાધર્મિકજનોને પૂજ્યા, સ્વયં બોધ આપી આપીને અન્ય જનોને ધર્મમાં પ્રવર્તાવ્યા. ॥૧૩૨॥ પ્રીતિવાળા તે પર્વ દિવસે ધર્મને પુષ્ટિ કરનાર પૌષધને કરતા હતા અને ગુરુના અભાવમાં ગુરુની જેમ ધર્મદેશનાને કરતા હતા. ॥૧૩૩॥ બ્રહ્મચર્ય વ્રત છે પ્રિય જેને એવો તે રાજા વિષયોને વિષ જેવા માનતો હતો. ચારિત્રને ગ્રહણ કરવાની ઇચ્છાવાળાની જેમ ચારિત્રીને વખાણતો હતો. ॥૧૩૪॥

હવે રાજાની કામથી આતુર થયેલી સૂર્યકાન્તા નામની પ્રિયાએ વિચાર્યું કે, ધાર્મિકપણાથી આ રાજા બ્રહ્મચર્યવાન્ થયેલ છે. ॥૧૩૫॥ આ રાજા જીવતે છતે હું બીજા પુરુષની સાથે રમવા માટે શક્તિમાન નથી. તેથી વિષાદિ ઉપાય વડે આને હું મરાવી નાખું. ॥૧૩૬॥ ત્યાર પછી સૂર્યકાન્ત નામના પોતાના પુત્રને રાજ્યમાં સ્થાપન કરાવીને હું ઇચ્છા પ્રમાણે વૈષયિક સુખને ભોગવીશ. ॥૧૩૭॥ પતિને હણનારી, દયા વગરની પાપી એવી તેણીએ પૌષધ ઉપવાસના પારણામાં રાજાને આહારની અંદર વિષ આપ્યું. ॥૧૩૮॥ ત્યાર બાદ રાજાને વિષના આવેગથી મહાતાપ થયો અને તેના વડે તે જ ક્ષણે જણાયું કે સ્ત્રી વડે મને વિષ અપાયું છે. ॥૧૩૯॥ તેથી રાજાએ મંત્રીને બોલાવીને વિષની વિક્રિયાને કહી. હવે મંત્ર અને ઔષધાદિને કરતો એવો મંત્રી રાજા વડે કહેવાયો ॥૧૪૦॥ કે હે મંત્રી ! મારું મૃત્યુ નજીક છે તેથી ધર્મરૂપી ઔષધને કર. હમણાં જલ્દીથી સંસાર સાગરને તારનારા ગુરુને બોલાવ. ॥૧૪૧॥ મંત્રીએ કહ્યું, હે દેવ ! હમણાં અહી ગુરુઓ નથી. રાજાએ કહ્યું, તું જ મારો ગુરુ છે તેથી તું ગુરુ સંબંધી કાર્યને કર. ॥૧૪૨॥

હવે ગીતાર્થ એવા મહામંત્રીએ જીનેશ્વર ભગવંતના બિંબના દર્શન કરાવ્યા. દેવોને વંદન કરાવ્યા અને દુષ્કૃત્યની ગર્હા કરાવી ॥૧૪૩॥ સિદ્ધની સાક્ષીએ સમસ્ત પાપોની આલોચના કરાવી. સર્વ જીવોને વિષે નિર્મલ ક્ષમાપના કરાવી. ॥૧૪૪॥ વિષના તાપને આપનારી પાપી એવી સૂર્યકાન્તા પ્રતિ રાજા પાસેના વિશેષથી તેણે મિથ્યા દુષ્કૃત કરાવ્યું. ॥૧૪૫॥ જે નરકાદિમાં અવશ્ય વેદવા યોગ્ય કર્મને તારી ઉપકારિણી એવી આ અહીં જ શાંત કરાવે છે. ॥૧૪૬॥ લાંબાકાળથી કરેલા ધર્મવાળો એવો પણ તું જો આ સૂર્યકાન્તાને વિષે દ્વેષને કરીશ તો ધમેલા સુવર્ણને ફૂત્કાર વડે હારી જઈશ. ॥૧૪૭॥ આ પ્રમાણે તને આ ભવમાં જ નહિ. પરંતુ નરકાદિમાં અનંતીવાર જે તીવ્ર દુઃખોને ભમતા એવા તારા વડે જે સહન કરાયા છે. ॥૧૪૮॥ તેની અપેક્ષા વડે આ દુઃખ અલ્પ છે. આમ વિચારીને હે ધીર ! સમાધિવાળા તારે દુઃકર્મનું ફળ સર્વે સહન કરવા યોગ્ય છે. ॥૧૪૯॥ એ પ્રમાણે કહીને વ્રતના ઉચ્ચારણપૂર્વક અનશનને આપીને, આરાધનાને કરાવીને રાજા શ્રેષ્ઠ સમાધિને પ્રાપ્ત કરાવાયો. ॥૧૫૦॥

ત્યાર પછી શુદ્ધ મનવાળો નમસ્કાર મહામંત્રને ઊચરતો, શરણ કરવા યોગ્ય ગુરુના બંને ચરણોને આશ્રય કરાયેલો દેહને છોડીને સૂર્યાભ નામના વિમાનમાં, સૌધર્મ દેવલોકમાં, ચાર પલ્યોપમના આયુષ્યવાળો સૂર્યાભ નામનો ઉત્તમદેવ થયો ॥૧૫૧-૧૫૨॥ અને સૂર્યકાન્તા પણ હું વિષને આપનારી જણાઈ ગઈ છું એમ જાણીને નાશી ગઈ અને જંગલમાં સર્પ વડે દંશાયેલી છઠ્ઠી નરકને પામી ॥૧૫૩॥ અને ત્યારે આમલકલ્પા નામની નગરીમાં અવધિજ્ઞાન વડે ત્રણ જગતના નાથ એવા શ્રી વીર પ્રભુને સમવસરેલા જાણીને તે સૂર્યાભદેવ સ્વર્ગથી આવીને અને પ્રભુને નમસ્કાર કરીને વિજ્ઞપ્તિ કરી હે નાથ ! ક્ષણવાર વ્યાખ્યાનને રોકો. ॥૧૫૪-૧૫૫॥ હે પ્રભુ ! હું ગૌતમાદિ મુનીન્દ્રોને વિચિત્ર પ્રકારના નાટકને બતાવીશ. ત્યાર પછી સ્વામી મૌન રહ્યા. ॥૧૫૬॥ હવે ઈશાનખૂણામાં જઈને સિંહાસન કર્યું અને ત્યાં રહેલા જમણી ભુજાથી એકસોને આઠ નાટકોને અને ડાબી ભુજામાંથી પણ તેટલા જ દિવ્યવાજિંત્ર ગાંધર્વ અને મનોહર નાટકની ક્રિયાને જાણનાર તેણે નાટકોને કાઢ્યા. ॥૧૫૭-૧૫૮॥ ત્યાર પછી પૂર્વે નહિ જોયેલા શ્રેષ્ઠ દિવ્ય નાટકની વિધિને ભક્તિ પૂર્વક બતાવીને તે દેવ સ્વર્ગમાં ગયો. ॥૧૫૯॥ હવે જગતના સ્વામીને નમસ્કાર કરીને ગૌતમ મહારાજાએ પૂછયું. આ દેવ કોણ છે ? અને ક્યા કર્મવડે આવી ઋદ્ધિને પામ્યો ? ॥૧૬૦॥ પ્રભુએ પૂર્વભવથી માંડીને ગુરુની ભક્તિરૂપી ફલથી અદ્‌ભુત એવું તેનું વિસ્તાર સહિત ચરિત્રને જણાવ્યું ॥૧૬૧॥ કે નરક ગમનને યોગ્ય ઉપાર્જિત કરેલા ગાઢ કર્મવાળો એવો પણ આ રાજા કેશીસૂરિજીના પ્રસાદથી શ્રેષ્ઠ દેવ થયો અને ત્યાર બાદ પૂર્ણ થયેલા આયુષ્યવાળો દેવલોકથી ચ્યવેલો મનુષ્યભવને પામેલો વિદેહમાંથી મોક્ષમાં જશે. ॥૧૬૨॥

આ પ્રમાણે ગુરુની ભક્તિમાં પ્રદેશી રાજાની કથા ॥૪૫॥(૧૫૯)

હવે સામાન્ય મનુષ્યોને ઉચિત અન્વય અને વ્યતિરેક વડે ગુરુના લક્ષણને કહે છે.

अक्खरु अक्खइ किंपि न ईहइ ।
अन्नुवि भवसंसारह बीहइ ।
संजमिनियमिहिं खणु वि न मुञ्चइ ।
एहा धम्मिय सुहगुरु वुञ्चइ ॥४६॥ (१६०)

छव्विहजीवनिकाउ विराहइ पंच वि इंदिय जो न वि साहइ ।
कोहमाणमयमच्छरजुत्तउ सो गुरु नरयह नेइ निरुत्तउ ।।४७।। (१६१)

ગાથાર્થ : હે ધર્મીજનો ! જેઓ ધર્મતત્ત્વ સાથે સંકળાયેલા અક્ષરોને કહે છે, છતાં શ્રોતાજનો પાસેથી કોઈપણ પદાર્થની સ્પૃહા રાખતા નથી, તેમ જ ચારગતિરૂપ સંસારના ભ્રમણથી ભય પામે છે અને સંયમ તથા નિયમથી જરા પણ અળગા રહેતા નથી, તેઓ જ ખરેખર સદ્‌ગુરુ કહેવાય છે. ॥૪૬॥૧૬૦॥

કુગુરુ સ્વરૂપ : જે પૃથ્વી આદિ છ જીવનિકાયની વિરાધના કરે છે, પાંચ ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખતા નથી, અને ક્રોધ-માન-મદ અને ઈર્ષ્યાદિ દોષોથી યુક્ત હોય, તેવો ગુરુ શ્રોતાજનને અવશ્ય નરકમાં લઈ જાય છે. ॥૪૭॥૧૬૧॥

ભાવાર્થ : બંને રૂપક સ્પષ્ટ છે. ॥૪૬, ૪૭॥૧૬૦, ૧૬૧॥

હવે કેવી રીતે પ્રથમ દર્શનમાં જ ગુરુના ગુણ જણાય તે કહે છે.

आलयविहारभासा चंकमणट्ठाणविणयकम्मेहिं ।
सव्वन्नुभासिएहिं जाणिज्जइ सुविहिउ साहू ।।४८।। (१६२)

ગાથાર્થ : સર્વજ્ઞે દર્શાવેલા ઉપાશ્રય વિહાર, ભાષા સમિતિ, જવા આવવાની ક્રિયા સ્થાન અને વિનયાદિ કર્મ વડે સુવિહિત સાધુ જાણી શકાય છે. ॥૪૮॥(૧૬૨)

ભાવાર્થ : આલય-સારી રીતે પ્રમાર્જના કરેલ અને સ્ત્રી, પશુ, નપુંસકથી રહિત ઉપાશ્રય.

વિહાર - માસકલ્પાદિ, સૂત્ર સૂચન કરનારું હોવાથી કેવલ 'ભાષા' લખ્યું હોવા છતાં ભાષા એટલે ભાષાસમિતિ, ચંક્રમણ-ઇર્યાસમિતિથી યુક્તનું ચાલવું.

અહીં એક ઈર્યાસમિતિનું ગ્રહણ કરેલ હોવાથી સઘળી પ્રવચન માતાનું ગ્રહણ જાણવા યોગ્ય છે. સ્થાનં = ઊર્ધ્વ સ્થાન પ્રવેશ નિષ્ક્રમણાદિ પ્રદેશ વર્જિત ઊર્ધ્વ સ્થાન જાણવા યોગ્ય છે. વિનય કર્મ - પરસ્પર વિનયને યોગ્યને વિષે ઊચિત પ્રતિપત્તિ આ સર્વજ્ઞે કહેલ લિંગો વડે સુવિહિત સાધુ જણાય છે.

હવે આવા પ્રકારના સાધુના વિચિત્ર પ્રકારના ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમના ભેદથી નામને કહે છે.

पुलायनामो पढमो, चरित्ती बीओ बउस्सो तइओ कुसीलो ।
चउत्थओ होइ नियंठ-नामो सव्वुत्तमो पंचओ सिणाओ ।।४९।। (१६३)

ગાથાર્થ : પુલાક નામનો પહેલો ચારિત્રી, બીજો બકુશ, ત્રીજો કુશીલ, ચોથો નિર્ગ્રન્થ અને પાંચમો સ્નાતક નામનો પાંચમો સર્વોત્તમ ચારિત્રી છે.

ભાવાર્થ : પુલાક એટલે નિસ્સાર ધાન્યના કણની જેમ કાંઈક અસાર સંયમ છે જેનું તેવો પુલાક નામનો પ્રથમ ચારિત્રી છે તે બે પ્રકારે છે. લબ્ધિપુલાક અને પ્રતિ સેવા પુલાક. તેમાં **લબ્ધિ પુલાક** - લબ્ધિ વિશેષવાળા જેથી કહ્યું છે કે સંઘ વિગેરેના કાર્યમાં ચક્રવર્તિના સૈન્યને પણ ચૂરી નાંખે તેવી લબ્ધિથી યુક્ત તે લબ્ધિપુલાક જાણવા યોગ્ય છે. (સંબોધ પ્ર. ગુર્વધિકારમાં ગા. ૨૪૩)

પ્રતિસેવા પુલાક : સ્ખલનાદિ વડે જ્ઞાનાદિની અસારતા કરનાર. બીજો ચારિત્રી **બકુશ**-સંયમના યોગથી બકુશ - બકુશ - કાબરચીતરું તે પણ બે પ્રકારે છે. ત્યાં વસ્ત્રપાત્રાદિ ઉપકરણની વિભૂષા કરનાર પ્રથમ અને હાથ-પગ-નખ અને મુખાદિ શરીરના અવયવોની વિભૂષા કરનાર તે બીજો.

ત્રીજો કુશીલ : આ પણ બે પ્રકાર છે. (૧) જ્ઞાનાદિ પ્રતિસેવણાકુશીલ એટલે કે જ્ઞાનાદિ વડે જીવનાર (૨) કષાયકુશીલ-કષાયો વડે જ્ઞાનાદિનો વિરાધક.

(૪) **નિર્ગ્રંથ** નામનો ચોથો થાય છે. મોહનીય નામની ગ્રંથિથી નીકળી ગયેલ નિર્ગ્રંથ. ઉપશાંત મોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનકમાં રહેલ મુનિ.

(૫) સર્વોત્તમ પાંચમો સ્નાતકની જેમ - **સ્નાતક** - ઘાતિકર્મોના ક્ષયથી કેવલજ્ઞાની. આ ઉત્તરોત્તર શુદ્ધ ચારિત્રવાળા અને આનો વિસ્તાર શ્રી ભગવતી સૂત્રના ૨૫મા શતકના છઠ્ઠા ઉદ્દેશમાંથી જાણવા યોગ્ય છે.

આ પ્રમાણે શ્લોકનો અર્થ છે. ॥૪૯॥(૧૬૩)

હવે આ સર્વે પણ હમણાં પ્રાપ્ત કરાય છે કે અથવા ક્યારેક જ પ્રાપ્ત કરાય છે તે કહે છે.

निग्गंथसिणायाणं, पुलायसहियाण तिण्ह वुच्छेओ ।
बकुसकुशीला दुन्नि, वि जा तित्थं ताव होहिंति ।।५०।। (१६४)

ગાથાર્થ : આ દુષમા નામના પાંચમા આરામાં પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતક એ ત્રણેય ચારિત્રનો વ્યવચ્છેદ (નાશ) થયો છે, તથા બકુશ અને કુશીલ ચારિત્ર તો, જ્યાં સુધી પ્રભુ શ્રી મહાવીરનું તીર્થ હશે ત્યાં સુધી રહેશે. ॥૫૦॥૧૬૪॥

ભાવાર્થ : સ્પષ્ટ છે. ॥૫૦॥(૧૬૪)

હવે જે જ્યાં સુધી તીર્થ હોય ત્યાં સુધી રહેનારાની તે બે પ્રતિ શું કરવા યોગ્ય છે તો કહે છે.

ता तेसिं असढाणं, जहसत्ति जहागमं जयंताणं ।
कालोचियजयणाए, बहुमाणो होइ कायव्वो ।।५१।। (१६५)

ગાથાર્થ : તે કારણથી આગમમાં કહેલી વિધિ મુજબ શક્તિ અનુસારે પ્રામાણિક પુરુષાર્થ કરનાર બકુશ-કુશીલ ચારિત્રીને વિશે કાલને ઉચિત જયણા વડે બહુમાન કરવા યોગ્ય છે. ॥૫૧॥૧૬૫॥

ભાવાર્થ : તે કારણથી શઠતા રહિત, બકુશ અને કુશીલ ચારિત્રની શક્તિ પ્રમાણે આગમમાં કહેલ વિધિ પ્રમાણે કાલ - દુષમકાલ તેને ઉચિત યતના વડે પ્રયત્ન કરતા તે બંનેની પૂજા કરવા યોગ્ય છે. ॥૫૧॥(૧૬૫)

હવે પૂજાને જ પ્રગટ કરે છે.

बहुमाणो वंदणयं, निवेयणा पालणा य जत्तेण ।
उवगरणदाणमेव, य गुरुपूया होइ विन्नेया ।।५२।। (१६६)

ગાથાર્થ : બહુમાન-વંદન-નિવેદન-યતના વડે પાલન-ઉપકરણોનું દાન એમ સર્વ પ્રકારે ગુરુપૂજા જાણવા યોગ્ય છે.

ભાવાર્થ : બહુમાન-માનસિક પ્રીતિ. વંદન-દ્વાદશાવર્ત વંદન. નિવેદન-દ્રવ્યથી ધન્ય-ધાન્યાદિ સર્વસ્વનું સમર્પણ, ભાવથી સર્વ પ્રકારે મનનું સમર્પણ. પાલના-તેમના ઉપદેશનું આરાધન. યત્ન વડે એટલે કે આ રહસ્યભૂત છે એ પ્રમાણેના આદર વડે આરાધના કરવી તે. ઉપકરણ-વસ્ત્રાદિનું દાન કરવું. એવકાર સમુચ્ચય અર્થમાં છે. ચકારથી અભ્યુત્થાન કરવું, સામે લેવા જવું, આવ્યા પછી જાય ત્યારે પાછા વળાવવું જવું. આ રીતે ગુરુપૂજા થાય છે. ॥૫૨॥૧૬૬॥

હવે નિર્ગ્રંથ અને સ્નાતકની અપેક્ષા વડે હીનગુણવાળા બકુશ-કુશીલોની કેવી રીતે આ પ્રમાણે સ્વીકૃતિ થાય તે કહે છે.

पलए महागुणाणं, हवंति सेवारिहा लहुगुणा वि ।
अत्थमिए दिणनाहे, अहिलसइ जणो पइवंपि ।।५३।। (१६७)

ગાથાર્થ : મહાગુણવાળાના અભાવમાં લઘુગુણવાળા પણ સેવવા યોગ્ય છે. સૂર્ય અસ્ત પામતે છતે મનુષ્યો પ્રદીપને ઇચ્છે છે.

ભાવાર્થ : પાઠ સિદ્ધ છે. પરંતુ પ્રલય-અભાવ ॥૫૩॥(૧૬૭)

આગમમાં પણ આ જ પ્રમાણે રહેલું (કહેલું) છે તે આ પ્રમાણે-

समत्तनाणचरणा-णुवाइमाणाणुगं च जं जत्थ ।
जिणपन्नत्तं भत्तीइ, पूयए तं तहाभावं ।।५४।। (१६८)

ગાથાર્થ : સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આદિ ગુણોને અનુસરનારું તથા શ્રીજિનાજ્ઞા મુજબનું જે કાંઈ અનુષ્ઠાન જે પુરુષમાં દેખાય, તે સમ્યગ્દર્શન આદિ ગુણો શ્રી જિનેશ્વરોએ પ્રરૂપ્યા છે, એમ વિચારીને તે ગુણયુત પુરુષની ઉચિત-ભક્તિથી પૂજા કરવી જોઈએ. ॥૫૪॥૧૬૮॥

ભાવાર્થ : સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રના અનુપાતિ એટલે કે સાક્ષાત્ આગમમાં નહિ કહેલું છતાં પણ આજ્ઞાને અનુસરનારું એટલે કે જિનેશ્વર પરમાત્મા એ જે કહેલ હોય તેને અનુસરનારનો જે ભાવ એટલે કે ગુણવિશેષ તે જે પુરુષમાં જોવે. શેષગુણના અભાવમાં પણ જિનપ્રજ્ઞપ્તને મનમાં કરીને ભક્તિ વડે બહુમાનથી તથા ભાવ એટલે તે પ્રકારે ગુણવિશેષના અનુમાન વડે સત્કારે આ પ્રમાણેનો અર્થ છે. ॥૫૪॥૧૬૮॥

અને આ અર્થમાં.

केसिं चि य आएसो, दंसणनाणेहिं वट्टए तित्थं ।
वुच्छिन्नं च चरित्तं, वयमाणे होइ पच्छित्तं ।।५५।। (१६९)

ગાથાર્થ : કેટલાકોનો મત આ પ્રમાણે છે કે દર્શન અને જ્ઞાન વડે તીર્થ પ્રવર્તે છે. ચારિત્રનો વ્યવચ્છેદ થયો છે. આમ જે બોલે છે તેને પ્રાયશ્ચિત્ત આવે છે.

ભાવાર્થ : આગમને નહીં જાણનારા કેટલાકનો મત છે કે દર્શન અને જ્ઞાન વડે તીર્થ વર્તે છે અને ચારિત્ર વિનષ્ટ થયેલું છે. આ પ્રમાણે બોલતે છતે પ્રાયશ્ચિત્ત આવે છે. ॥૫૫॥૧૬૯॥

આજ અર્થને ભાવતા કહે છે.

जो भणइ नत्थि धम्मो, न य सामइयं न चेव य वयाइं ।
सो समणसंघबज्झो, कायव्वो समणसंघेण ।।५६।। (१७०)

ગાથાર્થ : જે કહે છે કે વર્તમાનમાં ધર્મ નથી, સામાયિક નથી અને વ્રતો નથી તે (પુરુષ) શ્રમણ સંઘ વડે સંઘની બહાર કરવા યોગ્ય છે. ।।૫૬।।(૧૭૦)

ભાવાર્થ : સ્પષ્ટ છે. ।।૫૬।।(૧૭૦)

શા માટે તે બહાર કરવા યોગ્ય છે તો કહે છે.

दुप्पसहंतं चरणं, जं भणियं भगवया इह खेत्ते ।
आणाजुत्ताणमिणं, न होइ अहुणत्ति वा मोहो ।।५७।। (१७१)

ગાથાર્થ : આ ભરત ક્ષેત્રમાં દુપ્પસહસૂરિજી સુધી આજ્ઞાયુક્ત સાધુઓને જે ચારિત્ર ભગવંત વડે કહેવાયું છે. તે વર્તમાનકાળે નથી આવું બોલવું કે માનવું તે મૂઢતા છે. ।।૫૭।।૧૭૧।।

ભાવાર્થ : દુપ્પસહસૂરિશ્વરજી સુધી આજ્ઞાયુક્ત સાધુઓને ચારિત્ર જે કારણથી શ્રીવીર સ્વામી વડે અહીં ભરત ક્ષેત્રમાં કહેવાયેલું છે. તેથી હમણાં અહીં આ ચારિત્ર નથી આવા પ્રકારની જેની મતિ છે તે તેની મૂઢતા છે. તે સંઘની બહાર કરવા યોગ્ય છે. આ પ્રમાણેનો અર્થ છે. ।।૫૭।।૧૭૧।।

તેવા પ્રકારની બુદ્ધિ અને બલાદિના અભાવથી કેવી રીતે હમણાં ચારિત્રનો સંભવ છે ? તો કહે છે.

कालोचियजयणाए, मच्छररहियाण उज्जमंताणं ।
जणजत्तारहियाणं, होइ जइत्तं जईण सया ।।५८।। (१७२)

ગાથાર્થ : કાલને ઉચિત જયણાથી જીવનારા, માત્સર્ય રહિત ધર્માનુષ્ઠાનોમાં ઉદ્યમવંતને અને જનસમાગમથી રહિત યતિઓને હંમેશાં ચારિત્ર હોય છે.

ભાવાર્થ : સુગમ છે. વિશેષ એ કે જનયાત્રા રહિત એટલે પ્રત્યુપકાર (વિનય વિશેષ છે) સુખદુઃખની ચિંતા કરવી વિગેરે લોકવ્યવહારથી મુક્ત થયેલાઓને, જ્યાં સુધી તીર્થ હોય ત્યાં સુધી ચારિત્ર હોય છે. ।।૫૮।।૧૭૨।।

આજ અર્થને સમર્થન કરતા કહે છે.

न विणा तित्थं नियंठेहिं, ना तित्था य नियंठया ।
छक्कायसंजमो जाव, ताव अणुसज्जणा दुण्हं ।।५९।। (१७३)

ગાથાર્થ : સામાન્યથી નિર્ગ્રંથ વિના તીર્થ નથી અને તીર્થ વિના નિર્ગ્રંથો નથી. છકાયનું સંયમ જ્યાં સુધી છે ત્યાં સુધી તીર્થ અને નિર્ગ્રંથ, એ બંન્નેનો પરસ્પર સંબંધ ટકે છે.

ભાવાર્થ : સામાન્યથી નિર્ગ્રંથો વિના તીર્થ નથી અને તીર્થ વિના નિર્ગ્રંથો નથી. પુલાક-બકુશ અને પ્રતિસેવણા કુશીલોનો આ નિયમ છે અને પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે,

હે ભગવંત ! પુલાક ચારિત્ર તીર્થમાં હોય છે કે અતીર્થમાં હોય છે ? હે ગૌતમ ! તીર્થમાં હોય છે.. અતીર્થમાં નથી હોતું. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવણા કુશીલમાં પણ જાણવું. કષાય કુશીલમાં પૃચ્છા, હે ગૌતમ ! તીર્થમાં હોય અને અતીર્થમાં પણ હોય. જો અતીર્થમાં હોય તો તીર્થકરમાં હોય કે પ્રત્યેક બુદ્ધમાં હોય ? હે ગૌતમ ! તીર્થંકરમાં પણ હોય અથવા પ્રત્યેક બુદ્ધમાં હોય. એ પ્રમાણે નિર્ગ્રંથમાં અને સ્નાતકમાં પણ તે પ્રકારે જાણવું. તેથી છજીવનિકાયનો સંયમ જ્યાં સુધી હોય ત્યાં સુધી બકુશ અને પ્રતિવેષણા કુશીલની અનુવૃત્તિ એટલે કે અનુસરણ હોય છે. એ પ્રમાણેનો અર્થ છે. ॥૫૯॥(૧૭૩)

હવે ઉત્તરાર્ધને વર્ણવે છે.

जा संजमया जीवेसु, ताव मूला य उत्तरगुणा य ।
इत्तरियच्छेयसंजम, नियंठ बकुसाऽऽयपडिसेवी ।।६०।। (१७४)

ગાથાર્થ : જ્યાં સુધી પૃથ્વી આદિ જીવોનું સંયમ-રક્ષણ કરવાનો પરિણામ હોય છે, ત્યાં સુધી જ મૂલગુણો અને ઉત્તરગુણો રહે છે તથા જ્યાં સુધી સામાયિક અને છેદોપસ્થાપનીય આ બે સંયમ હોય છે, ત્યાં સુધી તે દ્વિવિધ સંયમના સાધક બકુશ ચારિત્રી અને પ્રતિસેવન કુશીલ ચારિત્રી મહાત્માઓ હોય છે. ॥૬૦॥૧૭૪॥

ભાવાર્થ : જ્યાં સુધી જીવોને વિષે સંયમપણું છે એટલે કે શેષગુણના અભાવમાં પણ ષટ્જીવનીકાયની રક્ષા માત્ર પણ કરાય છે ત્યાં સુધી મૂલગુણો અને ઉત્તરગુણો છે જ્યાં સુધી મૂલોત્તર ગુણો છે ત્યાં સુધી સામાયિક સંયમ અને છેદોપસ્થાપનીય સંયમ છે. જ્યાં સુધી આ બંને સંયમ છે ત્યાં સુધી બકુશ-આય પ્રતિષેવી. આય-જ્ઞાનાદિનો લાભ તેને પ્રતિકૂળ ચેષ્ટા કરે. તેઓ આયપ્રતિસેવી, જ્ઞાનાદિ ઉપજીવક પ્રતિસેવણા કુશીલ છે. આ પ્રમાણે અર્થ છે. ॥૬૦॥(૧૭૪)

આ જ સર્વતીર્થોમાં વ્યવસ્થા છે તે કહે છે.

सव्वजिणाणं निच्चं, बकुसकुसीलेहिं वट्टए तित्थं ।
नवरं कसायकुसीला, अपमत्तजई वि सत्तेण ।।६१।। (१७५)

ગાથાર્થ : સર્વે જીનેશ્વરોનું તીર્થ હંમેશાં બકુશ અને કુશીલ ચારિત્રી વડે વર્તે છે. કેવળ વિશેષતા એટલી છે કે અપ્રમત્તયતિઓ (૭મે ગુણઠાણે રહેલા સાધુઓ) ક્રોધાદિ કષાયોની સત્તાથી જ કષાય કુશીલ કહેવાય છે. બીજી કુશીલતા તેઓમાં હોતી નથી. ॥૬૧॥(૧૭૫)

ભાવાર્થ : ભરત-ઐરવત અને મહાવિદેહના તીર્થંકરોનું તીર્થ હંમેશાં બકુશ અને કુશીલો વડે વર્ત્તે છે. પુલાકાદિનું અલ્પપણું હોવાથી અને ક્યારેક જ હોવાથી. પરંતુ આટલું વિશેષ છે કે સત્ત્વેન-કષાયની સત્તા વડે અપ્રમત્તયતિઓ પણ-સાતમા ગુણસ્થાનકે રહેલા પણ કષાયકુશીલ કહેવાય છે. આથી આવા પ્રકારના કષાયકુશીલો પણ જ્યાં સુધી તીર્થ હોય ત્યાં સુધી હોય છે. આ પ્રમાણેનો ભાવ છે. ॥૬૧॥(૧૭૫)

જે કારણથી બકુશ અને કુશીલ વડે તીર્થની પ્રવૃત્તિ છે આથી જ.

गुरुगुणरहिओ य इहओ, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।
न तु गुणमित्तविहीणुत्ति, चंडरुद्दो उदाहरणं ।।६२।। (१७६)

ગાથાર્થ : અહીં મોટા ગુણોથી રહિત એટલે જે મૂલગુણથી રહિત હોય તે જોવા યોગ્ય છે. પરંતુ સામાન્ય ગુણથી રહિત નહિ અહીં ચંડરુદ્રાચાર્યનું ઉદાહરણ છે.

ભાવાર્થ : અહીં ગુરુ વિચારમાં તે જ જોવા યોગ્ય છે કે જે મૂલગુણથી રહિત હોય. ઉપલક્ષણથી વારંવાર ઉત્તરગુણનો વિરાધક હોય. કહ્યું છે કે જે ઉત્તરગુણને ત્યજે છે તે ટૂંક સમયમાં મૂલગુણને પણ ત્યજે છે. (ઉપ. માલા ૧૧૭) એવું વચન હોવાથી.

વળી સામાન્ય ગુણથી રહિત નહિ. પ્રિય વચનથી વિશિષ્ટ એવા ઉપશમાદિ ગુણથી રહિત હોય. આ અર્થમાં ચંડરુદ્રાચાર્યનું ઉદાહરણ=દૃષ્ટાંતરૂપ છે. આ ખરેખર સ્વભાવથી રોષવાળા હોવા છતાં પણ ઘણા સંવિગ્ન ગીતાર્થ શિષ્યોને નહિ મૂકવા યોગ્ય તથા બહુમાનના વિષયભૂત હતા. ॥૬૨॥(૧૭૬)

તેની કથા આ પ્રમાણે

અહિં જ અવન્તીદેશ છે. તે કેવો છે ? જેમ પ્રવાલમાં રંગો સ્ફુરાયમાન થાય છે તેમ આ દેશમાં પ્રકાશમાન એવા દ્રઙ્ગો છે, ગીતામાં જેમ શુભ એવો ગ્રામ રાગ છે તેમ આ દેશમાં શુભ ગામડાઓ છે, કુરાજાના રાજ્યમાં જેમ મોટા કર (ટેકસ) લેવાતા હોય તેમ આ દેશમાં સુવર્ણાદિની મોટી ખાણો છે. ॥૧॥ તેમાં ઉજ્જયિની નામની નગરી છે જ્યાં લોકો પુણ્યકાર્યના (સત્કાર્યો), દાનના અને ભોગના અભ્યાસ વડે યોગ પ્રિય છે. ॥૨॥

એક વખત તે નગરીમાં બહુશિષ્યના પરિવારવાળા ચંડરુદ્રાચાર્ય નામના આચાર્ય વિહાર કરતા ક્રમથી આવ્યા. ॥૩॥ નિષ્ઠાવાળા તે આચાર્ય પાપ રહિત, બાધા રહિત, ધર્મધ્યાનથી વૃદ્ધિ પામતા મનુષ્ય રહિતના બહાર ઉદ્યાનમાં રહ્યા. ॥૪॥ સાધુઓના ન્યૂન અથવા અધિક અનુષ્ઠાનને જોતા સુવિશુદ્ધ ક્રિયા રક્ત એવા તે અતિ રોષને કરતા હતા. ॥૫॥ યતનાવાળા પણ તે સુસાધુઓના પ્રમાદના બહુલપણા વડે કદાચ લેશ માત્ર દોષ થાય. ॥૬॥ તેથી ગુરુએ ચિત્તમાં વિચાર્યું કે થોડા પણ અપરાધમાં હું અત્યંત ક્રોધને કરું છું. તેથી સંક્લેશથી મને કર્મબંધ થાય છે. ॥૭॥ વળી સારણા-વારણાદિ વડે જે હું શુભ કર્મને બાંધું છું. તેના કરતાં અનેકગુણા શુભ કર્મને સંક્લેશરૂપી અગ્નિ વડે બાળું છું. ॥૮॥ તેથી આ ક્રિયા વડે મને લાભ કરતા હાનિ ઘણી થાય છે માટે આ આત્માને આહિતકારી છે. તેથી હું શું કરું ? ॥૯॥

એ પ્રમાણે વિચારીને ભવથી ઉદ્વિગ્ન થયેલા તે હંમેશાં પોતાના હિતને માટે ત્યાં રહેતા હતા કે જ્યાં તે સાધુઓ દૃષ્ટિનો વિષય ન થાય. ॥૧૦॥ હંમેશાં એકાગ્ર મનવાળા, ભાવ વૈરીને દૂર કરવાને માટે મંત્રજાપની જેમ રાત-દિવસ એકાંતમાં સ્વાધ્યાયને કરતા હતા. ॥૧૧॥ એક દિવસ નવો પરણેલ, નવયુવાન, શૃંગાર અને સુંદર વેષભૂષાવાળો કોઈક શ્રેષ્ઠી પુત્ર મિત્રોથી વીંટળાયેલ ત્યાં આવ્યો. ॥૧૨॥ ત્યાં તે સુસાધુઓની પાસે આવીને હાસ્ય મશ્કરી વડે પ્રણામ કરીને ધર્મને કહો. આ પ્રમાણે બોલ્યો. ॥૧૩॥ આ કોઈ ક્રીડા પ્રિય લોકો છે તેથી તે મુનિઓ કાંઈ પણ બોલ્યા નહિ અને સ્વાધ્યાયમાં રક્ત એવા તેઓ તેના વચનને ન સાંભળ્યું હોય તેમ રહ્યા. ॥૧૪॥ વળી કરેલી અંજલીવાળા તેણે માયા વડે કહ્યું, હે ઉત્તમ મુનિઓ ! મને દીક્ષા આપો. મહેરબાની કરો અને મને સંસારથી તારો ॥૧૫॥ તેના મિત્રોએ પણ કહ્યું. અહો ! દૌર્ભાગ્યના દોષથી પત્ની

વડે પણ ત્યજાયેલો આ તમોને દીક્ષા માટે યોગ્ય છે. ॥૧૬॥ આ પ્રમાણે ઉચ્છૃંખલ થયેલા, દુર્જન એવા આ અમોને ઠગે છે. તેથી આઓને અમારા ગુરુ વિના અન્ય કોઈ ઔષધ નથી. ॥૧૭॥ આ લોકો ગુરુના જ શિષ્ય થવાને અર્થાત્ શિક્ષાને યોગ્ય છે. કજીયા વડે કજીઓ ઘસાઓ.

આ પ્રમાણે વિચારીને શ્રમણો વડે તેઓને ગુરુ બતાવાયા. ॥૧૮॥ અને કહ્યું, અહો ! અમારા સર્વેના આ દીક્ષા દાતા છે. અમે આમના આદેશ કરનારા છીએ. તેથી તેમની પાસે જાઓ. ॥૧૯॥ ત્યારે કુતુહલી એવા તેઓ ક્રીડા વડે ત્યાં ગયા અને શઠ એવા તેઓએ ક્ષણવાર ક્રીડા કરવા માટે તે જ પ્રમાણે ગુરુને પણ કહ્યું. ॥૨૦॥ કૂવાના દેડકાની જેમ ગરીબડા બાળક જેવા તેઓ જાણતા નથી કે ચણાની જેમ મરચાને ચાવવા માટે શક્ય નથી. ॥૨૧॥ ઉક્તિ વડે તેઓને દ્રોહ કરનારા જાણીને ક્રોધાયમાન થયેલા ગુરુએ કહ્યું. ભસ્મને લાવો કે જેના વડે આને જલ્દી અમે દીક્ષા આપીએ. ॥૨૨॥ હવે તેઓમાંથી એક ક્યાંયથી પણ ત્યાં રાખ લઈ આવ્યો અને તે શ્રેષ્ઠી પુત્ર આચાર્યની આગળ બેઠો. ॥૨૩॥ તેના ભાવિના કલ્યાણ વડે જ કહેવાયેલા ગુરુએ નમસ્કાર મહામંત્રને બોલીને ત્યારે જ કેશના લોચનો પ્રારંભ કર્યો. ॥૨૪॥

હવે ખેદ પામેલા સર્વે મિત્રોએ તેને કહ્યું કે, હે મિત્ર ! જલ્દી નાશી જા. નાશી જા હાસ્યને સત્યપણે ન પમાડ. ॥૨૫॥ ભવિતવ્યતા વડે અને લઘુકર્મપણા વડે પણ ત્યારે જ ઉત્પન્ન થયેલા વૈરાગ્યવાળા નજીકમાં છે સિદ્ધિ જેણે એવા તેણે વિચાર્યું. ॥૨૬॥ પોતાની વાણી વડે જ વ્રતને સ્વીકારીને, લુંચન કરાયેલા વાળવાળો હું વ્રતને છોડીને હમણાં કેવી રીતે પોતાને ઘરે જાઉં. ॥૨૭॥ ત્યાર પછી ક્રીડાથી ગ્રહણ કરેલા વ્રતવાળો પણ તે ભાવ સાધુ થયો તે મિત્રો પણ અશ્રુસહિત લોચનવાળા અધૃતિને કરીને ગયા. ॥૨૮॥

હવે વ્રતમાં ઉત્પન્ન થયેલા ભાવવાળા નવદીક્ષિત સાધુએ ગુરુને કહ્યું, હે ભગવન્ ! હમણાં જલ્દી આપણે અન્યત્ર જઈએ. ॥૨૯॥ જો નહિ જઈએ તો હે સ્વામી ! મારા માતા-પિતા અને નવી પરણેલી તે સ્ત્રી, સાસુ સસરા અને રાજા પણ મને વ્રતને છોડાવશે. ॥૩૦॥ અને પૂજ્ય એવા સુસાધુઓને નહિ ઓળખતા દુરાશયવાળા એવા મારા સ્વજનો તમારા મોટા અનર્થને કરશે. ॥૩૧॥ હમણાં હું બીજો એવા પૂજ્ય વડે ચલાય અન્યથા પરિવાર સહિત જતા તમે જણાશો. ॥૩૨॥ ત્યાર પછી ગુરુએ તેને કહ્યું તું માર્ગને જોઈ આવ. જેથી અંધકારમાં પણ માર્ગ સુગમ થાય.॥૩૩॥ ગુરુના આદેશને વશ થયેલો તે પણ ત્યારે જ જલ્દી જઈને કેટલાક માર્ગને જોઈને પાછો આવ્યો. ॥૩૪॥

ત્યાર પછી ગુરુ અને શિષ્ય બંને પણ રાત્રિમાં ચાલ્યા ત્યાં શિષ્ય આગળ અને વળી ગુરુ પાછળ ચાલતા હતા ॥૩૫॥ અને ચંડરુદ્રાચાર્ય નામના ગુરુ રાત્રિમાં નહિ જોતા, શબ્દ વેધિ બાણની જેમ પગરવના શ્રવણ વડે જતા વિષમતાવાળી ભૂમિમાં કોઈક જગ્યાએ ગાઢ રીતે અફળાયેલા ચરણવાળા વેદનાથી પીડિત થયેલા, જેમ શિબિકામાં બેસે તેમ મહાક્રોધરૂપી વાહનમાં આરુઢ થયા. ॥૩૬-૩૭॥ હવે ગુરુ કઠોર અક્ષરને બોલ્યા. અરે અધમ ! દુષ્ટ શૈક્ષ ! તને ધિક્કાર થાઓ. તારા વડે આવા પ્રકારનો સુમાર્ગ જોવાયો ! ॥૩૮॥ એ પ્રમાણે કહીને દંડ વડે હણીને તેના મસ્તકને ફોડ્યું. તેના મસ્તકમાંથી પર્વતના ઝરણાના પાણીની જેમ રુધિરનો સમૂહ જલ્દીથી વહ્યો. ॥૩૯॥ તો પણ આ મુનિએ સમ્યક્ પ્રકારે તે સહન કર્યું. જરા પણ કોપને ન કર્યો. તે મસ્તકના સ્ફોટને કર્મના ગોળાના સ્ફોટની જેમ માનતો હતો ॥૪૦॥ અને વિચાર્યું હું અધન્ય છું. સાધુની મધ્યમાં સુખે વસતા આ ગુરુ મારા વડે વ્રતને ગ્રહણ કરીને અનર્થમાં પડાયા. ॥૪૧॥ હું સુખના સ્થાનમાં કેવી રીતે સ્ખલના રહિત ગુરુને લઈ જઈશ. કેવી રીતે શુદ્ધ ચિત્તવાળા આમની સમાધિને કરીશ. ॥૪૨॥

આ પ્રમાણે વિચારીને શુદ્ધ અધ્યવસાયવાળા પ્રયત્નથી જતા તેણે મોક્ષની નિસરણીના જેવી ક્ષપક શ્રેણીને પ્રાપ્ત કરી. ॥૪૩॥ વિશુદ્ધમાન લેશ્યાવાળા, મહામનવાળા તે શ્રેણીને ચઢતા એવા તે શુક્લ ધ્યાનનું આલંબન કરીને કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને પામ્યા. ॥૪૪॥ ત્યાર પછી તેણે ગુરુને સુમાર્ગ વડે સમ્યક્ રીતે લઈ જવા માટે આરંભ કર્યો અને ગુરુએ પણ પ્રભાત થયે છતે લોહીથી ભીંજાયેલ તે નવદીક્ષિતને જોયો. ॥૪૫॥ ત્યાર પછી ગુરુએ વિચાર્યું અહો ! આ નવદીક્ષિતની કેવા પ્રકારની ક્ષાન્તિ. અહો ! ક્ષમાના ભંડાર, ધન્ય છે કૃતાર્થ અને પુણ્યવાન છે. ॥૪૬॥ લાંબા કાલથી પ્રવ્રજિત થયેલો અને આચાર્ય પદને પામેલો, હંમેશાં ક્રોધ વડે બળતો એવો હું ક્ષમા વડે સ્પર્શાયેલો પણ નથી. ॥૪૭॥ શા માટે નિરપરાધી નૂતન દીક્ષિત એવો પણ આ શિષ્ય દુરાત્મા એવા મારા વડે દંડથી નિષ્ઠુરપણે હણાયો. ॥૪૮॥ આ પ્રમાણે સંવેગરૂપી પાણી વડે શાંત થયેલા ક્રોધરૂપી અગ્નિવાળા ઉલ્લસિત થયેલા ધ્યાનરૂપી સપ્તાર્ચિવાળા, બાળેલા કર્મરૂપી ઇન્ધનવાળા ઘણા ગુણોને ભજનારા એવા તે ચંડરુદ્રાચાર્ય સૂરિ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરીને ભવ્યજીવોને પ્રતિબોધ કરીને, નિર્વાણરૂપી રાજ્યની લક્ષ્મીને પ્રાપ્ત કરીને શાશ્વત સુખરૂપી અમૃતના સમુદ્રમાં મગ્ન થયેલા હંમેશાં રહેતા હતા. ॥૪૯-૫૦॥ આ પ્રમાણે ચંડરુદ્રાચાર્યની કથા સમાપ્ત થઈ.॥૬૨॥(૧૭૬)

હમણાં દુઃષમાદિના પ્રભાવને આશ્રયીને ઉપદેશને કહે છે.

कालाइदोसओ जइवि, कहवि दीसंति तारिसा न जई ।
सव्वत्थ तह वि नत्थि, त्ति नेव कुज्जा अणासासं ।।६३।। (१७७)

ગાથાર્થ : કાલાદિના દોષથી જો કે કોઈપણ તેવા પ્રકારના યતિ દેખાતા નથી તો પણ સર્વથા તેવા યતિ નથી જ આવી અશ્રદ્ધા કરવી જોઈએ નહિ.

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ અનાશ્વાસમ્-અશ્રદ્ધાને. ॥૬૩॥(૧૭૭)

જે કારણથી

कुग्गहकलंकरहिया, जहसत्ति जहागमं च जयमाणा ।
जेण विसुद्धचरित्तत्ति, वुत्तमरिहंतसमयंमि ।।६४।। (१७८)

ગાથાર્થ : કુગ્રહરૂપી કલંકથી રહિત, શક્તિ પ્રમાણે અને આગમમાં કહ્યા પ્રમાણે યતના કરતા જે કારણથી વિશુદ્ધ ચારિત્રવાળા એ પ્રમાણે અરિહંત પરમાત્માના શાસનમાં કહેલા છે.॥૬૪॥(૧૭૮)

ભાવાર્થ : કુગ્રહ-અસત્ આગ્રહ તે રૂપી જ કલંક દોષ તેના વડે રહિત. શક્તિ પ્રમાણે અને આગમમાં કહેલી વિધિ પ્રમાણે યતના કરતા. જે કારણથી વિશુદ્ધ ચારિત્રવાળા યતિઓ જીનેશ્વરના મતમાં કહેલા છે. ॥૬૪॥(૧૭૮)

અને તેવા પ્રકારના દેખાય છે જ. તે આ પ્રમાણે.

अज्ज वि तिन्नपइन्ना, गरुयभरुव्वहणपच्चला लोए ।
दीसंति महापुरिसा, अक्खंडियसीलपब्भारा ।।६५।। (१७९)

ગાથાર્થ : પૂર્ણ કરેલી સામાયિકાદિ પ્રતિજ્ઞાવાળા, મોટા ભારને વહન કરવામાં સમર્થ, અખંડિતપણે શીલનું પાલન કરનારા મહાપુરુષો આજે પણ લોકમાં દેખાય છે.॥૬૫॥(૧૭૯)

ભાવાર્થ : સુગમ છે. પરંતુ તિન્નપઇન્ના : પૂર્ણ કરેલી સામાયિકાદિ પ્રતિજ્ઞાવાળા, ગરુયભરુવ્વહણ-પચ્ચલા-દુઃખે કરીને વહન કરી શકાય તેવા સંયમરૂપી ભારને વહન કરવામાં સમર્થ. ॥૬૫॥૧૭૯॥

તથા

अज्ज वि तवसुसियंगा, तणुअकसाया जिइंदिया धीरा ।
दीसंति जए जइणो, वम्महहिययं वियारंता ।।६६।। (१८०)

ગાથાર્થ : આજે પણ જગતમાં તપથી શોષિત અંગવાળા, અલ્પકષાયવાળા, જિતેન્દ્રિય, ધીર અને કામદેવના હૃદયને ફાડતા એવા સાધુઓ દેખાય છે. ॥૬૬॥૧૮૦॥

ભાવાર્થ : સ્પષ્ટ જ છે.॥૬૬॥(૧૮૦)

તથા

अज्ज वि दयसंपन्ना, छज्जीवनिकायरक्खणुज्जुत्ता ।
दीसंति तवस्सिगणा, विगहविरत्ता सुईजुत्ता ।।६७।। (१८१)

ગાથાર્થ : આજે પણ દયાથી યુક્ત, છજીવનિકાયના રક્ષણમાં ઉદ્યમવાળા વિકથાઓમાં ઉદાસીન, સ્વાધ્યાયથી યુક્ત મુનિઓના સમૂહો દેખાય છે.॥૬૭॥(૧૮૧॥

ભાવાર્થ : આ પણ સ્પષ્ટ છે. પરંતુ શ્રુતિ-સ્વાધ્યાય તેના વડે યુક્ત ॥૬૭॥૧૮૧॥

તથા

अज्जवि दयखंतिपय-ट्ठियाइं तवनियमसीलकलियाइं ।
विरलाइं दूसमाए, दीसंति सुसाहुरयणाइं ।।६८।। (१८२)

ગાથાર્થ : આજે પણ દૂષમકાલમાં દયા-ક્ષમાદિમાં રહેલા તપ-નિયમ-શીલથી યુક્ત, વિરલ એવા સુસાધુરત્નો દેખાય છે.॥૬૮॥(૧૮૨)

ભાવાર્થ : પ્રતીત છે.॥૬૮॥(૧૮૨)

અને ત્યાર પછી

इय जाणिऊण एयं, मा दोसं दूसमाइ दाऊण ।
धम्मुज्जमं पमुञ्चह, अज्जवि धम्मो जए जयइ ।।६९।।(१८३)

ગાથાર્થ : આ પ્રમાણે જાણીને દૂષમાદિ કાલને દોષ આપીને ચારિત્ર ધર્મના ઉદ્યમને મૂક નહિ. હજુ પણ જગતમાં ધર્મ જય પામે છે.॥૬૯॥(૧૮૩)

ભાવાર્થ : આ સ્વાભાવિક સિદ્ધ છે. પરંતુ એતદ્ - ચરિત્રનું અસ્તિત્વ.॥૬૯॥(૧૦૩)

આ પ્રમાણે અનેક પ્રકારે ચારિત્રના અસ્તિત્વનું સ્થાપન કરીને નિચોડ કહે છે.

ता तुलियनियबलाणं, सत्तीइ जहागमं जयंताणं ।
संपुन्नञ्चिय किरिया, दुप्पसहंताण साहूणं ।।७०।। (१८४)

ગાથાર્થ : તેથી પોતાના બલની તુલના કરી શક્તિ મુજબ આગમાનુસારે પ્રયત્ન કરનારા શ્રદુપ્પસહસૂરિજી સુધીના સાધુઓની ક્રિયા (આચરણ) સંપૂર્ણ જ છે. ।।૭૦।।૧૮૪।।

ભાવાર્થ : સુગમ છે. પરંતુ સંપૂર્ણ જ ક્રિયા. પૂર્વ યતિઓથી ન્યૂન નહિ. પોતાના સામર્થ્યની તુલનાનું સમાનપણું હોવાથી ।।૭૦।।(૧૮૪)

એ પ્રમાણે ચારિત્રીને વ્યવસ્થાપન કરીને સામ્યથી વિશુદ્ધ તેના જ ચિત્તને નમસ્કાર કરે છે.

लाहालाह-सुहासुह, जीवियमरण-ठिइपयाणेसु ।
हरिसविसाय विमुक्कं, नमामि चित्तं चरित्तीणं ।।७१।। (१८५)

ગાથાર્થ : લાભ-અલાભ, સુખ-દુઃખ જીવિત-મરણ, સ્થિતિ-પ્રસ્થાન (ગમન)માં હર્ષ અને વિષાદથી મૂકાયેલા. ચારિત્રીઓના ચિત્તને હું નમસ્કાર કરું છું. ।।૭૧।।૧૮૫।।

ભાવાર્થ : પ્રગટ છે.।।૭૧।।(૧૮૫)

સામ્યનો જ શિષ્યને ઉપદેશ આપે છે.

वंदिज्जंतो हरिसं, निंदिज्जंतो करिज्ज न विसायं ।
न हु नमिय निंदियाणं, सुगइं कुगइं च बिंति जिणा ।।७२।। (१८६)

ગાથાર્થ : વંદન કરાતો હર્ષ ન કરે અને નિંદા કરાતો વિષાદને ન કરે. નમન કરાયેલાથી સદ્ગતિ અને નિંદા કરાયાથી દુર્ગતિ નથી એમ જિનેશ્વરો કહે છે. ।।૭૨।।૧૮૬।।

ભાવાર્થ : સ્પષ્ટ છે.।।૭૨।।(૧૮૬)

અને તેવા પ્રકારની સમતા ભજનાર સાધુના, જીવત્વ તુલ્ય હોવા છતાં પણ તપ વિગેરે ગુણો વંદન કરવા યોગ્ય છે. એ પ્રમાણે સ્થાપન કરીને તેને નમસ્કાર કરતા કહે છે.

वंदामि तवं तह सं-जमं च खंति च बंभचेरं च ।
जीवाणं च अहिंसा, जं च नियत्ता घरावासा ।।७३।। (१८७)

ગાથાર્થ : સાધુઓના તપને સંયમને, ક્ષમાને, બ્રહ્મચર્યને, જીવોની અહિંસાને અને ઘરવાસથી વિરામ પામવારૂપ ધર્મને હું વંદન કરું છું. ।।૭૩।।૧૮૭।।

ભાવાર્થ : તપને તથા સંયમને-ઈન્દ્રિય અને મનના નિગ્રહને, ક્ષાન્તિને અને બ્રહ્મચર્યને તથા જીવોની અહિંસાને અને વળી ઘરવાસથી નિવૃત્ત થયેલા સાધુના તે વિરતપણાને હું વંદન કરું છું.

હવે યતિધર્મમાં ક્ષાન્તિની પ્રધાનતા હોવાથી તેનો જ ઉત્કર્ષ કરતા કહે છે.

जइ खमसि तो नमिज्जसि, छज्जइ नामंपि तुह खमासमणो ।
अह न खमसि न नमिज्जसि, नामंपि निरत्थयं वहसि ।।७४।। (१८८)

ગાથાર્થ : હે સાધુ ! જો તું ક્ષમા રાખીશ, તો અન્યના વંદનને પ્રાપ્ત કરીશ, અને 'ક્ષમાશ્રમણ' એવું તારું નામ પણ શોભશે - સાર્થક થશે અને જો ક્ષમા નહિ રાખે તો બીજાના વંદનને પામીશ નહિ અને ક્ષમાશ્રમણ નામને પણ તું નિરર્થક વહન કરે છે. ।।૭૪।।૧૮૮।।

ભાવાર્થ : પ્રગટ છે. ।।૭૪।।(૧૮૦)

હવે નિરર્થક નામને વહન કરનારાઓને જ ભેદ વડે કહીને તેઓને વિષે કૃત્યને કહે છે.

पासत्थओसन्नकुसीलरूवा, संसत्तऽहाछंदसरूवधारी ।
आलावमाईहि विवज्जणिज्जा, अवंदणिज्जा य जिणागमंमि ।।७५।। (१८९)

ગાથાર્થ : પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ રૂપવાળા, સંસકત, યાથાછંદના સ્વરૂપને ધારણ કરનારની સાથે આલાપાદિ વર્જવા યોગ્ય છે અને તેઓ જિનાગમમાં અવંદનીય કહેલા છે.

ભાવાર્થ : પાર્શ્વસ્થ=જ્ઞાનાદીની પાસે રહે છે. અવસન્ન એટલે શિથિલ જેવો તે અર્થાત્ સામાચારીના સેવનમાં પ્રકર્ષે કરીને ભગ્ન થયેલો, કુશીલ-કુત્સિત (ખરાબ) છે શીલ જેનું તે અર્થાત્ આવા પ્રકારનો સ્વભાવ છે જેઓનો તે, સંસકત-સદ્, અસદ્ આચારમાં જોડાયેલ. યથાછંદ=પોતાની રુચિ પ્રમાણે ઉત્સૂત્રના પ્રરૂપક તે બંન્નેના સ્વરૂપને ધારણ કરે છે, તેઓની સાથે આલાપાદિ આદિ શબ્દથી સંવાસાદિનો ત્યાગ કરવા યોગ્ય છે. તથા

આલાપ, સંવાસ, વિશ્વાસ, સંસ્તવ અને પ્રસંગ હીન આચારવાળા સાથે કરવો તે સર્વ જિનેશ્વરો વડે નિષેધેલ છે. (ઉપદેશમાલા ગા. ૨૨૩)

આ બધા જિનાગમમાં અવંદનીય કહેલા છે. આ સ્વરૂપને સૂચવનારી આગમ ગાથા.

તે પાસત્થા બે પ્રકારે છે. (૧) સર્વ પાસત્થા અને (૨) દેશ પાસત્થા. જે ફક્ત વેશધારી હોય અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રથી અલગો રહેતો હોય તે સર્વ પાસત્થા અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણો વિગેરેને પાસે રાખે. પણ ઉપયોગ ન કરે. ।।૧।।

જે કારણ વિના શય્યાતરપિંડ, અભ્યાહૃત (સામે લાવેલ), રાજપિંડ, નિત્યપિંડ, અગ્રપિંડ વાપરે તે દેશપાસત્થા. ।।૨।।

(પ્રવ. સા. ૧૦૪, ૧૦૫ સંબોધ પ્ર. ગુર્વધિકારે ૯, ૧૦)

નિશ્રા કુલોમાં વિચરે અને કારણ વિના સ્થાપનાકુલોમાં પ્રવેશ કરે, સંખડી (જમણવાર)નું અવલોકન કરવા માટે જાય તેમજ પરિચયને કરે છે. ।।૩।। (સંબોધ પ્ર. ૧૧)

સંસ્તવ એટલે પરિચય તે માતા વિગેરે સાથે સંબંધ ઘટવવા રૂપ છે -

અવસન્ન બે પ્રકારે (૧) સર્વ અવસન્ન, (૨) દેશ અવસન્ન - બાંધેલા અથવા નિયંત્રિત પીઠ ફલકવાળો અથવા ઋતુબદ્ધકાળમાં પીઠફલક વાપરવાવાળો અને

સ્થાપનાભોજી તે સર્વ અવસન્ન જાણવો. ॥૧॥ (પ્રવ. સા. ૧૦૬ સંબોધ પ્ર. ગુરુ અધિકારે ૧૨)

ઋતુબદ્ધકાળમાં પીઠફલક (પાટ-પાટલા) વિગેરેને વાપરનારો હોય અથવા એકાન્તે પાથરેલા સંથારાવાળો અર્થાત્ દિવસે પણ સંથારો પાથરેલો જ રાખે.

વળી દેશ અવસન્ન-

આવશ્યક વિગેરે ન કરે અથવા વધારે ઓછું કરે અને ગુરુની સામે બોલે તે, દેશ અવસન્ન કહેવાય છે. ॥૨॥ (પ્રવ. સા. ૧૦૮ સંબોધ પ્ર. ૧૪)

કુશીલીયા તે ત્રણ પ્રકારે છે. (૧) જ્ઞાન વિષયક (૨) દર્શન વિષયક (૩) ચારિત્ર વિષયક, આ કુશીલીયા અવંદનીય છે, એમ વીતરાગ ભગવંતે કહ્યું છે. ॥૨॥ (પ્રવ. સા. ૧૦૯)

તેમાં અકાલે સ્વાધ્યાયાદિ કરે તે જ્ઞાનકુશીલ. વળી શંકા, કાંક્ષા વિગેરેને સેવનારો તે દર્શન કુશીલ જાણવો અને કૌતુકકર્મ, ભૂતિકર્મ વિગેરેને સેવનારો તે ચારિત્ર કુશીલ જાણવો. ॥૩॥

સૌભાગ્ય વિગેરે માટે સ્ત્રી વિગેરેને ત્રિક અને ચોક વિગેરેમાં સ્નાન કરાવે તે કૌતુકકર્મ કહેવાય અને તાવ વિગેરેને દૂર કરવાને માટે અભિમંત્રિત રાખને આપવી તે ભૂમિકર્મ કહેવાય છે. આદિ શબ્દથી નિમિત્તાદિ જાણવું.

પાંચ આશ્રવમાં જે પ્રવૃત્ત હોય, ત્રણ ગારવમાં આસક્ત હોય, સ્ત્રીને સેવનાર હોય, ગૃહસ્થ સંબંધી ધન-ધાન્ય વિગેરેની પૂર્તિની ક્રિયામાં જે પ્રવૃત્ત હોય, તે સંક્લિષ્ટ સંસક્ત કહેવાય છે. ॥૧॥ (પ્રવ. સા. ૧૧૯)

સ્ત્રી સંકિલષ્ટ એટલે સ્ત્રીઓની મધ્યમાં વસનારો. ગૃહિ સંકિલષ્ટ એટલે ઘરના ધન-ધાન્યાદિની ચિંતા કરનારો.

વળી અસંકિલષ્ટ તે -

પાસત્થ આદિ મળે ત્યારે તેમના જેવો થાય એટલે કે અપ્રિયધર્મી થાય અને સંવિજ્ઞ આદિ મળે ત્યારે તેવો થાય એટલે કે પ્રિયધર્મી થાય તે અસંકિલષ્ટ સંસક્ત કહેવાય છે. ॥૧॥

જે ઉત્સૂત્રને જાતે સેવે અને બીજાને ઉત્સૂત્રની પ્રરૂપણા કરે તે યથાછંદિક કહેવાય છે, યથાછંદિક પોતાની ઈચ્છા પ્રમાણે બોલે અને વર્તે છે યથાછંદ, ઈચ્છાછંદ આ એકાર્થવાચી શબ્દો છે. ॥૨॥ (પ્રવ. સા. ૧૨૦, ૧૨૧) ૭૫॥૧૭૯॥

હવે તેમને વંદન કરવામાં શો દોષ છે તે કહે છે.

वंदंतस्स उ पासत्थ-माइणो नेव निज्जर न कित्ती ।
जायइ कायकिलेसो, बंधो कम्मस्स आणाइ ।।७६।। (१९०)

ગાથાર્થ : પાર્શ્વસ્થાદિને વંદન કરનારને નિર્જરા થતી નથી. કીર્તિ થતી નથી. પરંતુ કાયકલેશ થાય છે અને કર્મનો બંધ થાય છે તથા આજ્ઞાભંગાદિ દોષથાય છે.

ભાવાર્થ : પાર્શ્વસ્થાદિને વંદન કરનારને નિર્જરા થતી નથી, કીર્તિ થતી નથી. પરંતુ શરીરને નમાવવાદિરૂપ કાયકલેશ થાય છે. તથા તેઓના આચારની અનુમોદનાથી કર્મબંધ થાય છે અને કહ્યું છે કે,

સુખશીલીયાને વંદન, (તેની) પ્રશંસા કરવાથી કર્મબંધ થાય છે અને તેના વડે સેવાયેલા જે જે પ્રમાદ સ્થાનો છે તે તે પુષ્ટ કરાયેલા (પ્રશંસિત) થાય છે. ॥૧॥

(આ. નિ. ૧૯૯૨)

આણાઇતિ - આજ્ઞાભંગાદિ થાય છે. ત્યાં ભગવાને નિષેધ કરેલાને વંદન કરવા વડે આજ્ઞા ભંગ થાય છે. વંદન કરતા તેને જોઈને અન્ય પણ વંદન કરે, આ પ્રમાણે અનવસ્થા દોષ થાય. વંદન કરાતા તેઓને જોઈને અન્યને મિથ્યાત્વ થાય છે. કાયકલેશથી અથવા દેવતાદિના ઉપદ્રવ્યથી આત્મ વિરાધના થાય તેને વંદન કરવા વડે, તેની કરાયેલી અસંયમની અનુમોદનાથી સંયમની વિરાધના થાય આ પ્રમાણે ગાથાર્થ છે. ॥૭૬॥(૧૯૦)

આ પ્રમાણે પાર્શ્વસ્થાદિને વંદન કરનારના દોષો કહેવાયા.

હવે ગુણાધિકો પાસે વંદન કરાવતા એવા પાસત્થાદિના અપાયોને બતાવે છે.

जे बंभचेरस्स वयस्स, भट्ठा उड्डं ति पाए गुणसुट्ठियाणं ।
जम्मंतरे दुल्लहबोहिया, ते कुंटत्तमंटत्तणयं लहंति ।।७७।। (१९१)

ગાથાર્થ : જે બ્રહ્મચર્ય વ્રતથી ભ્રષ્ટ છે અને ગુણસુસ્થિત એવાઓને પગમાં પાડે છે તેઓ જન્માન્તરમાં દુર્લભબોધિ થાય છે અને ઠુંઠા, પાંગળા, લૂલાપણાને પામે છે. ॥૭૭॥૧૯૧॥

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ કુણ્ટ = હાથથી રહિત મણ્ટઃ = અવ્યવસ્થિત વિશાળ જંઘાવાળો. તે કારણથી પાર્શ્વસ્થાદિ અવન્દ્ય છે. એ પ્રમાણે નક્કી થયું.

અને આથી જ.

पासत्थो ओसन्नो, कुसीलसंसत्तनीय अहच्छंदो ।
एएहिं आइन्नं, न आयरिज्जा न संसिज्जा ।।७८।। (१९२)

ગાથાર્થ : પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ તેઓ વડે આચરાયેલું આચરવું નહિ અને પ્રશંસા કરવી નહિ. ॥૭૮॥૧૯૨॥

ભાવાર્થ : સ્પષ્ટ છે.

જે કારણથી.

जं जीयमसोहिकरं, पासत्थपमत्तसंजयाईहिं ।
बहुएहिं वि आइन्नं, न तेण जीएण ववहारो ।।७९।। (१९३)

ગાથાર્થ : કર્મ મલને દૂર કરવામાં અસમર્થ એવો જીત વ્યવહાર ઘણા પણ પાર્શ્વસ્થા, પ્રમાદી સાધુઓ વડે પ્રર્વતાવેલ હોય તો પણ તે જીત વડે વ્યવહાર આચરવા યોગ્ય નથી.

ભાવાર્થ : જીત-સામાચારી વિશેષ અશોધિકર-કર્મમલને દૂર કરવામાં અસમર્થ. પાર્શ્વસ્થ-પ્રમત્ત સંયતાદિ

વડે, પાર્શ્વસ્થા-પૂર્વે કહેલ, પ્રમાદીઓ, તેના પ્રકારો વડે અર્થાત્ પાર્શ્વસ્થાદિઓ ઘણા વડે પણ પ્રવર્તાવેલ. તે જીત વડે વ્યવહાર આચરવા યોગ્ય નથી. જેથી કહ્યું છે કે, અંધ પુરુષો સો સાથે મળે તો પણ જોઈ શકતા નથી. ॥૭૯॥૧૯૩॥

પરંતુ

जं जीयं सोहिकरं, संवेगपरायणेण दंतेण ।
इक्केण वि आईन्नं, तेण उ जीएण ववहारो ।।८०।। (१९४)

ગાથાર્થ : શુદ્ધિને કરનાર એવો જે જીત વ્યવહાર છે તે સંવેગમાં પરાયણ અને દાન્ત એવા એક વડે પણ આચરાયેલ હોય તે તે વ્યવહાર વડે આચરણ કરવું જોઈએ. ॥૮૦॥૧૯૪॥

ભાવાર્થ : સ્પષ્ટ છે.॥૮૦॥(૧૯૪)

અહીં જ વિશેષને કહે છે.

आणाए अवट्टंतं जो, उववूहिज्ज जिणवरिंदाणं ।
तित्थयरस्स सुयस्स य, संघस्स य पच्चणीओ सो ।।८१।। (१९५)

ગાથાર્થ : શ્રી જિનેશ્વરોની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર અધમ પુરુષની, જે કોઈ આત્મા પ્રશંસા કરે છે, તે આત્મા શ્રી તીર્થંકરનો, શ્રુત (આગમ)નો અને સંઘનો શત્રુ બને છે. ॥૮૧॥૧૯૫॥

ભાવાર્થ : પાઠ સિદ્ધ છે.

હવે વસ્ત્ર-પાત્રાદિની આશંસા વડે ઉન્માર્ગગામી એવા ગૃહસ્થાદિને જેઓ અનુસરે છે તેઓની પ્રતિ કહે છે.

किं वा देइ वराओ, मणुओ सुट्ठु वि धणी वि भत्तो वि ।
आणाइक्कमणं पुण, तणुयंपि अणंतदुहहेऊ ।।८२।। (१९६)

ગાથાર્થ : સારો ધનવાન મનુષ્ય કે સારો ભક્ત મનુષ્ય પણ બિચારો શું આપે ? અર્થાત્ કાંઈ ન આપે વળી થોડું પણ આજ્ઞાનું અતિક્રમણ તે અનંત દુઃખના હેતુ રૂપ છે. ॥૮૨॥(૧૯૬)

ભાવાર્થ : સ્પષ્ટ છે.

तम्हा सइ सामत्थे, आणाभट्ठंमि नो खलु उवेहा ।
अणुकूलगेयरेहिं, अणुसट्ठी होइ दायव्वा ।।८३।। (१९७)

ગાથાર્થ : તે કારણથી સામર્થ્ય હોતે છતે આજ્ઞાનું અતિક્રમણ કરનારની ઉપેક્ષા કરવા યોગ્ય નથી. પરંતુ પ્રિય અને કઠોર વચનો વડે શીખામણ આપવા યોગ્ય છે. ॥૮૩॥(૧૯૭)

ભાવાર્થ : જે કારણથી આજ્ઞાનું અતિક્રમણ અનંત દુઃખરૂપ હોવાથી સામર્થ્ય હોતે છતે અર્થાત્ આજ્ઞાનું અતિક્રમણ કરનારને પાછા વાળવાની શક્તિ હોતે છતે, આજ્ઞાનું અતિક્રમણ કરનાર ગૃહસ્થ અથવા સાધુને વિષે અનુવર્તન તો દૂર રહો. ખલુ શબ્દ અપિ અર્થમાં છે. પરંતુ ઉપેક્ષા ઉદાસીનતા કરવા યોગ્ય પણ નથી. જેથી કહ્યું છે કે,

આજ્ઞાભંગને જોઈને 'અમે મધ્યસ્થ છીએ' એ પ્રમાણે જેઓ મૌન રહે છે. તેઓને અવિધિની અનુમોદના અને વ્રતનો લોપ થાય છે. ॥૧॥

પરંતુ અનુકૂલ અને નિષ્ઠુર વચનો વડે શિક્ષા આપવા યોગ્ય છે.

હમણાં તો અર્થાત્ આ કાલમાં તો આજ્ઞાના ઓળંગનારા જ ઘણા છે તો શું કરવા યોગ્ય છે. તો કહે છે.

एवं पाएण जणा, कालणुभावा इहं तु सव्वे वि ।
नो सुंदरत्ति तम्हा, आणाजुत्तेसु पडिबंधो ।।८४।। (१९८)

ગાથાર્થ : આ પ્રમાણે કાલના દોષથી તો અહીં સર્વે મનુષ્યો પ્રાયઃ કરીને આજ્ઞાને ઓળંગનારા છે (સારા નથી) તે કારણથી આજ્ઞાથી યુક્ત ઓછાને વિષે બહુમાન કરવા યોગ્ય છે. ॥૮૪॥(૧૯૮)

ભાવાર્થ : આ દેખીતા પ્રકાર વડે તો પ્રાયઃ કરીને સર્વે પણ સાધુ-શ્રાવકાદિ દુષમ કાલના દોષથી અહીં ભરત ક્ષેત્રમાં આજ્ઞાને અનુસરનારા નથી તે કારણથી અલ્પ હોવા છતાં આજ્ઞાથી યુક્તને વિષે જ બહુમાન કરવા યોગ્ય છે. ઇતિ શબ્દ વાક્યની સમાપ્તિનો સૂચક છે. આ પ્રમાણે અર્થ છે.

તો પછી આજ્ઞાનો લોપ કરનારને વિષે શું કરવા યોગ્ય છે તો કહે છે.

इयरेसु विय पओसो, नो कायव्वो भवठिई एसा ।
नवरं विवज्जणिज्जा, विहिणा सयमग्गनिरएणं ।।८५।। (१९९)

ગાથાર્થ : આજ્ઞાનો લોપ કરનારને વિશે પણ દ્વેષ કરવો નહિ. આ સંસારની સ્થિતિ છે એમ વિચારવું. વિશેષ એ કે સદા સિદ્ધાન્તના માર્ગમાં રક્ત એવા સાધુઓ વડે સૂત્રોક્ત વિધિ વડે તેઓની સાથે આલાપ વિગેરે ત્યજવું જોઈએ.

ભાવાર્થ : આજ્ઞાનો લોપ કરનારાને વિષે દ્વેષ કરવા યોગ્ય નથી. કર્મના વિચિત્ર પણાથી આ પ્રકારની ભવસ્થિતિ છે એમ જઘન્ય-મધ્યમ-ઉત્તમ મનુષ્યો વડે વિચારવા યોગ્ય છે અને સિદ્ધાંતમાં કહેલી નીતિ વડે તેઓની સાથે આલાપાદિ વર્જવા યોગ્ય છે. સદા માર્ગમાં રક્ત અર્થાત્ સિદ્ધાંતાનુસારે વર્તનારા વડે. ॥૮૫॥૧૯૯॥

અહીં જ વિશેષને કહે છે.

अग्गीयादाइन्ने खित्ते, अन्नत्थ ठिइ अभावंमि ।
भावाणुवघायणुव-त्तणाइ तेसिं तु वसियव्वं ।।८६।। (२००)

ગાથાર્થ : અગીતાર્થાદિથી ક્ષેત્ર વ્યાપ્ત હોતે છતે અને અન્યત્ર વસવા યોગ્ય ક્ષેત્રનો અભાવ હોતે છતે ચારિત્રના પરિણામનો ઉપઘાત ન થાય તે રીતે તે અગીતાર્થોને અનુકૂલપણા વડે વસવા યોગ્ય છે.

ભાવાર્થ : અગીતાર્થાદિ - પાર્શ્વસ્થાદિ તેઓ વડે ભાવિત નગરાદિમાં યોગ્ય ક્ષેત્રના અભાવમાં રહેવું પડે તો, ચારિત્રના પરિણામને ઉપઘાત ન પહોંચે તે રીતે કલહના ત્યાગપૂર્વક તેઓને અનુકૂલ એટલે વચન, નમસ્કાર આદિ અનુકૂલ થવા વડે રહેવા યોગ્ય છે. વળી જો બીજું યોગ્ય ક્ષેત્ર રહેવા માટે હોય તો પાર્શ્વસ્થાદિથી ભાવિત ક્ષેત્રમાં વસવા યોગ્ય નથી. ॥૮૬॥(૨૦૦)

અન્યથા દોષને કહે છે. અર્થાત્ આ પ્રમાણે ન કરે તો જે દોષ થાય છે તેને કહે છે.

इहरा सपरुवघाओ, उच्छोभाईहिं अत्तणो लहुया ।
तेसिं पि पावबंधो, दुगं पि एयं अणिट्ठं ति ।।८७।। (२०१)

ગાથાર્થ : જો ઉપર કહ્યા પ્રમાણે ન કરે તો સ્વ-પરનો ઉપઘાત થાય. ચાડીચુગલી, કલહાદિ વડે પોતાની લઘુતા થાય તેઓને પણ પાપનો બંધ થાય. આ પ્રમાણે બંનેને આ અનિષ્ટ થાય.

ભાવાર્થ : તે પ્રમાણે નહિ કરવામાં સ્વ-પરનો ઉપઘાત થાય, તથા પ્રબલપણા વડે ગયેલી છે શોભા જેમાંથી તે उत्थोभम् - આળ આપવું વિ. આદિ શબ્દથી કલહાદિ વડે પોતાની લઘુતા થાય. ગુણીજન પર દ્વેષ કરવાથી તેઓને પાપનો બંધ થાય અને બંનેને આ અનિષ્ટ થાય. इति શબ્દ પ્રકમની સમાપ્તિસૂચક છે. ॥૮૭॥(૨૦૧)

હવે નિગમનને કહે છે.

ता दव्वओ य तेसिं, अरत्तदुट्ठेण कज्जमासज्ज ।
अणुवत्तणत्थमीसिं, कायव्वं किं पि नो भावा ।।८८।। (२०२)

ગાથાર્થ : રાગ-દ્વેષ રહિત સાધુ વડે જ્ઞાનાદિક કાર્યને પામીને પાસત્થાદિનું દ્રવ્યથી અનુવર્તનાદિ કરવા યોગ્ય છે. પરંતુ ભાવથી કરવા યોગ્ય નથી.

ભાવાર્થ : તેથી રાગ-દ્વેષ રહિત સાધુ વડે જ્ઞાનાદિક કાર્યને પામીને પાર્શ્વસ્થાદિને કાંઈક વાચિક નમસ્કારાદિ દ્રવ્યથી કરવા યોગ્ય છે. પરંતુ ભાવથી કાંઈપણ કરવા યોગ્ય નથી.

વચન વડે નમસ્કાર, (એટલે "આપને કુશલ છે ને ?" એમ બોલવું.) હાથ ઉંચા કરવા (આશીર્વાદ મુદ્રાએ), મસ્તક નમાવવું, પ્રશ્ન પૂછવા, બેસવું અથવા સેવા કરવી, થોભવંદન કરવું અથવા દ્વાદશાવર્ત વંદન કરવું. ॥૮૮॥૨૦૨॥ (આવશ્યક નિર્યુક્તિ ૧૧૨૭)

પહેલા આલાપાદિ પણ આમની સાથે નિષેધેલું હતું. તો શા માટે આ પ્રમાણે હવે કહેવાય છે ? સાચી વાત છે. પરંતુ આ અપવાદને આશ્રયીને કહ્યું છે.

હવે અપવાદ અને ઉત્સર્ગમાં કોણ કોનાથી સિદ્ધ થાય છે તે કહે છે.

उन्नयमविक्ख निन्नस्स, पसिद्धि उन्नयस्स निन्नाउ ।
इय अन्नुन्नाविखा, उस्सग्गववाय दो तुल्ला ।।८९।। (२०३)

ગાથાર્થ : ઉન્નતની અપેક્ષાએ નિમ્નની પ્રસિદ્ધિ અને નિમ્નની અપેક્ષાએ ઉન્નતની સિદ્ધિ થાય છે. આ પ્રકારે અન્યોન્યની અપેક્ષા રાખનારને ઉત્સર્ગ અને અપવાદ બંને પણ તુલ્ય છે. ॥૮૯॥(૨૦૩)

ભાવાર્થ : ઉન્નતને અપેક્ષીને નિમ્નની પ્રસિદ્ધિ અને નિમ્નની અપેક્ષાએ ઉન્નતની પ્રસિદ્ધિ થાય છે. આ પ્રકાર વડે અન્યોન્યની અપેક્ષાએ ઉત્સર્ગ અને અપવાદ બંને તુલ્ય છે. કોઈપણ કોઈનાથી પણ સિદ્ધ થતું નથી.

નિશીથ સૂત્રમાં પણ કહ્યું છે કે,

જેટલા ઉત્સર્ગ છે તેટલા જ અપવાદ છે.

જેટલા અપવાદ છે તેટલા જ ઉત્સર્ગ છે. ॥૧॥ આથી બંને પણ ભગવાને જ કહેલા હોવાથી નિર્જરાનું કારણ છે. ॥૮૯॥૨૦૩॥

હવે અર્થનો અંત આવ્યો. ઘણું કહેવા વડે શું ? આ પ્રમાણે પ્રસ્તાવના પૂર્વક કહે છે.

मा आयन्नह मा य मन्नह गिरं कुतित्थियाणं तहा,
सुत्तुत्तिन्नकुबोहकुग्गहगहगहग्घत्थाणमन्नाण वि ।
नाणीणं चरणुज्जुयाण य तहा किच्चं करेहायरा,
निस्सेसं जणरंजणत्थमुचियं लिंगाव सेसाण वि ।।९०।। (२०४)

ગાથાર્થ : તમે કુતીર્થિકોની તથા શાસ્ત્રાજ્ઞાથી બાહ્ય એવા દુષ્ટબોધ અને કદાગ્રહરૂપ ગ્રહથી ગ્રસ્ત થયેલાની વાણીને સાંભળો નહિ અને માનો પણ નહિ તથા ચરણ (સંયમ) આદિ શુભ અનુષ્ઠાનોમાં તત્પર એવા જ્ઞાની પુરુષોના વચનને આદરપૂર્વક સાંભળો અને માનો, વળી-લિંગધારી સાધુઓને જનરંજન માટે ઉચિત નમસ્કારાદિ સર્વ કાર્યો કરો. ॥૯૦॥૨૦૪॥

ભાવાર્થ : ઉપર પ્રમાણે છે. તથા

गुरुकम्माण जियाणं, असमंजसचिट्ठियाणि दट्ठूणं ।
निंदपओसं मणयंपि, सव्वहा संविवज्जेह ।।९१।। (२०५)

ગાથાર્થ : ભારે કર્મવાળા અયુક્ત ચેષ્ટા કરનારા જીવોને જોઈને નિંદા-પ્રદ્વેષને મનાગ્ પણ સર્વથા સમ્યક્ રીતે વર્જવું જોઈએ.

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ નિંદા-દોષ ભાષણ, પ્રદ્વેષ=માત્સર્ય. મનાગ્=અંશમાત્ર પણ સર્વથા સમ્યગ્ પ્રકારે વર્જવું જોઈએ. ॥૯૧॥૨૦૫॥

दूसमकालसरूवं, कम्मवसितं च सव्वजीवाणं ।
भावेह कुणह गुरुया-यरं व गुणवंतपत्तेसु ।।९२।। (२०६)

ગાથાર્થ : અનુચિત પ્રવૃત્તિ કરનારા જીવોને જોઈને દુષમકાળનું સ્વરૂપ અને તે અનુચિત પ્રવૃત્તિ કરનારા આત્માઓના કર્મની પરતંત્રતાને વિચારવી અને ગુણવાળા આત્માઓને જોઈને તેમના પ્રત્યે અત્યંત આદરભાવ ધારણ કરવો. ॥૯૨॥૨૦૬॥

ભાવાર્થ : સુગમ છે. ॥૯૨॥(૨૦૬)

સાધુતત્ત્વ પૂર્ણ થયું.

આ પ્રમાણે પૂજ્ય શ્રીચક્રેશ્વરસૂરી વડે શરૂ કરાયેલ તેમના
પ્રશિષ્ય શ્રીતિલકાચાર્ય વડે પૂર્ણ કરાયેલ સમ્કૃત્વવૃત્તિમાં
ચોથું સાધુતત્ત્વ સમાપ્ત થયું.

तत्त्वतत्त्वम्

હવે મૂલદ્વારની ગાથાના ક્રમથી પ્રાપ્ત પાંચમું તત્ત્વ વ્યાખ્યા કરાય છે. આનો પૂર્વની સાથે આ પ્રમાણે સંબંધ છે. પૂર્વે ગુરુના સ્વરૂપને કહેવાયું અને તત્ત્વોને જે કહે તે ગુરુ કહેવાય. આથી સાધુતત્ત્વ (ગુરુતત્ત્વ)ના નિરૂપણ પછી તત્ત્વ નામનું તત્ત્વ કહેવાય છે.

તેમાં પહેલી ગાથા

जीवाजीवा पुन्नं, पावासव-संवरो य निज्जरणा ।
बंधो मुक्खो य तहा, नवतत्ता हुंति नायव्वा ।।१।। (२०७)

ગાથાર્થ : જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ આ નવ તત્ત્વો જાણવા યોગ્ય છે.

ભાવાર્થ : **જીવ**-ચેતનાવાળો, **અજીવ**-ચેતનારહિત, **પુણ્ય**-શુભ પ્રકૃતિરૂપ, **પાપ**-અશુભ પ્રકૃતિરૂપ, **આશ્રવ**-જેના દ્વારા કર્મો આવે છે તે હિંસા વિગેરે **સંવર**-સંવરણ, આશ્રવનો નિરોધ, **નિર્જરા**-વિપાકથી અથવા તપથી કર્મનો નાશ. **બંધ**-જીવ અને કર્મનું અત્યંત રીતે એકમેકપણું. **મોક્ષ**-સર્વ કર્મોથી મુક્ત એવી આત્માની સ્થિતિ. આ જ નવતત્ત્વો સિદ્ધાંતમાં કહેલા પ્રકાર વડે જાણવા યોગ્ય છે. પરંતુ કુતીર્થિકોએ કલ્પેલા નહિ.

હવે જે પ્રમાણે ઉદ્દેશ છે તે પ્રમાણે નિર્દેશ કરવો જોઈએ એ ન્યાયથી પહેલા જીવતત્ત્વનું વર્ણન કરે છે.

एगविह-दुविह-तिविहा, चउहा-पंचविह छव्विहा जीवा ।
चेयण तस इयरेहिं, वेयगइकरणकाएहिं ।।२।। (२०८)

ગાથાર્થ : ચેતના વડે કરીને, ત્રસ અને સ્થાવર વડે કરીને, વેદ વડે કરીને, ગતિ વડે કરીને, ઇન્દ્રિયો વડે કરીને, કાય વડે કરીને અનુક્રમે જીવો એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે અને છ પ્રકારે છે.

ભાવાર્થ : એકવિધાદિ પ્રકારે જીવો હોય છે. કેવી રીતે થાય તે ક્રમ વડે કહે છે. ચેતનાદિ પ્રકારે. **ચેતના વડે** એક પ્રકારે કારણ કે સર્વ જીવો ચેતનવંત છે માટે વ્યભિચાર નથી. ત્રાસ પામે તે ત્રસો અને તેનાથી ઈતર એટલે સ્થાવર તેના વડે જીવો બે પ્રકારે છે. કારણ કે સર્વે જીવરાશી ચર અને અચર રૂપ હોવાથી. આ પ્રમાણે આગળ આગળ પણ લક્ષણોનું વ્યાપકપણું જાણવા યોગ્ય છે. **વેદો વડે**-સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ વડે ત્રણ પ્રકારે. **ગતિ વડે**-નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવરૂપ ચાર પ્રકારે છે. **ઇન્દ્રિય વડે**-સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિયરૂપ પાંચ ઇન્દ્રિયોથી પાંચ પ્રકારે. કાય વડે-પૃથ્વીકાયાદિ છ કાયવડે છ પ્રકારે. ॥२॥२०८॥

पुढवी-आऊ-तेऊ, वाऊवणस्सइ तहेव बेइंदि ।
तेईंदिय-चउरिंदिय, पंचिदियभेयओ नवहा ।।३।। (२०९)

ગાથાર્થ : પૃથ્વી-અપ-તેઉ-વાયુ-વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય પંચેન્દ્રિયના ભેદથી નવ પ્રકારે છે.

ભાવાર્થ : સુગમ છે.॥३॥(२०९)

तथा

एगिंदियसुहुमियरा, सन्नियरपणिंदिया सबितिचउ ।
पज्जत्तापज्जत्ता-भेएणं चउदसग्गामा ।।४।। (२१०)

ગાથાર્થ : સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય, સંજ્ઞિ-અસંજ્ઞિ પંચેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય આ સાત પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદ વડે કરીને ચૌદ જીવના સ્થાનકો છે. ।।૪।।(૨૧૦)

ભાવાર્થ : એકેન્દ્રિય બે પ્રકારે, સૂક્ષ્મ તથા બાદર.

સૂક્ષ્મ-સૂક્ષ્મ નામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા સકલ લોકમાં વ્યાપીને રહેલા અને અતિશય વિનાના જેને જોઈ ન શકે અર્થાત્ અદૃશ્ય હોય છે.

બાદર-બાદર નામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા બાદરો નિયત સ્થાને રહેનારા હોય છે. **સંજ્ઞિ**-મન સહિતના હોય તે, **અસંજ્ઞિ**-મન રહિતના તે, આમ પંચેન્દ્રિય બે પ્રકારે છે. **બેઈન્દ્રિય,** તેઈન્દ્રિય, ચઉરેન્દ્રિય આ કુલ સાત ભેદ થયા. તે સાતે પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદ વડે કરતા ચૌદ થાય. ગ્રામા એટલે જીવના નિવાસ સ્થાનો છે.।।૪।।(૨૧૦)

ફરી બીજા પ્રકાર વડે જીવના ભેદને કહે છે.

पुढवीदगअगणिमारुय-वणसइणंता' पणिंदिया चउहा ।
वणपत्तेया विगला, दुविहा सव्वेवि बत्तीसं ।।५।। (२११)

ગાથાર્થ : પૃથ્વી-અપ-તેઉ-વાયુ-અનંતકાય (સાધારણ વનસ્પતિકાય) અને પંચેન્દ્રિય ચાર પ્રકારે એમ કુલ ૨૪ તથા પ્રત્યેક વનસ્પતિકાય અને વિકલેન્દ્રિય બે પ્રકારે એમ કુલ ૮ આમ સર્વે મળીને બત્રીશ પ્રકાર છે.

ભાવાર્થ : પૃથ્વી-અપ-તેઉ-વાયુ અને સાધારણ વનસ્પતિકાયના સૂક્ષ્મ-બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તા કુલ ૨૦ ભેદ. પંચેન્દ્રિયના સંજ્ઞિ-અસંજ્ઞિ પર્યાપ્તા અને અપર્યાપ્તા કુલ ૪ ભેદ, પ્રત્યેક વનસ્પતિકાય, બેઇન્દ્રિય તેઈન્દ્રિય-ચઉરેન્દ્રિયના પર્યાપ્તા અને અપર્યાપ્તા કુલ ૮ ભેદ સર્વે મળીને બત્રીશ ભેદ થાય છે.

અહીં બેઈન્દ્રિયાદિના સંસ્થાનો (આકૃતિ) સાક્ષાત જ દેખાય છે. વળી પૃથ્વીકાયાદિના સૂક્ષ્મ હોવાથી સંસ્થાનો ઓળખાતા નથી. આથી તેઓના સંસ્થાનોને કહે છે.

मस्सूरए य थिबुए, सूइपडागाअणेगसंठाणा ।
पुढवीदगअगणिमारुय-वणस्सईणं च संठाणा ।।६।। (२१२)

ગાથાર્થ : પૃથ્વીકાયનું મસુરની દાળ સમાન છે. અપકાયનું સંસ્થાન પાણીના પરપોટા સમાન છે. તેઉકાયનું સોય સમાન છે. વાયુકાયનું ધજા સમાન છે અને વનસ્પતિકાયનું સંસ્થાન અનેક પ્રકારે હોય છે.

ભાવાર્થ : મસૂરક-ધાન્ય વિશેષ, સ્તિબુક-પાણીના બિંદુ, સોય અને ધજા પ્રસિદ્ધ છે અને અનેક પ્રકારના વિચિત્ર દ્રવ્યો તેના સમાન આકાર છે જેઓનો તે, અનુક્રમે પૃથ્વી-અપ-તેઉ-વાયુ અને વનસ્પતિકાયના સંસ્થાનો છે અર્થાત્ શરીરરૂપી પુદ્ગલોની રચના વિશેષ છે. ।।૬।।(૨૧૨)

હવે જીવમાં રહેલી ઇન્દ્રિયોના વિષયને કહે છે.

संगुलजोयणलक्खो, समहिओ नव बारसुक्कसो विसओ ।
चक्खुत्तियसोयाणं, अंगुलअस्संखभागियरो ।।७।। (२१३)

ગાથાર્થ : ઉત્કૃષ્ટથી આત્માંગુલથી સાધિક લાખ યોજન, નવ યોજન, બાર યોજનનો વિષય અનુક્રમે (૧) ચક્ષુરિન્દ્રિય (૨) સ્પર્શન-રસન-ઘ્રાણ રૂપ ત્રિક (૩) શ્રોત્રેન્દ્રિયનો છે અને જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

ભાવાર્થ : ચક્ષુરિન્દ્રિયત્રિક અને શ્રોત્રેન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય કહે છે.

તેમાં ચક્ષુરિન્દ્રિયનો આત્માંગુલથી સાધિક લાખ યોજન. સ્પર્શેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિયનો નવ યોજન, શ્રોત્રેન્દ્રિયનો બાર યોજન છે. વ્યાખાનથી આત્માંગુલ પ્રમાણે યોજનો દરેક જગ્યાએ જાણવા.

નવ યોજનથી આવેલ ગંધાદિને જાણે, બાર યોજનથી આવેલ શબ્દને સાંભળી શકે. આ પ્રમાણે અભિપ્રાય છે. સર્વેનો જઘન્ય વિષય અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તે પણ ચક્ષુરિન્દ્રિયને છોડીને જાણવો. કારણ કે, અતિ નજીક રહેલા પદાર્થો ચક્ષુરિન્દ્રિયના વિષયરૂપ બનતા નથી.

અને ભાષ્યમાં પણ કહ્યું છે કે,

ચક્ષુરિન્દ્રિયને છોડીને બાકીની ઈન્દ્રિયનો જઘન્ય વિષય અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. ચક્ષુનો વિષય અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે અને મનના વિષયનું પ્રમાણ નથી.

તથા અહીં આત્માંગુલ પ્રમાણથી લાખ યોજન પણ અભાસુર દ્રવ્યને અપેક્ષીને ચક્ષુનો વિષય કહેવાયો. ભાસુર દ્રવ્યને આશ્રયીને સાધિક એકવીસ લાખ યોજન છે.

અને કહેલું છે કે,

પુષ્કરાર્ધ દ્વીપમાં મનુષ્યો કર્ક સંક્રાતિના દિવસે. સાધિક એકવીસ લાખ યોજન વડે ઉદય પામતે છતે સૂર્યને દિવસે જોવે છે.

હવે જીવમાં રહેલા પ્રાણાદિને કહેવાની ઈચ્છા વડે દ્વારગાથાને કહે છે.

पाणा पज्जत्तीओ, तणुमाणं आउयं च कायठिई ।
लेसासंजमजोणी, एएसिं जाणियव्वाइं ।।८।। (२१४)

ગાથાર્થ : જીવોના પ્રાણ-પર્યાપ્તિ-શરીરનું માન અર્થાત્ અવગાહના, આયુષ્ય-કાયસ્થિતિ લેશ્યા-સંયમ યોનિ જાણવા યોગ્ય છે.

ભાવાર્થ : પ્રાણો-ઈન્દ્રિયાદિ, પર્યાપ્તિઓ - આહારાદિને ગ્રહણાદિનું સામર્થ્ય, તનુમાન-શરીરના પ્રમાણને, આયુ-જીવિતં, કાયસ્થિતિ-પૃથ્વીકાયાદિમાં સ્થિતિ એટલે અવસ્થાન, લેશ્યા-આત્માના પરિણામ વિશેષ. સંયમની યોનિ = સત્ય મનોયોગાદિ - સંયમયોનિ તે, સંયમ તેનાથી ઉત્પન્ન થતું હોવાથી સંયમની જન્મદાત્રી સત્ય મનોચોગાદિ છે. આ સર્વે જીવોનું જાણવા યોગ્ય છે. ॥૮॥(૨૧૪)

તેમાં પહેલા પ્રાણ દ્વારને વર્ણવીને હિંસાના સ્વરૂપને કહે છે.

पंचिंदिय-तिविहबलं, नीसासूसासआउयं चेव ।
दसपाणा पन्नत्ता, तेसिं विघाओ भवे हिंसा ।।९।। (२१५)

ગાથાર્થ : પાંચ ઈન્દ્રિય, ત્રણ બલ, શ્વાસોશ્વાસ, આયુ-જીવિત, આ દશ પ્રાણો કહેવાયેલા છે. તેઓનો નાશ તે હિંસા કહેવાય છે.

ભાવાર્થ : પાંચ ઈન્દ્રિયો તે સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર, ત્રણ પ્રકારના બલ એટલે મન, વચન, કાયાથી ઉત્પન્ન થયેલ શક્તિ વિશેષ, નિઃશ્વાસોચ્છવાસ એટલે અધો અને ઉર્ધ્વ વાયુનો પ્રચાર જેને શ્વાસોશ્વાસ કહેવાય છે, આયુષ્ય એટલે જીવિત - આ દશ પ્રાણો તીર્થંકરાદિ વડે કહેવાયા છે. આ પ્રાણોનો વિઘાત, વિયોગ તે હિંસા કહેવાય. પરંતુ જીવનો નાશ નથી. કારણ કે જીવ તો નાશ નહિ પામનાર, ઉત્પન્ન નહિ થનાર, સ્થિર એક સ્વભાવવાળો છે. ॥૯॥ (૨૧૫)

હવે પર્યાપ્તિને કહે છે.

आहारसरीरिंदिय, पज्जत्ती आणपाणभासमणे ।
चत्तारि पंच छप्पिय, एगिंदिय-विगल-सन्नीणं ।।१०।। (२१६)

ગાથાર્થ : આહાર-શરીર-ઈન્દ્રિય-શ્વાસોશ્વાસ ભાષા અને મન છ પર્યાપ્તિ છે. ચાર-પાંચ અને છ પર્યાપ્તિ અનુક્રમે એકેન્દ્રિય - વિગલેન્દ્રિય અને સંજ્ઞીને હોય છે.

ભાવાર્થ : જેના વડે આત્મા આહાર ગ્રહણ કરીને ખલ-રસપણા વડે પરિણમાવે છે તે શક્તિ આહાર પર્યાપ્તિ કહેવાય છે ॥૧॥ જેના વડે રસભૂત થયેલ આહારને સાત ધાતુપણા વડે પરિણમાવે તે શરીર પર્યાપ્તિ. ॥૨॥ જેના વડે ધાતુરૂપ થયેલને ઈન્દ્રિયપણા વડે પરિણમાવે તે ઇન્દ્રિય પર્યાપ્તિ. ॥૩॥ જેના વડે ઉચ્છ્વાસ પ્રાયોગ્ય વર્ગણા દ્રવ્યને ગ્રહણ કરીને ઉચ્છ્વાસપણા વડે પરિણમાવીને મૂકે છે તે ઊચ્છ્વાસ પર્યાપ્તિ. ॥૪॥ જેના વડે ભાષા પ્રાયોગ્ય વર્ગણાને ગ્રહણ કરીને ભાષાપણે પરિણમાવીને મૂકે છે તે ભાષા પર્યાપ્તિ. ॥૫॥ જેના વડે મન પ્રાયોગ્ય વર્ગણા દ્રવ્યને ગ્રહણ કરીને મનપણા વડે અવલંબીને મૂકે છે તે મન પર્યાપ્તિ ॥૬॥ અને અહીં વૈક્રિય અને આહારાક શરીરવાળાની શરીર પર્યાપ્તિ અંતમુહૂર્તની અને બાકીની એક સમયની હોય છે. વળી ઔદારિક શરીરવાળાની આહાર પર્યાપ્તિ જ એક સમયની અને બાકીની પ્રત્યેક અંતમુહૂર્તની હોય છે. તે પર્યાપ્તિ કોને કેટલી હોય છે. તે કહે છે. ચાર-પાંચ અને છ ક્રમ વડે એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને સંજ્ઞીને હોય છે. વિકલેન્દ્રિય = બેઈન્દ્રિય - તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય. તથા અસંજ્ઞિને પાંચ પર્યાપ્તિ હોય અને આ પર્યાપ્તિઓ પર્યાપ્ત નામકર્મના ઉદયવાળાને જ સંપૂર્ણ થાય. અપર્યાપ્ત અવસ્થામાં જેઓ મરે છે તેઓ ઉચ્છ્વાસાદિ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્તા હોય. પરંતુ શરીર-ઈન્દ્રિય પર્યાપ્તિ વડે અપર્યાપ્તા નહિ. કારણ કે પરભવનું આયુષ્ય બાંધીને જીવ મરે છે અને આયુષ્યનો બંધ શરીર અને ઈન્દ્રિય પર્યાપ્તિના અભાવમાં ન થાય. ॥૧૦॥ (૨૧૬)

આહારાદિ પર્યાપ્તિઓ કહેવાઈ. તો શું સર્વે જીવો આહારી જ હોય છે કે નહિ ? તે કહે છે.

विग्गहगइमावन्ना केवलिणो समुहया अजोगी य ।
सिध्धा य अणाहारा सेसा आहारगा जीवा ।।११।। (२१७)

ગાથાર્થ : વિગ્રહ ગતિને પ્રાપ્ત થયેલા, કેવલી સમુદ્‌ઘાતવાળા, અયોગી કેવલી અને સિદ્ધના જીવો અણાહારી છે અને બાકીના જીવો આહારી હોય છે.

ભાવાર્થ : વિગ્રહગતિ - શાસ્ત્રની ભાષા વડે વક્રગતિ કહેવાય છે. અહીં ભવાંતરમાં જનારની બે ગતિ છે. ઋજુગતિ અને વક્રગતિ. ત્યાં જીવ અને પુદ્‌ગલનું અનુશ્રેણીએ ગમન હોવાથી અનુશ્રેણીમાં રહેલ ઉત્પત્તિ સ્થાનમાં ઋજુગતિ વડે એક જ સમય વડે જાય છે અને ત્યાં જ આહારને ગ્રહણ કરે છે. વિશ્રેણીમાં રહેલા વળી બે-ત્રણ અને ચાર વક્રગતિને પામેલા પહેલા સમયે ભોગવાતા શરીરના આહારવાળા, અન્ત્ય સમયે આગામી શરીરના આહારવાળા મધ્યના એક-બે ત્રણ સમયમાં યથાસંખ્ય અણાહારી હોય છે. અને વળાંકો આ પ્રમાણે છે.

પહેલા વળાંકે વિદિશાથી દિશામાં આવે, બીજે ત્રસનાડીની મધ્યમાં પ્રવેશે, ત્રીજે ઉંચો જાય, ચોથે નીચો (ત્રસનાડીની બહાર) જાય અને પાંચમે વળાંકે વિદિશામાં થાય. ॥૧॥

તથા કેવલીઓ સમ્યક્ રીતે ચારે બાજુથી પ્રબલતા વડે આત્મ પ્રદેશો વડે ચૌદ રાજલોક સ્વરૂપ લોકાકાશને પૂરે છે. ધાતુઓના અનેક અર્થ હોવાથી ઘ્નન્તિનો અર્થ પૂરે છે થાય એટલે સમુદ્‌ઘાતને પામેલા ચૌદરાજ લોકને પૂરે છે. તેઓ આયુષ્યનું અલ્પપણું અને વેદનીયકર્મનું પ્રાચુર્ય જાણીને આયુષ્યની સમાન વેદનીયાદિ કર્મને કરવા માટે આઠ સમયના સમુદ્ધાતને કરે છે.

પહેલા સમયે પોતાના શરીર પ્રમાણ પહોળો અને ઉર્ધ્વ-અધોલોક પ્રમાણ ઉંચો લોકાંતગામી એવો દંડ બનાવે છે, બીજા સમયમાં કપાટ, ત્રીજા સમયમાં મંથાન (રવૈયો) અને ચોથા સમયે લોકવ્યાપી બને છે. ॥૨૭૪॥

પાંચમા સમયે મન્થાનના અંતરાલના પ્રદેશોને સંહરે (સંકોચે) છે, છઠ્ઠા સમયે મન્થાનને સંહરે છે, સાતમા સમયે કપાટને અને આઠમા સમયે દંડને સંહરે છે. ॥૨૭૫॥

અહિં ત્રીજા, ચોથા અને પાંચમા સમયોમાં અણાહારી હોય છે. કારણ કેવલ કાર્મણયોગી છે. વિગ્રહગતિમાં વળાંકોમાં જેમ જીવ કેવલ કાર્મણયોગી હોય છે તેમ.

વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજે કહ્યું છે કે -

પહેલા અને આઠમા સમયે તે (કેવલજ્ઞાની) ઔદારિકયોગવાળો ઈષ્ટ છે (હોય છે.) સાતમા, છઠ્ઠા અને બીજા સમયમાં તે મિશ્ર - ઔદારિક મિશ્રયોગવાળો ઈષ્ટ છે (હોય છે.) ॥૨૭૬॥

ચોથા, પાંચમા અને ત્રીજા સમયે તે (કેવલજ્ઞાની) કાર્મણ કાયયોગવાળો હોય છે અને આ ત્રણે સમયમાં તે અવશ્ય અનાહારક હોય છે. ॥૨૭૭॥ (પ્રશમરતિ-૨૭૪ થી ૨૭૭)

અયોગી કેવલીઓ, મોક્ષગમન કાલે પાંચ હ્રસ્વાક્ષર (અ, ઇ, ઉ, ઋ, ઌ) ના ઉચ્ચારણ માત્ર કાળમાં રૂંધેલા કાય, મન અને વચન યોગવાળા તથા સિદ્ધો અણાહારી હોય છે, શેષ જીવો આહારક હોય છે. ॥૧૧॥૨૧૭॥

પર્યાપ્તિ દ્વાર કહ્યું, હવે શરીરને, પ્રમાણ કહેવાનો અવસર છે. ત્યાં પૃથ્વીકાયનું કહે છે.

आद्दामलगपमाणे, पुढविक्काए हवंति जे जीवा ।
ते पारेवयमित्ता, जंबुद्दीवे न माइज्जा ।।१२।। (२१८)

ગાથાર્થ : ભીના આમળાના જેટલા પ્રમાણવાળા પૃથ્વીકાયના જે જીવો છે.તે પારેવડા જેટલા માપના થાય તો જંબૂદ્વીપમાં સમાય નહિ.

ભાવાર્થ : સુગમ છે. લીલા આમલક - પીલુ વૃક્ષની કળી પારેવયમિત્તા = કબૂતર જેવડા શરીરવાળા. હમણાં અપકાયનું કહે છે.

एगंमि उदगबिंदुंमि, जे जीवा जिणवरेहिं पन्नत्ता ।
ते वि य सरिसवमित्ता, जंबुद्दीवे न माइज्जा ।।१३।। (२१९)

ગાથાર્થ : એક પાણીના બિંદુમાં જે જીવો જિનેશ્વરો વડે કહેલા છે. તે સરસવના પ્રમાણવાળા થાય તો જંબુદ્વીપમાં સમાય નહિ.

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ પાણીનું બિંદુ જેટલું વાળના અગ્રભાગ પર રહે તેટલું જાણવું. સરસવનું પ્રમાણ કહેવા વડે અહીં પૃથ્વી કરતા પાણીનું સૂક્ષ્મપણું કહેવાયું. ઉત્તરોત્તર આ સર્વેનું સૂક્ષ્મપણું જાણવા યોગ્ય છે. ॥૧૩॥ (૨૧૯)

જો આ પ્રમાણે પૃથ્વી વિગેરેના શરીરનું અતિ સૂક્ષ્મપણું છે તો તે કેવી રીતે દેખાય છે. તે કહે છે.

एगस्स दुण्ह तिण्हव, संखिज्जाण व न पासिउं सक्का ।
दीसंति सरीराइं, पुढविजियाणं असंखिज्जा ।।१४।। (२२०)

ગાથાર્થ : પૃથ્વીકાય જીવોના એક-બે-ત્રણ અથવા સંખ્યાતા શરીર ભેગા થાય તો જોવા માટે શકય નથી. પરંતુ અસંખ્યાતા શરીરો ભેગા થાય ત્યારે દેખાય છે.

ભાવાર્થ : એક-બે-ત્રણ અથવા સંખ્યાતા શરીરો પૃથ્વીકાય જીવોના જોવાને માટે શક્ય નથી. પરંતુ અસંખ્ય શરીરો ભેગા થાય તો તે દેખી શકાય છે. ॥૧૪॥ (૨૨૦)

અન્યની ભલામણ કરતાં કહે છે.

आऊतेऊवाऊ, एसि सरीराणि पुढविजुत्तीए ।
दीसंति वणसरीरा, दीसंति असंख संखिज्जा ।।१५।। (२२१)

ગાથાર્થ : અપ-તેઉ અને વાયુના શરીરો પૃથ્વીની યુક્તિએ અસંખ્યાતા ભેગા થાય તો જોઈ શકાય છે અને વનસ્પતિના શરીરો અસંખ્યાતા અને સંખ્યાતા ભેગા થાય ત્યારે જોઈ શકાય છે.

ભાવાર્થ : અપ-તેઉ-વાયુકાયના શરીરો પૃથ્વીકાયની યુક્તિથી અસંખ્યાતા ભેગા થાય તો જોઈ શકાય છે. જ્યારે વનસ્પતિકાયમાં સાધારણ વનસ્પતિકાયના અસંખ્યાતા શરીરો ભેગા થાય ત્યારે જોઈ શકાય છે.

જ્યારે પ્રત્યેક વનસ્પતિ કાયમાં કેટલાકના અસંખ્યાતા શરીરો ભેગા થાય ત્યારે જોઈ શકાય છે. જ્યારે કેટલાકના સંખ્યાતા શરીરો ભેગા થાય ત્યારે જોઈ શકાય છે. ॥૧૫॥૨૨૧॥

હમણાં આયુષ્યની બે દ્વાર ગાથાને કહે છે.

बावीसइं सहस्सा, सत्तसहस्साइं तिन्नहोरत्ता ।
वाए तिन्नि सहस्सा, दसवाससहस्सिया रुक्खा ।।१६।। (२२२)
संवत्सराणि बारस, राइंदिय हुंति अउणपन्नासा ।
छम्मास-तिन्नि-पलिया, पुढवाईणं ठिउक्कोसा ।।१७।। (२२३)

ગાથાર્થ : બાવીસ હજાર વર્ષ, સાત હજાર વર્ષ, ત્રણ અહોરાત્રી, વાયુનું ત્રણ હજાર વર્ષ, વનસ્પતિ કાયનું દસ હજાર વર્ષ, બાર વર્ષ, ઓગણપચાસ દિવસ, છ માસ, ત્રણપલ્યોપમ પૃથ્વીકાયાદિની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

ભાવાર્થ : વાયુ અને વનસ્પતિનું સાક્ષાત્ નામ ગ્રહણ કરેલ હોવાથી અને પાછળ પૃથ્વ્યાદિ કહેલ હોવાથી પૃથ્વી-અપ-તેઉ-વાયુ-વનસ્પતિ-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય આ નવનું ક્રમ વડે ઉત્કૃષ્ટ આયુષ્ય ઉપદ્રવ રહિતના સ્થાનમાં કહ્યા પ્રમાણે જાણવા યોગ્ય છે. સર્વેનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત છે. વળી, સાધારણ વનસ્પતિ કાયનું જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને પ્રકારનું આયુષ્ય અંતર્મુહૂર્ત છે. ॥૧૬-૧૭॥ (૨૨૨, ૨૨૩)

હવે કાયસ્થિતિને કહે છે.

अस्संखोसप्पिणिस-प्पिणीओ एगिंदियाण उ चउण्हं ।
ता चेव उ अणंता, वणस्सईए उ बोधव्वा ।।१८।। (२२४)

ગાથાર્થ : એકેન્દ્રિયાદિ ચારની કાયસ્થિતિ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી છે અને વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવા યોગ્ય છે.

ભાવાર્થ : પ્રાણીઓના શરીર-આયુ-બલ-બુદ્ધિ આદિ જેમાં ઘટે છે તે અવસર્પિણી કાલ દશ કોટાકોટિ સાગરોપમના પ્રમાણવાળો છે. પ્રાણીઓના શરીરાદિ અનુક્રમે વધે છે તે ઉત્સર્પિણી કાલ તે દશ કોટાકોટિ સાગરોપમના પ્રમાણનો છે. આવા પ્રકારની અસંખ્યાત અવસર્પિણી-ઉત્સર્પિણી એ પૃથ્વી-અપ-તેજ-વાયુ આ ચારની કાયસ્થિતિ છે, અને તેટલા જ પ્રમાણવાળી અનંતી અવસર્પિણી-ઉત્સર્પિણી વનસ્પતિકાયની કાયસ્થિતિ છે. અહીં આ કાયસ્થિતિ સામાન્યથી કહેવાઈ હોવા છતાં પણ વનસ્પતિકાયમાં સાધારણ વનસ્પતિકાયની જાણવી. કારણ કે પ્રત્યેક વનસ્પતિકાયની કાયસ્થિતિ ભગવતી સૂત્રમાં અસંખ્યાતો કાલ જ કહેવાયેલી છે. ॥૧૮॥૨૨૪॥

હવે લેશ્યા દ્વારને કહે છે.

किण्हा-नीला-काऊ, तेऊ-पम्हा तहेव सुक्का य ।
छल्लेसा खलु एया, जीवाणं हुंति विन्नेया ।।१९।। (२२५)

ગાથાર્થ : કૃષ્ણ-નીલ-કાપોત, તેજો, પદ્મ અને શુક્લ આ છ લેશ્યા જીવોની જાણવા યોગ્ય છે.

ભાવાર્થ : આઠ પ્રકારના કર્મ સાથે આત્માને જે આશ્લિષ્ટ કરે તે લેશ્યા કહેવાય તે કૃષ્ણાદિ છ પ્રકારની છે. કૃષ્ણાદિ દ્રવ્યના સંનિધાનથી અશુદ્ધતમ-અશુદ્ધતર અશુદ્ધ-શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ પરિણામરૂપ જીવોને આ છ પ્રકારે થાય છે. ॥૧૯॥ (૨૨૫)

આ લેશ્યા દૃષ્ટાંત વડે સ્પષ્ટ થાય. આથી તેના બે દૃષ્ટાંતને કહે છે.

मूलं साहपसाहा-गुच्छफले छिंदपडियभक्खणया ।
सव्वं माणुस पुरिसे, साउह-जुज्झंत-धणहरणा ।।२०।। (२२६)

ગાથાર્થ : મૂલને-શાખાને-પ્રશાખાને-ગુચ્છાને-ફલને-પડેલાને ભક્ષણ કરો. સર્વને- મનુષ્યને-પુરુષને-અપરાધીને-યુદ્ધ કરનારને-ધનને હરણ કરો.

ભાવાર્થ : કોઈક ક્ષુધાથી પીડિત છ મુસાફરોએ ફલના ભારથી નમેલી સેંકડો-શાખા અને પ્રશાખાવાળા જામ્બુ વૃક્ષને માર્ગમાં જોયું. ત્યાં તેઓમાંથી એકે કહ્યું, મૂલમાંથી વૃક્ષને છેદો, બીજાએ શાખાને, ત્રીજાએ પ્રશાખાને, ચોથાએ ગુચ્છાને, પાંચમાએ ફલોને છેદો, એ પ્રમાણે કહ્યું, વળી, શુદ્ધતમ પરિણામવાળા છઠ્ઠાએ કહ્યું, પવનાદિ વડે જે ફળો પડેલા છે, તેઓને જ ભક્ષણ કરો. અહીં પહેલો કૃષ્ણ લેશ્યાવાળો, બીજો નીલ લેશ્યાવાળો અનુક્રમે છેલ્લો શુકલ લેશ્યાવાળો જાણવો.

બીજું ઉદાહરણ :

કોઈક છ ચોરો કોઈક ગામને ચોરવા માટે ગયા. ત્યાં તેઓમાં એકે કહ્યું સર્વે તિર્યંચ-મનુષ્યાદિને હણો, બીજાએ કહ્યું મનુષ્યોને હણો તિર્યંચોને નહિ, ત્રીજાએ કહ્યું પુરુષોને હણો સ્ત્રીઓને નહિ, ચોથાએ કહ્યું તેમાં પણ શસ્ત્ર સહિતનાને હણો શસ્ત્ર વિનાનાને નહિ, પાંચમાએ કહ્યું યુદ્ધ કરતા હોય તેઓને હણો ઉદાસીન હોય તેઓને નહિ. વળી, છઠ્ઠાએ કહ્યું કેવલ ધનને જ હરણ કરો. કોઈનો પણ વધ ન કરો. અહીં પહેલો કૃષ્ણ લેશ્યાવાળો, બીજો નીલ લેશ્યાવાળો અનુક્રમે છેલ્લો શુક્લ લેશ્યાવાળો જાણવો. ॥૨૦॥ (૨૨૬)

હમણાં સંયમદ્વારને કહે છે.

सामाइयं पढमं, छेओवट्ठाणं भवे बीयं ।
परिहारविसुद्धीयं, सुहुमं तह संपरायं च ।।२१।। (२२७)
तत्तो य अहक्खायं, सव्वम्मि जीवलोगंमि ।
जं चरिऊण सुविहिया, वच्चंतियरामरं ठाणं ।।२२।। (२२८)

ગાથાર્થ : પહેલું સામાયિક, બીજું છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય તથા યથાખ્યાત ચારિત્ર સર્વ જીવલોકમાં છે. જે ચારિત્રને આચરીને સુવિહિત જીવો અજરામર સ્થાનને પામે છે. ॥૨૧॥૨૨॥૨૨૭, ૨૨૮॥

ભાવાર્થ : સમુદાયનો અર્થ સહેલો છે. અવયવનો અર્થ વળી કહેવાય છે.

(૧) સામાયિક ચારિત્ર બે ભેદે છે. ઈત્વરકાલિક અને યાવત્કથિક. તેમાં ભરતક્ષેત્રો અને ઐરવત ક્ષેત્રોમાં, પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં ઈત્વરકાલિક એટલે પરિમિતકાળનું સામાયિક ચારિત્ર છે. ભરત-

ઐરવત ક્ષેત્રોમાં મધ્યના બાવીસ તીર્થંકરોના તીર્થમાં તથા મહાવિદેહ ક્ષેત્રમાં તો સર્વેને સર્વકાલે યાવત્કથિક (જીવન પર્યંતનું) સામાયિક ચારિત્ર હોય છે, ઈત્વરકાલિક હોતું નથી.

(૨) છેદોપસ્થાપનીય ચારિત્ર - ઈત્વરકાલિક સામાયિક ચારિત્રવાળા સાધુ-સાધ્વીને જે પાંચ મહાવ્રતો (વડી દીક્ષા) આપવામાં આવે છે. તેને નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવામાં આવે છે. એવી રીતે, ભગવાન પાર્શ્વનાથના તીર્થના સાધુ-સાધ્વી જ્યારે ભગવાન મહાવીરના તીર્થમાં આવ્યા, ત્યારે તેમને જે પાંચ મહાવ્રત આપવામાં આવ્યા હતાં તે પણ નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર હતું. પાંચ મહાવ્રતોને સ્વીકાર્યા પછી, એ મહાવ્રતોનું ખંડન થયું હોય એવા ને પુનઃ પાંચ મહાવ્રત આપવામાં આવે તેને સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય છે.

(૩) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર - બે પ્રકારનું છે. (૧) નિર્વિશમાનક અને (૨) નિર્વિષ્ટકાયિક. પહેલું પરિહાર વિશુદ્ધિ (તપ વિશેષ) સેવનારાને હોય છે, બીજું પરિહાર વિશુદ્ધિ સેવેલાને હોય છે. આ ચારિત્રમાં ૯ સાધુનો ગણ હોય છે. તેમાં ચાર પરિહારકો એટલે વિશિષ્ટ તપ કરનાર હોય, ચાર મુનિ સેવા કરનારા અનુપરિહારક હોય અને એક કલ્પસ્થિત એટલે વાચનાચાર્ય હોય છે.

તેઓને તપ આ પ્રમાણે હોય છે. પરિહાર વિશુદ્ધિ ચારિત્રવાળાનો તપ જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ. શીત-ઉષ્ણ અને વર્ષાકાલમાં ધીર પુરુષો વડે પ્રત્યેકને કહેવાયેલો છે. ॥૧॥ તેમાં ગીષ્મકાલમાં જઘન્યથી ચોથ ભક્ત, મધ્યમથી છટ્ઠ અને ઉત્કૃષ્ટથી અટ્ઠમ હોય છે. હવે શીતકાલના તપને કહું છું. ॥૨॥ શીતકાલમાં જઘન્યથી છટ્ઠ મધ્યમથી અટ્ઠમ અને ઉત્કૃષ્ટથી ચાર ઉપવાસ હોય છે. વર્ષાકાલમાં જઘન્યથી અટ્ઠમ, મધ્યમથી ચાર ઉપવાસ અને ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસ હોય છે. ॥૩॥ પારણામાં આયંબિલ ભિક્ષાનું પાંચમાં ગ્રહણ અને બેમાં અભિગ્રહ હોય છે. કલ્પસ્થિત એટલે વાચનાચાર્ય હંમેશાં આયંબિલને કરે છે. ॥૪॥ આ પ્રમાણે છ માસ તપને આચરીને પરિહારક વૈયાવચ્ચ કરનારા થાય છે અને વૈયાવચ્ચ કરનારા તપ કરનાર થાય છે અને તેઓ છ માસ તપને કરે છે. ॥૫॥ એ પ્રમાણે કલ્પસ્થિત છ માસ તપને કરે છે અને બાકીના સેવા કરનારા અને એક વાચનાચાર્ય થાય છે. ॥૬॥ આ અઢાર માસના પ્રમાણવાળો કલ્પ સંક્ષેપથી કહ્યો. વિશેષથી તેને સૂત્રથી જાણવા યોગ્ય છે. ॥૭॥ કલ્પ સમાપ્ત થયા બાદ તેઓ જિનકલ્પને સ્વીકારે છે અથવા ફરીથી ગચ્છવાસમાં આવે છે. ॥૮॥ તીર્થંકરની પાસે અથવા તીર્થંકરની પાસે જેને દીક્ષા લીધી હોય તેની પાસે પરિહાર વિશુદ્ધિ ચારિત્રને ગ્રહણ કરી શકે છે. બીજા પાસે નહિ તેઓનું જે ચારિત્ર તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર છે. ॥૯॥ ઉપશમ શ્રેણી ક્ષપક શ્રેણીમાં લોભના અંશોના અનુભવન સમયે સૂક્ષ્મ લોભરૂપ કષાય જેને વિષે છે તે સૂક્ષ્મ સંપરાય ચારિત્ર.

યથાખ્યાત ચારિત્ર - અરિહંત ભગવંતે કહેલા સ્વરૂપને નહિ ઓળંગનારૂ ચારિત્ર અને તે ઉપશાંત મોહ ગુણસ્થાનકે અને ક્ષીણમોહ ગુણસ્થાને રહેલા છદ્મસ્થને તથા સયોગી ગુણસ્થાનક અને અયોગી ગુણસ્થાનકે રહેલા કેવલી ભગવંતોને હોય છે. આ પ્રમાણે ગાથાનો અર્થ છે. ॥૨૧-૨૨॥ (૨૨૭, ૨૨૮)

હવે યોનિદ્વારને કહે છે.

पुढविदगअगणिमारुय, इक्केक्के सत्तजोणिलक्खाओ ।
वणपत्तेय अणंता, दस चउद्दस जोणिलक्खाओ ।।२३।। (२२९)

विगलिंदिएसु दो दो, चउरो चउरो य नारयसुरेसु ।
तिरिएसु हुंति चउरो, चउद्दसलक्खा उ मणुएसु ।।२४।। (२३०)

ગાથાર્થ : પૃથ્વી-અપ-તેઉ-વાયુકાયની એકેકની સાત લાખ યોનિ છે. પ્રત્યેક વનસ્પતિ કાયની દસ લાખ, સાધારણ વનસ્પતિકાયની ચૌદ લાખ, વિકલેન્દ્રિયની બે-બે લાખ, નારક અને દેવની ચાર-ચાર લાખ, તિર્યંચ પંચેન્દ્રિયની ચાર લાખ અને મનુષ્યની ચૌદ લાખ યોનિ છે.

ભાવાર્થ : વ્યાખ્યા સ્પષ્ટ છે. વિશેષમાં સર્વે સાથે કરવાથી ચોરાશી લાખ યોનિ થાય. અને અહીં સમાન વર્ણ-ગંધ-રસ અને સ્પર્શના પરિણામોવાળી ઘણા વ્યક્તિઓની એક જ યોનિ થાય. જો આમ ન માનીએ તો દરેક-દરેકની યોનિની અલગ-અલગ ગણતરી કરવામાં આવે તો ઘણી યોનિઓ થાય. અહીં આ સર્વે પણ યોનિ સામાન્ય વડે સચિત્ત-અચિત્ત-મિશ્ર, સંવૃત્ત, વિવૃત્ત-મિશ્ર, શીત-ઉષ્ણ મિશ્ર. આમ નવ પ્રકારે થાય છે. ॥૨૩, ૨૪॥ (૨૨૯-૨૩૦)

હવે ક્રમથી પ્રાપ્ત એવા યોગદ્વારને કહે છે.

सच्चं मोसं मीसं, असच्चंमोसं मणोवई अट्ठ ।
काओ उराल-विक्किय, आहारगमीस-कम्मइगो ।।२५।। (२३१)

ગાથાર્થ : (૧) સત્ય, (૨) અસત્ય, (૩) મિશ્ર, (૪) અસત્યામૃષા એ ચાર મનના એ પ્રમાણે જ ચાર વચનના ભેદો તથા કાયાના ઔદારિક, વૈક્રિય, આહારક અને એ ત્રણના મિશ્ર તથા કાર્મણ - એમ પંદરયોગો છે. ॥૨૫॥૨૩૧॥

ભાવાર્થ : જેમ અગ્નિના સંયોગથી ઈંટાદિ લાલ-થાય તેમ મન-વચન અને કાયાના સંબંધીથી આત્માની શક્તિ વિશેષ તે યોગ કહેવાય. ઘરડાને જેમ લાકડી આલંબનરૂપ છે તેમ જીવને આ યોગો ઉપકાર કરનારા છે અને તે સત્યાદિ પંદર પ્રકારે છે. તેમાં જે પ્રકારે હોય તે પ્રકારે અર્થને વિચારવો તે સત્ય. તેનાથી વિપરીત તે મૃષા. બંને સ્વભાવરૂપ હોય તે મિશ્ર. તેનાથી વિપરીત અસત્યામૃષા આ પ્રકારે મનના ચાર અને ઉપર કહ્યા પ્રમાણે વચનના પણ સત્યાદિ ચાર, આ પ્રમાણે આઠ યોગ, કાઉ - એટલે કાયયોગ.

ઉરાલ એટલે ઉદાર, શેષ શરીરથી પ્રધાન શરીર તે ઔદારિક શરીર, તેનો યોગ પણ ઉદાર, પ્રાધાનપણું તે તીર્થંકર અને ગણધરના શરીરની અપેક્ષાએ છે. તેનાથી અન્ય અનુત્તરવાસી દેવોના શરીરનું પણ અનંતગુણ હીનપણું હોવાથી. વિવિધ અથવા વિશિષ્ટ પ્રકારની ક્રિયા તે વિક્રિયા તેમાં થયેલું તે વૈક્રિય અને તેનો યોગ પણ વૈક્રિય. તીર્થંકરાદિની પાસેથી સૂક્ષ્મ પદાર્થોને જેના વડે ગ્રહણ કરાય છે તે આહારક તેનો યોગ તે આહારક યોગ. મિશ્ર યોગ ત્રણ પ્રકારે છે. ઔદારિક શરીરવાળાને ઉત્પત્તિના સમયે કાર્મણ શરીરની સાથે મિશ્રતા. વૈક્રિય અને આહારક શરીરને કરવાના સમયે તે બંનેની સાથે મિશ્ર તે ઔદારિક મિશ્ર. દેવાદિની ઉત્પત્તિના સમયે કામર્ણની સાથે વૈક્રિયનું મિશ્રપણું તે તથા જેને વૈક્રિય શરીર બનાવ્યું છે તેવા જીવો જ્યારે એનો વૈક્રિય શરીરનો ત્યાગ કરે છે ત્યારે ઔદારિક મિશ્રના સમયે ઔદારિકની સાથે મિશ્ર તે વૈક્રિય મિશ્ર. આહારક મિશ્ર વળી આહારક શરીરનું પ્રયોજન પૂર્ણ થયા પછી ફરી ઔદારિક શરીર કરતી વેળાએ ઔદારિકની સાથે મિશ્ર તે આહારક મિશ્ર. કામર્ણ યોગ તે વિગ્રહગતિમાં હોય છે અને કેવલી સમુદ્‌ઘાતના

ચોથા-પાંચમા અને ત્રીજા સમયે હોય છે એ પ્રમાણે વચન હોવાથી અને તૈજસ શરીરનું હંમેશા કામર્ણ શરીરની સાથે સહચારી પણું હોવાથી તેનો વ્યાપાર અલગ પ્રકારે નથી માટે તૈજસ કાયયોગ અલગ પ્રકારે ગણ્યો નથી. આમ કાયયોગ સાત પ્રકારે છે. સર્વે સાથે ગણતા યોગ પંદર થાય છે. ॥૨૫॥ (૨૩૧)

પ્રાણાદિની દ્વાર ગાથા કહેવાઈ હમણાં જીવના, લક્ષણભૂત ઉપયોગને કહે છે.

नाणं पंचवियप्पं, अन्नाणतिगं च सव्वसागारं ।
चउदंसणमणागारं, उवओगा बारस हवंति ।।२६।। (२३२)

ગાથાર્થ : પાંચ જ્ઞાન-ત્રણ અજ્ઞાન તે સાકારોપયોગ રૂપ છે અને ચાર દર્શન તે અનાકારોપયોગ રૂપ છે. કુલ બાર ઉપયોગ છે.

ભાવાર્થ : જ્ઞાન પાંચ પ્રકારે છે. તેમાં ઈન્દ્રિય અને મન દ્વારા થાય તે મતિજ્ઞાન ॥૧॥ દ્રવ્ય અને ભાવ શ્રુતથી ઉત્પન્ન થયેલું તે શ્રુતજ્ઞાન ॥૨॥ રૂપી દ્રવ્યના વિષયવાળું તે અવધિજ્ઞાન ॥૩॥ મનુષ્ય ક્ષેત્રમાં રહેનારા સંજ્ઞિ પંચેન્દ્રિયજીવના મનોગત ભાવને જાણે તે મનઃપર્યાય જ્ઞાન. ॥૪॥ સર્વને પ્રકાશ કરનારું કેવળ અસહાયરૂપ તે કેવલજ્ઞાન ॥૫॥ મિથ્યાદૃષ્ટિઓને વિપરીત અર્થગ્રાહક જે જ્ઞાન તે અજ્ઞાન. તે ત્રણ છે. મત્યજ્ઞાન-શ્રુતાજ્ઞાન-વિભંગજ્ઞાન. સર્વ જ્ઞાન અને અજ્ઞાન સાગાર - આકાર વ્યક્તિનો ગ્રહણ પરિણામરૂપ વિશેષ તે આકાર આગારો ઉ વિસેસો આ પ્રમાણે વચન હોવાથી. આકાર સહિત જે વર્તે છે તે સાકાર અર્થાત્ વિશેષ ગ્રાહક. ચાર પ્રકારના દર્શનોનો સમાહાર તે ચાર દર્શન ચક્ષુદર્શનાદિ. તેમાં ચક્ષુ વડે સામાન્ય આકારનું ગ્રહણ તે ચક્ષુદર્શન ।૧। બાકીની ઈન્દ્રિયો અને મન વડે સામાન્ય આકારનું ગ્રહણ તે અચક્ષુદર્શન ।૨। અવધિથી જે દર્શન તે અવધિદર્શન. ।૩। વળી, કેવલથી જે દર્શન તે કેવલદર્શન ।૪। પૂર્વે કહેલ આકાર જેને વિદ્યમાન નથી તે અનાકાર. સામાન્યને જ ગ્રહણ કરતું હોવાથી. મનઃપર્યવજ્ઞાન વિશેષ આકારને જ ગ્રહણ કરતું હોવાથી તેનાથી કરાયેલ દર્શનભેદ નથી. આ પ્રમાણે જીવને પદાર્થને ગ્રહણ કરવામાં જે ઉપયોગી થાય છે તે ઉપયોગો બાર છે.

હમણાં જીવના ઉત્તરોત્તર વિશુદ્ધિરૂપ ગુણસ્થાનોને કહે છે.

मिच्छद्दिट्ठी सासा-यणे य तह सम्ममिच्छदिट्ठी य ।
अविरयसम्मद्दिट्ठी, विरयाविरए पमत्ते य ।।२७।। (२३३)
तत्तो य अप्पमत्ते, नियट्टि अनियट्टि बायरे सुहुमे ।
उवसंतखीणमोहे, होइ सजोगी अजोगी य ।।२८।। (२३४)

ગાથાર્થ : મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, મિશ્ર, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, નિવૃત્તિ, અનિવૃત્તિ બાદર, સૂક્ષ્મ સંપરાય, ઉપશાંત મોહ, ક્ષીણમોહ સયોગી કેવલી, અયોગી કેવલી, આ ચૌદ ગુણ સ્થાનકો છે.

ભાવાર્થ : મિથ્યા - અરિહંત ધર્મ અતથ્ય છે. આ પ્રમાણે દૃષ્ટિ અર્થાત્ દર્શન જેને છે તે મિથ્યાદૃષ્ટિ. તો શા માટે આને ગુણસ્થાનક કહેવાય છે તો કહે છે.

(૧) કોઈપણ વચનનું જિનમતને અનુસરવાપણું હોવાથી અથવા સૂત્રમાં કહેલ અક્ષરોમાંથી એકાદ અક્ષરની પણ અરુચિ હોવાથી મિથ્યાદૃષ્ટિ અને બાકીનાની રુચિ હોવાથી ગુણસ્થાનકપણું માન્યું છે. વળી એકેન્દ્રિયોને ચેતનારૂપ ગુણ માત્રની અપેક્ષાએ ગુણસ્થાનક. (૨) આયં - લાભને જે નાશ કરે છે તે આસાદન. અનંતાનુબંધી કષાયના વેદનરૂપ છે. આસાદન સહિત વર્તે છે તે સાસ્વાદન અને તે આ પ્રમાણે થાય છે. ગંભીર એવા ભવરૂપી સમુદ્રવર્તી કોઈક જીવ અનાભોગથી કરાયેલ યથાપ્રવૃત્તિકરણ નામના શુભ અધ્યવસાય વડે પ્રાપ્ત કરી છે સઘળા કર્મોની અંત:કોટાકોટિની સ્થિતિ જેને એવો જીવ અપૂર્વકરણ નામના શુભ અધ્યવસાય વડે ગ્રંથિભેદ કરીને, અનિવૃત્તિકરણ નામના શુભ અધ્યવસાય વડે મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિનું અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરે છે. ત્યાર પછી અંતર્મુહૂર્ત વડે નીચેની સ્થિતિને ખપાવીને, અંત:કરણના પ્રથમ સમયે જ ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. ત્યાં અંતર્મુહૂર્તના ઉપશમ કાલમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા કાલ બાકી રહે ત્યારે કોઈક અનંતાનુંબંધીના ઉદયથી સાસ્વાદન ગુણસ્થાનકે આવે છે અને ઉપશમ શ્રેણીથી પડેલા પણ કોઈક જીવને સાસ્વાદન ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. ત્યાર પછી અવશ્ય ઉપરની મિથ્યાત્વની સ્થિતિનો ઉદય થવાથી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. (૩) સમ્યક્ મિથ્યાદૃષ્ટિ તે મિશ્ર અને તે અંતરકરણકાલમાં પ્રાપ્ત થયેલ ઔપશમિક સમ્યક્ત્વરૂપ ઔષધ વિશેષને પામીને મદનકોદ્રવ સ્થાનીય ઉપરની મિથ્યાત્વ મોહનીય સ્થિતિમાં રહેલ મિથ્યાત્વ મોહનીયના શુદ્ધ અર્ધશુદ્ધ અને અશુદ્ધ રૂપ ત્રણ પુંજ કરીને ત્યાર બાદ અર્ધવિશુદ્ધ પુંજના વેદન કાલે અંતર્મુહૂર્ત પ્રમાણ મિશ્ર ગુણસ્થાનક હોય છે. ત્યાર પછી અવશ્ય સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વને પામે છે. (૪) અવિરત સમ્યક્દૃષ્ટિ અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી નહિ ગ્રહણ કરેલ અણુવ્રતાદિવાળા કેવલ સમ્યક્ત્વવાળાનું ગુણસ્થાનક તે (૫) દેશવિરતિ - દેશ એટલે કે સ્થૂલ પ્રાણીના વધાદિમાં વિરત અને સર્વ પ્રકારે વ્રતને ગ્રહણ કરવામાં અવિરત, પ્રત્યાખ્યાન કષાયના ઉદયથી હોય છે. (૬) પ્રમત્ત એટલે પ્રમત્ત સંયત, કષાયાદિ, દુ:પ્રણિધાન, ધર્મમાં અનાદરાદિ પ્રમાદવાળો. (૭) તે પ્રમત્તથી વિપરીત તે અપ્રમત્ત. (૮) નિવૃત્તિ આઠમું ગુણસ્થાનક અહીં પહેલા સમયે જ અસંખ્ય લોકાકાશ પ્રદેશ તુલ્ય જઘન્યાદિથી ઉત્કૃષ્ટ સુધીના અધ્યવસાય સ્થાનો હોય છે, ઉત્તરોત્તર સમયમાં અધિક અધિક સંખ્યાવાળા હોય છે અને તેઓમાં પણ જઘન્યથી ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાનક અને પૂર્વના ઉત્કૃષ્ટથી પછીનું જઘન્ય અધ્યવસાય સ્થાનક અનંતગુણ વિશુદ્ધ હોય છે. તે જઘન્યથી ઉત્કૃષ્ટ અનંતગુણ વિશુદ્ધ હોય છે અને તેથી એકી સાથે આ ગુણસ્થાનને પ્રાપ્ત કરેલા પ્રાણીઓના અન્યોન્ય અધ્યવસાય સ્થાનકો ભિન્ન હોય છે. અહીં કર્મોના સ્થિતિઘાત રસઘાતાદિ અપૂર્વ કરે છે. આથી અપૂર્વકરણ પણ કહેવાય છે. પૂર્વેના ગુણસ્થાનકોમાં જેટલો સ્થિતિ ખંડ અને રસખંડને હણતો હતો. તેના કરતાં અહીં અધિક મોટા ખંડને હણે છે. તથા વિશુદ્ધિના વશથી અપવર્તના કરણ વડે ઉપરની સ્થિતિમાંથી દલિકોને ઉતારીને ઉદયની ક્ષણ પછી અંતમુહૂર્તકાળમાં ખપાવવા યોગ્ય પ્રતિ સમયે અસંખ્યગુણ વૃદ્ધિ વડે દલિકોને રચે છે તે ગુણશ્રેણી કહેવાય અને પહેલા કાળથી મોટી અને ઉતારેલા અલ્પદલિકોવાળી ગુણશ્રેણીને રચતો હતો અને અહીં કાલથી નાની સ્થિતિને અપવર્તીને ઘણા દલિકોને રચે છે. તથા વિશુદ્ધિના વશથી શુભ પ્રકૃતિમાં અશુભ પ્રકૃતિના દલિકોને દરેક સમયે અસંખ્ય ગુણ વૃદ્ધિ વડે નાંખવું તે ગુણસંક્રમ, તે પણ અહીં અપૂર્વ કરે છે અને પૂર્વે સ્થિતિબંધ દીર્ઘ કરતો હતો. અહીં હ્રસ્વ કરે છે. એ પ્રમાણે આ ઉપશમ અને ક્ષયને યોગ્ય કર્મદલિકોને કરતો હોવાથી ઉપશમક અને ક્ષપક કહેવાય છે. (૯) અનિવૃત્તિ - એકી સાથે આ ગુણસ્થાનકને પ્રાપ્ત કરેલા જીવોના અધ્યવસાય સ્થાનકો એક સરખા હોય છે કારણ કે પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધ એક-

એક અધ્યવસાય સ્થાન હોય છે. સૂક્ષ્મ સંપરાયની અપેક્ષા વડે અહીં બાદર સંપરાય છે. આથી અનિવૃત્તિ બાદર સંપરાય કહેવાય છે. (૧૦) સૂક્ષ્મ સંપરાય - જીવો જેના વડે સંસારમાં ચારે બાજુ ભમે છે તે સંપરાય - કષાય. અહીં બાકીના કષાયોના અનુદયથી અને સૂક્ષ્મ કિટ્ટીરૂપ લોભ નામના કષાયના ઉદયથી સૂક્ષ્મ સંપરાય. (૧૧) ઉપશાંત થયો છતો જ કરણ વિશેષથી રાખથી ઢાંકેલા અગ્નીની જેમ ઉદયને અયોગ્ય કર્યો છે મોહ જેને તે ઉપશાંત મોહ. (૧૨) ક્ષીણમોહ - ક્ષપક શ્રેણીથી પાર પામેલા, કેવલજ્ઞાનની ઉત્પત્તિના પૂર્વે હોય છે. (૧૩) સયોગી - સયોગી કેવલી કાયા-વાણી અને મનન યોગવાળા, કાયા વડે ચાલે છે. વાણી વડે દેશનાને કરે છે. 'अमनस्काः केवलिनः' આ પ્રમાણેના વચનથી કેવલીઓ હંમેશાં મનયોગવાળા નથી એવું ન કહેવું. જેથી કહ્યું છે કે - દ્રવ્ય મનના યોગ વડે મનઃપર્યવજ્ઞાનીના અને અનુત્તર દેવલોકના દેવોના સંશયને કેવલજ્ઞાનથી જાણીને દૂર કરે છે. (૧૪) અયોગી - યોગના નિરોધથી અયોગી કેવલી. ગુણી રૂપ વડે આનું અભિધાન કરેલું છે તે ગુણ અને ગુણીનો અભેદ ઉપચાર હોવાથી. આ જ્ઞાનાદિ ગુણોના સ્થાનો તે ગુણસ્થાનક, તે ચૌદ છે. તે ન કહ્યું હોવા છતાં પ્રસ્તાવથી જાણવા યોગ્ય છે. આ ગુણસ્થાનકોના કાલ માનને કહે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનક અભવ્યોને અનાદિ અનંત જાણવા યોગ્ય છે.

વળી ભવ્યોને અનાદિ સાંત હોય છે. (૧)

સાસ્વાદન ગુણસ્થાનક છ આવલિકા, ચોથા ગુણસ્થાનકનો સાધિક તેત્રીસ સાગરોપમ, પાંચમા અને તેરમા ગુણસ્થાનકનો દેશોન પૂર્વક્રોડ વર્ષ કાલ છે. (૨) ચૌદમા ગુણસ્થાનકનો પાંચ હ્રસ્વાક્ષર જેટલો કાળ છે. ત્રીજુ ગુણસ્થાનક તથા છઠ્ઠાથી બાર સુધીના કુલ આઠ ગુણસ્થાનકનો પ્રત્યેકનો કાળ અંતમુહૂર્તનો છે. (૩) અને બીજું આ વિશેષ છે.

મિથ્યાત્વ - સાસ્વાદન ને અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક લઈને જીવ પરલોકમાં જાય છે. અથવા બાકીના અગ્યાર ગુણસ્થાનક સિવાય ત્રણ ગુણ ઠાણામાં રહેલા જીવો પરલોકમાંજાય છે. ॥૧॥ (પ્રવ.સા.ગા. ૧૩૦૬) આ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨૭, ૨૮॥ (૨૩૩, ૨૩૪) જીવના સ્થાન-યોગ-ઉપયોગ અને ગુણસ્થાનકોને કહેવાયા. હવે તેઓની ગતિ આદિ દ્વારમાં વિચારણા કરાય છે. આથી તેને કહે છે.

गइ इंदिए य काए, जोए वेए कसायनाणे य ।
संजम-दंसण-लेसा, भवसम्मे सन्निआहारे ।।२९।। (२३५)

ગાથાર્થ : ગતિ-ઈન્દ્રિય-કાય-યોગ-વેદ-કષાય-જ્ઞાન અને સંયમ-દર્શન-લેશ્યા-ભવ્ય-સમ્યક્ત્વ સંજ્ઞિ-આહારી ॥૨૯॥ (૨૩૫)

ભાવાર્થ : ગતિ - નારકાદિ ચાર. ઈન્દ્રિય - એકેન્દ્રિયાદિ પાંચ, કાય - પૃથ્વીકાયાદિ છ યોગ - મનોયોગાદિ ત્રણ, વેદ - સ્ત્રીવેદાદિ-ત્રણ, કષાય - ક્રોધાદિ ચાર, જ્ઞાન - મત્યાદિ પાંચ ઉપલક્ષણથી મત્યજ્ઞાનાદિ ત્રણ. અન્યત્ર પણ આ જ વિપક્ષ સહિતના પદમાં કારણ છે. સંયમ - દેશ સંયમ સર્વવિરતિ અને અસંયમ વિગેરે સાત, દર્શનમાં-ચક્ષુદર્શનાદિ ચાર, લેશ્યામાં - કૃષ્ણાદિ છ, ભવ - ભવ્ય અને અભવ્ય બે, સમ્યક્ત્વમાં - ક્ષાયિક ઔપશમિક ક્ષાયોપશમિક, મિશ્ર, સાસ્વાદન અને મિથ્યાત્વ એમ છ, સંજ્ઞીમાં - સંજ્ઞી અને અસંજ્ઞી બે, આહારી - આહારી અને અણાહારી બે, આના મૂલ ચૌદ ભેદ અને ઉત્તરભેદની અપેક્ષાએ બાસઠ છે.

હવે આઓને વિષે શું ? તો કહે છે. આ માર્ગણા સ્થાનકોને વિષે 'जीय गुण जोगुवउगामगिज्जंतिं' તિ એટલે જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ, ઉપયોગ શું થાય છે. એ પ્રમાણે તંત્ર રચનામાં વાક્યનું વિચિત્રપણું હોવાથી. આથી જ જુદા જુદા પ્રકારના છંદો વિશેષ વડે અહિં ગુંથાયા છે.

જેને વિષે જીવાદિ પદોને વિચારાય છે તે માર્ગણા અને તેના સ્થાનો તે માર્ગણા સ્થાનો, આ માર્ગણા સ્થાનોને વિષે જીવના પ્રકારો, ગુણસ્થાનક, યોગ અને ઉપયોગ, જીવના ચૌદ ગુણસ્થાનકો અર્થાત્ યોગ ભેદ, ઉપયોગ વિચારાય છે. જેમ કે કઈ ગતિમાં કેટલા જીવસ્થાનો એટલે કે અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ કેટલા જીવસ્થાનો છે અથવા તો મિથ્યાદૃષ્ટિઆદિ કેટલા ગુણસ્થાનો છે તે વિચારાય છે.

તે આ પ્રમાણે : દેવ અને નારક ગતિમાં પર્યાપ્ત અને અપર્યાપ્તા સંજ્ઞી આ બે જીવસ્થાનક છે. મનુષ્યગતિમાં પર્યાપ્તા અપર્યાપ્તા સંજ્ઞી અને અપર્યાપ્તા અસંજ્ઞી, તિર્યંચગતિમાં સર્વે જીવસ્થાનક ઘટે છે. એકેન્દ્રિયમાં સૂક્ષ્મ-બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તારૂપ ચાર, વિકલેન્દ્રિયમાં પર્યાપ્તા-અપર્યાપ્તારૂપ બે-બે, પંચેન્દ્રિયમાં સંજ્ઞી-અસંજ્ઞી-પર્યાપ્તા અને અપર્યાપ્તા રૂપ ચાર ઘટે છે. પાંચ પ્રકારના સ્થાવરમાં એકેન્દ્રિયના સૂક્ષ્મ-બાદર-પર્યાપ્ત અને અપર્યાપ્તારૂપ ચાર અને ત્રસકાયમાં બાકીના દસ જીવસ્થાનો ઘટે છે.

મનોયોગમાં પર્યાપ્તા સંજ્ઞીનો એક, વચન યોગમાં પર્યાપ્તા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરેન્દ્રિય અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયરૂપ પાંચ ઘટે છે. કાયયોગમાં સર્વે જીવસ્થાનો ઘટે છે. પુરુષવેદ અને સ્ત્રીવેદમાં સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તારૂપ બે, નપુંસકવેદમાં સર્વે, કષાયોમાં સર્વે, મતિ-શ્રુત-અવધિ અને વિભંગ જ્ઞાનમાં સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તારૂપ બે, મતિ-શ્રુત અજ્ઞાનમાં સર્વે જીવસ્થાનકો ઘટે છે. મનઃ પર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનમાં પર્યાપ્તા સંજ્ઞી રૂપ એક, દેશવિરતિ સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્રમાં સંજ્ઞી પર્યાપ્તારૂપ એક, અસંયમમાં સર્વે જીવસ્થાનકો ઘટે છે. ચક્ષુદર્શનમાં પર્યાપ્ત ચઉરેન્દ્રિય અને અસંજ્ઞી-સંજ્ઞી પંચેન્દ્રિયરૂપ ત્રણ, અચક્ષુદર્શનમાં સર્વે, અવધિદર્શનમાં સંજ્ઞી-અસંજ્ઞી પંચેન્દ્રિય રૂપ બે, કેવલદર્શનમાં પર્યાપ્ત સંજ્ઞી, પહેલી ત્રણ લેશ્યામાં સર્વે, તેજો લેશ્યામાં સંજ્ઞી પર્યાપ્તા-અપર્યાપ્તા અને બાદર એકેન્દ્રિય અપર્યાપ્તારૂપ ત્રણ, તેજોલેશ્યાવાળા ભવનપતિ આદિ બાદર પૃથ્વીકાય, અપકાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્પન્ન થતા હોવાથી, ભવ્ય અને અભવ્યમાં સર્વે જીવ સ્થાનક ઘટે છે. ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તારૂપ બે, •ઔપશમિક સમ્યક્ત્વમાં

● સપ્તતિકા ચૂર્ણિમાં 'पणवीससत्तावीसोदया देवनेरइए पडुच्च नेरइगो खवगवेयगसम्मद्दिट्ठी देवो तिविहसम्मद्दिट्ठी वि' - સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકીમાં નામકર્મનો ૨૫-૨૭નો ઉદય કહ્યો છે અને ત્યાં નારકી ક્ષાયિક સમ્યદૃષ્ટિ તથા સમ્યક્ત્વ મોહનીયનો અંતિમ ગ્રાસ વેદના ૨ વેદક સમ્યગ્દૃષ્ટિ માત્ર જ કહ્યા છે અને દેવો ત્રિવિધ સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે. તેથી દેવોને અપર્યાપ્તાવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ કહેલું છે. તેથી શ્રેણી સંબંધી પારભવિક ઉપશમ સમ્યક્ત્વ દેવભવમાં અપર્યાપ્તાવસ્થામાં સંભવી શકે છે તથા પંચસંગ્રહમાં પણ ઉપશમ સમ્યક્ત્વમાં સંજ્ઞીપર્યાપ્ત -અપર્યાપ્ત એ બે જીવભેદ કહ્યા છે. તેથી સપ્તતિકા ચૂર્ણિ અને પંચસંગ્રહના આધારે ઉપશમ સમ્યક્ત્વમાં બે જીવભેદ કહ્યા છે.

શતકની ચૂર્ણિમાં કહ્યું છે કે ઉપશમ શ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વી મૃત્યુ પામે છે અનુત્તરસુરમાં ઉત્પન્ન પણ થાય છે. પરંતુ તે જીવને દેવભવના પ્રથમ સમયથી જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જ હોય છે. ઉપશમ સમ્યક્ત્વ હોતું નથી. તે પાઠ આ પ્રમાણે છે.

जो उवसमसम्मद्दिट्ठी उवसमसेढीए कालं करेइ सो पढमसमए चेव समत्तपुंजं उदयावलियाए छोढूण समत्तपुग्गले वेएइ, तेण न उवसम्मसम्मद्दिट्ठी अपज्जत्तगो लब्भइ

આ પ્રમાણે સપ્તતિકા ચૂર્ણિ અને પંચસંગ્રહના આધારે અપર્યાપ્ત અવસ્થામાં પણ ઉપશમ સમ્યક્ત્વ ઘટે છે અને શતકચૂર્ણિના આધારે અપર્યાપ્તાવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ ઘટતું નથી. એ પ્રમાણે મતાંતર છે.

પર્યાપ્ત સંજ્ઞીરૂપ એક, અપર્યાપ્તને ઔપશમિક સમ્યક્ત્વની ઉત્પત્તિનો અભાવ હોવાથી તેને ઔપશમિક સમ્યક્ત્વને યોગ્ય શુદ્ધિનો અભાવ હોવાથી. અનંતાનુબંધીનો બંધ-ઉદય-આયુષ્યનો બંધ અને મરણ આ ચારે સાસ્વાદનવાળો કરે છે. ઉપશમ સમ્યક્ત્વદૃષ્ટિ આ ચારમાંથી એકે વાનાં કરતો નથી. ॥૧॥ આ પ્રમાણેના વચનથી અપર્યાપ્તને પરભવ સંબંધી ઔપશમિક સમ્યક્ત્વનો પણ અસંભવ છે.

ઉપશાન્ત મોહ નામના ૧૧મા ગુણસ્થાનકવર્તી જીવ ભવક્ષયે સર્વાર્થ સિદ્ધમાં ઉત્પન્ન થયે છતે પણ ઉત્પત્તિના પ્રથમ-સમયે જ સમ્યક્ત્વના પુંજને ઉદયાવલિકામાં નાંખીને સમ્યક્ત્વના પુદ્ગલને અનુભવે છે. તેથી અપર્યાપ્તને ઔપશમિક સમ્યક્ત્વ હોતુ નથી. ક્ષાયિક-ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યક્ત્વમાં સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્ત રૂપ બે,

મિશ્રમાં પર્યાપ્ત સંજ્ઞી રૂપ એક, સાસ્વાદનમાં બાદર એકેન્દ્રિય - બેઈન્દ્રિય - તેઈન્દ્રિય - ચઉરેન્દ્રિય અને અસંજ્ઞી અપર્યાપ્ત અને સંજ્ઞી પર્યાપ્ત તથા અપર્યાપ્ત રૂપ બે કુલ સાત જીવસ્થાનક ઘટે છે. મિથ્યાત્વમાં સર્વે જીવ સ્થાનક, સંજ્ઞી માર્ગણામાં - સંજ્ઞી પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ બે, અસંજ્ઞી માર્ગણામાં બે સંજ્ઞીના વર્જીને બાર જીવસ્થાક ઘટે છે.

આહારક માર્ગણામાં સર્વે, અનાહારક માર્ગણામાં સાતે અપર્યાપ્તા અને સંજ્ઞી પર્યાપ્તા એમ કુલ આઠ જીવસ્થાનક ઘટે છે.

દેવ-નારક ગતિમાં પહેલા ચાર ગુણસ્થાનક, તિર્યંચ ગતિમાં પહેલા પાંચ, મનુષ્યગતિમાં ચૌદ, એકેન્દ્રિય-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરેન્દ્રિયમાં પહેલાના બે ગુણસ્થાનક, પંચેન્દ્રિયમાં સર્વે, પૃથ્વી-અપ્ અને વનસ્પતિકાયમાં પ્રથમના બે, તેઉકાય અને વાયુકાયમાં એક, ત્રસકાયમાં સર્વે ગુણસ્થાનક ઘટે છે. યોગમાં અયોગીને છોડીને તેર ગુણસ્થાનક, વેદમાં પ્રથમના નવ, ત્રણ કષાયમાં પ્રથમનાં નવ, લોભમાં પ્રથમના દશ, મતિ-શ્રુત અને અવધિ જ્ઞાનમાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ નવ, મનઃપર્યવજ્ઞાનમાં પ્રમત્તાદિ સાત, કેવલજ્ઞાનમાં છેલ્લા બે, અજ્ઞાનત્રિકમાં પ્રથમના ત્રણ, સામાયિક છેદોપસ્થાપનીય ચારિત્રમાં પ્રમત્તાદિ ચાર, પરિહાર વિશુદ્ધિમાં પ્રમત્ત અને અપમત્ત બે, દેશસંયમમાં દેશવિરતિરૂપ એક ગુણસ્થાનક, સૂક્ષ્મ સંપરાયમાં સૂક્ષ્મસંપરાયરૂપ એક ગુણસ્થાનક, યથાખ્યાત ચારિત્રમાં છેલ્લા ચાર, અસંયમમાં પ્રથમના ચાર, ચક્ષુ-અચક્ષુદર્શનમાં પ્રથમના બાર, અવધિદર્શનમાં અવિરતિ આદિ નવ, કેવલદર્શનમાં છેલ્લા બે, પ્રથમની ત્રણ લેશ્યામાં પહેલા છ, તેજો અને પદ્મમાં સાત, શુક્લ લેશ્યામાં અંત્ય• છોડીને બાકીનાં તેર, ભવ્યમાં સર્વે, અભવ્યમાં પહેલું, ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં અવિરતિ આદિ ચાર, ઔપશમિકમાં આઠ, ક્ષાયિકમાં અગ્યાર, સાસ્વાદનમાં બીજું, મિશ્રમાં ત્રીજું, મિથ્યાત્વમાં પહેલું, સંજ્ઞીમાં સર્વે, અસંજ્ઞીમાં પહેલા બે, આહારકમાં પ્રથમના તેર, અનાહરકમાં મિથ્યાત્વ-સાસ્વાદન, અવિરતિ, સયોગી અને અયોગીરૂપ પાંચ ગુણસ્થાનક ઘટે છે.

દેવ-નારક ગતિમાં ઔદારિકદ્વિક અને આહારકદ્વિક વિના અગ્યાર યોગ, તિર્યંચગતિમાં આહારકદ્વિક વિના તેર, મનુષ્યગતિમાં સર્વે યોગ ઘટે છે. એકેન્દ્રિયમાં ઔદારિકદ્વિક-વૈક્રિયદ્વિક અને કાર્મણ કુલ પાંચ, બેઈન્દ્રિય તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં ઔદારિકદ્વિક-કાર્મણ કાયયોગ અને છેલ્લી ભાષા આ ચાર યોગ, પંચેન્દ્રિયમાં સર્વે યોગ ઘટે છે, પૃથ્વી-અપ-તેઉ અને વનસ્પતિ કાયમાં ઔદારિકદ્વિક અને કાર્મણરૂપ ત્રણ, વાયુકાયમાં ઉપરના ત્રણ તથા વૈક્રિયદ્વિક એમ કુલ પાંચ યોગ, ત્રસકાયમાં સર્વે, મન-વચન યોગમાં કાર્મણ

• પ્રતમાં आद्यवर्जानि લખેલ છે. પરંતુ ૧૪ મે ગુણસ્થાનકે લેશ્યા હોતી નથી. એટલે અહીં आद्य શબ્દનો અર્થ પ્રધાન કરવાનો છે. પ્રધાન ગુણઠાણાને છોડીને એટલે ૧૪મા ગુણઠાણાને છોડીને શુક્લલેશ્યા તેર ગુણસ્થાનક સુધી હોય છે.

રૂપ સાત, અજ્ઞાનત્રિકમાં આહારકદ્વિક વિના તેર, દેશ સંયમમાં કાર્મણ-ઔદારિક મિશ્ર - આહારકદ્વિક વિના અગ્યાર, સામાયિક-છેદોપસ્થાપનીયમાં કાર્મણ-ઔદારિક મિશ્ર વિના તેર, પરિહાર વિશુદ્ધિ અને સૂક્ષ્મ સંપરાયમાં આઠ=મનના ચાર - વચનના ચાર અને ઔદારિક યોગ રૂપ કુલ નવ, યથાખ્યાતમાં તૈજસ-કાર્મણ અને ઔદારિક મિશ્ર સહિત અગ્યાર, અસંયમમાં આહારકદ્વિક વિના તેર, ચક્ષુદર્શનમાં કાર્મણ અને ઔદારિકમિશ્ર વિના તેર, અચક્ષુ અને અવધિદર્શનમાં સર્વે, કેવલદર્શનમાં પહેલો અને છેલ્લો મન અને વચનનો યોગ-ઔદારિકદ્વિક અને કાર્મણ કાયયોગ કુલ સાત, છલેશ્યામાં સર્વે, ભવ્યમાં સર્વે, અભવ્યમાં આહારકદ્વિક વિના તેર, ક્ષાયિક અને ક્ષાયોપશમિકમાં સર્વે, ઔપશમિક, સાસ્વાદન અને મિથ્યાત્વમાં આહારક દ્વિક વિના તેર, મિશ્રમાં મનના ચાર, વચનના ચાર, ઔદારિક અને વૈક્રિય એમ કુલ દશ યોગ, સંજ્ઞીમાં સર્વે, અસંજ્ઞીમાં ઔદારિક દ્વિક-વૈક્રિયદ્વિક-કાર્મણ અને અન્ત્ય ભાષા રૂપ છ યોગ, આહારકમાં કાર્મણ વિના ચૌદ અને અનાહારકમાં કાર્મણયોગરૂપ એક યોગ હોય છે.

મનુષ્યગતિમાં બાર ઉપયોગ, દેવ-નારક અને તિર્યંચગતિમાં મનઃપર્યવજ્ઞાન અને કેવલદ્વિક વિના નવ, એકેન્દ્રિય-બેઈન્દ્રિય અને તેઈન્દ્રિયમાં અચક્ષુદર્શન અને મતિ-શ્રુત અજ્ઞાનરૂપ ત્રણ, ચઉરેન્દ્રિયમાં ઉપરના ત્રણ તથા ચક્ષુદર્શનરૂપ કુલ ચાર, પંચેન્દ્રિયમાં સર્વે, સ્થાવરકાયમાં મતિ-શ્રુત અજ્ઞાન અને અચક્ષુ દર્શનરૂપ ત્રણ, ત્રસકાય-યોગ અને વેદોમાં સર્વે, કષાયમાં કેવલદ્વિક વિના દસ, ચાર જ્ઞાનમાં ચાર જ્ઞાન અને ત્રણ દર્શનરૂપ સાત, કેવલજ્ઞાનમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનરૂપ બે, અજ્ઞાનત્રિકમાં બે દર્શન અને ત્રણ અજ્ઞાનરૂપ કુલ પાંચ, દેશ સંયમમાં ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શનરૂપ છ, સામાયિક-છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ - સૂક્ષ્મ સંપરાયમાં ચાર જ્ઞાન અને ત્રણ દર્શનરૂપ સાત, યથાખ્યાતમાં ઉપરના સાત તથા કેવલદ્વિક એમ કુલ નવ, અસંયમમાં મનઃપર્યવજ્ઞાન અને કેવલદ્વય છોડીને નવ, અચક્ષુ-ચક્ષુદર્શનમાં કેવલદ્વિક વિના દસ, અવધિદર્શનમાં ચાર જ્ઞાન અને ત્રણ દર્શનરૂપ સાત, કેવલદર્શનમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન રૂપ બે, પાંચ લેશ્યામાં કેવલદ્વિક વિના દસ, શુક્લ લેશ્યામાં બાર, ભવ્યમાં બાર, અભવ્યમાં ત્રણ અજ્ઞાન અને બે દર્શનરૂપ પાંચ, ક્ષાયિકમાં અજ્ઞાનત્રિક છોડીને નવ, ક્ષાયોપશમિક ઔપશમિકમાં ચાર જ્ઞાન અને ત્રણ દર્શન રૂપ સાત, મિશ્રમાં ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન અજ્ઞાનથી મિશ્ર હોય. સાસ્વાદનમાં અને મિથ્યાત્વમાં બે દર્શન અને ત્રણ અજ્ઞાનરૂપ પાંચ, સંજ્ઞીમાં બાર, અસંજ્ઞીમાં બે અજ્ઞાન અને બે દર્શનરૂપ ચાર, આહારકમાં બાર, અનાહારમાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વિના દસ, આ પ્રમાણે ગત્યાદિમાં જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ અને ઉપયોગ કહ્યા. ॥૨૯॥ (૨૩૫)

વિસ્તાર સહિત જીવતત્ત્વ કહેવાયું. હમણાં અજીવ તત્ત્વને કહે છે.

धम्माधम्मागासा, तियतियभेया तहेव अद्धा य ।
खंधा देसपएसा, परमाणु अजीव चउदसहा ।।३०।। (२३६)

ગાથાર્થ : ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાયના ત્રણ-ત્રણ ભેદ, કાલનો એક ભેદ તથા પુદ્ગલાસ્તિકાયના સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુરૂપ ચાર ભેદ આ પ્રમાણે અજીવના ચૌદ ભેદ છે.

ભાવાર્થ : ધર્મ-અધર્મ-આકાશ : ધર્માસ્તિકાય. અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય ગતિમાં પરિણત એવા જીવ અને પુદ્ગલો ધારણ કરવાના સ્વભાવવાળો તે ધર્મ, અસ્તય એટલે પ્રદેશો તેઓનો સમૂહ તે

અસ્તિકાય. ધર્મ રૂપ એવો અસ્તિકાય તે ધર્માસ્તિકાય. અધર્માસ્તિકાય તેનાથી વિપરીત, આકાશસ્તિકાય પ્રતીત છે. આ ત્રણેના ત્રણ-ત્રણ ભેદો છે. જેમ કે, ધર્માસ્તિકાય સ્કંધ ધર્માસ્તિકાયદેશ-ધર્માસ્તિકાય પ્રદેશ આ પ્રમાણે અન્યમાં પણ જાણવા. આથી કુલ નવ ભેદ, તથા અદ્ધા એટલે કાલ તે એક પ્રકારે જ છે. વર્તમાન સમય સ્વરૂપ એક છે. અતીતકાલ અને અનાગત કાલ ક્રમે વિનષ્ટ અને ઉત્પન્ન નહિ થયેલ હોવાથી. સ્કંધો - એટલે સમૂહ વિશેષને ભજનારા પુદ્ગલો, દેશ = સ્કંધના ભાગ, પ્રદેશ=સ્કંધનો જ સૂક્ષ્મતમ ભાગ, પરમાણુઓ અંશરહિત અને સ્કંધરૂપે અપરિણત. પુદ્ગલાસ્તિકાયના સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણું એમ કુલ ચાર ભેદ છે. આ પ્રમાણે અજીવ ચૌદ પ્રકારે છે.

મૂલ ભેદ વડે વળી આ કેટલા છે તે કહે છે.

धम्माधम्मापुग्गल, नहकालो पंच हुंति अजीवा ।
चलणसहावो धम्मो, थिरसंठाणो य होइ अधम्मो ।।३१।। (२३७)

ગાથાર્થ : ધર્મ-અધર્મ-પુદ્ગલ-આકાશ-કાલ આ પાંચ અજીવ છે.
ધર્માસ્તિકાય ગતિ કરવામાં સહાયરૂપ છે. અધર્માસ્તિકાય સ્થિતિ કરવામાં સહાયરૂપ છે.

ભાવાર્થ : પૂર્વાર્દ્ધ સુગમ છે. વિશેષ એ કે પુદ્ગલ વિના ચાર અમૂર્ત અને નિષ્ક્રિય છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક જીવના પ્રદેશના પ્રમાણવાળા અસંખ્યપ્રદેશરૂપ લોકવ્યાપી હોય છે. આકાશ અનંત પ્રદેશરૂપ લોક અને અલોકવ્યાપી, પુદ્ગલો અનંતા લોકવર્તી છે. કાલ વળી તત્ત્વથી વર્તમાન સમયરૂપ જ. સૂર્યની ગતિથી કરાયેલ વ્યાવહારિક સમય-આવલિકા-મુર્હૂર્તાદિ મનુષ્ય ક્ષેત્રમાં જ હોય છે. શ્લોકના પશ્ચાર્ધ વડે એના લક્ષણને કહે છે.

ગતિ કરવામાં સહાય ધર્માસ્તિકાય કરે છે. પદાર્થોને અને જીવને સ્થિર કરવામાં સહાય અધર્માસ્તિકાય કરે છે. ખરેખર આ બંને મનુષ્યાદિના પ્રયત્નથી અથવા અપ્રયત્નથી પદાર્થોને લોકમાં ગતિ અને સ્થિતિના કારણરૂપ છે. અલોકમાં વળી આ બંનેનો અભાવ હોવાથી ઈન્દ્ર અને દેવના પ્રયત્ન વડે પણ ગતિ-સ્થિતિ થતી નથી. આ પ્રમાણે આ બંનેનું સામાન્ય વડે અસ્તિત્વ બતાવ્યું અને વિશેષ તત્ત્વાર્થની ઉપર સિદ્ધસેન ગણીએ કરેલી ગન્ધહસ્તી નામની ટીકાથી જાણવા યોગ્ય છે. ॥૩૧॥ (૨૩૭)

તથા

अवगाहो आगासो, पुग्गलजीवाण पुग्गला चउहा ।
खंधा-देस-पएसा, परमाणु चेव नायव्वा ।।३२।। (२३८)

ગાથાર્થ : પુદ્ગલ તથા જીવોને અવકાશ આપવાનું કામ આકાશ કરે છે. પુદ્ગલાસ્તિકાય ચાર પ્રકારે સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુંરૂપ જાણવા યોગ્ય છે.

ભાવાર્થ : અવગાહ - અવકાશ પુદ્ગલ અને જીવોને આકાશાસ્તિકાય અવકાશ આપે છે. સૂત્રમાં પ્રાકૃત હોવાથી પુલિંગ કર્યું છે અને અહીં (એટલે ગાથામાં) કાલ અને પુદ્ગલ સુખેથી જાણી શકાતું હોવાથી તેઓનું લક્ષણ કહ્યું નથી. તે આ છે -શીત-આતપ-વર્ષાદિનો હેતુ તે કાલ. વર્ણ-ગંધાદિ તે પુદ્ગલનું લક્ષણ છે અને તે સ્કંધ-દેશ પ્રદેશ અને પરમાણુ રૂપ ચાર પ્રકારે જાણવા યોગ્ય છે. પુદ્ગલાદિ ભેદો પૂર્વે તો કહેલા હતા

તો શા માટે અહીં ફરીથી કહ્યા ? સાચી વાત છે. પરંતુ પુદ્‌ગલના ભેદ રૂપે કહ્યા ન હતા. માટે ફરીથી કહે તો દોષ નથી. ॥૩૨॥ (૨૩૮)

હવે કાલના સ્વરૂપને કહે છે.

समयावलियमुहुत्ता, दिवसा पक्खा य मास वरिसा य ।
भणिओ पलियासागर, ओसप्पिणिसप्पिणी कालो ।।३३।। (२३९)

ગાથાર્થ : સમય-આવલિકા-મુહૂર્ત-દિવસ-પક્ષ-માસ-વર્ષ-પલ્યોપમ સાગરોપમ-અવસર્પિણી અને ઉત્સર્પિણી તે કાલ કહેલ છે.

ભાવાર્થ : સમય-સર્વથી સૂક્ષ્મ કાલ વિશેષ, શ્રુતમાં કહેલ જીર્ણ વસ્ત્રને ફાડવાના દૃષ્ટાંતથી જાણવા યોગ્ય છે. આવલિકા - અસંખ્ય સમયના સમૂહરૂપ છે. મુહૂર્ત-દિવસ-પક્ષ-માસ-વર્ષ પ્રતીત જ છે. પલ્યોપમ - તેનું પ્રમાણ આ પ્રમાણે છે. એક યોજન પ્રમાણ લાંબો તથા પહોળો પલ્ય એટલે - ખાડો હોય તેને સાત દિવસના બાળકના મસ્તક પર ઉગેલા વાળના અગ્ર ભાગ વડે પૂરવો ત્યાર પછી સો વર્ષ પૂર્ણ થયે છતે એક-એક વાળને તે ખાડામાંથી બહાર કાઢવો. જેટલા કાલ વડે તે ખાડો ખાલી થાય તે કાલને પલ્યોપમ કહેવાય છે. દશકોટાકોટી પલ્યોપમ = એક સાગરોપમ થાય. અવસર્પિણી અને ઉત્સર્પિણી પૂર્વે કહેલા પ્રમાણવાળી છે. કાલ કહેવાયો એ પ્રમાણે અહીં સંબંધ છે.

અજીવ તત્ત્વ કહેવાયું. હવે બાકી રહેલા તત્ત્વોને કહે છે.

सुग्गइमग्गो पुन्नं, दुग्गइमग्गो य होइ पुण पावं ।
कम्म सुहाऽसुह आसव, संवरणं तस्स जो नियमो ।।३४।। (२४०)

ગાથાર્થ : સુગતિનો માર્ગ પુણ્ય છે અને દુર્ગતિનો માર્ગ વળી પાપ છે. શુભાશુભ કર્મનું આવવું તે આશ્રવ અને તેનો જે નિયમ (રોકવું) તે સંવર છે.

ભાવાર્થ : પૂર્વાર્દ્ધ સ્પષ્ટ છે. પશ્ચાર્ધ કહેવાય છે. શુભાશુભ કર્મ - સાતાસાતા વેદનીયાદિ. સદ્‌-અસદ્‌ વ્યાપાર વડે પ્રાણી નવા કર્મોને ઉપાર્જન કરે છે. તે આશ્રવ. રોકવું તે સંવર. તે આશ્રવનો જે નિરોધ તે સંવર કહેવાય છે. ॥૩૪॥૨૪૦॥

તથા

तवसंजमेहिं निज्जर, पाणिवहाईहिं होइ बंधुत्ति ।
कम्माण सव्वविगमो, मुक्खो जिणसासणे भणिओ ।।३५।। (२४१)

ગાથાર્થ : તપ અને સંયમ વડે નિર્જરા થાય છે. પ્રાણીવધાદિ વડે બંધ થાય છે. સર્વે કર્મોનો નાશ તે મોક્ષ જિનશાસનમાં કહેલો છે. ॥૩૫॥ (૨૪૧)

ભાવાર્થ : સુગમ છે. વિશેષમાં તપ અને સંયમ વડે સંયમીઓને સકામ નિર્જરા થાય છે. વળી, નારક અને તિર્યંચોને નિર્જરા નહિ કહેલી હોવા છતાં શીત-ઉષ્ણ-ભૂખ, તરસાદિ કલેશો વડે વિપાકથી પણ અકામ નિર્જરા થાય છે. ॥૩૫॥ (૨૪૧)

તત્ત્વો કહેવાયા, હમણાં તેની શ્રદ્ધા હોતે છતે સમ્યક્ત્વ થાય તે કહે છે.

जीवाइनवपयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।
भावेण सद्दहंते, अयायमाणेऽवि सम्मत्तं ।।३६।। (२४२)

ગાથાર્થ : જીવાદિ નવ તત્ત્વને જે જાણે છે તેને તેમ જ નહિ જાણતા છતાં પણ ભાવ વડે શ્રદ્ધા કરનારને પણ સમ્યક્ત્વ હોય છે.

ભાવાર્થ : જીવાદિ નવ પદાર્થોને જે જાણે છે. શ્રદ્ધા વિના જ્ઞાન નિષ્ફલ છે. આથી જે શ્રદ્ધા કરે છે તેને સમ્યક્ત્વ થાય છે. ફક્ત શ્રદ્ધા વિનાના જ્ઞાનથી સમ્યક્ત્વ થતું નથી. તથા જિનેશ્વરે કહેલા તત્ત્વને શુદ્ધ પરિણામ વડે શ્રદ્ધા કરે છે. અર્થાત્ જિનેશ્વર ભગવંતે કહેલું જ તત્ત્વ છે એ પ્રમાણે માનતે છતે તેને જ્ઞાન ન હોવા છતાં સમ્યક્ત્વ છે. હવે કોઈ શંકાકાર શંકા કરે છે કે,

પૂર્વે દેવાદિના વિષયની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહ્યું અને વળી અહીં જીવાદિના વિષયની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહ્યું તો આ બંને વાતનો વિરોધ નથી આવતો ? તો જવાબ આપતા કહે છે કે, ના, વિરોધ નથી. કારણ કે, દેવાદિઓનો જીવાદિને વિષે અંતર્ભાવ થતો હોવાથી. ॥૩૬॥ (૨૪૨)

સમ્યક્ત્વ મિથ્યાત્વના ત્યાગથી થાય અને મિથ્યાત્વ જણાયેલું જ છોડવાને માટે શક્ય છે. આથી ભેદથી તેના સ્વરૂપને કહે છે.

दुविहं लोइयमिच्छं, देवगयं गुरुगयं मुणेयव्वं ।
लोउत्तरं पि दुविहं, देवगयं गुरुगयं चेव ।।३७।। (२४३)

ગાથાર્થ : લૌકિક મિથ્યાત્વ બે પ્રકારે જાણવા યોગ્ય છે દેવગત અને ગુરુગત. લોકોત્તર મિથ્યાત્વ પણ બે પ્રકારે જાણવા યોગ્ય છે દેવગત અને ગુરુગત.

ભાવાર્થ : લોકા - જિનેશ્વરના મતની બહાર રહેલા મનુષ્યો, તેઓમાં થયેલું તે લૌકિક મિથ્યાત્વ તે બે પ્રકારે છે. દેવગત અને ગુરુગત. દેવો - બૌદ્ધાદિ તેઓની દેવ બુદ્ધિ વડે પૂજાદિ, ગુરુઓ - શાક્યાદિ તેઓને વિષે ગુરુની બુદ્ધિ વડે પ્રણામાદિ. ઉપર વર્ણવેલા સ્વરૂપવાળા લોકોથી ઉત્તર એટલે કે, જ્ઞાનાદિ ગુણો વડે પ્રધાનભૂત અરિહંતો તેઓમાં થયેલું મિથ્યાત્વ તે લોકોત્તર મિથ્યાત્વ તે પણ બે પ્રકારે છે. દેવગત અને ગુરુગત તેમાં દેવગત - વીતરાગને વિષે પણ માનતાદિ વડે રાગાદિનું આરોપણ કરવું તે. ગુરુગત - પાર્શ્વસ્થાદિને વિષે ગુરુની બુદ્ધિ વડે વંદનાદિ કરવું તે. ॥૩૭॥ (૨૪૩)

હવે આનો પરિહાર કરતે છતે જે ફલ થાય છે તેને કહે છે.

चउभेयं मिच्छत्तं, तिविहं तिविहेण जो विवज्जेइ ।
अकलंकं सम्मत्तं, होइ फुडं तस्स जीवस्स ।।३८।। (२४४)

ગાથાર્થ : ચારે પ્રકારના મિથ્યાત્વનો, મન-વચન અને કાયાથી, કરવું નહિ, કરાવવું નહિ અને અનુમોદવું નહિ રૂપ ત્રણ પ્રકાર વડે જે ત્યાગ કરે છે તે જીવને પ્રગટપણે કલંક રહિત સમ્યક્ત્વ થાય છે.

ભાવાર્થ : સ્પષ્ટ છે. ॥૩૮॥ (૨૪૪)

હવે સમ્યક્ત્વને જ કર્મક્ષયનું મૂલ કારણપણું કહેવાની ઇચ્છાવાળા વ્યતિરેક વડે દૃષ્ટાંતને કહે છે.

कुणमाणो वि हु किरियं, परिच्चयंतो वि सयणधणभोगे ।
दिंतो वि दुहस्सेउरं, न जिणइ अंधो पराणीयं ।।३९।। (२४५)

ગાથાર્થ : ક્રિયાને કરતો હોવા છતાં સ્વજન-ધન અને ભોગનો ત્યાગ કરવા છતાં અને શરીરને દુઃખ આપવા છતાં પણ અંધ માણસ શત્રુના સૈન્યને જીતી શકતો નથી.

ભાવાર્થ : શસ્ત્ર ફેંકવું વિગેરે ક્રિયાને કરતો પણ, યુદ્ધ રસિક હોવાથી સ્વજન-ધન-ભોગોને ત્યજતો પણ દુઃખને છાતી આપતો પણ અર્થાત્ શરીર પ્રત્યે અનપેક્ષ - અપેક્ષા વિનાનો એ અર્થ છે. એવો જાતિ અંધ શત્રુના સૈન્યને જીતી શકતો નથી. આ અક્ષરાર્થ છે. વળી ભાવાર્થ કથાનકથી જાણવા યોગ્ય છે અને તે આ પ્રમાણે.

વસંતપુર એ પ્રમાણે નગર હતું. જે હંમેશાં ચારે બાજુથી વિકસ્વર એવા વનો વડે વસંત ઋતુની જાણે રાજ્યભૂમિ હોય તેમ શોભતું હતું. ॥૧॥ ત્યાં જીતશત્રુ રાજા હતો. જેનો પ્રતાપ વૈરીઓને સૂર્ય કરતા પણ દુઃસહ હતો. વળી બાંધવોને સુસહ હતો. ॥૨॥ તેને રાજ્યરૂપી લક્ષ્મીને કુંડલની ઉપમાવાળા બે પુત્રો હતા. અતિશય બળ વડે અને મહિમા વડે ઈન્દ્ર અને ઉપેન્દ્ર જેવા હતા. ॥૩॥ શૂરવીરતાનું જાણે નિધાન હોય તેવો સૂરસેન પુત્ર મહાન શબ્દવેધી મહાનયોધો હતો. પરંતુ લોચન રહિત હતો. ॥૪॥ પ્રકૃષ્ટ વીર, કમલના (મોટો) જેવા નેત્રવાળો વીરસેન વળી નાનો પુત્ર સમસ્ત વીરપુરુષોના સારભૂત તત્ત્વો વડે બ્રહ્મા વડે જાણે બનાવાયો હોય તેવો હતો. ॥૫॥ એક વખત તે નગરને સર્પોના સમૂહ વડે જેમ ચંદનનું વૃક્ષ તેમ દુષ્ટ વૈરીઓ વડે ચારેબાજુથી વીંટાળાયું. ॥૬॥ યુદ્ધની ખણજથી પરાક્રમી ભુજાવાળો સૂરસેન રાજાને નહિ જણાવીને જલ્દીથી તેઓની સામે ગયો. ॥૭॥ શબ્દવેધી યુદ્ધ કરતો એવો આ સૂરસેન અવાજને સાંભળી સાંભળીને સાણસા સમાન બાણો વડે શત્રુઓના પ્રાણોને ખેંચતો હતો. ॥૮॥ હવે તેઓએ કોઈપણ પ્રકારે લોચન વગરના કુમારને જાણીને અવાજ કર્યા વગર પાસે આવીને તે કુમારને હાથેથી ગ્રહણ કર્યો. ॥૯॥ ત્યારે તે સાંભળીને જલ્દી બખ્તરને ધારણ કરીને સાહસવાળો એવો વીરસેન યમની જેમ ક્રોધિત થયેલ, પ્રલયકાલના અગ્નિની જેમ બળતો સામે ગયો. ॥૧૦॥ દુર્દાન્ત એવા પણ હાથીઓને જેમ દુર્ધર એવો કેસરી સિંહ વધ કરે તેમ લીલા માત્ર વડે વધ કરવા યોગ્ય સમગ્ર વૈરીઓનો તેણે વધ કર્યો. ॥૧૧॥ તે વીર શત્રુઓના વધથી જયલક્ષ્મીને વર્યો. ત્યાર પછી પહેરામણીમાં મળેલ દ્રવ્યની જેમ તેની સર્વ વિભૂતિને તેણે ગ્રહણ કરી ॥૧૨॥ અને જયેષ્ઠ બંધુને ઉત્સાહપૂર્વક પાછો લાવ્યો. શત્રુઓના વ્યૂહરહિત તે પણ ભોગનું ભાજન થયો. ॥૧૩॥૨૪૫॥

આ પ્રમાણે દૃષ્ટાંતને બતાવીને દાર્ષ્ટાન્તિકને કહે છે.

कुणमाणो वि निवित्तिं, परिच्चयंतो वि सयणधणभोगे ।
दिंतो वि दुस्सह उरं, मिच्छदिट्ठी न सिज्झइ उ ।।४०।। (२४६)

ગાથાર્થ : અન્ય દર્શને કહેલી વિરતિને કરવા છતાં, સ્વજન-ધન અને ભોગનો ત્યાગ કરવા છતાં, દુઃસહ એવા દુઃખો શરીરને આપવા છતાં પણ મિથ્યાદૃષ્ટિ સિદ્ધ થતો નથી.

ભાવાર્થ : અન્ય દર્શનમાં કહેલી વિરતિને કરતો. સ્વજન-ધન અને ભોગોનો પણ ત્યાગ કરતો, પંચાગ્નિ

તપાદિ વડે શરીરને દુઃખ આપતો મિથ્યાદૃષ્ટિ સિદ્ધ થતો નથી. દર્શનથી રહિત હોવાથી અન્ધકુમારની જેમ કાર્ય સિદ્ધિ માટે અસમર્થ છે અને અહીં આ અર્થમાં ભાવથી દર્શન રહિત તામલિનું દૃષ્ટાંત છે. તેની કથા આ પ્રમાણે.

અહીં જંબુદ્વીપના ભરતમાં સુખ રૂપી વૃક્ષના મહાબગીચા સમાન, મનોહર એવી ક્રીડાની ભૂમિ સમાન વંગ નામનો દેશ છે. ॥૧॥ ત્યાં પૃથ્વીરૂપી મંડલની શોભારૂપ તામલિપ્તી નામની નગરી છે. જ્યાં વિચિત્ર પ્રકારના ગજાદિના રૂપ વડે નટડીની જેમ લક્ષ્મી ક્રીડા કરે છે. ॥૨॥ ત્યાં લક્ષ્મીરૂપી લતાના મહા ઉદ્યાન સમાન કીર્તિરૂપી ગંગાને માટે હિમાલય સમાન તામલી નામનો પ્રખ્યાત ગૃહપતિ હતો. ॥૩॥ તે પોતાના બાંધવોના હૃદયરૂપી કમલોને ઉલ્લસિત કરવામાં સૂર્ય સમાન અને કામ સહિતની સ્ત્રીઓના નેત્રરૂપી કુમુદોના સમૂહને વિકસ્વર કરવામાં ચંદ્રમા સમાન હતો. ॥૪॥ સન્માન સહિતના દાન વડે જીત્યા છે કલ્પવૃક્ષાદિને જેણે એવો તે સમગ્ર નગરજનોને વિષે પોતાના કુટુંબની બુદ્ધિને બતાવતો હતો. ॥૫॥ એક દિવસ રાત્રિના છેલ્લા પ્રહરમાં જાગતા એવા પૂર્ણ થઈ છે સમસ્ત ઈચ્છા જેને એવા તેને આવા પ્રકારની ચિંતા થઈ કે ॥૬॥ મારે ધનેશ્વરોને પણ તિરસ્કૃત કરનારી, વંશના ક્રમથી આવેલી અને ન્યાયધર્મથી ઉપાર્જન કરેલી અઢળક લક્ષ્મી છે. ॥૭॥ પુત્ર-પૌત્રાદિથી યુક્ત મારે કુટુંબ પણ વિનીત છે. મહાજન અને રાજકુલમાં મારું માન પણ અદ્‌ભુત છે. ॥૮॥ આ સર્વે મારા પૂર્વે ઉપાર્જન કરેલા ધર્મકર્મનું ફલ છે. જેથી શુભ અથવા અશુભ કર્યા વગર પ્રાપ્ત થતુ નથી. ॥૯॥ તેથી હંમેશાં રાંધેલા વાસી ભોજન કરતો હું કેવો છું? અત્યંત પ્રમાદી એવો હું પરલોકને માટે નવા કલ્યાણને શા માટે નથી મેળવતો ? ॥૧૦॥

આ પ્રમાણે ચિંતાથી યુક્ત તેને રાત્રિ પણ પ્રભાત સમાન થઈ, ત્યારે જ (રાત્રે જ) બંધુઓને અને સઘળા નગરજનોને બોલાવ્યા. ॥૧૧॥ વિવાહ વિગેરે મહોત્સવની જેમ વસ્ત્ર-ભોજન અને તાંબુલ વડે સર્વેને સન્માનીને, સારી રીતે બોલાવીને તેઓને પોતાનો આશય કહ્યો. ॥૧૨॥ જેમ હું સંસારના કંટાળાથી ત્રણ વર્ગથી ઉદ્વિગ્ન થયેલો છું. તેથી હમણાં ચોથો પુરુષાર્થ છે ફલ જેનું એવા તપને હું ગ્રહણ કરીશ. ॥૧૩॥ ત્યાર પછી તેઓ વડે અનુજ્ઞા પામેલા તેણે પોતાની ધુરાની જેમ તેઓની સમક્ષ પોતાના પુત્રને વિષે ભારને આરોપણ કર્યો. ॥૧૪॥ ત્યાર પછી દીન-અનાથાદિ લોકોને મહાદાન આપતો. આલાપ કરવા યોગ્યની સાથે આલાપ કરતો, માન આપવા યોગ્યને માન આપતો, ઔચિત્ય કુશળ એવો તે સર્વે સ્વજનો વડે અને સ્નેહથી યુક્ત નગરજનો વડે પરિવરેલો, છેદાઈ ગયો છે મોહનો પાશ જેને એવો શુભાશયવાળો નગરમાંથી નીકળ્યો. ॥૧૫॥૧૬॥ ત્યાર બાદ ગંગા નદીના તટમાં જઈને મૂકી દીધા છે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ જેણે એવો, સઘળા લોકોને ખમાવીને, મમતા રહિતના ભાવથી, ગંગાના તટમાં વસનારા વાનપ્રસ્થ તપસ્વીઓની પાસે તામલિએ પ્રણામ પૂર્વક ઉત્કટ વ્રતને સ્વીકાર્યું ॥૧૭, ૧૮॥ અને ત્યારે તામલીએ દુઃખે કરીને ગ્રહણ કરી શકાય તેવા અભિગ્રહને ગ્રહણ કર્યો કે આજથી માંડીને જાવજ્જીવ સુધી મારા વડે છઠ્ઠથી પારણું કરવા યોગ્ય છે એટલે કે છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા યોગ્ય છે અને તપના દિવસે સૂર્યની સન્મુખ ઊર્ધ્વ બાહુ વડે આતાપના ભૂમિમાં જઈને આતાપના સહન કરવા યોગ્ય છે, વળી પારણાના દિવસે આ તામલિપ્તી નગરીમાં ઊંચ-નીચ કુલમાંથી શુદ્ધ ઓદનને (ભાતને) ગ્રહણ કરીને ગંગા નદીના તટે આવીને તે ભાતના ચાર ભાગ કરીને હવે એક-એક ભાગ જલચર-સ્થલચર અને ખેચરોને આપીને બાકી રહેલા ચોથા ભાગને નિર્મલ એવા ગંગા નદીના પાણી વડે એકવીસ વાર સ્વયં પ્રક્ષાલન કરીને (ધોઈને) ખવાશે.

॥૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩॥ તેના સર્વે કષ્ટના સમૂહને અનુમોદના કરતો જન તે તામલી ઋષિને નમસ્કાર કરીને પોતાના સ્થાને ગયો. ॥૨૪॥

ત્યાર પછી તે તામલી ઋષિએ સાઠ હજાર વર્ષ સુધી તે સર્વે તપને નિર્વહન કર્યો. મહાઋષિઓ સત્ય પ્રતિજ્ઞાવાળા હોય છે. ॥૨૫॥ હવે આ પ્રમાણે વિચાર્યું કે મારા વડે લાંબાકાળ સુધી તપ તપાયો હમણાં મારી કાયા ચર્મ અને હાડકાવાળી શુષ્ક પ્રાય થઈ છે. ॥૨૬॥ તેથી પાકા ફલની જેમ જ્યાં સુધી મારી કાયા પડે નહિ ત્યાં સુધી આરાધનાપૂર્વક આ કાયાને હું ત્યજું છું. ॥૨૭॥ આ પ્રમાણે વિચારીને પોતાની કાયાને તજવાની ઈચ્છાવાળો, શુદ્ધાત્મા એવો તે તામલી પોતાની તામલિપ્તી નગરીમાં આવ્યો. ॥૨૮॥ હવે ત્યાં જ્ઞાતિજનોને પૂછીને અને ખમાવીને ત્યાં પૂર્વના પરિચિત અને પછીના પરિચિત એવા ગૃહસ્થો અને પાખંડીઓને ખમાવીને હવે ગંગાની નજીક પાછા આવીને અનશનને કરીને બુદ્ધિશાલી એવા તેણે એકાંત પ્રદેશમાં પાદપોપગમન અનશનને કર્યું ॥૨૯, ૩૦॥ અને આ બાજુ રત્નપ્રભા પૃથ્વીની નીચે ઉત્તર દિશામાં હજાર યોજન વડે બલિચંચા નામની નગરી છે. ॥૩૧॥ ભવનના અધિપતિ અસુર દેવોની નિવાસભૂમિ જે અસુરોના ઈન્દ્ર બલિન્દ્રની હંમેશાં રાજધાની હતી ॥૩૨॥ ત્યારે તે નગરી ચ્યવેલા ઈંદ્ર વડે રાજા વિનાની થયે છતે ત્યાં રહેલા સર્વે દેવ અને દેવીઓ દુઃખી થયા. ॥૩૩॥

હવે તે લોકોએ આઓમાંથી અમારો સ્વામી કોણ થશે ? આ પ્રમાણેની ચિંતા વડે અવધિજ્ઞાનથી મનુષ્યલોકમાં રહેલા ધાર્મિકોને જોયા. ॥૩૪॥ હવે તેઓએ ઉગ્ર એવા અજ્ઞાન તપ વડે પણ ઉપાર્જન કરેલા શ્રેષ્ઠ પુણ્યવાળા બાલ તપસ્વી તામલી મુનિને જોયા. ॥૩૫॥ ત્યારે કરેલા સંન્યાસવાળા, પોતાના શરીરમાં પણ આશા રહિત, આત્મામાં લીન થયેલા, પ્રાયઃ કરીને વિલીન થઈ ગયા છે પાપ જેના એવા તે મુનિ હતા. ॥૩૬॥ ત્યાર બાદ ત્યાં સર્વે પણ મહાઋદ્ધિવાળા તે અસુરોએ તે મુનિના મનને વશ કરવા માટે સંગીતને કર્યું. ॥૩૭॥ ત્યાં ગાયકો રસથી મનોહર એવા ગીતોને ગાતા હતા અને લય ભાવના રસ વડે મનોહર રીતે અસુરની સ્ત્રીઓ નૃત્ય કરતી હતી. ॥૩૮॥ ગાંડાની ચેષ્ટા સમાન નૃત્યને, વિલપિતની ઉપમાવાળા, સંગીતને વિચારતો એવો તામલી તાપસ જરા પણ રાગી ન થયો. ॥૩૯॥ સંગીતને અંતે વિનયથી નમેલા પોતાની દીનતાને પ્રકાશતા અશ્રુ સહિતના નેત્રવાળા તે સર્વેએ તામલીને વિજ્ઞપ્તિ કરી. ॥૪૦॥ હે ભગવન્ ! બલિચંચા નગરીમાં વસનારા અમે અસુરો ભાગ્યથી સ્વામી રહિતના થયેલા તમને સ્મરણ કરીને આવેલા છીએ. ॥૪૧॥ હે તપોનિધિ જેથી પરોપકારને કરનાર તું જ છે. દીનોને વિષે તારી જ દયા છે. આપ જ દાક્ષિણ્યના ભંડાર છો. ॥૪૨॥ તેથી તું આજે નિયાણાને કરીને અસુરેન્દ્રપણાને પામીને હે પ્રભુ ! અમારા ચિંતિતને પૂરનાર ચિંતામણી થા. ॥૪૩॥ અને વળી, હે સ્વામી ! આ પ્રમાણે તમારો ઘણો સ્વાર્થ પણ થશે, જે કારણથી અમે સર્વે તારા સેવકો થઈશું. ॥૪૪॥ દેવલોકના સૌંદર્યથી લાવણ્યની મૂર્તિ સમાન, સંસારના સુખના સમૂહના સર્વસ્વની નિધિના ભૂમિસમાન સર્વ પ્રકારે સુખ આપનારી જાણે અમૃતમય ન હોય તેવી, જગત વડે ઈચ્છવા યોગ્ય એવી આ અસુરાંગનાઓ હે પ્રભુ ! તારી પત્નીઓ થશે. ॥૪૫, ૪૬॥ તેથી અમારી પ્રાર્થના વડે હમણાં તું અસુરેન્દ્ર થા. આ જન સનાથ થાઓ. વળી અમારી નગરી રાજાવાળી થાય.॥૪૭॥

તે સાંભળીને તામલીએ વિચાર્યું કે કરાયેલું શુભાશુભ કર્મ સ્વયં જ ફલે છે. તેથી મારે નિયાણા વડે શું ! ॥૪૮॥ નહીં કરાયેલું આવતું થતો નથી અને કરેલાનો નાશ થતો નથી. તેથી આમના વચનો વડે કરેલા નિયાણા વડે મારે શું ? ॥૪૯॥ ખેતીમાં ઘાસની જેમ સંસારના આ સુખોથી શું ? તેથી તપથી મોક્ષ વિના

કણની ઉપમાવાળા તે સુખોને કોણ ઇચ્છે ? ॥૫૦॥ એ પ્રમાણે વિચારતા તેના વડે વિષયાદિમાં વૈરાગ્યને પ્રાપ્ત કરાયો. ઉપવાસી જેમ ખાદ્ય પદાર્થોને તેમ તે મહર્ષિ વડે તે સુખો આદર ન કરાયા ॥૫૧॥ અને ત્યાર પછી સાધ્ય સિદ્ધ ન થવાથી તામલીની પ્રતિ અસૂયાવાળા વિલખા પડી ગયેલા મુખવાળા તેઓ જે પ્રમાણે આવ્યા હતા તે પ્રમાણે પાછા ગયા. ॥૫૨॥

ત્યાર પછી સાઠ દિવસનાં અણસણને પ્રકર્ષે પાળીને સંસારના સુખો વડે નહિ આકર્ષાયેલા અને પોતાના માર્ગમાં એકાગ્ર મનવાળા તામલી તાપસ મરીને ઈશાન દેવલોકમાં નિઃસમાન ઋદ્ધિવાળા ઈશાન અવતંસક વિમાનમાં મહાઋદ્ધિવાળા ઈશાનેન્દ્ર થયા. ॥૫૩, ૫૪॥ અઠ્ઠાવીસ લાખ વિમાનોના અધિપતિ એવા તેને એંશી હજાર સામાનિક દેવો થયા. ॥૫૫॥ તેત્રીસ ત્રાયસ્ત્રિંશ દેવો, ચાર લોકપાલ અને શૃંગાર રસના સિંધુ સમાન આઠ અગ્રમહિષીઓ હતી. ॥૫૬॥ ત્યાં તે વિમાનમાં વસનારા અન્ય પણ ઘણા દેવ-દેવીઓ તેની આજ્ઞામાં વશવર્તી હતા. ॥૫૭॥ અને આ બાજુ બલિચંચાના તે દેવોએ અવધિજ્ઞાન વડે અનિયાણાથી તામલીને ઈશાનેન્દ્રપણું પામેલું જાણીને કોપિત થયેલા દુરાશયવાળા તેઓ જલ્દી તે પ્રદેશમાં આવ્યા અને નિર્મળ આત્માવાળા તામલીના નિર્જીવ દેહને જોયો. ॥૫૮, ૫૯॥ ત્યાર પછી પ્રકૃતિથી રોષવાળા તેઓએ તેના ડાબા પગને બાંધીને તામલિપ્તી નગરીમાં લાવીને નગરીના સર્વ ત્રણ માર્ગ અને ચોકમાં બંધન રહિતના તેઓ પાપી પુરુષની જેમ તેના શબને ખેંચતા હતા. ॥૬૦, ૬૧॥ અને તેઓએ આ પ્રમાણે ઉદ્‌ઘોષણાને કરી કે, કુબુદ્ધિવાળો આ તામલી મૂઢ, બાલતપસ્વી, શઠાત્મા પાપકર્મને કરનાર છે. ॥૬૨॥ હે ! હે ! મનુષ્યો મરેલો એવો આ દુરાત્મા દુર્ગતિમાં ગયેલો છે તેથી શુભના અર્થી એવા કોઈના પણ વડે આનું નામ પણ ગ્રહણ કરવા યોગ્ય નથી. ॥૬૩॥

હવે આ બાજુ નવા ઉત્પન્ન થયેલા, તે દિવ્ય ઋદ્ધિને પામીને અત્યંત વિસ્મિત થયેલા તે ઈશાનેન્દ્રે વિચાર્યું. ॥૬૪॥ હું કોણ ? ક્યાંથી આવેલો ? કયા શુભ કર્મ વડે અહીં ઉત્પન્ન થયેલો છું ? આ પ્રમાણે વિચારતા બુદ્ધિમાન એવા તેણે અવધિજ્ઞાનથી પૂર્વભવને જાણ્યો ॥૬૫॥ અને પૂર્વ જન્મના પોતાના દેહને તેવા પ્રકારની ઉદ્‌ઘોષણા પૂર્વક ખેંચતા અધમ એવા તે અસુરોને જોયા. ॥૬૬॥ તેથી તેની ઉપર ક્રોધિત થયેલા તેણે ક્રૂર દૃષ્ટિ વડે તેઓને જોઈને અત્યંત દુઃસહ આતાપવાળી તેજોલેશ્યાને મૂકી. ॥૬૭॥ હવે તે લેશ્યા વડે બળતા ઉત્પન્ન થયેલી તીવ્ર વેદનાવાળા, આપણને આ શું આવી પડ્યું ? એ પ્રમાણેની ચિંતા વડે આકુલ થયા. ॥૬૮॥ તેથી અવધિજ્ઞાન વડે કુપિત થયેલા તે ઇશાનેન્દ્રની બાળનારી આ તેજોલેશ્યાને જાણીને ત્યાર પછી જલ્દીથી આશ્ચર્યચકિત થયેલા, શરણ વિનાના, કરેલી અંજલિવાળા, દીન અને ક્ષમાને યાચતા એવા તે અસુરો આ પ્રમાણે બોલ્યા. ॥૬૯, ૭૦॥ હે પ્રભુ ! દીન એવા અમારી ઉપર મહેરબાની કરો. ક્રોધને સંહરો, સંહરો ફરી અમે તમારો આવા પ્રકારનો અવિનય કરશું નહિ. ॥૭૧॥ તેથી અમારા એક અપરાધને હે સ્વામી ! તમે ક્ષમવા માટે યોગ્ય છો. જે કારણથી તમારા જેવા સજ્જન પુરુષો નમેલાની ઉપર વાત્સલ્યવાળા હોય છે.॥૭૨॥

હવે તેણે નમસ્કાર કરતા તેઓને જોઈને તેજોલેશ્યાને દૂર કરી. કારણ કે, મહાપુરુષોનો કોપ પ્રણામ પર્યંત જ હોય છે. ॥૭૩॥ હવે વેદના રહિતના થયા છતાં તેઓએ તેના તે શરીરને સત્કારીને અને ભક્તિપૂર્વક સંસ્કાર કરીને અસુરો પોતાના સ્થાને ગયા. ॥૭૪॥ હવે તે જ કાલે ઈશાનેન્દ્રે માંગલિકને કરાવ્યા અને સિદ્ધાયતન ઘરોમાં અરિહંતના બિંબોને પૂજ્યા. ॥૭૫॥ હવે તેને તે બિંબોના દર્શનથી સમ્યક્ત્વનો પરિણામ

થયો. હવે નજીકમાં જ મુક્તિ છે જેની એવો તે પરમાર્હત થયો. ॥૭૬॥ હવે ત્યાં સાધિક બે સાગરોપમ દેવની ઋદ્ધિને ભોગવીને ત્યાંથી ચ્યવીને વિદેહમાં તે તામલીનો જીવ મોક્ષમાં જશે. ॥૭૭॥ તીવ્ર તપ વડે દુઃસહકષ્ટને સહન કરવા છતાં પણ મિથ્યાદૃષ્ટિપણા વડે આ તામલી સિદ્ધ ન થયો. ॥૭૮॥ તામલીના તપથી સાતમા ભાગનો પણ તપ જો જિનેન્દ્રના માર્ગમાં રહેલો કરે તો તે પણ સિદ્ધિપુરીમાં જાય. ॥૭૯॥ તેથી મોક્ષને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓ વડે એકાંતે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પ્રયત્ન કરવા યોગ્ય છે. વળી, મનુષ્યો વડે દુર્જનના સંગ સમાન મિથ્યાત્વ માર્ગ દૂરથી જ વર્જવા યોગ્ય છે. ॥૮૦॥

એ પ્રમાણે તામલિ કથા ॥૪૦॥ (૨૪૬)

જો આ પ્રમાણે છે તો શું કરવા યોગ્ય છે તે કહે છે.

तम्हा कम्माणीयं, जे उ मणो दंसणंम्मि पयइज्जा ।
दंसणवओवेहि सफलाणि हुंति तवनाणचरणाणि ।।४१।। (२४७)

ગાથાર્થ : તેથી કર્મરૂપ સૈન્યને જીતવાની અભિલાષાવાળા આત્માએ સમ્યગ્દર્શનમાં પ્રયત્ન કરવો જોઈએ. સમ્યગ્દર્શનવાળો આત્મા જે જે તપ, જ્ઞાન અને ચારિત્ર આચરે છે, તે તે સફળ થાય છે. ॥૪૧॥૨૪૭॥

ભાવાર્થ : સ્પષ્ટ છે. 'दंसणंमि पयइज्जा' સમ્યગ્દર્શનમાં પ્રયત્ન કરવો જોઈએ. ॥૪૧॥૨૪૭॥

તો શું સમ્યગ્દર્શન, ચારિત્રથી પણ અધિક છે ? તે કહે છે.

भट्ठेण चरित्ताओ, सुट्ठुयरं दंसणं गहेयव्वं ।
सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झंति ।।४२।। (२४८)

ગાથાર્થ : ચારિત્રથી ભ્રષ્ટ વડે સુંદર એવા દર્શનને ગ્રહણ કરવા યોગ્ય છે. ચારિત્રથી રહિત સિદ્ધ થાય છે. પરંતુ દર્શનથી રહિત સિદ્ધ થતા નથી.

ભાવાર્થ : આ પણ સ્પષ્ટ જ છે. વિશેષમાં ચારિત્રથી રહિત એટલે દ્રવ્ય ચારિત્રથી રહિત જાણવા. પરંતુ ભાવ ચારિત્રથી રહિત નહિ. કારણ કે ભાવથી ચારિત્રના અભાવમાં કેવલજ્ઞાનની ઉત્પત્તિનો અભાવ છે અને આગળ સ્વયં જ કહેશે. સારો સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં પણ ચરણ કરણ વડે રહિત સિદ્ધ થતો નથી. ॥૪૨॥૨૪૮॥

આ પ્રમાણે સમ્યક્ત્વના સ્વરૂપને કહીને તેના ભેદોને કહે છે.

एगविह-दुविह-तिविहं, चउहा पंचविह-दसविहं सम्मं ।
मुक्खतरु बीयभूयं, संपइराया व धारिज्जा ।।४३।। (२४९)

ગાથાર્થ : એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, પાંચ પ્રકારે તેમજ દસ પ્રકારે મોક્ષરૂપી વૃક્ષના બીજભૂત સમ્યક્ત્વ ધારણ કરવા યોગ્ય છે.

ભાવાર્થ : તેમાં (૧) તત્ત્વની રુચિરૂપ એક પ્રકારે (૨) બે પ્રકારે (૧) નૈસર્ગિક જાતિસ્મરણથી ઉત્પન્ન થયેલ. (૨) અધિગમજ - ગુર્વાદિના ઉપદેશથી તત્વના અધિગમથી ઉત્પન્ન થયેલ. (૩) ત્રણ પ્રકારે

(૧) ક્ષાયિક (૨) ક્ષાયોપશમિક (૩) ઔપશમિક તેમાં ક્ષાયિક : અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ, મિશ્ર, પૌદ્‌ગલિક સમ્યક્ત્વ આ સાતના ક્ષયથી ઉત્પન્ન થયેલ અત્યંત વિશુદ્ધ તત્ત્વરૂચિ પરિણામ રૂપ છે. તથા

ક્ષાયોપક્ષમિક સમ્યક્ત્વ :

(પ્રદેશથી) ઉદયમાં આવેલા મિથ્યાત્વના દલિકોના ક્ષયથી અને નહિ ઉદયમાં આવેલા મિથ્યાત્વના દલિકોના ઉપશમ વડે સમ્યક્ત્વરૂપતાની પ્રાપ્તિ તે અને રોકી દીધો છે સ્વ-(મિથ્યાત્વરૂપે) રૂપે મિથ્યાત્વનો વિપાકોદય તેના વડે જે પ્રાપ્તિ તે ક્ષાયોપક્ષમિક સમ્યક્ત્વ છે અને તે પ્રદેશથી મિથ્યાત્વને અને વિપાકથી સમ્યક્ત્વના પૂંજને અનુભવનારાને હોય છે.

- જે કારણથી કહ્યું છે કે,

જે ઉદય પામેલું મિથ્યાત્વ હોય તેને ક્ષય કર્યું હોય અને નહિ ઉદય પામેલું (સત્તામાં) હોય તેને ઉપશમાવ્યું હોય, એવા મિશ્ર ભાવે પરિણામ પામીને જે અનુભવાતું હોય તે ક્ષયોપશમ સમકિત કહેવાય છે. ॥૧॥ (વિશેષા. ૫૩૨)

તથા ઊદીર્ણ મિથ્યાત્વનો ક્ષય હોતે છતે, અનુદીર્ણનો ઊપશમ એટલે કે વિપાક અને પ્રદેશ વેદનરૂપ બંને પ્રકારના ઉદયના વિષ્કંભણ એટલે રોકવું, તેના વડે થયેલું તે ઔપશામિક. પૂર્વે વર્ણવેલ વિધિ વડે પ્રાપ્ત થયેલ.

- ઉપશમ શ્રેણી પામેલાને ઉપશમ સમ્યક્ત્વ હોય છે અથવા જેણે ત્રણ પૂંજ ન કર્યા હોય અને મિથ્યાત્વનો ક્ષય પણ ન કર્યો હોય તે ઉપશમ સમ્યક્ત્વ પામે છે. ॥૧॥ (વિશેષા. ૫૨૯)

અથવા કારક, રોચક અને દીપકના ભેદથી ત્રણ પ્રકારે છે. (૧) કારક : સાધુઓની જેમ (૨) રોચક - શ્રેણિકાદિની જેમ (૩) દીપક - અંગારમર્દકાદિની જેમ (૪) વેદકની અલગ વિવક્ષા કરવા વડે સમ્યક્ત્વ ચાર પ્રકારે છે, અને તે પૌદ્‌ગલિક સમ્યક્ત્વના છેલ્લા પુદ્‌ગલના વેદન સમયે થાય. (૫) લેશ માત્ર તત્ત્વની શ્રદ્ધા વડે સાસ્વાદનમાં પણ સમ્યક્ત્વની વિવક્ષા વડે પાંચ પ્રકારે છે (૫) એ દરેકના એક-એકના નિસર્ગ અને અધિગમના ભેદની વિવક્ષા વડે દશ પ્રકારે અથવા નિસર્ગ અને રુચ્યાદિના ભેદથી દશ પ્રકારે થાય છે.

તથા

નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આણારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અભિગમરુચિ વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ (ઉત્તરા. અધ્યયન-૨૮, ગા. ૧૬)

નિસર્ગ વડે : (૧) ગુરુના ઉપદેશ વિના જિનેશ્વરે કહેલા તત્ત્વમાં જેને શ્રદ્ધા થાય તે નિસર્ગરુચિ (૨) ગુરુના ઉપદેશથી જેને શ્રદ્ધા થાય તે ઉપદેશરુચિ (૩) જે જિનેશ્વરે કહેલું છે તે તે જ પ્રમાણે છે એ પ્રમાણે માનવું તે આજ્ઞારુચિ (૪) સૂત્ર - અંગ - ઉપાંગરૂપ સિદ્ધાંતમાં જે કહેલું છે તે તે પ્રમાણે જ છે એ પ્રમાણે શ્રદ્ધા તે સૂત્રરુચિ (૫) અરિહંત તે દેવ, સુસાધુ તે ગુરુ અને જિનેશ્વરે કહેલ જ તત્ત્વ આ પ્રમાણે બીજમાં - ધર્મના બીજ ભૂત આ ત્રણમાં રુચિ જેને છે તે બીજરુચિ (૬) અભિગમ વડે - સમસ્ત શ્રુતાર્થના જ્ઞાન વડે રુચિ જેને છે તે અભિગમરુચિ (૭) સર્વે નય - પ્રમાણ વિધિ વડે જે સર્વ દ્રવ્યાદિ ભાવના ઉપલંભ રૂપ વિસ્તાર. તેને વિષે રુચિ જેને છે તે વિસ્તારરુચિ (૮) જ્ઞાન - દર્શન - ચારિત્ર તપ-વિનય-સત્ય સમિતિ ગુપ્તિ ક્રિયાદિમાં જેને રુચિ છે તે ક્રિયારુચિ.

(૯) નહિ ગ્રહણ કરેલ કુદૃષ્ટિવાળો, પ્રવચનને નહિ જાણનાર છતાં પણ ભાવ વડે જિનેશ્વરે કહેલ તત્ત્વોની શ્રદ્ધા કરતો તે સંક્ષેપરુચિ (૧૦) જે જિનેશ્વરે કહેલ અસ્તિકાયધર્મ, શ્રુતધર્મ અને ચારિત્રધર્મમાં શ્રદ્ધા કરે છે તે ધર્મરુચિ. આ પ્રકારે મોક્ષરૂપી વૃક્ષના બીજરૂપ સમ્યક્ત્વને સંપ્રતિ રાજાની જેમ ધારણ કરવું જોઈએ.

સંપ્રદાયથી જાણવા યોગ્ય એવો આ સંપ્રતિ રાજાનો વૃત્તાંત. તે આ પ્રમાણે.

અહીં અવસર્પિણીમાં ચોવીશમા જિનેશ્વર, પ્રાપ્ત કરેલ લોકાતિગૈશ્વર્યવાળા શ્રી વીર ત્રણ જગતના સ્વામી હતા. ॥૧॥ સ્વામી વડે સુધર્મા નામના પાંચમા શ્રેષ્ઠ ગણધર આ સંતાની (પાટપરંપરાને ધારણ કરનારા) થશે એ પ્રમાણે પોતાના પદે સ્થાપન કર્યા. ॥૨॥ તેમના શિષ્ય સુવર્ણ સમાન કાંતિવાળા જંબુસ્વામી હતા. જેમણે કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરીને જાણે લોભથી અન્યને આપી નહિ.॥૩॥ તેમના સમર્થ એવા પ્રભવ સ્વામી શિષ્ય થયા. જે વ્રતમાં પણ મનને હરણ કરનારા હતા. મનુષ્યોની પ્રકૃતિ ખરેખર દુસ્ત્યાજ્ય હોય છે. ॥૪॥ વળી તેમના શિષ્ય શય્યંભવ ભટ્ટ હતા. જેમણે જ્યાં સુધી તીર્થ વિદ્યમાન છે ત્યાં સુધી રહેનાર દશવૈકાલિક શ્રુતને કર્યું. ॥૫॥ તેમનાથી યશથી ભદ્ર એવા યશોભદ્રસૂરિ થયા. વળી, તેનાથી સંભૂત એ પ્રમાણે પ્રખ્યાત સંભૂત સૂરિ થયા. ॥૬॥ તેમના, ભદ્ર છે બાહુ જેમના એવા ભદ્રબાહુ નામના શ્રેષ્ઠ, ગણને ધારણ કરનાર થયા કે જેના વડે શ્રુત રૂપી ઘરમાં દીપિકા સમાન નિર્યુક્તિ કરાઈ. ॥૭॥ ત્યાર પછી જેઓ યુગ પ્રધાનતાને પામ્યા, જેમણે કામદેવને તૃણરૂપ કર્યો એવા છેલ્લા શ્રુતકેવલી સ્થૂલભદ્ર નામના થયા. ॥૮॥ તેમના સૂર્ય અને ચંદ્રની જેમ દૂર કર્યો છે સમસ્ત અંધકાર જેણે એવા મહાગિરિ અને સુહસ્તિ નામના બે શિષ્ય થયા. ॥૯॥ જુદા જુદા ગણ આપીને ગુરુ વડે સ્થાપિત કરાયેલ હોવા છતાં સતીર્થ્યપણાથી ગાઢ સ્નેહવાળા તે બંને સાથે રહેતા હતા. ॥૧૦॥

એક દિવસ તે બંને વિહાર કરીને કૌશામ્બી નગરીમાં ગયા. વિશાળ એવા ઉપાશ્રયનો લાભ નહિ થવાથી તેઓ અલગ આશ્રયમાં રહ્યા. ॥૧૧॥ ત્યારે કાળની જેવો (યમરાજ જેવો વિકરાળ) ભિક્ષા વૃત્તિથી ભોજન કરનારનો કાલ (સમય) હતો. જેમાં તેઓ વડે સ્વપ્નમાં પણ અન્નનો લેશ પણ ક્યારેય દેખાતો ન હતો. ॥૧૨॥ ત્યાં ભિક્ષાના હેતુથી સુહસ્તિસૂરિના સંઘાટક સાધુ ધનાઢ્ય એવા ધન નામના સાર્થપતિના ઘરે પ્રવેશ્યા. ॥૧૩॥ સંઘાટક મુનિને જોઈને ઉતાવળથી એકા-એક ધન ઊભો થયો અને વિકસ્વર રોમાંચવાળો અતિ ભક્તિથી નમ્યો. ॥૧૪॥ હવે તેણે પ્રિયાને આદેશ કર્યો કે સિંહકેસરાદિક અદ્ભુત આહારના સમૂહને લાવ જેના વડે આ બંનેને હું પડિલાભું. ॥૧૫॥ તેણી વડે કલ્પવૃક્ષ પાસેથી મેળવેલાની જેમ સર્વ લવાયું અને નહિ ઈચ્છતા તે બંનેને બળાત્કારથી સર્વે આપ્યું. ॥૧૬॥

ત્યારે ત્યાં તેના ઘરે ભિક્ષાને માટે આવેલા તે મુનિઓને અપાતા દાનના ગ્રહણને જોઈ આશ્ચર્ય પામેલા કોઈક ભિખારીએ વિચાર્યું. ॥૧૭॥ અહો જગતને વિષે આ સાધુઓ જ ધન્ય છે, કૃતાર્થ છે કે જેઓને આવા પ્રકારના પણ દેવતાની જેમ નમે છે. ॥૧૮॥ ખરેખર આઓનું ભિક્ષુપણું સ્વર્ગથી પણ અધિક છે કે જેઓ આ પ્રમાણે અમૃતને પણ ઓળંગી જાય એવા ખાંડ ખાદ્યાદિ વડે પડિલભાય છે. ॥૧૯॥ નારકની જેમ દીનતાને પ્રકાશતા પણ મારા જેવા ક્યાંયથી પણ ક્યારે પણ અન્નના લેશને પણ મેળવતા નથી. ॥૨૦॥ દીનતાના અતિરેકથી જો કોઈપણ ક્યારેક કાંઈપણ આપે છે તે પણ કાલકૂટ વિષના કણનું આચરણ કરનારા આક્રોશ વડે મિશ્રિત આપે છે. ॥૨૧॥ તેથી સારી મેળવેલી ભિક્ષાવાળા એવા આ બંને સાધુઓને હું પ્રાર્થના કરું કે જેથી કરુણા છે ધન જેને એવા આ બંને કરુણાથી કાંઈક આપે. ॥૨૨॥ આ પ્રમાણે વિચારીને આણે

માંગણી કરી. તે બંને સાધુઓએ પણ કહ્યું કે હે ભદ્ર ! અમે તો આને વહન કરનારા છીએ. વળી આના સ્વામી તો અમારા ગુરુ છે. ॥૨૩॥ ત્યાર પછી અન્નનો અર્થી એવો તે ભક્તિથી પાછળ જતાંની જેમ તે બંનેની પાછળ ગયો. આશ્રયમાં રહેલા ગુરુને જોઈને તેમની પાસે પણ માંગણી કરી. ॥૨૪॥ અમે બંને આના વડે પ્રાર્થના કરાયેલા છીએ એ પ્રમાણે બે સાધુ વડે ગુરુને કહેવાયું. તેથી ગુરુએ પણ તેના વિષે શ્રુતના ઉપયોગને મૂક્યો. ॥૨૫॥ નિશ્ચે આ શાસનનો મહાન આધાર થશે. એ પ્રમાણે જ્ઞાન વડે જાણીને ગુરુએ તેને કહ્યું, 'હે ભદ્ર ! જો તું વ્રતને ગ્રહણ કરે તો અમે તને ઇચ્છિત આપીએ. તેણે કહ્યું, હે પ્રભુ ! એ પ્રમાણે થાઓ. કલ્યાણને કોણ ન ઈચ્છે. ॥૨૬, ૨૭॥ ત્યાર પછી ત્યારે જ દીક્ષા આપીને ભોજનને માટે બેસાડાયેલ તેણે તેવા પ્રકારના તે આહારને કંઠ સુધી ખાધો. ॥૨૮॥ ત્યાર પછી પવનથી ભરેલ ભસ્ત્રાની જેમ સ્ફુરાયમાન થયેલ પેટવાળો તે મધ્યાહ્નકાળે શ્રાદ્ધના ભોજન કરેલ બ્રાહ્મણની જેમ ક્ષણવાર સૂતો. ॥૨૯॥ હવે ત્યાં અતિ સ્નિગ્ધ અને અતિમાત્રના અશનથી અજીર્ણ થયે છતે શૂલની પીડા વડે વિસૂચિકા થઈ. ॥૩૦॥

ત્યાર પછી ગુરુએ તેને કહ્યું, હે વત્સ ! શું તું કાંઈક ખાઈશ ? તેણે કહ્યું, હે પ્રભુ ! કલ્પવૃક્ષ પાસે હોતે છતે શું ક્ષુધા ઉત્પન્ન થાય. ॥૩૧॥ પરંતુ હમણાં આ પ્રમાણે માંગુ છું કે મારે તમારા ચરણો શરણ થાઓ. આ પ્રમાણે બોલતો ઘણી પીડાવાળો ક્ષય થયેલ આયુષ્યવાળો મરીને તે રંક અવ્યક્ત સામાયિકના પ્રભાવથી જેનો પુત્ર થયો તે હવે વંશ સહિત કહેવાય છે. ॥૩૨, ૩૩॥

અહીં જંબુદ્વીપમાં ભરત ક્ષેત્રના ભૂષણરૂપ સ્પર્ધા વિના લક્ષ્મીવાળો, સુખના એક સ્થાનરૂપ ગોલ્લ નામનો દેશ છે. ॥૩૪॥ ત્યાં ચણકગ્રામ નામનું પ્રખ્યાત ગામ છે. જે ઘણા ધાન્યથી મનોહર સુકાવ્યની જેમ ગોરસથી યુક્ત છે. ॥૩૫॥ ત્યાં સદાચાર પવિત્ર બુદ્ધિવાળો, અરિહંતના ધર્મથી વિશુદ્ધ થયેલ છે આત્મા જેનો એવો, શ્રદ્ધાલુ ઉત્તમ શ્રાવક ચણી નામનો બ્રાહ્મણ હતો. ॥૩૬॥ જેના હૃદયરૂપી ગામમાં હંમેશાં પ્રાપ્ત થયેલા ઉત્કર્ષવાળા ચૌદ પણ વિદ્યાસ્થાનો કુટુંબીની જેમ બાધા રહિત વસતા હતા. ॥૩૭॥ એક વખત ત્યાં શ્રુતસાગરસૂરિ આચાર્ય આવ્યા અને રાજાની સભામંડપ જેવી તેના ઘરની ઉપરની ભૂમિમાં રહ્યા ॥૩૮॥ અને ત્યારે ત્યાં તેની પત્ની ચણેશ્વરીએ પૂર્વ દિશા જેમ સૂર્યને તેમ દેદીપ્યમાન કાંતિવાળા અને પહેલેથી જ ઉગેલ દાઢવાળા પુત્રને જન્મ આપ્યો. ॥૩૯॥ ત્યાર બાદ તેના જન્મોત્સવને કરીને બારમે દિવસે મોટા ઉત્સવ વડે ચાણિક્ય આ પ્રમાણે નામ કર્યું. ॥૪૦॥

ત્યાર પછી ચણીએ તે પુત્રને ગુરુને વંદન કરાવીને ક્રમથી દાઢના વૃત્તાંતને કહ્યો અને તેના ફલને પૂછયું. ॥૪૧॥ અતીન્દ્રિયજ્ઞાનથી પ્રત્યક્ષ છે ત્રણે કાળ જેને એવા ગુરુએ કહ્યું, આ મહાન બુદ્ધિવાળો મહારાજા થશે. ॥૪૨॥ હવે તેણે ઘરની અંદર જઈને વિચાર્યું કે, શું મારો પુત્ર પણ અનર્થને વહન કરનાર રાજ્યને કરીને અધમ ગતિમાં જશે. ॥૪૩॥ તેથી ચણીએ વાલક પથ્થર વડે તેની દાઢાને ઘસીને જે પ્રમાણે કર્યું તે પ્રમાણેનું સ્વરૂપ ગુરુને જણાવ્યું. ॥૪૪॥ ગુરુએ તેને કહ્યું, હે ભદ્ર ! તારા વડે આ શું કરાયું ? જે જેના વડે જે પ્રકારે ઉપાર્જન કરાયું હોય તે તેના વડે તે પ્રકારે ભોગવવા યોગ્ય છે. ॥૪૫॥ જો કે તારા વડે દાઢા ઘસાઈ તો પણ આ પુત્ર કાંઈક બિંબને કરીને વિસ્તૃત રાજ્યને કરશે. ॥૪૬॥ હવે વીતાવેલા બાળપણવાળા વધતા એવા તે ચાણિક્યે મેળવવા યોગ્ય ધનની જેમ આચાર્ય પાસેથી સર્વે વિદ્યા ગ્રહણ કરી. ॥૪૭॥ હવે ચંદ્રને જેમ રોહિણી તેમ પુત્રને અનુરૂપ એક બ્રાહ્મણીને જોઈને ચણીએ તેને પરણાવી. ॥૪૮॥

ત્યાર પછી ક્રમથી કાલ વડે પિતા કોળીયો કરાયે છતે પણ બુદ્ધિશાળી એવો તે વર્ષાઋતુની જેમ હંમેશાં તૃષ્ણા રહિત રહેતો હતો. ॥૪૯॥ એક વખત તેની પત્ની તેના ભાઈના લગ્નોત્સ્વમાં પિતાના ઘરે ગઈ અને તેની અન્ય બહેનો પણ આવી હતી. ॥૫૦॥ શ્રેષ્ઠીની પત્ની એવી તેણીઓનું (બેનોનું) મહાન લક્ષ્મી વડે માતા-પિતાદિ સર્વે અત્યંત ગૌરવને કરે છે. ॥૫૧॥ કેટલાક શરીરને અભ્યંગન કરે છે, બીજી કેટલીક ઉદ્વર્તન કરે છે, કેટલીક સ્નેહથી સ્નાન કરાવે છે અને કેટલીક વિલેપન કરે છે. ॥૫૨॥ કેટલીક પગને શણગારે છે, કેટલીક અલંકારને પહેરાવે છે, કેટલીક ગ્રહણ કરેલ હાથના વિંઝણા વડે તે બહેનોને વીંજે છે ॥૫૩॥ અને હંમેશાં ઉપચાર વચનો વડે બોલાવાય છે. ઘણું કહેવા વડે શું રાણીની જેમ સર્વે તેણીઓને આરાધે છે. ॥૫૪॥ વળી ચાણિક્યની પ્રિયા નોકરની જેમ કરાય છે અને દરિદ્રની સ્ત્રી એ પ્રમાણે તેણી ક્યાંયથી પણ સત્કારને પામતી નથી ॥૫૫॥ અને વિવાહની પછી તેણીઓ દેદીપ્યમાન ચીનાઈ વસ્ત્રાદિ વડે સત્કારીને પરિવાર સહિત ગૌરવપૂર્વક મોકલાઈ ॥૫૬॥ અને ચાણક્યની પત્નીને ગુણના કાપડના સમાન વસ્ત્રને આપીને હે બેટી ! તું મુસાફરોની સાથે જા આ પ્રમાણે કહીને ઘરેથી મોકલાઈ. ॥૫૭॥ તેથી તેણીએ વિચાર્યું અપમાનને આપનાર દારિદ્રને ધિક્કાર થાઓ કે જેનાથી માતા-પિતાથી પણ આવા પ્રકારનો પરાભવ થાય છે. ॥૫૮॥ ત્યાર પછી પરાભવને અશ્રુના બહાનાથી જાણે નેત્રો વડે ત્યાગ કરતી, નવા મેઘ સમાન શ્યામ મુખવાળી પતિના ઘરે આવી. ॥૫૯॥ પતિએ પૂછ્યું, પિતાના ઘેરથી આવેલી પણ તું શા માટે ખિન્ન છે. તેણીએ કાંઈ કહ્યું નહિ. ફરી આગ્રહપૂર્વક પૂછાયેલી તેણીએ તે પરાભવને કહ્યો. ॥૬૦॥

તે સાંભળીને સંક્રાત થયેલા ખેદવાળા તેણે પણ વિચાર્યું કે ધન જ ખરેખર ગૌરવતાનું કારણ છે કુલીનતા અથવા ગુણો નહિ. ॥૬૧॥ કલાવાન રાજા પણ ક્ષીણવૈભવવાળો શોભતો નથી. અકુલીન એવો પણ ધનવાન કુબેર પ્રશંસા કરાય છે. ॥૬૨॥ ધનથી યુક્ત મનુષ્ય જ લોકમાં સર્વત્ર પ્રતિષ્ઠાને મેળવે છે. સુવર્ણની લક્ષ્મીને ધારણ કરતો મેરુ પર્વતોમાં ધુર્યતાને પામે છે. ॥૬૩॥ જે (લક્ષ્મી) હોતે છતે અછતા પણ ગુણો થાય છે, જે જતે છતે છતા (રહેલા) પણ ગુણો જાય છે. જેની સાથે સર્વે ગુણો રહેલા છે તે લક્ષ્મી જ એક આનંદ પામો. ॥૬૪॥ તેથી ચિંતામણિની જેમ ચિંતવેલા અર્થને આપનાર આ અર્થ જ એકાગ્ર મનવાળા મારા વડે મેળવવા યોગ્ય છે ॥૬૫॥ અને સાંભળેલું છે કે પાટલીપુત્રમાં બ્રાહ્મણને સુવર્ણ આપનાર નંદ નામનો રાજા છે. તેથી તેની પાસે માંગું છું. આ પ્રમાણે વિચારીને તે જલ્દી ત્યાં ગયો. ॥૬૬॥

ભાગ્યથી કોઈના પણ વડે નહિ વારણ કરાયેલ રાજાના આવાસમાં પ્રવેશ્યો અને આક્રમણ કરીને રાજાની જેમ રાજ સિંહાસન પર બેઠો. ॥૬૭॥ આ બાજુ સ્નાન કરીને વિલેપન કરાયેલ અંગવાળો, સર્વે અલંકારો વડે વિભૂષિત, નૈમિત્તિકની ભૂજાના આલંબનવાળા નંદરાજા ત્યાં આવ્યો. ॥૬૮॥ આગળ ચાણક્યને જોઈને નૈમિતિકે રાજાને કહ્યું, હે દેવ ! બેઠેલો એવો આ તમારા વંશને કુહાડાપણાને ધારણ કરે છે. ॥૬૯॥ તેથી હે દેવ ! રોષ નહિ કરવા વડે સામ વડે અને વિનય વડે આના પરથી આ ઉઠાડવા યોગ્ય છે. અગ્નિને બાળવા વડે શું ? ॥૭૦॥ ત્યાર પછી રાજાના આદેશથી દાસી વડે તેને અન્ય આસન અપાયું અને આ પ્રમાણે કહેવાયું હે બ્રાહ્મણ ! તું અહીં બેસ અને રાજ સિંહાસનને છોડ. ॥૭૧॥ હવે તેણે વિચાર્યું નહિ કે આપેલ આસન પર બેસવું યોગ્ય નથી અને તેનાથી પણ અયોગ્યતર આના પરથી ઉઠવું તે છે. ॥૭૨॥ આ પ્રમાણે વિચારીને તેણે તે દાસીને કહ્યું, અહીં મારી કુંડિકા રહેશે. ત્યાર પછી ત્યાં તે કુંડિકાને મૂકી અને અન્યત્ર ત્રિદંડને સ્થાપ્યું. ॥૭૩॥ અન્ય આસનમાં જનોઈને મૂકી જે જે આસન આપતા હતા ગ્રહથી પીડિતની જેમ તે આસનને અન્ય વડે રોકતો હતો. ॥૭૪॥

આ ધૃષ્ટ છે આ પ્રમાણે રાજા વડે પગ વડે પકડીને ખેંચ્યો. તેણે પણ હવે ભૂમિ પરથી ઊઠીને આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી **જે આ પ્રમાણે-મહામૂલ્યવાળા ભંડારથી ભરેલા, પુત્ર-મિત્રાદિ શાખાવાળા એવા નંદને પવન જેમ મહાવૃક્ષને ઊખેડે તેમ હું ઉખેડીશ. ॥૭૫, ૭૬॥ રોષથી લાલ થયેલ ચાણક્ય શીખાને બાંધીને આ પ્રમાણે બોલ્યો કે, પ્રતિજ્ઞા પૂર્ણ થયે છતે શીખા છૂટશે. ॥૭૭॥**

તારા પિતાને જે ગમે તે તું કર, આ પ્રમાણે બોલતા નંદરાજાના સૈનિકોએ તેને તિરસ્કારપૂર્વક ગળચીથી પકડીને બહાર કાઢ્યો. ॥૭૮॥ નગરથી નીકળતા તેણે વિચાર્યું કે કષાયથી વિલ્વળ થયેલ, અજ્ઞાનથી અંધ બનેલ મેં ખેદની વાત છે કે મોટી પ્રતિજ્ઞાને કરી. ॥૭૯॥ તેથી આ પ્રતિજ્ઞા પૂરવા યોગ્ય જ છે અથવા યુદ્ધમાં મરવા યોગ્ય છે. અન્યથા ઉપહાસના સ્થાનરૂપ જીવતા રહેવા માટે શકય નથી. ॥૮૦॥ તે કેવી રીતે થાય ? આ પ્રમાણે વિચારતા તેને ગુરુનું વાક્ય મનમાં યાદ આવ્યું કે ચાણક્ય બિંબાન્તરિત રાજ્યને કરનાર થશે. ॥૮૧॥ કદાચ સૂર્ય પશ્ચિમમાં ઊગે, પૃથ્વી ઊલટી થાય અથવા મેરુની ચૂલા ચલાયમાન થાય. પરંતુ આર્ષનું વચન અન્યથા ન થાય. ॥૮૨॥

ત્યાર પછી તેણે બિંબને જોવાને માટે પરિવ્રાજકના વેષને ધારણ કર્યો અને ભમતો એવો તે નંદ સંબંધી મયૂરપોષક ગામમાં ગયો. ॥૮૩॥ અને ભિક્ષાને માટે તે મોટા મંદિરમાં પ્રવેશ્યો. ઉદ્વિગ્ન થયેલા મનુષ્યો વડે પૂછાયા કે, હે ભગવન્ ! આપ કાંઈ જાણો છો. ॥૮૪॥ તેણે કહ્યું, હું સઘળું જાણું છું. હવે મહત્તરે તેને કહ્યું, તો મારી પુત્રીના ચંદ્રના પાનના દોહદને પૂર. ॥૮૫॥ જેથી તેણી તે દોહદની અપ્રાપ્તિ વડે યમદેવના સ્થાનમાં મોકલાયેલી છે. તેથી એને તું પૂર અને હમણાં આણીનો જીવાડનાર થા. ॥૮૬॥ આના ગર્ભમાં રાજ્યને યોગ્ય કોઈપણ પુરુષ અવતરેલ છે. આ પ્રમાણે તે દોહદથી જાણીને ચાણક્યે તેને કહ્યું. ॥૮૭॥ ચાણિક્યે કહ્યું, જો તું આણીનાં ગર્ભને મને આપે તો દોહદને પૂરું. તેના વડે તે સ્વીકારાયું જેથી ગર્ભવતી તેણી જીવતી રહે. ॥૮૮॥ ત્યાર પછી સાક્ષીરૂપ કરીને તેણે પટ મંડપને કરાવ્યો. મસ્તક પર ચંદ્ર રહેતે છતે તે પટ ઉપર છિદ્રને કરીને. ॥૮૯॥ ચાંદનીની નીચે અમૃતથી અધિક દ્રવ્યથી સંસ્કારિત કરેલ ખીરથી ભરેલ થાલને સ્થાપીને છિદ્રની અંદર ચંદ્રનું પ્રતિબિંબ પડતે છતે. ॥૯૦॥ ચાણિક્યે તે પુત્રીને કહ્યું, હે પુત્રી ! તારા માટે મારા વડે મંત્રોથી ખેંચીને આ ચંદ્ર લવાયેલ છે તેથી તેનું તું પાન કર. ॥૯૧॥ અને તેને ચંદ્ર માનીને હર્ષથી તેણી હવે જેમ જેમ તેને પીતી હતી તેમ તેમ પટની પર રહેલ છિદ્રને ઉપર રહેલ મનુષ્ય ઢાંકતો હતો. ॥૯૨॥ આ ગર્ભ સંપૂર્ણ થશે કે નહિ એ પ્રમાણે પરીક્ષા કરવા માટે અડધુ પીવાતે છતે તેણે તેણીને કહ્યું, આટલું લોકોને માટે થાઓ. ॥૯૩॥ તેણી વડે ના આ પ્રમાણે કહેવાતે છતે તેણે કહ્યું, તો અહીં તું પાન કર. લોકને માટે અન્ય તેને હું સ્થાપન કરીશ. આ પ્રમાણે તેણે શ્રદ્ધા પૂરી. ॥૯૪॥

હવે દ્રવ્યને ઉપાર્જન કરવા માટે તે ધાતુની જગ્યામાં ગયો અને ધાતુવાદ વડે ઘણી ધાતુ ઉપાર્જન કરીને ફરી તે આવ્યો. ॥૯૫॥ ત્યાં ચાણિક્યે નગરની વસતિની બહાર સર્વલક્ષણને ધારણ કરનારા રાજનીતિ વડે ક્રીડા કરતા બાળકને જોયો. ॥૯૬॥ સમસ્ત નગરને આલેખન કરીને સભાના સિંહાસન પર બેસેલા સામન્તાદિ પદમાં સ્થાપન કરેલા ઘણા બાળકો વડે પરિવરેલા, દેશાદિના વિભાગને કરતા, દર્પથી દુર્ધર એવા તે બાળકને જોઈને ચાણિક્યે પરીક્ષાને માટે તેને કહ્યું, હે દેવ ! મને પણ કાંઈક આપો, આ પ્રમાણે સાંભળીને તેણે કહ્યું કે, 'હે વિપ્ર ! આ ગાયો ચરે છે તે ગોકુલોને તું ગ્રહણ કર. ॥૯૭ થી ૯૯॥ તેણે કહ્યું આ ગોકુલોને ગ્રહણ કરતો ગોકુલના સ્વામીઓ વડે હું શું નહિ મરાઉ ! તે બાલકે કહ્યું, શું તું જાણતો નથી. પૃથ્વી વીર

પુરુષ વડે ભોગવવા યોગ્ય છે. ॥૧૦૦॥ ઔદાર્ય અને શૂરવીરતાવાળા તે બાળકને જ્ઞાન વડે જાણતા એવા પણ તેણે કોનો આ બાળક છે આ પ્રમાણે કોઈક બાળકને ચાણિક્યે પૂછયું, બાળકે કહ્યું. ॥૧૦૧॥ નામ વડે આ ચંદ્રગુપ્ત, મહત્તરનો દોહિત્ર છે, ગર્ભમાં રહેલો જ આ સંપૂર્ણપણે પરિવ્રાજક વડે પોતાનો કરાયો હતો. ॥૧૦૨॥

ત્યાર પછી હર્ષથી ચાણિકયે ચંદ્રગુપ્તને કહ્યું, 'હે વત્સ ! આવ, આવ જેનો તું છે તે હું છું. ॥૧૦૩॥ રમતના રાજ્ય વડે તારે સર્યું. હું સાચો રાજા તને કરુ છું. આ પ્રમાણે કહીને તેને લઈને તે ચાણિક્ય અન્યત્ર ગયો. ॥૧૦૪॥ અને તે ધન વડે ચતુરંગ મોટા સૈન્યને ભેગું કરીને ચંદ્રગુપ્તને રાજા કર્યો અને પોતે મંત્રી થયો. ॥૧૦૫॥ ત્યાર પછી સર્વ સૈન્ય સમૂહ સાથે જઈને નંદના રાજ્યને ઘેરો ઘાલ્યો અને કારાગૃહની જેમ ત્યાં પ્રવેશતા એવા ધાન્યાદિકને રોક્યું. ॥૧૦૬॥ નંદ પણ સર્વ સામગ્રી સાથે નગરની બહાર નીકળીને મેરુ પર્વત જેમ સમુદ્રને તેમ તેના સૈન્યને ગ્રહણ કરાવ્યું. ॥૧૦૭॥ હવે નંદના સૈન્યથી પરાભવ પામેલ ચંદ્રગુપ્ત અને ચાણિક્યની સેના પવન વડે જેમ વાદળની શ્રેણી તેમ સર્વે દિશા-વિદિશામાં પલાયન થઈ. ॥૧૦૮॥ ત્યાર પછી ચંદ્રગુપ્ત અને ચાણિક્ય ઘોડા પર બેસીને પલાયન થયા. એક દિશાથી પાછા ફરીને ઘેટાની જેમ ફરી પ્રહાર કરવાને માટે. આપણને કોઈપણ ઓળખો નહિ, આ પ્રમાણે વિચારીને માર્ગમાં ઘોડાને છોડીને પગથી ચાલીને જતા એવા તે બંને સરોવરની પાળી પર ચઢયા. ॥૧૦૯, ૧૧૦॥ એક ઘોડેસવારને પાછળ આવતા જોઈને ચાણિક્યે વસ્ત્રને ધોતા કિનારે રહેલા ધોબીને કહ્યું. ॥૧૧૧॥ અરે તું નાશી જા, નાશી જા. નંદરાજા ભાંગ્યો છે. આથી ચંદ્રગુપ્તના ઘોડેસ્વારો વડે નંદરાજાના પક્ષના માણસો પકડાય છે. ॥૧૧૨॥ તે સાંભળીને તે ધોબી પલાયન થયો. એટલે ચાણિક્ય તેના સ્થાને રહ્યો. વળી ચંદ્રગુપ્ત પાણીની અંદર કમલીનીના વનમાં સ્થગિત કરાયો અને તે ઘોડેસવારે ત્યારે ધોબીનું આચરણ કરનારા ચાણિક્યને પૂછયું. શું ચંદ્રગુપ્ત અને ચાણિક્ય અહીંથી જતા તારા વડે જોવાયા છે. તેણે કહ્યું, ચાણિક્ય મારા વડે જોવાયો નથી. પરંતુ ચંદ્રગુપ્ત તાપથી પીડિત થયેલ હંસની જેમ કમલીનીના વનમાં છૂપાયેલો છે. ॥૧૧૩, ૧૧૪, ૧૧૫॥ ઘોડેસવારે પણ તેને જોઈને કહ્યું કે, ક્ષણવાર મારા ઘોડાને તું ધારણકર. તેના વડે કહેવાયું કે, હું આનાથી ડરું છું. તેથી તેણે પણ ઘોડાને વૃક્ષ સાથે બાંધીને જલમાં પ્રવેશવા માટે મૂકેલી તલવારવાળો જેટલામાં સરોવરમાં પગને મૂકે છે તેટલામાં તેની જ તલવાર વડે ચાણિક્યે તેને મારી નાંખ્યો. ॥૧૧૬, ૧૧૭॥

ફરી બંને તેના ઘોડા પર બેસીને પલાયન થયા અને કેટલીક ભૂમિને ઓળંગીને તે ઘોડાને પણ પૂર્વની જેમ છોડ્યો. ॥૧૧૮॥ અને જતા એવા ચાણીક્યે ચંદ્રગુપ્તને કહ્યું, અરે ! જ્યારે મેં ઘોડેસવારને કહ્યું ત્યારે તારા વડે શું વિચારાયું હતું. ॥૧૧૯॥ ચંદ્રગુપ્તે કહ્યું, હે પિતા ! ત્યારે મારા વડે આ પ્રમાણે વિચારાયું કે, મારા સામ્રાજ્યને આર્ય વડે આ પ્રમાણે જોવાયેલું હશે. ॥૧૨૦॥ હવે ચાણિકયે નિશ્ચય કર્યો કે આ મને દોષ આપનાર નથી. શિષ્યને જેમ ગુરુનું વાક્ય તેમ મારું કહેલું આને અનુલંઘ્ય છે. ॥૧૨૧॥ હવે ક્ષુધાથી પીડિત થયેલ ચંદ્રગુપ્તને વનની અંદર મૂકીને ચાણિક્ય તેના માટે અન્ન ગ્રહણ કરવા કોઈક ગામમાં પ્રવેશ્યો. ॥૧૨૨॥ તલની કોઠી પ્રમાણ અંગવાળો, નાસિકા સુધીના મોટા પેટવાળા એક બ્રાહ્મણને આવતા જોઈને ચાણિક્યે તને પૂછયું. ॥૧૨૩॥ કોઈપણ જગ્યાએ ભોજન મેળવાય છે. તેણે કહ્યું, એક યજમાનના ઘરે આજે મહોત્સવ છે. આથી ઘણું ભોજન મળે છે. ॥૧૨૪॥ તે પૂર્વે નહિ આવેલાને તો વિશેષથી દહીં અને કરમ્બક આપે છે. તેથી તું પણ જા હું હમણાં ભોજન કરીને આવેલો છું. ॥૧૨૫॥ ત્યાં પ્રવેશેલા મને કોઈપણ નંદનો

પુરુષ જાણે નહિ અને મારા વિનાં બહાર રહેલા ચંદ્રગુપ્તને કોઈપણ ગ્રહણ ન કરો. ॥૧૨૬॥ દુઃખે કરીને વારી શકાય તેવા નંદના ઘોડેસવારો વડે જો કોઈપણ રીતે તે ગ્રહણ કરાયો તો મારા સર્વસ્વના ચોરાવાથી રાજ્યની સ્પૃહારૂપી વેલડી છેદાઈ જાય. ॥૧૨૭॥ આ પ્રમાણે વિચારીને રાક્ષસની જેમ દયા વગરના, છરી છે હાથમાં જેને એવા ચાણિક્યે તેના ઉંદરને કમળના કોશની જેમ જલ્દીથી ફાડીને વિનાશ નહિ પામેલ સ્વરૂપવાળી તે કરમ્બકને થાળીની જેમ પુટમાં ગ્રહણ કરીને જઈને મૌર્યને ભોજન કરાવ્યું. ॥૧૨૮, ૧૨૯॥

ફરી જતા એવા તે બંને રાત્રિની શરૂઆતમાં કોઈક સંનિવેશમાં ગયા ત્યાં ચાણિક્ય ભિક્ષાને માટે વૃદ્ધ ભરવાડણના ઘરે ગયો. ॥૧૩૦॥ એટલામાં પોતાના બાળકોને અતિ ઉષ્ણ રાબડી તેણી વડે ત્યારે થાળમાં અપાયેલી છે. તે થાલીની મધ્યમાં એક બાળકે હાથને નાંખ્યો. ॥૧૩૧॥ બળેલા હાથવાળો રડતો એવો તે બાળક હવે તેણી (માતા) વડે આક્રોશ સહિત કહેવાયો કે અરે ! શું બુદ્ધિ રહિતના ચાણિક્યની સાથે તું પણ મળેલો છે ? ॥૧૩૨॥ પોતાના નામની આશંકા વડે ત્યાર પછી ચાણિક્યે તે વૃદ્ધાને પૂછયું, હે માતા કોણ આ ચાણિક્ય કે જેની ઉપમા તું બાળકને આપે છે. ॥૧૩૩॥ તેણી વડે કહેવાયું ચંદ્રગુપ્ત રાજાથી યુક્ત કોઈક ચાણિક્ય પહેલા જ પાટલીપુત્રને ગ્રહણ કરવા માટે આરંભ કર્યો. ॥૧૩૪॥ મૂર્ખ તે જાણતો નથી કે જે દેશ ગ્રહણ કરવો છે, તે પહેલા ચારે બાજુથી ગ્રહણ કરાયે છતે પતન ગ્રહણ કરાયેલું જ છે. ॥૧૩૫॥ મારો આ પુત્ર તેના તુલ્ય છે કે જેણે પહેલા ઉષ્ણ એવી રાબને આજુબાજુથી ગ્રહણ કર્યા વિના મધ્યમાં જ હાથને નાંખ્યો. ॥૧૩૬॥ બાલક પાસેથી પણ હિતને ગ્રહણ કરવા યોગ્ય છે. આ પ્રમાણેના નીતિ વાક્યને સ્મરણ કરતો ત્યાર પછી નંદના રાજ્યની પ્રાપ્તિને અનુસરતું તે વચન ગ્રહણ કર્યું. ॥૧૩૭॥

ત્યાર બાદ ચંદ્રગુપ્ત સહિત ચાણિક્ય પોતાના બળનો સારી રીતે વિચાર કરીને હિમવત્ કૂટ નામના પર્વત ઉપર ગયો. ॥૧૩૮॥ ત્યાં પર્વત નામના ભિલ્લના અધિપતિને સહાયરૂપે ઈચ્છતા (ચાણિક્યે) (તેની સાથે) મિત્રતાને કરી. ॥૧૩૯॥ ચાણિક્યે એક દિવસ તે ભીલને કહ્યું, નંદને ઉખેડીને તેની લક્ષ્મીને આપણે બંને વિભાગ કરીને ગ્રહણ કરીએ, તેણે પણ તે વાત સ્વીકારી. ॥૧૪૦॥ હવે સર્વ બલવડે નંદની પૃથ્વીને પોતાની કરતા એવા ચાણિકયે એક નંદપુરને ચારે બાજુથી ઘેરો ઘાલ્યો. ॥૧૪૧॥ તેને ગ્રહણ કરવા માટે તે શક્તિમાન ન હતો. તેથી પરિવ્રાજકના વેષને ધારણ કરતો આ ચાણક્ય તેના વાસ્તુને (નગરની બાંધણીને) જોવા માટે નગરની અંદર પ્રવેશ્યો. ॥૧૪૨॥ ભમતા એવા તેણે સુપ્રતિષ્ઠિત ઈન્દ્રકુમારિકા જોઈ અને વિચાર્યું કે નિશ્ચે આના પ્રભાવ વડે આ નગર ભાંગતું નથી. ॥૧૪૩॥ આ નગરનો ઘેરો ક્યારે દૂર થશે ? આ પ્રમાણે ત્યારે કંટાળી ગયેલા લોકો વડે પૂછાયેલા એવા તેણે કહ્યું કે, આ ઈન્દ્રકુમારીકાને ઉખાડાયે છતે થશે. ॥૧૪૪॥ મારા વડે આ લક્ષણોથી જણાયું છે. આના ઊખેડવાના આરંભમાં કાંઈક ઘેરો પાછો વળશે આ એની ખાતરી છે. ॥૧૪૫॥ ત્યારે તે લોકો વડે ઉખેડવાનો આરંભ કરાયે છતે તેનાં વડે ઘેરો કાંઈક દૂર કરાયો. તેથી વિશ્વાસ પામેલા તે લોકો વડે ત્યાં ત્યારે કૂવો કરાયો. ॥૧૪૬॥ ત્યાર પછી ત્યાં ઘણાં વૈભવવાળા તે નગરને ગ્રહણ કરીને સર્વે પરિધિને લઈને તે પાટલીપુત્રમાં આવ્યો. ॥૧૪૭॥ ત્યાર પછી ચંદ્રગુપ્ત અને પર્વતના સૈનિકો વડે ચારે બાજુથી વીંટળાયેલ તે નગર અપાયેલ પોતાના આવેષ્ટરૂપ (વીંટળાવવા રૂપ) થયું. ॥૧૪૮॥ અભિમાનથી નંદ રાજા પણ દરરોજ નીકળી-નીકળીને મહાયુદ્ધને કરતો તૂટી ગયેલ સૈન્યવાળો ક્ષીણ થયો. ॥૧૪૯॥ હવે તેણે બ્રાહ્મણ જેમ દુગીકારને તેમ તેણે ધર્મદ્વારને માંગ્યું અને ચાણિક્યે તેને આપ્યું રાજાઓની નીતિ આ જ છે. ॥૧૫૦॥ અને ચાણિકય વડે નંદને ઉપાલંભ અપાયો કે તારા વડે મને ત્યારે અર્ધચંદ્ર વિના

કાંઈપણ અપાયું ન હોતું. ॥૧૫૧॥ મારા વડે હમણાં તને જીવિત અપાયેલું છે. તેથી હે નંદ ! તું આનંદ પામ, એક રથ વડે જે ગમે તેને ગ્રહણ કરીને તું નીકળ. ॥૧૫૨॥

હવે વિષાદને પામેલા, ક્ષીણ થયેલ બલ અને પરાક્રમવાળા નંદે વિચાર્યું કે વિજળી જેવી ચપલ અને પાપી એવી લક્ષ્મીને ધિક્કાર થાઓ. ધિક્કાર થાઓ. ॥૧૫૩॥ હવે નંદે બે પત્ની, પ્રિય એવી એક પુત્રી અને સારભૂત એવા રત્નોને રથમાં સ્થાપન કરાવ્યા. ॥૧૫૪॥ વળી પાત્રભૂત એક વિષ કન્યાને ઘરમાં મૂકી આ પ્રમાણેની વિચારણા વડે કે ચંદ્રગુપ્ત આની સાથે વિવાહ કરીને મરે. ॥૧૫૫॥ વળી, સુવર્ણ, રત્ન, માણિક્ય, વસ્ત્રાદિ શત્રુઓનું કાંઈ પણ ન થાઓ આ પ્રમાણેની વિચારણા વડે સર્વે વસ્તુઓ નગરજનોને આપીને તે ચાલ્યો. ॥૧૫૬॥ નીકળતી એવી નંદની પ્રિય પુત્રી પ્રવેશ કરતા ચંદ્રગુપ્તને જોઈને ઉદય પામતા સૂર્યથી જેમ કમલિની તેમ તેણી ઉલ્લસિત થઈ. ॥૧૫૭॥ ત્યાર પછી તેણીને નંદે કહ્યું, હે પાપી ! તું વૈરીને જોવે છે. મારા રાજ્યને હરણ કરનાર પર તું રાગી થઈ છે. તો તું જા તારા પ્રિયને ભજ. ॥૧૫૮॥ ત્યાર પછી પિતાના રથને છોડીને ચંદ્રગુપ્તના રથ પર ચઢ્યે છતે જાણે તે નંદની લક્ષ્મીના ભારથી ચક્રમાં નવ આરા ભાંગ્યાં. ॥૧૫૯॥ અપશુકન માનતો અને તેણીને નીવારતો ચંદ્રગુપ્ત ચાણિક્ય વડે કહેવાયો કે આ તારે શુકનરૂપ છે તેથી નિષેધ ન કર. ॥૧૬૦॥ **આરા ભાંગવાથી તારે નવવંશ સુધી રાજ્ય થશે તેથી તેણીને રથમાં બેસાડીને ચંદ્રગુપ્ત નગરમાં પ્રવેશ્યો.** ॥૧૬૧॥ **હે નંદ ! મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ જો આ મારી શિખા છોડાય છે એ પ્રમાણે કહીને તેના જોતા ચાણિક્યે શીખાને છોડી.** ॥૧૬૨॥

નંદ બહાર ગયો. વળી તેઓ નંદના ઘરે ગયા અને તે કન્યાને જોઈને ચંદ્રગુપ્ત અને પર્વત બંને રાગી થયા. ॥૧૬૩॥ ચાણિક્યે ચિહ્નો વડે તે વિષ કન્યાને જાણીને કહ્યું, હે ચંદ્રગુપ્ત ! આ એક તારી પત્ની થઈ તેથી આ કન્યા પર્વતની થાઓ. ॥૧૬૪॥ ત્યાર પછી તમારા બંને વડે નંદના સામ્રાજ્યને વિભાગ કરીને ગ્રહણ કરવા યોગ્ય છે. તેથી હવે ત્યારે જ તે કન્યા સાથે પર્વતના વિવાહનો પ્રારંભ કરાયો. ॥૧૬૫॥ ત્યાં મંગલ વાજિત્રોને મોટેથી વગાડાયા અને વેદિકાની અંદર સંહારની શિખા વડે અગ્નિ બળાયો. ॥૧૬૬॥ અને સ્ખલના પામતા પામતા નૈમિત્તિકે લાજાંજલી કરી ત્યારે શુદ્ધ લગ્ન હોવા છતાં અગ્નિ થયો. ॥૧૬૭॥ અને લગ્નની વેલામાં સર્પની જેમ કરન્યાને હાથ લાગતે છતે વિષના આવેગ વડે તે જ ક્ષણે ભીલનો અધિપતિ (પર્વત) મૂર્છિત થયો. ॥૧૬૮॥ હે ભાઈ ચંદ્રગુપ્ત ! હે પિતા ! હે મંત્રી ! ચાણિક્ય મરાયો-મરાયો. રક્ષણ કર રક્ષણ કર આ પ્રમાણે પીડા વડે તે બોલ્યો. ॥૧૬૯॥ જેટલામાં આના પ્રતિકારને ચંદ્રગુપ્ત આરંભે છે તેટલામાં ભ્રકુટિ કરીને ચાણિક્યે તેને અટકાવ્યો. ॥૧૭૦॥ અને કહ્યું હજુ પણ તું મુગ્ધ છે. હે રાજન્ ! તું રાજ્યની નીતિને પણ જાણતો નથી કે અર્ધ રાજ્યને હરણ કરનાર મિત્રને જે ન હણે તે (પોતે) હણાય છે. ॥૧૭૧॥ તેથી પાછા જવું, આમ તેમ ફરવું વગેરે વડે તેણે પણ કાલક્ષેપ કર્યો તેથી રક્ષણ વિનાનો તૂટેલા પ્રાણોવાળો પર્વતક મૃત્યુ પામ્યો. ॥૧૭૨॥

તેથી ચંદ્રગુપ્ત બંન્ને રાજ્યનો રાજા થયો અને રાજ્યરૂપી નાટકનો સૂત્ર ચાણિક્ય મહામંત્રી થયો. ॥૧૭૩॥ ત્યારે ત્યાં જવા આવવાના માર્ગનું જાણકારપણું હોવાથી નંદના દુર્ધર પુરુષો સિદ્ધવિદ્યાવાળાની જેમ ચારે બાજુના ચોરીને કરે છે. ॥૧૭૪॥ તેની રક્ષા માટે નગરમાં આરક્ષકને શોધતાં વેષાંતર વડે ચારે બાજુએ પણ ભમતા એવા ચાણિક્યે. ॥૧૭૫॥ કોઈક જગ્યાએ નલદામ નામના વણાટ કામ કરતા વણકરને જોયો ત્યારે તેનો રમતો એવો પુત્ર મંકોડો વડે ડંસાયો. ॥૧૭૬॥ રડતા એવા તેણે આવીને તેને કહ્યું, ત્યારે યમના બંધુ

સમાન એવા તેના વડે જલ્દીથી તેના બિલને ખોદીને તે સર્વે મંકોડા ભસ્મીભૂત કરાયા. ॥૧૭૭॥ હવે ચાણિક્ય પણ આ યોગ્ય છે આ પ્રમાણે માનીને ઘરે ગયો અને નિધણોમાં શિરમોર એવા તેને બોલાવીને તલારક્ષક કર્યો. ॥૧૭૮॥ તેના વડે ચોરો કહેવાયા કે હમણાં સ્વેચ્છા વડે ચોરીને કરો. હું તલારક્ષક હોતે છતે સમસ્ત રાજ્ય પોતાનું છે. ॥૧૭૯॥ એ પ્રમાણે વિશ્વાસ આપીને તે સર્વે કુટુંબ સહિત નિમંત્રણ કરીને દ્વારને બંધ કરીને ભોજનને કરતા બાળીને ભસ્મીભૂત કરાયા. ॥૧૮૦॥

ત્યાર પછી તે નગરમાં તે પ્રકારે સુસ્થિતપણું થયું કે ચોરોની સાથે જ હોવાથી ચોરી બળી ગયેલું નામ પણ સંભળાતુ ન હતું. ॥૧૮૧॥ હવે પહેલા એક ઠેકાણે ગામમાં લેશ માત્ર પણ ભિક્ષા પ્રાપ્ત થઈ ન હતી, ત્યાં ચાણિક્ય વડે ક્ષુદ્ર આદેશ કરાયો. ॥૧૮૨॥ જેમ આપણા ભૂતો અને વંશો તમારા ગામમાં રહે છે. તેથી આંબાના વનને છેદીને વંશના વનની વાડ કરે. ॥૧૮૩॥ હવે ગ્રામ્યજનોએ વિચાર્યું કે, ભૂતો વડે વંશનું રક્ષણ નથી ઘટતું. પરંતુ વંશના સમૂહ વડે આંબાઓનું રક્ષણ ઘટે છે. ॥૧૮૪॥ આ પ્રમાણે પોતાની બુદ્ધિથી વિચારીને પરમાર્થને નહિ જાણતા તે લોકો વડે વંશોને છેદીને આબાના વનને વાડ કરી. ॥૧૮૫॥ પોતાના આદેશના વિપર્યાસને બહાના રૂપ કરીને મદથી અંધ બનેલા હાથીની જેમ કૃત્યાકૃત્યને નહિ વિચારતા ચાણિક્યે. ॥૧૮૬॥ ક્રોધ વડે બાલ-વૃદ્ધ સહિતના તે ગામને દ્વારો બંધ કરીને દ્વેપાયને જેમ દ્વારામતીને તેમ ચારે બાજુથી બળાવ્યું. ॥૧૮૭॥ હવે તે ભાર્યાને લાવ્યો અને કહ્યું, હે પ્રિયે ! મારા વડે તારા માટે સર્વ સામ્રાજ્યને અર્થે ઉપક્રમ કરાયેલ છે. ॥૧૮૮॥ હમણાં અપમાનરૂપી વિષની તે પીડાને ઐશ્વર્યરૂપી અમૃત વડે દૂર કરીને હે મહાભાગા ! ઈન્દ્રિણીની જેમ સુખને તું અનુભવ. ॥૧૮૯॥ અને ચાણિક્યના આ ચરિત્રને સાંભળીને ભયભીત થયેલ સસરાએ પણ આવીને ચાણિક્યને કહ્યું. ॥૧૯૦॥ હે જમાઈ ! પહેલા જે અમારા વડે પુત્રના વિવાહમાં આ નિર્ધનની પત્ની છે એ પ્રમાણે પોતાની પુત્રી હોવા છતાં પણ તારી પ્રિયા સત્કારાઈ ન હતી. ॥૧૯૧॥ તત્ત્વથી તે તારો જ તિરસ્કાર અમારા વડે કરાયો છે. તેથી અમારા આ એક અપરાધને અમારી પર મહેરબાની કરીને ક્ષમા કરો. ॥૧૯૨॥ તેથી ચાણિક્ય પણ સુપ્રસન્ન મનવાળો થયો. ખરેખર મોટાઓ નમસ્કાર વશ થાય છે. ॥૧૯૩॥ ત્યાર પછી સસરાને અને બીજા પણ સ્વજનોને ઔચિત્યથી ઔચિત્ય કુશળ તે ચાણિક્યે ગામ-દેશાદિને આપ્યા. ॥૧૯૪॥

એક વખત નિર્ધનના ઘરની જેમ શૂન્ય એવા ભંડારને તેણે જોયો. તેથી તેણે વિચાર્યું જેમ કોશ વિનાની તલવાર નાશ પામે તેને કોશ (ભંડાર) વિના રાજ્ય નાશ પામશે. ॥૧૯૫॥ હવે કોશને માટે ચાણિક્યે કૂટ પાશાઓને કર્યા અને રત્નના થાળને આગળ કરીને પોતાના પુરુષને રમવા માટે બેસાડ્યો. ॥૧૯૬॥ તેણે કહ્યું, જેના વડે હું જીતાઉં તે આ રત્નના થાલનો સ્વામી થાય. વળી જે મારા વડે જીતાય તે એક સોનામહોર મને આપે. ॥૧૯૭॥ તેની સાથે લોભથી ઘણા લોકો રમે છે. પરંતુ પોતાને જ વશ છે પાશા જેને એવો તે કોઈના પણ વડે જીતાતો નથી. ॥૧૯૮॥ હવે ચાણિક્ય વડે કોશની પૂર્તિ લાંબા કાલે જાણીને ત્યાર પછી જલ્દીથી કોશને આપનારા બીજા ઉપાયને વિચાર્યો. ॥૧૯૯॥ કે હું સર્વે કુટુંબીઓને મદ્યપાન કરાવું. જેથી તેઓ પોતાના ઘરની સર્વે સારભૂત વસ્તુને જણાવે. ॥૨૦૦॥ જે કારણથી ક્રોધી - રાગી - સંકટમાં પડેલા - મદોન્મત્ત અને મરતા જીવો સદ્‌ભાવ (સત્ય)ને પ્રગટ કરે. ॥૨૦૧॥ આ પ્રમાણે નિશ્ચય કરીને ચાણિક્યે કુટુંબીઓને બોલાવીને મદ્ય વડે મદોન્મત્ત કરીને તેઓના તે ભાવને જાણવા માટે કહ્યું. ॥૨૦૨॥ ધાતુથી રંગેલા બે વસ્ત્ર, ત્રિદંડ અને સોનાની કુંડી મારી પાસે છે અને રાજા મારા વશમાં છે. અહિં મારી હોલાને

વગડાવો. ॥૨૦૩॥ ચાણિક્યે કહેલું તે સાંભળીને તે સર્વે પણ કુટુંબીઓએ ગર્વથી પોત-પોતાના સર્વસ્વને એકેક શ્લોક વડે કહ્યું. ॥૨૦૪॥ એક હજાર યોજન માર્ગમાં જતા એવા મદોન્મત્ત હાથીના પગલે-પગલે લાખ સોનામહોર મારે છે. અહીં મારી હોલાને વગડાવો. ॥૨૦૫॥ સારી રીતે વાવેલા અને સારી રીતે ઉગેલા આઢક (માપ) પ્રમાણ તલ, તે તલના દાણે દાણે એક લાખ સોનામહોર મારે છે, અહિં મારી હોલાને વગડાવો. ॥૨૦૬॥ વર્ષાઋતુમાં પૂર વડે વહેતી નદીનો પાળી બંધ એક દિવસના માખણ વડે હું કરું છું. અહીં મારી હોલાને વગડાવો. ॥૨૦૭॥ એક દિવસે જન્મેલા જાતિવાન કિશોર ઘોડાઓની ખભાની કેશવાળી વડે હું આકાશને ઢાંકુ છું. અહિં મારી હોલાને વગડાવો. ॥૨૦૮॥ નિત્ય છેદી છેદીને ઉગે તેવા શાલીને હંમેશાં આપનારી બે ગર્દભીરત્ન મારી પાસે છે, અહિં મારી હોલાને વગડાવો. ॥૨૦૯॥ અપ્રવાસી, વશ છે ભાર્યા જેને એવો, હજાર સોનામહોરવાળો, ઋણ રહિત, શ્વેત વસ્ત્રવાળો અને સુગંધી અંગવાળો છું. અહીં મારી હોલાને વગડાવો. ॥૨૧૦॥ આ પ્રમાણે તેઓના ભાવને જાણીને બુદ્ધિમાન એવા ચાણિક્ય વડે મદરહિતના, ધનવાન એવા તેઓ પાસેથી ઔચિત્યપૂર્વક ધન મંગાયું. ॥૨૧૧॥ એક યોજન જતા એવા હાથીના પગલે પગલે લાખ સોનામહોર, એક તલથી ઉત્પન્ન થયેલા તલના પ્રમાણ જેટલી લાખ સોનામહોરોને, દર મહિને એક દિવસના માખણનું ઘી અને એક દિવસમાં જન્મેલા ઘોડાઓને અને કોઠાર ભરાય તેટલા શાલીને ચાણિક્યે માંગ્યા અને તેઓએ આપ્યા. ॥૨૧૨, ૨૧૩॥

આ પ્રમાણે કોશના સમૂહને અને કોઠારોને પૂરીને નિવૃત્ત થયેલ, કરેલા કર્તવ્યવાળો એવો તે ચાણિક્ય રાજાની જેમ રાજ્યને કરતો હતો. ॥૨૧૪॥ મોતીના ગુંથેલા હારની જેમ મૂકી દીધો છે પ્રતિબંધ (રાગ) એવા વિહાર વડે પૃથ્વીને શણગારતા શ્રી વિજયસૂરિજી ત્યાં પધાર્યા. ॥૨૧૫॥ ક્ષીણ થયેલ જંઘાબલવાળા અને વૃદ્ધાવાસને કરવાની ઇચ્છાવાળા તેઓ ભાવિના દુષ્કાળને જાણીને શિષ્યને પોતાના પદે સ્થાપ્યા. ॥૨૧૬॥ નિધિની જેમ વિદ્યાના અતિશયોને એકાંતમાં કહેતા તથા ગચ્છને સોંપીને સુકાળવાળા દેશમાં તેને મોકલ્યો ॥૨૧૭॥ ગુરુના સ્નેહના અનુરાગ વડે તેઓની દૃષ્ટિને ઠગીને બે ક્ષુલ્લક સાધુ પાછા ફરીને ગુરુની પાસે આવ્યા. ॥૨૧૮॥ ગુરુ વડે તે બંને કહેવાયા કે, હે વત્સ ! આ તમે યોગ્ય નથી કર્યું. અહીં કાલ (યમદેવ)ના ભાઈ સમાન ભયંકર દુષ્કાલ પડશે. ॥૨૧૯॥ તે બંને વડે કહેવાયું ત્યાં આપના વિના અમને બંનેને ગમતું નથી. તેથી પૂજ્યની પાસે રહેલા અમે બંને સર્વ સહન કરશું. ॥૨૨૦॥ અને આ પ્રમાણે થયે છતે ત્યાં યમદેવને કરેલા ઉત્સાહવાળો અને દાનધર્મને મંદ કરનારો એવો બાર વર્ષનો દુષ્કાલ આવ્યો. ॥૨૨૧॥ જ્યાં સર્વે લોકો વડે પરસ્પર કોઈ ન જુવે તે રીતે હંમેશાં રત્નને ભંડારમાં સ્થાપે તેમ અન્નને ઉદરમાં નંખાય છે. ॥૨૨૨॥ ત્યારે એકછત્રીપણાને ઈચ્છતા એવા દુષ્કાળરૂપી રાજા વડે પોતાના જાણે માંડલિક રાજા હોય તેમ રંકરાજાઓ જોડાયા. ॥૨૨૩॥ દુષ્કાલરૂપી રાજાના જાણે ઉત્કટ એવા ભટ્ટ પુત્રો ન હોય તેમ ઘરે-ઘરે બેઠેલા ભિક્ષાચરો ઉઠતા નથી. ॥૨૨૪॥ આ પ્રમાણેના દુષ્કાલમાં ગુરુ ક્યારેક ભવ્ય એવી ભિક્ષાને મેળવે છે અને ગુરુ તે બંને શિષ્યને રાગથી ભિક્ષા આપે છે. ॥૨૨૫॥

ત્યાર પછી તે બંને બાલ સાધુ વડે વિચારાયું કે, આ સારું નથી થતું. કારણ કે, ગુરુ સીદાતે છતે આપણા બંનેની શી ગતિ થશે. ॥૨૨૬॥ જેના વડે કુલ સનાથ થાય તે પુરુષ યત્ન વડે રક્ષણ કરાય છે. તુંબડાનો આધાર નાશ પામતે છતે આરાઓ કેવી રીતે રહે. ॥૨૨૭॥ ચલાયમાન દાંતવાળો, ગયેલા મદવાળો અને જરાથી જર્જરિત એવો પણ યૂથાધિપતિ હોતે છતે નિશ્ચે યૂથ સનાથ છે. ॥૨૨૮॥ ત્યારે પૂજ્યો વડે નવા

સૂરીશ્વરને રાત્રિમાં અપાતો જે અંજનયોગ આપણે સાંભળેલો તેને હમણાં અહિં કરીએ. ॥૨૨૯॥ એ પ્રમાણે વિચારીને તે બંને વડે યોગ સિદ્ધ કરાયો અને તેના વડે અદૃશ્ય થયેલા તે બંને ચંદ્રગુપ્તની સાથે જમવા માટે ગયા. ॥૨૩૦॥ ભોજન કરતા એવા તેને જોઈને અને તેમની બંને બાજુએ બેસીને ભોજન કરીને તે બંને ગયા. હવે આ પ્રમાણે તે બંને દરરોજ ભોજન કરતા હતા. ॥૨૩૧॥ રાજા માટે નક્કી કરેલા દિવસ સંબંધી ભોજનના પ્રમાણ જેટલું ભોજન ખવાઈ ગયે છતે અજીર્ણના ભયથી વૈદ્યો વડે જલ્દીથી તે (રાજા) ઉઠાડી દેવાતો હતો. ॥૨૩૨॥ આ પ્રમાણે એકના ભોજનમાં ત્રણ મનુષ્યો વડે ભોજન કરાયે છતે તૃપ્તિ નહિ પામતો રાજા કૃશતાને પામે છે અને શરમ વડે બોલતો નથી. ॥૨૩૩॥ કૃષ્ણ પક્ષના ચંદ્રની જેમ દુર્બળ એવા ચંદ્રગુપ્તને ચાણિક્યે પૂછયું કે, હે વત્સ ! શું તારે પણ દુષ્કાલ છે. ॥૨૩૪॥ તેણે કહ્યું, હે આર્ય ! હું તૃપ્તિ પામતો નથી. ત્યાર પછી ચાણિક્યે વિચાર્યું કે, અપ્રકટપણે કોઈપણ સિદ્ધ નિશ્ચે આના આહારને હરે છે. ॥૨૩૫॥

બીજે દિવસે ઈંટનું ચૂર્ણ ભોજનના મંડપમાં પાથર્યું તેથી ત્યાં બને બાલકના પગની શ્રેણી થઈ. ॥૨૩૬॥ તે પંક્તિ વડે મંત્રીએ નિશ્ચય કર્યો કે, નિશ્ચે આ બે સિદ્ધ થયેલા અંજનવાળા છે. ત્યાર પછી તેણે ત્યાં દ્વારને બંધ કરીને જલ્દીથી ધૂમાડાને કરાવ્યો. ॥૨૩૭॥ ધૂમાડા વડે ઝરતા આંખના અશ્રુઓથી અંજન ધોવાયે છતે રાજાની બંને બાજુએ ભોજન કરતા બંને બાલ સાધુ જોવાયા. ॥૨૩૮॥ આ બંને વડે હું વિડંબના કરાયો છું, આ પ્રમાણે રાજા જરાક દુર્મનવાળો થયો. ત્યારે શાસનની હીલના ન થાઓ તેથી આ પ્રમાણે મંત્રીએ રાજાને કહ્યું. ॥૨૩૯॥ હે વત્સ ! તું શા માટે કલુષિતપણું ધારણ કરે છે. ખરેખર આજે જ તારી શુદ્ધિ થઈ જે કારણથી બાલમુનિઓની સાથે એક ભાજનમાં તું જમ્યો. ॥૨૪૦॥ કોણ ગૃહસ્થ સાધુઓની સાથે એક સ્થાનમાં ભોજન કરવા માટે પામે, તેથી તું જ પુણ્યાત્મા છે અને તારું જીવન સાર્થક છે. ॥૨૪૧॥ જે મહર્ષિઓ ભોજન કરતા જોવા પણ મળી શકતા નથી. તેઓની સાથે આજે ભોજન કરવાથી તું કોને વખાણવા યોગ્ય નથી. ॥૨૪૨॥ ખરેખર આ મુનિઓ ત્રણ જગતને વંદનીય, કુમાર એવા બ્રહ્મચારી છે. તેમના ચરણની રજ પાવનથી પણ પાવન છે. ॥૨૪૩॥

આ પ્રમાણે ચંદ્રગુપ્તને બોધ પમાડીને અને તે બે બાલમુનિને વિસર્જન કરીને ચાણિક્ય ત્યાં પાછળ ગયો અને ગુરુને ઠપકો આપ્યો. ॥૨૪૪॥ હે પ્રભુ ! આપના શિષ્યો પણ જો આ પ્રમાણે કરે છે તો અન્યત્ર કયાં પવિત્ર એવું ચારિત્ર હમણાં પ્રાપ્ત થશે. ॥૨૪૫॥ હવે તે ચાણિક્ય ગુરુ વડે કહેવાયો કે, તું શ્રાવક છે, તારા વડે સ્વર્ગમાં રહેલ તે શ્રાવક ચણ અને શ્રાવિકા ચણી હર્ષ પામશે. ॥૨૪૬॥ અહીં ઉત્કર્ષ પામેલ દુષ્કાલમાં અને ઉત્કર્ષને પામેલ વૈભવમાં તારા આવા પ્રકારના મહાદાનથી ભવરૂપી સમુદ્ર દુસ્તર નથી. ॥૨૪૭॥ આથી જ કલ્પવૃક્ષનું આચરણ કરનાર તારા જેવો શ્રાવક અહીં છે એ પ્રમાણે માનીને મારા વડે સઘળો ગચ્છ દેશાંતર મોકલાયો છે. ॥૨૪૮॥ મારા આ બંને બાલમુનિઓ આ પ્રમાણે જે વર્તે છે. આથી શ્રાવક એવા તારી મોટી પ્રસિદ્ધિ થશે. ॥૨૪૯॥ ગુરુએ શિષ્યોને પણ કહ્યું, તમારા બંને વડે અહો આ શું કરાયું ? મોટો પરિસહ આવ્યે છતે પણ ખરેખર સાધુઓ વડે આત્મા ત્યાગ કરવા યોગ્ય નથી. ॥૨૫૦॥ હાથી સાથેના સંઘટ્ટમાં હાથીનું શ્રેષ્ઠપણું, કસોટીના પથ્થર ઉપર સોનાનું શ્રેષ્ઠપણું જણાય છે તેમ ખરેખર સાત્ત્વિકોનું સારપણું સંકટમાં જણાય છે. ॥૨૫૧॥ ત્યાર પછી પ્રણામ કરીને તે બંને બાલમુનિઓએ પોતાના અપરાધને ખમાવ્યો અને કહ્યું, હે પ્રભુ ! ફરી અમે આ પ્રમાણે કરશું નહિ. અમારું દુષ્કૃત મિથ્યા થાઓ. ॥૨૫૨॥ આ સાંભળીને લજ્જા

પામેલા ચાણિક્યે ગુરુને કહ્યું, 'હે પ્રભુ ! તમારા વડે હું અનુશાસનરૂપી નાવડી વડે ભવરૂપી સમુદ્રથી ઉદ્ધાર કરાયો છું. ॥૨૫૩॥ આજથી માંડીને મારા ઘરમાં વિશુદ્ધ અશનાદિ વડે હંમેશાં અનુગ્રહ કરવા યોગ્ય છે. પ્રમાદીઓમાં શ્રેષ્ઠ એવો હું નિસ્તાર કરવા યોગ્ય છું. ॥૨૫૪॥ આટલા દિવસો ભક્તાદિ વડે ક્યાંયથી પણ ટેકો પ્રાપ્ત કરાયો, તેથી ક્ષમા છે ધન જેનું એવા આપના વડે મહેરબાની કરીને શિષ્યાણુ એવો હું ક્ષમા આપવા યોગ્ય છે. ॥૨૫૫॥

આ પ્રમાણે કહીને ગુરુને નમીને ચાણિક્ય ઘરે ગયો અને બંને મુનિઓ પણ તેના ઘરમાં અન્નાદિને સુખપૂર્વક ગ્રહણ કરતા હતા. ॥૨૫૬॥ એક દિવસ મિથ્યાદૃષ્ટિથી ઠગાયેલ ચંદ્રગુપ્તને જાણીને પોતાના પિતાની જેમ ચાણિક્યે પ્રિય કરવા માટે તેને શિખામણ આપી. ॥૨૫૭॥ હે વત્સ ! આ પાખંડીઓ આજીવિકાને માટે ધારણ કરેલા વ્રતવાળા, ખરાબ શીલવાળા, દયા વગરના પાપી છે. આઓનું નામ પણ ગ્રહણ ન કરાય. ॥૨૫૮॥ બહેડાના વૃક્ષની જેમ આઓની છાયા પણ ત્યાગ કરવા યોગ્ય છે. વળી, આઓની પૂજાની વાર્તા કાનમાં તપેલા સીસાની જેવું આચરણ કરે છે. ॥૨૫૯॥ કષાય-વિષયરૂપી શત્રુઓની રાજધાની સમાન આ અધર્મિઓને વિષે દાન કરવું તે હે વત્સ ! રાખને વિષે આહુતિના સમાન થાય છે. ॥૨૬૦॥ આ લોકો પોતાને અને પોતાના ભક્તોને મૂર્ખ નિર્યામકની જેમ ભવરૂપી સમુદ્રમાં પાડે છે. તેથી આઓને તું પાપની જેમ છોડ. ॥૨૬૧॥ તે સાંભળીને ચંદ્રગુપ્તે કહ્યું, તમારી વાણી મારે મસ્તક ઉપર છે. પરંતુ હે પિતા ! આવા પ્રકારની આ લોકોની ક્રિયા તમોને પ્રત્યક્ષ છે ? અથવા સાંભળેલી છે ? ॥૨૬૨॥ ચાણિક્યે કહ્યું, આ લોકોનું દુરાચારપણું મને સર્વથા પ્રગટ છે. તને પણ હું તે પ્રકારે પ્રત્યક્ષ કરીને જણાવીશ. ॥૨૬૩॥

હવે એક દિવસ મંત્રીએ રાજાની આગળ પોત-પોતાના ધર્મને કહેવા માટે સઘળા પાખંડીઓને બોલાવ્યા. ॥૨૬૪॥ એકાંતમાં અંતઃપુરની નજીકના સ્થાનમાં તેઓને બેસાડ્યા અને ત્યાં બુદ્ધિશાલી એવા તેણે પહેલા લોટના ચૂર્ણને નંખાવ્યું. ॥૨૬૫॥ અને જ્યાં સુધી રાજા આવ્યા ત્યાં સુધી તે સર્વે પણ અજીતેન્દ્રિયો ઊઠીને જાલિકાના દ્વાર વડે રાજાની સ્ત્રીઓને જોતા હતા. ॥૨૬૬॥ અને રાજાને આવતા જોઈને મુદ્રાને ધારણ કરીને બેઠા અને પોત-પોતાના ધર્મને કહેવા માટે રાજાની આગળ ગયા. ॥૨૬૭॥ હવે બુદ્ધિશાલી એવા ચાણિકયે લોટના ચૂર્ણની ઉપર તેઓના પગના પ્રતિબિંબો રાજાને ત્યાં ત્યાં બતાવતા કહ્યું. ॥૨૬૮॥ જો, સ્ત્રીઓમાં લોલુપતાવાળા આઓ જ્યાં સુધી તમે આવ્યા ત્યાં સુધી જાલિકાની પાસે રહી-રહીને તમારા અંતપુરને જોતા હતા. ॥૨૬૯॥ ચંદ્રગુપ્ત પણ તેઓની તે દુઃશીલપણાની ચેષ્ટા જોઈને જુઠી સ્ત્રીઓને વિષે જેમ વિરક્તિ પામે જલ્દી તેઓને વિષે વિરક્તિને પામ્યો. ॥૨૭૦॥ ત્યાં જ તે લોટના ચૂર્ણને સમાન કરીને મંત્રીએ બીજે દિવસે તે જ પ્રમાણે શ્વેત વસ્ત્રવાળા મુનિને બોલાવીને બેસાડ્યા. ॥૨૭૧॥ ધ્યાન અને મૌનમાં તત્પર એવા તે મુનીન્દ્રો પોતાની મુદ્રા વડે જિતેન્દ્રિય પણાથી બિંબની જેમ સ્થાનમાં રહેલા જ રહ્યા. ॥૨૭૨॥ ઈર્યાસમિતિમાં લીન, સમતાથી વાસિત ચિત્તવાળા તેઓ પણ આવેલા રાજાને ધર્મ કહેવા માટે ગયા. ॥૨૭૩॥ ચાણિક્યે હવે ચંદ્રગુપ્તને કહ્યું, હે રાજન્ ! જો, આ મુનિઓના પગલા અહીં ક્યાંય દેખાતા નથી. ॥૨૭૪॥ જિતેન્દ્રિય એવા તેઓ સ્ત્રીને અહીં આવીને જોતા હતા, સિદ્ધિરૂપી લક્ષ્મીના સંગના અર્થી આઓના સ્ત્રીને વિષે તૃણની બુદ્ધિ છે. ॥૨૭૫॥ ત્યારથી માંડીને સુસાધુઓને વિષે દૃઢ ભક્તિવાળો-જોયેલા શુદ્ધ આચારવાળો પરમ શ્રાવક થયો. ॥૨૭૬॥

એક દિવસ ચાણિક્યે વિચાર્યું કે, તે બાલ સાધુની જેમ કોઈક જો અદૃશ્યરૂપે રાજાને વિષ આપે તો તે સારું ન થાય. ॥૨૭૭॥ આ પ્રમાણે વિચારીને તે વિષ મિશ્રિત ભાત પ્રમાણસર દરરોજ રાજાને જમાડતો હતો. ॥૨૭૮॥ રાજાને ગર્ભને ધારણ કરનારી ધારિણી નામની મહાદેવી છે. તેણીને રાજાની સાથે એક થાલીમાં ભોજન કરવાનો દોહદ થયો. ॥૨૭૯॥ તે ભોજન પ્રાપ્ત નહિ થયે છતે તેણી બીજના ચંદ્રની જેમ દુર્બળ થઈ અને તેવા પ્રકારની તેણીને જોઈને રાજાએ પૂછયું. ॥૨૮૦॥ શું તારું કાંઈ પૂર્ણ થતું નથી અથવા કોઈએ તારી આજ્ઞાને શું ખંડિત કરી છે. અથવા શું કોઈના વડે તું પરાભવ પમાયેલી છે. જેથી હે દેવી ! તું આ પ્રમાણે દુર્બળ થઈ છે. ॥૨૮૧॥ તેણીએ કહ્યું, દુર્બલતા માટે આમાંનું એકપણ કારણ નથી. પરંતુ હે દેવ ! તમારી સાથે એક થાલીમાં ભોજન કરવા માટે મને દોહદ થયો છે. ॥૨૮૨॥ રાજા વડે કહેવાયું, હે દેવી ! વિશ્વાસવાળી થા તે દોહદ પૂર્ણ કરાશે, બીજે દિવસે રાજાએ તેને સાથે ભોજન કરવા માટે બોલાવી. ॥૨૮૩॥ ચાણિક્યે કહ્યું, 'હે વત્સ ! તું રાણીને પોતાનું ભોજન આપ નહિ. કારણ કે, તારો આ સર્વે આહાર વિષથી મિશ્રિત છે. ॥૨૮૪॥ ત્યાર પછી દરરોજ માંગતી એવી રાણીને એક દિવસ રાજાએ ચાણિક્ય નહિ આવતે છતે એક કવલ આપ્યો. ॥૨૮૫॥ જેટલામાં તે કવલને તે દેવી ખાય છે તેટલામાં ચાણિક્ય આવ્યો અને ભોજન કરતી તેણીને જોઈને કહ્યું, આ પોતાની જ વૈરિણી તેં આ શું કર્યું. ॥૨૮૬॥ **સર્વનાશ ઉત્પન્ન થયે છતે પંડિત પુરુષ અર્ધને ત્યજે છે. આથી વિષથી બંનેનું મૃત્યુ પ્રાપ્ત થયે છતે હું એકને જીવાડું છું.** ॥૨૮૭॥

આ પ્રમાણે બોલતા છરી છે હાથમાં જેણે એવા તેણે તેણીના ઉદરને ફાડીને રોહણાચલની પૃથ્વીમાંથી રત્નની જેમ ત્યારે પુત્રરત્નને ખેંચ્યો. ॥૨૮૮॥ હવે ઘી આદિની મધ્યમાં તેને રાખીને અધૂરા દિવસો પૂરા કરાવ્યા અને તેની માતા ધારિણીના મૃતકાર્યને કરાવ્યું. ॥૨૮૯॥ અને ભોજન કરતી માતાનું તે બિંદુ બાળકના મસ્તક પર પડ્યું. હવે તે મસ્તકના ભાગમાં તેને ઉખર ભૂમિમાં ધાન્યની જેમ વાળ ઊગતા નથી. ॥૨૯૦॥ આથી જ તેનું **બિંદુસાર** એ પ્રમાણે નામ કર્યું. હવે વૃદ્ધિ પામતો અને ભણતો તે ચંદ્રની જેમ સંપૂર્ણ કલામય થયો. ॥૨૯૧॥ એક દિવસ રાજા મૃત્યુ પામતે છતે બિંદુસાર રાજા થયો. હવે ઉનાળાના સૂર્યની જેમ હંમેશાં પ્રતાપ વડે તે વૃદ્ધિ પામ્યો. ॥૨૯૨॥ હવે તે પણ માતાની જેમ ધાવ માતા વડે શિક્ષા પામતો. હંમેશાં બીજા ચંદ્રગુપ્તની જેમ ચાણિક્યને આરાધે છે. ॥૨૯૩॥ એક વખત નંદના મંત્રી સુબંધુ વડે એકાંતમાં રાજા કહેવાયો કે, હે દેવ ! મંત્રી પણે નહિ સ્થપાયેલ પણ હું કાંઈ કરું છું. ॥૨૯૪॥ હે સ્વામી ! જો કે અમારી વાણીની કિંમત નથી તો પણ ખરેખર આ પટ્ટને હિતકારી કહેવા માટે મારી જીલ્વા ખણજને અનુભવે છે. ॥૨૯૫॥ હે દેવ ! જે આ ચાણિક્ય મંત્રી અતિભયંકર છે તે એ વડે તારી માતા ઉદરને ફાડીને મરાઈ છે. ॥૨૯૬॥ તેથી હે રાજન્ ! પોતાનો આત્મા પણ તારા વડે યત્નથી રક્ષણ કરવા યોગ્ય છે. હવે તેણે તે વાર્તાને પૂછી તેણી એ પણ કહ્યું, આ પ્રમાણે હતું. ॥૨૯૭॥ તેથી ચાણિક્ય સામે આવતે છતે ક્રોધિત થયેલ તે પરાઙ્મુખ થયો. ખલ પ્રવેશને જાણીને ચાણિક્ય પણ ઘરે ગયો. ॥૨૯૮॥ બાળકને પ્રજ્ઞાપન વડે સર્યું. હમણાં મારે આરંભ વડે શું ? અવશ્ય મરવા યોગ્ય છે તો ભાથા વિના શા માટે મરાય ? ॥૨૯૯॥

આ પ્રમાણે વિચારીને રાજ્યની આકાંક્ષાને છોડીને ચાણિક્ય વડે પોતાના સઘળા ધનને સુબીજની જેમ સાતક્ષેત્રમાં વવાયું. ॥૩૦૦॥ હવે ઈષ્ટ-સ્વજનાદિઓને ઔચિત્યપૂર્વક ઉપકાર કરીને અને અનાથ-દીન દુઃખીઓને અનુકંપા વડે દાનને આપીને. ॥૩૦૧॥ ચોથી બુદ્ધિ વડે વિચારીને શત્રુઓને પ્રતિકારમાં સમર્થ પત્રક અને ગન્ધચૂર્ણને મધ્યથી મધ્યમાં સ્થાપીને. ॥૩૦૨॥ બહાર જઈને ગાયને રહેવાની ભૂમિમાં અનશનને

કરીને ઇંગિની મરણની ઇચ્છા વડે બળતા અંત:કરણવાળા તે રહ્યા. ॥૩૦૩॥ અને તે સાંભળીને ધાત્રી વડે રાજા કહેવાયો. હે વત્સ ! શા માટે તને પ્રાણ આપનાર અને રાજ્યને આપનાર મંત્રી અવજ્ઞા કરાયો. ॥૩૦૪॥ તેના મુખથી તે સર્વે સ્વરૂપને સાંભળીને ત્યારે રાજા ત્યાં જઈને ચાણિક્યના પગમાં પડીને ભક્તિવાળા તેણે કહ્યું. ॥૩૦૫॥ હે પિતા ! તમે અજ્ઞાનતા વડે મારાથી અવજ્ઞા કરાયેલ છો. તેથી મારો ત્યાગ ન કરો. બાળક ખોળામાં વિષ્ટાને કરે તો પણ શું તે ત્યજાય છે. ॥૩૦૬॥ તેથી મહેરબાની કરો. ઘરે આવો અને પોતાના સામ્રાજ્યનું શાસન કરો. તેણે કહ્યું, હે વત્સ ! તેનાથી મારે સર્યું હું હમણાં અનશની છું. ॥૩૦૭॥ ત્યાર પછી રાજા જાણે પોતાનું સર્વસ્વ ન ગયું હોય તેમ રડતો. હા હું અકૃતજ્ઞ થયો એ પ્રમાણે વારંવાર પોતાની નિંદા કરતો પાછો વળીને ગયો. ॥૩૦૮॥

સુબન્ધુએ વિચાર્યું કે જો આ કદાચ પાછો ફરે તો મારા વર્ગને મૂલ સહિત નિશ્ચે ખેંચે છે અર્થાત્ નાશ કરે. ॥૩૦૯॥ આ પ્રમાણે વિચારીને અશ્રુ સહિત ગદ્‌ગદ્‌પૂર્વક શઠ એવા તેણે રાજાને કહ્યું, હે દેવ ! વિચાર્યા વગર કરવાથી ભાગ્યથી આ મોટો અનર્થ થયો. ॥૩૧૦॥ દેવની આજ્ઞાથી સમતામાં મગ્ન ચિત્તવાળા ચાણિકયની પૂજાદિ વડે ભાવની વૃદ્ધિને કરું છું. ॥૩૧૧॥ ત્યાર પછી રાજાની અનુમતિ વડે દાંભિક એવો તે સંધ્યાકાળે આવીને પૂજાને કરીને તેની પાસે ધૂપ અંગારને સ્થાપી ખરાબ બુદ્ધિવાળો તે ગયો. ॥૩૧૨॥

તે અગ્નિ વડે તપવા છતાં પણ મહાન તપવાળો ચાણિક્ય દુષ્કર્મને ગળવામાં સર્પિણી સમાન ભાવનાને ભાવતો હતો. ॥૩૧૩॥ વિષ્ટા-મૂત્ર-પરસેવો-મેલાદિ દુર્ગંધથી યુક્ત અને અતિ બીભત્સ એવા શરીરને વિષે હે જીવ તું પ્રેમને ન કર. ॥૩૧૪॥ પુણ્ય-પાપ આ બંને જીવની સાથે જાય છે. પણ કૃતઘ્ન એવું શરીર જરા પણ સાથે જતું નથી. ॥૩૧૫॥ તારા વડે પૂર્વે નરકમાં જે અતિ ઉગ્ર વેદના સહન કરાઈ. તેના લાખમા ભાગે પણ આ અગ્નિ સંબંધી વેદના તને નથી. ॥૩૧૬॥ તિર્યંચપણામાં તારા વડે અનેક પ્રકારે જે વેદના પહેલા અનુભવાઈ છે. તે (વેદનાઓ) ને તિર્યંચોમાં સાક્ષાત્ જાણે જોતો એવો તું (જીવ) અગ્નિથી ઉત્પન્ન થયેલી પીડાને સહન કર. ॥૩૧૭॥ હે જીવ ! પ્રાપ્ત થયેલ ધર્મવાળો અને મનુષ્ય એવો તું જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી પ્રસ્થાનમાં રહેલ સુંદર મનવાળો અરિહંતના વચનને યાદ કર. ॥૩૧૮॥ **જીવ એકલો ઉત્પન્ન થાય છે અને મરે છે પણ એકલો જ, સંસારમાં પણ એકલો ભમે છે અને એકલો મોક્ષ પામે છે.** ॥૩૧૯॥ **હમણાં હું જ્ઞાન-દર્શન અને ચારિત્રની જ શ્રદ્ધા કરું છું. આજથી માંડીને જીવન પર્યન્ત સર્વે સંસારની ઈચ્છાઓને વોસિરાવું છું.** ॥૩૨૦॥ **મારા વડે હિંસા-મૃષાવાદ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ તથા ચારે પ્રકારના આહારનું હમણાં ત્રણ પ્રકારે પ્રત્યાખ્યાન કરાય છે.** ॥૩૨૧॥ **હું સર્વે જીવોને ખમાઉં છું તે સર્વે જીવો મને ક્ષમા આપો. મારે સર્વે જીવોને વિષે મૈત્રી છે મારે કોઈની સાથે વૈર નથી.** ॥૩૨૨॥ **મારા અનેક પ્રકારના જે અપરાધોને સર્વજ્ઞો જાણે છે તે સર્વે અપરાધોને અરિહંતાદિને સાક્ષીરૂપ કરીને હું આલોચું છું.** ॥૩૨૩॥ **છદ્મસ્થ-મૂઢ ચિત્તવાળો જીવ જે દુષ્કૃત યાદ કરે અથવા ન કરે તે સત્યના પક્ષથી હમણાં સર્વે દુષ્કૃતો મિથ્યા થાઓ.** ॥૩૨૪॥ **તે દુષ્કૃતને નિંદતો અને સુકૃતોની અનુમોદના કરતો સિદ્ધિના સોપાન સમાન ચાર શરણાનો આશ્રય કરું છું.** ॥૩૨૫॥ **સિદ્ધની સાક્ષીએ આલોચનાને કરીને પંચ નમસ્કારને સ્મરણ કરતો દુર્બળ થઈ ગયા છે દુષ્કર્મ જેના એવો ચાણિક્ય સ્વર્ગને પામ્યો.** ॥૩૨૬॥

એક દિવસ સુબંધુ વડે રાજા વિજ્ઞપ્તિ કરાયો. હે દેવ ! ચાણિક્યના ઘર વડે મને મહેરબાની કરો. ત્યાર પછી રાજાએ પણ આપ્યું. ॥૩૨૭॥ હવે સુબંધુ ત્યાં ગયો. સર્વ પ્રકારે શૂન્ય એવા આખા ઘરમાં બંધ કરેલ

દ્વારવાળા એક જ ઓરડાને જોયો. ॥૩૨૮॥ અહીં સર્વસ્વ હશે આ પ્રમાણે વિચારતા એવા તેણે દ્વારને ઊઘાડ્યું. હવે અંદર પેટીને જોઈ. ॥૩૨૯॥ અરે આમાં સારભૂત રત્નો હશે. આ પ્રમાણે વિચારણા વડે તાળાને ભેદીને પેટી ઉઘાડીને અંદર સુગંધી ડબ્બીને જોઈ. ॥૩૩૦॥ હં ! (હોંકારો દેવા અર્થમાં અવ્યય) હું જાણું છું, બીજકો અહીં હશે એ પ્રમાણે વિચારતા એવા તેણે તે પેટીને ઉઘાડીને જોતા પત્ર સહિત ગંધોને જોઈ. ॥૩૩૧॥ ત્યાર પછી અતિ સુગંધી તે ગંધોને સૂંઘીને હવે પત્રકને વાંચતા તેમાં ગંધને સૂંઘ્યા પછીની ક્રિયાને જોઈ. ॥૩૩૨॥ જે બુદ્ધિશાલી આ ગંધોને સૂંઘીને શીતલ જલને પીવે છે તે તિરસ્કૃત કર્યું છે અમૃતને જેણે એવા સર્વરસવાળા ભોજનને ખાય છે. ॥૩૩૩॥ કર્પૂર-કુસુમાદિની સુગંધી ગંધને સૂંઘે છે સ્પૃહા સહિત મનોહર રૂપોને બારીકાઈથી જુવે છે. ॥૩૩૪॥ વીણા-વેણુના અવાજથી મિશ્ર મનોહર ગીતોને સાંભળે છે અને વિલાસ સહિતની સ્ત્રીના સંગની લાલસાવાળો વારંવાર થાય છે. ॥૩૩૫॥ ઘણું કહેવા વડે શું ? પાંચે વિષયોમાંના મનોહર એવા એક વિષયને પણ જે ભોગવે છે. જલ્દી તે યમનો અતિથિ થાય છે. ॥૩૩૬॥ જે વળી મુંડિત મસ્તક અને મુખવાળો - અંતપ્રાન્ત ભોજન કરનાર મલિન વસ્ત્રવાળો સ્નાન નહિ કરનારો મુનિની વૃત્તિ વડે જ વર્તે છે તે અહીં જીવે છે. ॥૩૩૭॥ હવે તે અર્થની પરીક્ષા માટે સુબંધુ વડે કોઈક પુરુષ ગંધને સૂંઘાડીને સર્વ ઈન્દ્રિયોના સુખો સાથે જોડેલો મૃત્યુ પામ્યો. ॥૩૩૮॥

હવે તેણે વિચાર્યું મારી બુદ્ધિને ધિક્કાર થાઓ. ખરેખર ચાણિક્ય જ બુદ્ધિમાન છે કે મરેલા એવા પણ તેના વડે હું આ પ્રમાણે જીવતો મરેલો કરાયો. ॥૩૩૯॥ ત્યાર પછી મુનિવેષવાળો નટની જેમ ભાવથી રહિત રહીને અભવ્ય અને પાપી એવો તે અનંત ભવોમાં ભમશે. ॥૩૪૦॥

અને ઉજ્જ્વલ રાજ્યને કરતા રાજા બિંદુસારને પૃથ્વી તિલકા નામની મહાદેવીથી પુત્ર થયો. ॥૩૪૧॥ સુંદર કાંતિવાળો, અત્યંત મનોરમ્ય, સજ્જનોની શ્રેણીમાં પ્રિયપણાને પામેલો, હર્ષરૂપી લક્ષ્મીવાળો, કૌતુકી સફળ ઉદયવાળો એવો અશોકશ્રી (નામથી) થયો. ॥૩૪૨॥ હવે થાક્યા વગર ભણતો, સંક્રાંત થયેલ નવયૌવનવાળો - ગુણવાન એવો તે રાજા વડે યુવરાજ પદે સ્થપાયો. ॥૩૪૩॥ ક્રમથી રાજા મૃત્યુ પામતે છતે સામન્ત-સચિવાદિ વડે રાજ્યની ધુરાને વહન કરવામાં સમર્થ એવો તે રાજ્ય ઉપર સ્થાપન કરાયો. ॥૩૪૪॥ તેને પણ પુણ્યના સ્થાનભૂત કુણાલ આ પ્રમાણે પુત્ર હતો. જે જન્મતાની સાથે જ પિતા વડે યુવરાજ પદે કરાયો. ॥૩૪૫॥ વિમાતાવાળા આને વિમાતાથી અહીં કાંઈ ન થાઓ. આ પ્રમાણે વિચારીને પુત્ર વત્સલ એવા રાજાએ કુણાલને ચતુરંગ સેનાથી યુક્ત પ્રધાન અમાત્યોની સાથે કુમારને ભોગવવા માટે અપાયેલી અવંતિનગરમાં મોકલ્યો. ॥૩૪૬, ૩૪૭॥ સ્નેહના અતિશયથી રાજા ત્યાં દરરોજ પોતાના હાથથી લખેલા લેખને આદર સહિત મોકલતો હતો. ॥૩૪૮॥

એક દિવસ કલાને યોગ્ય કુમારને જાણીને રાજાએ અમારો આ પુત્ર ભણાવાય, આ પ્રમાણે મંત્રીઓને લેખમાં લખ્યું. ॥૩૪૯॥ નહીં સૂકાયેલા અક્ષરવાળા તે લેખને વાળ્યા વગર જ ત્યાં સ્થાનમાં મૂકીને રાજા દેહની ચિંતા વડે ગયો. ॥૩૫૦॥ કોઈ રાણીએ તે લેખને જોઈને વિચાર્યું કે, અત્યંત આદર પામેલ રાજા આ પ્રમાણે કોના માટે સ્વયં આ લેખને લખે છે. ॥૩૫૧॥ તેથી તેને વાંચીને પોતાના પુત્રને માટે રાજ્યને ઈચ્છનારી એવી રાણીએ અકારની ઉપર બિંદુ કરીને તે જ પ્રમાણે તે લેખને સ્થાપન કર્યો. ॥૩૫૨॥ હવે કોઈપણ પ્રકારે વ્યગ્ર ચિત્તવાળા આવેલા તે રાજા વડે લેખ વાંચ્યા વગર જ બંધ કરીને મોહ પામીને મોકલ્યો. ॥૩૫૩॥ કુમારે પણ તે લેખને પ્રાપ્ત કરીને વાંચનારને અર્પણ કર્યો. તે મનમાં જ વાંચીને વળી મૌન વડે

રહ્યો. ॥૩૫૪॥ હવે કુમાર વડે કહેવાયું કેમ જલ્દી તું વાંચતો નથી ? તો પણ નહિ બોલતા એવા તેની પાસેથી સ્વયં ગ્રહણ કરીને વાંચ્યો. ॥૩૫૫॥ અમારો આ પુત્ર અંધ કરાય આ પ્રમાણે જોઈને વાહકોને કહ્યું, મૌર્યવંશમાં ઉત્પન્ન થયેલ રાજાની આજ્ઞા કોઈના પણ વડે ખંડિત કરાઈ નથી. ॥૩૫૬॥ આથી લેખના અર્થને હું કરીશ. હવે મંત્રીઓએ તેને કહ્યું, હે દેવ ! ફરી પૂછીને કાર્ય કરવા યોગ્ય છે. તેણે કહ્યું, વિચારવા વડે શું ? ॥૩૫૭॥ આ પ્રમાણે કહીને એકાએક જ અત્યંત તપેલી લોખંડની સળી વડે, ભવિતવ્યતા વડે જ કહેવાયેલા એવા આણે આંખને સ્વયં આંજી. ॥૩૫૮॥ અને તે સાંભળીને રાજા જલ્દી દુઃખરૂપી સાગરમાં પડ્યો અને વિચાર્યું. અહો ! દુર્ગમ એવા ભાગ્યના ઉછાળાને ધિક્કાર થાઓ. ॥૩૫૯॥ હર્ષના ઉછાળાથી મૂર્ચ્છિત મનવાળાઓ વડે અન્ય પ્રકારે વિચારાય છે. તે આ કાર્યનો આરંભ વિધિના વશથી અન્ય પ્રકારે થાય છે. ॥૩૬૦॥ જે દૈવ કરે છે તે જ નિશ્ચે થાય છે. આથી આ કરાશે આ નહિ કરાય, આ પ્રમાણેની મનુષ્યોની ચિંતા ફોગટ છે. ॥૩૬૧॥ ત્યાર પછી અંધ ખરેખર રાજ્યને યોગ્ય નથી, તેથી તેને ગ્રામ આપ્યું અને તેની વિમાતાના પુત્રને ઉજ્જયિનીનું રાજ્ય આપ્યું. ॥૩૬૨॥ અને પરંપરા વડે તે વિમાતાનું પ્રગટપણું જાણીને કુણાલ હૃદયમાં ઉપાલંભ આપે છે કે ધૃષ્ટ શું કરે ? ॥૩૬૩॥ હવે ત્યાં ગામમાં કાર્ય રહિત, અલ્પ પરિવારવાળો ભાગ્યના ગીતની પ્રસક્તિ વડે દિવસોને પૂર્ણ કરતો રહેલો છે. ॥૩૬૪॥

તેટલામાં તે ધર્મના પ્રભાવથી તે રંકનો જીવ શરદ ઋતુની કાંતિવાળો કુણાલની ભાર્યાના ગર્ભમાં ઉત્પન્ન થયો. ॥૩૬૫॥ બે માસ પસાર થયે છતે દેવ-ગુરુના પૂજનનો તેણીને દોહદ ઉત્પન્ન થયો અને કુણાલ વડે તે પૂર્ણ કરાયો. ॥૩૬૬॥ હવે દિવસો પૂર્ણ થયે છતે તેણીએ પુત્રને જન્મ આપ્યો અને પુત્રના જન્મથી પ્રિયદાસી વડે કુણાલ વધામણી અપાયો. ॥૩૬૭॥ ત્યાર પછી વિમાતાના મનોરથને હું વિફલ કરું છું અને પોતાના તે રાજ્યને ગ્રહણ કરું છું, આ પ્રમાણે વિચારીને ત્યારે જ તે કુણાલ ગ્રામથી નીકળ્યો અને પાટલીપુત્રને પ્રાપ્ત કર્યું અને રાજમાર્ગની સમીપમાં રહેલ ગોષ્ઠીમાં ગાતો હતો. ॥૩૬૮, ૩૬૯॥ તેના સ્વરના સૌંદર્યના કિરણો વડે જ નિયંત્રિત થયેલા ત્યાં જે જે ફરતા હતા તે તે સ્થિર થતા હતા. ॥૩૭૦॥ તેના ગુણો વડે રંજિત થયેલ સર્વે જન એક મુખે પ્રશંસા કરતા હતા. હાહાહૂહૂ વિગેરે (ગાંધર્વ દેવો)ને આના જ શિષ્ય માનતા હતા. ॥૩૭૧॥ તેના ગુણની વાતો રાજાની સભામાં પણ થઈ. રાજાએ પણ તેને બોલાવ્યો. આશ્ચર્યમાં કોને કૌતુક ન થાય ? ॥૩૭૨॥ તે પણ હવે રાજાની આગળ આવીને પડદાની અંદર ગાતો હતો. કારણથી રાજાઓ વિકલ અંગવાળા પ્રાણીઓને જોતા નથી. ॥૩૭૩॥ તેના અતિશયવાળા તે ગીત વડે ખુશ થયેલા રાજાએ તેને કહ્યું કે હે ! તું વરદાન માંગ, તેણે પણ ગીત વડે જ કહ્યું ॥૩૭૪॥ ચંદ્રગુપ્તનો પ્રપૌત્ર અને બિંદુ સારનો પૌત્ર અશોકશ્રી પુત્ર અંધ આ કાકિણીને માંગે છે. ॥૩૭૫॥ તે સાંભળીને રાજાએ આંસુ પાડ્યા. તે પડદાને દૂર કરીને કુણાલને ખોળામાં બેસાડીને કહ્યું, હે વત્સ ! તારા વડે અલ્પ મંગાયું. ॥૩૭૬॥ હવે મંત્રીઓએ ત્યાં કહ્યું, હે દેવ ! અલ્પ નથી મંગાયું. ખરેખર રાજપુત્રોના રાજ્યને કાકિણી કહેવાય છે. ॥૩૭૭॥ રાજાએ કહ્યું, મારા વડે આનું જ રાજ્ય થાય આ પ્રમાણે સંકલ્પ કરાયો હતો. પરંતુ ભાગ્ય અવળું થયું. તેથી આને તે કેવી રીતે અપાય. ॥૩૭૮॥ કુણાલે કહ્યું, હે પિતા મારો પુત્ર રાજ્યને કરશે. રાજાએ કહ્યું, તારે ક્યારે પુત્ર થયો ? તેણે કહ્યું, હમણાં થયો. ॥૩૭૯॥ તેથી રાજાએ ત્યારે જ તેનું નામ **સંપ્રતિ** કર્યું. દશ દિવસ પછી તેને બોલાવીને પોતાનું રાજ્ય આપ્યું. ॥૩૮૦॥ ક્રમથી શ્રેષ્ઠ પ્રૌઢતાને પામેલા તેણે અર્ધભરતને સાધ્યું અને અનાર્યદેશોને પણ પોતાને વશ કર્યા. ॥૩૮૧॥

ચક્રવર્તીની જેમ સાધ્યું છે સમસ્ત પૃથ્વીચક્રને જેને એવા **સંપ્રતિ**ની ઉંચા જયવાળી ઉજ્જયિની નગરીમાં એક દિવસ, સંયમ યાત્રા વડે જીવંત સ્વામીની પ્રતિમાને વંદન કરવા માટે **મહાગિરિ** અને **સુહસ્તિ** નામના આચાર્ય ક્રમથી ત્યાં આવ્યા. ॥૩૮૨, ૩૮૩॥ ત્યારે અંતરંગ શત્રુઓને જીતવાની ઈચ્છાવાળો, સુંદર અવાજવાળા વાજિંત્રો વડે જીવન્ત સ્વામીનો રથ નીકળ્યો. ॥૩૮૪॥ મહાગિરિ અને સુહસ્તિ વડે અને સંઘ વડે પરિવરેલો પ્રાકામ્ય સિદ્ધની જેમ સ્ખલના રહિત ઇચ્છા પ્રમાણે નગરીમાં ભમતો (તે રથ) રાજાના મહેલના દ્વારમાં મહોત્સવ સહિત આવ્યો. ઝરુખામાં રહેલ રાજાએ પણ આર્યસુહસ્તિસૂરિને જોયા અને મેં તેમને જોઈને રાજાએ આ પ્રમાણે વિચાર્યું કે પહેલા ક્યાંક આમને જોયા છે. પરંતુ કયાં જોયા છે ? આ પ્રમાણે વિચારતો રાજા મૂર્ચ્છા વડે પડ્યો. ॥૩૮૫, ૩૮૬, ૩૮૭॥ હવે પાસે રહેલા સ્વજનો વડે ચંદનાદિથી સીંચાયેલ, પંખાદિ વડે જીવિત કરાયેલ, સ્મરણ થયેલી પૂર્વની જાતિવાળો રાજા ઊઠ્યો. ॥૩૮૮॥ ત્યાર પછી ત્યારે જ બુદ્ધિશાલી એવા રાજા પૂર્વ ભવના તે ગુરુને જાણીને ત્યાં જઈને ભક્તિ વડે નમ્યા અને કરી છે અંજલિ એવા તેણે પૂછયું. ॥૩૮૯॥ હે ભગવન્ ! અરિહંતના ધર્મરૂપી કલ્પવૃક્ષનું ફલ શું ? તેઓએ કહ્યું, હે રાજન્ ! સ્વર્ગ-અપવર્ગનો લાભ તેનું ફલ છે. ॥૩૯૦॥ ફરી તેણે કહ્યું, હે પૂજ્ય ! અવ્યક્ત રીતે વ્રતથી ઉત્પન્ન થયેલ ફલ શું ? ગુરુએ પણ કહ્યું, હે રાજન્ ! રાજાદિકપણું તેનું ફલ છે. ॥૩૯૧॥ ત્યાર પછી વિશ્વાસ પામેલ રાજાએ કહ્યું, આપ મને જાણો છો કે નહિ ? ગુરુએ શ્રુતના ઉપયોગ વડે જાણીને રાજાને કહ્યું. ॥૩૯૨॥ તને અમે સારી રીતે ઓળખીએ છીએ. પૂર્વભવમાં તું અમારો શિષ્ય હતો. ત્યાર પછી હર્ષના પ્રકર્ષ વડે વંદન કરીને તેણે ગુરુને કહ્યું. ॥૩૯૩॥ ભવના ભ્રમણથી થાકી ગયેલ પ્રાણીને વિસામા માટે વૃક્ષ સમાન, કરુણતારૂપી અમૃતના મેઘ સમાન, શ્રુત રૂપી રત્નના મહાન ભંડાર સમાન ! ॥૩૯૪॥ હે સ્વામી ! ત્યારે જો આપે મારા ઉપર કૃપા ન કરી હોત તો હું ભૂખ અને તરસની પીડા વડે ક્યાંય પણ દુર્ગતિમાં ગયો હોત. ॥૩૯૫॥ આપના ચરણોની મહેરબાની વડે હે સ્વામી ! મારા વડે આ અદ્‌ભુત સામ્રાજ્ય પ્રાપ્ત કરાયું છે. તેથી હમણાં જે કરવા યોગ્ય હોય તેનો આદેશ કરો. ॥૩૯૬॥ તેથી ગુરુ વડે કહેવાયું, જૈનધર્મનું ફલ તારા વડે સાક્ષાત્ અનુભવાયું છે. તેથી હે વત્સ ! તેમાં જ તું આદર કર. ॥૩૯૭॥

ત્યાર પછી ભયરૂપી સમુદ્રને તરવા માટે શ્વેત વસ્ત્રવાળા વહાણ જેવા સમ્યક્ત્વ મૂલક શ્રાવક ધર્મને તેણે સ્વીકાર્યો. ॥૩૯૮॥ અરિહંતના ચરણોને અષ્ટપ્રકારી પૂજા વડે તે પૂજતો હતો, વ્યાખ્યાનરસના પાનમાં જ લાલસાવાળો તે ગુરુની ઉપાસના કરતો હતો. ॥૩૯૯॥ કંટાળ્યા વગર દાનને આપતો હતો. અરિહંતના સંઘની પૂજા કરતો હતો. રાજા સર્વત્ર પ્રતિબોધ પમાડીને દયાને પ્રવર્તાવતો હતો. ॥૪૦૦॥ ત્યારે દરેક ગામ અને દરેક નગરને તેને કરાવેલા મંદિર વડે ભૂમિ સર્વે અંગમાં મુક્તાફળના આભૂષણવાળી થઈ. ॥૪૦૧॥ ત્યારે સર્વે મિથ્યાદૃષ્ટિઓ પણ શ્રાવક થયા. જે કારણથી લોક રાજાને અનુસરનારો હોય છે તેમ આબાદી પુણ્યને અનુસરનારી હોય છે. ॥૪૦૨॥ હવે સુસાધુ અને શ્રાવક વડે પ્રતિબોધ કરવા માટે ત્યારે છેડાના રાજાઓ પણ સર્વે તેના વડે બોલાવાયા. ॥૪૦૩॥ અને તેઓ આવ્યા. રાજા વડે સ્વયં વિસ્તારથી ધર્મ કહીને તેઓ પણ સમ્યક્ત્વને ગ્રહણ કરાવી શ્રમણોપાસક કરાયા. ॥૪૦૪॥ તે પ્રમાણે જ રહેલા એવો તેઓની પાસે કેટલા સમય પછી વિહાર કરીને ફરી મહાગિરિ અને સુહસ્તી ગુરુ ત્યાં આવ્યા. ॥૪૦૫॥ ત્યારે ઉજ્જયિનીના મહાજનો વડે ચૈત્યમાં યાત્રા કરાઈ અને ત્યાર પછી રથયાત્રાનો મહોત્સવ પ્રારંભાયો. ॥૪૦૬॥ ત્યારે સંપ્રતિના સામ્રાજ્યમાં જૈન ધર્મ અત્યંત તેજવાળો હોતે છતે અતિ મોટા મહિમા વડે સ્થાનથી રથ નીકળ્યો. ॥૪૦૭॥

પુષ્પિત થયેલા બગીચાની જેમ પુષ્પો વડે, કલ્પવૃક્ષની જેમ ફલના સમૂહ વડે મહાન વસ્ત્રની દુકાનની જેમ પરિધાન કરેલા સેંકડો દુષ્યો વડે. ॥૪૦૮॥ યુદ્ધના વાજિંત્રના સમાન વાજિંત્રો વડે જાણે મોહને મૂંઝવતો દરેક ઘરમાં માંગલિકની જેમ પૂજાદિને ગ્રહણ કરતો. ॥૪૦૯॥ ઉલ્લાસ સહિત રાસડામાં આસક્ત સ્ત્રીઓ વડે યુક્ત આગળ ચારે બાજુએ વિકસ્વર શૃંગારવાળી અંગનાજનો વડે ગવાતો. ॥૪૧૦॥ સ્ત્રીઓના હાથથી ઊંચા કરાયેલ ચામરો વડે વીંજાતો, નારી'કુંજરની જેમ હર્ષિત થયેલા મનુષ્યો વડે જોવાતો. ॥૪૧૧॥ આ પ્રમાણે નિરુપમ ઉત્સાહ અને પ્રીતિવાળા થયેલા સઘળા નર અને દેવવાળો એવો જૈન મહારથ રાજાના આવાસના દ્વારમાં આવ્યો. ॥૪૧૨॥ ત્યાં આવીને સ્વયં સામંન્ત રાજાઓની સાથે તે રથને પૂર્ણ વિધિ વડે પૂજીને અને આગળ પુષ્પોને પાથરીને મહા પ્રભાવનાને કરતો. તેની પાછળ જઈને સંપ્રતિ રાજા તે રાજાઓને સર્વવિધિને બતાવીને ઘરે ગયો. ॥૪૧૩, ૪૧૪॥ ત્યાર પછી તેણે તે રાજાઓને કહ્યું, અમોને તમારા ધન વડે કાર્ય નથી. જો તમે મને સ્વામી માનો છો. તો આપ પણ હમણાં આ પ્રમાણે પોત-પોતાના દેશમાં સર્વત્ર બંને લોકમાં સુખ આપનારા ધર્મને પ્રવર્તાવો. જેથી મારી આ પ્રમાણે પ્રીતિ છે. ॥૪૧૫, ૪૧૬॥ ત્યાર પછી તેઓ પણ ત્યાં ગયા અને જૈનમંદિરોને કરાવ્યા ત્યાં રથયાત્રાના ઉત્સવથી અદ્‌ભુત યાત્રાને કરે છે. ॥૪૧૭॥ હંમેશાં સાધુની ઉપાસના કરે છે અને અમારિની ઘોષણા કરે છે. આથી ત્યાં પણ રાજાની અનુવૃત્તિ વડે લોક ધર્મમાં તત્પર થયો. ॥૪૧૮॥ અને ત્યાર પછી સાધુની ચર્યા વડે સાધુ-સાધ્વીને વિહાર કરવા માટે છેડાના દેશો પણ જાણે મધ્યના દેશો જેવા થયા. ॥૪૧૯॥

એક દિવસ સંપ્રતિએ વિચાર્યું. જો સાધુઓ અનાર્યદેશમાં વિહાર કરે તો ત્યાં પણ લોક ધર્મને જાણનાર થાય. ॥૪૨૦॥ હવે અનાર્ય રાજાઓને પણ રાજાએ આદેશ કર્યો. જેમ મારા ભટો ગ્રહણ કરે તેમ તમે મને કર આપો. ॥૪૨૧॥ ત્યાર પછી શીખવાડીને મુનિના વેષવાળા સુભટોને મોકલ્યા. તેઓ પણ ત્યાં ગયા અને તેઓને સાધુચર્યાનો ઉપદેશ આપ્યો. ॥૪૨૨॥ **આવતા એવા અમારી સામે આવવું અને જતા એવા એ મારી પાછળ જવું તથા ભૂમિ પર સ્થાપન કરેલા હાથ અને જાનુ વડે અમોને પ્રણામ કરાય છે. ॥૪૨૩॥ તથા અન્ન-પાન-શય્યા-વસ્ત્ર-પાત્રાદિ વસ્તુ અમોને બેંતાલીસ દોષો વડે રહિત અપાય. ॥૪૨૪॥ નમસ્કાર-શક્રસ્તવાદિ ભણાય છે. અરિહંતો ત્રણકાલ પૂજાય જીવોને વિષે દયાને કરાય. ॥૪૨૫॥ અને આ પ્રમાણે કરાયે છતે સંપ્રતિ રાજા સુપ્રસન્ન થશે. અન્યથા નહિ, તેથી રાજાને ખુશ કરવા માટે તેઓએ પણ તે સર્વે કર્યું.** ॥૪૨૬॥ હવે સુભટોએ પણ આવીને તે વૃત્તાંત રાજાને કહ્યો. ત્યાર પછી સંપ્રતિ રાજાએ પણ ગુરુને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી. ॥૪૨૭॥ હે પ્રભુ ! સુસાધુઓ અનાર્ય દેશમાં શા માટે વિહરતા નથી. ગુરુએ કહ્યું, ત્યાં મનુષ્યો અજ્ઞાની છે. તેથી વ્રત ન પળાય. ॥૪૨૮॥ રાજાએ કહ્યું, હે પ્રભુ ! તો તેમના આચારની પરીક્ષા કરવા માટે પહેલા ચરપુરુષોની જેમ આપના મુનિઓને મોકલો. ॥૪૨૯॥

ત્યાર પછી ગુરુએ રાજાના આગ્રહથી તે **અન્ધ્ર-દ્રમિલાદિ** દેશમાં કેટલાક મુનિઓને વિહરવા માટે આદેશ કર્યો. ॥૪૩૦॥ રાજાના વિશિષ્ટની જેમ તેઓને જોઈને તે અનાર્યો એ વસ્ત્ર-અન્ન-પાન-પાત્રાદિ વડે તે જ પ્રકારે તેઓને પડિલાભ્યા. ॥૪૩૧॥ તેમના શ્રાવકપણા વડે રંજીત થયેલા અને હર્ષવાળાએ તે મુનિઓ એ આવીને પોતાના ગુરુને સર્વે કહ્યું. ॥૪૩૨॥ આ પ્રમાણે સંપ્રતિ રાજાની સદ્ધર્મથી શુદ્ધ બુદ્ધિથી હંમેશાં સાધુના વિહાર વડે તેઓ પણ ભદ્રક પ્રકૃતિવાળા થયા. ॥૪૩૩॥ રાજાએ એક દિવસ પોતાના પૂર્વ જન્મના રંકપણાને યાદ કરીને નગરના ચારે દ્વારમાં દાનશાળઓને કરાવી. ॥૪૩૪॥ પોતાના અને પર આ પ્રમાણેના વિચાર

વિના ઇચ્છા પ્રમાણે નીવાર્યા વગર ત્યાં સર્વેને પણ હંમેશાં ભોજનને અપાય છે. ॥૪૩૫॥ અને ત્યાં વધેલા અન્નાદિને ત્યાંના અધિકારીઓ ગ્રહણ કરે છે. રાજા વડે પૂછાયેલા તેઓએ હવે પોતાને વધેલુ ગ્રહણ કરનારા કહ્યાં. ॥૪૩૬॥ રાજાએ તેઓને આદેશ કર્યો તમારા વડે યતિઓને આ પ્રાસુક અને એષણીય સર્વ વધેલા અન્નાદિ આપવા યોગ્ય છે. ॥૪૩૭॥ ભક્તિ વડે પરવશ થયેલ રાજા જાણે ક્રીત દોષને ન જાણતો હોય તેમ તેઓને આ પ્રમાણે કહ્યું કે મારા વડે તમને વૃત્તિ માટે ધન અપાશે. ॥૪૩૮॥ ત્યાર પછી રાજાની આજ્ઞા વડે તેઓ પણ સાધુઓને વધેલ અન્નને આપતા હતા અને તેઓ પણ આ અન્નાદિ ઔદ્દેશિક નથી એ પ્રમાણે ગ્રહણ કરતા હતા. ॥૪૩૯॥ હવે તેણે કંદોઈઓને વસ્ત્રના વ્યાપારીઓને, ગાંધીઓને તથા તેલ-ઘી-દહીં પાકેલા અન્ન-ફલાદિના વ્યાપારીઓને પણ આદેશ કર્યો. ॥૪૪૦॥ સાધુઓ જે જે ઈચ્છિતને ગ્રહણ કરે છે તે તે આપવા યોગ્ય છે અને તેના સઘળા મૂલ્યને વેચાતું લેનારની જેમ મારી પાસેથી ગ્રહણ કરવા યોગ્ય છે. ॥૪૪૧॥ હવે તેઓ પણ રાજપૂજ્ય સુસાધુઓને બોલાવી-બોલાવીને ભક્તિવાળાની જેમ ઈષ્ટ ઈષ્ટતમ વસ્તુઓને આપતા હતા. ॥૪૪૨॥ તે સર્વને દોષ સહિત જાણવા છતાં આર્યસુહસ્તિ પણ સ્નેહ વડે સહન કરતા હતા. **શિષ્યના મોહ વડે કોણ મોહિત ન થાય ? ॥૪૪૩॥** અને આ બાજુ ગચ્છના બહુલપણાથી અલગ ઉપાશ્રયમાં રહેલ ગુરુ મહાગિરીએ તે સર્વને જાણીને સુહસ્તિસૂરિને કહ્યું. ॥૪૪૪॥

હે આચાર્ય ! તું સંપૂર્ણ દશપૂર્વી હોવા છતાં પણ અનેષણીય-રાજપિંડને જાણતો હોવા છતાં પણ નહિ જાણનારની જેમ કેમ ગ્રહણ કરે છે ? ॥૪૪૫॥ સુહસ્તિસૂરિએ કહ્યું, હે ભગવન્ ! પૂજીતોના પૂજક એવા આ લોકો અમોને રાજપૂજ્ય જાણતા આદરપૂર્વક આપે છે. ॥૪૪૬॥ ત્યાર પછી માયાવાળા તેમને જાણીને રોષથી આર્ય મહાગિરિએ કહ્યું, આજથી માંડીને આપણા બંનેનો પરસ્પર વિસંભોગ કરું છું. અર્થાત્ માંડલી વ્યવહાર બંધ કરું છું. ॥૪૪૭॥ **સમાન આચાર અને સમાન ઈચ્છાવાળા સાધુઓની સાથે જ માંડલી વ્યવહાર હોય. વિપરીત સ્વરૂપવાળો હોવાથી તું અમારાથી બહાર છે અર્થાત્ અમારી માંડલીથી બહાર છે.** ॥૪૪૮॥ ત્યાર પછી ભયભીત થયેલ-વિનયથી નમ્ર અંગવાળા-કમ્પાયમાન શરીરવાળા કરેલી અંજલીવાળા સુહસ્તિસૂરિએ આર્યમહાગિરિને વંદન કરીને કહ્યું. ॥૪૪૯॥ હે પ્રભુ ! અપરાધવાળા મારા એક અપરાધને તમે ક્ષમા કરો. વળી ફરી નહિ કરવા વડે અહિં મારું મિથ્યા દુષ્કૃત થાઓ. ॥૪૫૦॥ ત્યાર પછી મહાગિરિએ કહ્યું, અહીં તારો શું દોષ ? ભગવાન્ વીરસ્વામીએ પહેલા સ્વયં આ કહ્યું હતું. ॥૪૫૧॥ **કે અહીં અમારી પરંપરામાં સ્થૂલભદ્રથી માંડીને પડતા પ્રકર્ષવાળી સાધુઓની સામાચારી થશે.** ॥૪૫૨॥ તે કારણથી અનંતર આપણે બંને તીર્થ પ્રવર્તક થયા. સ્વામીનું આ વચન તારા વડે સત્ય કરાયું. ॥૪૫૩॥ આ પ્રમાણે કહીને સદ્ભાવથી ખમેલ અપરાધવાળા તે આચાર્યને ફરી આર્ય મહાગિરી ગુરુએ સાંભોગિક કર્યા. ॥૪૫૪॥ અને સંપ્રતિ પણ કહેવાયો કે હે મહારાજ ! સુસાધુઓને રાજપિંડ કલ્પે નહિ અને અનેષણીય વિશેષથી ન કલ્પે. ॥૪૫૫॥ પહેલા પણ શ્રીયુગાદિ જિનેશ્વર વડે ભરત મહારાજાનો પણ રાજપિંડ સ્વયં ઈન્દ્રાદિની સાક્ષીએ નિષેધ કરાયેલ હતો. ॥૪૫૬॥ અને તેને પણ શ્રાવક-શ્રાવિકા જન દાન પાત્ર હતા. આ પ્રમાણે સ્વામી વડે કહેવાયું. તેથી હે વત્સ ! તું પણ તેઓના માર્ગને અનુસર. ॥૪૫૭॥ ગુરુની તે શિખામણને નિવૃત્તિની પતલાની જેમ ગ્રહણ કરીને પરમાનંદમાં મગ્ન એવો તે ધર્મને પાલતો હતો. ॥૪૫૮॥ આર્ય-અનાર્યદેશમાં મનુષ્યોના હૃદય સ્થાનકમાં પોતાની આજ્ઞાની જેમ તે સમ્યક્ત્વને વાવતો હતો અને વધારતો હતો. ॥૪૫૯॥ શ્રી સંપ્રતિ રાજા નિર્મલ સમ્યક્ત્વ મૂલક જિનરાજના ધર્મને સમ્યક્ પ્રકારે પાલીને હવે અનુપમ અમૂલ્ય એવી દેવલોકની

લક્ષ્મીને ભોગવીને ક્રમ વડે શુભ એકમતિવાળો તે મોક્ષમાં જશે. ॥૪૬૦॥ હે ભવ્યો ! અહીં વિશુદ્ધ એવા આ સમ્યક્ત્વ રત્નને પ્રાપ્ત કરીને નિવૃત્તિને પામવાની ઈચ્છાવાળાઓ વડે, તમારા વડે પણ નિર્મલ ચિત્તરંગથી સુપુત્રની જેમ હંમેશાં પાલન કરવા યોગ્ય છે. ॥૪૬૧॥

આ પ્રમાણે સમ્યક્ત્વમાં સંપ્રતિની કથા ॥૪૩॥૪૨૯॥

હવે સમ્યક્ત્વને યોગ્ય કોણ તે કહે છે.

भासामइबुद्धिविवे-गविणयकुसलो जियक्ख गंभीरो ।
उवसमगुणेहिं जुत्तो, निच्छयववहारनयनिउणो ।।४४।। (२५०)
जिणगुरुसुयभत्तिरओ, हियमियपियववयणजंपिरो धीरो ।
संकाइदोसरहिओ, अरिहो सम्मत्तरयणस्स ।।४५।। (२५१)

ગાથાર્થ : ભાષા-મતિ-બુદ્ધિ-વિવેક-વિનયમાં કુશલ, જિતેન્દ્રિય-ગંભીર ઉપશમ ગુણ વડે યુક્ત નિશ્ચય અને વ્યવહાર નયમાં નિપુણ.

જિનેશ્વર-ગુરુ-શ્રુતની ભક્તિમાં રક્ત, હિત-મિત-પ્રિય વચનને બોલનાર-ધીર તથા શંકાદિ દોષથી રહિત આત્મા સમ્યક્ત્વ રત્નને યોગ્ય છે.

ભાવાર્થ : ભાષા - સાવદ્યથી ઈતર અર્થાત્ નિરવદ્ય રૂપ, મતિ-યથાવસ્થિત શાસ્ત્રાર્થને જાણનારી, બુદ્ધિ - ઔત્પાતિકી આદિ, વિવેક - કૃત્યાકૃત્યાદિના વિષયરૂપ, વિનય - પ્રતીત છે. આમાં કુશલ, જીતાક્ષ - જિતેન્દ્રિય, ગંભીર - અલક્ષ્ય રોષ - તોષાદિવાળો.

ઉપશમ પ્રધાનાદિ ગુણો વડે યુક્ત, નિશ્ચયનય - વ્યવહારનયમાં નિપુણ. ॥૪૪॥(૨૫૦)

બીજી ગાથા સ્પષ્ટ છે. વિશેષ એ છે કે શંકાદિ દોષ રહિત. તેમાં (૧) **શંકા** - જિન ધર્મ તત્ત્વભૂત છે કે અતત્ત્વભૂત આ પ્રમાણેની શંકા. (૨) **કાંક્ષા** - અન્ય-અન્ય દર્શનની વાંછા અર્થાત્ અભિલાષા (૩) **વિચિકિત્સા** - ફલની પ્રતિ સંશય. પૂર્વના લોકોને સાત્ત્વિક હોવાથી ફલ મળતું હતું. મારા જેવાને વળી ક્યારે થશે ? અથવા વિજુગુપ્સા તેમાં વિદ = સાધુઓ તેઓના સદાચારની નિંદા. જે આ પ્રમાણે અતિશય મલથી દુર્ગંધવાળા આ મુનિઓ છે. જો તેઓ ગરમ પાણી વડે સ્નાન કરે તો શું દોષ થાય ? (૪) **પર-પાખંડીની પ્રશંસા** - તેઓનો સંસ્તવ એટલે કે સ્તુતિ (૫) **તેઓની સાથે પરિચય.** આ પાંચ સમ્યક્ત્વના અતિચાર છે અને આનો વિપાક દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય. તે આ પ્રમાણે. તેમાં પહેલી **શંકાને વિષે દૃષ્ટાંત.**

અહીં નામ વડે શ્રાવસ્તી સુવિસ્તૃત નગરી છે. પોતાની લક્ષ્મી વડે સર્વે નગરીને જીતીને જે અહીં રહેલી છે. ॥૧॥ નગરીમાં વિવેકવાળો, જીવાજીવાદિ તત્ત્વને જાણનાર, સમ્યગ્દર્શનથી શુદ્ધ બુદ્ધિવાળો જીનદત્ત નામનો શ્રાવક હતો. ॥૨॥

દિવ્ય સંવેગની લહરીથી પ્રક્ષાલિત કર્યા છે સમસ્ત પાપને જેને એવો, કૃપાલુ, પ્રશમરૂપી સમુદ્ર સમાન, સ્વીકારેલા બાર વ્રતવાળો, પંચપરમેષ્ઠિ મહામંત્રની સાધનાના પ્રભાવથી વિદ્યાધરની જેમ દૂર આકાશમાં જવાની લબ્ધિવાળો, નંદીશ્વર દ્વીપમાં, શાશ્વત અષ્ટાહિનકા મહોત્સવમાં અરિહંતની પૂજાદિને જોવા માટે એક

દિવસ તે ગયો. ॥૩, ૪, ૫॥ ત્યાં રહેલ સુગંધી દ્રવ્યની દિવ્ય સુગંધથી વાસિત થયેલ, જિનપૂજાદિને જોતો એવો તે સુગંધમય થયો. ॥૬॥ યાત્રાને અંતે સર્વે દેવતાદિ યથાસ્થાને ગયા તે પણ નાટક પૂર્ણ થયે છતે જેમ જાય તેમ પોતાના નગરમાં આવ્યો. ॥૭॥ તેની પાસેની દુકાનમાં સર્વાદિગુણોના સ્થાનવર્તી અર્થાત્ મિથ્યાત્વી ભવદત્ત નામનો તેનો મિત્ર ત્યાં છે. ॥૮॥

હવે પાસે બેસેલા જિનદત્તને તેણે કહ્યું, હે ભાઈ ! અહીં આવા પ્રકારની આ સુગંધ ક્યાંથી આવે છે. ॥૯॥ આ આવા પ્રકારની સુગંધ મારા વડે મનુષ્યો સંબંધી જોવાઈ નથી અને દેવ અથવા વિદ્યાધર કોઈ અહીં દેખાતું નથી. ॥૧૦॥ જિનદત્તે કહ્યું, હે ભદ્ર ! ચૈત્યની પૂજાદિને જોવા માટે હું આકાશ માર્ગે નંદીશ્વરમાં ગયો હતો. ત્યા રહેલ તે આ પૂજાની સુગંધે હે મિત્ર ! મારા શરીરને અત્યંત સુગંધી કર્યું છે. વળી પૂજાના દર્શને મારા મનને વાસિત કર્યું છે. ॥૧૧, ૧૨ ॥ ભવદત્તે પણ તેને કહ્યું, મને પણ તું આ વિદ્યા આપ. જેના વડે હું પણ તારી જેમ આકાશ માર્ગ વડે જાઉ. ॥૧૩॥ તેણે કહ્યું, હે ભાઈ ! જે તે પ્રકારે આ વિદ્યા ન મેળવાય. મહાન ક્રિયામાં તત્પર થવા વડે શુદ્ધબુદ્ધિથી આ વિદ્યા સધાય છે. ॥૧૪॥

સર્વ પ્રકારે મિથ્યાત્વને છોડીને ભાવથી શ્રાવક થઈને ત્રિકાલ તીર્થંકરની પૂજાદિ કરવા વડે, બ્રહ્મચર્ય વડે. અખંડ અક્ષતો વડે - વિકસ્વર પુષ્પો વડે - લાખના જાપથી અને જિનની આગળ સુગંધી લાખ ગુટિકાના હોમ વડે, ભૂમિ પર સૂવા વડે, એકવાર ભોજન વડે, સંસારના વ્યાપારથી રહિત થવા વડે, છ માસ સુધી એકાગ્ર જાપ વડે, હંમેશાં મૌનપણા વડે. આ પ્રમાણે પૂર્વ સેવાને કરીને મહાસાહસથી શોભતા કૃષ્ણ માસની ચૌદશે સ્મશાનમાં જઈને વૃક્ષની શાખામાં હિંડોળાની જેમ ત્યાં સિક્કાને બંધાય છે અને નીચે ખાદિરના અંગારા વડે કુંડને પૂરાય છે. ॥૧૫ થી ૧૯॥ હવે સિક્કા પર આરુઢ થઈને એકસોને આઠવાર જાપને જપતા જપતા તે સિક્કાના એકેક પગ છેદાય છે. ॥૨૦॥ તે સઘળા છેદાતે છતે વિમાન આગળ આવે છે. ત્યાર પછી દેવની લીલા વડે આકાશ માર્ગ વડે જવાય છે. ॥૨૧॥

તેને કહેલ સર્વ સાંભળીને ભવદત્તે પણ તેને કહ્યું, આ પ્રમાણે આ હું કરીશ. તું વિદ્યા વડે મારા પર પ્રસન્ન થા. ॥૨૨॥ ત્યાર પછી તેના આગ્રહથી તેણે પણ તે વિદ્યાને આપી. ભવદત્ત પણ તેને પ્રાપ્ત કરીને નિધિની પ્રાપ્તિની જેમ ખુશ થયો. ॥૨૩॥ તેથી જલ્દી મિથ્યાત્વનો ત્યાગ કર્યો. સમ્યક્ત્વને સ્વીકાર્યું અને બાર વ્રતોને સ્વીકારીને ત્યારે જ તે શ્રાવક થયો. ॥૨૪॥ અને ત્યારથી માંડીને જ તેના કહેલ ક્રમ વડે તે છ માસ વડે તે પૂર્વસેવાને કરીને તેમાં જ એકાગ્ર બુદ્ધિવાળો. ॥૨૫॥ હવે તે વદ ચૌદશે તે સાધના વિધિને કરીને સિક્કાના પગના છેદવાના કાલે નીચે અગ્નિને જોઈને વિચારવા લાગ્યો. ॥૨૬॥ વિદ્યા તો સિદ્ધ થશે કે નહિ થાય. પરંતુ અગ્નિ વડે અંગ તો નિશ્ચે બળશે. આ પ્રમાણે કરેલી શંકારૂપી રોગવાળો તે તેના પરથી નીચે ઊતર્યો. ॥૨૭॥ ફરી તેણે વિચાર્યું મેં આ વિદ્યાને ઘણા કષ્ટથી પ્રાપ્ત કરી અને પૂર્વ સેવાને પણ કરી તો હમણાં શા માટે કાયર થાઉં. ॥૨૮॥ આ પ્રમાણે વિચારીને ફરી તેના પર ચઢીને અને જાપને કરીને તે જ પ્રકારે સિક્કાના પગના છેદન કાલે અગ્નિને જોવાથી, વિદ્યા સિદ્ધ થશે કે નહિ થાય ? પરંતુ અગ્નિ વડે અંગ તો બળશે. આ પ્રમાણે આશંકા કરીને ભયભીત થયેલ તે ફરી ત્યાંથી નીચે ઉતર્યો. ॥૨૯, ૩૦॥ વાનરની જેમ ચંચલ અંતઃકરણવાળા તેણે વંશના અગ્રભાગ પર રહેલા વાનરની જેમ ત્યારે ત્યાં આ પ્રમાણે ઘણીવાર ચડ ઉતર કરી ॥૩૧॥

ત્યારે કોઈપણ ચોર અંતઃપુરમાં ખાતર પાડીને રત્નની પેટીને ગ્રહણ કરીને ભોગીને જેમ છૂપી રીતે નીકળ્યો. ॥૩૨॥ દોડતા એવા હરણીઆને જોઈને ચિત્તાઓ (પશુ વિશેષ) પાછળ દોડે તેમ કેમે કરીને તેને જાણીને આરક્ષક પુરુષો દોડ્યા. ॥૩૩॥ તેઓથી નાસતો તે, વજ્રના ભયથી ત્રાસ પામેલો મૈનાક પર્વત જેમ સમુદ્રમાં પેસી ગયો તેમ તે જ વનખંડમાં ગયો. ॥૩૪॥ આરક્ષકો પણ તેને ચારે બાજુએ વીંટળાઈને રાત્રિમાં ત્યાં જ રહ્યા. હમણાં નાશીને જાય નહિ. અમે આને કાલે ગ્રહણ કરશું તે ક્યાં જશે ? ॥૩૫॥ ચોરે પણ વનખંડની અંદર શ્રેષ્ઠ વણિક્ એવા ભવદત્તને અગ્નિના પ્રકાશ વડે જોઈને ભય અને આશ્ચર્યપૂર્વક તેણે વિચાર્યું. ॥૩૬॥ આ હા ! શું આ પિશાચ છે અથવા શું આ ભૂત છે કે (બેમાંથી એક) નથી. જે રાત્રિમાં સ્મશાનમાં રહેલ વૃક્ષ પર ચડ-ઉતર કરનાર છે. ॥૩૭॥ સવારે પણ મૃત્યુ મારે આવેલું છે તેથી હું એક સાહસને કરું છુ. સાહસ વિના સિદ્ધિ નથી. ॥૩૮॥ જો આને હું સાધીશ તો વિસ્તૃત સામ્રાજ્યને કરીશ અને જો નહિ સાધુ તો સવારે થનારું મૃત્યુ હમણાં જ થશે. ॥૩૯॥ આ પ્રમાણે વિચારીને દોડીને ભ્રમ સહિત એવા તેણે તેને બોલાવ્યો અને તે પણ ક્ષોભથી કમ્પના રોગથી પીડિતની જેમ કમ્પાયમાન શરીરવાળો ઊભો રહ્યો. ॥૪૦॥ હવે ચોરે પણ તેને આ દેવયોનિવાળો નથી એ પ્રમાણે જાણ્યું. તેથી તું ક્યાંથી આવ્યો છે ? તું કોણ છે ? અથવા અહીં કેમ ? આ પ્રમાણે કોમલ સ્વરથી બોલાવ્યો. ॥૪૧॥

તેણે કહ્યું, હે ભદ્ર ! ભવદત્ત નામનો હું નગરની મધ્યમાંથી વિદ્યા સાધવા માટે અહીં આવેલો છું. પરંતુ હું અગ્નિથી ભય પામું છું. ॥૪૨॥ વિદ્યા સિદ્ધ થશે કે નહિ. પરંતુ અગ્નિ વડે શરીર તો બળશે તે કારણથી અહીં સિક્કા પર વારંવાર ચડ-ઉતર કરું છું. ॥૪૩॥ ચોરે કહ્યું, તને વિદ્યા કોણે આપી. તેણે કહ્યું, મારા મિત્ર જિનદત્ત નામના શ્રાવકે મને વિદ્યાને આપી. ॥૪૪॥ ચોરે પણ વિચાર્યું. **ખરેખર શ્રાવકો તો કરુણામાં તત્પર હોય છે. કીડી માત્રની પણ હિંસાને તેઓ ક્યારેય ઈચ્છતા નથી.** ॥૪૫॥ આપ્ત પુરુષ પાસેથી પ્રાપ્ત થયેલી વિદ્યાવાળો પણ, શંકાથી મલિન થયેલા મનવાળો આ કાયર એવો વાણિયો વિદ્યાને સાધવા માટે સમર્થ નથી. ॥૪૬॥ વળી, હું શંકા રહિત આ વિદ્યાને સાધીશ. ખરેખર દોલાયમાન મનવાળાને કાર્ય સિદ્ધિ થતી નથી. ॥૪૭॥ આ પ્રમાણે વિચારીને તે ચોરે શ્રેષ્ઠ વણિક એવા તેને કહ્યું, આ વિદ્યા તું મને આપ જેથી હું આને સાધુ છું. ॥૪૮॥ વણિકે કહ્યું, શું આ વિદ્યા જે તે પ્રકારે મેળવાય છે ? મારા વડે પણ ખરેખર મહાકષ્ટથી મિત્રની પાસેથી પ્રાપ્ત કરાઈ છે. ॥૪૯॥ હવે ચોરે તલવારને ખેંચીને તેને કહ્યું, જો તું આ વિદ્યાને મને નહિ આપે તો વૃક્ષ પરથી ફલની જેમ તારા મસ્તકને હું જલ્દીથી પાડીશ. ॥૫૦॥ વળી જો તું મને આપીશ તો હે ભદ્ર ! હર્ષિત થયેલો હું ગુરુને દક્ષિણાની જેમ આ રત્નને કરંડિયો તને આપીશ. ॥૫૧॥

હવે ભયભીત થયેલા તેણે કહ્યું, હું વિદ્યાને આપીશ. તું મારું રક્ષણ કર. ખરેખર બંદીકૃત થયેલા શું સર્વસ્વને પણ નથી આપતા. ॥૫૨॥ વળી આ રત્નની પેટી વડે શું વિદ્યા નહિ આપે. જે કારણથી મહાકીંમતિ પણ વસ્તુ અહીં ધન વડે મેળવાય છે. ॥૫૩॥ ખરેખર વિદ્યાની સિદ્ધિમાં સંદેહ છે. વળી આ ધન તો નિઃસંદેહ છે. એ પ્રમાણે વિચારીને તે ધનને ગ્રહણ કરીને તેણે ચોરને વિદ્યા આપી. ॥૫૪॥ ત્યાર પછી તે ચોર પણ સુંદર પ્રકારે વિનયપૂર્વક વિદ્યાને ગ્રહણ કરીને તે રત્નના કરંડિયાને તે વાણિયાને આપીને નિઃસંદેહ મનવાળો તે ચોર ત્યારે જ સિક્કા પર આરુઢ થઈને યોગીની જેમ મનને સ્થિર કરીને એકસોને આઠવાર વિદ્યાને જપીને તેણે સાથે જ સિક્કાના સર્વે પગોને છેદ્યા. સિદ્ધ થયેલ વિદ્યાવાળા આની નીચે જલ્દીથી વિમાન ઉત્પન્ન થયું. ॥૫૫, ૫૬, ૫૭॥ ત્યાર પછી સિદ્ધ થયેલ વિદ્યાવાળો તે ચોર વિમાન વડે તીર્થોને વંદન કરવા માટે શ્રેષ્ઠ

એવા નંદીશ્વરદ્વીપમાં ગયો. ॥૫૮॥ અને પ્રભાત થયે છતે વનથી નીકળતો ચોરાયેલા માલ સહિત તે વાણિયો ચોરની બુદ્ધિ વડે શિકારીઓ વ જેમ હરણ તેમ આરક્ષકો વડે ધારણ કરાયો. ॥૫૯॥ અને તેઓ વડે રાજાને નિવેદન કરાયું. રાજાએ પણ માલ સહિતના તેને જોઈને ખરેખર આને બીજો દંડ ન હોય. આ ચોરને વધ કરવા યોગ્ય છે તેમ જણાવ્યું. ॥૬૦॥

હવે તે વાણિયો આરક્ષકો વડે કરાયેલ વધ્યના વિભૂષણવાળો, આગળ વગાડાતા વાજિંત્રવાળો વધ્યભૂમિમાં લઈ જવાયો. ॥૬૧॥ અને આ બાજુ સિદ્ધ થયેલ વિદ્યાવાળા તે ચોરે વિદ્યાના અધિષ્ઠાયક દેવતાને બહુમાન વડે પૂછયું, મારા ગુરુ શું કરે છે ? ॥૬૨॥ તેણે તેના સ્વરૂપને જાણીને તેને તેનું સ્વરૂપ જણાવ્યું. હવે કૃતજ્ઞ એવો તે ત્યાં તેને રક્ષણ કરવા માટે જલ્દીથી આકાશ માર્ગ વડે ગયો. ॥૬૩॥ તેણે વધ કરનારાઓને સ્તંભિત કરીને, ચિત્રમાં ચિત્રેલા હોય તેમ કરીને નગરની ઉપર શીખરવાળા પર્વતની સમાન શિલાને વિકુર્વી. ॥૬૪॥ અને નગરના દ્વારોને બંધ કર્યા. રાજાના લેણદારની જેમ જાણે તત્કાલ પડવાની ઈચ્છાવાળી હોય તેમ તે શિલા કંપતી હતી. ॥૬૫॥ ત્યારે જાણે બ્રહ્માંડ ફુટતું હોય તેવા શિલાના અવાજ વડે અને પીડિત લોકોના આક્રન્દ વડે ત્યારે મોટો કોલાહલ થયો. ॥૬૬॥ આલાનસ્તંભોને ઉખેડીને, ઉંચી કરેલી સૂંઢવાળા, જાણે પડતી એવી શીલાને ધારણ કરવાની ઈચ્છાવાળા હાથીઓ નીકળ્યા. ॥૬૭॥ પોતાની છલાંગ વડે કિલ્લાનું ઉલ્લંઘન કરવાની ઈચ્છાવાળા ઘોડા વિગેરે તિર્યંચો બંધનોને તોડીને નીકળ્યા. ॥૬૮॥ અને વજની શિલા જેવી તેને જોઈને અતિ પીડિત થયેલ લોક બોલતા હતા હા ! હમણાં શું થશે. આ સંહાર ઉપસ્થિત થયો છે. ॥૬૯॥ ત્યાર પછી સઘળી વિભૂતિને છોડીને દેહ માત્ર ધનવાળા તેઓ મૃત્યુથી આશ્ચર્ય ચકિત થયેલા બાળકોને પણ યાદ ન કરતા નીકળ્યા. ॥૭૦॥ વાડામાં નંખાયેલા તિર્યંચની જેમ નગરના દરવાજા બહાર જવા માટે અશક્તિમાન બંધ થવાથી મનુષ્યો પરસ્પર બોલતા હતા. ॥૭૧॥ વિધાતાએ જો અમોને પણ પાંખ આપી હોત તો અમે પણ પક્ષીની જેમ ઊડીને બહાર જાત. ॥૭૨॥ મહા આવર્તવાળા સમુદ્રની અંદર અથવા દાવાનળની અંદર રહેલાઓની જેમ, સર્વે વડે હમણાં નિશ્ચે મરવા યોગ્ય છે. ॥૭૩॥

આ પ્રમાણે નગરીનો ક્ષોભ થયે છતે રાજાએ આ પ્રમાણે વિચાર્યું કે નિશ્ચે મારો કોઈ અપરાધ છે કે આવું અતિદુર્ઘટ થયું. ॥૭૪॥ હવે ભીના વસ્ત્રને પહેરીને દીનતાને ભજનારો રાજા આકાશની સન્મુખ ધૂપને કરીને આ પ્રમાણે બોલ્યો. ॥૭૫॥ દેવ અથવા દાનવ અથવા જે કોઈપણ મારા પર કુપિત થયલે છે, તે પ્રસન્ન થાઓ તેના આદેશને કરનાર હું શું કરું ? ॥૭૬॥ હવે સિદ્ધ થયેલ વિદ્યાવાળા આકાશમાં રહેલ તે ચોરે રાજાને કહ્યું, તારા વડે નિરપરાધી આ વણિક્ જે ચોર આ પ્રમાણે ઘાત માટે આદેશ કરેલ છે. ॥૭૭॥ તેને જઈને તું પ્રસન્ન કર. જેથી હે રાજન્ ! તને હું રક્ષણ કરું. જો આ પ્રમાણે તું નહિ કરે, તો નગરજન સહિત તને હું ચૂર્ણ કરીશ. ॥૭૮॥ ત્યાર પછી ત્યાં જલ્દીથી જઈને રાજાએ તે વણિક્ને ભક્તિ વડે તેના ચરણમાં પડીને પ્રસન્ન કર્યો. ॥૭૯॥ રાજાની રાણીઓએ પણ વસ્ત્રના છેડાને પ્રસારીને તેને કહ્યું, હે શ્રેષ્ઠી ! મહાભાગ ! અમારા સ્વામીની ભિક્ષાને તું આપ. ॥૮૦॥ આ પ્રમાણે તેને પ્રસન્ન કરીને દિવ્ય વસ્ત્રો પહેરાવીને અને સ્વર્ણ-રત્નમય દિવ્ય આભૂષણો વડે વિભૂષિત કરીને, મહા ઉત્સાહવાળા રાજા વડે હાથીના હોદ્દે બેસાડીને સમગ્ર નગરના મધ્યમાંથી પોતાના ઘરે લઈ જવાયો. ॥૮૧, ૮૨॥ ત્યાં પોતાના સિંહાસનમાં રાજાની જેમ તેને બેસાડીને રાજા વળી તેની આગળ સેવકની જેમ બેઠો. ॥૮૩॥ ત્યાર પછી તે શિલાને સંહરીને તે ચોર પણ વિમાનમાં રહેલો ત્યાં રાજાની સભામાં આવ્યો. ॥૮૪॥ દિવ્ય-આભરણના તેજ વડે અસહ્ય તેજવાળા સૂર્યની જેમ તેમાંથી (વિમાનમાંથી) દેવની જેમ નીકળીને ગુરુને નમીને તે પણ બેઠો. ॥૮૫॥

હવે તે ચોરે રાજાને પોતાનો અને તેનો વૃત્તાંત કહ્યો તે સાંભળીને રાજા પણ અત્યંત વિસ્મયને પામ્યો. ॥૮૬॥ ત્યાર પછી નગરજન સહિત રાજાએ પણ શ્રાવકપણા વડે સંયુત તે પંચ નમસ્કાર વિદ્યાને ત્યારે ગ્રહણ કરી. ॥૮૭॥ હવે વિશ્વાસ પામેલા સર્વે પણ નગરજનો એકાગ્રચિતે તે પરમેષ્ઠિ મહામંત્રનું ધ્યાન કરતા હતા. ॥૮૮॥ હવે પૂછીને ચોર પોતાના સ્થાને ગયો. તે વણિક્ પણ ગયો અને જતા એવા ચોર વડે ત્યારે વધ કરનારાઓ પણ ઉત્તમ્ભિત (મુક્ત) કરાયા. ॥૮૯॥ અહીં તે વણિક્ને શંકાથી વિદ્યા સિદ્ધ ન થઈ અને નહિ કરેલ શંકાવાળા ચોરને તે વળી ક્ષણવારમાં સિદ્ધ થઈ.॥૯૦॥ અને તે કારણથી સમ્યક્ત્વને પામીને ભવ્યો વડે આને શંકાથી દૂષિત કરવા યોગ્ય નથી. પરંતુ શંકા રહિત થવા વડે અહીં પાલન કરવા યોગ્ય છે. જેથી જલ્દી મોક્ષ સુખ આપનારું થાય. ॥૯૧॥

शंकाने करवा अने नहि करवामां भवदत्त अने चोरनी कथा.

હવે આકાંક્ષાનું ઉદાહરણ

અહીં જંબુદ્વીપની અંદર નામ વડે કુશસ્થલ નામનું નગર છે. જેને પામીને મનુષ્યો સ્વર્ગની વાતનું અનુમાન કરતા હતા. ॥૧॥ ત્યાં કુશધ્વજ રાજા રૂપ વડે કામદેવ સમાન, બળ વડે વિષ્ણુ સમાન અને તેજ વડે સૂર્ય સમાન છે. ॥૨॥ દેવતાઓને જેમ બૃહસ્પતિ, અસુરોને જેમ ઈન્દ્ર તેમ તે રાજાને કુશાગ્રબુદ્ધિ નામનો મંત્રી હતો. ॥૩॥ એક દિવસ ઈન્દ્રના અશ્વવાહકની જેમ ખેંચીને લાવેલ, વિપરીત શિક્ષાવાળા અદ્‌ભુત બે ઘોડાને અંદરથી દ્વેષી અને બહારથી સ્નિગ્ધ એવા કોઈપણ દુષ્ટ વડે કુશધ્વજ રાજાને ભેટણામાં મોકલ્યા. ॥૪, ૫॥ સર્વાંગે સુંદર, સર્વલક્ષણોથી લક્ષિત બે ઘોડાની અશ્વને દમન કરનાર વડે પરીક્ષા કર્યા વિના જ જલ્દીથી તે રાજા અને મંત્રી બંને કૂતુહલથી તેના પર ચડીને ઘોડેસ્વારી કરવા માટે ત્યારે વાહ્યાલીમાં ગયા. ॥૬, ૭॥ અને આ બંને ઘોડાઓની ગતિના ચતુરાઈના અતિશયને જોઈને જેટલામાં વિસ્મિત થયેલા તે બંને એ ઘોડાને વાળવાને માટે લગામને ખેંચી, તેટલામાં વૈરથી જેમ દેવતાઓ વડે, તેમ વેગથી બંને ઘોડા વડે દુઃખે કરીને ઊતરી શકાય તેવા સમુદ્રની જેવા મહાજંગલમાં તે બંનેને નાંખ્યા. ॥૮, ૯॥ ત્યાર પછી ખેંચી-ખેંચીને થાકેલા તે બંનેએ લગામને છોડી અને તે બંને ઘોડા જાણે સ્તંભિત કરાયા હોય તેમ તે જ ક્ષણે ઊભા રહ્યા. ॥૧૦॥ ખલની જેમ વિપરીત ગ્રહણ કરેલી શિક્ષાવાળા તે બંનેને જાણીને ખલના સંગના ભયથી જાણે રાજા અને મંત્રી નીચે ઉતર્યા. ॥૧૧॥ પલાણ ઉતારતાની સાથે જ જાણે રાજા અને મંત્રીને મહાન જંગલમાં નાખવાના પાપથી તે બંને ઘોડા પડ્યા. ॥૧૨॥ ત્યાર પછી પાણીને ઈચ્છતા, દિશાઓને જોતા રાજા અને મંત્રીએ દૂર એક દિશાના દેશમાં બગલાઓને જોયા. ॥૧૩॥ ત્યાર પછી બગલાઓને જોવાથી મંત્રીએ રાજાને કહ્યું, હે પ્રભુ ! ધૂમાડાથી અગ્નિની જેમ નિશ્ચે અહીં પાણીનું અનુમાન કરાય છે. ॥૧૪॥ ત્યાર પછી ત્યાં જીવવાની આશા વડે ઉત્કંઠા સહિત જતા તે બંનેએ નવથી અધિક અમૃતના કુંડલના જેમ આગળ સરોવરને જોયું. ॥૧૫॥ અને તરંગોરૂપી હાથોને ઉછાળતા વિકસ્વર કમળ નામના તે સરોવરને આગળ જોઈને પ્રિય મિત્રની જેમ તે બંને ખુશ થયા. ॥૧૬॥ હવે ત્યાં કરેલા સ્નાનવાળા, નિર્મલ પાણીને પીને, સરોવરની પાળીના વનની શ્રેણીમાંથી કેટલાક ફલોને ગ્રહણ કરીને ખાઈને. ॥૧૭॥ ત્યાર પછી સ્વજનોના ઘરની જેમ વૃક્ષોની છાયામાં, હંસની તુલી સમાન પાંદડાની શય્યામાં બંન્ને સૂતા. ॥૧૮॥

બીજે દિવસે તે સ્થાનથી બંને વનમાં જેમ વનેચરો તેમ પગે ચાલવા વડે પોતાના નગર તરફ ચાલ્યા. ॥૧૯॥ ઘોડાના પગલાને જોતા, પાછળ જનારા એવા કેટલા સૈનિકો સ્વરોને જેમ વ્યંજનો મળે તેમ તે બંનેને

મળ્યા. ॥૨૦॥ ત્યાર પછી તેઓ વડે પરિવરેલા રાજા અને મંત્રી સામ્રાજ્યની લીલા વડે, બે-ત્રણ દિવસો વડે પોતાના નગરે આવ્યા. ॥૨૧॥ પવનના આંદોલનથી અદ્‌ભુત, ઊંચી કરેલ ધજાઓના સમૂહ વડે પોતાના સ્વામીના આગમનના હર્ષથી ત્યારે નગર જાણે નૃત્ય કરતું હતું. ॥૨૨॥ મંગલ આચારથી વાચાળ થયેલ, રાજાના આગમનથી હર્ષને ભજનારા સર્વે નાગરીક્જને વધામણીના ઉત્સાહને કર્યો. ॥૨૩॥ ત્યારે વનના તાપસની જેમ વનના સ્વાદ વિનાના ફલોના ભોજન કરનારા રાજાને પાંચ છ દિવસ થયા. ॥૨૪॥ તેથી લાંઘણમાંથી જાણે ઊઠેલ હોય તેમ અતિ ક્ષુધાવાળો થયેલ રાજા ત્યારે પોતાને સો યુગ પછી ભોજન મળતું હોય તેમ માનતો હતો. ॥૨૫॥ રસોઈયાને તેણે આદેશ કર્યો અહો ! જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ સમસ્ત ભોજનના સમૂહને તૈયાર કરો. ॥૨૬॥ હે કુશળ રસોઈ કરનાર ! હમણાં ભૂખ્યા થયેલ અમોને અહીં ક્ષણ માત્ર પણ યુગની જેમ પસાર થાય છે. ॥૨૭॥ હવે સર્વ રસથી યુક્ત જલ્દીથી રસોઈ તૈયાર થયે છતે જમવા માટે બેઠેલા રાજાએ વિચાર્યું. ॥૨૮॥

સંગીતના સમારંભમાં સમહસ્તક અપાયે છતે નાટકની ભૂમિ પહેલા પામર પણ લોકો વડે ભરાય છે. ॥૨૯॥ હવે આવેલા વણિક્ જેવા લોકો વડે પણ ત્યાં સ્થિતિ પ્રાપ્ત કરાય છે ત્યાં આવેલા મંત્રી વિગેરે પણ સ્થાનને મેળવે છે. ॥૩૦॥ ત્યાર પછી ત્યાં આવેલા માંડલિકો પણ અંદર સમાય છે. ઘણું કહેવા વડે શું ? હવે પછી ત્યાં આવેલ રાજા પણ તેમાં સમાય છે. ॥૩૧॥ આ પ્રમાણે નાટકમાં પાછળ, અતિ પાછળ અને અતિ અતિ પાછળથી આવેલ શ્રેષ્ઠ-શ્રેષ્ઠતર સઘલા મનુષ્યો સમાય છે. ॥૩૨॥ તેથી મારા વડે પણ આજે આ દૃષ્ટાંત વડે ભોજન કરવા યોગ્ય છે. જેથી ખરેખર છેલ્લુ પણ એક ભોજન છોડવા યોગ્ય નથી. ॥૩૩॥ પૂર્વના દિવસોનું પણ ભોજન આજે જ મારા વડે કરાય આ પ્રમાણે અતીવ અશનનો આકાંક્ષી, દુષ્કાલથી આકુલ થયેલ રંકની જેમ રાજાએ હવે પહેલા જઘન્ય-પછી મધ્યમ, પછી ઉત્કૃષ્ટ અને અતિઉત્કૃષ્ટ ભોજનને ક્રમ પ્રમાણે ખાધુ. ॥૩૪, ૩૫॥ આ પ્રમાણે પાણી વડે કુંભની જેમ પોતાને આકંઠ સુધી પૂર્યો અને સર્વને ભક્ષણ કરનાર અગ્નિની જેમ અતૃપ્ત થયેલ તેણે સર્વે ખાધું. ॥૩૬॥ હવે રાજાને અતિઆહારે મહાન તરસને કરી અને અંદર દુસ્સહ દાહને તથા હૃદયમાં કષ્ટદાયક શૂલની વ્યથાને કરી. ॥૩૭॥ સર્વે વૈદ્યોએ સર્વ શકિતથી પીડાને શાંત કરવા માટે ઔષધો વડે રાજાને ઉપચાર કર્યો. ॥૩૮॥ તે ઔષધાદિ વડે તે અતિઆહાર શું જીર્ણ થાય ? ખરેખર ખોબા જેટલી છાશ ક્ષીરસમુદ્રના પાણીને દહીં ન કરે. ॥૩૯॥ તે અતિ પીડા વડે તે રાજાનું મૃત્યુ થયું. જે કારણથી કોઈપણ કોઈને જીવન આપવા માટે સમર્થ નથી. ॥૪૦॥ આ પ્રમાણે આકાંક્ષા વડે ત્યારે તે રાજા આલોક સંબંધી સર્વ સામ્રાજ્ય સુખોનું અભાજન થયો. ॥૪૧॥ વળી આકાંક્ષા રહિતનો તે મંત્રી વૈદ્યે કહેલા ઔષધો વડે, વિરેચન, વમન અને પરસેવા વડે કાયાની શુદ્ધિ કરીને. ॥૪૨॥ (ભૂખને) સહન કરતો કરતો વળી પ્રમાણોપેત આહારને ખાતો ક્રમે ક્રમે સર્વ કાર્યને કરવામાં સમર્થ શરીરવાળો તે થયો. ॥૪૩॥ આ પ્રમાણે નહિ કરેલ આકાંક્ષાવાળો તે મંત્રીઓમાં શ્રેષ્ઠ થયો. કલ્યાણનું ભાજન જેમ સુસાધુ તેમ આલોકના સુખોનું ભાજન થયો. ॥૪૪॥ આ પ્રમાણે ધર્મરૂપી વૃક્ષના મૂલ સ્વરૂપ, ઉજ્જવલ સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને ભવ્ય પ્રાણીઓ વડે અન્ય દર્શનની આકાંક્ષા કરવા યોગ્ય નથી. ॥૪૫॥ સમ્યગ્‌દર્શનનો લાભ થયે છતે જેઓ વળી આકાંક્ષાને કરે છે. તેઓ સ્વર્ગ અને અપવર્ગના સુખનું ભાજન થતા નથી. ॥૪૬॥ વળી મિથ્યાત્વરૂપી કાદવ વડે મલિન થયેલા અધોગતિમાં જાય છે અને વળી સમ્યક્ત્વમાં એકાગ્ર ચિત્તવાળા સિદ્ધિનું ભાજન થાય છે. ॥૪૭॥ યથાસ્થિત મહોદય પદને સાધવા માટે સુદૃઢ અનુમાન સમાન આ નિર્મલ સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને યુક્તિ વિદુરો વડે કાંક્ષાના અતિચાર રૂપ પરદૂષણની પ્રાપ્તિ નિષેધ કરવા યોગ્ય છે. ॥૪૮॥

કાંક્ષાને કરવા, નહિ કરવામાં રાજા અને મંત્રીની કથા.
હમણાં વિજુગુપ્સામાં કથાનકને કહે છે.

અહી પર્યન્તના દેશમાં શાલિ ગામમાં મહાધનવાળો ધનમિત્ર નામનો શ્રાવક હતો. તેને ધનશ્રી નામની પુત્રી હતી. ॥૧॥ અને તેણીનો પાણીગ્રહણનો મહોત્સવ પ્રવર્તમાન હોતે છતે તાપથી પીડિત થાકી ગયેલા કેટલાક મુનિઓ આવ્યા. ॥૨॥ન હવે માતા-પિતા વડે તેણી કેહવાઈ હે પુત્રી ! આ તારો મહોત્સવ છે. તેથી સુપાત્રમાં દાનવડે આજે તું પુણ્યને મેળવ. ॥૩॥ દિવ્ય અંગરાગની સુગંધીવાળી વિકસ્વર શૃંગારથી મનોહર એવી તેણીએ ત્યાર પછી અતિપ્રમોદ વડે તેઓને પડિલાભ્યા. ॥૪॥ પરસેવો અને મલથી ખરડાયેલા વસ્ત્રવાળા મુનિઓની દુર્ગંધને ત્યારે સૂંઘીને જુગુપ્તા સહિત તેણે વિચાર્યું. ॥૫॥ શ્રી વીર સ્વામી વડે સુંદર એવો સાધુ ધર્મ પ્રકાશાયો છે. પરંતુ વસ્ત્ર-અંગનું પ્રક્ષાલન નથી કરવાનું તે કેવલ અસુંદર છે. ॥૬॥ અને તે સાધુથી જુગુપ્સાથી પ્રાપ્ત કરેલ દુર્જર કર્મની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના પોતાના આયુષ્યનો ક્ષય થયે છતે તેણી મરી. ॥૭॥

હવે રાજગૃહી નગરીમાં વેશ્યાની કુક્ષીમાં ઉત્પન્ન થઈ અને ગર્ભમાં રહેલી પણ તેણી માતાને અત્યંત દુઃખ આપનારી થઈ. ॥૮॥ તેથી તે ગર્ભને પાડવા માટે વેશ્યાએ ઘણા ઔષધોને પીધા. પરંતુ ગાઢ કર્મ બાંધેલ હોવાથી તેણી ગર્ભથી પડી નહિ. ॥૯॥ હવે તે કર્મ વડે દુર્ગંધવાળી તે પુત્રીને તેણીએ જન્મ આપ્યો અને ઉદરમાંથી પડતી પણ તેણીનો વિષ્ટાની જેમ ત્યાગ કરાવ્યો. ॥૧૦॥

ત્યારે શ્રી વીર સ્વામીને નમવા માટે મત્ત થયેલા હાથીઓના અવાજ વડે વાતાવરણને શબ્દમયની જેમ વિસ્તારતા. ॥૧૧॥ અશ્વદ્વીપની જેમ અનેક ઘોડાઓ વડે પ્રકાશિત કરતા, ચારે બાજુથી પાયદળ વડે પૃથ્વીને ચતુરંગી સૈન્યમય બનાવતા મગધેશ્વર ચાલ્યા. ॥૧૨॥ શત્રુ રાજાની અગ્રસેના વડે છીંડાતા બાણોની ધારાથી આતુર થયેલાની જેમ ત્યારે દુર્ગંધથી બાધિત થયેલા અગ્રસૈનિકો વડે પાછું વળાયું. ॥૧૩॥ હવે રાજાએ તેઓને પાછા વળવાનું કારણ પૂછયું, સ્થગિત થયેલા નાસિકા અને મુખવાળા, સ્વામીની પાસે રહેલાની જેમ તેઓએ પણ કહ્યું. ॥૧૪॥ હે દેવ ! આગળ કોઈ વડે એક દિવસની જન્મેલી, દુર્ગંધની ઉત્પત્તિની ભૂમિ સમાન ત્યજાયેલી કોઈક બાળકી છે. ॥૧૫॥ યુદ્ધમાં મહાશૂરવીરની જેમ દુઃખે કરીને સહન કરી શકાય તેવી, દુર્ધર, નમાવ્યા છે સમસ્ત સૈનિક જેણે એવી આ દુર્ગંધ તેણીની પ્રસરી. ॥૧૬॥ પવનની સન્મુખ નહિ થવા વડે ત્યાર પછી ફરી સૈનિક સહિત સ્વયં તે બાલિકાને જોઈને ગયા. ॥૧૭॥ સમવસરણમાં જઈને વીર જિનેશ્વરને નમીને રાજાએ અવસરે દુર્ગન્ધાના વૃત્તાંતને પૂછયો. ॥૧૮॥

તેના સંબંધી પૂર્વભવને કહીને સ્વામીએ આ પ્રમાણે કહ્યું, હે રાજન્ ! સાધુની કરેલી જુગુપ્સાનું તે આ દુર્ગન્ધતા ફલ છે. ॥૧૯॥ કરેલી અંજલીવાળા રાજાએ ફરી જિનેશ્વરને વિજ્ઞપ્તિ કરી. હે પ્રભુ ! શું તેણીનું તે સુપાત્રદાન નિષ્ફલ થયું. ॥૨૦॥ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! જુગુપ્સાનું તે કર્મ ક્ષીણ થયું છે. હમણાં આણીનો સુપાત્રના દાનથી ઉત્પન્ન થયેલ સુકૃતનો અભ્યુદય છે. ॥૨૧॥ ત્યાર પછી તે (અભ્યુદય) આઠ વર્ષવાળી આ તારી પ્રિયા થશે હે રાજન્ ! આણીને ઓળખવા માટેની આ નિશાની છે. ॥૨૨॥ શુદ્ધ અંતઃપુરમાં સિંહની જેમ ક્રીડા કરતા તારી પીઠ ઉપર ગાયની જેમ જે શોભશે. તેણીને રાજા તું આ સ્ત્રી છે તેમ જાણ. ॥૨૩॥ અહો ! કર્મની ગતિ વિચિત્રા છે. જેથી આ પણ રાણી થશે. આ પ્રમાણે વિચારતો રાજા પ્રભુને નમીને ઘરે ગયો. ॥૨૪॥ અને દુર્ગન્ધાની દુર્ગન્ધ ત્યારે કર્મની નિર્જરા વડે પવનના સંપર્કથી રૂની

જેમ ઊડીને ગઈ. ॥૨૫॥ બાળક રહિતની, પોતાના ગામ તરફ જતી એક ભરવાડણ વડે જોઈને તેણી બાલિકા પોતાના બાળકની બુદ્ધિ વડે ગ્રહણ કરાઈ. ॥૨૬॥ તેણીના ઘરમાં હવે ક્રમ વડે વધતી તે બાલિકા નંદનવનમાં કલ્પવૃક્ષની જેમ સૌંદર્યની સપંત્તિને પામી. ॥૨૭॥

એક દિવસ તે નગરમાં ઘણા ભંગો વડે નૃત્ય કરતા અનેક નટની મંડળીવાળો કૌમુદી મહોત્સવ થયો. ॥૨૮॥ યુવાનોના નેત્રરૂપી અમૃતને અંજન સમાન કુમાર યુવતી એવી તેણી પણ તેને (મહોત્સવને) જોવા માટે પોતાની માતાની સાથે આવી. ॥૨૯॥ ત્યાં શ્રેણિક રાજા પણ કૌતુકથી એકલો વીરચર્યા વડે રાત્રિમાં ગુપ્ત વેષ વડે જોવા માટે આવ્યો. ॥૩૦॥ ત્યારે ત્યાં લોકોની મધ્યમાં ઉભા રહેલા રાજા પણ સામાન્ય જનની લીલા વડે તે દિવ્ય મહોત્સવને જુવે છે. ॥૩૧॥ તે ભરવાડણની પુત્રી પણ ત્યાં રાજાની પાછળ રહેલી છતી, ઊંચી કરી છે પગની પાની જેને એવી રાજાના ખભા પર સ્થાપેલા હાથવાળી જોતી હતી. ॥૩૨॥ ચંદ્રની લેખા સમાન તેણીના હાથનાં સ્પર્શ વડે રાજા પણ તે જ ક્ષણે ચંદ્રકાંત મણીની જેમ સંભ્રાન્ત થયો. ॥૩૩॥ હવે વળેલી ડોકવાળા તેણીના મુખને અનુરાગથી જોઈને તેણીના વસ્ત્રના છેડામાં પોતાની વીંટીને બાંધી. ॥૩૪॥ ત્યાર પછી રાજારૂપી ચંદ્ર ત્યાંથી સરકીને જલ્દી પોતાના મહેલે આવીને સર્વ પ્રધાનોમાં શિરોમણી એવા અભયને બોલાવીને કહ્યું. ॥૩૫॥ આજે કોઈના પણ વડે કૌમુદી મહોત્સવને જોતા એવા મારી નામાંકિત મુદ્રિકા હરણ કરાઈ છે તેથી હે અમાત્ય તેને તું જલ્દી શોધ. ॥૩૬॥

ત્યાર પછી અભયે જલ્દી તે મંડપને પોતાના સૈનિકો વડે ચારે બાજુથી દુઃખે કરીને ગ્રહણ કરી શકાય તેવા કિલ્લાની જેમ વીંટ્યો. ॥૩૭॥ હવે એક-એક મનુષ્યના વસ્ત્રોને ખેંચીને અને સમસ્તના વાળને શોધી-શોધીને તે મહાન બુદ્ધિશાળી મૂકતો હતો. ॥૩૮॥ તે ભરવાડણની પુત્રીના વસ્ત્રાદિને શોધતા વસ્ત્રના છેડામાં મુદ્રિકાને જોઈને તેણે પૂછયું, હે શુભે ! આ શું ? ॥૩૯॥ કાનને ઢાંકીને તેણીએ પણ કહ્યું, આ હું કાંઈ પણ જાણતી નથી અને ભયથી ભીરું બનેલી તેણી પવનથી ચલાયમાન થતા ધ્વજની જેમ કંપાયમાન થઈ. ॥૪૦॥ સરળ અને રૂપવાન તેણીને જોઈને મંત્રીએ વિચાર્યું. આના વડે મુદ્રિકા નથી ચોરાઈ પરંતુ રાજાનું ચિત્ત ચોરાયું છે. ॥૪૧॥ નિશ્ચે આણીને વિષે રાગી થયેલા રાજાએ આને ઓળખવા માટે પોતે જ મુદ્રિકાને બાંધીને હમણાં આણીને લાવવા માટે મને આદેશ કરેલ છે. ॥૪૨॥ આ પ્રમાણે બુદ્ધિ વડે નિશ્ચય કરીને અભયે તેણીને ધીરજ આપીને પોતાના ઘરે લઈ જઈને સ્નાન કરાવીને સુંદર વિલેપન વડે વિલેપન કરીને સુંદર વસ્ત્રોને પહેરાવીને આભૂષણો વડે વિભૂષિત કરીને, રાજાના અંતઃપુરમાં નાંખીને તે પોતે રાજાની પાસે ગયો. ।૪૩, ૪૪॥ રાજાને પોતાના નામની મુદ્રિકા અર્પણ કરી, હવે રાજાએ પૂછયું, ચોર કેવી રીતે થયો. અભયે કહ્યું, 'હે દેવ ! તે ચોર જલ્દીથી કેદખાનામાં નખાયેલ છે. જે સાંભળીને રાજા જલ્દી શ્યામ મુખવાળો થયો. ॥૪૫, ૪૬॥ અભયે પણ કહ્યું, 'હે દેવ ! અંતપુર શું કારાગૃહ નથી ? હવે હસીને રાજાએ કહ્યું, 'હે વત્સ ! તારા જાણપણામાં શું કહેવાય ? ॥૪૭॥ હવે ઉઠીને રાજા જલ્દી અનુરાગથી ખેંચાયેલા મનવાળો ગાંધર્વ વિવાહ વડે તે બાલિકાને પરણ્યો. ॥૪૮॥ અને રાજાએ પણ તે ભરવાડણની પુત્રીને પટરાણી કરી અથવા તો અનુરાગથી ગ્રથિલ થયેલા ઔચિત્યને શું જાણે. ॥૪૯॥ એક દિવસ અંતઃપુરમાં ગયેલા શ્રેણિક રાજા હર્ષ વડે પોતાની રાણીઓની સાથે પાસા વડે સ્વચ્છંદપણે રમતો હતો. ॥૫૦॥ ત્યાં આ પ્રમાણે શરત થઈ કે જીતનાર જે જીતાઈ ગયેલ હોય તેની પીઠ ઉપર ઘોડાની જેમ આરૂઢ થઈને અંકિત થયેલી ભૂમિમાં જાય છે. ॥૫૧॥ જ્યારે સુવંશમાં ઉત્પન્ન થયેલી રાણીઓ રાજાને જીતતી હતી ત્યારે તેણીઓ પોતાના

ઉત્તરીયવસ્ત્રને રાજાના પીઠ પર આરોપણ કરતી હતી. ॥૫૨॥ તે વળી ગણિકાની પુત્રી એવી રાણી એક દિવસ રાજાને જીતીને તેની પીઠ પર લજ્જા રહિત ચડી. ખરેખર હલકા કુળવાળાને શું લજ્જા ! ॥૫૩॥ ત્યાર પછી રાજા જલ્દી પરમાત્માના તે વચનને યાદ કરીને હસ્યો. તેણીએ પણ ઉતરીને શંકા સહિત રાજાને હાસ્યનું કારણ પૂછયું. ॥૫૪॥ રાજાએ કહ્યું, હે ભદ્રે ! તારા કુલનું પરિજ્ઞાન હાસ્યને કરનારું છે. તેણીએ પણ કહ્યું, હે દેવ ! શું મારું કુલ હાસ્યયોગ્ય છે. ॥૫૫॥ ત્યાર પછી રાજાએ તેણીને સ્વામીએ કહેલ પૂર્વભવથી માંડીને પીઠ પર આરોહણ પર્યંતનો સર્વ તે વૃત્તાંતને કહ્યો. ॥૫૬॥ અને તે સાંભળીને ભવથી ઉદ્વિગ્ન થયેલી તેણીએ બલાત્કારે રાજાની અનુજ્ઞા મેળવીને મહાઉત્સાહ વડે શ્રી વીરના ચરણોમાં વ્રતને ગ્રહણ કર્યું. ॥૫૭॥ ત્યાર પછી તેણી સમ્યક્ પ્રકારે વ્રતને પાલીને અને પૂર્વભવની જુગુપ્સાને આલોચીને, લાંબો કાળ સ્વર્ગના સુખને ભોગવીને ક્રમ વડે સિદ્ધિ રૂપી મહેલને પામશે. ॥૫૮॥

વિજુગુપ્સામાં દુર્ગન્ધાની કથા

હમણાં પરપાખંડીની પ્રશંસામાં દૃષ્ટાંત બતાવાય છે.

ન્યાયધર્માદિની વાસભૂમિ સમાન, તેના માત્સર્યથી જાણે, દુષ્કાલરૂપ ડમરાદિ વડે ત્યજાયેલ મગધ નામનો દેશ છે. ॥૧॥ ત્યાં રાજગૃહ નગર હતું. જેણે લક્ષ્મી વડે દ્વારિકાનગરીને જીતી હતી (કારણ કે) દ્વારિકામાં તો રાજા જ કુબેર (શ્રીપતિ) હતો. જ્યારે અહિં સર્વે લક્ષ્મીપતિ હતા. ॥૨॥ ત્યાં ચંદ્રની જેમ અતિ સુદર્શનવાળો શ્રેણિક રાજા હતો. જે પોતાના પ્રિયંકર હાથો વડે કુવલયની સ્ફાતિને કરતો હતો. અર્થાત્ કુવલયોને વિકસાવતો હતો. ॥૩॥ ત્યાં સમગ્ર રથિકોમાં અગ્રણી નાગ નામનો મહાભાગ, સર્વે અદ્ભુત ગુણોની શ્રેણીરૂપ અને શ્રેણિકની પ્રસાદના સ્થાનભૂતો હતો. ॥૪॥ તેની પતિવ્રતા એવી સુલસા નામની પત્ની પુણ્યકાર્યમાં (હંમેશા) અકૃત્યોમાં આલસવાળી લાલસાવાળી અને કૃત્ય વડે વિચરતી હતી. ॥૫॥ સફલ વાચક સમૂહવાળી, સદ્ગુણોને આકર્ષણ કરવામાં ઉદ્યત એવી અબલા હોવા છતાં પણ હંમેશાં દૃઢ ધર્મમાં રક્ત હતી. ॥૬॥ પૃથ્વી ઉપર પર્વતની જેમ અચલ એવું સમ્યક્ત્વ જેણીના હૃદયમાં હતું, તેના મૂળની જેમ સુશ્રાવકના બાર વ્રતો પણ હતા. ॥૭॥ સર્વેથી પણ મહર્ધિક કારૂણ્ય, સત્ય, શીલ આદિ (ગુણો) બાધા રહિત સુખપૂર્વક જેના શરીરમાં વસતા હતા. ॥૮॥ અને આ બાજુ ભયમાં પણ કમ્પાયમાન ન થાય એવી ચમ્પા નગરીમાં ધર્મ ચક્રવર્તી એવા શ્રી વીર ભગવાન્ આવ્યા. ॥૯॥ વિધિ પ્રમાણે દેવો વડે સમવસરણ બનાવાયે છતે જગતને વિસ્મય કરનાર લક્ષ્મીવાળા તે ભગવાન તેને વિષે બેઠા. ॥૧૦॥ ત્યારે ત્યાં છત્રવાળો, ત્રિદંડવાળો અને કમણ્ડલુ તથા વિશિષ્ટ આસનને ધારણ કરનાર પરિવ્રાજકોમાં શ્રેષ્ઠ એવો અંબડ પણ આવ્યો. ॥૧૧॥ સ્વામીને ત્રણ પ્રદક્ષિણા કરીને અને પ્રણામ કરીને, ઊંચા થયેલા ઘણા રોમાંચવાળો તે સ્તુતિ કરીને બેઠો. ॥૧૨॥ શ્રેષ્ઠ એવા સિદ્ધિરૂપી મહેલના અગ્રભાગને પ્રાપ્ત કરવામાં સાક્ષી સમાન અમૃતની વૃષ્ટિ સમાન દેશનાને પ્રભુએ કરી. ॥૧૩॥ તેને સાંભળીને ત્યાં અંબડે મોક્ષ સુખને ગ્રહણ કરવા માટે સત્યંકારની જેમ ઉત્તમ સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું. ॥૧૪॥ ચિંતામણી રત્ન સમાન સમ્યક્ત્વને પામીને, પોતાને ધન્ય માનતો, પ્રમોદને ભજનાર તે અબંડ જેટલામાં રાજગૃહી નગરી તરફ ચાલ્યો. ॥૧૫॥ તેટલામાં સુલસાની પરીક્ષા વડે આનું ધર્મમાં સ્થિરીકરણ થાય. એ પ્રમાણેના ઉપકાર માટે સ્વામી વડે તે કહેવાયો. ॥૧૬॥ ત્યાં નાગસારથિની સુલસા નામની પત્નીને અમારા આદેશથી અનાર્ત બુદ્ધિવાળો તું ધર્મની વાર્તાને પૂછજે. ॥૧૭॥

કરેલી અંજલીવાળો તે પણ સ્વામીના આદેશને મસ્તક વડે સ્વીકારીને ક્ષણવારમાં આકાશ માર્ગ વડે રાજગૃહ નગરને પામ્યો. ॥૧૮॥ અને સુલસાના ઘરના દ્વારમાં જઈને તેણે વિચાર્યું ત્યાં તેવા પ્રકારના સમાજમાં વીતરાગ એવા પણ પ્રભુ સ્વયં જેણીનું નામ ગ્રહણ કરીને સંદેશાને કહ્યો, તે સુલસા કેવા પ્રકારની છે. તેણીની પરીક્ષાને હું કરું છું. ॥૧૯, ૨૦॥ હવે ક્ષણવારમાં વૈક્રિય લબ્ધિ વડે કરેલા રૂપાંતરવાલો આ સુલસાના ઘરમાં પ્રવેશીને તેણે ભિક્ષાને માંગી. ॥૨૧॥ હે શુભો ! તું ધર્મની અર્થી છે. તો પાત્રમાં દાનને કર. તેણીએ કહ્યું, હું સાધુઓ વિના ધર્મને માટે બીજાને આપતી નથી. ॥૨૨॥

હવે નગરીની બહાર જઈને પૂર્વદ્વારની સમીપમાં ગયેલો, સુસમાધિવાળો તે બ્રહ્માના વેશને ધારણ કરીને રહ્યો. ॥૨૩॥ પદ્માસને રહેલ, હંસના વાહનવાળો, ચાર ભુજાવાળો, ચાર મુખવાળો, બ્રહ્મ સૂત્રને ધારણ કરનાર, જપમાલાવાળો, જટારૂપી મુગટ છે મસ્તકે જેને એવો, સાવિત્રી પ્રિયા વડે યુક્ત, ધર્મમાર્ગને ઉપદેશતો તે સાક્ષાત બ્રહ્માની બુદ્ધિ વડે સઘળા નગરજનો વડે સેવાતો હતો. ॥૨૪, ૨૫॥ ત્યારે બ્રહ્માની સ્તુતિના પદોવાળી સખીઓના સમૂહ વડે બોલાવાયેલી પણ સુલસા ત્યાં ન ગઈ અને તત્ત્વને જાણનારી તેણીએ પ્રશંસા પણ ન કરી. ॥૨૬॥ અને બીજે દિવસે દક્ષિણ દિશામાં અંબડ, ગરુડના આસનવાળો, શ્રીમાન્ શંખ-ચક્ર અને ગદાને ધારણ કરનાર વિષ્ણુની મૂર્તિ વડે રહ્યો. ॥૨૭॥ આ સ્વયં વિષ્ણુ છે, એ પ્રમાણે મૂઢ લોકો વડે સેવાયો. પરંતુ અરિહંતના ધર્મમાં જ રક્ત છે આત્મા જેનો એવી સુલસાએ તેની ગણના ન કરી. ॥૨૮॥ ત્રીજે દિવસે તે પશ્ચિમ દિશામાં ત્રણ નેત્રવાળો, ચંદ્રના મુગટવાળો, ચર્મના વસ્ત્રોવાળો, ગૌરી સહિત ખોપરી ધારણ કરનારો વૃષભના વાહનવાળો, શૂલ-પિનાકી ખટ્વાંગ નામના અસ્ત્રને ધારણ કરનાર, ભસ્મથી લેપેલા શરીરવાળો કપર્દી, સર્પને ધારણ કરનાર, નન્દ્યાદિ ઘણા વિસ્તૃત ગણો વડે પરિવરેલો શિવ થઈને ધર્મને ઉપદેશતા હતા અને હર્ષથી લોકો તેને સ્તવતા હતા. ॥૨૯ થી ૩૧॥ તેની પ્રશંસાના ભયથી વળી સુલસા તેની વાતને પણ સાંભળતી ન હતી. અને ચોથે દિવસે તેણે ઉત્તર દિશામાં સમવસરણને કર્યું. જિન થઈને ચાર મૂર્તિરૂપે ચાર પ્રકારે ધર્મને ઉપદેશતો હતો. ॥૩૨॥ હર્ષિત થયેલા મનુષ્યો વડે કહેવાયું. ખરેખર આ નગરી જ ધન્ય છે. હમણાં બ્રહ્મા-વિષ્ણુ-શિવ અને અરિહંત વડે સ્વયં આવીને જે પાવન કરાઈ. ॥૩૩॥ તો પણ નહિ આવેલી તેણીને બોલાવવા માટે અંબડે કોઈ પુરુષને શીખવીને મોકલ્યો તે પુરુષે જઈને તેણીને આ પ્રમાણે કહ્યું. ॥૩૪॥ હે સુલસા ! પરમ શ્રાવિકા એવી તું અન્યને વંદન ન કર. પરંતુ તે આ અરિહંત ભગવાન સમવસરેલા છે. તેથી જલ્દી તેને નમવા માટે આવ. ॥૩૫॥ તેણીએ કહ્યું, આ ચોવીશમા જિનેશ્વર મહાવીર નથી તેણે હવે ફરી કહ્યું, હે મુગ્ધા ! આ પચ્ચીશમા જિનેશ્વર છે. ॥૩૬॥ તેણીએ પણ કહ્યું, ક્યારે પણ પચ્ચીશમો અરિહંત થાય નહિ, દુષ્ટ બુદ્ધિવાળો કોઈપણ આ દંભી લોકોને છેતરે છે. ॥૩૭॥ તેણે કહ્યું, હે મહાસતી ! તારે વિભેદ વડે શું કાર્ય છે ? જે પ્રમાણે થાઓ તે પ્રમાણે શાસનની પ્રભાવના થાઓ. ॥૩૮॥ સુલસા એ કહ્યું, હે ! આ પ્રમાણે અહીં પ્રભાવના થતી નથી. પરંતુ અપભ્રાજના જ થાય, જેથી ખરેખર આ લોકો પણ દાંભિકો છે. ॥૩૯॥

આ પ્રમાણે નિરાકૃત કરાયેલા તેણે જઈને અંબડને કહ્યું, તેનું કહેલું સાંભળીને અંબડે પણ હર્ષ વડે હૃદયમાં વિચાર્યું. ॥૪૦॥ આવા પ્રકારની વિવેકવાળી સ્વામીના ચિત્તમાં શા માટે ન વસે. મારા શઠપણા વડે પણ જેનું સમ્યક્ત્વ ચલાયમાન ન કરાયું. ॥૪૧॥ ત્યાર પછી પ્રપંચને છોડીને સુલસાના ઘરમાં પોતાના રૂપવાળો અબંડ ઊંચેથી નિસિહિ બોલીને પ્રવેશ્યો. ॥૪૨॥ હવે સંભ્રમ સહિત સુલાસાએ ઊઠીને તેને કહ્યું, હે મારા ધર્મ બંધુ

આવ આવ તમારું સ્વાગત-સ્વાગત. ॥૪૩॥ સાધર્મિક વત્સલા એવી તેણીએ સ્વયં તેના ચરણને પ્રક્ષાલીને ત્યાર પછી ઘરની સર્વે અરિહંત પ્રતિમાઓ તેને વંદાવી. ॥૪૪॥ હવે તે પ્રતિમાઓને પ્રણામ કરીને તેણે પણ કહ્યું, હે બહેન ! ત્રણ લોકના શાશ્વત્-અશાશ્વત્ ચૈત્યોને તું પણ વંદન કરાવાય છે. ॥૪૫॥ હવે શ્રેયસી ભક્તિવાળી તેણીએ પણ મનના સંકલ્પથી આગળ રહેલાની જેમ તે સઘળા પણ ચૈત્યોને વંદન કર્યા. ॥૪૬॥ તેણે ફરી તેણીને કહ્યું, હે ભદ્રે ! તારા પુણ્યની અવધિ નથી. જેની પ્રવૃત્તિને મારી પાસેથી સ્વામીએ સ્વયં પૂછાવી. ॥૪૭॥ તેના વચનને સાંભળીને ઉત્પન્ન થયેલા રોમાંચવાળી તેણીએ પણ સ્વામીને વંદન કર્યું અને પ્રશસ્ત વાણીવાળી તેણીએ હર્ષથી સ્તુતિ કરી. ॥૪૮॥

ફરી વિશેષથી પરીક્ષાને માટે અંબડે સુલસાને કહ્યું, હે ભદ્રે ! અહીં બ્રહ્માદિએ અવતરીને ધર્મને ઉપદેશ્યો હતો. ॥૪૯॥ અને સર્વે નગરજનો તેને પ્રણામપૂર્વક સાંભળતા હતા. હે ભદ્રે ! તું દૃઢ છે, જેથી તેને જોવામાં પણ કૌતુક ન થયું. ॥૫૦॥ તેણીએ કહ્યું, હે ભાઈ ! જાણવા છતાં પણ ન જાણતો હોય તેમ તું શા માટે આ પ્રમાણે બોલે છે. આ બ્રહ્માદિ તત્ત્વાતત્ત્વને વિચારનારાઓને કેટલા માત્રમાં. ॥૫૧॥ શસ્ત્ર સહિત હોવાથી દ્વેષવાળા. સ્ત્રી સહિત હોવાથી રાગી એવા જેઓને વિષે દેવોનું ચિહ્ન પણ નથી, તેઓને વિષે અહીં સ્પૃહા કઈ ? ॥૫૨॥ જે રેવતકની સમીપમાં રહેલા લાખો બગીચાને વિષે હંમેશાં રમ્યો હોય તે નીલકંઠ શું વૃક્ષ વગરના મારવાડમાં ઉત્કંઠા સહિત થાય ! ॥૫૩॥ જેણે મનોહર સુગંધવાળા ચમ્પકના ઉદરમાં મકરન્દને પીધો હોય તે ભમરો શું કિંશુકના ફૂલને વિષે રતિને ક્યારેય કરે ? ॥૫૪॥ જોવા યોગ્ય અવધિ લક્ષ્મીવાળા, રાગદ્વેષથી રહિત એવા શ્રી વીર પરમાત્માને જોઈને કોણ અન્યને જોવા માટે ઇચ્છા કરે ! ॥૫૫॥ હવે અંબડ તેને પૂછીને વારંવાર પ્રશંસા કરતો, અરિહંતના ધર્મમાં સ્થિર થયેલો તે પોતાના સ્થાને ગયો. ॥૫૬॥ તે સુલસા પણ નિર્મલ એવા અરિહંતના ધર્મને પાલીને અંતે અનશનને કરીને સમાધિ વડે સ્વર્ગમાં ગઈ. ॥૫૭॥ ત્યાંથી ચ્યવીને અહીં જ આવતી ઉત્સર્પિણીમાં મમતા રહિતના **નિર્મમ** નામના પંદરમા તીર્થંકર થશે. ॥૫૮॥ સુંદર વ્રતને ગ્રહણ કરીને ઉપાર્જન કરેલ કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીવાળા તીર્થંકરની તે અદ્‌ભુત સંપત્તિને ભોગવીને અને ધર્મવિધિની દેશના વડે ભવ્ય જીવોને બોધ પમાડીને સુખને કરનારી એવી મોક્ષનગરીને પ્રાપ્ત કરશે. ॥૫૯॥ આ પ્રમાણે સુવિવેકને ભજનારા કોઈપણ વડે પાખંડીજનની પ્રશંસા કરવા યોગ્ય નથી. જેથી સમ્યક્ત્વની નિર્મળતાના વશથી અવશ્ય સુલસાની જેમ મોક્ષને પ્રાપ્ત કરે છે. ॥૬૦॥

પરપાખંડીની પ્રશંસાના પરિહારમાં સુલસાની કથા ॥૪॥

હમણાં પરપાખંડીના પરિચયમાં દૃષ્ટાંત કહેવાય છે.

જગતને વિષે સુરાષ્ટ્ર નામનો પ્રખ્યાત દેશ છે ત્યાં રેવતકની નજીકમાં ગિરિનગર નામનું નગર છે. ॥૧॥ તેને વિષે નિર્મલ સમ્યક્ત્વવાળો, સ્વીકારેલા બાર વ્રતવાળો, જિનધર્મના રહસ્યને જાણનાર જિનદાસ નામનો શ્રાવક હતો. ॥૨॥ ત્યાં એક વખત દુષ્કાળ થયે છતે નિર્વાહના અભાવથી બુદ્ધિશાળી એકાકી એવા તેણે સાર્થની સાથે ઉજ્જયિની તરફ પ્રયાણ કર્યું. ॥૩॥ અને વચમાં કોઈપણ પ્રમાદથી તે સાર્થથી છૂટો પડ્યો. વળી તેનું ભાતું સાર્થની સાથે જ ગયું. ॥૪॥ અને તેવા પ્રકારનો કોઈપણ બીજો સાર્થ તેને ન મળ્યો. તેથી ના બૌદ્ધભિક્ષુઓના સાર્થની સાથે તે ચાલ્યો. ॥૫॥ તેઓ વડે કહેવાયું કે, અહો ! માર્ગને વિષે અમારું જો તું આટલા પ્રમાણમાં વહન કરે તો તેથી હે ભદ્ર ! અમે તને ઈચ્છા પ્રમાણે ભોજનને આપશું. ॥૬॥ ત્યારે જંગલમાં આવી પડેલા તેણે પણ તે સ્વીકાર્યું. સંકટરૂપી સમુદ્રને તરવા માટે અપવાદ પણ સેવાય છે. ॥૭॥

ત્યાર પછી વહન કરનારાની જેમ તે શ્રાવકે તેટલા પ્રમાણનું વહન કર્યું અને તેઓ વડે અપાયેલ અતિ સ્નિગ્ધ લાડવાદિને ખાધા. ॥૮॥ પ્રાયઃ બૌદ્ધો સ્નિગ્ધ અને મધુર ભોજન કરનારા હોય છે તથા તેઓના મતને કહેનારાઓ વડે આ વારંવાર બોલાય છે. ॥૯॥

કોમળ શય્યામાં સૂવું, સવારે ઊંઠીને રાબ પીવા યોગ્ય છે, મધ્યાહ્ને ભોજન અને અપરાહ્ને પાન તથા અર્ધરાત્રે દ્રાક્ષાખંડ તથા સાકર પીવા યોગ્ય છે અને અંતે શાકય સિંહ વડે મોક્ષ જોવાયેલ છે. મનોજ્ઞ ભોજનને ખાઈને મનોજ્ઞ શયન અને આસન કર્યે છતે મનોજ્ઞ હવેલીમાં મનોજ્ઞ ધ્યાનવાળો મુનિ થાય. ॥૧૦, ૧૧॥ અને એક દિવસ તેને અજીર્ણ વડે વિસૂચિકા થઈ અને યમની દૂતીની વડે જેમ તે દુષ્ટ વિસૂચિકા વડે ગાઢ રીતે પીડાય છે. ॥૧૨॥ ત્યારે ત્યાં વૈદ્ય અને ઔષધની અપ્રાપ્તિ વડે તે પીડા વડે પ્રકાશના સ્થાને અંધકાર પ્રાપ્ત કરાવાયો. ॥૧૩॥ જિનદાસ પણ અંત કરનારી અસંભાવ્ય પ્રતિકારવાળી, શાકીનીની જેવી પ્રબળ તે વ્યથાને જાણીને. હવે પદ્માસનને કરીને, એકાગ્ર મનવાળા બુદ્ધિશાલી, યોગી એવા તેણે સ્વયં સિદ્ધની સાક્ષીએ આલોચનાને કરી. ॥૧૪, ૧૫॥

ત્રણ જગતને પૂજ્ય એવા અરિહંતો, સિદ્ધિમાં રહેલા શાશ્વત સિદ્ધો, સાધુતાને ભજનારા સાધુઓ, કેવલીએ કહેલ ધર્મ આ ચારે પણ ઉત્તમ મારા મંગલને કરો અને આતુર એવા મને આ ચારે શરણરૂપ થાઓ. ॥૧૬, ૧૭॥

સર્વ પ્રાણીવધ, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, શરીર અને આહારનો સમૂહ આ સઘળું પણ હાલમાં વોસિરાવું છું એ પ્રમાણે ચિત્તમાં સ્થાપન કરીને ગુરુના અભાવમાં પણ જાણે ગુરુની આગળ રહેલો હોય તેમ અનશનક્રિયાને કરીને ॥૧૮, ૧૯॥ ખમાવેલ છે સર્વ પ્રાણીને જેણે એવો પંચપરમેષ્ઠિ નમસ્કારને સ્મરણ કરતો, પાપરહિત આત્મા મરીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ॥૨૦॥ ત્યાર પછી તે બૌદ્ધોએ પોતાના આચારની વિધિપૂર્વક તેના અંગને લાલ વસ્ત્ર વડે વીંટાળીને એકાંતમાં છોડીને સ્વયં ગયા. ॥૨૧॥ અને અંતમુહૂર્ત વડે પ્રાપ્ત થયેલ યૌવનવાળાં મનુષ્યની જેમ થયો અને ઉત્પન્ન થયેલ નિદ્રાના વિરામની જેમ પલંગમાંથી ઊઠ્યો. ॥૨૨॥ હવે અતિ વિસ્મય કરનારી દિવ્ય દેવઋદ્ધિને જોઈને અને કિંકર દેવતાઓ વડે જય-જય અવાજથી કરાયેલ ઉદ્ઘોષણાને સાંભળીને. ॥૨૩॥ વિચાર્યું મારા વડે પહેલા શું કરાયું ? જેના વડે આવા પ્રકારની ઋદ્ધિ પ્રાપ્ત કરાઈ તે જાણવા માટે જિનદાસ દેવે જેટલામાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. ॥૨૪॥ તેટલામાં લાલ વસ્ત્રથી વીંટળાયેલા પોતાના શરીરને જોઈને ભ્રાન્ત થયેલા અંતઃકરણવાળા તેને નિશ્ચય કર્યો કે હું બૌદ્ધ હતો. ॥૨૫॥ અહો આજ એક બૌદ્ધદર્શન પ્રધાન છે. જેનાથી મને આ વાણી અને મનના વિષયભૂત ન બને તેવી વિભૂતિ થઈ. ॥૨૬॥

ત્યાર પછી તેના બહુમાન વડે તે ઉજ્જયિની નગરીમાં જઈને દિવ્યમૂર્તિ એવો તે તેઓને નમીને પોતાના સ્વરૂપને નિરુપણ કરીને અદૃશ્યમૂર્તિ એવો તે દૃશ્ય હાથ વડે પીરસતો દરરોજ તેઓને દેવનિર્મિત આહાર વડે ભોજન કરાવતો હતો. ॥૨૭, ૨૮॥ ત્યાર પછી ત્યાં બૌદ્ધોનો મહાન અર્થવાદ થયો. વળી અન્ય શ્રાવકાદિઓની અપભ્રાજના થઈ. ॥૨૯॥

એક દિવસ ધર્મઘોષ નામના આચાર્ય ત્યાં પધાર્યા શ્રાવકોએ તેઓને પ્રણામ કરીને તે સર્વે હીલનાદિને કહ્યું. ॥૩૦॥ અને કહ્યું, હે ભગવન્ ! તમે હમણાં કાંઈપણ કરો. જેથી અહીં અત્યંત મોટી શાસનની ઉન્નતિ થાય. ॥૩૧॥ ગુરુએ જેવું હતું તે પ્રમાણે સર્વ સાંભળીને શ્રુતજ્ઞાન વડે જાણીને બે મુનિઓને આદેશ કર્યો તમે

બુદ્ધના ઘરમાં જાવ. ॥૩૨॥ જ્યારે તે બૌદ્ધો તે દિવ્ય હાથ વડે તમને બંનેને ભિક્ષા અપાવે ત્યારે જલ્દી હાથ વડે હાથને ધારણ કરીને નમસ્કાર મહામંત્રને મોટેથી બોલીને આ પ્રમાણે.બોલવા યોગ્ય છે. હા હો ! તું બોધપામ, બોધપામ આ પ્રમાણે મોહ ન પામ. ॥૩૩, ૩૪॥ હવે તે બંને શ્રેષ્ઠ મુનિઓ બુદ્ધના વિહારમાં ગયા. ઋદ્ધિગારવવાળા તેઓએ પણ આવીને હર્ષ વડે કહ્યું. ॥૩૫॥ આવો ! આવો ! જેવી રીતે દિવ્ય આહાર તમને બંન્નેને પણ અપાવીએ. બંન્ને મુનિ પણ ત્યાં ગયા જ્યાં તે હાથ આપે છે. ॥૩૬॥ જેટલામાં ભિક્ષુની વાણી વડે તે બંનેને પણ આપવા માટે તે પ્રવૃત્ત થયો. તેટલામાં તે હાથને પકડીને સાધુઓએ તે ગુરુના આદેશને કહ્યો. ॥૩૭॥ એકા-એક તેણે પણ તે સાંભળીને સમ્યક્ પ્રકારે અવધિને જોડ્યું અને જાણેલા તત્ત્વવાળો તે તેના વડે જલ્દી દિવ્યરૂપવાળો આગળ થયો. ॥૩૮॥

હવે ભક્તિના સમૂહથી નિર્ભર એવા તેણે અદૃષ્ટચરની જેમ તે સર્વે બૌદ્ધોને દૂર કરીને તે બંને સાધુને વંદન કર્યું. ॥૩૯॥ પૃથ્વી પર અવતરેલા સૂર્ય જેવા, દિવ્ય આભરણાદિ વડે આકાશ અને પૃથ્વીના પેટાળને ભરનારી કાંતિવાળા, લક્ષ્મી વડે સ્વયં ઈન્દ્ર જેવા (તે દેવ) તે બંને સાધુ સાથે જ ગુરુની પાસે આવીને ભૂમિ ઉપર સ્થાપન કરેલા મસ્તકવાળા તથા જોડેલી અંજલીવાળા તેણે ગુરુને નમીને કહ્યું. ॥૪૦, ૪૧॥ હે ભગવન્ ! તમારા વડે સારું થયું. હું હમણા ઉદ્ધાર કરાયો. જો આ પ્રમાણે ન કર્યું હોત તો મિથ્યાત્વથી મૂઢ બુદ્ધિવાળો હું ભવ સમુદ્રમાં ડૂબત. ॥૪૨॥ અમૃતમાં જેમ માધુર્ય, યૌવનમાં જેમ સૌંદર્ય તેમ પરોપકારમાં ધુર્યપણું, હે પ્રભુ ! તમારે વિષે જ રહેલું છે. ॥૪૩॥ તે ગુરુઓની આ પ્રમાણે પ્રશંસા કરીને અને તેઓની સાથે ચૈત્યમાં જઈને ત્યાં જિનદાસ દેવે પૂજાદિ વડે પ્રભાવનાને કરીને. ॥૪૪॥ મેઘનું આગમન થયે છતે મોરની જેમ હર્ષથી તાંડવ નૃત્યને કરતા એવા તેણે લોકોની પ્રતિ કહ્યું, હે લોકો સાંભળો-સાંભળો. ॥૪૫॥ સર્વ ધર્મોમાં ઉત્તમ આ અરિહંતનો સમ્યગ્ ધર્મ ભવરૂપી સમુદ્રને વિષે વહાણ સમાન અને મોક્ષરૂપી મહાવૃક્ષના બીજ સમાન છે. ॥૪૬॥ આ ધર્મના પ્રભાવથી જ આ આવા પ્રકારની દેવની ઋદ્ધિ મને થઈ. તેથી તમે પણ આને વિષે પ્રયત્નને કરો બીજાઓ વડે શું ? ॥૪૭॥ અને તે અરિહંતના ધર્મના ફલને જોઈને અને સાંભળીને શુભ બુદ્ધિવાળા ઘણા મનુષ્યે અરિહંતના ધર્મને સ્વીકાર્યો. ॥૪૮॥ તે દેવ આ પ્રમાણે અરિહંતના શાસનની પ્રભાવનાને કરીને, ગુરુના ચરણોને નમસ્કાર કરીને દેવલોકમાં ગયો. ॥૪૯॥ તેવા પ્રકારના પ્રભાવવાળા તે આચાર્યો કેટલા થશે જેઓ મિથ્યાત્વ રૂપી સમુદ્રમાં પડતા મૂઢોને પણ ઉદ્ધરશે. (તેથી) તત્ત્વમાર્ગમાં લીન એવા ભવ્યો વડે દુષ્ટ સંકટના સમૂહની જેમ તે પાંખડીઓના સમૂહનો પરિચય પહેલેથી જ ત્યજવા યોગ્ય છે. ॥૫૦॥

આ પ્રમાણે પરપાખંડીના સંસ્તવમાં જિનદાસની કથા ॥૪॥૪૫॥(૨૫૧)

હવે સમ્યક્ત્વવાળાઓની પ્રશંસાને કહે છે.

તે ધન્ના તાણ નમો, તિચ્ચિય ચિરજીવિણો બુહા તે ય ।
જે નિરઇયારમેયં, ધરંતિ સમ્મત્તવરરયણં ॥૪૬॥ (૨૫૨)

ગાથાર્થ : જે પુણ્યવાન્ પ્રાણીઓ આ નિરતિચાર સમ્યક્ત્વને ધારણ કરે છે, તે પ્રાણીઓ ધન્ય છે, તેઓને નમસ્કાર થાઓ, તેઓ જ ચિરકાળ જીવન જીવનારા છે, અને તેવા આત્માઓ જ ખરેખર પંડિત પુરુષો છે. ॥૪૬॥॥૨૫૨॥

ભાવાર્થ : સુગમ છે. અહીં કેટલાક (જીવો) જિનેશ્વરે કહેલા કાલદ્રવ્યાદિમાં વિપરીત રીતે સ્વીકાર કરે છે. તેઓને નિરાકરણ કરવા માટે કહે છે. ત્રિકાલ, છ દ્રવ્ય નવપદ સહિત, જીવના છ કાય અને લેશ્યા, પાંચ અસ્તિકાય, વ્રત સમિતિ, ગતિ, જ્ઞાન, ચારિત્રના ભેદો આ પ્રમાણે ત્રણ ભુવનને હિતકારી સ્વામી એવા અરિહંતો વડે કહેવાયેલ. આ મોક્ષમૂલને જે વિશ્વાસ કરે છે શ્રદ્ધા કરે છે, સ્પર્શે છે, તે જ મતિમાન શુદ્ધદૃષ્ટિવાળો છે.

ત્રિકાલ - અતીત-અનાગત અને વર્તમાનરૂપ, દ્રવ્યો-ગુણના આશ્રયરૂપ છે. તેઓનું ષટ્ક, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલરૂપ, નવ પદો - જીવાજીવાદિ તત્ત્વો તેઓ વડે સહિત.

કાયા અને લેશ્યા - કાયલેશ્યા. છ સંખ્યાના પ્રમાણવાળા કાયલેશ્યા - ષટ્કાયલેશ્યા, જીવોના છકાય લેશ્યા - જીવષટ્કાયલેશ્યા. તેમાં ષટ્કાય - પૃથ્વીકાયાદિ.

છલેશ્યા - કૃષ્ણાદિ, પાંચ અસ્તિકાય - ધર્માસ્તિકાયાદિ, પંચ શબ્દ વ્રતાદિમાં પણ જોડવા યોગ્ય છે. તેથી પાંચ વ્રત - પ્રાણિવધથી અટકવું આદિ.

સમિતિ પાંચ - ઇર્યાસમિતિ આદિ, ગતિ - નરકાદિ.

જ્ઞાન - મતિજ્ઞાનાદિ, ચારિત્ર - સામાયિક - છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત.

વળી કયા લિંગો વડે આને સમ્યક્ત્વ છે. આ પ્રમાણે શ્રદ્ધા કરવા યોગ્ય છે તો કહે છે.

उवसम संवेगो वि य, निव्वेओ विय तहेव अणुकंपा ।
आत्थिक्कं च एव तहा, सम्मत्ते लक्खणा पंच ।।४७।। (२५३)

ગાથાર્થ : ઉપશમ, સંવેગ, નિર્વેદ તથા અનુકંપા અને આસ્તિકય આ પ્રમાણે સમ્યક્ત્વના પાંચ લક્ષણો છે.

ભાવાર્થ : ઉપશમ - તીવ્ર કષાયનો અનુદય. સંવેગ - મોક્ષનો અભિલાષ. નિર્વેદ - ભવથી વૈરાગ્ય એટલે કે, સંસારથી કંટાળો. અનુકંપા - દુઃખીઓને વિષે દયા. આસ્તિક્ય - બીજા તત્ત્વોને સાંભળવા છતાં પણ જિનધર્મમાં જ શ્રદ્ધા. સમ્યક્ત્વ હોતે છતે. આ પાંચ લક્ષણો હોય છે. ॥૪૭॥ (૨૫૩)

સમ્યક્ત્વવાળો શુદ્ધ પરિણામી થાય એ પ્રમાણે કહે છે.

इत्थ य परिणामो खलु, जीवस्स सुद्धो उ होइ विन्नेउं ।
किं मलकलंकमुक्कं, कणगं भुवि ज्झामलं होइ ।।४८।। (२५४)

ગાથાર્થ : અને સમ્યક્ત્વ હોતે છતે જીવનો પરિણામ નિશ્ચયથી શુભ હોય છે. એમ જાણવા યોગ્ય છે. શું માટીના-કલંકાદિથી રહિત સુવર્ણ પૃથ્વીને વિષે રખડતું હોય એવું બને ખરું ?

ભાવાર્થ : અને અહીં સમ્યક્ત્વ હોતે છતે જીવનો પરિણામ નિશ્ચયથી શુભ જ જાણવા યોગ્ય છે. આને જ બીજા અર્થના સ્થાપન વડે સમર્થન આપતા કહે છે કે, શું મલ-કાલિમાદિથી રહિત સુવર્ણ પૃથ્વીને વિષે શું રખડતું હોય ?

અર્થાત્ ન હોય. આ પ્રમાણે અર્થ છે. ॥૪૮॥(૨૫૪)

હમણાં ઉપશમાદિથી પ્રાણીઓની ક્રિયા વિશેષને કહે છે.

पयईए कम्माणं, वियाणिउं वा विवागमसुहंति ।
अवरद्धे वि न कुप्पइ, उवसमओ सव्वकालंपि ।।४९।। (२५५)

ગાથાર્થ : સ્વભાવથી જ કર્મોના અશુભ વિપાકને જાણીને સર્વકાલે ઉપશમ પામેલો અપરાધવાળાને વિષે પણ કોપ કરતો નથી.

ભાવાર્થ : સ્વભાવ વડે કર્મોના અથવા કષાયોના અશુભ વિપાકને જાણીને આ કારણથી કરેલા અપરાધવાળાને વિષે પણ કોપ કરતો નથી. ઉપશમભાવથી સર્વકાલે પણ અર્થાત્ અપરાધીને નિગ્રહ કરવામાં સમર્થ હોતે છતે એવા સમયે પણ કોપ કરતા નથી. આ પ્રમાણેનો અર્થ છે.

તથા

नरविबुहेसरसुक्खं, दुक्खं चिय भावउ य मन्नंतो ।
संवेगओ न मुक्खं, मुत्तुणं किं पि पत्थेइ ।।५०।। (२५६)

ગાથાર્થ : રાજા અને ઈન્દ્રોના સુખને ભાવથી દુઃખરૂપ માનતો સંવેગથી મોક્ષને છોડીને બીજી કાંઈપણ પ્રાર્થના કરતો નથી.

ભાવાર્થ : રાજા અને ઈન્દ્રોના સુખને ભાવથી દુઃખરૂપ માનતો, જેનાથી લાંબાકાળે પણ દુઃખ જ મલે છે અને જે મરણના અંતે પણ સંસારનો અનુબંધ કરાવનાર ભવને આપે છે. તેને કેવી રીતે સુખ કહેવાય. (ઉપદેશ માલા ગા. ૩૦) આ પ્રમાણેના વચનથી સંવેગથી મોક્ષને મૂકીને કાંઈપણ પ્રાર્થના કરતો નથી. ॥૫૦॥(૨૫૬)

તથા

नारय-तिरिय-नरामर-भवेसु निव्वेयओ वसई दुक्खं ।
अकयपरलोयमग्गो, ममत्तविसवेगरहिओ वि ।।५१।। (२५७)

ગાથાર્થ : પરલોકની યથાયોગ્ય સાધના ન કરી હોવાથી તથા મમત્વરૂપ વિષના આવેગ વગરના આ સમકિતી આત્મા નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવના ભવોમાં નિર્વેદ ગુણના યોગે દુઃખપૂર્વક વસે છે. ॥૫૧॥૨૫૭॥

ભાવાર્થ : નારકાદિ ભવોમાં વિષયમાં નિર્વેદથી અર્થાત્ વૈરાગ્યના વશથી મમત્વરૂપી વિષ તેનો વેગ એટલે કે લહરી તેનાથી રહિત હોવા છતાં પણ ધન-સ્વજન અને શરીરાદિને વિષે છોડી દીધેલ આત્મીયપણાના અભિમાનવાળો હોવા છતાં પણ ચારિત્ર મોહનીય કર્મના વશથી નહિ કરેલા પર - પ્રકૃષ્ટ લોક એટલે કે સિદ્ધિ ક્ષેત્ર તેનો માર્ગ એટલે કે ચારિત્ર જેના વડે તે અકૃત પરલોક માર્ગવાળો દુઃખથી વસે છે. અર્થાત્ ચારિત્રને નહિ પ્રાપ્ત કરેલો તે કષ્ટથી રહે છે. આ પ્રમાણેનો અર્થ છે. ॥૫૧॥(૨૫૭)

તથા

दट्ठूण पाणिनिवहं, भीमे भवसायरंमि दुक्खत्तं ।
अविसेसऊणुकंपं, दुहावि सामत्थउ कुणइ ।।५२।। (२५८)

ગાથાર્થ : ભયંકર ભવસાગરમાં પ્રાણીના સમૂહને દુઃખથી પીડાતા જોઈને પક્ષપાત કર્યા વગર બંને પ્રકારની અનુકંપાને પોતાની શક્તિ અનુસારે કરે છે.

ભાવાર્થ : પૂર્વાર્ધ સુગમ છે. સ્વ અને પરના વિભાગ વિના બંને પ્રકારે અનુકંપા દ્રવ્યથી બાહ્ય આપત્તિના પ્રતિકાર વડે અને ભાવથી ભીના હૃદયપણા વડે પ્રતિબોધ કરી કરીને પ્રાણીને સન્માર્ગ પ્રાપ્ત કરાવવા વડે પોતાની શક્તિના અનુસારે કરે છે. ॥૫૨॥(૨૫૮)

તથા

मन्नइ तमेव सच्चं, नीसंकं जं जिणेहिं पन्नत्तं ।
सुहपरिणामो सम्मं, कंखाइ विसुत्तियारहिओ ।।५३।। (२५९)

ગાથાર્થ : કાંક્ષા આદિ વિશ્રોતસિકા - ચિત્ત વિક્ષેપથી રહિત અને શુભ પરિણામવાળો આત્મા, "જિનેશ્વર દેવોએ જે તત્ત્વ પ્રરૂપ્યું છે તે જ સત્ય અને નિઃશંક છે" એમ સમ્યગ્ રીતે માને છે તે આસ્તિક્ય છે. ॥૫૩॥૨૫૯॥

ભાવાર્થ : તે જ સમ્યક્ અવિસંવાદી છે એમ માને છે. નિઃસંદેહ રૂપ માને છે કે જે જિનેશ્વરો વડે કહેવાયેલ છે. શુભ પરિણામ પ્રસ્તાવથી આસ્તિક્ય સ્વરૂપ શુભ પરિણામ જેને છે તે આસ્તિક્ય આ પ્રમાણેનો અર્થ છે. કાંક્ષાદિ રૂપ એટલે કે વિશ્રોતસિકા, ચિત્તવિપ્લુતાદિ તેઓ વડે રહિત આ પ્રમાણે. ॥૫૩॥(૨૫૯)

હવે પ્રકૃતનું નિગમના કરતા સમ્યક્ત્વના ફલને કહે છે.

एवंविहपरिणामो, सम्मदिट्ठी जिणेहिं पन्नत्तो ।
एसो उ भवसमुद्दं, लंघइ थोवेण कालेण ।।५४।। (२६०)

ગાથાર્થ : જિનેશ્વરો વડે આવા પ્રકારના પરિણામવાળો સમ્યગ્દૃષ્ટિ કહેવાયેલ છે. આવો આત્મા જ ભવરૂપી સમુદ્રને અલ્પ કાલ વડે ઓળંગે છે.

ભાવાર્થ : આવા પ્રકારના ઉપશમાદિ રૂપ પરિણામ જેને છે તે સમ્યગ્દૃષ્ટિ જિનેશ્વરો વડે કહેવાયેલ છે. આ જ થોડા કાલ વડે ભવરૂપી સમુદ્રને ઓળંગે છે. તથા આગમમાં કહેલ છે.

હે ભગવંત ! ઉત્કૃષ્ટથી દર્શન વડે કેટલા ભવો વડે સિદ્ધ થાય. હે ગૌતમ ! ઉત્કૃષ્ટથી તે જ ભવે અને તે ભવમાં ન થાય તો ત્રીજા ભવને ઓળંગતો નથી. ॥૫૪॥(૨૬૦)

આ પ્રમાણે સમ્યક્ત્વ મોક્ષનું કારણ કહેવાયું. પરંતુ તે વિરતિથી યુક્ત જાણવા યોગ્ય છે. અવિરતિને તપથી નિકાચિત કર્મના ક્ષય માટે કરેલો પ્રયત્ન પણ (વિરતિના અભાવમાં) નિષ્ફળ છે.

આ પ્રમાણે કહ્યું છે.

सम्मदिट्ठिस्सवि अविर-यस्स न तवो बहुफलो होइ ।
हवइ हु हत्थिन्हाणं, चुंदच्छियय़ं व तं तस्स ।।५५।। (२६१)

ગાથાર્થ : અવિરત સમ્યગ્દૃષ્ટિ આત્માને તપધર્મ, હાથીના સ્નાનની જેમ તથા શારડીની જેમ, બહુફળ આપનારો થતો નથી.

ભાવાર્થ : મિથ્યાદૃષ્ટિના તપનું અસારપણું તામલિ તાપસના દૃષ્ટાંતથી પ્રસિદ્ધ છે. સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં પણ પ્રાણાતિપાતાદિ વિરતિથી રહિતને તપ બહુ ફલ અર્થાત્ મોક્ષફલને આપનાર થતું નથી. 'હુ' યસ્માત્ અર્થમાં છે જે કારણથી તેને તે તપ હસ્તિના સ્નાન સમાન થાય છે. જે પ્રમાણે હાથી સ્નાન કરીને ફરી ધૂલને

અંગને વિષે નાંખે છે. એ પ્રમાણે આ પણ તપ વડે કર્મને ખપાવીને ફરી અવિરતિ વડે બાંધે છે. અથવા ચુંદાછિતકની જેમ ચુંદ - સુથારનું ઉપકરણ વિશેષ તેને વિષે છિતક - આકર્ષણ આ દોરી વડે વીંટાળીને હાથ વડે ખેંચાય છે. જ્યારે તે ડાબા હાથ વડે ખેંચાય છે ત્યારે દોરી જમણી બાજુથી વેષ્ટકો વડે પૂરાય છે. વળી જ્યારે જમણા હાથ વડે ખેંચાય છે. ત્યારે ડાબી બાજુથી એટલે કે શારડીમાં દોરી એક તરફથી છૂટી જાય અને બીજી તરફથી વીંટળાતી જાય છે તેમ આ પણ એકબાજુ તપથી કર્મને ખપાવે છે અને બીજી બાજુ અવિરતિ વડે કર્મને બાંધે છે. આ પ્રમાણેનો અર્થ છે. ॥૫૫॥ (૨૬૧)

કહેલા જ અર્થને ઉદાહરણ દ્વારા સમર્થન આપે છે.

चरणकरणेहिं रहिओ, न सिज्झइ सुट्ठुसम्मदिट्ठी वि ।
जेणागमंमि सिद्धो, रहंधपंगूण दिट्ठंतो ।।५६।। (२६२)

ગાથાર્થ : સુંદર સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં પણ ચરણ અને કરણ વડે રહિત સિદ્ધ થતો નથી. જે માટે આગમમાં રથ-અંધ અને પંગુનાં દૃષ્ટાંત સિદ્ધ છે.

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ રથ દૃષ્ટાંત.

સંયોગથી કાર્ય સિદ્ધિરૂપ ફલને કહે છે. કારણ કે, એક પૈડા વડે રથ ચાલતો નથી.

હવે અહિં અન્વય દૃષ્ટાંત અંધ અને પંગુનું કહે છે -

આંધળો અને પાંગળો વનમાં પરસ્પર સહાયક બનીને નાઠા, તેથી નગરમાં પહોંચ્યા. ॥૧॥ (આવ.નિ.ગા. ૧૦૨)

વળી વ્યતિરેકથી કહે છે -

વનમાં દાવાનળ દેખવા છતાં પાંગળો નહિ ચાલવાથી દાઝ્યો અને દોડવા છતાં આંધળો નહિ દેખવાથી દાઝ્યો.

આ બંને સમ્પ્રદાયથી ગમ્ય તે છે, આ પ્રમાણે.

કોઈપણ નગરથી લોકોએ શત્રુઓથી પીડાની શંકા વડે વૈરીથી દુઃખે કરીને પ્રાપ્ત કરી શકાય તેવા જંગલનો આશ્રય કર્યો. ॥૧॥ એક દિવસ વળી ત્યાં પણ છાપાના ભયથી આતુર, ગ્રહણ કરેલા પ્રાણવાળા ગાડાદિને મૂકીને પલાયન થયા. ॥૨॥ ત્યાં અંધ અને પંગુ બે મનુષ્યો આશ્રય રહિતના હતા અને તે બંને સત્ત્વ રહિતપણાથી નિર્ભય એવા ત્યાં જ રહ્યા. ॥૩॥ ધાડપાડુઓ ત્યાં આવીને ચોરી-ચોરીને ગયે છતે હવે કલ્પાન્તકાલના અગ્નિ જેવો ઉત્પન્ન થયેલ દાવાનલ પ્રજ્વલિત થયો. ॥૪॥ હવે દાવાનલથી ઉન્મુખ થયેલ દોડતો એવો અંધ પંગુ વડે કહેવાયો અરે ! તું શું જીવવાની ઈચ્છાવાળો છે કે મરવાની ? કે જેથી દાવાનલની સન્મુખ જાય છે. ॥૫॥ તેણે કહ્યું, હે ભદ્ર ! તો તું કહે, જીવવા માટે હું ક્યાં જાઉં ? મૃત્યુના મુખથી મને ખેંચ. પ્રાણદાન ખરેખર અનુત્તર છે. ॥૬॥ ત્યાર પછી પંગુએ તે અંધને કહ્યું, આવ તું મને ખભા પર બેસાડ. જેથી મારાથી જોવાયેલ માર્ગમાં તારી ગતિ અપાય રહિત થાય. ॥૭॥ અંધ પણ પંગુ વડે કહેવાયેલું યોગ્ય માનતો જલ્દીથી તે જ પ્રકારે કરતો હતો. ખરેખર પ્રાણનો ભય તે મોટો ભય છે. ॥૮॥ ત્યાર પછી સાથે જતા તે બંને ઇચ્છિત સ્થાનને પામ્યા. આ પ્રમાણે દર્શન અને ચારિત્ર બંને સાથે રહેલા મોક્ષને આપે છે. ॥૯॥

વ્યતિરેક વળી :-

કોઈક નગરમાં લોકોને લંકાના દાહનું જાણે પ્રકાશન કરતો હોય તેવો અગ્નિ ચારેબાજુથી ઉત્પન્ન થયો. ॥૧૦॥ ત્યાર પછી સર્વે મનુષ્યો હાહારવને કરતા વેગથી મહાન મુશ્કેલીએ ત્યારે પ્રાણ જ છે માત્ર ધન જેને

એવા ત્યાંથી ભાગ્યા. ॥૧૧॥ અને ત્યાં અંધ અને પંગુ બે મનુષ્યો અનાથ હતા. તે બંને કોઈના વડે બહાર લઈ ન જવાયા અને પોતાની શક્તિ વડે જવા માટે અસમર્થ હતા. ॥૧૨॥ ત્યાર પછી માર્ગને જોતો છતો પણ પાંગળો પોતાને ગમન ક્રિયા વડે શૂન્ય નીકળવા માટે અસમર્થ ભસ્મીભૂત થયો. ॥૧૩॥ વળી અંધ પ્રાણોને બચાવવા માટે આમ તેમ દોડવા છતાં પણ નહિ જોતો આ અગ્નિના મુખમાં જ પ્રવેશ્યો. ॥૧૪॥ આ પ્રમાણે અંધ અને પંગુ બંને સાથે નહિ જોડાયેલા મૃત્યુને પામ્યા. તેમ દર્શન અને ચારિત્ર પણ એક બીજા સાથે જોડાયેલા ન હોય તો મોક્ષને આપનારા થતા નથી. ॥૧૫॥

હવે ચરણ-કરણના સ્વરૂપને કહે છે.

वयसमणधम्म संजम-वेयावच्चं च बंभगुत्तीओ ।
नाणाइतियं तव-कोह-निग्गहा इई चरणमेयं ।।५७।। (२६३)
पिंडविसोही समिई, भावण पडिमा य इंदियनिरोहो ।
पडिलेहणगुत्तीओ, अभिग्गहा चेव करणं तु ।।५८।। (२६४)

ગાથાર્થ : વ્રત-શ્રમણધર્મ-સંયમ-વૈયાવચ્ચ-બ્રહ્મગુપ્તિ-જ્ઞાનાદિ ત્રિક. તપ-ક્રોધ નિગ્રહ. આ ચારિત્ર ચરણ સિતરી મૂલગુણ રૂપ છે. ॥૫૭॥૨૬૩॥

પિંડવિશુદ્ધિ - સમિતિ - ભાવના - પ્રતિમા - ઈન્દ્રિયનો નિગ્રહ- પડિલેહણ - ગુપ્તિ અને અભિગ્રહ આ કરણ સિતરી ઉત્તર ગુણ રૂપ છે. ॥૫૮॥૨૬૪॥

ભાવાર્થ : વ્રતો પ્રાણિવધની વિરતિ આદિ રૂપ પાંચ પ્રકારે છે.

શ્રમણ ધર્મ - ક્ષાન્તિ વિગેરે રૂપ ૧૦ પ્રકારે છે.

સંયમ - પૃથ્વ્યાદિ સંરક્ષણા વિગેરે રૂપ ૧૦ પ્રકારે છે.

પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ - વનસ્પતિ - બેઈન્દ્રિય - તેઈન્દ્રિય - ચઉરેન્દ્રિય પંચેન્દ્રિય - અજીવને વિષે તથા પ્રેક્ષા, ઉપેક્ષા, પ્રમાર્જના, પારિષ્ઠાપનિકા, મન, વચન, કાયા એમ સત્તર પ્રકારે છે. (દશ વૈકા.નિ. ૪૬)

વૈયાવચ્ચ - આચાર્યાદિની દશ પ્રકારે તે આ પ્રમાણે.

આચાર્ય, ઉપાધ્યાય - સ્થવિર, તપસ્વી - ગ્લાન - શૈક્ષક, સાધર્મિક.

કુલ - ગણ - સંઘની વૈયાવચ્ચ કરવા યોગ્ય છે. ॥૧॥

બ્રહ્મચર્યની ગુપ્તિઓ નવ છે.

વસતિ-કથા-આસન-ઇન્દ્રિય-કુડ્યન્તર - પૂર્વક્રીડિત - પ્રણીત આહાર,

અતિમાત્રાહાર - વિભૂષા. આ દરેકનો ત્યાગ કરવા રૂપ બ્રહ્મચર્યની નવ વાડ કહી છે. (પ્રવ. સા. ૫૫૭)

જ્ઞાનાદિ ત્રિક પ્રસિદ્ધ છે. તપ - અનશનાદિ બાર પ્રકારે ક્રોધાદિ નિગ્રહ તે.

ક્રોધાદિ જય ચાર પ્રકારે. આ પ્રમાણે ચરણ સિતરી ચારિત્ર મૂલ ગુણ રૂપ છે,

કારણ કે જાવજ્જીવ સેવન કરાતું હોવાથી. અહીં આદરને માટે કેટલાક ભેદોને ફરી કહેલ હોવા છતાં પુનરુક્તિ દોષની આશંકા કરવા યોગ્ય નથી.॥૫૭॥ (૨૬૩)

તથા

અશન - પાન - ખાદિમ - સ્વાદિમ સ્વરૂપ પિંડના અથવા પિંડના ઉપલક્ષણથી શય્યા વસ્ત્ર, પાત્રની વિશુદ્ધિ એટલે કે, બેંતાલીશ દોષથી રહિતપણું તે ચાર પ્રકારે એમ છે.

સમિતિ - ઈર્યાસમિત્યાદિ પાંચ પ્રકારે.

ભાવના - અનિત્યાદિ બાર પ્રકારે તે આ પ્રમાણે.

અનિત્યપણું - અશરણપણું - એકત્વ - અન્યત્વ - અશુચિત્વ - સંસાર - કર્મનો આશ્રવ - સંવરવિધિ અને નિર્જરા - લોક સ્વભાવ - ધર્મ સ્વાખ્યાત તત્ત્વની ચિંતા અને બોધિનું દુર્લભપણું. આ વિશુદ્ધ એવી બાર ભાવના ભાવવા યોગ્ય છે. (પ્રશમ રતિ ૧૪૯ - ૧૫૦)

પ્રતિમા - માસિકાદિ.

એકથી સાત માસની એક માસિકી વગેરે સાત પ્રતિમાઓ, આઠમી-નવમી-દશમી સાત-સાત અહોરાત્રિની, અગ્યારમી એક અહોરાત્રિની, બારમી એક રાત્રિની એમ ભિક્ષુની બાર પ્રતિમા જાણવી. (આ.નિ. ૫, પ્રવ.સા. ૫૭૪)

સ્પર્શનાદિ ઈન્દ્રિયોનો નિરોધ એટલે કે જય તે પાંચ પ્રકારે છે.

પ્રતિલેખના - વસ્ત્ર-પાત્રાદિની પડિલેહણ તે ૨૫ પ્રકારે છે.

ગુપ્તિઓ - મનોગુપ્ત્યાદિ ત્રણ પ્રકારે છે.

અભિગ્રહ - દ્રવ્ય - ક્ષેત્ર - કાલ અને ભાવના વિષયવાળા ચાર પ્રકારે છે.

આ પ્રમાણે કરણ સિતરી ઉત્તર ગુણરૂપ છે. કારણ કે પ્રાપ્ત થયેલ કાલે જ આસેવન કરાતું હોવાથી. ॥૫૮॥ (૨૬૪)

હવે સમ્યગ્દર્શન અને ક્રિયાનું સહકારીપણું હોતે છતે કયા સ્વભાવ વડે શું ઉપકાર કરે છે. તે કહે છે.

समग्गस्स पयासगं इह भवे नाणं तवो सोहणं,
कम्माणं चिरसंचियाण नियय गुत्तीकरो संजमो ।
बोधव्वो नवकम्मणो नियमणे भावेह एयं सया,
एसिं तिन्हवि संगमेण भणिओ मुक्खो जिणिंदागमे ।।५९।। (२६५)

ગાથાર્થ : અહીં જ્ઞાન સન્માર્ગનો પ્રકાશક છે, તપ તે લાંબાકાલના એકઠા કરેલા કર્મોની શુદ્ધિ કરનારો છે અને સંયમ નવાથી રક્ષણ કરનારો છે. નિરંતર આ ભાવનાથી મનને ભાવિત કરવું જોઈએ. કારણ કે શ્રી જિનેશ્વરદેવના આગમમાં ફરમાવ્યું છે કે, પૂર્વોક્ત ત્રણેય (જ્ઞાન, તપ અને સંયમ)ના સંગમથી જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. ॥૫૯॥૨૬૫॥

ભાવાર્થ : અહીં મોક્ષ માટેની પ્રવૃત્તિમાં જ્ઞાન તે સન્માર્ગનો પ્રકાશક થાય. જ્ઞાન તે સમ્યગ્ લેવાનું કારણ કે, મિથ્યાદૃષ્ટિઓના જ્ઞાનનું પણ અજ્ઞાનરૂપપણું હોવાથી.

ક્રિયા - તપ અને સંયમ રૂપપણા વડે બે પ્રકારે છે. તેમાં તપ તે લાંબાકાલથી એકઠા કરેલા કર્મોની નિશ્ચે શુદ્ધિ કરનાર છે. સંયમ - નવા આવતા કર્મોને ગુપ્તિકર એટલે રોકનાર છે. આ પ્રમાણે પોતાના મનમાં હમેશાં ભાવો આ ત્રણેના સંગમ વડે જિનાગમમાં મોક્ષ કહેલ છે. આથી સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ છે એ પ્રમાણે પ્રતિષ્ઠિત થયું.

જ્ઞાન, તપ શબ્દના ઉપાદાનથી અહિં અન્ત્ય મંગલ પ્રગટ કરાયું છે એ પ્રમાણે ટીકાર્થ છે.

હમણાં સૂત્રકાર પોતાના નામને પ્રકાર વડે પ્રતિપાદન કરતાં પ્રકરણના ઉપસંહારને કહે છે.

चंददम-पवरहरि-सूर-रिद्धि-पयनिवह-पढमवन्नेहिं ।
जेसिं नाम तेहिं परोवयारंमि निरएहिं ।।६०।। (२६६)

ईय पायं पुव्वायरिय-रइय गाहाण संगहो एसो ।
विहिओ अणुगहत्थं, कुमग्गलग्गाण जीवाणं ।।६१।। (२६७)

ગાથાર્થ : પરોપકારમાં રક્ત ચંદ-દમ-પવર-હરિ-સૂર-રિદ્ધિ આદિ પદોના પ્રથમ વર્ણ તે વડે જેઓનું નામ છે એવા તેઓ વડે પ્રાયઃ પૂર્વાચાર્ય વડે રચાયેલ આ ગાથાઓનો સંગ્રહ કુમાર્ગે લીન થયેલા જીવોના અનુગ્રહ માટે કર્યો છે.

ભાવાર્થ : સ્પષ્ટ છે. પરંતુ ચંદ્રાદિ પદના પ્રથમ વર્ણો વડે જેઓનું નામ છે તેવા ચંદ્રપ્રભસૂરિ તેઓ વડે ॥૬૦, ૬૧॥ (૨૬૬, ૨૬૭)

અને વળી

जे मज्झत्था धम्म-त्थिणो य जेसिं च आगमे दिट्ठी ।
तेसिं उवयारकरो, एसो न उ संकिलिट्ठाणं ।।६२।। (२६८)

ગાથાર્થ : જે આત્માઓને જિનાગમ પ્રત્યે બહુમાન છે, જેઓ મધ્યસ્થભાવમાં રમણ કરે છે અને જેઓ શુભધર્મના અર્થી છે, તેઓને જ આ ગ્રંથ ઉપકાર કરવા સમર્થ બની શકશે. પરંતુ રાગાદિથી કલુષિત ચિત્તવાળા આત્માઓને આ ગ્રંથ ઉપકારક બની શકે તેમ નથી. ॥૬૨॥૨૬૮॥

ભાવાર્થ : આ પણ સ્પષ્ટ છે. ॥૬૨॥ (૨૬૮)

હવે આ પ્રકરણના માહાત્મ્યને જણાવવા માટે નામોને કહે છે.

उवएसरयणकोसं, संदेहविसोसहिं व वीउसजणा ।
अहवा वि पंचरयणं, दंसणसुद्धिं इमं भणह ।।६३।। (२६९)

ગાથાર્થ : હે વિદ્વજ્જનો ! તમે આ પ્રકરણને ઉપદેશ રત્નકોશ, સંદેહ વિષ ઔષધિ અથવા પંચરત્ન અથવા દર્શનશુદ્ધિ નામથી ઓળખી શકો છો.

ભાવાર્થ : ઉપદેશ રત્ન કોશ અથવા સંદેહરૂપી વિષને ઔષધિ સમાન હોવાથી સંદેહ વિષૌષધિ થાય. રત્નોની જેમ દુઃખેથી પ્રાપ્ત થઈ શકતું હોવાથી તથા દેવ, ધર્મ, માર્ગ, સાધુ અને તત્ત્વ સ્વરૂપ પાંચ રત્નના સમૂહ રૂપ હોવાથી પંચરત્ન કહેવાય.

દર્શનની અર્થાત્ સમ્યક્ત્વની શુદ્ધિના કારણરૂપ હોવાથી દર્શનશુદ્ધિ આ પ્રમાણે હે વિદ્વાનજનો ! તમે આને કહો એમ સર્વે ઠેકાણે જોડવું.

હવે આ સ્વરૂપના નિરૂપણપૂર્વક ભવ્ય જીવોને પઠનાદિ વડે શિક્ષા આપે છે.

मिच्छमहन्नवतारण-तरियं आगमसमुद्दबिंदुसमं ।
कुग्गाहग्गहमंत्तं, संदेहविसोसहिं परमं ।।६४।। (२७०)
एयं दंसणशुद्धिं, सव्वे भव्वा पढंतु निसुणंतु ।
जाणंतु कुणंतु लहंतु सिवसुहं सासयं ज्झति ।।६५।। (२७१)

ગાથાર્થ : મિથ્યાત્વરૂપી મહાન સમુદ્રને તારવા માટે નૌકા સમાન, આગમરૂપી સમુદ્રના બિંદુ સમાન, કદાગ્રહરૂપી ગ્રહણનો નાશ કરવા માટે મંત્ર સમાન, સંદેહરૂપી વિષને દૂર કરવા માટે શ્રેષ્ઠ ઔષધિ સમાન એવા આ દર્શનશુદ્ધિ ગ્રંથને સર્વે ભવ્યો ભણો, સાંભળો, જાણો, કરો અને જલ્દીથી શાશ્વત સુખને પામો. ॥૬૪, ૬૫॥૨૭૦, ૨૭૧॥

ભાવાર્થ : મિથ્યાત્વરૂપી મહાન સમુદ્રને તારવા માટે નૌકાસમાન, આગમરૂપી સમુદ્રના બિંદુ સમાન, કુગ્રાહરૂપી ગ્રહને નાશ કરવા મંત્ર સમાન, સંદેહરૂપી વિષને નાશ કરવામાં પ્રકૃષ્ટ ઔષધિ સમાન. સંદેહ વિષૌષધિ આ પ્રમાણે પહેલા નામ રૂપે કહેલું. વળી અહીં વિશેષણપણે કહેલ છે. આથી પૌનરુક્તિ દોષ નથી. ॥૬૪॥૨૭૦॥

આ દર્શનશુદ્ધિને અર્થાત્ પ્રસિદ્ધરૂપે સમ્યક્ત્વને સર્વે ભવ્યો ભણો સૂત્રથી ભણીને અર્થથી સાંભળો. સાંભળીને તેના અર્થને જાણો, જાણીને કરો, તેમાં કહેલી વાતોને અનુસરો અને તેને અનુસરીને જલ્દીથી શાશ્વત સુખને મેળવો. કારણ કે, સર્વે અનુષ્ઠાનો તે માટે કરવાના પ્રયોજનવાળા હોવાથી. ॥૬૫॥ (૨૭૧)

तत्त्वतत्त्वम् सम्पूर्णम्

॥શ્રી॥ આ પ્રમાણે પૂજ્ય શ્રીચક્રેશ્વરસૂરી વડે શરૂ કરાયેલ તેમના પ્રશિષ્ય
શ્રીતિલકાચાર્યથી પૂર્ણ કરાયેલ
સમ્યક્ત્વની વૃત્તિમાં સમર્થિત કરાયું
પાંચમું તત્ત્વતત્ત્વ અને
તેની સમાપ્તિમાં **સમ્યક્ત્વ પ્રકરણ વૃત્તિ** પણ સમાપ્ત થઈ ॥શ્રી॥

: પ્રશસ્તિ :

શ્રી વીરવિભુના તીર્થમાં શ્રી સુધર્મસ્વામી ગણધરની પરંપરાથી પ્રાપ્ત કરી છે ઉન્નતિ જેમને એવા, ચારિત્રથી ઉજ્જવળ એવા શ્રી ચંદ્રગચ્છરૂપ સાગરના ઉલ્લાસ પામતા શીતલ પ્રકાશવાળા, સમ્યક્ત્વ નામના શાસ્ત્રરૂપ સૂત્રની નગરીની રચના કરનાર સૂત્રધાર અદ્‌ભુત મતિવાળા, વાદીરૂપ હાથી માટે સિંહ સમાન શ્રી ચંદ્રપ્રભસૂરિ આચાર્ય થયા. ॥૧॥

તેમની પાટ રૂપ લક્ષ્મીને સાંભળવા માટે આસન સમાન, જેમના ચરણ કમળમાં શ્રીજયસિંહદેવ રાજાએ મનોહર હંસની લીલાને ધારણ કરી એવા સમર્થ શ્રી ધર્મઘોષ નામના આચાર્ય થયા. ॥૨॥

તેમની પાટપરંપરા ઉદય રૂપ પર્વત માટે શિખરને ભજ્યું, તેજસ્વી ચૂડામણિ શ્રી ચક્રેશ્વરસૂરી એ પ્રમાણે નામ વડે દેવોના ઈશ્વર જેમણે સમ્યક્ત્વરૂપ કમળની કોરકને વિકાસરૂપ લક્ષ્મીને પમાડવા માટે વિનેયરૂપ ભમરાને આનંદ માટે વ્યાખ્યા કરવાની ઈચ્છા કરી. ॥૩॥

જેમને પોતે દીક્ષા આપેલ એવા છ શિષ્યોએ આચાર્યપદ પ્રાપ્ત કર્યું છે. તેવા તેમની પાટને સદ્‌ગુણના સામ્રાજ્યની જેમ શોભાવી. ॥૪॥

તેમાં પ્રથમ, દિક્કૂલમાં જેમનો યશ ફેલાયેલ છે. વિદ્યારૂપ વધૂના વદનને વિકસાવવા માટે પૂર્ણ ચંદ્ર સમાન, ચંદ્રની જેમ ઉજ્જવળ પોતાના ગુરુના ગચ્છને ધારણ કરવા માટે સમર્થ, એવા સુમતિસિંહ નામના ગુરુ થયા. ॥૫॥

વિખ્યાત શ્રીબુદ્ધિસાગર ગુરુ બીજા થયા, શ્રેષ્ઠ ત્રિદશ નામના ત્રીજા આચાર્ય થયા તથા પ્રજ્ઞાના અતિરેક રૂપ વજ્રથી વાદિ રૂપ પર્વતને હણ્યા છે. જેમને એવા શ્રી તીર્થસિંહ ચોથા શ્રેષ્ઠ આચાર્ય થયા. ॥૬॥

પાંચમા શ્રી શિવપ્રભસૂરિ થયા. પરંતુ એ કૂતુહલ છે કે જે રાગના સ્થાન ન થયા. ॥૭॥

છઠ્ઠા આચાર્ય શ્રી કીર્તિપ્રભ નામના આચાર્ય હતા. જેમની સૂક્ષ્મ એવી પણ બુદ્ધિ સઘળા આગમમાં વ્યાપેલી હતી. ॥૮॥

શ્રી શિવપ્રભસૂરિનો મંદબુદ્ધિવાળો, શ્રુતની આરાધનાની ગૃદ્ધિનો ભજનારો શિષ્યલેશ એવો હું નામ વડે તિલકાચાર્ય છું ॥૯॥

શ્રી સમ્યક્ત્વ રત્ન મહોદધિ - સંપૂર્ણ

સંવત્ ૧૫૦૪ વર્ષે આસો સુદ ૧૦ સોમવારે સાર્દ્ધપૂર્ણિમા ગચ્છમાં શ્રી ચંદ્રપ્રભસૂરીની પરંપરામાં ભગવંત શ્રી પુણ્યચંદ્રસૂરીનો શિષ્ય ગણિવર્ય શ્રીજયસિંહ ગણિ વડે પરોપકારના હેતુથી શ્રી રાણપુરનગરમાં સમ્યક્ત્વ મહોદધિ ગ્રંથનું નામનું પુસ્તક લખ્યું છે.

પ્રગુરુ વડે કરવા માટે આરંભ માત્ર કરાયેલ એવી આ વૃત્તિને તેમના ચરણ કમળના સ્મરણ દ્વારા મુગ્ધ બુદ્ધિવાળા મેં કરી છે. તેથી ઉતાવળના વશથી તેમાં જે કાંઈપણ અશુદ્ધ રચના થઈ હોય તે મારી ઉપર કરેલી કૃપાવાળા વિદ્વાન આચાર્યોએ તે શુદ્ધ કરવા યોગ્ય છે. ॥૧૦॥

આ વૃત્તિને રચતા એવા મારા વડે જે કાંઈ સુકૃત મેળવાયું હોય તેના વડે હું ભવોભવ ધર્મની એક લાલસાવાળો થાઉં. ॥૧૧॥

વિક્રમ રાજાને પસાર થયે ૧૨૭૭ વર્ષે આ ટીકા રચાઈ છે. ॥૧૨॥

આમાં સંખ્યાથી ૮૦૦૦ અનષ્ટુપ શ્લોક અક્ષર વડે રહેલા છે. એ પ્રમાણે મેં નિશ્ચય કર્યો છે. ॥૧૩॥

જ્યાં સુધી શ્રીવીર પરમાત્માનું તીર્થ વિજય પામે છે. ત્યાં સુધી રચનારૂપી મનમાં આ ટીકા હંસની જેમ રમો. ॥૧૪॥

જે આગમ રૂપ ભટ એવો એક પણ અદ્‌ભુત વીર ધર્મ જય પામે છે તે એકાંતમાં બીજા એવા તમને તે કલ્યાણ માટે થાઓ. ॥૧૫॥

Title Designed by 'KHUSHI DESIGNS', Ahmedabad. Ph. 09227504555